॥ શ્રી વીતરાગાયનમઃ ॥

શ્રી સમ્યક્ત્વ સુધા

: લેખક :

બ્ર. ચુનીલાલજી દેશાઈ (રાજકોટ)

: પ્રકાશક :

શ્રી જૈન ગ્રંથ પ્રકાશન માળા.

પુષ્પ પહેલું

પ્રથમાવૃત્તિ ૫૦૦ | વીર નિર્વાણ સંવત્ ૨૪૮૦. વિક્રમ સંવત્ ૨૦૧૦ ઈસ્વી સન ૧૯૫૩. | લાગત કિંમત રૂા. ૪)

—: પ્રકાશક :—
શ્રી જૈન ગ્રંથ પ્રકાશન માળા.
રાજકોટ.

: પ્રાપ્તિ સ્થાન :
શાહ ચોપટલાલ સામલજી
કાપડ માર્કેટ,
રાજકોટ (સૌરાષ્ટ્ર).

: મુદ્રક :
ધી પરમાર પ્રિન્ટીંગ પ્રેસ
રાજકોટ.

પૂજ્ય ક્ષુલ્લક શ્રી ૧૦૫

ગણેશપ્રસાદ વર્ણીજી મહારાજ

સમર્પણ

(શ્રી ગુરુ દેવને)

આધ્યાત્મતત્ત્વવિજ્ઞાની પ્રાતઃસ્મરણીય, પૂજ્યપાદ, નિઃસ્પૃહ, નિષ્કામ, નિર્લિપ્ત, સંવેગ પાક્ષિક વિશ્વની અનુપમ વિભૂતિ, આદર્શ મહાપુરુષ, સિદ્ધાંત ન્યાયાચાર, શાસ્ત્ર પારંગત, ચારિત્રમૂર્તિ, આર્ષમાર્ગોપદેષ્ટા જ્ઞાનનિધિ ન્યાયાચાર્ય પરમ પૂજ્ય ગુરુ વર્ય્ય શ્રી ૧૦૫ ક્ષુલ્લક ગણેશપ્રસાદજી વર્ણી મહારાજ.

આપનો મારા જેવા પામર કિંકર પર અપાર ઉપકાર છે, આપ કલ્પવૃક્ષ સમાન, ભવિકજનમન વલ્લભ, સમ્યક્બોધ પ્રવાહની સરિતારૂપ-શ્રી જિનેન્દ્રચંદ્રના શાસન શૃંગારમણિરત્ન, જિન પ્રવચન માતાના પરમભક્ત અને જિનાગમના અદ્ભૂત સૂક્ષ્મ રહસ્યોના મર્મજ્ઞ છો. આપ શાસ્ત્રના પારગામી છો, આપ જ્ઞાન અને તપની મૂર્તિ છો, મહાન વિભૂતિ છો, વિદ્વાનોને ઘણા પ્રિય છો અને વિદ્વાન પણ આપને ઘણા પ્રિય છે. આપનો સ્વભાવ ઘણોજ મનોહર છે. આપ શાન્ત પ્રિય પ્રસન્ન ચિત્ત વિલાસી છો. વર્તમાન આ કાળે ભરતક્ષેત્રમાં આપ જૈન ધર્મના સારરૂપ ભેદવિજ્ઞાન અને શુદ્ધાત્મપ્રવૃત્તિના દ્રવ્યે અને ભાવે

અકારણીય સર્વોત્કૃષ્ટ પ્રકાશક તથા પ્રભાવક છો. આપ આસન્નભવ્ય આદર્શ મૂર્તિ છો, માનાર્હ કષાયો, આશા લોકેષણા આપથી લાખો કોશ સદા દૂર વસે છે. આ ધારાતલને આપે સુલલિત ચારિત્રથી સમલંકૃત કરેલ છે. આપની પાદ કમલની ધૂલિમાં પણ આકર્ષણ શકિત અને શાન્તિ વર્તે છે.

હે સર્વોપકાર નિષ્ટ ! જો કદી આ ગ્રંથરૂપી ફલમાં કાંઇ મીઠાસ કે સુગંધ આદિ જણાય તો હે ગુરુદેવ ! તેમાં પણ આપનાજ ગુણ ખરેખર હેતુ છે કારણ કે ફલમાં મીઠાસ વૃક્ષના જ ગુણથી આવે છે.

હે ગુરુવર્ય ! હું મારી પાસે એવી કોઇ વસ્તુ નથી દેખતો કે જે ગુરુ દક્ષિણા રુપમાં આપને આપી શકાય; અને વગર દીધે હૃદય પણ સંતુષ્ટ થતું નથી તેથી આપના પવિત્ર કરકમલોમાં આ અબુદ્ધ બાળકની અલ્પ-બુદ્ધિથી આત્મ રસની ઘેલછામાં લખાએલું આ ગ્રંથ પુષ્પ અત્યંત ભકિત ભાવે અર્પણ કરું છું.

ભવદીય (લેખક)

બ્ર૦ ચુનીલાલ દેશાઇ



आशीर्वाद.

श्रीयुत् महाशय चुन्नीलालजी साहब
योग्यदर्शन विशुद्धिः इच्छाकार–

पत्र आया समाचार जाने आप की योग्यता को पत्रसे जानकर महती प्रसन्नता हुई – किन्तु मेरे विषयमें जो लिखा वह बहुत ही अधिक है – यह लिखना मेरेको रुचिकर न हुवा – किन्तु वह निश्चय होगया जो पुस्तक उत्तम लिखी होगी – मेरे द्वारा तौ आपका कोई भी उपकार नहीं हुवा; अतः मुजे समर्पणकी जावे यह मैं कैसे लिखुं – आपका प्रयास सफल हो, जनता लाभ उठावे, मेरी ये मनो भावना है.

अ. सु. ४ सं. २०१०
जैनभवन–गया.

गणेशवर्णी

શ્રી શાસ્ત્રજીનો વિનય કરવાની

સૂચના.

૧ એઠાં, જુઠાં અને ગંદા હાથે શાસ્ત્રજીને અડવું નહીં.
૨ શાસ્ત્રજીને ચામડા આદિ અશુદ્ધ વસ્તુથી અડવું નહીં.
૩ સૂતક, પાતકના દિવસોમાં શાસ્ત્રજીને અડવું નહીં.
૪ શાસ્ત્રજીને અશુદ્ધ શરીરે અથવા કપડે અડવું નહીં.
૫ શાસ્ત્રજીને હાથ ધોયા બાદ અડવું.
૬ શાસ્ત્રજીને રખડતું મૂકી, અશાતના કરવી નહીં.
૭ શાસ્ત્રજીને ફેંકવું નહીં, પટકવું નહીં.
૮ શાસ્ત્રજીને પગની ઠોકર લાગી જાય તો પ્રાયશ્ચિત લેવું.
૯ શાસ્ત્રજીને ઉપાડતા, મુકતા, જીવ રક્ષાનું ધ્યાન રાખવું.
૧૦ શાસ્ત્રજીને ઉંચ આસને બિરાજમાન કરવું.
૧૧ શાસ્ત્રજીનું બહુમાન કરવું.
૧૨ મરણ આદિ અશુદ્ધ કાળમાં શાસ્ત્ર વાંચવું નહીં.
૧૩ કોઈ આયતન પરના સંકટ કાળમાં શાસ્ત્ર વાંચવું નહીં.
૧૪ મધ્ય રાત્રિએ શાસ્ત્ર વાંચવું નહીં.
૧૫ મહાપુરુષોના મરણ વખતે શાસ્ત્ર વાંચવું નહીં.
૧૬ બહુશ્રુત ભક્તિ (વિનય)થી ભાવશ્રુતની પ્રાપ્તિ થાય છે.

: લેખક :



પ્ર. ચુનીલાલજી દેશાઈ (રાજકોટ)

સમ્યક્ સુધાકા પાનકર

અનાદિ દર્શન મોહનીરૂપ, સર્પસે હૈ તૂં ડસા ।
નહિ જાનતા નિજ સ્વરૂપકો, પરભાવમે જાકે ફસા ।
અજ્ઞાનમે કર્તા પના, ભોકતા પના નિજ માનકર ।
અજ્ઞાન વનકો દે જલા, સમ્યક્ સુધાકા પાનકર ॥ ૧

ઇન્દ્રિય વિષયકે ભોગમે, દિનરાત ઓજા ઢોય હૈ ।
આશકત રહેતા ભોગમે, પંચ પાપકે બીજ બોય હૈ ।
ફીરભી કરે અભિમાન પાપી, પાપમે સુખ માનકર ।
મમતા અહંતા ત્યાગદે, સમ્યક્ સુધાકા પાનકર ॥ ૨

અચ્છે બૂરે કી કલ્પના, કરના વહી સંતાપ હૈ ।
યહ લાભ હાનિ સુખ દુઃખ, મમતા અહંતા પાપ હૈ ।
તૂં ઇષ્ટાનિષ્ટ પદાર્થમે, મતરાગ કર મત દ્વેષ કર ।
નિર્મૂલ કરદે વાસના, સમ્યક્ સુધાકા પાનકર ॥ ૩

મૈ દેહ હૂં ઇસ ભ્રાન્તિ સે, તૂં દેહમે જકડા ગયા ।
ચિરકાલ તક અજ્ઞાનમે, જન્મા કિયા ફિર મર ગયા ।
મલ મૂત્ર કે ભન્ડાર નશ્વર, દેહકો પહેચાન કર ।
તજ દેહસે મમતા સકલ, સમ્યક્ સુધાકા પાનકર ॥ ૪

જ્યોં છીપકી ચાંદી લુભાતિ, છીપ કે જાને વિના ।
ત્યોં હી વિષયમે સુખ માને, આત્મ પહેચાને વિના ।
સંસાર જલતી આગ હૈ, ઇસ આગસે ઝટ ભાગકર ।
ભેદજ્ઞાન કરકે આત્મસે, સમ્યક્ સુધાકા પાનકર ॥ ૫

જૈસી મતિ તૈસી ગતિ, ભવ ભાવપૈ નિર્ભાણ હૈં ।
નિજ સામ્યતા મે સ્થિરતા, કરના વહી નિર્વાણ હૈં ।
લાખો કરોડો શાસ્ત્રકા, યહ સાર હૈં શંકા ન કર ।
પહેચાન 'ચુની' આપકો, સમ્યક્ સુધાકા પાનકર ॥ ૬

ભેદજ્ઞાન સમ્યક્‌સાર હૈ

પુત્રાદિ મે નહિ નેહ હૈ, દેહાદિમે નહિ રાગ હૈ ।
ઇચ્છા કરે નહિ ભોગકી, અંતર મહીં વિરાગ હૈ ।
કર્તા દીખે કર્તા નહિ, વહ કર્મકા વિસ્તાર હૈ ।
સરધા નહિ રાગાદિમે, ભેદજ્ઞાન સમ્યક્‌સાર હૈ ॥ ૧

નહિ લાભકી ઇચ્છા કરે, નહિ હાનિકી ચિંતા કરે ।
યહ દેહ જાવે યા રહે, તત્ત્વજ્ઞ નહિ ચિંતા કરે ।
સપ્ત ભયસે દૂર નિજ, પરમાત્મ કેવલ સાર હૈ ।
આશક્ત નહિ વિષયો મહીં, ભેદજ્ઞાન સમ્યક્‌સાર હૈ ॥ ૨

સુખ દુઃખ માનામાન સમ, આશા નિરાશા એકસી ।
જીવન મરણ અરિ મિત્ર સમ, નિંદા પ્રશંસા એકસી ।
નહિ હર્ષતા નહિ સોચતા, સંસાર સબ નિસ્સાર હૈ ।
મૈં શાન્ત નિર્મલ તત્ત્વ હૂં, ભેદજ્ઞાન સમ્યક્‌સાર હૈ ॥ ૩

દૃષ્ટા કભી નહિ દૃશ્યમે, પરમાર્થ સે મિલતા નહીં ।
જ્ઞાની કદાપિ તત્ત્વમે, સંશય કભી કરતા નહીં ।
અક્ષય નિરામય તત્ત્વનિજકા, દૂર નહિ હૈ પાસ હૈ ।
પુણ્ય પાપકો છુતા નહીં. ભેદજ્ઞાન સમ્યક્‌સાર હૈ ॥ ૪

હૈ દેહ તીનો સે પરે, ચિદ્રૂપ આત્મારામ હૈ ।
નિસ્સંગ હૈ, નિર્લેપ હૈ, નિર્મોહ હૈ નિષ્કામ હૈ ।
મુજ શુદ્ધ નિર્મલ તત્ત્વમે, પરકા નહિ વ્યાપાર હૈ ।
નિર્વારણ આનંદ કંદ, ભેદજ્ઞાન સમ્યક્‌સાર હૈ ॥ ૫

નહિ રાગ હૈ નહિ દ્વેષ હૈ સબ દોષસે નિર્મુક્ત હૈ ।
સમદૃષ્ટિ સે સબ દેખતા, વહ આપમે અનુરક્ત હૈ ।
દીખતે ભલે સંસાર મે, ભવનાશ બીજ સંસાર હૈ ।
"ચુની" કહે વહ યોગી હૈ, ભેદજ્ઞાન સમ્યક્‌સાર હૈ ॥ ૬

પૂજ્યપાદ શ્રી ગણેશપ્રસાદ વર્ણીજીની ૮૧ મી વર્ષ ગાંઠની દેહ સ્થિતિમાં પ્રવેશ કરતા હું, તેઓશ્રીની શુભકામનાર્થે નિર્ગ્રંથ આર્ષવચનોના સંગ્રહરૂપ (૮૧) ગ્રંથોમાંથી મારી અલ્પ-બુદ્ધિ અનુસાર મોક્ષમાળા ગુંથી તેઓશ્રીના હસ્તકમલમાં પૂર્ણ ભક્તિભાવથી આ ગ્રંથમાં ભરી સમર્પણ કરું છું.

આ ગ્રંથ બનાવવામાં નીચે પ્રમાણે લખેલા
ગ્રંથોનો આધાર લેવામાં આવેલ છે.

નાં.	ગ્રંથનું નામ.	મૂલકર્તાનું નામ.
૧	અનગારધર્મામૃત	પં. આશાધરજી
૨	અમિતગતિશ્રાવકાચાર	અમિતગતિઆચાર્ય
૩	અમૃતાશિતિ	યોગીન્દ્રદેવ
૪	અધ્યાત્મકમલમાર્તન્ડ	પં. રાજમલ્લજી
૫	આત્માનુશાસન	ગુણભદ્રાચાર્ય
૬	આલાપપદ્ધતિ	દેવસેનાચાર્ય
૭	આદિપુરાણ	જિનસેનાચાર્ય
૮	આપ્તમીમાંસા	સમન્તભદ્રસ્વામી
૯	આચારસાર	વીરનંદિઆચાર્ય
૧૦	આરાધનાકથાકોષ	પં. પરમાણંદવિશારદ
૧૧	અર્થપ્રકાશિકા	પં. સદાસુખજી
૧૨	આરાધનાસાર	દેવસેનાચાર્ય
૧૩	ઇષ્ટોપદેશ	પૂજ્યપાદસ્વામી
૧૪	કાર્તિકેયાનુપ્રેક્ષા	સ્વામિકાર્તિક

નાં.	ગ્રંથનું નામ.	મૂલકર્તાનું નામ.
૧૫	ક્રિયાકોષ	પં. દોલતરામજી
૧૬	ગોમટસાર કર્મકાંડ	નેમિચંદ્રાચાર્ય
૧૭	ગોમટસાર જીવકાંડ	,, ,,
૧૮	ચંદ્રપ્રભચરિત્ર	વીરનંદિ આચાર્ય
૧૯	ચારિત્રસાર	ચામુંડરાય
૨૦	જયધવલ	ગુણધરાચાર્ય
૨૧	જૈન સિદ્ધાંત દર્પણ	પં. ગોપાલદાસજી
૨૨	જૈન સિદ્ધાંત પ્રવેશિકા	,, ,,
૨૩	તિલોય પન્નતિ	યતિવૃષભાચાર્ય
૨૪	ત્રિલોકસાર	નેમિચંદ્રાચાર્ય
૨૫	તત્ત્વાર્થસૂત્ર	ઉમાસ્વામિ
૨૬	તત્ત્વાર્થસાર	અમૃતચંદ્રાચાર્ય
૨૭	તત્ત્વસાર	દેવસેનાચાર્ય
૨૮	તત્ત્વાનુશાસન	નાગસેનમુનિ
૨૯	તત્ત્વજ્ઞાનતરંગિણી	જ્ઞાનભૂષણ ભટ્ટારક
૩૦	દર્શનપાહુડ	કુંદકુંદાચાર્ય
૩૧	ધવલ	પુષ્પદંત–ભૂતબલિ
૩૨	નિયમસાર	કુંદકુંદાચાર્ય
૩૩	નાટક સમયસાર	પં. બનારસીદાસજી
૩૪	નયચક્ર	દેવસેનાચાર્ય
૩૫	પરીક્ષામુખ	માણેક્યનંદિઆચાર્ય
૩૬	પંચાધ્યાય	પં. રાજમલ્લજી

નાં.	ગ્રંથનું નામ.	મૂલકર્તાનું નામ.
૩૭	પરમાત્મપ્રકાશ	યોગીન્દ્રદેવ
૩૮	પદ્મનંદિ પંચવિશંતિ	પદ્મનંદિઆચાર્ય
૩૯	પરમાધ્યાત્મ તરંગિણી	શુભચંદ્રભટ્ટારક
૪૦	પ્રવચનસાર	કુંદકુંદાચાર્ય
૪૧	પંચાસ્તિકાય	,,
૪૨	પુરુષાર્થસિદ્ધ્યુપાય	અમૃતચંદ્રાચાર્ય
૪૩	પ્રબોધશતક	યશઃકીર્તિ
૪૪	પ્રબોધસાર	,, ,,
૪૫	બ્રહ્મવિલાસ	પં. ભગવતીદાસજી
૪૬	બૃહત્સ્વયંભૂસ્તોત્ર	સમન્તભદ્રાચાર્ય
૪૭	બૃહદ્દ્રવ્યસંગ્રહ	નેમિચંદ્રાચાર્ય
૪૮	ભાવસંગ્રહ	દેવસેનાચાર્ય
૪૯	ભગવતી આરાધના	શિવકોટી આચાર્ય
૫૦	ભાવપાહુડ	કુંદકુંદાચાર્ય
૫૧	મોક્ષમાર્ગપ્રકાશક	પં. ટોડલમલજી
૫૨	મોક્ષમાર્ગપ્રકાશક	બ્ર. સીતલપ્રસાદજી
૫૩	મહાબંધ	ભૂતબલિઆચાર્ય
૫૪	મોક્ષપાહુડ	કુંદકુંદાચાર્ય
૫૫	મૂલાચાર	વટકેરસ્વામિ
૫૬	યોગસાર	અમિતગતિઆચાર્ય
૫૭	યોગસાર	યોગીન્દ્રદેવ
૫૮	યોગીન્દુ શ્રાવકાચાર	,,

નાં.	ગ્રંથનું નામ.	મૂલકર્તાનું નામ.
૫૯	રયણુસાર	કુંદકુંદાચાર્ય
૬૦	રત્નકરંડ શ્રાવકાચાર	સમન્તભદ્રાચાર્ય
૬૧	રાજવાર્તિક	અકલંક ભટ્ટ
૬૨	લાટી સંહિતા	પં. રાજમલ્લજી
૬૩	લબ્ધિસાર	નેમિચંદ્રાચાર્ય
૬૪	વસુનંદીશ્રાવકાચાર	વસુનંદી આચાર્ય
૬૫	શ્લોકવાર્તિક	વિદ્યાનંદસ્વામી
૬૬	સર્વાર્થસિદ્ધિ	પૂજ્યપાદસ્વામી
૬૭	ષટપ્રાભૃતટીકા	કુંદકુંદાચાર્ય
૬૮	સમયસારકળશ	પં. રાજમલ્લજી
૬૯	સાગરધર્મામૃત	પં. આશાધરજી
૭૦	સમયસાર	કુંદકુંદાચાર્ય
૭૧	સમાધિશતક	પૂજ્યપાદસ્વામી
૭૨	સુભાષિતરત્નસંદોહ	અમિતગતિઆચાર્ય
૭૩	સામાયિકપાઠ	,,
૭૪	સુદૃષ્ટિતરંગિણી	પં. ટેકચંદજી
૭૫	સારસમુચ્ચય	કુલભદ્રાચાર્ય
૭૬	સ્વરૂપસંબોધન	અકલંકભટ્ટ
૭૭	સપ્તભંગીતરંગિની	પં. વિમલદાસજી
૭૮	ક્ષત્રચૂડામણિ	વાદિભસિંહસૂરી
૭૯	ક્ષપણાસાર	નેમિચંદ્રાચાર્ય
૮૦	જ્ઞાનાર્ણવ	સુભચંદ્રાચાર્ય
૮૧	જ્ઞાનલોચનસ્તોત્ર	વાદિભસિંહસૂરી.

આ ગ્રંથ બનાવવામાં નીચે પ્રમાણે ગ્રંથોમાંથી જે શ્લોક લેવામાં આવેલ છે તે ગ્રંથનું નામ અને આ ગ્રંથના સીરીયલ શ્લોક નંબર આપવામાં આવેલ છે.



૧	અનગારધર્મામૃત	૧૧૪, ૧૨૧, ૧૨૫, ૧૪૩, ૧૪૯, ૩૨૮, ૩૫૫, ૪૨૪, ૪૩૭, ૪૯૪.
૨	અમિતગતિશ્રાવકાચાર	૧૬, ૧૦૭, ૧૦૮, ૧૧૨, ૧૧૫, ૧૨૬, ૧૨૭, ૧૨૯, ૧૩૦, ૨૫૩, ૨૫૪, ૨૫૫, ૫૬૦, ૫૭૫.
૩	અમૃતાશિતિ	૨૪૩.
૪	અધ્યાત્મકમલમાર્તન્ડ	૫૨૫, ૫૩૨, ૫૩૯, ૫૪૫, ૫૮૨.
૫	આત્માનુશાસન	૧૭, ૧૮, ૯૪, ૨૩૨, ૩૦૯, ૪૨૬, ૪૬૭, ૪૯૧, ૪૯૨, ૪૯૩, ૫૬૨, ૫૮૧.
૬	આદિપુરાણ	૪૨૭, ૪૫૦, ૫૫૦, ૫૫૨, ૫૫૯, ૫૬૬, ૫૭૭.
૭	આલાપપદ્ધતિ	૧૨૨, ૪૯૭, ૪૯૮.
૮	આપ્તમીમાંસા	૪૦૩.
૯	આચારસાર	૪૭૯, ૪૮૨, ૪૮૩, ૪૮૪.
૧૦	ઇષ્ટોપદેશ	૧૬૬, ૧૬૯, ૧૭૦, ૧૮૫, ૧૮૬, ૧૯૯, ૨૧૬, ૨૨૭, ૨૬૮, ૨૬૯, ૪૦૯.

૧૧	ઉત્તરપુરાણ	૯૮, ૧૦૦, ૧૦૫, ૧૦૬ ૧૧૬, ૪૨૫, ૫૫૫.
૧૨	કાર્તિકેયાનુપ્રેક્ષા	૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૦૦, ૪૨૩, ૫૦૮, ૫૧૩, ૫૪૮, ૫૪૯.
૧૩	ગોમટસાર કર્મકાંડ	૫, ૬, ૪૦૧, ૪૦૨, ૫૧૪.
૧૪	ગોમટસાર જીવકાંડ	૩, ૫૮, ૧૦૩, ૨૨૧, ૩૩૧, ૩૩૨, ૩૪૦, ૩૬૩, ૩૮૩, ૩૮૪, ૪૨૨, ૪૩૩, ૪૫૨, ૪૫૩, ૪૫૫, ૪૫૬, ૪૫૭, ૪૫૮, ૪૬૫, ૪૬૬, ૪૮૭.
૧૫	ચંદ્રપ્રભચરિત્ર	૯૯.
૧૬	તત્ત્વાર્થસૂત્ર	૪૯૬, ૪૯૯, ૫૦૦.
૧૭	તત્ત્વાર્થસાર	૯૫, ૧૪૦, ૩૩૩, ૩૩૫, ૪૩૮, ૪૩૯, ૪૪૦, ૪૪૧, ૪૪૨, ૪૪૩, ૪૪૪, ૪૪૫, ૪૪૬, ૪૪૭, ૪૪૮, ૪૪૯, ૪૫૪, ૫૮૩.
૧૮	તત્ત્વસાર	૧૫૪.
૧૯	તત્ત્વાનુશાસન	૧૫૩, ૧૮૭, ૧૮૯, ૧૯૪, ૧૯૫, ૧૯૮, ૨૦૯, ૨૭૦, ૨૭૧, ૨૭૨, ૪૧૫.
૨૦	તત્ત્વજ્ઞાનતરંગિની	૩૩, ૧૦૪, ૧૬૧, ૧૬૨, ૧૬૮, ૨૭૮, ૨૭૯, ૨૮૦, ૨૮૧, ૨૮૬, ૨૯૦, ૨૯૧, ૨૯૨, ૨૯૩, ૨૯૪,

૨૦ નું (ચોલુ) ૨૯૫, ૨૯૬, ૨૯૭, ૨૯૮, ૨૯૯, ૩૦૦, ૩૦૧, ૩૦૨, ૩૦૩, ૩૦૪, ૩૦૫, ૩૦૬, ૩૦૭, ૩૦૮, ૩૧૦, ૩૧૧, ૩૧૨, ૩૧૩, ૩૧૪, ૩૫૧, ૪૯૫.

૨૧ દર્શનપાહુડ ૧૧૧, ૪૦૮, ૫૨૪.

૨૨ નિયમસાર ૩૦, ૧૫૯, ૧૭૬, ૧૮૦, ૨૦૭, ૨૦૮, ૨૨૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૪૦, ૨૪૧, ૨૪૨, ૨૪૪, ૨૪૫, ૨૪૬, ૩૬૮, ૩૮૨, ૩૮૫, ૩૮૬, ૩૮૭, ૩૮૮, ૩૮૯, ૩૯૦, ૩૯૧.

૨૩ પંચાધ્યાય ૧, ૩, ૩૬, ૩૭, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૬, ૫૭, ૬૯, ૭૦, ૭૭, ૮૨, ૮૩, ૧૦૧, ૧૧૮, ૧૧૯, ૧૨૦, ૧૨૩, ૧૨૪, ૧૫૦, ૩૩૪, ૩૩૬, ૩૩૭, ૩૩૯, ૩૪૧, ૩૪૨, ૩૪૩, ૩૪૪, ૩૪૬, ૩૫૩, ૪૧૭, ૪૧૮, ૪૧૯, ૪૩૧, ૪૩૨, ૫૦૩, ૫૦૪, ૫૦૫, ૫૦૬, ૫૦૭, ૫૧૮, ૫૧૯, ૫૨૮,

૨૪ પરમાત્મપ્રકાશ ૮, ૧૪, ૧૬, ૩૧, ૬૧, ૬૪, ૧૪૨, ૧૬૩, ૧૬૪, ૧૬૫, ૧૮૮,

૨૪	નું (ચાલુ)	૨૭૫, ૩૯૫, ૪૮૮, ૫૦૯, ૫૨૩, ૫૩૫, ૫૪૨, ૫૪૩, ૫૬૫, ૫૭૨, ૫૮૦, ૫૮૪.
૨૫	પદ્મનંદિ પંચવિંશતિ	૧૩, ૨૦, ૬૬, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૬૦, ૧૭૭, ૨૧૭, ૨૧૮, ૨૧૯, ૨૨૩, ૨૨૪, ૨૨૫, ૨૨૬, ૨૩૦, ૨૩૬, ૨૩૭, ૨૩૮, ૨૬૪, ૨૬૫, ૨૭૩, ૨૮૨, ૩૧૫, ૩૧૬, ૩૪૭, ૩૪૮, ૩૫૬, ૩૫૭, ૩૫૯, ૪૩૦.
૨૬	પ્રવચનસાર	૩૫, ૪૨, ૪૩, ૪૪, ૭૬, ૮૪, ૮૭, ૯૦, ૯૨, ૯૩, ૧૯૬, ૧૯૭, ૪૭૪, ૪૭૮.
૨૭	પંચાસ્તિકાય	૨૮૭, ૩૩૦, ૩૪૫, ૩૫૪, ૩૬૦, ૩૯૪, ૫૨૦, ૫૨૧, ૫૨૨, ૫૭૮.
૨૮	પુરુષાર્થસિદ્ધ્યુપાય	૮૫, ૮૮, ૮૯, ૨૨૦, ૩૭૪, ૩૯૨, ૪૮૦, ૪૮૧.
૨૯	પ્રબોધશતક	૩૫૨.
૩૦	પ્રબોધસાર	૪૧૧, ૪૧૨, ૪૧૩, ૪૧૬, ૫૧૬, ૫૩૧, ૫૩૪, ૫૩૭.
૩૧	બૃહત્સ્વયંભૂસ્તોત્ર	૩૯, ૪૦, ૪૨૮, ૪૨૯.
૩૨	બૃહદ્દ્રવ્યસંગ્રહ	૨૧૦, ૪૬૯, ૪૭૭, ૫૪૪.

૩૩	ભાવસંગ્રહ	૧૦.
૩૪	ભગવતીઆરાધના	૫૧, ૫૨.
૩૫	ભાવપાહુડ	૫૯, ૧૭૨, ૨૩૧, ૫૫૬.
૩૬	મોક્ષપાહુડ	૨૪, ૩૪, ૪૧, ૫૩૩, ૫૭૬.
૩૭	મૂલાચાર	૨૫, ૭૧, ૪૧૦, ૪૫૧, ૪૭૨, ૪૭૩, ૪૮૫, ૪૮૯.
૩૮	યોગસાર અમિતગતિ	૪, ૯, ૧૧, ૧૫, ૨૬, ૩૮, ૧૪૪, ૧૭૮, ૧૭૯, ૨૦૦, ૨૦૩, ૨૦૪, ૨૦૫, ૨૧૧.
૩૯	યોગીન્દુ યોગસાર	૧૪૧, ૫૨૭.
૪૦	યોગીન્દ્ર શ્રાવકાચાર	૧૨૮.
૪૧	રયણસાર	૩૨૫, ૩૭૫, ૩૭૬, ૩૭૭, ૩૭૮, ૩૭૯, ૫૪૦, ૫૪૧, ૫૫૭, ૫૫૮, ૫૬૩, ૫૬૪.
૪૨	રત્નકરંડ શ્રાવકાચાર	૧૧૦, ૪૨૧, ૪૬૮, ૪૭૦, ૪૭૧, ૪૮૬, ૫૧૭, ૫૩૬, ૫૩૮, ૫૫૩, ૫૫૪, ૫૬૭, ૫૬૮.
૪૩	રાજવાર્તિક	૧૩૯.
૪૪	લાટી સંહિતા	૫૪૬, ૫૪૭.
૪૫	લબ્ધિસાર	૪૫૯, ૪૬૦, ૪૬૧, ૪૬૨, ૪૬૩, ૪૬૪.

૪૬	વસુનંદી શ્રાવકાચાર	૫૨૯, ૫૩૦.
૪૭	શ્લોકવાર્તિક	૩૮૦, ૩૮૧.
૪૮	સમયસાર	૨૯, ૩૨, ૪૮, ૬૦, ૭૪, ૭૫, ૭૮, ૭૯, ૮૦, ૮૧, ૮૬, ૬૧, ૨૨૮, ૨૩૯, ૨૪૮, ૨૬૨, ૨૬૩, ૨૭૪, ૨૭૬, ૨૮૩, ૨૮૪, ૨૮૫, ૨૮૬ ૨૮૮, ૩૨૯, ૩૪૯, ૩૬૧, ૩૬૨, ૩૬૪, ૩૬૫, ૩૬૬, ૩૬૭, ૩૬૯, ૩૭૦, ૩૭૧, ૩૭૨, ૩૭૩, ૩૯૩, ૪૧૪, ૫૧૦, ૫૧૧, ૫૧૨, ૫૨૬.
૪૯	સાગરધર્મામૃત	૪૫, ૪૨૦, ૪૩૬, ૫૭૩, ૫૭૪.
૫૦	સમાધિશતક	૬૫, ૬૭, ૬૮, ૧૫૨, ૧૬૭, ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૮૨, ૧૮૩, ૧૮૪, ૧૯૦, ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૨૦૨, ૨૨૯, ૨૪૯, ૨૫૦, ૨૫૧, ૨૫૨, ૨૫૬, ૨૫૭, ૨૫૮, ૨૫૯, ૨૬૦, ૨૬૧, ૨૬૬, ૨૬૭.
૫૧	સુભાષિતરત્નસંદોહ	૧૦૬.
૫૨	સામાયિકપાઠ	૩૨૧.
૫૩	સુદૃષ્ટિતરંગિની	૪૭૫, ૪૭૬, ૪૯૦, ૫૧૫.
૫૪	સપ્તભંગીતરંગિની	૫૦૧.

૫૫	સારસમુચ્ચય	૫૬૯, ૫૭૦, ૫૭૧.
૫૬	સમ્યક્ત્વસુધા	૫૭૯.
૫૭	સ્વરૂપસંબોધન	૭.
૫૮	ક્ષત્રચૂડામણિ	૧૪૫, ૧૭૧, ૨૧૪, ૨૧૫.
૫૯	જ્ઞાનાર્ણવ	૨૧, ૨૨, ૨૭, ૨૮, ૫૩, ૫૪, ૫૫, ૬૨ ૬૩, ૭૨, ૭૩, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૪૬, ૧૪૭, ૨૦૧, ૨૦૬, ૨૧૩, ૨૪૭, ૨૭૭, ૩૧૭ ૩૧૮, ૩૨૭, ૩૫૦, ૩૫૮, ૪૦૪, ૪૦૫, ૪૦૬, ૪૦૭, ૪૩૪, ૫૫૧, ૫૬૧.
૬૦	જ્ઞાનલોચનસ્તોત્ર	૨૩.
	છુટેલગાથા	૧૨, ૯૬, ૯૭, ૧૦૨, ૧૧૩, ૧૧૭, ૧૩૮, ૧૪૮, ૧૫૧, ૧૮૧, ૨૧૨, ૩૧૯, ૩૨૦, ૩૨૨, ૩૨૩, ૩૨૪, ૩૨૬, ૩૩૮ ૪૩૫, ૫૦૨.

૬૦. ટોટલ શ્લોક સંખ્યા (૫૮૪.)

લેખકની અંતસ્તલ સ્પર્શિની વિચાર ધારા

મિથ્યાત્વ અર્થાત્ દર્શનમોહનીય કર્મના ઉદયથી જીવને મિથ્યાદર્શન થાય છે અને મિથ્યાદર્શનથી જીવની વિવેકબુદ્ધિ લુપ્ત થઇ જાય છે. આ કારણે જીવ પોતાની સ્વતંત્રતાનો અનુભવ કરી શકતો નથી. તે ઘર, સ્ત્રી, પુત્ર શરીર આદિમાં અહંકાર કરે છે. તે વસ્તુઓની વૃદ્ધિમાં આનંદ માને છે અને તેમની હાનીમાં શોક અનુભવે છે. કોઇ વખત જીવ મંદકષાયવશ બની જિન પૂજાદિ માં લાગી જાય છેઃ તેમજ દાન પણ દે છે. આમાં મુખ્ય હેતુ તેનો માન મેળવવાનો અગર તો પ્રતિષ્ઠા વધારવાનો હોય છે. ટુંકામાં જે વસ્તુ નાશવંત છે તેનામાં આત્મબુદ્ધિ માની મિથ્યાત્વની પુષ્ટિ તે કરે છે. આજ સંસારની જડ, અર્થાત્ મિથ્યાત્વનું માહાત્મ્ય છે–સામ્રાજ્ય છે.

જગતમાં બધા પદાર્થો સ્વતંત્ર છે એટલે કે કોઇ કોઇને આધીન નથી. જીવ પણ સ્વતંત્ર છે. કોઇ કોઇને પોતાની ઇચ્છા-રૂપ પરિણમાવી શકતા નથી; તેમજ તે બીજારૂપમાં ન પરિણમી શકે છે. જો એમ માનવામાં ન આવે તો જગતની કોઇ સ્થિતિ રહી શકે નહીં તેમજ જડ ચેતનનો ભેદ પણ રહી શકે નહીં. અસતનો ઉત્પાદ થતો નથી અને સતનો કદી નાશ થતો નથી. ત્રણે કાળમાં પદાર્થો પોતપોતાનો સ્વભાવ કદી પણ ત્યાગી શકતા નથી. જેનો જે સ્વભાવ છે તે સદાકાળ તેજ રૂપે રહે છે. પુદ્ગલ પોતાનો રૂપ રસાદિ સ્વભાવ છોડતો નથી. તેમ આત્મા પોતાનો જ્ઞાન-સ્વભાવ કદી પણ છોડતો નથી.

પુદ્ગલ અને જીવનો અનાદિ કાળથી સંયોગ–સંબંધ ચાલ્યો આવે છે, તેથી બન્ને પદાર્થો પોતાના સ્વભાવથી ચ્યુત થયા છે. સ્વભાવ–ચ્યુતિનો અર્થ એવો નથી કે પોતાના ગુણ-પર્યાયોના ધર્મથી અન્યરૂપે પરિણમન કરે છે. તેનો માત્ર એટલો અભિપ્રાય છે કે તે સંબંધથી જીવનો સ્વભાવ વિકારી થઇ રહ્યો છે. તે વિકારનું નામ જ સ્વભાવ–ચ્યુતિ છે પુદ્ગલના નિમિત્તથી જીવનાં પરિણામોમાં વિકાર ઉત્પન્ન થાય છે. અને જીવના નિમિત્તથી પુદ્ગલમાં વિકાર ઉત્પન્ન થાય છે. આને નિમિત્ત નૈમિત્તિક સંબંધ કહે છે. નૈમિત્તિક ભાવને પોતાનો માનવો તેજ સંસાર છે. જીવમાં ચારિત્ર નામનો ગુણ છે; તેનો સ્વરૂપમાં વાસ (સ્થિતિ) થવો તે જીવનો સનાતન સ્વભાવ છે. શક્તિરૂપે જીવનો સ્વભાવ સદાકાળ રહે છે, પણ સંસાર-દશામાં તે વિપરિણામી થઇ રહ્યો છે. જીવ પોતાનું સ્વરૂપ છોડી પોતાના ઉપયોગથી અન્ય પદાર્થોમાં રાગદ્વેષ અને મોહ કરે છે. આ મોહ છે તેનું નામ જ મિથ્યાત્વ છે. જે જીવ અન્ય પર પદાર્થોમાં રાગદ્વેષ કરે છે તેજ અસંયમ ભાવ છે. જીવ ત્રણ કાલે ગમે તેટલી કોશીષ કરે; છતાં પણ તે પર પદાર્થને પોતાની ઇચ્છાનુસાર કદી પણ પરિણમાવી શકતો નથી. કારણ કે પ્રત્યેક પદાર્થ પોતાના ગુણપર્યાયોમાં પરિણમી રહ્યા છે. આવી સ્થિતિ હોવા છતાં રાગદ્વેષવશ જીવ એવું માને છે કે "આ મારૂં છે, તે તારૂં છે. આ મને ઇષ્ટ છે, આ મને અનિષ્ટ છે." આવી માન્યતા એનું નામ અસંયમ ભાવ છે. આ અસંયમ ભાવ ચારિત્ર મોહનીય કર્મના ઉદયના નિમિત્તથી જીવમાં જાગે છે. (જીવ પોતાના સ્વભાવમાં રહે અને સ્વભાવવશ ઉપયોગથી અન્ય પદાર્થોને જાણે પણ મમકાર એટલે હું પણું ન કરે

તેનું નામ સંયમભાવ છે.) જીવમાં રાગદ્વેષરૂપ પરિણતિ છે અને તેનું નિમિત્ત ચારિત્રમોહનીય કર્મનો ઉદય છે. અસંયમભાવની ઉત્પત્તિ આ રીતે થાય છે.

અસંયમભાવ બે પ્રકારે હોય છેઃ– (૧) ઇન્દ્રિય અસંયમ (૨) પ્રાણી અસંયમ. છદ્મસ્થ જીવ ઇન્દ્રિય અને મનથી વિષયોને ગ્રહણ કરે છે ત્યારે તેની તે વસ્તુઓમાં રાગદ્વેષરૂપે પ્રવૃત્તિ થાય છે. આંહી રાગદ્વેષનું મુખ્ય કારણ પાંચ ઇન્દ્રિય અને મન છે. તેથી નિમિત્તની અપેક્ષાએ તે ઇન્દ્રિય–અસંયમ કહેવાય છે. અસંયમ આત્માની વિકારી પરિણતિ છે એટલે કે રાગદ્વેષના પરિણામ છે; જે ઇન્દ્રિયો અને મનનાં નિમિત્તોથી થાય છે.

અસંયમની પ્રવૃત્તિ બીજી રીતે એમ પણ છે કે પ્રત્યેક જીવ એમ ઇચ્છે છે કે, હું જીવું અને સુખથી રહું. પણ તેને *પોતાની સ્વાશ્રયી વૃત્તિનું ભાન ન* હોવાથી તે પર પદાર્થોનું અવલંબન લેવા પ્રયત્ન કરે છે. તે પ્રયત્નમાં જે બાધક થાય છે અથવા માને છે તેનો સંહાર કરવા મોટી મોટી લડાઇ, મહાયુદ્ધ, વિશ્વયુદ્ધ ઉત્પન્ન કરે છે. કેટલાક જીવો ઇન્દ્રિયોની લોલુપતામાં બીજા જીવોનાં શરીરને જ પોતાનો આહાર બનાવી લે છે. એમ એ કારણે જીવ અગણિત પ્રાણીઓનો વધ કરતો રહે છે. (ઘઉં ચણા આદિ અનાજ એકેન્દ્રિય જીવનાં કલેવરો છે; પણ તે સ્વયં જંતુ રહિત છે એટલે એના આહારમાં હિંસા કે પાપ નથી).

પ્રત્યેક જીવને એવો ખ્યાલ તો હોવો જ જોઇએ કે, મને મારા જીવનપોષણ માટે અન્ય વસ્તુની લેશ માત્ર પણ આવશ્યકતા

(અવલંબન) ન લેવી પડે. અવલંબન લેવું પડે એ જીવની મોટામાં મોટી નબળાઇ છે.

શરીર અને શરીર માટે આહારપાણીનું અવલંબન લેવું, તે સ્વાવલંબી જીવન નથી. વાસ્તવિક અર્થ તો એ છે કે તે જ્ઞાત અથવા અજ્ઞાત ભાવથી કોઈપણ હાલતમાં અન્ય પદાર્થના અવલંબન વિના જીવનનું જીવિતપણું રહે, તે જ બંધનથી મુકત થવાનો રસ્તો છે. એટલે બીજા પ્રાણીઓનાં જીવનને મટાડવાં પ્રયત્ન કરવો, તે પણ અસંયમ છે.

જગતમાં પ્રાણી, ત્રસ અને સ્થાવર એમ બે ભેદ છે. તે જીવોને મારવા અગર પીડા ઉપજાવવી તે અસંયમભાવ છે. જોકે અસંયમભાવ એકજ પ્રકારે છે, પણ અવલંબનના ભેદથી અસંયમ-ભાવ બે પ્રકારે કહેવામાં આવેલ છે. જે જીવોને સ્વાશ્રયી વૃત્તિનો ભાવ થાય છે. તે બન્ને પ્રકારના અસંયમભાવ ઉપર વિજય પ્રાપ્ત કરી શકે છે. જૈન શાસ્ત્રમાં ગૃહસ્થ ધર્મ અને મુનિધર્મ એમ બે વિભાગ છે. ગૃહસ્થ એક દેશ અસંયમ ઉપર વિજય પ્રાપ્ત કરે છે અને મુનિ સર્વદેશ અસંયમ ઉપર વિજય પ્રાપ્ત કરવાની પ્રતિજ્ઞા કરે છે.

સાધુ પણ આહારપાણીનું અવલંબન લે છે, થાકી જવાથી તે વિશ્રામ પણ લે છે અને વાળ વધતાં તેનો લોચ (ઉત્પાટન) કરે છે. આત્મામાં રમણુતા ન થવાથી તે ઉપદેશ આદિ પણ આપે છે. જો કે તે સર્વ પ્રકારે સ્વાવલંબી નથી થયો, છતાં પણ તેમની દૃષ્ટિ પૂર્ણ સ્વાવલંબનને જીવનમાં ઉતારવા સતત્ પ્રયત્ન-શીલ રહે છે. સાધુ આ કામને સાધ્ય માની ઈન્દ્રિયો અને મનના વિષયોમાં અલિપ્ત રહે છે અને કોઈ પણ જીવને જરા પણ દુઃખ

દેવાની ચેષ્ટાયે કરતો નથી. બન્ને પ્રકારના ઇન્દ્રિય સંયમ અને પ્રાણ સંયમના તે પાલનહાર છે. સંયમ જીવની સાધના છે અને અસંયમ જીવનનો વિકાર છે; તેથી અસંયમભાવ તે નૈમિત્તિક ભાવ છે અને તે ચારિત્રમોહનીય કર્મના ઉદય જન્ય નિમિત્તથી જીવમાં અસંયભાવ ઉત્પન્ન થાય છે.

ચારિત્રમોહનીય કર્મની બે પ્રકારે શક્તિઓ હોય છે. એક શક્તિ કષાયને ઉત્પન્ન કરે છે અને એક શક્તિ અસંયમ ભાવને ઉત્પન્ન કરે છે. જેમકે અનંતાનુબંધીનાં બે કાર્ય છે—એક તો સ્વરૂપાચરણ ચારિત્રને ન થવા દેવું અને બીજું સમ્યક્‌ત્વને પ્રગટ ન થવા દેવું.

ધવલ ગ્રંથમાં કષાયમાં ક્રોધ, માન, માયા અને લોભ લેવામાં આવેલ છે. ત્યાં કષાયના ઉદય (નિમિત્ત) થી ક્રોધાદિક ભાવો બતાવવામાં આવેલ છે અને અસંયમભાવને ઘાત કરવાવાળાં કર્મોના ઉદયથી અસંયમ ભાવ થાય છે.

સંયમનો ઘાત કરવાવાળાં કર્મો ત્રણ પ્રકારનાં છેઃ– (૧) અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ, (૨) અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ. માન, માયા, અને લોભ, (૩) પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા અને લોભ જ્યાંસુધી તેમનો અગર તેમનામાંથી કોઇ એકનો ઉદય રહે છે ત્યાસુધી જીવને અસંયમ ભાવ રહે છે. સંયમના ભાવ ન થવા દેવામાં તે બધાં એકત્ર મળી અગર તેમાંના પ્રત્યેકનું સામાન્ય કામ છે અને ક્રોધાદિ ભાવ ઉત્પન્ન કરવા તે તેમનું વિશેષ કાર્ય છે.

અપ્રત્યાખ્યાનાવરણનો બંધ અને ઉદય ચોથા ગુણસ્થાન સુધી રહે છે અને પ્રત્યાખ્યાનાવરણનો બંધ અને ઉદય પાંચમાં ગુણસ્થાન સુધી રહે છે. અપ્રત્યાખ્યાનાવરણ કર્મનો બંધ અને

ઉદય વ્યુચ્છિત્તિ થવાથી જીવને દેશવ્રત ધારણ કરવાનો ભાવ થઇ આવે છે અને પ્રત્યાખ્યાનાવરણ કર્મનો બંધ અને ઉદય વ્યુચ્છિત્તિ થવાથી જ જીવને મહાવ્રત થાય છે. આ હિસાબે અપ્રત્યાખ્યાનાવરણનો ઉદય દેશવ્રતના ભાવનો ઘાત કરે છે. (ઘાત એટલે ભાવને ટકવા ન દેવો અર્થાત્ થવા ન દેવો.)

આત્મામાં અનંત ગુણ છે અને સંસાર દશામાં તે બધાં કર્મોથી બંધાયેલાં છે. એવો એક પણ ગુણ નથી કે જે તેના વિરોધી કર્મોના ઉદયમાં પ્રગટ રહેતો હોય. જ્યાં સુધી આઠ કર્મોમાંથી કોઇ પણ કર્મનો ઉદય છે. ત્યાં સુધી જીવનો અસિદ્ધત્વ ભાવ છે. અર્થાત્ જીવ પોતાના સ્વાભાવિક ગુણોથી ચ્યુત થાય તેને અસિદ્ધત્વ ભાવ કહે છે. તેના પ્રતિપક્ષી કર્મોનો સર્વથા અભાવ થતાં સ્વાભાવિક દશાની પ્રાપ્તિ થવી તેને સિદ્ધભાવ કહે છે.

સંસારનું મૂળ કારણ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે. દૃષ્ટિનું મિથ્યાપણું થવું તે જ મિથ્યાદર્શન છે. તેના ઉદયમા 'જગત નુશું? તેમાં કેટલાં તત્ત્વો છે? કાર્ય કારણ ભાવ શું? જીવનું તેમાં શું સ્થાન છે? મારૂં શું સ્વરૂપ છે.? આદિ સમીચીન જ્ઞાન ન થવા દેવું. તેનું નામ મિથ્યાજ્ઞાન છે. તેનું નિમિત્ત કારણ દર્શનમોહનીય કર્મનો ઉદય છે. તે જ સંસારની જડ છે. તે તો જીવની પરિણતિ વિશેષ જ છે. છતાં પણ બંધનને પ્રયોજન માની આંહી કહેવામાં આવેલ છે કારણ કે તે પરના અવલંબનથી ઉત્પન્ન થાય છે. મને ભોજન વિના નહીં ચાલે. તે વિના હું કેમ જીવી શકીશ? એ પ્રકારે અનેક પદાર્થોનું અવલંબન તે છોડતો નથી. આજ જીવનો મિથ્યાત્વભાવ છે. તે જ કારણે પ્રાણી માત્રની દૃષ્ટિ પરાવલંબની બની રહી છે અને તેને સ્વાવલંબનના

મહત્ત્વની ખબર નથી. સ્વાવલંબન એટલે સ્વના શરણ વિના પરની કિંચિત્ માત્ર અવલંબનની વૃત્તિ ન ઊઠવી, તે સ્વાવલંબન છે. જો મિથ્યાદર્શનરૂપ પરિણતિનો અભાવ ઉત્પન્ન થાય તો જ જીવને બીજા કોઇ પદાર્થના અવલંબનની જરૂર રહેતી નથી: પણ એકાંત મિથ્યાબુદ્ધિ કોઇને કોઇ પર પદાર્થના અવલંબન વિનાની કદાપિ રહેતી નથી. જ્યારે જીવ આવી પરાધીન પરિણતિથી છૂટી જાય છે ત્યારે તે અનુભવ કરવા લાગે છે કે, "જેને હું અત્યાર સુધી મારૂં કાર્ય સમજતો હતો તે ખરેખર મારૂં કાર્ય હતું જ નહીં હું તો પરપદમાં સ્થિત હતો. સ્વપદની પ્રાપ્તિ તરફ મારૂં કદી ધ્યાન જ ગયું નહોતું. સ્વપદની પ્રાપ્તિનો અર્થ એ છે કે પોતાના સ્વભાવમાં રમણ કરવું, તેમાં તેને બીજી કોઈ પણ વસ્તુની મદદની કિંચિત માત્ર દરકાર નથી–અર્થાત કાર્યકારી નથી. હવે મને મારા સ્વરૂપનું એટલે સ્વપદનું જ્ઞાન થયું છે–સ્વપદ–પરપદનો વિવેક થયો છે."

આ પ્રમાણે જીવનો વિચાર દૃઢ થાય છે ત્યારે જીવને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. તેની પ્રાપ્તિથી જીવ પોતે પોતાના જ પદની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરે છે. અને ત્યારે જ જીવ પોતાના પૂર્ણ સ્વાવલંબનથી નિજ પદની પ્રાપ્તિ કરવા સમર્થ થાય છે. એટલે કે તે જીવ મુનિપદ ધારણ કરી સ્વપદની પૂર્ણ-દશાને પ્રાપ્ત કરે છે: તેનેજ મોક્ષ, સિદ્ધ, સ્થિતિ કે મુક્તિ કહે છે.

આટલું પ્રારંભિક વિવેચન કરીને વિશેષ વિસ્તાર આ ગ્રંથમાં બતાવવામાં આવેલ છે ત્યાંથી જાણવું.

સત્તોપાશક:–

બ્ર૦ ચુનીલાલ દેશાઇ

પ્રસ્તાવના

ભૂતકાલમાં સિદ્ધ પામીયાને, ભવિષ્યમાં સિદ્ધ પામશે;
માહમા તે સમ્યક્ત ધર્મનો "ચુની" ધારશે તે પામશે.

શ્રાવકોનું પ્રથમ કર્તવ્ય

પ્રથમ તો શ્રાવકે સારી રીતે સુનિર્મળ અને મેરુવત્ નિષ્કંપ, અચળ અને ચલ, મલ, અગાઢ એ ત્રણ દુષણરહિત અત્યંત નિર્મળ એવા સમ્યક્ત્વને ધારણ કરી અખંડ, નિસંગ, નિર્લેપ અને નિર્વિકાર આત્માનું ધ્યાન સદાકાળ ધ્યાવવું જોઇએ; કારણ કે તે સર્વ પ્રકારના દુઃખોના હેતુ ભૂત આઠ પ્રકારના દુષ્ટ કર્મોનો નાશ કરવાવાળું અને નિજ સુખાનંદ ભગવાન પદને પ્રાપ્ત કરવાવાળું છે.

સંસારનું મૂળ કારણ અને તેના દુઃખદ ફલ (કાર્ય) નું વર્ણન

જેનો અંત અત્યંત ભયંકર છે એવા પાપરૂપી મિથ્યાત્વ મહા વૈરીથી પીડિત આ જીવને રહેવાનું પ્રથમ તો નરકોની નીચે નિગોદ સ્થાન છે; અને ત્યાંના નિત્યનિગોદથી નીકળવું અત્યંત કઠણ છે. "કદાચ દૈવયોગ (પુણ્યયોગ) થી નિત્યનિગોદમાંથી નીકળે તો ફરી પૃથ્વીકાયાદિક સ્થાવર જીવોમાં ઉત્પન્ન થાય છે અને વિશેષ પુણ્ય કર્મના ઉદયથી સ્થાવર કાયમાંથી નીકળી ત્રસ ગતિ પામે છે. તેમાં પણ મન સહિત પંચેન્દ્રિય પશુનું શરીર પામવું બહુજ દુર્લભ છે અને એટલું મળવાથી પણ સમ્પૂર્ણ

અવયવ પામવા દુર્લભ છે અને એથી પણ અત્યંત કઠણમાં મનુષ્યપણું પામવું વિશેષ દુર્લભ છે. નિર્મળ ગુણોનો વિકાસ, ઉત્તમ આર્ય દેશ, ઉત્તમ આર્ય જાતિ, ઉત્તમ આર્ય કુળાદિ ઉત્તરોત્તર કર્મોના ક્ષયોપશમથી પમાય છે. કદાચ વિશેષ પુણ્યોદયથી ઉત્તમ દેશ, જાતિ, કુળાદિ સહિત મનુષ્યપણું પ્રાપ્ત થયું હોય છતાં પણ દીર્ઘાયુ, પાંચ ઇન્દ્રિયોની પૂર્ણ સામગ્રી, ઉત્તમબુદ્ધિ, શાંત તથા અત્યંત મંદ કષાયરૂપ પરિણામોનું હોવું કાકતાલીય ન્યાય સમાન દુર્લભ જાણવું જોઈએ, કેમકે એવો યોગ મળવો અત્યંત કઠિન છે. કદાચ પુણ્યના યોગથી ઉપર પ્રમાણે સામગ્રી પ્રાપ્ત થઈ જાય તો વિષયોથી વિરકત ભાવ અથવા વ્રત ત્યાગરૂપ પરિણામ તથા યમ પ્રશમરૂપ શુદ્ધ ભાવ સહિત ચિત્તનું હોવું તે મહાન કઠીન છે; કદાચ પુણ્ય યોગથી એની પણ પ્રાપ્તિ થઈ જાય તો તત્ત્વનિર્ણય થવો અત્યંત દુર્લભ છે, જો કે પૂર્વોકત સામગ્રી અત્યંત દુર્લભ છે તો પણ પુણ્યોદયથી થઈ જાય તો અનેક સંસારીજીવ પ્રમાદને વશીભૂત થઈ કામ, ભોગ, અર્થમાં લુબ્ધ થઈ સમ્યક્ માર્ગથી ચ્યુત થઈ જાય છે.

અહો ભવ્ય જીવો! આ મનુષ્ય જન્મ મહાન દુર્લભ છે અને એનું વારંવાર મળવું અત્યંત કઠણ છે. માટે બુદ્ધિમાનો આત્મ વિચાર શુન્ય હૃદયવાન થઈને કાળની એક પલને (સમય) નકામી જવા દેશો નહિ.

અનાદિ કાળથી રાગ, દ્વેષ અને દર્શનમોહ મિથ્યાત્વરૂપી ઝેરી પરિણામોથી ભરપુર ભયંકર ભાવ સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતાં એવા ભવ્યાત્મા માટે સર્વથી શ્રેષ્ટ અક્ષય માત્ર શાન્તિનું

અસાધારણ સમર્થ કારણ ત્રણે લોકમાં ત્રણે કાળમાં જો કોઈ હોય તો તે સમ્યગ્દર્શન રત્નત્રયરૂપી સુધારસ જ છે.

અનાદિથી આત્માએ શું કર્યું નથી. ?

અનાદિ કાળથી આ જીવે અજ્ઞાનવશ અનંતાનંત યોનિઓના જન્મ મરણાદિ અસહ્ય દુઃખોને પરવશ પણે અનુભવતો એક ક્ષણ માત્ર પણ પોતાના પરમાત્મ તત્ત્વની ઉપલબ્ધિ કરી નથી. તે પરમાત્મ તત્ત્વ પ્રત્યેની આત્માની સન્મુખતાનો આશ્રય સમ્યગ્દર્શનથી જ શરૂઆત થાય છે. જે એક દેશ વીતરાગતાના અનુભવ (દર્શન) થયા છે તે પરમશુદ્ધ પારિણામિક કારણ પરમાત્માની પૂર્ણદશાને શ્રદ્ધાન પૂર્વક નિત્ય નિરંજન ટંકોત્કીર્ણ જ્ઞાયક સ્વભાવી પરના સંગ વિનાનો નિરાવરણ આનંદકંદ ભેદા-ભેદનાં વિકલ્પ વિનાનો અખંડાનંદને શ્રદ્ધામાં લાવતો નિજ આત્માના વૈભવની સ્વતંત્રતાનો પુકાર કરતો પરદ્રવ્યો અને પરદ્રવ્યોના ભાવોની પરાધીનતાની ઝંઝીરોને સ્વભાવ ભાવે તોડતો (અનાદિથી ક્ષણિક ઔપાધિક ભાવો પુરતો જ જે પોતાને અજ્ઞાનમાં માનતો હતો તે જ આત્મા) પોતાના શુદ્ધ અંતઃ તત્ત્વના કિનારાને પહોંચવાના સાધનરૂપ દેશચારિત્ર સકલચારિત્ર રૂપ નાવને આશ્રયે કલેશોદધિને પાર કરતાં સાધકની સાધનારૂપ સત્યાર્થ પ્રતિક્રમણાદિ આવશ્યકો, તપ અને ધ્યાનથી સામાન્ય શુદ્ધ દ્રવ્યના પરિપૂર્ણ સ્વભાવના જોરે આગળ વધતો પોતાના શાશ્વત ધ્રુવ, અવિચળ, અદ્વૈત, પરમાનંદ દશાને સર્વ પ્રકારે પ્રાપ્ત કરવામાં સતત પ્રયત્ન કરતો નિજ તત્ત્વમાં લીન થતો (ઝુકતો) અને સાધનોને સહજ કિનારે છોડતો પરિપૂર્ણ ભગવાન આત્મા

પ્રગટ ન થાય ત્યાં સુધી સતત પ્રયત્નથી આત્મવીર્યને આત્મામાં ગોપતો તે જીવ સનાથ પદના પૂર્ણ સિદ્ધિને પ્રાપ્ત થાય છે.

આત્માનો સાચો દુશ્મન

આ જગતમાં મિથ્યાત્વ જેવું કોઇ મહાન પાપ નથી. તેનાથી છુટવા જીવે સતત પ્રયત્ન સ્વતંત્રપણે કરવો જોઇએ એક ક્ષણ માત્ર પણ પ્રમાદ કરવા યોગ્ય નથી; તેમજ એક ક્ષણ માત્ર આત્માને વિસરવા યોગ્ય નથી જ્યાં કિંચિત્ મિથ્યાત્વ ગળે ત્યાં પાછો પરાધીનતાથી મિથ્યાત્વ ગર્ભિત રાગમાં ફસાઇ જાય છે ત્યાં કોઇ દેવ ગુરુ મારૂં કલ્યાણ કરી આપે તેવી પરાધીનતાને છોડતો નથી. પાંચ પ્રકારના સ્થૂલ મિથ્યાત્વના ભેદરૂપી ગર્ભમાં કોઇ એક મિથ્યાત્વને આશ્રયે અથવા સૂક્ષ્મતાનાં ભંગમાં અટકી જાય છે. કયાંઇ સ્થિર થઈ શકતો નથી. એમ જીવે અનંતીવાર સત્સમાગમો કર્યા પણ સ્વતંત્રરૂપે પોતે પોતાની વસ્તુ સ્વરૂપનો વિચાર કર્યો નહીં કે મારો આત્મા પરસંગ પરાવલમ્બન વિનાનો-નિરપેક્ષ, અસહાય, ત્રિકાલનિરુપાધિરૂપ છે.

એકાંત વાદીઓનો પક્ષ હિતકર નથી

કેટલાક લોકો પરમાર્થભૂત જ્ઞાનસ્વરૂપ આત્માને તો જાણતાજ નથી માત્ર વ્યવહાર દર્શનજ્ઞાન ચારિત્રરૂપ ક્રિયાકાંડના આડંબરનેજ મોક્ષનું કારણ માની તેનોજ પક્ષપાત કરી રાગમાંજ સનાથપણું માની ખેદખિન્ન થઇ સંસારમાં ડુબે છે.

વળી કેટલાક લોકો આત્મસ્વરુપને યથાર્થ જાણતાં નથી અને સર્વથા એકાંતવાદી મિથ્યાદૃષ્ટિઓના ઉપદેશથી અથવા

પોતાની મેળેજ અંતરંગમાં એકી રીતે જ્ઞાનસ્વરુપ આત્માને કલ્પી લેશમાત્ર પોતાની પરિણતિમાં જરાય ફેર પાડયા વિના અધ્યાત્મના ગાણા ગાતા પોતાને સર્વથા અબંધમાની, મનાવી વ્યવહાર દર્શન જ્ઞાન ચારિત્રના ક્રિયાકાંડને સર્વથા નિરર્થક જાણી છોડી આપે છે. આત્મતત્ત્વને પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરતા નથી અને શુભ પરિણામોને છોડી સ્વચ્છંદી થઇ વિષયકષાયમાં તલ્લીન થઇ વર્તે છે, તેઓ પણ સંસાર સમુદ્રમાં ડુબે છે.

જ્યાં કિંચિત્ પરાધીનતાની બેડીઓ ઢીલી થઈ અને કિંચિત્ માત્ર મતિશ્રુત જ્ઞાનનો ઉઘાડ થયો, ત્યાં પોતે પોતાની પૂજા પ્રતિષ્ઠા માનાદિકમાં ફસાણો પોતેજ પોતાને કેવળી માનવા મનાવવા લાગ્યો; પાછો જીવ કષાયે લેપાણો વળી ભવભવાંતરના લેખામાં જીવ ચાલ્યો ગયો. આ પ્રમાણે જીવનો સાચો દુશ્મન બીજો કોઇ પણ નથી, માત્ર એક મિથ્યાત્વજ છે.

આત્માનો સાચો મિત્ર.

આત્માનો બરેબર મિત્ર સમ્યગ્દર્શન છે તેનો એક વખતે પણ જો જીવને (સ્પર્શ) અનુભવ સાથે મિત્રતા થઈ જાય તો તે તેજ ભવે અથવા વિશેષમાં વિશેષ સાતમે ભવે મોક્ષ પહોંચાડેજ છે. પણ જો કદાચ આત્મા તેનું (વમનકરી) શરણ છોડી વિરુદ્ધ આચરણ કરે તો પણ તે વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્તન કાળની અંદર મોક્ષ પહોંચાડેજ છુટકો કરે છે. એવા સાચા હિતકારી મિત્રના અભાવમાં કદી જીવ જ્ઞાન ચારિત્ર તપાદિ કરે છે તો તે બધી ક્રિયા પણ કુચારિત્ર તપાદિ સંસાર વર્ધક રહે છે;

માટે તેની (સમ્યગ્દર્શનની) આરાધના વિના બાકીની ત્રણ આરાધનાની કોઈ કિંમત નથી તેથી પ્રથમ સમ્યક્ત્વ આરાધવા યોગ્ય છે, તેની આરાધનાથી બાકીની ત્રણે આરાધનાના બહુમૂલ્ય અંકાવા શરૂ થાય છે. જેવી રીતે નગરની શોભા દરવાજાથ, મુખની શોભા ચક્ષુથી, વૃક્ષની સ્થિરતા મૂળથી, તેવી રીતે જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્યની શોભા સમ્યગ્દર્શનથી છે. શાંતભાવ, જ્ઞાન, ચારિત અને તપ તે સમ્યગ્દર્શન વિના પથ્થરની જેમ બોજારૂપ છે અને સમ્યગ્દર્શન યુકત હોય તો તેઓ મહામણિ સમાન પૂજ્ય છે. સમ્યગ્દૃષ્ટિ જીવ કુગતિઓમાં જતો નથી કદાચિત્ જાય, તો ત્યાં સમ્યક્ત્વનો દોષ નથી પણ મિથ્યાત્વના સદ્ભાવમાં પૂર્વે બંધાએલું આયુ કારણ છે. સમ્યગ્દર્શન સહિત (આત્મભાન સહિત) જીવનો નરકાવાસ પણ શ્રેષ્ટ છે કારણ જીવ ત્યાં બાહ્ય નારકી કૃત દુઃખને ભોગવતો હોવા છતાં આત્મભાને અંતરમાં ચૈતન્ય રસના જ સ્વાદુ હોવાથી અસંખ્યાત ગુણી નિર્જરા કરતો પૂર્વકૃત કર્મોના દેણા સમતાભાવે ચુકાવતો ભગવાન પદની નીકટતાએ પહોંચતો હોવાથી સુખી છે; અને સમ્યગ્દર્શન રહિત સ્વર્ગનોવાસ પણ જીવને દુઃખરૂપ છે. કારણ તેને આત્મભાન રહિત પરમાં સુખની કલ્પના કરી છે તે તો અજ્ઞાનતાના દુઃખરૂપ જ છે. કારણ પર પદાર્થની ઇચ્છા તે અજ્ઞાનના ફલરૂપ સંસાર વર્ધક છે.

અનેકાંતવાદ વસ્તુસ્વરૂપ જ હિતકર છે.

સમ્યગ્દૃષ્ટિ આત્મા જ્ઞાન ભાવે પરિણમતા થકા શુભાશુભ કર્મને હેય જાણે છે. અને શુદ્ધ પરિણતિને જ ઉપાદેય જાણે છે

તેઓ માત્ર અશુભ કર્મને જ નહિ પરંતુ શુભ કર્મને છોડી સ્વરૂપમાં સ્થિર થવાનો નિરંતર પુરુષાર્થ કર્યા કરે છે. પણ પુરુષાર્થની નબળાઈને કારણે શુભાશુભ પરિણામોથી છુટી સ્વરૂપમાં સંપૂર્ણપણે સ્થિરતા પામી શકતો નથી ત્યાંસુધી અંતર અવલંબનનાં હેતુભૂત બાહ્ય અવલંબનરૂપ શુભ પરિણામોમાં (શ્રદ્ધાજ્ઞાને) હેય બુદ્ધિએ પ્રવર્તે છે. પરંતુ શુભક્રિયારૂપ પ્રતિક્રમણાદિ (દેશવ્રત, તપ, નિયમ, ભક્તિ, પૂજા દાનાદિ) ને નિરર્થક ગણી છોડી દઇ સ્વચ્છંદપણે વિષય કષાયાદિરૂપ અશુભ કર્મોમાં કદીપણ પ્રવર્તવાની બુદ્ધિ કરતો નથી. જો કે શ્રદ્ધાનમાં તો સ્વરૂપ સ્થિરતાનું અંતર અવલંબન તો શુદ્ધ પરિણતિરૂપ પોતેજ છે એમ વિચારે છે. એમ એકાંત અભિપ્રાય રહિત જીવો જ માત્ર કર્મોનો નાશ કરી સંસારથી નિવૃત્તિ કરે છે. મોક્ષનો ઉપાય તો એક માત્ર નિશ્ચય રત્નત્રયમય આત્માની શુદ્ધ પરિણિત છે અર્થાત વીતરાગ શુદ્ધાત્માનુભવરૂપ પરિણામજ મોક્ષમાર્ગ છે, પણ આત્માના શ્રદ્ધાન જ્ઞાન આચરણરૂપ મોક્ષમાર્ગને નહિ જાણતા જીવો માત્ર વ્યવહારનયરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્રના સાધનને મોક્ષમાર્ગ માને છે. અર્થાત્ અર્હંત-દેવ, નિર્ગ્રંથ ગુરુ અને દયામયી ધર્મના સાધનને અથવા મહાવ્રતાદિ ક્રિયાઓરૂપ સાધન માત્રને જ ચારિત્ર માની અજ્ઞાની શુભોપયોગમાં જ સંતુષ્ટ થઇ શુદ્ધોપયોગરૂપ મોક્ષ માર્ગમાં પ્રમાદિ થઇ કેવલ વ્યવહારનયને એકાંતે અવલંબે છે; તેવા મિથ્યાદૃષ્ટિ જીવો મોક્ષને પામી શકતા નથી. જૈન મતના નયભેદને સમજવું બહુજ કઠણ છે, તેની કોઇ મૂઢ પુરુષ વગર સમજે એકાંતે નય ચક્રમાં પ્રવેશ કરે છે તેના જીવો લાભને બદલે નુકશાન જ ઉઠાવે છે.

મુમુક્ષુઓનું કર્તવ્ય

જ્યાંસુધી પરિપૂર્ણ શાશ્વત પરમાત્મ દશાની પ્રાપ્તિ ન થાય, ત્યાંસુધી મુમુક્ષુઓએ સૂક્ષ્મ તત્ત્વ વિચારપૂર્વક અંતર શોધન કરતા રહેવું જોઇએ. એક ક્ષણ પણ પ્રમાદમાં નહિ જવા દેતા આત્મ ચિન્તવનમાંજ લગાડશે, તેમજ એક ક્ષણ પણ આત્માને સમ્યક્ત્વના ખીલાથી છોડવા યોગ્ય નથી. અથવા જ્યાંસુધી યથા-ખ્યાતની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી સતત્ પ્રયત્ન કરવો જોઈએ; કારણ કે જીવના પરિણામો પર જ સંસાર, મોક્ષ છે માટે પરિણામ કહો કે ઉપયોગ કહો તેની નિર્મળ દશા તેજ જીવનમુક્તપણું છે.

નિજ કારણ પરમાત્માનો જ ભાવના પંચમ ગતિના હેતુ-ભૂત છે. જે સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન આચરણાત્મક ભેદોપચાર કલ્પનાથી રહિત નિરપેક્ષ શાશ્વત પરમ સુખનુ ધામ છે; અને જે નિત્ય, શુદ્ધ, નિરતિશય; નિરંજન. અવ્યાબાધ, અક્ષય પદરૂપ છે તેજ જ્ઞાનીઓને ઉપાદેય છે. બાકી સઘળું હેય છે.

મહાપુરુષોનો ઉપકાર

આ કલિકાળમાં સત્ય ધર્મામૃતથી ભરપુર જીવો ઉપર કેવળ કરુણાબુદ્ધિથી આગમ (નય, નિક્ષેપ, પ્રમાણ) યુક્તિ અને પ્રત્યક્ષ અનુભવથી લખાએલા ભગવાન **શ્રી કુંદકુંદાચાર્ય, ભગવાન સમન્તભદ્રસ્વામી, શ્રીમાન્ યોગીન્દ્રદેવ, શ્રીમત્ અમૃત-ચંદ્રાચાર્ય, શ્રીમાન્ પૂજ્યપાદસ્વામી** આદિ અનેક મહાન પુરુષોએ સમયસારાદિ આધ્યાત્મિક રસથી ભરપુર ગ્રંથો રચેલા છે. તેઓની પ્રસાદી ભવ્યાત્માઓના કલ્યાણરૂપ મુકતા ગયા છે.

गुरुणामेव माहात्म्यं यदपि स्वादु मद्वचः ।
तरुणां हि स्वभावोऽसौ यत्फलं स्वादु जायते ॥

અર્થ :- આ ગ્રંથની રચનામાં કોઈ માધુર્યતા કે અર્થ ગાંભિર્યતા હોય તો તે પરમ પૂજ્ય નિર્ગ્રંથ ગુરુઓનું જ માહાત્મ્ય છે, તેઓ-શ્રીની સુગંધ વા પ્રસાદી છે. તથા જો કોઇ ત્રુટી, અસબંદ્ધતા, અર્થ કે-ભાવવિકળતા જોવામાં આવે તો તે અલ્પજ્ઞતા જન્ય મારો પોતાનોજ દોષ છે.

તે પ્રમાદ જન્ય દોષને માટે હું તેઓ કૃપાળુ શ્રી આચાર્યોના ચરણકમલમાં પુનઃ પુનઃ મસ્તક નમાવી ક્ષમા ચાહું છું. એમનો અનંત અનંત ઉપકાર મારા જેવા પામર ઉપર થયો છે તે સ્વપ્ને પણ ભૂલાય તેમ નથી.

છદ્મસ્થપણાના દોષની માફી

छदुमत्थदाइ इत्थदु, जंवद्धं होज्ज पवयए विरुद्धं ।
सोधिंतु सुगीदत्था, पवयण वच्छल्लदाएदु ॥

અર્થ:-આ સમ્યક્ત્વસુધા નામના ગ્રંથમાં છદ્મસ્થપણાથી કોઈ રચના ભગવાનના પરમાગમથી વિરુદ્ધ થઇ હોય તો જે સમ્યક્-અર્થના જાણવાવાલા મહાપુરુષો છે તેઓ વાત્સલ્યભાવથી શ્રુત-જ્ઞાનમાં પરમ પ્રીતિ કરી સંશોધન કરી શુદ્ધિ કરશોજી.

ગ્રંથની ઉત્પત્તિનું કારણ

શ્રી સમ્યક્ત્વસુધા નામના ગ્રથની ઉત્પત્તિનું મૂળ કારણ તો મુમુક્ષુઓ (ભાવિક જીવો)ની જીજ્ઞાસા જ કહી શકાય. તેઓની

પ્રેરણાથી મે યત્કિંચિત્ સમ્યક્ત્વ રત્નના વિષયમાં નિર્ગ્રંથ પ્રવચનોનો સંગ્રહ કરી સતત્ પ્રયત્નથી તૈયાર કરવામાં આવ્યો છે. જોકે સમ્યક્ત્વનું લક્ષણ તો સ્વાનુભૂતિ છે. તે અનિર્વચનીય છે, અજ્ઞેય છે. અર્થાત્ મન, વચન કે બુદ્ધિ આદિથી દૂર છે માત્ર એક સ્વાનુભૂતિ-ગમ્ય છે. શુદ્ધાત્મતત્ત્વ એક તો અશ્રુતપૂર્વ છે તેમજ સર્વ જીવોની રુચિનો આ વિષય નથી, તેને કહેવાને યા લખવાને પર્યાપ્ત કોઈ સાધન નથી. એક સાધારણમાં સાધારણ વિષયને પણ સર્વાંગપૂર્ણ સમીચીન વર્ણન કરવું જ્યાં મહાન કઠણ છે તો પછી અચિન્ત્ય નિર્વિકલ્પ આત્મતત્ત્વની તો વાતજ શું કરવી? એટલે આવી પરિસ્થિતિમાં જો આ સ્વાનુભવગમ્ય શુદ્ધાત્મ તત્ત્વના કથનમાં સ્ખલન (ભૂલ) થઈ જાય તો કોઇ આશ્ચર્યની વાત નથી.

સમ્યગ્દર્શનનું પ્રધાન કારણ

સમ્યગ્દર્શનનું પ્રધાન કારણ આપ્ત, આગમ પદાર્થનું જાણવું છે. તે વિના જીવને તત્ત્વવિચાર થાય નહી અને તત્ત્વવિચાર વિના તત્ત્વપ્રતીતિ થાય નહી; માટે જીવોને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય એવા વિચારથી આ ગ્રંથ નિર્ગ્રંથ પ્રવચનોના સંગ્રહરૂપ મારી અલ્પબુદ્ધિએ તૈયાર કરવામાં આવ્યો છે. જે ભવ્ય જીવો વાંચશે, વિચારશે, મનન કરશે, તેઓનું શ્રદ્ધાન દૃઢ થશે. અર્થાત્ જીજ્ઞાસુ ભવ્યાત્માઓને અમૃત ધારાથી સંચિત કરી તૃપ્ત કરશે.

જૈન ગ્રંથ પ્રકાશન માળાની ઉત્પત્તિ

દ્રવ્યોના સ્વરૂપનું કથન કરવાવાળાં અનેક મહાન ગ્રંથો પૂર્વાચાર્યોએ પહેલાં રચેલા છે, તથાપિ બાળબુદ્ધિ (અલ્પબુદ્ધિ)

વાળાં મુમુક્ષુ જીવોનો તેવા ગ્રંથોમાં પ્રવેશ થઇ શકતો નથી તે કારણે તેવા જીવો સમ્યગ્જ્ઞાનથી વંચિત રહી જાય છે; તેથી તેઓને સરલતાથી સમજાવવાને માટે એક **જૈન ગ્રંથ પ્રકાશનમાળા** ખોલવામાં આવી છે. તેમાં આર્ષ વચનનુસાર પૂર્વાચાર્યોના ગ્રંથોના આધારે નાના નાના ટ્રેકટો કે જેનાં કોઇ એક ખાસ વિષયને લઇ જનતાના લાભાર્થે પ્રકાશન કરવામાં આવશે. તેના માટે ફંડની આવશ્યકતા પડતાં નીચે જણાવેલ મહાનુભાવોએ જિનવાણીના પ્રકાશન માટે અથવા પ્રચાર માટે આર્થિક સહાયતારૂપ જે રકમ ઉદાર ચિત્તથી આપી છે તેના માટે તેઓનો હું હૃદયથી આભાર માની ધન્યવાદ આપું છું.

આ ગ્રંથ બનાવવામાં જે જે ભાઇ, બ્હેનો તરફથી પ્રુફરીડિંગ, અશુદ્ધિ સંશોધન તથા આધાર માટે શાસ્ત્રોની સગવડતા કરી આપવા આદિનાં નાના મોટા અનેક કાર્યોમાં નિસ્વાર્થ બુદ્ધિથી ઉત્સાહપૂર્વક **જિનવાણીમાતાની** સેવામાં મને જે ઘણીજ કીમતી મદદ આપી છે; તેઓ પ્રત્યેકનો ભિન્ન ભિન્ન તેમજ સમૂહદ્વારારૂપથી હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું. હું સાથો સાથ એમ પણ માનું છું કે આવડો મોટો ગ્રંથ રચવામાં તેમના તરફથી જો મને મદદ અથવા સહાયતા ન મળી હોત, તો કદાચ આ ગ્રંથ કદી પણ આવી સુંદરતાને નજ પામ્યો હોત; તે માટે પણ હું તેઓ સર્વનો ઋણી છું. આમાં કોઇ વાક્ય રચના આદિમાં દોષ જણાય તો તે મારો પોતાનો જ દોષ છે અને સુંદરતા પ્રતિભાસે તો તે ભાઇઓને જ આભારી છે.

જિનવાણી સેવક.

બ્ર. ચુનીલાલજી ઢેરમા.

શ્રી જૈન ગ્રંથ પ્રકાશન માળાને આર્થિક સહાયતા આપનાર દાતાઓની નામાવલિ.

રૂા.	નામ	ગામ
૫૦૧)	ડો. ચંદુલાલ તારાચંદ કામદાર	રાજકોટ
૫૦૧)	શ્રીમાન્ અમરચંદ ગીરધરભાઇ મોદી	,,
૧૫૧)	,, સુંદરજી કાલીદાસ દેસાઇ	,,
૧૦૧)	,, છોટાલાલ છગનલાલ શેઠ	,,
૧૦૧)	,, પ્રભુદાસ ન્યાલચંદ દફ્તરી	,,
૧૦૧)	,, સોમચંદભાઇ કરમચંદ શાહ	,,
૧૦૧)	,, એક સખી ગ્રહસ્થ તરફથી	,,
૧૦૧)	,, રતીલાલ ન્યાલચંદ ચીતલીયા	,,
૧૦૧)	શ્રીમતિ પ્રભાકુંવર બ્હેન દેશાઇ	,,
૧૦૧)	શ્રીમતિ સમજુ બ્હેન કોઠારી	,,
૫૧)	શ્રીમાન્ પોપટલાલ શામલજી શાહ	,,
૫૧)	,, ભગવાનલાલભાઇ ઠાકરશી	,,
૫૧)	,, જગજીવનભાઇ જીણાભાઇ તુરખીયા	,,
૫૧)	,, ડુંગરદાસભાઇ તથા કસુંબા બ્હેન	,,
૫૧)	ડો. તારાબ્હેન જાદવ	,,
૬૯)	છુટક છુટક દાતાઓ તરફથી.	,,

કુલ રૂા. ૨૧૮૪)

વિષયાનુક્રમણિકા. (ભૂમિકાની સૂચિ)

નંબર	વિષય	પૃષ્ઠ
૧	સમ્યક્‌સુધાકા પાનકર. (ભજન)	૧
૨	ભેદજ્ઞાન સમ્યક્‌સાર હૈ (ભજન)	૨
૩	આ ગ્રંથમાં લીધેલા ગ્રંથોના આધારની નામાવલિ.	૩
૪	અન્ય ગ્રંથોના નામો સાથે મૂલ ગ્રંથના શ્લોકનું લીસ્ટ	૭
૫	લેખકની અંત સ્તલ સ્પર્શિની વિચાર ધારા.	૧૪
૬	પ્રસ્તાવનાનો વિષય.	૨૧
૭	શ્રાવકોનું પ્રથમ કર્તવ્ય.	૨૧
૮	સંસારનું મૂલ અને તેના દુઃખદ ફલનું વર્ણન.	૨૧
૯	અનાદિ આત્માએ શું કર્યું નથી ?	૨૨
૧૦	આત્માનો સાચો દુશ્મન	૨૪
૧૧	એકાંત વાદીઓનો પક્ષ હિતકર નથી.	૨૪
૧૨	આત્માનો સાચો મિત્ર.	૨૫
૧૩	અનેકાંતવાદ વસ્તુ સ્વરૂપજ હિતકર છે.	૨૬
૧૪	મુમુક્ષુઓનું કર્તવ્ય.	૨૬
૧૫	મહા પુરુષોનો ઉપકાર.	૨૮
૧૬	છદ્મસ્થ પણાના દોષની માફી.	૨૯
૧૭	ગ્રંથ ઉત્પત્તિનું મૂળ કારણ.	૨૯
૧૮	સમ્યગ્દર્શનનું પ્રધાન કારણ.	૩૦
૧૯	જૈન ગ્રંથ પ્રકાશન માળાની ઉત્પત્તિ.	૩૧
૨૦	આર્થિક સહાયતા આપનાર દાતાઓની નામાવલિ.	૩૨

વિષયાનુક્રમણિકા (ગ્રંથ સૂચિ)

નંબર	વિષય	પૃષ્ઠ
૧	મંગલાચરણ	૧
૨	જિનવાણીની સ્તુતિ	૨
૩	છ અધિકારની વ્યાખ્યા	૨
૪	સમ્યગ્દર્શનનું સ્વરૂપ	૩
૫	સ્વાનુભૂતિનું સ્વરૂપ	૩
૬	સ્વરૂપાચરણ ચારિત્રનું સ્વરૂપ	૫
૭	કષાયની વ્યાખ્યા	૬
૮	કષાયોના ભેદ અને તેનું સ્વરૂપ	૭
૯	મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયોનો સંબંધ	૮
૧૦	દરેક કષાયનો વાસનાકાળ	૯
૧૧	કષાય પરિણામોથી આત્મા પોતે પોતાને ઘાતે છે	૧૦
૧૨	કષાયરૂપ પરિણામ જ પાપનું કારણ છે	૧૧
૧૩	ઇન્દ્રિય વિષયોનું સુખ તે દુઃખ જ છે	૧૨
૧૪	સુભોમ ચક્રવર્તીની કથા	૨૫
૧૫	અતીન્દ્રિય સુખ તેજ ખરૂં આત્મિક સુખ છે	૪૧
૧૬	સમ્યગ્દૃષ્ટિની અનિચ્છા પૂર્વક ક્રિયા	૪૫
૧૭	સમ્યગ્દૃષ્ટિ ભોગી નથી	૪૬
૧૮	જ્ઞાનીનું ચિન્હ	૫૧
૧૯	સ્વરૂપ રોધક અનંતાનુબંધી રાગાદિકનું વર્ણન	૫૭
૨૦	અનાદિ કાલથી મિથ્યાત્વવશ જીવ શું કરે છે	૬૨

	વિષય	પૃષ્ઠ
૨૧	અશુદ્ધતાની અંદર પણ શુદ્ધ જીવનો પ્રતિભાસ	૬૬
૨૨	નિમિત્ત નૈમિત્તિક સંબંધ	૭૬
૨૩	અજ્ઞાનીઓ પ્રત્યે આચાર્યોની કરૂણા	૮૦
૨૪	કર્ત્તા, કરણ, કર્મ, ફલનું સ્વરૂપ	૮૨
૨૫	મોહને નાશ કરવાનો ઉપાય	૮૬
૨૬	અગૃહીત મિથ્યાત્વ આદિનું સ્વરૂપ	૮૯
૨૭	ગ્રહીત મિથ્યાત્વનું સ્વરૂપ	૯૦
૨૮	અજ્ઞાન મિથ્યાત્વનું સ્વરૂપ	૯૦
૨૯	વિપરીત મિથ્યાત્વનું સ્વરૂપ	૯૨
૩૦	એકાન્ત મિથ્યાત્વનું સ્વરૂપ	૯૪
૩૧	વિનય મિથ્યાત્વનું સ્વરૂપ	૯૬
૩૨	અગૃહીત મિથ્યાત્વનું સ્વરૂપ	૧૦૦
૩૩	સંશય મિથ્યાત્વનું સ્વરૂપ	૧૦૧
૩૪	સર્વ અનર્થનું કારણ ભાવમોહ	૧૦૪
૩૫	ઉપાદાન નિમિત્તનું સ્વરૂપ	૧૧૩
૩૬	પરિણામ શું છે?	૧૧૮
૩૭	પરિણામોની વિચિત્ર દશા	૧૨૨
૩૮	નિમિત્ત ઉપાદાનનું દૃષ્ટાંતથી સ્વરૂપ	૧૨૩
૩૯	બાહ્યાભ્યંતર શુદ્ધિ કરવાઈ છે	૧૩૩
૪૦	મનશુદ્ધિની પ્રધાનતા	૧૩૪
૪૧	ચિંતા ચિતા સમાન	૧૩૮
૪૨	આત્માનો ગુરુ આત્માજ છે	૧૪૨

	વિષય	પૃષ્ટ
૪૩	અભવ્યને સમજાવવા છતાં મૂઢતા છોડતો નથી	૧૪૯
૪૪	જ્ઞાનીને ઉપદેશમાં વ્યગ્ર થવું યોગ્ય નથી	૧૫૦
૪૫	આત્મા સંકલ્પ વિકલ્પ રહિત છે	૧૫૩
૪૬	જ્ઞાનીને વાદવિવાદ કરવો યોગ્ય નથી	૧૫૬
૪૭	જ્ઞાનીને પોતાની બડાઇ કરવી યોગ્ય નથી	૧૫૮
૪૮	જ્ઞાનીને વ્યવહારી જીવોનો સંગ કરવો યોગ્ય નથી	૧૫૯
૪૯	ભિન્નાભિન્ન આત્મચિંતવનનું ફળ	૧૬૨
૫૦	આત્માની શુદ્ધિ સમ્યગ્જ્ઞાનથી થાય છે	૧૬૪
૫૧	સમ્યક્ ધ્યાનથી કર્મોનો નાશ થાય છે	૧૭૦
૫૨	સ્વસંવેદન જ્ઞાનનું સ્વરૂપ	૧૭૪
૫૩	મિથ્યાજ્ઞાન સદા ભ્રાન્તિથી દેખે છે	૧૭૮
૫૪	મોક્ષનો પુરુષાર્થ કરે તે પુરુષ છે	૧૮૦
૫૫	પુરુષને આત્મ પ્રીતિ, આત્મચર્ચા કરની યોગ્ય છે	૧૮૪
૫૬	સર્વ દુઃખથી છુટવાનો ઉપાય	૧૮૯
૫૭	પંચમગતિની પ્રાપ્તિનો ઉપાય	૧૯૦
૫૮	પરમાત્મ પદની ભાવનાનું ફળ	૨૦૩
૫૯	અજ્ઞાની પર પદાર્થથી અલંકૃત છે જ્ઞાની જ્ઞાનાદિકથી અલંકૃત છે	૨૦૯
૬૦	જીવના ભાવકર્મ અને પુદ્ગલના ભાવકર્મ	૨૧૩
૬૧	શરીર આશ્રિતે દુઃખ તે જ સંસાર છે	૨૧૬
૬૨	યોગિને પોતાના તત્ત્વમાં જ સુખ છે.	૨૧૯
૬૩	આત્મ ઉપલબ્ધિ કોઇ કઠણ નથી, સુલભ છે.	૨૨૩

	વિષય	પૃષ્ઠ
૬૪	ચેતન અચેતનની ભિન્ન ક્રિયાનું વર્ણન	૨૨૭
૬૫	અનંત ધર્મ વાળા આત્મદ્રવ્યની ખ્યાતિ	૨૩૧
૬૬	શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનથી સર્વ સિદ્ધિની પ્રાપ્તિ	૨૪૧
૬૭	ચેતનાના પ્રકાર અને તેનું સ્વરૂપ	૨૫૮
૬૮	દર્શનોપયોગનું સ્વરૂપ	૨૬૭
૬૯	જ્ઞાનોપયોગનું સ્વરૂપ	૨૭૧
૭૦	જ્ઞાનોપયોગની મહિમા અને તેનું સ્વરૂપ	૨૭૩
૭૧	જ્ઞાનનું લક્ષણ	૨૭૬
૭૨	જ્ઞેયાકાર જ્ઞાનની પરિણતિ	૨૮૨
૭૩	આત્મ ધ્યાનનું વર્ણન	૨૮૪
૭૪	સુમતિ શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાનની પ્રાપ્તિના કારણ છે	૨૮૮
૭૫	મતિજ્ઞાનના ભેદ અને તેનું સ્વરૂપ	૨૮૯
૭૬	શાસ્ત્રાભ્યાસથી પરમાત્મ સ્વરૂપનું જ્ઞાન થાય છે	૨૯૪
૭૭	શ્રુતજ્ઞાનના ભેદ અને તેનું સ્વરૂપ	૨૯૬
૭૮	દ્રવ્યશ્રુતથી ભાવશ્રુતની પ્રાપ્તિ	૨૯૯
૭૯	વ્યવહાર અને નિશ્ચયનયથી તીર્થ અને તત્ત્વજ્ઞાનસિદ્ધિ	૩૦૨
૮૦	જ્ઞાન માત્રથી મોક્ષની અસિદ્ધિ	૩૩૪
૮૧	પંચમકાળમાં માત્ર ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ	૩૩૬
૮૨	આગમથી વિરૂદ્ધ કહેનાર મિથ્યાદૃષ્ટિ છે	૩૩૭
૮૩	સમ્યક્ત્વ પ્રાપ્તિનાં બાહ્યકારણોનું વર્ણન	૩૩૯
૮૪	હઠાગ્રહથી નાશ થતું સમ્યક્ત્વ	૩૪૬
૮૫	પરમભાવનું સ્વરૂપ	૩૪૯

	વિષય	પૃષ્ઠ
૮૬	કારણ જ્ઞાનોપયોગ – કાર્યજ્ઞાનોપયોગ	૩૫૨
૮૭	કારણ દર્શનોપયોગ – કાર્યદર્શનોપયોગ	૩૬૩
૮૮	કારણ શુદ્ધ પર્યાય અને કાર્યશુદ્ધ પર્યાય	૩૬૭
૮૯	સરાગ – વીતરાગનું ભિન્ન ભિન્ન કાર્ય	૩૭૨
૯૦	જ્ઞાન – જ્ઞાતા – જ્ઞેયનું સ્વરૂપ	૩૭૪
૯૧	ધ્યાન, ધ્યાતા, ધ્યેયનું સ્વરૂપ	૩૭૯
૯૨	કારક પક્ષનું સ્વરૂપ	૩૮૩
૯૩	સમ્યક્ નિયતિવાદ	૩૮૮
૯૪	મિથ્યાનિયતિવાદ (જ્ઞાપક પક્ષ) નું સ્વરૂપ	૩૯૧
૯૫	સ્યાદ્વાદનું સ્વરૂપ	૩૯૪
૯૬	સર્વજ્ઞના શાસનની મહિમા	૩૯૫
૯૭	સત્પુરુષોની નિર્દોષ વાણી	૩૯૬
૯૮	સામાન્ય, સ્થિતિ, અને ભવ, કાળલબ્ધિનું સ્વરૂપ	૪૦૫
૯૯	સમ્યક્ત્વની પ્રાપ્તિનો ઉપાય	૪૦૯
૧૦૦	પુણ્ય પાપનું સ્વરૂપ	૪૧૧
૧૦૧	સાતિશય પુણ્યનું સ્વરૂપ	૪૧૬
૧૦૨	ભવિતવ્યતાનો ઉપાય	૪૨૧
૧૦૩	સમ્યક્ત્વનું સાધક બાધક કારણ	૪૨૩
૧૦૪	સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર જીવની યોગ્યતા	૪૨૫
૧૦૫	ભવ્યનું સ્વરૂપ	૪૨૬
૧૦૬	સંજ્ઞી પંચેન્દ્રિયનું સ્વરૂપ	૪૨૭
૧૦૭	પર્યાપ્તનું સ્વરૂપ	૪૨૯

	વિષય	પૃષ્ટ
૧૦૮	ઇન્દ્રિય અને તેના ભેદ	૪૩૦
૧૦૯	દ્રવ્યેન્દ્રિયનું સ્વરૂપ	૪૩૧
૧૧૦	બાહ્યાભ્યંતર ઉપકરણોનું સ્વરૂપ	૪૩૩
૧૧૧	ભાવેન્દ્રિયનું સ્વરૂપ	૪૩૩
૧૧૨	ઇન્દ્રિયોના અનુક્રમથી નામ	૪૩૫
૧૧૩	ઇન્દ્રિયોના વિષયો	૪૩૬
૧૧૪	ઇન્દ્રિયોના વિષય સંબંધ	૪૩૬
૧૧૫	ઇન્દ્રિયોની આકૃતિ	૪૩૭
૧૧૬	નિદ્રા પાપનું કારણ	૪૪૪
૧૧૭	યોગ-લેશ્યાઓનું સ્વરૂપ	૪૪૫
૧૧૮	પાંચ લબ્ધિઓનું સ્વરૂપ	૪૫૪
૧૧૯	સમ્યક્ત્વના ત્રણ ભેદનું સ્વરૂપ	૪૬૪
૧૨૦	પ્રથમ અને દ્વિતીયોપશમ સમ્યક્ત્વનું સ્વરુપ	૪૬૭
૧૨૧	સાદિ મિથ્યાદૃષ્ટનું સ્વરૂપ	૪૬૯
૧૨૨	ક્ષયોપશમ – વેદક સમ્યક્ત્વનું સ્વરૂપ	૪૭૭
૧૨૩	કૃતકૃત્ય – સમ્યક્ત્વનું સ્વરૂપ	૪૭૨
૧૨૪	ક્ષાયક સમ્યક્ત્વનું સ્વરૂપ	૪૭૨
૧૨૫	પ્રથમોપશમ સમ્યક્ત્વમાં મતભેદ	૪૭૭
૧૨૬	દ્વિતીયોપશમ સમ્યક્ત્વમાં મતભેદ	૪૭૯
૧૨૭	ક્ષયોપશમ અને વેદક સમ્યક્ત્વમાં મતભેદ	૪૭૯
૧૨૮	સમ્યકત્વના દશ ભેદનું સ્વરૂપ	૪૮૨
૧૨૯	નરક ગતિમાં સમ્યક્ત્વ અને તેનાં કારણો	૪૮૫

	વિષય	પૃષ્ઠ
૧૩૦	દેવ ગતિમાં સમ્યક્ત્વ અને તેનાં કારણો	૪૮૬
૧૩૧	ભોગભૂમિના મનુષ્ય, મનુષ્યની, તિર્યંચ, તિર્યંચનીમાં સમ્યક્ત્વ અને તેનાં કારણો	૪૮૮
૧૩૨	કર્મભૂમિના મનુષ્ય, મનુષ્યની, તિર્યંચ, તિર્યંચનીમાં સમ્યક્ત્વ અને તેનાં કારણો	૪૮૯
૧૩૩	સમ્મુર્ચ્છિમ તિર્યંચમાં સમ્યક્ત્વ અને તેનાં કારણો	૪૯૦
૧૩૪	દેવનું સ્વરૂપ	૫૦૧
૧૩૫	અઢાર દોષનું સ્વરૂપ	૫૦૬
૧૩૬	ગુરુનું સ્વરૂપ	૫૦૯
૧૩૭	ચોવીશ પ્રકારના પરિગ્રહનું સ્વરૂપ	૫૦૯
૧૩૮	ગુરુનું બાહ્યલિંગ	૫૧૦
૧૩૯	આચાર્યનું સ્વરૂપ	૫૧૧
૧૪૦	ઉપાધ્યાયનું સ્વરૂપ	૫૧૧
૧૪૧	મુનિનું સ્વરૂપ	૫૧૧
૧૪૨	ગુરુના અઠાવીસ મૂળ ગુણ	૫૧૨
૧૪૩	પંચાચારનું સ્વરૂપ	૫૧૩
૧૪૪	દશ ધર્મનું સ્વરૂપ	૫૧૩
૧૪૫	દ્વાદશ ભાવનાનું સ્વરૂપ	૫૧૪
૧૪૬	બાવીસ પરીષહનું સ્વરૂપ	૫૧૫
૧૪૭	ધર્મધ્યાનના ભેદ	૫૧૫
૧૪૮	શુકલ ધ્યાનના ભેદ	૫૧૬
૧૪૯	મુનિઓનું રહેવાનું સ્થાન	૫૧૭

	વિષય	પૃષ્ઠ
૧૫૦	આગમનું સ્વરૂપ	૫૧૯
૧૫૧	ચાર અનુયોગનું સ્વરૂપ	૫૨૧
૧૫૨	સુશ્રુતિથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ	૫૨૪
૧૫૩	પંચમકાળમાં સ્વાધ્યાય જેવું તપ નથી	૫૨૬
૧૫૪	વકતાનું લક્ષણ	૫૨૮
૧૫૫	સુશ્રોતાઓનું લક્ષણ	૫૩૦
૧૫૬	કુશ્રોતાઓનું લક્ષણ	૫૩૧
૧૫૭	વકતાઓને વ્યાખ્યાન દેવાનું વિધાન	૫૩૩
૧૫૮	પ્રમાણનું સ્વરૂપ	૫૩૭
૧૫૯	અધ્યાત્મદ્રવ્યાર્થિકનયના દશ ભેદનું સ્વરૂપ	૫૩૯
૧૬૦	અધ્યાત્મ પર્યાયાર્થિકનયના છ ભેદનું સ્વરૂપ	૫૪૧
૧૬૧	નયનું સ્વરૂપ	૫૪૩
૧૬૨	શાસ્ત્રીય દ્રવ્યાર્થિક નયના ત્રણ ભેદનું સ્વરૂપ	૫૪૪
૧૬૩	શાસ્ત્રીય પર્યાયાર્થિક નયના ચાર ભેદનું સ્વરૂપ	૫૪૭
૧૬૪	ઉપનયોના ભેદનું સ્વરૂપ	૫૪૯
૧૬૫	નિક્ષેપનું સ્વરૂપ	૫૫૫
૧૬૬	સાતભંગોનું સ્વરૂપ	૫૬૦
૧૬૭	માનવ જીવનનું દુર્લભપણું	૫૬૧
૧૬૮	માનવતાનું સાર્થકપણું	૫૬૩
૧૬૯	ભાવનાનો ઉપાય અને તેનું ફલ	૫૬૫
૧૭૦	કર્મની અગાધ શકિત	૫૬૬
૧૭૧	એકાંત પક્ષ હિતકર નથી	૫૭૪

	વિષય	પૃષ્ઠ
૧૭૨	પુદ્ગલ પ્રકૃતિનો ઉપકાર	૫૭૮
૧૭૩	અધ્યાત્મ કાલલબ્ધિ	૫૮૦
૧૭૪	દશકરણનું સ્વરૂપ	૫૮૬
૧૭૫	આઠ મૂલ કર્મોનાં નામ	૫૯૪
૧૭૬	ગુણસ્થાનોના નામ	૫૯૫
૧૭૭	કરણની વીગત	૫૯૫
૧૭૮	બંધ, ઉદય, ઉદીરણા, સત્તા, સ્થાનનું વર્ણન	૫૯૫
૧૭૯	મિથ્યાદૃષ્ટિની ક્રિયા	૫૯૭
૧૮૦	અજ્ઞાની જીવોની કલ્પના	૬૦૨
૧૮૧	સમ્યક્ત્વના પચીસ દોષનું સ્વરૂપ	૬૦૫
૧૮૨	સમ્યક્ત્વના પાંચ અતિચારનું સ્વરૂપ	૬૦૭
૧૮૩	સાત ભયોનું સ્વરૂપ	૬૦૮
૧૮૪	સંસારી જીવોમાં બંધ અબંધનું કારણ	૬૧૩
૧૮૫	વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ ઉપદેશક ગુરુનું સ્વરૂપ	૬૧૪
૧૮૬	નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ ઉપદેશક ગુરુનું સ્વરૂપ	૬૧૬
૧૮૭	સ્યાદ્વાદી સમ્યગ્દૃષ્ટિ ઉપદેશક ગુરુનું સ્વરૂપ	૬૨૦
૧૮૮	સ્યાદ્વાદી ગુરુનો ઉપદેશ	૬૨૦
૧૮૯	સમ્યક્ત્વ થવાના અધિકારી જીવની ક્રિયાનું વર્ણન	૬૨૫
૧૯૦	દ્રવ્ય ગુણ પર્યાયનું સ્વરૂપ	૬૩૧
૧૯૧	છ દ્રવ્ય અને પંચાસ્તિકાયનું સ્વરૂપ	૬૩૪
૧૯૨	સાત તત્ત્વોનું સ્વરૂપ	૬૪૧
૧૯૩	નવ પદાર્થોનું સ્વરૂપ	૬૪૫

	વિષય	પૃષ્ઠ
૧૯૪	સાત તત્ત્વોનાં શ્રદ્ધાનમાં રહી જતી ભૂલ	૬૫૫
૧૯૫	સમ્યગ્દૃષ્ટિના ગુણોનાં નામ	૬૬૬
૧૯૬	જ્ઞાનીના આઠ અંગોનું સ્વરૂપ	૬૭૧
૧૯૭	સ્વાનુભૂતિની મહિમા	૬૭૫
૧૯૮	વ્યવહાર સમ્યગ્દર્શનનું સ્વરૂપ	૬૮૦
૧૯૯	નિશ્ચય સમ્યગ્દર્શનનું સ્વરૂપ	૬૮૧
૨૦૦	સૂક્ષ્મ મિથ્યાત્વનું સ્વરૂપ	૬૮૩
૨૦૧	સૂક્ષ્મ મિથ્યાત્વ નાશ કરવાનો ઉપાય	૬૮૫
૨૦૨	સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન	૬૮૭
૨૦૩	સમ્યગ્દૃષ્ટિની અંતરંગ ક્રિયા	૬૮૮
૨૦૪	વ્યવહાર સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ	૬૯૭
૨૦૫	નિશ્ચય સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ	૬૯૮
૨૦૬	સમ્યગ્જ્ઞાનમાં રહી જતી ભૂલ	૬૯૮
૨૦૭	વ્યવહાર સમ્યક્ ચારિત્રનું સ્વરૂપ	૭૦૦
૨૦૮	નિશ્ચય સમ્યક્ ચારિત્રનું સ્વરૂપ	૭૦૧
૨૦૯	સમ્યક ચારિત્રમાં રહી જતી ભૂલ	૭૦૨
૨૧૦	સ્વસમય પરસમયનું સ્વરૂપ	૭૦૫
૨૧૧	વ્યવહાર રત્નત્રય નિશ્ચય રત્નત્રયનું સ્વરૂપ	૭૦૭
૨૧૨	વ્યવહાર મોક્ષમાર્ગનું સ્વરૂપ	૭૧૧
૨૧૩	વ્યવહાર નિશ્ચય મોક્ષમાર્ગમાં રહી જતી ભૂલ	૭૧૨
૨૧૪	મોક્ષ અને મોક્ષનું સ્વરૂપ	૭૧૪
૨૧૫	મુક્ત આત્માઓનું નિવાસ સ્થાન	૭૧૬

	વિષય	પૃષ્ટ
૨૧૬	સમ્યક્ત્વ સુધાનો મહિમા	૭૧૬
૨૧૭	આ ગ્રંથમાંથી પ્રયોજનભૂત શીખી લેવું	૭૨૮
૨૧૮	ગ્રંથકારના ગુરુ તથા પોતાનું નામ	૭૨૯
૨૧૯	પુનરુક્ત દોષની માફી	૭૨૯
૨૨૦	ગ્રંથના અભ્યાસનું ફળ	૭૨૯
૨૨૧	ગ્રંથની મહિમા	૭૩૦
૨૨૨	ગ્રંથ કર્ત્તાની લઘુતા	૭૩૧
૨૨૩	ગુણ ગ્રહણ કરવાની પ્રાર્થના	૭૩૧
૨૨૪	અંતિમ મંગલ	૭૩૨
૨૨૫	ભાષાનું શુદ્ધિ પત્રક	૭૩૩
૨૨૬	શ્લોકનું શુદ્ધિ પત્રક	૭૪૧

॥ શ્રી વીતરાગાય નમઃ ॥

શ્રી સમ્યક્ત્વ સુધા

મંગલાચરણ

लक्ष्मीनिवासनिलयं विलीनविलयं नत्वा नेमिजिनम् ।
सम्यक्त्वसुधा महं वक्ष्ये मोक्षाय भव्यानाम् ॥

અર્થઃ– હું, અનંતજ્ઞાનાદિ આત્મ સ્વભાવરૂપ અંતરંગ અપૂર્વ લક્ષ્મીનાધારી તથા છત્ર, ચામર, સિંહાસન, ભામંડળ આદિ બાહ્ય અનુપમ મહિમાનાધારી શ્રી નેમિનાથ જિનેશ્વરને અથવા કર્મ શત્રુઓના જિન (જીતનાર–નાશકરનાર) થઈ ઈશ્વર પદને પ્રાપ્ત થયા છે એવા ભગવંતને નમસ્કાર કરી ભવ્ય જીવોના મુક્તિ સુખની પ્રાપ્તિ માટે સમ્યક્ત્વસુધા નામનો ગ્રંથ બનાવું છું.

नमोऽस्तु तुभ्यं जगदम्ब भारति प्रसादपात्रं कुरु मां हि किङ्करम् ।
तव प्रसादादिह तत्त्वनिर्णयं यथास्वबोधं विदधे स्वसंविदे ॥

હે જગત્માતા **સરસ્વતિ** ! હું તને આદર પૂર્વક પ્રણામ કરૂં છું. હે મા ! તું મારા જેવા સેવકને તારી પ્રસન્નતાનો પાત્ર બનાવી મારા ઉપર પ્રસન્ન થા હું તારી પ્રસન્નતાથી જ આ ગ્રંથમાં જીવાદિ તત્ત્વોનો નિર્ણય મારી અલ્પબુદ્ધિ અનુસાર આત્મ જ્ઞાનની પ્રાપ્તિ માટે કરૂં છું.

હું આ ગ્રંથની રચના લોકમાં ખ્યાતિ, લાભ તથા પૂજાદિની પ્રાપ્તિ માટે કરતો નથી; પણ આમાં સાક્ષાત્ તો આત્મજ્ઞાનની પ્રાપ્તિ અને પરંપરાથી બીજા જીવોને તારા પ્રસાદથી બોધ કરાવવો એજ એક માત્ર મારી અભિલાષા છે. અર્થાત્ વિશુદ્ધ લક્ષ્ય છે. તેથી હે લોકમાતા **જિનવાણી** ! તું મારા ઉપર પ્રસન્ન થા; જેથી હું આ ગ્રંથના નિર્માણનું કાર્ય પુરું કરવાને સમર્થ થાઉં.

मंगल णिमित्त हेउँ परिमाणं णाम तह य कत्तारं ।
वागरिय छप्पि पच्छा वक्खाणउ सत्थमायरिओ ॥

અર્થ :– મંગલાચરણ, નિમિત્તકારણ, પ્રયોજન, શ્લોક સંખ્યા, ગ્રંથનું નામ અને કર્તા એમ છ અધિકારોની વ્યાખ્યા કરીને ગ્રંથને પ્રારંભ કરૂં છું.

ભાવાર્થ:–**नत्वानेमिजिनम्** પદથી મંગલાચરણ કર્યું **सम्यकत्व सुधावक्ष्ये** સમ્યક્ત્વસુધાનું કથન કરવાની પ્રતિજ્ઞા કરી છે. શા માટે રચ્યો છે ? **मोक्षाय** મોક્ષના પ્રયોજન (પ્રાપ્તિ) માટે રચ્યો છે. કોના માટે રચ્યો છે ? **भव्यानाम्** બાળબુદ્ધિ મુમુક્ષુ ભવ્ય-જીવના નિમિત્ત કારણે **सम्यकत्वसुधा** આ ગ્રંથનું નામ

સમ્યક્ત્વસુધા છે અહં હું (૫૮૪) શ્લોક પ્રમાણ ગ્રંથનો (સંગ્રહ) કર્તા છું. એ પ્રમાણે છ અધિકાર ગ્રંથના પ્રારંભમાં કહ્યા.

સમ્યગ્દર્શનનું બાધક કારણ

"અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્ય આત્મામાં અનંત સંસાર પરિભ્રમણનું, અંતરંગ અશુદ્ધ કારણ અનંતાનુબંધી કષાયનો ઉદય તથા દર્શનમોહ મિથ્યાત્વ અને સ્વાત્માનુભૂત્યાવરણ (મતિ-જ્ઞાનાવરણ) કર્મનો ઉદય, એ ત્રણે વિરોધી જોરી પ્રકૃતિઓનો તીવ્ર ઉદય જ સમ્યગ્દર્શન, સ્વાત્માનુભૂતિ, અને સ્વરૂપાચરણ ચારિત્ર, એ ત્રણે આત્માની અદ્‌ભુત દિવ્ય શક્તિઓને પ્રગટ થવામાં પ્રતિબંધક રૂપ થાય છે."

ત્રણેનું સામાન્ય સ્વરૂપ કહે છેઃ-

૧. **સમ્યગ્દર્શન**- શુદ્ધાત્માની નિર્મળ રુચિરૂપ પરિણામ અથવા યથાર્થ તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ પરિણામ તે સમ્યગ્દર્શન.

૨. **સ્વાનુભૂતિનું સ્વરૂપ**-

तत्राप्यात्मानुभूतिः सा विशिष्टं ज्ञानमात्मनः ।
सम्यक्त्वेना विना भूतमन्वयाद्व्यतिरेकतः ॥ १ ॥

અર્થઃ- તે આત્માનુભૂતિ એ આત્મજ્ઞાન વિશેષ છે, અને તે શુદ્ધાત્મજ્ઞાન વિશેષ, સમ્યગ્દર્શનની સાથે અન્વય અને વ્યતિરેક બન્નેથી અવિનાભાવ સંબંધ રાખે છે.

ભાવાર્થઃ- જેના વિદ્યમાનપણામાં જેનું વિદ્યમાનપણું (હોવાપણું) અવશ્યભાવી-અવશ્ય હોય જ : જેમકે-જ્યાં જ્યાં ધુમાડો

હોય ત્યાં ત્યાં અગ્નિ હોય જ–તેને અન્વય કહે છે. જેનું વિદ્યમાનપણું ન હોય તો તેનું પણ વિદ્યમાનપણું ન હોય જેમકે–જ્યાં જ્યાં અગ્નિ ન હોય ત્યાં ત્યાં ધુમાડો પણ ન હોય, તેને વ્યતિરેક કહે છે. સમ્યગ્દર્શન પ્રગટ થવાથી જ આત્મામાં ક્ષયોપશમ લબ્ધિ પ્રગટ થાય છે પરંતુ સમ્યગ્દર્શન વિના ક્ષયોપશમ લબ્ધિ કયારે પણ પ્રગટ થતી નથી. એટલા માટે સ્વાત્માનુભૂતિનો સમ્યગ્દર્શનની સાથે અવિનાભાવી (સહચારીપણાનો) સંબંધ છે. સ્વાત્માનુભૂતિનું પ્રગટપણું અનંતાનુબંધી કષાય તથા મિથ્યાત્વ કર્મના અભાવમાં જ થાય છે. જે સમયે અનંતાનુબંધી અને મિથ્યાત્વના અભાવથી સમ્યક્ત્વ ગુણ પ્રગટે છે, તેજ સમયે સ્વાત્માનુભૂત્યાવરણ કર્મનો ક્ષયોપશમ થાય છે. અર્થાત્ નિશ્ચય નયની નિર્વિકારી શુદ્ધાત્માનુભવના સમ્મુખ, જે મતિજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ છે, તેજ ઉપાદેયભૂત છે, અનંત સુખના સાધકરૂપ હોવાથી ગ્રહણ કરવા યોગ્ય છે. આનું સાધન જે બાહ્ય મતિજ્ઞાન તે વ્યવહારથી ઉપાદેય છે, એવા મતિજ્ઞાનાવરણ કર્મનો વિશેષ પ્રકારનો ક્ષયોપશમ થાય ત્યારે જ સ્વાત્માનુભૂતિ પ્રગટ થાય છે. સ્વાત્માનુભૂત્યાવરણ કર્મને મતિજ્ઞાનાવરણ કર્મ પણ કહે છે. સ્વાત્માનુભૂત્યાવરણ કર્મનો વિશેષ ક્ષયોપશમ થવાથી જે આત્માનો સાક્ષાત્ અનુભવ કરાવવાવાળી સ્વાત્માનુભૂતિ ઉત્પન્ન થાય છે, તે સમ્યક્ત્વની ઉત્પત્તિના સમયમાં જ થાય છે.

સ્વાત્માનુભૂતિનું સમ્યક્ત્વની સાથે સહચારીપણું હોવાથી, અર્થાત્ સમવ્યાપ્તિ હોવાથી સ્વાત્માનુભૂતિને જ સમ્યક્ત્વનું લક્ષણ

કહેવામાં આવે છે. સમ્યગ્જ્ઞાનીનું આ જ લક્ષણ છે કે, જેના આત્મામાં દર્શનમોહનીય કર્મનો ઉપશમ, ક્ષય તથા ક્ષયોપશમ થાય છે, તેની સાથે જ મતિજ્ઞાનાવરણ કર્મનો વિશેષ ક્ષયોપશમ (લબ્ધિ) પ્રગટ થાય છે. મતિજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ તો કે સામાન્ય દૃષ્ટિથી સર્વે જીવોને હોય છે, પરંતુ આ ક્ષયોપશમ ભાવની જાતિ જ જુદી છે; તેથી તેને સ્વાત્માનુભૂત્યાવરણ કર્મનો ક્ષયોપશમ કહે છે. સ્વાત્માનુભૂતિ છે તે મતિજ્ઞાનનો એક ભેદ છે. સમ્યગ્જ્ઞાનીને સ્વાત્માનુભૂતિની લબ્ધિ થયેલ છે, એજ સમ્યગ્દર્શનનુ અસાધારણ લક્ષણ (ચિહ્ન) છે. સ્વાત્માનુભૂતિ પ્રગટ થવાથી સમ્યગ્જ્ઞાની અલૌકિક, અચિન્ત્ય, અનિર્વચનીય, અક્ષય તથા પરમ આલ્હાદ સ્વરૂપ આત્મશાંતિનો આસ્વાદ લે છે. અર્થાત્ પ્રયોજનભૂત આત્મોપયોગી પદાર્થોનું અપૂર્વ પરિણમનરૂપ નિશ્ચય શ્રદ્ધાન સમ્યગ્જ્ઞાનીને જ થઇ શકે છે. (વિશેષ ખુલાસો આજ ગ્રંથના પૃષ્ટ ૬૭૬ માં જુવો.)

૩. સ્વરૂપાચરણ ચારિત્રનું સ્વરૂપ :-

कर्मादान क्रियारोधः स्वरूपाचरणं च यत् ।
धर्मः शुद्धोपयोगः स्यात् सैष चारित्र संज्ञकः ॥ २ ॥

અર્થઃ- કર્મોને ગ્રહણ કરવાની ક્રિયાનું રોકાઇ જવું તે સ્વરૂપાચરણ ચારિત્ર છે, તેજ ધર્મ છે. તે જ શુદ્ધોપયોગ છે અને તે જ યથાર્થ ચારિત્ર છે.

ઉપર બતાવેલ સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ અને સ્વરૂપાચરણ ચારિત્ર, એ ત્રણે ગુણોની પ્રગટતા-ઉઘાડ, અનંતાનુબંધી કષાય,

દર્શનમોહમિથ્યાત્વ અને સ્વાત્માનુભૂત્યાવરણ કર્મ, એ ત્રણેના અભાવમાં થાય છે. એટલે કે ત્રણે ગુણોરૂપી રત્નત્રય પ્રગટ થાય છે.

કષાયની વ્યાખ્યા

सुखदुःखसुबहुसस्यं कर्मक्षेत्रं कृषति जीवस्य ।
संसारदूरमर्यादं तेन कषाय इतीमं ब्रुवन्ति ॥ ३ ॥

અર્થઃ- જીવનાં સુખદુઃખ આદિ અનેક પ્રકારનાં ધાન્યને ઉત્પન્ન કરવાવાળા, તથા જેની સંસારરૂપ મર્યાદા અત્યંત દૂર છે: અર્થાત્ અપરિમત છે. એવા કર્મરૂપ ખેતરનું જે કર્ષણ કરે છે: અર્થાત્ ખેડે છે, એટલા માટે એને કષાય કહે છે.

ભાવાર્થઃ- અનંત સંસાર પરિભ્રમણનું કારણ જે જ્ઞાનાવરણાદિ કર્મરૂપી વિશાળ ખેતરને ખેડી કરી જીવનાં સુખદુઃખ આદિ અનેક પ્રકારનાં ઝેરી ફળરૂપી ધાન્યને ઉત્પન્ન કરે છે, તેથી એને કષાય કહે છે.

आत्मनो ये परिणामाः मलतः सन्ति कस्मलाः ।
सलिलस्येव कल्लोलास्ते कषाया निवेदिताः ॥ ४ ॥

અર્થઃ- જેમ પાણીમાં પવનના યોગે કરી અનેક તરંગો ઉત્પન્ન થાય છે, તેમ કર્મના ઉદયે કરી આત્મામાં જે મલિન ભાવો ઉત્પન્ન થાય છે, તે કષાય છે.

ભાવાર્થઃ- તે કષાયરૂપી પરિણામો આત્મામાં સદાય આકુલતા, અશાંતિ, અસ્થિરતા અને નરકાદિ દુર્ગતિઓનાં ભયંકર દુઃખોને

ઉત્પન્ન કરે છે. તે દુઃખરૂપી પરિણામોને પરાધીનપણે ભોગવવાથી આત્મા અત્યંત પીડાને પામે છે. તે પીડારૂપ પરિણામ પણ કષાય છે.

કષાયોના ભેદ અને તેનું સ્વરૂપ

કષાયના ચાર ભેદ છે :- (૧) અનંતાનુબંધી, સ્વરૂપાચરણને (૨) અપ્રત્યાખ્યાનાવરણ, દેશસંયમને (૩) પ્રત્યાખ્યાનાવરણ, સકલસંયમને અને (૪) સંજ્વલન, યથાખ્યાત ચારિત્રને ઘાતે છે.

प्रथमादिकाः कषायाः सम्यकत्वं देशसकलचारित्रम् ।
यथाख्यातं घातयन्ति च गुणनामानो भवन्ति शेषा अपि ॥५॥

અર્થ :- પહેલી અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાય, નિશ્ચય તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન તથા સ્વરૂપાચરણ ચારિત્રરૂપ પરિણામનો ઘાત કરે છે. (ઘાત શબ્દનો અર્થ અભાવ કે નાશ ન સમજવો. કિન્તુ સમ્યગ્દર્શન સ્વરૂપાચરણ ચારિત્ર શક્તિને પ્રગટ થવા ન આપે તે અર્થ સમજવો.) કારણ કે આ કષાયો મિથ્યાત્વની સાથે અવિનાભાવી સંબંધ રાખે છે.

આ પરથી સિદ્ધ થશે કે જ્યાં જ્યાં મિથ્યાત્વ હોય ત્યાં ત્યાં અનંતાનુબંધી કષાયો હોય જ. વળી તે મિથ્યાત્વના સહચારી હોવાથી મિથ્યાત્વને પોષણ આપે છે.

(જે જીવે અનંતાનુબંધી ના વિસંયોજન કરી સમ્યક્ત્વ પ્રાપ્ત

કરી પાછો મિથ્યાત્વના ઉદયથી મિથ્યાદૃષ્ટિ થાય છે તેવા સાદિ મિથ્યાદૃષ્ટિ જીવને મિથ્યાત્વની સાથે અનંતાનુબંધી કેટલોક સમય હોતા નથી. તે સૂક્ષ્મ ભેદને છોડી સ્થૂલતાથી અનાદિ મિથ્યાદૃષ્ટિઓને મિથ્યાત્વ સાથ અનંતાનુબંધીનો એક સમય પણ સહચારીપણા વિનાનો ન હોય તેમ અવધારવું)

મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો સંબંધ

અનંત એટલે અમર્યાદિત અવસ્થારૂપ સંસાર પરિભ્રમણનું કારણ હોવાથી મિથ્યાત્વ પરિણામને પણ અનંત કહેલ છે. જેમ પ્રાણોનું પોષણ કરનાર કારણ અન્ન છે, છતાં પણ તેને પ્રાણ કહેલ છે, તેમ મિથ્યાત્વરૂપ અનંત અને તેની અનુ એટલે સાથે સાથે બંધાય, તેને અનંતાનુબંધી ક્રોધ માન માયા લોભરૂપ કષાય કહે છે, અર્થાત્ અનંતાનુબંધી કષાયોના તીવ્ર ઉદયમાં અનંત સંસાર પરિભ્રમણનું કારણ, અતિ તીવ્ર ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કષાયોને અનંતાનુબંધી કહે છે: તેમજ મિથ્યાત્વની સાથે જ રહેવાવાળા જે અનંતાનુબંધી કષાયો છે; તેમને પણ સહચારી-પણાના સંબંધથી મિથ્યાત્વ કહેવામાં આવે છે; જે કાર્ય મિથ્યાત્વનું છે તે જ કાર્ય અનંતાનુબંધી કષાયોનું પણ છે; એટલા માટે સમ્યક્ત્વનો ઘાત કરવામાં આ કષાયોનું કાર્ય પણ છે. અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવોમાં મિથ્યાદર્શનનો અને અનંતાનુબંધી કષાયોનો ઉદય નિરંતર રહ્યા જ કરે છે.

બીજા કાંઇક મંદ અપ્રત્યાખ્યાનાવરણ કષાયો એકદેશ ચારિત્રરૂપ શ્રાવકોનાં અણુવ્રતોનો ઘાત કરે છે, અર્થાત્ એકદેશ

વ્રતોને પ્રગટ થવા નથી આપતા ત્રીજા વિશેષ મંદ પ્રત્યાખ્યાનાવરણ કષાયો મુનિના પંચ મહાવ્રત રૂપ સકલ સંયમનો ઘાત કરે છે.

દરેક કષાયનો વાસના કાલ કહે છેઃ-

अन्तर्मुहूर्त्तः पक्षः षण्मासाः संख्यासंख्यानंत भवाः ।
संज्वलनाद्यानां वासना कालस्तु नियमेन ॥ ६ ॥

અર્થઃ- કષાયોના ઉદયનો અભાવ હોય, છતાં પણ જે કષાયોના સંસ્કાર ચિત્તમાં જેટલો સમય રહે, તેનું નામ વાસના કાલ છે. સંજ્વલન કષાયોનો વાસના કાલ અંતર્મુહૂર્ત્ત માત્ર છે. પ્રત્યાખ્યાન કષાયોનો વાસનાકાલ એક પખવાડિયું માત્ર છે; અપ્રત્યાખ્યાન કષાયોનો વાસનાકાલ છ માસનો છે અને અનંતાનુબંધી કષાયોનો વાસનાકાલ સંખ્યાત ભવ, અસંખ્યાત ભવ અને અનંત ભવ સુધીનો છે,

ભાવાર્થઃ- જેમ કોઇ પુરુષે ક્રોધ કર્યો, ક્રોધ મટી ગયો, પછી ઉપયોગ બીજા કામમાં જોડાયો, ત્યાં ક્રોધનો ઉદય તો નથી; પરંતુ વાસનાકાલ જ્યાં સુધી રહે ત્યાં સુધી, જેની સાથે ક્રોધ કર્યો હતો તેનાથી ક્ષમારૂપ પરિણામ ન પ્રવર્તે, તેવી રીતે જે ક્રોધના સંસ્કાર ચિત્તમાં રહેલ છે, એવો વાસનાકાલ અહીં રહેલ છે એકજ કષાયનો, પરિણામમાં બે કાર્ય કરવાનો સ્વભાવ છે. એક સ્વભાવ અનુભાગબંધનું કારણ છે, અને બીજો સ્વભાવ સ્થિતિબંધનું કારણ છે.

અનંતાનુબંધી કષાયરૂપ ઝેરી પરિણામોથી રંગાએલ હૃદય સમ્યગ્દર્શનરૂપ નિર્મલ પરિણામની સિદ્ધિને પ્રાપ્ત કરી શકતું નથી.

कषायैरंजितं चेतस्तत्त्वं नैवावगाहते ।
नीलीरिक्तेऽम्बरे रागो, दुराधेयो हि कौंकुमः ॥ ७ ॥

અર્થ :- ક્રોધાદિ કષાયોથી રંજાયમાન મનુષ્યોનું મલિન ચિત્ત આત્માના અસલી (સ્વાભાવિક) સ્વરૂપને નથી જાણી શકતું; કેમકે નીલા કપડાં ઉપર કેસરનો રંગ નથી ચઢતો. (તે દૃષ્ટાંતે)

ભાવાર્થ :- વસ્તુના યથાર્થ અસલી સ્વરૂપને જાણવાનો પ્રયત્ન કર્યા પહેલાં હૃદયમાંથી સમ્યક્ત્વ ગુણના ઘાતક કષાયોને દુર કરવામાં આવે ત્યારે જ વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ જાણવાને સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થઇ શકશે; કેમકે અગ્નિથી દગ્ધ થયેલી ભૂમિમાં અંકુરો ફુટતાં નથી, એ દૃષ્ટાંતને હૃદયમાં ધારણ કરીને દરેક ભવ્ય મુમુક્ષુ આત્માએ નિરંતર કષાયોને મૂળમાંથી ઉચ્છેદન કરવાને માટે સારી રીતે ઉત્સાહપૂર્વક પ્રયત્નશીલ બનવું જોઇએ; જેથી સંસારસમુદ્રમાં ડૂબતાં એવા પોતાના આત્માનો તે ઉદ્ધાર કરી શકે.

કષાય પરિણામોથી આત્મા પોતે પોતાનો ઘાત કરે છે.

स्वयमेवात्मनात्मानं हिनस्त्यात्मा कषायवान् ।
पूर्वं प्राण्यंतराणां तु पश्चात् स्याद्वानवाक्धः ॥ ८ ॥

અર્થ:– જે આત્મા કષાયવાન છે, નિર્દય પરિણામી છે, તે પ્રથમ તો પોતે જ પોતાનાં કષાયરૂપી ઝેરી પરિણામોથી પોતાના આત્માનાં ક્ષમારૂપી નિર્મલ પરિણામનો ઘાત કરે છે, માટે આત્મઘાતી છે. પછી પરજીવોના પ્રાણનો ઘાત થાય અથવા ન થાય એ જુદી વાત છે.

ભાવાર્થ :– જેમ અગ્નિથી તપ્ત થયેલ લાલચોળ લોઢાનો ગોળો હાથમાં લઇ બીજાને મારવા માટે જાય તો પ્રથમ તો તે પોતેજ દાઝે છે; જ્યારે બીજો દાઝે અથવા ન દાઝે, એ એના ભાગ્ય ઉપર આધાર રહે છે : એ ન્યાયે જીવ નિશ્ચય દૃષ્ટિથી વિચાર કરે તો અંતરંગમાં મિથ્યાત્વ, રાગ, કષાયાદિ ક્રૂર પરિણામ રૂપી તીક્ષ્ણ ઝેરી શસ્ત્રથી શુદ્ધાત્માનુભૂતિરૂપ પોતાના નિશ્ચય પ્રાણોને તો તે હણી જ રહેલો છે. વળી સંક્લેશ (તીવ્ર કષાય) રૂપ પરિણામ તે કરે છે અને તેનું ફળ અનંત રૌરવ ભયંકર દુઃખોને અવશ્ય ભોગવવાનું તેને આવશે.

કષાયરૂપ પરિણામ જ પાપનું કારણ છે :–

पापारंभ परित्यज्य शस्तं वृतं चरन्नपि ।
वर्तमानः कषायेन कलषेभ्यो न मुच्यते ॥ ९ ॥

અર્થ :– જે મનુષ્યનું મન કષાયોથી રંગાએલ છે, અર્થાત્ જેનો આત્મા કષાયરૂપ પરિણામોથી કલુષિત થઇ રહેલ છે, તે ભલે કોઇ પણ પ્રકારનો આરંભ ન કરે અને નિર્દોષ ચારિત્રનું આચરણ પણ કરે, પરંતુ તે કષાયવાન આત્મા પાપથી મુક્ત નથી થઈ શકતો. એને પાપનો આસ્રવ તો અવશ્ય થયા જ કરે છે.

जीववधालीकचोरी मैथुन परिग्रहैरहितोऽपि ।
परिणाम परिगृहीतः तंदुल मत्स्यो गतो नरकं ॥ १० ॥

અર્થ:– સંજ્ઞી પંચેન્દ્રિય વજ્રર્ષભનારાચ સંહનન સહિત તંદુલીઓ મચ્છ, બાહ્ય પ્રકારે કોઇ પણ જીવનો વધ નથી કરતો, અસત્ય નથી બોલતો. ચોરી નથી કરતો, મૈથુન નથી સેવતો; તેમજ પરિગ્રહથી રહિત છે. છતાં પણ અંતરંગ કષાયરૂપી મહામલિન ઝેરી પરિણામોથી વ્યાપ્ત થયેલ હોઇ તે સાતમી નરકે ગયો.

જુઓ, અંતરંગ તીવ્ર કષાયરૂપી ઝેરી પરિણામોનું ફળ ? આ પર એક દૃષ્ટાંત સચોટ હોઇ નીચે આપેલ છે.

કાકંદી નગરીનો સુરસેન નામનો રાજા હતો. તે પાપના ઉદયથી માંસભક્ષી થયો. માંસ ખાવામાં તેનું મન અતિ આસક્ત થયેલ હોઇ હંમેશાં તે માંસ ખાવાનો મનમાં અભિપ્રાય (પરિણામ) રાખે. તે રાજાને પિતૃપ્રિય નામનો રસોયો હતો. તે રાજાને પ્રસન્ન રાખવા માટે અનેક નિરપરાધી જીવોનો વધ કરી માંસ લાવી હમેશા રાજાને માંસભક્ષણ કરાવે. એક દિવસ તીવ્ર પાપના ઉદયથી તે રસોયાને સર્પ ડસ્યો. તેના ઝેરથી મરણ પામી સ્વયંભૂરમણ સમુદ્રમાં તે મહામત્સ્ય થયો. તે લંબાઇમાં એક હજાર જોજનનો, પહોળાઇમાં પાંચસો જોજનનો અને ઊંચાઇમાં અઢીસો જોજનનો એવડી મોટી કાયાવાળો મહામચ્છ થયો. રાજા સુરસેન પણ મરી જઇ તે જ સમુદ્રમાં તે મહામત્સ્યના કાનમાં તંદુલિયા મચ્છરૂપે ઉત્પન્ન થયો. હવે આ તંદુલિયો મચ્છ મહામચ્છના કાનની આસપાસ રહેતો

અને મોટા મચ્છના કાનનો મેલ ખાઇ ગયા કરતો; જ્યારે મહા-મચ્છ તો સેંકડો નાનાં મોટાં જલજંતુઓને ખાઇને છ માસની ગાઢ નિદ્રામાં મગ્ન થઈ જતો. તે સમય દરમ્યાન કોઇ કોઇ એક જોજનના, કોઇ બબે જોજનના લાંબા પડોળા કાચબા, માછલીઓ, મગરમચ્છ વિગેરે જલજંતુઓ તદ્દન નિર્ભય બની મહામચ્છની વિકરાલ તીક્ષ્ણ દાઢોવાળા મોઢામાં જતાં અને પાછા બહાર નીકળતાં. આ રીતે આવજા કર્યા કરતાં આ બધો સમય તંદુલિયો મચ્છ ક્ષણે ક્ષણે એજ વિચાર કરતો કે, "આ મહા-મચ્છ કેવો મહા મૂર્ખ છે કે, જે પોતાના મુખમાં એની મેળે આવેલાં જલજંતુઓને વ્યર્થ જવા દે છે. પરંતુ મને જો આવી મહા કાયા અને મહા સામર્થ્ય પ્રાપ્ત થયું હોત તો હું ક્યારે પણ એક જીવને જવા દેત નહીં, અને સર્વેનું ભક્ષણ કરી જાત"

મહા ખેદની વાત છે કે, પાપી પ્રાણી નિષ્કારણ આવો આવા એવાં મહા મલિન પરિણામો દ્વારા મહાન પાપનો બંધ કરી દુર્ગતિમાં ગમન કરે છે, અને ત્યાં અનેક વિધ મહા ભયં-કર કષ્ટોને સહન કરે છે. આ ન્યાય અનુસાર તંદુલિયા મચ્છની આજ દશા થઇ. તે ઉપર પ્રમાણે મહા મલિન પરિણામોથી કર્મનો બંધ કરી સાતમી નરકમાં ગયો. અને મહામચ્છ પણ રૌદ્ર પરિણામથી પહેલી નરકે ગયો.

મનનાં પરિણામ જ પુણ્ય–પાપનું કારણ થાય છે. એટલા માટે સત્ પુરુષોએ સત્સંગ અને સત્ શાસ્ત્રના અભ્યાસથી મનને સદાય પવિત્ર પરિણામી રાખવું કે, જેથી હૃદયમાં બરાબ

વિચારો પ્રવેશ ન કરી શકે. સત્સંગ અને સત્ શાસ્ત્રોનો ગાઢ પરિચય કર્યા વિના સારાં માઠાં પરિણામોની ખબર પડે નહીં. સત્સંગ અને સત્ શાસ્ત્ર કષાયરૂપ ઝેરી પરિણામોના નાશનું બલવાન કારણ છે અને હૃદયની પવિત્રતાનું પણ પ્રધાન કારણ છે. કષાયોરૂપ પરિણામ કાતિલ ઝેર છે અને સત્સંગ, સત્શાસ્ત્ર તે ઝેરનો નાશ કરવામાં પરમ પીયૂષ (અમૃત) સમાન છે.

अन्तः शुद्धि विना बाह्या न सा श्वास करिमता ।
धवलोऽपि बको बाह्ये हन्ति मीनाननेकशः ॥ ११ ॥

અર્થ:– અંતરંગ આત્મ પરિણામની (કષાય રહિત પરિણામની) શુદ્ધિ વિના બાહ્ય શુદ્ધિ વિશ્વાસ કરવા યોગ્ય નથી. કેમ કે બહારથી બગલો ઊજળો સફેદ છે પણ અનેક માછલીઓને પ્રાણ રહિત કરી નાખે છે

ભાવાર્થ:– બહારથી દેખવામાં બગલો બહુજ સીધો સાદો, સરલ અને દૂધ જેવો સફેદ હોય છે, પરંતુ એનું અંતરંગ એટલું બધું દુષ્ટ હોય છે કે તે નિરંતર એજ વિચારે છે કે, કયારે મને માછલી મળે અને કયારે હું એને હજમ કરી જાઉં? આવા રૌદ્ર પરિણામથી અનેક માછલીઓને તે પ્રાણ રહિત કરી નાખે છે. એવીજ રીતે મલિન અંતઃકરણવાળા મનુષ્ય પણ બાહ્યમાં જાણે કે સાધુ અને સુંદર ચેષ્ટાને ધારણ કરનાર કેમ ન હોય? પરંતુ જો એમનું અંતરંગ પરિણમન શુદ્ધ નથી તો તે કાંઈ કામના નથી; માટે આ વાત સિદ્ધ છે કે અંતરંગ પરિણામની શુદ્ધિ વિના બાહ્ય શુદ્ધિ વિશ્વાસ કરવા

યોગ્ય નથી હોતી. આ પરથી બાહ્ય શુદ્ધિ કરતાં અંતરંગ શુદ્ધિ જ હિતકારિણી અને પ્રધાનપણે આવશ્યક છે. વળી પણ:-

परस्य बाह्य कर्माणि दृष्टवा मुह्यति यो नरः ।
नाभ्यन्तर गुणान्वेषी सोऽत्रैव मूर्खउच्यते ॥ १२ ॥

અર્થ:- જે મનુષ્ય અન્યના બાહ્ય શુષ્ક અધ્યાત્મજ્ઞાનના આડંબરને તથા બહારની પ્રચંડ ક્રિયાકાંડ આદિના ભારે દંભને દેખી મોહી પડે છે, અર્થાત બાહ્ય આડંબરમાં જ કલ્યાણનું કારણ માની લે છે. પરંતુ તેનું અંતરંગ પરિણમન કેવું અને કેવા પ્રકારનું છે? મલિન છે કે ઉજ્જવળ નિર્મળ ગુણોથી સુશોભિત છે? આ બાબતની જરા પણ જે મનુષ્ય પરીક્ષા કરતો નથી અને બહારના ભભકામાં અંજાઈ જઇ અભિપ્રાય બાંધે છે, તે મહા મૂર્ખ કહેવાય છે.

जुगुप्सते संसृतिमत्रमाययातितिक्षते प्राप्त परीषहानपि ।
न चेन्मुनि र्दुष्ट कषाय निग्रहाच्चिकित्सातिस्वान्तमघ प्रशान्तये
॥ १३ ॥

અર્થ:- જે મુનિ સર્વ પ્રકારે આત્માનું અહિત કરવાવાળા દુષ્ટ કષાયો પર વિજય મેળવી પાપોના નાશને માટે પોતાના ચિત્તને સ્વસ્થ અને નિર્મલ કરવા નથી ઇચ્છતા, તે મુનિ સમસ્ત લોકોના સમ્મુખ કપટ ભાવથી સંસારની ખોટી નિન્દા કરે છે, તથા અંતરંગ કપટ ભાવથી જ તે ક્ષુધા તૃષા આદિ બાવીસ પરિષહોને સહન કરે છે.

ભાવાર્થ:- સંસારનો ત્યાગ તથા પરિષહને જીતવા તેજ સમય કાર્યકારી માનવામાં આવે છે. અર્થાત્ શોભે છે કયારે કે જ્યારે કષાયોનો નાશ થાય તથા ચિત્ત સ્વસ્થ અને શાંત રહે. પરંતુ જે મુનિયોનું ચિત્ત કષાયોનો નાશ નહીં થવાથી શુદ્ધ નથી થયેલ, અર્થાત્ ચિત્ત કષાયભાવથી મહા મલિન છે, તે મુનિયો શું સંસારનો ત્યાગ કરી શકે છે? ના, નથી જ કરી શકતા: તેમજ તેઓ પરિષહોને પણ સહન કરી શકશે જ નહીં આવા કષાયવાન મુનિયો સંસારની નિંદા કરે તથા પરિષહોને પણ સહન કરે, તો તે સર્વ કાર્ય ઢોંગ (કપટ ભાવ) થી જ કરેલું સમજવું જોઇએ. આ કારણે મુનિયોએ વિચારવું જોઈએ કે, પ્રથમ કષાયાદિ અશુદ્ધ પરિણામોનો નાશ કરી ચિત્તને શુદ્ધ-નિર્મળ બનાવવું : ત્યાર પછી સંસારની નિંદા અને પરિષહોને સહન કરવામાં સર્વે સાર્થક છે.

ज्ञान विहीनस्य मोक्षपदं जीवं मा कस्यापि अद्राक्षीः ।
बहुना सलिल विलोडितेन करः चिक्कणो न भवति ॥१४॥

અર્થ:- જે સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન કરી શૂન્ય અને અભ્યંતર મહા મલિન પરિણામી છે ચિત્ત જેનું. અર્થાત્ પોતાની બડાઇ, પ્રતિષ્ઠા, લાભાદિક દુષ્ટ કષાય ભાવોમાં જેનું ચિત્ત પરિણમન કરી રહેલ છે, અને મનમાં એવું જાણે છે કે, અમારી દુષ્ટતાને કોઈપણ જાણી શકતું નથી. આમ સમજી વીતરાગ પરમાનંદ સુખરસના અનુભવરૂપ ચિત્તની શુદ્ધિને નથો કરતા, તથા બાહ્ય પ્રકારે બગલાની માફક માયાચાર રૂપ વેષ લોકોનાં ચિત્ત

રંજન કરવા માટે ધારણ કરે છે. "આજ સત્ય છે, આજ લેખથી અમારૂં કલ્યાણ થશે," ઇત્યાદિ અનેક અશુદ્ધ વિકલ્પોરૂપ કલ્લોલોથી અપવિત્ર છે ચિત્તવૃત્તિ જેની, એવા કોઇ અજ્ઞાનીને હે જીવ ! મોક્ષપદવી ન મળે. અર્થાત્ સમ્યગ્જ્ઞાન વિના મુક્તિ નથી થતી. જેમ પાણીનું બહુ મંથન કરવાથી હાથ ચીકણા કયારે પણ નથી થતા, તેમ કષાય પરીણામથી સમ્યગ્જ્ઞાન નથી થતું.

अहिंसा सत्यमस्तेयं ब्रह्म संग विवर्जिनं ।
कषाय विकले ज्ञाने समस्तं नैव तिष्ठति ॥ १५ ॥

અર્થ :- જ્યાં સુધી જ્ઞાન કષાય આદિ ઝેરી પરિણામોથી કલુષિત (મલિન) રહે છે, ત્યાં સુધી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ ત્યાગ, એ પાંચે વ્રતો સ્થિર નથી રહી શકતાં.

कषाय कुलिते व्यर्थं जायते जिनशासनम् ।
सान्निपात ज्वराक्रीढे दत्तं पथ्यमिवौषधम् ॥ १६ ॥

અર્થ :- જેમ સન્નિપાત (ત્રિદોષ) સહિત પુરુષને આપેલ હિત-રૂપ ઉત્તમ ઔષધ વ્યર્થ જાય છે, તેમ કષાયરૂપ ઝેરી પરણિામોએ કરી આકુલતાથી ઘેરાએલ પુરુષના ચિત્તને વિષે પરમામૃત સમાન જિન શાસન નિરર્થક થાય છે.

हृदयसरसि यावन्निर्मलेऽप्यत्यगाधे ।
वसति खलु कषायग्राहचक्रं समन्तात् ॥
श्रयति गुणगणोऽयंतत्र तावाद्विशङ्क ।
सयमशमविशेषैस्तान् विजेतुं यतस्व ॥ १७ ॥

અર્થ:– હે જીવ ! તારું હૃદયરૂપી સરોવર જોકે અતિ નિર્મલ છે. તો પણ તેના અતિ ગહન ઊંડાણ ભાગમાં જ્યાં સુધી કષાયરૂપી મગરમચ્છો વિચરે છે, ત્યાં સુધી તે હૃદય રૂપી નિર્મલ સરોવરની પાસે મોક્ષમાર્ગમાં સમર્થ સાધનભૂત પવિત્ર સમ્યક્ત્વ અને જ્ઞાનાદિ ગુણો નિઃશંક ને નિર્ભયપણે આવી શકતા નથી. માટે હે ભવ્ય જીવ ! જો તું તે પવિત્ર ગુણોને તારા હૃદય સરોવરમાં બોલાવવા ઇચ્છતો હો, તો તે કષાયોને જીતવાનો પ્રથમ તો પ્રયત્ન કર. વળી તેમને જીતવાનો ઉપાય એ છે કે, સંયમ ધારણકરો અને પરિણામો ને શાંત બનાવો. પ્રશમ, સંવેગ, અનુકંપા તથા ઇંન્દ્રિય વિજય, (શ્રી ટોડલમલજીએ શમ, દમ, યમ લખેલ છે.) ઇત્યાદિ અનેક ઉપાયો કષાયોને જીતવાને માટે બતાવવામાં આવેલ છે.

करोतु न चिरं घोरं तपः क्लेशा सहो भवान् ।
चिच साध्यान् कषायारीन् न जयेद्यत्तदज्ञता ॥ १८ ॥

અર્થ:– જો તમો કલેશથી ડરતા હો તો ભલે ઘણા કાળ પર્યંત ઘોર તપને ન કરો; પરંતુ કષાયને જીતવામાં તો કોઇ શારીરિક કલેશ નથી ને ! જેણે પોતાનું મન વશ કર્યું કે તેને કષાય

વશ થયા જ જાણવા. એટલા માટે કષાય શત્રુઓને તમે અવશ્ય જીતો. જો તમારાથી કષાયો પણ જીતાય નહીં તો તે તમારી પૂર્ણ મૂર્ખતા છે.

अकसायं तु चरित्तं कसायवसगदो असंजदो होदि ।
उवसमइ जम्हि काले तक्काले संजदो होदि ॥ १९ ॥

અર્થ:- કષાયનો જે અભાવ છે, તે જ ચારિત્ર છે, અને કષાયને આધીન જે જીવ છે, તે અસંયમી છે. અને જ્યારે તે કષાયને શાંત કરે છે, ત્યારે તે સંયમી કહેવાય છે.

नैवात्मनो विकारः क्रोधादिः किंतु कर्मसंबंधात् ।
स्फटिक मणेरिव रक्तत्व माश्रितात् पुष्पतोरक्तात् ॥२०॥

અર્થ:-જેમ લાલ પુષ્પના આશ્રયથી (સંયોગથી) સ્ફટિક મણિ લાલ થઈ જાય છે, તેમ આત્મામાં કર્મરૂપી ઉપાધિના સંબંધથી ક્રોધાદિ વિકાર ઉત્પન્ન થાય છે. પરંતુ ક્રોધાદિ વિકાર આત્માના નથી, એમ સમ્યગ્દૃષ્ટિ યથાર્થ જાણે છે.

क्षमाम्बुभिः क्रोध शिखी निवार्यताम् ।
नियम्यतां मान मुदार मार्दवैः ॥
इयं च मायाऽऽर्जवतः प्रतिक्षणं ।
निरीहतां चाश्रय लोभ शान्तये ॥ २१ ॥

અર્થ :– હે આત્મન ! શાંતભાવરૂપી નિર્મળ જળથી ક્રોધરૂપી અગ્નિનું નિવારણ કર; અને ઉદાર–વિશાળ માર્દવ અર્થાત્ અત્યંત કોમળ પરિણામોથી માનને અર્થાત્ માનરૂપીહાથીને વશ કર: માયા(વક્રતા–કુટિલતા) રૂપ પરિણામને નિરંતર આર્જવ (સરલ) પરિણામરૂપ અમૃતથી દૂર કર. અને લોભની શાંતીને અર્થે નિર્લોભતાનો આશ્રય કર : એમ ચારે કષાયોને દૂર કરવાનો ઉપદેશ છે.

ભાવાર્થ :– દુષ્ટ લોકો દ્વારા તિરસ્કાર, હાસ્ય, તાડન, મારણ આદિ ક્રોધની ઉત્પત્તિનાં (ક્રોધને ઉત્પન્ન થવાનાં) કારણો ઉપસ્થિત થાય, છતાં પણ પરિણામમાં મલિનતા ન કરવી તે ઉત્તમ ક્ષમા છે. ઉત્તમ જાતિ, ઉત્તમ કુલ, ઉત્તમ રૂપ, વિજ્ઞાન, ઐશ્વર્ય, બલ આદિ વિદ્યમાન હોય છતાં પણ માન રૂપ પરિણામ ન કરવાં. આ ઉત્તમ માર્દવ છે : તેમજ અન્ય દ્વારા તિરસ્કાર થાય, છતાં પણ અભિમાન–ગર્વ ન કરવો, તે પણ ઉત્તમ માર્દવ છે. મન વચન કાયાની કુટિલતા (વક્રતા) નો અભાવ તે ઉતમ આર્જવ છે. બીજાનાં ધન સ્ત્રી આદિ પદાર્થોમાં અભિલાષાનો અભાવ તથા પરિણામોને મલિન કરવાવાળા લોભનો અભાવ તે ઉતમ શૌચ છે. ક્રોધ, માન, માયા લોભનો અભાવ થવાથી અનુક્રમે ક્ષમા, માર્દવ, આર્જવ અને શૌચ (નિર્લોભતા) આદિ ધર્મ પ્રગટ થાય છે. જે જે પદાર્થોનાં નિમિત્તથી ક્રોધાદિ કષાયો ઉત્પન્ન થાય, તે તે પદાર્થોનો ક્રોધાદિકની શાંતિને અર્થે ત્યાગ કરવો જોઈએ. અને જે જે કાર્ય કરવાથી ક્રોધાદિ શત્રુઓનું નિવારણ થાય, તે તે કાર્ય બુદ્ધિમાનોએ આલસ રહિત,

ઉત્સાહપૂર્વક કરવું જોઇએ. કષાય પરિણામોનું દમન કરવાથી અપૂર્વ આત્મજ્ઞાનનો અલભ્ય લાભ થાય છે.

તેમજ કહ્યું છે કે :–

स्वसंवित्ति समायाति यामिनां तत्त्वमुत्तमम् ।
आसमंताच्छमं नीते कषाय विषम ज्वरे ॥ २२ ॥

અર્થ:–સંયમી મુનિયોનો કષાયરૂપી વિષમ જ્વર સર્વથા પ્રકારે ઉપશમતાને પ્રાપ્ત થવાથી ઉત્તમ તત્ત્વ (પરમાત્મ સ્વરૂપ) સ્વસંવેદનતાને પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ:– કષાયોનો નાશ થવાથી જ શુદ્ધાત્મ સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ થાય છે.

अनाद्यविद्यामय मूर्छितांगं कामोदर क्रोध हुताशतप्तम् ।
स्याद्वाद पीयूष महौषधेन त्रायस्वमां मोह महाहि दष्टम् ॥२३॥

અર્થ:– હે જિનેન્દ્ર દેવ ? હું અનાદિ કાલના અજ્ઞાનમય અસાધ્ય રોગથી મહામૂર્છિત છું. અર્થાત્ પીડિત છું. કામ, ઉદર અને ક્રોધની જાજવલ્યમાન પ્રચંડ અગ્નિથી બળી–પ્રજળી રહ્યો છું, અને મહામોહરૂપી ભયંકર વિષ સર્પથી ડસાયલો છું. માટે હે વિભો ! હે પરમાત્મન ! હે પરમ કારુણ્યામૃતના નિધિ! મને સ્યાદ્વાદ રૂપી સુધારસમય મહાસંજીવની ઔષધ પાઇ મારું સમ્યક્ પ્રકારે સદાય સંરક્ષણ કરો, મને બચાવો, મને મારા શુદ્ધ સ્વરૂપ સન્મુખ કરો.

ઉપર બતાવેલ કષાયોમાં અનંતાનુબંધી કષાય છે, તે જ સ્વરૂપઘાતક છે. પ્રથમ તો તેનું સ્વરૂપ સમજી તેનો જ નાશ કરવો એ ઉચિત છે. કેમ કે તે કષાય, સમ્યગ્દર્શન, સ્વાનુભુતિ અને સ્વરૂપાચરણ ચારિત્રનો ઘાતક છે, અને આત્મસ્વરૂપનું વિસ્મરણ કરાવનાર પણ તે જ કષાય છે.

પુનઃ તે જ, અનંતાનુબંધી કષાય સહિત વિષય અને રાગનું સ્વરૂપ કહી બતાવે છે. (અહીં કષાય, વિષય, રાગ, દ્વેષ અનંતાનુબંધી સંબંધીઓ સમજવા)

નીચેનો શ્લોક વધુ સમર્થન કરે છે.:–

विषय कषायैः युक्तः रुद्रः परमात्मभाव रहित मनाः ।
स न लभते सिद्धि सुखं जिन मुद्रा पराङ्मुखः जीवः॥२४॥

અર્થ:– જે જીવ વિષયકષાયથી યુકત છે, અને રુદ્ર પરિણામી છે, હિંસાદિક વિષયકષાયાદિક પાપને વિષે હર્ષ સહિત પ્રવર્તે છે, અને પરમાત્માની ભાવનાએ કરી રહિત છે ચિત્ત જેનું, અને જે જિનમુદ્રાથી વિમુખ છે, તે જીવ સિદ્ધિ સુખ–મોક્ષસુખને નથી પામતો.

कांक्षित कलुषितभूतः काममोगेषु मूर्च्छितः सन् ।
अभुंजानोऽपि च भोगान् परिणामेन निबध्यते ॥ २५ ॥

અર્થ:– જેઓ, કામભોગોની તીવ્ર ઇચ્છા કરવાવાળા, રાગદ્વેષાદિક મહા મલિન ભાવોથી પીડિત થઇ કામભોગોમાં અત્યંત મૂર્ચ્છિત

થાય છે, તે જીવો, સંસાર સુખનું કારણ–ભોગોને નથી ભોગવતા છતાં પણ ચિત્તના વ્યાપારરૂપ પરિણામોથી તેઓ આપમેળે કર્મોથી બંધાઇ જાય છે એટલે કે પરવશ થઈ જાય છે.

ભાવાર્થ:– આ લોક તેમજ પરલોક સંબંધી ભોગોની અપ્રશસ્ત અભિલાષા (ઇચ્છા) એોને તથા કષાયરૂપ ઝેરી પરિણામોને આધીન થઇ મહા મલિન છે ચિત્ત જેમનાં, એવા પ્રાણીઓ અવર્તમાન વિષયોના વાંછક અને વર્તમાન વિષયોમાં અત્યંત આસક્તગૃદ્ધ થઇ જાય છે. તેઓ, ભલે ભોગોને બહારથી ભોગવતા નથી, છતાં પણ પોતાના અંતરંગ અશુદ્ધઝેરી વિષયકષાયોરૂપ પરિણામોથી કર્મોને નિરંતર બાંધે છે.

ઝેરી પરિણામોથી એવાં નિબિડ કર્મો બંધાઈ જાય છે કે, તેમનાથી પ્રાણીઓ છૂટી શકતા નથી.

बडिशामिषवच्छेदो दारुणो भोगशर्माणि ।
सक्तास्त्यजन्ति सद्ध्यानं धिग् हो मोहतामसं ॥ २६ ॥

અર્થ:– બડિશ (માછલીને પકડવાનો કાંટો), તે ઉપર લાગેલ માંસ સમાન ભોગ–સુખથી છૂટવું અત્યંત કઠિન છે, તેમ વિષયભોગોમાં આસકત થયેલ મનુષ્ય ઉત્તમ આત્મ ધ્યાનનું આરાધન કરવું છોડી દે છે, માટે મોહરૂપી અંધકારને ધિક્કાર છે.

ભાવાર્થ:– માંસની લોલુપી માછલીઓને પકડવાને નદી આદિમાં મનુષ્ય કાંટા નાખે છે, અને એની અણીના ભાગ ઉપર થોડું માંસ લગાડી દીધેલ હોવાથી માછલીઓ બિચારી

માંસના લોભથી એની પાસે આવે છે. કાંટો ઊંચો થતાં માછલીઓ તેમાં ફસાતાં પ્રાણ ગુમાવે છે. જેવી રીતે કાંટા ઉપર લાગેલ માંસનું કાપવું માછલીઓ માટે અત્યંત કઠિન છે, એવી રીતે ભોગ-સુખથી છૂટવું પણ ભોગીઓને માટે ભારે કઠિન છે, ભોગોમાં અત્યંત આસક્ત મનુષ્યો ઉત્તમ આત્મ ધ્યાનનું આરાધન આ કારણે નથી કરી શકતા; માટે મોહરૂપી અંધકારને ધિક્કાર હો.

हिताहित विमूढात्मा स्वंशश्च द्वेष्टि येद गृही ।
अनेकारंभजैः पापैः कोशकारः कृमिर्यथा ॥ २७ ॥

અર્થ:- જેમ રેશમનો કીડો પોતાના મુખમાંથી તાર કાઢી પોતે પોતાનીજ જાળમાં ફસાઇ જાય છે તેમ પોતાના હિત અહિતમાં વિચારશૂન્ય થઇને મૂઢ જીવ અનેક પ્રકારના વિષયોની ખાતર બાહ્ય અને આભ્યંતર આરંભોથી પાપને ઉપાર્જન કરીને જાતે પાપરૂપી જાલમાં જલદીથી ફસાઇ જાય છે.

अविचारित रम्याणि शासनान्यसतांजनैः ।
अधमान्यपि सेव्यन्ते जिह्वो पस्थादि दंडितैः ॥ २८ ॥

અર્થ:- જે પુરુષ જીભ્હા તથા ઉપસ્થાદિ ઇન્દ્રિયોથી દંડિત છે, અર્થાત્ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં અત્યંત આસક્ત છે, તે અણસમજણથી, રમણીય-મનોહર ભાસતા પાખંડી લોકોએ ચલાવેલ અધમ ધર્મોનું પણ સેવન કરે છે.

ભાવાર્થ:- વિષય કષાયને વશ બનેલા જીવો શું શું અનર્થો નથી કરતા? તેઓ ન કરવાનાં કામો કરે છે. જીભ્હા ઇન્દ્રિયની

લોલુપતાના પરિણામે સાતમી નરકે જનાર ચક્રવર્તી રાજાનું દૃષ્ટાંત વિચારણીય નીચે મુજબ છે:–

ભરતક્ષેત્રમાં અતિ શ્રેષ્ઠ કોશલ દેશમાં અયોધ્યા નગરીના ઇક્ષ્વાકુવંશી રાજા સહસ્ત્ર બાહુની ચિત્રમતી રાણીનો પુત્ર આઠમો ચક્રવર્તી સુભૌમ થયો. તેણે સમસ્ત શત્રુઓને વશ કરી લીધા હતા. એના શરીરની કાંતિ સુવર્ણ સમાન હતી. ઇક્ષ્વાકુ કુલમાં સિંહ સમાન પરાક્રમી અને શ્રીમાન રાજા તે હતો. તે ચક્ર, શંખ, ચામર આદિ સ્પષ્ટ દેખાતાં એવાં શુભ લક્ષણોથી સુશોભિત હતો. અમુક સમયે એને ચૌદ રત્ન અને નવ નિધિ પ્રગટ થયાં હતાં. છયે ખંડ પર વિજય પ્રાપ્ત કરી તેનો સ્વામી બની તેણે ચક્રવર્તી પદ ધારણ કરેલ હતું.

કોઈ એક દિવસે અમૃતરસાયન નામના રસોયાએ ચક્રવર્તીને અમ્લિકા નામની રસાયણ ખાવા માટે આપી. પૂર્વના પ્રચંડ વેરથી પ્રેરિત બની ક્રોધના આવેશમાં વગર વિચાર્યે ચક્રવર્તીએ રસોયાને દેહાંત દંડ દીધો. મૃત્યુ સમયે તેણે નિયાણું બાંધ્યું કે "હું આ રાજાનો વિનાશ કરવાવાળો થાઉં." નિયાણું કરી ઘોર દંડથી તે મરણ પામ્યો.

તે રસોયાનું પુણ્યકર્મ કાંઇક બાકી રહ્યું હતું, તેને પરિણામે તે જ્યોતિર્લોકમાં દેવ થયો. ત્યાં તેને મિથ્યા અવધિજ્ઞાન હતું જ. આ જ્ઞાન વડે તેણે પ્રથમની સર્વ હકીકત જાણી લીધી. પૂર્વભવના વેરથી તેણે તે ચક્રવર્તીને મારવાની ઇચ્છા કરી. રસોયાએ વિભંગ અવધિથી જાણી લીધું કે રાજા સ્વાદેન્દ્રિયને

પૂરેપૂરો વશ છે, એમ જાણી એક તાપસનું રૂપ કરી–તપસ્વી બની મનોહર અને અત્યંત સ્વાદિષ્ટ મધુર ફળો હાથમાં લઇ તે ચક્રવર્તી રાજા પાસે આવ્યો અને તેને માયિક પ્રેમથી ભેટ ધર્યા. રાજા તે ખાઇને અત્યંત પ્રસન્ન બની તાપસને પૂછયું "હે મહારાજ! આ ફળો બહુજ સુંદર અને સ્વાદિષ્ટ છે. આપ એને કયાંથી લાવ્યા? અને તે કયાં મળશે?" તાપસે કપટભાવે જવાબ આપ્યો કે, "હે રાજન્! સમુદ્રની વચમાં એક નાનો સરખો સુંદર બેટ છે. ત્યાં મારૂં ઘર છે. આપની પ્રશંસા સાંભળી હું આપની પાસે આવ્યો છું આપ મારા જેવા ગરીબ ઉપર કૃપા કરી મારા ઘરને પવિત્ર કરો, તો હું આપને એવાં ઘણાં ઉત્તમ સ્વાદિષ્ટ ફળો ભેટ કરીશ. કેમકે ત્યાં એવાં ફળોના ઘણા બગીચા છે." જીવ્હા ઇન્દ્રિયને વશ થયેલો ચક્રવર્તી તે દેવના પંજામાં ફસાયો. જેમનું પુણ્ય ખલાસ થઈ જાય છે, તેમનો વિનાશ પણ તત્કાળ થાય છે. તેમનામાં વિવેક કે વિચારક શક્તિનો અભાવ હોય છે. તે દેવની સાથે ન જવા મંત્રીઓએ પણ ચક્રવર્તીને ઘણું ઘણું સમજાવ્યો અને વિનતી કરી કે, "મહારાજ આપ જીવ્હા–ઇન્દ્રિયના લોલુપી થઇ આ છયે ખંડના રાજ્યને છોડી માછલીની પેઠે નાશ થવા–મરવાને કેમ ઇચ્છોછો?" પરંતુ જેનું મૃત્યુ સમીપ આવેલું છે એવા મૂર્ખ ચક્રવર્તીએ મંત્રીઓનાં હિતકર વાકયોને બિલકુલ સાંભળ્યાં નહીં, અને જહાજમાં બેસી તે દેવરૂપ તાપસની સાથે સમુદ્રમાં ચાલવા લાગ્યો.

તેજ સમય ચક્રવર્તીના મહેલની જેની એક એક હજાર યક્ષ ચોકી કરે છે, સેવા કરે છે, એવાં સર્વે રત્નો ચાલ્યાં ગયાં.

અને એની સાથે જે નવ નિધિઓ હતો, તે પણ ચાલી ગઇ. દેવપણ આ સમાચાર સાંભળી બહુજ પ્રસન્ન થયો, અને તાપસનો વેષ ધારણ કરેલ દેવ પોતાના શત્રુને–ચક્રવર્તી રાજા સુભોમને મહાસમુદ્રની વચમાં લઇ ગયો. ત્યાં તેણે પ્રથમજન્મનું પોતાનું રસોયાનું રૂપ પ્રગટ કરી બતાવ્યું અને ક્રોધાયમાન થઇ કહેવા લાગ્યો કે, "હે પાપી? તું નથી જાણતો કે હું તને અહીં શા માટે લાવ્યો છું? ન જાણતો હો તો સાંભળ, હું તારો અમૃતરસાયન નામનો રસોયો હતો, ત્યારે તેં મને નિર્દયતાથી બાળીને મારી નાખ્યો હતો. અત્યારે એનો જ બદલો લેવા માટે હું તને અહીં લાવ્યો છું, બોલ, પાપી? હવે તું કયાં જઇશ? જેવાં કર્મ કર્યાં છે, તેવાં ભોગવવાને તૈયાર થઇ જા તારા જેવા પાપીઓની આવી જ ગતિ થવી જોઇએ. પરંતુ સાંભળ, તારે જિંદગી બચાવવી હોય તો એક ઉપાય છે. તે એ છે કે જો તું પાણીમાં પંચ પરમેષ્ઠી નમોંકાર મંત્ર લખી તેને તારા પગથી ભૂંસી નાખ તો તને હું જીવતો છોડી દઉં, પોતાના પ્રાણ બચાવવાની ખાતર કયો મનુષ્ય કયા મહાઅનર્થને નથી કરી નાખતો? સર્વ અનર્થોને તે કરે છે. આ ધર્મ છે કે અધર્મ છે? આ સારૂં છે કે ખરાબ છે? એનો વિચાર કરવાની તો એને કશી જરૂર જ નથી જણાતી તે સમયે તો માત્ર પ્રાણ બચાવવાની જ તેને પડી હોય છે. આજ દશા ચક્રવર્તી રાજા સુભોમની થઇ. તેણે વિચાર્યું કે આ જુલ્મી મારી શી દુર્દશા કરશે? એટલે તેણે દેવના કહ્યા અનુસાર જલમાં પંચ પરમેષ્ઠીનું નામ લખી ભૂંસી નાખ્યું કે તેજ સમયે તત્કાલ તે દેવે તેને મારી નાખી સમુદ્રમાં ફેંકી દીધો.

મંત્રને ભૂંસી નંખાવવાનું કારણ એ હતું કે તેમ કરાવ્યા વિના તે દેવની હિંમત ચક્રવર્તીને મારી નાખવાની ન ચાલી. એટલા માટે કે જગતપૂજ્ય જિનેન્દ્ર ભગવાનના ભકતને એ એકાએક કેવી રીતે મારી શકે ? ન મારી શકે. તે દેવતાને એ પણ ભય હતો કે તે સમય કોઇ જિનશાસનનો અન્ય કોઇ ભકત દેવ અનાયાસે તેને ચક્રવર્તીને મારી નાખતાં અટકાવી બચાવી લે. હવે તે દેવને શાંતિ થઇ કે મંત્રને પગ વડે ભૂસી નાખવાથી ચક્રવર્તી જૈન ધર્મનો દ્વેષી થયો. આ રીતે તે દેવે ચક્રવર્તીને મારી નાખ્યો. રૌદ્રધ્યાનથી મરી ઘોર પાપના પરિણામે સુભૌમ ચક્રવર્તી સાતમી નરકે ગયો.

ધિક્કાર છે તે મૂર્ખતાને અને તે જીવ્હા-ઇન્દ્રિયની લોલુપતાને? જેને વશ થઇને છ ખંડ પૃથ્વીનો ચક્રવર્તી સમ્રાટ દુર્ગતિમાં (૭મી નરકે) ગયો. જે જીવને જિન ભગવાનના ધર્મ ઉપર સાચો ને અડગ વિશ્વાસ નથી હોતો તેને ચક્રવર્તીની માફક દુર્ગતિમાં જવું પડે તો શું આશ્ચર્ય છે ? કશુંય નથી. તે જ પુરુષને ધન્ય છે, અને તે જ પુરુષ સર્વનો આદર પાત્ર છે, કે જેના પવિત્ર હૃદયકમળમાં શાશ્વત સુખને આપવાવાળા જિનવચન રૂપ અમૃતનો પ્રવાહ સદાય વહ્યાજ કરેછે. એ વચનો ઉપર સંપૂર્ણ દૃઢ વિશ્વાસ રાખવો તેને સમ્યગ્દર્શન કહે છે. આ સમ્યગ્દર્શન જીવમાત્રનું હિત કરવાવાળું છે. સંસારના ભયનો નાશ કરવાવાળું છે, નાના પ્રકારનાં સુખોને આપવાવાળું છે અને મોક્ષપ્રાપ્તિનું મૂળ કારણ છે, દેવ, વિદ્યાધર આદિ સર્વ મહાન પુરુષો સમ્યગ્દર્શનની અથવા તેને ધારણ કરવાવાળાની પૂજા કરે

છે. સમ્યગ્દૃષ્ટિ ગુણોનો ખજાનો છે. તેને કોઈ પ્રકારનાં ભય, બાધા નથી થતાં. તે મહાન સુખશાંતિમાં રહે છે; માટે જે સાચા સુખની ઇચ્છા રાખે છે. તેમણે આઠ અંગ સહિત-વિષય કષાય રહિત થઇ, આ પવિત્ર સમ્યગ્દર્શનનું પૂર્ણ વિશ્વાસની સાથે પ્રતિપાલન કરવું. (આરાધના કથા કોશ)

श्रुत परिचितानुभूता सर्वस्यापि काम भोग बंध कथा ।
एकत्वस्योपलम्भः केवलं न सुलभो विभक्तस्य ॥२९॥

અર્થ:– સંસારના સર્વ લોકોને કામ (સ્પર્શ તથા રસના ઇન્દ્રિય) સંબંધી તથા ભોગ (ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર) સંબંધી તથા બંધની કથા (બંધ શબ્દે કરી પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, અને પ્રદેશ બંધ-તેનું ફળ નર–નારકાદિ કહેવાય છે, તે સર્વની કથા) તો અનંતવાર સાંભળવામાં આવી ગઇ છે, અને અનંતવાર પરિચયમાં આવી ગઇ છે, અને અનંતવાર અનુભવમાં પણ આવી ગઈ છે. એટલા માટે એ વાત અત્યંત સુલભ છે. પરંતું, કેવળ ભાવકર્મરાગાદિક, દ્રવ્યકર્મ જ્ઞાનાવરણાદિક, અને નોકર્મ, શરીર; સ્ત્રી પુત્ર ધન વિગેરેથી અત્યંત ભિન્ન આત્માના સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની એક પરિણતિરૂપ (ત્રણેની એકતા રૂપ) નિર્વિકલ્પ સમાધિવડે કરીને સ્વસંવેદ્ય શુદ્ધાત્મસ્વરૂપ આત્માના એકત્વપણાની પ્રાપ્તિ-લબ્ધિ માત્ર સુલભ નથી. કેમકે આત્માના એકત્વપણાની કથા સાંભળવામાં નથી આવી અને અનુભવમાં પણ નથી અવી. માટે આ શ્રવણ અત્યંત દુર્લભ છે.

ભાવાર્થ:– આ શ્લોકમાં સર્વે સંસારી જીવો સંસારરૂપ ચક્ર ઉપર ચઢી પાંચ પરાવર્તન (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ) રૂપ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે ત્યાં દર્શનમોહનીય કર્મના ઉદયરૂપ પિશાચથી જોતરવામાં આવે છે. આ કારણે વિષયોની તૃષ્ણારૂપ દાહે કરી અત્યંત પીડિત (દુઃખી) થાય છે. વિશેષમાં એ દાહ શાંત કરવાનો ઉપાય ઇન્દ્રિયોના વિષયો રૂપાદિકને સમજી તેના ઉપર દોડે છે. તથા મહામોહ–મૂઢ જીવો માંહો માંહી વિષયોના આચાર્યો બની વિષયોનો જ બોધ આપે છે-ઉપદેશ કરે છે. એટલા માટે કામ (વિષયોની ઇચ્છા) તથા ભોગ (તે વિષયોને ભોગવવા) એ બન્નેની કથા તો અનંતવાર સાંભળી, પરિચયમાં આવી અને અનુભવમાં પણ આવી ગઈ. આ માટે જ તે બહુ સુલભ છે. પરંતુ સર્વે પરદ્રવ્યોથી ભિન્ન ચૈતન્ય ચમત્કાર (સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ એકતા) સ્વરૂપ પોતાના આત્માની કથાનું તો પોતાને સ્વયમેવ જ્ઞાન ક્યારે પણ થયું નહીં. જેમને જ્ઞાન થયું છે, એવા સમ્યગ્જ્ઞાનીની અનન્ય ભક્તિ, સહૃદય સેવા પ્રેમથી ક્યારે પણ કરી નહીં અને તેઓની પાસેથી આત્માના એકત્વપણાની કથા (વાત–સ્વરૂપ) ક્યારે પણ સાંભળી નહીં; પરિચય પણ કર્યો નહીં અને અનુભવમાં પણ આવી જ નહીં. એજ કારણથી એનું પામવું સુલભ નથી કિંતુ અત્યંત દુર્લભ છે.

भवति तनु विभूतिः कामिनीनां विभूतिं ।
स्मरसि मनसि कामिं स्त्वं तदां मद्वचः किम् ॥
सहज परम तत्वं स्वस्वरूपं विहाय ।
व्रजसि विपुल मोहं हेतुना केन चितम् ॥ ३० ॥

અર્થ:- હે કામી પુરુષ ? તું સહજ પરમતત્ત્વરૂપ જે પોતાનું શુદ્ધાત્મ સ્વરૂપ છે. (જ્ઞાનામૃત છે.) તેને છોડીને તેની અવગણના કરીને સુંદર સ્ત્રીઓની શરીર આદિ વિભૂતિને મનમાં કેમ યાદ કરે છે ? અને કયા કારણથી તું એમાં અત્યંત મોહને પ્રાપ્ત થાય છે ? એમ કરવાથી મારૂં અમૃતરૂપ વચન અર્થાત્ ઉપદેશ તારા માટે શું કામનો થશે ? નિરર્થક જ થશે. (જે વિષયોમાં લીન છે તેને પરમાત્માના દર્શન નથી થતાં.)

यस्य हरिणाक्षी हृदये तस्य नैव ब्रह्म विचारय ।
एकस्मिन् कथं समायातौ बतद्वौ खड्गौ प्रतिकारे ॥ २१ ॥

અર્થ:- જે પુરુષના ચિત્તમાં મૃગસમાન નેત્રવાળી સુંદર સ્ત્રી વસી રહી છે, તેને શુદ્ધાત્માનો વિચાર નથી થતો, એવો હે પ્રભાકર ભટ્ટ, તું તારા મનમાં વિચાર કર કે એક મ્યાનમાં બે તલવાર કેવી રીતે રહી શકે ? કયારેય પણ ન રહી શકે.

ભાવાર્થ:- વીતરાગ નિર્વિકલ્પ પરમ સમાધિએ કરી ઉત્પન્ન થયેલ અનુકૂળતારૂપ પરમ આનંદ અતીન્દ્રિય સુખરૂપ અમૃત છે એને રોકવાવાળું તથા આકુળતાને ઉત્પન્ન કરવાવાળું જે સ્ત્રીનું રૂપ તેને દેખવાની અભિલાષા આદિથી ઉત્પન્ન થયેલ હાવ (મુખવિકાર) ભાવ, અર્થાત્ ચિત્તનો વિકાર-વિભ્રમ, અર્થાત્ ભમરોની વક્રતા કરવી, વિલાસ અર્થાત્ નેત્રોના કટાક્ષ એ સ્વરૂપ વિકલ્પ જાળોએ કરી મૂર્છિત-રંજિત-પરિણિત ચિત્તમાં, બ્રહ્મનું (નિજ શુદ્ધાત્માનું) રહેવું કેવી રીતે હોઇ શકે ? અર્થાત્ ન હોઇ શકે. જેમ એક મ્યાનમાં બે તલવાર કેવી રીતે આવી

શકે ? નથી આવી શકતી તેમ એક ચિત્તમાં બ્રહ્મ વિદ્યા અને વિષય વિનોદો એ બન્ને એક સાથે નથી સમાઇ શકતા. જ્યાં બ્રહ્મસમાધિ છે ત્યાં વિષય વિકાર નથી અને જ્યાં વિષય વિકાર છે ત્યાં બ્રહ્મ સમાધિ નથી. બન્ને પરસ્પર વિરોધી તત્ત્વો છે.

जीवः चरित्र दर्शन ज्ञान स्थितः तं हि स्व समयं जानीहि ।
पुद्गल कर्म प्रदेश स्थितं च तं जानीहि परसमयं ॥३२॥

અર્થ:–હે ભવ્ય આત્મા ! જે જીવ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં સ્થિત છે. (લીન છે) તેને નિશ્ચયે કરીને સ્વસમયજાણુ. અને જે જીવ પુદ્ગલ કર્મોના પ્રદેશમાં રહેલ છે. (લીન છે.) તેને પર સમય જાણુ.

ભાવાર્થ:– જ્યારે સર્વે પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવલજ્ઞાનને ઉત્પન્ન કરવાવાળી નિર્મળ ભેદજ્ઞાન જ્યોતિ ઉદય થાય છે, ત્યારે સર્વે પદાર્થોથી છુટી, દર્શનજ્ઞાનમાં નિશ્ચિત પ્રવૃત્તિરૂપ આત્મતત્ત્વથી એકપણારૂપ લીન થઇ પ્રવૃત્તિ કરે છે, ત્યારે દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિર થવાથી પોતાના સ્વરૂપને એકતારૂપે કરી, એક કાલમાં જાણતો તથા પરિણમતો થકો સ્વ-સમય કહેવાય છે. અને જ્યારે અનાદિ અવિદ્યારૂપ મૂલવાળા કંદ સમાન મોહના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી દર્શન, જ્ઞાન, સ્વભાવમાં નિશ્ચિત પ્રવૃત્તિરૂપ આત્મસ્વરૂપથી છુટી, પર દ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન થયેલ મોહ, રાગ દ્વેષ, વિષય કષાયાદિ ભાવોમાં એકતારૂપ લીન થઇ પ્રવૃત્તિ કરે છે, ત્યારે પુદ્ગલ કર્મના કાર્મણ સ્કંધરૂપ પ્રદેશોમાં સ્થિર થવાથી પરદ્રવ્યને પોતાની

સાથે એકપણાએ કરી એક કાલમાં જાણતો તથા રાગાદિરૂપ પરિણમતો થકો પરસમય કહેવાય છે. એમ આ જીવ નામના પદાર્થના સ્વસમય અને પરસમય એવા બે ભેદ પ્રગટ થાય છે.

स्व सुखं न सुखं नृणां किंत्वभिलाषाग्नि वेदना प्रतिकारः ।
सुखमेव स्थितिरात्मनि निराकुलत्वाद्विशुद्ध परिणामात् ॥३३॥

અર્થ:– જે સુખ ઇન્દ્રિયોના વિષયોથી ઉત્પન્ન થાય છે, તે વાસ્તવિક સુખ નથી. કિન્તુ મનુષ્યોની અપ્રશસ્ત (અશુભ) અભિલાષાથી ઉત્પન્ન થયેલ જે વેદનાઓ તેનો નાશ કરવાવાળું જે સુખ છે, તેજ વાસ્તિવિક સુખ છે. તેની જાતિ જ જુદી છે. જે સુખ નિરાકુલરૂપથી અને શુદ્ધ સમ્યક્ પરિણામથી પોતાના ચિદાનંદ સ્વરૂપ શુદ્ધાત્મામાં સ્થિતિ કરાવે તેજ અવ્યાબાધ સુખ છે.

ભાવાર્થ:– જે સુખથી અમારી અશુભ ઇચ્છાઓ અને તે ઇચ્છાઓથી ઉત્પન્ન થયેલ વિચિત્ર વેદનાઓનો નાશ થાય, તેજ વાસ્તવિક સુખ છે. ઇન્દ્રિયોના વિષયોથી ઉત્પન્ન થયેલ જે સુખ છે, તેને વાસ્તવિક સુખ કહેવામાં નથી આવતું. કેમકે પરિણામે કેવળ દુઃખનેજ આપવાવાળું છે અને અશુભ ઇચ્છાઓ તથા વેદનાઓને ઉત્પન્ન કરનાર છે. તો હવે અનુપમ અતીન્દ્રિય સુખને પ્રાપ્ત કરવાને અર્થે નિરાકુલ અને વિશુદ્ધ (શુદ્ધ) પરિણામોથી પોતાના આત્મામાં જ સ્થિતિ કરવી જોઈએ.

तावन्न ज्ञायते आत्मा विषयेषु नरः प्रवर्त्तते यावत् ।
विषये विरक्त चितः योगी जानाति आत्मानम् ॥३४॥

અર્થ:- જ્યાં સુધી મનુષ્ય ઇન્દ્રિયોના વિષયોને વિષે પ્રવર્તે છે, ત્યાં સુધી તે આત્મસ્વરુપને નથી જાણતો. પરંતુ યોગી-ધ્યાની-મુનિ, જેમનું ચિત્ત વિષયોને વિષે વિરકત છે, અર્થાત નિર્મળ નિર્વિષયી ચિત્ત છે, તેઓ આત્મસ્વરુપને જાણે છે-અનુભવે છે.

ભાવાર્થ:- જીવનો સ્વભાવ જે ઉપયોગ તેની એવી સ્વચ્છતા છે કે, જે જ્ઞેય (જણાવા યોગ્ય) પદાર્થને વિષે ઉપયુક્ત થાય (જોડાય,) તે પદાર્થરૂપ થઇ જાય છે. તેથી આચાર્ય મહારાજ કહે છે કે, જ્યાંસુધી વિષયોમાં ચિત્ત (ઉપયોગ) રહે, ત્યાં સુધી જીવ તે રૂપે રહે છે; એટલે આત્માનો અનુભવ નથી થતો. આમ વિચારી યોગી-મુનિ વિષયોથી વિરકત પરિણામી થઇ, આત્મસ્વરૂપમાં ઉપયોગને લગાડે ત્યારેજ આત્મસ્વરૂપને જાણે-અનુભવે, આ કારણે જીવે વિષયોથી પ્રથમ વિરકત થવું જોઇએ, એ ઉપદેશામૃત છે.

सपरं बाधासहितं विच्छिन्नं बन्ध कारणम् विषमम् ।
यदिन्द्रियैर्लब्धं तत्सौख्यं दुःखमेव तथा ॥ ૨૫ ॥

અર્થ:- જે પાંચે ઇન્દ્રિયોના વિષયોથી ઉત્પન્ન થયેલ સુખ છે, તે પરાધીન છે. કેમકે તે પરદ્રવ્યની અપેક્ષા રાખે છે અને ક્ષુધા તૃષ્ણાદિ બાધા-પીડા સહિત છે. અસાતાવેદનીય કર્મના ઉદયથી નાશ પામવાવાળું છે, કર્મબંધનું કારણ છે, જ્યાં ઇન્દ્રિય સંબંધી સુખ હોય છે, ત્યાં અવશ્ય રાગાદિ દોષોની સેના હોય છે; તેને લઇને કર્મરૂપી રજ અવશ્ય લાગે છે. તે ઇન્દ્રિયરૂપ સુખ વિષમ છે, અર્થાત્ સમતારૂપ નથી, ચંચળ

છે માટે હાનિવૃદ્ધિરૂપ છે, એટલા માટે ઇન્દ્રિયસુખ છે, તે દુઃખરૂપ જ છે.

ભાવાર્થ:- આનાથી વિરુદ્ધ જે અતીન્દ્રિય સુખ છે, તે જ સાચું સુખ છે, કેમકે તે સ્વાધીન (સ્વતંત્ર) છે, બાધા રહિત છે, પોતાની પાસે જ સદાય રહેવાવાળું છે. બંધનું નાશક છે અને સમ પરિણામરૂપ છે. અતીન્દ્રિય સુખ અહીં પણ આત્માને બળવાન રાખે છે, શરીરને બલિષ્ટ રાખે છે અને કર્મોની નિર્જરા કરીને પરલોકમાં યોગ્ય સારપદ પ્રદાન કરે છે–આપે છે જે ઇન્દ્રિયોએ કરી પ્રાપ્ત થયેલ સાંસારિક સુખ છે, તે સુખ જેમ પૂર્વોક્ત પાંચ વિશેષણોથી સહિત છે, એમ દુઃખ પણ પરાધીન આદિ પાંચ વિશેષણોથી સહિત છે. પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં સુખ નથી, પરંતુ શુદ્ધાત્મ સ્વરૂપમાં સ્થિતિ કરવી તેજ અસલી (સ્વાભાવિક) આત્મિક સુખ છે.

हृषीका रूचितेषुचै रुद्वेगो विषयेषु यः ।
स स्याद् भोगाभिलाषस्य लिंगं स्वेष्टार्थ रंज्जनात् ॥ ३६ ॥

અર્થ:- ઇન્દ્રિયોને જે રુચિકર વિષય નથી, એમાં બહુજ દુઃખ માનવું. એજ ભોગોની અભિલાષાનું ચિહ્ન છે. કેમકે ઇન્દ્રિયોને અરુચિકર વિષયોમાં દુઃખ માનવાથી પોતાના અભીષ્ટ (ઇચ્છિત) પદાર્થોમાં રાગ અવશ્ય થશે જ : અને રાગદ્વેષ બન્ને સાપેક્ષ છે.

तद्यथा न रतिः पक्षे विपक्षेप्य रतिं विना ।
नारतिर्वा स्वपक्षेपि तद्विपक्षे रतिं विना ॥ ३७ ॥

અર્થઃ– સ્વપક્ષમાં રાગ નથી થતો અને વિપક્ષમાં રાગ થયા વિના સ્વપક્ષમાં દ્વેષ નથી થતો.

ભાવાર્થઃ– રાગ અને દ્વેષ બન્ને સાપેક્ષ છે. એક વસ્તુમાં જ્યારે રાગ છે તો બીજી વસ્તુમાં દ્વેષ અવશ્ય થશે જ. અથવા બીજી વસ્તુમાં જ્યારે રાગ છે ત્યારે પહેલી વસ્તુમાં દ્વેષ અવશ્ય થશે જ. રાગદ્વેષ બન્ને સહભાવી (સહચારી) છે. એમ ઇન્દ્રિયોના કોઇ પણ વિષયમાં દ્વેષ કરવાથી, બીજા કોઇમાં રાગ અવશ્ય થશે જ. કોઇ એવી આશંકા કરે કે, પરદ્રવ્ય વિષે રાગ કરવાથી આત્માને શું નુકસાન થાય છે? કેમ કે પરદ્રવ્ય છે તે તો પર જ છે. જે કાલમાં રાગ થયો તે કાલમાં રાગ છે, પછી મટી જાય છે. તેને ઉપદેશ આપી સમજાવે છે કે, પરદ્રવ્યને વિષે રાગ કરવાથી પરદ્રવ્યના નિમિત્તથી પડેલ રાગના સંસ્કાર આત્માની સાથે સાથે જાય છે. આત્માનો સંબંધ છોડતા નથી. આ વાત સિદ્ધ છે–પ્રસિદ્ધ છે. આપણને રાગના સંસ્કાર દૃઢ થતાં જાય છે અને પરલોક સુધી પણ ચાલ્યા આવે છે, આ શાસ્ત્રયુક્ત સિદ્ધ વાત છે. જિનાગમમાં પણ રાગથી કર્મનો બંધ કહ્યો છે, તેનો ઉદય અન્ય જન્મનું કારણ છે. એમ પરદ્રવ્ય વિષે રાગ કરવાથી સંસારની વૃદ્ધિ થાય છે. દ્વેષનું પણ રાગની માફક જાણવું: માટે યોગીશ્વર મુનિ પરદ્રવ્ય પ્રત્યેના રાગને ત્યાગી આત્મા વિષે નિરંતર નિર્મલ સમભાવના રાખે છે. [મોક્ષ પાહુડ]

पंचाक्ष विषयाः किंचित्नास्य कुर्वन्त्यचेतनाः ।
मन्यते स विकल्पेन सुखदा दुःखदा मम ॥ ३८ ॥

અર્થ:–રૂપ આદિ પાંચે ઇન્દ્રિયોના વિષયો આત્માનું કાંઈ પણ હિતાહિત કરી શકતા નથી; કેમકે તે અચેતન છે. પરંતુ આ જીવ વિકલ્પથી અર્થાત્ મોહથી ઉત્પન્ન થયેલ ભાવોથી એમ માનીલે છે કે "મને સુખ આપવાવાળા તેમજ દુઃખ દેવાવાળા છે."

ભાવાર્થ:– અનેક પ્રકારનાં નિન્દા તથા સ્તુતિરૂપ વચનો છે. તે વચનો પુદ્ગલ રૂપે પરિણમે છે. એને સાંભળી અજ્ઞાની જીવ એમ માને છે કે, "આ વચનો મને કહેલ છે," એવું માની તે અજ્ઞાની જીવ રોષ કરે છે, અથવા સંતુષ્ટ (પ્રસન્ન) થાય છે. શબ્દરૂપે પરિણમેલ જે પરમાણુ તે પુદ્ગલ દ્રવ્ય છે. તે પુદ્ગલ દ્રવ્યનો ગુણ છે. તે આત્માનો ગુણ નથી પણ આત્માથી તદ્દન ભિન્ન છે. માટે હે અજ્ઞાની જીવ ? તને તો કોઇએ કાંઇ કહ્યું નથી. તું અજ્ઞાની થઇ કેમ રોષ કરે છે અથવા તો કેમ પ્રસન્ન થાય છે ? શુભ અથવા અશુભ શબ્દો તને એમ નથી કહેતા કે "તું અમને સાંભળ" અને શ્રોત્ર ઇન્દ્રિયના વિષયમાં આવેલ શબ્દોને ગ્રહણ કરવાને તે આત્મા પણ પોતાના સ્વરૂપનો ત્યાગ કરી જતો નથી. એજ પ્રમાણે અન્ય ઇન્દ્રિયોનું પણ સમજી લેવું. અશુભ અથવા શુભ-રૂપ પણ તને એમ નથી કહેતું કે, "તું મને દેખ." ચક્ષુ-ઇન્દ્રિયના વિષયમાં આવેલ રૂપને ગ્રહણ કરવાને આત્મા પણ-સ્વપ્રદેશોને ત્યજી દેતો નથી. અશુભ અથવા શુભ ગંધ પણ તને એમ નથી કહેતી કે: "તું મને સુંઘ." ઘ્રાણેન્દ્રિયના વિષયમાં આવેલી ગંધને ગ્રહણ કરવાને આત્મા પણ પોતાના પ્રદેશોને છોડીને જતો નથી. અશુભ અથવા શુભ રસ પણ તને

એમ નથી કહેતા કે, તું અમારો સ્વાદ લે. અને રસેન્દ્રિયના વિષયમાં આવેલ રસને ગ્રહણ કરવાને આત્મા પણ પોતાના પ્રદેશોને છોડીને જતો નથી. અશુભ અથવા શુભ સ્પર્શ પણ તને એમ નથી કહેતા કે, તું અમારો સ્પર્શ કર. અને સ્પર્શેન્દ્રિયના વિષયમાં આવેલ સ્પર્શને ગ્રહણ કરવાને આત્મા પણ પોતાના પ્રદેશોને છોડીને જતો નથી. અશુભ અથવા શુભ દ્રવ્યના ગુણ તને એમ નથી કહેતા કે, તું અમને જાણ. અને બુદ્ધિના વિષયમાં આવેલ ગુણને ગ્રહણ કરવાને આત્મા પણ પોતાના પ્રદેશોને છોડીને જતો નથી. આ મૂઢ અજ્ઞાની જીવ, પુદ્ગલ અને આત્માને ભિન્ન જાણે છે, છતાં પણ ઉપશમ ભાવને પ્રાપ્ત થતો નથી અને પરને ગ્રહણ કરવાનું મન કરે છે. કેમકે પોતે, કલ્યાણરૂપ બુદ્ધિ જે સમ્યગ્જ્ઞાન તે રૂપ સ્વયં પરિણમતો નથી.

વિશેષાર્થ:– આત્મા શબ્દને સાંભળી, રૂપને દેખી, ગંધને સુંઘી, રસનો સ્વાદ લઇ, સ્પર્શને સ્પર્શી, ગુણ દ્રવ્યને જાણી, ભલું–બૂરું માની રાગદ્વેષને ઉપજાવે છે, તે આત્માનું અજ્ઞાન છે. શબ્દાદિક તો જડ છે–પુદ્ગલ દ્રવ્યના ગુણ છે. તે આત્માને કાંઇ કહેતા નથી કે: "અમને ગ્રહણ કરો." આત્મા પણ સ્વયં પોતાના પ્રદેશોને છોડીને એને ગ્રહણ કરવાને એમાં જતો નથી. આત્મા તો એ સમીપ નથી છતાં પણ એને જાણે છે અને તે સમીપ હોય તોપણ જાણે છે. તે પુદ્ગલો આત્માના વિકારનું કાંઇપણ કારણ નથી. જેમ દીપક ઘટપટ આદિ પદાર્થોને જણાવે છે, તેમ આત્મા પણ પદાર્થોને જાણે છે. વસ્તુનો આવો સ્વભાવ

હોવા છતાં મૂઢ અજ્ઞાની આત્મા રાગદ્વેષને ઉપજાવે છે આ નર્યું અજ્ઞાન જ છે અને આત્માનો પોતાનો જ અપરાધ છે.

जनोऽति लोलोऽप्यनु बन्ध दोषतो ।
भयाद कार्येष्विह न प्रवर्तते ॥
इहाऽप्य मुत्राऽप्यनु बन्ध दोषवित् ।
कथं सुखे संसजतीति चाऽब्रवीत् ॥ ३९ ॥

અર્થઃ– જો કે સંપૂર્ણ સંસાર વિષયાસકત છેઃ તોપણ રાજદંડ આદિના ભયથી તીવ્ર વિષયલોલુપી જીવ પણ નિન્દનીય ખોટાં કાર્યોમાં નથી જોડાતો. તો પછી જે આત્મા આલોક તથા પરલોક બન્નેનાં ફળને જાણે છે, તે વિષય સુખમાં કેમ આસકત થશે? કદાપિ આસકત નહીં થાય એવો ઉપદેશ આપ્યો છે.

स चानुबन्धोऽस्य जनस्य ताप कृत् ।
तृषोऽभिवृद्धिः सुखतो न च स्थितिः ॥
इति प्रभो! लोक–हितं यतो मतं ।
ततो भवानेव गतिः सतां मतः ॥ ४० ॥

અર્થઃ–સંસારના વિષયાસકત દોષોને શાસ્ત્રે દેખાડયા છે, તે દોષો આ લોકમાં વિષયાસકત જીવોને માત્ર સંતાપનું કારણ નથી, પરંતુ તે ઉપરાંત સ્ત્રી, ધન વસ્ત્રાદિકની તૃષ્ણા પણ તે જીવોને પ્રતિક્ષણ દુઃખ દેવાવાળી છે. વિષય ભોગની પ્રાપ્તિ થવાથી અને એ પ્રકારનાં ભોગનાં સુખોમાં જીવોની શરીરસ્થિતિ પૂર્ણ થઇ જશે. આ અપસિદ્ધાંત પણ ઠીક

નથી. કેમકે વિષયજન્ય સુખો પ્રાપ્ત થવાથી એને વધારવાની તથા સુરક્ષિત રાખવા આદિની નિરંતર ચિંતા રહ્યા કરે છે તેથી દુઃખજ છે. માટે હે અભિનંન્દન સ્વામિન્! એ સર્વેથી ઉદાસીન આપનો મત જ લોકોપકારક હોવાથી સજ્જન પુરુષોએ અપનાવવા યોગ્ય છે.

दुःखेन ज्ञायते आत्मा आत्मानं ज्ञात्वा भावना दुःखम्।
भावितस्वभाव पुरुषः विषयेषु विरज्यति दुःखम् ॥३१॥

અર્થ:- પ્રથમ તો આત્મા મહા કષ્ટે કરીને જણાય છે. એટલે કે શરીરથી ભિન્ન આત્મા છે, એવા પ્રકારની બુદ્ધિ મનુષ્યમાં ઉત્પન્ન થાય છે. જો આત્મા છે, એમ જાણ્યું તો તે આત્મા વિષે ભાવના-તીવ્ર જાગૃતિ-અહર્નિશ ચિંતવન-તેના ગુણોનું વારંવાર સ્મરણ અને અનુભવ કરવો, એ પણ મહાકષ્ટથી તેને થાય છે. જે પુરુષે જિનભાવના (શુદ્ધાત્મભાવના) ભાવેલ છે. આત્મભાવના સહિત હોય-તો પણ તેને વિષયોથી વિરકત ભાવ ઘણી મુશ્કેલીથી થાય છે મનોહર લલનાનાં સ્તન, જંઘા, વદન લોચનાદિના દર્શન વિષે, તેની સાથે વાર્તાલાપ- ગોષ્ઠી વિષે, શરીર-સ્પર્શનાદિ સુખને વિષે વિરકત થવું અને ઇન્દ્રિય સુખોને હલાહલ વિષ સમાન જાણવાં, તે અતિશય દુષ્કર છે.

ભાવાર્થ:- આત્માને જાણવો, તેની ભાવના વારંવાર કરવી, તથા વિષયોથી વિરકત થવું અને ભવે ભવે ઉત્તરોત્તર આ યોગ મળવો બહુજ દુર્લભ છે. તેથી શાસ્ત્ર ઉપદેશે છે કે એવો યોગ મળે તો જીવે પ્રમાદી ન થવું જોઈએ.

सौख्यं वा पुनर्दुःखं केवलज्ञानिनो नास्ति देहगतम् ।
यस्मादतीन्द्रियत्वं जातं तस्मात्तु तज्ज्ञेयम् ॥૪૨॥

અર્થ:- કેવલજ્ઞાનીને શરીરથી ઉત્પન્ન થયેલ ભોજનાદિક સુખ અથવા ભૂખ વિગેરેનું દુઃખ નથી. એ કારણથી તે કેવલી ભગવાનને ઇન્દ્રિય રહિત ભાવ પ્રગટ થયો. (ક્ષાયકભાવ પ્રગટ થયો.) એટલા માટે " तज्ज्ञेयम् " અર્થાત્ અતીન્દ્રિય જ્ઞાન અને સુખ ભવ્ય આત્માએ જાણવું જોઈએ.

ભાવાર્થ:- જેમ અગ્નિ લોઢાના ગોળાની સંગતિ છૂટી જવાથી ઘણના ઘાને પ્રાપ્ત થતી નથી તેમ આત્મા પણ લોઢાના પિંડ સમાન જે ઇન્દ્રિયજ્ઞાન, એના અભાવથી સંસાર સંબંધી સુખ દુઃખનો અનુભવ કરતો નથી. તેથી કેવલી ભગવાનને શરીર સંબંધી ક્ષુધાદિ દુઃખ અને ભોજનાદિ સુખ નથી; તેથી તેમને કવલાહાર હોતો નથી.

न श्रद्धति सौख्यं सुखेषु परमामिति विगतघातिनां ।
श्रुत्वा ते अभव्या भव्या वा तत्प्रतीच्छन्ति ॥૪૩॥

અર્થ:- જેમનાં ચારે ઘાતિ કર્મોનો ક્ષય થઇ ગયો છે, એવા કેવલી ભગવાનને અન્ય સર્વ સુખોમાં ઉત્કૃષ્ટ અતીન્દ્રિય સુખ છે, એવું સાંભળી જે કોઇ પુરુષ વિશ્વાસ નથી કરતો તે પુરુષ સમ્યક્ત્વ પરિણતિથી રહિત અભવ્ય (અયોગ્ય) છેઃ અને જે પુરુષ કેવલી ભગવાનના તે અતીન્દ્રિય સુખને માને છે, તે ભવ્ય (યોગ્ય) છે. અર્થાત્ સમ્યક્ત્વ પરિણતિ સહિત છે.

ભાવાર્થ:- સમ્યગ્દૃષ્ટિ જીવ સાંસારિક ઇન્દ્રિયસુખોને સુખાભાસ સમજે છે અને ઇન્દ્રિય સંબંધી સુખને રુઢીથી સુખ માને છે. યથાર્થ રીતે તો કેવલીભગવાનના સુખને જ તે સાચું શાશ્વત સુખ માનેછેઃ કેમકે એમને ઘાતિકર્મોનો નાશ થવાથી અનાકુલતા ઉત્પન્ન (પ્રગટ) થઈ છે અને આકુલતા રહિત સુખ જ પારમાર્થિક (નિશ્ચયથી) સુખ છે. જે અજ્ઞાની આત્મિક સુખનો આસ્વાદ લેવાવાળો નથી તે મૃગતૃષ્ણાની માફક અજળમાં જળની કલ્પના કરીને ઇન્દ્રિયાધીન સુખને સુખ માને છે. જ્યાંસુધી આત્મા ઇન્દ્રિયોને આધીન છે, ત્યાં સુધી શરીર સંબંધી સુખદુઃખનો અનુભવ કરે છે. કેવલીભગવાન અતીન્દ્રિય છે તેથી એમને શરીર સંબંધી સુખદુઃખ નથી. એમ સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાનીઓ કહે છે. તેમ જે જીવ શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરે છે તે ભવ્ય છે.

तिमिरहरा यदि दृष्टिर्जनस्य दीपेन नास्ति कर्तव्यम्
तथा सौख्यं स्वयमात्मा विषयाः किं तत्र कुर्वन्ति ॥४४॥

અર્થ:- જો ચોર આદિ જીવની દેખવાની શકિત અંધકારને દૂર કરવાવાળી છે, તો તેને દીપકથી કાંઇ કામ કરવાપણું રહેતું નથી. એમ જીવ જ્યાં પોતે જ સુખરૂપ છે, ત્યાં ઇન્દ્રિયોના વિષયોને શું કરવાનું હોય ? કશુંય નહીં.

ભાવાર્થ:- જેમ સિંહ, સર્પ, રાક્ષસ ચોર આદિ રાત્રીમાં વિચરવાવાળા જીવો અંધારામાં પણ પદાર્થોને સારી રીતે ભાળી શકે છે અને એની દૃષ્ટિ અંધારામાં પણ પ્રકાશ આપતી હોઇ, અન્ય દીપક આદિ પ્રકાશ કરવાવાળાં સહાયક કારણોની અપેક્ષા નથી રહેતી,

તેમ આત્મા પોતે જ સુખ-સ્વભાવવાળો છે, એટલે સ્વાનુભવ કરવામાં વિષય આદિ કારણ નથી થઈ શકતાં. વિષયોથી સુખ અજ્ઞાની જનોએ વ્યર્થ માની લીધેલ છે. આ માનવું માત્ર મોહનો જ વિલાસ છે–માત્ર મિથ્યા ભ્રમ છે. આથી આ કથન સિદ્ધ થયું કે, જેમ શરીર સુખનુ કારણ નથી તેમ ઇન્દ્રિયોના વિષયો પણ સુખનું કારણ નથી. અતીન્દ્રિય સુખનું કારણ તો નિર્મળ સમ્યક્ત્વ રત્નના અસ્તિત્વમાં જ (વિદ્યમાનપણામાં જ) છે. અને જેને સ્વાભાવિક નિરાકુલતામય અસંખ્યાત આત્મપ્રદેશોમાં પરમ આહ્લાદ સ્વરૂપ અતીન્દ્રિય–અક્ષય–અપૂર્વ સુખનો અંશે સાક્ષાત્ અનુભવ થાય છે, તે સમ્યગ્દૃષ્ટિને પાંચે ઇન્દ્રિયોના વિષયો તુચ્છ અને સાર વિનાના ભાસે છે. જેમ શેરડીના સાંઠામાંથી રસ ચૂસી લીધા પછી છોતરાં ફેંકી દેવામાં આવે છે, તેમ અંતરંગ દિવ્ય દૃષ્ટિથી આહ્લાદ સ્વરૂપ અતીન્દ્રિય સુખનો રસ જ્ઞાનીઓએ અનુભવીને વિષમિશ્રિત વિષયોને છોતરાની માફક ત્યાગવામાં જરા પણ વિલંબ કરતા નથી. તેમજ તેમને તેમ કરવામાં કશી હાનિ થાય છે? ના બિલકુલ નહીં જ. ધન્ય છે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની મહાત્માઓને કે, જેઓ વિષયોને જ્ઞેય માત્ર જાણી તેમાં આસકત નથી થતા અને જે વિષયોમાં અત્યંત આસક્ત રહે છે, તે અજ્ઞાની છે. વિષયો છે તે તો જડ પદાર્થ છે. સુખ તો તેને જાણવાથી (જ્ઞાનમાં) જ થાય છે; પરંતુ અજ્ઞાનીઓને મોહના આવેશથી ઇન્દ્રિયો દ્વારા વિષયોને ગ્રહણ કરવાની ઇચ્છા થાય છે. વિષયો ગ્રહણ થયા પછી ઇચ્છાઓ પૂર્ણ થયે નિરાકુલતા થાય છે, ત્યારે આનંદ માને છે. કેમકે અજ્ઞાનીઓએ વિષયોમાં આસક્ત

થઇ અંધ દૃષ્ટિથી રાગમાં સુખ માની લીધું છે. જેમ શ્વાન સુકાં હાડકાંને ચાવે છે, ત્યારે હાડકાંની અણી એના તાળવામાં લાગે છે, તેથી તાળવું ફાટે છે, તેમાંથી રુધિર નીકળે છે, ત્યારે અજ્ઞાની શ્વાન એમ જાણે છે કે, આ રસ હાડકામાંથી નીકળે છે: એટલે તે હાડકાને વારંવાર ચાટે છે જીવ વિષયોનો આસ્વાદ લઇ એમ માને કે આ વિષયોનો સ્વાદ હું ભોગવું છું. પણ વિષયમાં તો સ્વાદ છે જ નહીં. જીવે પોતેજ ઇચ્છા કરી હતી અને પોતે જ ભોગવી જાણી, પોતેજ આનંદ માન્યો. આનું નામ ઊંધી માન્યતા. હું અનંત જ્ઞાનસ્વરૂપ આત્મા છું, એવો (નિરાકુળ કેવલજ્ઞાનનો) તેને જરા પણ અનુભવ નથી : એટલે તેણે એમ માન્યું કે મેં નૃત્ય દેખ્યું, રાગ સાંભળ્યો, પુષ્પ સુંઘ્યું, શાસ્ત્ર જાણ્યું, એવી રીતે જ્ઞેયમિશ્રિત જ્ઞાનનો અનુભવ કરે છે, તેથી વિષયોમાં પ્રધાનપણે સુખનો મિથ્યા ભાસ થાય છે. જ્ઞાનીઓએ તો પોતાના નિર્મળ સમ્યગ્જ્ઞાનમાં જ સુખ માન્યું છે અને અનુભવ્યું પણ છે. જ્યાં સુધી ઉપયોગ વિષયોમાં લીન રહે છે, ત્યાં સુધી વાસ્તવિક સાચું સુખ શું છે, તે સમજાતું નથી, અને વિષયોમાંજ સુખ માની અતીન્દ્રિય સુખની ઉપેક્ષા (અવગણના) જીવથી થઈ જાય છે. વિષય સુખ વાસ્તવિક સુખ જ નથી; પરંતુ નિરાકુલ આહ્લાદસ્વરૂપ સુખ છે, તે જ વાસ્તવિક–અસલી શાશ્વત સુખ છે.

भूरेखादि सदृक् कषाय वशगो यो विश्वदृश्वाज्ञया ।
हेयं वैषयिकं सुखं निजमुपादेयं त्विति श्रद्धत् ॥

चौरो मारयितुं धृतस्तलवरेणेवाऽऽत्मनिन्दादिमान् ।
शर्माक्षं भजते रुजत्यपि परं नोच्चप्यते सोऽप्य घैः ॥ ४५ ॥

અર્થ:- જેમ કોટવાલ દ્વારા પકડાયેલ ચોર જાણે છે કે કાળું મોઢું કરવું ગધેડા ઉપર ચડવું, આદિ અતિ નિન્દ્ય (ખરાબ) કામ છે; છતાં પણ કોટવાળની આજ્ઞા અનુસાર તેને સર્વ કામ કરવાં પડે છે. તે મૃત્યુને ઇચ્છતો નથી પણ મૃત્યુનો અનુભવ તેને કરવો પડે છે: તેમ સમ્યગ્દૃષ્ટિ પુરુષ જાણે છે કે ત્રસ સ્થાવર જીવોને દુઃખ દેવું, ઇન્દ્રિયોના વિષયસુખ સેવન કરવાં, તે અતિ નિન્દ્ય અને અયોગ્ય કાર્ય છે. તોપણ અપ્રત્યાખ્યાના-વરણાદિ ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી સમ્યગ્દૃષ્ટિને તે સર્વ કામ કરવાં પડે છે. તેમજ દ્રવ્યહિંસા, ભાવહિંસા પણ કરવી પડે છે. વાસ્તવિક વસ્તુ એટલી છે કે સમ્યગ્દર્શન પ્રગટ થઈ જવાથી તે પાપોથી અત્યંત ક્લેશિત થતો નથી.

સમ્યગ્દૃષ્ટિની અનિચ્છાપૂર્વક ક્રિયા.

ना सिद्धोऽनिच्छितस्तस्य कर्म तस्याऽऽमयात्मनः ।
वेदनायाः प्रतिकारो न स्याद्रोगादि हेतुकः ॥ ४६ ॥

અર્થ:- સમ્યગ્દૃષ્ટિને ઇચ્છા વિના પણ ક્રિયા થાય છે. આ વાત સિદ્ધ છે. કેમકે જે રોગી છે તે વેદનાનો પ્રતિકાર (નાશ) કરે છે. એનો પ્રતિકાર કરવો તે રોગાદિક થવાનું કારણ નથી.

ભાવાર્થ:- જેમ રોગને દૂર કરવાનો પ્રયત્ન, રોગનું કારણ કયારે પણ હોઇ શકતું નથી, તેમ સમ્યગ્દૃષ્ટિની ઇચ્છા વિના

થવાવાળી ક્રિયા અભિલાષા (ઇચ્છા) ને ઉત્પન્ન કરતી નથી.

સમ્યગ્દૃષ્ટિ ભોગી નથી.

सम्यग्दृष्टि रसौ भोगान् सेवमानोऽप्य सेवकः ।
नीरागस्य न रागाय कर्माऽकाम कृतं यतः ॥ ४७ ॥

અર્થ:- સમ્યગ્દૃષ્ટિ ભોગોનું સેવન કરે છે: છતાં પણ એનો સેવક નથી થતો. કેમકે રાગ વિહીન પુરુષનું ઇચ્છા વિના કરેલ કર્મ રાગને અર્થે કરેલું કહેવામાં નથી આવતું.

त्यक्तं येन फलं सकर्म कुरुते नेति प्रतीमो वयं ।
किन्त्वस्याऽपि कुतोऽपि किंचिदपितत्कर्मवशेनापतेत् ॥
तस्मिन्नापतिते त्व कंप परम ज्ञान स्वभावे स्थितो ।
ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः ॥४८॥

અર્થ:- જે સમ્યગ્દૃષ્ટિ ભવ્ય આત્મા છે, તેણે કર્મોનાં ફલને તો ત્યાગી દીધેલ છે છતાં તે કર્મ કરે છે, એવી પ્રતીતિ અમે નથી કરી શકતા; પરંતુ એમાં કાંઇ વિશેષતા (મહત્ત્વ) છે. એમાં કાંઇક ઊંડું રહસ્ય સમાયેલું છે. કેમકે જ્ઞાનીને પણ કોઇ કારણે કાંઇક એવું કર્મ પરવશપણે આવી પડે છે. તે કર્મના આવવાથી જ્ઞાની પરમજ્ઞાન સ્વભાવમાં નિશ્ચલ રહી કોઇપણ કર્મ કરે છે કે નહીં, એ કોણ જાણે ?

ભાવાર્થ:- જ્ઞાનીને પણ પરવશપણે કર્મ કરવાનું આવી પડે છે. તે કર્મના આવવાથી જ્ઞાની જ્ઞાનથી ચલાયમાન [illegible];

કેમકે અપૂર્વ અદ્‌ભુત, અચિંત્ય, અવસ્થામાં રહી જ્ઞાની કર્મ કરે છે કે નહી, એ માલૂમ પડતું નથી. આ વાત કોણ જાણી શકે ? જ્ઞાનીની વાત જ્ઞાની જ જાણે. અજ્ઞાનીનું સામર્થ્ય જ્ઞાનીનાં ઉજ્જવળ પરિણામોને જાણવાનું નથી. અહીં જ્ઞાની કહેવાથી અવિરતિ સમ્યગ્દૃષ્ટિથી માંડી ઉપરના સર્વે જ્ઞાની સમજવા. તેમાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ તથા આહારવિહાર કરવાવાળા મુનિઓની બાહ્ય ક્રિયા પ્રવર્તે છે : છતાં પણ અંતરંગ મિથ્યાત્વના અભાવથી તથા યથા સંભવ કષાયના અભાવથી તે ક્રિયાઓ ઉજ્જવળ છે. એટલા માટે એની અંતરંગ પરિણતિરૂપ ઉજ્જવળતાને (નિર્મળતાને) એ જ જાણે છે. મિથ્યાદૃષ્ટિ એની ઉજ્જવળતાને નથી જાણી શકતા : કેમકે મિથ્યાદૃષ્ટિ તો બહિરાત્મ બુદ્ધિ–બહિરાત્મા છે. બહારથી ભલું બૂરું માની લે છે. અંતરંગ આત્માના નિર્મલ પરિણામની અતિ મિથ્યાદૃષ્ટિ શું જાણી શકે? ન જ જાણી શકે. સમ્યગ્દૃષ્ટિની અંતરંગ દૃષ્ટિ નિજ પરિણતિ ઉપર છે. (સ્વભાવ પરિણતિ ઉપર છે. પર વસ્તુ ઉપર નથી. બાકી જે અનેક સિદ્ધાંતાદિ શાસ્ત્રોને ભણે છે તથા સંસારના વિષયકષાયોમાં રાગભાવને છોડતા નથી, તે આત્માનો અનુભવ કરી શકતા નથી. માટે સમ્યગ્દૃષ્ટિ નથી, મિથ્યાદૃષ્ટિ જ છે; અને જેમને નિર્મલ નિશ્ચય સમ્યગ્દર્શન ઉત્પન્ન થયેલ છે, તેમનો અંતરથી અનંતાનુબંધી મિથ્યાત્વ સંબંધી રાગભાવ છૂટી જવાથી, તેમને અંતરંગમાં આત્મ–અનુભવથી જ પ્રેમ હોય છે. કષાયની બળજોરીથી તે ભલે સંયમને લેશ માત્ર પણ ધારણ કરી શકતો નથી પરંતુ પરિણતિમાં અંતરંગ રુચિ એટલી બધી અગાધ અને ઉજ્જવલ

હોય છે કે અતીન્દ્રિય આત્મિક સુખના સ્વાદને કયારે પણ ભૂલતો નથી. એજ નિર્મલ ઉપયોગ પરિણતિની અદ્‌ભૂત સિદ્ધિ છે. સમ્યગ્દૃષ્ટિની સાંસારિક ભોગોમાં ઉપેક્ષા બુદ્ધિ હોય છે, એનું સમર્થન નીચેનો શ્લોક કરે છે:–

उपेक्षा सर्व भोगेषु सदृदृष्टे र्दृष्ट रोगवत् ।
अवश्यं तदवस्था यास्तथा भावो निसर्गनः ॥ ४९ ॥

અર્થ:– સમ્યગ્દૃષ્ટિને પ્રત્યક્ષમાં દેખેલ રોગની માફક સંપૂર્ણ ભોગોમાં ઉપેક્ષા (વૈરાગ્ય) વૃત્તિ થઇ ચૂકેલ હોય છે અને તે અવસ્થામાં એવું થવું, અવશ્ય ભાવી તથા સ્વાભાવિક છે.

ભાવાર્થ:– સમ્યગ્દર્શન ગુણથી થવાવાળી સ્વાનુભૂતિરૂપ અતીન્દ્રિય સુખ સ્વાદના સન્મુખ સમ્યગ્દૃષ્ટિને વિષય સુખમાં ઉપેક્ષા થવી સ્વાભાવિક છે. કેમકે સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્જ્ઞાન ગુણ પ્રગટ થતાં જ ગુણશ્રેણી નિર્જરા પ્રગટે છે. જો કે જ્ઞાની આત્મા ચારિત્ર મોહનીય કર્મના પ્રબલ ઉદયમાં સંયમ નથી કરી શકતો એટલે અવ્રતી દશામાં રહે છે, છતાં પણ કર્મ નિર્જરા જ થાય છે.

વિશેષાર્થ:–જ્ઞાની વિષય આદિ ભોગવતાં, હાલતાં ચાલતાં, બોલતાં, અનેક કર્મોને નિર્જરે છે. અજ્ઞાનીના જે પરિણામ સમાધિ, યોગ, આસન, મૌનનાં છે, તે જ પરિણામ જ્ઞાનીના વિષય, ભોગ, હાલવા ચાલવા, બોલવાના છે. સમ્યક્‌ત્વરત્નની એવી કોઇ અદ્‌ભુત ઓર અટપટી દશા છે કે તે સમ્યગ્દૃષ્ટિ જ જાણી શકે. અજ્ઞાની પ્રથમ તો આમાં પ્રવેશ જ કરી શકતો નથી. આ બાત સમજવાની

તેનામાં યોગ્યતા જ નથી: કદાચિત્ જાણુવાને ઇચ્છે તો અનર્થ જ કરે.

સમ્યગ્દૃષ્ટિની ભોગોમાં પ્રવૃત્ત ચારિત્રમોહનીય કર્મના ઉદયને લઈને જ છે. તેને હવે સિદ્ધ કરે છે:-

दृङ् मोहस्य क्षतेस्तस्य नूनं भोगाननिच्छितः ।
हेतु सदभावतोऽवश्य मुपभोग क्रिया बलात् ॥ ५० ॥

અર્થ:- સમ્યગ્દૃષ્ટિને દર્શનમોહનીયકર્મનો નાશ થવાથી ભોગોની ઇચ્છા નિયમથી ખરેખર હોતી નથી. તે ભોગોને ઇચ્છતો નથી. પરંતુ હેતુની સત્તાથી અવશ્ય પ્રેરિત થઇ, એને ઉપભોગ ક્રિયા કરવી પડે છે. હેતુ તે જ ચારિત્રમોહનીયનો ઉદયજન્ય વિપાક છે.

सुद्धे सम्मत्ते अवि-रदोवि अज्जेदि तित्थयरणामं ।
जादोदु सेणिगो आगमेसि अरहो अविरदो वि ॥ ५१ ॥

અર્થ:- જે ભવ્ય આત્માના નિર્મલ પારદર્શક હૃદયકમળને વિષે શુદ્ધ સમ્યક્ત્વરત્ન બિરાજમાન છે, તે વ્રત રહિત હોવા છતાં પણ સમ્યક્ત્વના પ્રભાવથી ભવિષ્યકાળમાં અરહંત ભગવાન થશે. એટલે સમ્યક્ત્વ સહિત અને વ્રત રહિત પુરુષ તીર્થંકરનામ કર્મને ઉપાર્જન કરે છે. તે રાજા શ્રેણિકના દૃષ્ટાંતથી જાણવું.

छट्ठमदसमदुवादसेहिं अण्णाणि यस्स जा सोधी ।
तत्तो बहुगुण दरिया होज्ज हु जिमिदस्स णाणिस्स ॥५२॥

અર્થ:- મંદ કષાયવાન અજ્ઞાનીને છઠ, અઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ આદિ તપે કરી જે શુદ્ધિ થાય છે, તેથી અનંત-ગણી વિશુદ્ધતા ભોજન કરતાં છતાં પણ સમ્યગ્જ્ઞાનીને થાય છે.

अलौकिक महावृत्तं ज्ञानिनः केन वर्ण्यते ।
अज्ञानी बध्यते यत्र ज्ञानी तत्रैव मुच्यते ॥ ५३ ॥

અર્થ:- (અહો ! ઇતિ આશ્ચર્યે) જુઓ જ્ઞાની પુરુષોનું જે મહાન અલૌકિક ચારિત્ર છે, તે કોનાથી વર્ણન થઈ શકે તેમ છે ? અર્થાત્ કોઇથી નહીં. કેમકે જે આચરણમાં અજ્ઞાની કર્મથી બંધાઇ જાય છે, એજ આચરણમાં જ્ઞાની બંધનમુક્ત બને છે. આ આશ્ચર્યની વાત છે.

यत्र बालश्चरत्यस्मिन् पथि तत्रैव पंडितः ।
बालः स्वमपि बध्नाति मुच्यते तत्त्वविद् ध्रुवम् ॥ ५४ ॥

અર્થ:- જે માર્ગમાં અજ્ઞાની ચાલે છે, એજ માર્ગમાં વિદ્વાન સમ્યગ્દૃષ્ટિ પુરુષ પણ ચાલે છે. પરંતુ અજ્ઞાની પોતાના આત્માને બાંધી લે છે અને તત્ત્વજ્ઞાની બંધ રહિત ચોક્કસ બને છે.

ભાવાર્થ:- આ સમ્યગ્જ્ઞાનનું માહાત્મ્ય છે. જેમ એક માછલું એવી જાતનું હોય છે કે જાલમાં આવી જવા છતાં તેને તોડી નાખવાની એનામાં શક્તિ હોય છે, તેથી તે જાલને તોડી બહાર નીકળી જાય છે-જાલમાં ફસાતું નથી. આ પ્રકારની સમ્યગ્જ્ઞાનીની ગતિ હોય છે.

स्याद्य द्यत्प्रीतयेऽज्ञस्य तत्तदेवा पदास्पदम् ।
बिभेत्ययं पुनर्यस्मिंस्तदेवानन्द मंदिरम् ॥ ५५ ॥

અર્થ :- અજ્ઞાની મનુષ્યને જે જે વિષયાદિક વસ્તુ અત્યંત પ્રીતિ અર્થે થાય છે, તે તે વસ્તુ જ્ઞાનીને આપદાનું સ્થાન છે. અજ્ઞાની જે તપશ્ચરણાદિકમાં ભય કરે છે, તે જ જ્ઞાનીને આનંદનું દિવ્ય ધામ બને છે. કેમકે અજ્ઞાનીને અજ્ઞાનના કારણથી વિપર્યય (વિપરીત) ભાસે છે.

आस्तांन बन्ध हेतुः स्याज्ज्ञानिनां कर्मजा क्रिया ।
चित्रं यत्पूर्वबद्धानां निर्जरायै च कर्मणाम् ॥ ५६ ॥

અર્થ:- જ્ઞાનીઓને કર્મથી થવાવાલી ક્રિયા બંધનો હેતુ નથી બનતો એ વાત તો છે જ: પરંતુ આશ્ચર્ય તો આ વાતનું છે કે તે ક્રિયા કેવળ પૂર્વે બાંધેલ કર્મોની નિર્જરાનું જ કારણ છે.

જ્ઞાનીનું ચિહ્ન:-

वैराग्यं परमोपेक्षा ज्ञानं स्वानुभवः स्वयम् ।
तद्द्वयं ज्ञानिनो लक्ष्म जीवन्मुक्तः स एव च ॥ ५७ ॥

અર્થ:- સમ્યગ્જ્ઞાની, વૈરાગ્ય-પરમ ઉદાસીનતારૂપ જ્ઞાન અને પોતાના આત્માનો અનુભવ સ્વયં કર્યા કરે છે. વૈરાગ્ય (પરમ ઉદાસીનતા) અને સ્વાનુભવ એ બન્ને ચિહ્ન જ્ઞાનીનાં છે, અને તે જ જ્ઞાની જીવન મુક્ત છે સમ્યગ્દૃષ્ટિનો દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ આદિ આત્માથી ભિન્ન સર્વે પદાર્થો ઉપર માધ્યસ્થભાવ

(વીતરાગતા) હોય છે અને પોતાના આત્મા ઉપર જ પ્રચુર પ્રીતિ, અનુભવ અને સ્વભાવ પરિણમનની સ્થિતિ હોય છે.

णो इंदियेसु विरदो णो जीवे थावरे तसे वापि ।
जो सद्दहदि जिणुत्तं सम्माइट्ठी अविरदो सो ॥ ५८ ॥

અર્થ:- જે ભવ્ય જીવ ઇન્દ્રિયોના વિષયોને વિષે વિરતિ (ત્યાગ) રહિત છે અને તે સાથે સ્થાવર તથા ત્રસ જીવની હિંસા વિષે પણ ત્યાગ રહિત છે; પરંતુ જિનેશ્વરદેવે પ્રરૂપેલ પ્રવચનો (સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રય) માં નિશ્ચય અને વ્યવહારથી સમ્યક્શ્રદ્ધાન કરે છે, તે જીવ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ હોય છે.

ભાવાર્થ:- જીવના શ્રદ્ધાનરૂપ અને પરિણમનરૂપ બે ભાવ છે, તેમાં શ્રદ્ધાનરૂપભાવ સમ્યક્ત્વનું લક્ષણ છે અને પરિણમનરૂપ ભાવ ચારિત્રનું લક્ષણ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ વિષય કષાયની તીવ્રતામાં પરિણમનરૂપ થાય છે; પણ શ્રદ્ધાનમાં નહીં. એનો તત્ત્વાર્થમાં યથાર્થ તલવારની ધારના પાણી સમાન અકંપ-નિશ્ચલ વિશ્વાસ છે. આ કારણે અસંયત તે જ સમ્યગ્દૃષ્ટિ છે. 'અપિ' શબ્દથી તેને પ્રશમ સંવેગ આદિ સમ્યક્ત્વના સહભાવી ગુણો પણ હોય છે, એમ સૂચવે છે. અનુકંપા પણ હોય છે. કોઈ એમ જાણતા હશે કે વિષયોને વિષે અવિરત છે તેથી વિષયાનુરાગ (વિષયાસક્તિ) બહુજ હશે, તેમ પણ નથી સંવેગાદિગુણ સંયુકત છે. તે હિંસાદિ વિષે અવિરત છે તેથી

નિર્દય હશે તેમ પણ નથી. કેમકે દયાભાવ સહિત છે. નિરપરાધી હિંસા નથી કરતો એવો અવિરતિ સમ્યગ્દૃષ્ટિ છે.

यथा सलिलेन न लिप्यते कमलिनी पत्रं स्वभाव प्रकृत्या ।
तथा भावेन न लिप्यते कषाय विषयैः सत्पुरुषः ॥ ५९ ॥

અર્થ:– જેમ કમલિનીનું પાંદડું પોતાના પ્રકૃતિ સ્વભાવે જલથી લેપાતું નથી–અલિપ્ત રહે છે. જલમાં રહે છે છતાં પણ તેને જલનો સ્પર્શ નથી થતો, તેમ સમ્યગ્દૃષ્ટિ સત્પુરુષ અલિપ્તપણે રહે છે, તે પોતાના સ્વભાવે કરી ક્રોધાદિ કષાય તથા ઇન્દ્રિયોના વિષયોથી લેપાતો નથી.

ભાવાર્થ:– સમ્યગ્દૃષ્ટિ પુરુષને મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયોનો અભાવ થવાથી એવો અંતરંગ ભાવ ઉત્પન્ન થાય છે કે, પરદ્રવ્ય માત્રની કર્તાપણાની બુદ્ધિ નથી રહેતી અને બાકી કષાયના ઉદયથી કિંચિત રાગદ્વેષ રૂપ પ્રવર્તે છે, તેને કર્મના ઉદયના નિમિત્તથી ઉત્પન્ન થયેલ માને છે. તેને વિષે પણ તેને કર્તાપણાની બુદ્ધિ નથી. તે ભાવીને રોગ જેવા ઉત્પન્ન થયેલ જાણી તજવા યોગ્ય જાણે છે. એવા સમ્યક્‌ભાવે કરી કષાય વિષયોમાં તેમને પ્રીતિ નથી; એટલે તેઓ તેનાથી લેપાતા નથી. જલકમલવત્ નિર્લેપ જ રહેછે, જેથી આગામી કર્મનો બંધ તથા સંસારની વૃદ્ધિ તેમને થતી નથી, એવો આશય જાણવો.

सम्यग्दृष्टिः स्वयमयमहं जातु बन्धो न मे स्या ।
दित्युत्तानो त्पुलक वदना रागिणोऽप्याचरंतु ॥
आलंबंतां समिति परतां ते यतोऽद्यापि पापा ।
आत्मानात्मावगम विरहात् सन्ति सम्यक्त्वरिक्ताः ॥६०॥

અર્થ:– જે જીવને સમ્યગ્જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય અંતરંગમાં પ્રગટ નથી થયેલ અને પરદ્રવ્યમાં રાગ, દ્વેષ અને મોહરૂપ પરિણતિએ કરી પરિણમેલ છે; તેમ જ પોતાને એમ માને છે કે, "હું સમ્યગ્દૃષ્ટિ છું. મને કયારે પણ કર્મનો બંધ નથી થતો; કેમકે શાસ્ત્રોમાં સમ્યગ્દૃષ્ટિને બંધ નથી થતો, એમ કહ્યું છે." તે જીવ માત્ર ભ્રાન્તિથી પોતાને સમ્યગ્દૃષ્ટિ માની બેસે છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધી માન કષાયના તીવ્ર ઉદયથી જેનું મુખ ગર્વ સહિત ઊંચું થયેલ છે, તેમજ હર્ષ સહિત રોમાંચિત થયેલ છે, એવા જીવો ભલે મહાવ્રતાદિ આચરણ કરે તથા વચન, વિહારઆહારની ક્રિયામાં યત્નપૂર્વક પ્રવર્તવાની ઉત્કૃષ્ટતાનું અવલંબન કરે, અંતે તો તેઓ પાપી મિથ્યાદૃષ્ટિ જીવો જ છે. આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત એટલે સમ્યક્ત્વમાં શૂન્ય–ભીંડા જેવા તેઓ છે. સિદ્ધાંતમાં મિથ્યાત્વને જ પાપ કહેલ છે. જયાં સુધી મિથ્યાત્વ રહે છે, ત્યાં સુધી શુભ અશુભ સર્વે ક્રિયાઓને અધ્યાત્મમાં પરમાર્થ દૃષ્ટિથી (નિશ્ચય દૃષ્ટિથી) પાપરૂપ જ કહેલ છે. અનંતાનુબંધી મિથ્યાત્વ સહિત રાગને જ રાગ કહેલ છે. કેમકે, તે રાગ સમ્યગ્દૃષ્ટિને નથી. એવા સૂક્ષ્મ ભેદને ભેદજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ જ જાણે છે. સમ્યગ્દૃષ્ટિને કર્મોને નાશ કરવાનું કારણ એવું પોતાનું જ સમ્યગ્જ્ઞાનરૂપ

(સ્વાત્માનુભૂતિરૂપ) વજ્ર (હથિયાર) હાથમાં આવી જાય છે. મિથ્યાદૃષ્ટિનો પ્રથમ તો અધ્યાત્મ શાસ્ત્રમાં પ્રવેશ જ થઇ શકતો નથી. અર્થાત્ અધ્યાત્મ શાસ્ત્રના ગંભીર આશયોને સમજવાની યોગ્યતા જ તેને પ્રાપ્ત થઈ નથી; તેમ છતાં પણ કદાચ શાસ્ત્રમાં પ્રવેશ કરવા જાય તો વિપરીત સ્વરૂપ સમજી પરમાર્થ માર્ગથી પતિત (ભ્રષ્ટ) થઇ મહાન અનર્થ (તે) કરી નાખે, તેમજ આત્માનો બચાવ કરવાને બદલે તે તેનો ઘાત કરી નાખે છે.

विषय कषायैः मनः सलिलं नैव क्षुभ्यति यस्य ।
आत्मा निर्मलो भवति लघु वत्स प्रत्यक्षोऽपि तस्य ॥६१॥

અર્થ:- જે ભવ્યનું મનરૂપી જલ, વિષય કષાયરૂપ પ્રચંડ પવનથી ચલાયમાન નથી થતું, તે જ ભવ્ય જીવનો આત્મા, હે વત્સ! નિર્મલ થાય છે, અને શીઘ્ર પ્રત્યક્ષ થઇ જાય છે.

ભાવાર્થ:- જ્ઞાનાવરણાદિ આઠ કર્મરૂપી જલચર-મગર મચ્છરાદિ રૂપ આત્મ સમુદ્રમાં કર્મો ભરપુર ભરેલા છે તેના વિષય કષાયરૂપ પ્રચંડ પવન (જેકે શુદ્ધાત્મ તત્ત્વથી સદાય વિમુખ છે) થી જેનું ચિત્ત ચલાયમાન નથી થતું, તેનો જ આત્મા નિર્મલ થાય છે. આત્મા છે તે રત્નસમાન છે, અનાદિ કાલના અજ્ઞાનરૂપી પાતાળમાં તે આત્મા પડયો છે. પણ રાગાદિ મળનો ત્યાગ કરવાથી તે તત્કાળ નિર્મળ થઈ જાય છે. હે વત્સ! તેજ ભવ્યનો આત્મા નિર્મળ થાય છે, અને તેને જ આત્માના દર્શન થાય છે. અર્થાત્ તે પ્રત્યક્ષ અનુભવાય છે. પરમ કલા

જે આત્માની અનુભૂતિ તે જ નિશ્ચય દૃષ્ટિ થઇ. તે દૃષ્ટિથી આત્માનું અવલોકન થાય છે. આત્મા સ્વસંવેદન જ્ઞાને કરીને જ ગ્રહણ કરવા યોગ્ય છે. જે ભવ્ય આત્માનું મન વિષય કષાયથી ચંચળ નથી થતું, તેને જ આત્માનાં દર્શન થાય છે. જેમ સૂર્યના પ્રકાશની સન્મુખ અંધારૂં શોભા નથી આપતું તેમ આત્મજ્ઞાનમાં વિષયોની અભિલાષા શોભતી નથી, એમ નિશ્ચય જાણવું.

स्व संविति समायाति यमिनां तत्त्व मुत्तमम् ।
आसमंताच्छमं नीते कषाय विषम ज्वरे ॥ ६२ ॥

અર્થ:- સંયમી મુનિયોનો કષાયરૂપી વિષમ જ્વર સર્વ પ્રકારે ઉપશમતાને પ્રાપ્ત થવાથી ઉત્તમ તત્ત્વ (પરમાત્મ સ્વરૂપ) સ્વસંવેદનતાને પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ:- કષાયોનો નાશ થવાથી જ શુદ્ધાત્મસ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ થાય છે.

अयमात्मा महामोह कलंङ्की येन शुद्धयति ।
त देव स्वहितं धाम तच्च ज्योतिः परं मतम् ॥ ६३ ॥

અર્થ:- આ આત્મા મહા મોહ (મિથ્યાત્વ કષાય) થી કલંકિત અને મલિન છે. માટે જે પરિણામથી આત્મા શુદ્ધ થાય, તેજ આત્માનું સ્વહિત છે, તે જ આત્માનું ઘર છે, તે જ પરમ જ્યોતિ અથવા પ્રકાશ છે.

ભાવાર્થ:– મલિન પરિણામોનો નાશ થવાથી જ ઉજ્જવલતા ઉત્પન્ન થાય છે. આ આત્મા નિશ્ચયથી તો અનંત જ્ઞાનાદિ પ્રકાશ સ્વરૂપ છે; પરંતુ મિથ્યાત્વ, કષાયાદિકથી મલિન થઇ રહેલ છે. જ્યારે મિથ્યાત્વ અને કષાયરૂપી મેલ નાશ થાય ત્યારે નિજ સ્વરૂપનો પ્રકાશ થાય છે. મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાયાદિકનો નાશ કરવાનો ઉપાય જિનાગમમાં કહેલ છે: તે જ પ્રમાણે જાણવો.

સ્વરૂપ રોધક અનંતાનુબંધી રાગાદિકનું વર્ણન કરે છે:–

रागेन रञ्जिते हृदये देवः न दृश्यते शान्तः ।
दर्पणे मलिने बिम्बं यथा एतत् जानीहि निर्भ्रान्तम् ॥६४॥

અર્થ:– અનંતાનુબંધી રાગે કરી રંગાયેલ મલિન હૃદયમાં (મનમાં) રાગાદિક વિકાર રહિત–નિર્વિકારી આત્મ દેવના દર્શન નથી થતા. અર્થાત્ અનુભવ નથી થતો. જેમકે મલિન દર્પણમાં મુખ નથી દેખાતું. આ વાત, હે ભવ્ય! સંદેહ રહિત સત્ય જાણ.

राग द्वेषादि कल्लोलैरलोलं यन्मनो जलम् ।
स पश्यत्यात्मनस्तत्त्वं सतत्त्वं नेतरो जनः ॥ ६५ ॥

અર્થ:– જે ભવ્ય આત્માનું ઉપયોગરૂપ ભાવ મન તે રૂપી જલ, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા લોભાદિ પરિણામો રૂપી તરંગોથી ચંચળ નથી થતું–મલિન નથી થતું. અર્થાત્ વીતરાગ દશામાં સ્થિર અને સ્વચ્છ છે. તે ભવ્ય આત્મા પોતાનાં શુદ્ધાત્મ સ્વરૂપને–દેખે છે પ્રત્યક્ષ અનુભવે છે. તે શુદ્ધાત્મદર્શી, સમ્યગ્દૃષ્ટિ

ભવ્ય આત્મા સ્વયં તત્ત્વ સ્વરૂપ જ છેઃ અર્થાત્ પરમાત્માના સ્વભાવ સ્વરૂપ જ છે. બીજા મનુષ્યો આત્માની સન્મુખ નથી; તે આ સમયે તત્ત્વરૂપ વર્તમાન પર્યાય અપેક્ષા નથી.

ભાવાર્થઃ– રાગાદિ તરંગોના સમૂહથી રહિત નિસ્તરંગ, પરમ શાન્ત, ગંભીર, નિજ શુદ્ધાત્મ દ્રવ્યનું સમ્યક્ શ્રદ્ધાન સ્વાભાવિક સમ્યગ્જ્ઞાન અને એનાથી ઉત્પન્ન થયેલ વીતરાગ પરમ સુખ, સુધારસ સ્વરૂપ નિર્મળ નીરથી ભરપૂર જ્ઞાનીઓનાં માનસ સરોવરમાં પરમાત્મા દેવ રૂપી હંસ નિરંતર વાસ કરીને રહે છે. તે આત્મદેવ નિર્મળ ગુણોની ઉજ્જવળતાએ કરી હંસ સમાન છે, જેમ હંસનું નિવાસસ્થાન માન સરોવર છે, તેમ બ્રહ્મનું નિવાસસ્થાન, સમ્યગ્જ્ઞાનીઓનું સ્વચ્છ સ્થિર અને પારદર્શક ચિત્તરૂપી સરોવર છે. જ્ઞાનાનંદ–સ્વરૂપ આત્મારામ છે, તે જ સમ્યગ્દૃષ્ટિ મુનિઓનાં પવિત્ર મનનું વિશ્રાન્તિ સ્થાન છે નિવાસસ્થાન છે.

जीवाजीव विचित्र वस्तु विविधाकारार्द्धिरूपादयो ।
रागद्वेषकृतोऽत्र मोहवशतो दृष्टाः श्रुताः सेविताः ॥
जातास्ते दृढ बंधनं विरमतो दुःखं त्वात्माग्निदं ।
जानात्येव तथापि किं बहिरसा वद्यापि धी र्धावति ॥६६॥

અર્થઃ– હે જીવ ! આ સંસારમાં ચેતન, અચેતન અને મિશ્રરૂપ અનેક પ્રકારના આકાર, ભાત ભાતની સંપદા, તથા રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ સર્વે, દર્શનમોહનીયના વશથી રાગદ્વેષને કરવાવાળાં છે અને તે પદાર્થો દર્શનમોહનીયની ઝેરી દૃષ્ટિના વશથી જ

દેખવામાં આવેલ છે તથા સાંભળવામાં આવેલ છે. એ જ મોહના કારણથી તે સર્વે પદાર્થો ઘણા કાલ સુધી તને બંધનરૂપ થયેલ છે. આ દૃઢ બંધનથીજ નાનાં પ્રકારનાં દુઃખો તારે ભોગવવાં પડે છે એવું તું સારી રીતે જાણે છે, છતાં પણ તારી બુદ્ધિ બાહ્ય પદાર્થોમાં કેમ દોડે છે. એ મોટી આશ્ચર્યની વાત છે.

ભાવાર્થ:- સર્વ અનર્થો દર્શનમોહ મિથ્યાત્વથી જ થાય છે. કેમકે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર, એ જ ત્રણ સંક્ષેપથી બંધના કારણ છે. બાકી બીજા સર્વે બંધના કારણો, એ ત્રણના ભેદ-પ્રભેદરૂપ વિસ્તાર જ છે. બંધનાં જેટલાં કારણો છે. તેમાં સર્વેથી પ્રથમ દર્શનમોહ મિથ્યાત્વ જ છે. મિથ્યાજ્ઞાન તો માત્ર મંત્રીનું કામ કરે છે. અર્થાત્ મિથ્યાજ્ઞાન મિથ્યાદર્શનનું સહાયક છે. મમત્વ તથા અહંકાર એ બન્ને તે મિથ્યાદર્શનના પુત્રો છે. તેમજ તે બન્ને સેનાપતિ છે. એ બન્નેની આધીનતામાં આ મોહ વ્યૂહ (મિથ્યાદર્શનની સેનાની વ્યૂહ રચના) અત્યંત દુર્ભેદ્ય (જેને કોઇપણ ભેદી ન શકે તેવો) બની રહેલ છે. મમત્વનું સ્વરૂપ-સ્વશરીર, પુત્ર, સ્ત્રી, ધન ધાન્યાદિ જે પદાર્થો કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ છે અને જે સદાય આત્માથી ભિન્ન રહેછે, એમાં પોતાપણું માની લેવું તે મમકાર કે મમત્વ કહેવાય છે. જેમકે આ શરીર મારૂં છે, એવી આત્મબુદ્ધિને મમત્વ કહે છે. એવીજ રીતે જે આત્માના વિભાવ પરિણામો કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલ છે, અને નિશ્ચય નયથી આત્માથી ભિન્ન છે, એમાં જીવ પોતાપણું માની લેછે તે અહંકાર કહેવાય છે. જેમ કે

"હું રાજા છું." મનુષ્ય કરતાં રાજામાં વિશેષતા છે એટલે અહંકાર છે.

મિથ્યાજ્ઞાનની સાથે સાથે ઉત્પન્ન થવાવાળા મિથ્યાદર્શનથી પણ મમકાર અને અહંકાર ઉદ્ભવે છે. મમકાર-અહંકારથી જીવને રાગદ્વેષ ઉત્પન્ન થાય છે. રાગદ્વેષથી કષાયો ઉત્પન્ન થાય છે. અને નોકષાય પણ કષાયરૂપ જ થાય છે. અર્થાત્ મમકાર-અહંકાર કષાયોનું ઉત્પત્તિસ્થાન ગણાય છે. કષાય અને નોકષાયથી યોગોની પ્રવૃત્તિ થાય છે. અને યોગોની પ્રવૃત્તિ થવાથી હિંસા, અસત્ય, ચોરી અબ્રહ્મચર્ય આદિ અનેક મહા પાપો પેદા થાય છે અને તે પાપોથી જીવને કર્મોનો બંધ થાય છે. આવાં બાંધેલ કર્મોના ઉદયથી સુગતિ-કુગતિ પ્રાપ્ત થાય છે. તે સુગતિ-દુર્ગતિ બન્નેમાં શરીર ઉત્પન્ન થાય છે. આ શરીર સાથે સાથ ઇન્દ્રિયો પ્રગટ થાય છે. સ્પર્શ, રસના આદિ ઇન્દ્રિયો દ્વારા તેના વિષયો-સ્પર્શ, રસ આદિને ગ્રહણ કરતો જીવ મોહિત થાય છે, દ્વેષ કરે છે અને રાગ કરે છે. મોહ થવાથી અને રાગદ્વેષ કરવાથી આ જીવને ફરી નવા કર્મનો બંધ થાય છે. એવા દર્શનમોહના વ્યૂહમાં (મોહની સેનાની રચનામાં) સપડાયલ-ઘેરાયલ આત્મા સદાય સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. એટલા માટે હે આત્મન! તે મિથ્યાદર્શન મિથ્યાજ્ઞાન એ બન્ને તારા શત્રુ છે, એમ નિશ્ચયથી જાણી, એ બન્નેનો તથા મમકાર-અહંકારનો નાશ કરવા માટે તું સત્ય પુરુષાર્થ કર. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મમકાર અને અહંકાર એ ચારેનો નાશ થઇ જશે તો અનુક્રમથી બાકી બચેલ રાગદ્વેષ

આદિ બંધનાં કારણો પણ અવશ્ય નાશ પામશે. તે સર્વે બંધનાં કારણોનો નાશ થવાથી બંધ પણ નાશ થઇ જશે અને બંધનો નાશ થવાથી તું મુક્ત થઇ જઇશ અને મુક્ત થવાથી ફરી તારે આ સંસારમાં પરિભ્રમણ કરવું પડશે નહીં.

मूढात्मा यत्र विश्वस्त स्ततो नान्यद् मयास्पदम् ।
यतो भीतस्त तो नान्यद भयस्थान मात्मनः ॥ ६७ ॥

અર્થ:- બહિરાત્મા મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ, જે સ્ત્રી, પુત્ર, કુટુંબ, મિત્ર શરીરાદિક બાહ્ય પદાર્થોમાં વિશ્વાસ કરે છે કે: "આ મારાં છે અને હું એનો છું." આચાર્ય મહારાજ કહે છે કે, સ્ત્રી, પુત્ર શરીરાદિકમાં મોહ કરવો એજ સર્વેથી અધિક દુઃખનું કારણ આત્મા માટે છે. એના સમાન બીજું કોઇપણ આત્મા માટે દુઃખદાયી નથી: અર્થાત્ ભયંકરમાં ભયંકર સ્થાન છે. જે પરમાત્મસ્વરૂપનું સંવેદન (જ્ઞાન) કરવામાં આ જીવ ભય પામે છે, દુઃખ માને છે, એના સમાન બીજો કોઇપણ પદાર્થ આત્મા માટે સુખદાયી, કલ્યાણકારી નથી.

ભાવાર્થ:- જેવી રીતે સર્પથી ડંસ પામેલ પુરુષને કડવો લીંબડો પણ સ્વાદિષ્ટ માલૂમ પડે છે-મીઠો લાગે છે, તેવી રીતે વિષય-કષાયોમાં ફસાયેલ પુરુષને શરીરાદિક બાહ્ય પદાર્થો મનોહર દેખાય છે. (લાગે છે) વળી જેમ તાવની બીમારીમાં ઉત્તમ મીઠાઇ પણ અરુચિકર માલૂમ પડે છે, તેમ મૂઢ જીવને પરમાત્માનો અનુભવ કરવામાં પણ કષ્ટ માલૂમ પડે છે, કિન્તુ વાસ્તવમાં દેખવામાં આવે તો પરમાત્મસ્વરૂપના અનુભવ સમાન

સુખદાયી કોઇ નથી અને શરીરાદિના અનુભવ સમાન દુઃખદાયી બીજું કોઈ નથી. કેમકે આ જીવ અનાદિ કાળથી અત્યાર સુધી શરીરાદિકને આત્મા માની તથા પરમાત્માનું સ્વરૂપ ન જાણવાથી–ન અનુભવવાથી જ દુઃખ ભોગવી રહ્યો છે.

અનાદિ કાલથી મિથ્યાત્વવશ જીવ શું કરે છે ?

चिरं सुषुप्तास्तमसि, मूढात्मानः कुयोनिषु ।
अनात्मीयात्मभूतेषु ममाहं मिति जाग्रतिः ॥ ६८ ॥

અર્થ:– મૂઢ સંસારી જીવ મિથ્યાત્વના ઉદયવશ અનાદિ કાળથી તો નિગોદાદિ કુયોનિઓમાં નિવાસ કરી રહેલ છેઃ અર્થાત્ અચેતનની માફક સૂઇ રહેલ છે, પરંતુ જો કદાચિત્ કર્મોદયથી જીવ, મન સહિત સંજ્ઞી પણ થઇ જાય છે, તો માનસક સંકલ્પ-વિકલ્પ દ્વારા પ્રત્યક્ષ આત્માથી ભિન્ન સ્ત્રી, પુત્રાદિક સંબંધીઓને પણ પોતાના માની અનેક પ્રકારના પ્રપંચોમાં પડયા રહે છે, કે જેથી તત્ત્વચિંતવનનો અવકાશજ નથી રહેતો.

ભાવાર્થ:– નિગોદાદિક પર્યાયોમાં તો જ્ઞાનની અત્યંત ન્યૂનતાથી–આજીવ અનેક દુઃખોને ભોગવેજ છે કિંતુ પહેલી પર્યાયોથી વિશેષ જ્ઞાનવાન મન સહિત પંચેન્દ્રિય પણું પ્રાપ્ત થયુ છે છતાં પણ રાગ, દ્વેષ, મોહવશ આત્માને ભૂલી, આત્માથી ભિન્ન પદાર્થોને પોતાના માની દુઃખી થઇ રહ્યો છે.

व्याकुलः सर्वदेशेषु जीवः कर्मोदयाद् ध्रुवम् ।
वह्नियोगाद्यथा वारि तप्तं स्पर्शोपलब्धतः ॥ ६९ ॥

न हि कर्मोदयः कश्चित् जन्तोर्यः स्यात्सुखावहः ।
सर्वस्य कर्मणस्तत्र वैलक्षण्यात् स्वरुपतः ॥ ७० ॥

અર્થ:- આ જીવ પોતાના સર્વાત્મ પ્રદેશોમાં કર્મોના ઉદયે કરી ખરેખર એવી રીતે વ્યાકૂલ રહે છે કે, જેમ અગ્નિના સંયોગથી પાણી છણછણાટ કરે છે અર્થાત્ તપ્તાયમાન રહે છે. શુભ કે અશુભ કોઇ પણ કર્મનો ઉદય એવો નથી કે જે આ જીવને સુખદાયી હોય, કેમકે સર્વે કર્મોનો સ્વભાવ જીવના સ્વભાવથી ભિન્નજ છે, માટે કર્મ રહિત અવસ્થાજ ગ્રહણ કરવા યોગ્ય છે, કર્મોને ગ્રહણ કરવાનું તથા દુ:ખનું કારણ માત્ર રાગ દ્વેષ મોહરુપજીવના પરિણામ છે, જે સમ્યગ્દર્શન તેમજ આત્મ શાંતિના ઘાતક છે.

ભાવાર્થ:- સંસારી જીવમાં આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર સંજ્ઞાઓ કોઇને કોઇપણ રૂપમાં રહે છે તેથી કોઇપણ સંસારી જીવ સુખી નથી. સંજ્ઞાનું નામજ તૃષ્ણા છે, અને તૃષ્ણાજ આકુલતાનું બીજ છે તે આકુલતા સુખરુપ કેમ હોઇ શકે? કદાપિ નજ હોય. છતાં જીવ સાતાવેદનીના ઉદયમાં સુખ માની રહ્યો છે; પણ તે વાસ્તવિક સુખ નથી પણ દુ:ખજ છે. શું આત્માનું સુખ પરને આધીન હોય, કે ક્ષણિક હોય ? શું તેને સુખ કહી શકાય? નજ કહી શકાય.

रंजयति अशुभकुणपे रागो द्वेषोपि द्वेष्टिनित्यं ।
मोहोपि महारिपुः यन्नियतं मोहयति सद्भावं ॥ ७१ ॥

અર્થ:- રાગ રૂપ પરિણામ છે તે આ જીવને અશુભ, અપવિત્ર અશુચિ, અને દુર્ગંધી વસ્તુઓમાં પણ અતિ આશક્તિ (પ્રીતિ) ઉપજાવે છે અને દ્વેષ છે, તે જીવને સમ્યગ્દર્શનાદિ ઉત્તમ આત્મિક નિર્મલ ગુણોમાં દ્વેષ (અપ્રીતિ) ઉત્પન્ન કરાવે છે. તથા મોહ (દર્શન મોહ) તે મહાન વેરી છે કેમકે તે સદા જીવના અસલી સ્વરૂપને ભૂલાવી આપે છે, અર્થાત્ પરમાત્મસ્વરુપથી પરાઙ્મુખ (વિમુખ) કરાવે છે.

क्वचिन्मूढं क्वचिद्भ्रान्तं क्वचिद्भीतं क्वचिद्रतम् ।
शङ्कितं च क्वचित्क्लिष्टं रागाद्यैः क्रियतेमनः ॥ ७२ ॥

અર્થ:- જે રાગાદિક ભવોછે તે મનને કયારે તો મૂઢ કરે છે, કયારે ભ્રમ રૂપ કરેછે, કયારે ભયભીત કરેછે, કયારે રાગોથી ચલાયમાન કરેછે, કયારે શંકિત કરે છે અને કયારે કલેશરૂપ કરેછે, ઇત્યાદિ અનેક પ્રકારે સ્થિરતાથી ચલાયમાન કરેછે, અર્થાત્ મનનીસ્થિરતા નથી થવા દેતા.

प्रयासैः फल्गुभिर्मूढ किमात्मा दंड्यतेऽधिकम् ।
शक्यते न हिचेच्चतः कर्तुं रागादि वर्जितम् ॥ ७३ ॥

અર્થ:- હે મૂઢપ્રાણી ! જો તું તારા ચિત્તને રાગાદિકથી રહિત કરવાને સમર્થ નથી તો અન્ય કલેશોથી આત્માને વ્યર્થ દંડ કેમ આપેછે ? કેમકે રાગાદિકનો નાશ કર્યા વિના અન્ય ખેદ કરવો નિષ્ફલ છે.

रागद्वेषोत्पादकं तत्त्वदृष्टया ।
नान्यद् द्रव्यं दृश्यते किंचनापि ॥
सर्वं द्रव्योत्पत्तिरन्तश्चकास्ति ।
व्यक्तात्यंतं स्वस्वभावेनयस्मात् ॥ ७४ ॥

અર્થ:– નિર્મળ તત્ત્વદૃષ્ટિથી દેખીએ તો, રાગ દ્વેષને ઉત્પન્ન કરવાવાળું અન્ય કોઇ દ્રવ્ય જરાય દેખાતું નથી, કારણ કે સર્વે દ્રવ્યોની ઉત્પત્તિ પોતાના નિજસ્વભાવથી થતી અંતરંગમાં અત્યંત પ્રગટરૂપ શોભે (પ્રકાશે) છે.

ભાવાર્થ:– રાગ દ્વેષ ચેતનનાં જ પરિણામ છે. અન્ય દ્રવ્યમાં અન્ય દ્રવ્યના ગુણ પર્યાયોની ઉત્પત્તિ થતી નથી. કારણકે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ પોતપોતાના સ્વભાવથીજ થાય છે.

रागजन्मनि निमित्तता परं–।
द्रव्यमेव कलयंति ये तु ते ॥
उत्तरंति न हि मोहवाहिनीं ।
शुद्धबोधविधुरांधबुद्धयः ॥ ७५ ॥

અર્થ:– જે પુરુષ રાગની ઉત્પત્તિમાં પરદ્રવ્યનુંજ નિમિત્ત પણું માનેછે, અને પોતાનું કાંઇ પણ કારણ નથી માનતા, તેઓની બુદ્ધિ શુદ્ધ નયના વિષયભૂત શુધ્ધ આત્મસ્વરૂપના જ્ઞાનથી રહિત અંધ છે, એવા જીવો મોહ નદીને ઉતરી શકતા નથી.

ભાવાર્થ:– શુદ્ધ નયનો વિષય એક, અભેદ, નિત્ય ચૈતન્ય ચમત્કાર માત્ર અનંત શકિતનો ધારક આત્મા છે. તે પોતાનાજ (અજ્ઞાન) અપરાધથી રાગ દ્વેષ રૂપે પરિણમે છે. એવું નથી કે જેમ નિમિત્તભૂત પરદ્રવ્ય પરિણમાવે તેમ આત્માને બળ જબરીએ પરિણમવુંજ પડે. અર્થાત્ પરદ્રવ્ય પરિણમાવે તેમ જ આત્મા પરિણમે એવો પરાધીન કે પુરુષાર્થહીન આત્મા નથી. આત્મા સ્વયં પરિણમનશીલ છે. તે મોતે સ્વયં પરનો આશ્રય ગ્રહણ કરી પરાધીન માની બેઠો છે. તે અજ્ઞાન માન્યતાનો સ્વામી પણ પોતેજ છે, તે પરાધીનપણાની માન્યતાને છોડી સ્વાધીનતાની માન્યતાને ધારણ કરે તો પોતે સ્વતંત્રજ છે. પણ અજ્ઞાન માન્યતા છોડવી કે ન છોડવી, તેનો તો પોતે (આત્મા) સ્વતંત્ર-સ્વામી છે. તેની માન્યતાને (પરિણમનને) કોણ છોડાવી આપે કે ફેરવી શકે? કારણ કોઇ દ્રવ્ય કોઈ દ્રવ્યના ગુણપર્યાયોમાં કદી પણ પ્રવેશ કરી શકતા નથી.

પરદ્રવ્ય આત્માને જેમ પરિણમાવે તેમજ આત્મા પરિણમે એવી જેની એકાંત બુદ્ધિ છે, એવા આત્માઓ કદી પણ મોહ રૂપી નદીને ઉતરી શકતા નથી.

જડકર્મો (પદાર્થો) તો પોતે પોતાને કે પોતાની જાતિ, સ્વભાવ કે સ્વરુપને જાણતા નથી. જાણનાર પોતેજ ભૂલ્યો છે, તેમાં બીજાનો શું દોષ?

પરનો આશ્રય કરી પોતે સ્વયં રાગદ્વેષ ભાવે પરિણમે છે; તો રાગ દ્વેષ કરવામાં પોતે જેમ સ્વતંત્ર છે, તેમ રાગ દ્વેષ

મટાડવામાં પણ પોતે સ્વતંત્ર છે. તેં બન્ને પ્રકારના પરિણમનનો પોતે સ્વામી છે. પરંતુ જો પરના કરાવ્યાજ રાગ દ્વેષ થતા હોય, તો પર તો રાગ દ્વેષ કરાવ્યાજ કરે? વળી સંસારી જીવોનો એવો એક પણ સમય નથી કે જ્યારે કર્મનો ઉદય નજ હોય, અને ઉદયાનુસારજ પરિણમન કરવું પડે તો મોક્ષનો અભાવ થશે. માટે રાગ દ્વેષ પોતાના કર્યા થાય છે; અને પોતાના મટાડયા મટે છે, એમ કથંચિત માનવું તે સમ્યગ્જ્ઞાન છે. (વિશેષ સંપાદકીય વક્તવ્ય વાંચો.)

एव बंध समासो जीवानां निश्चयेम निर्दिष्टः
अर्हद्भिर्यतीनां व्यवहारोऽन्यथा भणितः ॥ ७६ ॥

અર્થ:- પરમ કારુણ્યામૃતના નિધિ! અરહંતદેવે સંસારી જીવોને, પૂર્વોક્ત પ્રકારે રાગરૂપ પરિણામજ નિશ્ચયથી બંધ છે, એવું બંધનું સંક્ષેપ કથન મુનિશ્વરોને બતાવ્યું છે. નિશ્ચય બંધથી જુદો એક ક્ષેત્રાવગાહરૂપ દ્રવ્ય કર્મનો બંધ જે જીવોને છે, તેને ભગવંતે ઉપચારથી બંધ (વ્યવહાર) કહેલ છે.

ભાવાર્થ:- જે પુણ્ય પાપરૂપ આત્માના રાગાદિ રૂપ પરિણામ છે, તે આત્માનાં કર્મ છે. એનો કર્તા આત્મા છે, તે રાગ પરિણામને પોતાના પરિણામથીજ ગ્રહણ કરે છે. અને પોતાથીજ છોડે છે. એટલા માટે શુદ્ધ દ્રવ્યને કહેવાવાળો નિશ્ચય નય જાણવો. તથા જે, દ્રવ્યકર્મરૂપ પુદ્ગલપરિણામ આત્માનાં કર્મ છે; તેનો આત્મા કર્તા છે; તેમજ ગ્રહણ કરવાવાળો તથા છોડવા વાળો પણ છે. એ અશુદ્ધ દ્રવ્યને કહેવાવાળો વ્યવહાર નય છે. એવી રીતે નિશ્ચય

વ્યવહારનયે કરી શુદ્ધાશુદ્ધ રૂપ બંધનું સ્વરૂપ એ પ્રકારે બતાવ્યું છે. પરંતુ એટલું વિશેષ છે કે, નિશ્ચય નય ગ્રહણ કરવા યોગ્ય છે, કેમકે તે કેવલ દ્રવ્યના પરિણામને દેખાડે છે, અને સાધ્યરૂપ શુદ્ધ દ્રવ્યના સ્વરૂપને દેખાડે છે. વ્યવહાર નય પરદ્રવ્યના પરિણામને આત્મપરિણામ દેખાડતો હોવાથી અશુદ્ધ દ્રવ્ય કહે છે, માટે ગ્રહણ યોગ્ય નથી. અહીં કોઇ પ્રશ્ન કરે કે તમે રાગાદિ પરિણામને નિશ્ચય બંધ કહ્યો અને તેને શુધ્ધ દ્રવ્યના કથનરૂપ તથા ગ્રહણયોગ્ય કહેલ છે, તેનું શું કારણ? આ તમારૂં કથન ઠીક નથી; કેમકે રાગાદિ પરિણામ તો દ્રવ્યની અશુધ્ધતા કરે છે. તે ગ્રહણ કરવા યોગ્ય કેમ હોઇ શકે? એનું સમાધાન એવી રીતે છે કે, રાગાદિ પરિણામ તો આત્માની અશુધ્ધતાજ કરે છે, એમાં જરા પણ સંદેહ નથી; પરંતુ આ જગાએ બીજી વિવક્ષાથી કથન કરવામાં આવેલ છે. તે બતાવે છે કે અહીં શુધ્ધ દ્રવ્યનું કથન એક દ્રવ્યાશ્રિત પરિણામની અપેક્ષાથી જાણવું જોઈએ, અને અશુદ્ધ કથનથી અન્ય-દ્રવ્યના પરિણામ અન્ય દ્રવ્યમાં લગાડવાં એમ જાણવું. આ જગાએ જે બંધ રૂપ નિશ્ચય નય ગ્રહણ કરવા યોગ્ય કહેલ છે, તે એટલા જ માટે કે, આ જીવ પોતાના પરિણામોથી પોતાને બંધાએલ સમજશે, તો પોતાથીજ પોતાને છોડાવશે, એની સમજણ થવાને માટે ગ્રહણ યોગ્ય કહેલ છે. જો પોતાને બીજાથી બંધાએલ માનશે તો જ રાગાદિ પરિણામોનો ત્યાગી થઇ પોતાનાં વીતરાગ પરિણામને તે ધારણ કરશે, એ અપેક્ષાથી નિશ્ચયબંધ શુદ્ધદ્રવ્યનો સાધક કહેલ છે.

અશુદ્ધતાની અંદર પણ શુદ્ધ જીવનો પ્રતિભાસ થાય છેઃ-

ના સંભવં ભવેદેતત્ તદ્વિધેરૂપ લબ્ધિતઃ ।
સોપરક્તે રભૂતાર્થાત્ સિદ્ધં ન્યાયાદ દર્શનમ્ ॥ ૭૭ ॥

અર્થઃ- અશુદ્ધતાની અંદરજ શુદ્ધ જીવનો પ્રતિભાસ થાય છે, આ વાત અસિદ્ધ (ખોટી) નથી; કિન્તુ અનેક પ્રકારથી સિદ્ધ છે. અયથાર્થ ઉપાધિનો સંબંધ થઇ જવાના કારણે તે શુદ્ધતાનું દર્શન નથી થતું.

ભાવાર્થઃ- પુદ્ગલના નિમિત્તથી આત્મામાં જે અશુદ્ધતા આવી છે, તેથી આત્માનું શુદ્ધ સ્વરૂપ ઢંકાઈ ગએલ છે, તો પણ ઉપાધિ રહિત અવસ્થાનું ધ્યાન કરવાથી અશુદ્ધતાની અંદર પણ શુદ્ધતાનું અવલોકન થાય છે. કર્મ નોકર્મ આદિથી મિશ્રિત રહેવા છતાં પણ ઉપયોગરૂપ પરિણામ દ્વારા જીવનો જુદો અનુભવ કરવામાં આવે છે. રાગાદિક ભાવ, પુદ્ગલ કર્મને કારણ ભૂત છે, અને પુદ્ગલ કર્મ, રાગાદિક ભાવ કર્મોને કારણ ભૂત છે. તેનાથી આ આત્મા નિજ સ્વભાવની અપેક્ષાએ અનેક પ્રકારના કર્મ-જનિત ભાવોથી પૃથક્ (જુદોજ) ચૈતન્યમય વસ્તુ છે. જેમ લાલરંગના નિમિત્તથી સ્ફટિક મણિ લાલ રૂપ દેખાય છે-વાસ્તવિક લાલ સ્વરૂપ થઇ ગયો નથી. લાલાશ તો સ્ફટિકની ક્ષણિક ઉપરની ઝલક માત્રજ છે અને સ્ફટિક તો સ્વભાવથી શ્વેતવર્ણથી શોભાયમાન છે. આ વાતને પરીક્ષક ઝવેરી સારી રીતે જાણે છે; પરંતુ જે રત્ન પરીક્ષાની કલાથી અનભિજ્ઞ (અજાણ) છે તે સ્ફટિકને

રત્નમણિ અથવા લાલ સ્વરૂપજ સદા દેખે છે, એવી રીતે કર્મના નિમિત્તથી આત્મા રાગાદિ રૂપ પરિણમન કરે છે. પરંતુ યથાર્થમાં રાગાદિક ભાવ આત્માનો નિજ સ્વભાવ નથી; પરંતુ આત્મા પોતાની સ્વચ્છતારૂપ ચૈતન્યગુણ સહિત બિરાજમાન છે. રાગાદિકપણું તો આત્મ સ્વરૂપથી વિભિન્ન ક્ષણિક ઉપરની ઝલક માત્ર છે. એ વાતને યથાર્થ સ્વરૂપના પરીક્ષક સાચા જ્ઞાની અનુભવી પુરુષ સારી રીતે જાણે છે. પરંતુ અજ્ઞાની અપરીક્ષકને તો આત્મા રાગાદિ રૂપજ સદા પ્રતિભાસે છે.

जीवो न करोति घटं नैव पटं नैवशेषकान्निद्रव्याणि ।
योगोवयोगा वुत्पादकौच तयोर्भवति कर्ता ॥ ७८ ॥

અર્થ:– જીવ ઘડાને નથી કરતો અને વસ્ત્રને પણ નથી કરતો, તથા શેષ દ્રવ્યોને પણ નથી કરતોઃ પરંતુ જીવના યોગ અને ઉપયોગ એ બન્ને ઘટાદિકને ઉત્પન્ન કરવામાં નિમિત્ત માત્ર છે. યોગ અને ઉપયોગ એ બન્નેનો કર્તા જીવ છે. આત્માના યોગ (મન વચન કાયાના નિમિત્તથી આત્મ પ્રદેશોનો પ્રકંપ રૂપ વ્યાપાર) અને ઉપયોગ (જ્ઞાનનું કષાયોથી ઉપયુક્ત થવું અથવા ઉપયોગ આત્માનાં–ચૈતન્યનાં રાગાદિ વિકાર રૂપ પરિણામ છે) એ બન્ને ઘટાદિક તથા ક્રોધાદિકનું નિમિત્ત છે. એ યોગ અને ઉપયોગ ઘટાદિકના નિમિત્ત કર્તા કહી શકાય; પરંતુ આત્માને તો ઘટાદિકનો નિમિત કર્તા કોઇ પણ હીસાબે ન જ કહી શકાય. આત્માને યોગ ઉપયોગનો કર્તા સંસાર અવસ્થામાં અજ્ઞાનથી કહે છે. અહીં તાત્પર્ય એ છે. કે દ્રવ્ય દૃષ્ટિએ તો કોઇ દ્રવ્ય અન્ય કોઇ દ્રવ્યનું કર્તા

નથી! પરંતુ પર્યાયદૃષ્ટિથી કોઇ દ્રવ્યનો પર્યાય કોઇ સમયે અન્ય કોઇ દ્રવ્યના પર્યાયનું નિમિત્ત થાય છે, એ અપેક્ષાથી અન્યનાં પરિણામ કોઈ અન્ય પરિણામના નિમિત્તકર્તા કહેવાય છે. પરંતુ પરમાર્થથી દ્રવ્ય પોતાના પરિણામનો કર્તા છે. અન્ય પરિણામનો કર્તા અન્ય દ્રવ્ય કદાપિ નથી, એમ જાણવું.

न जातु रागादि निमित्तभाव-।
मात्मात्मनो याति यतोऽर्ककांतः।
तस्मिन्निमित्तं परसंग एव
वस्तुस्वभावोऽयमुदेति तावत् ॥ ७९ ॥

અર્થ:- આત્મા પોતાના રાગાદિક (પરિણામ) નું નિમિત્ત કદી પણ થતો નથી. આત્માનાં રાગાદિક પરિણામ થવાનું નિમિત્ત પરદ્રવ્યનો સંબંધ જ છે જેમ સૂર્યકાંતમણિ પોતે પોતાના સ્વભાવથી અગ્નિરૂપે પરિણમતો નથી; પરંતુ તેમાં સૂર્યનું બિંબ (અગ્નિરૂપે પરિણમનમાં) નિમિત્ત છે. આવો વસ્તુનો સ્વભાવ પ્રકાશમાન છે. તે કોઇનો કરેલો નથી.

ભાવાર્થ:- આત્મામાં વૈભાવિક નામની શક્તિ છે. તેનું વૈભાવિક પરિણમન પરદ્રવ્યના સંગથી થાય છે. પણ જો પરદ્રવ્યના સંગ વિના પણ આત્માની શક્તિ વૈભાવિકભાવે સ્વયં પરિણમતી હોય તો આત્માની મુક્તદશા થવા સંભવ નથી. પ્રત્યેક દ્રવ્ય પોત-પોતાના સ્વભાવથીજ પરિણમનશીલ છે. તેને કોઈ અન્ય દ્રવ્ય બળજબરીથી પરિણમાવતું નથી. પણ વૈભાવિક પરિણમન પર-

દ્રવ્યના સંગ વિના કદીપણ બની શકે નહીં. જો તેમ માનવામાં ન આવે તો વૈભાવિક પરિણમન આત્માનો સ્વભાવ થઇ જાય, પણ તેમ તો બની શકતું નથી. કારણ વૈભાવિક શક્તિનો નાશ કદીપણ થતો નથી, તે સિદ્ધભગવંતોમાં પણ છે ત્યાં વૈભાવિક પરિણમન થવાનું નિમિત્ત કારણ ન હોવાથી સ્વાભાવિક પરિણમન થાય છે, એમ અવધારવું તેજ સમ્યગ્જ્ઞાન છે.

रागद्वेषाविह हि भवति ज्ञानमज्ञानभावात्
तौ वस्तुत्वप्राणिहितदृशा दृश्यमानौ न किंचित् ।
सम्यग्दृष्टिः क्षपयतु ततस्तत्त्वदृष्टया स्फुटं तौ
ज्ञानज्योतिर्ज्वलति सहजं येन पूर्णाचलार्चिः ॥ ८० ॥

અર્થઃ- આ આત્મામાં જ્ઞાન છે તે જ અજ્ઞાન ભાવથી રાગદ્વેષ રૂપે પરિણમે છે; અને તે રાગાદિક વાસ્તવમાં સ્થાયી દૃષ્ટિ (દ્રવ્યદૃષ્ટિ) વડે જોતા તે (રાગદ્વેષ) કાંઇપણ નથી તેમજ તે દ્રવ્યરૂપ જુદો પદાર્થ નથી; માટે આચાર્ય મહારાજ પ્રેરણા કરેછે કે, જે સમ્યગ્દૃષ્ટિ છે તે તત્ત્વદૃષ્ટિ વડે તેમને (રાગદ્વેષને) પ્રગટ રીતે નાશ કરો, કે જેથી પૂર્ણ પ્રકાશ રૂપ અચળ દીપ્તિવાળી દેદીપ્યમાન સ્વાભાવિક જ્ઞાન જ્યોતિ પ્રકાશિત થાય.

यदिह भवति रागद्वेषदोषप्रसूतिः
कतरदपि परेषां दूषणं नास्ति तत्र ।
स्वयमयमपराधी तत्र सर्पत्यबोधो
भवतु विदितमस्तं यात्वबोधोऽस्मि बोधः ॥ ८१ ॥

અર્થ:- જે આત્મમાં રાગ દ્વેષરૂપ દોષોની ઉત્પત્તિ થાયછે, ત્યાં પરદ્રવ્યનો જરા પણ દોષ નથી. ત્યાં તો સ્વયં આત્માનું અજ્ઞાન જ અપરાધી થઇ ફેલાએલ છે. એમ હે જીવો! તમો પ્રગટપણે જાણો. અજ્ઞાન અસ્ત થઇ જતાં, "હું જ્ઞાન સ્વરૂપી છું," એવું સમ્યગ્જ્ઞાન પ્રગટ થશે.

ભાવાર્થ:- નૈમિત્તિક ભાવોને પોતાના માનવા તે જ અજ્ઞાન છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધને નહિ જાણતો અજ્ઞાની જીવ, "પરદ્રવ્ય મને રાગદ્વેષ ઉપજાવે છે," તેમ અજ્ઞાનમાં માની પરદ્રવ્યો પર ક્રોધ કરેછે. તેને હટાડવા કોશીશ કરેછે: અર્થાત્ જ્ઞેયજ્ઞાયક ભાવને મટાવી દેવા માંગેછે. તેમાં પોતાની અસ્તિનો નાશ પોતેજ પોતાના અજ્ઞાનથી માની રહ્યો છે. આજ અજ્ઞાનનો અપરાધ છે. માટે હે જીવ! અજ્ઞાનની માન્યતાનો નાશ કરી સમ્યગ્જ્ઞાન પ્રગટ કરો. અને આત્મા જ્ઞાનસ્વરૂપી છે એમ અનુભવ કરો. અર્થાત્ પોતાના દોષને (અપરાધને) ટાળો; પણ પર ઉપર ક્રોપ ન કરો એમ આચાર્યદેવે ઉપદેશ કરેલ છે.

प्रत्यर्थं परिणामित्वमथानात्मेतदस्ति यत् ।
अर्थमर्थं परिज्ञानं मुह्यद्रज्यद् द्विष्यथा ॥ ८२ ॥

અર્થ:- પ્રત્યેક પદાર્થનું સમયે સમયે પરિણમન થાય છે. તે પરિણામમાં જ્ઞાન હરેક પદાર્થ પ્રત્યે મોહ કરે છે, રાગ કરે છે અને દ્વેષ કરેછે.

ભાવાર્થ:- પદાર્થોમાં ઇષ્ટાનિષ્ટ બુદ્ધિ થવાથી કોઇમાં મોહ

(મમત્વ) રૂપ પરિણમન થાય છે. કોઇમાં રાગરૂપ પરિણમન થાય છે. અને કોઈમાં દ્વેષરૂપ પરિણમન થાય છે.

सान्ति संसारजीवानां कर्मांशाश्चोदयागताः ।
मुह्यन् रज्यन् द्विषँस्तत्र तत्फलेनोपयुज्यते ॥ ८३ ॥

અર્થ:- સર્વે સંસારીજીવોને સત્તામાં સ્થિતકર્મ સદા ઉદયમાં આવ્યાં જ કરેછે; તેથી આ જીવ એના ફલમાં મોહ કરે છે, રાગ કરે છે, દ્વેષ કરે છે, અર્થાત્ ફલ ભોગવામાં તલ્લીન થઇ જાય છે.

ભાવાર્થ:- સર્વે સંસારીજીવોને સમયે સમયે શુભાશુભ કર્મોનો ઉદય આવ્યા કરે છે, પરંતુ તે ઉદય બંધનું કારણ નથી પણ બંધનું કારણ તો જ્યારે જ્યારે શુભાશુભ કર્મોના ઉદયથી ઉત્પન્ન થયેલ ઇષ્ટ (સારા) અનિષ્ટ (માઠા) પદાર્થોનો યોગ મલે છે, ત્યારે તેમાં જીવ રાગી, દ્વેષી, મોહી થઇ પરિણમન કરે છે; ત્યારેજ બંધ થાય છે. માટે જ્ઞાન તથા કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલ ક્રિયાઓ બંધનું કારણ નથી; પરંતુ બંધનું કારણ માત્ર રાગ દ્વેષ અને મોહરૂપ આત્માનાં પરિણામ જ છે. તે ઝેરી પરિણામોને સુલટાવી રાગદ્વેષ મોહરહિત કરી નિર્મલ સ્વ-સંવેદન (આત્માએ પોતેજ-પોતાના શુદ્ધ સ્વભાવનો અનુભવ કરવો) જ્ઞાનામૃતરૂપ કરવા; અર્થાત્ સમતારૂપ પરિણમાવવાં એજ મોક્ષનું અને સમ્યગ્દર્શન રત્નની પ્રાપ્તિનું અસાધારણ કારણ છે. અજ્ઞાની આત્માઓનો એવો કોઇ વિચિત્ર સ્વભાવ થઇ ગયો છે કે, ઇષ્ટ-અનિષ્ટ પદાર્થોને આધીન થઈ પોતેજ સુખદુઃખની કલ્પના કરીલ્યે છે અને સમ્યગ્દૃષ્ટિ ભવ્યાત્મા રાગદ્વેષાદિ ઝેરી પરિણામોને

ઉપયોગ ભૂમિમાં આવવા દેતો નથી. અર્થાત્ સ્વીકારતો નથી. તે ભાવે પરિણમતો નથી તે માત્ર જ્ઞાયક ભાવે રહી ઉદયજન્ય વિપાકને જાણે છે અને જ્ઞાનભાવે પરિણમે છે. તે કેમકે સમ્યગ્દર્શનરૂપ રત્નમાંથી ઝરતાં અસાધારણ અદ્‌ભુત–અપૂર્વ ઉપયોગરૂપ અમૃતનું જ કારણ છે. રાગદ્વેષાદિક તે મોહની કર્મના ઉદયનો વિપાક છે. તે ચૈતન્યના નિજ સ્વભાવના સ્વાદથી જુદોજ છે, એમ સમ્યગ્દૃષ્ટિ ભેદજ્ઞાની ભવ્યાત્મા જાણે છે. ઉભય બંધ જ સંસાર નું કારણ છે. તે જ્ઞાની આત્મા પ્રજ્ઞાથી પોતાના આત્માને નોખો તારવી લ્યે છે. અજ્ઞાનીને તે કળાનો અભાવ છે, તેથી તન્મય થઇ ઉભય બંધરૂપે પરિણમે છે. અજ્ઞાનીને પૂર્વઉદય કર્મ નવા બંધનું (સંસારનું) કારણ થાય છે અને જ્ઞાનીને તે પૂર્વકર્મ નિર્જરાનું કારણ થાય છે આજ જ્ઞાનીની અગાધ ભેદજ્ઞાનની કળા છે. તે અજ્ઞાનીની બુદ્ધિમાં આવી શકતું નથી.

भावेन येन जीवः पश्यति जानात्यागतं विषये ।
रज्यति तेनैव पुनर्बध्यते कर्मेत्युपदेशः ॥ ८४ ॥

અર્થ:– આ આત્મા રાગ દ્વેષ મોહભાવે કરી ઇન્દ્રિયોના વિષયોમાં આવેલ જે ઇષ્ટાનિષ્ટ પદાર્થોને જાણે છે, દેખે છે અને રાગ દ્વેષ મોહરૂપ પરિણામે કરી તદાકાર (લીન) થઇ જાય છે. અને ફરી તે, ભાવના નિમિતથી જ્ઞાનાવરણાદિ આઠ પ્રકારના દ્રવ્ય કર્મ બંધાય છે, એવો ભગવાનનો ઉપદેશ છે.

ભાવાર્થ:– આત્મા જ્ઞાતા દૃષ્ટા સ્વભાવી છે: પરંતુ જ્યારે રાગ દ્વેષ મોહ ભાવોથી જ્ઞેય પદાર્થને દેખે છે–જાણે છે ત્યારે આત્માને

ચિદ્ વિકાર રૂપ રાગ દ્વેષ મોહ પરિણામ થાય છે. તે અશુદ્ધ ઉપયોગ રૂપ પરિણામોનું થવું તે જ ભાવ બંધ છે અને આ ભાવ બંધજ દ્રવ્યબંધનું નિમિત્ત કારણ છે: અર્થાત્ ભાવકર્માનુસાર દ્રવ્યકર્મ બંધાય છે, એવો શ્રી જિનેન્દ્રદેવનો સદુપદેશ સમ્યક્ મનમાં ધારણકરવા યોગ્ય છે. ક્રિયા બે પ્રકારની છે: એક જ્ઞપ્તિ ક્રિયા અને બીજી જ્ઞેયાર્થ પરિણમનક્રિયા. તેમાં રાગ દ્વેષ મોહ રહિત જ્ઞાનની જાણવારૂપ ક્રિયાને જ્ઞપ્તિ ક્રિયા કહે છે અને જે રાગ દ્વેષ મોહ સહિત પદાર્થને જાણવા, તે ક્રિયાને જ્ઞેયાર્થ પરિણમનક્રિયા કહે છે. તે બન્નેમાંથી જ્ઞેયાર્થ પરિણમન ક્રિયાથી બંધ થાય છે. અને પરમામૃત પ્રવાહિની "જ્ઞપ્તિક્રિયા" થી કર્મ બંધ થતો નથી.

जीवकृतं परिणामं निमित्तमात्रं प्रपद्य पुनरन्ये ।
स्वयमेव परिणमन्तेऽत्र पुद्गलाः कर्मभावेन ॥ ८५ ॥

અર્થ:- અહીં જીવના કરેલા રાગાદિ પરિણામોનું નિમિત્ત માત્ર પામી ફરી અન્ય પુદ્ગલ સ્કંધ (કાર્માણવર્ગણા) (સ્વયં) એની મેળેજ જ્ઞાનાવરણાદિ કર્મરૂપે પરિણમન કરે છે.

ભાવાર્થ:- જે સમયે જીવ રાગ દ્વેષ મોહ ભાવરૂપ પરિણમન કરે છે, તે સમયે તે ભાવોનું નિમિત્ત પામી પુદ્ગલ દ્રવ્ય સ્વતઃ કર્મ અવસ્થાને ધારણ કરે છે. વિશેષ માત્ર એટલું જ છે કે જે આત્મા દેવ ગુરુ ધર્માદિક પ્રશસ્ત રાગરૂપ પરિણમન કરે છે તેને શુભ કર્મનો બંધ થાય છે; અને અન્ય જે અપ્રશસ્ત રાગ દ્વેષ અથવા મોહરૂપ પરિણમન કરે છે, એને પાપબંધ થાય છે. અહીં એમ

પ્રશ્ન કરવામાં આવે કે, જીવના મહા સૂક્ષ્મરૂપ ભાવોની સ્મૃતિ જડ પુદ્ગલને કેવા પ્રકારે થાય છે! અને જો સ્મૃતિ નથી થતી તો તે પુદ્ગલ પરમાણુ કારણ વિના પુણ્યપાપરૂપ પરિણમન કેમ કરે છે? એનો ઉત્તર એ છે કે, જેમ એક મંત્રસાધક પુરુષ ગુપ્ત સ્થાનમાં બેસી કોઈ મંત્રનો જાપ કરે છે અને એના કર્યા વિનાજ કેવલ મંત્રની શક્તિથી અન્ય જનોને પીડા ઉત્પન્ન થાય છે અથવા સુખ થાય છે, એવીજ રીતે અજ્ઞાની જીવ પોતાના અંતરંગમાં ઉત્પન્ન થએલ વિભાવ ભાવોની શક્તિથી એના કર્યા વિનાજ કોઇ પુદ્ગલ પુણ્યરૂપ અને કોઇ પુદ્ગલ પાપરૂપ પરિણમન કરે છે. સારાંશ–એ છે કે એના ભાવોમાં એવી કોઇ વિચિત્ર શક્તિ છે કે એના નિમિત્તથી પુદ્ગલ સ્વયં અનેક અવસ્થાઓને ધારણ કરે છે. આત્મા પોતાનું અહિત (બુરું) પોતાના અશુદ્ધ પરિણામોથી જ કરે છે. કેમકે કર્મ તો જડ છે. તેને આત્માને સુખદુઃખ આપવાની કાંઇ પણ ઇચ્છા નથી અને તે કર્મ સ્વયમેવ કર્મરૂપે પરિણમે નહિ; પરંતુ આત્માના અશુદ્ધ પરિણામ (અશુદ્ધ ઉપયોગ)ના નિમિત્તથી કર્મરૂપ થાય છે. જેમ કોઈ અજ્ઞાની પોતાના હાથમાં પત્થર લઇ પોતાનું માથું ફોડે તો તે પત્થરનો શો દોષ? કાંઇ નહિ; તેમ જીવ પોતાના રાગાદિક પરિણામોએ કરી પુદ્ગલને કર્મરૂપ પરિણમાવી પોતાનું અહિત કરે તો કર્મનો શો દોષ? કાંઇ નહિ. માટે કર્મથી રાગ દ્વેષ કરવો તે પણ મિથ્યા કહેલ છે. અજ્ઞાની આત્માનો એક એવો સ્વભાવ છે કે ઇષ્ટ અનિષ્ટ પદાર્થોને વશ થઇ પોતેજ સુખદુઃખની કલ્પના કરી લે છે. જેમ અઘાતિ કર્મને વિષે વેદનીય કર્મના ઉદયે કરી શરીર વિષે બાહ્ય સુખ

દુઃખનું કારણ ઉત્પન્ન થાય છે. શરીરમાં આરોગ્યપણું, રોગીપણું શક્તિવાનપણું, દુર્બલપણું ઇત્યાદિક અને ક્ષુધા, તૃષા, રોગ, ખેદ, પીડા ઇત્યાદિક સુખદુઃખનાં કારણ થાય છે. બાહ્ય વિષે ઇષ્ટ (ગમતા) ઋતુ પવનાદિક અથવા ઇષ્ટ સ્ત્રી પુત્રાદિક અથવા મિત્રધનાદિક અને અનિષ્ટ (અણગમતા) ઋતુ પવનાદિક અથવા અનિષ્ટ સ્ત્રી પુત્રાદિક તથા શત્રુ, દરિદ્રતા, વધ બંધનાદિક સુખદુઃખનાં કારણ થાય છે. એ બાહ્ય કારણ કહ્યાં, તેમાં કેટલાંક કારણો તો એવાં છે કે પોતેજ સુખદુઃખના કારણભૂત થાય છે. એવા કારણોનું મળવું વેદનીય કર્મના ઉદયથી થાય છે. તેમાં સાતાવેદનીયથી સુખનું કારણ મળે છે અને અસાતાવેદનીયથી દુઃખનું કારણ મળે, એ કારણો તો સુખ દુઃખને ઉપજાવે નહિ પરંતુ આત્મા મોહ કર્મના ઉદયથી પોતેજ સુખદુઃખ માને છે; છતાં વેદનીય કર્મના ઉદયનો અને મોહનીય કર્મના ઉદયનો એવોજ સંબંધ છે. જ્યારે સાતાવેદનીયનું ઉત્પન્ન કરેલ બાહ્ય કારણ મળે ત્યારે તો સુખ માનવારૂપ મોહ કર્મનો ઉદય હોય અને જ્યારે અસાતા વેદનીયનું નીપજાવેલ બાહ્ય કારણ મળે ત્યારે દુઃખ માનવા રૂપ મોહકર્મનો ઉદય હોય અને એજ કારણ કોઇને સુખનું, કોઇને દુઃખનું કારણ થાય છે. જેમ કોઇને સાતાવેદનીયના ઉદયથી મળેલ વસ્ત્ર સુખનું કારણ થાય છે તેમજ કોઇને અસાતાવેદનીયના ઉદયથી મળેલ વસ્ત્ર દુઃખનું કારણ થાય છે. માટે બાહ્ય વસ્તુ સુખદુઃખનું નિમિત્ત માત્રજ છે, પરંતુ જે સુખ દુઃખ થાય છે, તે મોહના નિમિત્તથી થાય છે, નિર્મોહી મુનિયોને અનેક ઋદ્ધિ આદિ પરિષહાદિ કારણ મળે તો પણ સુખીદુઃખી ન થાય અને મોહી

જીવને કારણ મળે અથવા ન મળે; છતાં પણ પોતાના સંકલ્પથી સુખી દુઃખી થયાજ કરે છે. ત્યાં પણ તીવ્ર મોહના કારણો મળવાથી તીવ્ર સુખદુઃખ થાય અને તે જ કારણો મંદમોહીને મળવાથી મંદ સુખદુઃખ થાય; માટે સુખ દુઃખનું મૂળ કારણ મોહનો ઉદયજ છે. અન્ય વસ્તુ બળવાન કારણ નથી પરંતુ અન્ય વસ્તુને અને જીવના પરિણામને નિમિત્ત નૈમિત્તિકની મુખ્યતા જણાય છે. તેથી મોહીજીવ અન્ય વસ્તુને જ સુખદુઃખનું કારણ માને છે. એમ વેદનીય કર્મથી સુખદુઃખનું કારણ ઉત્પન્ન થાય છે. અજ્ઞાની બહિર્દૃષ્ટિ આત્મા પોતાના શુદ્ધ આત્મિક સ્વભાવના અનુભવથી અત્યંત બહાર છે. કેમકે પાપકર્મના ઉદયમાં તન્મય થઈ તે દુઃખી થાય છે અથવા પુણ્યકર્મના ઉદયમાં તન્મય થઈ ક્ષણુ-ભરને માટે સુખની કલ્પના કરી લે છે. કયારેક હર્ષરૂપ પરિણતિમાં અને કયારેક શોકરૂપ પરિણતિમાં ફસાઇ રહે છે, અર્થાત્ શુભાશુભ કર્મોના ઉદયમાં તન્મય રહે છે. પરંતુ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ આત્મા સ્વપરનો ભેદ જાણે છે, તેથી જ્યારે જ્યારે શુભકર્મનો ઉદય આવે છે અને સાતારૂપ અવસ્થા થાય છે, ત્યારે તેમાં હર્ષ કર્યાવિના, આ પુણ્યોદયનું ક્ષણિક કાર્ય છે એમ માને છે. અને જ્યારે પાપનો ઉદય આવે છે ત્યારે જે અસાતારૂપ અવસ્થા થાય છે તેમાં શોક અથવા વિષાદ કર્યા વિના, આ પાપના ઉદયનું ક્ષણિક કાર્ય છે એમ માને છે. સમ્યગ્જ્ઞાની સદાય વસ્તુનો વિચાર રાખે છે, એથી કર્મોદયમાં તન્મય ન થતાં જ્ઞાતા–દૃષ્ટા રહે છે, એજ જ્ઞાનીનું લક્ષણ છે.

शुद्ध द्रव्य निरूपणार्पितमतेस्तत्त्वं समुत्पश्यतो ।
नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यांतरं जातुचित् ॥
ज्ञानज्ञेयमवैति यत्तुतदयं शुद्धस्वभावोदयः ।
किं द्रव्यांतरचुम्बनाकुलधियस्तत्त्वाच्चयवंते जनाः ॥८६॥

અર્થ:- જે ભવ્ય આત્માએ શુદ્ધદ્રવ્યનું નિરૂપણ કરવામાં પોતાની નિર્મલ બુદ્ધિનું અનુસંધાન કર્યું છેઃ અર્થાત્ શુદ્ધાત્મ સ્વરૂપનો અનુભવ કરવામાં ઉપયોગને જોડયો છે, અને જે તત્ત્વ સ્વરૂપને પ્રત્યક્ષ અનુભવે છે, એવા પુરુષને એક દ્રવ્યમાં પ્રાપ્ત થએલ અન્ય દ્રવ્ય કોઇ વખતે પણ કિંચિત્ પ્રતિભાસતું નથી; તથા જ્ઞાન અન્ય જ્ઞેય પદાર્થોને જાણે છે, તે જ્ઞાનના સ્વચ્છ અને શુદ્ધ સ્વભાવનો ઉદય છે; પરંતુ અજ્ઞાની લોકો અન્ય દ્રવ્યને ગ્રહણ કરવામાં આકૂલ વ્યાકૂળ બુદ્ધિવાળા થઈ શુદ્ધ સ્વરૂપથી કેમ ચલાયમાન થાય છે ?

ભાવાર્થ :- નિર્મળ શુદ્ધનયની દૃષ્ટિએ તત્ત્વનું સ્વરૂપ વિચારવાથી અન્યદ્રવ્યોનો અન્યદ્રવ્યમાં પ્રવેશ નથી દેખાતો. પરંતુ જ્ઞાનમાં જે અન્ય દ્રવ્ય પ્રતિભાસે છે તે જ્ઞાનની સ્વચ્છતાનો સ્વભાવ છે. જ્ઞાન તેને જરા પણ ગ્રહણ નથી કરતું. આ લોકો અન્ય દ્રવ્યનું જ્ઞાનમાં પ્રતિબિમ્બ દેખી પોતાના જ્ઞાનસ્વરૂપથી છૂટી જ્ઞેયને ગ્રહણ કરવાની બુધ્ધિ કરે છે, તે અજ્ઞાન છે. શ્રી આચાર્યમહારાજે તેઓના ઉપર કરુણા બુદ્ધિ લાવી કહ્યું છે કે આ લોક તત્ત્વ સ્વરૂપથી કેમ ચલાયમાન થાય છે? જેમ દીપકનો સ્વભાવ ઘટપટ આદિ

પદાર્થોને પ્રકાશવાનો છે, તેમ જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયને જાણવાનો છે. એ વસ્તુનો સ્વભાવ છે. જ્ઞેયને જાણવા માત્રથી જ્ઞાનમાં વિકાર નથી થતો પરંતુ જ્ઞેયને જાણી તેમાં ભલું બુરું માની, આત્મા રાગી, દ્વેષી, વિકારી થાય છે. તે અજ્ઞાન છે. એથી આચાર્ય મહારાજ કહે છે કે વસ્તુનો સ્વભાવ તો ઉપર કહ્યા પ્રમાણે છે, છતાં આત્મા અજ્ઞાની થઇ રાગ, દ્વેષ, મોહ રૂપ કેમ પરિણમે છે? પોતાની સ્વાભાવિક ઉદાસીન (વીતરાગ) અવસ્થા રૂપ કેમ નથી રહેતો? કર્મ તો પુદ્‌ગલ છે. અને એનો કર્તા જો જીવને કહેવામાં આવે તો એ બન્નેમાં મોટો ભેદ છે. કેમકે જીવ તો પુદ્‌ગલમાં નથી અને પુદ્‌ગલ જીવમાં નથી, તો એ બન્નેનો કર્તા કર્મભાવ કેવી રીતે બની શકે? ન જ બની શકે. કેમકે જીવ તો જ્ઞાતા છે, તે જ્ઞાતા જ છે. પુદ્‌ગલનો કર્તા નથી અને પુદ્‌ગલ કર્મ છે તે તો કર્મજ છે. એવી રીતે પ્રગટ ભિન્નદ્રવ્ય છે તોપણ અજ્ઞાનીનો આ મોહ કેમ નાચે છે કે "હું તો કર્તા છું અને આ પુદ્‌ગલ મારાં કર્મ છે." આ મહાન આશ્ચર્ય છે, છતાં અજ્ઞાનીનો મોહ નાચતો હોયતો ભલે નાચે; પરંતુ વસ્તુનું સ્વરૂપ તો જેવું છે તેવુંજ રહેશે.

कर्ता करणं कर्म कर्मफलं चात्मेति निश्चितः श्रमणः ।
परिणमति नैवान्यद्यदि आत्मानं लभते शुद्धं ॥ ८७ ॥

અર્થ:- કાર્યને કરવાવાળો કર્તા, જેનાથી કરવામાં આવે એવું મુખ્ય કારણ તે કરણ, જે કરાય તે કર્મ, અને કર્મનું ફળ એ ચારે આત્મા જ છે, એવો નિશ્ચય કરવાવાળા ભેદવિજ્ઞાની મુનિ પર

દ્રવ્યરૂપ પરિણમન નથી કરતા ત્યારે જ શુદ્ધ અર્થાત્ કર્મોપાધિ રહિત શુદ્ધ ચિદાનન્દસ્વરૂપ આત્માને પામે છે.

ભાવાર્થ:—જ્યારે આ જીવ પરદ્રવ્યના સંબંધથી આત્માને જુદો જાણી શુદ્ધ કર્ત્તા, શુદ્ધ કરણ, શુદ્ધ કર્મ અને શુદ્ધ ફળ એ ચારે ભેદથી આત્માને અભેદ રૂપે સમજે છે અને નિશ્ચય કરી કોઈ કાલમાં પણ પરદ્રવ્યોથી એકપણું પામીને પરિણમન નથી કરતો ત્યારે તે જ જીવ અભેદરૂપ જ્ઞાયક માત્ર પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત થાય છે. એજ કથનને દૃષ્ટાંત દઇ વિશેષતાથી બતાવે છે. જેમ લાલ પુષ્પના સંયોગથી સ્ફટિક રત્નમાં રાગ વિકાર ઉત્પન્ન થાય છે, તેમ અનાદિ કાલથી પુદ્‌ગલ કર્મના સંબંધથી રાગવૃત્તિ ઉત્પન્ન થઇ છે, એવો હું પરકૃત વિકાર સહિત, પૂર્વે અજ્ઞાન દશામાં હતો, તે સમયમાં પણ અન્ય દ્રવ્ય મારૂં કોઇ પણ સંબંધી હતું નહી. એવી અવસ્થામાં પણ હું એકલોજ, મારી ભૂલથી, સરાગ ચૈતન્ય ભાવ કરી કર્તા થયો. હું સરાગ ચૈતન્ય ભાવ કરી અજ્ઞાન ભાવનું મુખ્ય કારણ થયો, તેથી કરણ પણ હુંજ થયો. હુંજ સરાગ ચૈતન્ય પરિણતિ સ્વભાવથી મારા અશુદ્ધ ભાવને પ્રાપ્ત થયો. તેથી હુંજ કર્મરૂપ થયો. હુંજ સરાગ ચૈતન્ય ભાવથી ઉત્પન્ન અને આત્મિક સુખથી વિપરીત એવા દુઃખરૂપ કર્મફળનો ભોકતા થયો. એમ અજ્ઞાન દશામાં હું એ ચારે ભેદોથી અભેદરૂપ પરિણમન કરતો હતો. અને હવે જ્ઞાન દશામાં જેમ લાલ પુષ્પનો સંયોગ છૂટી જવાથી સ્ફટિક મણિ નિર્મલ સ્વાભાવિક શુદ્ધ થઇ જાય છે, તેમ હું પણ સર્વથા પ્રકૃતિઓના વિકારથી રહિત થઇ નિર્મલ મોક્ષ માર્ગમાં પ્રવર્તું

છું. આ વખતે પણ મારૂં કોઈ નથી. હુંજ નિર્મળ ચૈતન્ય ભાવનો સ્વાધીન કર્તા છું, હું નિર્મળ ચૈતન્યભાવે કરી શુદ્ધ સ્વભાવના અતિશયથી સાધવાવાળો કરણ છું અને હુંજ નિર્મળ ચૈતન્ય પરિણમન સ્વભાવથી શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત થયો છું, એટલા માટે કર્મ છું. હુંજ નિર્મળ ચૈતન્ય સ્વભાવે કરી ઉત્પન્ન આકુળતા રહિત આત્મિક સુખ રૂપ કર્મ-ફળ છું. એમ જ્ઞાન દશામાં પણ હુંજ એકલો થયો. એ ચારે ભેદોથી અભેદ રૂપ હું જ પરિણમન કરૂં છું, બીજો કોઇ એ આ જીવની બંધપદ્ધતિ અને મોક્ષપદ્ધતિ હોવા છતાં પર-દ્રવ્યરૂપ પરિણતિ કોઈ સમયે પણ થઇ શકી નથી. જેમ એક ભાવરૂપ પરિણત થએલ પરમાણુનો અન્ય પરમાણુ ની સાથે સંયોગ નથી થતો, એવી રીતે આત્માનો પણ પરદ્રવ્યોની સાથે સંબંધ નથી થઇ શકતો અને અશુદ્ધ પર્યાયથી પણ સંબંધ નથી થતો. એમ ચિંતવનથી તે જ્ઞાની નિર્મળ થાય છે; માટે અન્ય દ્રવ્યોથી ભિન્ન સ્વરૂપ કર્તા, કરણ, કર્મ, ફળ આદિ સર્વે ભેદોથી રહિત અભેદ રૂપ શુદ્ધ નયે કરી મોહનું વિનાશક એવું પ્રકાશરૂપ આ જીવનું જ્ઞાન તત્ત્વ શોભા પામે છે—સારાંશ એ છે કે, જ્યારે આ જીવની પરવસ્તુમાં પરિણતિ મટી જાય છે અને કર્તા કર્મ આદિ ભેદ રૂપ ભ્રમ (અજ્ઞાનીનો) નાશ થાય છે, ત્યારેજ શુદ્ધ સ્વરૂપને પામી, જ્ઞાન માત્ર નિર્મળ આત્મિક પ્રકાશમાં સહજ મહિમા સહિત નિરંતર તે મુક્ત રૂપજ રહે છે.

परिणममानस्य चितश्चिदात्मकैः स्वयमपि स्वकैर्भावैः ।
भवति हि निमित्तमात्रं पौद्गलिकं कर्म तस्यापि ॥૮૮॥

અર્થ:- નિશ્ચય નયે કરીને પોતાના ચેતનસ્વરૂપ રાગાદિક પરિણામોથી પોતેજ પરિણમતા એવા પૂર્વોક્ત આત્માને પણ પુદ્ગલ સંબંધી જ્ઞાનાવરણાદિક દ્રવ્યકર્મ કારણ માત્ર થાય છે.

ભાવાર્થ:- જીવના રાગાદિક વિભાવ ભાવ સ્વયં નથી થતા; કેમકે જો પોતાથીજ ઉત્પન્ન થાય તો જ્ઞાન દર્શન સમાન એ પણ સ્વભાવભાવ થઇ જાય. અને સ્વભાવભાવ થઇ જવાથી, અવિનાશી થઇ જાય; એટલા માટે એ ભાવ ઔપાધિક છે; કેમકે અન્ય નિમિત્તથી ઉત્પન્ન થાય છે અને તે નિમિત્ત જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મો છે. જેમ જેમ દ્રવ્ય કર્મ ઉદયઅવસ્થાને પ્રાપ્ત થાય છે, તેમ તેમ આત્મા વિભાવરૂપ પરિણમન કરે છે. અહીં આ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે પુદ્ગલમાં એવી કઇ શક્તિ છે કે જે ચૈતન્યનાથને પણ વિભાવ ભાવોમાં પરિણમન કરાવે છે? એનું સમાધાન એમ થાય છે કે, જેમ કોઇ પુરુષ ઉપર મંત્રપૂર્વક રજ-ધૂળ નાખવામાં આવે તો તે પોતાને ભૂલી નાના પ્રકારની વિપરીત ચેષ્ટાઓ કરવા લાગી જાય છે: કેમકે મંત્રના પ્રભાવથી એ રજમાં એવી કોઈ શક્તિ ઉત્પન્ન થઇ જાય છે કે, જે ચતુર પુરુષને પણ ગાંડો બનાવી દે છે; એમ આ આત્મા પોતાના આત્મપ્રદેશોમાં રાગાદિકોનાં નિમિત્તથી અંધ રૂપ થએલ પુદ્ગલોના કારણથી પોતાને ભૂલી નાના પ્રકારના વિપરીત ભાવોમાં પરિણમન કરે છે. સારાંશ એ છે કે આત્માના વિભાવ ભાવોના નિમિત્તથી પુદ્ગલમાં એવી કોઇ વિચિત્ર શક્તિ ઉત્પન્ન થાય છે કે, જે ચૈતન્ય પુરુષને વિપરીત ચલાવે છે.

एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव ।
प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजं ॥८९॥

અર્થ:– એવી રીતે આ આત્મા કર્મોના નિમિત્તથી થયેલ ભાવોથી સંયુકત ન હોવા છતાં પણ અજ્ઞાની જીવોને સંયુક્ત સરિખો પ્રતિભાસિત થાય છે, અને તે પ્રતિભાસજ નિશ્ચયે કરીને સંસારનું બીજભૂત છે.

ભાવાર્થ:– એવી રીતે આ જીવ જો કે નિશ્ચય નયથી કર્મ જનિત રાગ દ્વેષાદિ ભાવોથી રહિત છે, તો પણ આ રાગી છે, આ દ્વેષી છે, એવો મિથ્યા અભિપ્રાય જે અજ્ઞાની–મોહી જીવની અંદર ઝબકે છે; એજ વાસ્તવમાં એને સંસાર પરિભ્રમણનું બીજ છે.

रक्तो बन्धाति कर्म मुच्यते कर्मभी राग रहितात्मा ।
एष बन्ध समासो जीवानां जानीहि निश्चयतः ॥९०॥

અર્થ:– જે જીવ પર દ્રવ્યમાં રાગી છે તેજ જ્ઞાનાવરણાદિ કર્મોને બાંધે છે, અને જે રાગ ભાવે કરી રહિત છે, તે સર્વ કર્મ કલંકોથી મુક્ત થાય છે. નિશ્ચય નયે કરી સંસારી આત્માઓને રાગાદિ વિભાવ રૂપ અશુધ્ધ ઉપયોગ જ ભાવ બંધ છે, એવું બંધનું સંક્ષેપ કથન હે શિષ્ય! તું સમજ

अज्ञानी कर्मफलं प्रकृतिस्वभावस्थितस्तु वेदयते ।
ज्ञानी पुनः कर्मफलं जानाति उदितं न वेदयते ॥९१॥

અર્થ:– અજ્ઞાની આત્મા કર્મોની પ્રકૃતિઓમાં સ્થિર થઈ કર્મોનાં ફળનો અનુભવ કરે છે અને સમ્યગ્જ્ઞાની આત્મા કર્મોના ફળને માત્ર જાણેજ છેઃ પરંતુ ઉદયરૂપ અવસ્થાને ભોગવતો નથીઃ અર્થાત્ અનુભવ કરતો નથી.

મોહને નાશ કરવાનો ઉપાય.

मोहेन वा रागेण वा द्वेषेण वा परिणतस्य जीवस्य ।
जायते विविधो बन्धस्तस्मात्ते संक्षपयितव्याः ॥९२॥

અર્થ:– મોહભાવથી અથવા રાગભાવથી અથવા દુષ્ટભાવથી પરિણમતા એવા જીવને અનેક પ્રકારે કર્મબંધ ઉત્પન્ન થાય છે. એટલા માટે ભવ્ય આત્માએ તે રાગ દ્વેષ અને મોહ ભાવનો મૂળ સત્તામાંથી ક્ષય કરવો યોગ્ય છે.

ભાવાર્થ:– જીવના રાગ, દ્વેષ, મોહ એ ત્રણે ભાવોથી જ્ઞાના વરણાદિ અનેક કર્મબન્ધ થાય છે માટે એ ત્રણેનો નાશ કરવો જોઈએ. જેમ જંગલનો મદોન્મત્ત હાથી મોહથી અજ્ઞાની થઇ કાષ્ટની બનાવેલી કૃત્રિમ હાથણીને દેખી, અત્યંત પ્રેમભાવને વશ થઇ આલિંગન કરે છે, તથા દ્વેષભાવથી અન્ય હાથીઓને તે હાથણીની પાસે આવતા દેખી લડવાને સામો દોડે છે અને તૃણાદિકથી આચ્છાદિત (ઢાંકેલ) ખાડામાં પડી પકડવાવાળા પુરુષોથી અનેક પ્રકારે બંધાય છે, એવી રીતે આ જીવને પણ મોહ, રાગ, દ્વેષ, ભાવોથી અનેક પ્રકારે કર્મ બંધ થાયછે. મોક્ષની ઈચ્છા કરવાવાળા પુરુષોએ અનિષ્ટ કાર્યના કારણ રૂપ મોહાદિ ત્રણે ભાવોનો મૂળ સત્તામાંથી જ સર્વથા પ્રકારે ક્ષય કરવો જોઇએ.

अर्थे अयथाग्रहणं करुणाभावश्च तिर्यङ मनुजेषु ।
विषयेषु च प्रसंगो मोहस्यैतानि लिंगानि ॥ ९३ ॥

અર્થ:- પદાર્થોના સંબંધમાં, જેમ છે તેમ નહી ગ્રહણ કરતા અર્થાત્ એનો જેવો સ્વભાવછે તે જ સ્વરૂપે ન માનતાં અયથાર્થ રૂપે (વિપરીત) સમજવા, તથા તિર્યંચ અને મનુષ્યો પ્રત્યે કરુણા ભાવ થવો અને સંસારના ઇષ્ટ અનિષ્ટ પદાર્થોમાં-ઉપયોગનું જોડાવું-અર્થાત્ પદાર્થોનો સંસર્ગ કરવો, એ બધા મોહનાં ચિહ્ન છે.

ભાવાર્થ:- મોહના ત્રણ ભેદ છે- દર્શનમોહ, રાગ, અને દ્વેષ. પદાર્થોને વિપરીતરૂપે જાણવા તથા મનુષ્ય તિર્યંચોમાં મમત્વ બુદ્ધિથી દયા થવી, એ તો દર્શનમોહનાં ચિહ્ન છે. ઇષ્ટ વિષયોમાં પ્રીતિ તે રાગનું ચિહ્ન છે. અનિષ્ટ પદાર્થોમાં ક્રૂર દૃષ્ટિ થવી તે દ્વેષનું લક્ષણ છે. એ ત્રણ લક્ષણોથી મોહને ઉત્પન્ન થએલ જોઇને એનો નાશ અવશ્ય કરવો જોઇએ.

मोहबीजाद्रतिद्वेषौ बीजान्मूलांङ् कुराविव ।
तस्मात्ज्ञानाग्निना दाह्यं तदेतौ निर्दिधक्षुणा ॥९४॥

અર્થ:- જેમ બીજથી વૃક્ષની જડ અને અંકુર ઉત્પન્ન થાય છે, તેમ દર્શનમોહરૂપી મૂળથી આત્મામાં રાગ દ્વેષ ઉત્પન્ન થાય છે; માટે જે જીવ રાગ દ્વેષને બાળવાને ઇચ્છે છે, તેને ઉચિત છે કે સમ્યગ્જ્ઞાનરૂપી અગ્નિએ કરી દર્શનમોહને દગ્ધ કરવો બાળવો.

ભાવાર્થ:- અતત્ત્વશ્રદ્ધાનરૂપ મિથ્યાત્વભાવનું નામ દર્શન મોહ છે અને પદાર્થને ઇષ્ટ અનિષ્ટ માની તેને વિષે પ્રીતિ, અપ્રીતિ કરવી તેનું નામ રાગ દ્વેષ છે: કેમકે અતત્ત્વ શ્રદ્ધાનથી જ પદાર્થ ઇષ્ટ અનિષ્ટ પ્રતિભાસે છે. જેમ વૃક્ષની જડનું અને અંકુશનું મૂળ કારણ બીજ છે, તેમ રાગદ્વેષનું મૂળ કારણ દર્શન મોહ છે. જેમ કોઇ જડ અને અંકુશને બાળવા ઇચ્છે તો તેના બીજને બાળે, તેમ રાગ દ્વેષનો નાશ કરવાની ઇચ્છાવાળો મોહનો નાશ કરે. મોહનો નાશ થવાથી રાગદ્વેષનો સહજમાં નાશ થાય છે. સમ્યગ્દૃષ્ટિને મોહનો નાશ થયા પછી કિંચિત્ રાગ દ્વેષ રહેછે. પણ તે અનંત સંસારનું કારણ નથી. વૃક્ષની જડ કપાણા પછી જેમ વૃક્ષ લાંબો કાળ રહેતું નથી: અર્થાત્ શીઘ્ર સુકાઇ જાય છે; તેમ રાગ દ્વેષ પણ શીઘ્ર નાશને પ્રાપ્ત થશે; એટલા માટે રાગ દ્વેષનું મૂળ કારણ દર્શનમોહ છે તેને બાળી તેનો નાશ કરવો. જેમ બીજને બાળવાનું કારણ અગ્નિ છે તેમ દર્શનમોહનો નાશ કરવાનું કારણ સમ્યગ્જ્ઞાન છે. જ્ઞાનથી જીવાદિ તત્ત્વોના સ્વરૂપને યથાર્થ જાણે તો અતત્ત્વશ્રદ્ધાનનો નાશ થાય; માટે ભવ્ય આત્માએ નિર્મળ તત્ત્વજ્ઞાનના અભ્યાસને વિષે સદાય તત્પર રહેવું જોઇએ. એમ કરવાથી આત્મશુદ્ધિ (દર્શનવિશુદ્ધિ) સ્વયમેવ પ્રગટ થાય છે.

दग्धे बीजे यथा त्यन्तं प्रादुर्भवति नां कुर :
कर्मबीजे तथा दग्धे न रोहति भवांकुरः ॥९५॥

અર્થ:- જેમ બીજ સર્વથા પ્રકારે બળી જવાથી અંકુર ઉત્પન્ન નથી થતો, તેમજ દર્શન મોહનીય કર્મરૂપી બીજ બળી જવાથી

સંસારરૂપ અંકુર ઉત્પન્ન નથી થતો. જ્યારે કારણનોજ નાશ થઇ ગયો ત્યારે કાર્ય કેવી રીતે થઇ શકે ? નજ થઈ શકે. તેમ ભવની ઉત્પત્તિનું કારણ દર્શનમોહનીય કર્મ છે. તે કર્મનો નાશ થવાથી ભવની ઉત્પત્તિ કેવી રીતે હોઇ શકે ? નજ હોઇ શકે. મનુષ્યાદિ યોનિઓમાં મરવું, ઉત્પન્ન થવું એનું નામ ભવ છે. ભવનો કર્મના બંધનની સાથે કાર્યકારણ સંબંધ છે.

અગૃહીતમિથ્યાત્વઆદિનું સ્વરૂપ

જે સમયે કોઇ મંદ કષાયવાન્ સંજ્ઞી પંચેન્દ્રિય ભવ્ય આત્મા તત્ત્વનો પરિચય કરવાની ઇચ્છા કરે અને અતત્ત્વને તત્ત્વ સમજી લે તો તે સમયે તેને અતત્ત્વશ્રદ્ધાન રૂપ મિથ્યાત્વનું લક્ષણ બતાવવામાં આવે છે. જ્યાં સુધી તત્ત્વને જાણવાની સ્વાભાવિક અંતરંગ ઇચ્છા ઉત્પન્ન નથી થઇ ત્યાં સુધી તત્ત્વ શ્રદ્ધાનના અભાવવાળાને મિથ્યાત્વનું સ્વરુપ બતાવ્યું છે: કેમકે તત્ત્વ શ્રદ્ધાનના અભાવરૂપ મિથ્યાત્વને અગૃહીતમિથ્યાત્વ કહેવામાં આવેછે અને અભિપ્રાય (પરિણામ)–ઇચ્છાપૂર્વક–બુદ્ધિપૂર્વક અતત્ત્વને તત્ત્વમાની લે છે, તેને ગૃહીતમિથ્યાત્વ કહેવામાં આવે છે. અગૃહીતમિથ્યાત્વ અનાદિ કાલથી સર્વે જીવોમાં બન્યુંજ રહે છે અને ગૃહીતમિથ્યાત્વ મિથ્યાશ્રદ્ધાન કરવાથી થાય છે; માટે ગૃહીતમિથ્યાત્વને અનાદિ ન માનતાં સાદિ માનવું યોગ્ય છે. અગૃહીત મિથ્યાત્વને નૈસર્ગિક (સ્વાભાવિક) મિથ્યાત્વ પણ કહે છે. અગૃહીતમિથ્યાત્વમાં વિકલ્પ ઉત્પન્ન

થવાનો અસંભવ છે તેથી તેના ઉત્તર ભેદ કહેવામાં નથી આવતા; પરંતુ ગૃહીતમિથ્યાત્વના ઘણા પ્રકાર (ભેદ) થઇ શકે છે. તે કહે છે.

गृहीत मगृहीतं च परं सांशयिकंमतं ।
मिथ्यात्वनं त्रिधा यत्र तश्च सम्यक्त्व मुच्यते ॥९६॥

અર્થ:- જે તત્ત્વાર્થ શ્રધ્ધાનમાં ગૃહીતમિથ્યાત્વ, અગૃહીત-મિથ્યાત્વ અને સંશયમિથ્યાત્વ, એ ત્રણ પ્રકારના મિથ્યાત્વનો અભાવ છે, તેને સમ્યગ્દર્શન કહે છે.

ગ્રહીતમિથ્યાત્વનું સ્વરૂપ

संसर्गा ज्जायतेयच्च, गृहीतं तच्चतुर्विधम् ।
अज्ञान विपरीतंहि एकान्तो विनयस्तथा ॥ ९७ ॥

અર્થ:- જે મિથ્યાત્વ પરિણામ અસત્ દેવ, અસત્ ગુરુ અને અસત્ ધર્મથી તથા તેની ઉપાસના કરનારની સંગતથી થાય છે, તેને ગૃહીતમિથ્યાત્વ કહે છે. તેના ચાર ભેદ છે, તે-અજ્ઞાન વિપરીત, એકાન્ત અને વિનય એમ ચાર પ્રકારે છે.

અજ્ઞાનમિથ્યાત્વનું સ્વરૂપ

पाप धर्माभि धानाव बोधदूरेषु जंतुषु ।
मिथ्यात्वोदय पर्यायो मिथ्यात्वं स्यातदादिमम् ॥९८॥

અર્થ:- જે પામર મિથ્યાદૃષ્ટિ આત્મા, પાપ શું વસ્તુ છે અને ધર્મ શું વસ્તુ છે, તેના નામથી પણ બહુજ દૂર છે:

અર્થાત્ પાપ શું છે અને ધર્મ શું છે, તેના સ્વરૂપને જરા પણ જાણતા નથી અને તે તરફ લક્ષ પણ નથી આપતા, તથા પુણ્ય પાપના સ્વરૂપને જાણવાની ઇચ્છા પણ રાખતા નથી. તેને મિથ્યાત્વના ઉદયથી જે પરિણામ થાય છે, તે પ્રથમ અજ્ઞાન મિથ્યાત્વ છે. તેના ત્રણ ભેદ છે.

हितमेवनवेत्तिकश्चन भजतेऽन्यः खलु तत्र संशयम् ।
विपरीत रुचि परोजगत् त्रिभिर ज्ञान तमो भिराहतम् ॥९९॥

અર્થઃ- કેટલાએક લોકો દર્શન મોહ મિથ્યાત્વ પ્રકૃતિના તીવ્ર ઉદયને લઈ હિત, એટલે આત્માને કલ્યાણકારક (સુખ આપનાર) શું વસ્તુ છે, તેને જરાપણ સમજતા જ નથી, અને અસલી સુખ જે મોક્ષ સુખ તેને ઇચ્છતા પણ નથી. (૧) અને કેટલા-એક લોકો હિત શું વસ્તુ છે, તેને મનમાં સારી રીતે સમજે છે: છતાં પણ એમાં સંશય આણીને વ્યર્થ દિવસો ગુમાવે છે, (૨) તથા કેટલાએક લોકો અહિતને હિતરૂપ સમજી લે છે: અર્થાત્ હિતાહિતની પરીક્ષા કરવામાં આત્મશક્તિહીન અને ઉત્સાહરહિત હોય છે. (૩) ઉપર બતાવેલ ત્રણ પ્રકારના અજ્ઞાને કરી આખું જગત્ ખેદખિન્ન (દુઃખી) થઈ રહેલ છે: અર્થાત્ દુઃખથી ઘેરાએલ છે.

ભાવાર્થઃ- ચેતના ગુણનું મિથ્યાત્વ રહિત, શુદ્ધ જ્ઞાનોપયોગરૂપ તથા દર્શનોપયોગરૂપ પરિણમવું, તેને શુદ્ધભાવ કહે છે, અને તે શુદ્ધ ભાવ (પરિણામ) આત્માના હિતરૂપ છે. તેનું ફલ સંસારની નિવૃત્તિ છે: અર્થાત્ મોક્ષ છે. દર્શન મોહનીય કર્મના

ઉદયના નિમિત્તથી ચેતનાનું રાગ, દ્વેષ, મોહાદિ વિભાવભાવ-રૂપ પરિણમવું તે અશુદ્ધ પરિણતિ છે, તેને અશુદ્ધ ભાવ કહે છે. તે આત્માને અહિત રૂપ છે. તેનું ફલ અનંત દુઃખમય સંસાર પરિભ્રમણ છેઃ માટે વિવેકી ભવ્ય આત્માએ હિતાહિતનું યથાર્થ સ્વરૂપ સમજી હિતને અંગીકાર કરવું અને અહિતરૂપ પરિણામનો પરિત્યાગ કરવા પ્રયત્નશીલ બનવું.

વિપરીત મિથ્યાત્વનું સ્વરૂપ.

યોજ્ઞાન જ્ઞાયક જ્ઞેય, યાથાત્મ્યેનિર્ણયોઽન્યથા ।
સયેનાત્મનિતદ્વિદ્ધિ મિથ્યાત્વ વિપરિતજં ॥૧૦૦॥

અર્થઃ- જે મિથ્યાત્વ પરિણામના ઉદયથી જ્ઞાન (જાણવાની શક્તિ) જ્ઞાયક (જાણનાર આત્મા) અને જ્ઞેય (જાણવા યોગ્ય પદાર્થો) માં વિપરીત નિશ્ચય કરવોઃ અર્થાત્ જે વસ્તુનો જેવો સ્વભાવ છે, તેને તે સ્વરૂપે ન માનતાં વિપરીત (અન્ય પ્રકારે પ્રવૃત્તિ કરવી) રીતે માનવા, તે અતત્ત્વ શ્રદ્ધાનરૂપ વિપરીત મિથ્યાત્વનું સ્વરૂપ જાણવું.

અદેવે દેવબુદ્ધિઃ સ્યાદગુરૌ ગુરુધીરિહ ।
અધર્મે ધર્મવજ્જ્ઞાનં દ્રઙ્માદ્દેસ્યાનુશ્વાસનાત્ ॥૧૦૧॥

અર્થઃ- મોહનીય કર્મની મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયથી જીવ અદેવમાં દેવપણાની બુદ્ધિ, અગુરુમાં ગુરુપણાની બુદ્ધિ, અને હિંસાદિક અધર્મમાં ધર્મપણાની બુદ્ધિ રાખે છેઃ અર્થાત્ વિપરીત મિથ્યાત્વને લઇ સત્‌દેવ, સત્‌ગુરુ અને સત્‌ધર્મમાં પ્રીતિ ન

કરતાં અદેવમાં અગુરુમાં અને અધર્મમાં પ્રીતિ કરે છે. વિપરીત રુચિ મિથ્યાત્વથી પૂર્ણપણે ઘેરાએલ આત્માની ઉપર પ્રમાણે અવસ્થા થાય છે અને તે અવસ્થા, પરવસ્તુ વિના મારો નિર્વાહ નહિ થાય તથા સુખ નહિ મળે, એવી ભાવના ઉત્પન્ન કરે છે, શુધ્ધાત્મ સ્વરૂપથી બહિર્મુખ રાખે છે અને નિજ સ્વરૂપનો અનુભવ થવામાં બાધકરૂપ થાય છે. વિપરીત રુચિમિથ્યાત્વનું મુખ્ય કર્તવ્ય એ છે કે, સત્ વસ્તુ ઉપર અરુચિભાવ અને અસત્ ઉપર રુચિભાવ કરાવે છે.

दृङ् मोहवशतः कश्चित्, प्रमाणयति तद्वचः ।
विषकुंभादसौ मूढः सुधां पातुं समीहते ॥ १०२ ॥

અર્થઃ- જો કોઇ દર્શનમોહનીયની વિપરીત મિથ્યાત્વ પ્રકૃતિને વશ થઇ કુદેવોનાં વિપરીત વચનોને પ્રમાણભૂત માને છે, તો સમજવું જોઇએ કે તે મૂર્ખ આત્મા વિષથી ભરેલ ઘડામાંથી અમૃતને પીવાની ઇચ્છા કરે છે.

मिथ्यात्वं विदन् जीवो, विपरीतदर्शनो भवति ।
न च धर्म्मं रोचते हि मधुरं खलु रसं यथा ज्वरितः ॥१०३॥

અર્થઃ- દર્શનમોહનીય પ્રકૃતિને લઈ જીવનાં જે પરિણામ થાય છે, તેને મિથ્યાત્વ કહે છે. તે મિથ્યાત્વરૂપ પરિણામને અનુભવતો જીવ છે, તેને અનેકાન્ત (અનેક છે અંત કરેલાં ધર્મ જેમાં) સ્વરૂપ જે વસ્તુ તેનો ધર્મ–સ્વભાવ–અથવા ગુણ તે રૂપ અમૃત અથવા મોક્ષ માર્ગમાં અસાધારણ કારણભૂત જે સમ્યગ્દર્શન,

સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સ્વરૂપ જે ધર્મામૃત, તે રુચિકર નથી લાગતાં. જેમ પીતજ્વર વાળા મનુષ્યને સ્વાદિષ્ટ મધુર રસ રુચિકર નથી લાગતો, તેમ મિથ્યાત્વરૂપ ઝેરી પરિણામને લઇ અતત્ત્વ શ્રદ્ધાનરૂપ છે દૃષ્ટિ જેની એવા મિથ્યાદૃષ્ટિ આત્માને અનેકાન્ત ધર્મરૂપી પરમામૃત રુચિ કર નથી લાગતું. ય શબ્દથી એવો અભિપ્રાય છે કે જે કોઇ જીવ બાહારથી સમ્યગ્દૃષ્ટિ સમાન આચરણ કરે અને અંતરંગમાં એનું વિપરીત પરિણામ હોય તો તે વાસ્તવમાં મિથ્યાદૃષ્ટિજ છે.

यावन्मोहो बली पुंसि, दीर्घ संसारतापिच ।
न तावत् शुद्ध चिद्रूपे, रुचिरत्यन्तनिश्चला ॥१०४॥

અર્થ:- જ્યાં સુધી આત્માની સાથે મહાબલવાન દર્શનમોહનીય કર્મનો સંબંધ છે તથા દીર્ઘસંસારના અર્થાત્ હજુ ઘણું કાલ સુધી સંસારમાં પરિભ્રમણ કરવું બાકી છે, ત્યાંસુધી તેનો કયારે પણ શુદ્ધ ચૈતન્ય જ્યોતિ સ્વરૂપ શુદ્ધાત્મામાં વિપરીત મિથ્યાત્વને લીધે નિર્મલ રુચિરૂપ પ્રેમ થતો નથી. તાત્પર્ય એ છે કે- નિર્મલ તત્ત્વજ્ઞાનનો અનુભવ, અન્તર્દૃષ્ટિ તો ભવ્ય આત્માને જ થાય છે; પરંતુ દીર્ઘ સંસારી અને અભવ્યની બુદ્ધિમાં શુદ્ધાત્મતત્વ નથી પ્રતિભાસતું:-

એકાન્ત મિથ્યાત્વનું સ્વરૂપ

द्रव्य पर्याय रुपेर्थे, त्र्यंगेचाक्षय साधने ।
तत्स्यादेकान्तमिथ्यात्वं येनैकान्तावधारणम् ॥१०५॥

અર્થ:- સમસ્ત પદાર્થો દ્રવ્યપર્યાય સ્વરૂપ છે, તથા સમ્પૂર્ણ વસ્તુમાત્ર અનંત ધર્માત્મક છે. અને મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન સમ્યગજ્ઞાન; અને સમ્યક્ચારિત્રસ્વરૂપ છે. એ ત્રણેની એકતાથીજ મોક્ષછે. પરંતુ એ ત્રણેમાંથી કોઇ એકજ ધર્મને માનવો, બીજા ને ન માનવા, તે એકાન્ત મિથ્યાત્વ છે.

विचित्र वर्णांचित चित्र मुत्तमं यथा गताक्षो न जनो विलोकते ।
प्रदर्श्यमानं न तथा प्रपद्यत कुदृष्टिजीवो जिननाथशासनम्
॥ १०६ ॥

અર્થ:- જેમ અનેક પ્રકારના વર્ણોથી (રંગોથી) સારી રીતે ચિતારાએ ચિતરેલ સુંદર ચિત્રને આંધળો માણસ નથી જોઇ શકતો, તેમ એકાન્ત મિથ્યાત્વરૂપી ઝેરી પરિણામથી જેની અંતર્ચક્ષુ અંધ થએલ છે, એવો આત્મા જિનેન્દ્ર દેવના નિર્દોષ અમૃતમય શાસન (સમ્પૂર્ણ વસ્તુ માત્ર અનંત ધર્માત્મક છે, એવા અપ્રતિહત સિદ્ધાન્તને અનેકાન્ત કહે છે.) ને સારી રીતે સમજાવ્યા છતાં પણ શ્રદ્ધા નથી કરતો.

मूर्खापवाद त्रसनेन धर्मं मुंचंति संतो न बुधार्चनीयम् ।
ततो हि दोषः परमाणुमात्रो धर्मव्युदासे गिरिराजतुल्यः ॥१०७॥

અર્થ:- એકાન્ત મિથ્યાત્વથી ઘેરાએલ અજ્ઞાની અને મૂર્ખ લોકોના અપવાદના ભયને ન ગણકારતા સમ્યગ્દૃષ્ટિ ભવ્ય આત્મા જ્ઞાની પંડિત પુરુષોએ પ્રરૂપેલ અનેકાન્ત ધર્મ, તેને સ્વપ્ને પણ ત્યાગતા નથી : સમ્યગ્દૃષ્ટિ આત્મા મૂર્ખ લોકોના નિંદાત્મક

અપવાદના કથનોને તો પરમાણુ માત્ર દોષ માને છે, કેમકે તે નિમિત્તે ઉત્તમ ધર્મનો ત્યાગ કરવાથી અને ધર્મનો નાશ થવાથી તો મેરુ સમાન મહાન દોષ છે, એમ તે આત્મા જાણે છે.

निखिलसुखफलानां कल्पने कल्पवृक्षं ।
कुमतिमतविभीता ये विमुंचंति धर्मम् ।
विमलमणिनिधानं पावनं दुष्टतुष्टयै ।
स्फुटमपगतबोधाः प्राप्य ते वर्जयंत्ति ॥१०८॥

અર્થ:- જે પામર અંતરંગ આત્મવીર્ય શક્તિથી હીન છે, તે કુબુદ્ધિ મિથ્યાદૃષ્ટિઓના મતથી (ઝેરી અભિપ્રાયથી) ભયભીત થઇ, સમસ્ત પ્રકારના અક્ષય અતીન્દ્રિય આત્મસુખરૂપ ફળને આપવામાં કલ્પવૃક્ષ તુલ્ય, જે અનેકાન્ત અમૃતસ્વરૂપ ઉત્તમ ધર્મ તેને તજે છે: તેમજ તે અજ્ઞાની મૂઢ આત્મા નિર્દોષ નિર્મળ એવા અમૂલ્ય રત્નના ભંડારને પ્રગટ પામી માત્ર દુષ્ટ લોકોને પ્રસન્ન રાખવાને માટે ધર્મનો પરિત્યાગ કરે છે.

ભાવાર્થ:- મૂઢ જીવ એકાન્તમિથ્યાત્વરૂપી ઝેરી પરિણામથી ભરપૂર દુષ્ટલોકોને માત્ર પ્રસન્ન રાખવાને અર્થે ઉત્તમ ચિંતામણિ રત્ન તુલ્ય અનેકાન્ત ધર્મામૃતનો ત્યાગ કરી મિથ્યાત્વ રૂપી હલાહલ ઝેર પીએ છે. જુઓ મિથ્યાત્વ પરિણામનું મહાત્મય ?

વિનય મિથ્યાત્વનું સ્વરૂપ

मनोवाक्कायवृत्तेन प्रणतौ सर्व वस्तुषु ।
मुक्त्युपायमतिर्येन मिथ्यात्वं स्यातदंतिमं ॥१०९॥

અર્થ:- જે મિથ્યાત્વના ઉદયથી સર્વે પદાર્થોમાં મુક્તિનો ઉપાય માનવામાં આવે છે અને સર્વે પદાર્થોને મન, વચન, કાયાથી પ્રણામ કરવામાં આવે છે, તેને વિનયમિથ્યાત્વ કહેવામાં આવે છે.

ભાવાર્થ:- સંસારમાં જેટલા દેવો છે, તે સર્વે પૂજવા યોગ્ય છે અને જેટલા શાસ્ત્રો અથવા દર્શનો પ્રચલિત છે તે સર્વે સુખદાયી છે, એમાં કોઇ જાતનો ભેદ નથી. સર્વેથી મુક્તિ તથા આત્મહિતની પ્રાપ્તિ થઇ શકે છે, એમ તે માને છે કોઈ પણ પાપાનુબંધી સામાન્ય પ્રચુર પુણ્યશાળી વ્યક્તિની પુણ્ય પ્રકૃતિમાં મૂંઝાઇ, તેને દેવતુલ્ય-મોક્ષગામી માની, તેના ગુણ ગ્રામ કરવા, વિનય, સુશ્રૂષા વિગેરે કરવાં લાગી જાય છે, તે પણ વિનયમિથ્યાત્વનો પ્રભાવ જાણવો.

भयाशास्नेह लोभाच्च कुदेवागम लिंगिनाम् ।
प्रणामं विनयं चैव न कुर्युःशुद्धदृष्टयः ॥११०॥

અર્થ:- શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ ભવ્ય આત્મા ભય, આશા, પ્રીતિ, અને લોભથી કુદેવ, કુશાસ્ત્ર, અને કુલિંગિઓને પ્રણામ તથા તેનો વિનય પણ ન કરે.

येदर्शनेषु भ्रष्टाः पादयोः पातयन्ति दर्शन धरान् ।
ते भवंति लल्लु मूकाः बोधिः पुनः दुर्लभा तेषाम् ॥१११॥

અર્થ:- જે પુરુષ દર્શન વિષે ભ્રષ્ટ છેઃ અર્થાત્ સમ્યક્ત્વથી રહિત

છે અને અન્ય જે સમ્યક્ત્વના ધારક સમ્યગ્દૃષ્ટિ છે તેને પોતાને પગે પડાવે છે, નમસ્કારાદિ કરાવે છે, તે પરભવને વિષે લૂલા, મુંગા થાય છે અને તેને બોધિ એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થવી મહા દુર્લભ છે.

ભાવાર્થ:- જે સમ્યગ્દર્શનરત્નથી ભ્રષ્ટ છેઃ અર્થાત્ સમકિત રહિત છે, મિથ્યાદૃષ્ટિ છે અને જે સમ્યગ્દર્શન રત્નના ધારક છે, તે જ સમ્યગ્દૃષ્ટિ છે. જે પોતે મિથ્યાદૃષ્ટિ છે, છતાં પણ સમ્યગ્દૃષ્ટિ પાસેથી નમસ્કાર ઇચ્છે છે, તે તીવ્ર મિથ્યાત્વના ઉદય સહિત પરભવને વિષે લૂલા મૂંગા થાય છેઃ અર્થાત્ એકેન્દ્રિય થાય છે. તેને પગ નથી. તે પરમાર્થથી લૂલા મૂંગા છે. એવા એકેન્દ્રિય સ્થાવર થઇ, નિગોદમાં વાસ કરે છે, ત્યાં અનંત કાલ રહે છે. તેને દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રાપ્તિ દુર્લભ થાય છે. મિથ્યાત્વનું ફલ નિગોદ જ કહ્યું છે. આ દગ્ધકાલ-અકાલ-પંચમ કલિકાલમાં મિથ્યામતના આચાર્ય બની લોકો પાસેથી વિનયાદિક પૂજા ઇચ્છે છે-એટલે, હવે તેની ત્રસ રાશિનો કાલ પૂરો થયો, અને એકેન્દ્રિય થઇ નિગોદમાં વાસ કરશે, એવું જાણવામાં આવે છે. સમ્યક્ત્વ ગુણ પ્રગટ ન થયો હોય અને અંતરંગ અનંતાનુબંધીના અભિમાનમાં સમ્યક્ત્વ માની સ્વચ્છંદપણે શાસનનો ભાર રાખવો એ, કેટલું ભયંકર જોખમ ભરેલું કામ છે, તે ઉપરની ગાથાથી જોઇ શકાશે. ભવ ભીરુ ભવ્ય આત્માએ તો આવું સાહસ ન ખેડવું અને સરલ પરિણામ રાખી, માધ્યસ્થ દૃષ્ટિથી મોક્ષમાર્ગનું નિરીક્ષણ કરવું કે જેથી મોક્ષમાર્ગનું યથાર્થ સ્વરૂપ સમજાય. સમકિત રહિત આત્માની

ભલે ગમે તેવી બહાર ઉચ્ચ સ્થિતિ હોય; પરંતુ તે સર્વે પરમાર્થમાર્ગથી પરાઙ્મુખ (વિમુખ) છે. કોઈ દ્રવ્યલિંગી મુનિ રાજ્યાદિક વૈભવોનો ત્યાગ કરી નિર્ગ્રન્થપણું અંગીકાર કરે છે, અઠાવીશ મૂલ ગુણોને પાળે છે, અતિ ઉગ્ર ઉગ્ર આકરાં તપ કરે છે, ક્ષુધાદિક બાવીશ પરિષહોને સમતાપૂર્વક સહન કરે છે, શરીરના ખંડ ખંડ થઈ જાય છતાં પણ વ્યગ્ર (વ્યાકુળ) નથી થતા. વ્રતભંગ થવાનાં અનેક કારણો ઉપસ્થિત થાય છતાં પણ દૃઢ રહે છે, ચલાયમાન નથી થતા, કોઇ અપરાધી ઉપર ક્રોધ કરતા નથી. એવું સાધન કરે છે છતાં તે સાધનનું અભિમાન પણ તે નથી કરતા. એવા સાધનને વિષે કોઇ પણ પ્રકારનો કપટ ભાવ તેને નથી. તે સાધનવડે આલોક તથા પરલોકના વિષયભોગ સંબંધી સુખની ઇચ્છા નથી કરતા, એવી એમને દશા પ્રાપ્ત થઈ છે. (એવી જો દશા ન હોય તો તે નવ ગ્રૈવેયક સુધી કેવી રીતે પહોંચી શકે?) છતાં પણ શાસ્ત્ર વિષે તેને મિથ્યાદૃષ્ટિ, અસંયમી જ કહ્યો છે. તેનું કારણ એ છે કે તેને વીતરાગ સર્વજ્ઞદેવ પ્રણિત તત્ત્વનું નિશ્ચય શ્રદ્ધાનરૂપ પરિણમન તથા સમ્યગ્જ્ઞાન થએલ નથી.

पूर्णः कुहेतु दृष्टान्तैर्न तत्त्वं प्रतिपद्यते ।
मंडलश्चर्मकारस्य भोज्य चर्मलवैरिव ॥ ११२ ॥

અર્થઃ- ખોટા હેતુ અને દૃષ્ટાંતોએ કરી ભર્યું છે હૃદય જેનું એવો પુરુષ શુદ્ધાત્મતત્ત્વને પ્રાપ્ત નથી થતો. જેમ ચામડાના ટુકડાઓએ કરી પૂર્ણ ચમારનો કુતરો ઉત્તમ ભોજનને પ્રાપ્ત નથી થતો તેમ.

ભાવાર્થ:- જેમ ચમારનો કુતરો હંમેશ ચામડાના ટુકડા ખાય છે, એટલે તે ઉત્તમ ભોજન અડતો નથી, તેમ ખોટા હેતુને દૃષ્ટાંતોએ કરી સહિત મિથ્યાદૃષ્ટિ ઉત્તમ આત્મતત્ત્વને પામતો નથી. કેમકે તે ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે અને તે પ્રભાવ પણ ગૃહીતમિથ્યાત્વનો છે.

અગૃહીતમિથ્યાત્વનું સ્વરૂપ

અગૃહીત સ્વભાવોત્થ મતત્ત્વ રુચિ લક્ષણમ્ ।
તન્નિ ગોતાદિ જીવેષૂદ્ ગાઢં ચાનાદિ સંભવમ્ ॥૧૧૩॥

અર્થ:- સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્ર દેવનાં કહેલાં તત્ત્વોમાં સ્વભાવથી જ અપ્રીતિરૂપ પરિણામ થાય, તેને અગૃહીતમિથ્યાત્વ કહે છે. અને તે મિથ્યાત્વ મુખ્યત્વે નિગોદાદિ જીવોમાં અનાદિ કાલથી ગાઢ (નિબિડ) રૂપે રહે છે.

એકેન્દ્રિયાદિ જીવાનાં ઘોરાજ્ઞાનવિવાર્તિનામ્ ।
તીવ્રસંતમસાકારં મિથ્યાત્વમગૃહીતકમ્ ॥૧૧૪॥

અર્થ:- ઘોર અજ્ઞાન નિદ્રામાં પડેલા એકેન્દ્રિયાદિ જીવોનું જે તીવ્ર અંધકાર છવાએલું છે તેવું અશ્રદ્ધાન છે, તેને અગૃહીત-મિથ્યાત્વ કહે છે.

દીનો નિસર્ગમિથ્યાત્વાત્તત્ત્વાતત્ત્વં ન બુધ્યતે ।
સુંદરાસુંદરં રૂપં જાત્યંધ ઇવ સર્વથા ॥૧૧૫॥

અર્થ:- જેમ જન્માંધ-જનમનો અંધો પુરુષ સર્વથા સુંદર

અથવા અસુંદર રૂપને નથી જાણતો, તેમ દીન, એકેન્દ્રિયાદિ અજ્ઞાની જીવ (સ્વભાવથી ઉત્પન્ન થએલ) મિથ્યાત્વથી તત્ત્વને નથી જાણતો, એવું નિસર્ગ (અગૃહીત) મિથ્યાત્વનું સ્વરૂપ કહ્યું.

સંશય મિથ્યાત્વનું સ્વરૂપ

આપ્તાગમાદિ નાનાત્વાત્ તત્ત્વે દોલાય માનતા ।
યેન સંશય મિથ્યાત્વં તદ્વિ દ્ધિ બુદ્ધિ સત્તમં ॥૧૧૬॥

અર્થ:- જે મિથ્યાત્વના ઉદયથી આપ્ત પુરુષોએ ઉપદેશેલ અનેક પ્રકારનાં આગમ (ભગવાન સર્વજ્ઞ દેવનું વચનજન્યજ્ઞાન તે આગમ) દ્વારા કહેલ ત્રિકાલાબાધિત તત્ત્વોમાં ચિત્ત ચંચળ (અસ્થિર) રહ્યા કરે અને કોઈમાં વિશ્વાસ ન બેસે તેને હે બુદ્ધિમાન ! જિનેન્દ્રદેવ સંશયમિથ્યાત્વ કહે છે.

સંશયો જૈન સિદ્ધાંતે સૂક્ષ્મે સંદેહ લક્ષણં ।
ઇત્થ મેતદથેત્થંવા કો વેતીતિ કુહેતુતઃ ॥ ૧૧૭ ॥

અર્થ:- અતિ સૂક્ષ્મ અને પરમ ગંભીર જૈનસિદ્ધાન્તમાં અસત્ય કારણોથી અમુક પદાર્થનું સ્વરૂપ આ પ્રકારે છે અને અમુકનું આ પ્રકારે છે, એ પદાર્થોને કોણ જાણે છે ? કોઇ સર્વજ્ઞ હશે કે નહિ હોય, ઇત્યાદિ સંદેહ હોવો, એને પણ સંશય-મિથ્યાત્વ કહે છે,

તત્રધર્માદયઃસૂક્ષ્માઃ સૂક્ષ્માઃ કાલાણવોऽણવઃ ।
અતિસૂક્ષ્મત્વમેતેષાં લિંગસ્યાક્ષૈર દર્શનાત્ ॥૧૧૮॥

અર્થ:– ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય આદિ પદાર્થો સૂક્ષ્મ છે, કાલાણુ પણ સૂક્ષ્મ છે અને પુદ્ગલ પરમાણુ પણ સૂક્ષ્મ છે. એ પદાર્થોને બતાવવાવાળું કોઇ ચિહ્ન (હેતુ–કારણ) ઇન્દ્રિયોથી નથી દેખાતું; માટે સૂક્ષ્મ છે.

अन्तरिता यथा द्वीपसरिन्नाथनगाधिपाः ।
दूरार्था भाविनोऽतीता रामरावणचक्रिणः ॥११९॥

અર્થ:– દ્વીપ, સમુદ્ર, પર્વત આદિ પદાર્થો અંતરિત છે. એની વચમાં ઘણી વસ્તુઓ આવી ગઇ છે, માટે તે નથી દેખાતા. રામ, રાવણ, ચક્રવર્તી; બલભદ્ર, અર્ધચક્રી આદિ ભૂતકાલમાં જે થઇ ગયા છે અને ભવિષ્યમાં જે થવાવાળા છે, તે દૂરાર્થ (દૂરવર્તી) પદાર્થ કહેવાય છે. તે બાબતમાં મિથ્યાદૃષ્ટિ સદાય સંદિગ્ધજ (સંશયવાન) રહ્યા કરે છે.

न स्यान्मिथ्यादृशो ज्ञानमेतेषां क्वाप्यसंशयम् ।
संशयस्यादिहेतोर्यैं दङ्मोहस्यो दयात् सतः ॥१२०॥

અર્થ:– ઉપર બતાવેલ સૂક્ષ્મ, અંતરિત અને દૂરવર્તી પદાર્થોનું સંશય રહિત જ્ઞાન મિથ્યાદૃષ્ટિને કયારે પણ હોઇ શકતું નથી. કેમકે સંશયનું મૂલ કારણ દર્શનમોહનીયકર્મનો ઉદય છે; તે એનામાં વિદ્યમાન છે.

सुरुचिः कृतनिश्चयोऽपि हन्तुं द्विषतः प्रत्ययमाश्रितः स्पृशन्तम् ।
उभयीं जिनवाचि कोटिमाजौ तुरगं वीर इव प्रतीर्यते तैः
॥१२१॥

અર્થ:– જેવી રીતે અત્યન્ત તેજસ્વી તથા જેણે વેરીઓનો વધ કરવાનો દૃઢ નિશ્ચય કરી લીધેલ છે, એવો પણ વીર પુરુષ જો યુધ્ધભૂમિમાં એવા ઘોડા ઉપર ચડેલ હોય કે કયારેક પૂર્વ દિશામાં; કયારેક પશ્ચિમ દિશામાં એવી રીતે મહાન વેગથી ભાગતો–ફરતો હોય તો તે શૂરવીર યોદ્ધો વેરીઓથી જીતાઈ મરાઇ જાયછે: તેવી રીતે જેણે મોહાદિ વેરીઓનો ઘાત કરવાનો નિશ્ચય કરી લીધેલ છે એવો સમ્યગ્દૃષ્ટિ જીવ જિનવચન વિષયમાં બન્ને કોટિઓ–વસ્તુના અંશોને સ્પર્શકરવાવાળું જ્ઞાન–આ પ્રમાણે જ છે અથવા અન્યથા છે–એવા પ્રકારના સંશયજ્ઞાનપર આરૂઢ હોય તો તે–મોહાદિ વેરીઓ દ્વારા પ્રતિહત થઇ જાય છે– અર્થાત્ હણાઇ જાય છે.

ભાવાર્થ:– સંશયી જીવ પોતાનું કલ્યાણ નથી કરી શકતો : કેમકે સંશયના કારણને લઇને જ તે નિશ્ચિત–સમીચીન–હિતમાર્ગપર ચાલી શકતો નથી. " **संशयात्मा विनश्यति** " આગમ, યુક્તિ, પ્રમાણ મળે છતાં પણ તત્ત્વમાં તથા ધર્મના માર્ગમાં સંશય રાખવો એ સંશય મિથ્યાત્વ છે. સંશય થવામાં અનેક કારણો હોય છે. એક તો કારણ એ છે કે ઘણા કાલથી મિથ્યાત્વનો ઉપદેશ મળ્યા જ કરે, બીજું કારણ નિર્મળ બુદ્ધિ તથા સરળ પરિણામની ખામી, ત્રીજું કારણ ગુરુકુળમાં રહી સિદ્ધાન્તોનું અધ્યયન ન કરવું, ચોથું કારણ ધર્મના બંધનને કષ્ટરૂપ માનવું, પાંચમું કારણ, નિરંકુશતા (ધર્મનો અંકુશનહી) સ્વચ્છંદતામાં જ આનંદ માનવો, અને છઠ્ઠું કારણ માનસિક વ્યથારૂપ કુતર્ક : અને તે કુતર્કરૂપી કુહાડાથી નિર્મળ નિર્દોષ યથાર્થતત્ત્વોનું ખંડન

કરવાનું અન્તઃકરણમાં અભિમાનરૂપી ઝેર રાખવું, તથા વિનોદ રાખવો. આવા અનેક કારણોને વશ થઈ મૂઢ-બુદ્ધિ મનુષ્ય, સત્ય તત્ત્વોપદેશમાં તથા સત્યધર્મમાં પણ સંશય ઉત્પન્ન કરવા લાગે છે. જ્યાં સુધી આગમને સમ્યક્‌પ્રમાણ રૂપે માનવામાં ન આવે, ત્યાં સુધી તત્ત્વના અને ધર્મના સ્વરૂપનો નિર્ણય નથી થઇ શકતો. માટે વિવેકી ભવ્ય આત્માએ સર્વજ્ઞ વીતરાગ-કથિત આગમમાં અશ્રદ્ધા-સંશય ન કરતાં નિર્ણય કરવો, અને સમ્યક્ પુરુષાર્થ કરવો જોઇએ અથવા આજ્ઞાપ્રધાનીપણાથી જ પદાર્થના યથાર્થ સ્વરૂપને ગ્રહણ કરવું જોઇએ. કેમકે:-

सूक्ष्मं जिनोदितं तत्त्वं हेतुभिर्नैवहन्यते ।
आज्ञासिद्धं च तद् ग्राह्यं नान्यथावादिनो जिनाः ॥१२२॥

અર્થ:- જિનેન્દ્રદેવે કહેલ પદાર્થ સૂક્ષ્મ છે. તે સૂક્ષ્મતત્ત્વોનું કોઇ પણ હેતુ દ્વારા ખંડન નથી થઇ શકતું. એટલાજ માટે એને આજ્ઞાપ્રમાણથી ગ્રહણ કરવું જોઇએ; કેમકે સર્વજ્ઞ વીતરાગ-દેવ અન્યથા વાદી નથી.

अपि यावदनर्थानां मूलमेकः स एव च ।
यस्मादनर्थमूलानां कर्मणामादिकारणं ॥१२३॥

સર્વ અનર્થોનું કારણ ભાવમોહ છે.

અર્થ:- સંસારભરમાં જે કોઈ અનર્થો વિદ્યમાન છે, તે સર્વેનું મૂળ કારણ જો કોઈ હોય તો તે હૃદયમાં રહેલ ભાવમોહરૂપ મિથ્યાદર્શન જ છે; તે દુર્નિવાર છે: અર્થાત્ જેનું નિવારણ કરવું

અત્યન્ત અશક્ય છે. જેમ બીલમાં (રાફડામાં) ઘણા કાળથી રહેવાવાળા સર્પનું નિવારણ કર્યા છતાં પણ બીલમાં જ પ્રવેશ કરે છે, રોકયા છતાં પણ રોકાતો નથી; તેમ સંસારી જીવોના હૃદયરૂપી બીલમાં અનાદિ કાળથી વસવાવાળો દર્શનમોહ-મિથ્યાત્વ રૂપી ઝેરી દૃષ્ટિવિષ સર્પ, તેને વારંવાર રોકયા છતાં પણ રોકાતો નથી.–આત્મામાં જ પ્રવેશ કરે છે.

अशुचिर्घातकोरौद्रो दुःखं दुःखफलं च सः ।
किमत्र बहुनोक्तेन सर्वासां विपदां पंद ॥१२४॥

અર્થ:– ભાવમોહ મહા મલિનમાં મલિન, અપવિત્રમાં અપવિત્ર અને આત્માના સમ્યક્ત્વ આદિ નિર્મળ ગુણરૂપી રત્નોનો ઘાત કરે છે, રૌદ્ર, મહા પ્રચંડ, ભયંકર ક્રૂરસ્વરૂપ છે, મહાનિર્દયી છે, પાપમૂર્તિ છે, દુઃખ સ્વરૂપ છે, દુઃખના ફલસ્વરૂપ છે, અને માત્ર દુઃખ જ એનું ઝેરી ફલ છે એવા ભાવમોહના સંબંધમાં વિશેષ શું કહીએ ? કેમકે તે સમ્પૂર્ણ આપત્તિઓનું ઉત્પત્તિ સ્થાન છે.

ભાવાર્થ:– શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ, અને શુદ્ધ ધર્મ તથા શુદ્ધાત્મ-સ્વરૂપથી સદાય પરાઙ્મુખ રાખવા અને હલાહલ ઝેર સમાન વિષયોમાં અતિ આસક્તિપૂર્વક પ્રવૃત્તિ કરાવવી, એ એનું મુખ્ય કર્તવ્ય છે:–

उदये दृष्टि मोहस्य मिथ्यात्वं दुःख कारणं ।
घोरं सन्निपातस्य पंचत्वमिवजायते ॥१२५॥

અર્થ:- જેમ અત્યંત ભયંકર મરણનું કારણ મહા સન્નિપાત (ત્રિદોષ) ના તીવ્ર ઉદયમાં જ થાય છે, તેમ દર્શનમોહના ઉદયમાં મિથ્યાત્વરૂપ પરિણામ મહા દુઃખનું જ કારણ થાય છે. જેમ ઉગ્ર ઝેર પામેલ ઝેરી બાણથી વિંધાએલ પ્રાણીને જીવવાનો કોઇ ઉપાય જ નથી, મરવું જ છૂટકો છે, તેમ કાલકૂટ વિષ સમાન ઝેરી પરિણામથી ભરપૂર મિથ્યાત્વરૂપી શલ્ય (બાણથી) વિંધાએલ પ્રાણી નિગોદ નરક તથા તિર્યંચમાં અનંતાનંત કાલસુધી તીવ્ર વેદના અનુભવે છે. ત્યાંથી નીકળવાનો કોઇ પણ માર્ગ સૂઝતો નથી, કેમકે મિથ્યાત્વ પરિણામમાં અને મિથ્યાત્વના અણુઓમાં એવી કોઇ વિચિત્ર ઝેરી શક્તિ સમાયેલી છે કે, ત્રણે લોકના જંગમ સ્થાવર કોઇ પણ ઝેરી પદાર્થોમાં એવી (મિથ્યાત્વના જેવી) ઝેરી શક્તિ નથી. મિથ્યાત્વના એક અણુમાં અનંતુ ઝેર ભરેલું છે કે, કેવલજ્ઞાનની ઉત્પત્તિનું કારણ જે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે, તે ગુણોનો જ ઘાત કરે છે.

न मिथ्यात्वसमः शत्रुर्न मिथ्यात्वसमं विषं ।
न मिथ्यात्वसमो रोगो न मिथ्यात्वसमं तमः ॥१२६॥

અર્થ:- ત્રણે લોકમાં અને ત્રણે કાલમાં મિથ્યાત્વ સમાન આત્માનો કોઇ અન્ય શત્રુ નથી, મિથ્યાત્વ સમાન બીજું એકે ઝેર નથી અને મિથ્યાત્વ સમાન બીજો કોઇ રોગ નથી; તથા મિથ્યાત્વ સમાન બીજુ એકે ઘોર અંધારૂં નથી. કેમકે પરમાર્થમાર્ગ તે સૂઝવા જ આપતો નથી.

संयमा नियमाः सर्वे नाश्यन्ते तेन पावनाः ।
क्षयकालानलेनेव पादपाः फलशालिनः ॥१२७॥

અર્થઃ- જેમ પ્રલયકાલના પ્રચંડ અગ્નિથી સુંદર અને સુગંધી, મધુર ફળોથી સુશોભિત નવ પલ્લવ વૃક્ષો નાશ પામે છે: અર્થાત્ ભસ્મીભૂત થઇ જાય છે, તેમ પવિત્ર સંયમ નિયમો સર્વે મિથ્યાત્વ પરિણામરૂપ પ્રચંડ જાજ્વલ્યમાન અગ્નિએ કરી ભસ્મીભૂત થઇ જાય છે.

"दंसणभूमीहवाहिरा जिणवय रुक्खाणहोंति" ॥१२८॥

અર્થઃ- સમ્યગ્દર્શનરૂપી શુદ્ધ ભૂમિ વિના હે જીવ ! નિર્મળ વ્રતરૂપી વૃક્ષ ઉત્પન્ન ન થાય: અર્થાત્ જે જીવમાં અંતરંગ તત્ત્વજ્ઞાનનો (આત્મજ્ઞાનનો) અભાવ છે, તે યથાર્થ આચરણ આચરી ન શકે.

सस्यानिवोषरे क्षेत्रे निक्षिप्तानि कदाचन ।
न व्रतानि प्ररोहन्ति जीवे मिथ्यात्व वासिते ॥१२९॥

અર્થઃ- જેમ ક્ષારવાળી ભૂમિમાં વાવેલ ઉત્તમ બીજ ઊગી શકતું નથી, તેમ મિથ્યાત્વ સહિત જીવને વિષે વ્રતાદિક ઉત્પન્ન નથી થતાં. જેમ અશુદ્ધ ગર્ભસહિત કડવી તુંબીમાં ધારણ કરેલ મધુર દૂધ પણ કડવું થઇ જાય છે, તેમ મિથ્યાત્વ સહિત અશુદ્ધ જીવને વિષે ગ્રહણ કરેલ જ્ઞાન, ચારિત્ર અને વીર્ય નાશ પામે છે.

विवेको हन्यते येन मूढता येन जन्यते ।
मिथ्यात्वतः परं तस्मात्तु दुःखदं किमु विद्यते ॥१३०॥

અર્થ:– મિથ્યાત્વરૂપી ઝેરી પરિણામથી નિર્મળ વિવેકરૂપી રત્નનો નાશ થાય છે તથા બુદ્ધિમાં જડતા તથા મલિનતા વિશેષ ઉત્પન્ન થાયછે, તેથી આત્મા સંબંધી ઉત્તમ પવિત્ર વિચારો ઉત્પન્ન નથી થતા. માટે તે મિથ્યાત્વ સિવાય આત્માને બીજું કોણ દુઃખ આપવાવાળું છે ? અર્થાત્ કોઇ નહિ.—

अन्तःकरणशुद्धयर्थं मिथ्यात्व विष मुद्धतम् ।
निष्ठ्यूतं यैर्न निःशेषं न तैस्तत्त्वं प्रमीयते ॥१३१॥

અર્થ:– જે મુનિયોએ પોતાના અન્તઃકરણની શુદ્ધિને અર્થે ઉત્કટ–કાલકૂટ ઝેર સમાન મિથ્યાત્વરૂપ સમસ્ત વિષનું વમન નથી કર્યું, તે યથાર્થ તત્ત્વોને પ્રમાણભૂત નથી જાણી શકતા.

ભાવાર્થ:– મિથ્યાત્વરૂપી વિષ એટલું પ્રબલ છે કે એનો એક અંશ માત્ર પણ હૃદયમાં રહે તો તત્ત્વાર્થનું જ્ઞાન શ્રદ્ધાન, પ્રમાણભૂત નથી રહેતું, ત્યારે એવી અવસ્થામાં ધ્યાનની યોગ્યતા કયાંથી થાય ? ન જ થાય. જ્ઞાનને મિથ્યાત્વરૂપ થવાનું અંતરંગ કારણ મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાયોનો ઉદય છે

किं ते सन्ति न कोटिशोऽपिसुधियः स्फारैर्वचोभिः परम् ।
ये वार्तां प्रथयन्त्यमेयमहसां राशेः परब्रह्मणः ॥
तत्रानन्दसुधासरस्वति पुनर्निर्मज्य मुंचन्ति ये ।
संतापं भवसंभवं त्रिचतुरास्ते सन्ति वा नात्र वा ॥१३२॥

અર્થ:- આ જગતમાં પ્રચૂર વચનોથી (વ્યાખ્યાનોથી) અમર્યાદિત પ્રતાપની રાશિરૂપ પરમાત્માની વાર્તાનો વિસ્તાર કરવાવાળા કરોડો વિદ્વાનો શું નથી હોતા? અવશ્ય હોય જ છે! પરંતુ તે પરબ્રહ્મસ્વરૂપ અમૃતના સમુદ્રમાં મગ્ન (લીન) થઈ સંસારથી ઉત્પન્ન થયેલ સંતાપનો નાશ કરવાવાળા જગતમાં ત્રણ અથવા ચાર જ હોયછે; અથવા નથી પણ હોતા.

ભાવાર્થ:- પરમાત્માના સ્વરૂપની કથનીને વિસ્તારરૂપથી કહેવાવાળા તો જગતમાં અનેક વિદ્વાનો હોયછે; પરંતુ પરમાત્મ-સ્વરૂપમાં લીન થવાવાળા વિરલા જ હોયછે. અહીં ત્રણ ચાર કહેવાથી વિરલ (થોડા) જાણવા. એક ક્ષેત્રમાં ત્રણ ચારથી વધારે સાથે ન હોય અને બધી જગ્યાના ભેગા થતા વધારે ન હોય પણ ઓછા હોય, તેમ જાણવું. (સંખ્યાનો નિયમ સમજી લેવો ઉચિત નથી.)

दृश्यन्तेभुवि किं न तेऽल्पमतयः संख्याव्यतीताश्चिरम् ।
ये लीलां परमेष्ठिनो निजनिजैस्तन्वन्ति वाग्भिः परम् ॥
तं साक्षादनुभूय नित्यपरमानन्दाम्बुराशिं पुनर्यें ।
जन्म भ्रम मुत्सृजन्ति सहसा धन्यास्तु ते दुर्लभाः ॥१३३॥

અર્થ:- જે મનુષ્ય પોતાના અનેક વચનોના આડંબરથી, કેવલ અનુભવ વિના, પરમેષ્ઠિના સ્વરૂપથી ઘણા કાલપર્યન્ત લીલા-ગુણાનુવાદનો વિસ્તાર કરે છે, એવા અલ્પમતિ સંસારમાં શું સંખ્યા રહિત દેખવામાં નથી આવતા? અર્થાત્ એવા જીવો

અસંખ્ય છે, પરંતુ જે પુરુષ નિત્ય પરમાનન્દના સમુદ્રને સાક્ષાત્ અનુભવગોચર કરીને સંસારના ભ્રમને તત્કાલ દૂર કરી નાખે છે, તે મહાભાગ્યવંત સમ્યગ્દૃષ્ટિ આત્માઓ આ પૃથ્વી પર દુર્લભ છેઃ અર્થાત્ ઘણા થોડા છે.

વિદ્વન્માન્યતયા સદસ્યતિ તરામુદંડ વાગ્ડમ્બરાઃ ।
શૃંગારાદિરસૈઃ પ્રમોદજનકં વ્યાખ્યાનમાતન્વતે ॥
યે તે ચ પ્રતિ સદૂપ સન્તિ બહવો વ્યામોહ વિસ્તારિણો ।
યેભ્યસ્તત્પરમાત્મતત્ત્વ વિષયંજ્ઞાનં તુ તે દુર્લભાઃ ॥૧૩૪॥

અર્થઃ- પોતાના અંતરંગ અભિમાન પરિણામથી વિદ્વાન શૃંગારાદિ નવરસ સહિત, અન્ય જનોના મનમાં હર્ષ ઉત્પન્ન કરનાર; નાના પ્રકારનાં વ્યાખ્યાનોને કહેવાવાળા તથા સભામાં વ્યર્થ વચનોના આડંબરને ધારણ કરવાવાળા અને મનુષ્યોને સન્માર્ગથી (પરમાર્થ માર્ગથી) ભૂલાવવાવાળા (ભ્રષ્ટ કરવાવાળા) પુરુષ સંસારમાં ઘરોઘર ઘણા મળશે. પરંતુ પરમાત્મતત્ત્વના જ્ઞાનને આપવાવાળા મનુષ્ય મળવા બહુજ કઠિનછે-અર્થાત મળવા દુર્લભ છે.

કાલત્રયે બહિરવસ્થિતજાતવર્ષા ।
શીતાતપ પ્રમુખ સંઘટિતોગ્રદુઃખે ॥
આત્મ પ્રબોધ વિકલે સકલોઽપિ કાય ।
ક્લેશો વૃથા વૃત્તિ રિવોજ્ઝિતશાલિવપ્રે ॥૧૩૫॥

અર્થઃ- જે મુનિ પોતાના શુદ્ધાત્મજ્ઞાનની જરા પણ પરવા કર્યા વિના અર્થાત આત્મજ્ઞાન તરફ જરાપણ લક્ષ (ઉપયોગ)

રાખ્યા વિના બાહ્ય ભાવમાં રહી, વર્ષા, શીત, ગરમી ત્રણે-કાલમાં ઉત્પન્ન થએલ દુઃખોને સહન કરે છેઃ તે મુનિનું, એ પ્રકારનાં દુઃખોને સહન કરવું નિરર્થક છે. અને નિષ્ફળ છે જેમકે શાલિધાન્યને ખેતરમાંથી લણી લીધા પછી ખેતરને ફરતી મોટી મજબૂત વાડ કરવી નકામી છે. માટે મુનિયોએ આત્મજ્ઞાન તરફ વિશેષ ધ્યાન આપવું જોઈએ.

अभ्यस्यतान्तरद्दशं किमुलोक भक्त्या ।
मोहं कृशीकुरुत किं वपुषा कृशेन ॥
एत द् द्वयं यदि न किं बहुभिर्नियोगैः ।
क्लेशैश्च किं किमपरैः प्रचुरै स्तपोभिः ॥१२६॥

અર્થઃ- હે મુનિયો ! જ્ઞાનાનન્દસ્વરૂપ શુદ્ધાત્માનો સતત એકાગ્ર ચિત્તથી અનુભવ કરો. લોકોને રીઝાવવાને માટે (રંજન કરવાને માટે) જરાપણ પ્રયત્ન ન કરો તથા મોહને કૃશ કરો. શરીરને કૃશ કરવામાં કાંઇ લાભ નથી. જ્યાં સુધી તમો બન્ને વાતોને નહિ કરો ત્યાં સુધી તમારા યમ (જીવન પર્યંત ત્યાગ) નિયમ (અમુક વખત સુધી ત્યાગ) પણ વ્યર્થ જ છે.

ભાવાર્થઃ- જ્યાં સુધી જ્ઞાનાનન્દસ્વરૂપ શુદ્ધાત્માનો અનુભવ કરવામાં નહિ આવે ત્યાં સુધી બાહ્યમાં ગમે તેટલા ભારી યમ, નિયમ, ઉપવાસ, તપ આદિ કરોઃ પરંતુ તે સર્વે તમારા વ્યર્થ છે. સર્વથી પહેલા તમારે જ્ઞાનાનન્દ સ્વરૂપ શુદ્ધાત્માનો અનુભવ કરવો જોઇએ, પછી આ વાતો ઉપર ધ્યાન આપવું જોઇએ.

हिंसो ज्झित एकाकी सर्वोपद्रवसहो वनस्थोऽपि ।
तरुरिव नरो न सिध्यति सम्यग्बोधादृते जातु ॥१३७॥

અર્થ:- સમસ્ત પ્રકારની હિંસાઓથી રહિત, તથા સમસ્ત પ્રકારના ઉપદ્રવોને (વિઘ્નોને) સહન કરવાવાળા મુનિ વૃક્ષ સમાન વનમાં રહે, તો પણ સમ્યગ્જ્ઞાન વિના કયારે પણ સિદ્ધ થઇ શકતા નથી.

ભાવાર્થ:- જ્યાંસુધી મુનિ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરતા નથી, ત્યાં સુધી ગમે તેવા તે હિંસાના ત્યાગી હોય, વનમાં એકલા જ ભલે રહેતા હોય, તથા સમસ્ત પ્રકારના ઉપસર્ગોને સારી રીતે સહન કરવાવાળા હોય, તો પણ તે કદી સિદ્ધ પદવીને પામતા નથી; એટલા માટે સિદ્ધ પદના અભિલાષીઓએ સર્વેથી પહેલાં સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરવાનો વિચાર કરવો જોઇએ. ઉપર બતાવેલ અનંતાનુબંધી કષાયો તથા દર્શનમોહમિથ્યાત્વના વશથી આત્માના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર નામના ગુણોનું વિપરીત પરિણમન થઇ રહેલ છે, તેને જ વાસ્તવિક મિથ્યાત્વ કહે છે. તે મિથ્યાત્વરૂપી ઝેરી પરિણામે આત્માને પોતાના શુદ્ધ સ્વભાવથી ચ્યુત (ભ્રષ્ટ) કરી-પરમાં આત્મબુદ્ધિ મનાવી, અત્યંત મૂર્છિત રૂપ પરાધીન સ્થિતિ કરી નાખી છે. તેના યોગે આત્મામાં લોકોત્તર, અમૃતરસ ભરપૂર, નિર્મળ તત્ત્વાર્થમાં આન્તરિક અપૂર્વ શુદ્ધ આત્મરુચિ પ્રગટ થતી નથી, મિથ્યાત્વ રૂપી ઝેરનો એક અંશ પણ આત્માનું અનેક પ્રકારે મહાન્ અહિત કરે છે; માટે ભવ્યઆત્માએ અવશ્ય

સમભાવ–માધ્યસ્થદૃષ્ટિ રાખી, મિથ્યાત્વનું યથાર્થ સ્વરૂપ સમજી, તેનો સમ્યક્પ્રકારે સર્વથા પરિત્યાગ કરી, સમ્યક્પરિણતિને પ્રેમથી ગ્રહણ કરવી જોઇએ.

ઉપાદાન અને નિમિત્ત નું સ્વરૂપ

કાર્યની ઉત્પાદક સામગ્રીને કારણ કહે છે, અને તે કારણના બે ભેદ છેઃ–એક સમર્થ કારણ અને બીજું અસમર્થ કારણ. પ્રતિબંધકનો અભાવ થવાથી સહકારી સમસ્ત સામગ્રીઓના સદ્ભાવને સમર્થ કારણ કહે છે. સમર્થ કારણ હોવાથી અનન્તર (ઉત્તર ક્ષણમાં–બીજીજ ક્ષણમાં) અવશ્ય કાર્યની સિદ્ધિથાય, તેને સમર્થ કારણ કહે છે. અને ભિન્નભિન્ન પ્રત્યેક સામગ્રીને અસમર્થ કારણ કહે છે અસમર્થ કારણ કાર્યનું નિયામક નથીઃ અર્થાત્ જે કારણ હોવાથી ઉત્તર ક્ષણમાં નક્કી કાર્ય ન થાય, તેને અસમર્થ કારણ કહે છે, સહકારી સામગ્રીના બે ભેદ છેઃ– એક ઉપાદાન કારણ અને બીજું નિમિત્ત કારણ. કાર્યની સિદ્ધિ આ બન્ને કારણોથી થાય છે. પદાર્થ પોતેજ કાર્ય રૂપે પરિણમે, તેને ઉપાદાન કારણ કહે છે. અથવા દ્રવ્યની અંતરંગ પરિણમન શક્તિને પણ ઉપાદાન કહે છે. જેમ ઘડાની ઉત્પત્તિમાં અંતરંગ ઉપાદાન કારણ માટી છે; કેમકે અનાદિ કાલથી દ્રવ્યમાં અવિચ્છિન્ન ધારાએ જે પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે, એમાં અનન્તર–આંતરારહિત (એનાપછી) પૂર્વ ક્ષણવર્તી પર્યાય ઉપાદાન કારણ છે અને અનન્તર એટલે ઉત્તર ક્ષણવર્તી પર્યાય કાર્ય છે. ઉપાદાન કારણ દ્રવ્ય પોતે એકજ હોય છે, બીજું દ્રવ્ય હોતું નથી. પોતાના ગુણ પર્યાયોનું મૂળ અંતરંગ કારણ દ્રવ્ય પોતેજ હોય છે. પદાર્થ

પોતે કાર્ય રૂપે ન પરિણમે કિન્તુ કાર્યની ઉત્પત્તિમાં સહાયક રૂપ થાય, તેને નિમિત્ત કારણ અથવા સહકારી કારણ કહે છે. બહિરંગ નિમિત્ત કારણ તો અનેક હોય છે. એમાં કોઇ દોષ નથી. જેમ ઘડાની ઉત્પત્તિમાં કુંભાર, દંડ, ચક્ર આદિ અનેક બાહ્ય કારણો છે. કાર્યની ઉત્પત્તિ થઇ ગયા પછી પણ નિમિત્ત કારણ પોતે સદાય જુદુ જ રહે છે : માટે સિદ્ધ થયું કે નિશ્ચયથી માટી ઘટરૂપ કાર્યની કર્તા છે અને વ્યવહારથી કુંભાર કર્તા છે; પરંતુ નિશ્ચયથી તો કુંભાર પોતાનાં ચૈતન્યમય ઘટાકાર પરિણામોનો કર્તા છે અને વ્યવહારથી કુંભાર ઘટના પરિણામોનો કર્તા છે. (જ્યાં ઉપાદાન કારણ છે ત્યાં નિશ્ચય નય છે, અને જ્યાં નિમિત્ત કારણ છે ત્યાં વ્યવહાર નય છે. જેની પર્યાય પલટે તેને બતાવવાવાળો નિશ્ચય નય છે અને જેના નિમિત્તથી પર્યાય પલટે તેને બતાવવા વાળો વ્યવહાર નય છે.) જો એમ કહેવામાં આવે કે ચેતનાત્મક ઘટાકાર પરિણામોનો કર્તા સર્વથા પ્રકારે નિશ્ચય નયથી ઘટ જ છે, કુંભાર નથી; તો અચેતન ઘટ ચેતનાત્મક ઘટાકાર પરિણામોનો કર્તા કેમ હોઈ શકે ? ન જ હોઇ શકે. ચૈતન્યદ્રવ્ય અચેતન પરિણામોનું કર્તા થતું નથી, અને અચેતન દ્રવ્ય ચૈતન્ય પરિણામોનું કર્તા થતું નથી. એમ આત્મા અને કર્મોમાં ઉપાદાન નિમિત્તનું કથન જાણવું. ઉપાદાન કારણ બે પ્રકારે હોય છે, એક શુદ્ધ ઉપાદાન અને બીજું અશુદ્ધ ઉપાદાન કારણ, ઉપાધિ વિનાના કારણને શુદ્ધ ઉપાદાન કારણ કહે છે, ઉપાધિવિનાના પારદર્શક શુદ્ધ સ્ફટિક રત્ન સમાન શુદ્ધ ઉપાદાન છે. અને ડંક (ડાઘ) લાગેલ ઉપાધિવાળા સ્ફટિક રત્ન સમાન–અશુદ્ધ ઉપાદાન છે–"उपादान कारण सदृशं कार्यं"

જેવું ઉપાદાન કારણ હોય તેવું જ કાર્ય થાય છે. શુદ્ધ ઉપાદાન કારણથી કાર્ય પણ શુદ્ધ થાય છે અને અશુદ્ધ ઉપાદાન કારણથી કાર્યપણ અશુદ્ધ થાય છે.

"ઉપાદાન બલહીન તહાં નિમિતકો કહા જોર"

જ્યાં ઉપાદાન કારણ બળહીન હોય ત્યાં એકલું નિમિત્ત કારણ શું કાર્ય કરી શકે? ન જ કરી શકે. રાગાદિક ઔપાધિક ભાવોનો અશુદ્ધ નિશ્ચય નયથી (જે ભાવ કર્મરૂપ ઉપાધિથી ઉત્પન્ન થએલ છે તે ભાવ અશુદ્ધ કહેવાય છે. જેમ અગ્નિની ઉપાધિથી અગ્નિરૂપ થયેલ લોઢાનો ગોળો નિશ્ચય કહેવાય છે, એવી રીતે અશુદ્ધ અને નિશ્ચય એ બન્નેને ભેળા કરવાથી અશુદ્ધ નિશ્ચય કહેવાય છે.) ઉપાદાન કર્તા આત્મા છે, અને નિમિત્ત કર્તા મોહનીયકર્મનો ઉદય છેઃ કેમકે રાગાદિભાવરૂપ પરિણમન જીવનો વીતરાગભાવ અથવા ચારિત્રભાવ છે, તે જ પલટાઈને રાગાદિરૂપ થઇ જાય છે. માટે રાગાદિભાવ જીવની જ અશુદ્ધ પરિણતિ છે; પરંતુ તે રાગાદિ ભાવ મોહનીયાદિ કર્મોના ઉદય વિના થતો નથી તેથી તે ભાવોનો વ્યવહારનયથી દ્રવ્યકર્મ કર્તા છે. તાત્પર્ય એ છે કે–ભાવ બે પ્રકારના હોય છે, એક સ્વાભાવિક ભાવ અને બીજો ઔપાધિક ભાવ–સ્વાભાવિકભાવ શુદ્ધ સ્વભાવરૂપ છે, એમાં કર્મોનો ઉદય નિમિત્ત નથી. જેમ સોનામાં પીળાપણું, ભારેપણું, ચીકણાપણું આદિ ગુણો સ્વભાવરૂપ છે અને જેમ ઉષ્ણુઆદિ ગુણો અગ્નિમાં છે, તેમ આત્મામાં કેવલજ્ઞાનની ઉત્પત્તિમાં રાગ દ્વેષાદિ રહિત સ્વસંવેદન જ્ઞાન તથા આગમ ભાષાથી શુકલ ધ્યાન શુદ્ધ ઉપાદાન કારણ

છે. બીજો ઔપાધિક ભાવ છે. તે કર્મોના નિમિત્ત વિના થતો નથી. તે ભાવ અશુદ્ધ ઉપાદાન કારણ છે. શુદ્ધ ઉપાદાન કારણથી શુદ્ધ સ્વભાવ ઝળકે છે. અને અશુદ્ધ ઉપાદાનથી અશુદ્ધ ભાવ ઝળકે છે. જેમ સ્ફટિક રત્નમાં કાળા પીળા આદિ ડંક (ડાઘ) નું નિમિત્ત ન હોય તો તેનો મૂળ સ્વચ્છ અને શ્વેત સ્વભાવ ઝળકશે. અને જો કાળા પીળા આદિ ડંકનું નિમિત્ત હોય તો સ્વચ્છ અને શ્વેત સ્વભાવ છુપાઈ જઇ કાળો પીળો ભાવ પ્રગટ થાય છે. તેવી રીતે કર્મના નિમિત્તથી અશુદ્ધ ભાવરૂપ પરિણતિ જીવના ભાવોમાં જ થઇ છે તે સમયે અવશ્ય જીવનો સ્વાભાવિક ભાવ છૂપાઇ ગયો છે, એટલાજ માટે અશુદ્ધ નિશ્ચય નયથી રાગાદિક ભાવોનો કર્તા જીવ છે. એ વાત સિદ્ધ થઇ કે જીવ પોતેજ પોતાના અશુદ્ધ ભાવોનો ઉપાદાન કર્તા છે, અને પુદ્ગલ પોતાના દ્રવ્યકર્મોનો ઉપાદાન કર્તા છે. જીવના અશુદ્ધ ભાવનો અને દ્રવ્યકર્મનો માત્ર પરસ્પર નિમિત્ત નૈમિત્તિક સબંધ છે. જેમ બીજથી વૃક્ષ, વૃક્ષથી ફરી બીજું બીજ, અને બીજથી ફરી બીજું વૃક્ષ થાય છે, એવી રીતે રાગાદિ ભાવોના નિમિત્તથી જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મનો બંધ થાય છે, અને તે બંધપણાને પ્રાપ્ત થયેલ કર્મોના ઉદયથી ફરી નવીન રાગાદિક ભાવ ઉત્પન્ન થાય છે, એ ભાવોથી ફરી નવીન દ્રવ્યકર્મ બંધાય છે. એવી રીતે બંધનો પ્રવાહ અનાદિ કાળથી સંસારી જીવોમાં અજ્ઞાનથી ચાલ્યો આવે છે. જો આ જગતમાં જીવ અને પુદ્ગલ બન્ને દ્રવ્યો ન હોય તો બંધ અને મોક્ષની વ્યવસ્થાપણ ન હોય માટે અંતરંગ ઉપાદાન શક્તિ ઉપર વિશેષ લક્ષરાખી, તેનું યથાર્થ સ્વરૂપ સમજી તે શક્તિને વ્યકત (પ્રગટ) કરવા સત્પુરુષાર્થ કરવો ઉચિત છે.

निमित्त मांतरंतत्र योग्यता वस्तु नि स्थिता ।
बहि र्निश्चयकालस्तु निश्चितंतत्त्वदर्शीभिः ॥૧૨૮॥

અર્થઃ- જે વસ્તુને વિષે રહેલી પરિણમન (ક્ષયોપશમ ભાવ) રૂપ યોગ્યતા અંતરંગ ઉપાદાન કારણ છે, અને તે પરિણમન રૂપ યોગ્યતાનું બાહ્ય સહકારી કારણ નિશ્ચયકાલના અણુઓ છે. સ્વભાવ પરિણમનરૂપ યોગ્યતા અતીન્દ્રિય આહ્લાદ સુખ સ્વરૂપ મોક્ષનું શુધ્ધ ઉપાદાન કારણછે અને અનંત સંસાર પરિભ્રમણનું કારણ અશુધ્ધ ઉપાદાનરૂપ અશુધ્ધ પરિણમન છે. તે પરિણમનને પલટાવી એકજ ક્ષણ જો સ્વભાવ સન્મુખ પરિણમન કરે તો સંસારનો અંત શીઘ્ર આવી જાય. મોક્ષમાર્ગમાં સમર્થ કારણભૂત સ્વભાવ પરિણમન રૂપ યોગ્યતાના અદ્‌ભુત, અચિન્ત્ય, અને અનિર્વચનીય માહાત્મ્યને, આસન્ન ભવ્ય વિરલ આત્માઓ જ સમજશે અને યથાર્થ સમજી અનુભવ કરશે; પરંતુ ભારે કર્મી દીર્ઘ સંસારી દર્શનમોહ મિથ્યાત્વરૂપ; ગાઢ અંધકારથી ઘેરાએલ આત્મા તે સ્વભાવરૂપ યોગ્યતાને સમજશે નહિ, અને સમજવા પ્રયત્ન પણ નહિ કરે. શુદ્ધાત્મસ્વરૂપ અમૃતનો સાક્ષાત્ અનુભવ શુદ્ધાત્મા સન્મુખ સ્થિર રહેલ નિર્મલ ઉપયોગ રૂપ અમૃત પરિણામથી જ થાય છે. તે પરિણામ અમૃત અને વિષ સમાન છે. શુદ્ધાત્માની સન્મુખ રહેલ પરિણામ અમૃત સમાન છે અને શુદ્ધાત્મસ્વરૂપથી વિમુખ રહેલ પરિણામ કાલકૂટ વિષસમાન અનિષ્ટ છે. બંધ તથા મોક્ષનું વાસ્તવિક કારણ પણ પરિણામ જ છે.

પરિણામ શું છે તે બતાવે છે :-

" तद्भावः परिणामः " ॥ ૧૩૯ ॥

અર્થ:- વસ્તુનો જે નિજભાવ છે, તે જ એનું પરિણામ કહેવાય છે, અર્થાત્ વસ્તુની વર્તમાન કાલવર્તી અવસ્થાને જ પરિણામ કહે છે. વળી રાજવાર્તિકમાં કહ્યું છે " **स्वेनात्मना भवनं स्वभावः** " પોતાના અસાધારણ ધર્મથી સહિત હોવું, તે સ્વભાવ કહેવાય છે, અર્થાત્ વસ્તુનો જે અસાધારણ ધર્મ છે તેજ એનો સ્વભાવ છે, અથવા પરિણામ છે. તેમાંજ વળી કહ્યું છે કે " **द्रव्यात्म लाभ मात्र हेतुकः परिणामः** " જે ભાવ દ્રવ્યના સ્વરૂપની પ્રાપ્તિ કરવામાં અને જેમાં બીજું કોઈ નિમિત્ત કારણ ન હોય તે પરિણામ કહેવાય છે. જેમ ધર્માસ્તિકાયાદિક દ્રવ્ય પોતાના સ્વરૂપથી હોય છે, તે જ એનો ભાવ અને એજ વસ્તુના ભાવને તત્ત્વ અથવા પરિણામ પણ કહે છે.

स्वजातेरविरोधेन विकारो यो हि वस्तुनः ।
परिणामः स निर्दिष्टोऽपरिस्पन्दात्मको जिनैः ॥૧૪૦॥

અર્થ:- પોતાની જાતિનો એટલે અભિન્નરૂપે રહેલ જે અનંત-ગુણોના સમૂહરૂપ અસંખ્યાત પ્રદેશાત્મક દ્રવ્ય તેનો ત્યાગ કર્યા વિના અર્થાત્ વિરોધ કર્યા વિના–અવિરોધપણે વસ્તુમાં (દ્રવ્યમાં) જે વિકાર (વિશેષ કાર્ય) થાય છે, તેને જિનેન્દ્રદેવ પરિણામ કહે છે; પરંતુ તેમાં એટલું વિશેષ છે કે, તે વિકાર (અવસ્થા) ચંચળતા યુકત ન હોવા જોઈએ. પરિણામમાં ચંચળતા ઉત્પન્ન

ન થવી એજ એની વિશેષતા છે. અને મોક્ષનું કારણ પણ આત્માનાં પરિણામ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ ચારિત્રરૂપ આત્માનાં પરિણામ જ નિશ્ચય મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન, જ્ઞાનચારિત્ર સ્વરૂપ સ્વભાવ પરિણમનનું પ્રતિબંધક દર્શન મોહનીય કર્મ છે. તેનો ઉપશમ, ક્ષયોપશમ, અને ક્ષય થવાથી જ સ્વભાવ પરિણમનરૂપ યોગ્યતા અર્થાત્ ભવ્યત્વ શક્તિ (જેના નિમિત્તથી, આત્માની સમ્યગ્દર્શનાદિરૂપ પરિણમન થવાની યોગ્યતા પ્રગટ થવી. જે સિદ્ધ પર્યાયના સાધનભૂત છે તેને ભવ્યત્વશક્તિ કહે છે) ની વિપાક દશા વ્યક્ત થયેલ છે, તે જ આસન્ન ભવ્ય આત્મામાં સ્વાભાવિક યોગ્યતા ઉત્પન્ન થાય છે. પરંતુ દીર્ઘસંસારી આત્મામાં ઉત્પન્ન થતી નથી, કેમકે તેનું અંતરંગ ઉપાદાન કારણ અશુદ્ધ છે.

परिणामेन बन्धः एव कथितः मोक्षः अपि तथा एव विजानीहि।
इति ज्ञात्वाजीव त्वंतथा भावान् खलु परिजानीहि ॥१४१॥

અર્થઃ- રાગદ્વેષ, મોહ, કામ, ક્રોધાદિ વિભાવ ભાવોથી બંધ થાય છે અને પરમ વીતરાગ રૂપ નિજ ભાવોથી મોક્ષ થાય છે, એથી એમ જણાયું કે, બંધ મોક્ષ બન્નેનું કારણ સરાગ, વીતરાગ પરિણામ જ છે.

उद्वसान् वसितान् यः करोति वसितान् करोति यः शून्यान्।
बलिंकुर्वेऽहं तस्य योगिनः यस्य न पापं न पुण्यम्
॥१४२॥

અર્થ:- જે ઉજ્જડ છે: અર્થાત્ પ્રથમ કયારે પણ પ્રાપ્ત થયેલ નથી, એવા શુદ્ધોપયોગ સુધારસ ભરપૂર વીતરાગ પરિણામોને જે જીવ સ્વસંવેદન જ્ઞાનના બળથી વસાવે છે: અર્થાત્ પોતાના શુદ્ધ સ્ફટિક રત્ન સમાન પારદર્શક નિર્મલ હૃદય રત્નમંદિરમાં પધરાવે છે-સ્થાપન કરે છે, અને પ્રથમનાં-અનાદિ કાલના વસેલ-મિથ્યાત્વાદિ ઝેરી પરિણામોને ઉજ્જડ કરે છે: અર્થાત કાઢી મૂકે છે-મૂળમાંથી ઉચ્છેદી નાખે છે, તે યોગી, ભગવાન કે જેમને પુણ્ય નથી અને પાપે નથી. તેમની હું નિરંતર પ્રસન્ન ચિત્તથી પૂજા કરૂં છું.

ભાવાર્થ:- જે આત્મા, વ્યક્ત રૂપે (પ્રગટરૂપે) વસતા નથી એવા અનાદિ કાલના વીતરાગ ચિદાનન્દ શુદ્ધાત્માનુંભૂતિસ્વરૂપ શુદ્ધોપયોગ પરિણામને હવે નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનના બળથી વસાવે છે: અર્થાત્ નિજાનન્દ સ્વરૂપ સ્વાભાવિક જ્ઞાન વડે શુદ્ધ પરિણામોની ભરતીને નિજ ઘટરૂપી નગરમાં આવકારે છે અને અનાદિ કાળના જે શુદ્ધ ચૈતન્યરૂપ નિશ્ચય પ્રાણોના ઘાતક એવા મિથ્યાત્વ રાગાદિરૂપ વિકલ્પ જાલ છે, તેને નિજ શુદ્ધ સ્વરૂપ નગરથી બહાર કાઢી મૂકે છે અથવા ઉજ્જડ કરી મૂકે છે, એવા પરમ યોગીશ્વરને હું મારા મસ્તક ઉપર ધારણ કરૂં છું: કેમકે તે યોગીઓને વીતરાગ શુદ્ધાત્મતત્ત્વથી વિપરીત પુણ્યે નથી અને પાપે નથી.

यस्य पुण्यं च पापं च निःफलं गलति स्वयं ।
स योगी तस्य निर्वाणं न तस्य पुनरास्रवः ॥१४३॥

અર્થઃ- જે શુદ્ધોપયોગી વીતરાગી યોગીને પુણ્ય અને પાપ પોતાનું શુભાશુભ ફલ આપ્યા વિના આપો આપ (સ્વયંએની-મેળેજ) ખરી જાય છે, તે જ યોગી છે અને એનેજ નિર્વાણપદ મળે છે, અને તેને આસ્રવ થતો નથી.

ભાવાર્થઃ- પુણ્ય અને પાપ રૂપ પરિણામ જ સંસાર પરિભ્રમણનું કારણ છે. જેમ ફળનું મૂળ પુષ્પ છે તે પુષ્પ જ જો ખરી જાય છે તો ફલ ન થાય, તેમ જીવોને ચતુર્ગતિ રૂપ ફળનું કારણ શુભાશુભ કર્મોનો ઉદય છે. તે શુભાશુભ કર્મો જ્યારે મહા મુનિઓને ખરી જાય ત્યારે તેમને નવું શરીર નહોય; માટે તેજ યોગીને નિર્વાણ છે. મોક્ષ છે. આ શુદ્ધોપયોગરૂપ અમૃત પરિણામનું ઉત્તમ ફળ નિર્વાણ છે.

यदा प्राप्ते परिणामं विद्यते न निमित्तता ।
परस्परस्य [illegible] श्लेषस्तयोर्मोक्षस्तदा मतः ॥१४४॥

અર્થઃ- જે સમયે એક બીજાના પરિણામ પ્રત્યે એક બીજાની નિમિત્તતા નથી રહેતી તે સમયે તે બન્નેની જે સર્વથા જુદાઇ છે, તેનું નામ મોક્ષ છે.

ભાવાર્થઃ- પુદ્ગલના જ્ઞાનાવરણાદિ પરિણામોમાં આત્માનાં રાગાદિ પરિણામ નિમિત્ત કારણ છે, અને આત્માનાં રાગાદિ પરિણામોમાં પુદ્ગલના જ્ઞાનાવરણાદિ પરિણામ નિમિત્ત કારણ છેઃ તે જે સમયે પુદ્ગલ, આત્માનાં પરિણામોમાં કારણ નથી થતાં અને આત્માનાં પરિણામ, પુદ્ગલોના પરિણામમાં નિમિત્ત નથી થતાંઃ અર્થાત્ જ્યારે પુદ્ગલ અને આત્માની સર્વથા જુદાઇ થઇ જાય છે, તેજ

સમયે મોક્ષ થાય છે. જે કોઈ, ભોગ્ય અને ઉપભોગ્ય આદિ ચેતન તથા અચેતન આદિ સમસ્ત પરવસ્તુઓમાં આલંબન રહિત પરિણામ છે, તે જ સ્વસંવેદન જ્ઞાનગુણ કહેવાય છે: અથવા જે જ્ઞાનગુણમાં આત્મા સિવાય અન્ય પરભાવોનું આલંબન અથવા આશ્રય નથી, એને સ્વસંવેદન જ્ઞાનગુણ કહે છે. એજ જ્ઞાનદ્વારા શુદ્ધાત્મસ્વરૂપનો અનુભવ થાય છે, ત્યારે વિષય સુખની વાસના ચિત્તમાં નથી રહેતી; કિન્તુ આત્માથી ઉત્પન્ન પરમાનન્દ સ્વરૂપ સુખમાં જ સંતોષ અથવા તૃપ્તિનો લાભ થાય છે. આ જ વીતરાગ ધર્મ–શુકલ ધ્યાન છે અને એજ સાક્ષાત્ મોક્ષનું સમર્થ કારણ છે.

પરિણામોની વિચિત્ર દશા.

કોઇ જીવ તો અગીયારમાં ઉપશાન્તમોહગુણસ્થાને ઉપશમ યથાખ્યાત ચારિત્ર પામી ને પછી મિથ્યાદૃષ્ટિ થાય છે. અને કિંચિત ઉન અર્ધપુદ્ગલપરિવર્તનકાળ પર્યન્ત સંસારમાં રખડે છે (પરિભ્રમણ કરે છે.) અને કોઇ જીવ નિત્ય-નિગોદમાંથી નીકળી, મનુષ્ય પર્યાય પામી, મિથ્યાત્વથી છૂટી, પછી અન્તર્મુહૂર્ત્તમાં કેવલજ્ઞાન પામી મોક્ષ જાય છે.

આ વાત અનુપમ, અદ્વિતીય, અને અદ્‌ભુત છે કે, અનાદિ કાળથી મિથ્યાદૃષ્ટિ કયારે પણ ત્રસ પર્યાય નહીં પામેલ એવા નવસેં (૯૨૩) ત્રેવીશ ભરતજીના પુત્ર, જે નિત્ય નિગોદ નિવાસી હતા અને નિત્યનિગોદમાં કર્મની નિર્જરા થવાથી તે જીવો ઇન્દ્રગોપ (ગોકળ ગાય) નામના તેઇન્દ્રિય કીડા થયા. તે કીડાઓના ઢગલા ઉપર ભરત મહારાજના હાથીનો પગ આવી જતા

તે નવશે ત્રેવીશ મરીને ભરત મહારાજના વર્ધ્ધન કુમાર આદિ પુત્ર થયા. તેઓ કોઇ સાથે બોલતા ન હતા, તે કારણથી ભરતમહારાજે સમવસરણમાં ભગવાન ઋષભદેવ સ્વામીને પૂછયું– ભગવાને દિવ્યધ્વનિમાં તેઓના પૂર્વ ભવોનું વૃત્તાંત કહ્યુ. એ વૃત્તાંતો સમવસરણમાં આવેલ વર્ધ્ધન આદિ કુમારોએ સાંભળ્યા, સાંભળીને તે સર્વે વર્ધ્ધન કુમારાદિએ દિક્ષા લીધી મહાન તપશ્ચરણ કર્યું અને ઘણાજ અલ્પ સમયમાં મોક્ષ ગયા, માટે ભવ્ય આત્માએ પરિણામનું એવું અદ્‌ભુત માહાત્મ્ય જાણી, પોતાના પરિણામ ન બગડે એવો ઉપયોગ રાખવો અને પરિણામને સુધારવાનો સદાય ઉપાય કરવો.

નિમિત્ત ઉપાદાનનું (દૃષ્ટાંત) થી સ્વરુપ.

જે દ્રવ્યની શક્તિ, દ્રવ્યથીજ ઉત્પન્ન થાય, તેને ઉપાદાન કહીયે, અને બીજા પદાર્થના સંયોગથી શક્તિ પ્રગટે તેને નિમિત્ત કહીએ, જેમ જીવ વિષે, શુભાશુભરૂપ રાગ–દ્વેષ પરિણમનની શક્તિ તે તો જીવનું ઉપાદાન છે, અને જે પદાર્થનું નિમિત્ત પામી; રાગદ્વેષરૂપ આત્મા થયો તે પર પદાર્થ નિમિત્ત છે. આ નિમિત્ત–ઉપાદાનથી જ શુભાશુભ કર્મનો બન્ધ આત્માને થાય છે, તે કહે છે. જો જીવનું ઉપાદાન સારૂં હોય અને પૂજા, દાન, શીલ, સંયમ, તપ, જૈન શાસ્ત્રોની સ્વાધ્યાય, શ્રવણ, તથા મુનિ–શ્રાવક આદિ ધર્મી જીવોનો સંગ ઇત્યાદિક શુભ નિમિત્ત હોય, તો જીવને લાંબી સ્થિતિનાં શુભ કર્મ બંધાય. તેનું ફળ એ મળે કે આત્મા ભવો ભવ સુખી થાય, અને જ્યાં આત્માનું

ઉપાદાન ખોટું (અશુદ્ધ) હોય, અને ક્રોધ, માન, માયા, લોભ, ચોરી, જુગટું, પરસ્ત્રીગમન, છલ, કપટ, નિંદા દુરાચારી, સુરાપાની (દારૂડીયા) જીવો ના પાપકારી નિમિત્ત હોય, તો આત્માને દીર્ઘકાળના પાપ કર્મ બંધાય. તેથી તે ભવ-ભવમાં દુઃખી થાય, અને કયાંક આત્માનું ઉપાદાન જો શુભ હોય અને નિમિત્ત અશુભ હોય તો પાપ બન્ધ ન થાય. શુભ ઉપાદાનથી પુણ્ય બંધ થાય છે. જેમ કોઇ મુનિ તથા શ્રાવક મહાધર્માત્મા, ધર્મ ધ્યાન સહિત વન ખંડાદિક સ્થાનમાં રહેતા હોય ત્યાં આવી કોઇ પાપી ઉપસર્ગ કરે તેમ. જેમ પાંડવો, વારિષેણ તથા શેઠ સુદર્શન. તેમનું ઉપાદાન સારૂં હતું અને નિમિત્ત ખરાબ હતાં, છતાં પણ ફલ તો સારૂંજ ઉત્પન્ન થયું.

દૃષ્ટાંતઃ– પાંડવોએ શત્રુંજ્યગિરિના શિખર પર ધ્યાન કર્યું તેઓ પંચ પરમપદનું સ્મરણ કરતા, ધૈર્યતાથી શત્રુંજ્યગિરિપર કાયોત્સર્ગ ધ્યાનથી અડોલ પણે રહ્યા અને થોડાજ કાળમાં આતાપન આદિ યોગદ્વારા સિદ્ધિના સાધક પ્રચંડમાં પ્રચંડ, ઘોરમાં ઘોર ઉપસર્ગ સહન કરવાને માટે સમર્થ થઇ ગયા. તે તપસ્વીઓએ ત્યાં રહી અક્ષય, પરમશુદ્ધ. ચિન્માત્ર (ચૈતન્યમાત્ર) અને શરીરથી અત્યંત ભિન્ન પરમાત્માનું ધ્યાન કર્યું. એવી રીતે યોગી પાંડવો નિર્મલ ચિત્તની સાથે, નિર્મમત્વ ભાવ ધારણ કરી ધ્યાનસ્થ (ધ્યાનારૂઢ) રહ્યા તે સમયે અચાનક ત્યાં દુર્યોધનના ભાણેજ કૂરચિત્ત અને કુર્યુધર એ બન્ને જોકે મહાન્ દુષ્ટ વજ્ર ચિત્તવાળા હતા, તેઓ આવી ગયા. તે દુષ્ટોએ પાંડવોને ધર્મધ્યાનમાં સ્થિત (ઊભા) રહેલ જોઇને, મારી નાખવાને માટે તૈયાર થયા. તેઓ પોતાના મનમાં વિચાર

કરવા લાગ્યા કે "અમારા મામાઓને મારીને આ મદોન્મત્ત પાંડવો અહીં છૂપાઇને રહ્યાં છે. હવે તો અમે એમને જોઇ લીધા. તેઓ હવે કયાં જશે? આ સમયે અમને બદલો લેવાને માટે અમૂલ્ય સમય મળ્યો છે. કારણ કે તેઓ ધ્યાનમાં આરૂઢ થઇ રહેલ છે, તેથી જરા પણ યુદ્ધ નહીં કરે. મૌન ધારી પાંડવો ત્યાં જીવન પર્યન્ત પ્રતિજ્ઞા બદ્ધ છે. એટલે બળવાન છતાં પણ નિર્બળ છે, માટે તે અભિમાનીઓને સમ્પૂર્ણ તિરસ્કારની સાથે કેમ ન મારીયે? અમારે એમ અવશ્ય કરવું જ જોઇએ" એમ વિચાર કરી તે દુષ્ટોએ લોઢાના સોળ આભૂષણો બનાવ્યા અને તેને બળતી એવી જાજવલ્યમાન આગમાં ખૂબ તપાવી અગ્નિ સમાન લાલચોળ બનાવ્યા, ત્યાર પછી તેઓએ બળતી એવી જવાળાની માફક લોઢાના મુકુટને પાંડવોના મસ્તક ઉપર રાખ્યાં, કાનમાં કુંડળ પહેરાવ્યાં, ગળામાં હાર નાખ્યા હાથમાં કડાં, કેડમાં કંદોરા પહેરાવ્યા, પગમાં લંગર, અને હાથની અંગુલીઓમાં મુદ્રિકાઓ (વીંટીઓ) પહેરાવી. તે ધર્મ હીન અધર્મીઓએ એવી રીતે દુઃખ આપવાને પાંડવોને અગ્નિથી તપાવેલ લાલચોળ લોઢાનાં ઘરેણાં પહેરાવ્યાં. એવીરીતે પૂરેપૂરૂં દારુણ દુઃખ આપ્યું. દુઃખ આપવામાં જરાપણ બાકી ન રાખી તે સૌમ્યમૂર્ત્તિ વીતરાગી મુનીયોનાં શરીરમાં જે સમય ઘરેણાં પહેરાવવામાં આવ્યાં કે તેજ ક્ષણે તે ધર્માત્માઓનાં અત્યંત સુકોમળ શરીર બળવાં લાગ્યાં. જેમ અગ્નિના યોગથી સૂકાં કાષ્ટ બળવાં મંડે, અને ધુમાડાં નીકળે તેમ તે કૃપાળુઓના શરીરો બળવાં લાગ્યાં, ને ધુમાડાં નીકળવા મંડ્યા. તે સમયે તે ધર્મમૂર્ત્તિ પાંડવો પોતાનાં શરીર ને બળતાંદેખી તે નિર્મળ હૃદયી પાંડવોએ દાહની શાન્તિને

માટે હૃદયમાં નિર્મળ ધ્યાનરૂપી પરમ શીતલીભૂત અમૃત પરિણામને, અપૂર્વ સ્થાન આપ્યું અને જિનેન્દ્રદેવ સિદ્ધ પરમાત્મા, સર્વે સાધુ અને સત્ય ધર્મનો તેમણે આશ્રય લીધો; કેમકે તે ઉત્તમ મંગલ અને સુશરણ રૂપ છે. હવે આત્માને નહીં કિન્તુ શરીરને બાળતી એવી અગ્નિએ એક મહાન્ ભયંકર રૂપ ધારણ કર્યું. જેમ અગ્નિ ખડની ઝુંપડીને બાળતી ગગન સુધી ફેલાય, તેમ અગ્નિ શરીરને બાળવા લાગી. તે સમયે તેઓ વિચારવા લાગ્યા કેઃ– "અગ્નિ મૂર્ત્ત છે માટે જ મૂર્ત્તિક શરીરને બાળી શકે છે. અમારા અમૂર્ત્તિક આત્માને તો કાંઇ પણ કરી શકતી નથી કેમકે સદૃશ હોય તેના ઉપરજ સદૃશનું જોર ચાલે છે. આ આત્મા શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સિદ્ધ છે, નિરાકાર અને નિરંજન છે, ઉપયોગમય, જ્ઞાતાદૃષ્ટા છે, દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ એ ત્રણે પ્રકારના કર્મોથી સર્વથા ભિન્ન છે. દેહમાં વ્યાપક છે પરંતુ દેહથી ભિન્ન છે, અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્યથી સુશોભિત છે." એમ આત્મ–સ્વરૂપનો વિચાર કરતા કરતા, વિપક્ષકર્મના ક્ષયને અર્થે બાર ભાવનાઓનું ચિંતવન કરવા લાગ્યા. ચિંતવન કરવાથી તેઓની વીતરાગ પરિણતિ એકાન્ત અચળ થઇ ગઇ, સત્ય છે કે, સમર્થ કારણ મળવાથી સત્પુરુષોનો શીળ સ્વભાવ સ્થિર થઇ જાય છે. તેઓ શરીર આદિ પરિગ્રહને તૃણ કરતાં પણ તુચ્છ સમજે છે. બુદ્ધિમાન પુરુષો અમૃત હાથમાં આવી ગયા પછી, વિષને કયારે પણ ગ્રહણ કરતા નથી. એવી રીતે મનોયોગને રોકી, શુદ્ધોપયોગનો આશ્રય લઇ, ત્રણે પાંડવોએ તો બહુજ શીઘ્ર ક્ષપક શ્રેણી પર આરોહણ કર્યું, અને પ્રબુદ્ધ થઈ, શુદ્ધ ધ્યાનના

બળથી નિર્વિકલ્પ ચિત્તથી આત્માનું ધ્યાન કર્યું. પછી અધઃકરણનું આરાધન કરી અપૂર્વકરણ ઉપર ચઢયા અને ત્યાર પછી અનિવૃત્તિકરણ પર પહોંચ્યા. એમ પરિણામોને પરમ શુદ્ધ કરતાં તેમણે અપ્રમત ગુણસ્થાનથી માંડી ક્ષીણકષાય સુધી ત્રેસઠ કર્મ પ્રકૃતિઓનો નાશ કર્યોઃ અને કેવલજ્ઞાન ઉપાર્જન કરી ત્યારપછી અઘાતીકર્મનો પણ નાશ કરી ત્રણ પાંડવો અંતકૃત કેવળી થઇ મોક્ષધામમાં બિરાજ્યા. યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, શિવધામ પહોંચ્યા. તે સિદ્ધગતિનો લાભ લઈ સમ્યક્ત્વ આદિ આઠ ગુણ અને અનંત સુખના ભોક્તા થયા. હવે તેઓને પાંચ પ્રકારના સંસાર પરિવર્તનની બાધા ન રહી, અને ક્ષુધા આદિ અઢાર દોષોની કોઇ જંજાલ પણ ન રહી. તેઓ નિર્દોષ અને અનંત અતીન્દ્રિય સુખના ભોક્તા થયા. જેમના સર્વે મનોરથો પૂર્ણ થઇ ગયા અને અક્ષય અનંતાનંત કાલ અભય-મોક્ષના સુખને ભોગવશે તે સિદ્ધપર્યાયને પ્રાપ્ત થએલ પાંડવો અમને પણ સિદ્ધિપદ આપો. એવી રીતે એ ત્રણે પાંડવોને કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણક એ બન્ને એકી સાથે થયા જાણી તત્ક્ષણ દેવગણ આવ્યા અને દેવોએ પાંડવોના જ્ઞાન અને નિર્વાણ કલ્યાણકનો મહોત્સવ કર્યો. અહીં પાપ રહિત સાતિશય પૂણ્યમૂર્ત્તિ નકુલ અને સહદેવનાં ચિત્તમાં મોટા ભાઇઓના ઘોર ઉપસર્ગથી વિહ્વલતા-અસ્થિર પરિણામ થઈ જવાના કારણથી તથા ઉપશમ શ્રેણીથી અગિયારમામાં આયુષ્ય પૂર્ણ થઈ જવાથી તત્કાલ ચોથે ગુણસ્થાનકે આવી સર્વાર્થસિદ્ધિ સમ્મુખ થયા. ઉપસર્ગને સહન કરી કાલ કરી સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્ર થયા. ત્યાં તેત્રીશ સાગરોપમ સુધી સુખ ભોગવી ત્યારપછી ત્યાંથી ચવી

આર્યક્ષેત્ર, મનુષ્ય લોકમાં મનુષ્ય થઈ, ફરી આત્મસાધન કરી, તપ દ્વારા સિદ્ધ થઇ, શિવધામમાં જશે. પાંડવોનું ઉપાદાન શુદ્ધ હતું અને નિમિત્ત ઘણું જ ખરાબ હતું; પરંતુ ઉપાદાનના બળવાનપણાથી કાર્ય સિદ્ધ કર્યું.

દૃષ્ટાંત :– રાજા શ્રેણિકના પુત્ર વારિષેણ મહાત્મા સજ્જન સ્વભાવી હતા. તે રાજ પુત્ર પર્વને દિવસે ઉપવાસ કરી રાત્રિના સમયે મસાણ ભૂમિમાં, સર્વે જીવોથી ક્ષમાભાવ ધારણ કરી, મેરુમહાગિરિ સમાન અડોલ અકંપ ધૈર્યચિત્તથી કાયોત્સર્ગ કર્યો: અર્થાત્ ધર્મધ્યાનમાં લીન થઇ રહ્યા. તે સમયે રાજાનો ભંડાર ફોડી ચોર હાર લઈને જાય છે. તે ચોર કોટવાળના ભયથી વારિષેણની પાસે હાર મૂકી, ભાગી ગયો અને પછવાડેથી કોટવાળ આવ્યો. હાર તેણે જોયો અને રાજપુત્ર વારિષેણને પણ જોયો, કોટવાળે જાણ્યું કે આ જ ચોર છે. કોટવાળે સમજ્યા વિના રાજાને કહ્યું કે: "હે નાથ! વારિષેણે હારની ચોરી કરી," ત્યારે રાજા શ્રેણિકે ન્યાય માર્ગને વશ થઇ, કાંઇ પણ વિચાર કર્યા વિના તેને મારવાની આજ્ઞા કરી, જ્યારે કોટવાળે મસાણમાં જઇ વારિષેણને મારવા માટે ખડ્ગ ચલાવી ત્યારે કુમારના સાતિશય પુણ્યના પ્રભાવથી ખડ્ગ હતી તે ફૂલની માળા બની ગઇ, દેવોએ આવી સહાય કરી, જ્યારે એ અતિશય થયો ત્યારે તે વાત સાંભળીને શ્રેણિક રાજા પુત્ર પાસે ગયો અને ક્ષમા યાચી કહ્યું કે: "હે પુત્ર ઘેર ચાલો." ત્યારે વારિષેણે કહ્યું કે: "મારે સર્વ જીવોથી ક્ષમા ભાવ છે, મેં પ્રતિજ્ઞા કરી હતી કે જો આ ઉપદ્રવ મટે તો મારે દીક્ષા લેવી. ઉપસર્ગ જવાથી તેમણે દીક્ષા

લીધી. પરંતુ રાજા; કોટવાળ અને અન્ય કોઇના પર સુબુદ્ધિકુમારે દ્વેષ ભાવ ન કર્યો, તે સજ્જન પુરુષોનો સહજ સ્વભાવ છે, તેઓ પરની અજ્ઞાન ચેષ્ટાને નથી જોતા, પરંતુ પોતાના સજ્જન સ્વભાવનીજ રક્ષા કરે છે, સુદર્શન શેઠે પણ ઘોર ઉપસર્ગ સહન કર્યો, એમ આ ત્રણે મહાપુરુષોનું ઉપાદાન કારણ શુદ્ધ હતું, નિમિત્ત ખરાબ હતું, તોપણ ફળ સારૂંજ ઉત્પન્ન થયું. હવે જ્યાં ઉપાદાન ખરાબ હોય, અશુભ, દગાબાજી, રૂપ હોય ક્રોધમાનાદિ કષાયરૂપ હોય, અને નિમિત્ત સારૂં હોય, પૂજા, દાન, શાસ્ત્રનું સાંભળવું–ભણવું, તપ, સંયમાદિક અનેક નિમિત્ત સારાં હોય તો પણ અશુભ ઉપાદાનના યોગથી પાપ બન્ધજ થાય છે. જેમ કોઈ ચોર પારકું ધન હરવાને માટે ધર્માત્માનો વેષ બનાવી અનેક ધર્મ સેવન, પૂજા–પાઠ, તપાદિક કરે છે; પરંતુ અશુભ ઉપાદાનના યોગથી પાપનો જ બંધ કરે છે, તેવી રીતે આ જીવને અનેક ભાવોની પ્રવૃત્તિ હોય છે. કયાંક તો જેવું નિમિત્ત તેવું જ ઉપાદાન હોય છે. ત્યાંતો ઉત્કૃષ્ટ શુભ વા અશુભનો બન્ધ પડે અને કયાંક તો નિમિત્ત બીજા પ્રકારનું હોય અને ઉપાદાન પણ બીજાજ પ્રકારનું હોય ત્યાં ફળ ઉપાદાન પ્રમાણે હોય છે. માટે વિવેકી મનુષ્યે પરભવના સુખને અર્થે નિમિત્ત તો સારૂંજ મેળવવું અને ઉપાદાન તો સદાય સારૂં રાખવું યોગ્ય છે. સારા નિમિત્તથી શુભ ઉપાદાનવાળા જીવને મહાન્ શુભ ફળ ઉત્પન્ન થાય છે, અને સારાં નિમિત્તથી પરમ્પરાએ ઉપાદાન પણ શુભ થઇ જાય છે. અને ખરાબ નિમિત્તથી ઉપાદાન પણ ખરાબ થઈ જાય છે. એમ પ્રત્યક્ષ દેખીએ છીએ કે સારા ઉત્તમ કુળમાં ઉત્પન્ન થએલ કુળવાન જીવ,

ખરાબ નિમિત્તથી ચોરી, જુગારી, દુરાચારી, કુલક્ષણો ખરાબ થતા દેખીએ છીએ અને હીન-નીચકુળમાં ઉત્પન્ન થએલ જીવ સારી સંગતિથી ઊંચ થઈ સુખી દેખીએ છીએ, માટે વિવેકી જીવે નિમિત્ત સદાય સારાં રાખવાના ઉપાયો કરવા યોગ્ય છે. નિમિત્તથી ઉપાદાનની શુદ્ધતા થાય છે. જેમ અગ્નિના નિમિત્તથી સુવર્ણના ઉપાદાનની શુદ્ધતા થાય છે અને ત્રાંબું આદિ કુધાતુનાં નિમિત્તથી સુવર્ણના ઉપાદાનની મલિનતા થાય છે, એમ જાણી નિમિત્ત સારૂં જ મેળવવું યોગ્ય છે-જ્યાં જ્યાં નિમિત્તની મુખ્યતા છે. તે હવે દૃષ્ટાંતથી બતાવે છે.

શ્રી આદિનાથસ્વામી, ઉત્કૃષ્ટ-સારા ઉપાદાનના ધારક હતા. તેમને અશુભ નિમિત્તથી, ત્યાશી લાખ પૂર્વ વર્ષ કષાયોમાં વ્યતીત થયા, દીક્ષા લેવાનાં પરિણામ નથયાં, ત્યારે ઇન્દ્રમહારાજે અવધિજ્ઞાનથી વિચાર્યું જે તીર્થંકર ભગવાનનું સર્વ આયુષ્ય કર્મ પંચેન્દ્રિય ભોગોમાં વ્યતિત થયું: તોપણ ભગવાનને વિરક્તભાવ ન થયો, માટે કાંઇક દીક્ષા લે તેવું નિમિત્ત વિચારવું. ત્યારે ઇન્દ્રે એક નીલાંજના નામની અપ્સરાનું આયુ બહુ જ અલ્પ જાણી નીલાંજનાને આજ્ઞા કરી, ત્યારે તે દેવીએ ઇન્દ્રની અનુમતિ લઈ ભગવાન સમ્મુખ અદ્‌ભુત નૃત્ય અને ગાયન આરંભ્યું. તે દેવાંગનાના દિવ્ય નૃત્યને દેખી સભાના સર્વે દેવ તથા મનુષ્યો આશ્ચર્ય પામ્યા: કેમકે આ નૃત્ય ઇન્દ્રને પણ દુર્લભ છે, એવું અદ્‌ભુત નૃત્ય કરવાના સમયે જ એનું આયુ પુર્ણ થયું. તે દેવીનો આત્મા પરલોક સિધાવ્યો અને શરીર, દર્પણની છાયાના પ્રતિબિમ્બવત્ અદશ્ય થઇ ગયું: પરંતુ તે નૃત્યના ઉત્સવનો

ભંગ ન થાય એટલા માટે ઇન્દ્રે તત્ક્ષણ તેવીજ બીજી નવી દેવાંગના રચીને ગોઠવી. તેથી નૃત્યનો તાલ-રાગ-ચાલ ભંગ થવા ન પામ્યો. આ ચરિત્ર સભાના સર્વે જીવ-મનુષ્યાદિ હતા તે કોઇએ એમ ન જાણ્યું કે આ બીજી દેવી છે, સર્વેએ એમજ જાણ્યું કે એજ દેવી નીલાંજના નાચ કરે છે. એ ચરિત્રનેં ભગવાને અવધિજ્ઞાનથી જાણી લીધું કે, જે દેવી નૃત્ય કરતી હતી તે દેવી નીલાંજના તો કાયા તજી પરલોકમાં ગઈ. આ ઇન્દ્રે નવી દેવી રચી છે, "અહો-ધિક્કાર છે સંસારને કેમકે સંસાર ક્ષણભંગુર-ચપળ અથવા વિનાશી છે," એમ વિચારી વૈરાગ્ય ઉત્પન્ન થવાથી લોકાંતિક દેવ આવ્યા, પછી દીક્ષા ધારણ કરી, ધ્યાનાગ્નિથી ઘાતી કર્મોનો નાશ કરી અનંત ચતુષ્ટય પ્રાપ્ત કરી બાકી બચેલ, અઘાતીકર્મોનો નાશ કરી, સિદ્ધપદને પ્રાપ્ત થયા: અર્થાત્ સ્વાત્મોપલબ્ધિ સ્વરૂપ શાશ્વત સિદ્ધપર્યાયને પ્રાપ્ત થયા. તે આદિનાથ ભગવાન અમારા આત્માને પણ સિદ્ધપદને પ્રાપ્ત કરાવે. અહીં જુઓ કે નિમિત્તનુંજ મહત્પણું આવ્યુ, માટે સત્પુરુષોએ પોતાના કલ્યાણને અર્થે કુસંગનો ત્યાગ કરી શુભ નિમિત્ત મેળવવા પ્રયત્ન શીલ બનવું, એજ સુખાકારી છે. અને આત્માને શ્રેયસ્કર છે. એમ જીવને જીવનું નિમિત્ત કહ્યું.

હવે પુદ્ગળનું પુદ્ગળથી નિમિત્ત ઉપાદાન કહીએ છીએ દાખલા તરીકે હળદર સ્વભાવથી જ પીળી છે એને ઘશીને જળમાં નાખીએ તો જલ પણ પીળુ જ થાય પરંતુ એવા પીળા જળમાં સાજી ખાર નાખીએ તો સાજીના નિમિત્તથી જળ બધું લાલ

થઈ જાય છે. તે લાલ થવાની ઉપાદાન શક્તિ તો હળદરની છે પરંતુ નિમિત્ત સાજીનું મળ્યે લાલ થાય છે.–બીજું સ્ફટિક મણિ નિર્મળ છે, પરંતુ તેની નીચે ડંક આપવાથી મણિ પીળી થાય, શ્યામ આપવાથી શ્યામ થાય. તે સ્ફટિક મણિ સ્વભાવથી તો મહાનિર્મળ શ્વેત છે. પણ જેવું ડંકનું નિમિત્ત મળે છે તેવુંજ ભાસે છે. તે લાલ, પીત, શ્યામ થવાની ઉપાદાન શક્તિ તો સ્ફટિક મણિની છે અને નિમિત્ત ડંકનું છે. માટે અહીં તો નિમિત્તની પ્રધાનતા આવી. અથવા લોઢું કુધાતુ–નીચ ધાતુ છે; પરંતુ જો ઉત્તમ પારસ–પાષાણનું નિમિત્ત મળે ત્યારે કંચન રૂપ થાય છે. તે સુવર્ણરૂપ થવાની ઉપાદાન શક્તિ તો લોઢામાંજ છે, બીજી ધાતુઓમાં નથી, છતાં પારસનું નિમિત્ત લોઢાને મળે તો જ સુવર્ણરૂપ થાય છે. માટે હે ભવ્ય! જીવથી જીવને, પુદ્ગલથી પુદ્ગલને જ્યાં ત્યાં નિમિત્તની જ પ્રધાનતા છે. માટે વિવેકી પુરુષે સારૂં નિમિત્ત મેળવવું યોગ્ય છે. વિશેષ એટલું છે કે પોતાના પરિણામની વિશુદ્ધતાથી અધિક વિશુદ્ધતાનું નિમિત્ત હોયતો આપણું ઉપાદાન, નિમિત્ત પ્રમાણે કરવું. અને આપણા ભાવોની વિશુદ્ધતાથી નિમિત્ત સામાન્ય છે તો આપણું ઉપાદાન, નિમિત્ત પ્રમાણે ન કરવું–ઇત્યાદિક વિચારણાપૂર્વક પોતાની નિર્મળ બુદ્ધિથી વિચારવું યોગ્ય છે: એ પ્રમાણે નિમિત્ત–ઉપાદાનનું સ્વરૂપ જાણવું. કોઇ જગ્યાએ નિમિત્તની પ્રધાનતા હોય છે, કોઇ જગ્યાએ ઉપાદાનની પ્રધાનતા હોય છે, એમ બન્ને પ્રકારે જ્યાં જેમ છે, તેમ જાણવું. એકાંતને ગ્રહણ ન કરવું તેનું નામ સમ્યગ્જ્ઞાન છે.

બાહ્યાભ્યંતર શુદ્ધિ ફલદાઇ છે.

तत्त्वज्ञानविहीनानां नैर्ग्रन्थ्यमपि निष्फलम् ।
न हि स्थाल्यादिभिः साध्यमन्नमन्यैरतण्डुलैः ॥१४५॥

અર્થઃ- અંતરંગ આત્મતત્ત્વજ્ઞાન રહિત જીવોને મુનિધર્મ પણ નિષ્ફળ છે-જેમ ચોખા વગેરે અનાજ વિના અન્ય જે વટલોઇ, પાણી, અગ્નિ વિગેરે બાહ્ય સાધનો વિદ્યમાન હોય છતાં પણ અન્નનો પાક નથી થતો, તેમ અંતરંગ ઉપાદાન વિના કેવળ નિમિત્ત કારણોથી કાર્યની સિદ્ધિ નથી થતી.

साध्वीयं स्याद्बहिः शुद्धिरन्तःशुद्धेरनन्तरा ।
फलत्युभावं भजत्येव बाह्या त्वाध्यात्मिकी क्वचित् ॥१४६॥

અર્થઃ- જીવોને જે બાહ્યની શુદ્ધતા છે, તે અંતરંગની શુદ્ધતાથી જ ઉત્તમ (નિર્મળ) થાય છે, તથા ફળદાયક થાય છે: કેમકે અંતરંગની આધ્યાત્મિક શુદ્ધિ વિના બાહ્યની શુદ્ધિ વ્યર્થ (નિઃસાર) જ રહે છે: અર્થાત્ નિષ્ફળ છે.

अन्तर्बाह्यमुभोः शुद्धयोर्योगाद्योगी विशुद्ध्यति ।
नह्येकं पत्रमालम्ब्य व्याप्नुं पत्री विसर्पति ॥१४७॥

અર્થઃ- યોગી બાહ્ય-અભ્યંતર બન્ને પ્રકારની શુદ્ધિઓનો યોગ થવાથી જ વિશુદ્ધ થાય છે; કિન્તુ એક પ્રકારની વિશુદ્ધિથી શુદ્ધ નથી થતા. જેમ પક્ષી એકજ પાંખના અવલંબનથી ઊડી શકતું નથી, પરંતુ બન્ને પાખો હોવાથી જ ઊડી શકે છે, એવી રીતે બન્ને પ્રકારની શુદ્ધિ થવાથી જ મુનિ નિર્મળ પરિણામી થઇ શકે છે.

મનશુદ્ધિની પ્રધાનતા.

ममेदमहमस्येति संकल्पोजायते न चेत ।
चेतनेतरभावेषु सान्तः शुद्धि जिनोदेता ॥१४८॥

અર્થ:- "આ મારાં છે, અને હું એનો છું." એવા પર પદાર્થોમાં અહું અને મમત્વ રૂપ પરિણામ : અર્થાત્ રાગ, દ્વેષ, મોહાદિ પરિણામ, તે ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ આઠ કર્મ તે દ્રવ્યકર્મ, અને શરીર, સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન, ધાન્યાદિ નોકર્મ એ "મારાં છે અને હું એનો છું" એવા પ્રકારની કલ્પના પોતાના આત્મા સિવાય અન્ય કોઈ પણ વસ્તુમાં ન થવી:અર્થાત્ આત્મામાં જ આત્મ બુદ્ધિ થવી, પરમાં લેશ માત્ર પણ આત્મપણાની બુદ્ધિરૂપ પરિણામ ન થવાં, તેને જિનેન્દ્રદેવ મન શુદ્ધિ કહે છે.

सर्वासामेव शुद्धीनां भावशुद्धिः प्रशस्यते ।
अन्यथालिङ्गयते पत्यमन्यथालिङ्गयतेपतिः ॥१४९॥

અર્થ:- સર્વે પ્રકારની શુદ્ધિઓમાં ભાવશુદ્ધિને (મન શુદ્ધિને) જ પ્રધાન ગણેલ છે, પ્રશંસનીય ગણેલ છે; કેમકે પ્રત્યક્ષ દેખાય છે કે માતા જે સંતાનનું (પુત્રનું) નિર્દોષ આલિંગન કરે છે, અને પતિનું પણ આલિંગન કરે છે: એ બંન્નેમાં જો કે આલિંગનરૂપ ક્રિયા એકજ છે, તો પણ પરિણામમાં મહાન્ અંતર છે.

ભાવાર્થ:- મતિજ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી તથા વીર્યાન્તરાય-કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થવા વાળી તથા રાગાદિકના ઉદયથી રહિત અને જેમાં મોક્ષ માર્ગની રૂચિ દ્વારા અતિશય

નિર્મળતા પ્રાપ્ત થઇ ચૂકી છે, એવી ભાવ શુદ્ધિને મન શુદ્ધિ કહે છે. સર્વે શુદ્ધિઓમાં પ્રધાન પણે મન શુદ્ધિ જ માનેલ છે.

यथा यथा विशुद्धेः स्याद् वृद्धिरन्तः प्रकाशिनी ।
तथा तथा हृषीकाणामुपेक्षा विषयेष्वपि ॥१५०॥

અર્થ:- જેમ જેમ ઉપયોગરૂપ પરિણામની વિશુદ્ધિની વૃદ્ધિ અંતરંગમાં પ્રકાશ નાખે છે તેમ તેમ આત્માની ઇન્દ્રિયોના વિષયોમાં ઉપેક્ષા (ઉદાસીનતા) બુદ્ધિ થતી જાય છે.

सरःसलिले स्थिरीभूते दृश्यते नीर निपतित मपि यथारत्नम् ।
मनःसलिले स्थिरीभूते दृश्यत आत्मा तथा विमले ॥१५१॥

અર્થ:- નિર્મળ, સ્વચ્છ, અને સ્થિરીભૂત સરોવરના શાન્ત જળમાં પડેલું રત્ન જેમ સ્પષ્ટ દેખાય છે, તેમ સંકલ્પ વિકલ્પ રૂપી મળથી રહિત નિર્મલ અને સ્થિરીભૂત (નિર્વિકલ્પ) મન રૂપી જળને વિષે શુદ્ધાત્મા રૂપી મહારત્ન પ્રત્યક્ષ દેખાય છે: અર્થાત અનુભવ થાય છે.-

सर्वेन्द्रियाणि संयम्यस्तिमितेनान्तरात्मना ।
यत्क्षणं पश्यतो भाति तत्तत्वं परमात्मनः ॥१५२॥

અર્થ:- પોત પોતાના વિષયોમાં જતી એવી પાંચે ઇન્દ્રિયોને રોકી અને સ્થિરીભૂત મનથી અર્થાત્ પોતે પોતાથી પોતાની અંદર આત્મા છે તે તરફ મનને (ઉપયોગને) સન્મુખ રાખવા ક્ષણ માત્ર પણ અનુભવ કરવાવાળાને જે સ્વરૂપ ઝળકે છે, તેજ પરમાત્માનું સ્વરૂપ છે,

ભાવાર્થ:- પરમાત્મપદની પ્રાપ્તિને અર્થે ઇન્દ્રિયોને બાહ્ય વિષયોથી રોકવી જોઇએ અને મનને પરમાત્મ સ્વરૂપની ભાવનામાં તન્મય કરવું જોઇએ.

इन्द्रियाणां प्रवृत्तौ च निवृत्तौ च मनः प्रभुः ।
मन एव जयेत्तस्मा।ज्जिते तस्मिन् जितेन्द्रियः ॥१५३॥

અર્થ-: ઇન્દ્રિયોની પ્રવૃત્તિમાં અથવા નિવૃત્તિમાં મન જ સ્વામી છેઃ માટે સર્વથી પહેલાં મનને જ જીતવું જોઇએ, કેમકે મનને જીતવાથી ઇન્દ્રિયોનો વિજય આપો આપ થઇ જાય છે.

स्थिरेमनः संकल्पेरुद्धे अक्षाणां विषयव्यापारे ।
प्रकटीभवति ब्रह्मस्वरुपं आत्मध्याने न योगिनाम् ॥१५४॥

અર્થ:- મનના સંકલ્પવિકલ્પ મટી જવાથી તથા ઇન્દ્રિયોના વિષય વ્યાપાર રોકાઇ જવાથી યોગીઓને નિર્મળ આત્મધ્યાન દ્વારા પોતાનું બ્રહ્મ સ્વરૂપ પ્રગટ અનુભવ રૂપ થઇ જાય છે.

परमानन्दाब्जरसं सकलविकल्पा।सुमनसस्त्यक्त्वा ॥
योगी स यस्य भजते ।स्तांमितान्तःकरणषट्चरणः ॥१५५॥

અર્થ:- જે યોગીના નિશ્ચળ મનરૂપી ભ્રમર (ભમરો) સમસ્ત વિકલ્પ રૂપી અન્ય પુષ્પોને છોડીને ઉત્કૃષ્ટ-અક્ષય આનન્દના ધારક, શુદ્ધાત્મરૂપી કમળના અમૃત રસનું સેવન કરે છે, તે જ યોગીશ્વર પૂજવા યોગ્ય છે.

ભાવાર્થ:- જેવી રીતે ભમરો સંપૂર્ણ પુષ્પોને છોડી દઇ કમળના

દિવ્ય રસનું આસ્વાદન કરે છે, એવી જ રીતે જે મુનિ સમસ્ત વિકલ્પોને છોડી ને શુદ્ધાત્મ સ્વરૂપનો અનુભવ કરે છે, તે જ ભવ્ય જીવોના પૂજનીક છે.

किं बाह्येषु परेषु वस्तुषु मनः कृत्वा विकल्पान्बहून् ।
रागद्वेषमयान् मुधैव कुरुषे दुःखाय कर्माशुभम् ।
आनंदामृतसागरे यदि वसस्यासाद्य शुद्धात्मनि ।
स्फीतं तत्सुखमेकतामुपगतं त्वं यासि रे निश्चितम् ॥१५६॥

અર્થઃ- હે મન ! બાહ્ય તથા તારા સ્વરૂપથી અત્યંત ભિન્ન જે શરીર, સ્ત્રી, પુત્ર આદિ પદાર્થો છે, એમાં રાગ દ્વેષ રૂપ અનેક પ્રકારના વિકલ્પો કરીને તું દુઃખને માટે વ્યર્થ અશુભ કર્મને કેમ બાંધે છે ? પરંતુ જો તું આનન્દરૂપી અમૃતના સમુદ્રમાં શુદ્ધાત્માને પામી ને એમાં નિવાસ કરીશ, તો તું વિશાળ (વિસ્તીર્ણ) નિર્વાણ રૂપી સુખને અવશ્ય પામીશ.

ભાવાર્થઃ- તારે તો આનંદ સ્વરૂપ શુદ્ધાત્મામાંજ નિવાસ કરવો જોઇએ અને એનુંજ ધ્યાન તથા મનન કરવું જોઇએ. જે ભવ્ય આત્માનું મન રાગ દ્વેષાદિક-સંકલ્પ વિકલ્પો રૂપી મળથી રહિત છે, તેજ પોતાના શુદ્ધ સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણે છે. પોતાના ચિત્તને વિકલ્પ રહિત કરવું એજ પરમતત્ત્વ છે. સમ્યક્ત્વની સિદ્ધિને અર્થે ચિત્તને વિકલ્પ રહિત કરો.

यद्यदेव मनसि स्थितं भवेत्तत्तदेव सहसा परित्यजेत् ।
इत्युपाधिपरिहारपूर्णता सा यदा भवति तत्पदं तदा ॥१५७॥

અર્થ:- ભાવમન રૂપી ઉપયોગ ભૂમિમાં જે જે સંકલ્પ વિકલ્પ રૂપ ઇષ્ટ અનિષ્ટ પરિણામ ઉત્પન્ન થાય; અર્થાત્ જે જે વાતની મનમાં ઇચ્છા ઉત્પન્ન થાય, તે તે ઇચ્છાઓને તેજ ક્ષણે તત્કાલ સર્વથી પહેલાં છોડી આપે: અર્થાત્ ઉપયોગને ત્યાંથી ખેંચી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સન્મુખ જોડે (પરિણમાવે) એવી રીતે વારંવાર અંતરંગ અભ્યાસ કરવાથી જે સમયમાં સમસ્ત સંકલ્પ રૂપ ઉપાધિનો પરિહાર (નાશ) થાય છે, તેજ સમયમાં શુદ્ધાત્મ સ્વરૂપ ઝલકે છે: અર્થાત્ શુદ્ધાત્મ સ્વરૂપની પ્રાપ્તિ થઇ જાય છે. પ્રત્યક્ષ અનુભવમાં આવે છે.

ભાવાર્થ:- સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ ચારિત્રની પૂર્ણતા જ આત્માનું સ્વરૂપ છે. જે સમયે અખંડ જ્ઞાન તથા દર્શનની પ્રાપ્તિ થાય છે, એને જ સ્વરૂપની પ્રાપ્તિ કહે છે. પરંતુ જ્યાં સુધી કર્મ જનિત રાગ દ્વેષ અથવા ઇચ્છા આદિ ઉપાધિઓનો સંબંધ આ આત્માની સાથે હોય છે, ત્યાં સુધી આત્મસ્વરૂપની પ્રાપ્તિ નથી થતી. એટલા માટે શુદ્ધાત્મસ્વરૂપની પ્રાપ્તિના ઇચ્છક આસન્ન ભવ્ય આત્માઓએ સમજવું જોઇએ કે, તે જે જે સમયે ચિત્તમાં (ઉપયોગમાં) ઇચ્છા આદિ ઉપાધિ ઉત્પન્ન થાય એજ સમયે એનો પરિત્યાગ કરી, શુદ્ધાત્મ સ્વરૂપની પ્રાપ્તિ કરે.

ચિંતા ચિતા સમાન

भोचेतः किमु जीव तिष्ठसि कथं चिंतास्थितं सा कुतो ।
रागद्वेषवशात्तयोः परिचयः कस्माच्च जातस्तव ।
इष्टानिष्टसमागमादिति यदि स्वभ्रं तदावां गतौ ।
नोचेन्मुञ्च समस्तमेतदचिरादिष्टादिसंकल्पनम् ॥१५८॥

અર્થ:– જીવ મનને પૂછે છે કે, "હે મન! તું કેમ રહે છે? અર્થાત્ તને કેમ રહે છે? મન ઉત્તર આપે છે કે; હું સદાય મહાન્ ચિંતામાં વ્યગ્ર (દુઃખી) રહું છું એકક્ષણવાર પણ મને સુખ નથી." ફરી જીવ પૂછે છે કે, "તને ચિંતા કેમ છે? શું કારણથી ચિંતા છે?" ફરી મન ઉત્તર આપે છે કે; "મને રાગ દ્વેષના કારણથી ચિંતા છે." ફરી જીવ પૂછે છે કે; "તારો રાગ દ્વેષની સાથે પરિચય ક્યાંથી થયો? " ફરી મન ઉત્તર આપે છે કે; "ભલી બૂરી વસ્તુઓના સંબંધથી રાગ દ્વેષનો પરિચય થયો, છે" ત્યારે ફરી જીવ કહે છે કે; "હે મન! જો એમ છે તો તું શીઘ્ર (તત્કાલ) ભલી બૂરી વસ્તુઓના સંબંધને છોડ, નહિ તો તારે અને મારે બન્નેને નરકમાં જવું પડશે.

ભાવાર્થ:– સ્વભાવથી તો કોઇપણ વસ્તુ ઇષ્ટે (સારી) નથી અને અનિષ્ટે (ખરાબ) નથી, ઇષ્ટ તથા અનિષ્ટમાં સંકલ્પ કરી રાગ દ્વેષ કરવો નિષ્પ્રયોજન છે. કેમકે રાગ દ્વેષથી કેવળ દુઃખજ ભોગવવું પડે છે: એટલે સમસ્ત પર વસ્તુઓને છોડીને સમતા જ ધારણ કરવી જોઇએ એવી શિક્ષા પોતાના મનને ભવ્ય જીવોએ સદાય આપવી યોગ્ય છે.

यावच्चिन्तास्ति जन्तूनां तावद्भवति संसृतिः ।
यथेंधनसनाथस्य स्वाहानाथस्य वर्द्धनम् ॥१५९॥

અર્થ:– જ્યાં સુધી જીવોનાં હૃદયમાં (ઉપયોગમાં) ચિંતા છે, ત્યાં સુધીજ સંસાર છે. કેમકે જ્યાં સુધી ઇંધણાં છે ત્યાં સુધી અગ્નિનું વધવું છે.

संसारो बहुदुःखतः सुखपदं निर्वाणमेतत्कृते ।
त्यक्तवार्थादि तपोवनं वयमितास्तत्रोज्झितः संशयः ।
एतस्मादपि दुष्करव्रतविधेर्नाद्यापि सिद्धिर्यतो ।
वातालीं तरलीकृतं दलमिव भ्राम्यत्यदो मानसम् ॥१६०॥

અર્થઃ– હે કારુણ્યામૃતના નિધે જિનેન્દ્રદેવ! આ સંસાર તો અનેક પ્રકારના ભયંકર દુઃખોને આપવાવાળો છે અને વાસ્તવિક અતીન્દ્રિય સુખનું સ્થાન તો મોક્ષ છેઃ અર્થાત્ વાસ્તવિક સુખને આપવા વાળું સ્થાન મોક્ષ છે. એટલા માટે એ મોક્ષની પ્રાપ્તિને અર્થે અમે સમસ્ત ધન ધાન્યાદિ પરિગ્રહનો ત્યાગ કર્યો તથા અમો તપોવનને પણ પ્રાપ્ત થયાઃ અર્થાત્ તપોવનમાં ગયા. અમે સમસ્ત પ્રકારના સંશયોને પણ છોડી દીધા, તથા અત્યંત દુર્ધર વ્રત પણ ધારણ કર્યાં; કિન્તુ હજુ સુધી આટલું આટલું કર્યાં છતાં પણ આત્મ સિદ્ધિની પ્રાપ્તિ ન થઇઃ કેમકે પવનના સમૂહથી કંપાયમાન થએલ પાંદડાના સમાન અમારૂં મન રાત દિવસ બાહ્ય પદાર્થોમાં ભ્રમણ કર્યા કરે છે.

स्वल्पकार्यकृतौचिन्ता महावज्रायतेध्रुवम् ।
मुनीनां शुद्धचिद्रूप ध्यान पर्वतभंजने ॥१६१॥

અર્થઃ– જેવી રીતે વજ્ર, પર્વત પર પડતાં જ પર્વતના ચૂરે ચૂરા કરી નાખે છે, તેવી રીતે જે મનુષ્ય શુદ્ધચિદ્રૂપનું ચિંતવન કરવાવાળો છે તે જો કોઇ થોડા કાર્યને માટે અન્ય જરા પણ ચિંતા કરે, તો શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનથી સર્વથા વિચલિત થઇ જાય છે.

ભાવાર્થઃ- શુદ્ધચિદ્રૂપનું ધ્યાન તે જ સમયે થઇ શકે છે કે, જે સમયે કોઇ પણ પ્રકારની ચિંતા હૃદયમાં નહોય. જો શુદ્ધચિદ્રૂપનું ધ્યાન કરતી વખતે કોઇ પણ પ્રકારની ચિંતા આવીને ઉપસ્થિત થાય, તો તે ધ્યાન નષ્ટ થઇ જાય છે, એટલા માટે વિદ્વાનોએ વિચારવું જોઇએ, કે, શુદ્ધચિદ્રૂપનું ધ્યાન કરતી વખતે અન્ય કોઇ પણ ચિંતા પોતાના હૃદયમાં પેસી ન જાય.

वृश्चिकायुगपत्स्पृष्टाः पीडयन्तियथांगिनः ।
विकल्पाश्च तथात्मानं तेषुसत्सुकुतः सुखं ॥१६२॥

અર્થઃ- જેવી રીતે શરીરને લાગેલ વીંછીના અસંખ્ય ડંખો જીવને તીવ્ર વેદના પમાડે છે, તેવી રીતે અનેક પ્રકારના વિકલ્પો પણ આત્માને બહુજ ખરાબ રીતે દુઃખ આપે છે, અને યત્કિંચિત્ પણ આત્મ શાન્તિનો અનુભવ તેઓ કરવા નથી દેતા. તો પછી તે વિકલ્પોની હયાતીમાં આત્માને કેવી રીતે સુખ હોઈ શકે ? ન જ હોઇ શકે. વિકલ્પોની જાળમાં ફસાઇને રતીભાર પણ આ જીવ સુખનો અનુભવ નથી કરી શકતો.

अर्धोन्मीलितलोचनाभ्यां योगः किं आच्छादिताभ्याम् ।
एवमेव लभ्यते परमगति निश्चिन्तं स्थितैः ॥१६३॥

અર્થઃ- અડધાં ઉઘાડેલ નેત્રોથી, અથવા બંધ થએલ નેત્રોથી શું ધ્યાનની સિદ્ધિ થાય છે ? અર્થાત્ કયારે પણ નહીં. જે ચિંતા રહિત એકાગ્રતામાં સ્થિત છે, એને જ એવી રીતે સ્વયમેવ સ્વાભાવિક પરમગતિ (મોક્ષ) મળે છે.

ભાવાર્થ:- ખ્યાતિ (બડાઈ) પૂજા (પોતાની પ્રતિષ્ઠા-આબરૂ) અને લાભ આદિ સમસ્ત ચિંતાઓથી રહિત જે નિશ્ચિંત પુરુષ છે, તે જ શુદ્ધાત્મ સ્વરૂપમાં સ્થિરતાને પામે છે. એને જ ધ્યાનની સિદ્ધિ છે, અને તે જ પરમગતિનું પાત્ર છે,

योगिन मुञ्चसि चिन्तां यदि ततः त्रुटयति संसारः ।
चिन्तासक्तो जिनवरोऽपि लभते न हंसचारम् ॥१६४॥

અર્થ:- હે યોગી ! જો તું સમસ્ત પ્રકારની ચિંતાઓનો ત્યાગ કરીશ તો સંસારના પરિભ્રમણથી છૂટી જઇશ. કેમકે ચિંતામાં લાગેલ છદ્મસ્થ અવસ્થાવાળા તીર્થંકરદેવ પણ પરમાત્માના આચરણરૂપ શુદ્ધભાવોને પ્રાપ્ત નથી થતા.

मुक्त्वा सकलां चिन्तां जीव निश्चिन्तः भूत्वा ।
चित्तं निवेशय परमपदे देवं निरञ्जनं पश्य ॥१६५॥

અર્થ:- " હે જીવ ! સમસ્ત પ્રકારની ચિંતાઓનો પરિત્યાગ કરી નિશ્ચિંત થઈ, તું પોતાના મનને પરમપદમાં ધારણ કર, અને નિરંજન દેવને દેખ. "

આત્માનો ગુરુ આત્મા પોતેજ છે.

स्वस्मिन सदाभिलाषित्वाद भीष्टज्ञापकत्वतः
स्वयं हितप्रयोक्तृत्वादात्मैव गुरुरात्मनः ॥१६६॥

અર્થ:- જીવ નિર્મળ અને સૂક્ષ્મ તત્ત્વદૃષ્ટિથી દેખે તો વાસ્તવમાં આત્માનો ગુરુ આત્મા પોતે જ છે, એમાં એક તો કારણ એ

છે કે, આત્મામાં શક્તિરૂપે રહેલ અત્યંત ઇષ્ટ (પ્રિય) જે મોક્ષ સુખ છે, તેની અંતરંગમાં સ્વાભાવિક ઇચ્છા થાય છે. અર્થાત્ સત્શાસ્ત્ર અથવા સદ્‌ગુરુના બાહ્ય નિમિત્તથી સ્વાભાવિક નિર્મળ રૂચિરૂપ પરિણામ આત્માની અંદર ઉત્પન્ન થાય છે કે, " મોક્ષ સુખ મને પ્રાપ્ત થાઓ. " (૧) બીજું કારણ એ છે કે; આત્માને જે મોક્ષસુખ પ્રાપ્તિનો ઉપાય પ્રિય છે, તે ઉપાયને આત્મા પોતે પોતામાં જ જાણે છે: અર્થાત્ મોક્ષ સુખ પ્રાપ્તિનો આ જ ઉપાય છે, એવું જ્ઞાન આત્મમાંજ થાય છે. (૨) ત્રીજું કારણ એ છે કે, મોક્ષ સુખના ઉપાયમાં આત્મા સ્વયં પોતે પોતાને જોડે છે. ત્યાં આત્મા એવી રીતે વીચારે છે કે : " હે દુરાત્મન્ ! જેનું મળવું અત્યંત દુર્લભ છે, એવા મોક્ષ સુખના ઉપાયને તું હવે સારી રીતે જાણી ચુકયો છે; છતાં પણ હજુ તેમાં વર્તન (આચરણ) કેમ નથી કરતો ? " એવી રીતે સ્વયં આપો આપ ન પ્રવર્તવાવાળા આત્માને આત્મા પોતેજ પ્રેરણા કરી પ્રવર્તાવે છે (૩) એ ત્રણે કારણોથી નિશ્ચયમાં આત્માનો ગુરૂ આત્મા પોતે જ છે.

ભાવાર્થ:- આત્માને જ હિતકારી સદુપદેશામૃત આપે તથા આત્માના અંતરંગ અજ્ઞાનને દૂર કરે તેનું નામ ગુરૂ છે. જો કે એવા ગુરુ અન્ય વ્યકિત પણ થઇ શકે છે, પરંતુ તે કહેવા માત્ર જ હોય છે. કેમકે તેઓ કાંઇ આત્માનો સાક્ષાત્ અનુભવ કરાવી શકતા નથી. આત્માનો અસલી ગુરુ તો આત્મા પોતે જ છે "મોક્ષસુખ મને પ્રાપ્ત થાય." એવા પ્રકારની પ્રશસ્ત અભિલાષા (ઇચ્છા) આત્મામાંજ ઉત્પન્ન થાય છે. આત્મામાં એવું જ્ઞાન રહે છે કે, સંસારમાં સર્વથી અભીષ્ટ (અત્યંતપ્રિય) મોક્ષ પદાર્થ-મોક્ષ

સુખ જ છે, તે પ્રાપ્તિ માટે આત્મા પોતાની પોતે નિન્દા કરે છે કે; "હે દુરાત્મન્! તેં આજ સુધી કોઇ વખતે પણ મોક્ષસુખની પ્રાપ્તિને માટે પ્રયત્ન કર્યો નહિ: સદાય વિષયભોગોમાં જ નિમગ્ન રહ્યો." એમ પરમહિતકારી જે મોક્ષસુખ, તેની પ્રાપ્તિમાં આત્મા પોતે પોતાને જોડે છે; માટે સર્વથી શ્રેષ્ટ સુખરૂપ, કલ્યાણકારી ગુરુ પોતાના આત્માને જ માનવો જોઇએ. અહીં શંકા થાય છે કે:– જો આત્માનો ગુરુ આત્મા જ છે અન્ય નહિ; તો શાસ્ત્રોમાં આ પ્રમાણે ઉપદેશ છે કે, આચાર્ય ગુરુની સેવાભક્તિ કરવી જોઇએ, એમ જે કહેલ છે, તો તે સર્વ વ્યર્થ જશે. શ્રી આચાર્ય મહારાજ ઉત્તર આપે છે કે:– વાસ્તવમાં પોતાનું ભલું પોતાથી જ થાય છે: બાહ્ય ઉપદેશ તો નિમિત્ત માત્રજ છે. જ્યારે અંતરંગમાં આત્માને પોતાને કલ્યાણ કરવાની અર્થાત્ આત્મસ્વાધીનતા પ્રાપ્ત કરવાની સાચી રુચી પ્રગટ થશે, ત્યારે જ તે આત્મા એના ઉપાયને જાણવાનો પ્રયત્ન કરશે. મોક્ષ પ્રાપ્તિનો શું ઉપાય છે? શું કરવાથી મારો મોક્ષ થાય? એવું જ્ઞાન જ્યારે આત્માને પ્રાપ્ત થઇ જાય છે, ત્યારે આત્મા પોતે જ પોતાને એ ઉપાયોને આચરણમાં લાવવાની પ્રેરણા કરે છે: કેમકે અંતરંગમાં આત્માનો ઉત્સાહ ઉત્પન્ન થયા વિના કયારે પણ આત્માનું હિત નથી થઇ શકતુ. એ જ કારણથી પોતાનું સંરક્ષણ વાસ્તવિક પોતાના દ્વારા જ થાય છે.

नयत्यात्मानमात्मैव जन्मनिर्वाणमेव च ।
गुरुरात्मात्मनस्तस्मान्नान्योऽस्ति परमार्थतः ॥१६७॥

અર્થ:– આત્મા જ પોતે જ આત્માને જન્મરૂપી સંસારમાં

ફેલાવે છે (રઝળાવે છે) અને આત્મા પોતે જ સંસારથી પાર કરીને મોક્ષપદ પ્રાપ્ત કરાવે છે; એટલા માટે આત્માનો ગુરુ આત્મા જ છે. અન્ય કોઇ વાસ્તવમાં ગુરુ નથી.

ભાવાર્થ:– આત્મ હિતના ઉપદેશક આચાર્યાદિક ગુરુઓનો સાચો ઉપદેશ સાંભળી ને પણ, જ્યાંસુધી આ જીવ વિષય કષાયાદિકનો ત્યાગ નથી કરતો; ત્યાં સુધી બરાબર સંસાર સાગરમાં રૂલ્યાજ કરે છે. અને કયારે કયારે આચાર્યોનો ઉપદેશ સાંભળ્યા વિના પણ વિષય–કષાયાદિકનો ત્યાગ કરીને મોક્ષ પામ કરી લે છે. એટલા માટે વાસ્તવમાં આત્માએ સ્વયં પોતાનો ગુરુ પોતાને જ માનવો જોઈએ.

न बद्धः परमार्थेन बद्धो मोहवशादयम् ।
शुकवद् भीमपाशेनाथवा मर्कट मुष्टिवत् ॥१६८॥

અર્થ:– ભયને ઉત્પન્ન કરવાવાળાં પાશલા સમાન અથવા વાંદરાની મુષ્ઠી સમાન જો કે આ જીવ વાસ્તવિક દૃષ્ટિથી દેખેતો કર્મોથી બંધાએલ નથી, પણ મોહ પરિણામથી બંધાએલ છે.

ભાવાર્થ:– જેવી રીતે સુડો પોતાની જ ભૂલથી કમલિનીની દાંડીને પકડી રાખી એમ સમજે છે કે, કમલિનીએ મને પકડી લીધેલ છે, એવી રીતે પોતે જ ઊડવાને અશકત થઇ જાય છે. જો તે ભૂલને છોડે અને એમજ સમજે કે; "મેં જ કમલિનીને પકડેલ છે, હું ગમે ત્યારે એને છોડી દઉં તો ઊડી શકું." તો તે પોતે જ તે પકડના બંધનથી છૂટી ઊડી શકે છે. એ જ રીતે વાંદરાની મુઠી વાસ્તવિક રીતે

નથી બંધાતી; તોપણ બંધાએલ સરખી માલુમ પડે છે. જો જીવ પરમાર્થ દૃષ્ટિથી વિચાર કરે તો આ-જીવ કોઇ પણ પ્રકારના કર્મોથી બંધાએલ નથી, છતાં પણ વ્યવહારથી મોહ પરિણામના ગાઢ બંધનથી બંધાએલ છેઃ પરંતુ જો આ-આત્મા પોતેજ પોતાના અજ્ઞાનને છોડી અનુભવ કરે કેઃ હું તો સર્વ પર દ્રવ્યથી ભિન્ન, જ્ઞાતાદૃષ્ટા, આનંદ સ્વરૂપ, એક ચૈતન્ય પદાર્થ, સિદ્ધસમ છું. ત્યારે આત્મા પોતેજ પોતાના સમ્યગ્જ્ઞાનના બળે-બંધથી છૂટીને મુક્ત થઇ શકે છે એટલા માટે આ જ વાત ઠીક છે, કે આત્માનો ગુરુ આત્માજ છે. ફરી શિષ્ય આશંકા કરે છે કેઃ હે ભગવંત! ઉપર કહેલ નીતિથી કોઇ ધર્માચાર્ય આદિ ગુરુની સેવાની આવશ્યકતા નહિ રહે, અને વ્યવહાર માત્ર વિનય ધર્મનો નાશ થશે. તેનો જવાબ હવે આચાર્ય આપે છે.

नाज्ञो विज्ञत्वमायाति विज्ञो नाज्ञत्वमृच्छति ।
निमित्तमात्रमन्यस्तु गतेर्धर्मास्तिकायवत् ॥१६९॥

અર્થઃ- અજ્ઞાની જડ-મૂખ જીવ જ્ઞાતા નથી બની શકતો; તેમજ જ્ઞાની જીવ મૂર્ખ-જડ નથી થઇ શકતો. બીજા તો કેવલ એટલા જ નિમિત્ત માત્ર છે કે, જેમ પોતાની ઉપાદાન શક્તિથી ચાલવાવાળા જીવ અને પુદ્ગલને માટે ગતિ કરવામાં ધર્માસ્તિકાય નિમિત્ત માત્ર થાય છે. હે ભદ્ર (અજ્ઞ) તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિને અયોગ્ય, અભવ્ય-દુર્ભવ્ય આદિ જીવ, ધર્માચાર્યાદિકોના હજારો ઉપદેશોના નિમિત્તો મળે છતાં પણ તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરી શકતા નથી. જે પુરુષ ઉપર કહ્યા પ્રમાણે અજ્ઞાની છે, તે પરના

નિમિત્તથી વિશેષ જ્ઞાની નથી થઇ શકતો. અને જે વિશેષ જ્ઞાની છે. તે અજ્ઞાન ભાવને પ્રાપ્ત નથી થતો, પરંતુ જેમ જીવ અને પુદ્‌ગલના ગમનમાં ધર્માસ્તિકાય નિમિત્ત કારણ છે, તેવી જ રીતે અન્ય મનુષ્યને જ્ઞાની અથવા અજ્ઞાની બનવામાં ગુરુ આદિ નિમિત્ત કારણ છે. ઉપાદાન નહિ.

ભાવાર્થઃ– પદાર્થમાં અંતરંગ ઉપાદાન શક્તિ હોય છે, તેનાથી જ કાર્ય થઇ શકે છે. અન્ય પદાર્થો તો તેને કાર્ય રૂપ પરિણમનમાં નિમિત્ત માત્ર થાય છે. જીવ અને પુદ્‌ગળમાં ગમન કરવાની શક્તિ તો સ્વયં છે; અને તે શક્તિથી જ્યારે જીવ ગમન કરે છે. ત્યારે ધર્માસ્તિકાય તેના ગમનમાં સહકારી કારણ થાય છેઃ પરંતુ જો એની ગમન કરવાની શક્તિ ન હોય તો એક નહિ પણ હજારો ધર્માસ્તિકાય સરખાં સહકારી કારણો ભલે મળે, પણ જીવ અને પુદ્‌ગળને ગમન કરાવી શકતા નથી. એમ આત્માની પણ એજ દશા છે. જે આત્મા તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિને માટે અયોગ્ય અભવ્ય અજ્ઞાની રહે છે, તેને એક ધર્માચાર્ય તો શું પણ હજારો ધર્માચાર્યોના ઉપદેશો નિરર્થક થાય છે, અને કયારે પણ તે તત્ત્વજ્ઞાની થઇ શકતો નથી.

स्वाभाविकं हि निष्पत्तौ क्रियागुणमपेक्षते ।
न व्यापारशतेनापि शुकवत्पाठ्यते वकः ॥१७०॥

અર્થઃ– કોઇની અવસ્થા બદલવામાં (પરિણતિબદલવામાં) એની સ્વાભાવિક ક્રિયા અથવા સ્વભાવિક ગુણની અપેક્ષા જ આવશ્યક છે. જેમકે સેંકડો ઉપાયો કરવાથી પણ બગલાને પોપટની

માફક ભણાવી નથી શકાતો. તથા વિજ્ઞ (તત્ત્વજ્ઞાની) ને હજારો વિઘ્નો આવતા છતાં પણ તત્ત્વજ્ઞાન રહિત અજ્ઞાની નથી થઇ જતો.

ભાવાર્થ:- સેંકડો પ્રયત્નો કરવામાં આવે તો પણ બગલો પોપટની માફક ભણી શકતો નથી. એમ જે વસ્તુમાં સ્વાભાવિક શકિત વ્યકત નથી. અને હજારો પ્રયત્નો કરવામાં આવે, છતાં પણ તે ઉત્પન્ન નથી થઇ શકતી. સ્વાભાવિક વસ્તુની યોગ્યતામાં જ પ્રયત્ન કરવાથી તે પ્રગટ થાય છે. જ્યારે અજ્ઞાનીમાં જ્ઞાન પ્રાપ્તિની યોગ્યતા જ નથી તો તેને કેટલાએ ઉત્તમ ઉપદેશો આપવામાં આવે, છતાં પણ તેને, તત્ત્વજ્ઞાન પ્રાપ્ત નથી થતું; તથા જે પુરુષ જ્ઞાનવાન છે, જ્ઞાનનું પાત્ર છે તેને તત્ત્વજ્ઞાનથી ચળાવવાને માટે હજારો ઉપાયો કરવામાં આવે, છતાં પણ તત્ત્વ-જ્ઞાનથી ચળાયમાન તે નથી થતો. તેમ મોક્ષ આત્માના ઉપાદાન કારણથી જ સિદ્ધ છે. જેમ છેદનક્રિયા કરવામાં દાતરડું તો માત્ર બહારનું જ ઉપકરણ છે; પરંતુ અંતરંગનું ઉપકરણ તો વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ પુરુષનું આત્મ-વીર્ય વિશેષ છે, જો અંતરંગની શકિત ન હોય તો દાતરડું હાથમાં હોય છતાં પણ છેદન કરવાનું કામ નથી થઇ શકતુ, તેમ પ્રકાશ, ગુરુ આદિ બહારનાં સહકારી કારણો હોય છતાં પણ જો પુરુષમાં અંતરંગ આત્મજ્ઞાનનું ઉપકરણ ન હોય તો તે પદાર્થને જાણવારૂપ કાર્ય નથી કરી શકતો. અહીં તાત્પર્ય એ છે કે:- અંતરંગ આત્મજ્ઞાનના અભાવથી જીવ જડ જેવો થઇ રહયો છે, તેથી તે વીતરાગ સહજ સુંદર જ્ઞાનાનન્દ અમૃતથી

પરિપૂર્ણ, પારમાર્થિક, અતીન્દ્રિય સુખને ઉપાદેયરૂપ નથી જાણતો. તે કારણે સંસારમાં પરિભ્રમણ કરે છે. આસન્ન ભવ્ય આત્માએ રાગાદિ વિકલ્પોથી રહિત, પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવામાં, અંતરંગ આત્મજ્ઞાનને ગ્રહણ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરવી જોઇએ: કેમકે આત્મજ્ઞાન ઉત્પન્ન કરવામાં અંતરંગ યોગ્યતાની પ્રથમ આવશ્યકતા છે.

शिक्षावचः सहस्रैर्वा क्षीणपुण्येन धर्मधीः ।
पात्रे तु स्फायते तस्मादात्मैव गुरुरात्मनः ॥१७१॥

અર્થ:- અંતરંગમા જેના પુણ્યરૂપ પરિણામ ક્ષીણ થઇ ગયાં છે, એવા પુરુષના હૃદયમાં હજારો શિક્ષા વચનો કહેવાથી અન્ત:કરણમાં જરા પણ ધર્મની બુદ્ધિ નથી થતી, પરંતુ નિર્મળ પરિણામી ઉત્તમ અન્ત:કરણરૂપી સુપાત્રમાં ઉપદેશ આપ્યા વિના જ સ્વાભાવિક સદ્બુદ્ધિ પ્રાપ્ત થઇ જાય છે. માટે વાસ્તવિક આત્માનો ગુરુ આત્મા જ છે.

न मुंचति प्रकृतिमभव्यः सुष्ठु अपि आकर्ण्य जिनधर्मम् ।
गुडदुग्धमपि पिबंतः न पन्नगाः निर्विषाः भवंति ॥१७२॥

અર્થ:- અભવ્ય જીવ, જૈનધર્મને સારી રીતે સાંભળે છતાં પણ પોતાની પ્રકૃતિ-સ્વભાવને છોડતો નથી: અર્થાત્ જે વસ્તુનો સ્વભાવ છે, તે તેના સ્વભાવને કયારે પણ ત્યાગતો નથી, જેમ સર્પને સાકરમિશ્રિત દૂધ પાવામાં આવે છતાં વિષને છોડી ને નિર્વિષ થતો નથી.

ભાવાર્થ:- અભવ્ય, અજ્ઞાની, દીર્ઘસંસારી જીવો ભલે તેવાં શાસ્ત્રોનો અભ્યાસ કરે પણ મિથ્યાત્વ તથા રાગાદિ ભાવોમાં તન્મયપણું ધારવાના સ્વભાવને છોડતા નથી. વળી તેને પોતાના શુદ્ધાત્મ તત્વનો એવો નિશ્ચય નથી હોતો કે, જેથી તેના ચિત્તમાં વીતરાગ સ્વસંવેદન જ્ઞાનનો અભ્યાસ રહ્યા કરે. અશુદ્ધ ઉપાદાનના કારણથી અજ્ઞાની જીવ અશુભ કર્મોના ઉદયમાં " હું દુઃખી છું " એવા ભાવમાં તન્મય થઇ જાય છે; અને જ્યારે શુભ કર્મનો ઉદય થાય છે ત્યારે " હું સુખી છું " એવા ભાવમાં તન્મય થઇ અહંકાર કરે છે. એથી કર્મોનો ભોકતા થાય છે, પરંતુ જ્ઞાતાદૃષ્ટા થતો નથી. જે (આત્મા) ઉત્તમ નિમિત્ત કારણ પામીને પણ મિથ્યાત્વથી ન છુટે તેને પ્રકૃતિ-સ્વભાવ કહીએ, જેમ અભવ્ય છે તેનો સ્વભાવ એવો છે કે અનેકાન્ત છે, તત્ત્વસ્વરૂપ જેમાં, એવા વીતરાગ વિજ્ઞાનામૃત સ્વરૂપ જે જૈનધર્મ છે, તે મૂળમાંથી મિથ્યાત્વનો નાશ કરનાર છે. તેનું સારી રીતે સ્વરૂપ સાંભળ્યા છતાં જેનો મિથ્યાત્વરૂપ ભાવ બદલે નહીં, તે વસ્તુનો સ્વભાવ છે. કોઇનો કરેલ નથી. અહીં ઉપદેશ અપેક્ષાએ જાણવું. જે અભવ્ય જીવ છે, તે સર્વજ્ઞ ગમ્ય છે, તો પણ અભવ્યની પ્રકૃતિ સરખી પ્રકૃતિ રાખવી નહિ અને મિથ્યાત્વ પરિણતિનો ત્યાગ કરી સમ્યક્ત્વ પરિણતિ રાખવી એ ઉપદેશનો હેતુ છે.

अज्ञापितं न जानन्ति यथा मां ज्ञापितं तथा ।
मूढात्मानस्ततस्तेषां वृथा मे ज्ञापनश्रमः ॥१७३॥

અર્થ:- પ્રથમ તો, અજ્ઞાની મુર્ખ પ્રાણી વગર સમજાવ્યે આત્માના સ્વરૂપને જાણતો નથી. તેમજ સમજાવવામાં આવતા

છતાં આત્માના સ્વરૂપને જાણતો નથી, તેનું મુખ્ય કારણ તો, તે જીવને મિથ્યાત્વનો પ્રબલ ઉદય છે. જ્યારે કોઈપણ રીતે સમજાવવા છતાં સમજતો જ નથી, તો તેવા, મૂઢાત્માઓ માટે મારૂં સમજાવવું વૃથા છે. અર્થાત્ તેથી મારે ખેદ ખિન્ન થવું વ્યાજબી નથી.

ભાવાર્થ:- ઘણા જ્ઞાની પુરુષો બીજાઓને ઉપદેશ કરવામાં એટલા બધા વ્યગ્ર થઇ જાય છે કે, બીજો જીવ ઉપદેશ ન માને તો તેઓ અધીર થઈ જાય છે; અને પોતાના વસ્તુ સ્વરૂપને ભૂલી જઇ સાંભળવાવાળા ઉપર કષાય કરવા લાગે છે. તેઓ બીજાઓનું હિત કરવાના ભ્રમમાં પડી, પોતાનું અહિત કરી બેસે છે. પરોપદેશની પ્રવૃત્તિનું હોવું જ્ઞાની જીવોએ શુભ કષાયરૂપ સમજવું જોઈએ; અને તે શુભ કષાય પોતાની શુદ્ધ પરિણતિની પ્રાપ્તિ ન થવામાં બાધક સમજવી જોઇએ. માટે એ શુભ પ્રવૃત્તિના વ્યામોહમાં પડી આત્મહિતની શુદ્ધ પરિણતિને (કષાય રહિત પણું) કયારે પણ ભૂલવું ન જોઇએ.

यद्बोधयितुमिच्छामि तन्नाहं यदहं पुनः ।
ग्राह्यं तदपि नान्यस्य तत्किमन्यबोधये ॥१७४॥

અર્થ:- જે દેહાદિકના સ્વરૂપને હું (સંસારી જીવોને) સંભળાવવા ઇચ્છું છું; તે દેહાદિક તો મારૂં સ્વરૂપ નથી. અને મારૂં જે વાસ્તવિક પરમાનન્દમય સ્વરૂપ છે, તે તો મને પોતાને સ્વયં અનુભવવા યોગ્ય છે; તે બીજાને સમજાવવા યોગ્ય નથી. તેથી હું તે બીજાઓને શું સમજાવું? અર્થાત્ તે મૂઢ જીવો જાણી શકતા નથી તેમને હું શું સમજાવું?

ભાવાર્થ:– અહીં અંતરાત્મા જ્ઞાની પુરુષના અહંકારને મટાડવા માટે આચાર્ય દેવ કહે છે કે; હે તત્ત્વજ્ઞાની! પરોપદેશના અહંકારમાં પડી તારે તારૂં અહિત કરવું યોગ્ય નથી. જ્યારે તારૂં ચિત્ત સ્વાનુભવમાં સ્થિર ન રહે ત્યારે ઉપેક્ષાબુદ્ધિથી સમતા ભાવના સાધનરૂપ ધર્મોપદેશ કરૂં છું તેમ સમજ.

કોઈ જીવ તારા ઉપદેશથી જ્ઞાનની પ્રાપ્તિ કરે, તો પણ તારે અહંકાર કરવા યોગ્ય નથી. તારે તો ત્યારે એમજ સમજવું જોઈએ કે, તેના સુધરવામાં તેના કર્મનો ક્ષયોપશમ કારણ છે, જેને મોહનો ઉદય મંદ છે તેને મારો ઉપદેશ નિમિત્ત માત્ર છે. કોઈ જીવ માને વા ન માને તો તારે ખેદ ખિન્ન થવું યોગ્ય નથી. અર્થાત્ તારે કષાય કરવી યોગ્ય નથી; તારે તો એમ સમજવું જોઈએ કે, તે જીવની લાયકાત (મિથ્યાત્વમંદ) થશે ત્યારે સમજશે, તેમજ બધા જીવો તારી વાત સ્વીકાર કરી લ્યે તેવો ક્ષોભ તારે કરવો ઉચિત નથી. અર્થાત્ ખેદિત થઈને વ્યર્થ આકૂળવ્યાકૂળમાં અયોગ્ય વચનોચ્ચાર કરવો યોગ્ય નથી.

તું એમ જે માને છે કે, હું બીજા જીવોને આત્મજ્ઞાની બનાવી શકું છું, અર્થાત્ હું ન હોત તો આ જીવોનું શું થાત, તેવું અભિમાન કરી તારે તારૂં અહિત કરવું ન જોઈએ.

તું તો તારા અખંડજ્ઞાનાનંદમય આત્મસ્વરુપમાં રમણ કર, (અનુભવ કર) કારણ આત્માનું સ્વરુપ વચન અગોચર છે અર્થાત્ અનુભવ ગોચર છે. તે વાત મૂઢ જીવો કેવી રીતે જાણી શકે; માટે તારે ખેદખિન્ન થવું યોગ્ય નથી. તું તો તારા સ્વાનુભવ સ્વરુપમાં વિશેષ દીલ લગાડ, તેજ તને હિતકર છે.

यत्परैः प्रतिपाद्योहं यत्परान् प्रतिपादये ।
उन्मत्तचेष्टितं तन्मे यदहं निर्विकल्पकः ॥१७५॥

અર્થ:- હું અધ્યાપકોથી (ઉપાધ્યાયોથી) ભણવા યોગ્ય છું, અથવા હું શિષ્યોને ભણાવું છું, એવી રીતે અન્યપણ "હું સુખી છું, દુઃખી છું, રાજા છું, રંક છું," ઇત્યાદિ અનેક પ્રકારના આત્મ વિષયક સંકલ્પ વિકલ્પોનું કરવું; તે સર્વે મારી ઉન્મત્તના સરખી ચેષ્ટા છે, કેમકે હું તો વાસ્તવમાં નિર્વિકલ્પક છું.

ભાવાર્થ:- જીવનું અસલી સ્વરૂપ અનેક પ્રકારના વચન-વિકલ્પ ગોચર નથી; છતાં પણ જે મૂઢ જીવ ભ્રમ વશ પોતાને સુખી-દુઃખી, રાજા-રંક, ગુરૂ, શિષ્ય, આદિની અનેક મિથ્યા કલ્પનાઓ આત્મામાં કર્યા કરે છે, એજ અંતરંગ વચન વિકલ્પ છે. જે આત્માને અત્યંત દુઃખદાયી છે, એટલા માટે પોતાના આત્માને વાસ્તવમાં એ વિકલ્પોથી રહિત સમજી ને એ વિકલ્પોનો ત્યાગ કરવો જોઈએ.

જીવ એવું નામ તો લોકમાં પ્રસિદ્ધ છે, પરંતુ તેનો સ્વભાવ કેવો છે. એવું લોકોને યથાર્થજ્ઞાન નથી. અને મતાંતરના દોષથી તથા દર્શનમોહમિથ્યાત્વના તીવ્ર ઉદયથી સ્વરૂપનું વિપર્યાસપણું થઇ રહેલ છે. તેથી જીવની સ્વતઃસિદ્ધ સ્વાભાવિક દશા શું છે તેનાથી અનભિજ્ઞ (અજાણ) છે, કેમકે જીવની સ્વાભાવિક દશા કોઇ બીજી જાતની છે, અને કર્મના સંયોગ પણાથી, કોઇ બીજા પ્રકારની થઈ રહેલ છે. એના વિકારનું મૂળ કારણ દર્શનમોહનીય કર્મ છે. તોપણ કર્મની ઉપાધિના અભાવ-

માં જીવના નિજ સ્વભાવનું (પરિણામનું) હોવું બંધ પડતું નથી. પરંતુ ઔપાધિક ભાવોથી ઉત્પન્ન થએલ વિકાર માત્રનો અભાવ થઇ જાય છે. જીવની સ્વાભાવિક દશાનું સ્વરૂપ સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન, સુખ સત્તામય છે; અને વિકાર દશાનું સ્વરૂપ રાગ દ્વેષાદિ વિભાવ ભાવ અને શરીર છે. કર્મ વિકારનું કારણ છે, માટે કર્મનો નાશ થતાંજ રાગ દ્વેષાદિ વિભાવ ભાવ અને શરીર નથી રહેતું. રાગ દ્વેષાદિ તથા શરીર (કાર્મણ શરીર) નો નાશ થઇ જવાથી પણ જ્ઞાન દર્શનાદિક સ્વાભાવિક ભાવો હોવાનું કારણ તો રહે છે, અને પૂર્ણ વિકાસને પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી જીવોને શુભ કર્મના ઉદયથી કાળ, કરણ આદિ લબ્ધિની પ્રાપ્ત નથી થતી, ત્યાં સુધી સત્ય માર્ગનું શ્રદ્ધાન નથી થતું; એવો મનમાં નિશ્ચય કરી પરને સમજાવવાને અત્યંત આકૂળતા ન કરવી. જો પોતાને શુદ્ધ નિશ્ચય સ્વરૂપનું શ્રદ્ધાન થઈ જાય અથવા ભાવભાસી જાય તો પોતાના હિતમાં પ્રમાદ ન કરવો. પોતાનું કાર્ય તો કરવું જ; કેમકે સર્વે જીવ અમારા વિચારના થઈ જાય, એ વાત બનવી અત્યંત કઠણ છે.

विकल्पो जीवानां भवति बहुधा संसृतिकरः ।
तथा कर्मानेकविधमपि सदा जन्मजनकम् ।
असौ लब्धिर्नाना विमलजिनमार्गे हि विदिता ।
ततः कर्तव्यं नो स्वपरसमयैर्वादवचनम् ॥१७६॥

અર્થ:- જીવોને જે નાના પ્રકારના વિકલ્પો થાય છે તે સર્વે સંસારનું કારણ છે. તથા અનેક પ્રકારનાં કર્મપણ સદાય જીવોને જન્મો જન્મમાં પરિભ્રમણ કરાવવાવાળાં છે. યોગ્ય અવસરની

તથા અન્ય લબ્ધિઓની પ્રાપ્તિ થવી તે સર્વે નિર્મળ જિનેન્દ્ર દેવના માર્ગમાં વિદિત છે, અર્થાત્ સર્વેને નથી હોતી. એટલા માટે સ્વસમયરૂપ પોતાના આગમ તથા પર સમયરૂપ પરના આગમ એમાં વાદ વિવાદ કરવો એ યોગ્ય નથી. આમાં મુખ્ય ઉપદેશ એ છે કે; પોતાના શુદ્ધાત્મ સ્વરૂપનો અનુભવ કરવો એજ યોગ્ય છે. વાદ વિવાદમાં પડવાથી કાર્યની સિદ્ધિ કયારે પણ નથી થતી.

विप्रतिपद्यते यस्मव गिरि मतिश्रुतिवलेन केवलिनः ।
वरदृष्टिदृष्टनभोयातपक्षिगणनेपि सोन्धः ॥१७७॥

અર્થ:- હે ભગવંત્! જે મનુષ્ય મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનના બળથી આપ કેવલીના વચનમાં વિવાદ કરે છે, તે મનુષ્ય એવા પ્રકારનું કામ કરે છે કે, નિર્મળ અને સૂક્ષ્મ દૃષ્ટિવાળા મનુષ્યે *દેખેલ આકાશમાં જતા એવા પક્ષીઓની ગણત્રીમાં જેવી રીતે* આંધો સંશય કરે છે.

ભાવાર્થ:- જેની દૃષ્ટિ નિર્મળ અને તીક્ષ્ણ છે, એવો કોઈ મનુષ્ય જે આકાશમાં ઊડતા એવા પક્ષીઓની ગણત્રી કરે અને તે સમયે કોઇ પાસે બેઠેલો આંધો પુરૂષ તે દેખતા માણસે કરેલી પક્ષીઓની ગણત્રીમાં વિવાદ કરે; તો જેમ દેખતા પુરૂષ સામે તે આંધાનો વિવાદ નિષ્ફળ છે તેવી રીતે હે પ્રભો! હે જિનેશ! જે કોઈ માત્ર મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનનો ધારક આપના વચનમાં વિવાદ કરે, તો તેનો વિવાદ નિરર્થક જ છે; કેમકે આપ સર્વજ્ઞ છો. આપના જ્ઞાનમાં સમસ્ત લોકાલોકના

પદાર્થો હાથની રેખા સમાન ઝળકી રહેલ છે. અને તે પ્રતિવાદી મનુષ્ય મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનનો ધારક થોડા જ પદાર્થોનો જ્ઞાતા હોવા છતાં; પોતાને કેવલીસમાન માની તમારા કથનોમાં વિવાદ કરે છે તે શું મૂર્ખતા નથી ? મૂર્ખ જ છે. છદ્મસ્થના જ્ઞાનના મૂલ્ય શું ? કાંઇ જ નહીં. કયાં આપનો સમુદ્ર, કયાં જળનું બુંદ.

न कुत्राप्याग्रहस्तत्त्वे विधातव्यो मुमुक्षुभिः ।
निर्वाणं साध्यते यस्मात्समस्ताग्रहवर्जितैः ॥१७८॥

અર્થ:- જે ભવ્ય પુરુષ મોક્ષાભિલાષી છે અને નિરાકૂળતામય સ્થાન જે મોક્ષ તેને પ્રાપ્ય કરવા ઇચ્છે છે. તેણે કોઇ પણ તત્ત્વમાં આગ્રહ ન કરવો જોઇએ, કેમકે જે પુરુષ સમસ્ત પ્રકારના આગ્રહોથી રહિત છે, તેજ મોક્ષ સિદ્ધ કરી શકે છે. અન્ય નહિ.

ભાવાર્થ:- આગ્રહનો અર્થ વિવાદ છે. તે વિવાદ ગમે તો શુભ પદાર્થોમાં હોય, અથવા અશુભ પદાર્થોમાં હોય; પરંતુ મોક્ષની પ્રાપ્તિનો સર્વથા પ્રતિબંધક છે. એટલા માટે જે પુરુષ મોક્ષ પ્રાપ્ય કરવા ઇચ્છે છે: તેણે કોઇ પણ પદાર્થમાં વિવાદ ન કરવો જોઇએ. કેમકે સમસ્ત પ્રકારના વિવાદોથી રહિત પુરુષ જ મોક્ષને પ્રાપ્ય કરી શકે છે.

मुक्त्वावादप्रवादाद्यमध्यात्मं चिंत्यतां ततः ।
नाविधूते तमस्तोमे ज्ञेये ज्ञानं प्रवर्तते ॥१७९॥

અર્થ:- શુદ્ધાત્મસ્વરૂપનું ચિંતવન કરવું પરમ હિતકારી છે માટે વિદ્વાનોએ વિચારવું જોઇએ કે, વાદ પ્રવાદ આદિને છોડીને આત્મા સંબંધી જ વિચાર કરવો; કેમકે જ્યાં સુધી અંધકારનો નાશ નથી થતો ત્યાં સુધી જ્ઞાન જ્ઞેયને પ્રકાશિત નથી કરી શકતું.

ભાવાર્થ:- જ્યાં સુધી અંધકાર વિદ્યમાન રહે છે; ત્યાં સુધી પદાર્થોનો સ્પષ્ટ રૂપથી પ્રકાશ નથી થતો કિન્તુ જે સમયે તે નાશ થઇ જાય છે, તે સમયે સર્વે પદાર્થો સ્પષ્ટ રૂપથી ઝળકે છે-દેખાય છે. શુદ્ધાત્મસ્વરૂપના જ્ઞાનમાં વાદ પ્રવાદ આદિ અંધકાર સ્વરૂપ છે. એટલા માટે જ્યાં સુધી વાદ પ્રવાદ થયા કરે છે; ત્યાં સુધી શુદ્ધાત્મજ્ઞાન નથી થતું. કિન્તુ જે સમયે વાદ પ્રતિવાદ કરવો છોડી દેવાય તે સમયે શુદ્ધાત્માનું જ્ઞાન થાય છે. માટે જે મનુષ્ય શુદ્ધાત્મસ્વરૂપજ્ઞાનના અભિલાષી છે, તેમણે વાદ પ્રતિવાદ કરવો સર્વથા છોડી દેવો જોઇએ.

अस्मिन् लोके लौकिकः कश्चिदेकः ।
लब्ध्वा पुण्यात्कांचनानां समूहम् ।
गूढो भूत्वा वर्तते त्यक्तसंगो ।
ज्ञानी तद्वत् ज्ञानरक्षां करोती ॥१८०॥

અર્થ:- આલોકને વિષે કોઇ એક દરિદ્રીને અકસ્માત્ કોઇ પુણ્યના ઉદયથી નિધિ અર્થાત્ સોનાનો ઢગલો પ્રાપ્ત થઇ જાય તો, તે પોતાની જન્મભૂમિમાં જઇને અત્યંત ગુપ્ત પણે તે ધનના ફળને ભોગવે છે, એવી રીતે સ્વાભાવિક પરમ તત્ત્વના જ્ઞાતા

જીવને જ્યારે નિકટ ભવ્યતાના ગુણોનો ઉદય થાય છે; ત્યારે સ્વાભાવિક વૈરાગ્યને પ્રાપ્ત થઇ; તે સમય સર્વસંગનો પરિત્યાગ કરી પોતાના આત્મજ્ઞાનની રક્ષા કરે છે.

तावद्विवादी जनरंजकश्च यावन्नचैवात्मरसे सुखज्ञः ।
चिंतामणिं प्राप्तवरंहिलोके जनेजनेकः कथयन् प्रयाति ॥१८१॥

અર્થઃ- જ્યાંસુધી જીવને આત્મજ્ઞાનથી ઉત્પન્ન થએલ અતીન્દ્રિય સુખ સુધારસનો અનુભવ નથી થયો, ત્યાં સુધી વાદ વિવાદ અને જનોનાં મનરંજન કરવાની પ્રવૃતિ તે કરે છે, એને માટે તનતોડ મહેનત કરે છે. પરંતુ જેમ લોકને વિષે કોઇને ઉત્તમ ચિંતામણિ રત્ન પ્રાપ્ત થઇ જાય, તો શું તે દરેક મનુષ્યોને કહેવાને માટે ઘરોઘર જાય છે, કે જુઓ આ મને ચિંતામણિ રત્ન પ્રાપ્ત થયું છે ? અર્થાત્ નથી જતો. પરંતુ એકાન્ત સ્થાનમાં ગુપ્ત પણે એનો ઉપયોગ કરે છે.

ભાવાર્થઃ- જે જીવને સમ્યગ્દર્શનરૂપી ચિંતામણિની પ્રાપ્તિ થઇ છે, તે જીવ ઘરોઘર ગાવા નીકળતો નથી. અર્થાત્ અન્ય મારફત પોતાને સમ્યગ્દૃષ્ટિ હોવાનું પ્રકાશન કરાવતો નથી. અને કરાવે છે, તો તે સમ્યગ્દૃષ્ટિ શાનો? એવા મિથ્યાદૃષ્ટિ જીવની દૃષ્ટિમાં અન્ય કોઈ પણ જીવ સમ્યગ્દૃષ્ટિ દેખાતો નથી, તેને સર્વ જીવો મિથ્યાદૃષ્ટિજ ભાસે છે. આવો જીવ વાણીના વાદ વિવાદમાં તેમજ જનતાને મનરંજન કરવાની પ્રવૃતિના ભભકાના આડંબરની પાછળ તનતોડ મહેનત પોતાની પૂજા પ્રતિષ્ટા માટે કરે છે, (કરાવેછે) પણ એકાંતમાં આત્મ સાધના કરતો નથી.

आत्मज्ञानात्परं कार्यं न बुद्धो धारयेच्चिरम् ।
कुर्यादर्थवशात्किञ्चिद्वाक्कायाभ्यामतत्परः ॥૧૮૨॥

અર્થ:– આત્મજ્ઞાન સિવાય અન્ય કાર્યો ને ઘણા કાળ સુધી બુદ્ધિમાં ધારણ ન કરવા જોઇએ. કોઇ પ્રયોજન વશ જો બાહ્ય કોઇ કાર્ય કરવું પડે તો, એને કેવળ વચન અથવા કાયાથી કરવું જોઇએ; પરંતુ એમાં મનથી જરાપણ આસક્ત ન થવું જોઇએ.

ભાવાર્થ:– મોક્ષના ઇચ્છક જ્ઞાની પુરુષોએ પોતાનું મુખ્ય લક્ષ તો આત્મોદ્ધાર તરફ જ રાખવું જોઇએ. માનસિક ઉપયોગને બાહ્ય કાર્યોમાં ન જોડતાં નિરંતર આત્મહિતના કાર્યોમાં જ જોડવો જોઇએ, અને પોતાના અથવા પરના ઉપકાર વશ જો કાંઇ બાહ્ય કાર્ય કરવું પડે, તો એમાં વિશેષ ઉપયોગને ન જોડતાં આવશ્યક (અનિવાર્ય) સમજી વચન અથવા કાયાથી કરી લેવું જોઇએ.

जनेभ्यो वाक्ततः स्पन्दो मनसश्चित्तविभ्रमाः ।
भवन्ति तस्मात्संसर्गं जनैर्योगी ततस्त्यजेत् ॥૧૮૩॥

અર્થ:– જગતના જીવોને મળવાથી વચનની પ્રવૃતિ થાય છે, વચનની પ્રવૃતિ થવાથી મનમાં વ્યગ્રતા ઉત્પન્ન થાય છે. અને વ્યગ્રતા થવાથી મન વિક્ષિપ્ત (ચંચળ) થઇ જાય છે; એટલા માટે આત્મહિત અથવા મોક્ષપદ ના ઇચ્છક યોગી પુરુષોએ વ્યવહારી મનુષ્યોનો સંસર્ગ સર્વથા છોડી દેવો ઉચિત છે.

ग्रामोऽरण्यमिति द्वेधा निवासो नात्मदर्शिनाम् ।
दृष्टात्मनां निवासस्तु विविक्तात्मैव निश्चलः ॥૧૮૪॥

અર્થ:– આ ગામ છે અથવા આ વન છે, એવા પ્રકારના બે સ્થાનની કલ્પના અનાત્મ દર્શી બહિરાત્મા જીવોને જ થાય છે. અને આત્મસ્વરૂપને જાણવાવાળા જ્ઞાની પુરૂષોનું નિવાસ સ્થાન વાસ્તવમાં એમનો રાગાદિ રહિત નિશ્ચલ આત્માજ હોય છે. કેમકે આત્મજ્ઞાની પુરુષ નિરંતર પોતાના આત્મગુણોના અનુભવમાંજ રમણ કરે છે. એટલા માટે એમનું ધ્યાન બાહ્ય ગામ, વન આદિ સ્થાનો તરફ જતું નથી, પણ પરમાનન્દમય નિજ આત્માને જ તેઓ એક પ્રકારનું મનોહર ઉપવન સમજે છે.

इच्छत्येकांतसंवासं निर्जनं जनितादरः ।
निजकार्यवशात्किंचिदुक्त्वा विस्मरति द्रुतं ॥१८५॥

અર્થ:– યોગી, મનુષ્યોની સંગતિના અભાવમાં પોતાનો આદર કરતા થકા એકાંત વાસને ઇચ્છે છે, પોતાને પ્રયોજન વશ કાંઈ કહેવું પડે તો કહી ને શીઘ્રજ એને ભૂલી જાય છે.

ભાવાર્થ:– આત્માનુભવમાં લીન યોગી, મનુષ્યોના અભાવમાં પોતાનો આદર કરતા થકા સ્વભાવથીજ એકાન્ત, નિર્જન, પર્વત, વન અથવા ગુફા આદિમાં ગુરૂ આદિ સાથે વાસ કરવાની ઇચ્છા કરે છે. તથા પ્રયોજન ને લઈ કાંઇ કહેવું પડે તો કહી, તે વાત ને તત્કાલ ભૂલી જાય છે, એટલો એમને આત્મ પ્રેમ રહે છે.

अभवच्चित्तविक्षेप एकांते तत्त्वसंस्थितिः ।
अभ्यस्येद मियोगेन योगी तत्त्वं निजात्मनः ॥१८६॥

અર્થ:– જેના ચિત્તમાં કોઇપણ પ્રકારનો વિક્ષેપ (રાગદ્વેષાદિરૂપ

સંકલ્પ વિકલ્પ) ન હોય, તેથી જેની બુદ્ધિ એકાન્તમાં બેસવાથી *હેય અને ઉપાદેય સ્વરૂપ પદાર્થોના વિચારમાં નિશ્ચલ હોય,* એવા યોગીએ આલસ અને નિદ્રા આદિના પરિત્યાગ પૂર્વક પોતાના આત્માના સ્વરૂપનો વારંવાર અભ્યાસ કરવો જોઇએ.

ભાવાર્થ:- જ્યાં સુધી ચિત્તમાં કોઇ પણ પ્રકારનો વિક્ષેપ હશે, ત્યાં સુધી આકૂળતાના કારણથી કયારે પણ આત્માના સ્વરૂપનું ધ્યાન થઇ શકતું નથી. એટલા માટે સર્વથી પહેલાં યોગીએ પોતાનું ચિત્ત શાંન્ત રાખવું જોઇએ. ચિત્તના વિક્ષેપનો નિરોધ એકાંત વાસથીજ થાય છે. માટે યોગીને જન સમુદાય વિના એકાંત સ્થાનમાં રહેવું જોઇએ: તથા આ પદાર્થ ત્યાગવા યોગ્ય છે, આ પદાર્થ ગ્રહણ કરવા યોગ્ય છે, એ વાતનું જ્યાં સુધી યથાર્થજ્ઞાન નહીં થાય ત્યાં સુધી આત્માના સ્વરૂપનો અભ્યાસ નથી થતો. અર્થાત્ ભાવ નહીં ભાસે. માટે સ્વપરનો વિવેક રાખવો, એ આત્મ સ્વરૂપના અભ્યાસી યોગીને પરમ આવશ્યક છે.

स्वरुपं सर्वजीवानां स्वपरस्य प्रकाशनं ।
भानुमंडलवत्तेषां परस्मादप्रकाशनं ॥१८७॥

અર્થ:- સૂર્યમંડલ સમાન સમસ્ત જીવોનું સ્વરૂપ સ્વપરને (પોતાના આત્માને તથા આત્માથી ભિન્ન ઇતર સમસ્ત પદાર્થોને) પ્રકાશ કરનાર છે. જેમ સૂર્ય બીજા કોઇથી પ્રકાશિત નથી થતો; તેમ જીવ પણ બીજા કોઇથી પ્રકાશિત નથી થતો. પોતે પોતાને સ્વયં પ્રકાશે છે. (જાણે છે. અનુભવે છે.)

आत्मापकाशयति आत्मानं परं यथा अम्बरे रविरागः ।
योगिन् अत्र मा भ्रान्ति कुरु एष वस्तुस्वभावः ॥१८८॥

અર્થ:- જેમ આકાશમાં સૂર્યનો પ્રકાશ પોતાને અને પરને પ્રકાશિત કરે છે. એવી રીતે આત્મા પોતાને તથા પર પદાર્થોને પ્રકાશે છે. (જાણે છે) હે યોગી! એમાં ભ્રાંતિ ન કર; કેમકે વસ્તુનો એવોજ સ્વભાવ છે.

स्वपरज्ञप्तिरुपत्वान्न तस्य कारणान्तरं ।
ततश्चिंतां परित्यज्य स्वसंवित्त्यैव वेद्यतां ॥१८९॥

અર્થ:- આત્મા સ્વપર સ્વરૂપનો પ્રકાશક છે, અર્થાત્ પોતાના સ્વરૂપનો અને પરપદાર્થના સ્વરૂપનો જાણનાર છે, જેમ દીપકને પોતાના સ્વરૂપને પ્રકાશવાને માટે અન્ય દીપકની જરૂર પડતી નથી. માટે હે આત્મન્! આત્મજ્ઞાનને અર્થે અન્ય પદાર્થની ચિંતા ન કર. પોતાના જ અંતકરણ (પરિણામ) સાધન રૂપ સ્વસંવેદન પ્રત્યક્ષથી જ્ઞાન કરવું જોઇએ.

यः परात्मा स एवाहं योऽहं स परमस्ततः ।
अहमेव मयोपास्यो नान्यः कश्चिदिति स्थितिः ॥१९०॥

અર્થ:- ત્રણે લોકમાં અને ત્રણે કાળમાં જે કોઇ પ્રસિદ્ધ ઉત્તમોત્તમ-ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ આત્મા અથવા પરમાત્મા છે, તે જ હું છું, તથા જે કોઇ સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન ગોચર હું આત્મા છું, તે જ પરમાત્મા છે. એટલા માટે જ્યારે પરમાત્મા અને હું એક જ સ્વરૂપ છીએ, ત્યારે મારા દ્વારા જ હું આરાધન

કરવા યોગ્ય છું, અન્ય બીજું કોઈ નહીં એ પ્રમાણે પોતાના સ્વરૂપમાં જ આરાધ્ય અને આરાધકભાવની વ્યવસ્થા છે.

प्रत्याव्य विषयेभ्योऽहं मां मयैव मयि स्थितिम् ।
बोधात्मानं प्रपन्नोऽस्मि परमानन्द निर्वृतम् ॥१९१॥

અર્થ:- હું પાંચે ઇન્દ્રિયોના વિષયોથી મારા આત્માને હઠાવી મારા દ્વારાજ અર્થાત્ પોતાના આત્મસ્વરૂપ દ્વારા જ મારા સ્વરૂપમાં સ્થિર થએલ જ્ઞાનસ્વરૂપ તથા અતીન્દ્રિય આનન્દથી પરિપૂર્ણ મારા સ્વરૂપની અવસ્થાને પ્રાપ્ત થાઉં છું.

ભાવાર્થ:- પરમાત્મા પદ અથવા મુક્ત પદને જે જીવ પ્રાપ્ત કરવા ઇચ્છે છે, તે પરમાત્મ પદ શક્તિ રૂપે આ આત્માજ છે. અને એના ઉદ્યોગથીજ એને પ્રાપ્ત થઇ શકે છે. કોઇ ઇશ્વર આદિ પાસે તે સંગ્રહ રૂપે વિદ્યમાન નથી, કે જેને તે પ્રસન્ન થઇ પોતાના સેવકોને આપી શકે. બીજા પરમાત્માઓથી અમે આ વિષયમાં માત્ર એટલો જ લાભ ઉઠાવી શકીએ છીએ કે, અરહંત (જીવ મુક્ત) અવસ્થામાં, આપેલ પરમાત્મપદના સાધન ભૂત એમના ઉપદેશનું મનન કરીએ અને જે વીતરાગ સ્વભાવ ધ્યાન મુદ્રાથી એમણે પરમાત્મપદ પ્રાપ્ત કરેલ છે, તે દિવ્ય (પરમઔદારિક) દેહનું અથવા એમના પ્રતિબિમ્બ (પ્રતિમા) ને મારા પોતાના હૃદયમંદિરમાં અંકિત (સ્થાપન) કરૂં; અને ત્યારબાદ હું મારી પણ એ જ પ્રકારની ધ્યાન મુદ્રા બનાવી તથા તેમના બતાવેલ સાધનોને ઉપયોગમાં લાવી સ્વયં પરમાત્મ પદ પ્રાપ્ત કરૂં.

भिन्नात्मान मुपास्यात्मा परो भवति तादृशाः ।
वर्तिर्दीपं यथोपास्य भिन्ना भवति तादृशी ॥१९२॥

અર્થ:– આ જીવ પોતાનાથી ભિન્ન અર્હંત, સિદ્ધસ્વરૂપ પરમાત્માની ઉપાસના (અનન્ય પ્રેમ લક્ષણા ભક્તિ) કરીને એમના જ સમાન અર્હંત સિદ્ધરૂપ પરમાત્મા થઇ જાય છે. જેમકે વાટ દિવાથી ભિન્ન છે છતાં, પણ દીવાની ઉપાસનાથી દીપક સ્વરૂપ થઇ જાય છે.

उपास्यात्मानमेवात्मा जायते परमोऽथवा ।
मथित्वाऽऽत्मान न मात्मैव जायतेऽग्निर्यतातरुः ॥१९३॥

અર્થ:– અથવા આત્મા પોતે પોતાની જ ઉપાસના કરીને પરમાત્મા થઇ જાય છે. જેમ, વાંસનું વૃક્ષ વાંસની સાથે ઘસાવાથી અગ્નિરૂપ થઇ જાય છે.

ભાવાર્થ:– જો આત્મા પોતાના શુદ્ધસ્વરૂપને જ ધ્યેય સમજી એમાં જ તન્મય થઇને અભેદરૂપથી ધ્યાન કરે; તો તે પરમાત્મપદને પ્રાપ્ત કરી લે છે. જેમકે વાંસ, વાંસની સાથે જ ઘસાવાથી અગ્નિરૂપ થઇ જાય છે.

परिणमते येनात्मा भावेन स तेन तन्मयो भवति ।
अर्हद्ध्यानाविष्टो भावार्हन् स्यात्स्वयं तस्मात् ॥१९४॥
येन भावेन यद्रूपं ध्यायत्यात्मानमात्मवित् ।
तेन तन्मयतां याति सोपाधिः स्फटिको यथा ॥१९५॥

અર્થ:– આ–આત્મા જે ભાવથી પરિણમન કરે છે, તેની સાથે તન્મય થઈ જાય છે. જ્યારે શ્રી અરિહંત ભગવાનના ધ્યાનમાં સ્થિર થઇ જાય છે; ત્યારે તે ધ્યાનથી તે સ્વયં ભાવમાં અર્હંતરૂપ થઈ જાય છે. આત્મજ્ઞાની જે ભાવથી જે રૂપે આત્માને ધ્યાવે છે, તે તેજ ભાવની સાથે તન્મય થઈ જાય છે. જેમ સ્ફટિક પાષાણુમાં જેવા ડંક (ડાઘ)ની ઉપાધિ લાગે; તે તે જ રંગરૂપ પરિણમન કરે છે. એવું જાણી જેમ બને તેમ સ્વસ્વરૂપની આરાધના કરીને જ્ઞાનને વિશુદ્ધ કરવું જોઇએ.

परिणमति येन द्रव्यं तत्कालं तन्मयमिति प्रज्ञप्तम् ।
तस्माद्धर्मपरिणत आत्मा धर्मो मन्तव्यः ॥१९६॥

અર્થ:– જે કાળમાં જે ભાવથી દ્રવ્ય પરિણમન કરે છે, તે કાળમાં તે ભાવમય દ્રવ્ય થઈ જાય છે. એમ શ્રી જિનેન્દ્ર દેવે કહ્યું છે. જેમ લોઢાના ગોળાને જ્યારે આગમાં નાખવામાં આવે છે ત્યારે તે ઉષ્ણરૂપ થઇને પરિણમે છે. અર્થાત્ ઉષ્ણપણાથી તન્મય થઇ જાય છે. (લોખંડનો ગોળો ને ઉષ્ણતા જુદા નથી તે પોતેજ ઉષ્ણતા રૂપ છે.) એવી રીતે આ–આત્મા જ્યારે શુભ, અશુભ, અને શુદ્ધ ભાવોમાંથી જે કોઈ એક ભાવ રૂપ પરિણમે છે; ત્યારે તે ભાવથી તે સમયે તે–મય થઇ જાય છે. એ કારણે વીતરાગ ચારિત્ર (સમતાભાવ) રૂપ ધર્મથી પરિણમતો આ–આત્મા ધર્મરૂપ જાણવો.

ભાવાર્થ:– જ્યારે જેવા પ્રકારના ભાવોથી આ–આત્મા પરિણમન કરે છે, ત્યારે તે તેજ રૂપે થઈ જાય છે. એ ન્યાયથી વીતરાગ

ચારિત્ર રૂપ ધર્મથી પરિણમન કરતો થકો વીતરાગ ચારિત્ર રૂપ થઇ જાય છે. એટલા માટે ચારિત્રને અને આત્માને એકપણું છે. અર્થાત્ ચારિત્ર આત્માનો જ ભાવ છે.

जीवः परिणमति यदा शुभेनाशुभेन वा शुभोऽशुभः ।
शुद्धेन तद्वा शुद्धो भवति हि परिणामस्वभावः ॥१९७॥

અર્થ:- પરિણામ સ્વભાવી જીવ જ્યારે શુભ ભાવથી પરિણમન કરે છે ત્યારે શુભ, જ્યારે અશુભ ભાવથી પરિણમન કરે છે ત્યારે અશુભ; અને જ્યારે શુદ્ધ ભાવથી પરિણમન કરે છે ત્યારે શુદ્ધ થાય છે.

ભાવાર્થ:- જ્યારે આ આત્મા દાન, પૂજા, વ્રતાદિરૂપ શુભ પરિણામોથી પરિણમે છે; ત્યારે તે ભાવોની સાથે તન્મય થયો થકો પોતેજ શુભ થાય છે. અને જ્યારે વિષય, કષાય, અવ્રતાદિ-રૂપ અશુભ ભાવોએ પરિણત થાય છે. ત્યારે તે ભાવોની સાથે તે સમયે તે રૂપે થઇ જાય છે. અર્થાત્ જેવા જેવા ભાવે તે પરિણમે છે, ત્યારે તે તેવા તેવા ભાવરૂપ થઇ જાય છે. કારણ આત્મા પરિણમન શીલ છે પણ સર્વથા કૂટસ્થ નથી. જેમ સ્ફટિક મણિ કાળા પુષ્પનો સંયોગ મળવાથી કાળી થઇ જાય છે; કમકે સ્ફટિકનો એવોજ પરિણમન સ્વભાવ છે, એવી રીતે જીવનો સ્વભાવ પણ સમજવો. જ્યારે આ-જીવ આત્મિક, વીતરાગ, શુદ્ધભાવ સ્વરૂપ પરિણમે છે. ત્યારે શુદ્ધ થાય છે. જેમ સ્ફટિક-મણિ જ્યારે પુષ્પના સંબંધથી રહિત થાય છે; ત્યારે પોતાના શુદ્ધ (નિર્મળ) ભાવરૂપ પરિણમન કરે છે. એવી રીતે આત્મા

પણ વિકાર રહિત થઇ શુદ્ધ થાય છે. એમ આત્માના ત્રણ ભાવ જાણવા.

ध्याने हि विभ्रते स्थैर्यं ध्येयरुपं परिस्फुटं ।
आलेखितमिवाभाति ध्येयस्यासन्निधावपि ॥१९८॥

અર્થ:- જો ધ્યેય પદાર્થ સમીપ ન હોય તો પણ ધ્યાનમાં ધ્યેય રૂપ પદાર્થ વ્યકત રૂપે સ્થિર પ્રકાશમાન થાય છે. અને તે સમયે તે ધ્યેયરૂપ પદાર્થ ચિત્ર સમાન નિશ્ચલ દેખાય છે.

योग्यापादानयोगेन दृषदः स्वर्णता मता ।
द्रव्यादिस्वादिसंपत्तावात्मनोऽप्यात्मता मता ॥१९९॥

અર્થ:- જેમ (ખાણમાંથી નીકળેલ સુવર્ણ–પાષાણ) સુવર્ણરૂપ પરિણામમાં કારણ યોગ્ય ઉપાદાન કારણના સંબંધથી પથ્થર સુવર્ણ થઇ જાય છે; ત્યારે તેનો પથ્થર રૂપથી વ્યવહાર ન થતાં સેનારૂપ માનવામાં આવે છે. તેમ સુદ્રવ્ય સુક્ષેત્ર, સુકાલ અને સુભાવરૂપ સામગ્રીને પ્રાપ્ત થતા આત્માનું સ્વસ્વરૂપ પ્રગટ થઇ જાય છે. અર્થાત્ અશુદ્ધ આત્મા પણ પરમાત્મા થઇ જાય છે.

ભાવાર્થ:- વજ્રવૃષભનારાચ શરીરરૂપ સુદ્રવ્ય, કર્મભૂમિના આર્ય ખંડરૂપ સુક્ષેત્ર, અવસર્પિણી–ઉત્સર્પિણીના ત્રીજા–ચોથા કાળરૂપ સુકાલ અને પોતાના ઉત્સાહરૂપ સુભાવનું નિમિત્ત બને છે; ત્યારે સ્વદ્રવ્ય, (આત્મ દ્રવ્ય) સ્વક્ષેત્ર, (આત્માના પ્રદેશ) સ્વભાવ, (આત્માના ગુણ) અને સ્વકાલ, (નિજગુણોની સ્વભાવ પરિણતિ) એવી રીતે સ્વદ્રવ્યાદિ અથવા સુદ્રવ્યાદિ ચતુષ્ટયનો

લાભ થાય છે; ત્યારે શુકલ ધ્યાનના બળથી ઘાતી કર્મોનો નાશ કરીને તે ભવ્ય જીવ કેવળી પરમાત્મા અર્હંત થઈ જાય છે. ફરી આયુના અંતમાં સિદ્ધ, શુદ્ધ, પરમાત્મા થઈ જાય છે. તાત્પર્ય કહેવાનું એ છે કે: જેમ કનક પાષાણમાં કનક થવાની સ્વયં ઉપાદાન શક્તિ છે; તેમ આ સંસારી ભવ્ય જીવમાં પરમાત્મા થવાની સ્વયં ઉપાદાન શક્તિ છે. જેમ બાહ્ય સાધનોના મળવાથી તે કનક પાષાણ સ્વયં કીટ (માટી)થી ભિન્ન થઈ શુદ્ધ થઈ જાય છે; તેમ આ-આત્મા પણ સમર્થ નિમિત્તોના મળવાથી (સ્વયં જો પોતાની ઉપાદાન શક્તિને વ્યકત કરવા પુરૂષાર્થ કરે અર્થાત્ ધ્યાનનો અભ્યાસ કરે તો) સ્વયં શુદ્ધ થઈ જાય છે. જેમ કોઇ સમર્થકારણ વિના બલાત્કારથી કનક પાષાણને સુવર્ણ નથી કરી શકતા; તેમ સમર્થ કારણ વિના કોઈ અન્ય સંસારી આત્માને પરમાત્મા નથી કરી શકતા. પરંતુ જ્યારે ભવ્ય જીવને સમર્થ નિમિત્ત કારણ મળે છે; ત્યારે તેની ઉપાદાન શક્તિ પ્રગટ થવા લાગે છે, શક્તિ પ્રગટ થવાનો પ્રારંભ સમ્યગ્દર્શનથી થાય છે.

આત્માની શુદ્ધિ સમ્યગ્જ્ઞાનથી થાય છે

आत्माव बोधतो नूनमात्मा शुद्धयति नान्यतः ।
अन्यतः शुद्धिमिच्छंतो विपरितदृशोऽखिलाः ॥२००॥

અર્થ:- નિશ્ચયથી આત્માની શુદ્ધિ આત્મજ્ઞાનથી થાય છે. અન્યથી નહી. પરંતુ જે મનુષ્ય આત્માની શુદ્ધિ અન્ય પદાર્થોથી ઈચ્છે છે, તે સમસ્ત પ્રકારે મિથ્યાદૃષ્ટિ છે.

ભાવાર્થઃ- આત્માની શુદ્ધિનો અર્થ આત્માના અનંત જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ થવી તે છે. અને તે શુદ્ધિ તે જ સમયે પ્રાપ્ત થાય છે કે; જ્યારે અન્ય પદાર્થો તરફ દૃષ્ટિ ન આપતાં કેવલ આત્મ જ્ઞાનાદિ ગુણોનું વારંવાર ચિંતવન કરવામાં આવે, માટે જે મહાપુરુષ આત્માના સ્વરૂપને જાણે છે અને એનું જ આરાધન કરે છે, એને જ આત્મ શુદ્ધિ થાય છે. એ સિવાય બીજા પ્રકારે આત્માની શુદ્ધિ ઈચ્છવાવાળાને આત્મશુદ્ધિ નથી થતી. પરંતુ એવું કરવાવાળો આત્મા હિતાહિતના વિચાર શૂન્ય મિથ્યાદૃષ્ટિ કહેવાય છે.

अगम्यं यन्मृगाङ्कस्य दुर्भेद्यं यद्रवेरपि ।
तद्बोधोद्भूतं ध्वान्तं ज्ञानभेद्यं प्रकीर्त्तितम् ॥२०१॥

અર્થઃ- મિથ્યાજ્ઞાન (અજ્ઞાન) રૂપ ઉત્કટ (ગાઢ-નિબિડ) અંધકારને ચંદ્રમા તથા સૂર્ય પણ નાશ નથી કરી શકતા એવું દુર્ભેદ્ય છે. અર્થાત્ અજ્ઞાનનો નાશ કરવો બહુજ કઠણ છે. તે મિથ્યાત્વરૂપ અંધકાર આત્મજ્ઞાનથી જ નાશ કરવામાં આવે છે; અર્થાત્ આત્મજ્ઞાન જ એને ભેદી શકે છે.

आत्मविभ्रमजं दुःखमात्मज्ञानात्मशाम्यति ।
नायतास्तत्र निर्वान्ति कृत्वाऽपि परमं तपः ॥२०२॥

અર્થઃ- શરીરાદિકમાં આત્મ પણાની ભ્રાંતિ હોવાથી (શરીરાદિક છે તે જ આત્મ છે.) જે દુઃખ થાય છે, તે દુઃખ આત્મજ્ઞાન થવાથી જ નાશ થાય છે. એટલા માટે જે પુરુષ આત્મસ્વરૂપનું

જ્ઞાન પ્રાપ્ત કરવામાં પ્રયત્ન નથી કરતા, તે પુરુષ દુર્ધર તપને કરે છતાં પણ નિર્વાણને પ્રાપ્ત નથી કરી શકતા.

ભાવાર્થ:- મુક્તિની પ્રાપ્તિને અર્થે આત્મજ્ઞાન પૂર્વક કરેલ તપ જ કાર્યકારી છે. એનાથી વિરૂદ્ધ આત્મા અથવા આત્માથી ઉત્પન્ન થએલ રાગાદિક વિકારોના વાસ્તવિક સ્વરૂપને જાણ્યા વિના, જે પુરુષ અનેક પ્રકારના તપ કરે છે; તે સમજ્યા વિના ના બાળતપ અને બાળવ્રત છે.

हिंसत्वं वितथं स्तेयं मैथुनं संगसंग्रहः ।
आत्मरुपगते ज्ञाने निश्शेषं प्रपलायते ॥२०३॥

અર્થ:- પરંતુ જે સમયે મિથ્યાત્વ રહિત નિર્મળ આત્મજ્ઞાન અથવા સમ્યગ્જ્ઞાન, આત્માના સ્વરૂપને જાણવામાં લીન થઇ જાય છે, તે જ્ઞાન રાગ દ્વેષથી કલુષિત નથી રહેતું; તે સમયે હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ એ પાંચે પાપો દેખતાં દેખતામાં કયાંય વિલીન થઇ જાય છે. અર્થાત્ જ્ઞાનને શુદ્ધાત્મ સ્વરૂપનો સાક્ષાત્ અનુભવ થતા વેંતજ પાંચે પાપોનો જરા પણ પતો લાગતો નથી.

न मोहप्रभृतिच्छेदः शुद्धात्मध्यानतो विना ।
कुलिशेन विना येन भूधरो भिद्यते नहि ॥२०४॥

અર્થ:- જે જ્ઞાન કોઇ એક પદાર્થમાં નિરંતર પુનઃ પુનઃ સ્થિર રહે છે, તેને ધ્યાન કહે છે. ધ્યાન એ જ્ઞાનની એક પર્યાય છે. જેવી રીતે વજ્ર વિના પર્વતનો નાશ નથી થતો, તેવી રીતે

શુદ્ધાત્માના ધ્યાન વિના મોહ આદિ કર્મ પણ નાશ નથી થઇ શકતાં.

ભાવાર્થ:– પર્વત સરખા વિશાળ (મોટા) પદાર્થનું ભેદન કરવું અત્યંત કઠણ છે; પરંતુ જે સમયે એના ઉપર વજ પડે છે; તે સમયે તે દેખતાં દેખતાં ખંડ ખંડ થઇ જાય છે. તેવી રીતે મોહનીય, અંતરાય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મોનો નાશ થઇ જવો કઠણ છે; પરંતુ જે સમયે શુદ્ધાત્મનું ધ્યાન કરવામાં આવે છે તે સમયે કર્મોનો જોત જોતામાં નાશ થઇ જાય છે. માટે વિદ્વાનોએ મોહઆદિ કર્મોનો નાશ કરવાને અર્થે અવશ્ય શુદ્ધાત્માના ધ્યાનનું આરાધન કરવું જોઇએ.

योज्यमानो यथा मंत्रो विषं घोरं निसूदते ।
तथात्मापि विधानेन कर्मानेकभवार्जितं ॥२०५॥

અર્થ:– જેવી રીતે ઉત્તમ મંત્રના પ્રયોગથી પ્રચંડ કાળકૂટ વિષ પણ નાશ થઇ જાય છે. તેવી રીતે આત્મા પણ અનેક ભવોનાં ઉપાર્જન કરેલાં કર્મોને ઉપર્યુક્ત ઉત્તમ ઉપાયથી સર્વથા નાશ કરી નાખે છે. અર્થાત્ ભયંકર વિષનો નાશ કરવામાં જેવી રીતે અનુપમ કારણ મહામંત્ર શક્તિ છે; તેવી રીતે વિપુલ કર્મોનો નાશ કરવામાં અનુપમ કારણ શુદ્ધાત્માનું જ ધ્યાન છે.

दुरिततिमिरहंसं मोक्षलक्ष्मीसरोजं ।
मदनभुजगमन्त्रं चित्तमातङ्गसिंहं ।
व्यसनधनसमीरं विश्वतत्त्वैकदीपं ।
विषयविफलजालं ज्ञानमाराधयत्वं ॥२०६॥

અર્થ:- હે ભવ્ય આત્મા! તું આત્મજ્ઞાનામૃતનું અંતરંગમાં સમ્યક્પ્રકારે આરાધન કર; કેમકે આત્મજ્ઞાન, પાપરૂપી અંધકારનો નાશ કરવાને માટે સૂર્ય સમાન છે. અને મોક્ષ રૂપી મહાલક્ષ્મીને નિવાસ કરવાને માટે સહસ્ર દળ કમળ સમાન છે; તથા કામરૂપી દૃષ્ટિ વિષ સર્પને કીલવાને (સ્તંભન કરવાને) માટે મહા મંત્ર સમાન છે. વન રૂપી મદોન્મત્ત હાથીને માટે સિંહ સમાન છે. વ્યસન (આપદા-દુઃખ) રૂપી મેઘોને ઉડાડવાને માટે પ્રચંડ પવન સમાન છે; અને સમસ્ત તત્ત્વોનો પ્રકાશ કરવાને માટે રત્ન દીપક સમાન છે; તથા વિષય રૂપી મત્સ્યોને પકડવાને માટે જાળ સમાન છે.

ભાવાર્થ:- કર્મ બંધનથી છૂટવાનું મુખ્ય કારણ માત્ર એકજ આત્મજ્ઞાન છે; તથા સત્શાસ્ત્રોનું જ્ઞાન પણ આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે જ કરવામાં આવે છે. જેમ દીપકના પ્રકાશથી વસ્તુ દેખીને તેને ઉપાડી લેવામાં આવે છે; અને દીપકનો ત્યાગ કરવામાં આવે છે. તેમ શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ કરવાવાળાં જે અધ્યાત્મ શાસ્ત્રો તેનાથી શુદ્ધાત્મ તત્ત્વને જાણીને તેનો અનુભવ કરવો જોઇએ; અને ત્યાર પછી શાસ્ત્રોનો વિકલ્પ છોડવો જોઈએ. શાસ્ત્ર તો દીપક સમાન છે, અને શુદ્ધાત્મતત્ત્વ રત્ન સમાન છે.

आत्मध्यानादपरमखिलं घोरसंसारमूलं ।
ध्यानध्येयप्रमुखसुतपः कल्पनामात्ररम्यम् ।
बुद्धवा धीमान् सहजपरमानंदपीयूषपूरे ।
निर्मज्जन्तं सहजपरमात्मानमेकं प्रपेदे ॥२०७॥

અર્થ:- શુદ્ધાત્મસ્વરૂપના ધ્યાન સિવાય અન્ય સમસ્ત ધ્યાન ભયાનક સંસાર પરિભ્રમણનું કારણ છે. ધ્યાન, ધ્યેય આદિના વિકલ્પરૂપ જે તપ છે; તે કહેવા માત્રજ સુંદર છે.-રમણીય છે. એવું સ્વરૂપ સમજી બુદ્ધિમાન પુરુષ સ્વાભાવિક પરમાનન્દ રૂપી પીયૂષ (અમૃત) થી ભરપૂર જ્ઞાનરૂપી સમુદ્રમાં નિમગ્ન થઈ (લીનથઈ) સ્વાભાવિક એક પરમાત્મસ્વરૂપનોજ અનુભવ કરે છે

प्रायश्चितं भवति सततं स्वात्मचिंता मुनीनां ।
मुक्तिं यांति स्वसुखरतयस्तेन निर्द्धूतपापाः ।
अन्या चिंता यदि च यमिनां ते विमूढाः स्मरार्त्ताः ।
पापाः पापं विदधति मुहुः किं पुनश्चित्रमेतत् ॥२०८॥

અર્થ:- મુનિયેાને નિરંતર પેાતાના આત્મસ્વરૂપની ચિંતા થવી તે પ્રાયશ્ચિત છે; એ પ્રકારે પાપેાને ધેાઇ પેાતાના આત્મિકસુખ સ્વભાવમાં લીન થઇ મુનિ મેાક્ષ પ્રાપ્ત કરે છે. જે મુનિ એ સિવાય અન્ય ચિંતા કરેછે, તે મૂઢ બુદ્ધિ પાપી કામદેવના દ્વારા પીડિત દુઃખી થઈ ફરી પાપને ઉત્પન્ન કરે છે. આમાં શું આશ્ચર્ય છે?

ભાવાર્થ:- " चिंता अन्तःकरणवृतिः " પદાર્થોમાં મનનીવૃતિ જોડવી એનું નામ ચિંતા અર્થાત્ ચિંતાનામ અંતરંગ આત્મ-તત્ત્વ તથા બાહ્ય પદાર્થોના ગુણ પર્યાયેામાં ઉપયેાગનું અનુસંધાન કરવું; ઉપયેાગને પદાર્થોના સ્વરૂપ સાથ વારંવાર જોડવેા એનેા જ વિચાર કરવેા તેનું નામ ચિંતા છે. પ્રમાદથી લાગેલ દોષેાની

શુદ્ધિ કરવી તે પ્રાયશ્ચિત છે; અથવા પ્રાયઃ શબ્દનો અર્થ અપરાધ છે, અને ચિત શબ્દનો અર્થ શુદ્ધિ છે, તે અપરાધની શુદ્ધિ કરવાને પ્રાયશ્ચિત કહે છે.

वेद्यत्वं वेदकत्वं च यत्स्वस्य स्वेन योगिनः ।
तत्स्वसंवेदनं प्राहुरात्मनोऽनुभवं दृशं ॥२०९॥

અર્થઃ- યોગીયોને સ્વયં-આપો આપ પોતાના આત્મસ્વરૂપનું વેદ્યત્વં (જાણવાયોગ્ય-જ્ઞેયપણું) તથા વેદકત્વં (જ્ઞાતાપણું) જણાય છે. અર્થાત્ આત્મા જ જ્ઞાતા છે અને આત્મા જ જ્ઞેય છે; એવું જે જ્ઞાન થાય છે તેને સ્વસંવેદન જ્ઞાન કહે છે. અથવા સમ્યગ્દર્શન રૂપ જે આત્માનો અનુભવ તેને પણ સ્વસંવેદન કહે છે.

स्वेनात्मना स्वस्य सम्यग्निर्विकल्परुपेण-
वेदनं परिज्ञानमनुभवनमिति-
निर्विकल्पस्वसंवेदनज्ञानमेव-
निश्चयज्ञानंभण्यते ॥२१०॥

અર્થઃ- પોતાના આત્માદ્વારા જે સ્વ (નિર્વિકલ્પ સ્વરૂપ) સં (સમ્યક્પ્રકારે) અર્થાત્ સમ્યક્પ્રકારે નિર્વિકલ્પ જાણવું.- અનુભવ કરવો તે જ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનને નિશ્ચય જ્ઞાન કહેવામાં આવે છે. સ્વસંવેદ્ય (પોતાના અનુભવથી જાણવા યોગ્ય.)

विदंति दुर्धियो वेद्यं वेदकं न विदंति किं ।
द्योत्यं पश्यंति न द्योतमाश्चर्यं वत कीदृशं ॥२११॥

અર્થ:- આ મહાન્ આશ્ચર્ય છે કે; જ્યારે મૂઢ પુરૂષ વેદ્ય-(પદાર્થોને) જાણે છે, ત્યારે વેદક (આત્મા)ને કેમ નથી જાણતા ? કેમકે જ્યારે ઘોત્ય.-પદાર્થોને દેખે છે, ત્યારે ઘોત-પ્રકાશને કેમ નથી દેખતા ?

ભાવાર્થ:- વેદ્યનો અર્થ જાણવા યોગ્ય પદાર્થ છે અને વેદકનો અર્થ જાણવાવાળો, ઘોત્યનો અર્થ પ્રકાશિત થવા લાયક અને ઘોતનો અર્થ પ્રકાશ કરવાવાળો થાય છે. જે મૂઢ પુરૂષ એમ માને છે કે અમે વેદ્યને જાણીએ છીએ પરંતુ વેદકને નથી જાણતા, એનું આ કહેવું મહાન્ આશ્ચર્ય પરિપૂર્ણ અને પ્રત્યક્ષ બાધિત છે; કેમકે જેવી રીતે ઘોત્ય અને ઘોત બન્ને દેખાય છે કેવલ ઘોત્ય જ દેખાય એમ નથી. તેમ વેદ્ય અને વેદક બન્ને દેખાય છે; કેવલ ઘોત્ય નહી. એટલા માટે આત્માનું અથવા જ્ઞાનનું જ્ઞાન નથી થતું એવી કલ્પના નિર્મૂલ છે.

મિથ્યાત્વ વિષય કષાયાદિ બહિર્દ્રવ્યે-
નિરાલંબનત્વેનાત્મન્યનુષ્ઠાન મધ્યાત્મં ॥૨૧૨॥

અર્થ:- મિથ્યાત્વ, વિષય, કષાયાદિ બાહ્ય પદાર્થોનું અવલંબન છોડવું અને ઉપયોગનું આત્મ સ્વરૂપમાં લીન થવું તદ્રૂપ થવું; તે અધ્યાત્મ અથવા આત્મજ્ઞાન કહેવાય છે. અથવા વિકલ્પ રહિત ચિત વૃતિને ધારણ કરવી તે પણ અધ્યાત્મ-આત્મજ્ઞાન છે.

અધ્યાત્મજં યદત્યક્ષં સ્વસંવેદ્યમનશ્વરમ્ ।
આત્માધીનં નિરાબાધમનન્તં યોગિના મતમ્ ॥૨૧૩॥

અર્થ:– યોગીયોને અધ્યાત્મથી–આત્મજ્ઞાનથી ઉત્પન્ન થએલ જે અતીન્દ્રિય સુખ તે આત્માને જ આધીન છે. અર્થાત્ તે સુખ સ્વયંઆત્માથી જ ઉત્પન્ન થએલ છે; કિન્તુ ઇન્દ્રિયો દ્વારા વિષયોથી ઉત્પન્ન થએલ નથી. તે અતીન્દ્રિય સુખ આત્માથી જ જાણવા (અનુભવવા) યોગ્ય છે. અર્થાત્ સ્વાનુભવ ગમ્ય છે. અવિનાશી અક્ષયસ્વરૂપ છે, પરંતુ ઇન્દ્રિય જનિત સુખ સમાન વિનાશી નથી, સ્વાધીન છે, બાધારહિત છે. તેમાં કોઇ પણ અંગાડ અથવા વિઘ્ન નથી આવતું, અનંત છે. જે કોઈ એમ સમજે છે કે ઇન્દ્રિયો વિના સુખ કેમ હોઈ શકે ? તેને આ–અતીન્દ્રિય સુખનું સ્વરૂપ બતાવવામાં આવેલ છે.

अनंत सौख्यमात्मोत्थमस्तीत्यत्र हि सा प्रमा ।
शान्तस्वान्तस्य या प्रीतिः स्वसंवेदनगोचरा ॥२१४॥

અર્થ:– શાન્ત સુધારસ પરિણામી વીતરાગી શુદ્ધ અન્તઃકરણવાળા સત્પુરુષોને સ્વયં (આપોઆપ) સ્વતઃસિદ્ધ, અનુભવમાં આવવાવાળી, અદ્‌ભૂત, અનિર્વચનીય, અંતરંગ જે આત્મ પ્રીતિ છે તે જ આત્મજ્ઞાનથી ઉત્પન્ન થયેલ અનંત આલ્હાદસ્વરૂપ અતીન્દ્રિય સુખ છે. શુદ્ધ નિશ્ચયથી એ જ અતીન્દ્રિય સુખનો પ્રત્યક્ષ અનુભવ છે. તે જ પ્રણાય છે.

आत्मोत्थमात्मना साध्यमव्याबाधमनुत्तरम् ।
अनन्तं स्वास्थ्यमानंदमतृष्णमपवर्गजम् ॥२१५॥

અર્થ:– પોતાના શુદ્ધોપયોગસ્વરૂપ આત્મ ભૂમિમાંથી ઉત્પન્ન થયેલ અતીન્દ્રિયસુખ આત્માદ્વારા સાધ્ય, બાધારહિત, સર્વથી ઉત્કૃષ્ટ, અનન્ત, આનન્દમય, તૃષ્ણા રહિત મોક્ષસ્વરૂપ છે.

आनन्दो निर्दहत्युद्धं कर्मेंधनमनारतं ।
न चासौ खिद्यते योगी वहिर्दुखेष्वचेतनः ॥२१६॥

અર્થ:– જે સમયે યોગી પોતાના આત્મિક સુખના આનંદમાં નિમગ્ન થાય છે; ત્યારે સ્વાભાવિક આનંદસ્વરૂપ શુદ્ધોપયોગ (જ્ઞાનજ્યોતિ) થી દીર્ઘકાળના કર્મોની સંતતિને ક્ષણવારમાં જેમ અગ્નિ ઇંધણાને બાળી નાખે છે; તેમ સમસ્ત કર્મરૂપી ઇંધણાને બાળીને ખાખ કરી નાંખે છે. તે સમયે (સ્વરૂપ લીન દશામાં) બાહ્ય પદાર્થો ઈષ્ટ છે, કે અનિષ્ટ છે; તેમજ પરિષહ છે, કે ઉપસર્ગ છે, તેનું લેશ માત્ર ભાન તે મહાયોગીને નથી; તેથી તેને તે પ્રકારનો ખેદ થતો નથી.

ભાવાર્થ:– જે અજ્ઞાની છે સ્વપરના ભેદનું જેને જરાપણ જ્ઞાન નથી, તે સમસ્ત પર પદાર્થોનો અનુભવ કરે છે, કેમકે તેને પૂર્ણ રૂપથી જાણતા નથી. (વસ્તુ જે સ્વરૂપે છે તેને તેજ સ્વરૂપે જાણવી, તેને જ્ઞાન કહેલ છે અને તે વસ્તુમાં રાગ, દ્વેષ, મદ, ક્રોધ વિગેરે પરિણામ કરવા તે અનુભવ કહેવાય છે.)

રાગ, દ્વેષ અને દર્શનમોહને ક્ષય કરવાનો ઉપાય આત્મ-જ્ઞાન અને આત્મવીર્ય છે. એટલા માટે મન સહિત વિચારવાન જીવનું કર્તવ્ય છે કે; જિન વાણીનો અભ્યાસ કરીને આત્મા અને અનાત્માના ભેદને સમજી લે, અને આત્માના દ્રવ્ય ગુણ પર્યાયને આત્મામાં જાણે અને અનાત્માના દ્રવ્ય ગુણ પર્યાયને અનાત્મામાં જાણે, જો કે પોતાનો આત્મા કર્મ પુદ્ગલ રૂપ અનાત્માની સાથે દૂધ પાણીની માફક મળેલ છે, તોપણ જેમ

હંસ દૂધ પાણીને જુદાં કરવાની શકિત રાખે છે, તેમ તત્ત્વ-જ્ઞાનીએ આત્મા અને અનાત્માના લક્ષણોને ભિન્ન ભિન્ન જાણીને એ બન્નેને ભિન્ન ભિન્ન કરવાની શકિત પોતાનામાં ઉત્પન્ન કરવી જોઇએ. એ જ્ઞાનને ભેદજ્ઞાન કહે છે. તે ભેદજ્ઞાનના બળથી પોતાના આત્મવીર્યને જોડીને ભાવને (ઉપયોગને) મોહની પ્રપંચજાળથી અલગ કરી, શુદ્ધાત્મસ્વરૂપના મનનમાં ઉપયોગને લગાડી દેવો જોઇએ, જેમ જેમ ઉપયોગ આત્માની તરફ જોડાશે તેમ તેમ દર્શનમોહ શિથિલ પડી જશે. વારંવાર અભ્યાસ કરવાથી એક સમય એવો આવશે કે એકા એક અકસ્માત્ સમ્યગ્દર્શનના બાધક કર્મોનો ઉપશમ થઇ જશે અને ફરી પણ એ જ શુદ્ધાત્માના મનનના અભ્યાસને ચાલુ રાખવાથી સમ્યકત્વના બાધક કર્મોનો જડ મૂળથી ક્ષય થઇ જશે; ત્યારે અવિનાશી ક્ષાયક સમ્યગ્દર્શન ઉત્પન્ન થઇ જશે. ફરી પણ એ જ શુદ્ધાત્માનું મનન, ધ્યાન અને અનુભવ કર્યા જ કરવો જોઇએ, કેમકે એના પ્રતાપથી ગુણસ્થાનોના ક્રમથી ચઢતા થકા એક દિવસ ક્ષપક શ્રેણીના માર્ગ પર આરૂઢ થઇને સર્વથા મોહનીય કર્મનો ક્ષય કરી વીતરાગી નિર્ગ્રન્થ સાધુ થવાશે, તાત્પર્ય એ છે કે; રાગ દ્વેષ મોહના નાશનો ઉપાય નિજ આત્માનું યથાર્થ શ્રદ્ધાન; જ્ઞાન તથા અનુભવરૂપ ચારિત્ર છે. નિશ્ચય રત્નત્રયરૂપ આત્મા જ પોતાની મુકિતનું કારણ છે. એટલા માટે મોક્ષાર્થી પુરુષનું એ જ કર્તવ્ય છે કે તે આત્મ પુરુષાર્થ કરીને આ સંસારના કારણી ભૂત રાગ દ્વેષ મોહનો નાશ કરે; જેથી આ આત્મા સંસારના દુઃખોથી છુટી નિરાકુળ અતીન્દ્રિય આનન્દનો ભોગવવાવાળો સદાને માટે થાય. અહીં

આચાર્ય મહારાજે અનાદિ કાળના દર્શનમોહનીય કર્મના ક્ષયનો પરમ્પરા અત્યંત આવશ્યક ઉપાય જિનવાણીનો અભ્યાસ બતાવ્યો છે; કેમકે જીવાદિ પદાર્થોનું યથાર્થ જ્ઞાન થયા વિના એનું શ્રદ્ધાન નથી થઇ શકતુ, અને શ્રદ્ધાન થયા વિના મનન નથી થઈ શકતું, અને મનન વિના દૃઢ સંસ્કાર નથી થઇ શકતા, દૃઢ સંસ્કાર વિના સ્વાત્માનો અનુભવ નથી થઈ શકતો, અને આત્માના અનુભવ વિના સમકિત નથી થઇ શકતું. સમ્યક્ત્વ અને સ્વાત્માનુભવ થવાનો એકજ કાળ છે, જ્યારે આ શકિત પ્રગટ થાય છે ત્યારે જ દર્શનમોહનીયનો ઉપશમ થાય છે.

चित्तत्त्वं तत्प्रतिप्राणीदेह एव व्यवस्थितम् ।
तमच्छन्ना न जानन्ति भ्रमन्ति च बहिर्बहिः ॥२१७॥

અર્થ:– જો કે પ્રત્યેક પ્રાણીના દેહમાં નિર્મળ શુદ્ધ ચૈતન્યરૂપી તત્ત્વ બિરાજમાન છે. છતાં પણ જે મનુષ્યનો આત્મા અજ્ઞાનરૂપી ગાઢ અંધકારથી ઘેરાએલ છે; તે અજ્ઞાની આત્મા ચૈતન્ય તત્ત્વને જરાપણ જાણતો નથી. અને ચૈતન્યથી ભિન્ન બાહ્ય પદાર્થોમાં જ ચૈતન્ય પણાની ભ્રાંતિથી ભમે છે.

केचित् केऽप्यत्रेपि कारुण्यात्कथ्यमानमपि स्फुटम् ।
न मन्यन्ते न शृण्वन्ति महामोहमलीमसाः ॥२१८॥

અર્થ:– પ્રબલ દર્શનમોહનીય કર્મના ઉદયથી, અજ્ઞાન અંધકારમાં ઘેરાએલ અનેક પામર મનુષ્ય ઉત્તમ અનુભવી, આત્મજ્ઞાની,

પુરુષોએ પ્રત્યક્ષ અનુભવ કરી બતાવેલ આત્મતત્ત્વને માનતા નથી. અને તત્ત્વસ્વરૂપને સાંભળતાં પણ નથી.

भ्रमतोऽपि सदा शास्त्रजाले महति केचन ।
न विदन्ति परं तत्त्वं दारुणीव हुताशनम् ॥२१९॥

અર્થ:- કેટલા એક મનુષ્યો અનેક પ્રકારના સત્શાસ્ત્રોનું સદાય અધ્યયન કરે છે; છતાં પણ દર્શનમોહનીય કર્મના તીવ્ર ઉદયથી ભ્રમિત થઇ, અરણીમાં રહેલ અગ્નિ જેમ માલુમ નથી પડતી તેમ શરીરમાં રહેલ ચૈતન્યસ્વરૂપ આત્માને જાણતા નથી.

अस्ति पुरुषश्चिदात्मा विवर्जितः स्पर्शगन्धरसवर्णैः ।
गुणपर्य्ययसमवेतः समाहितः समुदयव्ययध्रौव्यैः ॥२२०॥

અર્થ:- પુરુષ અર્થાત્ આત્મા ચેતના સ્વરૂપ છે. સ્પર્શ, રસ, ગંધ, અને વર્ણથી રહિત છે. ગુણ અને પર્યાય સહિત છે. અર્થાત્ સમવાય (તાદાત્મ્ય) સંબંધથી સ્થિત છે અને ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય કરી નિષ્પન્ન (સહિત) છે.

ભાવાર્થ:- પર-ઉત્તમ ચૈતન્ય ગુણ તેમાં જે શેતે એટલે સ્વામી થઇ ને પ્રવૃત્તિ કરે તેની પુરુ સંજ્ઞા છે; અર્થાત્ દર્શન અને જ્ઞાન રૂપ ચેતનાના નાથને પુરુષ કહે છે. આત્માનું આ અતિવ્યાપ્તિ અવ્યાપ્તિ અને અસંભવ એ ત્રણે દોષોથી રહિત નિર્બાધ અસાધારણ લક્ષણ છે. આઠ પ્રકારના સ્પર્શ, પાંચ પ્રકારના રસ, પાંચ પ્રકારના વર્ણ, ઇત્યાદિક પૌદ્ગલીક લક્ષણોથી

રહિત અમૂર્તીક પુરુષ છે. ઉકત વિશેષણોથી પુરુષની પુદ્‌ગલથી પૃથક્‌તા (જુદાઇ) પ્રગટ કરવામાં આવી છે. પુરુષ એટલે આત્મા પોતાના ગુણ પર્યાયોથી તાદાત્મ્ય રૂપ છે. આત્મા એક દ્રવ્ય છે, અને તે ગુણ પર્યાયો સહિત બિરાજ માન છે; અર્થાત્‌ દ્રવ્ય અનંત ગુણોનો અખંડ પિંડ છે અને તે ગુણોમાં પ્રતિક્ષણ પર્યાય થયા કરે છે. ગુણનું લક્ષણ સહભૂત (દ્રવ્યની સાથે છે સત્તાજેની) છે. જે દ્રવ્યોમાં સદાય કાળ તાદાત્મ્યરૂપે રહે છે; અર્થાત ગુણોના સમૂદાયને દ્રવ્ય કહે છે. આત્મામાં સાધારણ અને અસાધારણ ભેદથી બે પ્રકારના ગુણ છે. તેમાં જ્ઞાન દર્શન આદિ અસાધારણ ગુણ છે, કેમકે એની પ્રાપ્તિ અન્ય દ્રવ્યોમાં નથી. અને અસ્તિત્વ વસ્તુત્વ, પ્રમેયત્વાદિક સાધારણ ગુણ છે; કેમકે તે ગુણો અન્ય દ્રવ્યમાં પણ છે. પર્યાયનું લક્ષણ ક્રમવર્તી છે. દ્રવ્યમાં જે અનુક્રમથી ઉત્પન્ન થાય તેને પર્યાય કહે છે. આત્માની પર્યાયના બે ભેદ છે; એક અર્થપર્યાય, બીજી વ્યંજન પર્યાય; દ્રવ્યના પરિણમનને વ્યંજન પર્યાય અને ગુણોના પરિણમનને અર્થ પર્યાય કહે છે. તેના બબ્બે ભેદ છે, એક નર નારકાદિ આકૃતિરૂપ અથવા સિદ્ધાકૃતિ રૂપ વ્યંજન પર્યાય છે. નર નારકાદિરૂપ અશુદ્ધ વ્યંજન પર્યાય અને સિદ્ધાકૃતિરૂપ શુદ્ધવ્યંજન પર્યાય છે. રાગાદિ પરિણમનરૂપ અથવા જીવના કષાયોની હાની વૃદ્ધિ થવાથી વિશુદ્ધિરૂપ અથવા સંકલેશરૂપ તથા શુભાશુભરૂપ છ લેશ્યાના સ્થાનોમાં થવા વાળી અશુદ્ધ અર્થ પર્યાય જાણવી. સ્વભાવ ગુણ પર્યાય અગુરૂલઘુગુણની છ પ્રકારે હાનિવૃદ્ધિરૂપ શુદ્ધ અર્થ પર્યાય છે. પ્રદેશવત્વ ગુણને ક્રિયાવતી શકિત કહે છે અને બાકીના અનંત ગુણોને ભાવવતી શકિત કહે છે. જ્ઞાનાદિ ગુણોના

પરિણમન ક્રિયા રહિત છે. માત્ર ગુણોના અંશોમાં તરતમરૂપથી ન્યુનાધિકતા થયા કરે છે પણ દ્રવ્યનુ જે પરિણમન થાય છે તેમાં તેના સંપૂર્ણ પ્રદેશોમાં પરિવર્તન થાય છે. દ્રવ્યનું પરિવર્તન પ્રદેશવત્વ ગુણના નિમિત્તથી થાય છે. પ્રદેશવત્વ ગુણના નિમિત્તથી જે દ્રવ્યના બધા પ્રદેશોમાં આકારાંતર થયા કરે છે તેને દ્રવ્ય-પર્યાય અથવા વ્યંજનપર્યાય કહે છે; અને બાકીના ગુણોમાં જે તરતમરૂપથી પરિણમન થાય છે તેને ગુણપર્યાય અથવા અર્થ પર્યાય કહે છે ગુણ પર્યાયોની સાથે આત્માની અભેદરૂપ એકતા છે. એ વિશેષણથી આત્માનું વિશેષ્ય જાણવામાં આવે છે તથા નવીન અર્થ પર્યાય અથવા વ્યંજન પર્યાયની ઉત્પત્તિને ઉત્પાદ, પૂર્વ પર્યાયના નાશને વ્યય, અને ગુણની તથા પર્યાયની અપેક્ષા એ શાશ્વત પણાને ધ્રૌવ્ય કહે છે. કારણ ગુણોથી ભિન્ન કોઇ દ્રવ્ય નથી અને ગુણોથી ભિન્ન કોઈ પણ પર્યાય નથી. આમ આત્મા ત્રિલક્ષણ સંયુકત રહે છે. જેમ સુવર્ણની કુંડળ પર્યાયમાં ઉત્પત્તિ (ઉત્પાદ) કંકણમાં વિનાશ અને પીતત્વાદિ અથવા સુવર્ણત્વની અપેક્ષાએ ધ્રૌવ્ય (વિદ્યમાનતા) રહે છે. એ વિશેષણથી આત્માનું અસ્તિત્વ વ્યક્ત થાય છે.

पुरुगुणभोगे शेते करोति लोके पुरूगुणं कर्म ।
पुरुरुत्तमश्च यस्मात् तस्मात् स वर्णितः पुरुषः ॥२२१॥

અર્થ–: ઉત્કૃષ્ટ ગુણ અથવા ઉત્કૃષ્ટ ભોગોનો જે સ્વામી હોય; અથવા લોકમાં જે ઉત્કૃષ્ટ ગુણ સહિત કર્મ કરે અથવા તો જે સ્વયં ઉત્તમ હોય; તેને પુરુષ કહે છે. અર્થાત્ પુરુષજ સંસારમાં સર્વોત્તમ કાર્ય કરી શકે છે, તથા તેજ કર્મોનો નાશ કરી

સર્વોત્તમ નિર્મળ ગુણોનો વિકાસ કરી શકે છે. એવી રીતે પુરુષ, શબ્દની સાર્થકતા તેજ હોય છે; કે જ્યાં આત્મા પુરુષ પર્યાયમાં રહી ને પોતાના પૌરુષથી શુદ્ધ ધ્યેય રૂપ-મોક્ષ પુરુષાર્થની સિદ્ધિને પ્રાપ્ત કરી શુદ્ધ, વીતરાગ, સર્વજ્ઞ, પુરુષ પદમાં પહોંચી જાય છે. જે જે શુદ્ધ પુરુષ શુદ્ધાત્મા છે તેજ "अस्ति पुरुष चिदात्मं" એ શ્લોક દ્વારા બતાવવામાં આવેલ છે વિશેષ-પુરુષ શબ્દનો અર્થ આત્મા છે, પુરુષ શબ્દ મનુષ્ય ગતિમાં રહેવાવાળા પુલ્લિંગ શરીર ધારી જીવોમાં પણ પ્રચલિત છે. મનુષ્યોના ત્રણ ભેદ છેઃ પુરુષ, સ્ત્રી, નપુંસક, અહીં પુરુષ શબ્દનો અર્થ મનુષ્ય ગતિવાળો પુરુષ નથી કિન્તુ આત્મા છે. પુરુષ, આત્મા, જીવ, એ સર્વે એકજ અર્થના વાચક છે. જે ઉત્તમ ગુણોને ધારણ કરે, લોકમાં ઉત્તમ કાર્ય કરે, સંસારી જીવોમાં જે સ્વયં ઉત્તમતા પ્રાપ્ત કરે અને ઉત્તમ ચારિત્રવાન બનીને લોકમાં પોતાને સર્વોત્તમ પૂજ્ય બનાવે, એને પુરુષ કહે છે. પુરુષ શબ્દની વ્યુત્પત્તિથી કરવામાં આવેલ અર્થ મનુષ્ય ગતિવાળા પુરુષથી સંબંધ રાખે છે, સ્વાભાવિક શુદ્ધ જીવનો વાચક પુરુષ શબ્દ છે, જે પુરુષનો અર્થ વ્યુત્પત્તિથી બતાવવામાં આવેલ છે. જીવની અશુદ્ધ એવી વૈભાવિક અવસ્થા છે, તે અવસ્થા અનાદિ કાળથી છે, તે વૈભાવિક પુરુષ પર્યાયમાં આકાર પોતાના પુરુષાર્થથી આત્મા શુદ્ધ પુરુષ અથવા શુદ્ધ ચેતન બની શકે છે. એટલા માટે સ્વાભાવિક પુરુષ પર્યાયની પ્રાપ્તિને અર્થે વૈભાવિક પુરુષ પર્યાય જ સાધક (કારણ) છે કેમકે વૈભાવિક પુરુષ પર્યાયની પ્રાપ્તિ કર્યા વિના સ્વાભાવિક પુરુષ પર્યાય કયારે પણ કોઇ જીવને પ્રાપ્ત થઇ શકતી નથી.

સિદ્ધપર્યાય શુદ્ધ પુરુષ પર્યાય છે. તે સિદ્ધપર્યાયનું સૂચન કરનાર અરિહંત ભગવાનનું પરમઔદારિક શરીર તથા વીતરાગમુદ્રા છે સમ્યગ્દૃષ્ટિ આ અદ્‌ભૂત રહસ્યના ભેદને સમજશે.

प्रीत्यप्रीतिविमुक्तशास्वतपदे निःशेषतोऽन्तर्मुख ।
निर्भेदोदितशर्मनिर्मितवियद्बिंबाकृतावात्मनि ।
चैतन्यामृतपूरपूर्णवपुषे प्रेक्षावतां गोचरे ।
बुद्धिं किं न करोषि वाञ्छसि सुखं त्वं संसृतेर्दुःकृतेः ॥२२२

અર્થ:- હે ભવ્ય જીવ! જો તું આ દુઃખરૂપ સંસારથી હટીને સુખની ઇચ્છા કરે છે તો તું પોતાની બુદ્ધિને આત્મામાં કેમ નથી જોડતો ? કેમકે જે પ્રીતિ-અપ્રીતિ (રાગ દ્વેષ) થી રહિત અવિનાશી, શાશ્વત, વીતરાગ, વિજ્ઞાન પદ છે, જે સર્વથા અન્તર્મુખ થઇ ભેદ રહિત અભેદ ઉદયમાન સુખમય, નિરાકાર, પ્રકાશમાન છે; જેનું નિર્મળ શરીર (શુદ્ધઅસંખ્યઆત્મપ્રદેશ) ચૈતન્ય અમૃતથી ભરપૂર છે,-પરિપૂર્ણ છે, તથા જે શુદ્ધાત્મસ્વરૂપના અનુભવી સમ્યગ્દૃષ્ટિ મહાપુરુષોને (ધ્યાનથી) ગોચર છે (તેને છોડી તું દુષ્કૃતરૂપ સંસારના સુખને કેમ ઇચ્છે છે?)

ભાવાર્થ:- શુદ્ધચૈતન્યસ્વરૂપ શુદ્ધાત્મદ્રવ્ય કોઇનું બનાવેલ નથી; કોઇ સંયોગોથી અથવા કોઇપણ કારણથી ઉત્પન્ન થએલ નથી. જેની ઉત્પત્તિનો કોઇપણ સમય નથી, અનુત્પન્ન છે; સ્વતઃસિદ્ધ; સહજસ્વરૂપી, ત્રણે કાળમાં છે; અકૃત્રિમ છે, જ્ઞાનાનન્દમય, અમૂર્તીક, જ્ઞાનમૂર્તિ, પોતાનો આત્મા છે તે જ એક સ્વદ્રવ્ય છે; અને અન્ય સર્વે ચેતન અચેતન અને મિશ્ર પર દ્રવ્ય છે.

અનાદિ સ્વતઃસિદ્ધ છે; ટંકોત્કીર્ણ (ઉપાધિરહિત શુદ્ધ) જ્ઞાયક સ્વભાવી છે. પુરુષાકાર (સિદ્ધ પર્યાય) છે, એવું આત્મસ્વરૂપ કાર્મણઆદિ દેહથી ભિન્ન છે. તે સર્વજ્ઞ વીતરાગદેવ કથિત પરમાગમમાં પરમજ્ઞાનના ધારી યોગીશ્વરોએ પ્રત્યક્ષ દેખ્યું છે; અનુભવ્યું છે. વ્યવહાર નયથી જોકે કર્મે કરી આચ્છાદિત છે તો પણ ભેદજ્ઞાની સમ્યગ્દૃષ્ટિના દેહ વિષે રહેલ પરમાત્મ સ્વરૂપનું ધ્યાન કરી તીર્થંકરાદિક પણ મોક્ષ પામ્યા છે. લોકમાં ઇન્દ્રાદિકને પણ નમવાયોગ્ય, ધ્યાન કરવા યોગ્ય અને સ્તુતિ કરવા યોગ્ય તીર્થંકરાદિક છે; તેઓ પણ શુદ્ધ પરમાત્મપદને છદ્મસ્થ અવસ્થામાં નમે છે, ધ્યાવે છે, અને સ્તુતિ કરે છે. આ (આત્મા) વચનથી અગોચર, નિર્મળ ભેદવિજ્ઞાનીના અનુભવ ગોચર, પરમાત્મરૂપ પ્રત્યેક પ્રાણીના દેહમાં શક્તિરૂપે ભિન્ન ભિન્ન બિરાજમાન છે. તેના સ્વરૂપને યથાર્થ જાણો, તેને પ્રસન્નચિત્તથી નમો, તેનું ધ્યાન કરો, બહાર શા માટે શોધો છો ?

दुर्लक्ष्यं जगति परं ज्योतिर्वाचां गणः कवीद्राणाम् ।
जलमिव वज्रे यस्मिन्नलब्धमध्यो बहिर्लुठति ॥२२३॥

અર્થ:– જેવીરીતે જલ, હીરાની અંદર પ્રવેશ નથી કરી શકતું, બહારના ભાગમાં જ રહી જાય છે; એવી રીતે અનુભવથી જ ગમ્ય, શુદ્ધચૈતન્યસ્વરૂપ જ્યોતિમાં મોટા મોટા કવીન્દ્રોની વાણી પણ પ્રવેશ કરી શકતી નથી અર્થાત્ એનું યથાર્થ વર્ણન કિંચિત પણ કરી શકતી નથી બહારના ભાગમાંજ રહી જાય છે. એવું તે ચૈતન્યરૂપી તેજ સંસારમાં દુર્લક્ષ્ય છે. અર્થાત્ તે મહા મહેનતથી પણ નથી દેખી શકાતું :

ભાવાર્થ:- જે વસ્તુ બહિર્દૃષ્ટિથી ગોચર હોય અર્થાત્ જે દેખી શકાય છે એને તો કવિલોક વચનથી કહી શકે છે, એનું વર્ણન કરી શકે છે. કિન્તુ ચૈતન્ય સ્વરૂપ તે જ સંસારમાં એટલું દુર્લક્ષ્ય છે કે જેવી રીતે જલ (પાણી) હીરાના મધ્ય ભાગમાં પ્રવેશ નથી કરી શકતું, બાહ્ય ભાગમાં જ રહી જાય છે, એવી રીતે કવિઓની વાણી પણ એના અંતરંગમાં પ્રવેશ કરી એનું વર્ણન કરી શકતી નથી કિન્તુ બહારના ભાગમાં જ રહી જાય છે.

तदेवैकं परं रत्नं सर्वशास्त्रमहोदधेः ।
रमणीयेषु सर्वेषु तदेकं पुरतः स्थितम् ॥२२४॥

અર્થ:- સમસ્ત સમ્યક્‌શાસ્ત્ર (દ્વાદશાંગી) રૂપી વિસ્તીર્ણ (વિશાળ) સમુદ્રનું ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ અને સારમાં સાર જો કોઈ મહારત્ન હોય તો તે એક શુદ્ધચૈતન્ય સ્વરૂપ આત્મા જ છે. અર્થાત્ ચૈતન્ય નિધિની પ્રાપ્તિને અર્થે જ સત્શાસ્ત્રો ની રચના ભવ્ય જીવો માટે કરવામાં આવી છે. સંસાર ભરમાં જેટલા સ્વાભાવિક સૌંદર્યતા સહિત મનોહર પદાર્થો છે તે સર્વે પદાર્થોમાં સર્વોપરિ, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સ્વાભાવિક અદ્‌ભુત લોકોત્તર સૌંદર્યતાવાળો તથા મનોહર અને ઉત્કૃષ્ટ પદાર્થ જો કોઇ હોય તો તે શુદ્ધચૈતન્યસ્વરૂપ આત્મા જ છે, માટે સર્વે ભવ્ય જીવોએ ચૈતન્યસ્વરૂપ આત્માનું જ સારી રીતે ધ્યાન કરવું જોઈએ અને એનું જ ચિંતવન કરવું જોઇએ.

तदेवैकं परं तत्वं तदेवैकं परं पदम् ।
भव्याराध्यं तदेवैकं तदेवैकं परं महः ॥२२५॥

અર્થ:- તે શુદ્ધચૈતન્યસ્વરૂપ આત્મા જ એક ઉત્તમ તત્ત્વ છે અને તેજ એક ઉત્કૃષ્ટ સ્થાન છે, તેજ એક ભવ્ય જીવોને નિરંતર નિર્મળ ચિત્તથી આરાધન કરવા યોગ્ય છે; અને તેજ એક અદ્વિતીય ઉત્તમ તેજ છે.

मनसोऽचिन्त्यं वाचामगोचरं यन्महस्तनोर्भिन्नम् ।
स्वानुभवमात्रगम्यं चिद्रूपममूर्तमव्याद्धः ॥२२६॥

અર્થ:- શુદ્ધચૈતન્યરૂપી તેજનું મનથી કોઈ ચિંતવન નથી કરી શકતા અને વાણીથી પણ વર્ણન નથી કરી શકતા અને જે સદા શરીરથી ભિન્ન છે; માત્ર અનુભવથી જ જાણવામાં આવે છે એવું તે ચૈતન્ય રૂપી મહાતેજ ભવ્ય લોકોની રક્ષા કરે.

अविद्याभिदुरं ज्योतिः परं ज्ञानमयं महत् ।
तत्प्रष्टव्यं तदेष्टव्यं तद्द्रष्टव्यं मुमुक्षुभिः ॥२२७॥

અર્થ:- કર્મોના બંધનથી સર્વથા છૂટી આત્મ સ્વાધીનતાના ઇચ્છવાવાળા મોક્ષાભિલાષી ભવ્ય મુમુક્ષુઓએ અક્ષય, અતીન્દ્રિય, આલ્હાદ સ્વભાવને ધારણ કરનારી, મહાન્ ઉત્કૃષ્ટ અને ઇન્દ્રાદિક ભવ્ય આત્માઓએ કરી પરમ પૂજ્ય તથા અજ્ઞાન રૂપી અંધકારનો મૂળમાંથી ઉચ્છેદ કરવામાં અતિદક્ષ એવી સમ્યગ્જ્ઞાન સ્વરૂપ શુદ્ધ-ચૈતન્ય જ્યોતિના સંબંધમાં શુદ્ધાત્માનુભવી સદ્ગુરૂ આદિ-સમ્યગ્દૃષ્ટિ પુરુષોને વારંવાર પ્રેમથી પ્રશ્ન કરવા જોઇએ તથા એ જ્યોતિની જ અભિલાષા કરવી જોઈએ અને એનો જ પ્રતિસમય અનુભવ કરવો જોઇએ. એ સિવાય બીજો એ કે વિકલ્પ ચિત્તમાં ન કરવો જોઇએ.

एतस्मिन् रतो नित्यं संतुष्टो भव नित्यमेतस्मिन् ।
एतेन भव तृप्तो भविष्यति तवोत्तमं सौख्यम् ॥२२८॥

અર્થ:- હે ભવ્ય જીવ! તું આ-જ્ઞાનજ્યોતિમાં સદાકાળ રૂચિથી લીન થા અને એમાં જ હમેશાં સંતુષ્ટ થા. એ સિવાય અન્ય કોઇપણ તારા માટે કલ્યાણ કારી નથી. એનાથી જ તૃપ્તથા; આમ કરવાથી તને અન્ય કોઈ પણ ઇચ્છા નહિ રહે અને તેના અનુભવમાં ઉત્તમ સુખ પ્રાપ્ત થશે.

ભાવાર્થ:- હે ભવ્ય! જેટલું આ-જ્ઞાન છે તેટલો જ માત્ર સત્ય પરમાર્થ સ્વરૂપ આત્મા છે એવો નિશ્ચય કરીને જ્ઞાન માત્ર આત્મામાં જ નિરંતર રતિ; પ્રીતિ, અને રૂચિ કર. એટલું જ માત્ર સત્યાર્થ કલ્યાણ છે જેટલું આ જ્ઞાન છે, એવો નિશ્ચય કરીને જ્ઞાનમાત્ર આત્માથી નિત્ય સંતોષને પ્રાપ્ત થા-નિત્ય તૃપ્તિને પ્રાપ્ત થા; એવી રીતે નિત્ય આત્મામાં રત, આત્મામાં સંતુષ્ટ અને આત્મામાં જ તૃપ્ત થવાથી તને વચનથી અગોચર નિત્ય શાશ્વત ઉત્તમ આત્મ સુખ થશે. તે સુખને તે જ સમયે સ્વયમેવ દેખીશ; બીજાને ન પૂછ. કેમકે આ-સુખ પોતાને જ અનુભવ ગોચર છે. બીજાને કેમ પૂછે છે. ? તાત્પર્ય એ છે કે જ્ઞાન માત્ર આત્મામાં લીન થવું; એનાથીજ સંતુષ્ટ રહેવું; એનાથી જ તૃપ્ત રહેવું, એ જ પરમ ધ્યાન છે, તેનાથી વર્તમાનમાં આનંદ અનુભવાય છે અને એના પછી જ સંપૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ કેવલ-જ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તે સુખને એવું પૂર્વોકત કરવાવાળો જ પુરુષ જાણે છે; બીજાનો એમાં પ્રવેશ નથી.

तद्ब्रूयात्तत्तरान् पृच्छेत्तदिच्छेत्तत्तरो भवेत् ।
येनाऽविद्यामयं रुपं त्यक्त्वा विद्यामयं व्रजेत् ॥२२९॥

અર્થ:- આત્મ સ્વરૂપની જ વાત બીજાને કહેવી જોઈએ, આત્મ સ્વરૂપ જ બીજાને પૂછવું જોઈએ, અને એજ આત્મસ્વરૂપની પ્રાપ્તિની નિરંતર ઇચ્છા રાખવી જોઇએ; અને આત્મસ્વરૂપના ચિંતવનમાં જ પ્રતિ સમય તન્મય રહેવું જોઈએ. એમ કરવાથી અજ્ઞાનમય અવસ્થા છુટી જઈ જ્ઞાનમય આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય છે.

ભાવાર્થ:- જેમ કોઇ એક ધનવાન વૃદ્ધ પુરુષનો અત્યંત પ્રીતિ પાત્ર-એકજ માત્ર વિવાહિત પુત્ર-પિતાને કહ્યા વિના પરદેશમાં ચાલ્યો જાય તો તે વૃદ્ધ પુરૂષ જેનાથી વાત કરવાનો અવસર મળે તેની સાથે તે પોતાના પુત્રની જ વાત કરે છે, કોઈને કાંઇ પૂછે છે તો, તે પોતાના પુત્રના આવવાની જ વાત પૂછે છે; અને જો કોઇ વસ્તુની ઇચ્છા કરે છે તો તે એક માત્ર પોતાનો પ્રિય પુત્ર આવે એવીજ ઇચ્છા કરે છે. જો કોઇનું ચિંતવન કરે છે તો તે પોતાના પ્રેમ પાત્ર પુત્રનું જ કરે છે. સારાંશ એ છે કેઃ જેમ તે વૃધ્ધ પુરુષના ચિત્તથી એનો પુત્ર એક ક્ષણ પણ જૂદો નથી થતો, એવી રીતે આત્મસ્વરૂપની પ્રાપ્તિને અર્થે નિરંતર ચેષ્ટા કરવી જોઇએ.

येऽभ्यासयन्ति कथयन्ति विचारयन्ति ।
सम्भावयन्ति च मुहुर्मुहुरात्मतत्वम् ।
ते मोक्षमक्षयमनूनमनन्त सौख्यं ।
क्षिप्रं प्रयान्ति नवकेवललब्धिरुपम् ॥२३०॥

અર્થ:- જે ભવ્ય જીવ આત્મતત્ત્વનો વારંવાર અભ્યાસ કરે છે, અને આત્માનું જ કથન કરે છે તથા વિચાર પણ આત્માનો જ કરે છે અને અનુભવ પણ આત્માનો જ કરે છે તે ભવ્ય જીવ અવિનાશી, ઉત્કૃષ્ટ અનંતદર્શન, ક્ષાયકજ્ઞાન; ક્ષાયક ચારિત્ર આદિ નવ કેવલ લબ્ધિસ્વરૂપ સુખના ભંડાર એવા મોક્ષ પદને વાત વાતમાં પામે છે. એટલા માટે ભવ્ય જીવોએ સદાય આત્માનું પ્રસન્ન ચિતથી ચિંતવન કરવું જોઇએ.

भीषणनरकगतौ तिर्यग्गतौ कुदेवमनुष्यगत्योः ।
प्राप्तोऽसि तीव्रदुःखं भावय जिनभावनां जीव ! ॥२३१॥

અર્થ:- હે જીવ! તું મહાન્ ભયંકર નરકગતિ, તિર્યંચગતિ, કુદેવ, કુમનુષ્ય ગતિને વિષે તીવ્ર દુઃખને પામ્યો; માટે હવે તું જિન ભાવના (શુદ્ધાત્મતત્ત્વ) ભાવ કે જેથી સંસાર પરિભ્રમણ મટે.

ભાવાર્થ:- આત્મ ભાવના વિના ચાર ગતિનાં દુઃખ અનાદિ કાળથી સંસારમાં પામ્યો; માટે હવે હે જીવ! તું જિનેશ્વર પરમ કૃપાલુ વીતરાગ દેવના ચરણ કમલનું શરણ લે; અને શુદ્ધાત્મસ્વરૂપનો વારંવાર ભાવના રૂપ અભ્યાસ કર. (જ્ઞાનોપયોગ છે તે ચૈતન્યની જાણવારૂપ જ્ઞાન પરિણતિ છે તેનાથી ક્ષણ ક્ષણમાં-નિરંતર ચૈતન્ય સ્વરૂપની વારંવાર ભાવના કર.) કે જેથી સંસાર પરિભ્રમણથી રહિત મોક્ષ પદને પ્રાપ્ત થા. આ-ઉપદેશામૃતનું અખૂટ ઝરણું છે.

भावयामि भवावर्ते भावनाः प्रागभाविताः ।
भावये भाविता नेति भवाभावाय भावनाः ॥२३२॥

અર્થ:- હવે મારે સંસાર પરિભ્રમણનું કારણ દર્શનમોહનો ઉચ્છેદ કરીને આત્મ જ્ઞાન પ્રાપ્ત કરવું છે; માટે સંસાર ચક્રમાં પડયો એવો હું તેણે આજ સુધી જે શુદ્ધાત્મ જ્ઞાનની ભાવના ધારણ કરી ન હતી, તેને હવે ઉજ્જવળ અંતરંગ પરિણામથી વારંવાર ચિંતવન કરી ધારણ કરૂં છું. કેમકે આજ સુધીની અશુદ્ધ ભાવનાથી જ સંસારની વૃદ્ધિ થઈ છે; માટે એના નાશનું કારણ આજ સુધીની અશુદ્ધ ભાવનાઓથી ઉલટું જ છે. કેમકે આજ સુધીની સંસાર વર્ધક ભાવના મિથ્યાદર્શન અને વિપરીત જ્ઞાન રૂપ ઉલટી પ્રવૃતિ હતી, તે હવે સંસારપ રિક્ષીણ કરનાર જે ભાવનાઓ તે સમ્યગ્દર્શન; સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર રૂપ રત્નત્રય છે તેનો અનન્ય વિશુદ્ધ આત્મ પ્રેમથી સ્વીકાર કરૂં છું.

अथ भवजलराशौ मग्नजीवेन पूर्व्वं ।
किमपि वचनमात्रं निर्वृतेः कारणं यत् ।
तदपि भवभवेषु श्रूयते वाह्यते वा ।
न च न च वत कष्टं सर्वदा ज्ञानमेकम् ॥२२३॥

અર્થ:- અત્યંત ગહન આ સંસાર રૂપી મહાસમુદ્રમાં ડૂબેલ જીવે નિર્વૃત્તિ અર્થે અર્થાત્ મોક્ષનું કારણ જે ભાવ છે તેને કયારે પણ ભાવેલ નથી (ચિંતવન કરેલ નથી) અરેરે! આ મહાન્ખેદની વાત છે. આત્માએ પૂર્વે ભવભવમાં તે તત્ત્વને વચનમાત્રથી સાંભળેલ છે અથવા કહેલ છે પણ મોક્ષનો કારણ ભૂત ભાવતો એકજ શુદ્ધાત્મજ્ઞાન જ છે; તે પરમાત્મ તત્ત્વ

સદાય આનન્દમય અને ઉત્કૃષ્ટ છે, પણ આત્મજ્ઞાનની ભાવનાથી રહિત અજ્ઞાની જીવોને માટે શુદ્ધાત્મ તત્ત્વ મહાદુર્લભ છે.

अथ विविधविकल्पं पंचसंसारभूलं ।
शुभमशुभसुकर्मं प्रस्फुटं तद्विदित्वा ।
भवमरणविमुक्तं पंचमुक्तिप्रदं यं ।
तमहमभिनमामि प्रत्यहं भावयामि ॥२२४॥

અર્થઃ- અનેક વિકલ્પ રૂપ ગતિમાન સંસારનું મૂળ શુભાશુભ કર્મોને પ્રગટ પણે જાણીને હું ભવ ભવમાં મરણથી રહિત, પંચમગતિ (અપુનર્ભવ) જે મોક્ષ તેનો દાતાર એવોજે (શુદ્ધાત્મ) શુદ્ધ પરમ પારણામિક વીતરાગ આત્મિક ભાવ છે તેને સહૃદય અનન્ય આત્મ પ્રેમથી પુનઃપુનઃ ત્રિધાયોગે નમસ્કાર કરૂં છું અને એની જ પ્રતિસમય ભાવના કરૂં છું.

अथ सुललितवाचां सत्यवाचामपीत्थं ।
न विषयमिदमात्मज्योतिराद्यन्तशून्यम् ।
तदपिगुरुवचोभिः प्राप्य यः शुद्धदृष्टिः ।
स भवति परमश्रीकामिनी कामरुपः ॥२२५॥

અર્થઃ- શુદ્ધાત્મ જ્યોતિ મનોહર અને લલિત વાણીનો વિષય નથી અને તે જ્યોતિ આદિ અને અંત રહિત છે. તો પણ શ્રી ગુરૂના વચનોના પ્રતાપથી જે કોઇ શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ એને પ્રાપ્ત કરે છે તે આસન્ન ભવ્ય આત્મા મોક્ષ રૂપી પરમ લક્ષ્મીનો પતિ થાય છે.

जायन्ते विरसा रसा विघटते गोष्ठीकथाकौतुकं ।
शीर्यन्ते विषयास्तथा विरमति प्रीतिः शरीरेऽपि च ।
जोषं वागपि धारयत्यविरतानन्दात्मशुद्धात्मन-
श्चिंतायामपि यातुमिच्छति समं दोषैर्मनः पञ्चताम् ॥२३६॥

અર્થ:- પરમાનન્દ સ્વરૂપ શુદ્ધાત્માની પ્રાપ્તિ તો દૂર રહો કિંતુ કેવલ શુદ્ધ ચૈતન્ય જ્યોતિની ચિંતા (ચિંતવન) કરવાથી જ શૃંગારાદિ રસ વિરસ થઈ જાય છે. સ્ત્રી, પુત્ર, આદિની ગોષ્ઠી (સલાહ) નાશ થઈ જાય છે અને એની કથા કૌતુક (કુતુહલ) છે તે પણ દૂર ભાગી જાય છે. તથા ઇન્દ્રિયોના વિષયો પણ સર્વથા નાશ થઇ જાય છે અને સ્ત્રી પુત્ર આદિની પ્રીતિતો દૂર જ રહો, પરંતુ શરીરમાં પણ પ્રીતિ નથી રહેતી, વચન પણ મૌનને ધારણ કરી લે છે; અને સમસ્ત રાગ દ્વેષાદિ દોષોની સાથે મન પણ નાશને પ્રાપ્ત થઇ જાય છે. એટલા માટે ભવ્ય જીવોએ તે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ શુદ્ધાત્માની ચિંતામાંજ નિરંતર નિમગ્ન રહેવું જોઇએ.

भावे मनोहरेऽपि च काचिन्नियता च जायते प्रीतिः ।
अपि सर्वाः परमात्मनि दृष्टे तु स्वयं समाप्यन्ते ॥२३७॥

અર્થ:- અત્યંત મનોહર પદાર્થમાં કોઇ વિચિત્ર તથા નિશ્ચિત પ્રીતિ થઇ જાય છે. કિન્તુ જે સમયે પરમાત્માનું દર્શન થાય છે તે સમયે અન્ય પદાર્થોમાં પ્રીતિની સમાપ્તિ થઈ જાય છે.

ભાવાર્થઃ- જ્યાં સુધી મનુષ્ય પરમાત્માને નથી દેખતો અર્થાત્ અનુભવ નથી કરતો, ત્યાં સુધી તે મનુષ્યને બાહ્ય પદાર્થ (દેહ, સ્ત્રી, પુત્ર, ધન, આદિ) પ્રીતિ કરવાવાળા થાય છે; અર્થાત્ તે બાહ્ય પદાર્થોને જ પ્રિય માને છે કિન્તુ જે સમયે તેને પરમાત્માનાં દર્શન થઈ જાય છે તે સમય બાહ્ય પદાર્થોને અંશે પણ પ્રિય નથી માનતો, અપ્રિય માને છે.

आत्मा स्वं परमीक्ष्यते यदि समं तेनैव संचेष्टते ।
तस्मा एव हितस्ततोऽपि च सुखी तस्यैव संबंधभाक् ।
तस्मिन्नेवगतो भवत्यविरतानन्दामृताम्भोनिधौ ।
किं चान्यत्सकलोपदेशनिवहस्यैतद्रहस्यं परम् ॥२३८॥

અર્થઃ- જ્યારે આ-આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને દેખે છે; (અનુભવે છે) ત્યારે સ્વયં પોતાના સ્વરૂપની સાથે જ ચેષ્ટા કરે છે; અને પોતાના સ્વરૂપને અર્થે જ હિત સ્વરૂપ બને છે. તે પોતાથી જ સુખી થાય છે અને પોતાનો જ પોતે સંબંધી થાય છે; તથા નિરંતર આનન્દામૃતના સમુદ્ર સ્વરૂપ પોતાના સ્વરૂપ માંજ લીન થાય છે. એવી રીતે સમસ્ત પ્રવૃતિઓની આત્મામાં દૃઢ સ્થિતિ છે તેજ સમસ્ત ઉપદેશનું અસલી તાત્પર્ય છે એનાથી જુદું બીજું કાંઇ પણ નથી.

अचिंत्यशक्तिः स्वयमेव देव-
श्चिन्मात्रचिंतामणिरेष यस्मात् ।
सर्वार्थसिद्धात्मतया विधत्ते
ज्ञानी किमन्यस्य परिग्रहेण ॥२३९॥

અર્થઃ- કારણ કે આ (જ્ઞાની) પોતેજ ચૈતન્ય ચિંતામણિ અચિંત્ય શકિતવાળો દેવ છે; અર્થાત્ પોતેજ ચિન્માત્ર ચિંતામણિ રત્નમય ભગવાન છે. એવા જ્ઞાની કે જેના સર્વ પ્રેયોજન સ્વતઃ સિદ્ધ છે એવા સ્વરૂપે લીન હોવાથી જ્ઞાની અન્યના પરિગ્રહથી શું કરે ? કાંઈ જ કરવાનું નથી.

ભાવાર્થઃ- આ જ્ઞાનમૂર્તિ આત્મા અનંત શકિતઓનો ધારક વાંછિત કાર્યની સિદ્ધિ કરવાવાળો પોતેજ દેવ છે; એટલા માટે સર્વે પ્રયોજન સિધ્ધ હોવાથી જ્ઞાનીને અન્ય પરિગ્રહનું સેવન કરવાથી શું સાધ્ય છે ? કાંઇજ નથી. આ નિશ્ચય નયનો ઉપદેશ છે. સારાંશ એ છે કે; શુદ્ધાત્માનુભવરૂપ ચિંતામણિ રત્નનો જેના હૃદય કમળમાં પ્રકાશ થઇ જાય છે તે પવિત્રાત્મા ચતુર્ગતિ ભ્રમણરૂપ સંસારનો નાશ કરી મોક્ષ પદને પામે છે. એનું ચારિત્ર ઇચ્છા રહિત હોય છે. તે કર્મોની સંવર પૂર્વક નિર્જરા કરે છે. તે અનુભવી જીવને રાગદ્વેષ આદિ પરિગ્રહનો ભાર અને ભવિષ્યમાં થવાવાળા અલ્પ જન્મ કોઇ ગણત્રીમાં નથી અર્થાત્ અલ્પ કાળમાં સિદ્ધ પદને પામશે.

अनिन्द्यमतुलबोधाधीनमात्मानमात्मा
सहजगुणमणीनामाकरं तत्त्वसारम्
निज परिणतिशर्म्माम्भोधिमज्जन्तमेनं
भजतु भवविमुक्तयै भव्यतामेरितो यः ॥२४०॥

અર્થઃ- હે ભવ્યાત્મન્! જો તું ભવ્યતારૂપી નિર્મળભાવે પ્રેરિત થયેલ છે તો, તું સંસાર (ભવ) થી મુકિત પ્રાપ્ત કરવા અર્થે

એવાજ આત્માનું ભજન કર કે જે નિરંતર પોતાના અનંત-જ્ઞાનને જ આધીન છે. જે સ્વાભાવિક અનંતગુણોરૂપી રત્નની ખાણ છે, જે સર્વે તત્ત્વોમાં સાર ભૂત છે અને જે આત્મ પરિણતિથી ઉત્પન્ન અતીન્દ્રિય આલ્હાદ સુખરૂપી સમુદ્રમાં સદાય નિમગ્ન છે-લીન છે.

भवभोगपराङ्मुख हे यते ।
पदमिदं भवहेतुविनाशनम् ।
भज निजात्मनिमग्नमते पुन-
स्तव किमध्रुववस्तुनि चिन्तया ॥२४१॥

અર્થ:- હે યતિ! જો તું સંસાર અને ભોગોમાં ઉદાસીન પરિણામી છે, તથા નિજ આત્મામાંજ આત્મપણાની બુદ્ધિનેજ ધારણ કરવાવાળો છો, તો તું સંસાર (ભવ) નું કારણ જે કર્મ બંધ તેને નાશ કરવાવાળું જે આ-આત્મ પદ છે એનુંજ ભજન કર. કેમકે આત્મ પરિણામને બગાડીને વિનાશ થવાવાળી નાશવંત વસ્તુની ચિંતા કરવાથી તને શું લાભ થશે ? કાંઇ નહિ થાય.

समयसारमनाकुलमच्युतं
जननमृत्युरुजादिविवर्जितम्
सहजनिर्मलशर्म्मसुधामयं
समरसेन सदा परिपूजये ॥२४२॥

અર્થ:- હું પરમસમતારસરૂપી અમૃત જલથી નિરંતર પ્રસન્ન ચિત્તે પૂજું છું કેમકે જે સમયસાર પરમાત્મા આકુળતા

રહિત (અનાકુળ) છે, પોતાના ગુણોથી અચ્યુત અર્થાત્ દૃઢ છે; જન્મ મરણાદિ રોગોથી રહિત છે. સ્વાભાવિક (સહજ) નિર્મળ નિર્વિકલ્પ આનન્દ રૂપી પરમામૃતનું પરમ અનુપમ મંદિર છે.

गिरिगहणगहारण्यान्यशून्य प्रदेश ।
स्थितिकरण निरोधध्यान तीर्थोपसेवा ।
पठनजपहोमै र्ब्रह्मणो नास्ति सिद्धिः ।
मृगयतदपरत्वंभोः प्रकारं स्वसारं ॥२४३॥

અર્થ:– પર્વતની ભયાનક ગુફામાં, નિર્જન વનમાં અથવા બીજા કોઇ શૂન્ય પ્રદેશમાં બેસવાથી, ઇન્દ્રિયોને રોકવાથી, ધ્યાનથી, તીર્થોની યાત્રા કરવાથી, ભણવાથી અથવા જપ હોમ કરવાથી બ્રહ્મની સિદ્ધિ થતી નથી. એટલા માટે હે આત્મન્! તું ઉત્કૃષ્ટ રૂપ એ સર્વેથી ભિન્ન પોતાના આત્માના સારને શોધ અર્થાત્ ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મથી રહિત શુદ્ધાત્માને શોધ– અનુભવ કર અને એનીજ વારંવાર ભાવના ભાવ.

अनशनादितपश्चरणैः फलं ।
समतया रहितस्य यतेर्न हि ।
तत इदं निजतत्त्वमनाकुलं ।
भज मुने समताकुलमंदिरम् ॥२४४॥

અર્થ:– ખરેખર સમતાભાવ (વીતરાગ ભાવ) રહિત યતિ અનશનાદિ બાર પ્રકારના ઉગ્ર તપ તપે તોપણ એને કાર્યની સિદ્ધિ થતી નથી, માટે હે મુનિ! તું આકૂળતા રહિત સમતા દેવીનું

કુળમંદિર એવું જે પોતાનું શુદ્ધાત્મ તત્ત્વ છે એનુંજ ભજન કર, એનુંજ ધ્યાન ધર અને એનુંજ એકાગ્ર શાન્ત ચિત્તથી વારંવાર ચિંતવન કર.

इत्थं मुक्त्वा भवभयकरं सर्वसावद्यराशिं ।
नीत्वा नाशं विकृतिमनिशं कायवाङ्मानसानाम् ।
अन्तः शुद्धया परमकलया साकमात्मानमेकं ।
बुद्धवा जन्तुः स्थिरशमभयं शुद्धशीलं प्रयाति ॥२४५॥

અર્થ:- આ રીતે સંસારના ભવ ભયને ઉત્પન્ન કરવાવાળી સર્વ પાપ રાશિનો ત્યાગ કરી તથા મન, વચન, કાયાના રાત્રિ દિવસના વિકારોનો નિરંતર નાશ કરીને જે કોઇ ભવ્ય જીવ અંતરંગ શુદ્ધ પરમ જ્ઞાન જ્યોતિની કળા સાથે એક આત્માનોજ અનુભવ કરે છે તેજ મુનિ સ્થિર અને સમતાભાવમય શુદ્ધ-આત્મિક ભાવને પ્રાપ્ત થાય છે. અર્થાત્ શાશ્વત સમતામય શુદ્ધ ચારિત્રને પ્રાપ્ત કરે છે.

जयति समयसारः सर्वतत्त्वैकसारः
सकलविलयदूरः प्रास्तदुर्वारमारः ।
दुरिततरुकुठारः शुद्धबोधावतारः
सुखजलनिधिपूरः क्लेशवाराशिपारः ॥२४६॥

અર્થ:- સર્વ તત્ત્વોમાં એક સાર ભૂત જે સમયસાર અર્થાત્ શુદ્ધાત્મા છે. કેવો છે તે સમયસાર? સંપૂર્ણ વિલય અર્થાત્ સંપૂર્ણ વિકારોથી દૂર છે, અત્યંત કઠિનતાથી નિવારણ કરવા

યોગ્ય જે કામદેવ તેને જેણે અસ્ત કરી દીધેલ છે, પાપરૂપી વૃક્ષને કાપવાને કુહાડા સમાન છે, શુદ્ધ જ્ઞાનનો અવતાર છે, જે આનન્દ રૂપી સમુદ્રથી પરિપૂર્ણ છે અને કલેશ રૂપી ખારા સમુદ્રથી પાર થઈ ગએલ છે, તે સમયસાર સદાય જયવંત વર્તે છે.

ભાવાર્થઃ– આત્મહિતના વાંછક ભવ્ય પુરુષોએ એવાજ સાર સ્વરૂપ પરમાત્માને ધ્યાનમાં ધ્યાવવા યોગ્ય છે; જે ધ્યાનથી સંસારના બીજરૂપ ભાવ મોહનો નાશ થાય છે અર્થાત્ કલેશો– દ્વિથીપાર કરનાર છે. તે ભગવાન સમયસારની સદાય જય હો, શરણ હો.

एको भावः सर्वभावस्वभावः सर्वेभावाएकभावस्वभावाः।
एको भावस्तत्त्वतो येन बुद्धः सर्वे भावास्तत्त्वतस्तेन बुद्धाः
॥२४७॥

અર્થઃ– એક ભાવ સર્વ ભાવોના સ્વભાવ સ્વરૂપ છે અને સર્વ ભાવ એક ભાવના સ્વભાવ સ્વરૂપ છે; એટલા માટે જેણે તત્ત્વથી (યથાર્થ સ્વરૂપથી) એક ભાવને જાણ્યો તેણે સમસ્ત ભાવોને યથાર્થ પણે જાણ્યા.

ભાવાર્થઃ– આત્માનો એક જ્ઞાન ભાવ એવો છે કે જેમાં સમસ્ત ભાવ (પદાર્થ) પ્રતિબિમ્બિત થાય છે-ઝળકે છે. તે પદાર્થોના આકાર સ્વરૂપ પોતે થાય છે તથા તે ભાવ સર્વજ્ઞેય છે. એના જેટલા આકાર છે તે એક જ્ઞાનના આકાર થાય છે;

એટલા માટે જે એ પ્રકારના જ્ઞાનના સ્વરૂપને યથાર્થ જાણે છે તેણે સર્વે પદાર્થ જાણ્યા; અર્થાત્ જ્ઞાન જ્ઞેયાકાર થયું તે કારણે જ્ઞાને જાણ્યું ત્યારે સર્વે ભાવોને જાણ્યા, કેમકે જ્ઞાન એ જ આત્મા છે એમ અહીં કહ્યું છે. જ્ઞાનમાં ભેદ કર્મોના ક્ષયોપશમ અનુસાર થએલ છે તે કાંઈ જ્ઞાન સામાન્યને (વાસ્તવિક જ્ઞાન) અજ્ઞાન રૂપ નથી કરતા, પરંતુ જ્ઞાનને જ પ્રગટ કરે છે. એટલા માટે ભેદોને ગૌણ કરી એક જ્ઞાન સામાન્યનું અવલંબન લઈ ને આત્માને ધ્યાવવો. એનાથી જ સર્વ સિદ્ધિ થાય છે. જેમ બહુજ રત્નોથી ભરેલ સમુદ્ર એકજ જલથી ભરેલ છે તોપણ તેમાં નિર્મળ નાના મોટા અનેક તરંગો ઉત્પન્ન થાય છે, તે સર્વે એક જલ રૂપ જ છે. એવી રીતે આ-આત્મા પણ જ્ઞાન સમુદ્ર સ્વરૂપ છે તે એકજ છે, એમાં અનેક ગુણો છે. અને કર્મના નિમિત્તથી જ્ઞાનના અનેક ભેદ આપો આપ વ્યક્ત રૂપ પ્રગટ થાય છે તે વ્યક્તિઓ એક જ્ઞાન રૂપજ જાણવી. ખંડ ખંડ રૂપે અનુભવ ન કરવો કેમકે આત્માના જેટલા ધર્મ છે તે સર્વે જ્ઞાનના પરિણમન સ્વરૂપ છે. જો કે એમાં લક્ષણ ભેદથી ભેદ છે તો પણ પ્રદેશ ભેદ નથી; એટલા માટે એક અસાધારણ જ્ઞાન કહેવાથી સર્વે એમાં આવી ગયા. એથી આ આત્માનો જ્ઞાનમાત્ર જે એક ભાવ એમાં અન્તઃ પાતિની (જ્ઞાનમાં આવીને પડવાવાળી) અનંત શક્તિઓ ઉદય થાય છે (ઉઘડે છે) માટે જ્ઞાનનું પામવું કર્મે કરી નથી થતું માત્ર એક જ્ઞાને કરીને જ જ્ઞાનમાં જ્ઞાનનું પ્રકાશવું થાય છે એટલા માટે જ્ઞાને કરીને જ જ્ઞાનનું પ્રકાશમાન છે.

पदमिदं ननु कर्मदुरासदं ।
सहजबोधकलासुलभं किल ।
तत इदं निजबोधकलाबलात् ।
कलयितुं यततां सततं जगत् ॥२४८॥

અર્થ:- આ-જ્ઞાનમય પદ કર્મ કરવાથી તો દુષ્પ્રાપ્ય છે. અને સ્વાભાવિક નિર્મળ ભેદવિજ્ઞાનની કળાથી સુલભ છે, માટે પોતાના નિજ જ્ઞાનની કળાના બળથી આ પદનો અભ્યાસ કરવાને સર્વે જગત્ સતત પ્રયત્ન કરો.

ભાવાર્થ:- સકળ કર્મોને છોડાવીને જ્ઞાન કળાના બળ વડે જ જ્ઞાનનો અભ્યાસ કરવાનો ઉપદેશ કર્યો છે. જ્ઞાનની કળા કહેવાથી એવું સૂચિત થાય છે કે:-જ્યાં સુધી પૂર્ણ કળા પ્રગટ ન થાય ત્યાં સુધી જ્ઞાન હીન કળા સ્વરૂપ છે. મતિજ્ઞાનાદિ રૂપ છે. તે જ્ઞાનની કળાના અભ્યાસથી કેવલજ્ઞાનસ્વરૂપ જે પૂર્ણ કળા છે તે પ્રગટ થાય છે. સારાંશ: અનેક પ્રકારની બાહ્ય ક્રિયાઓના કલેશથી કોઇ પણ મોક્ષ પદને નથી પામી શકતા અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થવાથી કલેશ કર્યા વિના જ મોક્ષ પદ પ્રાપ્ત થાય છે. જ્ઞાન જ્યોતિ સમસ્ત જીવોના અંતરંગમાં બિરાજમાન છે; તે મન, વચન, અને કાયાથી અગમ્ય છે; માટે હે ભવ્યો! પોતાની જ્ઞાન જ્યોતિની કળા પ્રગટ કરી સંસારથી મુક્ત થાઓ. અર્થાત્ નિજ પદને પ્રાપ્ત કરો.

यत्रैवाहित धीः पुंसः श्रद्धा तत्रैव जायते ।
यत्रैव जायते श्रद्धा चित्तं तत्रैव लीयते ॥२४९॥

અર્થ:- પુરુષની જે પદાર્થમાં બુદ્ધિ લાગી જાય છે એમાંજ એની શ્રદ્ધા ઉત્પન્ન થઈ જાય છે અને જે પદાર્થમાં શ્રદ્ધા ઉત્પન્ન થઇ જાય છે એમાંજ એનું મન રમી જાય છે.

ભાવાર્થ:- જે પુરુષને જે વસ્તુ પ્રિય માલુમ પડે છે અથાત પ્રિય લાગે છે એજ વસ્તુને ગ્રહણ કરવાની તે પુરુષની ઇચ્છા થાય છે; અને એજ વસ્તુમાં એનું મન પ્રતિસમય લીન થાય છે. એ નિયમ અનુસાર જે પુરુષને આત્માનો અનુભવ પ્રિય લાગે છે; એને આત્માનો અનુભવ કરવાનીજ નિરંતર ઇચ્છા રહ્યા કરે છે અને એજ કારણે એનું મન આત્માનુભવમાં એવું તન્મય રહે છે કે, સ્વપ્નમાં પણ આત્માનુભવથી અલગ થવું ઇચ્છતો નથી; એનાથી વિરૂદ્ધ વિષયોમાં જે પુરુષની પ્રીતિ છે, એનું મન નિરંતર વિષયોમાંજ ફસ્યું રહે છે અને કદાચ જો એને શાસ્ત્રનું જ્ઞાન થાય તો પણ તે કાર્ય કારી થતું નથી.

यत्रानाहित धीः पुसः श्रद्धा तस्मान्निवर्तते ।
यस्मान्निवर्तते श्रद्धा कुतश्चित्तस्य तल्लयः ॥२५०॥

અર્થ:- જે પુરુષની જે વસ્તુમાં અનુપકારક બુદ્ધિ થઇ જાય છે અર્થાત્ જે વસ્તુને તે હિતકારી નથી સમજતો, તે વસ્તુમાં તેની રૂચિ થતી નથી, અને જે વસ્તુમાં રૂચિજ નથી તે વસ્તુમાં તેનું મન જ શી રીતે લાગે ? અર્થાત્ ન લાગે. જેમ કોઇ પુરુષને વિષય-કષાયોથી બચવું હોય તો પ્રથમ વિષય-કષાયો દુઃખદાયી છે; એમ તેને યથાર્થ પણે લાગવું જોઈએ કેમકે જ્યારે એની બુદ્ધિમાં વિષય-કષાય એકાન્ત દુઃખદાયી છે, એવું યથાર્થ માલુમ

થશે ત્યારેજ સ્વયં એની રૂચિ એનાથી હઠી જશે અને રૂચિ દૂર થવાથી મન વિષયકષાયોના સેવનથી ઉદાસ થઇ જશે.

यदा मोहात्मजायेते रागद्वेषौ तपस्विनः ।
तदैव भावयेत्स्वस्थमात्मानं शाम्यतः क्षणात् ॥२५१॥

અર્થ:- જે સમયે કોઇ તપસ્વી મુનિના હૃદયમાં મોહના ઉદયથી રાગ દ્વેષ ઉત્પન્ન થઇ જાય તો, તે સમયે તેને પોતાના શુદ્ધાત્મસ્વરૂપની ભાવના કરવી જોઇએ. એવી રીતે વારંવાર શુદ્ધાત્મસ્વરૂપની ભાવના કરવાથી જ રાગ-દ્વેષ ક્ષણવારમાં શાંત થઇ જશે.

ભાવાર્થ:- રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ આદિ એક એક પ્રકારનો આત્મિક રોગ છે. તે જો કે અજ્ઞાન દ્વારા શરીર, સ્ત્રી, પુત્રાદિકોને આત્મસ્વરૂપ માનવાથી તથા પંચેન્દ્રિયોના વિષયોએ પ્રાપ્તિ અપ્રાપ્તિથી ઉત્પન્ન થાય છે. શુદ્ધાત્મસ્વરૂપનું વારંવાર ચિંતવન કરવું એ જ વિષયકષાયોને નિર્મૂલ કરવાને માટે એક માત્ર રામબાણ ઔષધિ છે. એ રોગોનું નિદાન (મૂલકારણ) આત્મ સ્વરૂપનું અજ્ઞાન છે-વિસ્મરણ છે એટલા માટે અજ્ઞાનનો નાશ કર્યા વિના એ રોગોની જડ નાશ પામતી નથી.

પરમાત્મપદની ભાવનાનું ફળ

सोऽहमित्यात्तसंस्कारस्तस्मिन् भावनया पुनः ।
तत्रैव दृढ़संस्काराल्लभते ह्यात्मनि स्थितिम् ॥२५२॥

અર્થ:- વારંવાર પરમાત્મ પદની ભાવના કરતા રહેવાથી "તે અનંતજ્ઞાનસ્વરૂપ પરમાત્મા હુંજ છું." એવા પ્રકારના દૃઢ સંસ્કાર આત્મામાં ઉત્પન્ન થઇ જવાથી અર્થાત્ પરમાત્મ સ્વરૂપના દૃઢ સંસ્કાર ઉત્પન્ન થતાંજ આ-જીવ નિશ્ચયથી પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થઇ જાય છે.

ભાવાર્થ:- પૂર્વોકત પ્રકારની દૃઢ ભાવનાના અભ્યાસથી જ્યારે આ જીવની પરમાત્મ પદ સાથે એકત્વપણાની બુદ્ધિ થઇ જાય છે; ત્યારે આ જીવ પોતાને કેવલજ્ઞાનમયી અથવા અનંત-સુખ સંપન્ન પોતાને સમજવા લાગે છે; ત્યારે નાના મોટા કાલ્પનિક સુખના કારણ ભૂત બાહ્ય પદાર્થોથી એનો મમત્વ ભાવ સ્વયં છૂટી જતાં રાગ દ્વેષ મંદ થતા થતા નાશ થઇ જાય છે, ત્યારે એને પરમાત્મ પદની પ્રાપ્તિ થઇ જાય છે.

या देहात्मैकताबुद्धिः सा मज्जयति संसृतौ ।
सा प्रापयति निर्वाणं या देहात्मविभेदधीः ॥२५३॥

અર્થ:- દેહમાં અને આત્મામાં જે એકતાની બુદ્ધિ છે અર્થાત્ દેહ છે એ જ આત્મા છે અને આત્મા છે એજ દેહ છે એવી બુદ્ધિ છે તે જ સંસારમાં ડુબાડે છે. શરીરની અને આત્માની જે ભિન્ન બુદ્ધિ છે અર્થાત્ શરીર અલગ છે અને આત્મા પણ અલગ છે, એવી ભિન્ન બુદ્ધિ છે તે મોક્ષને પ્રાપ્ત કરાવે છે.

यः शरीरात्मनोरैक्यं सर्वथा प्रतिपद्यते ।
पृथक्त्व श्रेमुषी तस्य गुथमाणिक्ययोः कथम् ॥२५४॥

અર્થ:- જે અજ્ઞાની મૂઢાત્મા દેહ અને આત્માને વિષે સર્વથા એકપણું માને છે તેને વિષ્ટા અને માણિક્યરત્નને વિષે ભિન્ન પણાની બુદ્ધિ કેમ થાય? ન થાય. આત્મા તો રત્ન સમાન પવિત્ર છે અને દેહ વિષ્ટા સમાન મહા અપવિત્ર અશુચિમય છે. વિષ્ટામાં રહેલું જે રત્ન તેને જેમ મૂર્ખ મનુષ્ય એક માને છે તેમ કર્મોદય વશ શરીરમાં રહેલ જે આત્મા તેને મિથ્યાદૃષ્ટિ એકરૂપ માને છે, એમ જાણવું.

देहचेतनयोर्भेदो भिन्नज्ञानोपलब्धितः ।
सर्वदा विदुषा ज्ञेयश्चक्षुः घ्राणार्थयोरिव ॥२५५॥

અર્થ:- ભવ્ય-વિદ્વાન પુરુષે દેહ અને ચેતન એ બન્નેનું ભિન્નપણું અવશ્ય જાણવા યોગ્ય છે. એ બન્નેનું ભિન્નપણું ભેદજ્ઞાને કરી જાણવામાં આવે છે. જેમ ચક્ષુ (નેત્ર) ઇન્દ્રિય અને ઘ્રાણ (નાસિકા) ઇન્દ્રિયનો વિષય જે રૂપ તથા ગંધ છે તે જ્ઞાને કરી ભિન્ન જાણવામાં આવે છે; તેથી ભિન્ન છે.

ભાવાર્થ:- દેહ તો (ઇન્દ્રિય) જ્ઞાને કરી દેખાય છે અને આત્મા સ્વસંવેદન જ્ઞાને કરી જણાય છે. ઇન્દ્રિયજ્ઞાને કરી આત્મા નથી દેખાતો અને સ્વસંવેદન જ્ઞાનમાં શરીર નથી ભાસતું; એમ જુદાપણું જ્ઞાને કરી જાણવામાં આવે છે. માટે શરીર અને આત્મા ભિન્ન છે. જેમ રૂપ નેત્રથી જાણવામાં આવે છે, ગંધ નાસિકાથી જાણવામાં આવે છે, પરંતુ રૂપ નાસિકાથી નથી જણાતું અને ગંધ નેત્રથી નથી જણાતી માટે ગંધ અને રૂપ બન્ને ભિન્ન ભિન્ન છે, એમ અનુમાને નકકી થાય છે.

आत्मानमन्तरे दृष्ट्वा, दृष्ट्वा देहादिकं बहिः ।
तयोरन्तरविज्ञानादाभ्यासादच्युतो भवेत् ॥२५६॥

અર્થ:- આત્માને અંતરંગમાં દેખીને અને શરીરાદિકને બાહ્ય જાણીને શરીર અને આત્માની ભિન્નતાનો દઢ જ્ઞાનાભ્યાસ કરતા કરતા જીવ મુકત થઈ જાય છે,

ભાવાર્થ:- જ્યારે આ જીવને આત્મા અને શરીરનો ભેદ સ્પષ્ટ માલુમ પડવા લાગે છે ત્યારે તે શરીરાદિક ક્રિયાઓથી ઉપેક્ષા (ઉદાસીનતા) કરવા લાગે છે. અને સમ્યક્‌જ્ઞાનાદિ આત્મિક ગુણોની પ્રાપ્તિ અને વૃદ્ધિ અર્થે પ્રયત્ન કરવા લાગે છે; એવી રીતે કરતાં કરતાં જ્યારે સમ્પૂર્ણ દેહાદિ સંબંધી ક્રિયાઓને છોડી પોતાના સર્વ આત્મિક ગુણોનો પૂર્ણ વિકાશ કરી લે છે ત્યારે જીવ મુકત થઇ જાય છે. અંતરાત્માનું સ્વરૂપ તો અંતરંગ વિષે આત્માનો પ્રગટ અનુભવ ગોચર સંકલ્પ છે. શરીર અને ઇન્દ્રિયોથી ભિન્ન ભાવમન દ્વારા જે દેખવા અને જાણવાવાળો છે તેજ હું છું, એમ સ્વસંવેદન જ્ઞાન ગોચર સંકલ્પ તેજ અંતરાત્મા છે.

शरीरकंचुकेनात्मा संवृतज्ञानविग्रहः ।
नात्मानं बुध्यते तस्माद्‌भ्रमत्यतिचिरं भवे ॥२५७॥

અર્થ:- જ્ઞાનમાત્ર છે શરીર જેનું એવો આ-આત્મા કાર્મણ શરીર રૂપી કાંચળીથી ઢંકાએલ છે, એટલા માટે પોતાના વાસ્તવિક સ્વરૂપને જાણ્યા વિના અનાદિ કાળથી સંસાર ચક્રમાં ભ્રમણ કર્યા કરે છે. અહીં કાંચળીને કેવલ દૃષ્ટાંતમાત્ર સમજવું

જોઇએ. જેવી રીતે સર્પને કેવલ ઉપરના ભાગમાં વૃક્ષની છાલની માફક કાંચળી રહે છે, પણ શરીર અંદર રહેતી નથી. એવી રીતે આત્માની સાથે કાર્મણ શરીર (સૂક્ષ્મ શરીર) નો સંબંધ ન સમજવો જોઇએ, કિન્તુ સંસારી આત્મા અને કર્મને એવા પ્રકારે મળેલ માનવો જોઇએ કે, જેવી રીતે દુધમાં સાકર અથવા પાણીમાં મીઠાનું મળી જવું થાય છે. જેમ દાદરની દવા બનાવતી વખતે પારાને અને ગંધકને પીસીને એકમેક કરવાથી બન્નેની અવસ્થા બીલકુલ કાજલ સરખી થઇ જાય છે, અને પારાનું શ્વેતપણું અથવા ચમક અને ગંધકનું પીલા પણું કયાંય જતું રહે છે, દેખાતું નથી. એવી રીતે આત્માની સાથે કર્મોનો સંર્વાશે સંબંધ રહેવાથી બન્નેની અવસ્થા વિકૃત રહે છે. તેથી આત્મા અનંત દુઃખ સુખ રૂપ પરણતિ કરે છે અને સમ્યક્ત્વાદિ ગુણોની પણ એ જ સ્થિતિ રહે છે.

વિશેષાર્થ:– સર્પના શરીર ઉપરની કાચલી જે પ્રમાણે સર્પના રંગ રૂપાદિનું જ્ઞાન નથી થવા દેતું, તે પ્રમાણે આત્માનું જ્ઞાન દર્શનમોહનીયના ઉદયાદિરૂપ કાર્માણવર્ગણા ઓથી આચ્છાદિત થઇ જાય છે; ત્યારે આત્માના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થતું નથી. આમ અજ્ઞાનતાને કારણે રાગાદિની ઉત્પત્તિ થાય છે; તેમાં જીવ એકત્વબુદ્ધિકરી ચિરકાલથી સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે.

જેમ ચુનો અને કાથો પરસ્પર મલી જવાથી તેની પરણતિ લાલ થઇ જાય છે, તેવી રીતે કર્મપરમાણુંઓનો આત્મ પ્રદેશની સાથે પરસ્પર બંધ, પાણી દુધની માફક થઇ જવાથી તે બન્નેના

ગુણોની વિકૃત દશા થઈ જાય છે. દર્શનમોહનીકર્મના ઉદયથી બહિરાત્માને આત્મસ્વરૂપ સમજાવવા છતાં પણ સમજતો નથી અને જો કદાચ સમજે છે તો તે વિપરીત સમજે છે; અથવા અન્ય પ્રકારે સમજે છે, તેથી તેને વાસ્તવિક ચિદાનંદસ્વરૂપ આત્માનો અનુભવ થતો નથી. મિથ્યાત્વ અર્થાત્ અજ્ઞાનભાવને કારણે જીવ અનાદિકાલથી આ સંસારના ભવચક્રમાં પરિભ્રમણ કરી રહ્યો છે અને તે ત્યાં સુધી પરિભ્રમણ કરતો રહેશે કે, જ્યાં સુધી પોતે અજ્ઞાન ભાવનો નાશ ન કરે. તેનો નાશ કરવાનો ઉપાય પણ છે. તેમાં પ્રથમતો જીવે સત્‌દેવાદિકનું શ્રદ્ધાન કરવું જોઇએ અને જીવાદિ તત્ત્વોના સ્વરૂપને વ્યવહાર નિશ્ચયનય થી સમ્યક્‌પ્રકારે જેમ છે તેમ સમજવા સતત પ્રયત્ન કરે, તો જ મિથ્યાત્વ ગળીને નાશ થાય અને પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થતા જીવ મોક્ષમાર્ગ ઉપર લાગી જાય છે. માટે વર્તમાન કાલે સત્‌નો સમાગમ અને સ્વાધ્યાયરૂપી તપના સતત પુરુષાર્થથી જ માત્ર જીવનું કલ્યાણ થઇ શકે તેમ છે. અન્ય કોઇ પણ ઉપાયથી કલ્યાણ થઇ શકે તેમ નથી.

अविद्याभ्याससंस्कारैरवशं क्षिप्यते मनः ।
तदेव ज्ञानसंस्कारैः स्वतस्तत्त्वेऽवतिष्ठते ॥२५८॥

અર્થ:- શરીરાદિકને આત્મસ્વરૂપ જાણવાવાળા અજ્ઞાની જીવોના અજ્ઞાન અભ્યાસથી ઉત્પન્ન થએલ મલિન સંસ્કારો દ્વારા મન, આત્માને આધીન ન થતાં વિક્ષેપને પ્રાપ્ત થઇ જાય છે. અને તેજ મન ભેદજ્ઞાનથી ઉત્પન્ન થએલ ઉત્તમ સંસ્કારો દ્વારા સ્વયં-પોતેજ આત્મ સ્વરૂપમાં સ્થિર થઇ જાય છે.

न जानन्ति शरीराणि सुखदुःखान्यबुद्धयः ।
निग्रहानुग्रहधियं तथाप्यत्रैव कुर्वते ॥२५९॥

અર્થઃ- જો કે ઔદારિકાદિક શરીર જડરૂપ હોવાથી સુખ દુઃખને નથી જાણતા, તો પણ મૂઢ બહિરાત્મા શરીરાદિ પર રાગ, દ્વેષ-વશ ભૂખે મરીને શરીરને દુઃખ દેવા ઇચ્છે છે; તથા રાગ વશ અનેક પ્રકારના ભૂષણ-વસ્ત્ર પહેરી શરીરને સુખી કરવા ઇચ્છે છે.

ભાવાર્થઃ- અંતર આત્મા (જ્ઞાની) વિચારે છે કેઃ-જુઓ આ સંસારી પ્રાણી કેવા મૂઢ છે કે, જે શરીર જડ રૂપ છે, એને પણ રાગ દ્વેષ વશ સુખી દુઃખી કરવાની ચેષ્ટા કરે છે. અજ્ઞાની શરીરને અલંકૃત કરી પોતાને સુંદર માને છે અને જ્ઞાની સમ્યગ્જ્ઞાનાદિથી આત્મા ને અલંકૃત કરે છે. અજ્ઞાની ભોજનાદિનો ત્યાગ કરી શરીરને દુઃખ આપે છે, જ્ઞાની ભોજન પ્રત્યેની ઇચ્છાનો ત્યાગ કરી આત્માને (ઉપવાસાદિથી) શુદ્ધ કરે છે.

स्वबुद्धया यावद्गृह्यात् कायवाक्चेतसां त्रयम्
संसारस्तावदेषां भेदाभ्यासे तु निर्वृतिः ॥२६०॥

અર્થઃ- જ્યાં સુધી મન-વચન-કાયાને આત્મ બુદ્ધિથી ગ્રહણ કરવામાં આવશે ત્યાં સુધી સંસાર છે. અને મન, વચન, કાયાને આત્માથી જુદા હોવાનો અભ્યાસ કરવામાં આવશે ત્યારે જ જીવની મુક્તિ થાય છે.

ભાવાર્થઃ- જ્યાં સુધી આ જીવ મન, વચન, કાયા અને એના નિમિત્તથી થવાવાળા રાગાદિક વિકારો અને અન્ય બાહ્ય કાર્યોને

બુદ્ધિથી પોતાના સમજે છે ત્યાં સુધી આ જીવ સંસારી છે; અને જ્યારે " મન, વચન, કાયા, એ ત્રણેને તથા એના નિમિત્તથી ઉત્પન્ન થએલ રાગ, દ્વેષ; ક્રોધ, માન, માયા, લોભ આદિ વિકારોને તથા સ્ત્રી પુત્રાદિક બાહ્ય પદાર્થોને આ-જીવ પૂર્ણ રૂપથી આત્મબુદ્ધિએ ભિન્ન સમજી લે છે અથવા અનુભવ કરે છે ત્યારે મુક્તિનું પાત્ર બની જાય છે.

पश्येन्निरंतरं देहमात्मनोऽनात्मचेतसा ।
अपरात्मधियाऽन्येषामात्मतत्वे व्यवस्थितः ॥२६१॥

અર્થ:- આત્મસ્વરૂપમાં સ્થિર થઇને પોતાના શરીરને નિરંતર આત્માથી ભિન્ન સમજવું જોઇએ; અર્થાત્ આ શરીર તે મારો આત્મા નથી તેમ દેખવું જોઇએ. અને સ્ત્રી, પુત્રાદિક, બીજા જીવોના શરીરને એના આત્માથી ભિન્ન માનવું જોઇએ.

ભાવાર્થ:- દેહની સાથે આત્માની અભેદબુદ્ધિ અનાદિ કાળથી થઇ રહી છે, નિરંતર ઉત્તમ ઉત્તમ ઉપદેશો મળવા છતાં પણ આ વ્યામોહનું મટવું કષ્ટ સાધ્ય સમજી આચાર્યદેવ વારંવાર જીવને યુક્તિઓથી સમજાવે છે કે હે જીવ! વિવક્ષાભેદથી પુદ્ગલ ને પુદ્ગલ અને આત્માને આત્મ સમજવો જોઇએ. કર્મકૃત ઔપાધિકભાવને પોતાનો ભાવ ન સમજવો જોઇએ. અજ્ઞાનરૂપ અર્થાત્ રાગાદિરૂપ અપરાધથી જીવને શરીરરૂપી કારાગ્રહમાં રહેવું પડે છે અને તે શરીરરૂપ વિભાવ પર્યાય કર્મોપાધિજનિત જીવની અવસ્થા છે, પણ સ્વભાવ નથી. તે નાશવંત છે પણ સ્થિર નથી.

कर्मणि नोकर्मणि चाहमित्यहकं च कर्म नोकर्म ।
यावदेषा खलु बुद्धिरप्रतिबुद्धो भवति तावत् ॥२६२॥

અર્થ:– જ્યાં સુધી આ આત્માની જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગદ્વેષાદિ ભાવકર્મ અને શરીરાદિ નોકર્મમાં હું કર્મ, નોકર્મ છું અને એ કર્મ નોકર્મ મારાં છે એવી નિશ્ચય બુદ્ધિ છે ત્યાંસુધી આ–આત્મા અપ્રતિબુદ્ધ (સ્વસંવિતિશુન્ય બહિરાત્મા અજ્ઞાની) છે.

ભાવાર્થ:– કર્મ–મોહ આદિ અંતરંગ પરિણામો તથા નોકર્મ-શરીરઆદિ બાહ્ય વસ્તુઓ એ સર્વે પુદ્ગલના પરિણામો છે અને આત્માનો તિરસ્કાર કરનારા છે તેમનામાં આ હું છું અર્થાત કર્મ–મોહ આદિ અંતરંગ તથા નોકર્મ–શરીરઆદિ બહિરંગ તેમજ આત્માનો તિરસ્કાર કરનારા (શબ્દ આદિ) પુદ્ગલ પરિણામો છે, તે (પર) બધા મારા આત્માના પરિણામો છે એવી રીતે વસ્તુની અભેદભાવે જ્યાં સુધી અનુભૂતિ છે ત્યાં સુધી આત્મા અપ્રતિબુદ્ધ છે, અજ્ઞાની છે. અને જ્યારે કોઇ સમયે, જેમ રૂપી દર્પણની સ્વ–પરના આકારનો પ્રતિભાસ કરનારી સ્વચ્છતા જ છે અને ઉષ્ણતા તથા જવાળા અગ્નિની છે, તેવી રીતે અરૂપી આત્માની પોતાને અને પરને જાણનારી જ્ઞાતૃતા (જ્ઞાતાપણું) જ છે અને કર્મ, નોકર્મ પુદ્ગલનાં જ છે એમ સ્વયં અથવા પરના ઉપદેશથી સંસારના મૂળને છેદવાવાલી અને મોક્ષના બીજને ઉત્પન્ન કરવાવાલી ભેદવિજ્ઞાનરૂપી અનુભૂતિ ઉત્પન્ન થાય છે અર્થાત્ અંતરંગમાં પ્રગટ થાય છે. ત્યારે જ આત્મા પ્રતિબુદ્ધ થાય છે, જ્ઞાની થાય છે.

વિશેષાર્થ:- જેમ સ્પર્શાદિમાં પુદ્ગલનો અને પુદ્ગલમાં સ્પર્શાદિનો અનુભવ થાય છે અર્થાત્ બન્ને એકરૂપ અનુભવાય છે, તેમ જ્યાં સુધી આત્માને કર્મ-નોકર્મમાં આત્માની અને આત્મામાં કર્મ-નોકર્મની ભ્રાંતિ થાય છે અર્થાત્ જીવના કર્મ-નોકર્મ છે અને કર્મ-નોકર્મમય જીવ છે, એવી એકત્વ બુદ્ધિ ભાસે છે ત્યાં સુધી તો તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે; અને જ્યારે તે એમ જાણે કે આત્મા તો જ્ઞાતા જ છે, અને કર્મ-નોકર્મ પુદ્ગલનાં જ છે ત્યારે જ તે જ્ઞાની થાય છે. જેમ દર્પણમાં અગ્નિની જવાળા દેખાતી હોય ત્યાં એવું જાણે કે જવાળા તો અગ્નિમાં જ છે અરીસામાં નથી પેઠી, અને આરસામાં જે દેખાય છે તે આરસની સ્વચ્છતા જ છે; એવી રીતે કર્મ-નોકર્મ મારા આત્મામાં નથી પેઠા; આત્માના જ્ઞાનની સ્વચ્છતા જ એવી છે કે જેમાં જ્ઞેયનુ પ્રતિબિંબ દેખાય છે; (ઝળકે છે) એવી રીતે કર્મ-નોકર્મ જ્ઞેય છે તે પ્રતિભાસે છે એવો આત્માને ભેદજ્ઞાનરૂપ અનુભવ સ્વયમેવ થાય અથવા ઉપદેશથી થાય ત્યારે જ જ્ઞાની થાય છે.

कथमपि हि लभंते भेदविज्ञानमूला-
मचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा ।
प्रतिफलननिमग्नानंतभावस्वभावै-
र्मुकुरवदविकाराःसंततंस्युस्तएव ॥२६२॥

અર્થ:- જે ભવ્ય પુરુષ પોતાના જ નિર્મલ પરિણામથી અથવા પરના ઉપદેશથી કોઇ પણ પ્રકારે નિર્મળ ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિ કારણ છે એવી અવિચળ, (અંકંપ-નિશ્ચળ)

પોતાના આત્માની અનુભૂતિને પ્રાપ્ત થાય છે, તે જ પુરુષ સ્વચ્છ દર્પણની માફક પોતાના આત્મજ્ઞાનમાં પ્રતિબિંબિત થયેલ અનંત ભાવોના (પદાર્થોના) સ્વભાવોથી નિરંતર વિકાર રહિત થાય છે. જ્ઞાનમાં જે જ્ઞેયોના આકાર પ્રતિભાસે છે, તેમનાથી રાગાદિ વિકાર ભાવને પ્રાપ્ત થતા નથી.

ભાવાર્થ:- આપો આપ પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ સાંભળવાથી જે સમ્યક્ત્વ થાય એને નૈસર્ગિક સમ્યક્ત્વ કહે છે, અને શ્રી ગુરૂના મુખારવિંદ દ્વારા ઉપદેશ સાંભળવાથી જે સમ્યક્ત્વ થાય છે તેને અધિગમ સમ્યક્ત્વ કહે છે. જેને ભેદવિજ્ઞાન જાગૃત થયેલ છે અર્થાત્ સ્વ-પર વિવેકની જ્ઞાન શક્તિ પ્રગટ થઇ છે, તે મહાત્માઓને જીવન મુક્ત અવસ્થા પ્રાપ્ત થઇ જાય છે. તે ભેદવિજ્ઞાનીના નિર્મળ દર્પણવત્ સ્વચ્છ આત્મજ્ઞાનમાં અનંત ભાવ ઝળકે છે પરંતુ તેથી વિકાર નથી થતો, તે સદાય આનન્દમાં જ મગ્ન રહે છે.

कुर्यात् कर्म विकल्पं किं मम तेनातिशुद्धरुपस्य ।
मुखसंयोगजविकृतेर्न विकारी दर्पणो भवति ॥२६४॥

અર્થ:- મુખના સંયોગથી ઉત્પન્ન થયેલ વિકારથી અર્થાત્ મલિન મુખના સંબંધથી જેમ દર્પણ મલિન નથી થતું, તેમ કર્મ ભલે ગમે તેટલા વિકલ્પ કેમ ન કરે! કિન્તુ અત્યંત શુદ્ધ સ્વરૂપ મારા આત્માને તે વિકલ્પો કાંઇ પણ કરી શકતા નથી.

ભાવાર્થ:- ભાવ કર્મ બે પ્રકારે છે એક જીવ સંબંધી બીજું પુદ્ગલ સંબંધી. જ્ઞાનાવરણાદિ કર્મસ્વરૂપ પુદ્ગલદ્રવ્યનો પિંડ

તે દ્રવ્યકર્મ છે અને તે દ્રવ્યપિંડમાં ફળ આપવાની જે શક્તિ છે તે ભાવકર્મ છે; પરંતુ એ શક્તિનું વ્યક્ત પણ (પ્રગટ પણું) જીવના સંબંધથી થાય છે એથી એને જીવનો વિભાવ ભાવ પણ કહે છે; કેમકે દ્રવ્ય ક્રોધના ઉદય વિના ભાવક્રોધ જીવમાં નથી થઇ શકતો, એટલા માટે શુદ્ધ જીવના સ્વભાવથી ભિન્ન છે. પુદ્ગલ રૂપી દ્રવ્યક્રોધ છે એના ઉદયથી ઉત્પન્ન થએલ જે ક્ષમાના અભાવરૂપ ભાવ તે ક્રોધ છે. તે ક્રોધ, માન, માયા, લોભ આદિ પ્રગટરૂપ ભાવોને જીવ સંબંધી ભાવકર્મ કહે છે તથા પુદ્ગલ પિંડ જે ઉદયમાં આવે છે એમાં જે રસ આપવાની શક્તિ છે એને પુદ્ગલ દ્રવ્યકર્મ રૂપ ભાવકર્મ કહે છે.

દૃષ્ટાંતઃ–જેમ મીઠી અથવા કડવી આદિ સ્વાદિષ્ટ વસ્તુનું જ્યારે ભક્ષણ કરવામાં આવે છે, ત્યારે તે ખાનાર જીવને મધુર અથવા કડવા આદિ સ્વાદનો પ્રગટ વિકલ્પ રૂપ જીવ સંબંધી ભાવ થાય છે; તે ભાવની વ્યક્તતા અર્થાત્ પ્રગટ થવાનું કારણ મીઠો અથવા કડવી આદિ દ્રવ્યની અંદર રહેવાવાળી મીઠા અથવા કડવા પણાની શક્તિ છે, તે જો કે પુદ્ગલ દ્રવ્ય સંબંધી છે અને તે શક્તિને પુદ્ગળનું ભાવકર્મ કહે છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રનું કારણ મિથ્યાત્વ કષાયાદિ કર્મોનો ઉદય છે. પુદ્ગળ પિંડમાં જે ફળ આપવાની શક્તિ છે એને પણ ભાવકર્મ કહે છે અને જીવમાં એના ઉદયથી જે ભાવ થાય છે એને જીવના ભાવકર્મ કહે છે. જીવ સંબંધી વિભાવ ભાવ તો ચેતન છે અને પુદ્ગલમય દ્રવ્ય કર્મ સંબંધી પ્રકૃતિ અચેતન–જડ છે. અસત્શ્રદ્ધાનરૂપ ભાવ, તે ભાવમિથ્યાત્વ છે

અને દર્શનમોહનીય કર્મ પ્રકૃતિ દ્રવ્યમિથ્યાત્વ છે. સંયમ ન પાળવારૂપ પરિણામ તે ભાવઅસંયમ છે અને અપ્રત્યાખ્યાનાવરણઆદિ ચારિત્રમોહનીય કર્મ દ્રવ્યઅસંયમ છે. ક્રોધ, માનાદિ અશુદ્ધભાવ, ભાવકષાય છે. અને ક્રોધ, માનાદિ ચારિત્રમોહનીય કર્મ દ્રવ્યકષાય છે. આત્માની યોગ શક્તિનું અશુદ્ધ પરિણમન અથવા આત્માના પ્રદેશોનું હલન ચલન, તે ભાવ યોગ છે. અને શરીર, અંગોપાંગ, પર્યાપ્તિ, સ્વર આદિ નામકર્મ દ્રવ્યયોગ છે. (કર્મનોકર્મને ગ્રહણ કરવાની જીવની શક્તિ વિશેષને ભાવ યોગ કહે છે અને આત્મ પ્રદેશોના પરિસ્પંદને દ્રવ્ય યોગ કહે છે તે ફલ દાન શક્તિની અપેક્ષાથી કથન નથી પણ ગ્રહણની અપેક્ષાથી કથન છે છતાં બન્નેનો અર્થ વિવક્ષાભેદે એક જ થાય છે) જ્યારે આત્મા નિર્વિકલ્પ સમાધિમાં લીન રહે છે ત્યારે કર્મ ઉદયમાં આવીને ફલ આપ્યા વિના ખરી જાય છે; એથી દીર્ઘ નવીન કર્મોનો બંધ થતો નથી પણ અલ્પસ્થિતિ બંધ થાય છે તે અબુદ્ધિપૂર્વક થતો હોવાથી બંધમાં ગણવામાં આવ્યો નથી. તે ૭ થી ૧૦ માં ગુણસ્થાન સુધી જાણવો પરંતુ જ્યારે સ્વસ્વરૂપમાં તન્મય નથી થતા ત્યારે મોહનીયકર્મનો ઉદય વિદ્યમાન હોવાથી આત્મા પોતે રાગ દ્વેષ મોહભાવરૂપ પરિણમે છે, ત્યારે તે વિભાવભાવ નવીન દ્રવ્યકર્મોને બંધ થવામાં કારણભૂત થાય છે એમ જાણવું. માટે ભવ્ય આત્માએ પોતાના આત્મસ્વરૂપમાં તન્મય રહેવાનો પુરુષાર્થ કરવો યોગ્ય છે.

कर्मभिन्नमनिशं स्वतोऽखिलं पश्यतो विशदबोधचक्षुषा ।
तत्कृतेऽपि परमात्मवेदिनो योगिनो न सुखदुःखकल्पना ॥२६५॥

અર્થ:- સમસ્ત પ્રકારના શુભાશુભ કર્મો મારા શુદ્ધાત્મસ્વરૂપથી સર્વથા, અત્યંત ભિન્ન છે. એવી રીતે નિરંતર પોતાના નિર્મળ સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન રૂપી વિશાળ દિવ્ય અંતરંગ ચક્ષુથી દેખવાવાળા તથા પરમાત્મસ્વરૂપને સારી રીતે જાણવાવાળા યોગીને શુભાશુભ કર્મથી ઉત્પન્ન થયેલ સુખ દુઃખનું વિદ્યમાનપણું હોવા છતાં પણ તેઓ સુખ દુઃખની કલ્પના નથી કરતા. આ-અંતરંગ શુદ્ધ ઉપાદાનનું પરિણમનરૂપ અસાધારણ સમર્થ કારણ છે.

आत्मदेहन्तरज्ञानजनितालहादनिर्वृतः ।
तपसा दुष्कृतं घोरं भुञ्जानोऽपि न खिद्यते ॥२६६॥

અર્થ:- જે પુરુષ આત્મા અને શરીરના ભેદજ્ઞાનથી ઉત્પન્ન થએલ જ્ઞાનાનંદમાં મગ્ન થઈ રહેલ છે, તે તપ દ્વારા ઉદયમાં આવેલ ભયંકરમાં ભયંકર દુઃખદાયી કર્મોના ફળને ભોગવે છે છતાં પણ દુઃખી નથી થતા.

ભાવાર્થ:- જે સમયે આ જીવને અનુભવમાં આત્મા અને શરીર ભિન્ન ભિન્ન રૂપે સ્પષ્ટ દેખાય છે, તે સમયે તેની શારીરિક વિષય સુખો માટે પરપદાર્થોની સમસ્ત ચિંતાઓ દૂર થઇ જાય છે; કેમકે સંસારભરમાં જેટલા દુઃખો છે તે સર્વે શરીરને પોતાનું માનવાથીજ થાય છે અર્થાત શરીર આશ્રિતે થાય છે. ભૂખ, તૃષા, રોગ, શોક, અથવા જીવન, મરણનાં દુઃખ, શત્રુ, સર્પ આદિનો *ભય, ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, ગર્મી, શર્દીનીબાધા, ઇન્દ્રિયોના* વિષયોની ઇચ્છા આદિની અનેક ભયંકરમાં ભયંકર આપત્તિઓ

આ-જીવને શરીરના સંબંધથી જ ભોગવવી પડે છે; ભેદજ્ઞાનના બળે શરીરથી મમત્વ છુટી આત્મસ્વરૂપમાં આનંદમગ્ન થઇ જાય છે. તે સમયે તે સર્વે આપત્તિઓથી છૂટી જવાના કારણે જીવને એક અલૌકિક સુખ પ્રાપ્ત થાય છે; અને પોતાની પરમસુખદાયિની નિર્મળ ભેદ-ભાવનાની દૃઢતાને લઇ આ-જીવ કાયકલેશાદિ બાર પ્રકારના તપથી શરીરને ઇરાદાપૂર્વક કૃષ કરે છે અને તેમાં સફળતા પામવાથી આનંદ માને છે, તે કારણે એને તપશ્ચરણ, ઉપસર્ગાદિકમાં જરા પણ ખેદ થતો નથી.

सुखमारब्धयोगस्य बहिर्दुःखमथात्मनि ।
बहिरेवासुखंसौख्यमध्यात्मं भावितात्मनः ॥२६७॥

અર્થ:- જે ભવ્ય પુરુષ શુદ્ધાત્મસ્વરૂપની ભાવના કરવાનો પ્રથમ જ પ્રારંભ કરે છે તેને પૂર્વ સંસ્કારોના કારણથી બાહ્ય વિષયોમાં સુખ અને આત્મ વિચારમાં દુ:ખ માલુમ પડે છે; અને જે નિરંતર ભાવના કર્યા કરે છે તેને આત્મસ્વરૂપનો પ્રતિભાસ થઈ જાય છે, તેથી તેને બાહ્ય વિષયોમાં દુ:ખ અને આત્મ ચિંતવનમાં સુખનો અનુભવ થવા લાગે છે.

ભાવાર્થ:- આત્મચિંતવન પ્રારંભ કરવા છતા પણ જ્યાં સુધી ભાવના કરવાવાળાને આત્મસ્વરૂપનો અનુભવ નથી થતો ત્યાં સુધી તેને આત્મિક આનન્દ ન આવવાથી બાહ્ય વિષયો મનોહર જણાય છે અને આત્મ વિચાર કરવો, તે એને એક જાતની દુ:ખરૂપ ઉપાધિ જણાય છે. પણ જયારે એને અભૂતપૂર્વ (પૂર્વે કોઇ કાળે નહિ અનુભવેલ) પરમાનન્દમય આત્મસ્વરૂપનો અનુભવ થવા લાગે

છે ત્યારે તે એમાં એવો નિમગ્ન બની જાય છે કે એને બાહ્યના વિષયો વિષ સમાન સ્પષ્ટ જણાય છે. જેમ કોઇ પુરુષ જન્મથીજ પોતાના ઘર પાસેના ખારા કુવાનું પાણી પીધા કરતો હોય અને એને કેટલેક દૂરથી નિર્મળ શીતળ મિષ્ટ (મીઠું) જલના કુવાનું પાણી લાવીને પીવાનું કહેવામાં આવે તો તે માણસ ને મીઠા કુવાનું પાણી લેવા જતી વખતે, તેને ચાલવાનો ખેદ થવાથી પોતાનો ખારો કુવો જ સારો લાગે છે; કેમકે પાસેના ખારા કુવા ઉપર જતી વખતે માર્ગનો તાપ સહન કરવો પડતો નથી, કિન્તુ જ્યારે તે દૂર રહેલ કુવાનું નિર્મળ શીતળ–સ્વાદિષ્ટ જલને પીશે ત્યારે તેને પોતાના ઘર પાસેનો ખારો કુવો ઘણોજ ખરાબ લાગશે અને માર્ગના પરિશ્રમને પણ તે ભુલી જશે.

વિશેષાર્થ:– ખરેખર આત્માનુભવ તો સુખનું જ કારણ છે અને ઇન્દ્રિય–વિષયાનુભવ દુઃખનું જ કારણ છે, પણ જેને પોતાના આત્માનું યથાર્થ જ્ઞાન થયું નથી; અર્થાત્ પોતાના સ્વાભાવિક સુખને જાણતો નથી અથવા જેને આત્મભાવનાનો અભ્યાસ હમણાંજ પ્રારંભ કરેલ છે તેવા જીવને ઇન્દ્રિય વિષયોનો નિરોધ કરી આત્માનુભવ કરવામાં જરૂર કાંઇ કષ્ટ માલુમ પડે છે; તેને પૂર્વ સંસ્કાર વશ વિષય સુખ સારૂં લાગે છે. છતાં કોઇ જીવ આત્માની ભાવનાનો અભ્યાસ કરતા કરતા પરિપક્વ થઈ જાય છે, ત્યારે તે સુદૃઢ થઇ નિશ્ચયથી સુખ મારા આત્માનું જ સ્વરૂપ છે પણ અન્ય બાહ્ય પદાર્થોમાં કયાંઇ કિંચિત માત્ર સુખ નથી એવું દૃઢજ્ઞાન થતાં તે જીવનું જીવન પલટાઈ જાય છે, અને તે પોતાના આત્મસ્વરૂપના ચિંતવનમાં જ પરમ સુખનો

અનુભવ કરવા લાગે છે, ત્યારે તેને બાહ્ય ઇન્દ્રિયવિષય સુખ દુઃખરૂપ લાગતા તે તેનાથી અલિપ્ત રહે છે.

जीवोऽन्यः पुद्गलश्चान्य इत्यसौ तत्त्वसंग्रहः ।
यदन्यदुच्यते किंचित् सोऽस्तु तस्यैव विस्तरः ॥२६८॥

અર્થઃ- જીવ, દેહાદિ પુદ્ગલથી ભિન્ન છે અને દેહાદિ પુદ્ગલ પણ જીવથી ભિન્ન છે. આજ તત્ત્વનો સંગ્રહ છે અને તેનાથી ભિન્ન જે કાંઇ અન્ય છે, અર્થાત્ તેઓના ભેદ પ્રભેદ રૂપ વિસ્તાર છે.

ભાવાર્થઃ- સત્ છે તેજ તત્ત્વ છે પણ સત્ તત્ત્વનું યથાર્થ જ્ઞાન બધાને થઇ શકતું નથી; તેથી તેના ભેદ રૂપ ચેતન અને અચેતન એમ બે તત્ત્વો સ્વીકારવામાં આવ્યા છે. ચેતનથી અચેતન તત્ત્વ સદા ભિન્ન છે અને ચેતન કદી પણ અચેતન થઈ શકતું નથી. ચેતનાના જ્ઞાનદર્શનાદિ ભેદ છે જ્ઞાનદર્શનના મતિજ્ઞાનાદિ, ચક્ષુદર્શનાદિ ભેદ છે એ પ્રમાણે (પ્રભેદે) ચેતનાનો ઘણો વિસ્તાર થઇ શકે છે. અજીવ પુદ્ગલાદિ ના અણુ સ્કંધ આદિ ભેદ છે. આ જગત ચેતન અચેતનની લીલાથી ભરપુર છે; અર્થાત્ આખુ જગત ચેતન અને અચેતનની અંતર્ગત છે. એવો જગતમાં કોઈ પદાર્થ નથી જે ચેતન અને અચેતન બન્નેમાંથી એક ન હોય; તથા જ્ઞાનદર્શનાદિ અને શરીરાદિક જે કાંઇ ભેદ પ્રભેદ છે તે, આ-બન્ને તત્ત્વના સંગ્રહનો વિસ્તાર છે.

किमिदं कीदृशं कस्य कस्मात्केत्यविशेषयन् ।
स्वदेहमपि नावैति योगी योगपरायणः ॥२६९॥

અર્થ:- આત્માની સાથે એકી ભાવરૂપ સમરસી ભાવથી પ્રાપ્ત થએલ યોગીને અનુભવમાં આવવાવાળું તત્ત્વ શું છે ? કેવું છે ? કોણ એનો સ્વામી છે ? કેનાથી એનો પ્રકાશ થએલ છે ? કયા હાજર છે ? ઇત્યાદિ વિકલ્પોને નહી કરતો પોતાના શરીર ને પણ જાણતો નથી. અર્થાત્ દેહની પણ જેને ચિંતા નથી, તો ફરી દેહ સિવાય અન્ય હિતકારી અથવા અહિતકારી વસ્તુઓનો અનુભવ કરવાની તો શું વાત કરવી ?

तदाचपरमैकाग्र्याद्बहिरर्थेषु सत्स्वपि ।
अन्यत्र किंचनाभाति स्वमेवात्मनि पश्यतः ॥२७०॥

અર્થ:- જ્યારે યોગી પોતાના આત્મમાં જ લીન થઈને પોતાના આત્માનો જ જ્ઞાનદ્વારા અનુભવ કરે છે ત્યારે તેમાં પરમ એકાગ્રતા થઈ જવાથી બાહ્ય પદાર્થો વિદ્યમાન હોવા છતાં પણ અનુભવમાં આવતા નથી.

सोऽयं समरसीभावस्तदेकीकरणं स्मृतम् ।
एतदेव समाधिः स्याल्लोकद्वय फलपदः ॥२७१॥

અર્થ:- તે ઉત્તમ ધ્યાતાનું ધ્યેયરૂપ થઈ જવું જ સમરસી ભાવ કહેવાય છે; અને એને જ એકીકરણ કહે છે. એ જ બન્ને લોકમાં ઉત્તમ ફળને આપવાવાળી સમાધિ કહેવાય છે.

तदेवानुभवंश्चायमेकाग्र्यं परमृच्छति ।
तथात्माधीनमानंदमेति वाचामगोचरम् ॥२७२॥

અર્થ:- તે શુદ્ધજ્ઞાનસ્વરૂપ આત્માનો અનુભવ કરતા એવો આ યોગી સર્વથી ઉત્તમ એકાગ્રતાને પ્રાપ્ત થાય છે અને તે એકાગ્રતમાં આત્માને જ આધીન રહેવાવાળા તે પરમાનંદને પ્રાપ્ત થાય છે. જો કે વચનથી તે કહી શકાય તેવો નથી.

आत्मा भिन्नस्तदनुगतिमत्कर्म भिन्नं तयोर्या ।
प्रत्यासत्तेर्भवति विकृतिः सापि भिन्ना तथैव ।
कालक्षेत्रप्रमुखमपि यत्तच्च भिन्नं मतं मे ।
भिन्नंभिन्नं निजगुणकलालङ्कृतं सर्वमेतत् ॥२७३॥

અર્થ:- જે જ્ઞાનામૃત ભરપૂર-જ્ઞાનસ્વરૂપ મારો આત્મા ભિન્ન છે અને એની પાછળ ચાલવાવાળાં કર્મ પણ ભિન્ન છે તથા કર્મ અને આત્માના સંબંધથી જે કાંઇ વિકાર ઉત્પન્ન થયેલ છે, તે તે પણ મારા આત્માથી ભિન્ન છે; અને કાળ, ક્ષેત્ર આદિક જે પદાર્થ છે તે પણ મારાથી ભિન્ન છે એવી રીતે પોત પોતાના ગુણ તથા પર્યાયોથી સહિત જેટલા પદાર્થ છે. તે સર્વે મારાથી ભિન્ન છે, એવી રીતે જ્ઞાની સદાય વિચાર કર્યા કરે છે.

अयि कथमपि मृत्वा तत्त्वकौतूहली सन् ।
अनुभव भवमूर्तेः पार्श्ववर्ती मुहूर्तम् ।
पृथगथ विलसंतं स्वं समालोक्य येन ।
त्यजसि झगिति मूर्त्या साकमेकत्वमोहम् ॥२७४॥

અર્થ:- પરમાર્થ માર્ગ પ્રદર્શક આચાર્ય મહારાજ આસન્ન ભવ્ય

આત્માને **आर्ये** (એવા કોમળ આમંત્રણ-સંબોધન) અર્થવાળું અવ્યય છે એના થી કહે છે કે હે ભાઇ ! તું કોઈ પણ પ્રકારે મહાન્ કષ્ટ સહન કરીને અથવા મરણ અવસ્થાને પ્રાપ્ત થઈને (મરી પ્રીટીને) પણ તત્ત્વોના સ્વરૂપને જાણવાનો કૌતૂહલી થઇ, દ્રવ્યકર્મ, ભાવકર્મ, શરીરાદિ નોકર્મ મૂર્ત દ્રવ્યોનો એક મુહૂર્ત (બેઘડી) પાડોશી (જુદો) થઈને આત્માનો અનુભવ કર, કે જેથી તું પોતાના આત્માને વિલાસરૂપ સર્વ દ્રવ્યોથી ભિન્ન દેખીને આ શરીરાદિક મૂર્તપરદ્રવ્યોની સાથે અનાદિ કાળના એકપણાના મોહને શીઘ્ર છોડી શકીશ.

ભાવાર્થ:– જો આ આત્મા **બેઘડી** પુદ્ગલ દ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધસ્વરૂપનો અનુભવ કરે (એમાં લીન થાય) પરિષહ (કષ્ટ) આવે છતાં પણ ચલાયમાન ન થાય, તો ઘાતી કર્મનો નાશ કરી, કેવલ જ્ઞાન ઉત્પન્ન કરી, મોક્ષને પ્રાપ્ત થઇ શકે છે. આત્માનુભવનું એવું જ અદ્ભૂત માહાત્મ્ય છે તો મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થવી તો સુગમ છે. એટલા માટે શ્રીગુરૂઓએ પ્રધાનતાથી એ જ ઉપદેશ કર્યો છે.

વિશેષાર્થ:– હે આત્મન્! કર્માવૃત હોવાથી જોકે તું શુદ્ધજ્ઞાનઘનૈક સ્વભાવરૂપ શુદ્ધાત્માથી કથંચિત્ ભિન્ન છે; તો પણ જ્ઞાન રૂપ તારા સ્વભાવનો કદીપણ અભાવ થયો નથી. તારી શુદ્ધ આત્મા તારી પાસે જ છે, જો તને તારા શુદ્ધ આત્માનો અનુભવ કરવાની ઇચ્છા હોય તો તું તારા ચંચલ મનને બહુ જ કષ્ટથી સ્થિર કર. અર્થાત્ સ્વભાવ અપેક્ષાએ કર્મનોકર્મરૂપ પુદ્ગલ દ્રવ્યથી ભિન્નરૂપ તારી આત્માનો અનુભવ કર. આત્મા અને

શરીરના એકત્વની જે ભ્રાન્તિ તને થઇ છે તે જલ્દી છુટી જશે. અથવા હે આત્મન્! તને અનાદિકાલથી આ શરીરની સાથે એકી-ભાવની પ્રાપ્તિ થઇ ગઇ છે તે એકીભાવ છોડીને એક મુહૂર્ત સુધી (શરીરને છોડી) આત્માનો પાડોશી બની જા. અર્થાત્ ભિન્ન રૂપથી વિદ્યમાન તારી આત્માનો અનુભવકર. આ અનુભવથી તારો શરીર સાથે એકત્વભાવ શીઘ્ર છુટી જતાં તુ નિજપદને પ્રાપ્ત થઇશ માટે એનો વિચાર, એનું જ ધ્યાન એની લીલામાં પરમરસનું પાન કરો; અને રાગ દ્વેષ મય સંસારનું ભટકવું છોડી, મોહનો નાશ કરીને સિદ્ધ પદની પ્રાપ્તિ કરો.

छिद्यतां भिद्यतां यातु क्षयं योगिन् इदं शरीरम् ।
आत्मानं भावय निर्मलं येन प्राप्नोषि भवतीरम् ॥२७५॥

અર્થ:– હે યોગી ! આ દેહ ભલે છેદાઇ જાય, બે ટુકડા થઇ જાય, અથવા ભેદાઇ જાય, છેદ સહિત થઇ જાય, છેવટે ભલે નાશને પ્રાપ્ત થઇ જાય, તોપણ તું ભય ન કર. મનમાં જરાપણ ખેદ ન લાવ, કિન્તુ તું તારા નિર્મળ આત્માનું જ ધ્યાન કર. અર્થાત્ વીતરાગ, ચિદાનંદ, શુદ્ધસ્વભાવ તથા ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મથી રહિત પોતાના શુદ્ધાત્મસ્વરૂપનું ચિંતવન કર; કેમકે તે પરમાત્માના ધ્યાનથી જ તું ભવ સાગરનો પાર પામીશ.

विरम किमपरेणाकार्यकोलाहलेन ।
स्वयमपि निभृतः सन् पश्य षण्मासमेकम् ।

हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नधाम्नो ।
ननु किमनुपलब्धिर्भाति किंचोपलब्धिः ॥२७६॥

અર્થ:– હે ભવ્ય ! નિષ્પ્રયોજન–વ્યર્થ કોલાહલ (રાગ દ્વેષમય સંકલ્પ વિકલ્પ) કરવાથી તને શું લાભ છે ? કાંઇ નહિ. માટે તે કોલાહલથી તું વિરકત થા શાન્ત થા; અને એક માત્ર ચૈતન્ય વસ્તુને તું પોતે નિશ્ચળ લીન થઇ દેખ; એ પ્રમાણે વધારેમાં વધારે છ મહિના સુધી અભ્યાસ કર અને અંતરંગમાં તપાસ કે એમ કરવાથી તું તારા પોતાના હૃદય સરોવરમાં જેનું તેજ, પ્રતાપ, પ્રકાશ પુદ્ગળથી અત્યંત ભિન્ન છે, એવા શુદ્ધસ્વરૂપી આત્માની (તને) પ્રાપ્તિ નથી થતી કે થાય છે. અર્થાત્ અવશ્ય થશે જ એવો આચાર્ય દેવ વિશ્વાસ કરાવે છે.

ભાવાર્થ:– હે જીવ ! જો તું અસલી આત્મિક સુખનો આનંદ અનુભવવા ઇચ્છતો હો તો જેમ વિષય ભોગાદિકમાં હમેશાં ચિત્તને જોડે છે, એમ જો આત્મસ્વરૂપના વિચારમાં થોડામાં થોડો છ મહિના સતત અભ્યાસ કરીને જોઇ લે તો તને સ્વયં તે પરમાનન્દ રસનો અનુભવ થઇ જશે. હે ભવ્ય! તું અંતરંગમાં સંસાર ભાવથી વિરકત થઇને વધારેમાં વધારે છ મહિનાને માટે મારી શિખામણ માન; અને એકાંત નિરૂપદ્રવ સ્થાનમાં બેસીને રાગદ્વેષરૂપ તરંગોનો ત્યાગ કરી, ચિત્તને એકાગ્ર કરી તારા હૃદયરૂપી સરોવરમાં તું જ કમળ બન; અને તું જ ભ્રમર બનીને તારા પોતાના નિર્મળ લોકોત્તર સ્વભાવની સુગંધ લે. પર વસ્તુ હોય તેની પ્રાપ્તિ ન થાય પણ પોતાના સ્વરૂપનો અભ્યાસ કરે

તો તેની પ્રાપ્તિ અવશ્ય થાય જ. અર્થાત્ નિશ્ચયથી તને સ્વરૂપની પ્રાપ્તિ થશે જ. આત્મસિદ્ધિનો આજ ઉપાય છે. ૬ મહિનાનો પાઠ કહ્યો છે તે સામાન્ય કથન છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો જઘન્ય કાળ અન્તર્મુહૂર્ત્ત છે અને ઉત્કૃષ્ટ અનંત કાળ છે. શિષ્યોને સન્માર્ગમાં લગાડવાની દૃષ્ટિથી બહુ કઠિન અને લાંબા કાળનો નિષેધ કરવા અર્થે જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળ ન બતાવતાં ૬ મહિનાને માટે પ્રેરણા કરી છે. ૬ મહિનામાં જ સમ્યગ્દર્શન ઉપજે એવો નિયમ નથી, અન્તર્મુહૂર્ત્તમાં પણ ઉપજે.

अविश्रान्तमसौ जीवो यथा कामार्थलालसः ।
विद्यतेऽत्र यदि स्वार्थे तथा किं न विमुच्यते ॥२७७॥

અર્થ :- આ-આત્મા જેવી રીતે કામ અને અર્થને માટે અવિશ્રાન્ત પરિશ્રમ કરે છે એવી રીતે જો પોતાના સ્વાર્થ અર્થાત્ મોક્ષ અથવા મોક્ષમાર્ગમાં લાલસા સહિત પ્રવૃતિ કરે તો શું તે કર્મોથી મુકત ન થાય? અવશ્ય થાય જ.

तावत्तिष्ठतिचिद्भूमौ दुर्भेद्याः कर्मपर्वताः ।
भेदविज्ञानवज्रं न यावत्पततिमूर्द्धनि ॥२७८॥

અર્થ :- ચૈતન્યસ્વરૂપ ઉપયોગ ભૂમિમાં દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપી અભેદ્ય (જે ભેદાય નહી) એવા પર્વતો ત્યાં સુધી નિશ્ચય ઉપયોગ ભૂમિમાં સ્થિર રહે છે કે, જ્યાં સુધી નિર્મળ-ભેદવિજ્ઞાન (વિવેક) રૂપી વજ્ર, કર્મોના મસ્તક ઉપર પડી એનો ચુરેચુરો નથી કરી નાખતું.

ભાવાર્થ:- જ્યાં સુધી નિર્મળ ભેદવિજ્ઞાન નથી થતું ત્યાં સુધી કર્મ આત્માની સાથે લાગી રહે છે પરંતુ નિર્મળ ભેદ-વિજ્ઞાન થતાં વેંત જ કર્મનો તત્કાળ નાશ થઇ જાય છે.

भेदविज्ञान नेत्रेण योगीसाक्षादवेक्षते ।
सिद्धस्थाने शरीरे वा चिद्रूपं कर्मणो ज्झितं ॥२७९॥

અર્થ:- યોગીયો નિર્મળ ભેદવિજ્ઞાનરૂપી નેત્રની સહાયતાથી સિદ્ધસ્થાનને અથવા શરીરમાં વિદ્યમાન સમસ્ત કર્મમળ કલંકથી રહિત શુદ્ધચૈતન્યસ્વરૂપને સ્પષ્ટરૂપથી પ્રત્યક્ષ દેખી લે છે.

ભાવાર્થ:- જેમ ઘર આદિ સ્થાનો ઉપર રહેલ પદાર્થને નિર્મળ નેત્રથી સારી રીતે દેખી-જાણી શકાય છે; તેમ સિદ્ધ સ્થાન (મોક્ષ) અથવા પોતાના શરીરમા વિદ્યમાન સમસ્ત કર્મોથી રહિત શુદ્ધચૈતન્યસ્વરૂપને દેખાડવાવાળું જે નિર્મળ ભેદવિજ્ઞાન રત્ન છે તે દ્વારા યોગી શુદ્ધચિદ્રૂપને સ્પષ્ટરૂપથી દેખી લે છે.

भेदज्ञानंप्रदीपोऽस्ति शुद्ध चिद्रूपदर्शने ।
अनादिजमहामोहतामसच्छेदनेऽपि च ॥२८०॥

અર્થ:- આ-નિર્મળ ભેદવિજ્ઞાન છે તે શુદ્ધચૈતન્યસ્વરૂપને દેખાડવામાં દેદીપ્યમાન રત્ન દીપક સમાન છે અને અનાદિ કાળથી વિદ્યમાન મહામોહરૂપી નિબિડ અજ્ઞાન અંધકારનો નાશ કરવાવાળું છે.

ભાવાર્થ:- જેવી રીતે દીપકથી ઘટપટ આદિ પદાર્થ સ્પષ્ટરૂપથી

દેખાય છે અને અંધકારનો નાશ થાય છે, એવી રીતે નિર્મળ ભેદવિજ્ઞાન જ્યોતિથી શુદ્ધચિદ્રૂપનું સમ્યક્ પ્રકારે સાક્ષાત્ દર્શન થાય છે અને મોહરૂપી ગાઢ અંધકાર બહુ જ શીઘ્ર નાશ થઈ જાય છે.

आत्मानं देहकर्माणि भेदज्ञाने समागते ।
मुक्त्वा यान्ति यथा सर्पा गरुडेचंदनद्रुमं ॥२८१॥

અર્થ:- જેમ ચંદનના વૃક્ષ પર લપટાયેલ સર્પો પોતાના વેરી ગરૂડ પક્ષીને દેખતા વેંત જ તત્કાળ આંખોથી અદૃશ્ય થઈ જાય છે, પત્તો લગાડવાથી પણ પત્તો લાગતો નથી, તેમ નિર્મળ ભેદવિજ્ઞાન ઉત્પન્ન થતાં જ કર્મોની સુરત પણ દેખાતી નથી.

आमलात्मजलं समलं करोति मम कर्मकर्दमस्तदपि ।
का भीतिः सति निश्चितभेदकरज्ञानकतकफले ॥२८२॥

અર્થ:- જો કે કર્મ કલંકરૂપી કીચડ છે, તે મારા આત્મારૂપી નિર્મલ-સ્વચ્છ જલને મલિન કરે છે; તો પણ મને કોઈ પણ પ્રકારનો ભય નથી કેમકે નિશ્ચયથી સ્વપરના ભેદને કરવાવાળું નિર્મળ જ્ઞાનરૂપી કતક ફળ (નિર્મલી) મારી પાસે વિદ્યમાન છે.

ભાવાર્થ:- જેવી રીતે ગંદા જલમાં ફટકડી આદિ પદાર્થો ને નાખવામાં આવે તો તે ફટકડી તત્કાળ તે જલમાં રહીને કીચડને નીચે બેસાડે છે અને જલને નિર્મળ-સ્વચ્છ બનાવે છે. એવી રીતે જો કે જ્ઞાનાવરણાદિ કર્મ આત્માને મલિન કરી રહેલ છે

તો પણ સ્વપરના ભેદવિજ્ઞાનથી તે કર્મોથી થયેલ મલિનતા ક્ષણ વારમાં નાશ થઇ જાય છે. એટલા માટે જો મારા આત્મામાં સ્વપરનું નિર્મળ ભેદવિજ્ઞાન છે તો, ગમે તેટલાં કર્મ મારા આત્માને મલિન કેમ ન કરે! તો પણ મને કોઈ પણ પ્રકારનો તેનો ભય નથી, એવો ભેદવિજ્ઞાની સદાય નિર્મળ વિચાર કરે છે.

प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः ।
सूक्ष्मेऽन्तःसंधिबंधे निपतति रभसादात्मकर्मोभयस्य ।
आत्मानं मग्नमंतः स्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे ।
बंधं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ ॥२८३॥

અર્થ:- આત્માનું અસાધારણ લક્ષણ શુદ્ધ ચૈતન્ય છે અને બંધનું લક્ષણ મિથ્યાત્વ રાગાદિક ભાવ છે. આત્મા અને બંધ એ બન્નેને ભિન્ન કરવામાં શુદ્ધાત્માનુભૂતિ લક્ષણ ભેદજ્ઞાન રૂપ નિર્મળ પ્રજ્ઞા એજ તીક્ષ્ણ છીણી છે. જે ચતુર પુરુષ છે તે અતિશય સાવધાન (પ્રમાદ રહિત) થઇ ને આત્મા અને કર્મ એ બન્નેના અંતરંગ સૂક્ષ્મ મધ્યના સંધિ બંધન છે, તેમાં કોઈ પણ પ્રકારે બહુજ યત્ન પૂર્વક તે પ્રજ્ઞા રૂપી છીણીને શીઘ્ર પટકે છે અને તે છીણી એવી રીતે પડે છે કે, સર્વ તરફથી આત્મા અને બંધને ભિન્ન ભિન્ન કરી નાખે છે, અને આત્માને તો અંતરંગમાં સ્થિર, અને સ્પષ્ટ પ્રકાશ રૂપ દેદીપ્યમાન તેજવાળા ચૈતન્ય પ્રવાહમાં મગ્ન કરે છે; તથા બંધને અજ્ઞાન ભાવમાં નિશ્ચળ (નિયત) કરે છે.

ભાવાર્થઃ- આત્મા અને બંધ એ બન્નેને લક્ષણ ભેદથી ભિન્ન જાણી, બુદ્ધિ રૂપી છીણીથી છેદી જુદા જુદા કરવા; કેમકે આત્મા તો અમૂર્તીક છે અને બંધ સૂક્ષ્મ પુદ્ગળ પરમાણુઓ નો સ્કંધ છે એટલા માટે એ બન્ને અજ્ઞાનીના જ્ઞાનમાં જુદા નથી દેખાતા એક સ્કંધ રૂપ દેખાય છે, તેજ અનાદિ નું અજ્ઞાન છે. આત્માને અનાદિ બંધ જ્ઞાનાવરણાદિ કર્મ છે, તેમનું કાર્ય ભાવબંધ તો રાગાદિ છે, અને નોકર્મ શરીરાદિક છે. માટે ભેદવિજ્ઞાન વડે આત્માને, નોકર્મ (શરીરાદિ) થી દ્રવ્યકર્મ (જ્ઞાનાવરણાદિક) થી, તથા રાગાદિભાવકર્મથી ભિન્ન એક નિજ ચૈતન્યભાવમાત્ર અનુભવી જ્ઞાનમાં જ લીન રાખવો તે જ આત્માને બંધનું ભિન્ન કરવું છે અર્થાત્ સ્વાત્માનુભવમાં લીન થઇ જવું તે જ ખરેખર મોક્ષનો ઉપાય છે. માત્ર જાણી લેવાથી કાર્યની પૂર્તિ થશે નહીં પણ પુરુષાર્થથી સ્વાનુભવનો અભ્યાસ કરવો જરૂરી છે; માટે શ્રીસદ્ગુરુઓનો સદુપદેશ સાંભળી એ બન્નેનું લક્ષણ જુદું જુદું અનુભવ કરી જાણવું કે ચૈતન્ય માત્ર તો આત્માનું લક્ષણ છે અને રાગાદિક બંધનું લક્ષણ છે. એ બન્ને જ્ઞેયજ્ઞાયક ભાવની અતિ નિકટતાથી એક સરખા થઇ રહેલ છે, દેખાય છે. માટે તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીએ બન્નેને જુદા જુદા કરવામાં જે શસ્ત્ર છે તેનાથી એ બન્નેની સંધિને દેખી સાવધાન (નિષ્પ્રમાદ) પૂર્વક નાખવી, એના પડવાથી જ બન્ને અલગ અલગ દેખાવા લાગશે ત્યારે આત્માને તો જ્ઞાન ભાવમાં-રાખવો અને બંધ ભાવને અજ્ઞાન ભાવમાં રાખવો એવી રીતે બન્નેને ભિન્ન કરવા.

વિશેષાર્થઃ- જ્ઞાન તો ચેતનસ્વરૂપ છે અને રાગાદિક પુદ્ગલના

વિકાર હોવાથી જડ સ્વરૂપ છે, તે બન્ને અજ્ઞાનથી એક જડ રૂપ ભાસે છે; પરંતુ જ્યારે ભેદજ્ઞાન પ્રગટ થઇ જાય છે ત્યારે જ્ઞાનનું અને રાગાદિકનું અત્યંત ભિન્ન પણું અંતરંગ અનુભવના અભ્યાસથી પ્રગટ થાય છે કે, જ્ઞાનનો સ્વભાવ તો જાણવા માત્ર છે અને જ્ઞાનમાં રાગાદિકની કલુષતા (મલિનતા) આકૂળતારૂપ સંકલ્પ વિકલ્પ ભાસે છે તે સર્વે પુદ્ગલના વિકાર છે–જડ છે; એમ જ્ઞાન અને રાગાદિકના ભેદનો ભાવ ભાસે છે. (આ સ્વાદ આવે છે) આ–ભેદવિજ્ઞાન સર્વે વિભાવ ભાવોનો નાશ કરવાનું સમર્થકારણ છે તે જ કરણ છે અને તેનાથી આત્મામાં પરમ સંવર ભાવ પ્રાપ્ત થાય છે; એટલા માટે ભવ્ય આત્માઓએ નિર્મળ ભેદજ્ઞાનને પ્રાપ્ત કરી રાગાદિકથી રહિત એક શુદ્ધજ્ઞાનઘન આત્માનો આશ્રય લઇ આનંદને પ્રાપ્ત થાઓ. આ–ભેદવિજ્ઞાન જે સમય જ્ઞાનમાં રાગાદિ વિકારરૂપ વિપરીતપણાની કણીકાને પ્રાપ્ત ન થતાં નિશ્ચળ થાય છે, તે સમયે તે જ્ઞાન શુદ્ધોપયોગ-સ્વરૂપ, કેવલ, જ્ઞાનસ્વરૂપ જ થઇ, કિંચિત્માત્ર રાગ, દ્વેષ, મોહભાવને પ્રાપ્ત થતું નથી. એટલા માટે સિદ્ધ થયું કે ભેદજ્ઞાનથી જ શુદ્ધાત્માની સિદ્ધિ થાય છે અને શુદ્ધાત્માની સિદ્ધિ થવાથી રાગ, દ્વેષ મોહરૂપ આસ્રવ ભાવોનો અભાવ થતાં સંવર થાય છે. આત્મા જ્યારે ભેદવિજ્ઞાનના બળે જ્ઞાની થાય છે ત્યારે કર્મનો ઉદય આવવાથી તપાયમાન થાય, છતાં પણ પોતાના જ્ઞાન સ્વભાવથી ચ્યુત (છૂટતા) નથી થતા. જો સ્વભાવથી ચ્યુત (છુટી) થઇ જાય તો વસ્તુનો નાશ થઇ જાય એવો ન્યાય છે. એટલા માટે કર્મના ઉદય સમયે સમ્યગ્જ્ઞાની રાગી, દ્વેષી, મોહી થતા નથી. જેને ભેદજ્ઞાન નથી તે અજ્ઞાની

રાગી, દ્વેષી, મોહી થાય છે. એથી નિશ્ચય થયો કે નિર્મળ ભેદ-વિજ્ઞાનથી જ શુદ્ધાત્મસ્વરૂપની સિદ્ધિ થાય છે.

सिद्धांतोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां ।
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम् ।
एते ये तु समुल्लसंति विविधा भावाः पृथग्लक्षणा-
स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि ॥२८४॥

અર્થ:- જે ભવ્ય આત્માના ચિત્તનું ચરિત્ર અત્યંત ઉજ્જ્વળ છે. અર્થાત્ જે આસન્ન ભવ્ય આત્માનું ચિત્ત નિર્મળ ભેદવિજ્ઞાન થી ઉદાત્ત શુદ્ધ સ્ફટિકરત્ન સમાન પારદર્શક અને સ્થિર થએલ છે. એવા મોક્ષમાર્ગના પ્રશસ્ત અભિલાષી પુરુષોએ આ અપૂર્વ મિથ્યાત્વરૂપી કાલકૂટ વિષનો નાશ કરનાર, સમ્યક્‌સિદ્ધાન્તામૃતનું અન્તઃકરણથી અનુપાન (સેવન) કરો કે:-" હું તો શુદ્ધચૈતન્યમય અનંતગુણોના પિંડરૂપ, અસંખ્યાત પ્રદેશી, એકજ પરમજ્યોતિ સ્વરૂપ, સદાય શાસ્વતરૂપછું. " અને આ જે અનેક પ્રકારના ભિન્ન લક્ષણરૂપ અન્ય વિવિધ પ્રકારના ભાવો છે તે હું નથી, કેમકે તે સર્વે મને પરદ્રવ્ય છે, નિશ્ચય નયથી તો મારો આત્મા પર-દ્રવ્યોથી ભિન્ન, પોતાના ગુણોથી અભિન્ન, સ્વયંસિદ્ધ વસ્તુ છે.

अनंतधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः ।
अनेकांतमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ॥२८५॥

અર્થ:- અનેક છે અંત કહેતા ધર્મ જેમાં એવું જે જ્ઞાન તથા વચન તે મય મૂર્તિ નિત્ય પ્રકાશરૂપ રહો. તે અનેકાંત મૂર્તિ

કેવી છે? જેમાં અનંત ધર્મ છે અથાત્ જે અનંત ધર્મમય છે અને જે પરદ્રવ્યોથી (ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાળ, અને અન્ય સર્વે આત્માઓ તથા તે સર્વે પરદ્રવ્યોના ગુણ પર્યાયોથી ભિન્ન અને પરદ્રવ્યના નિમિત્તે ઉત્પન્ન થએલ જે ઔપાધિક રાગ-દ્વેષ મોહાદિ પરિણામ રૂપ પોતાના વિકારોથી કથંચિત્) ભિન્ન-એકાકાર એવો જે આત્મા એના તત્ત્વને (ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે એટલા માટે એને આત્માનું તત્ત્વ કહ્યું છે) અર્થાત્ અસાધારણ-સજાતીય અન્ય જીવો અનંત છે એમાં ચેતન પણું છે તો પણ નિજ નિજ સ્વરૂપે સૌનું ચૈતન્યપણું, પ્રદેશપણું અને સત્તાપણું ભિન્નભિન્ન છે. કેમકે દરેક દ્રવ્યો પોતાના સ્વચતુષ્ટયમાં બિરાજમાન છે અર્થાત્ પોતાના ગુણ પર્યાયોમાં વ્યાપી રહ્યા છે, એ કારણથી કોઈ દ્રવ્ય અન્ય કોઇ પણ દ્રવ્યમાં ભળતું નથી માટે સજાતીય દ્રવ્યોથી તથા વિજાતીય જે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોથી વિલક્ષણ નિજાત્મસ્વરૂપને પૃથક્ (ભિન્ન) રૂપે અવલોકે છે-દેખે છે.

ભાવાર્થ:- આત્મામાં અશુદ્ધપણું પર દ્રવ્યના સંયોગથી આવે છે. ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી. પણ પર દ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઇ જાય છે. દ્રવ્યદૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તેજ છે અને પર્યાય (અવસ્થા) દૃષ્ટિથી દેખવામાં આવે ત્યારે મલિન જ દેખાય છે. અહીં સ્વભાવથી અભિન્ન અને પરભાવથી ભિન્ન એવો શુદ્ધ શબ્દનો અર્થ જાણવો. સંસારીને સિદ્ધ માનવા એવો ભ્રમરૂપ અર્થ શુદ્ધ શબ્દનો ન જાણવો.

પ્રતિશંકાઃ-જો તમે આત્માનું ચિંતવન દ્રવ્યદૃષ્ટિથી કરો છો, તો દ્રવ્ય તો શુદ્ધ-અશુદ્ધ સર્વ પર્યાયોનો સમુદાય છે, તો તમે શુદ્ધજ અનુભવ કેમ કરો છો ? અને જો પર્યાયદૃષ્ટિથી કરો છો; તો તમારે વર્તમાનમાં તો અશુદ્ધ પર્યાય છે, છતાં તમે પોતાને શુદ્ધ કેમ માનો છો ? જો શકિત અપેક્ષાએ શુદ્ધ માનો છો તો 'હું એવો થવા યોગ્ય છું' એમ માનો. અન્ય સર્વે દ્રવ્યોથી જુદા પણું તે તો દ્રવ્યશુદ્ધતા અને પરના નિમિત્તથી થએલ પોતાનો ભાવ (ઔપાધિક ભાવ) એનાથી રહિત જે શુદ્ધભાવ તે જ ભાવશુદ્ધતા કહેવાય છે. જ્યાં દ્રવ્યઅપેક્ષાએ શુદ્ધપણું કહ્યું ત્યાં તો દ્રવ્ય-અપેક્ષાએ સર્વે પરદ્રવ્યોથી, પરદ્રવ્યોના ગુણ પર્યાયોથી ભિન્ન-પણું જાણવું; અને પોતાના ગુણોથી અભિન્નપણું જાણવું એનું નામ શુદ્ધપણું છે. અને પર્યાય અપેક્ષાએ ઔપાધિક ભાવોનો અભાવ થવો તેનું નામ શુદ્ધપણું છે. શુદ્ધ ચિંતવન વિષે, શકિત અપેક્ષાએ શુદ્ધપણું ગ્રહણ કરવા યોગ્ય કહ્યુ છે. પોતાના આત્માને દ્રવ્યપર્યાય રૂપે અવલોકન કરવો. દ્રવ્યે કરી આત્માને સામાન્ય સ્વરૂપે અવલોકવો અને પર્યાયે કરી આત્માને અવસ્થા વિશેષે અવધારવો. એક દ્રવ્ય પલટિ બીજા દ્રવ્યરૂપ ન થાય એ અપેક્ષાએ આત્માને ભિન્ન અથવા અબદ્ધ-અસ્પૃષ્ટ કહેલ છે. દ્રવ્યદૃષ્ટિએ કરી એક દશા છે અને પર્યાયદૃષ્ટિએ કરી અનેક અવસ્થા રૂપ છે. આ-આત્માને અન્યદ્રવ્યો અને અન્યદ્રવ્યોના ભાવોથી સદા જુદો શ્રદ્ધવો, દેખવો-અનુભવવો એજ નિશ્ચયથી સમ્યગ્-દર્શનનો (અભેદ- -અખંડ) વિષય છે, અથવા શુદ્ધ નયથી જ્ઞાયક માત્ર, સર્વે અન્યદ્રવ્ય અને અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્ન દેખે છે, શ્રદ્ધે છે, અનુભવે છે, તેજ ખરેખર સમ્યગ્દૃષ્ટિ છે.

અથવા સમ્યગ્દૃષ્ટિ થવાનો ઉપાય છે અને ત્યાર પછી જ સાચો મોક્ષ માર્ગ શરૂ થાય છે અર્થાત્ શુદ્ધાત્માનો અનુભવ કરવો તે જ સાચો મોક્ષમાર્ગ છે.

વિશેષાર્થ– નમસ્કાર પૂજ્ય વ્યક્તિને કરવામાં આવે છે અને આશીર્વાદ નાની વ્યક્તિને દેવામાં આવે છે; એટલે કેવલજ્ઞાનરૂપી સરસ્વતીને આપ્તશ્લોકમાં નમસ્કાર કરેલ છે. કારણ આચાર્ય દેવ કેવલજ્ઞાનના ધારક ન હતા, કેવલજ્ઞાનની પ્રાપ્તિ તેનું સાધ્ય હતું અર્થાત્ કેવલજ્ઞાન તેઓશ્રીનો આરાધ્ય વિષય હતો; તેથી કેવલજ્ઞાનની પાર્થના કરવી અથવા તેની પ્રાપ્તિ માટે નમસ્કાર કરવો તેઓનું કર્તવ્ય હતું. પણ આચાર્યદેવ સમાન અનુપમ વિદ્વાન કેવલજ્ઞાનને કદાપિ આશીર્વાદ આપી શકે નહી કારણ જે પદાર્થ પોતાની પાસે ન હોય અને જેની પોતાને જરૂર છે એવા પદાર્થ માટે પ્રાર્થના કરવામાં આવે છે.

આચાર્યશ્રીને આત્મ પદાર્થનું વિવેચન કરવું છે તેથી તેમને તેને માટે સ્યાદ્વાદ વિદ્યાની જરૂર હોવાથી અથવા પોતાનામાં સ્યાદ્વાદવિદ્યાના સ્વરૂપનો પ્રકાશ થાય તેની પ્રાર્થના કરીછે. અનેક ધર્મોનું અધિષ્ઠાન છે એવા, અન્ય પદાર્થથી ભિન્ન આત્માના સ્વભાવને દેખાડવાવાલી અનેકાન્તથી બનેલી જિનવાણી તેનો સાર અર્થાત્ સંપૂર્ણ અને નિર્દોષ સ્વભાવ જે નિત્ય (સ્વપર-પ્રકાશનરૂપ) પ્રકાશરૂપ થાય એવી પાર્થના કરી છે. સ્યાદ્વાદવિદ્યા જ્ઞાનરૂપ છે એવા જ્ઞાનની પ્રાપ્તિ થયા વિના શુદ્ધ આત્મતત્ત્વનો પ્રકાશ થવો અશક્ય અર્થાત્ દુષ્પ્રાપ્ત છે.

શ્રી જિનવાણી કેવી છે ? જે પરદ્રવ્યના ગુણ પર્યાયોથી ભિન્ન શુદ્ધાત્માના સ્વરૂપને બતાવવાવાલી છે; તથા જેમાં વસ્તુના

અનંત સ્વભાવો ભિન્ન ભિન્ન અપેક્ષાથી યથાર્થ બતાવવાવાલી છે, પ્રત્યેક દ્રવ્ય અસ્તિરૂપ પણ છે, નાસ્તિરૂપ પણ છે. સ્વદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ અસ્તિરૂપ છે, પરદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાએ નાસ્તિરૂપ છે. એક વસ્તુની ભિન્ન સત્તા ત્યારે જ સિદ્ધ થશે કે જ્યારે તેમાં અન્ય વસ્તુઓની સત્તા નાસ્તિત્વ અથવા અભાવરૂપ હોય; તે પ્રમાણે પ્રત્યેક દ્રવ્ય નિત્યરૂપ છે, અનિત્યરૂપ પણ છે. દ્રવ્ય અર્થાત્ ગુણો સદા રહેવાની અપેક્ષાએ દ્રવ્ય નિત્ય છે અને તેની અથવા તેનામાં અવસ્થાઓ નિત્ય બદલતી રહેવાની અપેક્ષાએ અનિત્ય છે. પ્રત્યેક દ્રવ્ય એકરૂપ છે, અનેકરૂપ પણ છે અર્થાત્ અનેક ગુણ પર્યાયોનો સમુદાય રૂપ અખંડ દ્રવ્ય હોવાની અપેક્ષાએ દ્રવ્ય એકરૂપ છે, અનેક ગુણોથી સર્વત્ર વ્યાપક હોવા ની અપેક્ષાએ દ્રવ્ય અનેકરૂપ છે. આત્મા એક છે. અર્થાત્ આત્મા, જ્ઞાનાપેક્ષા જ્ઞાનરૂપ, વીર્ય ગુણ અપેક્ષા વીર્યરૂપ, ચારિત્ર ગુણ અપેક્ષા ચારિત્રરૂપ, સમ્યક્ત્વ ગુણ અપેક્ષા સમ્યક્ત્વરૂપ સુખ ગુણ અપેક્ષા સુખરૂપ ઇત્યાદિ પ્રમાણે જાણવું. હરેક સ્વભાવ ને સ્યાત્ અથવા કથંચિત્ અર્થાત્ કોઇ અપેક્ષાથી કહેવા-વાલી હોવાથી તેને સ્યાદ્વાદવાણી કહે છે. અનેક અપેક્ષાઓ લગાડયા વિના દ્રવ્યનું યથાર્થ જ્ઞાન થઇ શકતું નથી, કારણ પ્રત્યેક દ્રવ્ય અનેક ધર્માત્મક છે અર્થાત્ સામાન્ય વિશેષાત્મક વસ્તુ નુ સ્વરૂપ છે તે કોઇનું કરેલું નથી સ્વતઃ સિદ્ધ છે.

કોઇ પ્રશ્ન કરે કે આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે તો તેમાં અનેક ધર્મો કયા કયા છે? તેનો ઉત્તર :– વસ્તુમાં સત્પણું, વસ્તુપણું, પ્રમેયપણું, પ્રદેશપણું, ચેતનપણું, અચેતન-

પણું, મૂર્તિકપણું, અમૂર્તિકપણું ઇત્યાદિ તો ગુણ (ધર્મ) છે; અને વળી વસ્તુમાં એકપણું, અનેકપણું, નિત્યપણું, અનિત્યપણું, ભેદપણું, અભેદપણું, શુદ્ધપણું, અશુદ્ધપણું આદિ અનેક ધર્મ છે. તે સામાન્ય રૂપ ધર્મો તો વચન ગોચર છે પણ બીજા વિશેષરૂપ ધર્મો જેઓ વચનનો વિષય નથી એવા પણ અનંત ધર્મો છે, જે જ્ઞાનગમ્ય છે. આત્મા પણ વસ્તુ છે તેથી તેમાં પણ પોતાના અનંત ધર્મો છે. આત્માના અનંત ધર્મોમાં ચેતનપણું, અસાધારણ ધર્મ છે, આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે તેથી તેને આત્માનું તત્ત્વ કહ્યું છે. તેને આ જિનવાણી સ્યાદ્વાદથી દેખાડે છે. એ રીતે એનાથી સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે તેથી તેને સરસ્વતી, દિવ્યવાણી, ભારતી, શારદા વાગ્દેવી ઇત્યાદિ ઘણા રૂપે કહેવામાં આવે છે.

भावयेद्भेदविज्ञानमिदमाच्छिन्नधारया ।
तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते ॥२८६॥

અર્થ:- આ-નિર્મળ ભેદવિજ્ઞાનને નિરંતર (અવિચ્છિન્ન) ધારા પ્રવાહરૂપે એટલે જેમાં વિચ્છેદ ન પડે એવી રીતે ત્યાં સુધી ભાવો કે જ્યાં સુધી જ્ઞાન પરભાવોથી છૂટી ને પોતાના સ્વરૂપમાં સ્થિર અને શાન્ત થઈ જાય.

ભાવાર્થ:- અહીં જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે જાણવું. એકતો, મિથ્યાત્વનો અભાવ થઇ સમ્યગ્જ્ઞાન થાય અને પાછું મિથ્યાત્વ ન આવે ત્યારે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું કહેવાય; બીજું જ્યારે જ્ઞાન શુદ્ધોપયોગરૂપે સ્થિર થઇ જાય અને ફરી અન્ય વિકારરૂપે ન પરિણમે ત્યારે તે જ્ઞાનમાં ઠરી ગયું કહેવાય. જ્યાં સુધી બન્ને

પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાનનો અભ્યાસ ભાવ્યા કરવું. અર્થાત્ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે ભેદવિજ્ઞાનનો અભ્યાસ કરવા યોગ્ય છે કે જેથી શુદ્ધાત્માની જલ્દી પ્રાપ્તિ થાય. સમ્યક્ત્વ થયા પછી પણ જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન ભાવવાયોગ્ય છે; કારણકે શુદ્ધાત્માનુભવથી જ વીતરાગતા થાય છે અને ત્યારે જ કર્મોનો આસવ રોકાય છે. તેથી શુદ્ધાત્માનુભવનો ઉપાય ભેદવિજ્ઞાન છે તેથી તેનો નિરંતર અભ્યાસ કરવો જરૂરી છે. જ્યાં સુધી સ્વાનુભવ ન થાય ત્યાં સુધી "હું સર્વથી ભિન્ન છું, રાગાદિ બધા મારાથી ભિન્ન છે એવો વિચાર આલંબનરૂપ છે;" અને સ્વાનુભવ થતાં એવો વિકલ્પ પણ રહેશે નહીં.

વિશેષાર્થ:– ભેદજ્ઞાનની ભાવનાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે અને ભેદવિજ્ઞાનની સ્થિરતાથી વીતરાગતાની પ્રાપ્તિ થાય છે શરીરાદિક નોકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ક્રોધાદિ ભાવકર્મ–એ બધા પુદ્ગલ દ્રવ્યના પરિણામ હોવાથી જડ છે; તેમને અને જ્ઞાનને પ્રદેશ ભેદ હોવાથી અત્યંત ભેદ છે, માટે ઉપયોગમાં ક્રોધાદિક, દ્રવ્યકર્મ તથા નોકર્મ નથી; અને ક્રોધાદિકમાં, કર્મમાં કે નોકર્મમાં ઉપયોગ નથી. (આત્માના ચૈતન્ય અનુસાર થતા પરિણામને ઉપયોગ કહે છે.) માટે ક્રોધ ક્રોધમાં છે અને ઉપયોગ ઉપયોગમાં જ છે એવું જ્ઞાનનું પરિણમવું તેને ભેદજ્ઞાન કહે છે. કોઇ વસ્તુને કોઇ વસ્તુમાં પારમાર્થિક દૃષ્ટિથી આધારાધેય સંબંધ નથી; પ્રત્યેક વસ્તુને પોતપોતાનું આધાર આધેયપણું પોત-પોતામાં જ છે જેમકે:– જ્ઞાન આધેય છે અને જાણન ક્રિયા

(જ્ઞાનનું સ્વરૂપ જાણુન ક્રિયા છે) આધાર છે. તેથી એમ નક્કી ઠર્યું કે જાણુનક્રિયા અને જ્ઞાન જુદા નથી. અજ્ઞાનીજીવ અર્થાત્ અજ્ઞાન થી જીવને જ્ઞાન અને રાગાદિ બન્ને એકરૂપ-જડરૂપ-ભાસે છે. જ્યારે અંતરંગમાં જ્ઞાન અને રાગાદિકના ભિન્ન ભિન્ન લક્ષણોથી ભેદ પાડવાનો તીવ્ર (સતત) અભ્યાસ કરવાથી જ ભેદજ્ઞાન પ્રગટ થાય છે. પ્રથમ જીવે આગમથી જે શ્રદ્ધાન કર્યું હતું તે તેને પ્રત્યક્ષ એમ જણાવા લાગ્યું કે જ્ઞાનનો સ્વભાવતો માત્ર જાણુવાનો છે; અને જ્ઞાનમાં જે રાગાદિકની કલુષતા (આકુળતારૂપ સંકલ્પ વિકલ્પ) ભાસે છે તે સર્વ પુદ્ગલના વિકાર જડ-અચેતન છે. આ પ્રમાણે જ્ઞાન અને રાગાદિકના ભેદનો સ્વાદ આવે છે અર્થાત્ અનુભવ થાય છે. આવું ભેદજ્ઞાન થતા જ જીવ પોતે પોતાના અજ્ઞાનકાળમાં પણ સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો હતો અને રાગાદિરૂપ કદિ થયો ન હતો એવું દૃઢ શ્રદ્ધાન થાય છે. અર્થાત ભેદજ્ઞાન થતા અણુમાત્ર પણ રાગાદિવિકારરૂપ વિપરીતતા જીવને પમાડતું નથી પણ અવિચળ પણે દૃઢ શ્રદ્ધાની થાય છે. ભેદજ્ઞાન થયા પછી તે, પૂર્વકર્મના ઉદય વડે તપ્ત થયો થકો પણ રાગી દ્વેષી, મોહી થતો નથી; અને અજ્ઞાની આત્મા જ્ઞાનસ્વરૂપને નહી જાણતો થકો રાગને જ આત્મા માને છે તેથી રાગી, દ્વેષી, મોહી થાય છે. (ચોથા અવિરત સમ્યગ્દૃષ્ટિથી પ્રમત ગુણસ્થાનવર્તી જીવ જ્યાં સુધી પાછો મિથ્યાજ્ઞાની ન થાય ત્યાં સુધીના જ્ઞાનને ધારાવહી (પ્રવાહરૂપ) અતૂટકજ્ઞાન અર્થાત્ સમ્યગ્જ્ઞાન ધારાવહી જ્ઞાન કહે છે; અને શ્રેણીચડનાર જીવને એક જ જ્ઞેયમાં ઉપયોગ ના ઉપયુકત રહેવાની અપેક્ષાએ અર્થાત્ જ્યાં સુધી ઉપયોગ એક જ્ઞેયમાં ઉપયુકત રહે છે ત્યાં સુધી ધારાવહી જ્ઞાન કહેવાય છે;

આની સ્થિતિ (છદ્મસ્થને) અંતર્મુહૂર્ત જ હોય છે, કારણ કે તેનો ઉપયોગ શુદ્ધાત્મામાં જ ઉપયુકત હોય છે.

જે જીવ પ્રથમ તો રાગ, દ્વેષ, મોહ સાથે મળેલા મન વચન કાયના શુભાશુભયોગથી પોતાના આત્માને ભેદજ્ઞાનના બળવડે ચળવા ન દે, ત્યારપછી ભેદવિજ્ઞાનના બળવડે શુદ્ધદર્શન-જ્ઞાનમય આત્મસ્વરૂપમાં નિશ્ચળ કરી સમસ્ત બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી રહિત થઈને કર્મ-નોકર્મથી ભિન્ન પોતાના સ્વરૂપમાં એકાગ્ર થઇ તેના જ ધ્યાનમાં રહી અવિચળપણે સમસ્ત અન્ય દ્રવ્યોથી દૂર વર્તતો થકો અલ્પકાળમાં જ તેનો અક્ષય કર્મમોક્ષ થાય છે. અર્થાત્ વીતરાગ થાય છે.

सम्यक्त्वा ज्ञानयुक्तं चारित्रंरागद्वेषपरिहीनं ।
मोक्षस्य भवति मार्गो भव्यानां लब्धबुद्धीनां ॥२८७॥

અર્થ:- સમ્યકૃત્વ કહીએ શ્રદ્ધાન (નિર્વિકારી શુદ્ધાત્માની રૂચિરૂપ નિર્મળ પરિણામ) તથા યથાર્થ વસ્તુના નિર્મળ જ્ઞાન સહિત જે સદાચરણ છે તે મોક્ષનો માર્ગ છે અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્ર એ ત્રણેનું જ્યારે એકવાર પરિણમન થાય છે. ત્યારે જ મોક્ષ માર્ગ પ્રાપ્ત થાય છે. દર્શન જ્ઞાન-યુકત ચારિત્ર કેવું છે ? ઈષ્ટ અનિષ્ટ પદાર્થોમાં રાગ દ્વેષ રહિત સમતામૃત રસ ગર્ભિત છે. એવો મોક્ષ માર્ગ સ્વપર ભેદવિજ્ઞાન-રૂપી બુદ્ધિ જેને સંપ્રાપ્ત થઇ છે. એવા મોક્ષ માર્ગ સન્મુખ જે જીવ છે તેને સંપ્રાપ્ત થાય છે.

भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन ।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन ॥२८८॥

અર્થ:– જે કોઈ ભવ્ય આત્મા નિર્મળ, શુદ્ધ, શાશ્વત સિદ્ધ-પર્યાયને પ્રાપ્ત થયા છે તે આ-નિર્મળ ભેદવિજ્ઞાનના અમર્યાદિત અદ્‌ભૂત પ્રભાવથી જ થયા છે અને જે કર્મથી બંધાયેલ છે તે આ જ ભેદજ્ઞાનના અભાવથી જ બંધાયેલ છે.

ભાવાર્થ:– અનાદિકાળથી માંડીને જ્યાં સુધી જીવને ભેદવિજ્ઞાન નથી ત્યાં સુધી કર્મથી બંધાયા જ કરે છે–સંસારમાં રઝળ્યા જ કરે છે; જે જીવને ભેદવિજ્ઞાન થાય છે તે કર્મથી છૂટે જ છે–મોક્ષ પામે છે. માટે કર્મ બંધનું–સંસારનું–મૂળ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે; અને મોક્ષનું પ્રથમ કારણ ભેદવિજ્ઞાન જ છે કારણ ભેદવિજ્ઞાનથી જ શુદ્ધાત્માની ઉપલબ્ધિ થાય છે અને શુદ્ધાત્માની ઉપલબ્ધિથી રાગ દ્વેષ મોહનો અભાવ કરવો એવું જેનું લક્ષણ છે અર્થાત્ ભેદવિજ્ઞાનની કળાથી ભાવાસ્રવો રોકાતા સંવર શરૂ થાય છે. શુદ્ધોપયોગમયાત્મક જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું (પરિણમતું) થકુ જરા પણ રાગ દ્વેષ મોહરૂપ ભાવને પ્રાપ્ત નહિં થતું સ્વરૂપમાં રમણ કરતું મોક્ષ ગતિને પ્રાપ્ત થાય છે અર્થાત્ ભેદવિજ્ઞાનથી સિદ્ધ ગતિની પ્રાપ્તિ થાય છે અને તેના અભાવમાં કોઇ સિદ્ધિ પામી શકતું નથી.

दूरभव्यस्य नोशुद्धचिद्रूपध्यानसंरुचिः ।
यथाऽजीर्ण विकारस्य न भवेदन्नसंरुचिः ॥२८९॥

અર્થઃ- જેને અજીર્ણનો વિકાર છે, ખાધું પીધું નથી પચતું એની જેવી રીતે અન્નમાં રૂચિ નથી થતી તેવી રીતે જે દુર્ભવ્ય છે તેની પણ શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનમાં પ્રીતિ નથી થતી.

શુદ્ધ ચિદ્રૂપના ધ્યાનથી સર્વ સિદ્ધિની પ્રાપ્તિ

उपाया बहवः सन्ति शुद्धचिद्रूपलब्धये ।
तद्ध्यानेनसमोनाभूदुपायो न भविष्यति ॥२९०॥

અર્થઃ- ભલે કે શુદ્ધચિદ્રૂપની પ્રાપ્તિના ઘણા ઉપાય છે તેમાં પણ ધ્યાન જેવો બીજો કોઈ પણ ઉપાય ન થયો, ન થશે, ન થવાનો છે. એટલા માટે જેને શુદ્ધચિદ્રૂપની પ્રાપ્તિની અભિલાષા હોય તેમણે સદાય એનું જ ધ્યાન નિયમથી ધ્યાવવું જોઇએ.

ભાવાર્થઃ- ભલે કે અનુપ્રેક્ષા (ભાવના) અને ધ્યાનમાં કાંઇ અંતર નથી પરંતુ બંન્નેનાં ફળ ભિન્ન ભિન્ન છે. અનુપ્રેક્ષાનું ફળ એ છે કે અનિત્ય આદિ ભાવનાઓનું ચિંતવન કરવાથી વિષયો પ્રત્યે ઉપેક્ષા બુદ્ધિ ઉત્પન્ન થાય છે. અર્થાત્ વૈરાગ્યમાં દૃઢતા વધે છે, અને ધ્યાનનું ફળ એ છે કે ચિત્તને અનેક વિષયોમાંથી હટાવીને એક જ્ઞેય ઉપર સ્થિર કરે છે. ભાવના એટલે વારંવાર ચિંતવન કરવું અને તેનાથી મન સ્થિર થાય છે; મન સ્થિર થતા ઉપયોગ આત્મસ્વરૂપમાં લીન થાય છે. અર્થાત્ ભાવના કારણ છે ધ્યાન કાર્ય છે. શરીર, સંસાર, ભોગાદિના સ્વભાવોનું ચિંતવન કરવું, એના સ્વરૂપનો વિચાર કરવો, તેને અનુપ્રેક્ષા કહે છે. જ્ઞાનની વારંવાર અનુભવરૂપ ભાવના

કરવાથી ઉપયોગ એકાએક સ્થિર થઈ જાય છે. તેને ધ્યાન કહે છે.

विकल्पजालजंबालान्निर्गतोऽयं सदासुखी ।
आत्मातत्रस्थितोदुःखीत्यनुभूय प्रतीयतां ॥२९१॥

અર્થ:- જ્યાં સુધી આ-આત્મા નાના પ્રકારના સંકલ્પ વિકલ્પ-રૂપી સેવાલમાં ફસાઇ રહેલ છે, ત્યાં સુધી આત્મા સદાય દુઃખી જ છે. ક્ષણ વાર પણ એને સુખ શાંતિનો અનુભવ નથી થતો, પરંતુ જ્યારે સંકલ્પ-વિકલ્પ છૂટી જાય છે તે સમયે આત્મા સુખી થાય છે. નિરાકૂળતામય સુખનો અનુભવ કરવા લાગે છે, એમ સ્વાનુભવથી નિશ્ચય થાય છે.

अनंतानिकृतान्येव मरणानि मयापिन ।
कुत्र चिन्मरणेशुद्धचिद्रूपोऽहमिति स्मृतं ॥२९२॥

અર્થ:- હું અનંત વાર અનંતા ભવોમાં મર્યો પરંતુ મૃત્યુના સમયે ("હું શુદ્ધ ચિદ્રૂપછું") એવું સ્મરણ કરી કયારે પણ મર્યો નહિ.

अथा निःशेषशास्त्राणि व्याकृतानिश्रुतानि च ।
तेभ्योनशुद्धचिद्रूपं स्वीकृतं तीव्रमोहित्वा ॥२९३॥

અર્થ:- મેં સંસારમાં અનંત વાર કઠણમાં કઠણ શાસ્ત્રોનાં વ્યાખ્યાન કર્યાં અને ઘણા શાસ્ત્રોનું શ્રવણ પણ કર્યું; પરંતુ

મોહમાં મૂઢ થઈ એમાં જે શુદ્ધચિદ્રૂપનું વર્ણન છે, એનો કદાચે પણ સ્વીકાર ન કર્યો.

मानुष्यं बहुशो लब्धमार्यखंडे च सत्कुलं ।
आदिसंहननं शुद्धचिद्रूपं नकदाचन ॥२९४॥

અર્થ:- હું આર્ય ખંડમાં ઘણી વાર મનુષ્ય થયો, કોઈવાર ઉત્તમ કુળમાં પણ જન્મ પામ્યો પરંતુ વજ્રઋષભનારાચસંહનન અને શુદ્ધચિદ્રૂપની મને કયારે પણ પ્રાપ્તિ ન થઈ.

शौचसंयमशीलानि दुर्धराणितपांसि च ।
शुद्धचिद्रूपसद्ध्यानमंतरा धृतवानहं ॥२९५॥

અર્થ:- મેં અનંતવાર શૌચ, સંયમ, શીલોને પણ ધારણ કર્યાં, ભાતભાતના ઘોરતમ તપ પણ તપ્યો, પરંતુ શુદ્ધ ચિદ્રૂપનું સ્મરણ કયારે પણ ન કર્યું.

शीतकाले नदीतीरे वर्षाकाले तरोरधः ।
ग्रीष्मे नगशिरोदेशे स्थितो न स्वे चिदात्मनि ॥२९६॥

અર્થ:- ઘણીવાર હું શીતકાલમાં નદીના કિનારે, વર્ષાકાલમાં વૃક્ષની નીચે અને ઉનાળામાં પર્વતના શિખર પર સ્થિત થયો, પરંતુ પોતાના ચૈતન્યસ્વરૂપ આત્મામાં મેં કયારે પણ સ્થિતિ ન કરી.

अधीतानि च शास्त्राणि बहुवार मनेकशः ।
मोहतो न कदा शुद्धचिद्रूपप्रतिपादकं ॥२९७॥

અર્થ:– હું ઘણીવાર અનેક શાસ્ત્રો ભણ્યો પરંતુ મોહથી મદોન્મત્ત થઇ શુદ્ધચિદ્રૂપનું સ્વરૂપ સમજાવવાવાળું એક પણ શાસ્ત્ર ભણવા ન પામ્યો.

नगुरुःशुद्धचिद्रूप स्वरुप प्रतिपदकः ।
लब्धोमन्येकदाचित्तं विनाऽसो लभ्यते कथं ॥२९८॥

અર્થ:– શુદ્ધચિદ્રૂપનું સ્વરૂપ પ્રતિપાદન કરવાવાળા આજ સુધી મને કોઇપણ ગુરૂ ન મળ્યા; અને જ્યારે ગુરૂજ કયારે પણ ન મળ્યા ત્યારે શુદ્ધચિદ્રૂપની પ્રાપ્તિ જ કયાંથી થઈ શકે ? અર્થાત્ શુદ્ધચિદ્રૂપના સ્વરૂપના મર્મજ્ઞ ગુરૂ વિના શુદ્ધચિદ્રૂપની પ્રાપ્તિ સર્વથા દુઃસાધ્ય છે.

स्वात्मध्यानामृतं स्वच्छं विकल्पानपसार्य सत् ।
पिबतिक्लेशनाशाय जलं शैवालवत्सुधीः ॥२९९॥

અર્થ:– જેવી રીતે ક્લેશ (પિપાસા) ની શાંતિને અર્થે જલ ઉપર પૂરાએલી સેવાલને અલગ કરી શીતલ સુરસ નિર્મળ જલ પીવામાં આવે છે. એવી રીતે જે બુદ્ધિમાન મનુષ્ય દુઃખોથી દૂર થવા ઇચ્છે છે, તે સમસ્ત સંસારના વિકલ્પ જાલોને છોડી ને આત્મધ્યાનરૂપી અનુપમ સ્વચ્છ અમૃતનું પાન કરે છે, પોતાના ચિત્તને દ્રવ્ય આદિની ચિંતા તરફ ઝુકવા નથી દેતા.

नात्मध्यानात्परंसौख्यं नात्मध्यानात्परंतपः ।
नात्मध्यानात्परोमोक्षपथः कदापिकदाचन ॥३००॥

અર્થઃ- કેમકે આ-આત્મધ્યાનથી ઉત્કૃષ્ટ કોઈ કાળમાં કોઇ સુખ નથી, તપ પણ નથી અને મોક્ષ પણ નથી. અર્થાત્ જે કાંઇ છે તે આ આત્મધ્યાનજ છે, એટલા માટે એને પરમ કલ્યાણ કર્તા સમજવું જોઇએ.

ते वंद्याः गुणिनस्ते च ते धन्यास्ते विदांवराः ।
वसन्तिनिर्जनेस्थाने ये सदा शुद्धचिद्गताः ॥३०१॥

અર્થઃ- જે મનુષ્ય શુદ્ધ ચિદ્રૂપમાં અનુરક્ત છે. અને એની પ્રાપ્તિને માટે નિર્જન સ્થાનમાં નિવાસ કરે છે. તેજ સંસારમાં વંદનીક, સત્કારને યોગ્ય, ગુણી, ધન્ય અને વિદ્વાનોના શિરોમણિ છે. અર્થાત્ ઉત્તમ પુરુષો એનોજ આદર સત્કાર કરે છે અને એનેજ ગુણી, ધન્ય અને વિદ્વાનોમાં ઉત્તમ માને છે.

निर्जनं सुखदं स्थानं ध्यानाध्ययन साधनं ।
रागद्वेष विमोहानां शातनं सेवते सुधीः ॥३०२॥

અર્થઃ- આ-નિર્જન સ્થાન અનેક પ્રકારના સુખને આપવાવાળું છે, ધ્યાન અને અધ્યયનનું કારણ છે, રાગ દ્વેષ અને મોહનો નાશ કરવાવાળું છે; એટલા માટે બુદ્ધિમાન પુરુષે અવશ્ય એનો અશ્રય કરવો જોઇએ.

सुधायाः लक्षणंलोका वदन्ति बहुधासुधा ।
बाधाजन्तुजनैर्मुक्तं स्थानमेव सतां सुधा ॥३०३॥

અર્થઃ- લોકો સુધાનું લક્ષણ ભિન્ન ભિન્ન પ્રકારથી બતાવે છે;

પરંતું તે ઠીક નથી, મિથ્યા છે. કેમકે જ્યાં કોઇ પ્રકારની બાધા, ડાંસ મચ્છર, આદિ જીવ અને જનસમુદાય ન હોય એવા એકાંત સ્થાનનું નામ જ વાસ્તવમાં સુધા છે.

ભાવાર્થઃ- જે સુખ આપવાવાળું હોય તેજ સુધા છે-અમૃત છે. શુદ્ધચિદ્રૂપના અભિલાષીઓને સમસ્ત પ્રકારના ઉપદ્રવોથી રહિત, એકાંત સ્થાન સુખ આપવાવાળું છે. એટલા માટે શુદ્ધ-ચિદ્રૂપના અભિલાષીઓને તેજ અમૃત છે. અને લોક કથિત અમૃત, અમૃત નથી.

भूमिगृहे समुद्रादि तटे पितृवने वने ।
गुहादौवसति प्राज्ञः शुद्धचिद्ध्यानसिद्धये ॥२०४॥

અર્થઃ- જે મનુષ્ય બુદ્ધિમાન છે, હિત અહિતના જાણનાર છે, તે શુદ્ધચિદ્રૂપના ધ્યાનની સિધ્ધિને અર્થે જમીનની અંદર, ઘરોમાં, સુરંગોમાં, સમુદ્ર, નદી આદિના તટોપર, સ્મશાન ભૂમિઓમાં, અને વન ગુફા આદિ નિર્જન સ્થાનોમાં નિવાસ કરે છે.

ज्ञेयावलोकनं ज्ञानं सिद्धानां भाविनां भवेत् ।
आद्यानां निर्विकल्पं तु परेषां सविकल्पकं ॥२०५॥

અર્થઃ- પદાર્થોનું દેખવું અને જાણવું (દર્શન અને જ્ઞાન) સિદ્ધ અને સંસારી બન્નેને હોય છે; પરંતુ સિદ્ધોને તે નિર્વિકલ્પ આકૂળતા રહિત અને સંસારી જીવોને સવિકલ્પક-આકૂળતા સહિત હોય છે.

व्याकुलः सविकल्पः स्यान्निर्विकल्पो निराकुलः ।
कर्मबन्धोऽसुखं चाद्ये कर्माभावः सुखं परे ॥२०६॥

અર્થ:– જે જ્ઞાનની વિદ્યમાનતામાં આકુળતા હોય, તે જ્ઞાન સવિકલ્પ છે. અને જેમાં આકુળતા ન હોય, તે જ્ઞાન નિર્વિકલ્પ કહેવાય છે. એમાં સવિકલ્પ જ્ઞાનથી કર્મોનો બંધ અને દુઃખ ભોગવવું પડે છે અને નિર્વિકલ્પક જ્ઞાનથી કર્મોનો અભાવ અને પરમ સુખ પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ:– મનઃપર્યયજ્ઞાન અને અવધિદર્શન સુધી જેટલાં જ્ઞાન અને દર્શન છે, તે સર્વે સવિકલ્પ છે. એની વિદ્યમાનતામાં આત્મામાં કોઇને કોઈ વિકલ્પ થયા કરે છે; અને વિકલ્પોથી કર્મ-બંધ અને દુઃખ ભોગવવું પડે છે; પરંતુ જે સમયે કેવલદર્શન અને કેવલજ્ઞાનરૂપ નિર્વિકલ્પક દર્શનજ્ઞાન પ્રાપ્ત થઇ જાય છે, તે સમયે સમસ્ત વિકલ્પ શાંત થઇ જાય છે. કર્મોનો નાશ અને નિરાકૂળતામય સુખ પણ પ્રાપ્ત થઇ જાય છે.

बहूनवारान्मयाभूक्तं सविकल्पं सुखं ततः ।
तन्नापूर्वंनिर्विकल्पे सुखेऽस्तीहा ततो मम ॥२०७॥

અર્થ:– આકુળતાનો ભંડાર આ–સવિકલ્પ સુખનો મેં ઘણીવાર અનુભવ કર્યો છે. જે ગતિની અંદર હું ગયો છું ત્યાં મને સવિકલ્પ જ સુખ પ્રાપ્ત થયું છે; એટલા માટે તે મારા માટે અપૂર્વ નથી પરંતુ નિરાકૂળતામય–નિર્વિકલ્પ સુખ મને કયારે પણ પ્રાપ્ત નથી થયું એટલા માટે એની પ્રાપ્તિને અર્થે મારી

અત્યંત ઇચ્છા છે. તે ક્યારે મળે એ આશાથી સદાય મારૂં ચિત્ત ભટકતું ફરે છે.

ज्ञेयज्ञानंसरागेण चेतसा दुःखमंगिनः ।
निश्चयश्चविरागेण चेतसासुखमेव तत् ॥३०८॥

અર્થ:- રાગી, દ્વેષી અને મોહી ચિત્તથી જે પદાર્થોનું જ્ઞાન કરવામાં આવે છે, તે દુઃખ સ્વરૂપ છે. તે જ્ઞાનથી જીવોને દુઃખ ભોગવવું પડે છે. અને વીતરાગ, વીતદ્વેષ અને વીતમોહ ચિત્તથી જે પદાર્થોનું જ્ઞાન થાય છે, તે સુખ સ્વરૂપ છે. તે જ્ઞાનથી સુખની પ્રાપ્તિ થાય છે. વિકલ્પ રહિત ચિત્તને એકાગ્ર કરવું તે સમાધિ-યોગ અને સર્વવિષયોથી હઠાવીને એકજ વિષય તરફ ઉપયોગને જોડવો તેને ધ્યાન કહે છે. અનંત શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ પોતાના આત્માનું સ્વયં સ્વસંવેદનજ્ઞાનથી ધ્યાન કરવું.

मुहुः पसार्य सज्ज्ञानं पश्यन भावान् यथास्थितान् ।
प्रीत्यप्रीती निराकृत्य ध्यायेदध्यात्मविन्मुनिः ॥३०९॥

અર્થ:- વારંવાર સમ્યગ્જ્ઞાનનો વિસ્તાર કરીને અર્થાત્ નિર્મલ ઉપયોગને વારંવાર જોડીને; તથા જે પદાર્થ જે સ્વરૂપે છે તેને તેજ સ્વરૂપે દેખતા થકા રાગદ્વેષને છોડી ને આત્માના અધિકાર-રૂપ અધ્યાત્મ ભાવને જાણવાવાલા અધ્યાત્મજ્ઞાની મુનિ પોતાના શુદ્ધાત્મસ્વરૂપનું ધ્યાન કરે: યથાર્થ આત્માનો અનુભવ કરવાથી પણ વર્તમાનમાં પરમાનંદ પ્રાપ્ત થાય છે અને ભવિષ્યમાં પણ નિત્ય પરમાનંદ સ્વરૂપ મોક્ષમાં પહોંચી જાય છે.

ભાવાર્થ:- આત્મજ્ઞાની ધ્યાન કરે છે ત્યાં પ્રથમ તો આગમાદિક (શાસ્ત્રાદિક) રૂપ સમ્યક્‌જ્ઞાનથી જીવાદિક પદાર્થોનો નિશ્ચય કરે છે. ફરી યથાર્થ શ્રદ્ધાન કરતા થકા જેમ રાગ દ્વેષ ન થાય તેમ, બાહ્ય સાધન-અંતરંગ સમ્યક્‌ વિચારે કરી રાગ દ્વેષનો નાશ કરે; એવી સામગ્રી પ્રાપ્ત થાય ત્યારે ધ્યાનની સિદ્ધિ થાય છે. ઉપયોગની નિશ્ચળતાનું નામ ધ્યાન છે. રાગ દ્વેષ સહિત ઉપયોગ (વિચાર) પર પદાર્થોમાં ભમે, ત્યારે ધ્યાન કેમ હોય? અને જીવાદિક પદાર્થોનો નિશ્ચય થયા વિના પરદ્રવ્ય ઇષ્ટ અનિષ્ટ ભાસે ત્યાં રાગ દ્વેષ દૂર કેમ થાય? કેમકે પદાર્થોને જાણવા માટે ઉપયોગ જોડયા વિના પદાર્થોનો નિશ્ચય શી રીતે થાય? માટે જ્ઞાનને (ઉપયોગને) વિસ્તારી, પદાર્થોનો યથાર્થ નિશ્ચય કરી, રાગ દ્વેષને દૂર કરી, કોઇ એક પદાર્થને યથાર્થ ધ્યાવતો થકો આ-જીવ અન્ય સર્વે ચિંતવનને રોકીને ધ્યાન અવસ્થાને પ્રાપ્ત થાય છે. આ જે ધ્યાન છે તે સાક્ષાત્ મોક્ષ માર્ગ છે એને માટે ભવ્ય જીવોએ યોગ્ય સામગ્રી મેળવવી જોઇએ. આગળ જે કોઇ એમ શંકા કરે કે રાગ દ્વેષનો નાશ ધ્યાન કરતાં પહેલાં કેમ કરી શકીએ? એનો ઉત્તર કહે છે કે, સંસારનું કારણ જે કર્મ તેને ઉત્પન્ન થવાનું કારણ રાગ દ્વેષ જ છે, એટલા માટે પ્રથમ રાગ, દ્વેષનો નાશ કરી ધ્યાન કરવું યોગ્ય છે.

मेरुः कल्पतरुः सुवर्णममृतं चिंतामणिः केवलं ।
साम्यंतीर्थकरो यथा सुरगवीचक्रीसुरेंद्रोमहान् ।
भूमृद्भूरुहधातुपेयमणिधी वृत्ताप्तगोमानवा ।
मर्त्येष्वेव तथा च चिंतनमिह ध्यानेषु शुद्धात्मनः ॥२१०॥

અર્થ :– જેવી રીતે પર્વતોમાં મેરુ, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, ધાતુઓમાં સુવર્ણ, પીવાયોગ્ય પદાર્થોમાં અમૃત, રત્નોમાં ચિંતામણિ રત્ન, જ્ઞાનોમાં કેવલજ્ઞાન, ચારિત્રોમાં સમતારૂપ (વીતરાગ) ચારિત્ર, આપ્તોમાં (યથાર્થવક્તાઓમાં) તીર્થંકર, ગાયોમાં કામધેનુ; મનુષ્યોમાં ચક્રવર્તી અને દેવોમાં ઈન્દ્રમહાન અને ઉત્તમ છે. એવી રીતે ધ્યાનોમાં શુદ્ધચિદ્રૂપનું ધ્યાન જ સર્વોત્તમ અને લાભદાયક છે.

ભાવાર્થ:– જેવી રીતે અન્ય પર્વત મેરૂ પર્વતની, અન્યવૃક્ષ કલ્પવૃક્ષની, અન્ય ધાતુ સુવર્ણની, અન્યપીવા યોગ્ય પદાર્થ અમૃતની, અન્યરત્નઆદિ પદાર્થ ચિંતામણિ આદિની તુલના નથી કરી શકતા, એવી રીતે અન્ય પદાર્થોનું ધ્યાન શુદ્ધાત્માના ધ્યાન સમાન નથી હોતું, એટલા માટે શુદ્ધચિદ્રૂપનું ધ્યાન જ સર્વોત્તમ અને લાભદાયક છે.

चिद्रूपेण च घातिकर्महननाच्छुद्धेन धाम्नास्थितं ।
यस्मादत्रहि वीतरागवपुषोनाम्नापिनुत्यापि च ।
तद्बिंबस्य तदोकसोऽङ्गिति त त्कारायकस्यापिच ।
सर्वंगच्छति पापमेति सुकृतं तत्तस्यकिंनो भवेत् ॥११॥

અર્થ:– શુદ્ધચિદ્રૂપથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાયરૂપ ઘાતિયા કર્મોનો નાશ થઈ જાય છે. કેમકે વીતરાગ-શુદ્ધચિદ્રૂપનું નામ લેવાથી, એમની સ્તુતિ કરવાથી તથા એમની મૂર્તિ અને મંદિર બનાવવાથી જ જ્યારે સમસ્ત પાપ દૂર થઇ જાય છે; અને અનેક પુણ્યોની પ્રાપ્તિ થઇ જાય છે ત્યારે

એમના શુદ્ધચિદ્રૂપનું ધ્યાન કરવાથી મનુષ્યને કયું ઉત્તમ ફળ પ્રાપ્ત નહીં થાય ? અર્થાત્ શુદ્ધચિદ્રૂપનો ધ્યાની મનુષ્ય ઉત્તમોત્તમ ફલને પ્રાપ્ત કરી શકે છે.

बहिश्चितः पुरः शुद्धचिद्रूपाख्यानकंवृथा ।
अंधस्यनर्तनंगानं वधिरस्य यथाभवि ॥३१२॥

अंतश्चितः पुरः शुद्धचिद्रूपाख्यानकंहितं ।
बुभुक्षिते पिपासार्त्तेऽन्नं जलंयोजितंयथा ॥३१३॥

અર્થ:- જેવી રીતે અંધાની સામે નાચવું અને બહેરાની સામે ગીત ગાવું નકામું છે–વ્યર્થ છે, એવી રીતે બહિરાત્માની સામે શુદ્ધચિદ્રૂપની કથા પણ કાર્યકારી નથી. પરંતુ જેવી રીતે ભૂખ્યાને માટે ભોજન, તરસ્યાને માટે જલ હિતકારી છે એવી રીતે અંતરાત્માના સમ્મુખ કહેવામાં આવેલ શુદ્ધચિદ્રૂપનો સદુપદેશ પણ પરમ હિતને કરવાવાળો છે.

चिदचिद्द्वे परे तत्त्वे विवेकस्तद्विवेचनम् ।
उपादेयमुपादेयं हेयं हेयञ्च कुर्वतः ॥३१४॥

અર્થ:- સંસારમાં ચેતન તથા અચેતન બે પ્રકારના તત્ત્વ છે. એમાં ગ્રહણ કરવા યોગ્ય તેને ગ્રહણ કરવાવાળા અને ત્યાગ કરવા યોગ્ય તેનો ત્યાગ કરવાવાળા પુરુષોનો જે વિચાર છે, એને વિવેક કહે છે.

ભાવાર્થ:- ચૈતન્યસ્વરૂપ આત્મા તો ગ્રહણ કરવા યોગ્ય છે;

તથા શરીર આદિ જડ પદાર્થો ત્યાગવા યોગ્ય છે એવો જે વિચાર છે તેનું નામ વિવેક છે.

દુઃખં કિઞ્ચિત્સુખં કિઞ્ચિચ્ચિત્તે ભાતિ જડાત્મનઃ ।
સંસારેઽત્ર પુનર્નિત્યં સર્વં દુઃખં વિવેકિનઃ ॥૨૧૫॥

અર્થઃ- મૂર્ખ મનુષ્યોને તો આ સંસારમાં કાંઇક સુખ, કાંઇક દુઃખ માલુમ પડે છે કિન્તુ જે હિતાહિતને જાણવાવાળા વિવેકી પુરુષો છે તેને તો આ સંસારમાં સર્વ જગ્યાએ માત્ર દુઃખજ નિરંતર માલુમ પડે છે.

માનુષ્યં સત્કુલે જન્મ લક્ષ્મીર્બુદ્ધિઃ કૃતજ્ઞતા ।
વિવેકેન વિના સર્વં સદપ્યેતન્ન કિઞ્ચન ॥૨૧૬॥

અર્થઃ- જે મનુષ્ય વિવેકી નથી, એનું મનુષ્ય પણું, ઉત્તમ કુળમાં જન્મ, ધન, જ્ઞાન, અને કૃતજ્ઞપણું હોવા છતાં તે સર્વે નિષ્ફળ છે એટલા માટે મનુષ્યોને વિવેકી અવશ્ય બનવું જોઇએ.

વર્દ્ધયન્તિ સ્વઘાતાય તે નૂનં વિષપાદકમ્ ।
નરત્વેઽપિ ન કુર્વન્તિ યે વિવેચ્યાત્મનો હિતમ્ ૨૧૭॥

અર્થઃ- જેનામાં સમસ્ત પ્રકારના વિચાર કરવાનું સામર્થ્ય છે. તથા જેનું પામવું અત્યંત દુર્લભ છે એવા મનુષ્ય જન્મ ને પામીને પણ જે પોતાના આત્માનું હિત નથી કરતા, તે પોતાનો જ ઘાત કરવાને માટે વિષ વૃક્ષને વધારે છે.

ભાવાર્થ:– પાપકાર્ય વિષના વૃક્ષ સમાન છે. એ કારણે એનું ફળ પણ દુઃખદેવાવાળું છે.

त्यक्त्वा विवेकमाणिक्यं सर्वाभिमतसिद्धिदम् ।
अविचारितरम्येषु पक्षेष्वज्ञः प्रवर्त्तते ॥३१८॥

અર્થ:– જે મોક્ષમાર્ગથી વિમુખ અજ્ઞાની આત્મા છે, તે સમસ્ત મનોવાંછિત સિદ્ધિને આપવાવાળા વિવેકરૂપી ચિંતામણિ રત્નને છોડી દઇને વિચાર વિના મૂઢ બુદ્ધિથી રમણીક ભાસવાવાળા પક્ષોમાં (મતોમાં) પ્રવૃતિ કરવા લાગી જાય છે.

विवेकः स्तोकपुण्यानां चिरंचित्तेनतिष्ठति ।
मंदिरेषुदरिद्रस्य प्रदीपोदीप्यतेकियत् ॥३१९॥

અર્થ:– અતિ અલ્પ પુણ્યવાન જીવોના ચિત્ત વિષે વિવેકરૂપી રત્ન ઘણો વખત સુધી ટકી શકતું નથી. જેમ દરિદ્રી માણસના ઘર વિષે દીવો કયાં સુધી પ્રકાશ કરે! અર્થાત્ બહુજ થોડો વખત રહે છે કેમકે તેલના અભાવને લઇ દીવો કયાં સુધી રહી શકે? ન જ રહી શકે.

देहात्माद्यविवेकोयं सर्वदा सुलभोभवेत् ।
भवेकोटयाापितद्भेदे विवेकस्त्वति दुर्लभः ॥३२०॥

અર્થ:– દેહાત્મબુદ્ધિ–દેહ એજ આત્મા છે એવો અવિવેક તો સદાય કાળ સુલભ છે; પરંતુ કરોડો ભવને વિષે આત્મા અને દેહ બન્ને ભિન્ન છે (તલવાર અને મ્યાનની માફક જુદા છે)

અર્થાત્ આત્મા અને દેહ એ બન્નેનો ભેદ કરવામાં અતિ ઉપયોગી એવો નિર્મળ વિવેક પ્રાપ્ત થવો અત્યંત દુર્લભ છે.

शरीरतः कर्तुमनन्तशक्तिं विभिन्नमात्मानमपास्तदोषं ।
जिनेन्द्र कोषादिवखड्गयष्टिं तवप्रसादेन ममास्तु शक्तिः
॥३२१॥

અર્થઃ– હે જિનેન્દ્રદેવ ! આપના પ્રસાદથી મને મ્યાનથી તલવાર જેમ ભિન્ન છે, તેમ અનંત શક્તિના ધારક નિર્દોષ આત્માને શરીરથી ભિન્ન કરવાની શક્તિ પ્રાપ્ત થાઓ, એવી આપ કૃપાલુ પાસે પ્રાર્થના છે.

वसतुगह्वरकाननकोटरे तपतुचोग्र तपोऽब्दशतैरपि ।
पठतु शास्त्रकदंबमहर्निशं नहि विचारमृतेसुखमेधते ॥३२२॥

અર્થઃ– અત્યંત ભયંકર ગહન નિર્જન નિરૂપદ્રવ વનમાં વાસ કરો, તથા મોટા વૃક્ષોના કોટરમાં ભલે વાસ કરો, સેંકડો વર્ષો સુધી અનેક પ્રકારના પ્રચંડ તપને ભલે તપો, અનેક શાસ્ત્રોના સમૂહને ભલે ભણી જાઓ; પરંતુ આત્મજ્ઞાનથી ઉત્પન્ન થએલ સ્વાભાવિક જે અતીન્દ્રિય સુખ તેની પ્રાપ્તિ અને એનો અનુભવ તો દિવ્ય અંતરંગ વિચાર વિના નથી જ થતો. સમ્યક્‌જ્ઞાન પણ વિચાર વિના નથી થતું.

नोत्पद्यतेविनाज्ञानं विचारेणान्य साधनै ।
र्यथापदार्थभानंहि प्रकाशेनविनाक्वचित् ॥३२३॥

અર્થ:– જેમ અંધારામાં રહેલ પદાર્થનું પ્રકાશ વિના ભાન નથી થતું તેમ અંતરંગ આત્મ વિચાર વિના અન્ય ગમે તેટલાં સાધનો કેમ ન હોય ! પરંતુ જ્ઞાન ઉત્પન્ન નથી થતું.

વારંવાર વિચારતાં, ઉપજે જ્ઞાન પ્રકાશ;
જેમ અરણી ઘસવાથકી, પ્રગટે ગુપ્ત હુતાશ.

विचारोऽध्यात्मविद्यानां ज्ञानंतत्त्वविदोविदुः ।
ज्ञेयंतस्यांतरेचारित्त माधुर्यंपयसोयथा ॥२२४॥

અર્થ:– તત્ત્વના યથાર્થ સ્વરૂપને જાણનાર વિદ્વાન પુરુષો અધ્યાત્મવિદ્યાના (આત્મજ્ઞાનના) વિચારને જ જ્ઞાન કહે છે. કેમકે વસ્તુની સિદ્ધિ (આત્મજ્ઞાનની સિદ્ધિ) દિવ્ય અંતરંગ આત્મ વિચારમાં જ સમાયેલી છે. અર્થાત્ વિચારથી આત્મશક્તિ વ્યક્ત (પ્રગટ) થાય છે. જેમ દૂધમાં માધુર્ય ગુણ સમાએલ છે, તેમ વિચારમાં જ આત્મજ્ઞાન ગુણ સમાયેલ છે. અર્થાત્ વિચારથી આત્મજ્ઞાન પ્રગટે છે. માટે સ્વાભાવિક આત્મશાંતિ ઇચ્છનાર ભવ્ય આત્મા એ વિચાર દ્વારા વસ્તુ સ્થિતિને યથાર્થ જાણી, તેનો તે જ પ્રમાણે અનુભવ કરવો, એ જ પરમ આત્માને શ્રેયસ્કર છે.

एकक्षणं नविचिन्तयति मोक्षनिमित्तंनिजात्मसद्भावं ।
अनिशंविचिन्तयति पापंबहुलालापंमनसाविचिन्तयति॥२२५॥

અર્થ:– અજ્ઞાનરૂપી નિબિડ–ગાઢ અંધકારથી અંધ થયેલ (ઘેરાએલ–મૂર્છિત થએલ) દીર્ઘસંસારી–ભારેકર્મી અસરલ (કઠોર)

પરિણામી અધમ આત્મા પોતાના મનથી એક ક્ષણવાર પણ મોક્ષમાર્ગમાં નિમિત્તભૂત પોતાના આત્માના સદ્‌ભાવનું (આત્મ અસ્તિત્વનું) ચિંતવન નથી કરતો; પરંતુ નિરંતર ક્ષણેક્ષણે દુર્ગતિમાં લઇ જનાર, અનંતસંસાર વર્ધક-વધારનાર અનેક જાતના પાપોના લેદોનું મલિન મને કરી વારંવાર ચિંતવન કરે છે. અર્થાત્ અનેક પ્રકારના પાપરૂપ સંકલ્પ વિકલ્પો કર્યા કરે છે. આત્માની શું સ્થિતિ થશે તેનો યત્કિંચિત્ પણ અંતરંગમાં વિચાર નથી કરતો. ભારેકર્મી દીર્ઘસંસારીને આત્મ વિચાર ક્યાંથી સુજે ? ન જ સુજે. ભવભીરૂ, સરલ (કોમળ) પરિણામી નિકટ ભવીના નિર્મળ હૃદય કમળમાં આત્મવિચાર ઉત્પન્ન થાય છે અને તે વિચારો પરિપકવ થયે મોક્ષરૂપ મહા ફળને આપે છે.

कालेनपरिपच्यन्ते कृषिगर्भादयोयथा ।
सदात्मविचारोऽपि शनैः कालेनपच्यते ॥२२६॥

અર્થ:- બીજ વાવવાને યોગ્ય ઉત્તમ ખેતરમાં વાવેલ ઉત્તમ બીજ જેમ કાળે કરી સામગ્રીના સંયોગથી પરિપકવ થઇ જાય છે-પાકી જાય છે. તેમ આત્મા સંબંધી કરેલ અંતરંગ ઉત્તમ-નિર્મલ-દિવ્ય વિચારરૂપી બીજ કાલે કરીને ઉપયોગ ભૂમિમાં આત્મજ્ઞાનરૂપી ઉત્તમ-લોકોત્તર ફળ આપે છે.

ભાવાર્થ:- જેમ બીજ માટીની અંદર રહીને અદૃશ્ય પણે પોતાનું કાર્ય કર્યા કરે છે; અને પોતે નાશ થઇ જાય છે ત્યારે જમીન ઉપર અંકુરારૂપ પર્યાય જોવામાં આવે છે; તેમ વિચાર પણ હૃદય ભૂમિમાં ગુપ્ત પણે રહી ને અદૃશ્ય રૂપે કાર્ય કરે છે.

અને બળે કરી તેનું સમ્યક્‌જ્ઞાન રૂપ પરિણામ આવે છે. કાર્યનાં બીજ પ્રથમ ગુપ્ત પણે રહી કામ કરે છે. અનાદિ કાળથી લાગેલ ભાવસંસાર (રાગ, દ્વેષ, મોહરૂપ પરિણામ) રૂપી અસાધ્ય રોગ નો નાશ કરવાનું બલવાન કારણ અંતરંગ, નિર્મળ, દિવ્યવિચાર છે તે અમૃતમય સંજીવની ઔષધિ સમાન છે. વિચાર ઉપયોગને આધીન છે, ઉપયોગ જે વસ્તુમાં જોડાય તેનો જ વિચાર થઇ શકે. માટે ભદ્રપરિણામી ભવ્ય આત્માએ શુદ્ધ સ્ફટિકરત્ન સમાન પારદર્શક હૃદયરત્ન મંદિરમાં રહેલ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જ્યોતિનું દર્શન કરવા નિરંતર નિર્મળ વિચાર કરવા પરમ ભાગ્યશાળી થવું, કેમકે પદાર્થના સ્વરૂપનું વારંવાર ચિંતવન કરવું એ ભાવ-શુદ્ધિનો મહાન ઉપાય છે; અને સમ્યક્‌પ્રકારે શુદ્ધાત્મસ્વરૂપને સમજી તેને વારંવાર યાદ કરવાથી અથવા વારંવાર વિચાર કરવાથી શુદ્ધાત્મસ્વરૂપની સિદ્ધિ થાય છે, દિવ્યજ્ઞાન શકિત પ્રગટ થાય છે.

साक्षाद्वस्तुविचारेषु निकषग्रावसन्निभाः ।
विभजन्ति गुणान्दोषान्धन्याः स्वच्छेन चेतसा ॥२२७॥

અર્થ:- તેજ પુરુષ ધન્ય છે-પ્રશંસનીય છે કે જે પોતાના નિષ્પક્ષપાતી (માધ્યસ્થ) નિર્મળ, સ્થિર અને સ્વચ્છ શાન્ત ચિત્તથી વસ્તુના યથાર્થ વિચારમાં (વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણવામાં) કસોટી સમાન છે; કેમકે ગુણોને અને દોષોને ભિન્ન-ભિન્ન રૂપે જાણી લે છે, જાણી લઇને નિર્મળ ગુણોને ગ્રહણ કરે છે અને દોષોથી મુકત થઇ જાય છે.

ભાવાર્થ:- જે પદાર્થ વિચાર કરવાને યોગ્ય છે. તેનું મૂળ કારણ તેમાં રહેલી સત્તા (અસ્તિત્વ ગુણ) છે. જે પદાર્થોની સત્તા નિશ્ચિત છે એનોજ વિચાર કરવામાં આવે છે. કિન્તુ જેની સત્તા નિશ્ચિત નથી તેનો વિચારજ નથી થઇ શકતો; જેમ શશલાને શીંગડાં, આકાશમાં પુષ્પ, વંધ્યાને પુત્ર આદિ એ પદ્ધતિથી સમસ્ત પદાર્થોની વિદ્યમાનતા અથવા એનો વિચાર કરવાનું કારણ પણ સત્તા છે; માટે કોઈ પણ પદાર્થના સ્વરૂપ સબંધી વિચાર કરવો હોય તો પ્રથમ તેના અસ્તિત્વ (સત્તા) ગુણનો વિચાર કરવો જોઇએ. અર્થાત્ અનુભવ કરવો જોઇએ. કેમકે પદાર્થોનું અસ્તિત્વ સ્થાપન કર્યા પહેલાં તેના સંબંધી અધિક (વિશેષ) વિચાર થઈ શકતોજ નથી. પદાર્થના અસ્તિત્વની ઉપલબ્ધિ એનામાં અભિન્ન રૂપે રહેલ અસાધારણ ગુણોથી થાય છે. જેમકે દીપકના અસ્તિત્વનો નિશ્ચય એના ભાસુરતા આદિ અસાધારણ ગુણોથીજ થાય છે, તેમ જ્ઞાનાવરણાદિ કર્મોથી લિપ્ત જીવના અસ્તિત્વની ઉપલબ્ધિ એના જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ અસાધારણ ગુણોથી થાય છે. અનંત ગુણોના સમૂહ સ્વરૂપ આત્મદ્રવ્યનો અનુભવ આખા શરીરની અંદર થાય છે અને એના સમસ્ત (અસંખ્ય) અખંડરૂપ આત્મ પ્રદેશોમાંજ થાય છે, અન્ય સ્થળે નહીં; એટલા માટે આત્મસિદ્ધિનું અંતરંગ અભિન્ન રૂપે રહેલ સમર્થ-અસાધારણ કારણ (લક્ષણ) આત્માના અનંત ગુણ માંહેલો એક ચેતના નામનો ગુણ છે.

ચેતનાના પ્રકાર અને તેનું સ્વરૂપ

अन्वितमहमिकया प्रतिनियतार्थावभासिबोधेषु ।
प्रतिभासमानमखिलैर्यद्रूपं वेद्यते सदा सा चित् ॥२२८॥

અર્થઃ- યથાયોગ્ય ઇન્દ્રિયોના વિષયોને ગ્રહણ કરવાને યોગ્ય ઘટ, પટ આદિ પદાર્થોને પ્રકાશિત કરવાવાળા (જાણવાવાળા) જ્ઞાનોમાં પ્રતિબિમ્બિત અને જે મેં પ્રથમ ઘડાને દેખ્યો તથા જાણ્યો હતો. તેજ હું અત્યારે વસ્ત્રને જાણી દેખી રહ્યો છું; એ પ્રકારના પૂર્વ આકાર અને ઉત્તર આકારનો વિષય (વિષયનો અર્થ-કેવલ વસ્તુ માત્ર નથી કિન્તુ જ્ઞેયત્વ ધર્મની મુખ્યતાથી વિષયનો આકાર ઠરાવવામાં આવે છે) કરવાવાળી (જાણવાવાળી) સ્વસંવેદન દ્વારા પોતાના સ્વરૂપને પ્રકાશિત કરવાવાળી જે રૂપાદિ સર્વનો સદા સ્વયં અનુભવ કરે છે તેને ચેતના કહે છે. જે સ્વરૂપથી સદાય કાલ પ્રકાશમાન છે, અવિનાશી છે, પૂજ્ય છે, જીવનું સર્વસ્વ છે, જાણવું માત્ર છે, તેને પણ ચેતના કહે છે.

ભાવાર્થઃ- ચેતના ત્રણ પ્રકારે હોય છે (૧) કર્મચેતના (૨) કર્મફલચેતના (૩) જ્ઞાનચેતના તેનું સંક્ષેપમાં વર્ણન એવું છે કેઃ- પ્રવૃતિ કરવાના કારણભૂત ક્રિયાઓની પ્રધાનતાથી ઉત્પન્ન થયેલ સુખદુઃખરૂપ પરિણામોના અનુભવને કર્મચેતના કહે છે. સુખદુઃખરૂપ કર્મફલના અનુભવને કર્મફલચેતના કહે છે; અને સ્વતઃઆત્માથી અભિન્ન (સ્વાભાવિક) સુખના અનુભવનને જ્ઞાન ચેતના કહે છે.

સ્થાવર એકેન્દ્રિય જીવોમાં મુખ્યતાએ કર્મફલ ચેતના હોય છે. અને ત્રસજીવોમાં પ્રધાનતાથી કર્મચેતનાઅને ગૌણતાથી કર્મફલ-ચેતના હોય છે દ્રવ્યપ્રાણો રહિત જીવન્મુકત જીવોમાં પ્રધાનતાએ

જ્ઞાનચેતના અને ગૌણતાથી કર્મચેતના કર્મફલચેતના હોય છે (અનુભવ કરે છે) અને જે પરમમુક્ત જીવો છે તેઓમાં કર્મચેતના અને કર્મફલચેતના સર્વ પ્રકારે નિર્જીર્ણ (નાશ) થઇ ગયેલ હોય છે. તેઓ સર્વ પ્રકારે અત્યંત કૃતકૃત્ય છે તેથી તેઓ જ્ઞાનમાત્ર જ અનુભવ કરતા હોવાથી માત્ર જ્ઞાનચેતનામય જ છે. કર્મચેતના અને કર્મફલચેતના બન્ને અજ્ઞાન ચેતના છે; કારણ તે ચેતનાના ધારક જીવો અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ હોય છે તેથી તેઓ જ્ઞાનથી ભિન્નતાનો અનુભવ કરે છે. જેમકેઃ- હું પરનો કર્તા છું તે કર્મ ચેતના; અને હું પરનો ભોક્તા છું, તે કર્મફલ ચેતના કહેવાય છે; તે બન્ને ક્રિયા જ્ઞાનથી ભિન્ન અજ્ઞાનરૂપ છે. અર્થાત્ પર પદાર્થોનો કર્તા ભોક્તા પણાનો અનુભવ થવો તે માત્ર અજ્ઞાન ચેતનામાં થાય છે. અને જ્ઞાનીને બુદ્ધિપૂર્વક કર્મોના કર્તૃત્વ અને તેના ફલમાં ભોક્તૃત્વનો અભાવ થઈ ગયો છે તેથી તેને પ્રધાનતાથી જ્ઞાનચેતના હોય છે. સારાંશઃ- રાગાદિપૂર્વક કાર્યનું અનુભવન તે કર્મચેતના અને સુખદુઃખાદિરૂપ અનુભવન તે કર્મફલચેતના અને આત્માના શુદ્ધજ્ઞાનાનંદમય સ્વભાવનો અનુભવ તે શુદ્ધજ્ઞાનચેતના કહેવાય છે, સમ્યગ્દૃષ્ટિ જીવ જ્યાં સુધી નિર્વિકલ્પ સમાધિમાં લીન નથી થતો ત્યાં સુધી તે બન્ને ચેતનાઓને (મિથ્યાત્વ મોહભાવ વિના) ભોગવે છે; અને સાતમાં ગુણસ્થાનોથી ઉપરના ગુણસ્થાનોમાં સ્વાનુભવ જ્ઞાનચેતના હોય છે; અને તેરમાં ગુણસ્થાને કેવલજ્ઞાનીને સાક્ષાત્ જ્ઞાનચેતના હોય છે.

વિશેષાર્થ:- આચાર્યોએ ચેતનાના બે ભેદ કરેલ છે (૧) જ્ઞાન ચેતના (૨)અજ્ઞાનચેતના. જ્ઞાનચેતનાનો એવો અર્થ છે કે, પોતાને જ્ઞાન

માત્ર અનુભવ કરે. અર્થાત્ રાગ, દ્વેષ આદિ તથા તેના નિમિત્તથી થવાવાળી નરનારકાદિ પર્યાય મારી નથી, " હું તો એક જ્ઞાયક સ્વભાવી છું. " એવો અનુભવ સમ્યગ્દૃષ્ટિ સિવાય બીજાને (મિથ્યાદૃષ્ટિ) હોય જ નહિ તેથી જ્ઞાનચેતના સમ્યગ્દૃષ્ટિને પ્રધાનતાથી હોય છે. સમ્યગ્દૃષ્ટિને કર્મ નિમિત્તક રાગ, દ્વેષ, મોહઆદિ અનેક પ્રકારના પરિણામ થાય છે; છતાં તે ભાવોને પર જાણી પોતે પોતાને આત્માને તેનાથી ભિન્નરૂપે અનુભવ કરે છે. પણ જેને આત્માની પિછાન નથી તેવા મિથ્યાદૃષ્ટિ જીવ, રાગ, દ્વેષ, મોહ આદિ ભાવોમાં અને તેના નિમિત્તથી થવાવાળી નાના પ્રકારની અવસ્થાને અજ્ઞાનથી પોતાની માને છે, તેથી તેને અજ્ઞાન ચેતના હોય છે. અર્થાત્ આત્માને જ્ઞાયક સ્વભાવી નહિ માનતો થકો રાગ, દ્વેષાદિ કર્મરૂપ અને તેના ફલરૂપ પોતાને માને છે; તે અજ્ઞાનચેતનાના બે ભેદ છે (૧) એક કર્મચેતના (૨) બીજી કર્મફલચેતના છે. જ્ઞાન સિવાય અન્ય અનાત્મીય ભાવોનો પોતાને કર્તા માનવો તે કર્મચેતના છે; અને જ્ઞાન સિવાય અન્ય અનાત્મીય ભાવોમાં તલ્લીન થઈ સદા તેનો જ અનુભવ કરવો તે કર્મફલ-ચેતના છે. તે બન્ને ચેતના સંસારની જડ છે.

જો કે અજ્ઞાનચેતના સમ્યગ્દૃષ્ટિને હોય છે પણ તે કથન ગૌણ ભાવથી કરવામાં આવેલ છે. મુખ્યતાથી સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન-ચેતના જ હોય છે. નૈયાયિકોએ ચેતના જીવનું લક્ષણ માની, જીવનો તેની સાથે સમવાય સંબંધ માનેલ છે. તથા સાંખ્યોએ ચેતનાને આત્માનું સ્વરૂપમાની તેને નિરાકાર માનેલ છે. પણ જૈનદર્શનનું તે પ્રમાણે માનવું નથી; પણ અન્ય પ્રકારે માનવું

છે. તે અહીં બતાડીએ છીએ:- જીવ સ્વયં ચેતના સ્વરૂપ છે. અર્થાત્ ચેતના આત્માનું સ્વરૂપ છે; તેથી તે આત્માથી તાદાત્મ્ય-રૂપ છે, તેનાથી ભિન્ન કોઇ જીવ નામનો પદાર્થ નથી. સંસારી જીવ સાથે કર્મનો અનાદિ કાલથી સંયોગ સંબંધ છે જે કારણે તે અશુદ્ધ થઇ રહ્યો છે; તે કારણે ચેતના બે પ્રકારની છે. એક શુદ્ધચેતના, બીજી અશુદ્ધચેતના. શુદ્ધચેતના માત્ર મુકત જીવોમાં હોય છે કેમકે, તેઓને કર્મનો સંબંધ નથી અને અશુદ્ધ-ચેતના સંસારી જીવોને હોય છે; કારણ કે તેઓ કર્મથી લિપ્ત છે.

સારાંશ:- મુખ્યતાથી એકેન્દ્રિય જીવોમાં કર્મફલચેતના હોય છે (ત્યાં એકત્વ અબુદ્ધિપૂર્વક રાગ છે.) ત્રસજીવોમાં (દ્વીન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી) મુખ્યતાથી કર્મચેતના અને ગૌણતાથી કર્મફલ-ચેતના હોય છે (એકત્વ બુદ્ધિપૂર્વક રાગ છે.) કર્મચેતનામાં જ્ઞાનપૂર્વક ક્રિયાઓથી કર્મબંધ કરવાની પ્રધાનતા હોય છે; અને કર્મફલચેતનામાં કર્મબંધ કરવાની પ્રધાનતા નથી પણ કર્મનું ફલ ભોગવવાની પ્રધાનતા છે. જ્ઞાનચેતના (જેનાથી આત્મા શુદ્ધ જાણી શકાય તેને જ્ઞાન ચેતના કહે છે) નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ ને જ હોય છે પણ મિથ્યાદૃષ્ટિને હોતી નથી.

જે સમયે આત્માનો જ્ઞાન ગુણ સમ્યક્ અવસ્થાને પ્રાપ્ત થાય છે તે સમયે તેને જ્ઞાનચેતના કહેવામાં આવે છે. જે સમયમાં સમ્યગ્દૃષ્ટિ શુદ્ધાત્માનો અનુભવ કરે છે તે સમયે ચેતનાને જ્ઞાન-ચેતના કહેવામાં આવે છે. તે સમયે બાહ્યોપાધિની મુખ્યતા નથી. પણ જે સમયમાં બાહ્યોપાધિની મુખ્યતા રહે છે તે સમયે આત્માની (જ્ઞાનગુણ) અવસ્થા અશુદ્ધતાને ધારણ કરે છે ત્યારે કર્મચેતના, કર્મફલચેતનાની પ્રધાનતા હોય છે. (ઉદય જન્ય

બુદ્ધિપૂર્વક રાગ) અને જ્ઞાનચેતના (મતિજ્ઞાનાવરણ કર્મના વિશેષ ક્ષયોપશમને અથવા સ્વાનુભૂત્યાવરણ કર્મના ક્ષયોપશમને અથવા લબ્ધ્યાવરણ કર્મના ક્ષયોપશમને જ્ઞાનચેતના કહે છે. એ ત્રણેનો અર્થ એકજ છે અર્થાત્ આત્માનો અનુભવ જેનાથી થાય તેને જ્ઞાનચેતના કહે છે.) ની ગૌણતા હોય છે. નિર્વિકલ્પ સમાધિમાં લીન યોગીઓને સ્વાનુભવ જ્ઞાનચેતના અર્થાત્ ઉપયોગાત્મક જ્ઞાન ચેતના હોય છે. (ઉદય જન્ય અબુદ્ધિપૂર્વક રાગ) કેવલી ભગવંતોને સાક્ષાત્ જ્ઞાનચેતનાનું ફલ હોય છે અર્થાત્ જ્ઞાનચેતના રૂપ હોય છે. (ઉદય જન્ય વિપાક)

ज्ञानस्य संचेतनयैव नित्यं, प्रकाशते ज्ञानमतीव शुद्धम् ।
अज्ञानसंचेतनया तु धावन, बोधस्यः शुद्धिं निरुणद्धि बंधः ॥२२९॥

અર્થ:- જ્ઞાનની ચેતનાએ કરીને જ જ્ઞાન અત્યંત શુદ્ધ નિરંતર પ્રકાશે છે; અને અજ્ઞાનની ચેતનાએ કરીને બંધ દોડતો થકો જ્ઞાનની શુદ્ધતાને રોકે છે, થવા નથી દેતો.

ભાવાર્થ:- વાસ્તવમાં જ્ઞાનના અનુભવથીજ જ્ઞાન અત્યંત શુદ્ધ થઇ પ્રકાશમાન થાય છે. અને અજ્ઞાનમય કર્મચેતના અને કર્મફળચેતના દ્વારા કર્મબંધ દોડતો થકો જ્ઞાનની શુદ્ધિને રોકે છે. સંચેતન અર્થાત્ જે જ્યાં જેનાથી એકાગ્ર થઇ, તેનોજ અનુભવરૂપ સ્વાદ લીધા કરે તે સ્વરૂપ ચેતના કહેવામાં આવે છે. ચૈતન્યસ્વરૂપ આત્માની જ સંચેતતા (એકાગ્ર અનુભવ કરું છું ચેતનાથી અભિપ્રાય અનુભવ કરવાનો છે જેમાં ઉપયોગ એકતાથી રમી જાય તેને અનુભવ કહે છે અહીં ચેતનાનો અનુભવ કરવો,

વેદવું, ભોગવવું, એનો એકજ અર્થ જાણવો. અને સં ઉપસર્ગથી એકાગ્ર થઈ અનુભવ કરવો તે અર્થ છે.) છે તે જ્યારે જ્ઞાનથીજ એકાગ્ર (ઉપયુકત) થાય, તે તરફ ચેત (ઉપયોગ) રાખે તે તો જ્ઞાનચેતના છે તેથી જ્ઞાન અત્યંત શુદ્ધ થઈ પ્રકાશે છે કેવલજ્ઞાન ઉત્પન્ન થઇ જાય છે ત્યારે સંપૂર્ણ જ્ઞાન ચેતના નામ પામે છે. અને અજ્ઞાન રૂપ જે કર્મચેતના તથા કર્મફળરૂપ ચેતના, તે મય ઉપયોગને કરવો અથવા તે તરફ એકાગ્ર થઇ અનુભવ કરવો તે અજ્ઞાન ચેતના છે; તેથી કર્મનો બંધ થાય છે. તે જ્ઞાનની શુદ્ધતાને રોકે છે. જ્ઞાન વિના અન્ય જે ભાવ તેમાં એવો અનુભવ કરે (માને) કે 'આ હું છું,' તે અજ્ઞાન ચેતના છે. તે બે પ્રકારની છે; એક કર્મચેતના અને બીજી કર્મફળચેતના. તેમાંથી જ્ઞાન સિવાય અન્ય ભાવોમાં એવું અનુભવે કે એને હું કરૂં છું તે કર્મચેતના; અને જ્ઞાન વિના અન્યભાવોમાં એવું અનુભવે કે એને હું ભોગવું છું, તે કર્મફળચેતના છે. એ બન્ને અજ્ઞાન ચેતના છે. તે સંસારનું બીજ છે. જેમકે સંસારનું બીજ આઠ પ્રકારના જ્ઞાનાવરણાદિ કર્મ છે, તેનું આ અજ્ઞાન ચેતના બીજ છે. તાત્પર્ય એ છે કે, અનેક જીવો એવા છે કે જેને વિશેષતાએ કરી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહની અને વીર્યાંતરાય એ કર્મોનો ઉદય છે અને તે કર્મોના ઉદયથી આત્મશકિત રહિત થઇ પરિણમે છે. તે કારણથી વિશેષતાએ કરી સુખ દુઃખ રૂપ કર્મ ફળને ભોગવે છે, નિરૂદ્યમી થઇ, વિકલ્પરૂપ ઇષ્ટ અનિષ્ટ કાર્ય કરવાને અસમર્થ છે એટલા માટે એ જીવોને મુખ્યતાથી કર્મફળચેતનાને ધારણ કરવાવાળા જાણવા. તે જીવોમાં કર્મફળને ભોગવવાની પ્રધાનતા છે. અને જે જીવ જ્ઞાનવરણ,

દર્શનાવરણ અને મોહકર્મના વિશેષ ઉદયથી અતિ મલિન થઈ ચૈતન્ય શક્તિએ કરી હીન પરિણમે છે; પરંતુ એને વીર્યંતરાય કર્મનો ક્ષયોપશમ કાંઇક અધિક થએલ છે, તે કારણથી સુખદુઃખરૂપ કર્મ ફળને ભોગવવાને ઇષ્ટ અનિષ્ટ પદાર્થોમાં રાગ દ્વેષ મોહને લઈ ઉદ્યમી થઇ કાર્ય કરવાને સમર્થ છે, તે જીવ મુખ્યતાથી કર્મચેતના સંયુકત જાણવા. તેમાં વિશિષ્ટ બુદ્ધિપૂર્વક કર્મ કરવાની પ્રધાનતા છે અને જે જીવોનાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય કર્મ સર્વથા પ્રકારે ક્ષય થઇ ગયાં છે; અને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય એ ગુણો પ્રગટ થએલ છે, કર્મ અને કર્મફળને ભોગવવામાં વિકલ્પ રહિત છે અને આત્મિક પરાધીનતા રહિત સ્વભાવિક સુખમાં લીન થઇ ગએલ છે, તે સાક્ષાત્ જ્ઞાનચેતના સંયુકત કહેવાય છે.

વિશેષાર્થ:– હરએક આત્મા ચેતના પરિણમન કર્યા કરે છે અર્થાત્ જે કોઇપણ આત્માનું શુદ્ધ અથવા અશુદ્ધ પરિણામ છે, તે સર્વે પરિણામ ચેતનાને નથી છોડતા. તે ચેતના જ્યારે જ્ઞાનનો વિષય કરે છે અર્થાત્ જ્ઞાનની પરિણતિમાં વર્તન કરે છે, ત્યારે એને જ્ઞાનચેતના કહે છે. જ્યારે તે ચેતના કોઇ કર્મ કરવામાં ઉપયુકત છે ત્યારે તેને કર્મચેતના કહે છે, અને જ્યારે તે જ ચેતના કર્મોના ફળ તરફ પરિણમન કરે છે ત્યારે તેને કર્મફળ ચેતના કહે છે. એવી રીતે ચેતના ત્રણ પ્રકારની હોય છે. આત્માનુ સ્વરૂપ ચેતના છે. જે ચેતે તે ચેતના. અહીં ચેતનાનો અર્થ તન્મય થઇ જાણવું એવો છે. આત્માના ચેતના ગુણની પરિણતિને ઉપયોગ કહે છે. આત્મા ઉપયોગવાન છે, એટલે ઉપયોગથી તે આત્મા

પોતાની ચેતનાની પરિણતિમાં અથવા ઉપયોગમાં સદાય વર્તન કર્યા કરે છે. તે ચેતનાના ત્રણ ભેદ કહેલ છે. જ્યારે આત્મા જ્ઞાનમાત્ર ભાવમાં પરિણમન કરી રહેલ છે, ત્યારે તેને જ્ઞાનચેતના છે; કેમકે તેનો ઉપયોગ કોઇ પણ અન્ય પદાર્થ તરફ રાગ દ્વેષની સાથે ઉપયુકત નથી. તે ઉપયોગ માત્ર જ્ઞાન સ્વભાવમાં વર્તન કરી રહેલ છે. તે ઉપયોગ માત્ર જાણે જ છે, પરંતુ રાગ દ્વેષ સહિત નથી જાણતો. તે ચેતનાની પરિણતિમાં રાગ દ્વેષ પૂર્વક કોઇ પણ કાર્ય કરવા તરફ ધ્યાન નથી; સુખ દુઃખની તરફ પણ ધ્યાન નથી. સુખ દુઃખ કર્મના ફળ છે તે તરફ પણ ધ્યાન નથી; એટલા માટે જ્ઞાનચેતનાને શુદ્ધચેતના પણ કહેવામાં આવે છે. જે ચેતનાની પરિણતિ કોઇ પણ અન્ય કાર્ય કરવામાં પ્રવર્તી રહી છે, એને કર્મચેતના કહે છે; અને જે પૂર્વકૃત કર્મોના ઉદયથી પ્રગટ થએલ સુખ અથવા દુઃખરૂપ કર્મના ફળોને ભોગવવામાં પ્રવર્તી રહી છે એને કર્મફળચેતના કહે છે. એવી રીતે જ્ઞાનચેતના, કર્મચેતના, અને કર્મફળચેતના એમ ચેતનાના ત્રણ ભેદ છે.

सर्वे खलु कर्मफलं स्थावरकायास्त्रसा हि कार्ययुतं ।
प्राणित्वमतिक्रांताः ज्ञानं विंदन्ति ते जीवाः ॥३३०॥

અર્થ :- નિશ્ચયથી પૃથ્વીકાય આદિ જે સમસ્ત પાંચ પ્રકારના સ્થાવર જીવ છે, તે કર્મોનું જે સુખદુઃખરૂપ ફળ તેને પ્રગટ પણે રાગ દ્વેષની વિશેષતા રહિત, અપ્રગટરૂપ પોતાની શકિત અનુસાર વેદે છે; કેમકે એકેન્દ્રિય જીવોને કેવલ કર્મફળચેતનાની જ મુખ્યતા છે; અને નિશ્ચય કરીને દ્વેન્દ્રિયાદિક જીવ છે તે કર્મનું

ફળ જે સુખદુઃખરૂપ છે, તેને રાગ દ્વેષ મોહની વિશેષતાને લીધે ઉદ્યમી થઇ, ઇષ્ટ અનિષ્ટ પદાર્થોમાં કાર્ય કરતા થકા ભોગવે છે. એટલા માટે તે જીવોને કર્મચેતનાની મુખ્યતા સહિત જાણી લેવા. અને જે જીવ દશ પ્રાણોથી રહિત છે, અતીન્દ્રિય જ્ઞાની છે, તે શુદ્ધ પ્રત્યક્ષ જ્ઞાની જીવ કેવલજ્ઞાન ચૈતન્ય ભાવને જ સાક્ષાત્ પરમાનંદ સુખરૂપ અનુભવે છે. એવા જીવ જ્ઞાનચેતના સંયુકત કહેવાય છે. ભવ્ય આત્માએ જ્ઞાનચેતના ગ્રહણ કરવા યોગ્ય છે.

ચૈતન્ય શકિતના બે આકાર છે, એક જ્ઞાનાકાર અને બીજો જ્ઞેયાકાર. જેમાં કોઇ પણ પ્રતિબિમ્બ નથી પડેલ એવા દર્પણના શુદ્ધ મધ્ય ભાગ સમાન તો જ્ઞાનાકાર છે. અને પ્રતિબિમ્બ વિશિષ્ટ (સહિત) દર્પણના મધ્યભાગ સમાન જ્ઞેયાકાર છે. અહીં જ્ઞેયાકાર ઘટનું સ્વરૂપ છે કેમકે દર્પણમાં પ્રતિબિમ્બ પડવાથી તે અમુકનું પ્રતિબિમ્બ છે એવો વ્યવહાર થાય છે. એવી રીતે જ્ઞાનસ્વરૂપ ઘટ આદિ જ્ઞેયાકારમાં ઘટનો વ્યવહાર થઈ શકે છે.

જો કે ચેતના આત્માનું (સ્વરૂપ) લક્ષણ છે તો પણ તે ચેતના શકિત માત્ર છે, અદૃષ્ટ છે પરંતુ તે ચેતનાની વ્યકતતા (પ્રગટતા) દર્શન અને જ્ઞાનથી જ થાય છે.

દર્શનોપયોગનું સ્વરૂપ

यत् सामान्यं ग्रहणं भावानां नैव कृत्वाकारम् ।
अविशेष्यार्थान् दर्शनमिति भण्यते समये ॥३३१॥

અર્થ:– સામાન્ય વિશેષાત્મક પદાર્થના વિશેષ અંશનું ગ્રહણ ન કરતાં કેવલ સામાન્ય અંશનું જે નિર્વિકલ્પ રૂપથી ગ્રહણ થાય છે તેને પરમાગમમાં દર્શન કહે છે.

ભાવાર્થ:– સામાન્ય વિશેષાત્મક બાહ્ય પદાર્થને ભિન્ન ભિન્ન ભેદરૂપથી ગ્રહણ નહી કરતાં જે સામાન્યરૂપથી ગ્રહણ કરે છે અર્થાત્ સ્વરૂપ માત્ર અવભાસન થાય છે અથવા વિષય–વિષયી યોગ્ય કાળમાં થવાવળી પૂર્વાવસ્થાને દર્શન કહે છે આચાર્યોને અંતર્મુખ ચિત્પ્રકાશને દર્શન કહેલ છે. સામાન્ય વિશેષાત્મક આત્મસ્વરૂપના અવલોકન (દેખવા) ને દર્શન કહે છે અર્થાત્ બાહ્યાર્થનો નિશ્ચય ન કરતા માત્ર સ્વરૂપનો નિશ્ચય કરે છે તેને દર્શન કહે છે. આત્માના જેટલા ગુણ છે તેમાં એક જ્ઞાનગુણને (અવસ્થા) છોડી ને બાકી બધા ગુણ નિવિકલ્પ છે. તે હીસાબે દર્શન આત્માનો એક સ્વતંત્ર નિર્વિકલ્પ ગુણ છે તેની દેખવારૂપ ઉપયોગ ક્રિયાને દર્શનોપયોગ કહે છે.

भावानां सामान्यविशेषकानां स्वरुपमात्रं यत् ।
वर्णनहीनग्रहणं जीवेन च दर्शनं भवति ॥३२॥

અર્થ:– નિર્વિકલ્પથી જીવને જે સામાન્ય વિશેષાત્મક પદાર્થોની સ્વપર સત્તાનું અવભાસન થાય છે તેને દર્શન કહે છે.

ભાવાર્થ:– પદાર્થોમાં સામાન્ય વિશેષ બન્ને ધર્મો રહે છે કિન્તુ કેવળ સામાન્ય ધર્મની અપેક્ષાથી જે સ્વપર સત્તાનું (અસ્તિત્વનું) અવભાસન થાય છે, તેને દર્શન કહે છે. તેનું શબ્દો દ્વારા

પ્રતિપાદન કરવામાં નથી આવતું. જેમાં કોઇ પણ આકાર વિષય ન થાય તે અનાકાર ઉપયોગ છે અને તેનો અર્થ દર્શન છે.

यद्विशेषमकृत्त्वैव गृह्णते वस्तुमात्रकम् ।
निराकारं ततः प्रोक्तं दर्शनं विश्वदर्शिभिः ॥३३३॥

અર્થ:- પદાર્થોની વિશેષતા ન સમજતાં જે કેવલ સામાન્યને અથવા સત્તા-સ્વભાવને ગ્રહણ કરે છે તેને દર્શન કહે છે અને એને નિરાકાર કહેવાનું પણ એ જ પ્રયોજન છે કે તે જ્ઞેય વસ્તુઓની આકૃતિ વિશેષને સમજાવી શકાતું નથી. અર્થાત્ કહી શકાતું નથી. એનો વિષય જે સામાન્ય છે એને સત્તા કહે છે. એટલા માટે દર્શનને કોઇ કોઈ જગ્યાએ સત્તાલોચન, એવું નામ પણ આપવામાં આવેલ છે. સત્તા વિશ્વાકાર (સમસ્ત આકાર) તુલ્ય છે એટલા માટે એનો આકાર નિયમિત કરવામાં નથી આવતો, એજ કારણથી એને ગ્રહણ કરનાર દર્શનને પણ નિરાકાર માનવામાં આવેલ છે. દર્શન પછી જ જ્ઞાન થાય છે અથવા જ્ઞાનના ઉત્તરોત્તર પણ થાય છે; પરંતુ દર્શન સર્વના પ્રારંભમાં જ થાય છે. એક વિષયનું કાંઈ પણ જ્ઞાન ઉત્પન્ન થયા પછી જ્યાં સુધી એની શૃંખલા ન તુટે, ત્યાં સુધી ફરીવચમાં દર્શન નથી થતું.

ભાવાર્થ:- દર્શન પણ જ્ઞાન સમાન ચૈતન્યનું એક સૂક્ષ્મ પરિણામ છે. ચૈતન્યના તે પરિણામને દર્શન કહે છે કે જેમાં સામાન્ય માત્રનો પ્રતિભાસ થાય છે; અને તે મહાસામાન્યનો (મહાસામાન્ય અથવા મહાસત્તા એ બન્ને એક અર્થના શબ્દ છે.) જ્ઞાનમાં પણ પ્રતિભાસ થાય છે પરંતુ તે સાથે જ કાંઇક

વિશેષતા પણ રાખે છે. વિશેષતા રાખવાથી જ્ઞાનને સાકાર કહે છે. દર્શનનો વિષય કેવલ સામાન્ય હોવાથી આકારની કલ્પના કરવામાં નથી આવતી એટલા માટે દર્શનને નિરાકાર કહે છે. જ્ઞાન, ચેતનાનું કાર્ય છે. અને દર્શન જ્ઞાનની પૂર્વ દશા છે. દર્શનમાં સદા સમાનતા રહે છે. એટલા માટે એની જનક સર્વ પદાર્થગત મહાસામાન્ય જે એક ધર્મ છે તેજ હોઇ શકે છે. એ કારણે દર્શનનું સ્વરૂપ સત્તાલોચન કહેવામાં આવે છે. વાસ્તવમાં આલોચન તો ત્યાં હોઇજ શકતું નથી પરંતુ ઉન્મુખતાને લઈ અવલંબન સત્તા ધર્મ છે. એટલા માટે સત્તાને આલોચક અને દર્શનને આલોચન કહેવામાં આવે છે. કોઇપણ પદાર્થને જાણવાની યોગ્યતા પ્રાપ્ત થવાથી આત્માની તે પદાર્થ તરફ ઉન્મુખતા, પ્રવૃત્તિ અથવા ઇતર વિષયોથી હટીને તે વિવક્ષિત પદાર્થની તરફ ઉત્સુકતા પ્રગટ થાય છે તે જ દર્શન છે. અર્થાત પૂર્વ વિષયને છોડી ઉત્તર વિષયની તરફ ઉન્મુખતા થવી તેને દર્શન કહે છે. દર્શન કેવલ સામાન્યાવલંબી પ્રતિભાસ અથવા ઉન્મુખતા છે.

જ્યાં સુધી પદાર્થનો થોડો પણ અંશ જાણવામાં નથી આવતો ત્યાં સુધી દર્શન છે. ઉદાહરણઃ– એક મનુષ્ય ભોજન કરવામાં જોડાયલો છે અને એનું મન તથા બુદ્ધિ પણ એમાંજ આસક્ત છે. અકસ્માત્ એની ઇચ્છા થઇ કે બહાર કોઇ પુરુષ બોલાવતો તો નથી ને! તે હું સમજી લઉં અથવા કોઇનો અવાજ કાનમાં પડવાથી એનો ઉપયોગ તે ભોજનથી હટીને શબ્દ તરફ લાગી જાય છે. પૂર્વ વિષયથી હટવું અને ઉત્તર વિષય તરફ ઉત્સુક થવું, આ વિષય જ્ઞાન પર્યાયનો નથી, પરંતુ દર્શનનો

છે. તે ચેતના પર્યાયને દર્શન કહે છે, વિશેષ ગુરુ સમાગમથી જાણવું શુદ્ધાત્મ તત્ત્વનો યથાર્થ અનુભવ ઉપયોગની એકાગ્રતાથીજ થાય છે. અને ઉપયોગની એકાગ્રતા સમ્યક્ ભાવનાથીજ થાય છે. (ભાવના નામ વારંવાર ચિંતવન કરી ઉપયોગનો અભ્યાસ કરવાનું છે.)

સમ્યક્ ભાવનાનું બળ અપૂર્વ અંતરંગ અપ્રતિહત ઉત્સાહ તથા અપ્રતિહત અપૂર્વ આત્મવીર્યની જાગૃતિ પૂર્વક અમૃત સ્વરૂપ ઉપયોગ ભૂમિમાં શુદ્ધાત્મતત્ત્વનું વારંવાર પ્રસન્ન ચિત્તથી ચિંતવન કરવાથી થાય છે; અને ચિંતવનની સિદ્ધિ ઉપાધિ રહિત એકાંત, નિર્જન, નિરૂપદ્રવ, સાત્વિક સ્થાનમાં નિવાસ કરવાથી થાય છે. શુદ્ધાત્મતત્ત્વનું વારંવાર ચિંતવન કરવાથી ઉપયોગ પરિણતિ નિર્મળ થાય છે. અને જે આસન્ન ભવ્ય આત્માની ઉપયોગ પરિણતિ નિર્મળ થઈ શુદ્ધાત્મસ્વરૂપ સન્મુખ રહી એકાગ્ર ઉપયોગને આધીન વિચાર શક્તિ વિકાશને પામી છે, તેજ ભવ્ય આત્મા શુદ્ધ ચૈતન્ય જ્યોતિનો સાક્ષાત્ અનુભવ કરવાના સાચા અધિકારી છે; અને તેજ આસન્ન ભવ્ય આત્માની ઉપયોગ પરિણતિને નિર્દોષ, રમણીય અને અતીન્દ્રિય આનંદ સ્વરૂપ અપૂર્વ ક્રીડા કરવાનું સ્થાન, વીતરાગ શાન્ત સુધારસ ભરપૂર શુદ્ધ ચૈતન્ય જ્યોતિ સ્વરૂપ શુદ્ધાત્માજ છે.

જ્ઞાનોપયોગનું સ્વરૂપ

ગુણ અને દોષોનો વિચાર અથવા સ્મરણાદિરૂપ આત્માના ઉપયોગને ભાવમન કહે છે. અને ગુણ દોષોનો વિચાર અથવા સ્મરણ

ને માટે સન્મુખ થએલ આત્માના ઉપયોગને–ભાવમનને સહાયતા કરવાવાળા પુદ્ગલપિંડને દ્રવ્યમન કહે છે. ભાવ મન એ જ ઉપયોગ છે. જ્ઞાનોપયોગ સાકાર છે, પ્રગટ અનુભવ ગોચર છે, એથી જ આત્મા જાણવામાં આવે છે. ચૈતન્ય આત્માનો સ્વભાવ છે અને તે ચૈતન્ય સ્વભાવને જે કહે (જણાવે) એવું જે આત્માનુ પરિણામ (પરિણમન-પરિણતિ) તેને ઉપયોગ કહે છે. અથવા આત્માનાં જે પરિણામ ચૈતન્ય ગુણની સાથે રહેવાવાળા છે તેને ઉપયોગ કહે છે. અથવા જે ચૈતન્ય ગુણની સાથે સાથે અન્વયરૂપથી પરિણમન કરે તે ઉપયોગ છે. અથવા જે પદાર્થને જાણવા સમયે આ ઘટ છે આ પટ છે ઇત્યાદિ પદાર્થોને ગ્રહણ કરવાનો જે વ્યાપાર (પ્રવર્તન) કરે તે ઉપયોગ છે અથવા.

" गुणपर्ययवद्वस्तु तद्ग्रहण व्यापार उपयोगः "

અર્થ:– ગુણપર્યાય સ્વરૂપ જે વસ્તુ છે તેને ગ્રહણ કરવારૂપ જે વ્યાપાર તેનું નામ ઉપયોગ છે. જે વિકલ્પ સહિત છે તે જ્ઞાનોપયોગ છે; અને વિકલ્પ રહિત સામાન્ય ઉપયોગ છે તે દર્શનોપયોગ છે એ બન્ને ઉપયોગની સાથે જીવ હોય છે ઉપયોગ જીવથી સદાય પ્રદેશોની અપેક્ષાએ અભિન્ન છે; એક છે. ઉપયોગ જીવનું લક્ષણ છે ઉપયોગ તે વ્યાપાર છે. ઉપયોગથી જીવ પદાર્થોને જાણે છે; દેખે છે. અમે ઉપયોગનેજ દેખીને નિશ્ચય કરીએ છીએ કે અમુક પ્રાણી સજીવ છે જેમાં ઉપયોગ નથી હોતો તે શરીર નિર્જીવ હોય છે જ્યારે કોઇ સંસારી પ્રાણી પોતાના ઉપયોગથી સાંભળે છે, દેખે છે, સુંઘે છે, સ્વાદ લે છે, સ્પર્શ કરે છે, ત્યારે અમે અનુમાન કરીએ છીએ કે એમાં જીવ છે, અને જ્યારે કોઇ

પણ શરીર એવી ચેષ્ટા નથી કરતું ત્યારે તેમાં જીવ નથી એમ જાણીએ છીએ માટે આત્માનું સ્વરૂપ ઉપયોગથી જ જણાય છે. જેમ કુંડળ, કડું, મુદ્રિકાદિ વિકાર છે (વિશેષકાર્ય, પર્યાય) તે સુવર્ણ સ્વભાવ કહેવાવાળું સુવર્ણનું જ પરિણમન છે. તેમ ઇન્દ્રિય અને નોન્દ્રિય (મન) દ્વારા જે પરિણતિ છે તે ઉપયોગ છે. તથા ઘટ પટ આદિકોના વિકાર અથવા સુખદુઃખાદિરૂપ પરિણમન તે સમસ્ત ઉપયોગ છે. જે ઉપયોગ છે તે જીવનું દૂષણ રહિત નિર્બાધ-શુદ્ધ લક્ષણ છે. જીવ નામનો પદાર્થ કેવો છે કે, નિશ્ચયનયની અપેક્ષાએ પોતાના ચેતના ગુણ સંયુકત છે અને વ્યવહારથીસ્વપરને જાણવાવાળો છે, જાણવારૂપ પરિણામોથી વિશેષિત : (જાણવામાં આવે છે) ગુણપર્યાયરૂપ પદાર્થની નિઃશેષ આકૃતિનો નિશ્ચય કરાવવાવાળાં ચૈતન્ય પરિણામને જ્ઞાનોપયોગ કહે છે. ઉપયોગમાં કોઇ આકાર (ભેદ વિષય) હોય તે સાકારોપયોગ છે; અને એનો અર્થ જ્ઞાન છે. ચેતના ગુણરૂપ છે અને ઉપયોગ ચેતનાની જાણવા-રૂપ પર્યાય છે. ઉપર બતાવેલ પદાર્થોને જાણવારૂપ ચેતનાનાં પરિણામ તે ઉપયોગ છે.

જ્ઞાનોપયોગની મહિમા અને તેનું સ્વરૂપ

अस्ति ज्ञानोपयोगस्य स्वभावमहिमोदयः ।
आत्मपरोभयाकारभावकश्च प्रदीपवत् ॥२२४॥

અર્થઃ- જ્ઞાનોપયોગની સ્વાભાવિક મહિમા છે કે જે પોતાના સ્વરૂપનો પ્રકાશક છે અને પરનો પણ પ્રકાશક છે અને સ્વપર બન્નેનો પ્રકાશક છે. જેવી રીતે દીપક પોતાના તથા બીજા

પદાર્થોના સ્વરૂપનો પ્રકાશક છે. એવી રીતે જ્ઞાન પણ પોતાના અને પર પદાર્થોના સ્વરૂપનું પ્રકાશક છે. (જાણનાર છે) આ-જ્ઞાનોપયોગની સ્વાભાવિક અદ્‌ભૂત મહિમા છે.

कृत्वा विशेषं गृह्णाति वस्तुजातं यतस्ततः ।
साकारमिष्यते ज्ञानं ज्ञानयाथात्म्यवेदिभिः ॥२२५॥

અર્થ:- જો કોઇની આકૃતિ કહેવામાં આવે છે તો તે વિશેષ પદાર્થ જ હશે. સામાન્ય પદાર્થની આકૃતિ અનિયત (અનિશ્ચિત) હોવાથી કહેવામાં અથવા સમજવામાં નથી આવી શકતી. અને જ્ઞાન, પદાર્થોને વિશેષે વિશેષે કરીને જાણે છે. એટલા માટે એને સાકાર કહે છે. જેમણે જ્ઞાનનું સ્વરૂપ વાસ્તવિક જાણી લીધેલ છે, તે ઋષિલોક જ્ઞાનને એટલા માટે જ સાકાર નથી કહેતા કે તે પદાર્થોના વિશેષ આકાર તુલ્ય સ્વયં થઇ જતુ હોય. જ્ઞાન અમૂર્ત્ત આત્માનો ગુણ છે. એમાં કોઇ પણ પદાર્થનો આકાર ઉતરવાની આવશ્યકતા નથી. માત્ર વિશેષ પદાર્થ તેમાં પ્રતિ-ભાસવા લાગે છે, એજ એની આકૃતિ માનવાનું કારણ છે. **સારાંશ**:- એ છે કે જ્ઞાનમાં આકૃતિ વાસ્તવિક માનવામાં નથી આવતી, કિન્તુ જ્ઞાન, જ્ઞેય સંબંધના કારણે જ્ઞેયનો આકૃતિ ધર્મ જ્ઞાનમાં ઉપચારથી કલ્પિત કરવામાં આવે છે. એ આરોપનો ફલિતાર્થ માત્ર એટલોજ સમજવો જોઇએ કે પદાર્થની વિશેષ આકૃતિ નિશ્ચય કરવાવાળાં ચૈતન્ય પરિણામને અમે જ્ઞાન કહીશું. જેવી રીતે દર્પણમાં સન્મુખ રહેલ સમસ્ત પદાર્થોનું પ્રતિબિમ્બ ઝળકે છે, એમ કેવલજ્ઞાનમાં લોકાલોકના સમસ્ત,

પદાર્થો અને તે પદાર્થોમાં ઉત્પન્ન થવાવાળી ભૂતકાળ, ભવિષ્ય-કાળ અને વર્તમાનકાળ એમ ત્રણે કાળ સંબંધી સમસ્ત પર્યાયો સમય સમય પ્રતિબિમ્બિત થયા જ કરે છે. જેવી રીતે દર્પણમાં પડવાવાળું પ્રતિબિમ્બ તે દર્પણનીજ પર્યાય છે, બાહ્ય પદાર્થ કેવળ નિમિત્ત કારણ છે. એવી રીતે કેવળજ્ઞાનમાં પ્રતિબિમ્બિત થવાવાળા સમસ્ત પદાર્થો કેવળજ્ઞાનનીજ પર્યાય છે. બાહ્ય પદાર્થો કેવલ નિમિત્ત માત્ર છે. જેમ દર્પણ પોતાના સ્વરૂપને છોડયા વિના પોતાના સ્થાન ઉપર નિયત છે; અને બાહ્ય પદાર્થો પણ સ્વસ્વરૂપને છોડયા વિના પોતાના સ્થાન પર નિયત છે. એવી રીતે કેવળજ્ઞાન આત્મામાંજ શુદ્ધ સ્વરૂપથી વ્યાપ્ત છે; તે આત્માને છોડીને જગતમાં કોઇ જગાએ નથી જતું; કારણકે જે જેનો ગુણ છે તે પોતાના ગુણીને છોડીને બહાર કયાંય પણ જતો નથી. ગુણ ગુણીનો તાદાત્મ્ય (તન્મય) સંબંધ છે. જો ગુણ ગુણીને છોડી દઈને બીજા સ્થાનમાં ચાલ્યો જાય, તો કહેવું પડશે કે ચેતનમાં જડતા પણ આવી શકે, અને જડમાં ચેતનતા આવી શકે તો જગતમાં સર્વે પદાર્થો સંકરરૂપ ધારણ કરી લેશે. એવી અવસ્થામાં પદાર્થોની નિયતિ નહિ રહી શકે અને એનું લક્ષણ તથા કાર્ય કારણસ્વરૂપ પણ નહિ બની શકે. એટલાજ માટે કેવળજ્ઞાન નિરાવરણ પરમ શુદ્ધ જ્ઞાન છે. તે આત્મામાં જ વ્યાપ્ત છે. એમાં જે પદાર્થોનું પ્રતિબિમ્બ પડે છે, તે કેવળજ્ઞાનની જ શુદ્ધ પર્યાય છે. તે પર્યાય પર પદાર્થોના નિમિત્તથી થાય છે, એટલા માટે વિકારી છે એવી જેની સમજણ છે તે ભૂલ ભરેલી છે: કારણ કે જ્ઞેયને વિષય કરવો (જાણવો) એ જ્ઞાનનો સ્વભાવ છે, જ્ઞેયની વિષયતાને (જાણપણાને) છોડી જ્ઞાનનું નિજ સ્વરૂપ બીજું કોઇ નથી બની

શકતું; એટલા માટે જ્ઞાનમાં થવાવાળી સમસ્ત પર્યાયોની ઝલક જ્ઞાનનુંજ શુદ્ધ સ્વરૂપ છે. જો પદાર્થની ઉદાસીન નિમિત્તતા જ જ્ઞાનમાં વિભાવતા ઉત્પન્ન કરવાવાળી હોય તો સિદ્ધોના સ્વરૂપમાં પણ વિભાવતા લાવવાવાળી કહેવી જોઇએ. પરંતુ પ્રેરક કારણ વિના કયારે પણ કોઈ પદાર્થમાં વિકાર નથી આવી શકતો. જ્ઞાન પોતાના સ્વરૂપમાં સ્થિર રહે છે અને પદાર્થ પોતાના સ્વરૂપમાં સ્થિર રહે છે. જ્ઞાનમાં પદાર્થ જણાય છે તેને જ્ઞાન જાણે છે આ વસ્તુનું સ્વરૂપ જ છે. પદાર્થ જણાયા વિના નથી રહેતા અને જ્ઞાન એને જાણ્યા વિના નથી રહેતું. બન્નેનો જણાવાનો અને જાણવાનો અનિવાર્ય (સ્વાભાવિક) સ્વભાવ જ છે.

જ્ઞાનનું લક્ષણ

आकारोऽर्थविकल्पः स्यादर्थः स्वपरगोचरः।
सोपयोगो विकल्पो वा ज्ञानस्यैतद्धि लक्षणम् ॥३२६॥

અર્થ:- અર્થ વિકલ્પને આકાર કહે છે. અર્થ સ્વ(જ્ઞાન) અને પર પદાર્થનું નામ છે અને ઉપયોગ અવસ્થાનું નામ વિકલ્પ છે. (જ્ઞાનનું તે આકારરૂપ હોવું તેનું નામ વિકલ્પ છે) આ જ્ઞાનનું લક્ષણ છે.

ભાવાર્થ:- આત્મા અને ઇતર પદાર્થોનું ઉપયોગાત્મક ભેદવિજ્ઞાન થવું તેજ આકાર કહેવાય છે અને તે આકાર જ્ઞાનનું લક્ષણ છે. પદાર્થોના ભેદાભેદને લીધે નિશ્ચયાત્મક બોધનેજ આકાર કહે છે. અર્થાત્ પદાર્થોને જાણવા તેજ આકાર કહેવાય છે. આ જ્ઞાનનું સ્વરૂપ છે.

स्वापूर्वार्थद्वयोरेव ग्राहकं ज्ञानमेकशः ।
नात्र ज्ञानमपूर्वार्थो ज्ञानं ज्ञानं परः परः ॥૩૩૭॥

અર્થ :- નિજ અને અનિશ્ચિત પદાર્થ બન્નેના સ્વરૂપને ગ્રહણ કરનાર જ્ઞાન છે તે બન્નેનો એક સમયમાં નિશ્ચય કરાવે છે. પરંતુ તે નિશ્ચિત પદાર્થોનો નિશ્ચય કરાવતી વખતે જ્ઞાન સ્વયં તે પદાર્થ રૂપ નથી થતું. જ્ઞાન, જ્ઞાનરૂપ જ રહે છે. પર પદાર્થ પર રૂપ જ રહે છે.

ભાવાર્થ:- જેમ દીપક સ્વયં પોતાનું સ્વરૂપ દેખાડે છે અને સાથે જ ઇતર ઘટ પટાદિ પદાર્થોને પણ દેખાડે છે, એવી રીતે જ્ઞાન પણ પોતાના સ્વરૂપનો બોધ કરાવે છે અને સાથે પર પદાર્થોનો પણ બોધ કરાવે છે. પરંતુ પર પદાર્થોનો બોધ કરાવતી વખતે તે જ્ઞાન પર પદાર્થ રૂપ થતું નથી. તે જ્ઞાન પદાર્થાકાર છે છતાં પણ પોતાના સ્વરૂપમાં જ છે. પદાર્થાકાર થવું એ જ્ઞાનનું નિજ સ્વરૂપ છે. જેનાથી પદાર્થોનો વિચાર થઈ શકે તથા સ્વરૂપ વિજ્ઞાન થઇ શકે, તે વિકલ્પાત્મક જ્ઞાન કહેવાય છે.

स्वहेतुजनितोप्यर्थः परिच्छेद्यः स्वतोयथा ।
तथाज्ञानंस्वहेतूत्थं परिच्छेदात्मकं स्वतः ॥૩૩૮॥

અર્થ:- ગુણ પર્યાયવાન વસ્તુ છે, તેનો ગ્રહણરૂપ જે વ્યાપાર તે ઉપયોગ છે. જ્ઞાન છે તે જાણવા યોગ્ય જ્ઞેય વસ્તુ તેથી ઉત્પન્ન નથી થતું. તે બતાવેલ છે કે, વસ્તુ પોતાના જ ઉપાદાન કારણથી ઉત્પન્ન થઇ ને પોતાથી જ જાણવાવાળી છે. તેમ જ્ઞાન પણ પોતાના

જ ઉપાદાન કારણથી ઉત્પન્ન થયું થકું. પોતાથી જ જાણવા યોગ્ય છે. પ્રકાશાદિક જ્ઞેય પદાર્થ છે, તે જ્ઞાનનું કારણ નથી. કેમકે તે તો જ્ઞેય છે. જેમ અંધકાર જ્ઞેય છે તેમ એ પણ જ્ઞેય (જણાવા યોગ્ય) છે, પરંતુ જાણવાનું કારણ તે નથી એમ જાણવું.

सत्यं सामान्यवज्ज्ञानमर्थाच्चास्ति विशेषवत् ।
यत्सामान्यमनाकारं साकारं यद्विशेषभाक् ॥३३९॥

અર્થ:– જ્ઞાન બે પ્રકારનું છે. એક સામાન્ય અને બીજું વિશેષ. એ બન્નેમાં જે સામાન્ય છે તે અનાકાર છે અને જે વિશેષ છે તે સાકાર છે.

ભાવાર્થ:– સર્વથી પહેલાં ઇન્દ્રિય અને પદાર્થોનો સંયોગ થવાથી જે વસ્તુનો સત્તા માત્ર બોધ થાય છે, તેનું નામ દર્શન છે. તેમાં વસ્તુનો નિર્ણય નથી થતો. દર્શન, જ્ઞાનના પૂર્વે થવાવાળી પર્યાય છે. એના પછી જે વસ્તુનું જ્ઞાન થાય છે કે આ અમુક વસ્તુ છે એનું નામ અવગ્રહાત્મક જ્ઞાન છે. ફરી ઉત્તરોત્તર વિશેષ બોધ થાય છે, તેને અનુક્રમે ઇહા, અવાય, ધારણા કહે છે. જેમ દર્પણનો સ્વભાવ છે કે એની અંદર પદાર્થનું પ્રતિબિમ્બ પડવાથી તે દર્પણ પદાર્થાકાર થઈ જાય છે. એવી રીતે જ્ઞાનનો સ્વભાવ છે કે, તે પણ જે પદાર્થને જાણે છે તે પદાર્થના આકારનું થઇ જાય છે. પદાર્થાકાર થતાં જ તે વસ્તુનો બોધ કહેવાય છે. એટલા માટે જ્ઞાન સાકાર છે અને દર્શન નિરાકાર છે. બીજી વાત એ પણ છે કે જ્ઞાનમાં વસ્તુના વિશેષણ વિશેષ્ય સંબંધનો નિર્ણય થાય છે. માટે તે સાકાર છે; અને ઇતર ગુણ નિરાકાર છે. તથા

જ્ઞાન પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવે છે તેથી સાકાર છે. અને બીજા ગુણો પોતાનું સ્વરૂપ પ્રગટ નથી કરી શકતા તેથી નિરાકાર છે.

मति श्रुतावधिमनोभिश्च स्वकस्वकविषये विशेषविज्ञानम् ।
अन्तर्मुहूर्तकाल उपयोगः स तु साकारः ॥३४०॥

અર્થ:- મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય દ્વારા નિજ નિજ વિષયનું અન્તર્મુહૂર્ત્ત કાળ પર્યન્ત જે વિશેષજ્ઞાન થાય છે, એને જ સાકાર ઉપયોગ કહે છે.

ભાવાર્થ:- સાકાર ઉપયોગના પાંચ ભેદ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવલ. એમાંથી આદિના ચાર ઉપયોગ છદ્મસ્થ જીવોને હોય છે. ઉપયોગ ચેતનાનું એક પરિણમન છે. એક વસ્તુના ગ્રહણરૂપ ચેતનાનું પરિણમન છદ્મસ્થ જીવને વધારેમાં વધારે અન્તર્મુહૂર્તકાળ સુધી જ રહી શકે છે. આ સાકાર ઉપયોગમાં એજ વિશેષતા છે કે, તે વસ્તુના વિશેષ અંશને ગ્રહણ કરે છે. નિરાકાર ઉપયોગ પણ વિશેષમાં વિશેષ છદ્મસ્થને અન્તર્મુહૂર્ત્ત સુધી રહે છે.

विकल्पो योगसंक्रातिरर्थाज्ज्ञानस्य पर्ययः ।
ज्ञेयाकारः स ज्ञेयार्थात् ज्ञेयार्थान्तरसङ्गतः ॥३४१॥

અર્થ:- ઉપયોગનુ બદલાવું તેને વિકલ્પ કહે છે. તે વિકલ્પ જ્ઞાનની પર્યાય છે. અર્થાત્ પદાર્થાકાર જ્ઞાન જ જ્ઞેયરૂપ પદાર્થથી હટી ને બીજા પદાર્થના આકારને ધારણ કરવા લાગે છે.

ભાવાર્થ:- આત્માનો જ્ઞાનોપયોગ એક પદાર્થથી હટીને બીજા પદાર્થ તરફ લાગે છે. અર્થાત્ જ્ઞેયથી જ્ઞેયાંતરરૂપ પરિણમન થવું તેનું નામ ઉપયોગ સંક્રાંતિ છે; અને એજ ઉપયોગનું નામ વિકલ્પ છે.

क्षायोपशमिकं तत्स्यादर्थादक्षार्थसम्भवात् ।
क्षायिकात्यक्षज्ञानस्य संक्रान्तेरप्यसम्भवात् ॥३४२॥

અર્થ:- તે ઉપયોગ સંક્રાન્તિ સ્વરૂપ વિકલ્પ ક્ષયોપશમાત્મક છે. અર્થાત્ ઇન્દ્રિય અને પદાર્થના સંબંધથી થવાવાળું જ્ઞાન છે કેમકે અતીન્દ્રિય ક્ષાયિક જ્ઞાનમાં સંક્રાન્તિનું હોવું જ અસંભવ છે

ભાવાર્થ:- જ્યાં સુધી જ્ઞાનમાં અલ્પજ્ઞતા છે ત્યાં સુધી તે સર્વે પદાર્થોને યુગપત્ ગ્રહણ નથી કરી શકતું કિન્તુ ક્રમેક્રમે ક્યારેક કોઇ પદાર્થને અને ક્યારેક કોઇ પદાર્થને જાણે છે. આ અવસ્થા ઇન્દ્રિય જન્ય જ્ઞાનમાં હોય છે. જે જ્ઞાન ક્ષાયિક છે, અતીન્દ્રિય છે, એમાં સંપૂર્ણ પદાર્થ એક સાથે જ પ્રતિબિમ્બિત થાય છે એટલા માટે ક્ષાયિક જ્ઞાનમાં ઉપયોગનું પરિવર્તન નથી થતું, છતાં પણ તે જ્ઞાન સવિકલ્પ છે. કદાચિત કોઇ કહે કે તે ક્ષાયિકજ્ઞાન સવિકલ્પ કેવી રીતે હોઇ શકે? કેમકે વિકલ્પ નામ સંક્રાન્તિનું છે; અને જ્ઞાનમાં સંક્રાન્તિ નથી થતી તો પછી ક્ષાયિક જ્ઞાન સવિકલ્પ કેવી રીતે હોઇ શકે? તેનું સમાધાન આચાર્ય હવે કરે છે.

अस्ति क्षायिकज्ञानस्य विकल्पत्वं स्वलक्षणात् ।
नार्थादर्थान्तराकारयोगसंक्रान्ति लक्षणात् ॥३४३॥

અર્થ:- ક્ષાયિક જ્ઞાનમાં વિકલ્પપણું પોતાના લક્ષણથી આવે છે પરંતુ અર્થથી અર્થાન્તરાકારમાં પરિણત થવાવાળા ઉપયોગના સંક્રમણ રૂપ વિકલ્પાત્મક લક્ષણથી નથી આવતું.

तल्लक्षणं स्वापूर्वार्थविशेषग्रहणात्मकम् ।
एकोऽर्थो ग्रहणं तत्स्यादाकारः सविकल्पता ॥३४४॥

અર્થ:- ક્ષાયિક જ્ઞાનનું લક્ષણ આ પ્રકારે છે. સ્વ-આત્મા અને અપૂર્વ પદાર્થને વિશેષ રીતિથી ગ્રહણ કરવા. અહીં અર્થ નામ પદાર્થનું છે અને ગ્રહણ નામ આકારનું છે. સ્વ અને પર પદાર્થના જ્ઞાનનું જ્ઞેયાકાર થવુંજ જ્ઞાનમાં સવિકલ્પતા છે.

ભાવાર્થ:- જે જ્ઞાન પોતે પોતાને જાણે છે; સાથે પર પદાર્થોને પણ જાણે છે પરંતુ ઉપયોગથી ઉપયોગાન્તર નથી થતું, તેને ક્ષાયિક જ્ઞાન કહે છે. જો કે ક્ષાયિક જ્ઞાનમાં પણ પદાર્થના પરિવર્તનની અપેક્ષાથી પરિવર્તન થયા કરે છે; તોપણ તેમાં છદ્મસ્થ જ્ઞાનની માફક ક્રમક્રમ પદાર્થનું ગ્રહણ નથી. પરંતુ ક્ષાયિક જ્ઞાન સર્વે પદાર્થોને એક સાથેજ જાણે છે; એટલા માટે એમાં ઉપયોગ સંક્રાન્તિ રૂપ લક્ષણ ઘટિત નથી થતું પરંતુ જ્ઞેયાકાર હોવાથી તે સવિકલ્પ અવશ્ય છે. જેવી રીતે મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યયજ્ઞાન ક્રમથી પદાર્થોનો બોધ કરે છે, એવી રીતે કેવળજ્ઞાન ક્રમથી બોધ નથી કરતું; કિન્તુ એક સાથેજ સમસ્ત પદાર્થોને જાણે છે, એનું કારણ એ છે કે કેવળ-જ્ઞાન નિરાવરણ છે. તેમાં ઇન્દ્રિય અને મનની કિંચિત્ માત્ર પણ અપેક્ષા નથી. કેવળજ્ઞાનથી વિપરીત મતિ, શ્રુત આદિ ચારે

જ્ઞાન સાવરણ છે. આદિનાં બે જ્ઞાનોમાં તો ઇન્દ્રિય અને મનની સાક્ષાત્ અપેક્ષા છે એટલા માટે તે પરોક્ષ છે. બાકીનાં બે અવધિ અને મનઃપર્યયજ્ઞાન ઉપયોગને જોડયા વિના જ્ઞાન પદાર્થો તરફ એને જાણવાને માટે ઉત્સુક નથી થતું; અને ઉપયોગ મનપૂર્વક હોવાથી ક્રમભાવી છે; માટે અવધિજ્ઞાન અને મનઃ-પર્યયજ્ઞાન ત્યારેજ ઉપયુકત થાય છે, કે જ્યારે પદાર્થોને જાણવાની ઇચ્છા રાખીને એને ઉપયોગ લગાડવો પડે છે. જો ઉપયોગ જોડયા વિનાજ તે જ્ઞાન સદૈવ પદાર્થને જાણતું હોય તો પછી દેવોને અવધિજ્ઞાન સદૈવ હોવું જોઈએ; પરંતુ તેને સદૈવ નથી હોતું, કિન્તુ જ્યારે તે જાણવાને માટે ઉદ્યત થાય છે ત્યારેંજ જાણે છે, એટલા માટે અવધિ અને મનઃપર્યય-જ્ઞાન બારમા ગુણસ્થાન સુધીજ રહે છે કે, જ્યાં સુધી ભાવમનનો સદ્ભાવ રહે છે; પરંતુ જ્યાં ભાવમનની સત્તાજ નથી એવા તેરમા ગુણસ્થાનમાં કેવલજ્ઞાનનું સામ્રાજ્ય પ્રગટ થાય છે. ત્યાં ઉપયોગ જોડયાની અપેક્ષા ન હોવાથી યુગપત્ (એક સમયમાં પદાર્થોનું પરિજ્ઞાન) થાય છે.

જ્ઞેયાકાર જ્ઞાનની પરિણતિ

ज्ञानं ज्ञेयनिमित्तं केवलज्ञानं नभवति श्रुतज्ञानं ।
ज्ञेयं केवलज्ञानं ज्ञानाज्ञानं च नास्तिकेवलिनः ॥३४५॥

અર્થ:- કેવળજ્ઞાન, જ્ઞેયના નિમિત્તથી નથી થતું અને તે શ્રુત-જ્ઞાન પણ નથી. કેવળીભગવાનને જ્ઞાન, અજ્ઞાનની કલ્પના નથી. એને માત્ર જ્ઞાન જાણવા યોગ્ય છે.

ભાવાર્થ:– કેવળજ્ઞાન મતિજ્ઞાનની માફક ઘટ પટ આદિ જાણવા યોગ્ય પદાર્થોના આશ્રયથી ઉત્પન્ન નથી થતું, એટલા માટે તે કેવલજ્ઞાન જેમ જ્ઞેય પદાર્થોના નિમિત્તથી નથી થતું તેમજ શ્રુત-જ્ઞાનરૂપ પણ નથી. જો કે દિવ્યધ્વનિના સમયમાં કેવળજ્ઞાનના આધારથી ગણધરદેવ આદિને શ્રુતજ્ઞાન થાય છે તો પણ તે શ્રુતજ્ઞાન ગણધરાદિને જ થાય છે. કેવલીઅરહંતોને નહીં. કેવલીભગવાનના જ્ઞાનમાં કોઇ સંબંધમાં જ્ઞાન, અથવા કોઇમાં અજ્ઞાન નથી હોતું; કિન્તુ સર્વ જ્ઞેયોનું ક્રમ વિના (અક્રમરૂપ) યુગપત્ જ્ઞાન થાય છે. અથવા મતિજ્ઞાન આદિ ભેદોથી નાના પ્રકારનું જ્ઞાન નથી કિન્તુ એક માત્ર શુદ્ધજ્ઞાન જ છે અહીં જે મતિજ્ઞાન આદિના ભેદથી પાંચજ્ઞાન કહેવામાં આવેલ છે, તે સર્વે વ્યવહાર નયથી છે. નિશ્ચયથી અખંડ એક જ્ઞાનના પ્રકાશરૂપજ આત્મા છે, જેમ મેઘાદિ રહિત સૂર્ય હોય છે, તેમ જાણવું.

વિશેષાર્થ:– કેવલજ્ઞાન એક શુદ્ધ આત્માનું સ્વાભાવિક જ્ઞાન છે, તે લોક અલોકના સર્વ પદાર્થોની ત્રણ કાળ વર્તી પર્યાયોને ક્રમ વિના એક સમયમાં જાણી રહેલ છે. જેમ સૂર્ય પોતાના નિર્મળ પ્રકાશથી એક જ કાળમાં પોતાના સન્મુખના સર્વે પદાર્થોને પ્રગટ કરે છે તેમ કેવલજ્ઞાન સર્વે જ્ઞેયોને એક સમયમાં જાણે છે. જ્ઞાનાવરણીય કર્મનું જરાપણ આવરણ નથી રહ્યું તેથી તે મતિજ્ઞાનની માફક ઘટ પટના આલંબનથી ક્રમ રૂપ નથી જાણતું, મનદ્વારા વિચાર પૂર્વક શ્રુતજ્ઞાનની માફક પણ નથી જાણતું, તે એક વિલક્ષણ પૂર્ણજ્ઞાન પરમ સ્પષ્ટ પ્રત્યક્ષ છે એને કોઇ પણ ઉપમા આપી શકાતી નથી.

अयमर्थो यज्ज्ञानं समस्तकर्मक्षयोद्भवं साक्षात् ।
प्रत्यक्षं क्षायिकमिदमक्षातीतं सुखं तदक्षयिकम् ॥३४६॥

અર્થઃ- જે જ્ઞાન સર્વ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી ઉત્પન્ન થએલ છે તથા જે આત્માધીન છે, પણ ઇન્દ્રિયોને અથવા મનને આધીન નથી. આત્મિક સુખમય છે અથવા અવિનાશી છે તેજ પ્રત્યક્ષ કેવળજ્ઞાન છે. તે કેવળજ્ઞાન પ્રાપ્તિની સદાય ભાવના કરવી યોગ્ય છે.

આત્મધ્યાનનું વર્ણન કરે છે.

आस्तैकः सोपयोगोपम किमपिततोनान्यदस्तीर्चिता-
म्यासास्ताशेषवस्तोः स्थितपरममुदायदुगतिर्नोविकल्पे ।
ग्रामे वा कानने वा जनजनितसुखे निःसुखे वा प्रदेशे ।
साक्षादाराधना सा श्रुतविशदमतेर्वाह्यमन्यत्समस्तम् ॥३४७॥

અર્થઃ- દર્શનોપયોગ જ્ઞાનોપયોગમય આત્મવસ્તુજ એક મારી છે; અને એનાથી ભિન્ન અન્ય કોઇ પણ મારી વસ્તુ નથી, એવા પ્રકારની પ્રશસ્ત ચિંતાથી જે ભવ્ય મનુષ્યના મનની પરિણતિ બાહ્ય પદાર્થોથી સર્વથા છૂટી ગઇ છે; તથા સત્શાસ્ત્રના અભ્યાસથી જેની બુદ્ધિ નિર્મલ ભાવને પ્રાપ્ત થઇ ગઇ છે અને જે આત્મ આલ્હાદસ્વરૂપ પરમાનંદનો ધારક છે તે ભવ્ય આત્માના મનની પ્રવૃત્તિનું વિકલ્પોથી હટી જવું તથા ગામમાં અથવા વનમાં અથવા મનુષ્યોના સુખને ઉપજાવવાવાળા પ્રદેશમાં અથવા દુઃખ ઉપજાવવાવાળા પ્રદેશમાં પણ મનનું ન જવું કિન્તુ પોતાના આત્માના

અનુભવમાં જ લીન થવું એજ ઉત્કૃષ્ટ આરાધના છે એથી ભિન્ન સર્વે બાહ્ય છે અને ત્યાગવા યોગ્ય છે.

यन्नान्तर्न बहिःस्थितं न च दिशि स्थूलं न सूक्ष्मं पुमान्–
नैव स्त्री न नपुंसकं न गुरुतां प्राप्तं न यल्लाघवम् ।
कर्मस्पर्शशरीरगन्ध गणना व्याहारवर्णोज्झितं ।
स्वच्छं ज्ञानदृगेकमूर्तितदहं ज्योतिः परे नापरम् ॥३४८॥

અર્થ:– આત્મજ્ઞાની પુરુષ એવા પ્રકારનો વિચાર કરે છે કે હું અંદર નથી, હું બહાર નથી, કોઈ દિશામાં નથી, મોટો નથી, પાતળો નથી, પુરુષ નથી, સ્ત્રી નથી, નપુંસક નથી, ભારે નથી, હલકો નથી અને મારા કર્મ નથી, સ્પર્શ નથી, શરીર નથી, ગંધ નથી, સંખ્યા નથી, શબ્દ નથી, વર્ણનથી; પરંતુ જે અત્યંત સ્વચ્છ શુદ્ધસ્ફટિકરત્ન સમાન, પારદર્શક, જ્ઞાનોપયોગ, દર્શનોપયોગમય મૂર્તિનોધારક હું છું; અને એથી ભિન્ન કોઇ પણ મારૂં નથી.

ભાવાર્થ:– આત્મજ્ઞાની પુરુષ આ વાતનો વિચાર કરે છે કે સ્થુલ સૂક્ષ્માદિક તથા સ્ત્રી, પુરુષ, નપુંસકાદિક તથા સ્પર્શ, રસ, ગંધાદિક સર્વે પુદ્ગલના વિકાર છે, પરંતુ હું એ સર્વેથી સર્વથા અત્યંત ભિન્ન છું. મારી એક જ્ઞાન દર્શન સુધારસ ભરપુર મૂર્તિ છે તેજ હું છું.

भूतं भांतमभूतमेव रभसान्निर्भिद्य बंधं सुधी–
र्यद्यंतः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात् ।

आत्मात्मानुभवैकगम्यमहिमा व्यक्तोऽयमास्ते ध्रुवं
नित्यं कर्मकलंकपंकविकलो देवः स्वयं शाश्वतः ॥२४९॥

અર્થ:- જે કોઇ સુબુદ્ધિ, ભૂતકાળમાં થએલ, વર્તમાનકાળમાં થતા અને ભવિષ્યકાળમાં થવાવાળા એવા ત્રણે કાળના કર્મોના બંધને પોતાના આત્માથી તત્કાળ ભેદવિજ્ઞાન વડે જુદા કરીને તથા તે કર્મના ઉદયના નિમિત્તથી થએલ મિથ્યાત્વરૂપ અજ્ઞાનને પોતાના આત્મવીર્યથી અલગ કરીને અંતરંગમાં અભ્યાસ કરી નિર્મલ ભેદવિજ્ઞાન દૃષ્ટિથી દેખે તો આત્મા પોતાના અનુભવવડે જાણવા યોગ્ય જેનો પ્રગટ મહિમા છે એવા પ્રગટ અનુભવ ગોચર, નિશ્ચળ, નિત્ય, શાશ્વત, કર્મકલંક કીચડથી રહિત, સ્તુતિ કરવા યોગ્ય; પૂજય, પોતેજ દેવ સ્વરૂપ બિરાજમાન થઇ રહેલ છે તેનો અનુભવ કરે.

ભાવાર્થ:- કોઇ વિદ્વાન્ ભવ્ય આત્મા શરીરરૂપી ઘર જુએ અને નિર્મળ ભેદજ્ઞાનની દૃષ્ટિથી શરીરરૂપી ઘરમાં વસવાવાળી શુદ્ધચૈતન્ય જ્યોતિનો સૂક્ષ્મ વિચાર કરે તો પ્રથમ ભૂત, વર્તમાન, ભવિષ્ય એ ત્રણે કાળમાં મોહથી અનુરંજિત અને કર્મબંધમાં ક્રીડા કરતા એવા પોતાના આત્માનો નિશ્ચય કરે, ત્યાર પછી મોહના બંધનને નષ્ટ કરે અને મોહી સ્વભાવનો ત્યાગ કરી આત્મ ધ્યાનમાં અનુભવનો પ્રકાશ કરે તથા કર્મ કલંક કીચડથી રહિત, અચળ, અબાધિત, શાશ્વત, પોતાના આત્મદેવને પ્રત્યક્ષ દેખે–અનુભવે.

शरीराद्भिन्नमात्मानं शृण्वन्नपि वदन्नपि ।
तावन्न मुच्यते यावन्न भेदाभ्यासनिष्ठितः ॥૩૫૦॥

અર્થ:- જે ભવ્ય પુરુષ આત્માને શરીરથી ભિન્ન છે એમ સાંભળે છે તથા કહે છે છતાં પણ જ્યાં સુધી એ બન્નેના ભેદના અભ્યાસમાં નિષ્ઠિત (પરિપકવ) નથી થતો ત્યાં સુધી એનાથી છૂટતો નથી કેમકે નિરંતર ભેદજ્ઞાનના અભ્યાસથી જ એનો મમત્વ છૂટે છે.

इति हृत्कमले शुद्धचिद्रूपोऽहं हि तिष्ठतु ।
द्रव्यतो भावतस्तावाद् यावदंगे स्थितिर्मम ॥૩૫૧॥

અર્થ:- જ્યાં સુધી હું (આત્મા) દ્રવ્ય અથવા ભાવ કોઈ પ્રકારથી આ શરીરમાં વિદ્યમાન છું, ત્યાં સુધી મારા હૃદય કમળમાં शुद्धचिद्रूपोऽहं (હું શુદ્ધ ચિદ્રૂપસ્વરૂપછું) આ વાત સદાય સ્થિત રહે. રૂધિર, મજ્જા આદિ સાત ધાતુઓના પિંડ સ્વરૂપ દ્રવ્યશરીર છે અને તે શરીર મારૂં છે એવો જે સંકલ્પ તે ભાવ શરીર છે.

व्रतंदूरे तपोदूरे दूरसंयम भावना ।
परानंदसुधास्वादो नदूरेपरमात्मनः ॥૩૫૨॥

અર્થ:- પોતાના શુદ્ધસ્વરૂપ પરમાત્માથી વ્રતપણ દૂર છે, તપ પણ દૂર છે અને સંયમની ભાવના પણ દૂર છે. પરંતુ આત્માનંદ સ્વરૂપ પરમામૃતનો સ્વાદ દૂર નથી.

ભાવાર્થ:- પોતાના શુદ્ધસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ સમયે વ્રતપણ છૂટી જાય છે, તપ પણ છૂટી જાય છે અને સંયમ પણ છૂટી જાય છે. પરંતુ સચ્ચિદાનંદ સ્વરૂપ અનંત સુખરૂપી અમૃતનો આસ્વાદ છૂટતો નથી. વ્રત, તપ, સંયમ આદિ સર્વે શુદ્ધાત્માની પ્રાપ્તિનાં સાધન છે. જ્યારે શુદ્ધાત્મસ્વરૂપ સાધ્યની સિદ્ધિ થઈ જાય છે ત્યારે સાધનોની કોઇ અવશ્યકતા રહેતી નથી. તે સંયમ વ્રતાદિકના સર્વે વિકલ્પો છૂટી જતા શુદ્ધાત્મામાં લીન થઇ જાય છે.

अपि चात्मसंसिद्धयै नियतं हेतू मतिश्रुतज्ञाने ।
प्रान्त्यद्वयं विना स्यान्मोक्षो न स्वादते मतिद्वैतम् ॥३५३॥

અર્થ:- આત્માની ભલાપ્રકારે સિદ્ધિને અર્થે મતિશ્રુત એ બન્ને જ્ઞાન નિશ્ચય કારણ છે, એનું કારણ એ છે કે અવધિ અને મનઃ-પર્યયજ્ઞાન વિના તો મોક્ષ થઈ જાય છે પરંતુ મતિશ્રુતજ્ઞાન વિના કયારે પણ મોક્ષ નથી થતો.

ભાવાર્થ:- એવો નિયમ નથી કે સર્વે જ્ઞાનો હોવાથી જ કેવળ-જ્ઞાન ઉત્પન્ન થાય. કોઇને અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન નથી હોતાં, છતાં પણ એને કેવળજ્ઞાન થઇ જાય છે. પરંતુ મતિ શ્રુત તો પ્રાણી માત્રને નિયમથી હોય છે. સુમતિ, સુશ્રુત એ બન્ને જ્ઞાન જ આત્માની પ્રાપ્તિનાં મૂલ કારણ છે. મિથ્યાત્વના અનુદયમાં અર્થાત્ દર્શનમોહનીયનો ક્ષય, ઉપશમ અથવા ક્ષયોપશમ થવાથી સમ્યગ્દૃષ્ટિને સ્વાત્માનુભવરૂપ મતિજ્ઞાન વિશેષ ઉત્પન્ન થાય છે. તે જ પ્રત્યક્ષ છે અને તે વિશેષ મતિજ્ઞાન દ્વારા સ્વાત્માનો

સાક્ષાત્કાર થઈ જાય છે. જે ભવ્ય આત્માને દર્શનમોહનીય કર્મનો ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમ થયેલ છે, તેજ ભવ્ય આત્મા આ-અપૂર્વ લાભને અનુભવે છે. ભારેકર્મી, દીર્ઘસંસારીના હૃદયમાં આ-વાત પ્રથમ તો રૂચિ કર નહિ લાગે. અહીં આચાર્ય મહારાજે ભેદજ્ઞાન શાથી થાય એની અનુગ્રહરૂપ અમૃત પ્રસાદી આપી છે તે આસન્ન ભવ્ય આત્મા જ લાભ લઈ શકશે. મતિ શ્રુતજ્ઞાનના "ભાવના" નામના ભેદથી જ નિર્મળ ભેદજ્ઞાન થાય છે જેની અંતરંગ વિચાર રૂપ દિવ્યચક્ષુ ખુલી હશે, તે ભવ્ય ભેદજ્ઞાનના ભેદને સમજશે પરંતુ જેની અંતરંગ દૃષ્ટિ મિથ્યાત્વરૂપી ઝેરથી અંધ થયેલ છે, તે આ-ભેદજ્ઞાનના સ્વરૂપને નહીં સમજે. અધ્યાત્મ ગ્રંથના આશયને સમજનાર, સરલ, નિકટ સંસારી ભવ્ય આત્મા જ છે. કેવલજ્ઞાનના બીજ રૂપ મતિશ્રુત-જ્ઞાનદ્વારા સમ્યક્ત્વ રત્નને યોગ્ય ભવ્ય આત્માએ જ્યાં સુધી કેવલજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાંસુધી જ્ઞાનનું જ નિરંતર ધ્યાન કરવું, જ્ઞાનને જ દેખવું, જ્ઞાનને જ જાણવું અને જ્ઞાનનું જ આચરણ કરવું યોગ્ય છે.

मतिज्ञानं पुनस्त्रिविधं उपलब्धिर्भावना च उपयोगः ।
तथैवचतुर्विकल्पं दर्शनपूर्वं भवति ज्ञानं ॥३५४॥

અર્થ:- મતિજ્ઞાન ત્રણ પ્રકારે છે. ઉપલબ્ધિ (જાણવાની શકિત) ઉપયોગ, (જાણવારૂપ વ્યાપાર) અને ભાવના (જાણેલ વસ્તુનો વારંવાર વિચાર કરવો) તેમજ તે જ્ઞાન ચાર પ્રકારે પણ છે. મતિજ્ઞાન દર્શન પૂર્વકજ થાય છે.

ભાવાર્થ:- આત્મા નિશ્ચય નયથી અખંડ એક શુદ્ધ જ્ઞાનમય છે અને વ્યવહાર નયથી સંસાર અવસ્થામાં કર્મોથી ઢંકાયેલ છે. મતિજ્ઞાનાવરણકર્મના અને વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમથી તેમ અંગોપાંગ નામ કર્મના બળથી પાંચઇન્દ્રિય અને મન દ્વારા જે કોઈ મૂર્તિક અથવા અમૂર્તિક વસ્તુઓને વિકલ્પ સહિત અથવા ભેદ સહિત જાણે છે, તે મતિજ્ઞાન છે. તે ત્રણ પ્રકારે છે. મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી પદાર્થોને જાણવાની જે શક્તિ પ્રાપ્ત થાય છે તેને ઉપલબ્ધિ મતિજ્ઞાન કહે છે. આ લીલું છે, આ પીળું છે ઇત્યાદિ રૂપથી પદાર્થોને જાણવાનો જે વ્યાપાર તેને ઉપયોગ મતિજ્ઞાન કહે છે, અને જાણેલ પદાર્થોનું વારંવાર ચિંતવન કરવું તે ભાવના મતિજ્ઞાન છે. એજ મતિજ્ઞાન અવગ્રહ; ઇહા, અવાય અને ધારણાના ભેદથી ચાર પ્રકારે છે. અથવા કોષ્ટબુદ્ધિ, બીજબુદ્ધિ, પદાનુસારીબુદ્ધિ અને સંભિન્નશ્રોતાબુદ્ધિ એમ બુદ્ધિના ભેદથી ચાર પ્રકારે છે. મતિજ્ઞાન સતા અવલોકનરૂપ દર્શનપૂર્વક થાય છે. અહીં તાત્પર્ય એ છે કે, નિશ્ચય નયથી નિર્વિકારી શુદ્ધાત્માનુભવ સન્મુખ જે મતિજ્ઞાન છે તે જ ઉપાદેય ભૂત છે અને તે અનંત સુખનું સાધક હોવાથી ગ્રહણ કરવા યોગ્ય છે; તેનું સાધક જે બાહ્ય મતિજ્ઞાન છે તે વ્યવહાર નયથી ઉપાદેય છે.

વિશેષાર્થ:- દર્શનોપયોગના બરાબર ઉત્તર સમયમાં જે કાંઈ ગ્રહણ થાય છે તેને જ્ઞાન કહે છે. ચેતનાનું સાકાર થવું તેજ જ્ઞાનનું લક્ષણ છે. જ્ઞાન, વિશેષ સ્વરૂપ અનુભાવક ચૈતન્ય પર્યાય છે. છદ્મસ્થને દર્શન સમયે જ્ઞાન નથી થતું તેટલા માટે

ક્રમવર્તી કહે છે પણ જ્ઞાનના સમયમાં દર્શન અવશ્ય રહે છે. કારણ કે, બન્નેનો ક્ષયોપશમ સદા સાથે રહે છે. જો કદાચ તમો એમ કહેશો કે, જ્ઞાનના સમયમાં દર્શન રહે છે તે કેમ હોઇ શકે ? તો તેનો ખુલસો પણ એજ છે કે ઉન્મુખતા વિના જ્ઞાનનું થવું અસંભવ છે; અને ઉન્મુખતા છે તેજ દર્શન છે; અને જો જ્ઞાનદર્શનને યુગપત્ રહેવામાં અસંભવતા થતી હોય અથવા પરસ્પર વિરોધ થતો હોય તો છદ્મસ્થની માફક કેવલી ભગવંતોમાં પણ વિરોધ આવશે પણ કેવલજ્ઞાનીઓમાં તો તે બન્ને યુગપત્ માનવામાં આવેલ છે. પાંચે ઇન્દ્રિય અને મન દ્વારા થવાવાળા પદાર્થોના જ્ઞાનને મતિજ્ઞાન કહે છે, એમ મતિજ્ઞાનને માટે મતિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ આવશ્યક છે. જેટલો ક્ષયોપશમ હશે તેટલું જ્ઞાન પ્રગટ થશે. એજ આત્માનું અશુદ્ધ અથવા વિભાવજ્ઞાન અથવા મતિજ્ઞાન કહેવાય છે. પાંચ ઇન્દ્રિય અને મનની રચનાને દ્રવ્યેંદ્રિય કહે છે. એની સહાયતાથી લબ્ધિરૂપ જે મતિજ્ઞાન પ્રથમથી હતું, તેજ જ્યારે પદાર્થોને જાણવામાં ઉપયુકત થાય છે ત્યારે તેને ઉપયોગ કહે છે. જાણેલ પદાર્થનું વારંવાર ચિંતવન કરવું, તે ભાવના છે. એમ ત્રણ પ્રકારે મતિજ્ઞાનના ભેદ બતાવેલ છે. મતિજ્ઞાન, ચક્ષુ અથવા અચક્ષુદર્શન પૂર્વક થાય છે. જ્યારે ઇંદ્રિયો કોઈ પણ પદાર્થને જાણવાને સમ્મુખ થઇ, ત્યારે જે સત્તા માત્ર પદાર્થનું એવું ગ્રહણ કરે કે જેનો કોઇ આકાર જ્ઞાનમાં ન ઝળકે અર્થાત્ નિરાકાર રૂપે ઝળકે તે દર્શન છે. પછી જે અસ્પષ્ટ (અવ્યકત) ગ્રહણ થાય, તે વ્યંજનાવગ્રહ છે અને જો સ્પષ્ટ ગ્રહણ થાય તો તે અર્થાવગ્રહ છે. અસ્પષ્ટ ગ્રહણ મન અને ચક્ષુથી થતું નથી, માત્ર સ્પર્શાદિ

વિશેષ ચારે ઇન્દ્રિયોથી થાય છે. એમાં માત્ર અવગ્રહ થઈને રહી જાય છે. એમાં કયો પદાર્થ છે એવો નિશ્ચય કરવાને માટે ઇહા અવાય આદિ થતા નથી, અર્થાવગ્રહમાં ઇહા આદિ થાય છે. ગ્રહણ કર્યા પછી જો તે પદાર્થ હોય તો તે તરફ ઝુકવું એવું જ્ઞાન તે ઇહા છે. નિશ્ચયથી એવું જ હોવું જોઇએ કે આ અમૂક પદાર્થ છે તે અવાય છે; અને એવી ધારણા (યાદી) બેસી જાય કે ફરીને ન છુટે તે ધારણા છે. આચાર્યોએ મતિના બીજા જે ચાર ભેદ બતાવ્યા છે તે બુદ્ધિ ઋદ્ધિની અપેક્ષાથી છે, તે મુનિઓને હોય છે. જેમ ભંડારમાં અનેક પદાર્થ રાખવામાં આવે, તે પદાર્થો તેવા જ રૂપે મળે છે; તેમ અનેક શાસ્ત્રોનું જ્ઞાન ભિન્ન ભિન્ન રૂપે પ્રાપ્ત કરેલ હતું તેનું તેવી રીતે જ સ્મરણ કરવું, કાળ વીતી જવાથી પણ એવીજ રીતે ભિન્ન ભિન્ન બતાવી આપવું, તે કોષ્ઠબુદ્ધિ છે. ગ્રંથોના એક બીજ (મૂળ) પદ દ્વારા એના અનેક પ્રકારના અર્થોને જાણી લેવા તે બીજબુદ્ધિ છે. ગ્રંથના આદિ, મધ્ય અથવા અંતના કેવળ એક પદાર્થને સાંભળી ને સર્વ ગ્રંથોને કહી દેવાની શક્તિ, તે પદાર્થાનુસારીબુદ્ધિ છે. બાર જોજન લાંબા અને નવ જોજન પહોળા ક્ષેત્રમાં રહેવાવાળા હાથી ઘોડા મનુષ્ય આદિના શબ્દોને અલગ અલગ સાંભળી લેવાની શક્તિને સંભિન્નશ્રોત્રતાબુદ્ધિ કહે છે. મનન અર્થાત મન અને ઇન્દ્રિયોથી વર્તમાન કાળવર્તી પદાર્થોને અવગ્રહાદિ રૂપ જાણવા તે મતિ છે. અનુભવ કરેલ પદાર્થોનું કાલાંતરમાં સ્મરણ થવું તે સ્મૃતિ છે. વર્તમાનમાં કોઇપણ પદાર્થને દેખીને આ એજ છે કે જે પ્રથમ જોયેલ હતો, એવી રીતે જોડરૂપ-સંબંધ રૂપ જ્ઞાન થવું એને સંજ્ઞા અથવા પ્રત્યભિજ્ઞાન પણ કહે છે. અવિના-

ભાવ સંબંધનું જ્ઞાન તે ચિંતા અથવા એને ઉહા તથા તર્ક પણ કહે છે. સમ્મુખ ચિન્હાદિક દેખીને તે ચિન્હવાળાનો નિશ્ચય કરી લેવો તેને અભિનિબોધ અથવા સ્વાર્થાનુમાન પણ કહે છે. એ સર્વે જ્ઞાન મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી થાય છે, માટે મતિજ્ઞાન છે. તે સર્વે ભેદ ઉપર ગાથામાં કહેલ ભાવનાના ભેદમાં ગર્ભિત થઇ શકે છે. આત્માનુભવમાં મન દ્વારા આત્માનુ ગ્રહણ અથવા મનન થાય છે, તેજ ભેદવિજ્ઞાન છે; અને એજ મોક્ષનું તથા કેવળજ્ઞાનનું સાધન કહેલ છે એમ જાણવું. બુદ્ધિને મતિનો પ્રકાર જાણવો. પદાર્થને ગ્રહણ કરવાની શક્તિ તે બુદ્ધિ છે અને મેધા તે સ્મૃતિનો પ્રકાર છે કેમકે વિતર્ક પણાના નિષેધ રૂપ છે અથવા એવી જ રીતે ઉહાપોહ (સ્મરણ કરેલ પદાર્થોમાં ન્યુનાધિકતાનો વિચાર કરવો તે ઉહ ગુણ છે તથા ત્યાગ કરવા યોગ્ય પદાર્થનો ત્યાગ કરવો તે અપોહ ગુણ છે) યોગ્યતાનું નામ પ્રજ્ઞા છે આત્મા વિના શરીરમાં વચનાદિવ્યાપાર થઈ શકતા નથી એવી જાતના તર્કને ચિંતા અથવા ઉહા કહે છે. પ્રતિભા-ઉપમા એ સંજ્ઞાનો પ્રકાર છે માટે સામાન્ય પદાર્થને સાદશ્ય દેખવા રૂપે છે. રાત્રિમાં અથવા દિવસમાં અકસ્માત્ બાહ્ય કારણ વિના કાલે મારો ભાઈ આવશે એવા જ્ઞાનને પ્રતિભા કહે છે. એ પ્રમાણે મતિજ્ઞાનના ઘણા ભેદ પ્રભેદો તેના આવરણના અભાવમાં પ્રગટ થાય છે. તે ઉપરાંત જાતિસ્મરણાદિ અનેક ભેદ મતિજ્ઞાનના છે માત્ર ૩૩૬ ભેદ જ નથી તેમ જાણવું.

विद्वानविद्याशाकिन्याः क्रुरं रोद्रु मुपप्लवम् ।
निरुन्ध्यादपराध्यन्तीं प्रज्ञां सर्वत्र सर्वदा ॥२५५॥

અર્થ:– પ્રજ્ઞા, ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણે કાલ વર્તી વિષયોના અર્થને પરિચ્છેદન (જાણવા) વાળી બુદ્ધિનું કામ છે, તે અવિદ્યારૂપી શાકિની (ચુડેલ) ના કર્કશ અત્યંત ક્રૂર ઉપસર્ગો ને સદાય અને સર્વત્ર રોકે. કિન્તુ જો તે એવું કરવામાં અપરાધ કરે અર્થાત્ વિભ્રમને પ્રાપ્ત થઇ જાય તો વિદ્વાન્ વિચાર શીલ વ્યક્તિ એને એવો અપરાધ કરતાં રોકે.

तावदेव मतिवाहिनी सदा धावति श्रुतगता पुरःपुरः ।
यावदत्र परमात्मसंविदा भिद्यते न हृदयं मनीषिणः ॥२५६॥

અર્થ:– આચાર્ય મહારાજ કહે છે કે જ્યા સુધી ચિત્ત પરમાત્માના જ્ઞાનથી ભેદને પ્રાપ્ત નથી થતું ત્યાં સુધી બુદ્ધિમાન પુરુષની બુદ્ધિ રૂપી નદી સદાય શાસ્ત્રોમાં આગળ આગળ દોડતી ચાલી જાય છે.

ભાવાર્થ:– બુદ્ધિમાન પુરુષ શાસ્ત્રોનું અધ્યયન એટલાજ માટે કરે છે કે કોઈ પણ પ્રકારે પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત થાય. કિન્તુ જે સમયે ચિત્ત પરમાત્માના જ્ઞાનથી અભિન્ન થઇ જાય છે અર્થાત્ જે સમયે મનમાં પરમાત્માનું જ્ઞાન થઇ જાય છે, તે સમયે બુદ્ધિમાનની બુદ્ધિ શાસ્ત્ર તરફ નથી જતી.

बाह्यशास्त्रगहने विहारिणी या मतिर्बहु विकल्पधारिणी ।
चित्स्वरुपकुलसद्मनिर्गता सा सती न सदृशी कुयोषिता ॥२५७॥

અર્થ:– જે બુદ્ધિ પોતાના ચૈતન્ય રૂપી કુળઘર એનાથી નિકળેલ

છે અર્થાત્ જે બુદ્ધિ બાહ્ય શાસ્ત્રરૂપી વનમાં વિહાર કરવાવાળી છે અને અનેક પ્રકારના વિકલ્પોને ધારણ કરવાવાળી છે એવી જે બુદ્ધિ છે તે ઉત્તમ બુદ્ધિ નથી કિન્તુ કુલટા સ્ત્રી સમાન નિકૃષ્ટ છે.

ભાવાર્થ:-જેમ પોતાના ઘરથી નીકળીને બાહ્ય વનોમાં ભ્રમણ કરવાવાળી અને અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પોને ધારણ કરવાવાળી સ્ત્રી કુલટા કહેવાય છે અને નિકૃષ્ટ છે,; તેવી રીતે જે બુદ્ધિ પોતાના ચૈતન્યરૂપી મંદિરથી નીકળીને બાહ્ય શાસ્ત્રોમાં વિહાર કરવા વાળી છે અને અનેક વિકલ્પોને ધારણ કરવાવાળી છે અર્થાત્ સ્થિર નથી, એવી બુદ્ધિ ઉત્તમ બુદ્ધિ નથી કહેવાતી માટે પોતાના આત્મહિતના અભિલાષીઓએ પોતાના આત્મસ્વરૂપથી ભિન્ન પદાર્થોમાં પોતાની બુદ્ધિને ભ્રમણા કરવા ન દેવી પણ સ્થિર રાખવી. તેજ સમયે તેની બુદ્ધિ ઉત્તમ બુદ્ધિ થઇ શકે છે.

द्वारपालीव यस्योच्चैर्विचारचतुरा मतिः ।
हृदि स्फुरतितस्याद्यस्मृतिः स्वप्नेऽपि दुर्घटा ॥२५८॥

અર્થ:- જે તત્ત્વજ્ઞાની પુરુષોના હૃદય મંદિરમાં દ્વારપાલી સમાન અતિશય વિચાર કરવાવાળી ચતુર મતિ કલ્લોલ કરે છે તે પુરુષના હૃદયમાં સ્વપ્નને પણ પાપની ઉત્પત્તિ નથી થતી અર્થાત્ પાપની ઉત્પત્તિ થવી કઠણ છે.

ભાવાર્થ:- જેમ ચતુર દ્વારપાળ મેલા તથા અસભ્ય જનોને

ઘરમાં પ્રવેશ કરવા નથી દેતા, તેમ સમીચીન (નિર્મળ) બુદ્ધિપણુ પાપ બુદ્ધિને હૃદય મંદિરમાં આવવા નથી દેતી.

निरूप्य तत्वं स्थिरतामुपागता मतिःसतां शुद्धनयावलंबिनी ।
अखंडमेकं विशदं चिदात्मकं निरंतरं पश्यति तत्परं महः॥२५९॥

અર્થઃ– જીવ, અજીવ આદિ સમસ્ત તત્વોને યથાર્થ સ્વરૂપે દેખીને જે સજ્જન ભવ્ય પુરૂષોની મતિ સ્થિર થઇ ગઇ છે તથા શુદ્ધનયનો આશ્રય કરવાવાળી થઈ ગઈ છે, તેજ મનુષ્ય નિર્મળ તથા ઉત્કૃષ્ટ ચિત્સ્વરૂપ જ્યોતિને નિરંતર દેખે છે અર્થાત્ અનુભવે છે.

श्रुतज्ञानं पुनर्ज्ञानि नो भणन्ति लब्धिश्चभावनाचैव ।
उपयोगनयविकल्पं ज्ञानेन च वस्तु अर्थस्य ॥२६०॥

અર્થઃ– ફરી જ્ઞાની પુરુષો શ્રુતજ્ઞાનના સ્વરૂપને કહે છે. પદાર્થ અને પદાર્થના ભાવને જાણવાથી તે જ્ઞાનના લબ્ધિ, ભાવના, ઉપયોગ અને નય એમ ભેદ થાય છે.

ભાવાર્થઃ– જે આત્માએ મતિજ્ઞાનથી પદાર્થોને જાણ્યા હતા તેજ આત્મા જ્યારે શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી મૂર્ત અને અમૂર્ત પદાર્થોને જાણે છે, તેને જ્ઞાની પુરુષો શ્રુતજ્ઞાન કહે છે. તે શ્રુતજ્ઞાન જે શક્તિની પ્રાપ્તિ રૂપ છે, તે લબ્ધિ છે. જે વારંવાર વિચાર રૂપ છે, તે ભાવના છે. એ શ્રુતજ્ઞાનના ઉપયોગ અને નય એમ પણ બે ભેદ છે. ઉપયોગ શબ્દથી વસ્તુને ગ્રહણ કરવાવાળું પ્રમાણ જ્ઞાન લેવું અને નય શબ્દથી

વસ્તુના એક દેશને ગ્રહણ કરવા વાળા જ્ઞાતાનો અભિપ્રાય માત્ર લેવો જોઇએ-કહ્યું પણ છે કે "**नयोज्ञातुरभिप्रायः**" નય જ્ઞાતાનો અભિપ્રાય માત્ર છે. જે ગુણ પર્યાયસ્વરૂપ પદાર્થને સર્વ પ્રકારે જાણે તે પ્રમાણ છે. અને તે પદાર્થના કોઈ એક ગુણ અથવા કોઇ એક પર્યાય માત્રને મુખ્યતાથી જાણે તે નય છે. અહીં તાત્પર્ય એ છે કે ગ્રહણ કરવા યોગ્ય પરમાત્મતત્ત્વ, તેનું સાધક જે વિશુદ્ધ જ્ઞાન દર્શન સ્વભાવરૂપ શુદ્ધઆત્મિક તત્ત્વનું સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણ રૂપ જે અભેદ રત્નત્રયસ્વરૂપ ભાવશ્રુત છે, તે નિશ્ચય નયથી ગ્રહણ કરવા યોગ્ય છે અને વ્યવહાર નયથી ભાવશ્રુતજ્ઞાનનું સાધક દ્રવ્યશ્રુતને પણ ગ્રહણ કરવું જોઇએ.

ભાવાર્થઃ- શ્રુતજ્ઞાન મતિજ્ઞાન પૂર્વક થાય છે. પ્રથમ મતિજ્ઞાનથી જાણ્યું કે આ ઘટ છે. એમાં ઘટવાળાનું અથવા ઘટમાં રાખેલ પદાર્થનું ઇત્યાદિ જાણવું તે શ્રુતજ્ઞાન છે. મતિજ્ઞાનથી નિશ્ચય કરેલ પદાર્થના અવલંબનથી એજ પદાર્થના સંબંધને લઇ અન્ય કોઇ પદાર્થને જાણવા તે શ્રુતજ્ઞાન છે અથવા મતિજ્ઞાન દ્વારા જાણેલ વિષયનું અવલંબન લઇને જે એજ વિષય સંબંધી ઉતર તર્કણા ઉત્પન્ન થાય એને પણ શ્રુતજ્ઞાન કહે છે. શ્રુતજ્ઞાનમાં જે મતિજ્ઞાનને કારણ માનવામાં આવે છે, તે માત્ર એટલાજ માટે કે કોઇ એક વસ્તુનું સાધારણ જ્ઞાન થયા વિના વિશેષાવભાસી શ્રુતજ્ઞાન એકદમ કેમ થાય? અર્થાત્ શ્રુતજ્ઞાનને ઉત્પન્ન કરવામાં પ્રથમ ઉત્પન્ન થએલ મતિજ્ઞાન ના વિષયની સહાયતા લેવી પડે છે.

"**सूत्रयति-संक्षेपेण अर्थं सूचयति इतिसूत्रं परमागमः**

સૂત્રમતિ-સંક્ષેપથી અર્થને સૂચે (સુચવન કરે) એવું જે પરમાગમ તે સૂત્ર. સૂત્ર શબ્દનો અર્થ એવો થાય છે કે જે પદાર્થોને સૂચિત કરે અથવા જે વાકયમાં સંક્ષેપથી ઘણા પદાર્થોનો સંકલ્પ કરી આપવામાં આવે અર્થાત્ સત્ય યુકિતએ યુકત પ્રવચનને જ સૂત્ર કહે છે અથવા સૂત્રમતિ મિથ્યાદર્શનના ભેદોને સૂચે–બતાવે તેને પણ સૂત્ર કહે છે.

જો કે કેવળજ્ઞાન આત્માનું સ્વાભાવિક જ્ઞાન છે અને સર્વે સ્વપર જ્ઞેયોને યુગપત્ (એક સમયમાં) જાણવાવાળું છે. એટલા માટે આત્માને પણ પ્રત્યક્ષ પણે જાણવાવાળું છે. તો પણ તે કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ જે શુદ્ધોપયોગ અથવા સામ્યભાવ છે તે ઉપયોગમાં જે નિજાત્માનુભવરૂપ ભાવશ્રુતજ્ઞાન થાય છે, તે પણ નિજાત્મસ્વરૂપને જાણવાવાળું છે. આત્માનું જ્ઞાન જેવું કેવળજ્ઞાનને છે તેવું સ્વસંવેદનમય ભાવશ્રુતજ્ઞાનને પણ છે. અંતર માત્ર એટલો જ છે કે કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે, નિરાવરણ-રૂપ છે અને ક્ષાયિક છે; જ્યારે શ્રુતજ્ઞાન પરોક્ષ છે, મનની સહાયતાથી પ્રવર્તે છે, એક દેશ નિરાવરણ અર્થાત ક્ષયોપશમ-રૂપ છે. કેવળજ્ઞાન સૂર્ય સમાન છે, શ્રુતજ્ઞાન દીપક સમાન છે. સૂર્ય સ્વાધીનતાથી પ્રકાશે છે, દીપક તેલની સહાયતાથી પ્રકાશે છે. જો કે એક સ્વાધીન અને બીજું પરાધીન છે, તો પણ જેમ સૂર્ય ઘટ પટ આદિ પદાર્થોને ઘટ પટ આદિ રૂપ દેખાડે છે, તેમ દીપક પણ ઘટ પટ આદિ રૂપ દેખાડે છે. પરંતુ અંતર એટલો જ છે કે સૂર્યના પ્રકાશમાં પદાર્થ પૂર્ણ સ્પષ્ટ અને દીપકના પ્રકાશમાં અપૂર્ણ–અસ્પષ્ટ દેખાય છે. શ્રુતજ્ઞાન-દ્વાદશાંગ-

રૂપ જિનવાણીથી આત્મા અને અનાત્માના ભેદ પ્રભેદોને એટલા સારી રીતે જાણી લે છે કે આત્મા બીલકુલ અનાત્માથી ભિન્ન ઝળકે છે. દ્રવ્યશ્રુતજ્ઞાન દ્વારા આત્માનું સ્વરૂપ લક્ષમાં લઈને વારંવાર વિચાર કરવામાં આવે છે અને એવી ભાવના ભાવવામાં આવે છે કે જેવો આત્માનો શુદ્ધ સ્વભાવ છે, તેવો જ મારો સ્વભાવ છે. એવી ભાવનાના દૃઢ સંસ્કારના બળથી જ્ઞાનોપયોગ સ્વયં આત્મસ્વભાવની શ્રદ્ધા ભાવમાં સ્થિતિ પ્રાપ્ત કરે છે. જ્યારે સ્વરૂપ સ્થિતિ થાય છે ત્યારે સ્વાનુભવ સ્વરૂપામૃત જાગૃત થાય છે. તે સમયે જે આત્માનું દર્શન અથવા એના વાસ્તવિક સુખનું વેદન થાય છે, તે પોતાની જાતિમાં કેવળજ્ઞાનીના સ્વાનુભવ સમાન છે, એટલા માટે શ્રુતજ્ઞાનીના સ્વાનુભવને ભાવશ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાનીના સ્વાનુભવને ભાવકેવળજ્ઞાન કહે છે. આ-ભાવકેવળજ્ઞાન જ્યારે સર્વથા નિરાવરણ અને પ્રત્યક્ષ છે ત્યારે આ ભાવશ્રુતજ્ઞાન ક્ષયોપશમરૂપ સ્વસંવેદન પ્રત્યક્ષ છે. નિર્મળ ભાવનાના દૃઢ અભ્યાસના બળથી આત્મવીર્ય જાગૃત થઇ, આત્માની શુદ્ધચૈતન્યસ્વરૂપ જ્ઞાનજ્યોતિ હૃદય કમળમાં (ઉપયોગ ભૂમિમાં) સ્ફુરાયમાન થાય છે.

દ્રવ્યશ્રુતથી ભાવશ્રુતની પ્રાપ્તિ.

દવ્વસુયાદો ભાવં તત્તો ઉહ્યં હવેઇ સંવેદં ।
તત્તો સંવિત્તી ખલુ કેવલણાણં હવે તત્તો ॥૨૬૧॥

અર્થ :- દ્રવ્યશ્રુતથી ભાવશ્રુત થાય છે અને તેનાથી દ્રવ્યશ્રુત અને ભાવશ્રુત સંવેધ (અનુભવ યોગ્ય) અનુભવનો વિષય બની

જાય છે. તેનાથી સંવિત્તિ–આત્માનુભવ થાય છે અને આત્માનુભવથી કેવલજ્ઞાન થાય છે.

ભાવાર્થ:– શ્રુત બે પ્રકારનું હોય છે. એક ભાવશ્રુત અને બીજું દ્રવ્યશ્રુત. ભાવશ્રુતનો અર્થ છે આત્માનુભૂતિ અને દ્રવ્યશ્રુતનો અર્થ છે દ્વાદશાંગવાણી. અનુભૂતિજ્ઞાન છે અને દ્રવ્યશ્રુતથી ઉત્પન્ન થવાવાલું જ્ઞાન પણ જ્ઞાનરૂપ છે. દ્રવ્યશ્રુતના જ્ઞાનથી જીવાદિ છયે દ્રવ્યોના સ્વભાવનું જ્ઞાન થાય છે અને તેનાથી અનાદિકાલથો સંશ્લિષ્ટ ચેતન અને ચેતનેતર પદાર્થોનું પૃથક્કરણ કરી શકાય છે અને પૃથક્કરણથી શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ થઇ શકે છે. તેથી એમ નક્કી થયું કે ભાવશ્રુતરૂપ સાધ્યની પ્રાપ્તિ માટે દ્રવ્યશ્રુત સાધક છે : અર્થાત્ ભાવશ્રુત અને દ્રવ્યશ્રુતમાં સાધ્ય સાધકભાવ છે. જે દ્રવ્યશ્રુતને જાણે છે તે વ્યવહારશ્રુતકેવલી છે અને જે (જીવ) વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી આત્માનુભવ કરે છે તેને નિશ્ચયશ્રુતકેવલી કહે છે, જો કે વ્યવહારશ્રુતકેવલી પોતાના શુદ્ધાત્માનો અનુભવ નથી કરતા પણ માત્ર દ્વાદશાંગ વાણીને જ જાણે છે; તો પણ સંપૂર્ણ દ્રવ્યશ્રુતનો જ્ઞાતા હોવાથી તે પરમાર્થનો પ્રતિપાદક થઇને આત્માની નિર્દોષ નય પ્રમાણોથી સિદ્ધિ કરે છે. આ આત્મસિદ્ધિથી જે વીતરાગ નિર્વિકલ્પ સમાધિથી શુદ્ધ આત્માને જાણે છે તે નિશ્ચયશ્રુતકેવલી છે તે અપ્રતિપાદ્ય પરમાર્થ પ્રતિપાદ્ય બની જાય છે.

दव्वसुयादो सम्मं भावं तं चेव अप्पसब्भावं ।
तं पि य केवलणाणं संवेयणसंगदो जम्हा ॥३६२॥

અર્થ:- દ્રવ્યશ્રુતથી સમીચીન ભાવશ્રુતની પ્રાપ્તિ થાય છે અને ભાવશ્રુતથી આત્મસ્વરૂપનું પરિજ્ઞાન થાય છે અને આત્મસંવિત્તિયુક્ત થયાથી કેવલજ્ઞાન થાય છે.

ભાવાર્થ:- જિનાગમમાં પદાર્થનો નિર્ણય સ્યાદ્વાદથી કરવામાં આવતાં વસ્તુસ્વરૂપનું યથાર્થજ્ઞાન થાય છે. અર્થાત્ જિનાગમમાં રત થવાવાલાને મોહનીયોદયજન્ય ભ્રાન્તિ નાશ થઇ જાય છે; અને સંશયનો નાશ થતા દ્રવ્યશ્રુતનું યથાર્થજ્ઞાન થાય છે. દ્રવ્યશ્રુતના યથાર્થજ્ઞાનથી ભાવશ્રુત (આત્માનુભૂતિ) વ્યકત થાય છે અને ભાવશ્રુતથી કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે અને કેવલજ્ઞાન પૂર્વક મોક્ષ થાય છે.

सुदकेवलं च णाणं दोण्णिवि सरिसाणि होंति बोहादो ।
सुदणाणं तु परोक्खं पच्चक्खं केवलं णाणं ॥३६३॥

અર્થ:- શ્રુતજ્ઞાન અને કેવલજ્ઞાન બન્ને સમસ્ત વસ્તુઓના દ્રવ્ય, ગુણપર્યાયને જાણવાની અપેક્ષાએ સમાન છે. વિશેષ એ છે કે શ્રુતજ્ઞાન પરોક્ષ છે અને કેવલજ્ઞાન પ્રત્યક્ષ છે.

ભાવાર્થ:- જે પ્રમાણે શ્રુતજ્ઞાન સમ્પૂર્ણ દ્રવ્ય અને તેની પર્યાયોને જાણે છે. તેવીજ રીતે કેવલજ્ઞાન પણ સંપૂર્ણ દ્રવ્ય અને પર્યાયોને જાણે છે. વિશેષતા એટલી છે કે શ્રુતજ્ઞાન ઇન્દ્રિય અને મનની સહાયતાથી થાય છે તેથી અમૂર્ત પદાર્થોમાં અને તેની અર્થપર્યાય તથા બીજા સૂક્ષ્મ અંશોમાં સ્પષ્ટરૂપથી પ્રવૃત્તિ થતી નથી પણ કેવલજ્ઞાન નિરાવરણ હોવાને કારણે બધાય પદાર્થોને સ્પષ્ટરૂપથી વિષય કરે છે.

વિશેષાર્થ:- દ્રવ્યશ્રુત દ્વારા ભાવશ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ભાવશ્રુતજ્ઞાનથી આત્માનો અનુભવ કરવો તેજ યથાર્થમાં ભાવશ્રુતજ્ઞાન છે તેના પ્રતાપથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આત્મજ્ઞાનીને જ સમયસારમાં નિશ્ચયશ્રુતકેવલી કહ્યા છે. પરમાત્મતત્ત્વનું સાધક જે વિશુદ્ધજ્ઞાન દર્શન સ્વભાવરૂપ શુદ્ધ આત્મિકતત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાન અને આચરણરૂપ જે અભેદ રત્નત્રયરૂપ ભાવશ્રુતજ્ઞાન છે તે નિશ્ચયનયથી ગ્રહણ કરવા યોગ્ય છે અને વ્યવહારનયથી ભાવશ્રુતજ્ઞાનનું સાધક દ્રવ્યશ્રુતને ગ્રહણ કરવું જોઇએ.

णो ववहारेण विणा णिच्छयसिद्धी कयावि णिद्दिट्ठा ।
साहणहेऊ जम्हा तस्स य सो भणिय ववहारो ॥२६४॥

અર્થ:- જ્યારે વ્યવહારનય નિશ્ચયનયના સાધનભૂત હેતુ બતાવે છે ત્યારે વ્યવહારનયના અભાવમાં નિશ્ચયનયની સિદ્ધિ કોઇ પણ પ્રકારે નિર્દિષ્ટ થઇ શકતી નથી.

ભાવાર્થ:- સાધનના અભાવમાં સાધ્યની સિદ્ધિ કદાપિ નથી થઇ શકતી એવો ન્યાય શાસ્ત્રનો સિદ્ધાંત છે. વ્યવહારનય નિશ્ચય નયની સાધનભૂત હોવાથી તેના અભાવમાં નિશ્ચયનયની સિદ્ધિ કદાપિ નથી થઇ શકતી. અર્થાત્ નિશ્ચય અને વ્યવહાર એ બન્ને નયોમાંથી માત્ર કોઇ એકનો આશ્રય કરવાથી મિથ્યૈકાન્ત થઇ જાય છે. નિશ્ચય સાધ્ય છે અને વ્યવહાર તેનું સાધક છે. જો માત્ર નિશ્ચયનુંજ અવલંબન કરવામાં આવે તો વ્યવહાર નકામો થઇ જશે અને સાધક વ્યવહારના અભાવમાં સાધ્ય રૂપ નિશ્ચયની

પ્રાપ્તિ કદાપિ નહી થાય; અને જો માત્ર વ્યવહારનુંજ અવલંબન કરવામાં આવે તો સાધ્યના અભાવમાં સાધન નકામું થઈ જશે. સારાંશ એ છે કે બન્નેનું અવલંબન લેવું ખાસ આવશ્યક છે

વિશેષાર્થ:– જો માત્ર એક નિશ્ચયનયને જ સર્વથા આદરણીય માનવામાં આવે અને વ્યવહારને સર્વથા હેય સમજીને તેનો અભાવ કરવામાં આવે તો બધી ગતિઓમાં જીવોને સર્વથા શુદ્ધજ માનવા પડશે. એમ માનવાથી સંસાર અવસ્થાનો પણ સર્વથા અભાવ માનવો પડશે. સંસારનો અભાવ માનવાથી બદ્ધ અવસ્થાનો અભાવ માનવો પડશે અને બદ્ધ અવસ્થાનો અભાવ માનવાથી મોક્ષનો પણ અભાવ માનવો પડશે. આ તો સાંખ્ય મતનો સિદ્ધાંત થઇ ગયો. તેથી કોઇ અવસ્થામાં વ્યવહાર ને ગૌણ સમજવામાં કોઇ વાંધો આવતો નથી. તેમજ તેને કોઈ અવસ્થામાં મુખ્યતા પણ આપવી પડે છે.

चउगइ इह संसारो तस्य य हेउ सुहासुहं कम्मं ।
जइ तह मिच्छा किह सो संसारो संखमिव तस्समए ॥३६५॥

एइंदियादिदेहा जीवा ववहारदो य जिणदिट्ठा ।
हिंसादिसु जइ पावं सव्वत्थ वि किं ण ववहारो ॥३६६॥

દૃષ્ટાંત :– જિનશાશનમાં એકેન્દ્રિયાદિ દેહોને વ્યવહારનયથી જીવ કહેલ છે; અને નિશ્ચયનયની દૃષ્ટિથી એવા દેહોને જીવ એવી સંજ્ઞા પ્રાપ્ત થતી નથી. એવી દશામાં દેહ નાશથી જીવ હિંસા થશે નહીં અને પાપનું નામ પણ મટી જશે. જેથી નવ તત્ત્વોમાંથી એક તત્ત્વનો સ્વયમેવ અભાવ થઇ ગયો; તો મોક્ષ

કેનો કરશો ? અથવા સાત તત્ત્વ કેના બનશે. આમ બધી આપત્તિઓથી બચવા જો દેહનાશમાં પાપ બંધનુ અસ્તિત્વ માનવું વ્યાજબી છે તો પછી વ્યવહારનયની સત્તા માનવામાં જ્ઞાનીઓએ વાંધો ન કરવો જોઈએ. પૂર્વોક્ત બન્ને ગાથાઓ પર વિદ્વાનોએ વિચાર કરવા યોગ્ય છે. શરીર આદિ પ્રાણોની સાથે કોઈ અપેક્ષાથી આત્માને અભેદપણું છે. જેમ ગરમ લોઢાના પિંડમાંથી વર્તમાનકાળે અગ્નિ જુદી નથી કરી શકાતી તેમ શરીરમાં જ્યાંસુધી આત્મા બિરાજમાન છે ત્યાંસુધી વર્તમાનકાળે જુદો કરી શકાતો નથી. તે કારણે વ્યવહારથી પ્રાણો સાથ જીવ અભેદ છે. અને મરણ સમયે કાયપ્રાણુઆદિ જીવ સાથે જતાં નથી તેથી નિશ્ચયે ભેદ છે. હવે જો એકાંતે જીવ અને પ્રાણોનો સર્વથા ભેદ માનવામાં આવે તો જેમ બીજાના શરીરને છેદતાં ભેદતાં પોતાને દુઃખ નથી થતું તેમ પોતાની કાયાને છેદતાં ભેદતાં પણ દુઃખ ન થવું જોઈએ તે વાત તો પ્રત્યક્ષથી વિરોધરૂપ છે. જેમ વ્યવહારથી હિંસા થઈ તેમ પાપ પણ વ્યવહારથી થાય છે તેમ નરકાદિ દુઃખો પણ વ્યવહારથી થાય છે. હવે જો તને નરક આદિ દુઃખોથી પ્રીતી છે તો તું હિંસા કર અને જો તેનાથી ભય છે તો તું હિંસાનો ત્યાગ કર. માટે હે જીવ ! એકાંતથી સાંખ્યમત સમાન જીવને અકર્તા ન માનો, પણ જ્યારે આત્મા રાગદ્વેષાદિ વિકલ્પોથી રહિત ભેદ-જ્ઞાનના બળે ધ્યાનસ્થ (આત્મલીનતા) થઇ જાય ત્યારે જ જીવને અકર્તા માનો, બાકીના સર્વકાળે કર્તા માનો, નહીતર બંધનરૂપ સંસાર છુટશે નહીં પણ ગાઢ થતો જશે. માટે વ્યવહાર કથંચિત્ સત્યાર્થ કથંચિત્ અસત્યાર્થ નય વિવક્ષાથી જાણવું તે મુમુક્ષુઓનું

કર્ત્તવ્ય છે. કારણ જો એમ માનવામાં નહી આવે તો બૌદ્ધમતાનુસાર દોષ ઉત્પન્ન થશે. બૌદ્ધ કહે છે કે નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર મિથ્યા છે પણ વ્યવહારરૂપથી પણ વ્યવહાર સત્ય નથી; જ્યારે જિનમતમાં વ્યવહારનય જોકે નિશ્ચયનયની અપેક્ષાથી મિથ્યા છે તોપણ વ્યવહારરૂપથી વ્યવહાર સત્ય છે પણ જો લોકવ્યવહાર વ્યવહારરૂપથી પણ સત્ય ન હોય તો સર્વલોક વ્યવહાર મિથ્યા બ્રહ્મ અદ્વૈતવાદીના માનવા પ્રમાણે સર્વત્ર બ્રહ્મરૂપ છે અને કોઈ જ્ઞેય પદાર્થ નથી એવો અતિપ્રસંગ દોષ ઉત્પન્ન થશે.

जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह ।
एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं ॥२६७॥

અર્થ:- આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો ! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય-એ બન્ને નયોને ન છોડો; કારણ વ્યવહારનય વિના તો તીર્થ-વ્યવહાર માર્ગનો નાશ થઈ જશે અને નિશ્ચયનય વિના તત્ત્વ (વસ્તુ) નો નાશ થઈ જશે.

ભાવાર્થ:- લોકમાં સોળવલા સોનાને શુદ્ધ કહેવામાં આવે છે. અને પંદરવલા સુધી તેમાં ચૂરી આદિ પરસંયોગની કાલિમા રહે છે. તેથી અશુદ્ધ કહેવાય છે. તે સોનાને તાપ દેતાં દેતાં છેલ્લા તાપથી ઉતરે ત્યારે સોળવલું શુદ્ધ સુવર્ણ કહેવાય છે. જે જીવોને સોળવલા સોનાનું જ્ઞાન, શ્રદ્ધાન તથા તેની પ્રાપ્તિ થઈ તેમને પંદરવલા સોનાનું કાંઈ પ્રયોજન નથી; અને જેમને સોળવલા શુદ્ધ સોનાની પ્રાપ્તિ નથી થઇ ત્યાં સુધી તેમને પંદરવલા

સુધીનું પણ પ્રયોજનવાન છે એવી રીતે આ જીવ નામનો પદાર્થ છે તે પુદ્ગલના સંયોગથી અશુદ્ધ અનેક રૂપ થઇ રહ્યો છે. તેના, સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, એક જ્ઞાયકપણા માત્રનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણ રૂપ પ્રાપ્તિ–એ ત્રણે જેમને થઇ ગયાં તેમને તો પુદ્ગલ સંયોગ જનિત અનેકરૂપપણાને કહેનારો અશુદ્ધનય કાંઇ પ્રયોજનવાન નથી; પણ જ્યાં સુધી શુદ્ધભાવની પ્રાપ્તિ થઇ નથી ત્યાં સુધી જેટલું અશુદ્ધ નયનું કથન છે તેટલું યથાપદવી પ્રયોજન વાળું છે. જ્યાં સુધી યથાર્થજ્ઞાન–શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઇ હોય ત્યાં સુધી તો જેનાથી યથાર્થ ઉપદેશ મલે છે એવાં જિન વચનોનું સાંભળવું, ધારણ કરવું, તથાં જિન વચનોને કહેનારા શ્રી જિન–ગુરુની ભક્તિ જિનબિંબનાં દર્શન ઇત્યાદિ વ્યવહાર માર્ગમાં પ્રવૃત્ત થવું આવશ્યક છે. અને જેમને શ્રદ્ધા જ્ઞાન તો થયાં છે પણ સાક્ષાત્ પ્રાપ્તિ નથી થઇ તેમને પૂર્વ કથિત કાર્ય, પરદ્રવ્યનું આલંબન છોડવા રૂપ અણુવ્રત–મહાવ્રતનું ગ્રહણ, સમિતિ, ગુપ્તિ, પંચ પરમેષ્ઠીના ધ્યાન રૂપ પ્રવર્તન, એ પ્રમાણે પ્રવર્તનારાઓની સંગતિ કરવી અને વિશેષ જાણવા માટે શાસ્ત્રોનો અભ્યાસ કરવો ઇત્યાદિ વ્યવહાર માર્ગમાં પોતે પ્રવર્તવું અને બીજાને પ્રવર્તાવવું–એવો વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો જરૂરનો છે. વ્યવહારનયને કથંચિત્ અસત્યાર્થ કહેવામાં આવ્યો છે; પણ જો કોઇ તેને સર્વથા અસત્યાર્થ જાણી છોડી દે અને શુભોપયોગરૂપ વ્યવહાર પણ છોડે તો શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ ન થતાં; ઉલટો અશુભોપયોગમાં જ આવી, ભ્રષ્ટ થઇ, ગમે તેમ સ્વેચ્છારૂપ પ્રવર્તે, તો નરકાદિ ગતિ તથા પરંપરા

નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે માટે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત શુદ્ધ આત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન છે, એવો સ્યાદ્વાદ મતમાં શ્રી ગુરુઓનો ઉપદેશ છે. (આજ શ્લોકના અર્થમાં પં. સદા-સુખજીએ અર્થપ્રકાશિકા ગ્રંથના પૃષ્ઠ ૫૮ માં નીચે પ્રમાણે લખ્યું છે.)

અરે જ્ઞાનીજન ! જો જિનમતમાં પ્રવર્ત્તો છો તો વ્યવહાર નિશ્ચયને ન છોડો. જો નિશ્ચયનયના પક્ષપાતી થઈ વ્યવહાર-નયને છોડશો તો રત્નત્રય સ્વરૂપ ધર્મતીર્થની પ્રવૃત્તિનો અભાવ થઈ જશે અને જો વ્યવહારનયના પક્ષપાતી થઈ નિશ્ચયનયને છોડશો તો તત્ત્વના શુદ્ધસ્વરૂપનો અભાવ થઈ જશે. પહેલાં તો નિશ્ચય વ્યવહાર બન્નેને જાણવું પછી યથાયોગ્ય અંગીકાર કરવું પણ પક્ષપાતી ન થવું નિશ્ચયને નિશ્ચયરૂપ અને વ્યવહારને વ્યવહારરૂપ શ્રદ્ધાન કરવું યુક્ત છે. એકનું જ શ્રદ્ધાન તે એકાંત મિથ્યાત્વ છે. જિનશાસનનો ભક્ત હઠાગ્રહી હોતો નથી. જિનમતનું કથન અનેક પ્રકારે છે : અર્થાત અવિરોધરૂપ છે.

द्रव्यार्थिकेन जीवा व्यतिरिक्ता पूर्वभणित पर्यायात् ।
पर्यायनयेन जीवाः संयुक्ता भवंति द्वाभ्याम् ॥२६८॥

અર્થ:- દ્રવ્યાર્થિકનયે જીવો પૂર્વે કહેલ પર્યાયોથી ભિન્ન છે પણ પર્યાયનયે જીવો તે પર્યાયથી સંયુક્ત છે. આ રીતે બન્ને નયોનો અભિપ્રાય છે અર્થાત્ જીવ બન્ને નયોથી સંયુક્ત છે.

ભાવાર્થ:- અહીં બન્ને નયોની આવશ્યકતા બતાવી છે તે બન્ને નયો અર્હંત પરમેશ્વરે કહેલ છે. દ્રવ્ય જેનું પ્રયોજન છે તે દ્રવ્યાર્થિકનય છે અને પર્યાય જેનું પ્રયોજન છે તે પર્યાયાર્થિકનય છે. એક નયે દેવામાં આવતો ઉપદેશ ગ્રહણ કરવા યોગ્ય નથી; પરંતુ બન્ને નયોથી દેવામાં આવતો ઉપદેશ ગ્રહણ કરવા યોગ્ય છે. વસ્તુની સત્તા માત્રને ગ્રહણ કરવાવાલી શુદ્ધદ્રવ્યાર્થિકનય છે તેનો વિષય સર્વ પ્રકારની કર્મજન્ય વ્યંજન પર્યાયોથી મુકત જીવ છે. અર્થાત્ બંધરૂપ સમસ્ત જીવરાશિથી સર્વથા ભિન્ન છે: કારણ શુદ્ધનયથી સર્વ જીવ શુદ્ધ છે. વિભાવ વ્યંજન પર્યાયાર્થિકનયથી બધા જીવો કર્મજન્ય વ્યંજન પર્યાયોથી સંયુકત છે. સિદ્ધજીવોનું અર્થપર્યાયરૂપ પરિણમન થાય છે પણ વ્યંજન પર્યાયો સહિત પરિણતિ નથી. કારણ સિદ્ધભગવાન સદા નિરંજન છે અર્થાત્ કર્મરૂપી અંજનોથી રહિત છે. સિદ્ધસ્વભાવ વ્યંજનપર્યાયમય હોય છે અને ભૂતનૈગમનયની અપેક્ષાએ સિદ્ધોને અશુદ્ધપણું સંભવે છે: કેમકે પૂર્વકાળે તે ભગવંતો સંસારીઓ હતા એવો વ્યવહાર છે. જ્ઞેયપદાર્થ ઉત્પાદ વ્યય ધ્રૌવ-યુકત હોવાથી અનંતજ્ઞાનાદિમાં પણ પરિણમન (વ્યવહારે) થાય છે.

વિશેષાર્થ:- શ્રી અમૃતચંદ્ર સૂરિએ સમયસારની આત્મ-ખ્યાતિનામની ટીકાના ચોથા શ્લોકમાં પણ કહ્યું છે કે:-

જે જીવ સ્યાત્પદથી ચિન્હિત અને નિશ્ચય વ્યવહારનયના વિરોધને દૂર કરવાવાલી જિનેન્દ્રદેવનીવાણી (વચનો) માં શ્રદ્ધા પૂર્વક રમણ કરે છે તે શીઘ્ર મોહનો નાશ કરી આપે છે અને

અતિશયથી ભરપૂર પરમજ્યોતિરૂપ સમયસાર અર્થાત્ શુદ્ધાત્માને દેખે છે (અનુભવે છે). કેવો છે "સમયસાર"–જે નવીન નથી, કોઇ કુનયોના પક્ષથી ખંડિત થવા યોગ્ય નથી.

શ્રી પદ્મપ્રભમલધારિદેવે નિયમસારના કળશ નાં. ૩૬માં કહ્યું છેઃ જે સંતપુરુષો બન્ને નયોની યુક્તિઓનું ઉલ્લંઘન ન કરે તેઓ પરમ જિનેન્દ્રના ચરણ કમળના મત્તભ્રમર થઇ જાય છે એટલે કે ભ્રમરાની માફક ભક્તિમાં લીન બની જાય છે. તે સંત જલ્દી સદા નિત્યરૂપ સમયસારને પ્રાપ્ત થાય છે. (જગતમાં જૈનેતર દર્શનોનાં મિથ્યા કથનોથી સજ્જનોને શો લાભ છે)? સજ્જનોને આ જગતના બીજા કથનોથી શું ફાયદો? કે શું સિદ્ધિ થવાની હતી; માટે બન્ને નયોથી જીવના સ્વરૂપને સમજી પરમાત્માની ભક્તિમાં પોતાનો ઉપયોગ લીન કરવો તેજ શ્રેયસ્કર છે.

ज्ञाने हि भावना खलु कर्तव्या दर्शने चारित्रे च ।
तानि पुनः त्रीण्यपि आत्मा तस्मात् कुरु भावना आत्मनि
॥३६९॥

અર્થઃ– સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે ભેદરૂપ રત્નત્રયમાં પ્રગટરૂપથી ભાવના કરવી યોગ્ય છે. પરંતુ નિશ્ચયથી તો એ ત્રણ સ્વરૂપ આત્મા પોતેજ છે તેથી હે ભવ્ય! શુદ્ધાત્મસ્વરૂપમાં ભાવના કર.

ભાવાર્થઃ– સાત તત્ત્વો, સાચા દેવ, ગુરુ, ધર્મનું શ્રદ્ધાન કરવું તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. જિન વાણીનું પઠન પાઠન કરવું તે

વ્યવહાર સમ્યગ્જ્ઞાન છે; અને શ્રાવક, મુનિના ચારિત્રનું પાલન કરવું તે વ્યવહારચારિત્ર છે. એ પ્રમાણે ભેદ રત્નત્રયમાં ઉપયુકત થવું યોગ્ય છે; અર્થાત્ પ્રથમ શ્રેણિના મુમુક્ષુ માટે યોગ્ય છે. કારણ કે આ વ્યવહાર રત્નત્રયના પ્રભાવથી (અભ્યાસથી) નિશ્ચય રત્નત્રયનો લાભ થાય એવી ભાવના કરવી યોગ્ય છે. પોતાના શુદ્ધ આત્મ સ્વરૂપની ભાવના કરવી તે ખરેખર નિશ્ચય રત્નત્રયની ભાવના છે. અર્થાત્ શુદ્ધાત્માની ભાવનાજ મોક્ષાર્થી જીવોને ઉપાદેય (કાર્યકારી) છે. પરંતુ શુદ્ધાત્મ ભાવનાના અલાભમાં વ્યવહાર રત્નત્રયની ભાવના કરવી યોગ્ય છે જેથી શુદ્ધાત્મ ભાવનાની શીઘ્ર પ્રાપ્તિ થાય.

शुद्धः शुद्धादेशो ज्ञातव्यः परमभावदर्शिभिः ।
व्यवहारदेशिताः पुनर्ये त्वपरमे स्थिता भावे ॥३७०॥

અર્થ:- જે શુદ્ધનય સુધી પહોંચી શ્રદ્ધાવાન થઇ પૂર્ણ જ્ઞાન, ચારિત્રવાન થઇ ગયા છે તેમને તો શુદ્ધનો ઉપદેશ કરવાવાલો શુદ્ધનય જાણવા યોગ્ય છે; અને જે જીવો અપરભાવે અર્થાત્ શ્રદ્ધાન, જ્ઞાન, ચારિત્રના પૂર્ણ ભાવને નથી પહોંચી શકયા, અથવા સાધક અવસ્થામાં સ્થિત છે તેઓને વ્યવહારદ્વારા ઉપદેશ કરવા યોગ્ય છે.

ભાવાર્થ:- જ્યારે કોઇ પુરુષ પારિણામિકભાવરૂપ પરમશુદ્ધ-જ્ઞાનઘનૈક સ્વભાવનોજ અનુભવ કરે છે ત્યારે તે વૈભાવિક ભાવરૂપ અશુદ્ધ સ્વભાવનો કદી પણ અનુભવ કરી શકતો નથી; કારણ કે તેને તે સમય શુદ્ધનય જ ખાસ જરૂરનો છે. શુદ્ધનયનો વિષય એક અસાધારણ જ્ઞાયક માત્ર આત્માજ છે. અર્થાત્

શુદ્ધનય પદાર્થના સર્વોત્કૃષ્ટ નિર્દોષ અને શુદ્ધસ્વભાવરૂપ એકજ અદ્વિતીય અવસ્થાને પ્રગટ કરે છે. જે સમયે અત્યંત શુદ્ધદ્રવ્ય જ્ઞાનનો વિષય થાય છે તે સમયે તે દ્રવ્યની અશુદ્ધતાનો અનુભવ અસંભવ છે. કારણ એક જ વસ્તુમાં અત્યંત શુદ્ધતા અને અશુદ્ધતા યુગપત રહી શકતી નથી. તે પ્રમાણે કોઈ સુવર્ણકારના હાથમાં પંદરવલુ અશુદ્ધ સોનું હોય છે ત્યારે તે જીવ તેની જ પરીક્ષા કરવા લાગી જાય છે ત્યારે તે વૈભાવિકભાવરૂપ અશુદ્ધ સુવર્ણનો જ અનુભવ કરે છે. તે જે સમયમાં અશુદ્ધ સુવર્ણનો અનુભવ કરે છે તે સમયમાં તેને તે સોનાના વિષયમાં શુદ્ધતાનો અનુભવ હોતો નથી.

જે કોઇ જીવ વૈભાવિકભાવમય અશુદ્ધ આત્માનો અનુભવ કરે છે ત્યારે તેને પરમ પારિણામિકભાવરૂપ પરમશુદ્ધજ્ઞાનઘનેક સ્વભાવનો અનુભવ કદીપણ થઇ શકતો નથી: કારણકે તેને તે સમયમાં વ્યવહારનયજ ખાસ જરૂરનો છે. વ્યવહારનય અશુદ્ધ દ્રવ્યનું કથન કરે છે, તે વિશિષ્ટ એકશુદ્ધસ્વભાવવાલા દ્રવ્યના અનેક ભાવોને પ્રગટ કરે છે.

यः पश्यति आत्मानं अबद्धस्पृष्टमनन्यकं नियतम् ।
अविशेषमसंयुक्तं तं शुद्धनयं विजानीहि ॥३७१॥

અન્વયાર્થ :– જે નય આત્માને બંધ રહિત અને પરના સ્પર્શ-રહિત, અન્યપણા રહિત, ચળાચળતા રહિત, વિશેષરહિત અન્યના

સંયોગ રહિત-એવા પાંચ ભાવરૂપ દેખે છે તેને, હે શિષ્ય ! તું શુદ્ધનય જાણ.

ટીકા :- નિશ્ચયથી અબદ્ધ, અસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુકત એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધનય છે, અને એ અનુભૂતિ આત્મા જ છે; એ રીતે આત્મા એકજ પ્રકાશમાન છે. (શુદ્ધ નય કહો યા આત્માની અનુભૂતિ કહો યા આત્મા કહો એકજ છે, જુદાં નથી.) અહીં શિષ્ય પૂછે છે કે જેવો ઉપર કહ્યો તેવા આત્માની અનુભૂતિ કેમ થઇ શકે ? તેનું સમાધાન :- બદ્ધસ્પૃષ્ટત્વ આદિ ભાવો અભૂતાર્થ હોવાથી એ અનુભૂતિ થઇ શકે છે. આ વાતને દૃષ્ટાંતથી પ્રગટ કરવામાં આવે છે :- જેમ કમલિનીનું પત્ર જળમાં ડુબેલું હોય તેનો જળથી સ્પર્શાવારૂપ અવસ્થાથી અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તો પણ જળથી જરાય નહિ સ્પર્શાવા યોગ્ય એવા કમલિની-પત્રનાં સ્વભાવની સમીપ જઇને અનુભવ કરતાં જળથી સ્પર્શાવાપણું અભૂતાર્થ છે અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો, અનાદિ પુદ્‌ગલ કર્મથી બંધાવા-સ્પર્શાવા રૂપ અવસ્થાથી અનુભવ કરતાં બદ્ધ-સ્પૃષ્ટપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ પુદ્‌ગલથી જરાય નહિ સ્પર્શાવા યોગ્ય એવા આત્મ સ્વભાવની સમીપ જઇને અનુભવ કરતાં બદ્ધ-સ્પૃષ્ટપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે. વળી, જેમ માટીનાં, ઠાંકણું, ઘડો, ઝારી, રામપાત્ર આદિ પર્યાયોથી અનુભવ કરતાં અન્યપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે તોપણ સર્વતઃ અસ્ખલિત (સર્વ પર્યાય ભેદોથી જરાય ભેદ રૂપ નહિ થતાં એવા) એક માટીના સ્વભાવની સમીપ જઇને

અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે. એવી રીતે આત્માનો નારકઆદિ પર્યાયોથી અનુભવ કરતાં (પર્યાયોના બીજા બીજાપણા રૂપ) અન્યપણું ભૂતાર્થ છે–સત્યાર્થ છે તોપણ સર્વતઃ અસ્ખલિત (સર્વ પર્યાયભેદોથી જરાય ભેદ રૂપ નહિ થતા એવા) એક ચૈતન્યાકાર આત્મસ્વભાવની સમીપ જઇને અનુભવ કરતાં અન્યપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે. જેમ સમુદ્રનો, વૃદ્ધિ હાનિરૂપ અવસ્થાથી અનુભવ કરતાં અનિયતપણું (અનિશ્ચિતપણું) ભૂતાર્થ છે–સત્યાર્થ છે તોપણ નિત્ય–સ્થિર એવા સમુદ્ર સ્વભાવની સમીપ જઇને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો વૃધ્ધિ હાનિ રૂપ પર્યાય ભેદોથી અનુભવ કરતાં અનિયતપણું ભૂતાર્થ છે–સત્યાર્થ છે તોપણ નિત્ય–સ્થિર (નિશ્ચલ) એવા આત્મસ્વભાવની સમીપ જઇને અનુભવ કરતાં અનિયતપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે. જેમ સુવર્ણના, ચીકણાપણું, પીળાપણું, ભારેપણું આદિગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે–સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઇ ગયા છે એવા સુવર્ણ સ્વભાવની સમીપ જઇને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે. એવી રીતે આત્માનો, જ્ઞાન, દર્શન આદિ ગુણરૂપ ભેદોથી અનુભવ કરતાં વિશેષપણું ભૂતાર્થ છે–સત્યાર્થ છે, તોપણ જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે એવા આત્મ સ્વભાવની સમીપ જઇને અનુભવ કરતાં વિશેષપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે. જેમ જળનો અગ્નિ જેનું નિમિત્ત છે એવી ઉષ્ણતા સાથે સંયુકતપણારૂપ–તપ્તપણારૂપ અવસ્થાથી અનુભવ કરતાં (જળને) ઉષ્ણપણારૂપ સંયુકતપણું ભૂતાર્થ છે–સત્યાર્થ છે

તોપણ એકાંત શીતળતારૂપ જળ સ્વભાવની સમીપ જઈને અનુભવ કરતાં (ઉષ્ણતા સાથે) સંયુક્તપણું અભૂતાર્થ છે-અસત્યાર્થ છે; એવી રીતે આત્માનો કર્મ જેનું નિમિત્ત છે એવા મોહ સાથે સંયુક્તપણારૂપ અવસ્થાથી અનુભવ કરતાં સંયુક્તપણું ભૂતાર્થ છે-સત્યાર્થ છે, તોપણ જે પોતે એકાંત બોધબીજ રૂપ સ્વભાવ છે તેની (ચૈતન્ય ભાવની) સમીપ જઈને અનુભવ કરતાં સંયુક્તપણું અભૂતાર્થ છે–અસત્યાર્થ છે.

ભાવાર્થ:– આત્મા પાંચ પ્રકારથી અનેક રૂપ દેખાય છે: (૧) અનાદિ કાળથી કર્મ પુદ્ગલના સંબંધથી બંધાયેલો કર્મપુદ્ગલના સ્પર્શવાળો દેખાય છે. (૨) કર્મના નિમિત્તથી થતા નર, નારક આદિ પર્યાયોમાં ભિન્ન ભિન્ન સ્વરૂપે દેખાય છે. (૩) શક્તિના અવિભાગ પ્રતિચ્છેદ (અંશ) ઘટે પણ છે, વધે પણ છે–એ વસ્તુનો સ્વભાવ છે તેથી તે નિત્ય-નિયત એકરૂપ દેખાતો નથી, (૪) વળી તે દર્શન, જ્ઞાન આદિ અનેક ગુણોથી વિશેષરૂપ દેખાય છે અને (૫) કર્મના નિમિત્તથી થતા મોહ, રાગ, દ્વેષ આદિ પરિણામો સહિત તે સુખદુઃખરૂપ દેખાય છે. આ સૌ અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ વ્યવહારનયનો વિષય છે. એ દૃષ્ટિ (અપેક્ષા) થી જોવામાં આવે તો એ સર્વ સત્યાર્થ છે. પરંતુ આત્માનો એક સ્વભાવ આ નયથી ગ્રહણ નથી થતો અને એક સ્વભાવને જાણ્યા વિના યથાર્થ આત્માને કેમ જાણી શકાય? આ કારણે બીજા નયને–તેના પ્રતિપક્ષી શુદ્ધદ્રવ્યાર્થિકનયને–ગ્રહણ કરી, એક અસાધારણ જ્ઞાયકમાત્ર આત્માનો ભાવ લઈ, તેને શુદ્ધનયની દૃષ્ટિથી સર્વ પરદ્રવ્યોથી ભિન્ન, સર્વ પર્યાયોમાં એકાકાર, હાનિ

વૃદ્ધિથી રહિત, વિશેષોથી રહિત અને નૈમિત્તિક ભાવોથી રહિત જોવામાં આવે તો સર્વ (પાંચ) ભાવોથી જે અનેકપ્રકારપણું છે તે અભૂતાર્થ છે-અસત્યાર્થ છે.

અહીં એમ જાણવું કે વસ્તુનું સ્વરૂપ અનંત ધર્માત્મક છે, તે સ્યાદ્વાદથી યથાર્થ સિદ્ધ થાય છે. આત્મામાંય અનંત ધર્મવાળો છે. તેના કેટલાક ધર્મો તો સ્વાભાવિક છે એને કેટલાક પુદ્ગલના સંયોગથી થાય છે જે કર્મના સંયોગથી થાય છે, તેમનાથી તો આત્માને સંસારની પ્રવૃત્તિ થાય છે અને તે સંબંધી સુખદુઃખ આદિ થાય છે તેમને ભોગવે છે. એ, આ આત્માને અનાદિ અજ્ઞાનથી પર્યાયબુદ્ધિ છે, અનાદિ અનંત એક આત્માનું જ્ઞાન તેને નથી. તે બતાવનાર સર્વજ્ઞનું આગમ છે. તેમાં શુદ્ધદ્રવ્યાર્થિક નયથી એ બતાવ્યું છે કે:- આત્માનો એક અસાધારણ ચૈતન્ય-ભાવ છે તે અખંડ છે, નિત્ય છે, અનાદિ નિધન છે, તેને જાણવાથી પર્યાયબુદ્ધિનો પક્ષપાત મટી જાય છે. પરદ્રવ્યોથી તેમના ભાવોથી અને તેમના નિમિત્તથી થતાં પોતાના વિભાવોથી પોતાના આત્માને ભિન્ન જાણી તેનો અનુભવ જીવ કરે ત્યારે પર દ્રવ્યના ભાવો રૂપ પરિણમતો નથી તેથી કર્મ બંધાતાં નથી અને સંસારથી નિવૃત્તિ થઇ જાય છે. માટે પર્યાયાર્થિકરૂપ વ્યવહારનયને ગૌણ કરી અભૂતાર્થ (અસત્યાર્થ) કહ્યો છે અને શુદ્ધનિશ્ચયનયને સત્યાર્થ કહી તેનું આલંબન દીધું છે. વસ્તુ-સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી તેનું પણ આલંબન રહેતું નથી આ કથનથી એમ ન સમજી લેવું કે શુદ્ધનયને સત્યાર્થ કહ્યો તેથી અશુદ્ધનય સર્વથા અસત્યાર્થ જ છે. એમ માનવાથી

વેદાંતમતવાળા જેઓ સંસારને સર્વથા અવસ્તુ માને છે, તેમનો સર્વથા એકાંત પક્ષ આવી જશે અને તેથી મિથ્યાત્વ આવી જશે. એ રીતે એ શુદ્ધનયનું આલંબન પણ વેદાન્તીઓની જેમ મિથ્યાદૃષ્ટિપણું લાવશે માટે સર્વનયોના કથંચિત્ રીતે સત્યાર્થ-પણાનું શ્રદ્ધાન કરવાથી જ સમ્યગ્દૃષ્ટિ થઇ શકાય છે. આ રીતે સ્યાદ્વાદને સમજી જિનમતનું સેવન કરવું, મુખ્ય–ગૌણ કથન સાંભળી સર્વથા એકાંતપક્ષ ન પકડવો. આ ગાથા સૂત્રનું વ્યાખ્યાન કરતાં ટીકાકાર આચાર્યે પણ કહ્યું છે કે, આત્મા વ્યવહારનયની દૃષ્ટિમાં જે બદ્ધ સ્પૃષ્ટ આદિરૂપે દેખાય છે તે એ દૃષ્ટિમાં તો સત્યાર્થજ છે પરંતુ શુદ્ધનયની દૃષ્ટિમાં બદ્ધ સ્પૃષ્ટાદિપણું અસત્યાર્થ છે. આ કથનમાં ટીકાકાર આચાર્યે સ્યાદ્વાદ બતાવ્યો છે એમ જાણવું.

વળી, અહીં એમ જાણવું કે આ નય છે તે શ્રુતજ્ઞાન પ્રમાણનો અંશ છે શ્રુતજ્ઞાન વસ્તુને પરોક્ષ જણાવે છે, તેથી આ નય પણ પરોક્ષ જ જણાવે છે. શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષયભૂત, બદ્ધસ્પષ્ટ આદિ પાંચ ભાવોએ રહિત આત્મા ચૈતન્ય શકિત માત્ર છે. તે શકિત તો આત્મામાં પરોક્ષ છે જ. વળી તેની વ્યકિત કર્મ સંયોગથી મતિ શ્રુતાદિ જ્ઞાનરૂપ છે તે કથંચિત અનુભવ ગોચર હોવાથી પ્રત્યક્ષરૂપ પણ કહેવાય છે, અને સંપૂર્ણજ્ઞાન જે કેવળજ્ઞાન તે જો કે છદ્મસ્થને પ્રત્યક્ષ નથી તો પણ આ શુદ્ધનય આત્માના કેવળજ્ઞાન રૂપને પરોક્ષ જણાવે છે. જ્યાંસુધી આ નયને જીવ જાણે નહિ ત્યાં સુધી આત્માના પૂર્ણરૂપનું જ્ઞાન–શ્રદ્ધાન થતું નથી. તેથી શ્રી

ગુરુએ આ શુદ્ધનયને પ્રગટ કરી ઉપદેશ કર્યો છે કે બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચ ભાવોથી રહિત પૂર્ણ જ્ઞાનઘનસ્વભાવ આ આત્માને જાણી શ્રદ્ધાન કરવું, પર્યાયબુદ્ધિ ન રહેવું અહીં કોઈ એવો પ્રશ્ન કરે કે–એવો આત્મા પ્રત્યક્ષ તો દેખાતો નથી અને વિનાદેખ્યે શ્રદ્ધાન કરવું તે જુઠું શ્રદ્ધાન છે તેનો ઉત્તર :- દેખેલાનેજ શ્રદ્ધાન કરવું એતો નાસ્તિક મત છે. જિનમતમાં તો પ્રત્યક્ષ અને પરોક્ષ બન્ને પ્રમાણ માનવામાં આવ્યાં છે. તેમાં આગળ પ્રમાણ પરોક્ષ છે તેનો ભેદ શુદ્ધનય છે. આ શુદ્ધનયની દૃષ્ટિથી શુદ્ધ આત્માનું શ્રદ્ધાન કરવું, કેવળ વ્યવહાર–પ્રત્યક્ષનોજ એકાંત ન કરવો.

વિશેષાર્થ:– અહીં શુદ્ધ આત્માના કુલ પાંચ વિશેષણ બતાડવામાં આવેલ છે:- (૧) અબદ્ધસ્પૃષ્ટ (૨) અનન્યક, (૩) નિયત (૪) અવિશેષ (૫) અસંયુક્ત એ પાંચ વિશેષણ છે તેમાં પહેલા ત્રણ વિશેષણ આત્મા અને કર્મપરમાણુઓના સંબંધની દૃષ્ટિ સામે રાખીને કહેવામાં આવેલ છે. ચોથું વિશેષણ સ્યાદ્વાદની દૃષ્ટિથી આત્માના અનેક ધર્માત્મકત્વને સામે રાખીને કહેવામાં આવેલ છે. પાંચમુ વિશેષણ સ્વભાવની વિકૃતિને દૃષ્ટિમાં રાખી કહેવામાં આવેલ છે. કર્મપરમાણુઓથી સ્પૃષ્ટ (સંશ્લિષ્ટ) થવું એ આત્માનો સ્વભાવ નથી. કર્મબંધથી થતી આત્માની પર્યાય પણ આત્માનો સ્વભાવ નથી. અર્થાત્ તે વૈભાવિક પર્યાય યથાર્થમાં આત્માની નથી. કર્મોદયથી થતા આત્મપ્રદેશોના સંકોચ–વિસ્તાર પણ પર નિમિત્તજન્ય હોવાથી અને આત્માનો સ્વભાવ ન હોવાથી યથાર્થ નથી. સ્વભાવ અને શક્તિમાં એટલો ફરક છે કે, સ્વભાવ

સર્વથા કદી પણ અવ્યકત નથી થતો પણ શકિત કદી કદી વ્યકતરૂપ પણ થાય છે અને કદી અવ્યકતરૂપ પણ થાય છે. જ્ઞાન આત્માનો સ્વભાવ છે તે સંસાર-અવસ્થામાં જો કે વિકૃત થાય છે, તો પણ તે સર્વથા અવ્યકત થતો નથી. આત્મામાં વિભાવરૂપ પરિણુત થવાની શકિત જોકે વિદ્યમાન છે તો પણ તે વિકૃતિના કારણના અભાવમાં વિકૃત થતી નથી. સિદ્ધાત્મામાં પણ તે શકિત વિદ્યમાન છે છતાં તે મુકતાવસ્થામાં વ્યકત થતી નથી. કારણ કે તેને વ્યકત કરવાવાલા કારણનો (કર્મનો) અભાવ છે. આત્માશુદ્ધ જ્ઞાનઘનૈકસ્વભાવવાલો છે, વ્યવહારથી તેના જ્ઞાન દર્શનાદિ ભેદ કરવામાં આવે છે જ્ઞાન દર્શનાદિ વ્યવહારની દૃષ્ટિથી જુદા જુદા દેખાય છે તો પણ તે જ્ઞાયકભાવરૂપ જ છે, જ્ઞાયકભાવરૂપ એક સ્વભાવની અપેક્ષાથી જ્ઞાન દર્શનાદિ અનેકરૂપ હોવાથી યથાર્થ નથી રાગદ્વેષાદિ ઔદયિકભાવ જો કે જીવના સ્વતત્ત્વરૂપ બતાડવામાં આવેલ છે તો પણ તે ચૈતન્ય સ્વભાવ અને અચેતન સ્વભાવના સંયોગરૂપ હોવાથી યથાર્થ નથી.

બદ્ધસ્પૃષ્ટત્વ, અન્યત્વ, અનિયતત્વ, સવિશેષત્વ અને સંયુકતત્વરૂપ ભાવ સર્વથા અયથાર્થનથી. તેઓનો આત્માના વૈભાવિક અવસ્થા સાથે સંબંધ છે. અર્થાત્ સંસારની અપેક્ષાથી તે ભાવ કથંચિત્ યથાર્થ છે પણ જો તે ભાવ સર્વથા અયથાર્થ હોત અર્થાત્ અવિદ્યમાન હોત તો યથાર્થ આત્માની પ્રાપ્તિનો ઉપાય શાસ્ત્રકાર શા માટે બતાડત? સાંખ્ય, પુરુષ (આત્મા) ને સર્વથા અબદ્ધ માને છે પણ જૈનદર્શન આત્માને શુદ્ધ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિથી અબદ્ધસ્પૃષ્ટ માને છે તોપણ વ્યવહાર

નયની અપેક્ષાથી બદ્ધસ્પૃષ્ટ માને છે. એજ હિસાબે તો સાંખ્ય અને જૈનોમાં ફરક છે. કેટલાક વિદ્વાનોએ અબદ્ધસ્પૃષ્ટત્વ પદનો અબદ્ધ–અસ્પૃષ્ટ એવો અર્થ કરેલ છે. જો કે તે અર્થ ખોટો છે તેમ કહેવાનો અમારો ભાવાર્થ નથી પણ તેનો અન્તર્ભાવ અર્થ તો "બદ્ધકર્મોના પરમાણુઓથી અસ્પૃષ્ટપણું, એમ અર્થ કરવો વ્યાજબી છે." જ્યાં શુદ્ધાત્માના સ્વભાવમાં પરદ્રવ્ય સ્પૃષ્ટત્વ અન્તર્ભૂત નથી થતો? તો પછી સંશ્લેષરૂપ બદ્ધત્વ તેમાં કેવીરીતે ગણી (દાખલ કરી) શકાય. બદ્ધસ્પૃષ્ટત્વનો અર્થ બંધાએલા કર્મોના પરમાણુઓથી સ્પર્શયુક્ત છે તેમ માનવું બરોબર છે: પણ અબદ્ધ પુદ્ગલ પરમાણુઓથી નહીં. સિદ્ધાવસ્થાને પામેલ શુદ્ધાત્મા કર્મબંધ રહિત છે, તેથી કર્મ પરમાણુઓનો આત્માની સાથ સંબંધ ન હોવાથી કર્મ પરમાણુ આત્માને સ્પર્શ કરતાં નથી. જો શુદ્ધાત્માનો કર્મ પરમાણુઓથી સ્પર્શિત થવો સ્વભાવ હોત તો કોઈપણ સંજોગોમાં પરદ્રવ્યથી સ્પૃષ્ટ થવાનો આત્માનો સ્વભાવ કદીપણ છુટત નહીં. તેથી એમ નક્કી થયું કે પરદ્રવ્ય સ્પૃષ્ટ કદીપણ આત્માનો સ્વભાવ થઇ શકતો નથી. અને તેથી સિદ્ધાવસ્થામાં શુદ્ધાત્માને કર્મ પરમાણુઓનો સ્પર્શ નથી.

સ્વભાવ વિભાવની અપેક્ષાથી અર્થાત્ દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નયોની અપેક્ષાએ પાંચ પ્રકારના દૃષ્ટાંતઃ- કમલીપત્ર, માટી, સમુદ્ર, સુવર્ણ અને પાણીથી બતાડવામાં આવેલ છે.

આત્મામાં રાગદ્વેષાદિભાવ સંસાર અવસ્થામાં દેખાય છે, તોપણ તે ભાવ આત્મસ્વભાવની અપેક્ષાથી આત્માના નથી. જો તે ભાવ આત્માના હોત તો મુકતાવસ્થામાં પણ તેનો

સદ્ભાવ દેખવામાં આવત. આત્મપ્રદેશોની સાથે સંશ્લિષ્ટ (સંયોગ) કર્મપરમાણુ જ્યારે પોતાના સ્વરૂપનો અનુભવ કરાવે છે, ત્યારે ચેતનભાવની સાથે અચેતન ભાવનો સંયોગ થઇ જાય છે અને રાગદ્વેષાદિ વૈભાવિકભાવ ઉત્પન્ન થાય છે. ચેતનાચેતન દ્રવ્ય સંશ્લેષથી ઉત્પન્ન થયેલ રાગદ્વેષાદિ વૈભાવિક પર્યાયોની મુખ્યતાથી અચેતનદ્રવ્યના સ્વભાવની સાથે આત્મસ્વભાવનું સંયુક્તપણુ યથાર્થ છે; પરંતુ આત્માના શુદ્ધસ્વભાવની અપેક્ષાથી જ્ઞાનઘનૈકસ્વભાવની મુખ્યતાની અપેક્ષાથી તે સંયુક્તત્વ ભૂતાર્થ નથી.

यः पश्यति आत्मानं अबद्धस्पृष्टमनन्यमविशेषम् ।
अपदेशसान्तमध्यं पश्यति जिनशासनं सर्वम् ॥२७२॥

અર્થ:–જે પુરુષ આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ (તથા ઉપલક્ષણથી નિયત અને અસંયુકત) દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે–કે જે જિનશાસન બાહ્ય દ્રવ્યશ્રુત તેમજ અભ્યંતર જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.

ટીકા:– જે આ અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુકત એવા પાંચ ભાવો સ્વરૂપ આત્માની અનુભૂતિ છે તે નિશ્ચયથી સમસ્ત જિન શાસનની અનુભૂતિ છે. કારણ કે શ્રુતજ્ઞાન પોતે આત્માજ છે તેથી જ્ઞાનની અનુભૂતિ તે જ આત્માની અનુભૂતિ છે પરંતુ હવે ત્યાં સામાન્ય જ્ઞાનના આવિર્ભાવ (પ્રગટપણું) અને વિશેષ જ્ઞેયાકાર જ્ઞાનના તિરોભાવ (આચ્છાદન) થી જ્યારે જ્ઞાનમાત્રનો અનુભવ કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રગટ

અનુભવમાં આવે છે તો પણ જેઓ અજ્ઞાની છે જ્ઞેયોમાં આસક્ત છે તેમને તે સ્વાદમાં આવતું નથી, તે પ્રગટ દૃષ્ટાંતથી બતાવીએ છીએ : જેમ–અનેક તરેહના શાક આદિ ભોજનોના સંબંધથી ઉપજેલ સામાન્ય લવણના તિરોભાવ અને વિશેષ લવણના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે (સામાન્યના તિરોભાવરૂપ અને શાક આદિ સ્વાદભેદે ભેદરૂપ–વિશેષરૂપ) લવણ તેનો સ્વાદ અજ્ઞાની, શાકના લોલુપ મનુષ્યોને આવે છે પણ અન્યના સંબંધરહિતપણાથી ઉપજેલ સામાન્યના આવિર્ભાવ ને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ લવણ તેનો સ્વાદ આવતો નથી; વળી પરમાર્થથી જોવામાં આવે તો તો, જે વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે તેજ સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવતું (ક્ષારરસરૂપ) લવણ છે. એવી રીતે–અનેક પ્રકારના જ્ઞેયોના આકારો સાથે મિશ્રરૂપપણાથી ઉપજેલ સામાન્યના તિરોભાવ અને વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવતું જે (વિશેષભાવરૂપ, ભેદરૂપ, અનેકાકારરૂપ) જ્ઞાન તે અજ્ઞાની, જ્ઞેય–લુબ્ધ જીવોને સ્વાદમાં આવે છે પણ અન્ય જ્ઞેયાકારના સંયોગ રહિતપણાથી ઉપજેલ સામાન્યના આવિર્ભાવ ને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી; વળી પરમાર્થથી વિચારીએ તો તો, જે જ્ઞાન વિશેષના આવિર્ભાવથી અનુભવમાં આવે છે તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. અલુબ્ધ જ્ઞાનીઓને તો, જેમ સૈંધવની ગાંગડી; અન્યદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વત્ર એક ક્ષારરસપણાને

લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે તેમ આત્મા પણ, પરદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં સર્વત્ર એકવિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.

ભાવાર્થ :- અહીં આત્માની અનુભૂતિ તેજ જ્ઞાનની અનુભૂતિ કહેવામાં આવી છે. અજ્ઞાની જન જ્ઞેયોમાંજ-ઇંદ્રિયજ્ઞાનના વિષયોમાંજ-લુબ્ધ થઇ રહ્યા છે; તેઓ ઇંદ્રિયજ્ઞાનના વિષયોથી અનેકાકાર થયેલ જ્ઞાનને જ જ્ઞેયમાત્ર આસ્વાદે છે પરંતુ જ્ઞેયોથી ભિન્ન જ્ઞાનમાત્રનો આસ્વાદ નથી લેતા, અને જેઓ જ્ઞાની છે. જ્ઞેયોમાં આસક્ત નથી તેઓ જ્ઞેયોથી જુદા એકાકાર જ્ઞાનનોજ આસ્વાદ લેછે,-જેમ શાકોથી જુદી મીઠાંની કણીનો ક્ષારમાત્ર સ્વાદ આવે તેવી રીતે આસ્વાદ લે છે, કારણ કે જ્ઞાન છે તે આત્મા છે અને આત્મા છે તે જ્ઞાન છે. આ પ્રમાણે ગુણી-ગુણની અભેદ દૃષ્ટિમાં આવતું જે સર્વ પરદ્રવ્યોથી જુદું, પોતાના પર્યાયોમાં એકરૂપ નિશ્ચળ, પોતાના ગુણોમાં એકરૂપ, પરનિમિત્તથી ઉત્પન્ન થયેલ ભાવોથી ભિન્ન પોતાનું સ્વરૂપ, તેનું અનુભવન તે જ્ઞાનનું અનુભવન છે, અને આ અનુભવન તે ભાવશ્રુતજ્ઞાનરૂપ જિનશાસનનું અનુભવન છે. શુદ્ધ નયથી આમાં કાંઇ ભેદ નથી.

વિશેષાર્થ :- પ્રશ્નકાર પ્રશ્નકરે છે કે હે ભગવંત! આત્મા એક અખંડ દ્રવ્ય છે પરંતુ તેમાં તાદાત્મસંબંધથી રહેવાવાલો સ્વભાવભૂત જ્ઞાનગુણ સર્વથા અખંડ નથી; કારણ કે તે અનંત જ્ઞેયાકારને ધારણ કરે છે-અર્થાત્ જ્ઞાનમાં જેટલા જ્ઞેયાકાર

થાય છે તેટલા તેમાં ખંડ વિભાગ થાય છે. સંસારમાં પણ આ ષટજ્ઞાન છે આ પટજ્ઞાન છે એવું કહેવામાં આવે છે; જેથી જ્ઞાનપણ ખંડરૂપ સિદ્ધ થાય છે. એવી દશામાં અખંડ આત્મા અને ખંડરૂપ જ્ઞાનગુણનો તેમાં તાદાત્મ્ય સંબંધ કેવી રીતે માની શકાય? જો આત્મારૂપી ગુણી અને જ્ઞાનરૂપી ગુણમાં તાદાત્મ્ય સંબંધ ઘટિત ન થયો તો આત્માનુભૂતિ, જ્ઞાનાનુભૂતિરૂપ અથવા ભાવશ્રુતને આત્મા ન માની શકાય એવી હાલતમાં (દશા) શાસ્ત્રકારોને આત્માનુભૂતિને જિનશાસનની અનુભૂતિરૂપ જે લખેલ છે તે કઇ રીતે પ્રામાણિક માની શકાય? અર્થાત્ પ્રામાણિક ન માની શકાય, એવો શિષ્યનો પ્રશ્ન છે. તેનો આચાર્ય દૃષ્ટાંત દ્વારા ઉત્તર આપે છે.

દૃષ્ટાંતઃ– ક્ષારરસ નિમકનો ગુણ છે, કારણ કે તે નિમકની ગાંગડીમાં સામાન્યરૂપથી વ્યાપક છેઃ અર્થાત્ તાદાત્મ્ય સંબંધરૂપ છે. હવે લવણને કોઇ એક પરદ્રવ્યમાં નાખવામાં આવતાં પરદ્રવ્ય સાથે લવણનો સંયોગ સંબંધ થતાં જ તેનો રસ પરિવર્તન થઇ જાય છે. અર્થાત્ પરદ્રવ્યના સંયોગથી રહિત સામાન્ય લવણના સ્વાદથી પરદ્રવ્યના સંયોગથી યુકત લવણનો સ્વાદ કોઇ અન્ય પ્રકારનો થઇ જાય છે. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે જ્યારે નિમકનો પરદ્રવ્ય સાથ સંયોગ થાય છે ત્યારે તેનો ક્ષારરસરૂપ સામાન્યધર્મ અપ્રગટ રહે છે અને વિશેષ ક્ષારરસ પ્રગટ થઇ જાય છે. જે વ્યંજનો (શાક ભોજનાદિ) નો લોભી અજ્ઞાની જીવ અજ્ઞાનતાવશ તેના વિશેષતાથીયુકત લવણ જ પ્રિય લાગે છે. તેને લવણનો સામાન્ય ક્ષારરસ પ્રિય લાગતો નથી. અર્થાત્ અજ્ઞાનથી

તેનું લવણના સ્વાભાવિક ક્ષારરસરૂપગુણની તરફ ધ્યાન જ જતું નથી. જુદાજુદા પરદ્રવ્યોના સંયોગથી લવણનો ક્ષારરસમાં જોકે નાનાં પ્રકારની વિશેષતાઓ દેખાય છે તોપણ તે ભિન્ન ભિન્ન ક્ષારરસોમાં લવણનો જ સામાન્યરૂપ ક્ષારરસ છે. તેવી રીતે આત્માનો જ્ઞાનગુણ સર્વે આત્માઓમાં હોવાથી તે આત્માનો સામાન્ય ગુણ છે. જ્ઞેયના આકારને ગ્રહણ કરવો તે જ્ઞાનનો ધર્મ (સ્વભાવ) છે. જ્ઞેય અનંત છે તેથી જ્ઞેયાકાર પણ અનંત છે. જ્ઞેયોની વિશેષતાથી જ્ઞેયાકાર પણ ભિન્ન ભિન્ન છે. તે ભિન્ન ભિન્ન જ્ઞેયાકારને ગ્રહણ કરવાવાળું જ્ઞાન પણ ભિન્ન ભિન્ન ખંડ રૂપ છે. તે અજ્ઞાની જીવ જ્ઞાનના જ્ઞેયાકારકૃત ભિન્ન ભિન્ન ખંડોને જ દેખે છે. જ્ઞાનના પ્રત્યેક ખંડમાં વિદ્યમાન સામાન્ય જ્ઞાન તરફ તેની દૃષ્ટિ જતી નથી, તેજ તેનું અજ્ઞાન છે. સામાન્ય જ્ઞાનના આ ભિન્ન ભિન્ન ખંડોમાં સામાન્ય જ્ઞાન અપ્રગટ રહે છે અને પરદ્રવ્યને કારણે વિશેષ પ્રગટ થાય છે. આ ભિન્ન ભિન્ન જ્ઞાન ખંડોમાં જે જ્ઞાન છે તેમાં અને સામાન્ય જ્ઞાનમાં કોઈ ફરક નથી. જ્ઞાનત્વ (સામાન્ય જ્ઞાનની) દૃષ્ટિથી બન્ને એકજ છે. જે પ્રમાણે વ્યંજનોમાં (ભોજનાદિ) જેની આસક્તિ હોતી નથી અને નિમક (લવણ) ના ક્ષારરસરૂપ સ્વાભાવિક ગુણ ને જાણે છે એવા પુરુષ ને નિમકની ગાંગડીનો, અન્ય દ્રવ્યને છોડી જ્યારે અનુભવ કરવામાં આવે છે ત્યારે સામાન્ય લવણનો જ સ્વાદ આવે છે. તે પ્રમાણે જ્ઞેયોમાં લુબ્ધ નથી અને જે જ્ઞાનવાન છે એવા પુરુષને આત્માના જ્ઞેયરૂપ અન્ય દ્રવ્યના આકારને છોડી જ્યારે અનુભવ કરવામાં આવે છે ત્યારે આત્મા સર્વ પ્રકારથી એકવિજ્ઞાનઘનરૂપ હોવાથી જ્ઞાનરૂપથી જ અનુભવ થાય છે.

જ્ઞેયાકારના સંપર્કથી જ્ઞાન ભલે ખંડ ખંડ રૂપે દેખાતું હોય, પરંતુ તે જ્ઞાનમાં સામાન્ય જ્ઞાનનો સદ્ભાવ હોવાથી તે સામાન્ય જ્ઞાનથી જુદું નથી. આત્માની માફક જ્ઞાન પણ અખંડ હોવાથી આત્મા અને જ્ઞાનમાં તાદાત્મ સંબંધ થઈ શકે છે, તેથી શ્રુતજ્ઞાન સ્વયં આત્મા હોવાથી આત્માનુભૂતિનો અર્થ જ્ઞાનાનુભૂતિ જ છે. જિનશાસન શ્રુતજ્ઞાન હોવાથી આત્માની અનુભૂતિ છે તે જ જિનશાસનની અનુભૂતિ છે. અહીં જિનશાસનથી અર્થાત શ્રુતજ્ઞાનથી ભાવશ્રુતજ્ઞાન જ ગ્રહણ કરવા યોગ્ય છે. (અભીષ્ટ છે.) કારણ ગાથા સૂત્રમાં જિનશાસનનું "अपदेशसूत्रमध्यं" એવું વિશેષણ આપેલ છે. જેનાથી અર્થનું પ્રતિપાદન થાય છે તેને અપદેશ કહેશે અને અપદેશનો અર્થ છે શબ્દ અને શબ્દથી દ્રવ્યશ્રુત અભીષ્ટ છે. (ગ્રહણ કરવાયોગ્ય છે.) શબ્દથી જે કહેવામાં આવે છે અને જ્ઞાનથી જેની અનુભૂતિ થાય છે તેને અપદેશ સૂત્રમધ્ય કહે છે. તાત્પર્યવૃતિમાં જિનશાસનને ભાવશ્રુત કહ્યું છે.

व्यवहारोऽभूतार्थो भूतार्थो दर्शितस्तु शुद्धनयः ।
भूतार्थमाश्रितः खलु सम्यग्दृष्टिर्भवति जीवः ॥३७३॥

અન્વયાર્થ :–વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે. જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે.

ટીકા :–વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય અભૂત અર્થને પ્રગટ કરે છે (અને શુદ્ધનય એક હોવાથી ભૂતાર્થ છે તેથી વિદ્યમાન, સત્ય, ભૂત અર્થને પ્રગટ કરે છે)

આ વાત દૃષ્ટાંતથી બતાવીએ છીએ :– જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ તિરોભૂત (આચ્છાદિત) થઇ ગયો છે એવા જળનો અનુભવ કરનાર પુરુષો–જળ અને કાદવનો વિવેક નહિ કરનારા ઘણા તો, તેને (જળને) મલિન જ અનુભવે છે; પણ કેટલાક પોતાના હાથથી નાખેલા કતકફળ (નર્મળી ઔષધિ) ના પડવામાત્રથી ઉપજેલા જળ–કાદવના વિવેકપણાથી, પોતાના પુરુષાકારદ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક નિર્મળભાવપણાને લીધે, તેને (જળને) નિર્મળ જ અનુભવે છે. એવી રીતે પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ તિરોભૂત થઇ ગયો છે એવા આત્માનો અનુભવ કરનાર પુરુષો–આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો, તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે એવો અનુભવે છે; પણ ભૂતાર્થદર્શીઓ (શુદ્ધનયને દેખનારાઓ) પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી ઉપજેલા આત્મ-કર્મના વિવેકપણાથી પોતાના પુરુષાકારદ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એકજ્ઞાયકસ્વભાવપણાને લીધે, તેને (આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે. અહીં, શુદ્ધનય કતકફળના સ્થાને છે તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓજ સમ્યક્ અવલોકન કરતા (હોવાથી) સમ્યગ્દૃષ્ટિ છે પણ બીજા (જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ) સમ્યગ્દૃષ્ટિ નથી. માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.

ભાવાર્થ:- અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે. જેનો વિષય વિદ્યમાન ન હોય, અસત્યાર્થ હોય તેને અભૂતાર્થ કહે છે. વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે-શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી; માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઇએ. એમ ન સમજવું કે ભેદરૂપ કાંઇ વસ્તુ જ નથી. જો એમ માનવામાં આવે તો તો જેમ વેદાન્તમતવાળાઓ ભેદરૂપ અનિત્યને દેખી અવસ્તુ માયાસ્વરૂપ કહે છે અને સર્વવ્યાપક એક અભેદ નિત્ય શુદ્ધબ્રહ્મને વસ્તુ કહે છે, એવું ઠરે અને તેથી સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદૃષ્ટિનો જ પ્રસંગ આવે. માટે અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્વાદરૂપ છે, પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે. પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે અને એવો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ (સહાયક) જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી અને એનો ઉપદેશ પણ વિરલ છે-કયાંક કયાંક છે. તેથી ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એવો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે કે- "શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એનો આશ્રય કરવાથી સમ્યગ્દૃષ્ટિ થઇ શકાય છે; એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માનાં જ્ઞાનશ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી" એમ આશય જાણવો.

વિશેષાર્થ "ભૂત" શબ્દનો અર્થ "સ્વાભાવિક શુદ્ધ સ્વભાવે યુક્ત પદાર્થ" એમ થાય છે એવો પદાર્થ જેનો વિષય નથી બનતો અર્થાત્ વિકૃત સહજૈક સ્વભાવરૂપ પદાર્થ જેનો વિષય પડે છે એવો જે "નય" તેને વ્યવહાર નય કહે છે. તે વ્યવહાર-નય શુદ્ધ સ્વભાવ યુક્ત પદાર્થનું પ્રતિપાદન કરી શકતો નથી.

દૃષ્ટાંતઃ– પાણીનો સ્વાભાવિક શુદ્ધ સ્વભાવ તો નિર્મળ (સ્વચ્છ) છે પણ તેમાં માટી મળી જવાથી મલિન થઇ જાય છે. માટીરૂપ અન્યપદાર્થના સંયોગથી પાણી પોતાના નિર્મળ શુદ્ધસ્વભાવથી ચ્યુત થઈ જાય છેઃ અર્થાત્ તેનો શુદ્ધસ્વભાવ વિકૃત થઇ જાય છે. તે વિભાવ પર્યાયરૂપ બની જાય છે. અજ્ઞાની (અવિવેકી પુરુષ) જીવ માટી અને નિર્મલ પાણીનું પૃથક્કરણ (જુદાપણું) કરી શકતો નથીઃ અર્થાત તે અવિવેકને કારણે મલિન પાણીનો સ્વાદ લ્યે છે-પીવે છે. તે અજ્ઞાની જીવ મલિનરૂપ પાણીનો સ્વભાવ (ધર્મ) સમજે છે. મલિનતા ખરેખર (ભૂતાર્થથી) પાણીનો સ્વભાવ નથી; તે માટીરૂપ અન્ય પદાર્થના સંવલન (મિશ્રણ) થી મલિન થયું છે. પાણી અને માટી એમ બન્ને અત્યંત ભિન્ન ભિન્ન પદાર્થોના સંયોગથી ઉત્પન્ન થતો સંબંધ જ અહીં નયનો વિષય થઇ પડે છે અર્થાત્ પાણીનું મલિનપણું તે **અનુપચરિતા સદ્‌ભૂતવ્યવહારનય** નો વિષય છે. તે નયનું લક્ષણ નીચે પ્રમાણે છે.

"संश्लेष सहित वस्तु संबंध विषयेऽनुपचारिता सद्भूत व्यवहारः यथाजीवस्य शरीरम् ॥

દાર્ષ્ટાન્તિકઃ–આત્માનો સ્વાભાવિક શુદ્ધસ્વભાવ જ્ઞાયક પણું છે. પણ તેનાથી અત્યંત ભિન્ન પદાર્થ જે પ્રબલ કર્મ પરમાણુ

તેના સંશ્લેષ (સંયોગ)થી આ આત્માનો સ્વભાવ આચ્છાદિત થઇ ગયો છે. એવો આત્માનો અનુભવ કરનાર પુરુષ જ્યારે તેનો અનુભવ કરે છે ત્યારે આત્મા શુદ્ધજ્ઞાયકૈકસ્વભાવનો ધારક હોવા છતાંપણ અને કર્મોના સંયોગને કારણે પ્રકાશમાન હોવા છતાં પણ નાના પ્રકારનો અનુભવ કરે છે. તેનું કારણ એ છે કે તે વિવેક (ભેદજ્ઞાન) થી વિહીન હોવાથી આત્મા અને કર્મનો ભેદ જાણી શકતો નથી. અહીં આત્મા અને કર્મ પુદ્ગલ બન્ને અત્યંત ભિન્ન સ્વભાવવાલા પદાર્થોના સંયોગથી આત્માના સ્વભાવની વિધ વિધ પ્રકારે ઉત્પન્ન થયેલ અવસ્થાનો સંબંધ જ નયનો વિષય થઇ પડે છે, અર્થાત્ આત્માનું મલિનપણું તે **અનુપચરિતાસદ્‌ભૂત વ્યવહાર-નય જ છે.** એવી વ્યવહારનયને જ સર્વથા પ્રધાન માનવાવાલો પુરુષ કદી પણ સમ્યગ્દૃષ્ટિ થઇ શકતો નથી. કારણ કે તેને ભેદજ્ઞાનનો અભાવ હોવાથી શુદ્ધજ્ઞાયકૈકસ્વભાવસ્વરૂપ આત્માની અનુભૂતિ થતી નથી : એટલે આત્મા અને કર્મને અત્યંત ભિન્ન કરવાવાલી ભેદજ્ઞાનની ભાવના જ ઇષ્ટ છે.

શુદ્ધનિશ્ચયનયનું લક્ષણ :– निरुपाधिकगुणगुण्यभेदविषयकः शुद्धनिश्चयः यथा केवलज्ञानादयो जीवः ॥ અર્થ:–

ઉપાધિ રહિત ગુણ અને ગુણીના ભેદ રહિત અભેદ જેનો વિષય છે તેને શુદ્ધનિશ્ચયનય કહે છે. જેમકે: કેવલજ્ઞાનાદિક જીવ છે.

દૃષ્ટાંત :– નિર્મળતા તે પાણીનો સ્વાભાવિક શુદ્ધભાવ છે અને શુદ્ધનિશ્ચયનયની દૃષ્ટિથી તે જલથી અભિન્ન છે. જ્યારે વિવેકવાન (ભેદજ્ઞાની) પુરુષની સામે મેલુ પાણી આવે છે ત્યારે તેને

પાણીની નિર્મળતાનું જ્ઞાન હોવાથી તે પોતાના હાથથી મેલા પાણીમાં નિર્મલી (ફલ અથવા ફટકડી) નાખી, માટીથી ભિન્ન નિર્મળ પાણી પીવે છે. તેવી રીતે જે વિવેકી (ભેદજ્ઞાની) પુરુષને શુદ્ધઆત્મસ્વરૂપનું જ્ઞાન છે, તે પોતાની બુદ્ધિથી શુદ્ધનયના જ્ઞાનથી આત્મા અને તેનાથી અત્યંત ભિન્ન કર્મ પરમાણુઓ અને તજ્જન્ય વિભાવરૂપ પરિણામોને ભિન્ન ભિન્ન કરી પ્રગટ શુદ્ધજ્ઞાયકભાવરૂપ આત્માનો અનુભવ કરે છે. કારણકે પોતાના પુરુષાર્થથી તે આત્માના સ્વાભાવિક શુદ્ધજ્ઞાયકભાવને પ્રગટ કરે છે. અહીં સ્વાભાવિક અને ઉપાધિ રહિત જ્ઞાયકભાવરૂપ ગુણ અને શુદ્ધ આત્મા તે ગુણી તેમાં "**प्रद्योतमानैक ज्ञायक-भावंतम्**" અભેદ વ્યક્ત કર્યો છે, શુદ્ધનિશ્ચયનય નિર્મલી ઔષધ સમાન છે. કારણ આ આત્મામાં વિકૃતિ ઉત્પન્ન કરવાવાળા કર્મોથી ભિન્ન શુદ્ધાત્માનો અનુભવ કરાવે છે. જે સ્વાભાવિક શુદ્ધ આત્માનો આશ્રય કરે છે તેજ સમ્યગ્દૃષ્ટિ છે. વ્યવહારનયની પ્રધાનતાથી અશુદ્ધ આત્માનો આશ્રય કરનાર સમ્યગ્દૃષ્ટિ નથી. કર્મ અને આત્મા તેના ભિન્ન ભિન્ન પદાર્થ રૂપથી અનુભવ કરવાવાલા પુરુષોને વ્યવહાર નય આદરણીય (અનુસરવા–યોગ્ય) નથી. " **प्रत्यगात्मदर्शिभिः** " આ પદ એમ સ્પષ્ટ કરે છે કે જે જીવોને આત્માનુભૂતિ નથી અને આત્માનુભવ થયા પછી પણ જે આત્માનુભવ રૂપ નિર્વિકલ્પ સમાધિમાં મગ્ન નથી તેવા જીવોને વ્યવહારનય અનુસરવા યોગ્ય છે. પણ સમાધિકાલ છોડી અન્યકાળમાં કોઈપણ નયનું અનુસરણ ન કરવાથી તીર્થ અને તીર્થફલનો નાશ થઇ જાય છે. (જુઓ આલાપ પદ્ધતિ નયવિવક્ષા દેવસેનાચાર્યકૃત

અને તાત્પર્યવૃતિકાર શ્રી જયસેનાચાર્ય અનુસાર આ ગાથાના વિષયમાં વિચાર કરવા યોગ્ય છે.)

व्यवहारनिश्चयौ यः प्रबुध्य तत्त्वेन भवति मध्यस्थः ।
प्राप्नोति देशनायाः स एव फलमविकलं शिष्यः ॥३७४॥

અર્થ:- જે જીવ વ્યવહારનય અને નિશ્ચયનયને વસ્તુસ્વરૂપદ્વારા યથાર્થરૂપ જાણી મધ્યસ્થ થાય છે. અર્થાત નિશ્ચયનય અને વ્યવહારનયના પક્ષપાત રહિત થાય છે તે જ શિષ્ય ઉપદેશના સમ્પૂર્ણ ફલને પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ:- શ્રોતામાં અનેક ગુણોની આવશ્યકતા છે. પરંતુ તે સર્વમાં વ્યવહાર નિશ્ચયને જાણી હઠગ્રાહી ન થવું તે મુખ્ય ગુણ છે. વ્યવહારનય અને નિશ્ચયનયને જાણવાવાલા આચાર્ય જગતમાં ધર્મતીર્થને પ્રવર્ત્તાવે છે.

નિશ્ચયનય:- **" स्वाश्रितोनिश्चयः "** અર્થાત્ જે સ્વાશ્રિત હોય છે તેને નિશ્ચયનય કહે છે. તેના ઉપદેશની મુખ્યતાથી શરીરાદિક અનાદિ પરદ્રવ્યોના એકત્વશ્રદ્ધાનરૂપ અજ્ઞાન ભાવનો અભાવ થાય છે. ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ થાય છે; તથા સર્વ પરદ્રવ્યોથી ભિન્ન પોતાના શુદ્ધચૈતન્યસ્વરૂપનો અનુભવ થાય છે. ત્યારે જીવ પરમાનંદ દશામાં મગ્ન થઇ કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. જે કોઈ અજ્ઞાની જીવ તેને જાણ્યા વગર ધર્મમાં લવલીન થાય છે, તે શરીરાદિક ક્રિયાકાન્ડને ઉપાદેય માની સંસારના કારણ ભૂત શુભોપયોગને જ મુક્તિનું કારણ માની સ્વરૂપથી ભ્રષ્ટ થઈ સંસારમાં

પરિભ્રમણ કરે છે. એટલા માટે નિશ્ચયનયના મુખ્ય કથનને જાણવું પરમાવશ્યક છે અને નિશ્ચયનયને જાણ્યા વગર યથાર્થ ઉપદેશની પ્રાપ્તિ થતી નથી.

વ્યવહારનયઃ– "**पराश्रितोव्यवहारः**" પરદ્રવ્યના આશ્રિતે થતો વ્યવહાર છે તે પરાશ્રિતરૂપ ઉપચાર કથન કહેવાય છે. વ્યવહારનયથી જીવ શરીરાદિક સંબંધરૂપ સંસાર દશાને જાણી સંસારના કારણભૂત આસ્રવ, બંધનો નિર્ણય કરી મુક્તિ કરવાના ઉપાયરૂપ સંવર, નિર્જરા તત્ત્વોમાં પ્રવૃત થાય છે. પરંતુ જો અજ્ઞાની જીવ આ વ્યવહારનયને જાણ્યા વગર શુદ્ધોપયોગી થવાનો પ્રયત્ન કરે તો તે પહેલાથી જ વ્યવહાર સાધનને છોડી પાપાચરણમાં મગ્ન થઈ નરકાદિ દુઃખોમાં જઈ પડે છે. એટલા માટે વ્યવહાર સાધનને જાણવું પરમાવશ્યક છે. (જુવો નિયમસાર ગાથા ૪૫.)

શંકાકારઃ– હે ભગવંત! નિશ્ચયનય પદાર્થના યથાર્થ સ્વરૂપને બતાવે છે તો વ્યવહારનયનું કથન કરવાથી શું લાભ (કાર્યકારી) છે? અર્થાત્ કાંઇ જ નથી. કારણકે આપ નિશ્ચયનયને ભૂતાર્થ-સત્યાર્થ કહો છો અને વ્યવહારનયને અભૂતાર્થ–અસત્યાર્થ કહો છો.

ઉત્તરઃ–અજ્ઞાની જીવને જ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે વ્યવહારનયનો ઉપદેશ આપીએ છીએ. કારણ કે તે જીવને વ્યવહારનો પરિચય છે, તેનાથી નિશ્ચયનો બોધ કરાવવા વ્યવહારનયથી સમજાવવામાં આવે છે. જેમકે: ઘીનો ઘડો કહેવાથી તેનું જ્ઞાન તેને જલ્દી થઇ જાય છે કેમકે તેને તે ભાષાનો પરિચય છે.

અજ્ઞાની જીવ નિશ્ચયનયને જાણ્યા વગર વ્યવહારને જ નિશ્ચય માની બેઠો છે. આત્માના શ્રદ્ધાન, જ્ઞાન, આચરણરૂપ મોક્ષ માર્ગને નહી જાણતો જીવ વ્યવહારરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્રના સાધનને જ પોતે મોક્ષ માર્ગ માની બેઠો છે. અર્થાત્ અરિહંત-દેવ, નિર્ગ્રંથ ગુરુ, દયામયી ધર્મના સાધનને અને કિંચિત્ જિનવાણીને જાણી પોતાને સમ્યગ્જ્ઞાની માની બેઠો છે. વળી મહાવ્રતાદિ ક્રિયાના સાધન માત્રથી પોતાને ચારિત્રવાન માને છે. એ પ્રમાણે અજ્ઞાની જીવ શુભોપયોગમાં સંતુષ્ટ થઈ શુદ્ધો-પયોગરૂપ મોક્ષમાર્ગમાં પ્રમાદી થઈ જાય છે–અર્થાત્ કેવલ વ્યવહારનો જ અવલમ્બી થઇ જાય છે. તેથી નિશ્ચયનયને ભૂતાર્થ અને વ્યવહારનયને અભૂતાર્થ કહ્યો છે. એ પ્રમાણે વ્યવહારનય અને નિશ્ચયનય બન્નેનું યથાપદવી સાર્થકપણું બતાવ્યું છે. એકાંતનો આગ્રહ ન કરવો વસ્તુસ્વરૂપ જ સ્યાદ્વાદરૂપ છે. માટે જ્યાં જ્યાં જે જે પ્રમાણે યોગ્ય છે ત્યાં ત્યાં તે તે પ્રમાણે જાણી શ્રદ્ધાન કરવું તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. સામાન્ય વિશે-ષાત્મક વસ્તુનું સ્વરૂપ છે, **સામાન્ય** નિશ્ચયનયનો વિષય છે અને **વિશેષ** વ્યવહારનયનો વિષય છે. બન્ને મળી **પ્રમાણજ્ઞાન** છે.

अज्झयणमेव झाणं पंचेंदियणिग्गहं कसायं पि ।
तत्ते पंचमकाले पवयणसारब्भासमेवकुज्जाहो ॥२७५॥

અર્થ:– પ્રવચનસાર (જિનાગમ) નો અભ્યાસ, ભણવું, ભણાવવું, ચિંતવન–મનન અને વસ્તુસ્વરૂપનો વિચાર જ ધ્યાન છે. જિનાગમના અભ્યાસથી ઇન્દ્રિયોંનો નિરોધ (નિગ્રહ) મનનું

વશીકરણ અને કષાયોનું ઉપશમ પણું થાય છે, તેથી પંચમકાલ ભરતક્ષેત્રમાં એક જિનાગમનો જ અભ્યાસ કરવો શ્રેષ્ઠ છે. અને કર્મોને નાશ કરવાનુ આજ મૂલ કારણ છે.

ભાવાર્થ:- શ્રી જિનેન્દ્ર ભગવાન પ્રણીત સત્યાર્થનું પ્રકાશ કરવાવાળું આગમ છે. જિનાગમના અભ્યાસથી ભાવશ્રુત અને દ્રવ્યશ્રુતની પ્રાપ્તિ થાય છે એટલુ જ નહીં પણ સાથોસાથ મન અને ઇન્દ્રિયોનો પૂર્ણ નિગ્રહ થાય છે. વિષય કષાય તથા કામ, ક્રોધ, માન, માયા, રાગદ્વેષાદિ વિકાર ભાવોથી આત્માની પરિણતિ રોકાઈ જાય છે. એ પ્રમાણે રાગદ્વેષની પરિણતિનો સંરોધ થવાથી આત્મા પોતાના સ્વસમય રસમાં તલ્લીન થઈ જાય છે. સ્વાત્મ-સ્વભાવમાં સ્થિર થવું તે જ ધ્યાન છે.

णाणी खवेइ कम्मं णाणबलेणेदि सुबोलए अण्णाणी ।
विज्जो भेसज्जमहं जाणे इदि णस्सवे वाही ॥३७६॥

અર્થ:- જ્ઞાની પુરુષ પોતાના જ્ઞાનબલથી કર્મોને નષ્ટ કરી નાખે છે એવું જે કહે છે, તે અજ્ઞાની છે. કારણ કે વગર ચારિત્રે એકલું જ્ઞાનથી કદી પણ કર્મ નષ્ટ થઇ શકતું નથી. હું બધી ઔષધિયોને જાણું છું. હું એક વિદ્વાન વૈદ્ય છું. એમ કહેવા માત્રથી શું વ્યાધિઓ નાશ થઇ જાય છે ? કદી પણ નથી થતી.

ભાવાર્થ:- જેમ રોગ અને ઔષધિ જાણવા માત્રથી વ્યાધિ દૂર થતી નથી તેમ એકલા શુષ્કજ્ઞાનથી કર્મનો નાશ થતો નથી. જેમ ઔષધિને ઘૂટી, પીસી, ગળીને પીવાથી વ્યાધિનાશ થાય છે

તે પ્રમાણે ચારિત્રથી કર્મનષ્ટ થાય છે. " चारित्रखलुधम्मो " ચારિત્ર તેજ ધર્મ છે. અને ધર્મ તે મોહ ક્ષોભ રહિત આત્માનું સમતા પરિણામ છે. માટે હે ભવ્યો ! વ્યવહાર ચારિત્ર ધારણ કરી (સાધન) સાધ્યરૂપી નિશ્ચયચારિત્રની (આત્મરમણતા) સિદ્ધિ કરો.

खाइपूजालाहं सक्काराइं किमिच्छसे जोई ।
इच्छसि जइ परलोयं तेहिं किं तुज्झ परलोयं ॥३७७

અર્થ:- હે જ્ઞાની ! જો તું તારો પરલોક સુધારવા ઇચ્છા કરે છે તો ફરી તું તારી પ્રસિદ્ધિની ઇચ્છા કેમ કરે છે ? તું મોટાઇ મેળવવાની ઇચ્છા કેમ કરે છે ? કોઇપણ પ્રકારની લાભની ઇચ્છા કેમ કરે છે ? કોઇ (અન્ય) થી આદરસત્કાર કરાવવાની ઇચ્છા કેમ કરે છે ? હે જ્ઞાની ! આવી તારી પરિણતિથી અર્થાત્ આવી વાતોના લક્ષથી (અભિપ્રાયથી) તારો પરલોક કદીપણ સુધરી શકશે નહીં.

ભાવાર્થ:- પરલોકમાં આત્માને સુખની પ્રાપ્તિ થવી, મોક્ષની પ્રાપ્તિ થવી તે જ પરલોકનું સુધરવાપણું છે મોક્ષની પ્રાપ્તિ આદર, સત્કાર અથવા ખ્યાતિ પૂજા લાભથી થઇ શકતી નથી. તેથી એવી ઇચ્છા કરવી સર્વથા નકામી છે. મોક્ષની પ્રાપ્તિ રત્નત્રયથી થાય છે. માટે હે જ્ઞાની ! તું માનાદિને છોડી એકાંતમાં રત્નત્રયની આરાધના કર, કે જેથી તને મોક્ષ લક્ષ્મીની પ્રાપ્તિ થશે.

उवसमईसम्मत्तं मिच्छत्तवलेण पेल्लए तस्स ।
परिवट्टंति कसाया अवसप्पिणि काल दोसेण ॥२७८॥

અર્થ:- આ અવસર્પિણી કાળમાં વર્તમાન કાળના દોષથી મિથ્યાત્વ કર્મનો તીવ્ર ઉદય ઉપશમ સમ્યક્ત્વનો નાશ કરે છે તથા કષાયો ની વૃદ્ધિ બની રહે છે. અર્થાત્ આ અવસર્પિણી કાળમાં કષાયોની વૃદ્ધિ ઘણી હોય છે. તેથી મિથ્યાત્વનો પ્રબલ ઉદય રહેવાથી ઉપશમ સમ્યક્ત્વ પણ થઇ શકતું નથી અને કદાચ જો થાય છે તો તેનો શીઘ્ર નાશ થઈ જાય છે.

ભાવાર્થ:- વર્તમાન પંચમ કાળમાં કોઈ પણ જીવ સમ્યક્ત્વ સહિત અહીં ઉત્પન્ન થતો નથી તેમજ કોઈને ક્ષાયક સમ્યક્ત્વ ઉત્પન્ન થતું નથી. જો કદાચ કોઈ ભવ્ય જીવને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે તો તે પ્રથમોપશમ સમ્યક્ત્વ થાય છે. તે પણ વધારે વખત નહી રહેતાં શીઘ્ર નાશ થઈ જાય છે: કારણ કે વર્તમાન કાળમાં જીવોને મિથ્યાત્વ કર્મનો તીવ્ર ઉદય રહે છે, તેમજ કષાયોની વૃદ્ધિ પણ વધારે પ્રમાણેમાં હોય છે.

मदिसुदणाणवलेण दु सच्छंदं वोल्लई जिणुत्तमिदि ।
जो सो होइ कुदिट्ठी ण होई जिणमग्गलग्गरवो ॥२७९॥

અર્થ:- જે મનુષ્ય મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનના અભિમાનથી શ્રી જિનેન્દ્રદેવ દ્વારા પ્રતિપાદિત અર્થને સ્વચ્છંદ (પોતાની મનકલ્પનાથી જેમતેમ વિરૂદ્ધાર્થ અથવા આગમના સત્યાર્થને છુપાવી મિથ્યા અર્થરૂપ) થી કહે છે તે મિથ્યાદૃષ્ટિ છે. તે જીવ જિન

ધર્મનું પાલન કરવા છતાં પણ જૈન ધર્મથી સર્વથા પરાઙ્મુખ છે, જૈન ધર્મથી તે જીવ બહિર્ભૂત મિથ્યાદૃષ્ટિ જ જાણવો.

ભાવાર્થ :– જેને બુદ્ધિ અને જ્ઞાનની પ્રખરતા છે, પરંતુ દર્શન-મોહનીયકર્મનો જેને ઉદય છે એવો જીવ જૈન ધર્મને ધારણ કર્યા છતાં પણ પોતાના જ્ઞાનના મિથ્યા અભિમાનથી શ્રી જિનેન્દ્ર-ભગવાન દ્વારા પ્રતિપાદિત અર્થના સ્વરૂપને આગમ વિરૂદ્ધ અન્યથા અર્થ કરે છે, તે મિથ્યાદૃષ્ટિ છે. જે વિષય, કષાય, માન, બડાઇ આદિ સ્વાર્થવશ અથવા પોતાની પૂજા પ્રતિષ્ટા વશ (અથવા કોઇ રાગ દ્વેષ વશ) થઇ પોતાના જ્ઞાનના અભિમાનથી આગમના અર્થને પોતાના મનકલ્પિત અર્થ દ્વારા વિપરીત (વિરૂદ્ધ) પ્રતિ-પાદન કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. સ્વરૂપ વિપર્યાસ, ભેદ વિપર્યાસ, લક્ષણ વિપર્યાસ, કારણ વિપર્યાસથી વસ્તુનું સ્વરૂપ અન્યથા થઇ જાય છે. જે રાગીદ્વેષી પક્ષપાતી મનુષ્ય કુશિક્ષા પ્રાપ્ત કરી પોતાના જ્ઞાનના મદમાં વિવેક અને વિચાર રહિત થઇ વિષય કષાયોની પુષ્ટિ માટે જિનાગમનો અર્થ વિપરીત કરે છે, અથવા પોતાનો મનકલ્પિત અર્થ કરી જિનાગમનું સ્વરૂપ બતલાવી (કહીને) ને વસ્તુ સ્વરૂપમાં વિપર્યાસ ઉત્પન્ન કરે છે, તે પાપી છે. જૈની હોવા છતાં જૈન ધર્મથી બહિર્ભૂત મિથ્યાદૃષ્ટિ છે. જે મનુષ્ય સદાચાર–નીતિ–ચારિત્ર અને ધર્મનો લોપ કરી સ્વચ્છંદી અસદાચાર ધર્મનું સ્વરૂપ બતલાવી જિનાગમની છાપ (સાખ) મારી જિનાગમને અવર્ણવાદ લગાડે છે, તે પણ પાપી જિન-ધર્મથી બહિર્ભૂત મિથ્યાદૃષ્ટિ છે. જે મનુષ્ય તર્ક અને યુકિતથી સંયમ–તપ–ત્યાગરૂપ ધર્મના મૂળભૂત સિદ્ધાંતને છોડી અસંયમ,

અતપ, અત્યાગરૂપ સ્વચ્છંદી, અર્થનો અનર્થ દર્શાવી બીજા જીવોને ભ્રષ્ટાચારનો ઉપદેશ, જિનાગમની છાપ મારી આપે છે, તે પોતાનું અને પરનું અહિત કરનાર જિનાગમનો વિરોધી (વૈરી) પાપી મિથ્યાદૃષ્ટિ છે.

अन्तर्दर्शनमोहस्य भव्यस्यापशमे सति ।
तत्क्षयोपशमे वापि क्षये वा दर्शनोद्भवः ॥२८०॥

बहिःकारणसाकल्येप्यस्योत्पत्तेरपीक्षणात् ।
कदाचिदन्यथातस्यानुपपत्तेरितिस्फुटम् ॥२८१॥

અર્થ:- દર્શનમોહનીયકર્મના ઉપશમ, ક્ષયોપશમ અથવા તેના ક્ષયરૂપ અન્તરંગ કારણો થવાથી કોઇ ભવ્ય જીવને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થતી દેખવામાં આવે છે; તથા જિન-મહિમાના દર્શન, જાતિસ્મરણ, વેદના, અધિગમ (ધર્મશ્રવણ) અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃતિકરણ આદિ બહિરંગ કારણોની સમ્પૂર્ણતા મલવાથી આ સમ્યગ્દર્શન કોઇ કોઇ ને ક્યારેક ક્યારેક ઉત્પત્તિ થતી દેખવામાં આવે છે. બહિરંગ અને અન્તરંગ કારણોની પૂર્ણતા ન હોવાથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થવી અસિદ્ધ છે આ વાત બધાની સમ્મુખ સ્પષ્ટરૂપથી સિદ્ધ થઇ જાય છે.

ભાવાર્થ:- સમ્યક્ત્વ પરિણામનું બાહ્ય સહકારી કારણ દ્રવ્યશ્રુત-રૂપ જિનવાણી છે. કેમકે તે વાણી આત્મા – અનાત્માનું જ્ઞાન (વિવેક) કરાવવાવાળી છે. જે ભવ્ય તે જિન ઉપદિષ્ટ શ્રુતને

ધારણ કરનાર (જાણનાર) તત્ત્વજ્ઞાની છે, તેને દર્શનમોહનીયના ક્ષય, ઉપશમ, ક્ષયોપશમ અન્તરંગ કારણ છે : અર્થાત્ જે વ્યક્તિને સમ્યક્ત્વ પ્રગટ થવાનું છે તે વ્યક્તિને સમ્યક્ત્વ ઉત્પત્તિમાં જિનશ્રુત બાહ્ય સહકારી કારણ છે; અને તે શાસ્ત્રજ્ઞાન થી પરિણત જ્ઞાતારૂપ તેનો આત્મા (અભેદરૂપથી) ઉપાદાન કારણ છે એટલે તેનું અન્તરંગ કારણ બાધક દર્શનમોહનીયના ક્ષય, ઉપશમાદિ છે. પણ કોઇ જીવને સમ્યક્ત્વ ઉત્પત્તિમાં અન્ય તત્ત્વજ્ઞાની પુરુષ કદી પણ અન્તરંગ કારણ બની શકે નહીં.

समयस्सनिमित्तं जिणसुत्तं तस्य जाणया पुरिसा ।
अंतरहेऊ भणिदा दंसणमोहस्य खयपहुदी ॥३८२॥

અર્થ:- સમ્યક્ત્વનું નિમિત્ત જિનસૂત્ર છે જિનસૂત્રના જ્ઞાયક પુરુષોને સમ્યક્ત્વ થવામાં અન્તરંગ કારણ દર્શનમોહનીનો ક્ષયોપશમ, ઉપશમ, અને ક્ષય છે.

ભાવાર્થ :- સમ્યક્ત્વ પરિણામનું બાહ્ય સહકારી કારણ વીતરાગ સર્વજ્ઞદેવના મુખકમલમાંથી નીકળેલું સર્વ પદાર્થોના પ્રતિપાદનમાં સમર્થ એવું-દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાનજ છે : કેમકે તે ઉપચારથી પદાર્થોના નિર્ણયનું કારણ છે. સમ્યગ્દર્શન થવામાં અંતરંગ કારણ દર્શનમોહનીયનું ક્ષય, ઉપશમ તથા ક્ષયોપશમ છે.

વિશેષાર્થ:- સમ્યગ્દર્શનની ઉત્પત્તિમાં બાહ્ય નિમિત્ત કારણ, અન્તરંગ નિમિત્ત કારણ અને ઉપાદાન કારણની આવશ્યકતા છે. જિનબિમ્બદર્શન (મુનિદર્શન, સિદ્ધક્ષેત્ર દર્શન, જિનમહિમાદિ

કલ્યાણકોનું દર્શન ગર્ભિત છે.) ધર્મશ્રવણ (ધર્મોપદેશ) જાતિસ્મરણ, વેદના, દેવઋદ્ધિ આદિ બાહ્ય નિમિત્ત કારણ છે. અન્તરંગ કારણ દર્શનમોહનીયકર્મનો ક્ષય, ઉપશમ, ક્ષાયોપશમ છે અને દ્રવ્ય દૃષ્ટિથી સમ્યગ્દર્શનનું ઉપાદાનકારણ સમ્યક્ત્વ નામનો આત્માનો એક સ્વતંત્ર ગુણ છે અને પર્યાયદૃષ્ટિથી સમ્યગ્દર્શનનું ઉપાદાન કારણ તેની પૂર્વ ક્ષણવર્તી પર્યાય છે.

જિનસૂત્રના અર્થનો અભિપ્રાય જો મુખથી કહેવામાં આવે તો તે મૌખિક દ્રવ્યશ્રુત છે અને જો તે સૂત્રોને અર્થથી અથવા અભિપ્રાયથી લિપિબદ્ધ કરવામાં આવે તો શાસ્ત્ર લિખિત દ્રવ્યશ્રુત છે. આચાર્યો ને શાસ્ત્ર લખવાનું મુખ્ય પ્રયોજન તો ભવ્ય જીવોને બાહ્ય જિનેન્દ્ર વાણી જાણવાનો હેતુ થાય, તે જ છે. અર્થાત જે ગ્રંથના નિમિત્તથી સાત તત્ત્વોનો અથવા આત્માનો યથાર્થ બોધ થાય તે ઉપચારથી સમ્યગ્દર્શનનું બાહ્ય નિમિત્ત કારણ છે. કેમકે તે શાસ્ત્રજ્ઞાન સમીચીન વ્યપદેશથી યુકત કરે છે. અથવા તે બન્ને સમાનરૂપથી સમ્યગ્દર્શનની ઉત્પત્તિના બાહ્ય નિમિત્ત કારણ છે. (જુઓ અર્થપ્રકાશિકા પૃષ્ટ ૯–૨૦)

જે અન્તરંગ મિથ્યાત્વાદિ પ્રકૃતિઓના ઉદયથી મિથ્યાદર્શન અથવા મિથ્યાત્વરૂપ આત્માના સમ્યક્ત્વ ગુણની પરિણતિ થઇ રહી હતી તે દર્શનમોહ મિથ્યાત્વાદિના અનુદયથી સમ્યગ્દર્શનરૂપ અવસ્થા ઉત્પન્ન થાય છે. તે જ વખતે જ્ઞાનનો ક્ષયોપશમ, જે સાત તત્ત્વોને જાણી રહ્યો હતો તે જ જ્ઞાનને સમીચીન જ્ઞાન કહેવામાં આવે છે. તે જ સમયમાં તે જીવને સ્વાનુભૂતિ પણ પ્રગટ થઇ જાય છે. આ સમ્યગ્દર્શન ખરેખર આત્માનો સૂક્ષ્મ

નિર્વિકલ્પ પર્યાય છે. અભેદ વિવક્ષાથી સ્વાનુભૂતિરૂપ જ્ઞાન ને સમ્યગ્દર્શન કહે છેઃ કેમકે તે સમ્યગ્દર્શન થયા પછી જ પ્રાપ્ત થાય છે.

જિનસૂત્ર, દ્રવ્ય અને ભાવરૂપ (ભેદથી) બે પ્રકારે હોય છે, જો ભાવસૂત્રરૂપ જ્ઞાનને અન્તરંગ કારણ માનવામાં આવે તો પણ તે સમ્યગ્દર્શનનું ઉપાદાન કારણ થઈ શકતું નથી પણ સહકારી અન્તરંગ કારણ થઈ શકે છેઃ કેમકે સમ્યક્ત્વ ગુણની પર્યાય સમ્યગ્દર્શન છે અને જ્ઞાન ગુણની પર્યાય જ્ઞાનરૂપ છે. અભેદ વિવક્ષાએ ઉપાદાન પણ થઇ શકે છે. પ્રશમ, સંવેગ, અનુકંપા અને આસ્તિકય આદિ ગુણો સમ્યગ્દર્શન થયા પછી જ પ્રાપ્ત થાય છે અર્થાત્ પ્રગટ થાય છે.

કોઈના ઉપદેશથી સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય તેને અધિગમ સમ્યગ્દર્શન કહે છે અને પૂર્વના સંસ્કારના બળે બાહ્ય ઉપદેશ વિના સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય તેને નિસર્ગ સમ્યગ્દર્શન કહે છે. કોઇ જીવ દ્રવ્યશ્રુતને અન્તરંગ કારણ માને છે તો તે જેમ અન્નને પ્રાણ માનવામાં આવે છે, તેમ કાર્યમાં ઉપચાર કરી કારણ કહી શકાય, પણ ખરેખર તે બાહ્ય સહકારી કારણ છે.

અભવ્યદ્રવ્યલિંગી મિથ્યાદૃષ્ટિમુનિનું દ્રવ્યશ્રુતજ્ઞાન અગિયાર અંગ નવપૂર્વનું યથાર્થ જિનેન્દ્ર કથનાનુસાર હોય છે. તેથી તો તે દ્રવ્યશ્રુતને અગ્યાર અંગ નવપૂર્વ કહ્યું છે. તે દ્રવ્યશ્રુતને યથાર્થતા પ્રાપ્ત ન હોય તો તે શ્રુતને સુશ્રુત નહિ કહેતા દુઃશ્રુત કહેવામાં આવત, પણ તેમ તો કહેવામાં આવ્યું નથી. જિનેન્દ્ર

ભગવાનનીવાણી ઇચ્છા રહિત હોવા છતાં તે પૌદગલિક છે. તેનું ઉપાદાન કારણ જડપુદ્ગલદ્રવ્ય છે અને છદ્મસ્થ ભવ્ય કે અભવ્યની વાણી ઇચ્છા પૂર્વક હોવા છતાં (જુઓ નિયમસાર ગાથા ૧૭૩–૧૭૪) પણ તે વાણીનું ઉપાદાન કારણ પુદ્ગલ જ છે: અર્થાત્ પુદ્ગલ (ભાષાવર્ગણા) નું જ પરિણમન છે. જે વાણીથી સાત તત્ત્વાદિનો યથાર્થ બોધ થાય તે જ વાણીને સુશ્રુતિ કહી છે અને જે વાણીથી આત્માને યથાર્થ બોધ ન થાય તે વાણીને દુઃશ્રુતિ કહેવામાં આવી છે: છતાં બન્ને વાણીનું ઉપાદાન કારણ પુદ્ગલજ છે અથવા પૌદગલિક વાણી છે. જિનેન્દ્રભગવાનની વાણી (જિનવાણી તેને કહે છે કે જેનાથી આત્માને સમિચીન બોધ થાય છે અને તે બોધથી ભેદજ્ઞાન સ્વ–પરનું યથાર્થ જ્ઞાન થતાં રાગાદિ ભાવકર્મોને જીતી શકાય તે વાણીને જિનવાણી કહે છે. અને જિતનારને જિન કહે છે) અને મિથ્યાદૃષ્ટિ મુનિની વાણીમાં કોઇ દોષ નથી. દોષ તો માત્ર તે મુનિના ઉપાદાનનો છે કે, જે તે ભાવે પરિણમતો નથી. પણ તેની વાણીથી અથવા ઉપદેશથી અન્ય ભવ્ય આત્માઓ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે અથવા સમ્યગ્દૃષ્ટિ થાય છે. અને તેનો આત્મા તે ભાવ (સમ્યગ્દર્શન) થી વંચિત રહે છે ત્યાં દોષ તેના ઉપાદાન તો છે વાણીનો નથી.

મોક્ષમાર્ગ પ્રકાશક :– અધિકાર સાતમો (ગુજરાતી) પૃષ્ટ ૨૪૦ માં પં. ટોડલમલજી લખે છે કે; તત્ત્વજ્ઞાનનું કારણ તો અધ્યાત્મરૂપ દ્રવ્યાનુયોગનાં શાસ્ત્ર છે; ત્યાં કોઇ જીવ એ શાસ્ત્રોનો પણ અભ્યાસ કરે છે પરંતુ જ્યાં જેમ લખ્યું છે તેમ પોતે નિર્ણય કરી પોતાને પોતારૂપ, પરને પરરૂપ તથા આસ્રવાદિકને આસ્રવાદિકરૂપ શ્રદ્ધાન કરતો નથી, કદાપિ મુખથી તે

યથાવત્ નિરૂપણ એવું પણ કરે કે જેના ઉપદેશથી અન્ય જીવ સમ્યગ્દષ્ટિ થઇ જાય; જેમ કોઇ પુરુષ સ્ત્રીનો સ્વાંગ ધરી એવું ગાયન કરે કે જે સાંભળીને અન્ય પુરુષ-સ્ત્રી કામરૂપ થઇ જાય. પણ આતો જેવું શીખ્યો તેવું કહે છે; પરંતુ તેનો ભાવ કાંઇ તેને ભાસતો નથી તેથી પોતે કામાસક્ત થતો નથી; તેમ આ જેવું લખ્યું છે તેવો ઉપદેશ આપે છે પરંતુ પોતે અનુભવ કરતો નથી..... એ પ્રમાણે તો તે અગિઆર અંગ સુધી ભણે તોપણ તેથી સિદ્ધિ થતી નથી.

શ્રી શ્લોકવાર્તિક મહર્ષિવિદ્યાનંદ વિરચિત ખંડ ૨ પૃષ્ટ ૧૩ થી પણ સિદ્ધ થાય છે કે દ્રવ્યલિંગી મુનિના ઉપદેશથી અનેક ભવ્ય જીવ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી શકે છે. શ્રી સર્વાર્થ-સિદ્ધિ, (શ્રી પૂજ્યપાદસ્વામી કૃત) શ્રી રાજવાર્તિકાલંકાર (શ્રી અકલંક ભટ્ટ) પંચાધ્યાય (બીજો અધ્યાય ગાથા ૧૯૯) માં કહ્યું છે કે દ્રવ્યલિંગ ધારણ કરવાવાળો મુનિ અગિઆર અંગ સુધી ભણી જાય છે પરંતુ મિથ્યાત્વ પટલનો ઉદય હોવાથી તે શુદ્ધાત્માનો સ્વાદ લઇ શકતો નથી. આશ્ચર્ય છે કે તેના ભણાવેલ શિષ્યો કે જેનું મિથ્યાત્વ કર્મ દુર થઇ ગયું છે તેઓ શુદ્ધાત્માનો આનંદ લઇ લ્યે છે પરંતુ તે નથી લઇ શકતો. આદિ ઠામ ઠામ પ્રમાણો મળે છે.

દૃષ્ટાંત :- જેમ કોઇ ફીલ્મ બનાવનાર માણસની રજીસ્ટર સંસારચક્રની ફીલ્મ તેના એજન્ટો બહારગામમાં બતાવે છે તે ફીલ્મ ગમે ત્યાં બતાવવામાં આવે છતાં તે ફીલ્મ તો એકરૂપજ છે માત્ર એજન્ટોમાં ફરક છે. તેમ જિનવાણી ના કર્તા ભગવાન

શ્રી કેવલી (અર્હંત) નાથની સ્યાત્ મુદ્રાથી રજીસ્ટર તત્ત્વોની પ્રીલ્મ તેના એજન્ટો દેશ દેશાવરમાં ફરી પ્રચાર કરે છે અર્થાત્ તે તત્ત્વોની પ્રીલ્મ ગમે ત્યાં સંભળાવે છે; તે પ્રીલ્મમાં ફરક નથી, માત્ર એમના એજન્ટોમાં ફરક છે. તેમ અભવ્ય મિથ્યાદૃષ્ટિ મુનિના ઉપદેશથી અન્ય ભવ્ય જીવો સમ્યક્ત્વ પ્રાપ્ત કરી શકે છે. કારણ તેની તત્ત્વરૂપી પ્રીલ્મમાં કોઇ ફરક નથી. તે તો મૂલકર્તાની પ્રીલ્મનેજ બતાડે છે; માત્ર તેના (એજન્ટના) ઉપાદાનનો દોષ (ફરક) છે કે, જે પોતે તે ભાવે પરિણમતો નથી.

હવે કોઈ ભાઇ એમ પ્રશ્ન કરે કે પ્રથમવાર સમ્યગ્દૃષ્ટિ (જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે) ના ઉપદેશ વિના અન્યજીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થઈ શકે તો તેમ માનવું તમારૂં યોગ્ય નથી કારણ જીવને સાક્ષાત્ જિનેન્દ્રભગવાનના સમવસરણમાં પણ સમ્યગ્દર્શન ઉત્પન્ન ન થયું કે જેઓ સમ્યગ્દર્શન તો શું પણ જીવન્મુકત પરમાત્મ દશા પ્રાપ્ત કરી ચુકયા છે. એવા સાક્ષાત્ ભગવાનની દેશનાથી પણ આ ભવ્ય જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થયું અને તેજ જીવને અભવ્ય મિથ્યાદૃષ્ટિની વાણી કે જે વાણી જિનકથિત હતી તેનાથી સમ્યગ્દર્શન થઇ ગયુ તેનું શું કારણ? તેનુ કારણ એ છે કે તે જીવનું ભગવાનના સમવસરણમાં જ મિથ્યાત્વ ગળવું શરૂ થઇ ગયુ હતું પણ સમ્પુર્ણરૂપે નાશ થવાનો વખત આવ્યો ત્યારે તેને સમવસરણને છોડી આવ્યુ હતું અને અભવ્ય મુનિના ઉપદેશમાં જતાં જ (જે વાણીથી જિનેન્દ્ર કહેતા હતા તેજ વાણી આ અભવ્ય મિથ્યાદૃષ્ટિ જીવ કહેતો હતો) દર્શનમોહનીય સમ્પૂર્ણ ગળી જતાં અથવા ક્ષય, ઉપશમ,

ક્ષયોપશમ થતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. તેમજ મિથ્યાદૃષ્ટિના ઉપદેશથી ભવ્યજીવનું મિથ્યાત્વ ગળવું શરૂ થયું હતું પણ સમ્પૂર્ણરૂપે નાશ થવાનો વખત આવ્યો ત્યારે તેને ઉપદેશસ્થાન છોડી આપ્યુ હતું અને સમ્યગ્દૃષ્ટિ મુનિના ઉપદેશમાં જતાં દર્શનમોહનીયકર્મ સમ્પૂર્ણ ગળી જતાં અથવા ક્ષય, ઉપશમ, ક્ષયોપશમ થતાં જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. અથવા છદ્રવ્ય, નવ પદાર્થના ઉપદેશિત તત્ત્વાર્થને ધારણ કરવાની પ્રાપ્તિ (જેને દેશનાલબ્ધિ કહે છે.) ના સંસ્કાર વડે નરકાદિમાં કે જ્યાં ઉપદેશ દેવાવાલા નથી ત્યાં પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સારાંશ :– એ છે કે ભવ્ય જીવને છ દ્રવ્ય નવ પદાર્થના ઉપદેશની પ્રાપ્તિ ધારણાપૂર્વક જો એકવાર પણ થઈ જાય તો તે જીવ તે સંસ્કાર વડે સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ કોઈના (જિનકથિત) ઉપદેશથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી શકે છે. જેમ કૃતકલ્પ વેદક સમ્યગ્દર્શન માંથી ક્ષાયક થવાનો કાળ આવ્યો કે તે જીવે કેવળી કે શ્રુતકેવળીના સમાગમને છોડી અન્ય સ્થળે જતાં ત્યાં ક્ષાયક સમ્યગ્દર્શન થાય છે તેમ સમજવું (જુવો ભગવતી આરાધના પૃષ્ટ ૬૬૦) પણ હઠાગ્રહ કરવો મુમુક્ષુઓનો ધર્મ નથી. છદ્મસ્થ તેને કહે છે કે જેનું જ્ઞાન સમ્પૂર્ણ પદાર્થને જાણવું અશક્ય છે તો તેની ભૂલ થવી શું શક્ય નથી? છદ્મસ્થ ભૂલને પાત્ર છે અને કેવલીભગવંતો ભૂલને પાત્ર નથી. તે દશા પૂર્ણ ન થાય ત્યાં સુધી ભૂલ થવા સંભવ છે. ગણધરાદિ દ્વાદશાંગના શ્રુતજ્ઞાનીઓની આશંકાનું નિરાકરણ (નિવારણ) કરવા ભગવંતોની વાણી સ્વયં ખરતી હતી (ઝરતીહતી) તો પછી આપણા જેવા અલ્પજ્ઞાનીઓના જ્ઞાનનાં શું મૂલ્ય? કાંઇ જ નહી. માટે

મુમુક્ષુઓએ હઠાગ્રહ કરવો ન જોઇએ. તેનાથી તો પોતાનું જ નુકશાન થાય છે. કોઇ પણ ભવ્યજીવને પ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્તિમાં દેશના આપે અન્ય સમ્યગ્દૃષ્ટિ જીવથી અથવા મિથ્યાદૃષ્ટિ જીવથી મળી હોય તોપણ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. દેશનામાં કોઇ જીવનું સમ્યક્ત્વ કારણ નથી પણ શુભયોગ જ કારણ છે અને તે શુભયોગ સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાગ્દાષ્ટ બન્નેને હોય છે.

सम्यग्दृष्टिर्जीव उपादिष्टं प्रवचनं तु श्रद्धाति ।
श्रद्धात्यसद्भावमज्ञायमानो गुरुनियोगात् ॥२८३॥

सूत्राच्चं सम्यक् दर्शयन्तं यदा न श्रद्धाति ।
स चैव भवति मिथ्यादृष्टिर्जीवस्तदा प्रभृति ॥२८४॥

અર્થ:- સમ્યગ્દૃષ્ટિ જીવ આચાર્યો દ્વારા ઉપદિષ્ટ પ્રવચનનું શ્રદ્ધાન કરે છે. કિન્તુ અજ્ઞાનવશ ગુરુના ઉપદેશથી વિપરીત અર્થનું પણ શ્રદ્ધાન કરી લ્યે છે: અર્થાત્ અરિહંત દેવનો આવો જ ઉપદેશ છે એમ સમજીને જો કોઇ પદાર્થનું વિપરીત શ્રદ્ધાન કરે તો પણ તે સમ્યગ્દૃષ્ટિ છે. કારણ કે તેણે અરિહંતનો ઉપદેશ સમજી ને તે પદાર્થનું તેવું શ્રદ્ધાન કરેલ છે, પણ ગણધરાદિક કથિત સૂત્રના આશ્રયથી આચાર્યાદિ દ્વારા ભલી પ્રકારે સમજાવવા છતાં પણ જો તે જીવ તે પદાર્થનું સમીચીન શ્રદ્ધાન કરતો નથી તો તે જીવ તેજ સમયમાં મિથ્યાદૃષ્ટિ થઇ જાય છે.

ભાવાર્થ:- કોઇ સમ્યગ્દૃષ્ટિ જીવ કદી વિશેષ જ્ઞાનીના યોગ વિના કોઇપણ પદાર્થનું વિપરીત શ્રદ્ધાન, અરિહંત ભગવાનનું આવું

વચન છે એમ સમજી કરી હ્યે છે, તો પણ તે જીવ સમ્યગ્દૃષ્ટિ જ છે: કારણ તેની ભૂલવાળી માન્યતા પણ અરિહંત ભગવાનના વચન ઉપર પૂર્ણ શ્રદ્ધાન પૂર્વક છે ત્યાં સુધી તો તે જીવ સમ્યગ્દૃષ્ટિ છે પણ કોઇ વિશેષ જ્ઞાનીનો યોગ મળતા પોતાની ભૂલ મટાડી આપે અથવા આગમોના પ્રમાણો આપી સમજાવવા છતાં અર્થાત્ સમીચીન પદાર્થનું સ્વરૂપ સમજાવવા છતાં જો તે જીવે પૂર્વમાં અજ્ઞાનથી અતત્ત્વ શ્રદ્ધાન કરેલ, તે ન છોડે અર્થાત્ હઠાગ્રહ કરે તો તે જીવ તે જ કાલમાં મિથ્યાદૃષ્ટિ થઇ જાય છે અથવા કહેવામાં આવે છે. (અર્થપ્રકાશિકા પં. સદાસુખજી કૃત પૃષ્ટ ૩૦૦ અધ્યાય ૮ માં કહ્યું છે કે,)

અસંયત સમ્યગ્દૃષ્ટિ ભગવાન અરિહંતનો ઉપદેશેલ સત્યાર્થ આપ્ત, આગમ અને પદાર્થનું શ્રદ્ધાન કરે છે અને જો પોતાને વિશેષ જ્ઞાન ન હોય અને કેવળ ઉપદેશદાતાના સંબંધથી ભગવાન અરિહંતનું ઉપદેશેલ જાણી અસત્યાર્થ પણ શ્રદ્ધાન કરે કે ભગવાનના આગમમાં એવું જ કહેલ છે, એમ માની ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી, તેથી તે સમ્યગ્દૃષ્ટિ છે. કોઇ વધારે જ્ઞાનીનો સંબંધ થતાં ગણધરાદિકના ઉપદેશેલ આગમ બતાવે કે–જે તમે શ્રદ્ધાન કરેલ છે તે ઠીક નથી; કારણ ભગવાનના આગમમાં આ પ્રમાણે ઉપદેશ છે. તમે જેમ ધારી (માની) રાખ્યું છે. તેમ નથી, એમ સમજાવવા છતાં ખોટો આગ્રહ રાખે કે હું, હજારો માણસોમાં જે (વાત) કહી ચુકયો છું. તે હવે કેમ ફરે એવા વચનના (પ્રતિષ્ઠા) પક્ષપાતથી અસત્યાર્થ હઠને ન છોડે તો તે જીવ તે જ કાલમાં મિથ્યાદૃષ્ટિ થઇ જાય છે.

જિનશાસનનો વક્તા હઠાગ્રહી હોતો નથી. આવી જ ગાથા લબ્ધિસાર ગ્રંથમાં નં. ૧૦૫–૧૦૬ની છે. શ્રી ધવલાજી ખંડ છઠ્ઠા ના પૃષ્ટ ૨૪૨માં ગાથા ૧૪–૧૫ માં પણ આજ પ્રકારનું કથન છે.

પરમભાવનું સ્વરૂપ

कर्म महीरुहमूलछेदसमर्थः स्वकीय परिणामः।
स्वाधीनसमभावः आलुंछनमिति समुद्दिष्टम् ॥३८५॥

અર્થ:– (આઠ) કર્મરૂપી વૃક્ષનું મૂળ છેદવામાં સમર્થ એવો જે સમભાવરૂપ (નિજઆત્માનો) સ્વાધીન નિજ પરિણામ છે તેને આલુંછન નામથી કહે છે.

ભાવાર્થ:– ભવ્યને પારિણામિકભાવરૂપ સ્વભાવ હોવાને લીધે, પરમસ્વભાવ છે તે પાંચ ભાવ ઔદયિકાદિ ચાર વિભાવ સ્વભાવો તેને અગોચર છે, તેથી જ તે પંચમ ભાવ ઉદય, ઉદીરણા ક્ષય, ક્ષયોપશમ એવા વિવિધ વિકારો વિનાનો છે. આ કારણથી આ એકને પરમપણું છે, બાકીના ચાર વિભાવોને અપરમપણું છે. સમસ્ત કર્મરૂપી વિષવૃક્ષના મૂળને ઉખેડી નાખવામાં સમર્થ એવો આ પરમભાવ, ત્રિકાળ–નિરાવરણ નિજ કારણ પરમાત્માના સ્વરૂપની શ્રદ્ધાથી પ્રતિપક્ષ તીવ્ર મિથ્યાત્વ કર્મના ઉદયને લીધે કુદૃષ્ટિને, સદા નિશ્ચયથી વિદ્યમાન હોવા છતાં, અવિદ્યમાન જ છે. (કારણ કે મિથ્યાદૃષ્ટિને તે પરમભાવના વિદ્યમાનપણાની શ્રદ્ધા નથી) શુદ્ધનિશ્ચયનયથી તે પરમભાવ નિત્ય નિગોદના જીવોને પણ અભવ્યત્વ પારિણામિક એવા નામ સહિત નથી. (પરંતુ શુદ્ધપણે છે.) જેમ મેરુના અધોભાગમાં રહેલા સુવર્ણ રાશિને

પણ સુવર્ણપણું છે; તેમ અભવ્યોને પણ પરમસ્વભાવ પણું છે; તે વસ્તુ નિષ્ટ છે, વ્યવહાર યોગ્ય નથી (અર્થાત્ જેમ મેરુની નીચેના સુવર્ણ રાશિનું સુવર્ણપણું સુવર્ણરાશિમાં રહેલું છે પણ તે વપરાશમાં-ઉપયોગમાં આવતું નથી તેમ અભવ્યોનું પરમસ્વભાવપણું આત્મવસ્તુમાં રહેલું છે પણ કામમાં આવતું નથી: કારણ કે અભવ્ય જીવો પરમ સ્વભાવનો આશ્રય કરવાને અયોગ્ય છે) સુદૃષ્ટિઓને-અતિ આસન્ન ભવ્ય જીવોને આ પરમભાવ સદા નિરંજનપણાને લીધે (પ્રતિભાસ પણાને લીધે) સફળ થયો છે; તેથી, આ પરમ પંચમ ભાવ વડે અતિ-આસન્ન ભવ્યજીવ ને નિશ્ચય પરમ આલોચનાના ભેદરૂપે ઉત્પન્ન થતું "આલુંછન" નામ સિદ્ધ થાય છે. કારણ કે તે પરમભાવ સમસ્ત કર્મરૂપી વિષમ-વિષવૃક્ષના વિશાળ મૂળને ઉખેડી નાખવામાં સમર્થ છે.

વિશેષાર્થ:- ભવ્યત્વ નામનો પારિણામિકભાવ (સ્વભાવ)નો ધારક ભવ્યજીવને નિજ આત્મસંબંધી પારિણામિક ભાવ જ પરમભાવ છે.

આ પંચમભાવ **ઉદય** (સમય પામીને થતો કર્મોનો ઉદય) **ઉદીરણા** (આગામી ઉદય યોગ્ય કર્મોનો પહેલા એકી સાથે ઘણાનો ઉદય થઈ જવો.) **ક્ષય** (કર્મોનો સર્વથા નાશ થવો.) **ક્ષયોપશમ** (કર્મોના સર્વઘાતી સ્પર્દ્ધકોનો ઉદયાભાવી ક્ષય તથા ઉપશમ અને દેશઘાતી સ્પર્દ્ધકોનો ઉદય હોય) એવા ચાર અવસ્થા દ્વારા ઉત્પન્ન થયેલ નાના પ્રકારના વિકાર ભાવોથી રહિત છે. તે કારણે આ આત્માના શુદ્ધ પરિણામને જ પરમતત્ત્વ-ઉત્કૃષ્ટપણું છે. તે અપેક્ષાએ બીજા ચાર વિભાવ સ્વભાવ ભાવોને હીનપણું છે.

આ પરમભાવ સદા નિરંજનરૂપ કર્મરજથી રહિત, સમ્પૂર્ણ કર્મરૂપી કઠોર વિષવૃક્ષને જડ મૂળથી નાશ કરવામાં સમર્થ છે. ત્રણ કાળમાં જેને કદીપણ આવરણ નથી થયું એવો નિરાવરણ, નિજકારણપરમાત્માના સ્વરૂપની શ્રદ્ધાન જ સમ્યક્‌ત્વ છે. પરમભાવની શ્રદ્ધાનરૂપ સમ્યક્‌ત્વનો તીવ્ર વિરોધી મિથ્યાત્વ કર્મનો ઉદય છે. તે પરમશુદ્ધભાવ જો કે શુદ્ધનિશ્ચયનયથી મિથ્યાદૃષ્ટિને પણ સદા વિદ્યમાન છે તો પણ તે ભાવ અવિદ્યમાન સમાન જ છે. કારણ કે મિથ્યાદૃષ્ટિને તે પરમભાવનું ભાન જ નથી.

શુદ્ધનિશ્ચયનયથી તે પરમભાવ નિત્યનિગોદવાસી જીવોને પણ હોય છે તોપણ અભવ્યત્વ પારિણામિક ભાવની અપેક્ષાથી તેઓને આ ભાવ સંભવ નથી.

અભવ્ય જીવોને પણ આ – પરમસ્વભાવપણું વસ્તુનિષ્ટ છે અર્થાત્ આત્મદ્રવ્યમાં શક્તિરૂપ શોભાયમાન છે પણ તેની વ્યક્તતા નથી. વ્યવહારનયથી તે (અભવ્ય) જીવોમાં પરમસ્વભાવ-રૂપ પરિણમનની યોગ્યતા નથી અને અત્યંત નિકટ આસન્ન-ભવ્ય સુદૃષ્ટિ જીવને આ પરમભાવ મંગલનું દાતાર છે.

શુદ્ધાત્મદ્રવ્ય સામાન્યનું આલંબન માત્ર કરવાથી જ (પરમ શુદ્ધ પારિણામિકભાવનું) ક્ષાયકભાવરૂપ શુદ્ધ પર્યાય પ્રગટે છે; પણ ક્ષાયકભાવના અંશરૂપી શુદ્ધ પર્યાયના આલંબનથી ક્ષાયિક ભાવરૂપ શુદ્ધ અવસ્થા પ્રગટતી નથીઃ અર્થાત્ ચારે પ્રકારના વિભાવ સ્વભાવ ભાવનો ત્યાગ કરાવી માત્ર એકરૂપ ત્રિકાળ નિત્ય શુદ્ધદ્રવ્ય સામાન્યરૂપ આત્મસ્વરૂપનું ધ્યેય જ

મોક્ષાર્થીઓને પરમ ઉપાદેય છે. કારણ કે તે નિરંતર, અખંડ, અદ્વૈત, અનુપમ, નિરંજન, નિર્વિકાર, નિજ પરમકારણપરમાત્મ તત્ત્વમાં એ સઘળું છે.

સારાંશઃ– નિગોદથી માંઠીને પરમ સિદ્ધિ સુધીની સર્વ અવસ્થામાં રહેલું જે નિત્ય નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્ય સામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તેને જ શુદ્ધ અંતઃ તત્ત્વ, કારણ પરમાત્મા, પરમ પારિણામિક ભાવ આદિ નામોથી કહેવાય છે. શુદ્ધરત્નત્રયની પ્રાપ્તિ આ પરમાત્મતત્ત્વ નો આશ્રય કરવાથી જ થાય છે. પરમાત્મતત્ત્વનો જઘન્ય આશ્રય સમ્યગ્દર્શનથી શરૂ થાય છે અને ઉત્કૃષ્ટ આશ્રયની ભૂમિકા દેશવિરત, સકલ સંયમ થી વધતાં વધતાં (ઠરતાં ઠરતાં) તેરમાં ગુણસ્થાને પૂર્ણ આશ્રય થતાં કેવળજ્ઞાન અને સિદ્ધત્વ પામી જીવ સર્વથા કૃતાર્થ થાય છે.

પરમાત્મતત્ત્વનો આશ્રય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી શરૂ થતાં તેના નિશ્ચય સાધનોરૂપ સત્યાર્થ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સામાયિક, ભક્તિ, આવશ્યક, સમિતિ, ગુપ્તિ, સંયમ, તપ, સંવર, નિર્જરા, ધર્મ-ધ્યાન, શુકલધ્યાન આદિ બધું ય તે રૂપજ છે. અર્થાત્ તે નિશ્ચય ની પ્રાપ્તિના સાધનભૂત વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર પ્રત્યાખ્યાન આદિ આગળમાં જે નિશ્ચયમાં કહ્યા તે બધાં શુભવિકલ્પરૂપ ભાવો પરંપરા મોક્ષના કારણો હોવાથી તેને વ્યવહાર મોક્ષ માર્ગ કહેવામાં આવે છે.

સમ્યગ્દૃષ્ટિને પરમાત્મતત્ત્વના આશ્રિતે મોક્ષ માર્ગની પ્રાપ્તિનો અંશ પ્રગટ થયો છે, તે ઔપાધિક ઉછાળા મારતા

શુભાશુભ વિકલ્પો ને પરમાત્મતત્ત્વની ધ્રુવ અચળ દૃષ્ટિથી શમાવતો અને તેના આલંબને આગળ વધતો ગુણસ્થાનોની પરિપાટીને છેદતો જીવ કૃતકૃત્યતા અનુભવે છે. આ નિરંજન નિરાવરણ, નિરપેક્ષ નિજ પરમાત્મતત્ત્વના આશ્રયે સર્વ મુમુક્ષુઓ ભૂતકાળે પંચમ ગતિને પામ્યાં છે, વર્તમાનકાળે અન્ય ક્ષેત્રથી પામે છે. અને ભાવીકાળે પામશે. આ પરમાત્મતત્ત્વ સર્વ તત્ત્વોમાં સાર છે, ત્રિકાળ, નિરાવરણ, નિત્યાનંદ એકરૂપ અનાદિ અનંત સ્વભાવ અનંત ચતુષ્ટયથી સનાથ છે, આનંદદાતા છે, સુખ સાગરનું પૂર છે, કલેશોદધિનો કિનારો, ચારિત્રનું મૂળ, મુક્તિનું સાક્ષાત્ કારણ છે.

કારણજ્ઞાનોપયોગ – કાર્યજ્ઞાનોપયોગ.

जीव उपयोगमयः उपयोगो ज्ञानदर्शनं भवति ।
ज्ञानोपयोगो द्विविधः स्वभावज्ञानं विभावज्ञानमिति ॥२८६॥

केवलमिन्द्रियरहितं असहायं तत्सभाव ज्ञानमिति ।
संज्ञानेतरविकल्पे विभावज्ञानं भवेद् द्विविधम् ॥२८७॥

संज्ञानं चतुर्भेदं मतिश्रुतावधयस्तथैव मनःपर्ययम् ।
अज्ञानं त्रिविकल्पं मत्यादेर्भेदतश्चैव ॥२८८॥

અર્થ:– જીવ ઉપયોગમય છે. ઉપયોગ જ્ઞાન અને દર્શન છે. જ્ઞાનોપયોગ બે પ્રકારે છે. એક સ્વભાવજ્ઞાન બીજુ વિભાવજ્ઞાન છે. જે જ્ઞાન કેવળ ઇન્દ્રિય રહિત અને અસહાય છે તે સ્વભાવ જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનરૂપ બે પ્રકારનું વિભાવજ્ઞાન

છે. સમ્યગ્જ્ઞાન ચાર ભેદવાળું છેઃ મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યય અને અજ્ઞાન (મિથ્યાજ્ઞાન) ત્રણ પ્રકારનું છે (કુમતિ, કુશ્રુત, કુઅવધિ.)

ભાવાર્થઃ– આત્માનો ચૈતન્ય અનુવર્તી (ચૈતન્યને અનુસરીને વર્તનારો) પરિણામ તે ઉપયોગ છે. ઉપયોગ તે જ ધર્મ છે, તેનો ધારક જીવ ધર્મી છે. દીપક અને પ્રકાશના જેવો એમનો સંબંધ છે. જ્ઞાન અને દર્શનના ભેદથી આ ઉપયોગ બે પ્રકારનો છેઃ અર્થાત્ જ્ઞાનોપયોગ-દર્શનોપયોગ એમ બે પ્રકારે ઉપયોગ છે. આમાં જ્ઞાનોપયોગ પણ સ્વભાવ અને વિભાવના ભેદે બે પ્રકારનો છે. અર્થાત્ જ્ઞાનોપયોગના બે પ્રકાર છે (૧) સ્વભાવ-જ્ઞાનોપયોગ (૨) વિભાવ જ્ઞાનોપયોગ છે. તેમાં સ્વભાવજ્ઞાન અમૂર્ત, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનાશી છે; તે પણ કાર્ય અને કારણ રૂપે બે પ્રકારનું છેઃ અર્થાત્ સ્વભાવજ્ઞાનના પણ બે પ્રકાર છે (૧) કાર્ય સ્વભાવજ્ઞાન (૨) કારણ સ્વભાવજ્ઞાન. કાર્ય સ્વભાવજ્ઞાન તો સકળ વિમળ (સર્વથા નિર્મળ) કેવલજ્ઞાન છે અને તેનું કારણ પરમ પારિણામિકભાવે રહેલું ત્રિકાળ નિરુપાધિરૂપ સહજજ્ઞાન છે. (કેવળ) વિભાવરૂપ જ્ઞાનોપયોગ ત્રણ પ્રકારે છે. કુમતિ, કુશ્રુત અને કુઅવધિ (વિભંગ) છે.

જે ઉપાધિ વિનાના સ્વભાવવાળું શુદ્ધ છે, આવરણ વિનાના સ્વરૂપવાળું હોવાથી ક્રમ, ઇન્દ્રિય અને (દેશ-કાળાદિ) આંતરા રહિત છે, એક એક વસ્તુમાં નહિ વ્યાપતું હોવાથી (સમસ્ત વસ્તુમાં વ્યાપતું હોવાથી અર્થાત્ અક્રમરૂપ સર્વ વસ્તુને જાણતું હોવાથી) અસહાય છે, તે કાર્યસ્વભાવજ્ઞાન છેઃ કારણજ્ઞાન

પણ તેવુંજ છે. શાથી ? નિજ પરમાત્મામાં રહેલા સહજદર્શન સહજચારિત્ર, સહજસુખ અને સહજપરમચિત્શક્તિરૂપ નિજકારણ સમયસારના (અનંતચતુષ્ટય) સ્વરૂપોને યુગપત્ જાણવાને સમર્થ હોવાથી તેવુંજ છે. આમ શુદ્ધજ્ઞાનનું સ્વરૂપ કહ્યું. હવે આ (નીચેપ્રમાણે) શુદ્ધાશુદ્ધ જ્ઞાનનું સ્વરૂપ અને તેના ભેદ કહેવામાં આવે છે.

મતિજ્ઞાનઃ–ત્રણ પ્રકારનું છેઃ ઉપલબ્ધિ, ભાવના, ઉપયોગ (મતિજ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી અર્થ ગ્રહણ શક્તિ અર્થાત પદાર્થ જાણવાની શકિત) તે ઉપલબ્ધિ છે. (જાણેલા પદાર્થ પ્રત્યે વારંવાર ચિંતવન) તે ભાવના છે. (આ પીળું છે કાળું છે ઇત્યાદિ અર્થ ગ્રહણ વ્યાપાર અર્થાત્ પદાર્થ જાણવાનો વ્યાપાર) તે ઉપયોગ છે. તથા મતિજ્ઞાન અવગ્રહાદિથી ચાર ભેદવાળું છે. (૧) અવગ્રહ, ઇહા, (વિચારણા) અવાય, (નિર્ણય) ધારણા, (કાલાંતરમાં ન ભૂલાય) અથવા મતિજ્ઞાન બાર ભેદ વાળું છે. (૧) બહુ (૨) એક (૩) બહુવિધ (૪) એકવિધ (૫) ક્ષિપ્ર (૬) અક્ષિપ્ર (૭) અનિઃસૃત (૮) નિઃસૃત (૯) અનુકત (૧૦) ઉકત (૧૧) ધ્રુવ (૧૨) અધ્રુવ આદિ અનેક ભેદવાળું છે. (જુવો ગોમટસાર ગાથા ૩૧૩ માંથી વધારે ખુલાસો મલશે).

શ્રુતજ્ઞાનઃ–લબ્ધિ, ભાવના, ઉપયોગ, અને નય એમ ચાર પ્રકારનું છે. (જુઓ પંચાસ્તિકાય શ્રી જયસેનાચાર્યકૃત ગાથા ૪૫ તથા ગોમટસાર જીવકાંડ ગાથા ૩૧૪ થી ૩૫૯ માં જોવાથી વધારે ખુલાસો મલશે.) (શ્રુતજ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી મૂર્ત અને અમૂર્ત પદાર્થોને ગ્રહણ કરવાની શકિત અર્થાત્ પદાર્થને વિશેષ પ્રકારે

જાણવાની શક્તિ) તે લબ્ધિ છે. (વારંવાર તેનોજ વિચાર) તે ભાવના છે. (તેના ઉપયોગ અને નય એમ બે ભેદ છે.) વસ્તુને ગ્રહણ કરવાવાળું પ્રમાણ જ્ઞાન તે ઉપયોગ છે. (જે ગુણ પર્યાય-રૂપ પદાર્થને સર્વરૂપથી જાણવું તે પ્રમાણ છે) અને જે વસ્તુના એક દેશને ગ્રહણ કરવાવાળું તે નય છે. (કોઈ એક ગુણ અથવા કોઇ એક પર્યાય માત્રને મુખ્યતાથી જાણવું તે નય છે) શ્રુત-જ્ઞાન-મતિજ્ઞાનપૂર્વક થાય છે. મતિજ્ઞાનથી આત્માએ જે પદાર્થને જાણ્યો હતો તેના વિષયમાં વધારે જાણપણું થાય છે તે શ્રુતજ્ઞાન છે.

અવધિજ્ઞાનઃ- ત્રણ પ્રકારનું છે. દેશાવધિ, પરમાવધિ, સર્વાવધિ (દેશાવધિ ગુણપ્રત્યય અવધિજ્ઞાનના અનુગામી, અનનુગામી, વર્ધમાન, હીયમાન, અવસ્થિત, અનવસ્થિત, પ્રતિપાતિ, અને અપ્રતિપાતિ એમ આઠ પ્રકારનું છે.) આ જ્ઞાનથી પોતાના તથા બીજાના આગલા પાછલા જન્મોનું જ્ઞાન થાય છે. (જુઓ પંચા-સ્તિકાય શ્રીજયસેનાચાર્ય કૃત ગાથા ૪૬ તથા ગોમટસાર જીવકાંડ ગાથા ૩૭૦, થી ૪૩૬ સુધીમાં વિશેષ પ્રકારે વર્ણન છે. તથા રાજવાર્તિકમાં છે ત્યાંથી જોઈ લેવું)

મનઃપર્યયજ્ઞાનઃ- બે પ્રકારનું છે. ઋજુમતિ અને વિપુલમતિ (જુઓ પંચાસ્તિકાય શ્રીજયસેનાચાર્યકૃત ગાથા ૪૭ તથા ગોમટસાર જીવકાંડ ગાથા ૪૩૭ થી ૪૫૭ તથા રાજવાર્તિકમાંથી વિશેષ ખુલાસો જોઇ લેવો.)

ઋજુમતિનો વિષય સરલ મનથી, વચનથી, કાયથી કરવામાં

આવેલ કાર્યોનું જે કોઇ પોતાના મનમાં ચિંતવન કરી રહ્યો છે તેને યથાર્થ જાણે છે. જઘન્ય બે ત્રણ ભવનું અને ઉત્કૃષ્ટ સાત આઠ ભવનું પોતે પહેલા ચિંતવન કરેલ હોય તે, તથા બીજા જીવોનું પણ જાણી શકે છે. જઘન્ય ક્ષેત્ર ૩ થી ૯ ગાઉ અને ઉત્કૃષ્ટ ૩ થી ૯ યોજનની અંદર કોઇ ચિંતવન કરી રહ્યા હોય તેની વાત જાણી શકે છે.

વિપુલમતિનો વિષય સરલ તથા વક્ર મન, વચન, કાયથી કરવામાં આવેલ કાર્યોનું જે ચિંતવન કરતો હોય, તે પહેલાં ચિંતવન કર્યું હોય અને આગળ ચિંતવન કરશે તે બધાનું જ્ઞાન વિપુલમતિ જાણી શકે છે. જઘન્ય કાળ ૭ થી ૮ ભવ ઉત્કૃષ્ટ અસંખ્યાત ભવ. ક્ષેત્ર ૩ થી ૯ યોજન ઉત્કૃષ્ટ ૪૫ લાખ યોજન માનુષોત્તર પર્વતની અંદર જાણી શકે છે. પરમભાવમાં સ્થિત સમ્યગ્દૃષ્ટિને આ ચાર સમ્યગ્જ્ઞાન હોય છે. (સુમતિ સુશ્રુત સર્વ સમ્યગ્દૃષ્ટિને હોય છે. સુઅવધિ કોઇ કોઇ સમ્યગ્દૃષ્ટિને હોય છે, અને મનઃપર્યયજ્ઞાન કોઈ કોઇ મુનિશ્વરોને હોય છે.) મિથ્યાદર્શન હોય ત્યાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન "કુમતિજ્ઞાન" કુશ્રુતજ્ઞાન અને વિભંગજ્ઞાન એવા નામાંતરોને (અન્ય નામોને) પામે છે. સહજજ્ઞાન, શુદ્ધઅંતઃતત્ત્વરૂપ પરમતત્વમાં વ્યાપક હોવાથી, સ્વરૂપપ્રત્યક્ષ છે. (સ્વરૂપ અપેક્ષાએ પ્રત્યક્ષ) કેવલજ્ઞાન સકલ પ્રત્યક્ષ છે. અવધિજ્ઞાન વિકલ પ્રત્યક્ષ [એક દેશ પ્રત્યક્ષ છે અર્થાત્ એક મન દ્વારા ઉત્પન્ન થાય છે. જુઓ પંચાધ્યાયી પ્રથમ અધ્યાય ગાથા ૬૯૯. ગો. જી. ગાથા ૪૪૫-૪૪૭ તેનો વિષય રૂપીદ્રવ્ય છે એવું આગમનું વચન છે.]

અને તેના અનંતમાં ભાગે વસ્તુના અંશનું ગ્રાહક [જાણનારૂં] હોવાથી મનઃપર્યયજ્ઞાન પણ વિકલપ્રત્યક્ષ છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બન્ને પરમાર્થથી પરોક્ષ છે અને વ્યવહારથી પ્રત્યક્ષ છે.

ઉપર કહેલાં જ્ઞાનોમાં સાક્ષાત્ મોક્ષનું મૂળ નિજ પરમાત્મ-તત્ત્વમાં સ્થિત રૂપેવું એક સહજજ્ઞાન જ છે; તેમજ સહજજ્ઞાન તેના પારિણામિકભાવરૂપ સ્વભાવને લીધે ભવ્યનો પરમસ્વભાવ હોવાથી સહજજ્ઞાન સિવાય બીજું કાંઇ ઉપાદેય નથી.

વિશેષાર્થ:- ચૈતન્યાનુવિધાયી પરિણામ તે ઉપયોગ છે. અર્થાત્ આત્માના ચૈતન્ય ગુણની સાથ વર્તવાવાળો જે પરિણામ તે ઉપયોગ છે. તે જ ધર્મ છે આત્મા તેનો ધર્મી છે. તે ઉપયોગ બે પ્રકારનો છે (૧) જ્ઞાનોપયોગ અને (૨) દર્શનોપયોગ. જ્ઞાનો-પયોગના પણ બે પ્રકાર છે (૧) સ્વભાવજ્ઞાનોપયોગ (૨) વિભાવ-જ્ઞાનોપયોગ. સ્વભાવજ્ઞાનોપયોગ પણ બે પ્રકારે છે. (૧) કાર્યસ્વભાવ-જ્ઞાનોપયોગ (અર્થાત્ કેવલજ્ઞાનોપયોગ) (૨) કારણસ્વભાવ-જ્ઞાનોપયોગ. (અર્થાત્ સહજજ્ઞાનોપયોગ) વિભાવજ્ઞાનોપયોગના પણ બે પ્રકાર છે: (૧) સમ્યક્ વિભાવ જ્ઞાનોપયોગ અને (૨) મિથ્યા વિભાવજ્ઞાનોપયોગ. (અર્થાત્ કેવળ વિભાવ-જ્ઞાનોપયોગ,) સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગના ચારભેદ છે (સુમતિજ્ઞાનોપયોગ, સુશ્રુતજ્ઞાનોપયોગ, સુઅવધિજ્ઞાનોપયોગ અને મનઃપર્યયજ્ઞાનોપયોગ.) મિથ્યા વિભાવજ્ઞાનોપયોગના અર્થાત્ કેવલ વિભાવજ્ઞાનોપયોગના ત્રણ ભેદ છે; (૧) કુમતિજ્ઞાનોપયોગ (૨) કુશ્રુતજ્ઞાનોપયોગ અને (૩) વિભંગ જ્ઞાનોપયોગ અર્થાત્ કુઅવધિજ્ઞાનોપયોગ.

વ્યાખ્યા:- **સ્વભાવજ્ઞાનોપયોગ** (સકલસ્વભાવજ્ઞાન) તે આત્માનું નિજજ્ઞાન છે તે કેવું છે:- અમૂર્તિક, અવ્યાબાધ, અતીન્દ્રિય અને અવિનશ્વર છે. **વિભાવજ્ઞાનોપયોગ** (આત્મિકભાવના રહિતજ્ઞાન) કુમતિજ્ઞાનોપયોગ કુશ્રુતજ્ઞાનોપયોગ, કુઅવધિજ્ઞાનોપયોગ એમ ત્રણ ભેદ છે તે મિથ્યાદૃષ્ટિઓને હોય છે.

કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ:- તે નિર્મળ કેવળજ્ઞાન, ઉપાધિરહિત, નિરાવરણ, (આવરણ રહિત) અક્રમરૂપ (ક્રમવર્તી રહિત) બધા પદાર્થોમાં એક જ સમયમાં તે જ્ઞાન વ્યાપક (પોતાના ક્ષેત્રમાં રહીને પૂર્ણ સ્વભાવથી જાણવાવાળું) અસહાય, અતીન્દ્રિય સ્વયંપ્રત્યક્ષરૂપથી પદાર્થોને અભેદરૂપ (ત્રણ કાળના ભેદરહિત) સંપૂર્ણરૂપથી જાણે છે.

કારણ સ્વભાવ જ્ઞાનોપયોગ:- તે કાર્ય સ્વભાવજ્ઞાન જેવું પોતાના પરમાત્મ સ્વભાવમાં (સહજ પરમપારિણામિકભાવમાં) સ્થિત રહી સહજદર્શન (ત્રણેકાળે અવિચ્છિન્ન (અતૂટક) સદા નિકટ પરમચૈતન્યરૂપની શ્રદ્ધા માત્ર નિજરૂપ છે) સહજચારિત્ર (સદા અંતર્મુખ એવું સ્વસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ પરમ ચારિત્ર) સહજસુખ (સદાસહજ પરમ વીતરાગ સુખામૃત સ્વરૂપ) સહજપરમચિત્શકિત (અપ્રતિહત નિરાવરણ પરમચિત્શકિત) એવા અનંતચતુષ્ટય રૂપ પોતાના **કારણ સમયસાર** ને એકજ સમયમાં અનુભવ કરવાને સમર્થ તેથી કેવલજ્ઞાન સદૃશ જ આનંદનું દાતા છે, તે ત્રણ કાળ સંબંધી સર્વ ઉપાધી અર્થાત્ વિભાવરહિત જે આત્માનું સહજજ્ઞાન (સહજજ્ઞાનોપયોગ)

અર્થાત્ સ્વરૂપમયજ્ઞાન છે. તે કારણ સ્વભાવજ્ઞાનદ્વારાજ કાર્ય સ્વભાવજ્ઞાન (કેવળજ્ઞાન)ની પ્રાપ્તિ થાય છે.

સમ્યક્ વિભાવજ્ઞાનોપયોગઃ- સંજ્ઞાન (સમ્યગ્જ્ઞાન) પરમ આત્મિકભાવમાં સ્થિર રહેવાવાલા સમ્યગ્દૃષ્ટિ જીવને સુમતિ, સુશ્રુત, સુઅવધિ, મનઃપર્યયજ્ઞાનમાંથી ઓછામાં ઓછા બે, સુમતિ સુશ્રુત અને કોઇ કોઇને સુદેશાવધિ અને કોઇ કોઇ મુનિશ્વરો વિશિષ્ટ સંયમધરોને પરમાવધિ, સર્વાવધિ અને મનઃપર્યયજ્ઞાન હોય છે.

જે સ્વરૂપનું સહજજ્ઞાન છે તે પોતાના શુદ્ધ અન્તરંગ તત્ત્વરૂપ પરમાત્મતત્ત્વમાં વ્યાપક છે અર્થાત્ ફેલાએલ હોવાથી સહજકારણજ્ઞાન, સ્વરૂપપ્રત્યક્ષ છે. અને કેવલજ્ઞાન કાર્ય સકલ પ્રત્યક્ષ છે. સાક્ષાત્ મોક્ષનું મૂલ એક નિજપરમતત્ત્વમાં સહજજ્ઞાન લવલીન છે. તે સહજ (સ્વાભાવિક) જ્ઞાન ભવ્ય જીવનો પરમ સ્વભાવ હોવાથી ઉપાદેય છે. તે જ પોતાનું જ્ઞાનાનંદ સ્વરૂપ સ્વાભાવિક સહજજ્ઞાન છે. તેના સિવાય અન્ય કોઇપણ જ્ઞાન ઉપાદેય નથી. આ સહજજ્ઞાન ચૈતન્ય વિલાસરૂપ નિત્ય, સ્વાભાવિક પરમ વીતરાગ સુખામૃતમય, સર્વબાધા આવરણો રહિત, પરમ ચૈતન્ય વિલાસરૂપ, શક્તિરૂપ સદા અન્તર્મુખ પોતાના સ્વરૂપમાં નિશ્ચલ સ્થિતિરૂપ સ્વાભાવિક પરમચારિત્રમય છે. અનંત ચતુષ્ટય જ્ઞાન, દર્શન, સુખ, વીર્યમય સ્વભાવનો સનાથ સ્વામી છે.

વસ્તુ સામાન્યવિશેષાત્મક હોવાથી તેમાં ક્ષણિક બંધમોક્ષની અપેક્ષા સર્વથા છે જ નહીં એમ માનવું તે એકાંત

દોષ છે. વસ્તુ ભેદવાળી છે પણ અહીં દૃષ્ટિના અભેદ સામાન્ય વસ્તુની નિરપેક્ષતામાં વિશેષનું ગૌણપણું હોવાથી વર્તમાન (વિષયના લક્ષમાં) માં ભેદ પડતાં નથી. ભેદ પાડે વસ્તુ સામાન્ય અભેદ ગ્રહણ થઈ શકતી નથી. સમ્યગ્દર્શનનો આશ્રય (વિષય) સામાન્ય એકરૂપ નિરપેક્ષ પરમશુદ્ધ અખંડતત્ત્વ (દ્રવ્ય) છે તેમાં પુણ્ય, પાપાદિ વિકલ્પોનો કે ક્ષણિક અવસ્થાનો પણ આશ્રય નથી ક્ષણિક અવસ્થાને આશ્રિતે અખંડપણું પ્રગટે નહીં અર્થાત્ સમ્યગ્દર્શનની અવસ્થા જેવડો જ આત્મા નથી.

આત્મા એક વસ્તુ છે. અનાદિ અનંત એકરૂપ, નિરાવરણ આનંદકંદનીમૂર્તિ, નિરપેક્ષ, અનેક શક્તિનો પિંડ શુદ્ધ છે, એવી સ્વભાવની ભાવનાથી અર્થાત્ શ્રદ્ધાન, જ્ઞાન અને અંતરંગ રમણતાથી જ પરમાત્મદશા અર્થાત્ કેવળજ્ઞાન દશા પ્રગટ થાય છે.

પરમ નિરપેક્ષ નિશ્ચયનયનો વિષયભૂત પરમશુદ્ધપરમાત્મતત્ત્વ કેવો છે :– નિરપેક્ષ, અનાદિ અનંત; ધારાપ્રવાહી, અટુટ, નિશ્ચલ કારણ સમયસાર ભગવાનમાં મોક્ષ કે મોક્ષમાર્ગના વિકલ્પની અપેક્ષા વિનાનું શુદ્ધતત્ત્વ છે; તેની પ્રાપ્તિના કારણરૂપ સમ્યગ્દર્શન [સમ્યક્પ્રતીતિ–શ્રદ્ધાન] સમગ્જ્ઞાન [પરિજ્ઞાન] અને આત્મરમણતા સ્વરૂપ શુદ્ધરત્નત્રય તે મોક્ષમાર્ગ છે.

સારાંશઃ– મતિ, શ્રુત કે કેવલજ્ઞાનના કારણરૂપ સહજજ્ઞાન (સ્વરૂપજ્ઞાન) તે આત્માનું કારણ સ્વભાવજ્ઞાન ત્રિકાલ ઉપાધિરહિત (નિરુપાધિક-વિભાવરહિત) અનાદિઅનંત ધ્રુવ પર્યાયરૂપ છે, તે પરમશુદ્ધ પારિણામિકભાવમાં સ્થિત છે.

કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ જેમ વર્તમાન છે, તેમ તેનું કારણ એવું જે કારણસ્વભાવજ્ઞાનોપયોગ છે; તે પણ તેવું જ અપ્રગટરૂપ પરિણમનશીલ છે. તેથી તેને કૂટસ્થ કહ્યું છે. પણ જો કોઇ સર્વથા દ્રવ્ય, ગુણ, કે પર્યાય ત્રણે કે તેમાંથી કોઇ એકને પણ કુટસ્થ માને છે તો તે જીવ પોતાના અજ્ઞાનમાં સત્તનો નાશ માને છે. કોઇ પદાર્થ, ગુણ કે પર્યાય સદા નિત્ય નથી કોઇ અનિત્ય નથી પણ દ્રવ્ય, ગુણ, અને પર્યાયનો સ્વભાવ નિત્યાનિત્યરૂપ છે. કોઇ એક બીજાનું કારણ પણ નિશ્ચયમાં નથી. પોતે પોતાનુંજ કારણ છે.

કારણસ્વભાવજ્ઞાનોપયોગ પરિણમન શીલ છે, પણ તેનું ઉત્પાદ વ્યયરૂપ પરિણમન નથી. તેથી તેનું કાર્ય જે કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ છે તે સાક્ષાત્ અનુભવ કે લોગવટો કરે છે. કાર્ય તે ઉત્પાદ વ્યયરૂપ છે, છતાં બંન્ને આનંદના દાતા છે. કારણસ્વભાવજ્ઞાનોપયોગ જો સાક્ષાત્ અંદરમાં બિરાજમાન અનંત ચતુષ્ટય એવું જે સહજજ્ઞાન, સહજદર્શન, સહજસુખ, સહજવીર્ય રૂપ કારણ સમયસાર શક્તિ રૂપે પરમશુદ્ધપારિણામિકભાવમાં સ્થિત છે તેને જો અનુભવ કરતું હોય તો નિગોદથી માંડી અભવ્ય અને સિદ્ધ જીવોમાં તે સ્થિત હોવાથી સર્વ જીવોને સમાન સુખનો અનુભવ થવો જોઇએ પણ તેમ તો વર્તમાનમાં પ્રત્યક્ષ જણાતું નથી, તેથી એમ નક્કી થયું કે કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ (કેવલજ્ઞાન) ના કારણભૂત એવું જે કારણસ્વભાવજ્ઞાનોપયોગ છે તે પરિણમનશીલ હોવાથી તેમાં પુરુષાર્થ કરવાથી કાર્યની ઉત્પત્તિ થાય છે. અર્થાત્ કાર્યસ્વભાવજ્ઞાનોપયોગ જે

કારણમાંથી પુરુષાર્થથી પ્રગટ કર્યો છે તેનાથી અનુભવાય છે. તે ઉત્પાદ વ્યયરૂપ સાદિ અનંતરૂપ છે.

પરમશુદ્ધપારણામિકભાવ તે તો દ્રવ્યરૂપ ત્રિકાળ સામાન્યરૂપ છે તેમાં સ્થિત રહેલો સહજજ્ઞાન (સ્વરૂપજ્ઞાન) (કારણ-સ્વભાવજ્ઞાનોપયોગ) અર્થાત્ વસ્તુનો જ્ઞાન ગુણ, ત્રિકાળી, વર્તમાન વર્તમાન, પરિણમનશીલ,, એકરૂપ, ધારાવાહી (અટુટ) શાશ્વત, કારણધ્રુવપર્યાય, અર્થાત કારણસ્વભાવજ્ઞાનોપયોગ, નિરપેક્ષ, ઉત્પાદ વ્યયરહિત, ઉપાધિરહિત, (નિરુપાધિક-વિભાવરહિત) અનાદિ અનંત, પોતાના અનંત ચતુષ્ટય સહજ (સ્વાભાવિક) અનંતજ્ઞાન સહજઅનંત-દર્શન, સહજઅનંતઆનંદ અને સહજઅનંતવીર્યને એક સમયમાં જાણવાને સમર્થ છે (તે દ્રવ્યની ત્રિકાળી શકિત હોવાથી તેને ઉપયોગ કહ્યો છે.) તે ઉપયોગ નિગોદથી લગાડી અભવ્ય અને સિદ્ધ ભગવંતોમાં પડયો છે તે પ્રગટરૂપ નથી છતાં પરિણમન શીલ છે. તે કારણધ્રુવપર્યાય આનંદ દાતા છે તેમાંથી કાર્ય-પર્યાય (કેવલજ્ઞાન) સાક્ષાત્ (સકલ પ્રત્યક્ષ) આનંદનો અનુભવ સાદી અનંતકાળ કરે છે અર્થાત્ ભોગવે છે. અહીં વિશેષ એટલું જાણવું કે કારણસ્વભાવજ્ઞાનોપયોગ અંદરમાં અનંત ચતુષ્ટય કારણ સમયસારને જાણતું હતું તેવું જ કાર્ય સ્વરૂપજ્ઞાન પ્રગટ રૂપે અનંત ચતુષ્ટયનું ભોકતા થાય છે. અર્થાત્ કારણ અને કાર્ય બન્ને અનંત આનંદદાતા છે. આ દૃષ્ટિનો વિષય છે.

સ્વાશ્રય નિર્મળ શુદ્ધ સ્વભાવ છે તેજ ખરેખર સ્વભાવ રત્નત્રયનું સ્વરૂપ છે. તેના આધારે શ્રદ્ધાન, જ્ઞાન, સ્થિરતા

તેજ નિશ્ચય રત્નત્રય છે. કારણ પરમાત્મા કે જે દર્શનજ્ઞાનમય અર્થાત્ જ્ઞાતાદૃષ્ટા સ્વરૂપની શક્તિથી ભરપૂર છે એવું આ આત્મદ્રવ્ય તેમાં અવિચળ દૃઢતાથી લવલીન થઈ જવું તે ચારિત્ર છે, અર્થાત્ વસ્તુ જે કારણ પરમાત્મા છે તેમાં લવલીન થઈ જવું તે ચારિત્ર છે. દ્રવ્ય કારણ છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર કાર્ય છે. વસ્તુ કે જે દર્શનજ્ઞાનમય ત્રિકાળ એકરૂપ કારણ છે તેમાં લીન થતાં જે કાર્ય પ્રગટે છે તે ચારિત્ર છે તેજ મોક્ષ માર્ગ છે.

કેવલજ્ઞાનની પર્યાય તે શુદ્ધ સદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે તેથી તેને શુદ્ધકાર્યજીવ અર્થાત્ શુદ્ધસદ્‌ભૂત પ્રાણવાન જીવ કહે છે, મતિશ્રુતાદિ પર્યાય તે અશુદ્ધસદ્‌ભૂત વ્યવહારનયનો વિષય છે તેથી તેને અશુદ્ધકાર્યજીવ કહે છે અર્થાત્ અશુદ્ધ સદ્‌ભૂત પ્રાણવાન જીવ કહે છે જેમાં કાર્યકારણ પડતુ નથી એવું પરિણમનરૂપ પરમભાવ કહ્યું છે તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે તેથી તેને સહજજ્ઞાનાદિ પરમસ્વભાવ કારણશુદ્ધજીવ કહે છે અર્થાત્ શુદ્ધનિશ્ચયનયથી કારણ પરમાત્મા અનાદિ અનંત શાશ્વત આનંદ ના દાતા સદાય નિશ્ચલ નિગોદથી લગાડી સિદ્ધ સુધીના સર્વ જીવોમાં બિરાજમાન છે.

કારણદર્શનોપયોગ-કાર્યદર્શનોપયોગ

तथा दर्शनोपयोगः स्वस्वभावेतरविकल्पतो द्विविधः ।
केवलमिन्द्रियरहितं असहायं तत् स्वभाव इति भणितः॥३८९॥

चक्षुरचक्षुरवधयस्तिस्रोपि भणिता विभावदृष्टय इति ।
पर्यायो द्विविकल्पः स्वपरापेक्षश्च निरपेक्षः ॥३९०॥

અર્થ:–તેવી રીતે દર્શનોપયોગ બે પ્રકારનો છે: એક સ્વભાવ-દર્શનોપયોગ બીજો વિભાવદર્શનોપયોગ છે. જે કેવલદર્શન, ઇન્દ્રિયોના વ્યાપારરહિત, અસહાય છે તે સ્વભાવદર્શનોપયોગ છે. ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ ત્રણે વિભાવદર્શન કહેવામાં આવે છે. પર્યાયદ્રષ્ટિવિધ છે: સ્વપરાપેક્ષ (સ્વનેપરની અપેક્ષાયુક્ત) અને નિરપેક્ષ

ભાવાર્થ:–દર્શનોપયોગ, સ્વભાવ અને વિભાવ એમ બે પ્રકારનો છે. સ્વભાવદર્શનોપયોગ પણ બે પ્રકારનો છે: એક કારણસ્વભાવ-દર્શનોપયોગ અને બીજો કાર્યસ્વભાવદર્શનોપયોગ છે. કારણ સ્વભાવદૃષ્ટિ પોતાના સ્વરૂપની શ્રદ્ધા માત્ર, નિજરૂપ છે. સદા પવિત્ર છે. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયક એવા ચાર વિભાવસ્વભાવ ભાવોથી અગોચર છે. સહજપરમ પારિણામિકભાવ સ્વભાવરૂપ છે. કારણ સમયસાર અર્થાત્ કારણ શુદ્ધાત્મસ્વરૂપ તે આવરણ રહિત, નિજસ્વભાવની સત્તા માત્ર પરમચૈતન્યસ્વરૂપ છે. અકૃતિમ પરમ સ્વરૂપમાં નિશ્ચલ સ્થિતિમય શુદ્ધચારિત્રરૂપ છે, નિત્ય શુદ્ધ કર્મોજનરહિત જ્ઞાનરૂપ છે તથા આત્માના રાગદ્વેષાદિ શત્રુરૂપ સેનાને નાશ કરે છે એવો આત્મસ્વરૂપનો નિશ્ચય કરી સ્વરૂપશ્રદ્ધાનમાત્ર જ કારણ-સ્વભાવદર્શનોપયોગ છે.

બીજી કાર્યસ્વભાવદૃષ્ટિ–જે દર્શનાવરણીયાદિ ઘાતિયા કર્મોના નાશથી ઉત્પન્ન થાય છે તે દૃષ્ટિ કેવળજ્ઞાનની માફક એકજ સમયમાં લોકાલોકને સામાન્ય અવલોકન કરવાવાળી છે.

જેમ મતિજ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી મતિજ્ઞાન મૂર્તિક પદાર્થને જાણે છે, તેમ ચક્ષુદર્શનાવરણકર્મના ક્ષયોપશમથી ચક્ષુદર્શન મૂર્તિક પદાર્થોને દેખે છે જેમ શ્રુતજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી શ્રુતદ્વારા દ્રવ્યશ્રુત અર્થાત દ્વાદશાંગરૂપ જિનવચનમાં કહેલ મૂર્તિક, અમૂર્તિક સમસ્ત વસ્તુઓને પરોક્ષરૂપથી જાણે છે, તેમ અચક્ષુદર્શનાવરણકર્મના ક્ષયોપશમથી અચક્ષુદર્શન, સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્ર દ્વારા પોતપોતાની ઇન્દ્રિયના વિષયને સામાન્યરૂપે દેખે છે. જેમ અવધિજ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી સમસ્ત મૂર્તિક પદાર્થોને જાણે છે. તેમ અવધિદર્શનાવરણકર્મના ક્ષયોપશમથી સમસ્ત મૂર્તિક પદાર્થોને દેખે છે.

પૂર્વોકત પ્રકારે ઉપયોગનું વ્યાખ્યાન કર્યા પછી હવે અહીં પર્યાયોનું સ્વરૂપ કહેવામાં આવે છે.

તેમાં સ્વભાવપર્યાય અર્થાત્ અર્થપર્યાય છ દ્રવ્યોમાં સાધારણ છે. તે વાણી અને મનને અગોચર, અતિસૂક્ષ્મ છે. આગમ પ્રમાણથી સ્વીકારવા યોગ્ય છે. તેમજ તે છ પ્રકારે હાનિવૃદ્ધિના ભેદો સહિત છે: અર્થાત્ અનંતભાગવૃદ્ધિ, અસંખ્યાતભાગવૃદ્ધિ, સંખ્યાતભાગવૃદ્ધિ. સંખ્યાતગુણવૃદ્ધિ, અસંખ્યાતગુણવૃદ્ધિ અને અનંતગુણવૃદ્ધિ સહિત છે. એ પ્રમાણે છ ગુણીહાનિ અને છ ગુણીવૃદ્ધિરૂપ બાર પ્રકારે અગુરૂલઘુગુણમાં થાય છે.

વિશેષાર્થ :- કારણસ્વભાવદૃષ્ટિ વિભાવસ્વભાવ પરભાવો (અપેક્ષિત) થી રહિત એક સહજ પરમપારિણામિકભાવનેજ

સદા પાવનરૂપ નિજસ્વભાવ કહેવામાં આવ્યો છે. જે નિરાવરણ કારણ સમયસાર સ્વરૂપ નિજ સ્વભાવ સત્તા માત્ર છે. અર્થાત્ પરમ ચૈતન્ય સામાન્ય સ્વરૂપ છે. અકૃત્રિમ પરમ સ્વ-સ્વરૂપમાં અવિચળ સ્થિતિમય શુદ્ધ ચારિત્ર સ્વરૂપ છે. જે નિત્ય નિરંજન શુદ્ધ કારણ સ્વભાવદૃષ્ટિ અર્થાત્ સહજદર્શન શુદ્ધાત્માની સ્વરૂપ શ્રદ્ધાન માત્ર જ છે (દર્શન અપેક્ષાએ પોતાના સ્વરૂપ અપેક્ષાએ શ્રદ્ધાન માત્ર છે અને દૃષ્ટિ અપેક્ષાએ સામાન્ય પ્રતિભાસ અંતર ચિત્પ્રકાશ માત્ર છે.)

કાર્યસ્વભાવદૃષ્ટિ દર્શનાવરણીય-જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતિ કર્મોના ક્ષયથી ઉત્પન્ન થાય છે. જે પ્રમાણે ક્ષાયિક જીવે નિર્મળ કેવલજ્ઞાન વડે ત્રણ ભુવનને જાણ્યાં છે, નિજ આત્માથી ઉત્પન્ન થતા પરમવીતરાગસુખામૃતનો જે સમુદ્ર છે, જે યથાખ્યાત નામના કાર્યશુદ્ધચારિત્રસ્વરૂપ છે, જે સાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવવાળા, શુદ્ધસદ્ભૂત વ્યવહારનયાત્મક છે અને જે ત્રિલોકના ભવ્યજનોને પ્રત્યક્ષ વંદનાયોગ્ય છે. એવા તીર્થંકર પરમદેવને કેવળજ્ઞાનની માફક આ કાર્યદૃષ્ટિ પણ યુગપદ્ લોકાલોકમાં વ્યાપનારી છે.

દર્શન, જ્ઞાન ચારિત્રરૂપે પરિણમતું એવું જે એક ચૈતન્ય સામાન્યરૂપ નિજ આત્મતત્ત્વ જ મોક્ષેચ્છુઓને ધ્યેયરૂપ છે કે જે સમસ્ત વિભાવ ગુણ પર્યાયોથી રહિત સદા પોતાના બધા પ્રયોજનની સિદ્ધિ માટે સમ્પૂર્ણ છે એવું પોતાનું જીવતત્ત્વ વારંવાર ભાવના કરવા યોગ્ય અને નમન કરવા યોગ્ય છે જેને આશ્રિતે ધર્મ પ્રગટે છે. એવું ધર્મી જીવતત્ત્વ જ ઉપાદેય છે.

કારણ શુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.

नरनारकतिर्यक्सुराः पर्य्यायास्ते विभावा इति भणिताः ।
कर्मोपाधिविवर्जितपर्य्यायास्ते स्वभावा इति भणिताः ॥२९१॥

અર્થ:- નર, નારક, પશુ અને દેવ તે ચાર વિભાવપર્યાય છે. જે પર્યાય કર્મોની ઉપાધિથી રહિત છે તે સ્વભાવ પર્યાય છે.

ભાવાર્થ:- સ્વભાવ પર્યાય બે પ્રકારની છેઃ [૧] કારણ શુદ્ધપર્યાય [૨] કાર્યશુદ્ધપર્યાય છે. શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાથી આદિ અંત રહિત અમૂર્તિક, અતીન્દ્રિય, સ્વભાવથી શુદ્ધ સ્વાભાવિક [સહજ] જ્ઞાન, શુદ્ધસ્વાભાવિકદર્શન, શુદ્ધસ્વાભાવિકચારિત્ર, શુદ્ધસ્વભાવિક પરમવીતરાગ સુખમય શુદ્ધઅંતરંગ તત્ત્વરૂપ સ્વભાવમય અનંત ચતુષ્ટય જે નિજ સ્વરૂપ છે તેની સાથે તન્મયપણે સદાકાળ શાશ્વત એક ધ્રુવરૂપ રહેલી પંચમભાવરૂપ પરમશુદ્ધપરિણામિકભાવની પરિણતિ છે તે જ કારણ શુદ્ધ પર્યાય છે.

શુદ્ધસદ્ભુતવ્યવહારનયથી તે કારણશુદ્ધપર્યાયની કાર્યશુદ્ધપર્યાયરૂપ ઉત્પત્તિ જે આદિ સહિત અને અંતરહિત એવી અમૂર્તિક, અતીન્દ્રિય, કેવલજ્ઞાન, કેવલદર્શન, કેવલસુખ અને કેવલવીર્ય સહિત ફલરૂપ અનંત ચતુષ્ટયની સાથમાં તન્મયપણે રહેલી જે પરમોત્કૃષ્ટ ક્ષાયકભાવની શુદ્ધપરિણતિ તે જ કાર્યશુદ્ધપર્યાય છે,

શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધાત્મસ્વરૂપ નિજ પરમાત્મતત્ત્વ ધ્યાનમાં ધ્યેયરૂપ આશ્રય કરવાથી ચાર ઘાતિયા કર્મોનો નાશ

થાય છે ત્યારે ક્ષાયિકભાવની પ્રાપ્તિરૂપ અરિહંત અવસ્થા ઉત્પન્ન થાય છે. અથવા સૂક્ષ્મઋજુસૂત્રનયના અભિપ્રાયથી છ દ્રવ્યોમાં સાધારણ સૂક્ષ્મ જે અર્થપર્યાયો છે તે જ પર્યાયો શુદ્ધ પર્યાયો છે.

વિશેષાર્થ:- જે દ્રવ્યોની સમસ્ત પર્યાયોમાં અનુવર્તિ થઇને રહે તે ગુણ કહેવાય છે. અનંત ગુણોનો સમુદાયરૂપ અખંડ પિંડ તે દ્રવ્ય કહેવાય છે. એટલે જ્યારે ગુણોમાં વિકારથાય છે ત્યારે દ્રવ્યમાં અવશ્યભાવી થાય જ છે. જુદા જુદા ગુણોના વિકારોને પર્યાય કહે છે. તે પ્રમાણે સમ્પૂર્ણ ગુણોના પિંડ સ્વરૂપ દ્રવ્યનું પણ પરિણમન થાય છે. તેને પણ પર્યાય કહે છે પ્રદેશત્વગુણ છોડીને આત્માના બીજા અનંત ગુણોનું પોત પોતાના સ્વરૂપમાં પરિણમન થાય છે, તેમાં અન્ય ગુણનો વિકાર અન્ય ગુણના વિકારથી કાંઇ સંબંધ નથી તેને અર્થપર્યાય કહે છે. તે પર્યાય સ્વભાવ અને વિભાવ બે પ્રકારની થાય છે. સ્વભાવ પર્યાય તેને કહે છે કે જેમાં બીજાનું નિમિત્ત ન હોય, પણ જેમાં પોતાનું નિમિત્ત પોતે જ હોય જેમ કે:- જીવદ્રવ્યના જ્ઞાનગુણની કેવલજ્ઞાન પર્યાય તેને ગુણપર્યાય અથવા અર્થપર્યાય વા ગુણાંશ પણ કહે છે. વિભાવ પર્યાય તેને કહે છે કે જે પરના નિમિત્તથી થાય છે જેમકે.- જ્ઞાનગુણની મતિજ્ઞાનાદિ પર્યાય.

બધા દ્રવ્યોમાં એક સાધારણ પ્રદેશત્વ ગુણ હોય છે. તેનો અભિપ્રાય એવો હોય છે કે દ્રવ્યનો સદા કોઇને કોઇ આકાર અવશ્ય હોય છે. દ્રવ્યનો નાનો મોટો આકાર થાય છે તે પ્રદેશત્વગુણના વિકાર પરિણમનથી થાય છે, જીવની નર નારકાદિ પર્યાય તેને દ્રવ્યપર્યાય અથવા વિભાવવ્યંજનપર્યાય વા દ્રવ્યાંશ

(દેશાંશ) પણ કહે છે. પરદ્રવ્યના નિમિત્ત વિના જે સ્વાભાવિક દ્રવ્યની પર્યાય થાય છે તેને સ્વભાવપર્યાય કહે છે. જેમકે : જીવની સિદ્ધ પર્યાય.

દ્રવ્યમાં ગુણ બે પ્રકારે હોય છે એક ભાવવતી ક્રિયાવાન ગુણ છે અને ક્રિયાવતી ક્રિયાવાન ગુણ હોય છે. ક્રિયાવતી ક્રિયાવાન શક્તિના પરિણમનને દ્રવ્યપર્યાય કહે છે અને ભાવવતી ક્રિયાવાન બધા ગુણોની થાય છે. તેને અર્થપર્યાય (અર્થવતી-ક્રિયાવાન પર્યાય) કહે છે પ્રદેશત્વ ગુણમાં અર્થપર્યાય તથા વ્યંજનપર્યાય બન્ને થાય છે. દ્રવ્યની અપેક્ષાએ વ્યંજન પર્યાય છે અને ગુણની અપેક્ષાએ અર્થપર્યાય હોય છે તેથી તેમાં દેશ. દેશાંશ, ગુણ, ગુણાંશ થાય છે.

દ્રવ્યપર્યાય ક્ષણવર્તી પણ થાય છે અને શાશ્વત પણ થાય છે જેમકે: સંસારમાં શ્વાસમાં અઢારવાર જન્મ મરણ કરવા-વાલા નિગોદ પર્યાયની અપેક્ષાએ દ્રવ્યની ક્ષણવર્તી પર્યાય છે અને સિદ્ધપરમાત્માની જે પુરુષાકાર પર્યાય છે તે શાશ્વત રહે છે. શાશ્વતી પર્યાયમાં પણ અર્થ ક્રિયા પરિણમન થાય છે. તે હિસાબે મોક્ષ બે પ્રકારે માનવામાં આવેલ છે (૧) સાકારમોક્ષ અને બીજો નિરાકાર મોક્ષ છે. ભાવવતી ગુણની અપેક્ષાથી નિરાકાર મોક્ષ છે અને ક્રિયાવતી ક્રિયાવાનની અપેક્ષાએ સાકાર (પુરુષાકાર) મોક્ષ છે.

અગુરુલઘુગુણના વિકારને સ્વભાવપર્યાય કહે છે. એ સ્વભાવપર્યાય બાર ભેદરૂપ હોય છે છ વૃદ્ધિરૂપ અને છ હાનિરૂપ

(૧) અનંતભાગવૃદ્ધિ (૨) અસંખ્યાતભાગવૃદ્ધિ (૩) સંખ્યાત-ભાગવૃદ્ધિ (૪) સંખ્યાતગુણવૃદ્ધિ (૫) અસંખ્યાતગુણવૃદ્ધિ (૬) અનંતગુણવૃદ્ધિ એ પ્રમાણે છ ભેદરૂપ વૃદ્ધિ અને (૧) અનંતભાગ-હાનિ (૨) અસંખ્યાતભાગહાનિ (૩) સંખ્યાતભાગહાનિ (૪) સંખ્યાતગુણહાનિ (૫) અસંખ્યાતગુણહાનિ (૬) અનંતગુણહાનિ એમ છ ભેદરૂપ હાનિ થઇ. એ પ્રમાણે બાર પ્રકારમાંથી કોઇને કોઇ ભેદને લઈને પદાર્થોમાં તથા તેના ગુણોમાં સ્વભાવથી પરિણમન થઈ રહ્યા છે તેને સ્વભાવપર્યાય કહે છે.

અગુરૂલઘુગુણનું સૂક્ષ્મ પરિણમન સમયે સમયે થાય છે. તે વચન અગોચર છે અને આગમ પ્રમાણથી તેને જાણવું જોઇએ. જેનામાં રાગ, દ્વેષ, મોહ અને ખ્યાતિ, લાભ; પુજાની ઇચ્છા નથી એવા જિનેન્દ્ર, પરમવીતરાગી, સર્વજ્ઞ, પરમાત્મા છે જેમણે પોતાના પૂર્વકાળમાં બાંધેલ શુભવચન વર્ગણાના ઉદયથી ભવ્ય જીવોના પુણ્યકર્મના નિમિત્તથી વગર ઇચ્છાએ શુભયોગે સ્વયં સત્યાર્થ વસ્તુસ્વરૂપનું કથન કરે છે તે દિવ્યવાણીના વચનને મનન, ધારણા, વિચારણાથી પોતાના આત્માને હિતકર જાણી સદાય ચર્ચા કરવા યોગ્ય છે.

જે ગુણના નિમિત્તથી દ્રવ્ય–પ્રદેશત્વ અથવા ક્ષેત્રપણાને પ્રાપ્ત થાય અર્થાત્ જેનો ક્ષેત્ર વિસ્તારથી માપ થાય તેને પ્રદે-શત્વ ગુણ કહે છે. જેટલા આકાશના ક્ષેત્રને એક અવિભાગી પુદ્ગલ પરમાણુ ઘેરે તેટલા ક્ષેત્રના માપને પ્રદેશ કહે છે. બધા અમૂર્તિક દ્રવ્યોનું માપ આનાથી કરવામાં આવે છે.

સારાંશઃ- આત્મા, આત્માના અનંત ગુણો અને તેની અનાદિ-અનંત, એકરૂપ, શાશ્વત, નિરાવરણ, નિરપેક્ષ, શક્તિરૂપ અવસ્થા ત્રિકાળ પડી છે તેને કારણશુદ્ધપર્યાય અથવા કારણધ્રૌવપર્યાય કહે છે. જેવા દ્રવ્ય ગુણ છે તેવો જ તેનો આકાર પણ ત્રિકાળ એકરૂપ હોય છે તે પ્રમાણે આત્માના પ્રત્યેક ગુણની નિરપેક્ષ ત્રિકાળ એકરૂપ શક્તિરૂપ અવસ્થા છે તેને કારણશુદ્ધપર્યાય કહે છે.

પરમસ્વભાવ અર્થાત્ પરમશુદ્ધપરિણામિકભાવ જે દ્રવ્યરૂપ નિગોદથી લગાડી બધા સંસારી જીવોમાં શક્તિરૂપ અનાદિ અનંત શાશ્વત સમાનરૂપ છે તેની અંદર ત્રિકાળ એકરૂપ ધ્રુવ અવસ્થા અપ્રગટ પરિણમનરૂપ પડી છે તેને કારણશુદ્ધપર્યાય કહે છે તેનું સમ્યક્પુરુષાર્થથી પ્રગટ કરવામાં આવેલ એક સમયમાં ઉત્પાદ વ્યયરૂપ ભોગવટાવાલી અવસ્થા તેને કાર્યશુદ્ધ-પર્યાય કહે છે તે સાદી અનંત કાળ સુધી સદૃશ પરિણામરૂપ (અદ્વૈત પરમ કાર્યકારણ ભાવ એકરૂપ) રહે છે.

કારણશુદ્ધપર્યાયનું જો પ્રગટ પરિણમન હોય તો બધા આત્માઓને સમાન સુખ પ્રગટરૂપ જણાવું જોઇએ. એમ થતાં, પુન્ય પાપ, અર્થાત્ સંસાર, મોક્ષ કાંઇ રહેજ નહીં તેથી કારણશુદ્ધપર્યાય સદાય અપ્રગટ પરિણમનરૂપ પંચમ પરમસ્વભાવ-ના આશ્રિતે સદા બિરાજમાન પ્રત્યેક જીવમાં શક્તિરૂપે વિદ્યમાન છે. તે જ સમ્યગ્દર્શનનો વિષય છે.

સમ્યગ્દૃષ્ટિની દ્રવ્યદૃષ્ટિ ત્રિકાળી અખંડ અભેદ વસ્તુ સામાન્ય (વસ્તુ ત્રિકાળ તેના અનંત ગુણો ત્રિકાળ, પ્રત્યેક ગુણની

ત્રિકાળ શક્તિરૂપ અનાદિ અનંત એકરૂપ અવસ્થા એમ અખંડ અભેદ દ્રવ્યને નિરાવરણ નિરપેક્ષ) રૂપ ગ્રહણ કરે છે તેના અભેદ લક્ષે ભોગવટાવાળી અવસ્થા (કારણ જેવી) કાર્યરૂપ પ્રગટ થાય છે તે નવીન પુરુષાર્થથી પ્રગટ કરવામાં આવતી હોવાથી સાદી અનંત કહેવામાં આવે છે.

શુદ્ધસદ્ભૂતવ્યવહારથી સાદિ અનંત, અમૂર્તિક, અતીન્દ્રિય સ્વભાવવાળી કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ, કેવળવીર્યરૂપ અનંત ચતુષ્ટયની સાથે રહેલી પરમઉત્કૃષ્ટ ક્ષાયકભાવની શુદ્ધ પરિણતિ છે તેજ કાર્યશુદ્ધપર્યાય છે. અહીં ચાર ગુણો સાથે અનંત ગુણોની ક્ષાયકરૂપે પરિણતિ થઇ ગઈ છે, ચાર ઘાતિ કર્મોનાં આવરણનો નાશ થતાં ક્ષાયકભાવ ઉત્પન્ન થયો છે.

સરાગ-વીતરાગ નું ભિન્ન ભિન્ન કાર્ય

येनांशेन चरित्रं तेनांशेनास्य बन्धनं नास्ति ।
येनांशेन तु रागस्तेनांशेनास्य बंधनं भवति ॥३९२॥

અર્થ:- જેટલા અંશથી વીતરાગ ચારિત્ર થાય છે તેટલા અંશમાં તે જીવને કર્મનો બંધ થતો નથી અને જેટલા અંશથી રાગ-ભાવ છે, તેટલા અંશથી કર્મોનો બંધ થાય છે.

ભાવાર્થ:- જ્યારે સમ્યગ્દૃષ્ટિ શુદ્ધાત્માના સમ્યક્ શ્રદ્ધાન જ્ઞાનની સાથે શુભાશુભ બધા આત્માના બાહ્ય દ્રવ્યોના આલંબનને છોડી પરમવીતરાગ ધર્મધ્યાન અને શુક્લધ્યાનરૂપ નિર્વિકલ્પ સમાધિ-ભાવરૂપ થાય છે ત્યારેજ ખરેખર (તે સમયથી) તે જીવને

સંવર પૂર્વક નિર્જરા થાય છે. મોક્ષનું કારણ નિર્જરા છે: અર્થાત્ જે ભાવથી નિર્જરા થાય છે તે ભાવજ મોક્ષનું કારણ છે. ક્ષાયક કેવલજ્ઞાન થવા પહેલાં જીવને ક્ષયોપશમિક જ્ઞાન હોય છે. ક્ષયોપશમિક શ્રુતજ્ઞાન સમ્યગ્દર્શન સહિત હોવાથી વીતરાગતાના અંશ સહિત હોય છે અને જ્યારે તે જ્ઞાન સ્વાત્માનુભવમાં લીન થાય છે ત્યારે વિશેષ વીતરાગતા પ્રગટ થાય છે. તેવી વીતરાગતામાં તન્મયપણુંજ પ્રબલ અવિપાક નિર્જરાનું કારણ છે: જેથી અનેક સમય પ્રબદ્ધ એક કાળમાં ઝડી જાય છે અને જેમ જેમ અભ્યાસ (સ્થિરતા) વધતો જાય છે તેમ તેમ ભાવોમાં વિશેષ શુદ્ધતા આવતી જાય છે. અર્થાત્ વીતરાગતાનો અંશ વધતો જાય છે અને સરાગતા ઘટતી જાય છે, એ પ્રમાણે સર્વ મોહ-કર્મનો નાશ કરી જીવ બારમાં ગુણસ્થાનમાં જાય છે. ત્યાં પણ ક્ષયોપશમ ભાવશ્રુતજ્ઞાનની પરિણતિ પરમ એકાગ્રરૂપ હોય છે. તેના બલથી ત્રણ ઘાતિયા કર્મોનો નાશ કરી જીવને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે અર્થાત્ ક્ષાયક શુદ્ધજ્ઞાન થાય છે. તેજ આત્માનો નિજ સ્વભાવ છે. તે સિદ્ધોમાં પણ હોય છે તેને શુદ્ધપારિણા-મિકભાવ પણ કહી શકાય છે. કારણ કે પોતાના પારિણામિક-ભાવ સન્મુખ જે આત્માનુભવ સ્વભાવરૂપ ભાવ હતો તેજ એક દેશ શુદ્ધપારિણામિક ભાવ કહેવાય છે. ચારિત્રની અપેક્ષાએ તે ભાવને બારમા ગુણસ્થાનથી નીચે ક્ષયોપશમ ચારિત્ર, ઉપશમ ચારિત્ર અને ક્ષપક શ્રેણિની અપેક્ષાએ એક દેશ ક્ષાયક ચારિત્ર અને પછી ક્ષાયક અથવા યથાખ્યાત ચારિત્ર કહે છે. સમ્યક્ત્વની અપેક્ષાથી તે આત્માનુભવરૂપી ભાવને ઉપશમસમ્યક્ત્વમાં ઉપશમ,

ક્ષયોપશમસમ્યક્ત્વમાં ક્ષયોપશમ અને ક્ષાયકસમ્યક્ત્વમાં ક્ષાયકભાવ કહે છે.

જ્ઞાન, જ્ઞાતા, જ્ઞેય નું સ્વરૂપ.

शुद्धं तु विजानन् शुद्धं चैवात्मानं लभते जीवः ।
जानंस्त्व शुद्धम शुद्धमेवात्मानं लभते ।।२९३।।

અર્થ:- શુદ્ધઆત્માને જાણતો (અનુભવતો) જીવ શુદ્ધાત્માને જ પામે છે. અને અશુદ્ધાત્મને જાણતો (અનુભવતો) જીવ અશુદ્ધ આત્માને જ પામે છે.

ભાવાર્થ:- જ્ઞાની જીવ (રાગાદિ) ભાવકર્મ, (જ્ઞાનાવરણાદિ) દ્રવ્યકર્મ, (શરીરાદિ) નોકર્મ, એમ ત્રણ પ્રકારના કર્મોથી રહિત અનંતજ્ઞાનાદિ ચતુષ્ટયરૂપ આત્માના સુખનો ભેદજ્ઞાનના પ્રતાપથી અનુભવ કરે છે, તે પોતાના આત્માને શુદ્ધ જ પામે છે: અર્થાત્ જેવું ઉપાદાન કારણ હોય છે. તેવું જ કાર્ય થાય એવો નિયમ છે. જે કોઈ જ્ઞાની શુદ્ધોપયોગની ભાવના કરે છે તે શુદ્ધ થાય છે અને જે અશુદ્ધોપયોગની ભાવના કરે છે તે અશુદ્ધતાને પામે છે. જે જીવ પોતાના આત્માને શુદ્ધરૂપ અનુભવ કરે છે તે શુદ્ધસ્વરૂપ આત્માને પામે છે. અને જે જીવ અશુદ્ધરૂપ પોતાના આત્માને અનુભવે છે તે અશુદ્ધ આત્માને પામે છે.

શંકાકાર:- હે ભગવંત ! કેવલજ્ઞાન શુદ્ધ છે અને છદ્મસ્થનું જ્ઞાન અશુદ્ધ છે: તો અશુદ્ધજ્ઞાન શુદ્ધ કેવલજ્ઞાનનું કારણ કેમ થઇ શકે ?

ઉત્તરઃ- હે શિષ્ય ! છદ્મસ્થનું જ્ઞાન કથંચિત્ શુદ્ધ અને કથંચિત્ અશુદ્ધ છે. તે જો કે, કેવળજ્ઞાનની અપેક્ષાથી શુદ્ધ નથી તો પણ મિથ્યાત્વ અને અનંતાનુબંધી રહિત સરાગસમ્યગ્દર્શન અને સરાગચારિત્રની અપેક્ષાએ અથવા વીતરાગ (રાગદ્વેષાદિથી રહિત) સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની સાથે હોવાથી શુદ્ધ છે અને અભેદનયથી છદ્મસ્થોનું જે ભેદજ્ઞાન છે તે જ આત્માનું સ્વરૂપ છે. તેનાથી એકદેશ પ્રગટરૂપ આત્માનુભવરૂપ જ્ઞાનથી સર્વ પ્રકારે વ્યકતરૂપ કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે. તેમાં કોઇ પ્રકારે દોષ નથી.

શંકાકારઃ- હે ભગવંત ! છદ્મસ્થનું જ્ઞાન કર્મોના આવરણ સહિત છે તથા ક્ષયોપશમિક ભાવરૂપ છે તેથી કેમ શુદ્ધ થઇ શકે તેમજ આ જ્ઞાનથી મોક્ષ પણ કેમ થઇ શકે ?

ઉત્તરઃ- હે ભવ્ય ! કેવલજ્ઞાનની અપેક્ષાએ છદ્મસ્થનું જ્ઞાન આવરણ રહિત છેઃ તેમ છતાં તે ક્ષયોપશમિક જ્ઞાન એકદેશ નિરાવરણ છે.

શંકાકારઃ- હે ભગવંત ! આપે આગળ કહ્યું કે સર્વ જીવોને પરમ શુદ્ધ પારિણામિકભાવ છે તો આ ગાથા અનુસાર પરમ-ભાવથી જ મોક્ષ થવો જોઈએ પણ ક્ષયોપશમિક ભાવથી ન જ થવો જોઇએ ?

ઉત્તરઃ- હે ભવ્ય ! કેવલજ્ઞાનની પહેલા પરમ પારિણામિકભાવ છદ્મસ્થ અવસ્થામાં શક્તિ માત્રથી શુદ્ધપણું છે પણ વ્યક્તરૂપથી શુદ્ધપણું નથી. કારણ પારિણામિકભાવ ત્રણ પ્રકારના છે (૧)જીવત્વ (૨) ભવ્યત્વ અને (૩) અભવ્યત્વ તેમાં અભવ્યત્વ તો મુક્તિનું કારણ છે જ નહીં, બાકી જીવત્વ અને ભવ્યત્વ બે ભાવ રહ્યા; તેમાં જ્યારે

આ જીવ દર્શનમોહ અને ચારિત્રમોહને ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષય (ક્ષાયક) નો લાભ કરે છે અને વીતરાગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણરૂપથી પરિણમન કરે છે; ત્યારે તેમાં શુદ્ધતાની શરૂઆત થાય છે. તે શુદ્ધતા પણ ઔપશમિક, ક્ષયોપશમિક અને ક્ષાયિક ત્રણભાવ સંબંધી મુખ્યતાથી છે. અને પારિણામિકભાવ સંબંધી ગૌણતાથી છે. શુદ્ધપારિણામિકભાવ તો બંધ અને મોક્ષ ના કારણથી રહિત છે. તેમાં ત્રણ ભેદ તો પર્યાયાર્થિક ને આશ્રયે છે અને શુદ્ધતા દ્રવ્યાર્થિક ને આશ્રયે છે તેમ જાણવું જોઇએ. આથી એમ સિદ્ધ થયું કે વિકલ્પ રહિત શુદ્ધાત્માના અનુભવરૂપ વીતરાગ સમ્યક્ત્વ અને ચારિત્રથી અવિનાભૂત અર્થાત્ વીતરાગસમ્યક્ત્વ ચારિત્રની જયાં અવશ્ય પ્રાપ્તિ થાય છે એવો જે ભાવ છે તેજ અભેદનયથી શુદ્ધાત્મા શબ્દથી કેહેવામાં આવે છે તેને ક્ષયોપશમિકભાવ અથવા ભાવશ્રુતજ્ઞાન પણ કહે છે તેજ મોક્ષનું કારણ છે

શુદ્ધપારિણામિકભાવ જે છે તે એકદેશ વ્યકતરૂપ એમ કથંચિત્ ભેદ અને અભેદરૂપ દ્રવ્યપર્યાયસ્વરૂપ જીવ પદાર્થની શુદ્ધ ભાવનાની અવસ્થામાં ધ્યેયરૂપ દ્રવ્યરૂપથી રહે છે અર્થાત્ ભાવનાના સમયમાં શુદ્ધપારિણામિકભાવ ધ્યાન કરવા યોગ્ય છે. ધ્યેય છે. ધ્યેય પર્યાયરૂપ નથીઃ કારણ ધ્યાનની પર્યાય વિનાશનીય છે અને શુદ્ધપારિણામિકભાવ અવિનાશી જીવનો સ્વભાવ છે.

શંકાકારઃ—હે ભગવંત ! આત્માના પાંચ જ્ઞાનોમાંથી કયા જ્ઞાનદ્વારા આત્માનો મોક્ષ થાય છે ?

ઉત્તરઃ- હે ભવ્ય ! કેવલજ્ઞાન તો કેવલ ફલરૂપ છે જે ઉત્પન્ન કરવામાં આવે છે. અવધિજ્ઞાન અને મન.પર્યયજ્ઞાન બન્ને તો મૂર્તિક પદાર્થને જાણે છે તેથી તે બન્ને જ્ઞાનો મોક્ષના કારણભૂત નથી. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન તે બાહ્ય વિષયોના જ્ઞાનમાંથી છુટી જ્યારે વિકલ્પરહિત પોતાના શુદ્ધાત્માની સન્મુખ થઇ નિર્વિકલ્પભાવે પોતાના આત્માને અનુભવે છે ત્યારેજ મતિશ્રુતજ્ઞાન મોક્ષનું કારણ થાય છે.

પંચેન્દ્રિય વિષયોથી મતિ, શ્રુતજ્ઞાન દૂર રહે છે ત્યારે તેને અતીન્દ્રિય જ્ઞાન કહે છે અને શુદ્ધપારિણામિકભાવ સંબંધમાં તે વિકાર રહિત ભાવનારૂપ હોવાથી તેને સ્વસંવેદન જ્ઞાન કહ્યું છે.

તેરમાં ગુણસ્થાન વિના સંસારી જીવોને ક્ષાયક જ્ઞાન હોતુ નથી. ક્ષયોપશમિક જ્ઞાન જો કે વિશેષ ભેદજ્ઞાનરૂપ છે અને તે મોક્ષના કારણભૂત એટલા માટે છે કે, તે સમસ્ત મિથ્યાત્વ અને રાગાદિ વિકલ્પોની ઉપાધિથી રહિત પોતાના શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન થવાવાળું પરમ આહલાદ સુખામૃતરસના આસ્વાદરૂપ, પરમસમતારસમય પરિણામ દ્વારા અનંત ચતુષ્ટયરૂપ મોક્ષ ફલના કાર્યભૂત હોવાથી તે એકદેશ શુદ્ધનિશ્ચયનયથી શુદ્ધ ઉપાદાન કારણ છે, અર્થાત્ આત્માનુભવમાં મન દ્વારા આત્માનું ગ્રહણ અને મનન થાય છે, તેથીજ તે ભેદવિજ્ઞાન છે અને તેજ મોક્ષનું સાધન છે.

શંકાકાર :- હે ભગવંત ! તપશ્ચરણ, સંયમ, પ્રવજ્યા, સૂત્રાદિને જ્ઞાનજ કહ્યું છે તો તે એવી કઇ નય છે ?

ઉત્તરઃ– હે ભવ્ય ! મિથ્યાદૃષ્ટિથી ક્ષીણકષાય બારમાં ગુણસ્થાન સુધીમાં તે, તે ગુણસ્થાનોને યોગ્ય અશુભ, શુભ અને શુદ્ધ ઉપયોગ હોય છે. તેની સાથે અવિનાભૂત, પ્રસિદ્ધ, અશુદ્ધનિશ્ચયનય અર્થાત્ અશુદ્ધઉપાદાનરૂપથી નીચલી અવસ્થાઓને જ્ઞાનજ કહ્યું છે. તેથી એ સિદ્ધ છે કે, શુદ્ધપારિણામિકપરમભાવને ગ્રહણ કરવાવાલી શુદ્ધદ્રવ્યાર્થિકનયથી અથવા શુદ્ધઉપાદાન રૂપથી જીવાદિ વ્યવહારમાં કહેવામાં આવેલ નવ પદાર્થોથી ભિન્ન આદિ, મધ્ય, અંતરહિત એક અખંડ પ્રકાશમય શુદ્ધપરમસમયસારરૂપ નિરંજન સહજશુદ્ધજ્ઞાનસ્વભાવ જે શુદ્ધાત્માનું ઉપાદેયભૂત તત્ત્વ છે, તેજ નિશ્ચયથી શ્રદ્ધાન કરવા, જાણવા અને ધ્યાવવા યોગ્ય છે. કારણજ્ઞાન જ જીવનું એક અસાધારણ સર્વદોષોથી રહિત લક્ષણ છે કે જે શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાથી વીતરાગરૂપ છે. તેજ શુદ્ધ વીતરાગ સ્વસંવેદન જ્ઞાનનો અનુભવ કરવાથી આત્માના સંયમાદિ સર્વ ગુણો કહ્યા છે. માટે સર્વથી ભિન્ન પોતાને પોતારૂપ જે જ્ઞાનાનંદમય પરમ વીતરાગ રૂપ છે, તેનુંજ શ્રદ્ધાન, જ્ઞાન અને મનન હિતકારી છે. એ પ્રમાણે વ્યવહારનયથી જાણેલ નવ પદાર્થોની મધ્યમાં શુદ્ધનિશ્ચયનયદ્વારા એક શુદ્ધ જીવજ ખરેખર સ્વરૂપમાં સ્થિર થાય છે. અથવા પોતેજ નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામી દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સ્થિતિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને, મોક્ષમાર્ગને પોતામાંજ પરિણત કરીને; જેણે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવને પ્રાપ્ત કર્યો છે એવું, ત્યાગ, ગ્રહણથી રહિત, સાક્ષાત્ સમયસારભૂત, પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન એકને જ પ્રત્યક્ષ સ્વસંવેદનથી અનુભવવું. કારણ કે તે સદાકાળ અવસ્થિત (સુનિશ્ચળ) છે. હવે આચાર્ય ભગવંત શિષ્યને સમ્બોધન કરી

સર્વ આશંકાઓને મટાડી (સમાધાન કરી) કહે છે કે હે ભવ્ય! તમારામાં અનાદિ અજ્ઞાનથી થતી શુભાશુભ ઉપયોગરૂપ પરસમયની પ્રવૃત્તિને દૂર કરીને, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં પ્રવૃત્તિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને, એવા સ્વસમયરૂપ પરિણમન સ્વરૂપ મોક્ષમાર્ગમાં પોતાને પરિણમાવીને, સંપૂર્ણ વિજ્ઞાનઘન સ્વભાવને પામીશ, ત્યારે તેમાં કાંઇ ત્યાગ ગ્રહણ જણાશે નહીં, એવા સાક્ષાત્ સમયસાર સ્વરૂપ પરમાર્થભૂત, નિશ્ચલ, શુદ્ધ, પૂર્ણજ્ઞાન (પૂર્ણ આત્મદ્રવ્યને) ને પ્રથમ શુદ્ધનયના જ્ઞાનમાં પૂર્ણશ્રદ્ધાન કરવું. આમ જ્ઞાનનું જ્ઞાન, શ્રદ્ધાન થયા પછી બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરી પૂર્ણજ્ઞાનનો અભ્યાસ કરવો. ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો અને પોતાના સ્વરૂપને સિદ્ધ સમાન ધ્યાનમાં લઇ ચિત્તને એકાગ્ર કરવું અને વારંવાર તેનો જ સતત અભ્યાસ કરવો, જ્યાં સુધી આવા અભ્યાસથી કેવળજ્ઞાન ન ઉપજે ત્યાં સુધી તે અભ્યાસ નિરંતર (બારમાં ગુણસ્થાન સુધી) રાખવો અને કેવળજ્ઞાન ઉપજે ત્યારે પરોક્ષ છુટી પ્રત્યક્ષ (સાક્ષાત્) સર્વવિભાવોથી રહિત થયું થકું સર્વને દેખનાર–જાણનાર સ્થિત રહ્યું તેજ જ્ઞાન અમલ, નિશ્ચલ, મહિમાવંત, નિત્ય ઉદિત શુદ્ધજ્ઞાનઘનરૂપ દેદીપ્યમાન (પ્રકાશમાન) રહે છે તે સાદી અનંત કાળ સુધી આનંદનું દાતા, અનંત ચતુષ્ટયનું સ્વામી દ્રવ્યભાવે પરિપૂર્ણ જયવંત રહે છે.

ધ્યાન ધ્યાતા ધ્યેયનું સ્વરૂપ.

मोक्षं कुर्वन्ति मिश्रौपशमिक क्षायिकाविद्याः ।
बंधमौदयिको भावो निष्क्रयः पारिणमिकः ॥२९४॥

અર્થ:- ઔપશમિક, ક્ષયોપશમિક, અને ક્ષાયકભાવ મોક્ષને કરે છે. ઔદયિક ભાવ બંધને કરે છે તથા પારિણામિકભાવ ક્રિયા રહિત છે. તે ન બંધનું કારણ છે ન મોક્ષનું કારણ છે.

ભાવાર્થ:- ઔપશમિક, ક્ષયોપશમિક, ક્ષાયિક તથા ઔદયિક એમ ચાર ભાવ પર્યાયરૂપ છે; પરંતુ શુદ્ધપારિણામિકભાવ દ્રવ્યરૂપ છે. જીવ પદાર્થ ન તો માત્ર દ્રવ્યરૂપ છે ન પર્યાયરૂપ છે પણ પરસ્પર અપેક્ષાથી દ્રવ્ય અને પર્યાયો બન્ને ધર્મોના આધારભૂત ધર્મી છે.

જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ એ ત્રણ પારિણામિકભાવની વચમાં શક્તિરૂપ જીવત્વ પરમશુદ્ધપારિણામિકભાવ, નિરાવરણ, બંધ-મોક્ષ પર્યાયની પરિણતિથી રહિત ત્રિકાળ એકરૂપ રહેલ છે તે શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય (આશ્રયે) છે. બાહ્ય દશપ્રાણરૂપ જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ ભાવ છે, તે પર્યાયાર્થિકનયને આશ્રયે હોવાથી તેને અશુદ્ધપારિણામિક ભાવ કહેવામાં આવે છે.

શુદ્ધનિશ્ચયનયથી સર્વ સંસારી જીવો અને સિદ્ધો સર્વથા દશ પ્રકારના પ્રાણરૂપ જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વથી રહિત છે. એ ત્રણમાંથી ભવ્યત્વ પારિણામિકભાવ છે તેને પર્યાયાર્થિકનયથી ઢાંકવાવાળું દેશઘાતી અને સર્વઘાતી નામનું મોહાદિ કર્મ સામાન્ય છે: અર્થાત્ દર્શનમોહ, ચારિત્રમોહ જે આત્માના સમ્યક્ત્વ, ચારિત્ર ગુણોનો ઘાત કરે છે તેજ કર્મો આત્માની ભવ્યત્વ શક્તિને પણ પ્રચ્છાદન કરે છે. જ્યારે કાળલબ્ધિને વશ ભવ્યત્વ શક્તિની વ્યકત (પ્રગટ) દશા થાય છે ત્યારે આ જીવ સહજશુદ્ધપારિણામિકભાવરૂપી પોતાના પરમાત્મ દ્રવ્ય (તત્ત્વ) ના સમ્યક્-

શ્રદ્ધાન, જ્ઞાન અને ચારિત્રમય પર્યાયથી પરિણમન કરે છે. તે પરિણમનને આગમ પદ્ધતિએ ઔપશમિક, ક્ષયોપશમિક, ક્ષાયિક ભાવ કહે છે અને આધ્યાત્મિક ભાષાની અપેક્ષાએ તે ભાવને શુદ્ધાત્મ સન્મુખ પરિણામ, શુદ્ધોપયોગ આદિ પર્યાયરૂપ નામોથી કહે છે.

પરમશુદ્ધપારિણામિકભાવ જે શુદ્ધઆત્મિક દ્રવ્યરૂપ છે તે પૂર્વોકત પર્યાયરૂપ ભાવોથી કોઇ અપેક્ષાથી ભિન્ન છે: કારણ કે તે ભાવો (પરિણતિ) ભાવનારૂપ છે જ્યારે શુદ્ધપારિણામિકભાવ ભાવનારૂપ નથી. જો કોઇ એકાંતનયથી તે પરિણતિને શુદ્ધપારિણામિકભાવથી અભિન્ન માનવામાં આવે તો મહાન દોષ ઉત્પન્ન થશે. તે એવી રીતે કે ભાવનારૂપ પરિણતિ તો મોક્ષના કારણભૂત છે અને મોક્ષના કારણોનો નાશ થતાં શુદ્ધપારિણામિકભાવનો નાશ થઇ જશે પણ શુદ્ધપારિણામિકભાવ તો સદા દ્રવ્યરૂપ ધ્રૌવ અવિનાશી છે.

પરમશુદ્ધપારિણામિકભાવની પ્રાપ્તિના હેતુભૂત, ઔપશમિક, ક્ષયોપશમિક, અને ક્ષાયિક એમ ત્રણ ભાવ છે. તે રાગદ્વેષાદિ ભાવોથી રહિત હોવાને કારણે શુદ્ધઉપાદાનરૂપ હોવાથી મોક્ષનું કારણ થાય છે. પરમશુદ્ધપારિણામિકભાવ મોક્ષનું કારણ નથી અને જે શક્તિરૂપ મોક્ષ છે તે તો પરમશુદ્ધપારિણામિકરૂપ પહેલાથી જ વિદ્યમાન છે. વળી શુદ્ધપારિણામિક ક્રિયા રહિત (નિષ્ક્રિય) છે અથવા બંધના કારણ ભૂત જે રાગદ્વેષાદિરૂપની પરિણતિ ક્રિયા છે, તે રૂપ પણ શુદ્ધપારિણામિકભાવ નથી તથા મોક્ષના કારણરૂપ જે ક્રિયા અને શુદ્ધસ્વરૂપની ભાવનારૂપ પરિણતિ છે તે રૂપ પણ નથી.

પરમશુદ્ધપારિણામિકભાવ ધ્યાનમાં ધ્યેયરૂપ છે પણ ધ્યાન રૂપ નથી:કારણ ધ્યાન વિનાશક છે અને ધ્યેય સદા શાશ્વત એકરૂપ છે.

णवि उप्पज्जइ णवि मरइ बंधु ण मुक्खुकरेइ ,
जिउ परमत्थे जोइया जिणवर एउ भणेइ ॥२९५॥

અર્થ:- પરમાર્થદૃષ્ટિથી જોવામાં આવે તો આ આત્મા ન જન્મે છે, ન મરે છે, ન બંધ કરે છે, ન મોક્ષ કરે છે એમ જિનેન્દ્ર ભગવાને કહ્યું છે.

ભાવાર્થ:- પાંચ ભાવોમાં પરમશુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે અર્થાત્ મોક્ષરૂપ છે. પરંતુ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવ ધ્યાનરૂપ છે. ઔદયિક ભાવમાં મોહનીજ બંધના કારણભૂત છે. જ્યારે કાલલબ્ધિ આદિના નિમિત્તથી ભવ્યત્વ શક્તિની પ્રગટતા થાય છે ત્યારે શુદ્ધાત્મ સન્મુખ જે પરિણામ થાય છે તે ભાવના-રૂપ છે, તેજ મોક્ષનો ઉપાય છે, તેજ રત્નત્રય સ્વરૂપ છે. તેજ આત્માના અનુભવરૂપ છે મોક્ષના કારણ ભાવોમાં ઉપયોગને સ્થિર કરી સ્વસ્વરૂપનો અનુભવકરી આત્મસુખનો લાભ કરવો યોગ્ય છે.

એકદેશ શુદ્ધનયના આશ્રિતે જે ભાવના વિકાર રહિત સ્વસંવેદન લક્ષણરૂપ છે તે ક્ષયોપશમિક જ્ઞાનરૂપ હોવાને કારણે જો કે એકદેશ વ્યક્તરૂપ છે અર્થાત્ કેવલજ્ઞાનની માફક સર્વથા સર્વ દેશ વ્યક્ત (પ્રગટ) નથી તો પણ ધ્યાન કરવાવાલો પુરુષ એ ભાવના કરે છે કે, જે કોઇ સમ્પૂર્ણ આવરણોથી રહિત અખંડ એક પ્રત્યક્ષ પ્રકાશમાન, અવિનાશી, શુદ્ધપારિણામિકભાવ સ્વરૂપ પરમાત્મતત્ત્વ છે તેજ હું છું, હું અખંડ જ્ઞાનરૂપ છું.

જે ઉપાયથી (મોક્ષનો માર્ગ) ઉપેય (મોક્ષ) ની પ્રાપ્તિ થાય તે જ મુમુક્ષુએ કરવા યોગ્ય છે–તેની ભાવના સદાય ભાવવા યોગ્ય છે. મુમુક્ષુ જીવ ભાવના ભાવે છે કે:– "હું સહજ શુદ્ધ જ્ઞાતાનંદમય એક સ્વભાવરૂપ છું. હું સંકલ્પ વિકલ્પરહિત નિર્વિકલ્પ છું, હું ઉદાસીન છું, હું મારા પોતાના નિરંજન શુદ્ધાત્માના સમ્યક્શ્રદ્ધાન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમાં તન્મયરૂપ જે નિશ્ચયરત્નત્રયમય નિર્વિકલ્પ સમાધિભાવથી ઉત્પન્ન જે વીતરાગ સહજ આનંદરૂપ સુખના અનુભવરૂપ જે સ્વસંવેદન જ્ઞાન છે તે દ્વારા હું અનુભવવા યોગ્ય છું. જાણવા યોગ્ય છું, પ્રાપ્ત કરવા યોગ્ય છું: અર્થાત્ હું તે અનુભવરૂપી રસથી ભરપૂર છું. હું રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, પંચેન્દ્રિયના વિષય વ્યાપાર, મન, વચન, કાયના વ્યાપાર ભાવકર્મ દ્રવ્યકર્મ અને નોકર્મ, પૂજા પ્રસિદ્ધિ, લાભ, દેખેલ સાંભળેલ અને અનુભવેલ ભોગોની ઈચ્છા રૂપી નિદાનશલ્ય, માયાશલ્ય, મિથ્યાશલ્ય આદિ સર્વ વિભાવ પરિણામોથી રહિત શૂન્ય છું ત્રણ લોકમાં ત્રણકાળમાં મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદના એમ નવ પ્રકારોથી હું શુદ્ધનિશ્ચયનયે શુદ્ધ છું, તેમ સર્વ જીવો પણ શુદ્ધ છે." એમ ભાવના ભાવવા યોગ્ય છે. જેથી મોક્ષ સ્વરૂપ પોતાના શુદ્ધપરમપારિણામિકભાવનો લાભ થાય.

કારક પક્ષ નું સ્વરૂપ.

पुव्वपरिणामजुतं कारणभावेण वट्टदे दव्वं ।
उत्तरपरिणामजुदं तं चिय कज्जं हवे नियमा ॥१९६॥

कारणकज्जाविसेसा तस्सु वि कालेसु होंति वत्थूणं ।
एक्केक्कम्मिय समये पुव्वुत्तर भावमासिज्ज ॥२९७॥

અર્થ:-પૂર્વ પરિણામથી યુકત દ્રવ્ય છે તે તો કારણભાવ કરી વર્તે છે અને તે જ દ્રવ્ય ઉત્તર પરિણામથી યુકત થાય ત્યારે કાર્ય થાય છે એ નિયમથી જાણો. વસ્તુ પૂર્વ અને ઉત્તર પરિણામને પ્રાપ્ત થઈ ત્રણ કાળ વિષે એક એક સમયમાં કાર્ય-કારણભાવ રૂપે વર્તે છે.

ભાવાર્થ:- જીવાદિ વસ્તુ ત્રણ કાળમાં એક એક સમયે પૂર્વ-ઉત્તર પરિણામનો આશ્રય કરી નવી નવી પર્યાય (કાર્ય) રૂપ ઉત્પન્ન થાય છે. ત્રણે કાળમાં અનંતાનંત બધા દ્રવ્યો અનંતાનંત પર્યાય સહિત છે તેમજ સર્વ પદાર્થ અનેકાંતાત્મક અર્થક્રિયા સહિત છે. જે વસ્તુ છે તે અનંત ધર્મસ્વરૂપ અનેકાંતમય છે તે નિયમથી કાર્યરૂપ પરિણમે છે. એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.

જીવદ્રવ્ય પોતાના ચૈતન્ય સ્વરૂપમાં રહી કદી પણ પર એવા અચેતન સ્વરૂપે થયું નથી. જો પરસ્પર બધા દ્રવ્યો એકરૂપ થઈ મલી જાય તો મોટો દોષ ઉત્પન્ન થશે તેથી તે એક સ્વરૂપે નહી થતાં પ્રત્યેક દ્રવ્ય પોતાની સત્તા (દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ) ને કદી પણ છોડતો નથી. અર્થાત્ ચેતન ચેતનરૂપ અને અચેતન અચેતનરૂપ સદા પોતાના ગુણપર્યાયોમાં રહે છે. વર્તમાન સમયમાં જે પર્યાય છે તે પૂર્વ સમય સહિત વસ્તુનું કાર્ય છે તે પ્રમાણે બધી પર્યાયોનું જાણવું. એ પ્રમાણે સમય સમયે કાર્ય કારણ-ભાવરૂપ ત્રણ કાળમાં દ્રવ્યનું નિયમથી સ્વરૂપ છે.

લોકમાં નિત્ય, અનિત્ય, એક, અનેક, ભેદ ઇત્યાદિ અનેક ધર્મ યુકત વસ્તુ છે તે કાર્યકારી દેખાય છે. જીવદ્રવ્ય પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં ચૈતન્ય સ્વરૂપે બિરાજી સદા સમયે સમયે પોતાની પર્યાયરૂપ (કાર્યરૂપ) પરિણમે છે ત્યારે પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ તેનું નિમિત્ત માત્ર છે.

जीवो अणाइणिहणो परिणयमाणो हु णवणवं भावं ।
सामग्रीसु पवट्टदि कज्जाणि समासदे पच्छा ॥३९८।

અર્થ:- જે જીવદ્રવ્ય છે તે અનાદિ નિધન છે. તે નવી નવી પર્યાયરૂપ પરિણમે છે. તે પહેલા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની સામગ્રી વિષે વર્તે છે પછી પર્યાયરૂપ કાર્યને પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ:- સર્વ દ્રવ્ય પોત પોતાના પરિણમનના ઉપાદાન કારણ છે ત્યારે બાહ્ય અન્ય દ્રવ્ય તેના કાર્ય (અવસ્થા) ની ઉત્પત્તિમાં નિમિત્ત માત્ર છે. **" सामग्रीजनिका कार्यस्य नैकंकारणमः "** અર્થાત્ સામગ્રી (નિમિત્ત) કાર્યને ઉત્પન્ન કરે છે એકલું કારણ (ઉપાદાન) નહીં. આવો વસ્તુનો નિયમ છે કોઈનો કરેલો નથી. સર્વ દ્રવ્ય પોત પોતાના પરિણામરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, સામગ્રીને પ્રાપ્ત થઇ પોતેજ પોતાના ભાવરૂપે પરિણમે છે તે પરિણમનનો પોતે સ્વામી છે તેને આઘું પાછું કરવાને કોઈ સમર્થ નથી. પણ કોઇ એમ કહે કે તે અશુદ્ધ પરિણામ પોતાની, ક્રમબદ્ધ પર્યાયની સ્વાભાવિક યોગ્યતા (લાયકાત) થી થઇ છે તો તે પ્રમાણે કહેવું યોગ્ય નથી તે આગમવિરૂદ્ધ કથન છે. તે પર્યાય

(ચેતના) જીવની છે પણ તેમાં અશુદ્ધતા આવવાનું કારણ (હેતુ) એવા પરદ્રવ્ય (અચેતન) નો સંગ (સંયોગ સંબંધ) છે તેથી તે અશુદ્ધ પર્યાય કથંચિત્ જીવ દ્રવ્યની છે અને કથંચિત એવા અજીવ પુદ્ગલ દ્રવ્યની પણ છે અને બન્ને દ્રવ્યો ના સ્વભાવથી જોવામાં આવે તો તે બન્ને દ્રવ્યોમાંથી કોઇની નથી. અજ્ઞાની તે નૈમિત્તિક અવસ્થાને પોતાની સ્વાભાવિક માની તેમાં તન્મય (ઇચ્છાપૂર્વક-એકરૂપ) થઇ જાય છે. અર્થાત્ તે નૈમિત્તિક અવસ્થાનો સ્વામી થાય છે તેજ તેનું અજ્ઞાન અથવા સંસાર છે તેને મિથ્યા પુરુષાર્થ અથવા સંસારની જડ કહે છે. તેનો કથંચિત આત્મા કર્તા છે અને મિથ્યાત્વ કર્મનો નાશ થતાં તેજ જીવ અકર્તા થાય છે. કર્તાપણાના અભિપ્રાયમાં મિથ્યાત્વ-કર્મના ઉદયનું કારણ છે અને તેજ જીવના અકર્તા ભાવમાં સમ્યગ્દર્શન પૂર્વક થતું સમ્યગ્જ્ઞાનનું કારણ છે. જ્ઞાની આત્મા તે નૈમિત્તિક ભાવને કર્મ (ચારિત્રમોહનીય) ના ઉદયની બળજોરીનું કાર્ય જાણી તેમાં તન્મય ન થતાં તેના નાશનો ઉપાય આગમાનુસાર સંયમાદિ સમ્યક્ ક્રિયામાં પોતાનો ઉપયોગ જોડી આપે છે તેથી જ્ઞાનીનો તે નૈમિત્તિક ભાવ પ્રત્યેનો અનિચ્છાભાવ કહ્યો. આજ સંસાર બંધથી છુટવાનું સમ્યક્ કારણ છે તેનેજ સમ્યક્ પુરુષાર્થ કહે છે અને તેજ મોક્ષનું કારણ છે.

દૃષ્ટાંતઃ- જેમ માટીનો પિંડ તે કારણ છે અને ઘટરૂપ અવસ્થા તે તેનું કાર્ય છે. તે પ્રમાણે જીવની પહેલી પર્યાય તે કારણ છે અને પાછલી પર્યાય તે તેનું કાર્ય છે એવું નિયમથી વસ્તુનું સ્વરૂપ છે માટીના અનેક કાર્યમાં માટીપણું એકરૂપ, નિત્યરૂપ

છે અને તેની અવસ્થા અનિત્યરૂપ છે. કાર્યકારણ સંબંધ પુરુષાર્થ વાદનો પોષક છે. ઉત્તર કાર્યની ઉત્પત્તિ પૂર્વક્ષણવર્તી પર્યાય (ઉપાદાન) વિના ત્રણ કાળે દ્રવ્યની સિદ્ધિ થઇ શકતી નથી. ઉત્તર પર્યાયમાં રહેવાવાળા દ્રવ્યને ઉર્ધ્વતાસામાન્ય કહે છે તે તેની બધી અવસ્થાઓમાં સામાન્યરૂપ નિત્ય એકરૂપ છે.

" उपादान निमित्ताभ्यांकार्यसिद्धिः "

પ્રત્યેક કાર્યની સિદ્ધિ ઉપાદાન અને નિમિત્ત બન્ને કારણોથી થાય છે. જેમ ઘટનું ઉપાદાન કારણ માટી છે અને ચાક દંડાદિ નિમિત્ત કારણ છે તેમાં માટીની પર્યાય સ્વપ્રત્યયરૂપ છે અને ચક્રાદિ પર પદાર્થની પર્યાય પરપ્રત્યયરૂપ (કારણ) છે. અર્થાત્ સ્વરૂપકારણ અને પરરૂપકારણ વિના કાર્યની સિદ્ધ અસંભવ છે.

સમ્યગ્દૃષ્ટિ આત્મા કાર્ય કારણ ભાવને યથાર્થ રૂપે જાણતો હોવાથી પોતાનું હિત, અહિત કોઇ કરી શકે છે એવું ત્રણકાળે માનતો નથી પોતાની અવસ્થાનો પોતેજ કર્તા છે ત્યારે પરદ્રવ્ય નિમિત્ત માત્ર છે. પરદ્રવ્ય મારા ગુણ પર્યાયમાં નિશ્ચયે વ્યાપતા નથી તેમજ તેઓ મારા કાર્યની ઉત્પત્તિના કારણ (કર્તા) નથી તો પછી મારૂં હિત, અહિત પરને આશ્રિતે કેમ હોઇ શકે ? નજ હોઈ શકે. એમ નિશ્ચયથી વસ્તુસ્વરૂપને જાણતો સમ્યગ્દૃષ્ટિ દૃઢ શ્રદ્ધાની હોય છે. જગતમાં કોઇ દ્રવ્ય કોઇ અન્ય દ્રવ્યના ગુણ પર્યાયમાં વ્યાપતા નથી તો કાર્ય કેવી રીતે કરી શકે ? નજ કરી શકે. તેઓ માત્ર મારા કાર્યની ઉત્પત્તિમાં નિમિત્ત માત્ર છે. કર્તા કર્મ રૂપે કદી પણ નથી એવા જિનેન્દ્ર કથિત વચનનો સમ્યક્શ્રદ્ધાની સમ્યગ્દૃષ્ટિ જીવ હોય છે તે એમ વિચારે છે કે :-

સમ્યક્ નિયતિવાદ

જં જસ્સ જમ્મિદેસે જેણ વિહાણેણ જમ્મિ કાલમ્મિ ।
ણાદં જિણેણ ણિયદં જમ્મ વા અહવ મરણં વા ॥૩૯૯॥

તં તસ્સ તમ્મિ દેસે તેણ વિહાણેણ તમ્મિ કાલમ્મિ ।
કો સક્કઇ ચાલેદું ઇંદો વા અહ જિણિંદો વા ॥૪૦૦॥

અર્થ:- જે જીવને, જે દેશમાં, જે કાળમાં, જે વિધાને (સામગ્રીએ) કરી જન્મ, મરણ, સુખ, દુઃખ, રોગ, દારિદ્ર આદિ જેવું સર્વજ્ઞદેવે જાણ્યું છે તે પ્રમાણે તે બધું નિયમથી થશે. તેમજ તે જીવને તેજ દેશમાં તેજ વિધાને કરી નિયમપૂર્વક થાય છે, તેને ઇન્દ્ર તથા જિનેન્દ્ર, તીર્થંકરદેવ કોઈપણ ફેરવવા સમર્થ નથી.

ભાવાર્થ:- સર્વજ્ઞદેવ વ્યવહારનયથી સમસ્ત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અવસ્થાઓને જાણે છે. અર્થાત્ સર્વજ્ઞદેવના જ્ઞાનમાં પ્રતિભાસ્યું છે તે પ્રમાણે નિયમથી થાય છે તેમાં આધું પાછું ઓછું અધિકું કાંઇપણ થતું નથી, એમ સમ્યગ્દૃષ્ટિ વિચારે છે.

વિશેષાર્થ:-સમ્યગ્દૃષ્ટિ જિનેન્દ્ર કથિત વચનનો દૃઢ શ્રદ્ધાની હોય છે. તે વિચારે છે કે જિનેન્દ્રભગવાનના નિર્મળ સ્ફટિક જ્ઞાનમાં જગતના સર્વ પદાર્થો તેના ગુણ પર્યાય સહિત ત્રિકાળવર્તી યુગપત્ ઝળકી રહ્યા છે, તેજ પ્રમાણે સઘળું થાય છે. તે ફેરવવા કોઇ સમર્થ નથી. અર્થાત્ જિનેન્દ્રના જ્ઞાનમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, સ્વપ્રત્યય અને પરપ્રત્યય, કાર્યકારણ, નિમિત્ત નૈમિત્તિક, નિમિત્ત ઉપાદાન આદિ જણાયેલ છે તે પ્રમાણે નિશ્ચયથી થાય છે. તે જિનાગમનો દૃઢ શ્રદ્ધાની હોય છે એટલે સમ્યગ્દૃષ્ટિ

જીવ જિનેન્દ્ર કથિત માર્ગ ઉપર ચાલે છે, તેનાથી વિપરિત માર્ગ ઉપર ચાલતો નથી. પોતાના પરિણામનો પોતેજ સ્વામી છે અન્ય તો નિમિત્ત માત્ર છે, એમ અવધારતો જીવ સદા પોતાના પરિણામની સાવધાની રાખે છે. કારણકે તેનાથી જ પોતાનું હિત અહિત થાય (બંધ–મોક્ષ) છે તેમ શ્રદ્ધાન કરતો સદા સારાં નિમિત્તોની સામગ્રી તરફ લક્ષ રાખે છે તેજ તેનો સમ્યક્ પુરુષાર્થ છે. તેને કોઇ કાર્યમાં હર્ષ, વિષાદ, સુખ, દુઃખ, જન્મ મરણ આદિમાં ભય કે આશ્ચર્ય થતું નથી. અર્થાત્ ખેદ–ખિન્ન થતો નથી પણ સમતા ભાવે રહે છે તે બધાં કર્મોનાં વિપાકોને જાણે છે. સમતા જ મારૂં ઘર છે અને તેનાથીજ મારૂં કલ્યાણ છે. જે પ્રમાણે ગુણસ્થાનની પરિપાટીએ દૃઢ સમતાભાવી થતો જાય છે તે પ્રમાણે રાગ છુટતો જાય છે તેજ સમ્યગ્દૃષ્ટિની સંવરપૂર્વક નિર્જરા છે.

શંકાકાર:– હે ભગવાન! ક્રમબદ્ધ પર્યાયમાં જે થવાનું હશે તે થશે તો પછી પુરુષાર્થ કરવાની શું જરૂર?

ઉત્તર:– હે ભવ્ય! સાંસારિક જીવોમાં ક્રમવર્તી અને વ્યતિરેક બન્ને પર્યાયો થાય છે. જૈનદર્શન કારકપક્ષ અને જ્ઞાપકપક્ષ બન્નેને સાપેક્ષતાથી સ્વીકારે છે તેથી સમ્યક્નય છે. કારક પક્ષ (કાર્યકારણ સંબંધ) પુરુષાર્થવાદનો પોષક છે અને જ્ઞાપકપક્ષ (જ્ઞાનજ્ઞેય સંબંધ) પુરુષાર્થવાદની સાપેક્ષતાએ ગ્રહણ કરવાયોગ્ય હોવાથી તેને સમ્યક્નિયતિવાદ કહે છે. જે જૈનદર્શનને માન્ય છે. એકાંત નિયતિવાદ નિરપેક્ષતાનો પોષક હોવાથી મિથ્યાવાદ રૂપ છે જે જૈનદર્શનને માન્ય નથી. જે જીવ કાર્યકારણ સંબંધ-

રૂપ કારકપક્ષને નથી માનતો અને એકાંતે પૂર્વોક્ત ગાથાને માને છે તે જૈનત્વથી દૂર મિથ્યાદૃષ્ટિ છે. માટે હે ભવ્ય ! પૂર્વોકત ગાથાને કારકપક્ષ (પુરુષાર્થવાદ) સાથે જ્ઞાપકપક્ષને ગ્રહણ કરો જેથી એકાંતનો દોષ આવશે નહીં જૈનદર્શન સાપેક્ષ નયને સમ્યક્‌રૂપ માને છે અને નિરપેક્ષનયને મિથ્યારૂપ માને છે.

શંકાકાર :- હે ભગવંત ! સર્વજ્ઞદેવ વ્યવહારનયથી સર્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અવસ્થાને જાણે છે એમ જો કહેવામાં આવશે તો નિશ્ચયથી સર્વજ્ઞપણું જ રહ્યું નહીં

ઉત્તર :- હે પ્રજ્ઞ ! કેવળી ભગવાન પોતાના આત્મિક સુખમાં તન્મય થઇ જેમ જાણે છે તેમ બાહ્ય પદાર્થોને જાણતા નથી તે કારણથી કહેવાય છે કે કેવળી ભગવાન વ્યવહારનયથી જાણે છે. બીજા જીવોનાં સુખ દુ.ખ આદિને પોતાના આત્મિક સુખ સમાન તન્મય થઇ જાણે તો જેમ પોતાના આત્મિક સુખને અનુભવ કરતાં સુખી થાય છે તેમ અન્ય જીવોના સુખ દુઃખમાં તન્મય થતાં સુખી દુઃખી થવું જોઇએ પણ તેમ તો જણાતું નથી. પોતાના આત્મિક સુખના અનુભવની અપેક્ષાએ નિશ્ચય છે અને પરના સુખ દુઃખ અનુભવની અપેક્ષાથી વ્યવહાર માત્ર છે.

સર્વ જીવ પરપદાર્થોને નિશ્ચયથી ભોગવતાં જ નથી પણ પોતાના રાગાદિ પરિણામનેજ નિશ્ચયથી ભોગવે છે. તેમ નિશ્ચયે અરિહંત પરમાત્મા પોતાના આત્મિક સુખને જ ભોગવે છે પણ પરપદાર્થોને ભોગવે છે તેમ કહેવું માત્ર વ્યવહાર છે. જુઓ નિયમસાર ગાથા ૧૫૯–૧૬૬

શંકાકારઃ- હે ભગવંત! નિરપેક્ષનયનો નિયતિવાદ કેવા પ્રકારનો હોય છે અર્થાત્ તેઓની માન્યતા કેવા પ્રકારની હોય છે તે આપ કૃપા કરી જણાવો.

ઉત્તરઃ- હે ભદ્ર! તે તમો શાંતિથી સાંભળો.

મિથ્યાનિયતિવાદ (જ્ઞાપકપક્ષ) નું સ્વરૂપ

जत्तु जदा जेण जहा जस्स य णियमेव होदि तत्तु तदा ।
तेण तहा तस्स हवे इदि वादो णियदिवादो दु ॥४०१॥

को करइ कंटयाणं तिक्खत्तं मियविहंगमादीणं ।
विविहत्तं तु सहाओ इदि संव्वपि य सहाओत्ति ॥४०२॥

અર્થઃ- જે સમયમાં જેનાથી જેવું જેને નિયમથી થાય છે. તે, તે સમયમાં તેનાથી તેવું જ તેને થાય છે એવા નિયમને જ બધી વસ્તુઓને માનવું તે નિયતિવાદ છે. કાંટા આદિ જે તીક્ષ્ણ વસ્તુ છે તેનું તીક્ષ્ણપણું કોણે કર્યું? અને મૃગ તથા પક્ષી આદિ જે અનેક પ્રકારના (રંગોથી) દેખાય છે તેને કોણે કર્યા? એવા પ્રશ્નનો ઉત્તર એવો આપે છે કે, તે બધામાં સ્વભાવ જ છે, એમ બધાને (અન્યકારણવિના) સ્વભાવથીજ માનવું તેને સ્વભાવવાદી કહે છે

ભાવાર્થઃ- શ્રી જિનેન્દ્રદેવે (૩૬૩) ભેદોથી એકાંતવાદીઓના મતને મિથ્યામતવાળા કહ્યા છે જેવા કેઃ- નિયતિવાદ, સ્વભાવવાદ, કાલવાદ, ઈશ્વરવાદ, આત્મવાદ, પૌરુષવાદ, દૈવવાદ, સંયોગવાદ

વિનયવાદ, લોકવાદ આદિ પ્રધાનતાથી કહ્યા છે. તેઓ બધા એકાંતવાદીઓ અપેક્ષાવિના વસ્તુને સિદ્ધ કરવાવાળા હોવાથી પરમત મિથ્યાવાદીઓ છે. પરમતો ના વચન "**સર્વથા**" એમજ છે તેમ નિયમથી કહેતા હોવાથી અસત્યવાદી છે. તેને નિરપેક્ષવાદી કહે છે જે મિથ્યાનયરૂપ છે.

(૧) નિયતિવાદી કહે છે કે, જે ક્રમબદ્ધ થવાનું છે તે કોઇ પ્રકારે ટાળી શકાતું નથી તેથી તેને ક્રમબદ્ધવાદી અથવા નિયતિવાદી કહે છે.

(૨) સ્વભાવવાદી કહે છે કે, જે કાંઇ બને છે તે તેની તે સમયની યોગ્યતાનુસારજ થઈ રહ્યું છે તેને ટાળવા કોઈ સમર્થ નથી તેને યોગ્યતાવાદી અર્થાત્ સ્વભાવવાદી કહે છે.

(૩) કાલવાદી કહે છે કે, ઉત્પન્ન, વિનાશ, આદિ કાલજ કરે છે કાલને ઠગવા કોઈ સમર્થ નથી તે પ્રમાણે બધુકાલને માને છે તે કાલવાદી છે.

(૪) ઇશ્વરવાદી કહે છે કે, આત્માજ્ઞાન રહિત છે, અનાથ છે. આત્માને સુખ દુઃખ, સ્વર્ગ, નરક આદિમાં ગમન બધુ ઈશ્વરનું જ કરેલું છે અર્થાત્ ઇશ્વરની ઇચ્છા વગર પાન પણ હલી શકતું નથી આ બધું ઈશ્વરની ઇચ્છાથી જ થઈ રહ્યું છે એમ જે બધું ઇશ્વરકૃત માને છે તે ઇશ્વરવાદી છે.

(૫) આત્મવાદી કહે છે કે; સંસારમાં એક જ આત્મા છે, તેજ પુરુષ છે, તેજ દેવ છે; અને તે બધામાં વ્યાપક છે

સર્વાંગપણાથી અગમ્ય છે, ચેતના સહિત છે, નિર્ગુણ છે, અને ઉત્કૃષ્ટ છે બાકી બધુ મિથ્યા છે એમ એક બ્રહ્મને માનતા આત્મવાદી છે.

(૬) પૌરુષવાદી કહે છે કે, પ્રમાદી તથા ઉદ્યમ કરવામાં ઉત્સાહ રહિત છે તે કાંઇ પણ ફલને પામી શકતો નથી. અથાત્ પુરુષાર્થથી જ બધા કાર્યની સિદ્ધિ થાય છે એમ માનવાવાળાને પૌરુષવાદી કહે છે.

(૭) દૈવવાદી કહે છે કે, જે ભાગ્યમાં લખેલું છે તેમ જ થાય છે. વિધાતાના લેખ કોણ ફેરવી શકે? માટે નકામો પુરુષાર્થ કરવો ધિક્કારરૂપ છે એમ જે ભાગ્યથી જ સર્વ સિદ્ધિ માને છે તે દૈવવાદી છે.

(૮) સંયોગવાદી કહે છે કે, જ્ઞાનીઓની કૃપાથીજ સર્વકાર્યની સિદ્ધિ થાય છે. માટે સદાજ્ઞાનીના સંયોગમાં રહેવું તેવી માન્યતા વાળાને સંયોગવાદી કહે છે.

(૯) વિનયવાદી કહે છે કે, બધા દેવ, રાજા, જ્ઞાની, યતિ, બુઢા, બાળક, માતા, પિતા, એમ આઠેને મન, વચન, કાય અને દાન એમ ચારેથી વિનય કરવું એવા વિનયવાદી ગુણ, અગુણની પરીક્ષા કર્યા વિના બધાઓના વિનયથીજ સર્વ સિદ્ધિ માને છે તે વિનયવાદી છે.

(૧૦) લોકવાદી કહે છે કે, શું આ જગતમાં બધા કહે છે તે ખોટું છે ? જેમકે :– દ્રૌપદીને પાંચ પતિ હોવા છતાં સતિ

હતી તેને કોણ મિથ્યા કહી શકે. એમ માત્ર લોક માન્યતામાં સત્યાસત્યના વિચાર વિના સર્વ સિદ્ધિ માનનારને લોકવાદી કહે છે.

જૈનમતનું વચન "કથંચિત્" (કોઇ અપેક્ષાએ) હોવાથી સત્ય વચન છે. જૈનમત સ્યાદ્વાદરૂપ છે. તે અનંતધર્મસ્વરૂપ વસ્તુને કથંચિત વચનથી કહે છે તેથી સત્ય છે. કારણ એક વચનથી વસ્તુના એક ધર્મ (ગુણ) નેજ કહી શકાય છે અર્થાત્ એક વચનથી અનંત ધર્મવાલી વસ્તુમાંથી કોઇ એક ધર્મનેજ કહી શકાય છે. હવે કોઇ "સર્વથા" એમજ વસ્તુનું સ્વરૂપ છે એમ કહે તો બાકીના વસ્તુના ધર્મનો અભાવ થતાં વસ્તુનું નાશપણું થશે તેથી તેને એકાંત જુઠ વચન કહે છે. માટે અન્ય મતોના વિવાદો માત્ર એક સ્યાદ્વાદથીજ મટી શકે છે એમ સમજવું. સ્યાદ્વાદી કદી પણ એકાંત પક્ષને ગ્રહણ કરતો નથી અર્થાત્ સ્યાત્પદને છોડતો નથી.

સ્યાદ્વાદનું સ્વરૂપ

अबुद्धिपूर्वापेक्षायामिष्टानिष्टं स्वदैवतः ।
बुद्धि पूर्वविपेक्षायामिष्टानिष्टं स्वपौरुषात् ॥४०३॥

અર્થ:- જે પુરુષની બુદ્ધિપૂર્વક ન થાય તે અપેક્ષાએ તો ઇષ્ટાનિષ્ટ કાર્ય છે તે તો (પોતાના) કર્મથી (દૈવ) થયું કહીએ ત્યાં પુરુષ પ્રધાન નથી પણ કર્મનું જ પ્રધાન પણું છે. પણ જ્યાં પુરુષની બુદ્ધિ પૂર્વક થાય તે અપેક્ષાએ તો ઇષ્ટાનિષ્ટ

કાર્ય છે તે તો (પોતાના) પૌરુષ (પુરુષાર્થ) થી થયું કહીએ ત્યાં દૈવ (કર્મ) નું ગૌણ પણું છે અને પૌરુષ પણું જ પ્રધાન પણું છે એમ પરસ્પર અપેક્ષાથી જાણવું તેજ સ્યાદ્વાદ છે.

ભાવાર્થ:- સ્યાદ્વાદીઓને દૈવ, પૌરુષ બન્ને પક્ષ એકસ્વરૂપમાં કદી સંભવે નહીં અર્થાત્ એકજ સમયમાં બન્ને પક્ષનો સ્યાદ્વાદી કદી સ્વીકાર કરતો નથી. તેમ કરવાથી બન્નેમાં પરસ્પર વિરોધ આવે છે. બન્ને એક સાથ અવકતવ્ય અથવા અવાચ્ય છે. કથંચિત્ સર્વ દૈવકૃત (કર્મકૃત) છે. કથંચિત્ બુદ્ધિપૂર્વક હોવાથી સર્વ પૌરુષકૃત જ (પુરુષાર્થકૃત) છે. કથંચિત્ ઉભયરૂપ છે, કથંચિત્ અવકતવ્ય છે. કથંચિત્ દૈવકૃત અવ્યકતવ્ય છે. કથંચિત્ પૌરુષકૃત અવ્યકતવ્ય છે, કથંચિત ઉભયકૃત અવ્યકતવ્ય છે એમ સાત ભંગી પ્રક્રિયા પૂર્વક જોડીને કહેવું જોઇએ પણ એકાંતે સ્યાદ્વાદી કદી કહેતો નથી. એકાંતે દૈવકૃત જ માનવું અથવા એકાંતે પૌરુષકૃત જ કાર્યની સિદ્ધિ માનવી તે મહાન દૂષણ છે તેને માટે આપ્તમીમાંસા અધ્યાય ૮ ગાથા ૮૮–૮૯ અને અષ્ટસહસ્રી, આપ્તપરીક્ષા આદિ એકાંતવાદોના ખંડન કરેલ છે ત્યાંથી જોઇ લેવું. સ્થાનાભાવને કારણે લખેલ નથી. મુમુક્ષુએ સદા સ્યાદ્વાદ ગ્રહણ કરવા યોગ્ય છે કારણ કે તેવું જ વસ્તુનું અનેકાંતમયસ્વરૂપ છે કોઇનું કરેલું નથી. એકાંતપક્ષ આત્મસ્વભાવને અહિતકર છે. મિથ્યા છે.

સર્વજ્ઞના શાસનની મહિમા

प्रशान्तमतिगम्भीरं विश्वविद्याकुलगृहम् ।
भव्यैक शरणं जीयाच्छ्रीमत्सर्वज्ञ शासनम् ॥४०४॥

અર્થ:- શ્રીમત્ કહીયે નિર્બાધ લક્ષ્મી (અંતરંગ લક્ષ્મી, કેવલજ્ઞાન, કેવલદર્શન બાહ્ય લક્ષ્મી પરમ ઔદારિક શરીર સમવસરણાદિ વિભૂતિ) સહિત જે સર્વજ્ઞદેવનું શાસન (અપ્રતિહત-આજ્ઞામત) છે, તે જયવંત પ્રવર્તો. કેવું છે સર્વજ્ઞદેવનું શાસન? વ્યાકરણ, ન્યાય, છન્દ, અલંકાર, સાહિત્ય યંત્ર, મંત્ર તંત્ર, જ્યોતિષ, વૈદ્યક, નિમિત્ત અને મોક્ષ માર્ગની પ્રવૃતિ આદિ વિદ્યાઓને વસવાનું કુલગૃહ છે તથા ભવ્ય જીવોને એક માત્ર અદ્વિતીય (બીજું નહિ) શરણ છે પ્રશાન્ત છે તથા સમસ્ત આકૂળતા અને ક્ષોભને મટાડવાવાળું છે એટલા માટે અતિગંભીર છે.

ભાવાર્થ:- સર્વજ્ઞનો મત સમસ્ત જીવોનું હિત કરવાળો છે તે જયવંત પ્રવર્તો એવો આચાર્ય મહારાજે પ્રશસ્ત અનુરાગ સહિત મહિમાં ગાયો છે.

સત્પુરુષોની નિર્દોષવાણી

प्रबोधाय विवेकाय हिताय प्रशमाय च ।
सम्यक्तत्त्वोपदेशाथ सतां सूक्तिः प्रवर्त्तते ॥४०५॥

અર્થ:- સત્પુરુષોની ઉત્તમ વાણી છે તે જીવોના પ્રકૃષ્ટજ્ઞાન, વિવેક, હિત, પ્રશમતા અને સમ્યક્ પ્રકારે તત્ત્વનો ઉપદેશ આપવાને અર્થે પ્રવર્તે છે,

ભાવાર્થ:- અહીં પ્રકૃષ્ટજ્ઞાનનો અભિપ્રાય પદાર્થોનું વિશેષ જ્ઞાન થવું તે છે, અને વિવેક કહેવાથી સ્વપરના ભેદને જાણવાનો અભિપ્રાય સમજવો. કેમકે પદાર્થોના જ્ઞાન વિના સ્વપરનું ભેદજ્ઞાન

કેમ થાય ? ન જ થાય. એવી રીતે પદાર્થોનું જ્ઞાન સ્વપરના ભેદજ્ઞાન વિના નિષ્ફળ છે. તથા હિત શબ્દનો અભિપ્રાય સુખનું કારણ સમજવું. કેમકે ભેદવિજ્ઞાન પણ હોય અને એમાં સુખ ન અનુભવાય તો ભેદજ્ઞાન શું કામનું ? તથા પ્રશમ કહેવાનો અભિપ્રાય કષાયોનું મંદ હોવું તે છે, કેમકે જે વાણીથી કષાયમંદ (ઉપશમ ભાવરૂપ) ન થાય, તે વાણી દુઃખનું કારણ થાય છે. તે વાણીને ગ્રહણ કરવી યોગ્ય નથી. સમ્યક્ તત્ત્વોપદેશનો અર્થ યથાર્થ તત્ત્વનો ઉપદેશ જાણવો એ છે. જે વાણીમાં મિથ્યા તત્ત્વાર્થનો ઉપદેશ હોય, તે વાણી સત્પુરુષોની નથી. એવી રીતે પાંચ પ્રયોજનોની સિદ્ધિને અર્થે સત્પુરુષોની વાણી હોય છે અર્થાત્ પ્રવર્તે છે. અહીં એ આશય પણ જણાય છે કે અમે જે આ શાસ્ત્ર રચીએ છીએ, તે સર્વજ્ઞની પરંપરાથી જે સદુપદેશામૃત ચાલ્યું આવે છે તેજ સમસ્ત ભવ્ય જીવોનું આત્મહિત કરવાવાળું છે, એ અનુસાર અમે પણ કહીએ છીએ. આમાં પણ ઉક્ત પાંચ પ્રયોજનોને વિચારી લેવા અને જે એ પાંચ પ્રયોજનોથી અતિરિક્ત (બીજુ) વચન હોય તો તે સત્પુરુષોનું ન જાણવું.

तच्छ्रुतं तच्च विज्ञानं तद्ध्यानं तत्परं तपः ।
अयमात्मा यदासाद्य स्वस्वरुपे लयं व्रजेत् ॥४०६

અર્થઃ– તે જ શાસ્ત્રનું સાંભળવું છે, તેજ ચતુરાઈ રૂપ વિજ્ઞાન છે, તેજ ધ્યાન વા તપ છે. કે જેને પામીને આ આત્મા પોતાના સ્વરૂપમાં લીન થાય છે.

ભાવાર્થ:- આત્માનું પરમાર્થ (હિત) પોતાના શુદ્ધ સ્વરૂપમાં લીન થવું તે છે. માટે તે શાસ્ત્રોનું ભણવું, સાંભળવું, ભેદજ્ઞાન કરવું, ધ્યાન કરવું, મહાન્ તપ કરવો તથા નિજ સ્વરૂપમાં લીન થવું, તેજ સફળ છે અન્ય સર્વે નિષ્ફળ-ખેદ માત્ર છે.

अपारमतिगम्मीरं पुण्य तीर्थं पुरातनम् ।
पूर्वापरविरोधादिकलङ्क परिवर्जितम् ॥४०७॥

અર્થ:- શ્રુતજ્ઞાન અપાર છે. કેમકે તેના શબ્દોનો પાર (અંત) કોઇ પણ અલ્પજ્ઞાની પામી શકતો નથી, તથા તે પરમ ગંભીર છે: કેમકે તેના અર્થનો થાહ (તાગ) હજ કોઈ નથી પામી શકતા, તથા પુણ્ય તીર્થ છે કેમકે તેમાં લેશ માત્ર પાપ નથી. અર્થાત્ નિર્દોષ છે, માટે જીવોને તારવાવાળું છે તથા પુરાતન છે, અર્થાત્ અનાદિથી ચાલ્યું આવે છે. અને પૂર્વાપર વિરોધ આદિ કલંકોથી રહિત છે.

जिनवचनमौषधमिदं विषयसुखविरेचनममृतभूतम् ।
जरामरणव्याधिहरणं क्षयकरणं सर्वदुःखानाम् ॥४०८॥

અર્થ:- આ અમૃત તુલ્ય જિન વચન સંજીવની ઔષધિ સમાન છે અને પાંચે ઇન્દ્રિયોના વિષય અને મનની મલિનતાથી માનેલ જે ઇન્દ્રિય સુખ તેનું વિરેચન એટલે દૂર કરવાવાળું છે. અર્થાત્ વિષય અને કષાયરૂપ મળનો નાશ કરનાર છે. વળી તે ઔષધ અમૃતભૂત એટલે અમૃત સમાન છે તેથી જરામરણરૂપ રોગ નો નાશ કરવાવાળું છે અને સર્વ દુઃખોનું ક્ષય કરવાવાળું છે.

ભાવાર્થ:- આ સંસાર વિષે અજ્ઞાની પ્રાણી વિષય સુખ સેવે છે તેથી કર્મ બાંધે છે અને તેથી જન્મ જરા મરણ રૂપ રોગે કરી પીડિત થાય છે. ત્યાં જિનવચન રૂપ ઔષધ એવું છે કે જે વિષય સુખથી અરુચિ ઉત્પન્ન કરી તેનું વિરેચન કરે છે. જેમ ગરિષ્ઠ આહારથી મળ વધે ત્યારે જ્વર આદિ રોગ ઉત્પન્ન થાય ત્યારે તેના વિરેચન માટે હરડે આદિક ઔષધિ ઉપકારી થાય છે, તેમ જિનવચન ઉપકારી છે. તે વિષયથી વૈરાગ્ય થાય ત્યારે કર્મ બંધ ન થાય. જન્મ જરા મરણના રોગ મટે ત્યારે સંસારના દુઃખનો અભાવ થાય, એમ જિનવચનને અમૃત સમાન જાણી અંગીકાર કરવું. જેની કાળ લબ્ધિ સમીપ આવી ગઇ છે, તે જ ભવ્ય આત્મા વ્યવહાર-માત્ર શબ્દબ્રહ્મનું નિમિત્ત પામીને સ્વ સ્વરૂપમાં લીન થાય છે.

વિશેષાર્થ:- રાગ દ્વેષ અને મોહની મંદતાથી શાન્ત થએલ છે ચિત્ત જેનું એવા પુરુષ વિષે જેમના વચનરૂપી નિર્મળ દર્પણમાં સમ્પૂર્ણ શાસ્ત્ર પ્રતિબિમ્બિત છે એવા જિનેન્દ્ર દેવનાં વચનામૃતો ગુણને અર્થે જ થાય છે. જેમ ઉપશાંત થએલ છે જ્વર જેનો એવા પુરુષને વિષે યોજિત કરેલ (આપેલ) ઔષધ ગુણને અર્થે થાય છે, તેમ ઉપદેશ પણ ગુણને અર્થે થાય છે.

गहियं तं सुअणाणा पच्छा संवेयणेण भाविज्जा।
जो णहु सुवमबलंवइ सो मुज्झइ अप्पसभावं ॥४०९॥

અર્થ:- શ્રુતજ્ઞાનના આલંબનથી આત્મસ્વરૂપને યથાર્થ જાણ્યા પછી સ્વસંવેદન પ્રત્યક્ષથી અનુભવ કરવો જોઇએ જે પુરુષ શ્રુત-જ્ઞાનનું અવલંબન નહિ રાખે, તે શુદ્ધાત્મસ્વરૂપને જાણી શકશે

નહિ અને તેને આત્મસ્વરૂપને જાણવાની યોગ્યતાપણ પ્રાપ્ત થશે નહિ અર્થાત્ આત્મસ્વભાવને જાણવામાં જે મૂઢ રહેશે તે શુદ્ધાત્મસ્વરૂપની યથાર્થ શ્રદ્ધા કરી શકશે નહિ.

दृष्टपरमार्थसारा विज्ञानविचक्षणया बुद्धया ।
ज्ञानकृतदीपिकया अगर्भवसतिं विमार्गंति ॥४१०॥

અર્થ:– જેમણે (નર્મળ ભેદવિજ્ઞાની પુરુષોએ) સંસારનું અસલી (સ્વાભાવિક) સ્વરૂપ જોઈ લીધું છે, એવા સાધુ પુરુષો નિર્મળ ભેદવિજ્ઞાનથી કુશળ થએલ બુદ્ધિથી અર્થાત્ શ્રુતજ્ઞાનરૂપી દીપકથી ગર્ભરહિત નિવાસની (મોક્ષની) તપાસ કર્યા કરે છે.

श्रुतबोधप्रदीपेन शासनं वर्ततेधुना ।
विना श्रुतप्रदीपेन सर्वं विश्वं तमोमयम् ॥४११॥

અર્થ:– આ શ્રુતજ્ઞાન એક દીપક સમાન છે અને વર્તમાન સમયમાં જૈનધર્મની પ્રવૃત્તિ આ શાસ્ત્રોથી થવાવાળા પ્રકાશથીજ થઈ રહી છે. શાસ્ત્રોના પ્રકાશ વિના સમસ્ત સંસારને અંધકાર-મય જ સમજવો જોઇએ.

ભાવાર્થ:– આ કરાળ કલિકાળમાં પણ થોડી ઘણી મોક્ષ માર્ગની પ્રવૃતિ દેખાય છે, તે શાસ્ત્રોના અથવા શ્રુતજ્ઞાનનો જ પ્રભાવ છે મોક્ષ માર્ગની પ્રવૃત્તિમાં આત્મતત્ત્વનું જ્ઞાન શ્રુતજ્ઞાનથી જ થાય છે. જો આત્મતત્ત્વને દેખાડવાવાળું શ્રુતજ્ઞાન ન હોય–શાસ્ત્ર ન હોય તો પછી આ સંસારમાં ચારે તરફ અંધારૂં જ સમજવું.

જોઇએ. શાસ્ત્રો સિવાય જૈનધર્મના સ્વરૂપને બતાવવાવાળું બીજું કોઇ નથી. એટલા માટે શ્રુતજ્ઞાનની વૃદ્ધિ કરવી અને શાસ્ત્રોનું દાન દેવું જોઇએ.

श्रुतात्तत्त्वपरामर्शः श्रुतात्समयवर्द्धनम् ।
तीर्थेशाभावतः सर्वं श्रुताधीनं हि शासनम् ॥४१२॥

અર્થ:- શ્રુતજ્ઞાનથી તત્ત્વનો વિચાર થાય છે, શ્રુતજ્ઞાનથી જ ધર્મની વૃદ્ધિ થાય છે. અને તીર્થંકરોના અભાવમાં આ સમસ્ત ધર્મ શ્રુતજ્ઞાનને જ આધીન છે.

ભાવાર્થ:- આત્મતત્ત્વના વિચારમાં પણ શ્રુતજ્ઞાન જ કારણ છે અને મોક્ષ માર્ગની અથવા ધર્મની વૃદ્ધિમાં પણ શ્રુતજ્ઞાન જ કારણ છે. મોક્ષમાર્ગ અર્થાત જૈન ધર્મનો પ્રચાર તીર્થંકર પરમદેવ કરે છે. પણ હાલમાં વર્તમાન સમયે આ આર્યભૂમિમાં તીર્થંકર પરમદેવનો અભાવ હોવાથી મોક્ષમાર્ગ અથવા જૈનધર્મના પ્રચારનું કોઇ શ્રેષ્ઠ સાધન હોય તો તે આગમો છે. તે દ્વારા મેળવેલું જ્ઞાન તે શ્રુતજ્ઞાન કહેવાય છે. આ કારણે શ્રુતજ્ઞાનની વૃદ્ધિ અવશ્ય કરવી જોઇએ.

धन्यानां हृदये तत्त्वं श्रुतमात्रं विलीयते ।
सहस्रशोप्यधीयानैर्दूरभव्यैर्न बुध्यते ॥४१३॥

અર્થ:- ધન્ય છે તે પુણ્યવાન ભવ્ય મહાપુરુષોને કે જેમનાં હૃદયમાં આત્મતત્ત્વનું પરિજ્ઞાન સાંભળવા માત્રથી થઇ જાય છે :

પરંતુ જે જીવ દૂર્ભવ્ય છે, દૂરાનુદૂર ભવ્ય છે અથવા અભવ્ય છે, એને હજારવાર સમજાવ્યા છતાં પણ પરિજ્ઞાન નથી થતું.

ભાવાર્થ:- આત્મજ્ઞાનનું થવું અત્યંત કઠણ છે. જેની કાળલબ્ધિ અત્યંત દૂર છે, એવા દૂર્ભવ્ય અથવા દૂરાતિદૂર ભવ્યને અથવા અભવ્યને હજારોવાર સમજાવ્યા છતાં પણ અને હજારો વર્ષ ભણાવ્યા છતાં પણ આત્મજ્ઞાન નથી થતું; પરંતુ જેની કાળ લબ્ધિ નિકટ છે, અતિશય પુણ્ય કર્મોના ઉદયથી જેનો આત્મા, ધર્મથી દ્વેષ નથી કરતો અથવા ધર્મમાં તલ્લીન રહે છે, અને આ આત્મપરિજ્ઞાન સાંભળવા માત્રથી થઇ જાય છે, હે ભવ્ય જીવ! તને સમાધિમરણ કરવાનો અવસર મળ્યો છે, અતિશય પુણ્યકર્મના ઉદયથી સર્વે સામગ્રી પ્રાપ્ત થઇ છે અને આ તારો અંત સમય છે, એટલા માટે હવે તું શરીરાદિકથી સર્વથા મમત્વ છોડીને રત્નત્રયમાં લીન થા. પોતાના શુદ્ધસ્વરૂપ આત્મામાં લીન થા. એવી રીતે પોતાની રત્નત્રયરૂપ નિધિને સાથે લઇને પરલોકને માટે તૈયારી કર. રત્નત્રયરૂપનિધિ સાથે રહેવાથી તને પરલોકમાં અપાર સુખ મળશે અને મોક્ષરૂપી લક્ષ્મીની પ્રાપ્તિ પણ અત્યંત શીઘ્ર થઈ જશે.

ये ज्ञानमात्रनिजभावमयीमकंपा ।
भूमिं श्रयंति कथमप्यपनीतमोहाः ।
ते साधकत्वमधिगम्य भवंति सिद्धा ।
मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमंति ॥४१४॥

અર્થ:- જે ભવ્ય આત્માનું કોઇ પણ પ્રકારે અજ્ઞાન (મિથ્યાત્વ) દૂર થઇ ગએલ છે એવા ભવ્ય પુરુષો જ્ઞાન માત્ર નિજ ભાવમયી નિશ્ચલ ભૂમિકાનો આશ્રય કરે છે. તે પુરુષોસાધકપણાને અંગીકાર કરી સિદ્ધ થાય છે, અને જે મોહી (અજ્ઞાની-મિથ્યાદૃષ્ટિ) છે તે આ ભૂમિકાને પ્રાપ્ત કર્યા વિના સંસારમાં ભમે છે.

ભાવાર્થ:- જે ગુરૂના ઉપદેશથી અથવા સ્વયમેવ કાળલબ્ધિને પામીને મિથ્યાત્વથી રહિત થાય છે, તે ભવ્ય આત્મા જ્ઞાનમાત્ર પોતાના સ્વરૂપને પામીને સાધક થઇ સિદ્ધ થાય છે. જે જ્ઞાન માત્ર આત્માને પ્રાપ્ત નથી થતા તે સંસારમાં ભમે છે.

इदं हि दुःशकं ध्यातुं सूक्ष्मज्ञानावलंबनात् ।
बोध्यमानमपि प्राज्ञैर्न च द्रागवलक्ष्यते ॥४१५॥

અર્થ:- આ સ્વાત્મદર્શનને માટે સૂક્ષ્મજ્ઞાનનું અવલંબન લેવું પડે છે. એટલા માટે એનું ધ્યાન કરવું એ અત્યંત કઠિનતાથી સાધ્ય છે. કેમકે વિદ્વાન્ લોક એને બહુજ સમજાવે, તો પણ તે સ્વાત્મદર્શન શીઘ્ર દેખવામાં નથી આવતું કેમકે જે જ્ઞાનમાં આત્માનું નિજ સ્વરૂપ પ્રતિભાષિત થાય છે તેજ જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. અથાત્ જે જ્ઞાનમાં સ્વાત્માનુભૂતિ (પોતાના આત્માનો પ્રત્યક્ષ અનુભવ) થાય તેજ જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે.

स्वानुभूतिलवोपीह येन संस्पृश्यते स्वयम् ।
वृत्तवृद्धास्तपोवृद्धाः सेवन्ते तत्पदद्वयम् ॥४१६॥

અર્થ:- જે સાધક આ સંસારમાં સ્વાનુભૂતિના એક ભાગ માત્રનો પણ સ્પર્શ કરી લે છે એના બન્ને ચરણ કમળ, મોટા મોટા ચારિત્રને ધારણ કરવાવાળા અને ઘોર તપશ્ચરણ કરવાવાળા સર્વે મુનિ સેવન કરે છે.

ભાવાર્થ:- સ્વાનુભૂતિનો મહિમા અચિંત્ય છે એની પાસે ચારિત્ર અને તપશ્ચરણ કોઈ વસ્તુ નથી મોટા મોટા તપસ્વીપણ સ્વાનુભૂતિની મહિમાનું વર્ણન કરે છે. આ સ્વાનુભૂતિનો સ્પર્શ કરવા માત્રથી જ મોટા મોટા તપસ્વી સેવક બની જાય છે. એટલા માટે સાધકે સ્વાનુભૂતિને પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

हेतुः शुद्धात्मनो ज्ञाने शमो मिथ्यात्वकर्मणः ।
प्रत्यनीकस्तु तत्रोच्चैरशमस्तस्य व्यत्ययात् ॥४१७॥

અર્થ:- શુદ્ધાત્માનુભવના જ્ઞાનમાં કારણ મિથ્યાત્વ કર્મનો ઉપશમ છે અને એથી ઉલટો મિથ્યાત્વકર્મનો ઉદય શુદ્ધાત્માનો અનુભવ કરવામાં બાધક છે અને તે એનો પ્રતિપક્ષી છે.

दृङ्मोहेऽस्तंगते पुंसः शुद्धस्यानुभवो भवेत् ।
न भवेद्विघ्नकरः कश्चिच्चारित्रावरणोदयः ॥४१८॥

અર્થ:- દર્શનમોહનીય કર્મના અસ્તથવાથી અર્થાત્ અનુદય થવાથી આત્માને શુદ્ધાત્માનો સાક્ષાત્ અનુભવ થાય છે. એમાં ચારિત્રમોહનીય કર્મનો ઉદય બાધક નથી થતો. જ્યારે દર્શનમોહ મિથ્યાત્વ તથા અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, તથા સ્વાત્માનુભૂત્યાવરણ કર્મ એ ત્રણે કર્મના અભાવથી (અનુદયથી)

સમ્યગ્દર્શનની સાથેજ સ્વાત્માનુભૂતિ અને સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થાય છે. અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્યને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, તથા દર્શનમોહમિથ્યાત્વ એ પાંચે કાળકૂટ વિષસમાન ઝેરી પ્રકૃતિઓનો પ્રથમ ઉપશમ થવાથી, પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ, સ્વાનુભૂતિ અને સ્વરૂપાચરણ ચારિત્રની અપૂર્વ પ્રાપ્તિ થાય છે અને સાદિ મિથ્યાદૃષ્ટિને ઉપરની પાંચ તથા મિશ્રમોહનીય પ્રકૃતિ અને સમ્યક્ત્વ પ્રકૃતિ એ સાતેનો ઉપશમ થવાથી પ્રથમ ઉપશમ સમ્યક્ત્વની સિદ્ધિ થાય છે.

શંકાકારઃ– હે ભગવન્! અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્ય આત્માને પાંચે પ્રકૃતિઓનો ઉપશમ કેવાથી થાય? અર્થાત્ શું કરવાથી થાય?

ઉત્તરઃ–હે ભવ્ય! **"काललब्ध्याद्यपेक्षयातदुपशमः"** કાલલબ્ધિ, જાતિસ્મરણજ્ઞાન, જિનબિમ્બદર્શન, આદિ કારણોથી પાંચ તથા સાત પ્રકૃતિઓનો ઉપશમ થાય છે. કાલલબ્ધિ વિના સંસારમાં જીવોને કયારે પણ ઉપશમ સમ્યગ્દર્શન ઉત્પન્ન નથી થતું. કાલલબ્ધિથી જ ભવ્ય શક્તિ વ્યકત (પ્રગટ) થાય છે અને ભવ્યત્વભાવ પ્રગટ થવાથી ઉપશમ સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. સમ્યક્ત્વ ઉત્પન્ન થવામાં કાલલબ્ધિ મુખ્ય કારણ છે. તે કાલલબ્ધિનું સ્વરૂપ કહે છે. કર્મોનો ભાર ઓછો થઇ જવાથી જે કાલમાં કાર્યની સિદ્ધિ થાય, તેજ કાલલબ્ધિ છે. જેમ લોકોને વિષે ભાર ઉપાડનાર પુરુષ જે કાવડિયો તે કાવડમાં ભરેલ ભારને ઉપાડીને ઇચ્છિત સ્થાનકે પહોંચાડે છે, તેવી જ રીતે સંસારી જીવ ઔદારિક

આદિ નોકર્મ શરીરને વિષે ભરેલ જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મના ભાર ને લઇ ને નાના પ્રકારની યોનીઓને તથા સ્થાનકોને પ્રાપ્ત કરે છે. વળી જેમ તે પુરુષ કાવડમાં ભરેલ ભારને નાખી દઇ કોઇ એક ઇષ્ટ સ્થાનકને વિષે વિશ્રામ કરી તે ભારથી ઉત્પન્ન થયેલ દુઃખના વિયોગે સુખી થઇને રહે છે. તેમ કોઈ આસન્ન ભવ્ય આત્મા કાલાદિ લબ્ધિથી અંગીકાર કરેલ સમ્યગ્દર્શનાદિક સામગ્રી સહિત તત્ત્વજ્ઞાની પુરુષ ઔદારિક શરીર રૂપી કાવડમાં ભરેલ દ્રવ્ય કર્મરૂપી ભારને ત્યાગી ને તે કર્મરૂપી ભારથી ઉત્પન્ન થએલ નાના પ્રકારનાં દુઃખ વેદનાના વિયોગે કરી, ઇષ્ટ જે લોકના અગ્ર ભાગ સિદ્ધસ્થાનને વિષે સિદ્ધપર્યાયને પામી સુખી થઈને રહે છે એવો ભવ્યને હિતકારી સદુપદેશામૃત સ્વરૂપ આચાર્યશ્રીનો અભિપ્રાય છે. કાલલબ્ધિ ત્રણ પ્રકારે છે. **પ્રથમ સામાન્ય કાળ લબ્ધિનું સ્વરૂપ કહે છે.** મોક્ષ થવા માટે અર્દ્ધ પુદ્ગળ પરાવર્તન કાળ માત્ર સંસાર બાકી રહે. આ લોકમાં જેટલા કર્મ–નોકર્મરૂપ પુદ્ગલ પરમાણુ છે, તેમાંથી જ્યારે એક પણ એવો પરમાણુ ન બચે કે જે આ જીવે ગ્રહણ કરી છોડયો ન હોય, એટલા કાળને એક દ્રવ્યપરિવર્તન (પરિભ્રમણ) કહે છે. પરંતુ ગ્રહણ કરવાનો તથા છોડવાનો ક્રમ એવો હોવો જાઈએ કે જે સંખ્યા, શક્તિ, અને સ્વભાવ સંયુકત પુદ્ગળ (કર્મ–નોકર્મ) પરમાણુઓને જીવે એકવાર ગ્રહણ કરેલ છે તેજ સંખ્યા, શક્તિ, સ્વભાવ સંયુકત પુદ્ગળ પરમાણુઓને અવિચ્છિન્ન ધારાએ, આંતરારહિત, નિરંતર, અનંતવાર વચમાં, અગૃહીત; મિશ્રગૃહીત આદિ ચાર પ્રકારનાં પુદ્ગલ પરમાણુઓને ક્રમપૂર્વક ગ્રહણ કરીને જ્યાં સુધી ગ્રહણ ન કરી લે, ત્યાં સુધી તેનું એક દ્રવ્ય પરિવર્તન પૂરૂં નથી થઇ

શકતુ અને વચમાં કયાંય ક્રમભંગ થઇ ગયેા હેાય તેા તે ગણત્રીમાં ન આવે, એમ સંક્ષેપથી કહ્યું એટલું વિશેષ સમજવાનું છે કે આ પરિવર્તનનાં કર્મ નેાકર્મ એમ મૂળમાં બે ભેદ થઈ જાય છેઃ- જેમાં કાર્મણ દ્રવ્યને ગ્રહણ કરવા અથવા છેાડી દેવાનેા સંબંધ છે, તે કર્મ **દ્રવ્ય પરિવર્તન** કહેવાય છે અને જેમાં નેાકર્મ પુદ્ગલ પરમાણુઓનેા સંબંધ છે, એને **નેાકર્મ પુદ્ગલ પરિવર્તન** કહે છે તેના અડધાભાગને અર્દ્ધપુદ્ગલ પરાવર્તન કાળ કહે છે, એટલેા સંસાર બાકી રહે પરંતુ એક સમય પણ અધિક ન હેાય, (તેનું વિશેષ સ્વરૂપ ગેામટસાર જીવકાંડ તથા સર્વાર્થસિદ્ધિથી જાણી લેવું)

જે કેાઈ ભવ્ય જીવનેા સંસાર પરિભ્રમણ કાળ વધારેમાં વધારે અર્દ્ધ પદ્ગલ પરાવર્તન અને થેાડામાં થેાડેા અન્તર્મુહૂર્ત બાકી રહે છે, તે જીવ નિશ્ચય સમ્યગ્દર્શન ગ્રહણ કરીને ચતુર્ગતિ રૂપ સંસારનેા અંત લાવવાવાળા મેાક્ષના સુખનેા અંશે પ્રત્યક્ષ અનુભવ કરે છે. જે સમયે જીવને સમ્યક્ત્વ ગુણ પ્રગટ થાય છે ત્યારથી આત્મગુણ પ્રગટ થવા લાગે છે અને સાંસારિક દેાષ નાશ થતા જાય છે. ઉપર બતાવેલ અર્દ્ધ પુદ્ગળ પરાવર્તન કાળ બાકી રહે, અધિક ન રહે, તે સમયે કર્મથી સદાય મલિન અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્ય આત્મામાં પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ ગ્રહણ કરવાની યેાગ્યતા પ્રગટ થઈ જાય છે. તે સમયે આત્મા અવશ્ય પ્રથમ ઉપશમ સમ્યક્ત્વને ગ્રહણ કરી શકે છે તે પ્રથમ સામાન્ય કાળલબ્ધિ કહી. **બીજી કાળલબ્ધિ સ્થિતિની અપેક્ષાથી છે તે કહે છેઃ-** જીવ સમયે સમયે વિશુદ્ધ પરિણામેાથી વધતેા વધતેા (નિર્મળતા

ધારણ કરતો કરતો) ઉત્કૃષ્ટ સ્થિતિવાળાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, અંતરાય એ ચારે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રિશ કોડા કોડિ સાગરની છે, ચારિત્રમોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ચાળીશ કોડાકોડિ સાગરની છે. દર્શનમોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સીતેર કોડાકોડિ સાગરની છે, નામ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોડાકોડિ સાગરની છે. આયુ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીશ સાગરની છે, હવે જઘન્ય સ્થિતિ વાળાં કર્મ તેમાં વેદનીય કર્મની જઘન્ય સ્થિતિ બાર મુંહૂર્તની છે. તે સૂક્ષ્મ સાંપરાય-નામા દશમે ગુણસ્થાનકે હોય છે. નામ અને ગોત્ર કર્મની જઘન્ય સ્થિતિ આઠ મુંહૂર્તની છે તે જઘન્ય સ્થિતિ પણ દશમે ગુણસ્થાનકે હોય છે બાકી જે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, આયુ અને અંતરાય એ પાંચ કર્મની જઘન્ય સ્થિતિ અન્ત-મુંહૂર્તની છે તે દશમે ગુણસ્થાનકે બંધાય છે. મોહનીયકર્મની જઘન્ય સ્થિતિ અનિવૃતિ બાદર સાંપરાય નવમે ગુણસ્થાનકે બંધાય છે, તથા આયુકર્મની જઘન્ય સ્થિતિ, સંખ્યાતવર્ષનું આયુ ધારણ કરવાવાળા જે કર્મભૂમિના મનુષ્ય અને તિર્યંમાં બંધાય છે. જ્યાં ઉત્કૃષ્ટ કર્મોનું વિદ્યમાન પણું હોય, ત્યાં પ્રથમ ઉપશમ સમ્યક્ત્વને ગ્રહણ કરવાની યોગ્યતા નથી હોતી. કેમકે ઉત્કૃષ્ટ સ્થિતિ, મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તને હોય છે. અને જઘન્યસ્થિતિ સમ્યગ્દૃષ્ટિને જ બંધાય છે; કિંતુ આયુકર્મના ઘુણાક્ષરન્યાયથી (ઘુણજાતિનો જીવડો જુના વૃક્ષમાં રહે છે અને તે વૃક્ષને ચારે તરફથી કોતરે છે, ત્યારે સ્વાભાવિક અક્ષર પડી જાય છે) સાતે કર્મોની સ્થિતિ અન્તઃ કોટાકોટિ સાગર પ્રમાણ, (એક કોટીથી ઉપર અને એક કોટા કોટિ સાગરની અંદર સંખ્યાત

હજાર સાગર–આઠ હજાર સાગર ઓછું.) કર્મ એજ કાળમાં બાંધેલ હોય તે તથા સમસ્ત પરિણામોની વિશુદ્ધિ દ્વારા નવીન બંધાવાવાળાં કર્મ પણ અન્તઃકોડાકોડિ સ્થિતિને લઈનેજ બંધાય છે અને સત્તામાં રહેલાં જે કર્મો, તે પણ સંખ્યાત હજાર સાગર કમ અન્તઃકોડાકોડિ સાગર પ્રમાણ સ્થિતિવાળાં રહી ગયાં હોય, તે સમયે પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ ઉત્પન્ન થવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે, તે બીજી કર્મસ્થિતિના નામની કાળલબ્ધિ છે. **ત્રીજી કાલલબ્ધિ ભવની અપેક્ષાથી છે.** જે ભવ્ય સંજ્ઞીપંચેન્દ્રિય હોય, પર્યાપ્ત અવસ્થા સહિત હોય, સર્વથી વિશુદ્ધ પરિણામ હોય તે પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ પામવાને યોગ્ય હોય છે અને આદિ શબ્દથી જાતિસ્મરણજ્ઞાન, જિનબિમ્બ દર્શન વિગેરે લેવાં.

સમ્યક્ત્વની પ્રાપ્તિનો ઉપાય.

दैवात् कालादिसंलब्धौ प्रत्यासन्ने भवार्णवे ।
भव्यभावविपाकाद्वा जीवः सम्यक्त्वमश्नुते ॥४१९॥

અર્થઃ– દૈવયોગથી (વિશેષ પુણ્યોદયથી) કાલાદિ લબ્ધિઓની પ્રાપ્તિ થવાથી તથા સંસાર સમુદ્ર અલ્પ રહી જવાથી તથા ભવ્ય ભાવનો વિપાક જે સમયે આત્મામાં મિથ્યાત્વકર્મનો ઉદય રહે છે, તે સમયે તે ભવ્યત્વભાવનું અપકવપરિણમન (અશુદ્ધ અવસ્થા) રહે છે. પરંતુ સમ્યક્ત્વની પ્રાપ્તિ સમયે તે ભાવનું વિપકવ પરિણમન થઇ જાય છે અર્થાત્ તે પોતાના સ્વાભાવિક ભાવરૂપ પરિણતિ શરૂ કરે છે.

ભાવાર્થ:- સમ્યક્‌ત્વની ઉત્પત્તિમાં પ્રથમ વિશેષ પુણ્યનો ઉદય અવશ્ય જોઇએ કેમકે ક્ષયોપશમાદિક જે સમ્યક્‌ત્વ પ્રાપ્તિમાં પાંચ લબ્ધિઓ કારણ છે એનો પણ એજ અર્થ થાય છે કે પાપ કર્મોનો યથાયોગ્ય ક્ષયોપશમ હોય અને પુણ્ય કર્મોનો ઉદય હોય એટલાજ માટે જે ભવ્ય આત્મ સુખના અભિલાષી છે, તે પાપ કર્મોને નથી ઇચ્છતા અને કોઇ **અપેક્ષાથી** સાતિશય પુણ્ય કર્મને ઇચ્છે છે.

વિશેષાર્થ:- સમ્યક્‌ત્વની ઉત્પત્તિ વધારેમાં વધારે અર્ધ પુદ્‌ગલ પરિવર્તન કાલ બાકી રહેવાથી થાય છે. પ્રથમ જીવને ઉપશમ સમ્યક્‌ત્વ થાય છે જે અધઃકરણ, અપૂર્વકરણ અને અનિવૃતિકરણ પૂર્વક થાય છે તેમાં પણ મિથ્યાત્વનો અન્તરકરણ ઉપશમ થાય છે અને અનંતાનુબંધી ચતુષ્કનો અનુદયરૂપ ઉપશમ થાય છે. તે સમ્યક્‌ત્વનો અન્તર્મુહૂર્ત કાલ છે તે કાળમાં જીવની અવસ્થા એવા પ્રકારની થાય છે કે તેનું ચિત્ત સંસાર અને સંસાર કારણોથી સ્વાભાવિક ઉદાસીન થઈ જાય છે. સમ્યક્‌ત્વ થતાં જ જીવ પરથી ભિન્ન પોતાના સ્વરૂપનો અનુભવ કરે છે અને નૈમિત્તિક ભાવને હેય માને છે,

જોકે જિનેન્દ્રની પ્રતિમાનું દર્શન અને પ્રભાવના અંગ આદિનું દેખવું સમ્યક્‌ત્વની પ્રાપ્તિનું કારણ છે છતાં શાસ્ત્રનું શ્રવણ, ભાવનાનું ચિંતવન, સ્વમત પરમતનો ભેદ જાણી નય વિવક્ષાથી વસ્તુનું અનેકાંત સ્વરૂપ નિશ્ચય કરી વારંવાર વિચાર આદિ ભવ્યજીવને સદા કરવા યોગ્ય છે.

પુણ્ય પાપનું સ્વરૂપ

पुण्यंतेजोमयंप्राहुः प्राहुः पापं तमोमयम् ।
तत्पापं पुंसि किं तिष्ठेद्दयादीधितिमालिनि ॥८२०॥

અર્થ:– પુણ્ય પ્રકાશ સ્વરૂપ છે અને પાપ અંધકાર સ્વરૂપ છે, એમ પૂર્વાચાર્યોએ કહેલ છે જે પુરુષ દયા રૂપી પ્રકાશનો સૂર્ય છે એવા પુરુષમાં અંધકાર કેમ હોઇ શકે! અર્થાત્ કયારે પણ ન હોઈ શકે એ અપેક્ષાએ સાતિશય પુણ્ય માર્ગ દર્શક છે.

ભાવાર્થ:– આ જીવનાવેરી કષાય છે. કષાયના ઉદયથી જ આત્માનો ઉપયોગ કલુષિત અથવા મલિન રહે છે. શુદ્ધોપયોગ કષાયરહિત પરિણામ છે. એથી જ શુદ્ધોપયોગ મોક્ષનું કારણ છે. અશુદ્ધોપયોગ કષાય સહિત આત્માનો ભાવ છે, એથી તે ભાવ બંધનું કારણ છે. આ અશુદ્ધઉપયોગના શુભોપયોગ અને અશુભોપયોગ એવા બે ભેદ છે. જે જીવને અનંતાનુબંધી ચાર અને મિથ્યાત્વ-આદિ ત્રણ દર્શનમોહનીયની એમ સાત કર્મની પ્રકૃતિઓનો ઉપશમ થઈ જાય છે અથવા ક્ષયોપશમ અથવા ક્ષય થઈ જાય છે. તે સમ્યગ્દૃષ્ટિના કષાયો અંતરંગમાં મંદ થઈ જાય છે. એટલા માટે એવા જ જીવમંદ કષાયપૂર્વક જપ, તપ, સંયમ વ્રત ઉપવાસ, દાન, પરોપકાર, સ્વાધ્યાય, પૂજાઆદિ વ્યવહાર ધર્મમાં પ્રેમ કરતાં કરતાં શુભોપયોગના ધારક બનતા જાય છે. પરંતુ જે જીવને સમ્યગ્દર્શનરૂપી રત્નની પ્રાપ્તિ નથી થઈ, તે અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વથી વાસિત આત્મા અશુભ-ઉપયોગનો ધારક હોય છે. કેમકે એનામાં દેખેલ, સાંભળેલ

અનુભવેલ ઇન્દ્રિય ભોગોની કામના જાગૃત રહે છે. જે જીવો ઇચ્છાની તૃપ્તિને માટે મદ્ય, માંસ, મધુ ખાય છે, હિંસા, અસત્ય, ચોરી કુશીલ અને પરિગ્રહમાં તલ્લીન રહે છે, પોતાના સ્વાર્થને માટે પરનું બુરૂં કરવાનો ઉદ્યમ કરે છે, તેઓ અશુભ-ઉપયોગના ધારક હોઇ પોતાના પાપી ભાવોથી નરક નિગોદ, તિર્યંચ ગતિનું આયુકર્મ બાંધીને નરકમાં જાય છે અને ત્યા છેદન, ભેદન, મારણ, તારણ આદિ મહાદુઃખો સાગરો પર્યંત ભોગવે છે. જો તેઓ નિગોદમાં જાય તો ત્યાં ઘણો કાળ વીતાવીને તિર્યંચ ગતિમાં ત્રસ સ્થાવર શરીરને વારંવાર ધારણ કરી, મહાન દુઃખો સહન કરે છે અને મનુષ્ય ગતિમાં દરિદ્રી, દુઃખી, રોગી મનુષ્ય થઇ મહાન કષ્ટથી આયુષ્ય પૂરૂં કરે છે.

મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જીવ, કયારેક જપ, તપ, વ્રત, ઉપવાસ, ધ્યાન, પરોપકાર આદિ પણ કરે છે તે સમયે તેની બાહ્ય ક્રિયા (કયારેક આગમ અનુસાર શુભ ક્રિયા) ઠીક પ્રગટ થાય છે; પરંતુ અંતરંગમાં મિથ્યા અભિપ્રાય (પરિણામ) રહેવાથી એના ઉપયોગને શુભ ઉપયોગ નથી કહેતા. જો કે આ મિથ્યાદૃષ્ટિ મંદ કષાયથી અઘાતિયા કર્મોમાં પુણ્ય પ્રકૃતિઓને શુભોપયોગીની માફક બાંધે છે અથવા કોઇ કોઇ શુભોપયોગીથી પણ અધિક મંદ કષાય હોવાથી શુભોપયોગીથી અધિક પુણ્ય પ્રકૃતિને બાંધી લે છે, તો પણ સંસાર પરિભ્રમણનું પાત્ર જ રહે છે. એથી તે મિથ્યાત્વી દ્રવ્યલિંગી મુનિને પણ અશુભોપયોગી કહે છે. એક ગૃહસ્થ સમ્યગ્દૃષ્ટિ વ્રતોને પાલતો જ્યારે શુભોપયોગથી પુણ્ય બાંધી કેવળ સોળમાં સ્વર્ગ સુધી જાય છે ત્યારે મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી

મુનિ બાહ્ય ઉપયોગમાં પ્રગટ શુભ લેશ્યાના પ્રતાપથી નવમા ગ્રેવેયક સુધી ચાલ્યા જાય છે તો પણ તે સમ્યગ્દૃષ્ટિ શ્રાવક મોક્ષ માર્ગી હોવાથી શુભોપયોગી છે તથા દ્રવ્યલિંગી મુનિ સંસારમાર્ગી હોવાથી અશુભોપયોગી છે

અહીં કોઇ એમ શંકા કરે કે સમ્યગ્દૃષ્ટિ જ્યારે ગૃહારંભમાં વર્તે છે અથવા ક્ષત્રિય અથવા વૈશ્ય કર્મોમાં યુદ્ધાદિ કરે છે અથવા કૃષિ વાણિજ્ય કરે છે અથવા વિષય ભોગોમાં વર્તે છે તો પણ શું તે સમ્યગ્દૃષ્ટિના ઉપયોગને શુભ ઉપયોગ કહેશો ? જે અપેક્ષાથી અહીં શુભોપયોગની વ્યાખ્યા કરી છે તે અપેક્ષાએ અશુભોપયોગ સમ્યગ્દૃષ્ટિને કયારે પણ નથી હોતો. સમ્યગ્દૃષ્ટિનો ગૃહારંભ પણ ધર્મ સાધનમાં પરંપરાય સાધન ભૂત છે, કેમકે અભિપ્રાયમાં સમ્યગ્દૃષ્ટિ સ્વપર હિતનેજ વાંછે છે ઈચ્છે છે. શત્રુના આત્માનું પણ કલ્યાણ વાંછે છે એથી એના ઉપયોગને શુભોપયોગ કહીએ છીએ. જોકે ચારિત્રની અપેક્ષાએ અશુભોપયોગ છે. કેમકે સંકલેશ ભાવોથી ગૃહારંભ કરે છે તો પણ સમ્યક્ત્વની અપેક્ષાએ શુભોપયોગ છે જ્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ જીવને પ્રવૃતિ માર્ગ છે. ત્યાં સુધી એને અશુભ ઉપયોગ અને શુભ ઉપયોગ બન્ને હોય છે. ચારિત્રની અપેક્ષાએ જ્યારે સમ્યગ્દૃષ્ટિ તીવ્ર કષાયવાન્ થઈ ગૃહારંભમાં પ્રવર્તે છે અથવા ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ અને પીડાની ચિંતામાં શોક કરે છે અથવા પરિગ્રહમાં મુંઝાઇ ને કાંઇક કર્મ કરે છે અથવા પરિગ્રહના વિયોગથી કાંઇ વિષાદ કરે છે, ત્યારે એને અશુભ ઉપયોગ હોય છે.

જ્યારે તે વ્યવહાર ચારિત્ર શ્રાવક અથવા મુનિનું આચરે છે ત્યારે એને શુભોપયોગ હોય છે. શુભોપયોગમાં ધર્મધ્યાન

અને અશુભોપયોગમાં આર્ત અને રૌદ્રધ્યાન રહે છે. એ બન્ને ધ્યાન અશુભ છે તો પણ પાંચમા ગુણસ્થાન વર્તી શ્રાવક સુધી આર્ત, રૌદ્રધ્યાન અને છઠા ગુણસ્થાનવર્તી પ્રમત્ત વિરત મુનિ સુધી આર્તધ્યાન રહે છે. જો કે સમ્યગ્દૃષ્ટિને અશુભોપયોગ હોય છે તોપણ તે અશુભોપયોગ સમ્યક્ત્વની ભૂમિકા સહિત છેઃ એટલા માટે મિથ્યાદૃષ્ટિના અશુભોપયોગથી વિલક્ષણ છે. સમ્યગ્દૃષ્ટિનો અશુભોપયોગ પણ નિર્વાણમાં બાધક નથી. અને મિથ્યાદૃષ્ટિનો શુભ ઉપયોગ પણ મોક્ષમાં બાધક છે. એ સિવાય મિથ્યાદૃષ્ટિનો અશુભોપયોગ જેવું પાપકર્મ બાંધે છે, એવું પાપકર્મ સમ્યગ્દૃષ્ટિનો અશુભોપયોગ નથી બાંધતો કેમકે સમ્યગ્દૃષ્ટિ જીવને ૪૧ પ્રકૃતિઓનો બંધજ નથી થતો. એટલા માટે તે નરક તિર્યંચ આયુને નથી બાંધતો અને તે સ્ત્રી, નપુંસક નથી થતો. હીન, દુઃખી, દરિદ્રી મનુષ્ય નથી થતો તેમ હીન દેવ પણ નથી થતો મિથ્યાદૃષ્ટિના જપ, તપ, દાનાદિકને ઉપચારથી શુભ કહેવામાં આવે છે, મિથ્યાત્વના પ્રભાવથી વાસ્તવમાં તે શુભ નથી. એટલા માટે મિથ્યાદૃષ્ટિને શુભોપયોગનો નિષેધ છે, કેવળ અશુભ ઉપયોગ જ હોય છે ઘોર પાપ બાંધીને ચારે ગતિમાં દીર્ઘકાળ સુધી તે ભ્રમણ કરે છે.

તાત્પર્ય એ છે કે અશુભોપયોગ ત્યાગવા યોગ્ય છે, પાપ બંધનું કારણ છે માટે એ ઉપયોગથી બચવું જોઇએ. શુદ્ધોપયોગ મોક્ષનું કારણ છે, એને ગ્રહણ કરવો જોઇએ અને જ્યાં સુધી શુદ્ધોપયોગ ન થઇ શકે ત્યાં સુધી અશુભોપયોગથી બચવાને માટે શુભોપયોગને હસ્તાવલંબન ભૂત જાણી ગ્રહણ કરવો જોઇએ.

આમાં એટલું બીજું વિશેષ જાણવું કે સમ્યક્ત્વની અપેક્ષાએ જ્યાં સુધી મિથ્યાત્વ ભાવનો સદ્ભાવ છે. ત્યાં સુધી ઉપયોગને અશુભોપયોગ કહેવામાં આવે છે કેમકે તે પરંપરાયે પણ મોક્ષનું કારણ નથી; કિન્તુ જ્યારે લેશ્યાઓની અપેક્ષાએ વિચાર કરવામાં આવે ત્યારે કૃષ્ણ, નીલ, કાપોત એ ત્રણ અશુભ લેશ્યાની સાથે ઉપયોગને અશુભોપયોગ તથા પીત પદ્મ. શુકલ એ ત્રણ શુભ લેશ્યાઓની સાથે ઉપયોગને શુભોપયોગ કહે છે આ અપેક્ષાએ દેખવાથી જ્યારે છએ લેશ્યાઓ સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદૃષ્ટિ જીવને પણ હોય છે ત્યારે અશુભોપયોગ અને શુભોપયોગ બન્ને ઉપયોગ મિથ્યાદૃષ્ટિઓને પણ હોય છે. એથી જ્યારે શુભ લેશ્યા સહિત શુભોપયોગ હોય છે ત્યારે મિથ્યાદૃષ્ટિ જીવ ગમે તો દ્રવ્યલિંગી શ્રાવક હોય અથવા દ્રવ્યલિંગી મુનિ હોય, તો પણ પુણ્ય કર્મો બાંધે છે. પરંતુ તે પુણ્યને નિરતિશય પુણ્ય (જે પુણ્યના ઉદયથી એવું સુખ પ્રાપ્ત થાય કે જેનો અંત દુઃખ રૂપ જ હોય તેને નિરતિશય પુણ્ય કહે છે) અથવા પાપાનુબંધીપુણ્ય કહે છે કેમકે તે પુણ્યના ઉદયથી ઇન્દ્રાદિ મહા પદવીના ધારક નથી થતા તથા પુણ્ય ભોગવતાં ભોગવતાં બુદ્ધિ પાપમાં ઝુકી જાય છે જેથી ફરી નરક નિગોદમાં ચાલ્યા જાય છે; એટલા માટે મિથ્યાત્વીનો શુભોપયોગ અથવા એનું ફળ એ બન્ને અનુમોદન કરવા લાયક નથી.

देवेन्द्रचक्रमहिमानममेयमानं ।
राजेन्द्रचक्रमवनीद्वशिरोऽर्चनीयं ।

धर्मेंद्रचक्रमधरीकृतसर्वलोकं;
लब्ध्वाशिवं च जिनभक्तिरुपैति भव्यः ॥८२१॥

અર્થ:- અઢાર દોષ રહિત જિનપરમાત્મા અરિહંતદેવના સ્વરૂપમાં જેમણે અત્યંત નિર્મલ આત્મભકિત સાતિશય અનુરાગ (વિશુદ્ધ પ્રેમ) છે એવા સમ્યગ્દૃષ્ટિ ભવ્ય જીવો છે તે આ મનુષ્ય ભવથી ચવીને સ્વર્ગલોકમાં અપ્રમાણ અથવા અમર્યાદિત છે ઋદ્ધિ, શકિત, સુખ, વૈભવનો પ્રભાવ જેમાં એવા દેવેન્દ્રોના સમૂહનો મહિમા પામીને પછી પૃથ્વીમાં જાય અને બત્રીશ હજાર રાજાઓના મસ્તકે કરી પૂજનીય એવા રાજેન્દ્ર જે ચક્રવર્તી તેના ચક્રને પામીને ફરી અહમિન્દ્ર લોકની મહિમાને પામીને સમસ્ત લોક જેણે નમાવેલ છે એવા ભગવાન તીર્થંકરદેવના ધર્મચક્રને પામી નિર્વાણ (મોક્ષ) ને પ્રાપ્ત થાય છે. સમ્યગ્દર્શન રત્નના ધારક ભવ્ય જીવ આવા અનુકમથી નિર્વાણને પ્રાપ્ત થાય છે.

ભાવાર્થ:- ઉપરનો પ્રભાવ કેવળ સમ્યગ્દર્શન સહિત સાતિશય પુણ્યનો જ છે. સાતિશય પુણ્યનો બંધ સમ્યગ્દર્શન પછી બંધાય છે તથા કરણલબ્ધિમાં પણ અંશે આ પુણ્યની ઝળક છે તેથી જ ઉપશમ સમ્યકત્વમાં અમૃતનો સાક્ષાત્ અનુભવ થાય છે.

સાતિશય પુણ્યનું સ્વરૂપ.

જે પુણ્યનો બંધ થયા પછી તે પુણ્ય ઘટતા નથી પાંચ, સાત જેટલા ભવ કરવા હોય ત્યાં સુધી તે આત્મા ઊંચ કુળમાં

અવતાર લે અથવા ઉચ્ચ જાતિના દેવ થાય, પછી તે મોક્ષેજ જાય છેઃ અર્થાત્ સમ્યગ્દૃષ્ટિને પુણ્યનો બંધ તૂટતો નથી. કેમકે સમ્યગ્દર્શનનું સહચારી એવું કોઇ પણ પુણ્ય નથી કે જેનો અભ્યુદય કોઇપણ ઉલ્લંઘન કરી શકે. અને જેના અનુસાર કોઇપણ કલ્યાણ સિદ્ધ ન હોઇ શકે. કેમકે જેટલા અભ્યુદય છે તે સર્વ સમ્યગ્દર્શનના સહચારી પુણ્યનો ઉદય થતાં જ સંપન્ન થઇ જાય છે, સમ્યગ્દૃષ્ટિને પુણ્યકર્મનો બંધ કરવાવાળા જ પુણ્યકર્મનો ઉદય હોય છે.

जीवद्विकमुक्तार्थं जीवाः पुण्या हि सम्यक्त्वसहिताः ।
व्रतसहिता अपि च पापास्तद्विपरीता भवन्तीति ॥४२२॥

અર્થઃ– જીવ અજીવનો અર્થ આગળ બતાવશે. જીવના પણ બે ભેદ છે, એક પુણ્યવાન જીવ અને બીજો પાપી જીવ. જે સમ્યક્ત્વ ગુણથી અથવા સમ્યક્ત્વ સહિત વ્રતથી યુકત છે; એને પુણ્ય જીવ કહે છે અને એનાથી જે વિપરીત છે તેને પાપી જીવ કહે છે.

जीवो वि हवइ पावं अइतिव्वकसायपरिणदो णिच्चं ।
जीवो हवेइ पुण्णं उवसमभावेण संजुत्तो ॥४२३॥

અર્થઃ– આ જીવ અતિ તીવ્ર કષાયે કરી સંયુકત થાય ત્યારે આ જીવ પાપરૂપ થાય છે. અને ઉપશમભાવ (મંદકષાય) થી સંયુકત થાય ત્યારે આ જીવ જ પુણ્યરૂપ થાય છે.

ભાવાર્થઃ– ક્રોધ, માન, માયા, લોભના અતિતીવ્રપણાથી તો પાપરૂપ પરિણામ થાય છે. તે પરિણામ સહિત પુણ્યજીવને પણ

પાપજીવ કહીએ છીએ. એક જ જીવ બન્ને પરિણામયુકત થયેલ ને પુણ્યજીવ પાપજીવ કહીએ તે સિદ્ધાંતની અપેક્ષાથી જાણવું. સમ્યક્ત્વ સહિત જીવ હોય તે તો તીવ્રકષાયની જડ કાપવાવાળો પુણ્યજીવ કહીએ અને મીથ્યાત્વી જીવને ભેદવિજ્ઞાન વિના કષાયની જડ કપાય નહિ તેથી તને બાહ્યમાં કદાચિત્ ઉપશમ પરિણામ પણ દેખાય છતાં તેને પાપીજીવ જ કહીએ એમ જાણવું.

धीस्तीक्ष्णानुगुणः कालो व्यवसायः सुसाहसः ।
धैर्यमुद्यत्तथोत्साहः सर्वं पुण्यादृते वृथा ॥४२४॥

અર્થ:– તીક્ષ્ણ (કુશાગ્રી) પદાર્થોનો થોડો પણ સ્પર્શ કરવાથી જ એના અંતને પણ જાણવાવાળી બુદ્ધિ, મદદ પહોંચાડવાવાળો સમય, કર્મના પ્રતિ (સામે) સાહસ પૂર્ણ ઉદ્યમ, વધતું એવું ધૈર્ય, વિઘ્નો ઉપર વિજય કરવાની પ્રાપ્તિ અને ઉત્સાહ કાર્ય કારિણી શકિત, એ સર્વે બુદ્ધિ આદિ પાંચે પદાર્થો પુણ્ય વિના વ્યર્થ છે.

ઉદાહરણ:– જેમ રામચંદ્રજીએ વિભીષણને પૂછયું કે રાવણ હજુ સુધી યુદ્ધ કરવાને માટે કેમ ન આવ્યો, તેનું શું કારણ છે ? તેના ઉત્તરમાં વિભીષણે કહ્યું કે રાવણ લંકામાં નથી કેમકે વાલીનું પરલોક ગમન તથા સુગ્રીવ અને હનુમાનની વિદ્યાબળનું અભિમાન સાંભળીને રાવણે પોતાની રક્ષા માટે ઇન્દ્રજીત નામના પોતાના પુત્રને નિયુકત કરેલ છે તથા આઠ દિવસના ઉપવાસ ધારણ કરી સર્વે ઇન્દ્રિયોને વશ કરી આદિત્યપાદ નામના પર્વત ઉપર વિદ્યાઓને

સિદ્ધ કરતો થકો બેઠો છે. રાક્ષસાદિ મહાવિદ્યાઓ જ્યારે સિદ્ધ થઇ જશે ત્યારે ત્યાંથી ઊઠશે માટે આ સમયે આપણા લોકોનું એ કર્તવ્ય છે કે એમાં વિઘ્ન કરવું અને લંકાને ઘેરી લેવી, તેમાં ઘુસી જવું એવી રીતે વિભીષણના કહેવાથી રામચંદ્રજીએ માની લીધું ત્યાર બાદ સુગ્રીવે અને હનુમાને પોતાની સિદ્ધ કરેલ ગરુડવાહિની તથા સિંહવાહિની, બંધમોચની અને હનનાવરણી, એ ચારે વિદ્યાઓ અલગ અલગ રામચંદ્રજીને તથા લક્ષ્મણને આપી. ત્યાર બાદ બન્ને ભાઇઓએ પ્રજ્ઞપ્તિ વિદ્યાથી અનેક વિમાન બનાવીને પોતાની સર્વે સેના લંકાનગરી બહાર મેદાનમાં ગોઠવી. જ્યારે લંકાથી સર્વે વિદ્યાધર કુમાર રામચંદ્રજીની આજ્ઞા પામી ને પહાડ ઉપર જઇને યુદ્ધ કરવા લાગ્યા ત્યારે રાવણના મોટા પુત્ર ઇન્દ્રજિતે ક્રોધિત થઇને સર્વે વિદ્યાધરો અને પ્રથમના સર્વે દેવતાઓને મોકલ્યા અને કહ્યું કે તમે સર્વે લોકો મળીને એની સાથે યુદ્ધ કરો. ત્યારે પ્રથમના સિદ્ધ કરેલ અથવા વશ થએલ દેવતાઓ રાવણને કહેવા લાગ્યા કે:-

त्वयाभिलषितंकार्यं साधितंपुण्यसंक्षये ।
समर्थानेत्यसावुक्तो व्यक्तंताभिर्दशाननः ॥४२५॥

અર્થ:- આપના બલવાન પુણ્ય કર્મના ઉદયથી અમે આટલા દિવસ સુધી તો આપની ઇચ્છાનુસાર સર્વે કાર્ય સિદ્ધ કર્યાં: પરંતુ અત્યારે આપનાં પુણ્ય કર્મ ક્ષય થઇ ગયાં છે, એટલા માટે અમે કાંઇ પણ કરી શકીએ તેમ નથી. એવી રીતે તે દેવતાઓએ સ્પષ્ટ રીતે રાવણને કહી સંભળાવ્યું. તે સાંભળી રાવણ કહેવા લાગ્યો કે તમે નીચ દેવતાઓ ભલે ચાલ્યા જાઓ, તમારાથી મારૂં

શું કામ થવાનું છે? હું મારા પુરુષાર્થથી જ વિદ્યાધરોની સાથે સર્વે મનુષ્યરૂપી હરિણોને મારી નાખીશ. અભિમાની લોકોને માટે બીજાથી કાર્ય સિદ્ધ કરવું એ લજ્જાની વાત છે. એવી રીતે ક્રોધિત થઇ ને રાવણ તેજ સમયે ઇન્દ્રજીતની સાથે લંકામાં આવ્યો. જુઓ દુશ્ચરિત્ર કરવાવાળા જો પુણ્યવાન હોય તો પણ એનું પ્રથમનું અને હોનહાર ભવિષ્યનું સર્વે પુણ્ય નાશ થઇ જાય છે, જુઓ પુણ્યની રચના! ધાર્મિક અને વ્યવહારિક બન્ને કાર્યમાં પ્રથમ પુણ્યની જરૂર છે.

परिणाममेवकारणमाहुः खलु पुण्यपापयोः प्राज्ञाः ।
तस्मात् पापापचयः पुण्योपचयश्च सुविधेयः ॥४२६॥

અર્થ:– પુણ્યપાપનું અંતરંગ ઉપાદાન કારણ શુભાશુભ પરિણામ-નેજ માનેલ છે તો પુણ્ય પાપનો સંચય કરવો અથવા ન કરવો એ પોત પોતાના પરિણામને આધીન છે–આશ્રિત છે. જો એવું છે તો સુખ સાધનભૂત પુણ્યનો સંચય કરવો અથવા પુણ્યની વૃદ્ધિ કરવી અને પાપ બંધનો નિરોધ અને પૂર્વપાપનો નાશ અવશ્ય કરવો જોઇએ કેમકે પોતાને આધીન હોવાથી એમ કરી લેવું બહુજ સુગમ છે.

कारणं परिणामः स्याद् बंधनेपुण्यपापयोः ।
बाह्यंतु कारणंप्राहु आप्ता कारण कारणं ॥४२७॥

અર્થ:– આચાર્ય મહારાજ કહે છે કે પુણ્ય અને પાપનો બંધ થવામાં કેવળ જીવોનાં પરિણામ જ કારણ છે:અર્થાત્ પુણ્ય પાપ

કેવળ પરિણામોથી જ થાય છે, બાહ્ય કારણથી નહિ. બાહ્ય કારણ તો અરિહંતદેવે કેવળ શુભ અશુભ પરિણામને ઉત્પન્ન થવામાં નિમિત્ત કારણ બતાવેલ છે.

ભાવાર્થઃ– ભગવાનના હિતોપદેશને સાંભળીને સંપૂર્ણ લોક શરીરાદિકથી વિરક્ત થઈને હિત માર્ગમાં કેમ નથી લાગતા? તેનો ઉત્તર આપે છે.

अलंध्यशक्तिर्भवितव्यतेयं ।
हेतुद्वयाऽऽविष्कृत कार्यलिङ्गा ।
अनीश्वरो जन्तुरहंक्रियार्त्तः ।
संहृत्य कार्येष्विति साध्ववादीः ॥४२८॥

અર્થઃ– અંતરંગ શુભાશુભ કર્મ તથા બાહ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ ચતુષ્ટય (સામગ્રી) એ બન્ને હેતુઓથી ઉત્પન્ન થએલ, જે ઈષ્ટ અનિષ્ટ પદાર્થના લાભ લક્ષણ રૂપ કાર્યને માપવાનું ચિન્હ જેનું છે. (અનુમાનથી સિદ્ધ છે) એવી ભવિતવ્યતા (દૈવ–કર્મ) જેનું ઉલંઘન ન થઇ શકે એવી શક્તિ (સામર્થ્ય) સહિત છે, અલંધ્ય-શક્તિ વિશિષ્ટ છે. તે કારણથી સંપૂર્ણ લોક એને જીતવામાં અસમર્થ છે તથા સાંસારીક કાર્યોમાં અહંકાર રોગથી પીડિત છે એટલા માટે ભવિતવ્યતાને જીત્યા વિના સંસારી જીવો હિતમાર્ગમાં કેવી રીતે લાગી શકે! અર્થાત્ હિત માર્ગમાં નથી જોડાતા એમ સંતોષકારક ઉપદેશ શ્રી સુપાર્શ્વ પ્રભુએ ભવ્યોને આપ્યો. એજ ભવિતવ્યતાનું અલંધ્યશક્તિપણું વિશેષ પુષ્ટ કરવા ફરી કહે છે.

बिभेति मृत्योर्न ततोऽस्ति मोक्षो ।
नित्यं शिवं वांञ्छति नाऽस्य लाभः ।
तथाऽपि बालो भय काम वश्यो ।
वृथा स्वयं तप्यत इत्यवादीः ॥४२९॥

અર્થ:- આ જગત નિરંતર મૃત્યુથી ડરે છે અને મૃત્યુથી મોક્ષ થતો નથી અને અવિનશ્વર મોક્ષની સદાય ઇચ્છા કરે છે. પરંતુ પ્રતિકૂળ ભવિતવ્યતામાં અસીમ ઉપાય કરવાથી પણ અભીષ્ટ (ઇચ્છિત) પદાર્થની સિદ્ધિને અર્થે વૃથા પ્રયાસ કરવાથી દુઃખી થાય છે. એવી રીતે સુંદર સદુપદેશામૃત આપ્યું.

ભાવાર્થ:- પ્રતિકૂળ ભવિતવ્યતામાં આપો આપ જીવોનું કાંઈપણ કાર્ય નથી થતું અને અનુકૂળ ભવિતવ્યતામાં આપો આપ કાર્ય સિદ્ધ થઇ જાય છે, એટલા માટે ભવિતવ્યતા અલંઘ્ય શક્તિ વિશિષ્ટ (સહિત) છે. એવું જાણીને બુદ્ધિમાન પુરુષ બાહ્ય વસ્તુઓમાં કાંઇ પણ હર્ષ વિષાદ નથી કરતા કિન્તુ નિરંતર અનુકૂળ ભવિતવ્યતાનો ઉપાય કરે છે. અર્થાત્ રાગદ્વેષ પરિણામ ન થાય એવો સત્પુરુષાર્થ કરે છે.

ज्ञानीनोमृतसंगाय मृत्युस्तापकरोऽपिसन् ।
आमकुम्भस्य लोकेस्मिन् भवेत् पाकविधिर्यथा ॥ ४३०॥

અર્થ:- જેવી રીતે માટીના કાચા ઘડાને માટે પકવવાની વિધિ એક પ્રકારથી તાપને ઉપજાવવાવાળી છે તો પણ તે પાક વિધિ ઘડાને અમૃત (જલ)નો સંગ કરાવવાવાળી થાય છે, અર્થાત્ પાકી

જવાથી જ ઘડો પાણી ભરવાને માટે યોગ્ય બને છે. જેવી રીતે બહિરાત્માઓને મૃત્યુ દુઃખ આપવાવાળું છે, પણ તે મૃત્યુ જ્ઞાનીઓને માટે અમૃત (મોક્ષ)ના સમાગમને માટેજ થાય છેઃ અર્થાત્ જ્ઞાનીપુરુષ સદાય મૃત્યુના નાશને માટે જ પ્રયત્ન કર્યા કરે છે તથા ચૈતન્ય સ્વરૂપથી ભિન્ન જ મૃત્યુને માને છે; એટલા માટે મૃત્યુ થવાથી પણ જ્ઞાનીઓને દુઃખ થતું નથી.

દૈવાદસ્તંગતે તત્ર સમ્યકત્વં સ્યાદનન્તરમ્ ।
દૈવાન્ના સ્તંગતેતત્ર ન સ્યાત્સમ્યક્ત્ય મંજસા ॥૪૩૧॥

અર્થઃ–દૈવવશ (કાલલબ્ધિ આદિ નિમિત્તો મળવાથી) તે દર્શનમોહનીય કર્મનો ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમ થવાથી આત્મામાં સમ્યક્ત્વ ગુણ પ્રગટ થઇ જાય છે અને દૈવવશ (પ્રતિકુળતામાં) તે દર્શનમોહનીય કર્મનો અસ્ત નહિ થવાથી અર્થાત્ ઉદય રહેવાથી સમ્યક્ત્વ નથી થતું.

ભાવાર્થઃ–દર્શનમોહનીય કર્મનો ઉદય સમ્યક્ત્વની ઉત્પત્તિમાં બાધક છે અને એનો અનુદય સમ્યક્ત્વની ઉત્પત્તિમાં સાધક છે.

સમ્યકત્વંજીવભાવઃ સ્યાદસ્તાદ્ દૃઙ્મોહકર્મણઃ ।
અસ્તિ તેનાવિનાભૂતં વ્યાપ્તેઃ સદ્ભાવતસ્તયોઃ ॥૪૩૨॥

અર્થઃ–દર્શનમોહનીય કર્મનો ઉપશમ, ક્ષય, અથવા ક્ષયોપશમ થવાથી સમ્યક્ત્વ નામનો જીવનો ગુણ આત્મામાં પ્રગટ થાય છે. કારણ દર્શનમોહનીય કર્મના ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમની

સાથેજ સમ્યક્ત્વનો અવિનાભાવ સંબંધ છે. એ બન્નેમાં વ્યાપ્તિ ઘટિત થાય છે. વ્યવહારસમ્યક્ત્વ નિશ્ચયસમ્યક્ત્વનું સાધક છે અને નિશ્ચય સમ્યક્ત્વની ઓળખાણ સ્વાત્માનુભૂતિથી જ થાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ આ જીવને એકજવાર થઇ જાય તો તે જીવની નિયમથી મુક્તિ થાય છે. અર્દ્ધપુદ્ગળ પરાવર્તન કાળમાં નિયમથી મોક્ષે ચાલ્યો જાય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિને માટે જેમ કાલ-લબ્ધિ, જાતિસ્મરણજ્ઞાન, જિનબિમ્બદર્શન, દેશનાલબ્ધિ આદિ બાહ્ય કારણો છે, તેમ ક્ષાયોપશમિકીલબ્ધિ, વિશુદ્ધિલબ્ધિ, પ્રાયોગિકીલબ્ધિ, કરણલબ્ધિ અને દર્શનમોહનીય કર્મનો ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ આદિ અંતરંગ કારણ છે. જીવને સમ્યક્ત્વ ઉત્પન્ન થવામાં દર્શનમોહનીય કર્મનો ઉદય બાધક છે.

જેનો આત્મા અનાદિ કાળથી લાગેલ મિથ્યાત્વરૂપી મહા-કલંકથી દૂષિત થઇ રહેલ છે એવા જીવે પ્રથમ દર્શનમોહનીય-કર્મનો ઉપશમ કરી સમ્યગ્દર્શન ગ્રહણ કરવું જોઇએ. જેમ પિત્તનો વિકાર ઉત્પન્ન થવાથી ચિત્તવૃતિભ્રમિત થઇ જાય છે અને ચિત્તવૃત્તિ ભ્રમિત થવાથી યથાર્થ દર્શન નથી થતું; પરંતુ જ્યારે પિત્તનો વિકાર દૂર થઇ જાય છે ત્યારે આપો આપ યથાર્થ દર્શન થઇ જાય છે એવી રીતે અંતરંગ કારણરૂપ દર્શનમોહનીય કર્મનો ઉપશમ થવાથી યથાર્થ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. જેમ સૂર્ય છે તે અંધકારને દૂર કર્યા વિના ઉદય નથી થતો તેમ સમ્યગ્દર્શન પણ મિથ્યાત્વરૂપ અંધકારનો નાશ કર્યા વિના ઉદય નથી થતું. સમ્યક્ત્વની ઉત્પતિનું અંતરંગ પ્રધાન કારણ આત્મા પોતેજ છે. કેમકે આત્માના ઉત્સાહ અને સામર્થ્યથી જ

આત્મા સ્વયં સમ્યગ્દર્શનરૂપ પરિણમે છે. અનાદિ કાળથી આત્મામાં સમ્યક્ત્વગુણ ઉત્પન્ન થવાની યોગ્યતા જ પ્રાપ્ત નથી થઇ, તેને લીધે આત્મગુણો પરત્વે અરુચિભાવ અંતરંગમાં રહ્યા કરે છે. પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ ગુણની ઉત્પત્તિમાં અમુક પ્રકારની યોગ્યતા તો અવશ્ય આવવી જ જોઇએ. જો એક પણ યોગ્યતાની ખામી હોય તો સમ્યક્ત્વગુણ પ્રગટ નથી થતો. યોગ્યતા, અધિષ્ઠાન, આધાર, ભાજન, પાત્રતા કે અધિકારીપણું એ સર્વે એકજ અર્થને કહેવાવાળા છે.

चतुर्गतिभव्यः संज्ञी पर्याप्तः शुद्धकश्च साकारः ।
जागरुकः सल्लेश्यः सलब्धिक सम्यक्त्वमुपगच्छति॥४२३॥

અર્થ:- સમ્યગ્દર્શન ચારે ગતિમાં અનાદિ મિથ્યાદૃષ્ટિ તથા સાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્યને જ ઉત્પન્ન થાય છે, અભવ્યને નહિ. સંજ્ઞી પંચેન્દ્રિય હોય તેને ઉત્પન્ન થાય, અસંજ્ઞીને ન જ થાય. પર્યાપ્તને જ થાય અપર્યાપ્તને નહિ. મંદ કષાયવાનને ઉત્પન્ન થાય, તીવ્ર કષાયીને ઉત્પન્ન ન થાય. ગુણ દોષના વિચાર સહિત સાકારોપયોગ-જ્ઞાનોપયોગસહિતને ઉત્પન્ન થાય, દર્શનોપયોગમાં ન થાય. જાગૃત અવસ્થામાં ઉત્પન્ન થાય, નિદ્રાએ કરી અચેતન સમાન સમૂર્ચ્છિમ જેવાને ઉત્પન્ન ન થાય. ભાવિત ઉપરની (પીત પદ્મ શુકલ) ત્રણ લેશ્યામાંથી કોઇ એક લેશ્યાવાળાને ઉત્પન્ન થાય અને કરણલબ્ધિરૂપ પરિણામોનો ધારક હોય તે જીવ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ:- અનાદિ મિથ્યાદૃષ્ટિ ભવ્ય જીવ હોય, પંચેન્દ્રિય, મન સહિત, વિશુદ્ધ પરિણામી, છલેશ્યામાંથી કોઇ એક લેશ્યાવાળો હોય પણ તેમાં વિશેષ એટલું જાણવું કે અશુભલેશ્યા કદી હોય તો હીયમાન લેશ્યા હોવી જોઇએ અને શુભલેશ્યા હોય તો વર્ધમાન હોવી જોઇએ, ગર્ભજ જીવોમાં થાય સમ્મૂર્ચ્છિમોમાં નહી. અહીં ગર્ભજ લખવાનું કારણ એ છે કે દર્શનમોહનીયની ક્ષપણાનો આરંભ કરે તો કર્મભૂમિનો ગર્ભજ મનુષ્ય છોડી બાકીની ત્રણ ગતિઓમાં કયાંઇ પ્રારંભ થઈ શકે નહીં એવો નિયમ છે. મતિ શ્રુતજ્ઞાનરૂપ સાકાર ઉપયોગવાળો હોવો જોઇએ પણ નિષ્ઠાપકમાં સાકારોપયોગી હોય અથવા અનાકારોપયોગી પણ હોઇ શકે છે. આયુકર્મ છોડી બાકીના સાત કર્મોની અંતઃ કોડા કોડી પ્રમાણ સ્થિતિ સત્તાવાળો હોય. અર્દ્ધપુદ્ગલ પરાવર્તન કાળ પહેલા સમ્યક્ત્વ ઉત્પન્ન થાય નહીં. ચારેગતિઓના જીવોની ઉપર પ્રમાણે યોગ્યતા હોય તેજ જીવને સમ્યક્ત્વ કાળલબ્ધિ આદિ કારણો થતાં પ્રથમોપશમ સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. (જુવો ધવલા ખંડ ૬ પૃષ્ટ ૨૦૬ સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૩૦૭ લબ્ધિસાર ગાથા ૨)

ભવ્યનું સ્વરૂપ

सम्यग्ज्ञानादिरुपेण ये भविष्यन्ति जन्तव :
प्राप्य द्रव्यादिसामग्रीं ते भव्या मुनिभिर्मताः ॥४३४॥

અર્થ:- જે જીવ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ સામગ્રીને પામીને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ રત્નત્રયરૂપ

પરિણમશે તેનેજ આચાર્ય મહારાજ ભવ્ય કહે છે. અથવા "सामग्री विशेषैः रत्नत्रयानंतचतुष्टय स्वरुपेणपरिणमितुं योग्योभव्यः" સામગ્રીના વિશેષપણાથી, રત્નત્રય અથવા અનંત-ચતુષ્ટયરૂપ પરિણમવાને યોગ્ય હોય તે ભવ્ય છે. તથા જેના નિમિત્તને લીધે બાહ્ય નિમિત્ત મળવાથી સિદ્ધપર્યાયની તથા તેના સાધન ભૂત સમ્યગ્દર્શનાદિ સમ્બંધી શુદ્ધપર્યાયની પ્રાપ્તિ થઇ શકે, તે જીવની શકિત વિશેષને "ભવ્યત્વશકિત" કહે છે.

ભાવાર્થઃ- દ્રવ્યમાં પ્રધાન કારણ સાક્ષાત્ તીર્થંકર ભગવાનનું દેખવું, ક્ષેત્રમાં પ્રધાન કારણ સમવસરણાદિક છે, કાળમાં પ્રધાન કારણ અર્દ્ધ પુદ્ગલ પરાવર્તન કાળ સંસારનું પરિભ્રમણ બાકી રહે તે, અને ભાવમાં અધઃપ્રવૃત, અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ છે. વિશેષ અનેક કારણો છે તેમાં કોઇને અર્હન્તબિંબ દેખવાથી, કેટલાકને જિનેન્દ્રદેવના કલ્યાણક આદિની મહિમા દેખીને, કેટલાકને જાતિસ્મરણજ્ઞાનથી, કેટલાકને વેદનાના અનુભવથી, કેટલાકને ધર્મ-શ્રવણથી, અને કેટલાકને દેવતાની ઋદ્ધિ દેખવાથી ઇત્યાદિક બાહ્યકારણોથી મિથ્યાત્વ કર્મનો ઉપશમ થવાથી પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે.

સંજ્ઞીપંચેન્દ્રિયનું સ્વરૂપ

नोइन्द्रियावरण क्षयोपशम स्तज्जबोधनंसंज्ञा ।
सायस्यसतुसंज्ञी इतरः शेषेन्द्रियावबोधः ॥४३५॥

અર્થ:- નોઇંદ્રિયાવરણ કર્મ (મન) ના ક્ષયોપશમને અથવા તજ્જન્ય જ્ઞાનને સંજ્ઞા કહે છે. આ સંજ્ઞા જેને હોય તેને સંજ્ઞી કહે છે અને જેને આ સંજ્ઞા ન હોય કિન્તુ કેવળ યથા સંભવ ઈંદ્રિય જન્ય જ્ઞાન હોય, તેને અસંજ્ઞી કહે છે. અર્થાત્ જેને લબ્ધિ અને ઉપયોગ રૂપ મન હોય, તેને સંજ્ઞી કહે છે અને તે જેને ન હોય તે અસંજ્ઞી છે. શિક્ષા, ક્રિયા, આલાપ, અને ઉપદેશ રૂપ સંજ્ઞાને ધારણ કરનાર હોય તે સંજ્ઞી કહેવાય છે.

मनोऽवष्टम्भतः शिक्षा क्रियालापोपदेशवित् ।
येषां ते सञ्ज्ञिनो मर्त्या वृषकीरगजादय ॥४३६॥

અર્થ:- જેને શિક્ષા, ક્રિયા, આલાપ, અને ઉપદેશને સારી રીતે જાણવાનું મન છે. એવા મનુષ્ય, બળદ, પોપટ અને હાથી આદિ સંજ્ઞી કહેવાય છે.

ભાવાર્થ:- સંજ્ઞીના મુખ્યચાર ભેદ છે:- (૧) જે કાર્ય કરવાથી પોતાનું હિત થાય તે કરવું અને જે કાર્ય કરવાથી પોતાનું અહિત થાય તે ન કરવું, એવા પ્રકારના જ્ઞાનને **શિક્ષા** કહે છે. તે શિક્ષાને મનુષ્ય ગ્રહણ કરી શકે છે. (૨) ઇચ્છા પૂર્વક હાથ પગ મસ્તક આદિકના હલાવવાને **ક્રિયા** કહે છે આ ક્રિયા જો બળદ વિગેરેને શીખવવામાં આવે તો તે એને શીખી શકે છે. જેમ કસરતના ઘોડા, નાંદીયા બળદ આદિ. (૩) શ્લોક અથવા શબ્દ આદિ ભણાવવાને **આલાપ** કહે છે. તે આલાપને પોપટ, મેના આદિ જીવ શીખી શકે છે. (૪) સંજ્ઞા (નામવાચક) શબ્દ અથવા સંકેત આદિ દ્વારા હિતાહિત જાણવાનું નામ

ઉપદેશ છે. તે ઉપદેશ છ પર્યાપ્તિ પૂર્ણ હોય એવા હાથી, શ્વાન આદિ શીખી શકે છે. જે કર્મના ઉદયથી આત્મા આહારાદિ પર્યાપ્તિઓને અન્તર્મુહૂર્તમાં પ્રાપ્ત કરી શકે તેને પર્યાપ્તિ કહે છે

પર્યાપ્તિનું સ્વરૂપ.

आहारपरिणामादि शक्तिकारण सिद्धयः ।
पर्याप्तयः षडाहारदेहाक्षोच्छवासवाङ्मनः ॥४२७॥

અર્થ:- આહારવર્ગણા, ભાષાવર્ગણા, અને મનોવર્ગણાના પરમાણુઓને, શરીર ઇન્દ્રિયાદિરૂપ પરિણમાવવાની શક્તિની પૂર્ણતાને પર્યાપ્તિ કહે છે. તે પર્યાપ્તિ છ પ્રકારે છે. આહાર પર્યાપ્તિ, શરીર પર્યાપ્તિ, ઇન્દ્રિય પર્યાપ્તિ, શ્વાસોશ્વાસ પર્યાપ્તિ, ભાષા પર્યાપ્તિ, અને મન પર્યાપ્તિ પ્રથમ આહાર પર્યાપ્તિનું સ્વરૂપ કહે છે. ઔદારિક, વૈક્રિયિક, અને આહારક એ ત્રણ શરીર યોગ્ય આહાર વર્ગણાઓનાં પરમાણુઓને ગ્રહણ કરવાની અને ખલ તથા રસ ભાગરૂપ પરિણમાવવાની કારણ ભૂત જીવની શક્તિની પૂર્ણતાને આહાર પર્યાપ્તિ કહે છે. (૧) બીજી શરીર પર્યાપ્તિ જેમ તલને પીલવાથી એકભાગ તેલરૂપ થઇ જાય છે અને બીજો ભાગ ખલ (ખોળ) રૂપ થઇ જાય છે, તેમ શરીર નામા નામકર્મની સાથે સાથે પર્યાપ્તિ નામા નામ કર્મના ઉદયથી ગ્રહણ કરેલ જે આહાર વર્ગણાના પરમાણુઓને જે ખલ રૂપ પરિણમાવ્યાં હતાં, તે હાડકાં વિગેરે કઠણ અવયવ-રૂપ અને જે પરમાણુઓને રસ રૂપ પરિણમાવ્યાં હતાં તેને

રુધિર, વીર્ય આદિ દ્રવણ (પ્રવાહી) રૂપ પરિણમાવવાની કારણ-ભૂત જીવની શક્તિની પૂર્ણતાને શરીર પર્યાપ્તિ કહે છે. (૨) ત્રીજી ઇન્દ્રિય પર્યાપ્તિઃ– આહાર વર્ગણાના પરમાણુઓને ઇન્દ્રિયના આકાર રૂપ પરિણમાવવાને તથા ઇન્દ્રિય દ્વારા વિષય ગ્રહણ કરવાને કારણભૂત જીવની શક્તિની પૂર્ણતાને ઇન્દ્રિય પર્યાપ્તિ કહે છે.

ઇન્દ્રિય અને તેના ભેદ

इंद्रियं लिंगमिन्द्रस्य तच्च पंचविधं भवेत ।
प्रत्येकं तद् द्विधा द्रव्यभावेन्द्रियाविकल्पतः ॥४३८॥

અર્થઃ– ઇન્દ્ર શબ્દનો અર્થ પરમ ઐશ્વર્ય યુકત અથવા ઉત્કૃષ્ટ વિભૂતિ સહિત થાય છે. સર્વે આત્માઓ પરમ ઐશ્વર્ય યુકત છે. માટે ઇન્દ્રનામ આત્માનું પણ માનેલ છે. ઇન્દ્ર અથવા આત્માનું જે ચિહ્ન હોય તે ઇન્દ્રિય છે અથવા આત્માનું અસ્તિત્વ (હોવું) સિદ્ધ કરવાનું જે સાધન હોય તે પણ ઇન્દ્રિય કહેવાય છે. ઇન્દ્રિયોની વિષયો પરત્વે પ્રવૃતિ દેખાવાથી તેનો પ્રેરક આત્મા, તેનું અસ્તિત્વ માનવું પડે છે. દરેક ઇન્દ્રિયોમાં દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય એમ બબે ભેદ થઇ શકે છે. સર્વે ઇન્દ્રિયો પાંચ છે. હવે દરેકના બબે ભેદ થઇ શકે છે તે બતાવે છે.

निर्वृत्तिश्चोपकरणं द्रव्येन्द्रियमुदाहृतम् ।
बाह्याभ्यन्तरभेदेन द्वैविध्यमनयोरपि ॥४३९॥

અર્થઃ– દ્રવ્યેન્દ્રિય પાંચ છે. તેનો વિચાર કરે તો તેમાં નિર્વૃત્તિ અને ઉપકરણના પણ બબે ભેદ થાય છે. બાહ્ય નિર્વૃત્તિ અને

આંતર નિર્વૃત્તિ. બાહ્ય ઉપકરણ અને આંતર ઉપકરણ. જ્ઞાનની ઉત્પત્તિમાં કાર્યકારી ઇન્દ્રિયોનો જે અંશ (આત્મ પ્રદેશોનો જે સમૂહ) રચવામાં આવે છે તે આત્મ પ્રદેશે કરી વિષયને જાણે, તેનું નામ નિર્વૃત્તિ છે અને તે નિર્વૃત્તિ મુખ્ય અંશ (આત્મ પ્રદેશો) ની રક્ષા કરવાવાળો સહકારી, સમીપવર્તી જે અવયવ હોય તે ઉપકરણ કહેવાય છે. તે જાતિ નામા નામ કર્મના ઉદય સહિત અને શરીર નામા નામ કર્મના ઉદયથી થએલ જે નિર્વૃત્તિ અને ઉપકરણ રૂપ જે દેહનું ચિહ્ન એકેન્દ્રિયાદિકના શરીરના યથા-યોગ્ય પોત પોતાને સ્થાનકે આકારને પ્રગટ કરવાવાળા પુદ્ગળ દ્રવ્યરૂપ ઇન્દ્રિય તે દ્રવ્યેન્દ્રિય છે.

દ્રવ્યેન્દ્રિય નું સ્વરૂપ

नेत्रादीन्द्रियसंस्थानावस्थितानां हि वर्तनम् ।
विशुद्धात्मप्रदेशानां तत्र निर्वृतिरान्तरा ॥४४०

અર્થ:- બાહ્ય અને આંતર નિર્વૃત્તિઓમાંથી આન્તર નિર્વૃત્તિ તે છે કે જે કાંઇ આત્મ પ્રદેશોની રચના નેત્રાદિ ઇન્દ્રિયોના આકારને ધારણ કરીને ઉત્પન્ન થાય છે, તે આત્મ પ્રદેશો બીજા આત્મ પ્રદેશોથી અધિક વિશુદ્ધ હોય છે. જ્ઞાનના અને જ્ઞાન સાધનના પ્રકરણમાં જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થએલ જે નિર્મળતા, તેને વિશુદ્ધિ કહે છે.

ભાવાર્થ:- આત્મપ્રદેશોનું ઇન્દ્રિયોના આકારરૂપ પરિણત થવું, તે અભ્યંતર નિર્વૃત્તિ છે જેમ નેત્ર ઇન્દ્રિયમાં નેત્ર ઇન્દ્રિયાવરણ કર્મ

અને વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ સહિત ઉત્સેધાંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ વિશુદ્ધ આત્મ પ્રદેશો મસૂરના આકારે રચનારૂપ થઇ રહે છે, તે અભ્યંતર નિર્વૃત્તિ છે. એમજ કર્ણ ઇન્દ્રિયાવરણ કર્મ અને વીર્યાંતરાય કર્મના ક્ષયોપશમ સહિત આત્મપ્રદેશો જવની નળીના આકારરૂપ થઇ રહે છે તે આત્મપ્રદેશની રચના અભ્યંતર નિર્વૃત્તિ છે. હવે બાહ્ય નિર્વૃત્તિનું સ્વરૂપ કહે છે.

तेष्वेवात्मप्रदेशेषु करणव्यपदेशिषु ।
नामकर्मकृतावस्थः पुद्गलप्रचयोऽपरा ॥४४१॥

અર્થ:- ઇન્દ્રિય આકારને ધારણ કરવાવાળા અંતરંગ ઇન્દ્રિય નામક આત્મ પ્રદેશોની સાથે અને તે પ્રદેશોને અવલંબન આપવાવાળા જે શરીરનાં અવયવો એકઠા થાય છે, તેને બાહ્ય નિર્વૃત્તિ કહે છે. શરીરનાં અવયવો એકઠાં થઇને ઇન્દ્રિય અવસ્થારૂપ બનવાને માટે અંગોપાંગ આદિ નામકર્મના કેટલાએક ભેદ સહાયક થાય છે.

ભાવાર્થ:- તેજ આત્મા વિશુદ્ધ પ્રદેશોમાં ઇન્દ્રિયોના નામથી કહેવામાં આવેલ ભિન્ન ભિન્ન આકારોને ધારણ કરનાર સંસ્થાન નામ કર્મના ઉદયથી થવાવાળા અવસ્થા વિશેષથી યુક્ત જે પુદ્ગલ પિંડ તે બાહ્ય નિર્વૃત્તિ છે. અથવા અભ્યંતર ઇન્દ્રિયાકાર પરિણતરૂપ આત્મપ્રદેશને વિષે નામ કર્મના ઉદયને લીધે નેત્ર ઇન્દ્રિયાકાર પુદ્ગલ સમૂહ રહે છે, તે બાહ્ય નિર્વૃત્તિ છે. તેમજ જવની નલીના આકારરૂપ આત્મ પ્રદેશ તેના ઉપર નામ કર્મના

ઉદયથી કર્ણ ઇન્દ્રિયના જળની નળીના આકારરૂપ પુદ્ગલ સમૂહ તે બાહ્ય નિર્વૃત્તિ છે એમ સર્વે ઇન્દ્રિયોનું જાણી લેવું.

બાહ્યાભ્યંતર ઉપકરણોનું સ્વરૂપ

आभ्यन्तरं भवेत्कृष्णशुक्लमण्डलकादिकम् ।
बाह्योपकरणं त्वक्षिपक्ष्मपत्रद्वयादिकम् ॥४४२॥

અર્થ:- બાહ્ય અને અભ્યંતર બન્ને ઉપકરણોમાંથી અભ્યંતર ઉપકરણ એને કહે છે કે જે અંદર રહીને નિવૃત્તિરૂપ ઇન્દ્રિયની રક્ષા કરે. જેમ મસૂરના આકાર જેવી જે નેત્ર ઇન્દ્રિય તેની અંદર સફેદ અને કાળો ડોળો છે તે અભ્યંતર ઉપકરણ છે અને તેનું રક્ષણ કરનાર પાંપણ ભમર વગેરે ઇન્દ્રિયોના સર્વથી ઉપરના ભાગમાં રહેવાળા રક્ષણના સાધનને બાહ્ય ઉપકરણ કહેવાય છે એમ સર્વે ઇન્દ્રિયોનું જાણી લેવું.

ભાવાર્થ:- નિવૃત્તિનો ઉપકાર કરવાવાળો જે પુદ્ગળ સમૂહ તે ઉપકરણ છે. તે બે પ્રકારે છે. બન્ને પ્રકારનાં ઉપકરણોની અંદર જે દેખવાની શક્તિ રાખવાવાળી રચના થાય છે, તે સર્વે નિવૃત્તિના નામથી કહેવામાં આવે છે. તે સર્વે ઉપકરણ તથા નિર્વૃત્તિના ભેદને દ્રવ્યેન્દ્રિય એટલા માટે કહેવામાં આવે છે કે તે આત્માનાં તથા પુદ્ગળોનાં પર્યાયો છે.

ભાવેન્દ્રિયનું સ્વરૂપ

लब्धिस्तथोपयोगश्च भावेन्द्रियमुदाहृतम् ।
सा लब्धिर्बोधरोधस्य यः क्षयोपशमो भवेत् ॥४४३॥

सद्द्रव्येन्द्रियनिर्वृत्तिं प्रति व्याप्रियते यतः ।
कर्मणो ज्ञानरोधस्य क्षयोपशमहेतुकः ॥४४४

आत्मनः परिणामो य उपयोगः स कथ्यते ।
ज्ञानदर्शनभेदेन द्विधा द्वादशधा पुनः ॥४४५॥

અર્થ:- લબ્ધિ અને ઉપયોગ એ બન્નેને ભાવેન્દ્રિય કહે છે. જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમનો લાભ થવો તે લબ્ધિ છે. અને આત્માનાં ચૈતન્ય પરિણામને ઉપયોગ કહે છે. જેના બળથી આત્મા દ્રવ્યેન્દ્રિયની રચનામાં પ્રવૃત્ત થાય, એવા જ્ઞાનાવરણ કર્મના વિશેષ ક્ષયોપશમનું નામ લબ્ધિ છે અર્થાત્ દ્રવ્યેન્દ્રિય રચનાનું કારણ આત્માના જ જ્ઞાનાવરણ કર્મના વિશેષ ક્ષયોપશમ રૂપ પરિણામ છે, તેનું નામ લબ્ધિ છે જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમરૂપ લબ્ધિના નિમિત્તથી આત્માનું વિષયો (પદાર્થો) પ્રત્યે પરિણામ થવું તે ઉપયોગ છે. જેમ કોઈ જીવને સાંભળવાની શક્તિ છે પરંતુ ચૈતન્ય પરિણમનરૂપ ઉપયોગ અન્યરૂપ થઈ જાય અથવા અન્ય વિષયને વિષે ઉપયોગ જોડાએલ હોય તો સાંભળે નહિ. કોઇ જાવણાને ઇચ્છે પરંતુ ક્ષયોપશમ શક્તિ ન હોય તો જાણી શકે નહિ માટે લબ્ધિ અને ઉપયોગ બન્ને મળે તોજ વિષય (પદાર્થો)ના જ્ઞાનની સિદ્ધિ થાય છે. જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમથી આત્માની જે વિશુદ્ધતા-તે શક્તિ છે તે ક્ષયોપશમ શક્તિ ને જ લબ્ધિ કહીએ છીએ અને આત્મા જ્ઞેય પદાર્થો સન્મુખ થઈ, જાડાય તે ઉપયોગ છે. એમ ભાવેન્દ્રિયનું સ્વરૂપ કહ્યું.

ભાવાર્થ:-જ્ઞાનાવરણકર્મના ક્ષયોપશમ દ્વારા દ્રવ્યનિવૃત્તિનામની ઇન્દ્રિયમાં પ્રવૃત્તિ કરવા લાગે છે: અર્થાત્ આત્મા ઇન્દ્રિયો દ્વારા પદાર્થોને ત્યારેજ જાણી શકે છે કે જ્યારે ઉકત વિષયના જ્ઞાનને ઘાત કરવાવાળાં કર્મ ક્ષીણ તથા ઉપશાંત થઇ ગયાં હોય અને તે ક્ષયોપશમની સહાયતાથી આત્મા ઇન્દ્રિયોમાં પ્રવર્તવા લાગ્યો હોય, એવી આત્મ પ્રવૃત્તિને ઉપયોગ કહે છે. અને ઘાતક કર્મના ક્ષયોપશમને લબ્ધિ અથવા લાભ કહે છે. ક્ષયોપશમરૂપી લાભ જ્યાં સુધી થએલ ન હોય ત્યાં સુધી જ્ઞાન થવું અસંભવિત છે. અને ક્ષયોપશમરૂપ લાભ હોય તો પણ જ્યાંસુધી જાણવાની પ્રવૃત્તિ કરવામાં ન આવે, ત્યાં સુધી પણ જ્ઞાન થવું અશકય છે. જેમકે એકેન્દ્રિય જીવોમાં રસના આદિ ચાર ઇંદ્રિયોનો ક્ષયોપશમ ન હોવાથી તે ઇંદ્રિયોનું જ્ઞાન પણ કયારે નથી થતું. મનુષ્યોમાં સર્વે ઇંદ્રિયોના જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ છે. છતાં પણ કોઇએક ઇંદ્રિય સંબંધી જ્ઞાન થવાના સમયે બીજી ઇંદ્રિયોનું જ્ઞાન નથી થતું. લબ્ધિ અને ઉપયોગની કારણુતા બતાવવાને માટે ઉદાહરણ છે, માટે બન્નેને ભાવેન્દ્રિય માનવી આવશ્યક છે ઉકત બન્નેને ભાવેન્દ્રિય કહેવાનું કારણ પણ એ છે કે તે દ્રવ્યપર્યાય નથી, પરંતુ ગુણપર્યાય છે ક્ષયોપશમ પણ એક ગુણ અથવા ધર્મ છે. ધર્મ, સ્વભાવ, ભાવ, ઇત્યાદિ શબ્દોનો એકજ અર્થ છે

ઇંદ્રિયોના અનુક્રમથી નામ.

स्पर्शनं रसनं घ्राणं चक्षुः श्रोत्रमतः परम् ।
इतीन्द्रियाणां पञ्चानां संज्ञानुक्रम निर्णयः ॥४३६॥

અર્થ:- પ્રથમ સ્પર્શ ઇન્દ્રિય, બીજી રસના ઇન્દ્રિય, ત્રીજી ઘ્રાણ, ચોથી નેત્ર, પાંચમી શ્રોત્ર એવી રીતે ઇન્દ્રિયોનાં અનુક્રમથી નામ છે.

ભાવાર્થ:- એક, બે, આદિ ઇંદ્રિયોની વૃદ્ધિપણ એજ અનુક્રમથી થાય છે, આ નિયમ છે. કોઇ જીવમાં બે ઇન્દ્રિય હશે તો સ્પર્શન તથા રસના એ બન્ને જ હશે અન્યથા પ્રકારે નહિં.

ઇન્દ્રિયોના વિષયો.

स्पर्शोरसस्तथा गन्धो वर्णः शब्दो यथाक्रमम् ।
विज्ञेया विषयास्तेषां मनसस्तु तथा श्रुतम् ।४४७॥

અર્થ:-સ્પર્શ; રસ, ગંધ, વર્ણ, અને શબ્દ એ પાંચે અનુક્રમે પાંચે ઇન્દ્રિયોના વિષયો છે. મન જે અન્તર્ગત ઇન્દ્રિય છે, તેનો મુખ્ય વિષય શ્રુતજ્ઞાનને ઉત્પન્ન કરવું તે છે. અને ગૌણ વિષય સર્વે ઇન્દ્રિઓને સહાયતા આપવી તે છે.

ઇન્દ્રિયોનો વિષય સંબંધ

रुपं पश्यत्यसंस्पृष्टं स्पृष्टं शब्दं शृणोति तु ।
बद्धं स्पृष्टं च जानाति स्पर्श गन्धं तथा रसम् ॥४४८॥

અર્થ:-આત્મા ચક્ષુથી જે રૂપને દેખે છે; તે રૂપથી સંબંધ કર્યા વિના દૂર રહીને જ દેખે છે. કાનથી જે શબ્દ સંભળાય છે તે શબ્દનો સ્પર્શ થવાથી સંભળાય છે. શબ્દનો કાનની સાથે

સંયોગ થયા વિના સાંભળવું નથી થતું. સ્પર્શ, રસ તથા ગંધ એ ત્રણે વિષયોનું જ્ઞાન ત્યારેજ થાય છે કે જ્યારે ઇન્દ્રિયોની સાથે સંયોગ થઇને એકરૂપ સરખો વિષય અથવા ઇન્દ્રિયો એકરૂપ જોડાઇ જાય છે ત્યારેજ જ્ઞાન થાય છે. મન દ્વારા જે જ્ઞાન થાય છે તેમાં વિષયોના સંબંધની અપેક્ષા પણ નથી હોતી.

ઇન્દ્રિયોની આકૃતિ

यवनालमसूरातिमुक्तेन्द्वर्धसमाः क्रमात् ।
श्रोत्राक्षिघ्राणजिव्हाः स्युः स्पर्शनं नैकसंस्थिति ॥४४९॥

અર્થ:-કાનનો આકાર જવની નળીકા સમાન છે, નેત્રનો આકાર મસુરના સમાન છે, નાકનો આકાર તલના ફૂલ સમાન છે, જીભનો આકાર અર્ધચંદ્રમા સમાન છે, સ્પર્શઇંદ્રિયનો આકાર કોઇ પ્રકારે નથી, પરંતુ શરીરોના આકાર અનેક છે માટે સ્પર્શેન્દ્રિય શરીર આકાર હોવાથી અનેક પ્રકારે છે. મન જો કે બાહ્ય ઇન્દ્રિય નથી તોપણ અતિ સૂક્ષ્મ છે, પરંતુ વિકસિત અષ્ટદળ કમલ સમાન છે. **ચોથી શ્વાસોચ્છવાસ પર્યાપ્ત** આહાર વર્ગણાના પરમાણુઓને શ્વાસોચ્છવાસરૂપ પરિણુમાવવાની કારણભૂત જીવની શક્તિની પૂર્ણતાને શ્વાસોચ્છવાસ પર્યાપ્તિ કહે છે. તે વીર્યાંતરાય અને જ્ઞાનાવરણકર્મનો ક્ષયોપશમ અને અંગોપાંગ નામા નામકર્મની અપેક્ષા જેને છે એવો જે આત્મા તેણે ઊંચો લીધેલ કોઠાથી પવન તે ઉચ્છવાસ તેને પ્રાણ પણ કહીએ અને એજ આત્માએ બહારનો પવન અંદર લીધો તે નિઃશ્વાસ છે, તેને અપાન કહીએ. એ બન્ને આત્માના ઉપકારી છે. તે આયુનામ કર્મના ઉદયથી

ભવમાં રહેતા જીવની ઉચ્છવાસ નિ.શ્વાસાદિ ક્રિયાનો વિચ્છેદ ન થવો તે જીવવાનું કારણ છે, તે પુદ્ગલમય છે. (૪) **પાંચમી ભાષાપર્યાપ્તિ** ભાષા વર્ગણાના પરમાણુઓને વચનરૂપ પરિણુમાવવાની જીવની શક્તિની પૂર્ણતાને ભાષા પર્યાપ્તિ કહે છે તે વીર્યાંતરાય તથા મતિ શ્રુત જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ અને સ્વરનામા નામ કર્મના ઉદયના નિમિત્તથી આત્માને બોલવાનું જે સામર્થ્ય છે, તે ભાવ વચન છે. તે પુદ્ગલ કર્મના નિમિત્તથી થયું માટે પુદ્ગલ કહીયે અને તે બોલવાના સામર્થ્યસહિત આત્માએ કંઠ, તાળવું, જીભ આદિ સ્થાનોએ કરી પ્રેરેલ તે વચનરૂપ પરિણુમેલ પુદ્ગલજ દ્રવ્યવચન છે, તે શ્રોત્ર (કાન) ઇન્દ્રિયનો વિષય છે. બીજી ઇંદ્રિયોથી ગ્રહણ યોગ્ય નથી.

વિશેષાર્થઃ- મનની ચંચળતામાં વિચાર થવો એ એક વિશેષતા છે. વચનમાં મનની માફક વિશેષતા તો નથી; પરંતુ આ વિશેષતા છે કે કંઠાદિ સ્થાનોના પ્રયત્નથી પાસેના કેટલાક સૂક્ષ્મ પુદ્ગળોમાં ધ્વનિ ઉત્પન્ન થઈ જાય છે, તે ધ્વનિ ઉચ્છવાસ વાયુના આઘાતથી મુખ બહાર નીકળીને સર્વ દિશાઓમાં પ્રસરવા લાગે છે, ઉચ્છવાસનો જેવો વેગ હોય તેટલેજ દૂર સુધી તે ધ્વનિ પહોંચે છે એને વચન કહે છે. જો કે વચન સ્વયં શરીર નથી તો પણ વચનની ઉત્પત્તિના સમયે શરીરમાં ક્રિયા અવશ્ય થાય છે. એટલા માટે મનની માફક વચન યોગને પણ શરીરના યોગમાં ગર્ભિત કરી શકાય છે. પરંતુ શરીરની ક્રિયાઓથી મન વચનની ક્રિયાઓમાં ઉકત વિશેષતા દેખાય છે. એટલા માટે બન્નેને શરીરથી જુદા માનીને યોગના ત્રણ ભેદ કરેલ છે એ બન્નેની ચંચળતાના

સ્વરૂપથી, શરીર ચંચળતા એક જુદીજ માલુમ પડે છે શબ્દની ઉત્પત્તિનું સ્થાન હૃદય છે.

गुरुणामेवमहात्म्यं यदविस्वादुमद्वचः ।
तरुणांहि प्रभावो सो यत्फलंस्वादुजायते ।
निर्यान्तिहृयाद्वाचोह्रादिमेगुरुखःस्थिताः ।
तेतत्रसंस्करिष्यंते तन्नमेऽत्रपरिश्रमः ॥४५.०॥

અર્થઃ– જો કદાચિત્ મારાં વચન સ્વાદિષ્ટ (રસીલા–મધુર) હોય તો એમાં ગુરૂનું જ માહાત્મ્ય સમજવું જોઈએ; કેમકે જે ફળ મીઠાં હોય છે તે વૃક્ષનો જ પ્રભાવ સમજવો જોઈએ. આ નિશ્ચય છે કે વચન હૃદયથી નીકળે છે અને મારા હૃદયમાં ગુરૂ બિરાજમાન છે તે ગુરૂ મારાં વચનોમાં અવશ્ય જ સંસ્કાર રેડશે. અર્થાત્ એને સુધારી લેશે એટલા માટે આ ગ્રંથને બનાવવામાં મને જરાપણ પરિશ્રમ નહિ પડે અર્થાત્ પરિશ્રમ નહિ થાય. **છઠ્ઠો મનઃપર્યાપ્તિ.**:– મનોવર્ગણાના પરમાણુઓને હૃદય સ્થાનમાં આઠ પાંખડીના ખીલ્યા કમળના આકારે મન રૂપ પરિણમાવવાને તથા તે દ્વારા યથાવત્ વિચાર કરવાના કારણ ભૂત જીવની શક્તિની પૂર્ણતાને મનઃપર્યાપ્તિ કહે છે. અથવા હૃદયમાં વિકલ્પ કરવાનો આકાર તેથી શુભાશુભ વિચાર કરીએ એવું અષ્ટ પાંખડીનું કમલાકાર દ્રવ્યમન પુદ્ગલિક સ્કંધનું પરિણમન તે મનઃપર્યાપ્તિ છે.

વિશેષાર્થઃ– મન બે પ્રકારે છે. દ્રવ્યમન અને ભાવમન વીર્યાંતરાયકર્મના અને નોઇન્દ્રિયાવરણ કર્મના ક્ષયોપશમથી તથા અંગો-

પાંગ નામા નામકર્મના ઉદયથી મનઃપર્યાપ્તિ સંયુક્ત મનોવર્ગણારૂપ જે પુદ્ગળ આવેલ તેનું આઠ પાંખડીના ખીલેલ કમળના આકારે હૃદય સ્થાન વિષે જે નિર્માણ નામા નામકર્મના સૂક્ષ્મ અને આત્માને સહાયતા પહોંચાડવાવાળા તથા વીર્ય વિશેષને (કોઇપણ કાર્ય કરવામાં ભાવના રહે છે અને ઉત્સાહ પણ રહે છે પરંતુ જો સામર્થ્યહીન–વીર્યહીન હોવાથી કાર્ય કરવામાં અસમર્થ થઇ જાય છે તે વીર્યાંતરાય કર્મના ઉદયનું કાર્ય છે) ઉત્પન્ન કરવામાં સમર્થ એવાં પુદ્ગળો જ્યાં મન રૂપથી પરિણમેલ હોય છે, તે પુદ્ગળોના સમૂહથી જ બનેલું તે દ્રવ્યમન છે, તેમાં જે કમળની પાંખડીના અગ્રભાગને વિષે નોઇન્દ્રિયાવરણ કર્મના ક્ષયોપશમથી યુક્ત જ્યાં જ્યાં મનથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, ત્યાં ત્યાં મન સંજ્ઞાના ધારક આત્માના પ્રદેશ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ રહે છે, વધારે ઓછા નથી રહેતા. તે વિશુદ્ધ આત્મ પ્રદેશોને ભાવમન કહે છે. ભાવમન દ્રવ્યમનની સહાયતાથી મૂર્ત્ત તથા અમૂર્ત્ત બન્ને વસ્તુને જાણે છે. અને તે વસ્તુના ગુણ દોષનો વિચાર અથવા સ્મરણાદિરૂપ ઉપયોગથી ઉહાપોહ (સ્મરણ કરેલ પદાર્થોમાં ન્યૂનાધિકતાનો વિચાર કરવો તે ઉહ અને ત્યાગ કરવા યોગ્ય પદાર્થોનો ત્યાગ કરવો તે અપોહ) કરે છે તેને ભાવ મન કહે છે.

આ લક્ષણ ભાવમનની અપેક્ષાથી છે: કેમકે ગુણ દોષોનો વિચાર કરવો અથવા સ્મરણાદિ ઉપયોગ ભાવ મનનુંજ કાર્ય છે. ગુણદોષોનો વિચાર અથવા સ્મરણાદિરૂપ આત્માના ઉપયોગને ભાવમન કહે છે. વિચારાદિ કરવાને સન્મુખ થએલ ભાવમનને સહાયતા કરવાવાળા પુદ્ગલપિંડને દ્રવ્યમન કહે છે. અર્થાત્ જે

મનની ઉત્પત્તિ પુદ્ગલ વિપાકી કર્મના ઉદયથી થાય છે, તેને દ્રવ્યમન કહે છે. અને જે વીર્યાંતરાયકર્મ તથા નોઇન્દ્રિયાવરણ કર્મના ક્ષયોપશમથી થવાવાળી આત્માની વિશુદ્ધિને ભાવમન કહે છે. ભાવમન પોતાના વિચારોથી નિશ્ચિત પદાર્થોને જાણે છે અને ગ્રહણ કરે છે, ત્યારે મન પદાર્થોમાં નથી જતું પરંતુ મન પોતેજ સંકલ્પરૂપ થઇને વસ્તુને જાણે છે. છદ્મસ્થ પુરુષને અતીત અનાગત પર્યાયોને મન વિષે ચિંતવવાથી સ્ફુરાયમાન થાય છે. અર્થાત્ છદ્મસ્થજ્ઞાની (અલ્પજ્ઞાની તપસ્વી) પણ યોગબળથી અથવા તપસ્યાના પ્રભાવથી જ્ઞાનમાં કાંઇક નિર્મળતા થવાથી અતીત અનાગત વસ્તુનો વિચાર કરે છે. ત્યારે તેનું જ્ઞાન અતીત અનાગત વસ્તુના આકારરૂપ થઈ જાય છે અહીં વસ્તુ વર્તમાન નથી છતાં પણ દેખાય છે. જ્ઞાનની શક્તિ અચિન્ત્ય અને અદ્ભુત છે.

વિશેષ મતિશ્રુતજ્ઞાનનું સાધન મન છે, એટલા માટે મન પોતાના વિચારોથી મૂર્ત્ત અને અમૂર્ત્ત બન્ને પદાર્થોનું જ્ઞાતા છે દ્રવ્યમન અને ભાવમન સંજ્ઞી પંચેન્દ્રિયને જ હોય છે, અસંજ્ઞીને નહિ. તેનું સમાધાન આહાર, ભય, મૈથુન, અને પરિગ્રહ એ ચારે વિષયોની તરફ પ્રવૃત્તિ થવી, તે કેવળ મનના વિચારનું કારણ નથી. એકેન્દ્રિયાદિ જીવ માત્રમાં એ ચારે પ્રવૃત્તિઓ હોય છે, તે ચારિત્ર મોહનીય કર્મના ઉદયનું સાધારણ કાર્ય છે. એટલા માટે એ પ્રવૃત્તિઓમાં હિતાહિતની અપેક્ષા નથી રહેતી ત્યાં પ્રવૃત્તિ હોવાથી મનનું અસ્તિત્વ માની ન લેવું.

એકેન્દ્રિયને ભાષા અને મન વિના ચાર પર્યાપ્તિ હોય છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયને મન વિના પાંચ પર્યાપ્તિ હોય છે સંજ્ઞી પંચેન્દ્રિયને છ પર્યાપ્તિ હોય છે. માટે ઉપર કહેલ છએ પર્યાપ્તિ પૂર્ણ હોય તથા વિશુદ્ધ પરિણામવાળો હોય : અર્થાત્ જેને સર્વઘાતી પ્રકૃતિઓના ઉદયનો અભાવ હોય અને દેશઘાતી પ્રકૃતિઓનો મંદ ઉદય હોય, એવો જીવ વિશેષપણે શુદ્ધ હોય અને અત્યંત મંદ કષાયવાન વિશુદ્ધ પરિણામવાળો હોય, સાકારોપયોગી હોય, અર્થાત્ ગુણદોષના વિચાર સહિત સાકારોપયોગવાળાને સમ્યગ્દર્શન થવાનો અધિકાર છે પણ દર્શનોપયોગમાં સમ્યગ્દર્શન ન થાય. જે ગુણપર્યાય સહિત વસ્તુ (તત્ત્વ) છે તેને ગ્રહણ (જાણવા) રૂપ જે વ્યાપાર (પ્રવર્તન) તેનું નામ સાકારોપયોગ છે જેમાં વસ્તુનો આકાર પ્રગટ થઈ જાય, જેના દ્વારા પદાર્થોનો વિચાર થઇ શકે, સ્વપર વિજ્ઞાન થઇ શકે તેવો સાકારોપયોગ સહિત હોય, તે જીવ સમ્યક્ત્વનો અધિકારી છે.

જાગૃતદશાવાળો હોય પણ નિદ્રાથી અચેતનને સમ્યક્ત્વ ઉત્પન્ન ન થાય. મદ, ખેદ અને આખો દિવસ પરિશ્રમને લઇ જે થાક લાગેલ હોય તેને દુર કરવાને માટે જે સુવે છે તેને નિદ્રા કહે છે. અર્થાત્ સામાન્ય શયનને નિદ્રા કહે છે. જે પ્રગાઢરૂપથી નિદ્રા આવે છે, આંખ ઉઘડી જવાથી ફરી બંધ થઇ જાય છે તેને નિદ્રા નિદ્રા કહે છે અર્થાત્ જે વારંવાર નિદ્રા આવે તે નિદ્રા-નિદ્રા છે. જે ક્રિયા આત્માને પ્રચિલિત કરે એને પ્રચલા કહે છે.

તે પ્રચલા શોક, મદ અને વિશેષ પરિશ્રમથી ઉત્પન્ન થાય છે. એમાં ઇન્દ્રિયોનો વ્યાપાર તો બંધ થઇ જાય છે; પરંતુ અંતરંગમાં કાંઇ પ્રીતિરૂપ ક્રિયા ઉત્પન્ન હોય છે. જો કદાચ તે પુરુષ બેઠો હોય તો તેને પણ નેત્ર તથા શરીરમાં ક્રિયા થાય છે એથી પ્રચલાનું અનુમાન થાય છે. અને તે પ્રચલા જો વારંવાર આવતા શરીર ચલાયમાન થતું હોય મોઢામાંથી લાળ નીકળતી હોય, એવા પ્રકારની જે નિદ્રાની વિશેષરૂપ ક્રિયા છે, તેને પ્રચલા પ્રચલા કહે છે. જે નિદ્રાથી સ્વપ્ન વિષે આત્મામાં વીર્ય (સામર્થ્ય) વિશેષ પ્રગટ થઇ જાય તથા સૂતા સૂતા રૌદ્ર (ભયંકર) કામ કરવા લાગે અથવા બહુજ કામ કરવા લાગે તે સ્ત્યાનગૃદ્ધિ નિદ્રા કહેવાય છે. અર્થાત્ જે પુરુષને સ્ત્યાનગૃદ્ધિ કર્મનો ઉદય થાય છે, તે સૂતો હોય છતાં પણ ઊઠી ઊઠીને દોડવા માંડે છે, સૂતા સૂતા કાંઇ બેભાનમાં કામ પણ કરી લે છે. પરંતુ જાગે ત્યારે પૂછવામાં આવે તો કહે કે "મને કાંઇ ખબર નથી કે મેં શું કર્યું હતું." એવી રીતે જ્યાં બેહોશી પૂર્વક નિદ્રા આવે અને જેમાં ક્રિયા પણ થાય છે, તે સ્ત્યાનગૃદ્ધિ નિદ્રા કહેવાય છે. નિદ્રાનિદ્રા પ્રચલાપ્રચલા. અને સ્ત્યાનગૃદ્ધિ નિદ્રા એ ત્રણ કર્મની પ્રકૃત્તિના તીવ્ર ઉદયથી પ્રગટ થએલ જીવને પોતાના દૃશ્ય પદાર્થો જે સામાન્ય માત્ર ગ્રહણરૂપ દર્શનોપયોગ છે તેને રોકવાવાલી જડરૂપ અવસ્થા છે. તે નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, કે સ્ત્યાનગૃદ્ધિ એમ પાંચ નિદ્રામાંથી કોઇ એક નિદ્રાના ઉદયમાં સમ્યક્ત્વ ન થાય પણ વિચાર કરતી વખતે કોઇ નિદ્રા ન હોય એવો જાગૃત પુરુષ સમ્યક્ત્વનો અધિકારી છે.

નિદ્રા પાપનું કારણ છે

निद्रां जय नित्यं निद्रा खलु नरमचेतनं करोति ।
वर्तेत हि प्रसुप्तः श्रमणः सर्वेषु दोषेषु ॥४५१॥

અર્થ:- હે સાધુ, તું નિદ્રાને જીત કેમકે નિદ્રા મનુષ્યને વિવેક રહીત ને અચેતન સમાન કરી નાખે છે. સૂતા એવા મુનિ સર્વે દોષોમાં પ્રવેર્તે છે-જે જીવ વીતરાગ, પરમાનન્દ સહજ સ્વરૂપ શુદ્ધાત્માની અવસ્થાથી રહિત છે, મિથ્યાત્વ રાગાદિ અંધકારે કરી સહિત છે, એ સર્વેને તે પરમાનન્દ સ્વરૂપ અવસ્થા રાત્રિ સમાન માલુમ પડે છે. આ જગતના જીવો કેવા છે? આત્મજ્ઞાનથી રહિત અજ્ઞાની છે. પોતાના શુદ્ધ સ્વરૂપથી વિમુખ છે જેને જાગૃત દશા નથી, અચેતન અજ્ઞાન નિદ્રામાં સૂર્ઇ રહેલ છે એવી રાત્રિમાં તે પરમ યોગી વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનરૂપી રત્ન દીપકના પ્રકાશથી મિથ્યાત્વ રાગાદિ વિકલ્પ જાળરૂપ અંધકારને દૂર કરી પોતાના સ્વરૂપમાં સાવધાન હોવાથી સદાય નિજ સ્વરૂપમાં જાગતા જ છે.

યોગ-લેશ્યાઓનું સ્વરૂપ

लिंपत्यात्मीकरोति एतया निजापुण्यपुण्यं च ।
जीव इति भवति लेश्या लेश्यागुणज्ञायकाख्याता ॥४५२॥

અર્થ:- લેશ્યાના ગુણને (સ્વરૂપને) જાણવાવાળા ગણધરાદિ દેવોએ લેશ્યાનું સ્વરૂપ આ પ્રમાણે કહ્યું છે કે જે દ્વારા જીવ

પોતાને પુણ્ય અને પાપથી લિપ્ત કરે અર્થાત્ પુણ્ય પાપને આધીન કરે, તેને લેશ્યા કહે છે. એ અર્થને વિશેષપણે કહે છે.

वर्णोदयसंपादितशरीरवर्णस्तु द्रव्यतो लेश्या ।
मोहस्यक्षयोपशमोपशमक्षयजजीवस्पन्दो भावः ॥ ४५३ ॥

અર્થ:- વર્ણનામા નામકર્મના ઉદયથી જે શરીરનો વર્ણ (રંગ) હોય છે તેને **દ્રવ્યલેશ્યા** કહે છે મોહનીય કર્મનો ઉદય અથવા ક્ષયોપશમ અથવા ઉપશમ અથવા ક્ષયથી જે જીવના પ્રદેશોની ચંચળતા થાય છે, તેને **ભાવલેશ્યા** કહે છે.

ભાવાર્થ:- દ્રવ્યલેશ્યાનું સાધન વર્ણનામા નામકર્મનો ઉદય છે અને ભાવલેશ્યાનું સાધન અસંયત પર્યંત ચાર ગુણસ્થાનોમાં મોહનીયકર્મનો ઉદય અને દેશવિરત આદિ ત્રણ ગુણસ્થાનોમાં મોહનીયકર્મનો ક્ષયોપશમ, ઉપશમશ્રેણીમાં મોહનીયકર્મનો ઉપશમ તથા ક્ષપકશ્રેણીમાં મોહનીયકર્મનો ક્ષય હોય છે.

योगवृत्ति र्भवेल्लेश्या कषायोदयरञ्जिता ।
भावतो द्रव्यतः कार्यनामोदय कृतांगरुक् ॥४५४॥

અર્થ:- લેશ્યા એક ભાવરૂપ બીજી દ્રવ્યરૂપ એમ બે પ્રકારે માનવામાં આવેલ છે. કષાયોદયથી અનુરકત યોગ પ્રવૃત્તિને લેશ્યા કહે છે અર્થાત્ કષાય અને યોગ બન્નેના સંયોગને લેશ્યા કહે છે. તે કારણે બન્નેનો બંધ ચતુષ્ક કાર્યરૂપ પરમાગમમાં લેશ્યાને કહેલ છે.

ભાવાર્થ:- શરીરનામા નામકર્મના ઉદયથી ઉત્પન્ન થએલી શરીરની કાન્તિને દ્રવ્યલેશ્યા કહે છે. યોગને કર્મસંગ્રહ (આસ્રવ) કરવામાં કારણ માનેલ છે. શુભ પરિણામો હોવાથી જે આત્મ પ્રદેશોમાં ચંચળતા થાય છે તે શુભયોગ કહેવાય છે અને અશુભ પરિણામો દ્વારા જે આત્મ પ્રદેશોમાં ચંચળતાં ઉત્પન્ન થાય છે, તે અશુભ યોગ કહેવાય છે. સ્પન્દ એટલે જીવનાં પરિણામોનું ચંચળ થવું અથવા જીવના પ્રદેશોનું ચંચળ થવું તે ભાવલેશ્યા છે. **પરિણામોનું ચંચળ થવું તે કષાય છે અને પ્રદેશોનું ચંચળ થવું તે યોગ છે.** કર્મ બંધનું બાહ્ય કારણ યોગ છે, અને અંતરંગ કારણ મોહનીય કર્મના ઉદયથી ઉત્પન્ન થએલ વિકાર ભાવ છે. મન, વચન અને કાય વર્ગણાઓના અવલંબનથી જે આત્મ પ્રદેશોમાં પરિસ્પન્દન (પ્રકંપ) થાય છે, તેને યોગ કહે છે. તેમાં જીવનું વિકારરૂપ પરિણામ વિશેષ છે. તે દ્વારા બંધાવવાવાળાં કર્મ આવ્યાં કરે છે અને આવેલ કર્મોને પુણ્ય પાપરૂપ વિલક્ષણ. રૂપમાં પરિણમાવી એને ભોગ્યરૂપ (ભોગવવા લાયક) બનાવીને, જીવની સાથે સંબંધ રૂપ કરવામાં અંતરંગ કારણ મોહનીકર્મના ઉદય નું રાગાદિરૂપ કાર્ય છે. કેમકે પૂર્વ સંચિત કર્મોના ઉદયથી પ્રાપ્ત થએલ ફળને ભોગવવાવાળા જીવના જે રાગદ્વેષ અથવા મોહરૂપ સ્નિગ્ધ પરિણામ છે, તે જ કર્મ પુદ્ગળોને વિશિષ્ટ શકિતયુકત પરિણમનને પ્રાપ્ત કરી, અવસ્થિત કરવામાં નિમિત્તરૂપ છે કિન્તુ યોગ છે. તે જીવ પ્રદેશ અને કર્મસ્કંધ પ્રદેશ બન્નેને પરસ્પર અનુપ્રવેશનું કારણ છે. એટલા માટે તે યોગને બહિરંગ કારણ માનવામાં આવે છે. એવી રીતે એ બન્ને (યોગ અને કષાય)

જીવના પરિણામ વિશેષરૂપ કારણ, કર્મોના ફળ આપવાને માટે આત્માને વિવશ કરી નાખે છે "कषायोदयानुरंजितायोगप्रवृत्तिर्लेश्या" અર્થ:- કષાયના ઉદયથી રંગાએલ યોગ પ્રવૃત્તિને લેશ્યા કહે છે લેશ્યાનું કાર્ય " लिम्पतीतिलेश्याः " કર્મોને આત્મા સાથે લેપી આપે તેને લેશ્યા કહે છે.

पुद्गलविपाकिदेहोदयेन मनोवचनकाययुक्तस्य ।
जीवस्य या हि शक्तिः कर्मागमकरणं योगः ॥४५५॥

અર્થ:- પુદ્ગલ વિપાકી શરીરનામા નામકર્મના ઉદયથી મન, વચન, કાયા યુકત જીવની કર્મોને ગ્રહણ કરવામાં કારણભૂત જે શકિત તેને યોગ કહે છે.

ભાવાર્થ:-આત્માની અનંત શકિતઓમાંથી એક યોગ શકિત પણ છે તેના બે ભેદ છે:-એક ભાવયોગ અને બીજો દ્રવ્યયોગ પુદ્ગલ વિપાકી અંગોપાંગ નામાનામકર્મ અને શરીર નામાનામકર્મના ઉદયથી મન વચન કાય પર્યાપ્તિ જેની પૂર્ણ થઇ ચુકી છે અને જે મનો વાકૂ કાય વર્ગણાનું અવલંબન રાખે છે એવા સંસારી જીવની જે સમસ્ત પ્રદેશોમાં રહેવાવાળી કર્મોને ગ્રહણ કરવામાં કારણ ભૂત શકિત છે તેને ભાવયોગ કહે છે. અને એજ પ્રકારના જીવના પ્રદેશોનો જે પરિસ્પંદન છે તેને દ્રવ્યયોગ કહે છે. અહીં કર્મ શબ્દ ઉપલક્ષણ છે, એટલા માટે કર્મ અને નોકર્મ બન્નેને ગ્રહણ કરવાવાળો યોગ હોય છે એમ સમજવું જોઇએ. વર્ણ (રંગ)ની અપેક્ષાએ વર્ણન કરે છે.

षट्पदनीलकपोतसुहेमाम्बुजशङ्खसन्निभाः वर्णे ।
संख्येयासंख्येयानन्त विकल्पाश्च प्रत्येकम् ॥४५६॥

અર્થ:– વર્ણની અપેક્ષાથી ભ્રમર સમાન કૃષ્ણલેશ્યા, નીલમણિ (નીલમ) સમાન નીલલેશ્યા, કબૂતર સમાન કાપોતલેશ્યા, સુવર્ણ સમાન પીતલેશ્યા, કમળ સમાન પદ્મલેશ્યા, અને શંખ સમાન શુકલલેશ્યા હોય છે. એમાંથી પ્રત્યેક ઈંદ્રિયોથી પ્રગટ થવાની અપેક્ષાએ સંખ્યાત ભેદ છે, તથા સ્કંધની અપેક્ષાએ અસંખ્યાત ભેદ છે અને પરમાણુની અપેક્ષાએ અનંત ભેદ છે. હવે લેશ્યાઓના કર્માધિકારને કહે છે.

पथिका ये षट पुरुषाः परिभ्रष्टा अरण्यमध्यदेशे ।
फलभरितवृक्षमेकं प्रेक्षित्वा ते विचिन्तयन्ति ॥४५७॥

निर्मूलस्कन्धशाखोपशाखं छित्वा चित्वा पतितानि ।
खादितुं फलानि इति यन्मनसा वचनं भवेत कर्म्म ॥४५८॥

અર્થ:–કૃષ્ણ આદિ છ લેશ્યાવાળા છ પથિક વનમાં માર્ગથી ભ્રષ્ટ થઈ ફળોથી પરિપૂર્ણ કોઇ એક વૃક્ષને દેખી, પોત પોતાના મનમાં વિચાર કરીને તે અનુસાર વચન કહે છે. કૃષ્ણ લેશ્યાવાળો કહે છે કે, "હું આ વૃક્ષને મૂળમાંથી ઉખેડીને એના ફળનું ભક્ષણ કરીશ" નીલ લેશ્યાવાળો કહે છે કે, "હું આ વૃક્ષને સ્કંધથી કાપીને એનાં ફળ ખાઇશ" કાપોત લેશ્યાવાળો કહે છે કે, "હું આ વૃક્ષની મોટી મોટી શાખાઓને કાપીને

એનાં ફળ ખાઈશ. પીત લેશ્યાવાળો કહે છે કે, હું આ વૃક્ષની નાની શાખાઓને કાપીને એનાં ફળ ખાઈશ. પદ્મ લેશ્યાવાળો કહે છે કે, હું આ વૃક્ષનાં ફળો તોડીને ખાઈશ. અને શુકલ લેશ્યાવાળો કહે છે કે, હું આ વૃક્ષથી એની મેળે તૂટીને નીચે પડેલાં ફળો ખાઈશ. એવી રીતે જે મનપૂર્વક વચનાદિની પ્રવૃતિ થાય છે તે લેશ્યાનું કર્મ છે. અહીં આ એક દૃષ્ટાંત માત્ર આપવામાં આવેલ છે. એવી રીતે અન્યત્ર પણ સમજી લેવું જોઇએ.

વિશેષાર્થ:– કૃષ્ણ લેશ્યાવાળા જીવના ચિહ્ન બતાવે છે: તીવ્ર ક્રોધ કરવાવાળો હોય, તે વૈરભાવને ન છોડે. યુદ્ધ કરવાનો-લડવાનો જેનો સ્વભાવ હોય, ધર્મ તથા દયાથી રહિત હોય, દુષ્ટ હોય, કોઈને તાબે ન થાય. એ સર્વે કૃષ્ણ લેશ્યાવાળાનાં લક્ષણ (ચિહ્ન) છે. નીલ લેશ્યાવાળાનાં ચિહ્ન બતાવે છે: કામ કરવામાં મંદ હોય, અથવા સ્વચ્છંદો હોય, વર્તમાન કાર્ય કરવામાં વિવેક રહિત હોય, કળા ચાતુર્યથી રહિત હોય, સ્પર્શનાદિ પાંચે ઇંદ્રિયોના વિષયનો લંપટ હોય, માની હોય, માયાચારી હોય, આળસુ હોય, બીજા લોકો તેના અભિપ્રાયને તત્કાલ જાણી ન શકે, તથા જે અતિનિદ્રાળુ હોય, બીજાને ઠગવામાં અતિ ચતુર હોય, ધનધાન્યના વિષયમાં જેની અતિ તીવ્ર લાલસા (આસકિત) હોય, એ નીલ લેશ્યાવાળાનાં સંક્ષેપથી ચિહ્ન બતાવ્યાં. કાપોત લેશ્યાવાળાનાં લક્ષણ કહે છે: બીજા ઉપર ક્રોધ કરવો, બીજાની નિન્દા કરવી, અનેક પ્રકારથી બીજાઓને દુ:ખ આપવું અથવા બીજાથી વેર કરવું, શોકથી વ્યાકુળ તથા ભયગ્રસ્ત

હોવું, બીજાના ઐશ્વર્ય આદિકને સહન ન કરવા, બીજાનો તિરસ્કાર કરવો, પોતાની અનેક પ્રકારે પ્રશંસા કરવી, બીજાનો વિશ્વાસ ન કરવો, બીજાને પણ પોતાના સમાન માનવા, સ્તુતિ કરવાવાળા ઉપર સંતુષ્ટ થઈ જવું, પોતાની વૃદ્ધિ હાનિને કાંઇ પણ ન સમજવી, રણમાં મરવાની પ્રાર્થના કરવી, સ્તુતિ કરવાવાળાને ખુબ ધન આપી દેવું, પોતાના કાર્યઅકાર્યની કાંઇ પણ ગણત્રી ન કરવી, એ સર્વે કાપોત લેશ્યાવાળાનાં ચિહ્ન છે. પીત લેશ્યાવાળાનાં ચિહ્ન બતાવે છેઃ પોતાના કાર્ય અકાર્યને તથા આ સેવવા યોગ્ય છે, આ સેવવા યોગ્ય નથી એને સમજવાવાળો હોય, સર્વે વિષયમાં સમદર્શી હોય, દયા અને દાનમાં તત્પર હોય, કોમળ પરિણામી હોય, એ પીત લેશ્યાવાળાનાં ચિહ્ન છે. પદ્મા લેશ્યાવાળાનાં ચિહ્ન બતાવે છેઃ દાતાર હોય, ભદ્ર પરિણામી હોય, જેનો સ્વભાવ ઉત્તમ કાર્ય કરવાનો હોય, ઇષ્ટ તથા અનિષ્ટ ઉપદ્રવોને સહન કરવાવાળો હોય, મુનિ ગુરુ આદિની પૂજામાં પ્રીતિયુકત હોય, એ સર્વે પદ્મ લેશ્યાવાળાનાં લક્ષણ છે. શુકલ લેશ્યાવાળાનાં લક્ષણ બતાવે છેઃ પક્ષપાત ન કરે, નિયાણું ન બાંધે, સર્વેજીવોમાં સમદર્શીભાવ હોય, ઇષ્ટથી રાગ અને અનિષ્ટથી દ્વેષ ન હોય, સ્ત્રી, પુત્ર, મિત્ર, આદિમાં સ્નેહ (મમત્વ) રહિત હોવું, એ સર્વે શુકલ લેશ્યાવાળાનાં લક્ષણ છે. પીત, પદ્મ, અને શુકલ ભાવિત શુભ ત્રણ લેશ્યામાંથી કોઇ એક શુભ લેશ્યાનો ધારક જીવ ક્ષયોપશમ આદિ પાંચ કરણલબ્ધિ-રૂપ પરિણામોને લાયક થાય છે, તે જીવ પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાને યોગ્ય છે.

કૃષ્ણલેશ્યાનો ઉત્કૃષ્ટ કાલ ૩૩ સાગર, નીલલેશ્યાનો ૧૭ સાગર, કાપોતલેશ્યાનો ૧૭ સાગર, પીતલેશ્યાનો કાળ ૨ સાગર, પદ્મ-લેશ્યાનો કાળ ૧૮ સાગર, શુકલ લેશ્યાનો ૩૩ સાગરથી કાંઇક વધારે છે. આ ઉત્કૃષ્ટ કાળ દેવ, નારકીઓની અપેક્ષાથી છે. તેમાં વિશેષતા એટલી છે કે જે પૂર્વ પર્યાય છોડી દેવ અથવા નારકમાં ઉત્પન્ન થાય છે તે પર્યાયના અંતના અંતર્મુહૂર્તમાં તથા દેવ, નારક પર્યાયને છોડી જે પર્યાયમાં ઉત્પન્ન થાય તે પર્યાયની શરૂના અન્તર્મુહૂર્તમાં તે જ લેશ્યા હોય છે. તે હીસાબે છએ લેશ્યાઓના આગળ બતાવવામાં આવેલા ઉત્કૃષ્ટ કાલ પ્રમાણમાં બે અન્તર્મુહૂર્ત કાલ વધારે સમજવો જોઇએ. પીત અને પદ્મ લેશ્યાના કાલમાં કાંઇક ઓછું અરધો સાગર વધારે થાય છે. જેમકે સૌધર્મ અને ઇશાન સ્વર્ગમાં બે સાગરની આયુ છે પણ જો કોઈ ઘાતાયુષ્ક સમ્યગ્દૃષ્ટિ સૌધર્મ અથવા ઇશાન સ્વર્ગમાં ઉત્પન્ન થાય તો તેની અન્તર્મુહૂર્તથી ઓછી અઢી સાગરની પણ આયુ થઇ શકે છે. તે પ્રમાણે ઘાતાયુષ્ક મિથ્યા-દૃષ્ટિની પલ્યના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ આયુ વધારે પણ થઇ શકે છે. પણ આ વધારે ઓછાપણું સૌધર્મ સ્વર્ગથી સહસ્રાર સ્વર્ગ સુધીજ થાય છે. આગળના દેવોમાં ઘાતાયુષ્ક થતું નથી. અર્થાત્ ઘાતાયુષ્ક જીવની આગળના સ્વર્ગોમાં ઉત્પત્તિ નથી. નાના જીવોની અપેક્ષાએ છએ લેશ્યાઓનો સર્વકાલ છે અને એક જીવની અપેક્ષાએ બધી લેશ્યાઓનો જઘન્ય કાલ અન્તર્મુહૂર્ત માત્ર છે. (ગો. જી. ગાથા ૫૫૨–૫૫૩ માં ઉત્કૃષ્ટ આયુષ્ય માટે જોવું.) ચતુર્થ ગુણસ્થાન સુધી છએ લેશ્યાઓ હોય છે. દેશવિરત, પ્રમતવિરત, અપ્રમત્ત વિરત એ ત્રણ ગુણસ્થાનોમાં

ત્રણ શુભ લેશ્યાઓ હોય છે. અને અપૂર્વકરણથી સયોગી કેવલી સુધી એક શુકલ લેશ્યા હોય છે. અકષાય જીવોને જે લેશ્યા બતાવી છે તે ભૂતપૂર્વ પ્રજ્ઞાપન નયની અપેક્ષાથી બતાવી છે; અથવા યોગની પ્રવૃત્તિને લેશ્યા કહી છે તે અપેક્ષાથી પણ ત્યાં મુખ્યરૂપથી યોગના સદ્ભાવમાં લેશ્યા છે. અયોગી કેવલી ગુણ-સ્થાનમાં લેશ્યા નથી.

સમ્પૂર્ણ સૂક્ષ્મ જીવોની દેહ કાપોત વર્ણ છે, વિગ્રહ ગતિમાં સમ્પૂર્ણ જીવોના શરીર શુકલ વર્ણ હોય છે અને પોતપોતાની પર્યાપ્તિના પ્રારમ્ભ સમયથી શરીર પર્યાપ્ત સુધી બધા જીવોના શરીર નિયમથી કાપોતવર્ણ હોય છે. ભાવની અપેક્ષાએ છએ લેશ્યા ઔદયિક છે. લેશ્યાઓના કુલ છવીસ અંશ છે. તેમાનાં વચલા આઠ અંશ જેને આઠ અપકર્ષ કાલ કહે છે તેમાંજ આયુકર્મનો બંધ થવા યોગ્ય છે. કઇ કઇ ગતિઓમાં કઈ કઇ લેશ્યાઓ હોય છે અને કઇ લેશ્યામાં આયુ પડવાથી જીવ કયાંનો આયુ બાંધી શકે છે. (તેનું વિશેષ વર્ણન ગોમટસાર જીવકાંડ લેશ્યા અધિકાર ગાથા ૪૮૮ થી ૫૫૩ તથા ધવલા ખંડ ૧ પૃષ્ટ ૩૮૬ થી ૩૯૨, ભગવતી આરાધના લેશ્યા અધિકાર પૃષ્ટ ૬૧૦ થી ૬૨૦, પંચાધ્યાય અધ્યાય ૨ ગાથા ૧૧૪૫, તથા સુદૃષ્ટિ તરંગિણીપૃષ્ટ ૫૮૯–૯૨ થી જાણવું.)

સારાંશઃ– સ્થાનાભાવને કારણે લખી શકાતું નથી પણ કેટલુંક વિવરણ નય અપેક્ષાથી ગુરુપાસેથી જાણવું. જેમકે ચોથા ગુણ-

સ્થાને છ લેશ્યાઓ માની છે, છતાં ક્ષાયક સમ્યગ્દૃષ્ટિને જઘન્ય કાપોત લેશ્યા માની છે પણ કૃષ્ણ, નીલ માની નથી. પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને ત્રણ શુભ લેશ્યા માની છે. સાથોસાથ પાંચમાં ગુણસ્થાને આર્તરૌદ્રધ્યાન પણ માનેલ છે. છઠે આર્તધ્યાનના ત્રણ ભંગ માન્યા છે આર્તરૌદ્રધ્યાનની ઉત્પત્તિ ત્રણ અશુભ લેશ્યાથી માની છે, વળી તીવ્રતમ, તીવ્રતર અને તીવ્ર ચોથા ગુણસ્થાન સુધી માનેલ છે (જુવો ધ. ખં ૧ પૃષ્ટ ૩૯૧) સમ્યગ્દૃષ્ટિ કદીપણ હિંસાનંદી, ચૌર્યાનંદી આદિ ભાવોવાલો થઈ શકતો નથી. ત્રણ શુભ લેશ્યાઓમાં ધર્મધ્યાન માનેલ છે તે હીસાએ સાતમાં ગુણસ્થાન સુધી ધર્મધ્યાન હોય છે. તો શું ચોથા ગુણસ્થાનમાં ધર્મધ્યાનનો અભાવ માનવામાં આવે ? જો એ પ્રમાણે માનવામાં આવે તો સમ્યગ્દૃષ્ટિ કઇ અપેક્ષાથી માનવામાં આવે ? આર્તરૌદ્રધ્યાન તો મિથ્યાદૃષ્ટિનું ચિન્હ છે. આર્તધ્યાન રૌદ્રધ્યાન તો નરક, તિર્યંચ ગતિઓનું કારણ છે. આગળમાં આર્તધ્યાન, રૌદ્રધ્યાનવાલા જીવના કેવા પરિણામો હોય અર્થાત્ આર્તધ્યાનમાં અપ્રશસ્તરૂપ અનાદિકાલીન સંસ્કાર સ્વભાવતઃ ઉત્પન્ન થાય છે તેનું ફલ તિર્યંચ ગતિ છે. આદિ પૂર્વાપર, પરસ્પર વિરોધ ભાસશે. પણ અપેક્ષાથી ગ્રહણ કરવામાં આવે તો વિરોધ જણાશે નહીં. જેમકે સમ્યગ્દર્શન તો સંવર નિર્જરાનું કારણ છે. છતાં તીર્થંકર પ્રકૃતિનો બંધ સમ્યગ્દર્શનના સદ્ભાવ વિના પડી શકતો નથી. તો શું જેનાથી સંવર નિર્જરા થાય તેનાથી જ બંધ પણ થાય તો જીવની મુક્તિ કેમ થશે ? એક ગુણ પરસ્પર વિરોધી કેમ હોઇ શકે? એમ શંકા થાય પણ નય અપેક્ષાથી ગુરુગમ્ય

સમજવામાં આવે તો એકાંતના વાંધાઓ મટી શકે છે માટે ગુરુ સમાગમ કરવા યોગ્ય છે.

પાંચ લબ્ધિઓનું સ્વરૂપ.

क्षयोपशमविशुद्धी देशनाप्रायोग्यकरणलब्धयश्च ।
चतस्रोपि सामान्याः करणं सम्यक्त्वचारित्रे ॥४५९॥

અર્થ:- ક્ષયોપશમ, વિશુદ્ધિ, દેશના, પ્રાયોગ્ય અને કરણલબ્ધિ એમ પાંચ લબ્ધિઓ છે તેમાં પહેલી ચાર તો સાધારણ છે અર્થાત્ ભવ્યજીવ અને અભવ્યજીવ બન્નેને થાય છે પણ પાંચમી કરણલબ્ધિ સમ્યક્ત્વ અને ચારિત્રની ભાવનાવાળા ભવ્યજીવને જ થાય છે.

ક્ષયોપશમ લબ્ધિનું સ્વરૂપ

कर्ममलपटलशक्तिः प्रतिसमयमनंतगुणविहीनक्रमा ।
भूत्वा उदीर्यते यदा तदा क्षयोपशमलब्धिस्तु ॥४६०॥

અર્થ:- જે કાળમાં કર્મોમાં મેલરૂપ જ્ઞાનાવરણાદિ અપ્રશસ્ત (અશુભ) પ્રકૃતિઓના સમૂહનો અનુભાગ (રસ) તેને આપવાની જે શક્તિ, તે સમયે સમયે અનંત ગુણા ઘટતાં ઘટતાં અનુક્રમે ઉદયમાં આવે તે કાલમાં ક્ષયોપશમ લબ્ધિ થાય છે.

ભાવાર્થ:- જે પ્રથમ સમયમાં રસ દીધો હતો તે બીજા સમયમાં અનંત ગુણો રસ ઘટી જાય એમ સમયે સમયે અનંત ગુણો ઘટતો ઉદયમાં આવે તે કાળમાં ક્ષયોપશમલબ્ધિ થાય છે.

સમ્યક્ત્વ પૂર્વે જેવો કર્મોનો ક્ષયોપશમ થવો જોઇએ તેને ક્ષયોપશમ કહે છે અને સમ્યક્ત્વ ગ્રહણ કરવાને યોગ્ય સામગ્રીની પ્રાપ્તિ થવી તેને લબ્ધિ કહે છે.

વિશુદ્ધિ લબ્ધિનું સ્વરૂપ

આદિમલબ્ધિભવો યઃ ભાવો જીવસ્ય સાતપ્રભૃતીનામ્ ।
શસ્તાનાં પ્રકૃતીનાં બંધનયોગ્યો વિશુદ્ધિલબ્ધિઃ સઃ ॥૪૬૧॥

અર્થઃ- પહેલી ક્ષયોપશમ લબ્ધિના પ્રભાવથી જીવને સાતાવેદની આદિ શુભ પ્રકૃતિઓનાં બંધના કારણ ભૂત જીવના ધર્માનુરાગરૂપ શુભ પરિણામોની પ્રાપ્તિ તે વિશુદ્ધિ લબ્ધિ છે.

ભાવાર્થઃ- અશુભ કર્મોનો અનુભાગ ઘટવાથી સંક્લેશ (તીવ્ર કષાયરૂપ) પરિણામોની હાનિ થવી અને વિપક્ષી પરિણામોની નિર્મળતા (વિશુદ્ધતા)ની વૃદ્ધિ થવી જોઇએ કેમકે મોહના મંદ ઉદયમાં જ્યારે મંદ કષાયરૂપ ભાવ પ્રવર્તે ત્યારે જ તત્ત્વવિચાર થઈ શકે છે.

દેશના લબ્ધિનું સ્વરૂપ.

ષડ્દ્રવ્યનવપદાર્થોપદેશકરસૂરિપ્રભૃતિલાભો યઃ ।
દેશિતપદાર્થધારણલાભો વા તૃતીયલબ્ધિસ્તુ ॥૪૬૨॥

અર્થઃ- છ દ્રવ્ય અને નવ પદાર્થનો ઉપદેશ કરવાવાળા આચાર્ય આદિનો લાભ થવો અર્થાત્ ઉપદેશનો લાભ મળવો અને ઉપદે-

શેલ પદાર્થોને ધારણ કરવા (યાદ રાખવા) ની પ્રાપ્તિ થવી તેને દેશનાલબ્ધિ કહે છે. "તુ" શબ્દથી નરકાદિ ગતિમાં જ્યાં ઉપદેશ દેવાવાળા નથી ત્યાં પૂર્વ ભવમાં ધારણ કરેલ તત્ત્વાર્થના સંસ્કાર બળથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ જાણવી.

ભાવાર્થ:– જિનેન્દ્રદેવે ઉપદેશેલ છદ્રવ્ય, સાત તત્ત્વો, નવ પદાર્થો અને પંચાસ્તિકાય આદિનો વ્યવહાર નિશ્ચય નયથી યથાર્થ ઉપદેશ આપવાવાળા આચાર્યાદિકના સમાગમનો લાભ તથા તેમના ઉપદેશની પ્રાપ્તિ થવી તથા તેમના ઉપદેશેલ અર્થનું ગ્રહણ, ધારણ તથા વિચાર કરવાની શકિત પ્રાપ્ત થવી તેને દેશનાલબ્ધિ કહે છે.

દેશનાલબ્ધિ જે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં કારણ કહેલ છે તેનું પ્રયોજન એ છે કે: જે સમયે આત્માથી મોહનીય કર્મોનો પ્રભાવ કાંઇક મંદ થઇ જાય છે અર્થાત્ જ્યારે કાંઇક કર્મોની સ્થિતિમાં અને રસોદયમાં મંદતા આવી જાય છે અને પરિણામોમાં વિશુદ્ધતા આવી જાય છે, તે સમયે જિનેન્દ્ર કથિત સદુપદેશામૃત મળવાથી આત્મા હિતાહિતની પ્રાપ્તિ સન્મુખ થઇ જાય છે. પરંતુ જો તે સમયે એના કર્મોની સ્થિતિ તથા રસોદય મંદ ન હોય તો તે દેશનાલબ્ધિનું કાંઇ પણ ફળ મળી શકતું નથી. અને જે સમયે કર્મોના ઉદયની મંદતા હોય, તે સમયે તેને સદુપદેશની પ્રાપ્તિ ન હોય તો પણ તે આત્મા કલ્યાણ કરી શકતો નથી. એટલા માટે દેશનાલબ્ધિને સમ્યક્ત્વની પ્રાપ્તિમાં બાહ્ય કારણ બતાવવામાં આવ્યું છે. દેશનાલબ્ધિ સમ્યગ્દર્શનના પૂર્વજ્ઞાનની અવસ્થા છે એટલા માટે સ્વાનુભવ શુન્ય હોવાથી,

તે મિથ્યાજ્ઞાન છે. પરંતુ જિનેન્દ્ર કથિત સદુપદેશ મળવાથી તેને આત્મોપયોગીપદાર્થોનો યથાર્થ બોધ થાય છે તે જ સમ્યક્ત્વ પ્રાપ્તિનું બાહ્ય કારણ છે.

વિશેષાર્થઃ– છ દ્રવ્યો, નવ પદાર્થોના ઉપદેશનું નામ દેશના છે તે દેશનાથી પરિણત આચાર્ય આદિની ઉપલબ્ધિ થવી અને તેઓના ઉપદેશેલ છદ્રવ્યો અને નવ પદાર્થોના અર્થનું ગ્રહણ, ધારણ તથા વિચારણાની શકિતના સમાગમને દેશના લબ્ધિ કહે છે. આદિ શબ્દનો અર્થ એ થાય છે કે, તે છદ્રવ્યો નવ-પદાર્થોનું જ્ઞાન ધરાવનાર વ્યકિતનો લાભ થવો. (જુવો ધવલખંડ ૬ પાનુ ૨૦૪ તથા મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. પૃષ્ટ ૨૪૦, ૨૭૬, ૨૮૬.) દ્રવ્યલિંગી મુનિ જે મિથ્યાત્વ કર્મને વશીભૂત છે તે સારી રીતે અગ્યાર અંગ નવપૂર્વ સુધી જિનેન્દ્ર કથિત શાસ્ત્રનો જાણનાર છે તે નિશ્ચય વ્યવહાર તથા નય પ્રમાણોથી આત્માનું યથાર્થ પ્રતિ-પાદન કરે છે અને તે વાણીને ગ્રહણ, ધારણ અને વિચારણા પૂર્વક (મનન પૂર્વક) અભ્યાસથી ભવ્ય જીવના મિથ્યાત્વ કર્મનો અનુ-ભાગ ઓછો થતો જાય છે. અને જ્યાં તેનો ઉદય ન થાય ત્યાંજ સમ્યક્ત્વ ઉત્પન્ન થઈ જાય છે. અર્થાત્ સમ્યક્ત્વ ઉત્પત્તિનો બાધક દર્શનમોહનીય કર્મનો ક્ષય, ઉપશમ, કે ક્ષયોપશમ થતાંજ ભવ્ય જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.

પ્રાયોગ્યલબ્ધિનું સ્વરૂપ

अंतःकोटीकोटिर्विस्थाने स्थितिरसयोः यत्करणम् ।
प्रायोग्यलब्धिर्नाम भव्याभव्येषु सामान्या ॥४६३॥

અર્થ:- પૂર્વોકત ત્રણ લબ્ધિવાળો જીવ પ્રત્યેક સમય વિશુદ્ધતાની વૃદ્ધિ કરતો આયુ વિના સાત કર્મોની સ્થિતિ ઘટાડતો અંતઃકોડા કોડિ માત્ર રાખે છે અને કર્મોની ફલ દેવાની શકિતને ઢીલી કરી નાખે એવી કાર્ય કરવાની યોગ્યતાની પ્રાપ્તિને પ્રાયોગ્યલબ્ધિ કહે છે. તે સામાન્ય રીતિથી ભવ્યજીવ અને અભવ્યજીવ બંન્નેને થઇ શકે છે.

ભાવાર્થ:- પ્રાયોગ્યલબ્ધિના સમયમાં ભાવોની એવી નિર્મળતા થાય છે કે, જ્ઞાનાવરણાદિ ઘાતિયા કર્મોમાં જે અનુભાગ અથવા ફલદાન શકિત પાષાણ (પથ્થર) તથા અસ્થિરૂપ (હાડકાંરૂપ) હતી તેને ઘટાડી કાષ્ટ (લાકડા) અને લતારૂપ કરી નાંખે છે. અઘાતિઆ કર્મોની પાપ પ્રકૃતિયોમાં જે હલાહલ તથા વિષ સમાન ઘાતક અનુભાગ હતો તેને ઓછો કરી કાંજી અને લીમડા સમાન રહી જાય છે. આ લબ્ધિવાળા જીવને આયુકર્મ સિવાય સાત કર્મોની સ્થિતિ અંતઃ કોડા કોડી સાગરથી વધારેની બંધાતી નથી; તો પણ આ જીવ પ્રત્યેક અન્તર્મુહૂર્તમાં પલ્યના અસંખ્યાતમાં ભાગમાત્ર સ્થિતિ બંધ ઓછો ઓછો કરતો જાય છે. જ્યારે ૭૦૦ અથવા ૮૦૦ સાગર ઓછી સ્થિતિ બંધ થઇ જાય છે. ત્યારે એક બંધાપસરણ થાય છે. એ પ્રમાણે પલ્યના અસંખ્યાત ભાગ પ્રમાણમાં અંતર્મુહૂર્ત રહીને સ્થિતિ ઓછી કરતો કરતો જ્યારે ૭૦૦ થી ૮૦૦ સાગર સ્થિતિ બંધ ઓછો થાય છે ત્યારે બીજો પ્રકૃતિ બંધાપસરણ થાય છે. તે પ્રમાણે પ્રાયોગ્યલબ્ધિમાં ૩૪ ચૌત્રીશ બંધાપસરણ થાય છે. એ બધું એક અંતર્મુહૂર્તમાં થઇ જાય છે (અંતર્મુહૂર્ત ના અસંખ્યાત ભેદ છે જઘન્ય એક

આવલી એક સમય અને ઉત્કૃષ્ટ એક સમય ઓછો ૪૮ મિનીટ થાય છે.) ચારે લબ્ધિ ભવ્ય અને અભવ્ય જીવને થાય છે અને કરણલબ્ધિ માત્ર ભવ્ય જીવને જ થાય છે. ચોત્રીશ (૩૪) બંધાપસરણમાં (૪૬) છેંતાલીશ કર્મ પ્રકૃતિઓનો બંધ ઉપશમ સમ્યક્ત્વ થાય ત્યાં સુધી વ્યુચ્છેદ થાય છે અર્થાત્ બંધ છુટી જાય છે. તે છેંતાલીશ પ્રકૃતિઓના નામ લબ્ધિસાર ગાથા ૧૧-૧૫ સુધીમાં જોઇ લેવું તે ભવ્ય, અભવ્ય બન્નેને સમાન રૂપે થાય છે.

કરણલબ્ધિનું સ્વરૂપ

ततः अभव्ययोग्यं परिणामं मुक्त्वा भव्यो हि ।
करणं करोति क्रमशः अधः प्रवृत्तपूर्वमनिवृत्तिम् ॥४६४॥

અર્થ:- ત્યારબાદ અભવ્યને પણ યોગ્ય એવી ચાર લબ્ધિરૂપ પરિણામો સમાપ્ત કરી ભવ્યજીવ જ અધઃપ્રવૃત, અપૂર્વ, અને અનિવૃત્તિ કરણ એમ ત્રણ કરણો કરે છે.

ભાવાર્થ:- **અધ : પ્રવૃતકરણમાં** (૧) સમયે સમયે જીવ અનંત ગુણી વૃદ્ધિપૂર્વક વિશુદ્ધતા ધારણ કરે છે. (૨) જીવ સમયે સમયે અપ્રશસ્ત (અશુભ) પ્રકૃતિઓનો અનંત ગુણો હીન અનુભાગ બંધ કરે છે (૩) જીવ સમયે સમયે શુભ પ્રકૃતિઓનો અનંત ગુણા રસની વૃદ્ધિ સહિત અનુભાગ બંધ કરે છે અને (૪) સ્થિત પણ પલ્યોપમના અસંખ્યાત ભાગ હીન બાંધે છે. એ પ્રમાણે ચાર આવશ્યક અંતર્મુહૂર્ત કાળ પર્યંત થાય છે. તેમાં એવા

પ્રકારના વિશુદ્ધ પરિણામ થાય છે કે, જે જીવને તે પ્રમાણે પરિણામોની પ્રાપ્તિ કર્યા પછી થોડા સમય બાદ બીજા જીવે તેવાજ પરિણામ શરૂ કરી પહેલાના પરિણામની સાથે થઈ જાય અથવા બરાબર પરિણામ થઈ જાય તેને અધઃપ્રવૃતિકરણ કહે છે.

દૃષ્ટાંતઃ– એક જીવે નવ બજે અધઃપ્રવૃત કરણરૂપ પરિણામ શરૂ કર્યા અને પાંચ મિનીટમાં ૧૦૦ અંશ પરિણામ વિશુદ્ધ કર્યા અને બીજા જીવે નવ બજીને બે મિનીટ ઉપર અધઃપ્રવૃત કરણરૂપ પરિણામ શરૂ કર્યા તો તે ત્રણ મિનીટમાં જ ૧૦૦ અંશ પરિણામ વિશુદ્ધ કર્યા અર્થાત્ જેટલી વિશુદ્ધતા એક જીવે પાંચ મિનીટમાં પ્રાપ્ત કરી તેટલી વિશુદ્ધતા બીજા જીવે ત્રણ મિનીટમાં કરી નાખી તેને અધઃપ્રવૃત્તિ કરણ કહે છે.

અપૂર્વકરણના પહેલા સમયથી લગાવી જ્યાંસુધી સમ્યક્ત્વ-મોહની, મિશ્રમોહનીનો પૂર્ણકાળ છે અર્થાત્ જે કાળમાં ગુણ-સંક્રમણ કરી મિથ્યાત્વને સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીયરૂપ પરિણમાવે છે તે કાળનાં અંત સમય પર્યંત (૧) ગુણ શ્રેણી નિર્જરા, (૨) ગુણ સંક્રમણ (૩) સ્થિતિ ખંડન (૪) અનુભાગ ખંડન એમ ચાર આવશ્યક થાય છે. તેની વ્યાખ્યા એવી છે કેઃ–

(૧) પૂર્વે બાંધેલા સત્તાકર્મ પરમાણુરૂપ દ્રવ્ય તેમાંથી કાઢી જે દ્રવ્ય, ગુણશ્રેણી વિષે આપ્યા તેની ગુણશ્રેણિ કાલને વિષે સમયે સમયે અસંખ્યાત અસંખ્યાતગુણી અનુક્રમે કરી પંક્તિબંધ નિર્જરાનું થવું તે ગુણશ્રેણિ નિર્જરા છે.

(૨) સમયે સમયે ગુણાકારના અનુક્રમથી વિવક્ષિત પ્રકૃતિના પરમાણુ પલટીને અન્ય પ્રકૃતિરૂપ થઇ પરિણમે તેને ગુણ-સંક્રમણ કહે છે.

(૩) પૂર્વે બાંધેલા જે સત્તારૂપ કર્મપ્રકૃતિ તેની સ્થિતિને ઘટાડવી તેને સ્થિતિ ખંડન કહે છે.

(૪) પૂર્વે બાંધેલા સત્તારૂપ જે અપ્રશસ્ત (અશુભ) પ્રકૃતિઓનો અનુભાગ (રસ) તેને ઘટાડવો તેને અનુભાગ ખંડન કહે છે. અનુભાગ એટલે પૂર્વોપાર્જિત શુભાશુભ કર્મોનાં જે રૂપમાં ફળ પ્રાપ્ત થાય છે. એની એજ રૂપવાળી વિશેષ શક્તિને અનુભાગ કહે છે. પ્રકૃતિ સામાન્ય સ્વભાવને કહે છે. અને તે જ સ્વભાવોની તારતમ્યરૂપ વિશેષતાઓને અનુભાગ કહે છે.

સ્થિતિ બંધ પણ ક્રમ ક્રમથી હીન હીન થાય છે. અશુભ પ્રકૃતિઓનો અનુભાગ બંધ પણ અનંત ગુણી હાનીરૂપ થાય છે. અને શુભ પ્રકૃતિઓનો બંધ અનંત ગુણી વૃદ્ધિરૂપ થાય છે.

અપૂર્વકરણમાં ભાવ એટલા અનુપમ અને વધારે પ્રમાણે વિશુદ્ધ હોય છે કે તે પાછળથી શરૂ કરનાર જીવના પરિણામને પહેલા શરૂ કરનાર જીવના પરિણામ કોઈ પણ પ્રકારે સમાનતા ન થાય. પણ એક સાથે શરૂ કરેલ જીવોના પરિણામ કદાચિત્ સમાન પણ હોય અને કદાચિત્ ન પણ હોય તેને અપૂર્વકરણ કહે છે. અધઃપ્રવૃતકરણ કાળનાં પ્રથમ સમયથી લઇ ગુણસંક્રમણ પૂર્ણ થવાના કાળ સુધી થાય છે. જો કે પ્રાયોગ્યલબ્ધિથી જ

સ્થિતિબંધાપસરણ થાય છે તો પણ પ્રાયોગ્યલબ્ધિમાં સમ્યક્ત્વ થવાનો નિયમ નથી તેથી તેને ગ્રહણ કરવામાં આવેલ નથી. સ્થિતિબંધાપસરણ કાળ અને સ્થિતિકાંડકોત્કરણ કાળ એ બન્ને સમાન અંતર્મુહૂર્ત માત્ર છે.

અનિવૃત્તિકરણઃ– એક સમયમાં જેટલા જીવ તે પરિણામોને શરૂ કરે તે બધાના પરિણામોની વિશુદ્ધતા સરખી હોય, બધા સમાનજ ઉન્નતિ કરે. કદાચિત્ શરીરાદિમાં ફરક હોય છતાં પરિણામોમાં જરા પણ અંતર નહોય, આ અનિવૃત્તિકરણના અંત સમય વિષે દર્શનમોહ અને અનંતાનુબંધી ચતુષ્ક તેના પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગનો બધી પ્રકારે ઉદય થવાને અયોગ્ય રૂપ ઉપશમ થવાથી તત્ત્વાર્થ શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શનને પામે છે. અર્થાત્ ઔપશમિક સમ્યગ્દૃષ્ટિ થાય છે. ત્યાં પ્રથમ સમય વિષે, દ્વીતીય સ્થિતિ વિષે રહેલ મિથ્યાત્વ દ્રવ્યને સ્થિતિ-કાંડક, અનુભાગ કાંડકઘાત વિના ગુણ સંક્રમણને ભાગ આપી મિથ્યાત્વ, મિશ્ર, સમ્યક્ત્વમોહની રૂપ ત્રણ પ્રકારે કરે છે તેમાં એક દર્શનમોહનું દ્રવ્ય ત્રણ શક્તિરૂપ નોખું થઇ રહે છે.

ત્રણે કરણોમાં વિશુદ્ધતાની અપેક્ષાથી ભેદ છે તેમાં સમયે સમયે અનંત ગુણ વિશુદ્ધ પરિણામ થતા જાય છે તે વિષય કેવલજ્ઞાનાદિ ગમ્ય છે. આ ત્રણ કરણો (પરિણામો) નું ગોમટ-સાર જીવકાંડમાં ગુણસ્થાનાધિકારમાં તથા કર્મકાંડમાં ત્રિકરણ ચૂલિકા અધિકારમાં વધારે વ્યાખ્યાન છે ત્યાંથી જાણવું અહીં સંક્ષેપથી કહેવામાં આવેલ છે. (વધારે ખુલાસો લબ્ધિસાર, ભગવતી આરાધના પૃષ્ટ ૬૫૮, રત્નકરંડ શ્રાવકાચાર પૃષ્ટ ૬૮,

ધવલા ખંડ ૬ પૃષ્ટ ૨૦૪, અનગારધર્મામૃત ભાગ ૧ પૃષ્ઠ ૧૭૨ થી જોઇ લેવું સ્થાનાભાવને કારણે સંક્ષેપથી લખવામાં આવેલ છે)

વિશેષાર્થ:—એ ત્રણ પ્રકારના ભાવોથી અવશ્ય સમ્યગ્દર્શનનું બાધક એવું દર્શનમોહનીય કર્મનું ક્ષય, ઉપશમ, ક્ષાયોપશમ થતાં જ જીવને પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. વિપરીતાભિનિવેશરહિત તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્દર્શનને સ્વપર ભેદજ્ઞાન કહે છે. તે પ્રગટ થતાં જીવની પરિણતિ જ સંસાર ભોગથી બદલી જાય છે. જે પહેલાં સંસારિક સુખમાં પરાધીન હતો તેજ હવે સ્વાધીન આત્મ સુખમય થઇ જાય છે. પહેલાં તેની બુદ્ધિ સંસારના રાગદ્વેષમાં ફસી હતી તેજ બુદ્ધિ મુક્તિ તરફ લાગી જાય છે અર્થાત્ અનાત્મ બુદ્ધિ છુટી આત્મબુદ્ધિ થઇ જાય છે અહીંથી મોક્ષ માર્ગનો પ્રારમ્ભ થઈ જાય છે. કારણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ત્રણે જુદા જુદા મોક્ષ માર્ગ નથી તેમજ ત્રણેની એકતા પણ સાક્ષાત્ મોક્ષનું કારણ નથી પણ પરંપરા મોક્ષનું કારણ છે તેથી તે વ્યવહાર મોક્ષમાર્ગ જીવ પુદ્ગલ સંબંધી પર્યાયથી ઉત્પન્ન થયો છે તેનાથી સાધ્ય નિશ્ચય મોક્ષમાર્ગ ભિન્ન છે અને સાધન મોક્ષમાર્ગ ભિન્ન છે તત્ત્વાર્થસૂત્રમાં વ્યવહાર રત્નત્રયનું કથન છે. તે હિસાબે સમ્યગ્દર્શન શરૂ થતા જ ત્રણેની પ્રાપ્તિ થઇ જાય છે. સમ્યગ્દર્શન થતાં જ સ્વાનુભૂતિને રોકવાવાલા કર્મનો ક્ષયોપશમ થઇ જાય છે તેથી સ્વાનુભવ કરવા યોગ્ય જ્ઞાન પ્રકાશમાન થઈ જાય છે. તેજ સમયમાં અનંતાનુબંધી કષાયના ઉપશમ થવાથી સ્વરૂપાચરણ ચારિત્ર પ્રકાશમાન થઇ જાય છે. એ પ્રમાણે સમ્યગ્દર્શન થતાં

જ મોક્ષ માર્ગ શરૂ થઇ જાય છે. સમ્યગ્દર્શન જ્યારે ઉપયોગ-મય હોય છે ત્યારે સ્વાનુભવ રૂપ હોય છે, અર્થાત તે સમયે આત્મા બધા વિકલ્પોને છોડી પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપ નો સ્વાદ લ્યે છે તે સમયે તે ભાવ નિક્ષેપ સ્વરૂપ છે અને જ્યારે તે પોતાના આત્મામાં ઉપયુકત નથી થતો પણ બીજા કાર્યોમાં ઉપયોગ લાગેલ છે તે સમયે સમ્યક્ત્વ દ્રવ્ય નિક્ષેપ રૂપ છે.

સમ્યક્ત્વના ત્રણ ભેદનું સ્વરૂપ

सम्यक्त्वदेशघातेरुदयाद्वेदकं भवेत्सम्यकत्वम् ।
चलं मलिनमगाढं तन्नित्यं कर्मक्षपण हेतु ॥४६५॥

सप्तानामुपशमत उपशमसम्यक्त्वं क्षयात्तुं क्षायिकं च ।
द्वितीयकषायोदयादसंयतं भवति सम्यकत्वं च ॥४६६॥

અર્થ:- આત્માના સમ્યક્ત્વ ગુણને વિપરીત કરવાવાળી પ્રકૃતિ-યોમાંથી દેશઘાતિ સમ્યક્ત્વ પ્રકૃતિનો ઉદય હોવાથી જે આત્માનું પરિણામ થાય છે તેને વેદક અથવા ક્ષયોપશમિક સમ્યગ્દર્શન કહે છે. તે પરિણામ ચલ, મલિન અને અગાઢ હોવા છતાં પણ નિત્ય છે. ત્રણ દર્શનમોહની તથા ચાર અનંતાનુબંધી કષાય એમ સાત પ્રકૃતિયોના ઉપશમથી ઉપશમ અને સર્વથા ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે. આ સમ્યગ્દર્શનની સાથે સંયમ બીલ-કુલ નથી થતું કારણ કે અહીં બીજી અપ્રત્યાખ્યાન કષાયનો ઉદય છે તેથી આ ગુણસ્થાનવાળાને (જીવને) અસંયત સમ્યગ્દૃષ્ટિ કહે છે.

ભાવાર્થઃ- અનંતાનુબંધી ચતુષ્ક અને મિથ્યાત્વ, મિશ્ર એ સર્વઘાતિ પ્રકૃતિઓના આગામી (ભાવી) નિષેકોનું સદવસ્થારૂપ ઉપશમ અને વર્તમાન નિષેકોનું ફલ દીધા વિનાજ ખરીજવું (નિર્જરી જવું) અને દેશઘાતિ સમ્યક્ત્વપ્રકૃતિનો ઉદય હોય એવી દશામાં જીવના સમ્યક્ત્વ ગુણની જે અવસ્થા થાય છે તેને ક્ષયોપશમિક સમ્યગ્દર્શન કહે છે. તેનો જઘન્ય કાળ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ છાંસઠ સાગર પર્યંત છે. તે કર્મોની નિર્જરાનું કારણ છે. તે સમ્યક્ત્વનો ધારક સમ્યગ્દૃષ્ટિ "**શ્રી શાન્તિનાથજી** શાન્તિ કરે **અને શ્રી પાર્શ્વનાથજી** રક્ષા કરે" એવા નાના પ્રકારના વિષયોમાં ચલાયમાન થાય છે તેને સમ્યગ્દર્શનનો ચલ દોષ કહે છે. કારણ કે સમ્પૂર્ણ તીર્થંકર અથવા અરિહંતોમાં સમાન શકિત હોવા છતાં પ્રકૃતિના ઉદયથી ભાવમાં દોષ થાય છે તેને ચલ દોષ કહે છે. સમ્યગ્દર્શનના પચીસ ગુણોમાં સમ્યકત્વપ્રકૃતિના ઉદયથી જે મલિનતા આવે છે તેને મલ દોષ કહે છે. અને જિનમંદિર હોવા છતાં તેમાં "આ મારૂં મંદિર છે આ તારૂં મંદિર છે" એવા પ્રકારનો ભ્રમ થવો તેને અગાઢ દોષ કહે છે. ક્ષયોપશમ સમ્યક્ત્વને વેદક સમ્યક્ત્વ પણ કહે છે.

અનંતાનુબંધી ચાર પ્રકૃતિઓ તથા મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ સમ્યક્ત્વપ્રકૃતિ એમ સાત પ્રકૃતિઓના ઉપશમથી ઉપશમ સમ્યક્ત્વ થાય છે. તે ચલ, મલ, અગાઢ રહિત નિર્મળ છે. તેનો જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્તનો છે. ઉપશમ સમ્યક્ત્વનો કાળ પૂર્ણ થયા પછી નિયમથી ત્રણ દર્શનમોહનીય પ્રકૃતિમાંથી કોઇ એકનો ઉદય થાય છે. સમ્યક્ત્વપ્રકૃતિના ઉદયથી ઉપશમ

સમ્યક્ત્વથી છૂટી જીવ વેદક સમ્યગ્દૃષ્ટિ થાય છે ત્યારે તે ચલ, મલ, અગાઢરૂપ તત્ત્વનું શ્રદ્ધાન કરે છે તેને, ક્ષયોપશમ સમ્યક્ત્વ પણ કહે છે. જેની વીગત આગળ આપેલ છે તે પ્રમાણે કર્મની અવસ્થાનું જાણવું

ઉપશમ સમ્યક્ત્વના અંતર્મુહૂર્ત કાળ પછી જો મિશ્ર (સમ્યગ્મિથ્યાત્વ) પ્રકૃતિનો ઉદય થઇ જાય તો જીવ તત્ત્વ અતત્ત્વ બન્નેને એક જ કાળમાં શ્રદ્ધાન કરે છે તેને મિશ્રગુણસ્થાની કહે છે. તેનો કાળ મધ્યમ્ અંતર્મુહૂર્ત માત્ર હોય છે તેનો કાળ પણ ઘણો થોડો છે એટલે તેનાં પરિણામ કેવલીગમ્ય છે. તે જીવને દર્શનમોહનીય કર્મનો અબંધક કહેવામાં આવ્યો છે. અને જો મિથ્યાત્વનો ઉદય થઇ જાય તો તે જીવ મિથ્યાત્વી-વિપરીત શ્રદ્ધાની થઇ જાય છે. ત્યારે તે જ જીવને અનેકાંતરૂપ વસ્તુસ્વભાવ તથા રત્નત્રયરૂપ મોક્ષ માર્ગની રૂચિ થતી નથી. જેમ તાવથી પીડિત પુરુષને મિષ્ટભોજન રૂચતું નથી તે પ્રમાણે ધર્મ પ્રત્યે તે જીવને અભાવ થઇ જાય છે.

ઉપશમ સમ્યક્ત્વના અંતર્મુહૂર્ત કાલમાં જઘન્ય એક સમય ઉત્કૃષ્ટ છ આવલી કાળ બાકી રહે તેમાં અનંતાનુબંધીની ચાર પ્રકૃતિઓમાંથી કોઇ એકનો ઉદય થતા જીવ સમ્યક્ત્વથી છુટી સાસાદન ગુણસ્થાની થઇ જાય છે. તેના પરિણામની દશા વચન દ્વારા કહી શકાતી નથી. અહીં સૂક્ષ્મ કાળ માત્ર કોઇ જાતિના કેવળજ્ઞાનગમ્ય પરિણામ હોય છે ત્યાં મિથ્યાત્વનો ઉદય હોતો નથી: છતાં અનંતાનુબંધીથી સમ્યક્ત્વની વિરાધના હોય છે. તેનું સ્વરૂપ આગમ પ્રમાણથી જાણવું. તે તે ગુણસ્થાને તેટલો કાળ

રહી નિયમથી મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. એ પ્રમાણે ઉપશમ સમ્યક્ત્વથી છુટતા અને કર્મના ઉદયથી જીવની ચાર અવસ્થાઓ થાય છે.

પ્રથમ અને દ્વિતીયોપશમ સમ્યક્ત્વનું સ્વરૂપ

ઉપશમ સમ્યક્ત્વના બે ભેદ છે—એક પ્રથમોપશમ સમ્યક્ત્વ અને બીજું દ્વિતીયોપશમ સમ્યક્ત્વ છે. મિથ્યાત્વ ગુણસ્થાનમાં કરણ વડે દર્શનમોહનીયને ઉપશમાવી જે સમ્યક્ત્વ ઉપજે તેને પ્રથમોપશમ સમ્યક્ત્વ કહીએ છીએ. તેની વીગત એવી છે કે અનિવૃત્તિકરણમાં કરેલા અંતઃકરણ વિધાનથી સમ્યક્ત્વના કાળમાં જે ઉદય આવવા યોગ્ય નિષેક હતા તેનો તો અહીં અભાવ કર્યો, અર્થાત્ તેના પરમાણુઓને અન્યકાળમાં ઉદય આવવા યોગ્ય નિષેકરૂપ કર્યા તથા અનિવૃત્તિકરણમાં કરેલા ઉપશમકરણ વિધાનથી જે તે કાળમાં ઉદય આવવા યોગ્ય નિષેક હતા તે ઉદીરણારૂપ થાય, પણ તે કાળમાં ઉદય ન આવી શકે એવા કર્યા; એ પ્રમાણે જ્યાં સત્તા તો હોય પણ ઉદય ન હોય તેનું નામ ઉપશમ છે. એમ આ મિથ્યાત્વથી પ્રથમવારે થયેલું અનાદિ મિથ્યાદૃષ્ટિને એક મિથ્યાત્વ પ્રકૃતિ અને ચાર અનંતાનુબંધીના ઉપશમથી પ્રથમોપશમ સમ્યક્ત્વ ચતુર્થાદિથી માંડી સાતમાં ગુણસ્થાન સુધી હોય છે. જ્યારે અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ ઉપશમ સમ્યક્ત્વને પ્રાપ્ત થાય છે ત્યારે તે સમ્યક્ત્વના કાળમાં મિથ્યાત્વના પરમાણુઓના ત્રણ ટુકડા કરે છે ત્યારે તેને ત્રણ પ્રકૃતિઓની સત્તા થાય છે. (જુઓ જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા પ્રશ્ન ૬૨૭.)

ઉપશમશ્રેણી સન્મુખ થતાં સાતમાં સાતિશય ગુણસ્થાનમાં ક્ષયોપશમ સમ્યક્ત્વથી (ક્ષયોપશમ સમ્યક્ત્વની વિધિ આગળ કહી છે ત્યાંથી જાણવી.) જે ઉપશમ સમ્યક્ત્વ થાય તેનું નામ દ્વિતીયોપશમ સમ્યક્ત્વ છે. અહીં કરણ વડે ત્રણ પ્રકૃતિઓનો ઉપશમ થાય છે કારણ આને ત્રણ પ્રકૃતિઓની સત્તા હોય છે. અહીં પણ અંતઃકરણ વિધાનથી વા ઉપશમકરણ વિધાનથી તેના ઉદયનો અભાવ કરે છે. આ દ્વિતીયોપશમ સમ્યક્ત્વ ઉપશમ શ્રેણિવાળા મુનિઓને જ સાતમાં ગુણસ્થાનથી માંડી અગિયારમાં ગુણસ્થાન સુધી હોય છે. ત્યાંથી જીવ પડતાં ચોથું, પાંચમું, છઠું, આદિ ગુણસ્થાન પણ થાય છે. આ સમ્યક્ત્વનો કાળ અંતર્મુહૂર્ત માત્ર છે.

દ્વિતીયોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ તો પ્રથમ અનંતાનુબંધીની વિસંયોજના થયા પછી જ થાય એવો નિયમ કોઇ આચાર્ય લખે છે અને કોઇ નથી લખતા. પણ જો તે મિથ્યાત્વમાં આવે તો અનંતાનુબંધીનાં બંધની શરૂઆત થતાં ત્યાં તેની સત્તાનો સદ્ભાવ થાય છે. પ્રથમોપશમ સમ્યક્ત્વમાં તો અનંતાનુબંધીનો અપ્રશસ્ત ઉપશમ જ છે. અનાદિ મિથ્યાદૃષ્ટિને સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયની સત્તા નથી તેથી તે એક મિથ્યાત્વ કર્મને જ ઉપશમાવી ઉપશમ સમ્યગ્દૃષ્ટિ થાય છે. તેનો કાળ અંતર્મુહૂર્ત માત્ર છે. તે જીવ સમ્યક્ત્વના કાળની અવધિ ખલાસ થતાં નિયમથી મિથ્યાદૃષ્ટિ થાય છે તથા દ્વિતીયોપશમ સમ્યક્ત્વનો કાળ અંતર્મુહૂર્ત માત્ર છે. તે પછી દર્શનમોહનીયનો ઉદય આવતા મિથ્યાદૃષ્ટિ પણ થાય છે. એવો કોઇ કોઇ આચાર્યનો મત છે. (જુઓ ઘનજ્ઞા ખંડ ૧ પૃષ્ટ ૨૧૪)

સાદિ મિથ્યાદૃષ્ટિનું સ્વરૂપ

સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયેલા સાદિમિથ્યાદૃષ્ટિને પણ ફરીથી સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે પાંચ લબ્ધિઓ થાય છે. તેમાં વિશેષ એટલું છે, કે, કોઇ જીવને દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિઓની સત્તા હોય છે તેને ઉપશમાવી તે પ્રથમોપશમ સમ્યગ્દૃષ્ટિ થાય છે. અથવા કોઇને સમ્યક્ત્વ મોહનીયનો ઉદય આવે છે અને બે પ્રકૃતિઓનો ઉદય થતો નથી તેને ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ કહે છે. તેને ગુણ શ્રેણિ આદિ ચાર ક્રિયા તથા અનિવૃતિકરણ હોતા નથી. અથવા કોઇને મિશ્રમોહનીયનો ઉદય આવે છે તેને બે પ્રકૃતિઓનો ઉદય થતો નથી. તે મિશ્ર ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે તેને કરણ થતાં નથી. એ પ્રમાણે સાદિ મિથ્યાદૃષ્ટિ ને સમ્યક્ત્વ છુટતા દશાઓ થાય છે. સાદિમિથ્યાદૃષ્ટિનો જઘન્ય કાળ તો મધ્યમ અંતર્મુહૂર્ત માત્ર છે અને ઉત્કૃષ્ટ કિંચિત્ ન્યુન અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ માત્ર જાણવો ત્યાં સુધી તે જીવ સંસારમાં ભમે છે.

સાદિ મિથ્યાદૃષ્ટિ ને જો થોડો કાળ મિથ્યાત્વનો ઉદય રહે તો પણ બાહ્ય જૈનપણું તેનું નષ્ટ થતું નથી, તત્ત્વોનું અશ્રદ્ધાન પ્રગટ થતું નથી. તથા વિચાર કર્યા વગર અથવા અલ્પ વિચારથી જ તેને ફરી સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ જાય છે.

સાદિ મિથ્યાદૃષ્ટિઓમાં કોઇને ત્રણ પ્રકૃતિઓની સત્તા છે તથા કોઇને એકની સત્તા છે. જેને સમ્યક્ત્વના કાળમાં ત્રણની સત્તા થઈ હતી તે સત્તા જેનામાં હોય તેને તો ત્રણની સત્તા છે. તથા જેને મિશ્રમોહનીય અને સમ્યક્ત્વ મોહનીયની ઉદ્વેલના

થઈ ગઇ હોય અર્થાત્ તેના પરમાણુ મિથ્યાત્વરૂપે પરિણમી ગયા હોય તેને એક મિથ્યાત્વની જ સત્તા રહે છે જે ઘણો કાળ તેને મિથ્યાત્વનો ઉદય રહે તો જેવી અનાદિ મિથ્યાદૃષ્ટિની દશા હોય તેવી તેની દશા થઇ જાય છે. ગૃહીત મિથ્યાત્વને પણ ગ્રહણ કરે છે તથા નિગોદાદિકમાં પણ ભમે છે એનું કાંઇ પ્રમાણ નથી. સાદિ મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ ગુણસ્થાનથી વા મિશ્રગુણસ્થાનથી પણ ક્ષયોપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

ક્ષયોપશમ-વેદક સમ્યક્ત્વનું સ્વરૂપ.

દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિઓમાં જે મિથ્યાત્વનો અનુભાગ છે જેના અનંતમાં ભાગે મિશ્રમોહનીયનો તથા તેના અનંતમાં ભાગે સમ્યક્ત્વમોહનીયનો અનુભાગ છે. તેમાં સમ્યક્ત્વમોહનીય પ્રકૃતિ દેશઘાતિ છે. તેથી તેનો ઉદય થવા છતાં પણ સમ્યક્ત્વનો ઘાત થતો નથી. કિંચિત્ મલિનતા કરે પણ મૂળથી ઘાત ન કરે તેને દેશઘાતિ કહે છે. હવે જ્યાં મિથ્યાત્વ વા સમ્યગ્મિથ્યાત્વના વર્તમાન કાળમાં ઉદય આવવા યોગ્ય નિષેકોનો ઉદય થયા વિનાજ નિર્જરા થાય એ તો ક્ષય જાણવો તથા તેના જ નિષેકોની ભાવી કાળમાં ઉદય આવવા યોગ્ય સત્તા હોય તે જ ઉપશમ છે અને સમ્યક્ત્વમોહનીયનો ઉદય વર્તે એવી દશા જ્યાં હોય તેને ક્ષયોપશમ કહે છે.

જ્યાં મિથ્યાત્વ, મિશ્રમોહનીયની મુખ્યતાથી કહીએ ત્યાં તો ક્ષયોપશમ સમ્યક્ત્વ નામ પામે છે અને જ્યાં સમ્યક્ત્વ મોહનીયની મુખ્યતાથી કહીએ ત્યાં વેદક સમ્યક્ત્વ નામ પામે

છે બન્નેના સ્વરૂપમાં ભેદ નથી. ક્ષયોપશમિક સમ્યક્ત્વમાં કોઇ જીવને અનંતાનુબંધીનો અપ્રશસ્ત ઉપશમ થાય છે વા કોઇને વિસંયોજન પણ થાય છે. પણ જેને વિસંયોજન અનંતાનુબંધીનો થયો છે એવો ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ જો તે મિથ્યાત્વમાં આવે તો અનંતાનુબંધીનો બંધ થતાં ત્યાં તેની સત્તાનો સદ્ભાવ થાય છે. અનંતાનુબંધી કષાયનો અપ્રશસ્ત ઉપશમ અથવા વિસંયોજન કરે છે અને દર્શનમોહનીયનો ભેદ જે મિથ્યાત્વકર્મ અને સમ્યગ્મિથ્યાત્વ કર્મ એમ બન્નેને પ્રશસ્ત ઉપશમરૂપ કરી અથવા અપ્રશસ્ત ઉપશમ કરી અથવા ક્ષય કરવાની સન્મુખ થઇ અને સમ્યક્ત્વ પ્રકૃતિરૂપ દેશઘાતી સ્પર્દ્ધકનો ઉદય થવાથી જે તત્વાર્થ શ્રદ્ધાન છે લક્ષણ જેનું એવું સમ્યક્ત્વ થાય તેને વેદક એવું નામ કહે છે. જ્યાં વિવક્ષિત પ્રકૃતિ ઉદય આવવા યોગ્ય નહીં અને સ્થિતિ અનુભાગ ઘટવા, વધવા અથવા સંક્રમણ થવા યોગ્ય થઇ ત્યાં અપ્રશસ્તોપશમ જાણવું. અને જ્યાં ઉદય આવવા યોગ્ય ન થઇ અને સ્થિતિ, અનુભાગ ઘટવા, વધવા, અથવા સંક્રમણ થવા યોગ્ય પણ ન થઈ ત્યાં પ્રશસ્તોપશમ જાણવું. સમ્યક્ત્વ-પ્રકૃતિનો ઉદય થતાં દેશઘાતી સ્પર્ધક તત્ત્વાર્થ શ્રદ્ધાનનો નાશ કરવાને અસમર્થ છે અને શ્રદ્ધાનને ચલ, મલ, અગાઢ દોષથી દૂષિત કરે છે અર્થાત સમ્યક્ત્વમોહનીય માત્ર તત્વાર્થ શ્રદ્ધાનમાં મલ ઉત્પન્ન કરવાને સમર્થ છે તે કારણે તે સમ્યક્પ્રકૃતિને દેશઘાતિપણું છે. તે સમ્યક્ત્વપ્રકૃતિના ઉદયને અનુભવ કરતો જીવ વેદક સમ્યગ્દૃષ્ટિ છે.

કૃતકૃત્ય સમ્યક્ત્વનું સ્વરૂપ

ક્ષયોપશમ સમ્યક્ત્વમાંથી ક્ષાયક સમ્યક્ત્વ સમ્મુખ થતાં અંતર્મુહૂર્ત માત્રમાં મિથ્યાત્વ પ્રકૃતિનો સત્તામાંથી નાશ કરે છે ત્યાં બેજ પ્રકૃતિઓની સત્તા રહે છે, પછી મિશ્રમોહનીયનો પણ ક્ષય કરે છે અને એક સમ્યક્ત્વમોહનીયની જ સતા રહે છે, ત્યારપછી સમ્યક્ત્વમોહનીયની કાંડકઘાતાદિ ક્રિયા અંતર્મુહૂર્ત કાળ (વિશ્રામ કરી અન્ય ક્રિયા) કરતો નથી ત્યાં તે કૃતકૃત્યવેદક સમ્યગ્દૃષ્ટિ નામ પામે છે.

ક્ષાયિક સમ્યક્ત્વનું સ્વરૂપ

અનંતાનુબંધી ચાર તથા મિથ્યાત્વ, સમ્યગ્મિથ્યાત્વ અને સમ્યક્ત્વ પ્રકૃતિ એમ સાત પ્રકૃતિઓના નાશથી ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે. તેની વિધિ એવા પ્રકારની છે કેઃ- દર્શનમોહનીયની ક્ષપણા (નાશ) નો આરંભ કરે તો તે કર્મભૂમિનો મનુષ્ય જ કરે પણ ભોગભૂમિનો મનુષ્ય, દેવ, નારકી, કે તિર્યંચ ક્ષાયિક સમ્યક્ત્વનો પ્રારંભ કરી શકે નહીં. અને જે કર્મભૂમિનો મનુષ્ય આરંભ કરે તો તે તીર્થંકર, કેવળી, વા શ્રુતકેવળીના પાદમૂલ વિષે રહીને જ દર્શનમોહનીયની ક્ષપણાનો પ્રારંભ કરે છે. કારણ કે એવા પરિણામની વિશુદ્ધતા અન્ય કયાંઈ પણ થઇ શકતી નથી. અર્થાત્ કેવળી, શ્રુતકેવળીની નજદીક (નિકટતા) થઇ શકે છે. અધઃકરણના પ્રથમ સમયથી લઈ જયાં સુધી મિથ્યાત્વ અને મિશ્રમોહનીય પ્રકૃતિઓના દ્રવ્યને અપરિવર્તન કરી સમ્યક્ત્વ પ્રકૃતિરૂપ સંક્રમણ કરે ત્યાં સુધી અંતર્મુહૂર્તકાળ સુધી દર્શન-

મોહનીયની ક્ષપણાનો (નાશનો) પ્રારંભ કહેવાય છે. તે પ્રારંભિક કાળના અનંતરવર્તી સમયથી ક્ષાયિક સમ્યક્ત્વ ગ્રહણના પ્રથમ સમય પહેલા નિષ્ઠાપક (પ્રાપ્તકરનાર) થાય છે. તે જ્યાં પ્રારંભ કરેલ ત્યાં અથવા સૌધર્માદિકલ્પ વા કલ્પાતીત વિષે અથવા ભોગભૂમિના તિર્યંચ મનુષ્ય વિષે અથવા ઘમ્મા નામની નરક પૃથ્વી વિષે નિષ્ઠાપક થાય છે. એવીપૂર્વે બાંધી છે આયુ જેને એવા કૃતકૃત્યવેદક સમ્યગ્દૃષ્ટિ ચારે ગતિઓ વિષે ઉપજી ત્યાં ક્ષપણા પૂર્ણ કરે છે. કોઇ વેદક સમ્યગ્દૃષ્ટિ અસંયત; દેશસંયત, વા પ્રમત, અપ્રમત એવા કોઇ એક ગુણસ્થાનમાં રહીને, પૂર્વ પ્રકારે ત્રણ કરણની વિધિ કરીને અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભને ઉદયાવલીમાં રહેલાં નિષેકોને છોડી અને ઉદયાવલીવાળા ઉપર પ્રમાણે સ્થિતિમાં રાખીને સમસ્ત નિષેકોને વિસંયોજન કરી અનિવૃતિકરણના અંત સમય વિષે સમસ્ત અનંતાનુબંધીના દ્રવ્યને બાર કષાય અને નવ નોકષાય રૂપ પરિણમાવે છે તેને અનંતાનુબંધીનું વિસંયોજન કહે છે. અહીં વિસંયોજનમાં ગુણશ્રેણિ અને સ્થિતિકાંડઘાતાદિકની વિધિ ઘણીજ પ્રકારની છે. અનંતાનુબંધીના વિસંયોજન કર્યા પછી અંતર્મુહૂર્ત કાળ સુધી અન્ય કોઇ ક્રિયા નહી કરતાં વિશ્રામ કરે છે. ત્યાર બાદ ત્રણ કરણ કરી અનિવૃતિકરણના કાળ વિષે મિથ્યાત્વ, મિશ્ર, અને સમ્યક્ત્વમોહનીયનો ક્રમથી નાશ કરે છે. (આ કરણના સામર્થ્યથી જે જે કર્મની સ્થિતિ, અનુભાગઘાત આદિ થવાનું વિધાન છે તે લબ્ધિસાર અને ધવલાખંડ ૬ પૃષ્ટ ૨૪૩ થી ૨૪૯ સુધીમાં જોઇ લેવું) અથવા પ્રથમ ત્રણ કરણ વડે મિથ્યાત્વના પરમાણુઓને મિશ્રમોહનીય રૂપે વા સમ્યક્ત્વમોહનીય રૂપે પરિણમાવે અથવા તેની

નિર્જરા કરે. એ પ્રમાણે મિથ્યાત્વની સત્તાનો નાશ કરે તથા મિશ્રમોહનીયના પરમાણુઓને સમ્યક્ત્વમોહનીય રૂપે પરિણમાવે વા તેની નિર્જરા કરે, એ પ્રમાણે મિશ્રમોહનીયનો પણ નાશ કરે. વળી સમ્યક્ત્વમોહનીયના નિષેકો ઉદયમાં આવી ખરી જાય તથા જો તેની સ્થિતિ ઘણી હોય તો તેને સ્થિતિકાંડાદિક વડે ઘટાડે, અને જ્યારે અંતર્મુહૂર્ત સ્થિતિ બાકી રહે ત્યારે તે કૃતકૃત્યવેદક સમ્યગ્દૃષ્ટિ થાય છે અને અનુક્રમથી એ નિષેકોનો પણ નાશ કરી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ થાય છે.

મિથ્યાત્વની ત્રણે પ્રકૃતિઓના સર્વ નિષેકોનો પૂર્વોક્ત પ્રકારે સર્વથા નાશ કરે છે અને અનંતાનુબંધીનું વિસંયોજન કરે છે. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વનો નાશ હોવાથી કદી પણ મિથ્યાત્વમાં આવતો નથી તેથી તેને અનંતાનુબંધીની સત્તા કદી પણ હોતી નથી. પ્રતિપક્ષ કર્મના અભાવથી આ સમ્યક્ત્વ નિર્મળ છે અને અનંતાનુબંધીના અભાવથી એક દેશ વીતરાગ છે. વળી આ સમ્યક્ત્વનો નાશ કદી થતો નથી પણ જ્યાંથી તે ઉત્પન્ન થાય ત્યાંથી સિદ્ધ અવસ્થા સુધી તેનો સદ્ભાવ રહે છે. ક્ષાયિક સમ્યક્ત્વમાં આત્માને અત્યંત નિર્મળ તત્ત્વાર્થ શ્રદ્ધાન થાય છે. ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિને ચતુર્થાદિ ચાર ગુણસ્થાનોમાં કોઇ ઠેકાણે ક્ષાયક સમ્યક્ત્વ ની પ્રાપ્તિ થાય છે.

વિવેચનઃ- સમ્યક્ત્વના વિષયમાં આચાર્યોમાં ઘણા મતભેદ મલે છે. અહીં અમોએ તેનું કિંચિત્ માત્ર વિવરણ યથાશક્તિ કરેલ છે. તેમાં શું સત્ય છે કે અસત્ય છે, તેનો નિર્ણય કરવાનો અમોને અધિકાર નથી; તેમજ અમારા જ્ઞાનનો વિષય નથી. તે પ્રશ્ન

શ્રી ગૌતમ ગણધરને કરો, કારણ કે તેઓશ્રીએ સાક્ષાત્ શ્રી વીર જિનેશ્વરનો ઉપદેશ સાંભળી, દ્વાદશાંગની રચના કરી છે. તેઓ જ તમારી શંકાઓના પ્રશ્નનો ઉત્તર આપી શકે છે. એવો જ એક પ્રશ્ન ધવલામાં કરવામાં આવતા તેનો ઉત્તર એવો આપ્યો છે કે, જેનું અર્થ-રૂપથી તીર્થંકરોએ પ્રતિપાદન કરેલ છે અને ગણધરદેવે જેની ગ્રંથ રચના કરી છે એવી બાર અંગરૂપ પ્રરૂપણા આચાર્ય પરંપરાથી નિરંતર ચાલી આવી છે. પણ કાળના પ્રભાવથી ઉત્તરોત્તર બુદ્ધિ ક્ષીણ થવાથી અને અંગોને ધારણ કરવાવાળા યોગ્ય પાત્રના અભાવમાં તે ઉત્તરોત્તર ક્ષીણ થતી આવી જૈનાચાર્યોએ વિશેષ બુદ્ધિવાળા પુરુષોનો અભાવ જોયો અને અત્યંત પાપભીરુ થઇ તેઓએ ગુરુપરંપરાથી શ્રુતાર્થ ગ્રહણ કરી, તીર્થ વિચ્છેદના ભયથી તે સમયમાં અંગ સંબંધી અર્થના જાણનારાઓ ભેગા કરી આગમમાં લિપિબદ્ધ કરેલ છે. તેથી તેમાં અસૂત્રપણું આવવાનું કોઇ કારણ નથી. છતાં બન્ને પ્રકારના વચનમાં કયા વચનને પ્રમાણ માનવું, તેના પ્રશ્નના ઉત્તરમાં આચાર્ય જવાબ આપે છે કે તે બાબત તો કેવળી અથવા શ્રુતકેવળી જાણે પણ બીજા કોઇ જાણી શકતા નથી. (જુવો ધવલ ખંડ ૧ પૃષ્ટ ૨૨૨)

સાસાદની, સમ્યગ્મિથ્યાત્વી, અને વેદકસમ્યગ્દૃષ્ટિ જીવ પ્રથમોપશમ સમ્યક્ત્વને પ્રાપ્ત થતો નથી અર્થાત્ તે ભાવરૂપ પરિણમન કરવાની શક્તિનો તેઓમાં અભાવ છે. (જુઓ ધવલા ખંડ ૬ પૃષ્ટ ૨૦૬)

પ્રથમોપશમ સમ્યગ્દૃષ્ટિ બે પ્રકારના થાય છે. એક અનાદિ મિથ્યાદૃષ્ટિ અને બીજો સાદિમિથ્યાદૃષ્ટિ છે.

(પહેલા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી પાછી તેની વિરાધના કરી હોય તેવો જીવ) તેમાં અનાદિ મિથ્યાદૃષ્ટિને એક મિથ્યાત્વ પ્રકૃતિની સત્તા છે તેનો જ ઉપશમ કરે છે. અને સાદિ મિથ્યાદૃષ્ટિઓમાં કોઇને ત્રણની સત્તા છે તથા કોઇને એકની સત્તા છે. જે સમ્યક્ત્વના કાળમાં મિથ્યાત્વના પરમાણુંઓને મિશ્રમોહનીય વા સમ્યક્ત્વમોહનીયરૂપે પરિણમાવે છે ત્યારે તેને ત્રણની સત્તા થાય છે. તે સત્તા જેનામાં હોય તેને તો ત્રણની સત્તા કહી અને જેણે મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયની ઉદ્વેલના (મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયના પરમાણુઓને મિથ્યાત્વરૂપે પરિણામી દીધા હોય અર્થાત્ પરિણમી ગયા હોય તેને ઉદ્વેલના કહે છે) થઈ ગઇ હોય તેને એક મિથ્યાત્વની સત્તા હોય છે તે પણ અનાદિ જેવો થઈ જાય છે. એટલે સાદિ મિથ્યાદૃષ્ટિને ત્રણ પ્રકૃતિઓનો વા એક પ્રકૃતિનો ઉપશમ કરી પ્રથમોપશમ સમ્યગ્દૃષ્ટિ થાય છે. તેને અઠાવીસ અને એકવીસની સત્તાવાળો કહે છે.

પ્રથમોપશમ સમ્યગ્દૃષ્ટિ, અને ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ સાતમાં ગુણસ્થાનથી આગળ જતાં નથી તેમજ પ્રથમોપશમ સમ્યગ્દૃષ્ટિ, ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ, વેદક સમ્યગ્દૃષ્ટિ કે કૃતકૃત્યવેદક સમ્યગ્દૃષ્ટિ ઉપશમ કે ક્ષપકશ્રેણિ ચડી શકતા નથી. પ્રથમોપશમ સમ્યક્ત્વવાળો જીવ ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ થઇ પ્રથમ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભનું વિસંયોજન કરી દર્શનમોહનીયની ત્રણ પ્રકૃતિઓનો ઉપશમ કરી દ્વિતીયોપશમ સમ્યગ્દૃષ્ટિ થઇ (૨૧ પ્રકૃતિઓને ઉપશમ કરી) ઉપશમ શ્રેણિ ચડે છે અથવા ત્રણ

દર્શનમોહનીયની પ્રકૃતિઓને ક્ષય કરી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ થઇ ક્ષપકશ્રેણિ ચડી શકે છે. દ્વિતીયોપશમ સમ્યગ્દૃષ્ટિને સત્તામાં ૧૪૨ પ્રકૃતિઓ હોય છે પણ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ઉપશમ શ્રેણિવાળાને ૧૩૯ ની સત્તા હોય છે અને ક્ષપક શ્રેણિવાળાને ૧૩૮ ની સત્તા રહે છે.

પ્રથમોપશમ સમ્યક્ત્વમાં મતભેદ

અનાદિ મિથ્યાદૃષ્ટિ એ જે પ્રથમ વાર સમ્યક્ત્વનો લાભ કરેલ છે તે પ્રથમોપશમ સમ્યક્ત્વનો કાળ પૂર્ણ થતાં સાસાદની થઇ મિથ્યાત્વને પ્રાપ્ત થાય છે એવો નિયમ છે અર્થાત્ તે નિયમથી મિથ્યાદૃષ્ટિ થાય છે. તેને પાંચ પ્રકૃતિઓનો ઉપશમ હોય છે. (ચાર અનંતાનુબંધી અને એક મિથ્યાત્વ મળી પાંચ પ્રકૃતિઓ) તે જીવને ફરી સમ્યક્ત્વની પ્રાપ્તિ અસંખ્યાત વર્ષની આયુમાં (સંભવ) બતાવી છે તેનું કારણ એ છે કે, સંખ્યાત વર્ષની આયુષ્યવાળા જીવને એક ભવમાં એકજ વાર પ્રથમોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે તે જીવ મિથ્યાત્વમાં આવ્યા બાદ સમ્યક્ત્વપ્રકૃતિ અને સમ્યગ્મિથ્યાત્વ પ્રકૃતિની ઉદ્વેલન ઘાતરૂપ ક્રિયા કરવી પડે છે. જેમાં તેને પલ્ય (અદ્ધાપલ્ય) નો અસંખ્યાતમો ભાગ (અસંખ્યાત વર્ષ) સમય લાગે છે. જ્યાં સુધી તે આ ઉદ્વેલન ક્રિયા કરીને મિથ્યાત્વ અને મિશ્રપ્રકૃતિની સ્થિતિને સાગરોપમ પૃથકત્વથી ઓછી નથી કરતો ત્યાં સુધી તે જીવને ફરી ઉપશમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. (જુઓ ધવલા ખંડ ૫ પૃષ્ટ ૮ તથા ગત્યાગતિ ચૂલિકા સૂત્ર ૬૬–૭૩ પૃષ્ટ ૪૪૪–૪૪૫ વિશેષાર્થ)

શ્રી યતિવૃષભાચાર્યના મતમાં પ્રથમોપશમ સમ્યક્ત્વમાંથી ક્ષયોપશમ થઇ દ્વિતીયોપશમ થાય છે અને તેની અવસ્થા નીચે પ્રમાણે બતાવી છે. પહેલી અવસ્થામાં પાંચ પ્રકૃતિઓનો ક્ષય અને બે પ્રકૃતિઓનો ઉપશમ અને બીજી અવસ્થામાં છ પ્રકૃતિઓનો ક્ષય અને એકનો ઉપશમ બતાવેલ છે. પણ આ કથન કોઇ પણ હીસાબે બેસી શકતું નથી તેનું કારણ એ છે કે દ્વિતીયોપશમ સમ્યક્ત્વપૂર્વક જે ક્ષાયક સમ્યક્ત્વની ઉત્પત્તિ માનવામાં આવે તોજ તે ક્ષયોપશમના બન્ને ભેદ માની શકાય છે. પણ ક્ષાયક સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનથી સાતમાં ગુણસ્થાનના સ્વસ્થાન સુધીમાંજ થઇ શકે છે અને દ્વિતીયોપશમ સમ્યક્ત્વ સાતમાં ગુણસ્થાનના સાતિશયમાં જ થાય છે, તે પહેલા થતું જ નથી. તે હીસાબે ક્ષાયક સમ્યક્ત્વ, દ્વિતીયોપશમ સમ્યક્ત્વથી પહેલા જ થાય છે ત્યાર પછી થતું નથી. એટલે ઉપરની માન્યતા કોઇપણ હીસાબે બેસી શકતી નથી. જો કે ગોમટસાર કર્મકાંડ ગાથા ૪૪૩ માં ઉપશાંત અગિયારમાં ગુણસ્થાનમાં મિથ્યાત્વ અને સમ્યગ્મિથ્યાત્વનું સંક્રમણ થાય છે અર્થાત્ તે બન્ને પ્રકૃતિના દ્રવ્યો સમ્યક્ત્વમોહનીયરૂપે પરિણમી જાય છે. તેમાં પહેલા મિથ્યાત્વનું સંક્રમણ થતાં પાંચનો ક્ષય અને બેનો ઉપશમ થાય છે અને મિથ્યાત્વ તથા સમ્યગ્મિથ્યાત્વના દ્રવ્યો સમ્યક્ત્વપ્રકૃતિરૂપ થતાં છ પ્રકૃતિઓનો ક્ષય અને એકનો ઉપશમ બની શકે છે: પણ તે બન્ને ક્રિયા ગોમટસાર કર્મકાંડની ગાથા ૫૧૧ માં જે સત્તા દર્શનમોહનીયની ૨૮–૨૪–૨૧ બતાવી છે તેમાં આ સત્તા બની શકતી નથી એટલે વિરોધ આવે છે.

દ્વિતીયોપશમ સમ્યક્‌ત્વમાં મતભેદ

દ્વિતીયોપશમ સમ્યક્‌ત્વ ચોથા ગુણસ્થાનથી સાતમાં સાતિશય ગુણસ્થાન સુધીના કોઈ પણ ગુણસ્થાનમાં ક્ષયોપશમ અથવા વેદક સમ્યક્‌ત્વમાંથી પ્રાપ્ત થાય છે, ત્યાં પ્રથમ અનંતાનુબંધીનો વિસંયોજન કરે છે અને પછી ત્રણ પ્રકૃતિ, દર્શનમોહનીયનો ઉપશમ કરી ઉપશમ શ્રેણિ ચડી, પાછો પડી, કદાચિત્‌ મિથ્યાત્વ ગુણસ્થાનને પ્રાપ્ત થતાં પાછો અનંતાનુબંધીનો બંધ કરવા લાગે છે. અને જે કર્મપ્રકૃતિઓને અન્ય પ્રકૃતિરૂપ સંક્રમણ કરેલ હતી તે પાછી અનંતાનુબંધી રૂપ સંક્રમણ થઇ જાય છે. એ પ્રમાણે જો કે દ્વિતીયોપશમ સમ્યક્‌ત્વમાં અનંતાનુબંધીની સત્તા રહેતી નથી છતાં પાછો તેનો સદ્‌ભાવ થવા સંભવ છે. (જુવો ધવલ ખંડ ૧ પૃષ્ટ ૨૧૪)

દ્વિતીયોપશમ સમ્યક્‌ત્વ સાતમાં ગુણસ્થાનના સાતિશય ભાગમાંજ થાય છે તે પહેલા સંભવ નથી. તેમજ તે ઉપશમ શ્રેણિ પર આરૂઢ થવાવાળા મુનિનેજ થાય છે પણ અન્યને થતું નથી. ક્ષયોપશમ સમ્યક્‌ત્વમાંથી ચાર અનંતાનુબંધીનો ઉપશમ અથવા વિસંયોજન કરે છે અને ત્રણ મિથ્યાત્વની પ્રકૃતિઓનો ઉપશમ કરી ઉપશમ શ્રેણિ ચડી ત્યાંથી પડી ચોથું, પાંચમું કે છઠું ગુણસ્થાન થાય છે (જુઓ મોક્ષ માર્ગ પ્રકાશક ગુ. પૃષ્ટ ૩૩૫–૩૩૭ અધિકાર નવમાં તથા લબ્ધિસાર ગ્રંથમાં લખેલ છે.)

ક્ષયોપશમ અને વેદકસમ્યક્‌ત્વમાં મતભેદ

વેદકસમ્યક્‌ત્વના ચાર ભેદ જ્ઞાનસમ્મુચ્ચયસાર ગ્રંથમાં

કહ્યા છે તે નીચે પ્રમાણે છે :- પહેલા ભેદમાં છ પ્રકૃતિઓનો ઉપશમ અને એકનો ઉદય અને બીજા ભેદમાં ચાર પ્રકૃતિઓનો ક્ષય, બેનો ઉપશમ અને એકનો ઉદય કહ્યો છે. ત્રીજા ભેદમાં પાંચનો ક્ષય, એકનો ઉપશમ અને એકનો ઉદય કહ્યો છે. ચોથા ભેદમાં છનો ક્ષય અને એકનો ઉદય એમ ચાર ભેદ વેદક સમ્યક્‌ત્વના માનેલ છે. તે નીચે પ્રમાણે છે.

(૧) અનંતાનુબંધીની ચાર, મિથ્યાત્વ અને મિશ્ર પ્રકૃતિઓનો ઉપશમ અને સમ્યક્‌ત્વ પ્રકૃતિઓનો ઉદય.

(૨) અનંતાનુબંધી ચાર કષાયનો ક્ષય, મિથ્યાત્વ, મિશ્ર પ્રકૃતિનો ઉપશમ અને સમ્યક્‌ત્વમોહનીયનો ઉદય.

(૩) અનંતાનુબંધી ચાર અને મિથ્યાત્વ એમ પાંચ પ્રકૃતિઓનો ક્ષય, મિશ્રપ્રકૃતિનો ઉપશમ અને સમ્યક્‌ત્વ મોહનીય પ્રકૃતિનો ઉદય.

(૪) અનંતાનુબંધી ચાર, મિથ્યાત્વ અને મિશ્ર એમ ૭ પ્રકૃતિઓનો નાશ અને સમ્યક્‌ત્વપ્રકૃતિનો ઉદય.

વેદક સમ્યક્‌ત્વનો પહેલો ભેદ તે સામાન્ય ક્ષયોપશમ છે અને બીજા ભેદમાં ચાર અનંતાનુબંધીનો વિસંયોજન તે ક્ષય બેનો ઉપશમ અને એકનો ઉદય તે વિશેષ ક્ષયોપશમ છે. ત્રીજો અને ચોથો એ બન્ને ભેદ કૃતકૃત્યવેદકની પ્રારમ્ભિક અવસ્થાઓ છે. સમ્યક્‌ત્વમોહનીય પ્રકૃતિના ઉદયથી જ તેનું ફળ વેદવામાં (અનુભવમાં) આવે છે તે કારણે તેને વેદક સમ્યક્‌ત્વ કહે છે.

નાટક સમયસારમાં પં. બનારસીદાસે તથા ક્રિયાકોષમાં પં. દૌલતરામજીએ તથા બ્રહ્મવિલાસમાં પં. ભગવતીદાસજીએ વેદક સમ્યક્‌ત્વના ચાર ભેદ ઉપર પ્રમાણે કહ્યા છે. અને ક્ષયોપશમ સમ્યક્‌ત્વના ત્રણ ભેદ નીચે પ્રમાણે કહ્યા છે :– પહેલો ભેદ ચાર પ્રકૃતિઓનો ક્ષય અને ત્રણનો ઉપશમ. બીજો ભેદ પાંચ પ્રકૃતિઓનો ક્ષય અને બેનો ઉપશમ. અને ત્રીજો ભેદ છ પ્રકૃતિઓનો ક્ષય અને એકનો ઉપશમ તેની વિગત નીચે પ્રમાણે છે.

(૧) અનંતાનુબંધીની ચાર કષાયોનો નાશ અને દર્શનમોહનીયનો ત્રણ પ્રકૃતિઓનો ઉપશમ.

(૨) અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વપ્રકૃતિનો નાશ અને મિશ્ર તથા સમ્યક્‌ત્વમોહનીયનો ઉપશમ.

(૩) અનંતાનુબંધીની ચાર, મિથ્યાત્વ અને મિશ્ર એમ છ પ્રકૃતિઓનો નાશ અને સમ્યક્‌ત્વપ્રકૃતિનો ઉદય.

ક્ષયોપશમ સમ્યક્‌ત્વના પૂર્વોક્ત ત્રણ ભેદ ઉપશમ શ્રેણી પર આરૂઢ થનારાં દ્વિતીયોપશમ સમ્યગ્‌દૃષ્ટિને જ થાય છે, બીજાને અસંભવ છે. જોકે ક્ષયોપશમ અને વેદક બન્ને એક જ છે તો પણ ક્ષયોપશમ સમ્યક્‌ત્વ તેને કહે છે કે જ્યાં સમ્યક્‌ત્વમોહનીય પ્રકૃતિના ઉદયની સાથે બીજી પ્રકૃતિઓમાંથી કોઇનો ક્ષય અને ઉપશમ હોય છે. વેદકસમ્યક્‌ત્વ અથવા ક્ષયોપશમ સમ્યક્‌ત્વમાં અનંતાનુબંધીનો ઉપશમ અથવા વિસંયોજન બન્ને માનવામાં આવેલ છે.

સમ્યક્ત્વના દશ ભેદનું સ્વરૂપ

આજ્ઞામાર્ગસમુદ્ભવમુપદેશાત્ સૂત્રબીજસંક્ષેપાત્ ।
વિસ્તારાર્થાભ્યાં ભવમવપરમાવાદિગાઢે ચ ॥૪૬૭॥

અર્થ:—આજ્ઞા સમ્યક્ત્વ, માર્ગસમ્યક્ત્વ, ઉપદેશસમ્યક્ત્વ, સૂત્ર-સમ્યક્ત્વ, બીજ સમ્યક્ત્વ, સંક્ષેપ સમ્યક્ત્વ, વિસ્તાર સમ્યક્ત્વ, અર્થસમ્યક્ત્વ, અવગાઢસમ્યક્ત્વ, અને પરમાવગાઢસમ્યક્ત્વ એમ સમ્યક્ત્વના દશ ભેદ છે. તેમાંથી કોઈ તો ઉત્પત્તિના નિમિત્ત ભેદથી ભેદ છે અને કોઈ ભેદજ્ઞાનની હીનાધિકતાને કારણે ભેદ થયા છે.

ભાવાર્થ:-

(૧) શાસ્ત્રાધ્યયન વિના જ કેવળ વીતરાગદેવની આજ્ઞા માની તત્ત્વો પર જે કાંઇ રુચિ ઉત્પન્ન થવી અથવા જિનેન્દ્રની આજ્ઞા જ માત્રને પ્રધાન માની તેમાં તત્ત્વ શ્રદ્ધાની થવું તે **આજ્ઞાસમ્યક્ત્વ છે.**

(૨) સમ્યક્ત્વઘાતક મોહકર્મની શાંતિ થવાથી શાસ્ત્રાભ્યાસ વિનાજ બાહ્યાભ્યંતર પરિગ્રહથી સર્વથા રહિત નિર્ગ્રંથ માર્ગ જ કલ્યાણકારી છે એમ મોક્ષમાર્ગને સારો માનવા લાગે તે **માર્ગ સમ્યક્ત્વ છે.**

(૩) આગમરૂપ સમુદ્રનું અગાધ જ્ઞાન જેના હૃદયમાં પ્રસરી ચુકયું છે એવા આચાર્યોના, તીર્થંકરાદિ ઉત્કૃષ્ટ પુરુષોના પુરાણોના ઉપદેશથી ઉત્પન્ન થયેલ સમ્યગ્દર્શન તેને **ઉપદેશસમ્યક્ત્વ** કહે છે.

(૪) મુનિઓની ચારિત્રવિધિ બતાવવાવાળાં આચારસૂત્રને સાંભળી ભલા પ્રકારે સૂત્રદૃષ્ટિથી શ્રદ્ધાન ઉત્પન્ન થવું તે **સૂત્રસમ્યક્ત્વ છે.**

(૫) ગણિતજ્ઞાન માટે જે નિયમ કરવામાં આવેલ છે તેમાંથી કોઇ નિયમોને જાણવાથી તથા મોહનીયકર્મની સાતિશય ઉપશાંતિ પ્રાપ્ત થતાં કરણાનુયોગના ગહન પદાર્થોને સમજી જે સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું તેને **બીજસમ્યક્ત્વ** કહે છે.

(૬) જીવાદિ પદાર્થોના સંક્ષિપ્ત જ્ઞાન થવાથી જે તત્ત્વોમાં યથાર્થ રુચિ થવી તેને **સંક્ષેપસમ્યક્ત્વ** કહે છે.

(૭) સર્વ દ્વાદશાંગ વાણી સાંભળીને જે રુચિ ઉત્પન્ન થવી તેને **વિસ્તારસમ્યક્ત્વ** કહે છે.

(૮) કોઇપણ પદાર્થના દેખાવા અથવા અનુભવ કરવાથી અથવા દૃષ્ટાંત આદિના અનુભવથી જે સમ્યક્ત્વની ઉત્પત્તિ થવી તેને **અર્થસમ્યક્ત્વ** કહે છે.

(૯) બાર અંગ અને અંગબાહ્ય એવા સર્વ શ્રુતજ્ઞાનના પૂર્ણ અનુભવથી શ્રુતકેવળી અવસ્થા જેમને પ્રાપ્ત થઇ છે તેને જે પદાર્થોમાં ગાઢ તત્ત્વ શ્રદ્ધાન ઉત્પન્ન થયેલ છે તેને **અવગાઢસમ્યક્ત્વ** કહે છે.

(૧૦) કેવળજ્ઞાનથી જાણેલ પદાર્થોમાં જે અત્યંત દૃઢ શ્રદ્ધાન ઉત્પન્ન થાય છે તેને **પરમાગાઢ સમ્યક્ત્વ** કહે છે.

પૂર્વોક્ત દશ પ્રકારના સમ્યક્ત્વના ભેદ બતાવવામાં આવેલ છે. તેમાં પહેલાના આઠ ભેદ તો કારણોની અપેક્ષાથી થયેલા છે અને છેલ્લા બે ભેદજ્ઞાનની તારતમ્યતાની અપેક્ષાથી કહ્યા છે. જેમકે: કેવળજ્ઞાન વડે જાણ્યું એટલે ત્યાં પ્રતીતિમાં પરમાવગાઢ પણું થયું. કેવળી અને સિદ્ધ ભગવંતોને કેવળજ્ઞાન અનુસાર જ પ્રતીતિ હોય છે. પહેલા જે સાત તત્ત્વોનો નિર્ણય કર્યો હતો તે જ હવે કેવળજ્ઞાન વડે જાણ્યું. છે. તિર્યંચાદિક અને કેવળી, સિદ્ધ-ભગવાનને સમ્યક્ત્વગુણ તો સમાનજ છે. સંવર નિર્જરા વડે મને મુકત દશા પ્રાપ્ત થઇ છે, એવું જે શ્રદ્ધાન કેવળી ભગવંતને હોય છે તેવી જ શ્રદ્ધા છદ્મસ્થને હોય છે. સમ્યગ્દૃષ્ટિને તત્ત્વ શ્રદ્ધાન ભાવનિક્ષેપથી હોય છે. અને મિથ્યાદૃષ્ટિને નામ-નિક્ષેપથી વા આગમ દ્રવ્યનિક્ષેપથી હોય છે. તે ઉપરના દશ પ્રકારના સમ્યક્ત્વના ભેદનો અર્થ છે ત્યાં સર્વ ઠેકાણે સમ્યક્ત્વનું સ્વરૂપ તત્ત્વાર્થ શ્રદ્ધાન જ જાણવું. ષટ્પ્રાભૃતાદિ, તથા દર્શનપ્રાભૃતાદિ ગ્રંથોની ટીકાથી એ નિશ્ચય થાય છે કે, જેમ જેમ જ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે તેમ તેમ સમ્યક્ત્વ દૃઢ થતું જાય છે **" यावन्मात्रं ज्ञानं तावन्मात्रं सम्यग्दर्शनं सम्यक्चारित्रं च तेषामेकीभावनिश्चयात् "षट्प्राभृत टीका.** " આચાર્યોએ સમ્યક્ત્વનો વિકાસ ક્રમેક્રમે જ્ઞાનની વૃદ્ધિ સાથે થતો જાય છે તેમ જણાવ્યું છે. તેના ઉપર વિદ્વાનોએ શાન્તિથી વિચાર કરવો જોઇએ.

દ્વિતીયોપશમ સમ્યક્ત્વ ઉપશમ શ્રેણિ ચડવાવાળા જીવનેજ થાય છે. બાકીના ચાર સમ્યક્ત્વમાંથી જીવ, પર્યાપ્ત અપર્યાપ્તની

અપેક્ષાથી ચારે ગતિઓમાં કયા પ્રકારના સમ્યક્ત્વ સહિત હોય છે તેનું સંક્ષેપમાં વિવેચન નીચે પ્રમાણે છેઃ–

નરકગતિ

(૧) પહેલી નરકમાં પર્યાપ્તમાં ત્રણ સમ્યક્ત્વ હોય છે. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયક. અને અપર્યાપ્ત અવસ્થામાં કૃતકૃત્યવેદક અને ક્ષાયક હોય છે. બીજી નરકથી સાતમી નરકના નારકીઓને પર્યાપ્તમાં ઉપશમ અને વેદકસમ્યક્ત્વ હોય છે. અપર્યાપ્તમાં કોઇ પણ હોતું નથી. નરકમાં છ પર્યાપ્તિઓ પૂર્ણ થયા બાદ અંતર્મુહૂર્ત પછી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની યોગ્યતા થાય છે. તેમાં પહેલી નરકથી ત્રીજી નરક સુધીમાં ધર્મશ્રવણ, જાતિસ્મરણ અને વેદના બાહ્ય નિમિત્ત કારણ હોય છે અને ચોથી નરકથી સાતમી નરક સુધીમાં જાતિસ્મરણ અને વેદના નિમિત્ત કારણ છે.

શંકાકાર :– હે ભગવંત ! બધા નારકીઓને જાતિસ્મરણ તથા વેદના હોય છે, તો શું બધા જીવો સમ્યગ્દૃષ્ટિ થઇ જાય છે ?

ઉત્તર :– હે ભવ્ય ! સામાન્ય જાતિસ્મરણ અથવા વેદનાથી સમ્યગ્દર્શન થતું નથી. પણ પૂર્વભવમાં ધર્મબુદ્ધિથી કરવામાં આવેલાં કૃત્યોની વિફલતાના દર્શનથી અથવા મિથ્યાત્વમાં વેદના આદિ કારણોને જાણવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. એવા પરિણામ સર્વે નારકીઓને થતાં નથી તેથી બધા સમ્યગ્દૃષ્ટિ થઇ શકતા નથી. ત્રીજી નરક સુધી સમ્યગ્દૃષ્ટિ દેવ પોતાના પૂર્વભવના

સંબંધી જીવોને ધર્મ ઉપદેશ આપવા જાય છે તેથી આગળની નરકમાં જઈ શકતા નથી, એવું આગમનું વચન છે.

દેવગતિ

(૨) વ્યંતર ભવનવાસી, જ્યોતિષી દેવ, દેવીઓ અને કલ્પવાસી દેવાંગનાઓને પર્યાપ્ત અવસ્થામાં ઉપશમ, ક્ષયોપશમ બે સમ્યક્ત્વ હોય છે પણ અપર્યાપ્તમાં કોઇ સમ્યક્ત્વ હોતું નથી. કલ્પવાસી તથા નવ ગ્રૈવેયકવાસી દેવોમાં પર્યાપ્ત અવસ્થામાં ઉપશમ, વેદક અને ક્ષાયક સમ્યક્ત્વ હોય છે અને અપર્યાપ્ત અવસ્થામાં કૃતકૃત્યવેદક, દ્વિતીયોપશમ, વેદક અને ક્ષાયક એમ ચાર સમ્યક્ત્વ હોય છે. નવ અનુદિશ અને પાંચ અણુત્તરોમાં પર્યાપ્ત અવસ્થામાં ક્ષયોપશમ અને ક્ષાયક હોય છે અને અપર્યાપ્ત દશામાં દ્વિતીયોપશમ, ક્ષયોપશમ, કૃતકૃત્યવેદક અને ક્ષાયક સમ્યક્ત્વ હોય છે.

દેવલોકમાં મિથ્યાદૃષ્ટિ જીવો, છ પર્યાપ્તિ પૂર્ણ થયા પછી અંતર્મુહૂર્ત બાદ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાને લાયક થાય છે. ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને બારમાં સહસ્રાર સ્વર્ગ સુધીના દેવોમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થવામાં બાહ્યકારણ ચાર પ્રકારે છે. જિનબિંબ દર્શન, ધર્મશ્રવણ, જાતિસ્મરણ અને દેવઋદ્ધિ દર્શનથી થાય છે. બાકીના ચાર કલ્પવાસીમાં અર્થાત્ સોળમાં અચ્યુત સ્વર્ગ સુધીમાં ઋદ્ધિ છોડી ત્રણ બાહ્યકારણોથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. ઋદ્ધિયુક્ત દેવો બારમાં સ્વર્ગથી આગળ જતાં નથી. અને નવગ્રૈવેયકમાં ધર્મશ્રવણ અને જાતિસ્મરણ બેજ કારણો

છે. કારણ ત્યાંના દેવો પોતાનું વિમાન છોડી ભગવાનના કલ્યાણકમાં કે જિનબિંબ દર્શન કરવા જતાં નથી અને ઉપરના સ્વર્ગમાં સમ્યગ્દૃષ્ટિ જ દેવ હોય છે.

શંકાકારઃ– હે ભગવંત! કલ્પવાસી દેવ તથા નવ ગ્રૈવેયકવાસી દેવોના અપર્યાપ્ત કાળમાં ઉપશમ સમ્યક્ત્વ કેમ થઇ શકે? કારણ કે ઉપશમ સમ્યક્ત્વમાં તો મરણ થતું નથી.

ઉત્તરઃ– હે ભવ્ય! ઉપશમ સમ્યક્ત્વ (પ્રથમોપશમ) માં મરણ નથી થતું તો ભલે ન થાય. પણ ઉપશમ શ્રેણિમાં ચડતાં કે ઉતરતા દ્વિતીયોપશમ સમ્યક્ત્વમાં તો મરણ થાય છે. (જુઓ ધવલ ખંડ ૨ પૃષ્ટ ૪૩૦ ખંડ ૪ પૃષ્ટ ૧૩૫–૧૫૧–૩૫૪ ખંડ ૬ પૃષ્ટ ૪૬૪.)

શંકાકારઃ–નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનોમાં પર્યાપ્ત કાળમાં ઉપશમ સમ્યક્ત્વ કેમ થતું નથી?

ઉત્તરઃ– પૂર્વોકત દેવલોકમાં સમ્યગ્દૃષ્ટિ જ જીવ હોય છે તેમને ચોથું ગુણસ્થાન છોડી બીજું ગુણસ્થાન થતું નથી. પ્રથમોપશમ સમ્યક્ત્વ અનાદિ મિથ્યાદૃષ્ટિઓને જ થાય છે. તેથી અહીં પર્યાપ્ત કાળમાં ઉપશમ સમ્યક્ત્વ થતું નથી તેમજ દ્વિતીયોપશમ સમ્તક્ત્વ પણ થતું નથી. કારણ કે તે સમ્યક્ત્વ માત્ર મનુષ્યમાં મુનીશ્વરોને જ થાય છે. ઉપશમ શ્રેણિમાં મરણ થવાને કારણે અપર્યાપ્ત કાળમાં ઉપશમ સમ્યગ્દર્શન હોય છે પણ છ પર્યાપ્તિઓ પૂર્ણ કરવાના કાળથી તેનો કાળ ઓછો છે તેથી પર્યાપ્તિ પૂર્ણ થવા પહેલાં તેમાંથી ક્ષયોપશમ (સમ્યક્ત્વમોહનીયનો ઉદય થતાં) થઈ જાય છે.

શંકાકારઃ– હે ભગવંત ! શું ઉપશમશ્રેણિમાં મરણ થનારનો જીવ નિયમથી અનુત્તરમાં ઉત્પન્ન થાય છે ? શું પ્રમત્ત અને અપ્રમત્તવાલો જીવ પણ સર્વાર્થસિદ્ધિમાં જઇ શકે છે ?

ઉત્તરઃ– હે ભવ્ય ! ચતુર્દશપૂર્વધારી જીવ લાંતવ-કાપિષ્ટ કલ્પથી શરૂ થઇ સર્વાર્થસિદ્ધ પર્યંતમાં ઉત્પન્ન થાય છે. ઉપશમ શ્રેણિવાળો જીવ પણ પૂર્વવત્ થઇ જાય છે એવો નિયમ છે. તેથી તે લાન્તવ કલ્પથી ઉપરમાં ઉત્પન્ન થાય છે પણ નીચે નહીં (જુવો તિલોય પન્નત્તિ પત્ર ૨૩૭ ધવલ ખંડ ૫ પ્રસ્તાવના પૃષ્ટ ૩૫) ઉપશમ શ્રેણિ નહીં ચઢવાવાળા પ્રમત અપ્રમત ગુણસ્થાની દ્રવ્ય અને ભાવ કરી મહાવ્રતી મુનીશ્વર સર્વાર્થસિદ્ધ પર્યંત જાય છે. (જુવો ત્રિલોકસાર ગાથા ૫૪૬.)

ભોગભૂમિના મનુષ્ય, મનુષ્યની, તિર્યંચ, તિર્યંચની

(૩) ભોગ ભૂમિના મનુષ્યોને પર્યાપ્ત કાળમાં ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયક એમ ત્રણ સમ્યક્ત્વ હોય છે અને અપર્યાપ્ત કાળમાં કૃતકૃત્યવેદક અને ક્ષાયક હોય છે. ભોગભૂમિની મનુષ્યની ને પર્યાપ્તમાં ઉપશમ અને ક્ષયોપશમ હોય છે. અને અપર્યાપ્તકાળમાં કોઈ સમ્યક્ત્વ હોતું નથી. ભોગભૂમિના તિર્યંચને પર્યાપ્ત કાળમાં ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયક હોય છે અને અપર્યાપ્ત કાળમાં કૃતકૃત્યવેદક અને ક્ષાયિક હોય છે. ભોગભૂમિની તિર્યંચનીને પર્યાપ્ત કાળમાં ઉપશમ અને વેદક હોય છે. અને અપર્યાપ્તમાં કોઇ પણ સમ્યક્ત્વ હોતું નથી. ઉત્કૃષ્ટ ભોગભૂમિમાં જન્મથી ૨૧ દિવસો બાદ, મધ્યમ ભોગભૂમિમાં જન્મથી ૩૫ દિવસો

બાદ અને જઘન્ય ભોગભૂમિમાં જન્મથી ૪૯ દિવસો બાદ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની યોગ્યતા થાય છે. ત્યાં જાતિસ્મરણ ઉત્પત્તિમાં કારણ થાય છે.

કર્મભૂમિના મનુષ્ય, મનુષ્યની, તિર્યંચ તિર્યંચની

(૪) કર્મભૂમિના મનુષ્યમાં પાંચે સમ્યક્ત્વ જેવા કે પ્રથમોપશમ, દ્વિતીયોપશમ, ક્ષયોપશમ, કૃતકૃત્યવેદક અને ક્ષાયક સમ્યક્ત્વ થાય છે. અપર્યાપ્ત કાળમાં દેવ અને નરકથી આવેલા જીવોની અપેક્ષાએ ક્ષયોપશમ અને ક્ષાયક હોય છે. કર્મભૂમિની દ્રવ્યસ્ત્રીની અપેક્ષાએ ઉપશમ, વેદક અને ક્ષાયક, પર્યાપ્ત અવસ્થામાં થાય છે. અને ભાવસ્ત્રીની અપેક્ષાએ પાંચે સમ્યક્ત્વ થાય છે. અપર્યાપ્તમાં કોઈ સમ્યક્ત્વ હોતું નથી. કર્મભૂમિના તિર્યંચ અને તિર્યંચનીને પર્યાપ્ત અવસ્થામાં ઉપશમ અને ક્ષયોપશમ હોય છે અને અપર્યાપ્ત અવસ્થામાં કોઇપણ સમ્યક્ત્વ હોતું નથી. ગર્ભમાં આવ્યા બાદ કર્મભૂમિનો મનુષ્ય, મનુષ્યની આઠ વર્ષ અને અંતર્મુહૂર્ત બાદ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની યોગ્યતા થાય છે. કોઇ કોઇ આચાર્યે (ઉત્તર પ્રતિપતિ) આઠ વર્ષમાં સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની લાયકાત બતાવે છે. કર્મભૂમિનો તિર્યંચ, તિર્યંચની ગર્ભજ મિથ્યાદૃષ્ટિને જન્મ થયા બાદ બે માસ અને અંતર્મુહૂર્ત બાદ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની લાયકાત થાય છે અને કોઇ કોઇ આચાર્યોનો મત ત્રણ પક્ષ, ત્રણ દિવસ અને અંતર્મુહૂર્ત બાદ સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાને લાયક થાય છે. (જુઓ ધવલ ખંડ ૫ પૃષ્ટ ૩૨.) ત્યાં જાતિસ્મરણ, ધર્મશ્રવણ અને જિનબિંબ દર્શન બાહ્ય કારણો છે.

શંકાકાર :- હે ભગવંત ! કર્મભૂમિની દ્રવ્યસ્ત્રીને ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે તે શાથી જાણ્યું ? અર્થાત્ તે કેમ બની શકે ?

ઉત્તર:- હે ભવ્ય ! કર્મભૂમિની દ્રવ્યસ્ત્રીને ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે. તે પૂર્વાચાર્યોના આગમ કથનથી જાણ્યું. (જુઓ ગોમ્મટસાર જીવકાંડ ગાથા ૭૦૪ પૃષ્ટ ૧૧૪૫-૪૬)

સમ્મુર્ચ્છિમ તિર્યંચ

(૫) સંજ્ઞી પંચેન્દ્રિય સમ્મૂર્ચ્છિમ પર્યાપ્તક તિર્યંચને (છ પર્યાપ્તિ પૂર્ણ) પર્યાપ્ત અવસ્થામાં જન્મથી ત્રણ અંતર્મુહૂર્ત બાદ વેદક સમ્યક્ત્વને પ્રાપ્ત થાય છે. (જુઓ ધવલ ખંડ ૪ પૃષ્ટ ૩૫૦ તથા ૩૬૬ ધવલા ખંડ ૫ પૃષ્ટ ૧૧૫)

શંકાકાર:- હે ભગવંત ! લબ્ધિસાર ગાથા ૨ માં સમ્યગ્દર્શનની યોગ્યતા ગર્ભજ જીવોની લખી છે તો સમ્મૂર્ચ્છિમ જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ કેમ થઇ શકે ?

ઉત્તર :- હે ભવ્ય ! લબ્ધિસાર ગાથા બીજીમાં જે ગર્ભ જીવનો ઉલ્લેખ છે તે પ્રથમોપશમ સમ્યક્ત્વની અપેક્ષાએ છે: પણ ધવલાજીમાં સમ્મૂર્ચ્છિમ જીવને સંયમાસંયમ પ્રાપ્તિના નિરૂપણમાં પ્રથમોપશમ સમ્યક્ત્વનો ઉલ્લેખ નથી તેથી અનુમાન (જ્ઞાત) થાય છે કે અહીં કથન વેદક સમ્યક્ત્વની અપેક્ષાથી છે તેથી બન્ને કથનોમાં કોઇ વિરોધ સમજવો નહીં.

શંકાકાર:- હે ભગવંત ! સમ્યક્ત્વ ગુણ છે, દ્રવ્ય છે કે પર્યાય છે ? તેનું યથાર્થમાં શું સ્વરૂપ છે ? તે કૃપા કરી કહો.

ઉત્તર :– હે ભવ્ય ! સમ્યક્ત્વ અમૂર્ત આત્માનો એક નિર્વિકલ્પ ગુણ છે. ગુણ ગુણીથી પ્રદેશે ભિન્ન નથી લક્ષણાદિથી કંથચિત્ ભિન્ન છે. જે દ્રવ્યના પુરા ભાગમાં અને તેની સર્વે હાલતોમાં વ્યાપે તેને ગુણ કહે છે. ગુણોની સત્તા અને દ્રવ્યની સત્તા ભિન્ન ભિન્ન નથી. ગુણોનો આધાર દ્રવ્ય નથી પણ ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. ગુણ ગુણીમાં અભેદપણું છે. છતાં પ્રત્યેક ગુણ ભિન્ન ભિન્ન છે. એક શકિત બીજી શક્તિરૂપે થતી નથી તેમ તેનો નાશ કદી પણ થતો નથી. સમ્યક્ત્વ ગુણની સ્વાભાવિક અવસ્થાને સમ્યગ્દર્શન અને વિભાવ અવસ્થાને મિથ્યાદર્શન કહે છે. તેવી અવસ્થાનો ધારક જીવ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યા અવસ્થાનો ધારક જીવ મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. અવસ્થા ક્ષણે ક્ષણે નાશ થાય છે અને નવીન નવીન ઉત્પન્ન થાય છે ગુણ કદી પણ અવસ્થા વિનાનો રહેતો નથી તેથી ઉત્પાદ વ્યય ધ્રૌવ ત્રિલક્ષણ યુક્ત સત્ત કહેલ છે.

અરિહંત પરમાત્મામાં પણ ક્ષાયક સમ્યક્ત્વ ગુણ હોય છે. તેમજ સિદ્ધ પરમાત્મામાં પણ ક્ષાયક સમ્યક્ત્વ ગુણ રહે છે. ક્ષાયકનો અર્થ અશુદ્ધ અવસ્થાનો નાશ અર્થાત્ સમ્યક્ત્વ ગુણની અશુદ્ધ અવસ્થાના નિમિત્તના ક્ષયથી ક્ષાયક કહેવાય છે: તેમજ જેનો કદી પણ નાશ થતો નથી તેને ક્ષાયક કહે છે. ગુણ અન્વયી છે અને પર્યાય (અવસ્થા) વ્યતિરેકી છે. જેમ ગુણ સત્ છે તેમ તેમાં કોઈ નિત્ય નથી, કોઇ અનિત્ય નથી, પણ નિત્યાનિત્યરૂપ સ્વરૂપ છે તેમ જે નથી માનતો તે મિથ્યાદૃષ્ટિ છે. પર્યાય સત્ છે, ગુણ નિત્ય એટલે ધ્રૌવ્ય છે, અને દ્રવ્ય ધ્રૌવ્યવાન છે. દ્રવ્યને સત્, સત્તા, સામાન્ય, અન્વય, વસ્તુ, અર્થ, વિધિ એ

બધા શબ્દો સામાન્ય રીતિથી એકજ અર્થવાચક છે. સત કથંચિત્ ભિન્ન પણ છે અભિન્ન પણ છે દ્વૈત પણ છે અદ્વૈત પણ છે. જૈનસ્યાદ્વાદી કદી પણ એકાંત પક્ષને સ્વીકારતો નથી કારણ કે વસ્તુ સામાન્ય વિશેષાત્મક છે. સામાન્ય વ્યાપક છે અને વિશેષ વ્યાપ્ય છે. સમ્યક્ત્વ આત્માથી જુદી વસ્તુ નથી આત્માનું જ પરિણામ છે. તે આત્માજ છે અર્થાત્ સમ્યક્ત્વ અને આત્મામાં કોઈ ફરક નથી તેમ નિશ્ચયથી જાણવું. વસ્તુનો સ્વભાવજ ઉભય સ્વરૂપ અનેકાન્તમય છે. તે કોઇનો કરેલો નથી. વસ્તુ પણ અનેક ધર્મમયી છે. તેથી તેનું કથન પણ અનેકાંત સ્વરૂપ જ છે.

જો સમ્યક્ત્વ ગુણની અપેક્ષાથી સમ્યક્ત્વી કહેવામાં આવે તો જગતમાં કોઇ મિથ્યાદૃષ્ટિ જ ન રહે કારણ સમ્યક્ત્વ નામનો સામાન્ય ગુણ તો પ્રત્યેક ચૈતન્ય પદાર્થમાં પડયો છે. સમ્યક્ત્વ કોઇ નવો ગુણ આત્મામાં પેદા થતો નથી. જેમ આત્મા અનાદિ છે તેમ ગુણો પણ અનાદિ છે. ગુણ ગુણીથી ભિન્ન પણું નથી જીવ પુદ્ગલનો સમ્બંધ અનાદિથી છે પણ જો અનાદિથી માનવામાં ન આવે તો અન્યોન્યાશ્રય દોષ આવશે. દર્શનમોહનીકર્મના ઉદયથી સમ્યક્ત્વ ગુણની અવસ્થાને મિથ્યાદર્શન કહે છે અને સમ્યક્ત્વ ગુણની અવસ્થાનો બાધક દર્શનમોહની કર્મનો ઉદય અંતરંગ કારણ છે. મિથ્યાદર્શનમાં જીવને સ્વપર વિવેક નથી થતો અને સમ્યગ્દર્શનમાં જીવને સ્વપર વિવેક જ્ઞાન થાય છે સમ્યગ્દર્શન તે આત્માની સ્વાભાવિક અવસ્થા છે તે કર્મના ક્ષય ઉપશમ, ક્ષયોપશમથી નવીન પ્રગટ થાય છે.

શંકાકાર :– હે ભગવંત! આપે ત્રણ પ્રકારના સમ્યક્ત્વ કહ્યા:

તો શું આત્મામાં ત્રણ પ્રકારના સમ્યક્‌ત્વ છે ? કોઇ સમ્યક્‌ત્વ ને પ્રત્યક્ષ કોઇ પરોક્ષ કહે છે વળી કોઇ સરાગ કહે છે, કોઇ વીતરાગ કહે છે તો યથાર્થમાં તેનું શું સ્વરૂપ છે ? તે કૃપા કરી વિસ્તારથી કહો.

ઉત્તર :– હે ભવ્ય ! દર્શનમોહનીય કર્મના ક્ષય, ઉપશમ, ક્ષયોપશમથી સમ્યક્‌ત્વ ત્રણ પ્રકારનું કહેવાય છે. પણ ખરેખર આત્મામાં ત્રણ પ્રકારના સમ્યક્‌ત્વ નથી. તે કર્મની અપેક્ષાથી કહેવામાં આવે છે. વાસ્તવમાં એકજ પ્રકારનો આત્માનો સમ્યક્‌ત્વ નામનો નિર્વિકલ્પ ગુણ છે. સમ્યક્‌ત્વમાં પ્રત્યક્ષ કે પરોક્ષપણું નથી તે સમ્યગ્જ્ઞાનની અપેક્ષાથી કહેવામાં આવે છે. જીવ શુભાશુભ વિકલ્પોમાં અથવા અનુભવમાં પ્રવર્તતો હોય છતાં સમ્યક્‌ત્વ રૂપ સામાન્ય ગુણમાં કોઈ ફરક નથી. સરાગ સમ્યક્‌ત્વ કે વીતરાગ સમ્યક્‌ત્વ એવા સમ્યક્‌ત્વના બે ભેદ નથી. સમ્યક્‌ત્વનો ધારક રાગી હોય કે વીતરાગી હોય તેમાં સમ્યક્‌ત્વના સ્વરૂપમાં ફરક પડતો નથી. પણ ચારિત્રની અપેક્ષાએ ભેદ પાડવામાં આવે છેઃ છતાં બન્ને સમ્યક્‌ત્વમાં (વ્યવહારમાં) જ્ઞાનચેતના અવિનાભાવી હોય છે પછી તે ઉપયોગાત્મ (અનુભવરૂપ) હોય વા ન પણ હોય છતાં લબ્ધિરૂપ અવશ્યમેવ હોય છે. તેને સમવ્યાપ્તિ અને વિષમવ્યાપ્તિ કહે છે. ચોથા ગુણસ્થાને ઘણા કાળ અંતરાલે આત્મ અનુભવ થાય છે અને ઉપર ઉપરના ગુણસ્થાને શીઘ્ર શીઘ્ર અનુભવ થાય છે. પ્રત્યક્ષતાની અપેક્ષાએ એક જાતિ નથી પણ સમ્યગ્જ્ઞાનની અપેક્ષાથી એક જાતિ છે. ચોથાથી બારમાં ગુણસ્થાન સુધી મતિશ્રુત સમ્યગ્જ્ઞાન છે અને તેરમાં ગુણસ્થાને

કેવળજ્ઞાનરૂપ સમ્યગ્જ્ઞાન છે. સુમતિ સુશ્રુતજ્ઞાન કથંચિત્ મૂર્તિક અમૂર્તિક છે. અવધિજ્ઞાન મનઃપર્યયજ્ઞાન મૂર્તિક જ્ઞાન છે અને કેવળજ્ઞાન અમૂર્તિક અતિન્દ્રિય જ્ઞાન સકલ પ્રત્યક્ષ નિરાવરણ આત્મિક સ્વભાવ છે.

શંકાકાર :– હે ભગવંત ! સમ્યગ્દૃષ્ટિને ભય નથી હોતો એવું આપે કહ્યું તો સમ્યગ્દૃષ્ટિને ભય થતો પ્રત્યક્ષ જોઇએ છીએ તેનું કેમ ?

ઉત્તરઃ– ચરણાનુયોગમાં શ્રદ્ધાનપૂર્વક તીવ્ર શંકાદિકનો સમ્યગ્દૃષ્ટિને અભાવ થયો છે અથવા મુખ્યપણે સમ્યગ્દૃષ્ટિ શંકાદિ કરે નહીં પણ સૂક્ષ્મ શકિતથી આઠમા ગુણસ્થાન સુધી ભયાદિ પ્રકૃતિઓનો ઉદય હોય છે.

શંકાકાર :– હે ભગવંત ! સર્વકોઇ સમ્યગ્દર્શનનાં લક્ષણો ભિન્ન ભિન્ન કહે છે. જેમકે, સ્વાનુભૂતિ, શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ, વિપરીતાભિનિવેશરહિતપણું આદિ છેઃ તો સમ્યક્ત્વનું ખરેખર લક્ષણ શું છે ?

ઉત્તરઃ– આત્મશ્રદ્ધાન, આત્મરુચિ, આત્મપ્રત્યય, આત્માનુભવ અને વિપરિતાભિનિવેશ આદિ કોઇ સમ્યક્ત્વનાં લક્ષણ નથી. તે બધા જ્ઞાનનાં લક્ષણો છે. કારણ કે તે બધી જ્ઞાનની જ પર્યાયો છે. તેથી સમ્યક્ત્વના તે બધા અનાત્મભૂત લક્ષણો છે. વિપરીતાભિનિવેશ રહિત જીવાદિ તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ પણ જ્ઞાનનું જ છે. પરતંત્રતાથી મુકિત કરવાની ભાવના ઉત્પન્ન થનાર જીવનું પરિણામ તેજ ખરેખર સમ્યક્ત્વનું "**નૈનત્વ**" લક્ષણ છે અને તે

નિર્વિકલ્પ હોવાથી વચનથી કહી શકાતું નથી. પણ તેને વિપરીતાભિનિવેશરહિત જ્ઞાન જાણતું હોવાથી અભેદ વિવક્ષાએ તેને સમ્યક્ત્વનું લક્ષણ માનવામાં આવ્યું છે. યથાર્થમાં તે જ્ઞાનનું જ લક્ષણ છે. અનુભૂતિ વખતે પૂર્વોકત બધા લક્ષણો સમ્યક્ત્વના જ જાણવા. કેમકે સમ્યક્ત્વ કારણ છે અને સમ્યગ્જ્ઞાન કાર્ય છે. જ્ઞાનને સમ્યક્ અને મિથ્યા વિશેષણ સમ્યક્ત્વની પર્યાય અપેક્ષાએ કહે છે.

શંકાકાર :- હે કૃપાનાથ! "जीवादीसद्दहणंसम्मतं" જીવાદિનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે. એવું સમ્યક્ત્વનું લક્ષણ બતાવ્યું છે. તો પછી જ્ઞાનનું લક્ષણ કેમ કહ્યું ?

ઉત્તર:- હે ભવ્ય! તત્ત્વ સમ્મુખ પહેલા જ્ઞાન થાય છે પછી જ સમ્યક્ત્વ ગુણનો વ્યાપાર થાય છે (અર્થાત્ અર્થ-પ્રાપણ સમર્થ ક્રિયાનો પ્રયોગ થાય છે.) તેને સમ્યક્ત્વની શ્રદ્ધાનરૂપ પર્યાય કહે છે. પણ યથાર્થમાં તત્ત્વાર્થ અભિમુખ જ્ઞાનનું થવું તેને શ્રદ્ધાન કહે છે.

શંકાકાર :- હે ભગવંત! શ્રદ્ધાન, રુચિ, પ્રતીતિ તો એકાર્થ વાચક લાગે છે તો ત્રણે વિશેષણો (લક્ષણો) કહેવાથી શું ફાયદો?

ઉત્તર:- હે ભવ્ય! પૂર્વોકત ત્રણેની ક્રિયા ભિન્ન છે તે એકાર્થ વાચક જણાય છે પણ ત્રણેનો અર્થ ભિન્ન ભિન્ન છે. શ્રદ્ધાન-તત્ત્વની અભિમુખ બુદ્ધિનું થવું તેને શ્રદ્ધાન કહે છે. અર્થાત્ પરિગૃહીત અર્થમાં શ્રદ્ધાન થાય છે. શ્રદ્ધા અને શ્રદ્ધાનમાં કાર્ય કારણ-પૂર્વોત્તરવર્તીપણ છે. રુચિ:- તત્ત્વાર્થમાં આત્મિકભાવનું

થવું તેને " **सात्म्यंरुचिः** " રુચિ કહે છે. પ્રતીતિ :- "**प्रतीतिस्तुतथेतिस्यात्**" તે તત્ત્વાર્થ એજ પ્રકારે છે એવો સ્વીકાર થવો તેને પ્રતીતિ કહે છે. ત્રણે લક્ષણો સંસારાવસ્થામાં જ રહે છે કારણ કે જ્યાંસુધી ઉપયોગનું સંક્રમણ છે ત્યાં સુધીજ માનવામાં આવે છે. સંક્રમણ રહિતમાં કોઈપણ લક્ષણો જ્ઞાનનાં કે સમ્યક્ત્વના રહેતા નથી. કારણ તે બધાં લક્ષણો અશુદ્ધનિશ્ચયનયથી છે. "હું અનુભવું છું. તે પણ વિકલ્પ છે અને વિકલ્પ છે તે સઘળો વિષય અશુદ્ધનિશ્ચયનયનો છે. એક માત્ર નિર્વિકલ્પ આત્મસ્વભાવમાં કોઇપણ લક્ષણોનો વ્યવહાર (વિકલ્પ) સંભવ નથી. તેથી સમ્યક્ત્વનું કોઇપણ લક્ષણ સિદ્ધ થઈ શકતું નથી અર્થાત્ પરમાત્મદશા (અરિહંત કે સિદ્ધઅવસ્થા) માં એવા કોઇ લક્ષણો નથો તેમ નિશ્ચયથી જાણવું.

શંકાકાર :- હે ભગવંત ! સમ્યક્ત્વ કયા જ્ઞાનનો વિષય છે ?

ઉત્તર :- હે ભવ્ય ! સમ્યક્ત્વ અમૂર્તિક આત્માનો ગુણ છે તેથી તેનું પ્રત્યક્ષજ્ઞાન કેવળજ્ઞાન સિવાય અન્ય જ્ઞાનોથી થઇ શકતું નથી. તેમ છતાં તે અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાનનો પણ વિષય કહેવામાં આવ્યો છે તેનું કારણ એ છે કે, પરમાવધિ અને સર્વાવધિનો વિષય કર્મ (પુદ્ગલ પરમાણુ) નો છે તેથી તે જ્ઞાનથી કર્મના ઉપશમાદિને દેખી અવધિજ્ઞાની જાણી લ્યે છે કે આ આત્માને સમ્યગ્દર્શન ઉત્પન્ન થઈ ચુકયું છે. તે પ્રમાણે કર્મના નિમિત્તથી થવાવાળી નૈમિત્તિક પર્યાય મનઃપર્યય જ્ઞાનનો વિષય હોવાથી મનઃપર્યયજ્ઞાની પણ (સમ્યક્ત્વને) જાણી શકે છે પણ

મતિ, શ્રુત, કે દેશાવધિ જાણી શકતો નથી; કારણ કે તે તેના જ્ઞાનનો વિષય નથી ?

શંકાકાર :– હે ભગવંત ! સમ્યગ્દર્શન થતાં જીવનો મોક્ષ કેમ થતો નથી ?

ઉત્તર :– હે ભવ્ય ! સમ્યગ્દર્શનરૂપ પરિણામની સાથે અવિનાભાવી રહેવાવાળી સંવર નિર્જરા મિથ્યાત્વ અને અનંતાનુબંધી રાગાદિના અભાવ પ્રમાણેજ સંવર નિર્જરા થાય છે. અર્થાત્ મિથ્યાત્વ અને રાગાદિના અભાવમાં જેટલી શુદ્ધતા થાય છે તે પ્રમાણે સંવર નિર્જરા થાય છે. અહીંથી મોક્ષ માર્ગ શરૂ થઈ જાય છે; પણ પૂર્ણ શુદ્ધતા વિના આત્માનો મોક્ષ થતો નથી.

શંકાકાર:– હે કૃપાનાથ ! સંસાર ઉત્પત્તિ અને તેના નિરોધનું કારણ શું છે ?

ઉત્તર:– હે ભવ્ય ! જીવને અનાદિથી આત્મા અને કર્મના એકત્વ પણાના અભ્યાસના કારણે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, કષાય અને યોગરૂપ અધ્યવસાયના હેતુઓના સદ્ભાવને કારણે જીવમાં રાગદ્વેષ મોહરૂપ આસ્રવભાવ થાય છે. અને આસ્રવભાવનું નિમિત્ત થતાં કાર્મણવર્ગણા સ્વયં કર્મરૂપે પરિણમે છે. અને આઠ પ્રકારના દ્રવ્યકર્મનું નિમિત્ત પામતા નોકર્મનું કારણ થાય છે. અને નોકર્મ તે સંસારનું કારણ થાય છે.

જ્યારે આત્મા અને કર્મના ભેદજ્ઞાનવડે શુદ્ધાત્માનો અનુભવ થાય છે ત્યારે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, કષાય અને

યોગરૂપ અધ્યવસાયનો અભાવ થતાં રાગાદિરૂપ ભાવ આસ્રવો થતાં નથી, ભાવાસ્રવનો અભાવ થતાં દ્રવ્યાશ્રવ થતાં નથી, દ્રવ્યાસ્રવના અભાવને કારણે નોકર્મનો અભાવ થાય છે અને નોકર્મનો અભાવ થતાં સંસારનો અભાવ થાય છે. આ રીતે સંસારની ઉત્પત્તિ અને તેના નિરોધનું કારણ શ્રી સર્વજ્ઞદેવે કહ્યું છે. (જુઓ! સમયસાર ગાથા ૧૯૦, ૧૯૨ ગુજરાતી પૃષ્ટ ૨૪૪)

શંકાકાર :- હે ભગવંત ! પંચમકાળમાં મોક્ષ થતો નથી અને વર્તમાનકાળે મોક્ષ નો નિષેધ છે; તો જીવે મોક્ષનો પુરુષાર્થ શા માટે કરવો જોઇએ ?

ઉત્તર :- હે ભવ્ય ! પંચમકાળમાં મોક્ષ થતો નથી તે વાત યથાર્થ નથી. પંચમકાળમાં મોક્ષ ગયાના આગમ પ્રમાણો છે. જેમકે: શ્રી ગૌતમસ્વામી, શ્રી સુધર્માસ્વામી, શ્રી જંબુસ્વામી અને છેલ્લા શ્રીધર સ્વામી પંચમકાળમાંજ મોક્ષ ગયા છે. વળી વર્તમાનકાળે મોક્ષબંધ નથી. કારણ કે વિદેહ ક્ષેત્રથી વર્તમાનકાળે છ માસ આઠ સમયમાં છસોને આઠ જીવ અવશ્ય મોક્ષે જાય છે. તેથી વર્તમાનકાળે પણ મોક્ષ છે. પણ ભરતક્ષેત્રના વર્તમાનકાળે સાક્ષાત્ મોક્ષ થવાની અપેક્ષા એ નિકૃષ્ટપણું છે. છતાં આત્માનુભવનાદિ વડે સમ્યક્ત્વાદિ થવાની આ કાળમાં મના નથી. પંચમકાળનો આ ભરતક્ષેત્રનો જીવ વર્તમાને ત્રિકરણ વડે આત્માને ધ્યાવી સ્વર્ગલોકમાં વા લૌકાંતિકમાં દેવપણું પામે છે અને ત્યાંથી ચવી મનુષ્ય લોકના આર્યક્ષેત્રમાં જન્મ લઇ મહાવ્રતાદિ ધારણ કરી શુદ્ધોપયોગના સાધન (ધર્મધ્યાન) વડે શુદ્ધોપયોગ

સ્વરૂપ મોક્ષની પ્રાપ્તિ કરે છેઃ અર્થાત્ મોક્ષે જાય છે (જુઓ મોક્ષ પાહુડ ગાથા ૭૭)

શંકાકાર :– હે ભગવંત ! અમોને સમ્યગ્દર્શનની શીઘ્ર પ્રાપ્તિ થાય એવું સ્વરૂપ બતાવો.

ઉત્તરઃ– હે ભવ્ય ! પ્રથમ જીવે દેવાદિકનું શ્રદ્ધાન કરવું જોઇએ, ત્યારબાદ જિનમત પ્રમાણે જીવાદિતત્ત્વોનો વિચાર કરવો જોઇએ, તેના અભ્યાસથી તત્ત્વશ્રદ્ધાનની પ્રાપ્તિ થતાં સ્વ-પરનું ભિન્નપણું ભાસવા લાગે તેવા વિચાર કર્યા કરવા જોઇએ આવા અભ્યાસથી ભેદજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. પછી સ્વમાં સ્વપણું અને પરમાં પરપણું દૃઢ કરવા અર્થે સ્વરૂપનો વિચાર કરવો જોઇએ. એ પ્રમાણે સતત અભ્યાસથી આત્માનુભવની પ્રાપ્તિ થાય છે. કોઇ વખતે દેવાદિકના વિચાર કરે, તો કોઈ વખતે તત્ત્વોનો વિચાર કરે, વળી કોઇ વખતે સ્વપરનો વિચાર કરે અને કોઈ વખતે આત્મ-વિચારમાં ઉપયોગને લગાવે. એ પ્રમાણે સતત અભ્યાસથી દર્શન મોહમંદ થતો જાય છે અને તેમ થતાં થતાં જીવને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

જેમ પુત્ર પ્રાપ્તિ માટે વિવાહાદિ કારણો મેળવે, તો તેમાં ઘણા માણસોને પુત્રપ્રાપ્તિ વહેલા મોડી થાય છે. અને કોઈને ન પણ થાય, છતાં તેનો ઉપાય અવશ્ય કરવો જોઇએ. એકલો આત્માનોજ વિચાર કરવાથી સમ્યક્ત્વ થાય નહિ પણ જીવાજીવાદિ વિશેષોના સ્વરુપનું જ્ઞાન થાય તોજ મોક્ષમાર્ગના પ્રયોજનની સિદ્ધિ થાય છે. તત્ત્વશ્રદ્ધાનમાં દેવાદિકનું શ્રદ્ધાન અને

આત્મશ્રદ્ધાન ગર્ભિત છે. એ પ્રમાણે અનુક્રમથી સાધન કરે તો પરંપરા સાચા મોક્ષમાર્ગરૂપી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. તત્ત્વના વિચાર વિના ભેદજ્ઞાન થાય નહિં અને ભેદજ્ઞાન વિના સ્વપરનો નિર્ણય થાય નહીં અને નિર્ણય વિના મોક્ષમાર્ગ પામે નહીં; માટે દેવાદિકનું શ્રદ્ધાન પ્રથમ કાર્યકારી છે. અરિહંતદિના શ્રદ્ધાનથી ગૃહિત મિથ્યાત્વનો નાશ થાય છે. તત્ત્વાર્થનો વિચાર તો વિપરીતાભિનિવેશને દૂર કરવામાં શીઘ્ર કારણરૂપ થાય છે.

સર્વ પ્રથમ આત્માના હિતનું મૂળ શું છે તેનો સમ્યક્ પ્રકારે વિચાર કરવો યોગ્ય છે. તે સ્વરૂપને (કલ્યાણના માર્ગને) બતાવવાવાળા આપ્ત છે. તે આપ્તની સત્તાનો તમારા જ્ઞાનમાં નિશ્ચય કરવો એજ ધર્મનું મૂળ છે અરિહંત ભગવાનના આત્માને અર્થાત્ તેના દ્રવ્ય ગુણ પર્યાયને જેમ છે તેમ યથાર્થ-રૂપે તમારી શ્રદ્ધામાં લાવો. કારણ તેનો નિર્ણય કર્યા વગર શ્રદ્ધા કોની કરશો અને શ્રદ્ધા કર્યા વિના સમ્યક્ત્વની પ્રાપ્તિ અર્થાત્ મોક્ષ માર્ગની પ્રાપ્તિ કેમ થશે ?

સર્વજ્ઞનો નિર્ણય તે જ પોતાના આત્માનો નિર્ણય છે એમ આત્માની શ્રદ્ધા થતાં જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. જેમ સોળવલા શુદ્ધ સોનાનો નિર્ણય કર્યા વિના વર્તમાન અશુદ્ધ સોનાનો નિર્ણય કેમ કરશો ? અર્થાત્ કોના આશ્રિતે કરશો ? માટે સર્વ પ્રથમ સોળવલા સોનાના ગુણપર્યાયોનો સત્તારૂપે સ્વીકાર કરી તે નમુનાને ધ્યાનમાં રાખી વર્તમાન

અવસ્થાને જોવામાં આવશે તો ક્ષણિક પર્યાયદૃષ્ટિ છૂટી શુદ્ધદ્રવ્ય-દૃષ્ટિ ઉત્પન્ન થશે ત્યારે જ જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત થશે.

સર્વ જીવોને સુખપ્રિય છે અને દુઃખ અપ્રિય છે હવે યથાર્થ સુખ તો આત્મામાં છે. તે આત્મિક સુખની ઉત્પત્તિ કર્મોનો નાશ થતાં આત્મામાંથી પ્રગટ થાય છે. ભાવકર્મોનો નાશ સમ્યક્‌ચારિત્રથી થાય છે અને સમ્યક્‌ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક થાય છે. સમ્યગ્જ્ઞાન આગમથી થાય છે. આગમ તેને કહેવાય છે કે જેમાં પૂર્વાપર પરસ્પર વિરોધ ઉત્પન્ન ન થતો હોય; તેમજ જેમાં અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ, અસંભવ દોષરહિત હોયઃ નય, નિક્ષેપ, પ્રમાણ, ભંગ ન્યાય યુક્તિ, અનુમાનાદિથી સર્વ દોષોનો પરિહાર કરતું હોય તેને આગમ કહે છે તે આગમમાં સૂક્ષ્મ, અન્તરિત, દૂરવર્તી પદાર્થોનું નિરુપણ કોઇ મહાપુરુષ સિવાય કદાપિ થઇ શકે નહીં. તે મહાપુરુષ સર્વ દોષો થી રહિત, સર્વજ્ઞતા, વીતરાગતા અને હિતોપદેશતારૂપ ત્રિલક્ષણના ધારક હોય, તેવા સત્પુરુષનો નિર્ણય પ્રથમ યુક્તિ-પૂર્વક પોતાના જ્ઞાનમાં ધારણ કરવો જોઇએ અર્થાત્ સત્‌દેવ સત્‌ગુરુ અને સત્‌શાસ્ત્રનું પ્રથમ સ્વરૂપ સમજી તેનું શ્રદ્ધાન કરવું તે વ્યવહાર સમ્યક્‌ત્વ છે. માટે હે ભવ્ય! પડેલા વ્યવહાર સમ્યક્‌ત્વનું સ્વરૂપ બતાવું છું તેને ધ્યાનપૂર્વક સાંભળો.

દેવનું સ્વરૂપ

आप्तेनोच्छिन्नदोषेण सर्वज्ञेनागमेशिना ।
भवितव्यं नियोगेन नान्यथा ह्याप्तता भवेत् ॥૪૬૮॥

અર્થ:– આપ્ત ખરેખર તે હોઇ શકે છે કે જે દોષ રહિત, વીતરાગ છે, સર્વજ્ઞ છે અને આગમના સ્વામી હિતોપદેશી છે. એવા ત્રણ ગુણો રહિતને આપ્ત કહી શકાય નહીં.

ભાવાર્થ:– વીતરાગપણું (નિર્દોષપણું) સર્વજ્ઞપણું અને પરમહિતોપદેશકપણું એવા ત્રણ લક્ષણ રૂપ ગુણો જેમાં હોય તેનેજ આપ્ત કહી શકાય છે. તેમાંથી કોઇ એક ગુણ હોય તો તેને આપ્ત કહી શકાતા નથી. આપ્ત તેને કહી શકાય કે જે વિશ્વના બધા તત્ત્વોને સાક્ષાત્ જાણે છે. લોકાલોકના સર્વદ્રવ્ય ગુણ પર્યાયોને યુગપત (એકસાથે) એક સમય માત્રમાં પ્રત્યક્ષ સ્પષ્ટ-જુદા જુદા જેમ છે તેમ પોતાના ક્ષેત્રમાં વ્યાપીને દેખે–જાણે છે તે સર્વજ્ઞ છે. ધર્મનું સ્વરૂપ ઇન્દ્રિય ગોચર નથી અતીન્દ્રિય છે. જેનું ફલ સ્વર્ગ મોક્ષ છે તે વિષય પણ અતીન્દ્રિય છે.

શંકાકાર:– હે ભગવંત ! એકજ વીતરાગતાનું લક્ષણ હોય તો તેને આપ્ત કેમ ન કહી શકાય ?

ઉત્તર :– હે ભવ્ય ! આકાશ, ધર્મ, અધર્મ, પુદ્ગલ, કાળાદિક ને પણ નિર્દોષપણું છે. કારણ તેઓમાં ક્ષુધા, તૃષા, રાગદ્વેષાદિ નથી તો તેને પણ આપ્તનો પ્રસંગ આવશે.

શંકાકાર:– હે ભગવંત ! સર્વજ્ઞતાનું લક્ષણ હોય તો તેને આપ્ત કેમ ન કહી શકાય ?

ઉત્તર :– હે ભદ્ર ! સિદ્ધ પરમાત્મામાં નિર્દોષપણું અને સર્વજ્ઞતા હોવાથી તેમને આપ્તપણું પ્રાપ્ત થશે. જો સર્વજ્ઞતા આપ્તનું

લક્ષણ માનવામાં ન આવે તો ઇન્દ્રિય આધીન થોડા થોડા મૂર્તિક સ્થૂલ નિકટવર્તી વર્તમાન વસ્તુને જાણવાવાળાના વચનની પ્રમાણિકતા થશે તો અલ્પજ્ઞનું વચન કેમ પ્રમાણિક થઈ શકે? નજ થઇ શકે.

માટે હે શિષ્ય! વીતરાગતા, સર્વજ્ઞતા અને પરમહિતોપદેશકતા જ અરિહંત સકલ પરમાત્માનું યથાર્થ લક્ષણ થઇ શકે છે. અન્ય રાગાદિ યુક્ત, રોગાદિયુકત, આયુધાદિ યુકતમાં કોઇ પ્રકારે દેવપણું યોગ્ય નથી.

नष्टचतुर्घातिकर्म्मा दर्शनसुखज्ञानवीर्यमयः।
शुभदेहस्थः आत्माशुद्धः अर्हनविचिन्तनीयः ॥४६९॥

અર્થ :- જેણે ચાર પ્રકારના ઘાતિકર્મોનો નાશ કર્યો છે અને જે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય સહિત છે, સાત ધાતુ રહિત પરમઔદારિક શરીરમાં રહેલા છે અને અઢાર દોષ રહિત છે, તે અરિહંત પરમાત્મા સાચા દેવ હોવાથી ધ્યાનમાં ધ્યેય કરવા યોગ્ય છે.

ભાવાર્થ :- નિશ્ચય રત્નત્રય સ્વરૂપ જે શુદ્ધોપયોગરૂપ ધ્યાન છે તેનાથી ચાર ઘાતિકર્મોનો નાશ કરી અનંત ચતુષ્ટય (અનંતજ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય) ને પ્રાપ્ત કરેલ છે. સાતધાતુઓથી રહિત હજારો સૂર્યો સમાન દેદીપ્તમાન–પરમ ઔદારિક શરીરના ધારક અર્થાત્ શુભ શરીરમાં બિરાજમાન છે તે અઢાર દોષરહિત, વીતરાગ, સર્વજ્ઞ, અરિહંત આપ્તજ નિરંજન (જિનેન્દ્ર) દેવ છે.

જેઓ કાન્તિથી દશે દિશાઓને નિર્મળ કરે છે, જેઓ તેજ (પ્રભામંડળ) વડે અત્યંત તેજસ્વી સૂર્યાદિકના તેજને ઢાંકી દે છે. જેઓ રૂપથી જનોનાં મનહરી લે છે, જેઓ દિવ્યધ્વનિ વડે ભવ્યોના કાનોમાં જાણે કે સાક્ષાત્ અમૃત વરસાવતા હોય એવું સુખ ઉત્પન્ન કરે છે, જેઓ એક હજાર ને આઠ લક્ષણોના ધારક, સમવસરણાદિ વિભૂતિના સ્વામી ઇન્દ્રાદિક પણ જેઓના દાસપણે વર્તે છે અને ત્રિભુવનના અધિપતિઓના વલ્લભપણું એવું જેમનું માહાત્મ્ય છે તે તીર્થંકર સૂરિઓ અર્હંત પરમાત્મા જ વંદ્ય છે.

જે સકળ નિર્મળ કેવળજ્ઞાન, કેવળદર્શન, પરમવીતરાગાત્મક આનંદ આદિ અનેક વૈભવથી સમૃદ્ધ છે, જે ત્રિકાળ નિરાકરણ નિત્યાનંદ-એકરૂપ જેનું સ્વરૂપ છે એવા નિજ કારણ પરમાત્માની ભાવનાથી ઉત્પન્ન કાર્ય પરમાત્મા, તેજ ભગવાન અર્હંત્ પરમેશ્વર છે. આ ભગવાન પરમેશ્વરના ગુણોથી વિપરીત ગુણોવાળા બધા દેવાભાસો, ભલે દેવપણાના અભિમાનથી દગ્ધ હોય તો પણ તેઓ સંસારી છે.

ધર્મ ઉપદેશનાદાતાર અરિહંતદેવ આપ જગત્પૂજ્ય છો. કર્મરૂપી શત્રુને જીતવાવાળા હોવાથી **જિન** છો. સમ્પૂર્ણ દેવોના સ્વામી છો તેટલા માટે **મહાદેવ** છો. સુખ દેવાવાળા છો તેથી જ **શંકર** કહેવાવ છો. કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીથી બધા પદાર્થોના જાણવાવાળા હોવાથી **વિષ્ણુ** (વ્યાપક) છો. આત્માને જાણવાવાળા હોવાથી **બ્રહ્મા** છો. દુઃખને દૂર કરવાવાળા હોવાથી **હરિ** છો. આદિ અનેક નામોવાળા છો છતાં દેવત્વ લક્ષણની અપેક્ષાથી

આપ એક જ છો, અનેકરૂપ નથી. કારણકે અનંત ગુણાત્મક એકજ આત્મદ્રવ્ય પ્રસિદ્ધ છે.

જેમ ચંદ્રમાંથી અમૃત ઝરે છે તે પ્રમાણે અમૃત ઝરતી જિનભગવાનની વાણીને પોતાનાં કર્તવ્યના બારામાં સાંભળી તે ભિન્ન ભિન્ન જીવોને બાર ગુણી નિત્ય અનંત ગુણશ્રેણિરૂપ વિશુદ્ધિથી સંયુકત શરીરને ધારક કરતા અસંખ્યાત શ્રેણિરૂપ કર્મ, પટલનો નાશ કરે છે. જેમનું મન ભકિતમાં આશકત છે અને જેણે જિનેન્દ્ર દેવના પાદારવિન્દોમાં વિશ્વાસ રાખેલ છે એવા ભવ્ય જીવ અતીત, વર્તમાન અને ભાવીકાળને પણ જાણતા નથી. અર્થાત્ તેનામાં કાળ લેદો વિલીન થઇ જાય છે. એ પ્રમાણે પ્રભાવથી સંયુકત તે બધા તીર્થંકર ભરતક્ષેત્રમાં ઉત્કૃષ્ટ ધર્મ પ્રવૃતિનો ઉપદેશ દેતા થકા ભવ્ય સમૂહને આત્માથી ઉત્પન્ન થયેલ મોક્ષ સુખોને પ્રદાન કરો. (તિલ્લોયપન્નત્તિ ગાથા ૯૪૦ ૪૧-૪૨)

ચોત્રીસ અતિશયો અને આઠ મહાપ્રાતિહાર્યોથી સંયુકત મોક્ષ માર્ગના નેતા, ત્રણ લોકના સ્વામી તીર્થંકર ભગવંત અઢાર મહાભાષા અને સાતસો ક્ષુદ્રભાષાએ સ્વભાવતઃ અસ્ખલિત અનુપમ દિવ્યધ્વનિથી ભવ્ય જીવોને છ દ્રવ્ય, નવ પદાર્થ, સાત-તત્વો, અને પંચાસ્તિકાય રૂપ નાના પ્રકારના હેતુઓથી અર્થનું નિરૂપણ કરે છે. વિષય કષાયોથી અનાશકત અને મોહથી રહિત થઇ જિનેન્દ્ર દેવના શરણમાં જાઓ, એમ ભવ્ય જીવોને કહેવા માટે દેવો દુંદુભી વાજિંત્રોથી પુકારે છે. ચોસઠ ચમરોથી વિજ્યમાન, જેમના દર્શન માત્રથીજ સંપૂર્ણ જીવોને પોતાના સાત ભવો

દેખવામાં નિમિત્ત છે. કરોડો સૂર્યો સમાન ઉજ્વલ, સો ઇન્દ્રોથી પૂજનિક, વંદનીય અર્ચનીય, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, નરેન્દ્ર, મહેન્દ્ર, સુરેન્દ્ર અસુરેન્દ્ર, ગણધરેન્દ્ર, મુનીન્દ્રોએ ગાઢ ભક્તિથી આશકત થઈ બન્ને હાથો જોડી જેના ચરણ કમલોમાં નતમસ્ત થયા છે. અર્થાત્ નમસ્કાર કરે છે એવા નિર્મળ ચંદ્ર મંડલ સદશ તેજસ્વી જીવન્મુકત અરિહંત પરમાત્મા સર્વ ગુણોથી શુદ્ધ શુદ્ધ છેઃ તે જ સાચા દેવ પદના ધારી છે.

અઢાર દોષનું સ્વરૂપ

क्षत्पिपासाजरान्तकजन्मान्तक भयस्मयाः ।
न रागद्वेषमोहाश्च यस्याप्तः स प्रकीर्त्यते ॥४७०॥

અર્થ :- ક્ષુધા; તૃષા, જરા. રોગ, જન્મ, મૃત્યુ, ભય, મદ, રાગ, દ્વેષ, મોહ, ચિંતા, રતિ, નિદ્રા, આશ્ચર્ય (વિસ્મય) વિષાદ (ઉદ્વેગ–શોક) સ્વેદ (પસીનો) ખેદ (વ્યાકુલતા) એમ અઢાર દોષ જેમાં નથી તે આપ્ત છે.

ભાવાર્થ

૧ અસાતાવેદનીય (કર્મના ઉદય) ની તીવ્ર ઉદીરણા થતાં થતી ક્ષુધા અને મોહનીયકર્મ (અરતિ–લોભ) ના ઉદય નિમિત્તે થતી જે ખાવાની ઇચ્છારૂપ દુઃખ (કલેશ) તે ક્ષુધા છે. (વીર્યાંતરાયના ઉદયથી તેની વેદના સહી શકાતી નથી.)

૨ અસાતાવેદનીય (કર્મના ઉદય)ની તીવ્ર, તીવ્રતર ઉદીરણા થતાં થતી પીડાથી ઉપજતી તૃષા છે તે મોહનીય (અરતિ–લોભ)

કર્મના ઉદય નિમિત્તે થતી પીવાની ઇચ્છારૂપ દુઃખ તે તૃષા છે (વીર્યાંતરાયના ઉદયથી તે વેદના સહી શકાતી નથી)

૩ આયુના ક્ષીણથી તિર્યંચો અને મનુષ્યોના ઔદારિક શરીરમાં વયકૃત થતી દેહની જીર્ણ અવસ્થાને જરા (બુઢાપો) કહે છે.

૪ અશુભ નામ કર્મ અને અસાતાવેદનીયના ઉદયથી વાત, પિત્ત અને કફની વિષમતાથી ઉત્પન્ન થતી શરીર સંબંધી પીડા તે રોગ છે.

૫ શુભ, અશુભ, માયાચાર અને શુભાશુભ (મિશ્ર) ભાવોથી બંધાતા આયુકર્મના ઉદયથી ચાર ગતિઓમાં થતી ઉત્પત્તિ તે જન્મ છે.

૬ નર, નારકાદિ ઔદારિક, વૈક્રિયિક શરીરની વિભાવ વ્યંજન પર્યાયોનો સાદિ–અંત થતો આયુનો વિનાશ તે મૃત્યુ છે.

૭ દર્શનમોહનીય કર્મના ઉદય નિમિત્તે થતાં સાત પ્રકારનો ભય (આલોક, પરલોક, અરક્ષા, અગુપ્તિ, મરણ, વેદના, અકસ્માત) અને ચારિત્ર મોહનીય કર્મના ઉદયજન્ય થતો અસ્થિરતારૂપ ભય તેને ભય કહે છે.

૮ જાતિ, કુળ, રૂપ, બળ, તપ, જ્ઞાન, ઐશ્વર્ય અને સમ્પદાને લીધે આત્મામાં જે અહંકારની ઉત્પત્તિ થવી તે મદ છે.

૯ દેવ, ગુરુ, શાસ્ત્ર, તપસ્વી આદિપ્રત્યે થતો રાગ તે પ્રશસ્ત રાગ છે અને ચાર વિકથાઓમાં કૌતૂહલ પરિણામ તે અપ્રશસ્ત રાગ છે.

૧૦ કષાયના ઉદયમાં થતું જીવનું પરિણામ તે રોષ (દ્વેષ) છે.

૧૧ પર પદાર્થોમાં આત્મબુદ્ધિ થવી તે મોહ છે. તે દર્શન-મોહનીય કર્મના ઉદયમાં થતો કર્તૃત્વ-ભોકતૃત્વ પરિણામ તે મોહ છે.

૧૨ આર્તરૂપ તથા રૌદ્રરૂપ ચિંતન તે અપ્રશસ્ત ચિંતા છે અને ધર્મરૂપ અને શુકલરૂપ ચિંતન તે પ્રશસ્ત ચિંતા છે.

૧૩ મનોજ્ઞ વસ્તુઓમાં પરમપ્રીતિ થવી તેને રતિ કહે છે.

૧૪ દર્શનમોહનીય કર્મના ઉદયથી જેમાં જ્ઞાનજ્યોતિ અસ્ત થઇ જાય તે નિદ્રા છે.

૧૫ પરમ સમતા ભાવના અનુભવ રહિત જીવોને કોઇપણ વખતે પૂર્વે નહિ જોયેલું એવું જોવાનો થતો ભાવ તે વિસ્મય (આશ્ચર્ય) છે.

૧૬ ઇષ્ટ વિયોગમાં ગભરાટ થાય તે શોક (ઉદ્વેગ) છે.

૧૭ અશુભકર્મના વિપાકજનિત શારીરિક શ્રમથી તથા બાહ્ય કારણોથી શરીરમાં ઉત્પન્ન થતો, જે દુર્ગંધના સંબંધને લીધે ખરાબ વાસવાળા જળબિંદુઓનો સમૂહ તે સ્વેદ છે.

૧૮ અનિષ્ટની પ્રાપ્તિ થવી તે ખેદ છે.

અસાતાકર્મની ઉદીરણાથી થતાં ત્રણ દોષ ક્ષુધા, તૃષા, રોગ, જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી વિસ્મય, દર્શનાવરણીય કર્મના

ઉદયથી થતી નિન્દ્રા, અંતરાય કર્મના ઉદયથી થતી થકાવટ (સ્વેદ) આયુકર્મના ઉદય, ક્ષીયુ, વિનાશથી થતી જન્મ, જરા, મૃત્યુ, ચારિત્રમોહની કર્મના ઉદયથી થતાં ભય, મદ, રાગ, દ્વેષ, મોહ, ચિંતા, રતિ, શોક, ખેદ એ કર્મોના સર્વથા અભાવથી અરિહંત ભગવંતોમાં અઢાર પ્રકારના દોષ હોતા નથી. તેથી તેઓ જ આપ્ત છે.

ગુરુનું સ્વરૂપ

विषयाशावशातीतो निरारम्भोऽपरिग्रहः
ज्ञानध्यानतपोरक्तस्तपस्वी स प्रशस्यते ॥४७१॥

અર્થ:- પાંચ ઇન્દ્રિયના વિષયોની આશારહિત, છકાય જીવોની ઘાત કરવાવાળા આરંભથી રહિત, અન્તરંગ બહિરંગ સમસ્ત પરિગ્રહથી રહિત અને જ્ઞાન, ધ્યાન, તપમાં લવલીન છે એવા ચાર વિશેષણો સહિત તપસ્વીને જ સાચા ગુરુ માનવા યોગ્ય છે.

ચોવીશ પ્રકારના પરિગ્રહનું સ્વરૂપ

मिथ्यात्ववेदरागा तथैव हास्यादिकाश्च षट्दोषाः ।
चत्वारः तथा कषायाः चतुर्दश आभ्यंतरा ग्रंथाः ॥४७२॥

क्षेत्रवास्तु धनधान्यगतं द्विपदचतुष्पदगतं च ।
यानशयनासनानि च कुप्ये भांडेषु दश भवंति ॥४७३॥

અર્થ:- મિથ્યાત્વ, ત્રણવેદ (સ્ત્રી પુરુષ, નપુંસક) રતિ (રાગ)

હાસ્ય, અરતિ, ભય, શોક, જુગુપ્સા, ક્રોધ, માન, માયા અને લોભ, એ પ્રમાણે ચૌદ અભ્યંતર પરિગ્રહ છે. ક્ષેત્ર (ખેતરાદિ-જમીન) વાસ્તુ (મકાનાદિ) ધન (સોનાદિ) ધાન્ય (ઘઉં આદિ) દાસદાસી (બે પગા નોકર) ગાય ભેંસાદિ (ચાર પગા પશુ) સવારી (ગાડી, મોટરાદિ) શયન આસન (પલંગ આદિ ફરનીચર) કુપ્ય (કપડા આદિ) અને ભાંડ (ઠામ વાસણ આદિ) એ દશ પ્રકારે બાહ્ય પરિગ્રહ છે. એમ ચોવીશ પ્રકારના પરિગ્રહાદિનો ત્યાગ (વ્યુત્સર્ગ) છે.

ભાવાર્થ:– જેમની પાંચ ઇન્દ્રિયોની તૃષ્ણા મટી ગઇ છે તે જ મોક્ષ માર્ગનો સાચો પ્રયત્ન કરી શકે છે. તેના ભાવમાં ઇન્દ્રિય વિષય સુખ, દુઃખ રૂપ આકુલતા થતી નથી. સદા સમતા ભાવના સાધક છે. સર્વ પ્રકારનો આરંભ ત્યાગ છે. અંતરંગ બહિરંગ મૂર્ચ્છા પરિગ્રહના ત્યાગી છે. જેમણે અંતરંગ ચૌદ પ્રકારના પરિગ્રહ ભાવનો ત્યાગ કરી આપ્યો છે (મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા સ્ત્રીવેદ, નપુંસકવેદ, અને પુરુષ વેદ); અને મૂર્ચ્છાના કારણભૂત દશ પ્રકારનો બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરેલ છે. (ક્ષેત્ર, વાસ્તુ, હિરણ્ય, સુવર્ણ ધન, ધાન્ય, દાસ, દાસી, કુપ્ય (કપડા) અને ભાંડ (ઠામ વાસણ): તે બધા મમત્વભાવને વધારવાવાળા, પ્રમાદભાવ અને હિંસાના સાધનભૂત છે. તેથી તેનો ત્યાગ કરવો યોગ્ય છે.

ગુરુનું બાહ્યલિંગ

યથાજાતરુપજાતમુત્પાટિતકેશશ્મશ્રુકં શુદ્ધમ્ ।
રહિતંહિંસાદિતોઽપ્રતિકર્મ ભવતિ લિઙ્ગમ્ ।૪૭૪॥

અર્થ:- જન્મ સમયના રૂપ જેવા રૂપવાળું, માથાના અને દાઢી મૂછના વાળનો લોચ કરાયેલું, શુદ્ધ (અકિંચન) હિંસાદિથી રહિત અને શરીરની સજાવટ વિનાનું એવું મુનિનું બહિરંગ લિંગ (રૂપ) હોય છે.

આચાર્યનું સ્વરૂપ

दहधम्मो तपवारह आवसिसह पण्णाचार तीएगुती ।
इणछत्तीस गुणजुत्तो सूरोजगपूज्जहोइ मुणणाहो ॥४७५॥

અર્થ:- દશધર્મ, બારતપ, ષટ્આવશ્યક, પંચાચાર, ત્રણ ગુપ્તિ એમ મળી છત્રીસ ગુણ આચાર્યના છે (બૃહદ્દ્રવ્ય સંગ્રહ ગાથા (૫૨)માંથી વિશેષ જાણવું.)

ઉપાધ્યાયનું સ્વરૂપ

अंग अेकादश जुत्तो चउदह पूव्वाय णाण संजुत्तो ।
सो उवझाओ अप्पा गुणवीसाय पण सहिओ । ४७६॥

અર્થ:- અગિઆર અંગ, ચૌદપૂર્વનું જ્ઞાન છે એવા પચીસ ગુણ યુકત ઉપાધ્યાયજી હોય છે એમ સંક્ષેપથી જાણો. (વિશેષ બૃહદ્દ્રવ્ય સંગ્રહ ગ્રંથની ગાથા ૫૩ થી જાણવું)

મુનિનું સ્વરૂપ

दर्शनज्ञानसमग्रं मार्गं मोक्षस्य यः हि चारित्रम् ।
साधयति नित्यशुद्धं साधुः सः मुनिः नमः तस्मै ॥४७७॥

અર્થ:- જે મુનિ દર્શન, અને જ્ઞાન સહિત મોક્ષના માર્ગરૂપ સદ્ધાશુદ્ધ ચારિત્રને સાધે છે તે સાધુ પરમેષ્ટિ છે તેને નમસ્કાર છે (વિશેષ ખુલાસો બૃહદ્દ્રવ્ય સંગ્રહ ગાથા ૫૪ થી જાણવું.)

ગુરુના અઠાવીશ મૂળ ગુણ

વ્રતસમિતીન્દ્રિયરોધો લોચાવશ્યકમચેલમન્સાનમ્ ।
ક્ષિતિશયનમદન્તધાવનં સ્થિતિભોજનમેકમક્તં ચ ॥૪૭૮॥

અર્થ:- વ્રત, સમિતિ, ઇન્દ્રિયરોધ, લોચ, આવશ્યક, અચેલપણું, અસ્નાન, ક્ષિતિશયન, અદંતધોવન, ઉભાં ઉભાં ભોજન, એક વખત આહાર, આ ખરેખર શ્રમણોના મૂળ ગુણો જિનવરો એ કહ્યા છે. તેમાં પ્રમત્ત થવાથી શ્રમણ છેદોપસ્થાપક થાય છે.

ભાવાર્થ:- પાંચવ્રત, (અહિંસા, સત્ય અચૌર્ય બ્રહ્મચર્ય અને પરિગ્રહ ત્યાગરૂપ મહાવ્રત છે.) પાંચ સમિતિ, (ઇર્યા, ભાષા, એષણા, આદાન નિક્ષેપણ, પ્રતિષ્ઠાપના-ઉત્સર્ગ સમિતિ) ઇન્દ્રિય-રોધ, (ચક્ષુ, કર્ણ, ઘ્રાણ, જીભ્હા, અને સ્પર્શ ઇન્દ્રિયોનો નિરોધ) લોચ, (માથુ, દાઢી અને મૂછના વાળનો લોચ) આવશ્યક, (સમતા-સામાયિક, સ્તુતિ, વંદના, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને કાયોત્સર્ગ એમ છ આવશ્યક ક્રિયાઓ) અચેલપણું (નગ્ન રહેવું) અસ્નાન, (સ્નાન ન કરવું) ક્ષિતિશયન, (ભૂમિ, શિલા ઉપર કરવટથી ધનુષદંડ માફક સૂવું) અદંત ધોવન, (દાંતનું સાફ ન કરવું) સ્થિતભોજન, (ઉભાં ઉભાં બન્ને હાથમાં ભોજન કરવું) (આચારસાર અધ્યાય ૧ ગાથા ૧૬-૪૯ સુધીમાંથી વિશેષ જાણવું).

પંચાચારનું સ્વરૂપ.

दर्शनज्ञानचारित्रतपोवीर्यविशेषतः ।
पंचभेदांचिताचारे तावदाद्यो निगद्यते ॥४७९॥

અર્થ :- દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એમ પાંચ પ્રકારના આચારોને મુનીશ્વરો પાલન કરે છે.

ભાવાર્થ :- દર્શનાચારના આઠ ભેદ છે (નિઃશંકિતત્વ, નિઃકાંક્ષિતત્વ, નિર્વિચિકિત્સત્વ, નિર્મૂઢદૃષ્ટિત્વ, ઉપબૃંહણ, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના) જ્ઞાનાચારના આઠ ભેદ છે. (શબ્દાચાર, અર્થાચાર, ઉભયાચાર કાલાચાર, વિનયાચાર, ઉપધાનાચાર, બહુમાનાચાર અને અનિહ્નવાચાર) ચારિત્રાચારના તેર ભેદ છે (પાંચમહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ) તપાચારના બાર ભેદ છે. (અનશન, અવમૌદર્ય, વૃતિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિકતશય્યાશન, કાયકલેશ, પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ.) અને વીર્યાચાર એમ પંચાચારનું સંક્ષેપમાં વર્ણન કર્યું છે. (વિશેષ પુરુષાર્થસિદ્ધ્યુપાય પૃષ્ટ ૨૮ આચારસાર, મૂલાચાર, ભગવતી આરાધના બૃહદ્દ્રવ્ય સંગ્રહ પૃષ્ટ ૧૫૮ થી જાણવું.)

દશ ધર્મનું સ્વરૂપ

धर्मः सेव्यः क्षान्तिर्मृदुत्वमृजुता च शौचमथ सत्यम् ।
आकिञ्चन्यं ब्रह्म त्यागश्च तपश्च संयमश्चेति ॥४८०॥

અર્થ :- ક્ષમા, મૃદુતા (માર્દવ) આર્જવ (સરલપણું) શૌચ, સત્ય, આકિંચન, બ્રહ્મચર્ય, ત્યાગ, તપ, સંયમ એમ દશ પ્રકારનો ધર્મ સેવવા યોગ્ય છે.

ભાવાર્થ :- ક્રોધ કષાયને કારણ પરિણામોને કલુષિત ન થવા દેવા તેનું નામ **ક્ષમા**, આઠ મદમાંથી કોઇ મદનું ન થવા દેવું તે **માર્દવ**, મન વચન કાયની ક્રિયાઓને વક્ર ન રાખવી તથા કપટનો ત્યાગ તે **આર્જવ**, અંતઃકરણમાં લોભ ગૃદ્ધિતાને ન્યુન કરવું અને બાહ્ય શરીરાદિકમાં પવિત્રતા રાખવી તે **શૌચ**, યથાર્થ વચન કહેવું તે **સત્ય**, પરિગ્રહનો અભાવ, શરીરાદિકમાં મમત્વ ન કરવું તે **આકિંચન**, કર્મક્ષય કરવા માટે અનશનાદિ કરવું તથા ઇચ્છાનો નિરોધ તે **તપ**, બીજા જીવો પર દયાભાવ કરી જ્ઞાન, આહારાદિ દાન દેવું તે **ત્યાગ**, ઇન્દ્રિય નિરોધ તથા ત્રસ સ્થાવર જીવોની રક્ષા કરવી તે **સંયમ** અને આત્મામાં **લીન** રહેવું અને સ્ત્રી સંભોગનો ત્યાગ કરવો તે **બ્રહ્મચર્ય** એમ દશ ધર્મોનું કથન સંક્ષેપમાં જાણવું.

દ્વાદશ ભાવનાનું સ્વરૂપ

अध्रुवमशरणमेकत्वमन्यताऽशौचमास्रवोजन्म ।
लोकवृषबोधिसंवरनिर्ज्जराः सततमनुप्रेक्ष्याः ॥४८१॥

અર્થ:- અધ્રુવ, અશરણ, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંસાર, લોક, ધર્મબોધિદુર્લભ, સંવર અને નિર્જરા એમ બાર ભાવનાનું સદા વારંવાર ચિંતવન તથા મનન કરવું જોઇએ. (પુરુષાર્થસિદ્ધ્યુપાય, સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષામાંથી વિશેષ જાણવું)

બાવીસ પરીષહનું સ્વરૂપ

क्षुत्तृट्शीतमलोष्णदंशमशकेर्यारोगशय्यातृण-
स्पर्शक्लेशवधानलाभमरतिं निर्दर्शनं स्त्रीक्रमम् ।

प्रज्ञाऽज्ञानभवौ सनाग्न्यशयनान्सत्कारयाञ्चानिष-
द्योद्भूतांश्च परीषहान्विजयते यो वीर्यचर्योयतिः ॥४८२॥

અર્થ:– ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, મલ, દંશમશક, ઇર્યા (ગતિ-ચર્યા) રોગ, શય્યા, તૃણસ્પર્શ, બંધ, અલાભ, અરતિ, અદર્શન, સ્ત્રી, પ્રજ્ઞા, અજ્ઞાન, નાગ્ન્ય, આક્રોશ, સત્કાર પુરસ્કાર, યાચના, નિષધા, એ બાવીસ પરિષહોને જે મુનીશ્વરો જીતે છે તે વીર્યા-ચારને પાલન કરવાવાલા છે. (આચારસાર, પુરુષાર્થસિદ્ધ્યુપાય આદિ ગ્રંથોમાંથી વિશેષ ખુલાસો જાણવો.)

ધર્મ ધ્યાનના ભેદ

धर्म्यशुक्लमिति द्विभेदमुदितं सद्ध्यानमाद्यं तयो-
राज्ञाऽपायविपाकगाच्च विचयात्संस्थानगात्स्याच्चतुर्भेदं ॥४८३॥

અર્થ :– શ્રેષ્ટ ધ્યાનના બે ભેદ છે. એક ધર્મધ્યાન અને બીજું શુકલ ધ્યાન. તેમાંથી ધર્મધ્યાનના આજ્ઞાવિચય અપાયવિચય, વિપાકવિચય, અને સંસ્થાનવિચય એમ ચાર ભેદ છે.

ભાવાર્થ :– છેલ્લા સંસ્થાન વિચયના ચાર ભેદ છે. પિંડસ્થ, પદસ્થ, રુપસ્થ અને રુપાતીત આ ધર્મધ્યાન પીત, પદ્મ, શુકલ

એ ત્રણ શુભ લેશ્યાથી ઉત્પન્ન થાય છે. તે શુભોપયોગરૂપ હોવાથી સ્વર્ગનું કારણ છે.

શુકલ ધ્યાનના ભેદ

शुक्लध्यानमतश्चतुर्विधमिदंप्रोक्तंवितर्कौ पृथ-
क्त्वैकत्वानुगतावुभावपि सवीचारेतरौ स्तः क्रमात्
कार्यस्यातिशयेन जातपरमानन्दं तु सूक्ष्मक्रियं
ध्यानं ह्यप्रतिपाति तादृशसमुच्छिन्नक्रियं चेत्यपि ॥४८४॥

અર્થ :- શુકલ ધ્યાનના ચાર ભેદ છે. પૃથકત્વવિતર્કવિચાર, એકત્વવિતર્કઅવિચાર, સૂક્ષ્મક્રિયાપ્રતિપતિ અને (વ્યુપરત ક્રિયા નિવર્તિ) સમુચ્છિન્નક્રિયાપ્રતિપતિ.

ભાવાર્થ :- આ ધ્યાન શુદ્ધોપયોગ રૂપ છે. પહેલું ધ્યાન આઠમાં ગુણસ્થાનથી બારમાં ગુણસ્થાનના થોડા ભાગ સુધી હોય છે. બીજુ ધ્યાન બારમાં ગુણસ્થાને થાય છે. ત્રીજુ ધ્યાન તેરમાં ગુણસ્થાને હોય છે, ચોથુ ધ્યાન ચોદમાં ગુણસ્થાનમાં થાય છે. (ધ્યાનનું વર્ણન આચારસાર ગ્રંથ અધ્યાય દશમાંથી વિશેષ જાણવું.)

મુનિઓને રહેવાનું સ્થાન

गिरिकंदरा स्मशानं शून्यागारं च वृक्षमूलं वा ।
स्थानं वैराग्यबहुलं धीरो भिक्षुः निषेवतां ॥४८५॥

અર્થ:- પર્વતની ગુફા, મસાણ ભૂમિ, સૂનું ઘર, વૃક્ષનીપોલ (કોટર) એવા વૈરાગ્યના કારણ સ્થાનોમાં ધીર મુનિ રહે છે.

ભાવાર્થ:- ઉત્તમકુળ જાતિવાળા પુરુષથી દેવામાં આવતા શરીર યોગ્ય પ્રાસુક નવકોટીથી શુદ્ધ નિરવદ્ય નવધા ભક્તિ પૂર્વક, ઉદ્‌ગમ, ઉત્પાદન, અધઃકર્મ કૃતાદિ છેંતાલીસ દોષ રહિત, એષણા સમિતિ કરી શુદ્ધ, બત્રીશ અંતરાય રહિત, ચૌદ મલોથી રહિત, એવા આહારને દ્રવ્ય પ્રમાણુ, ક્ષેત્ર, કાળ, ભાવને જાણી સૂર્ય ઉદયથી ત્રણ ઘડીબાદ અથવા અસ્ત થવાના ત્રણ ઘડી પહેલા બત્રીશ ગ્રાસ માત્ર અથવા બે ભાગ માત્ર ભોજન, એક ભાગ પાણી અને એક ભાગ પેટ ખાલી રહે એ પ્રમાણે ઉભા ઉભા કરપાત્રમાં એકવાર સમ્યક્‌-ચારિત્રના પાલન માટે ભિક્ષા ભોજન કરવા ગ્રામનગરમાં દ્રરિદ્ર, ધનવાનનાં ભેદ રહિત સામાન્ય ઘરોમાં ઘરોની પંકિતથી તે મુનિ મૌનથી ભ્રમણ કરે છે. મોક્ષની ગાડી રૂપ દેહની સ્થિતિ રૂપ ધરાને અથવા ક્ષુધા વેદનીને શાંત કરવા માટે જ્યાં અંગારારહિત, ધૂમ્ર દોષ રહિત, ઘરોમાં યથાવિધિએ પ્રવેશ કરી, આહાર કરી, જિનાલયાદિમાં ભવ્ય જીવોને વિષય કષાયાદિ ને છોડવાનો ધર્મો-પદેશ આપે છે. તેમાં પણ આદેશ કરતા નથી. આદેશ કરવો તે મુનિઓનો ધર્મ નથી. ત્યાર બાદ મુનિઓ પાછા જંગલમાં જઇ આત્મધ્યાનમાં લીન થાય છે. તેનાથી વિપરીત ક્રિયા કરનાર મુનિ નથી.

વિશેષાર્થ:- અશુભથી છુટવા અને શુભમાં પ્રવૃતિ કરવા તેર-પ્રકારે વ્યવહાર નયથી જિનેન્દ્ર ભગવાનની આજ્ઞાનુસાર મુનીશ્વરો વ્યવહારચારિત્ર પાળે છે. આ વ્યવહાર ચારિત્ર શુભોપયોગરૂપ હોવાથી પુણ્ય બંધનું કારણ છે છતાં તે શુદ્ધોપયોગની પ્રાપ્તિના આલંબન રૂપ છે. સમ્યગ્દૃષ્ટિનું ધ્યાન સદા નિશ્ચય ચારિત્ર તરફ

હોય છે. મારો આત્મા જ સાધક છે, મારો આત્મા જ સાધ્ય છે. મારા આત્મામાં જ મોક્ષ છે અને મારા આત્મામાં જ મોક્ષ માર્ગ છે. આત્મ સ્વભાવની પૂર્ણદશાની પ્રાપ્તિ તેજ મોક્ષ છે. તેથી તેનું સાધન પણ નિશ્ચય રત્નત્રય રૂપ નીજ આત્મીક ભાવજ છે, અન્ય કાંઇ નથી. એ પ્રમાણે ગુરુ સ્વરૂપ અને સંક્ષેપમાં તેઓની ક્રિયા આદિનું વર્ણન કરેલ છે. એવા ચારિત્રના ધારક નિર્ગ્રંથ ગુરુ છોડી અન્ય કોઈ જીવ ગુરુ સંજ્ઞાને પામી શકતો નથી. જેનામાં ધર્મ (ચારિત્ર) અપેક્ષાએ મહંતતા હોય તે જ ખરેખર ગુરુ (ઉત્કૃષ્ટ) પદને યોગ્ય છે એવું નિર્ગ્રંથ પ્રસિદ્ધ વચન છે.

સારાંશઃ– આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ત્રણે સમાન નિષ્પરિગ્રહતા અને કષાયને જીતવાવાલા છે. બાહ્ય વેષ નગ્ન (નિર્ગ્રંથ) સમાનરૂપ હોય છે. તપ, વ્રત, મૂલગુણ, ઉત્તર ચોરાસી લાખ-ગુણ, અઢારહજાર શીલ ગુણ, આહાર, પરીષહ ઉપસર્ગાદિ સમાન હોય છે. સામાન્ય પ્રકારથી એકજ ગુરુ છે. વિશેષ રીતિથી ભેદછે.

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે આત્મિક ગુણ તથા રત્નત્રય સ્વરૂપ મોક્ષ માર્ગ છે તે પણ અંતરંગ અને બાહ્યમાં સમાન છે. ધ્યાન, ધ્યાતા, ધ્યેય, જ્ઞાન, જ્ઞાતા, જ્ઞેય, ચાર આરાધના (સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ,) ક્રોધાદિ કષાયોના જીતવાવાળા છે. તેઓ શમ, દમ, યમનું નિવાસસ્થાન, મૈત્રી, દયા, દમનું મંદિર છે. જીવ રક્ષા માટે પીછી, શૌચાદિ ક્રિયાની શુદ્ધિ માટે કમંડળ અને જ્ઞાનોપયોગ માટે શાસ્ત્ર છે એમ આગમાનુસાર ઉપકરણ રાખે છે. અન્ય કોઇ પણ પ્રકારનો પરિગ્રહ હોતો નથી

જ્ઞાન, ધ્યાન, તપમાં લવલીન રહે છે. જંગલમાં જેઓનો સદા વાસ છે. આહારાદિ માટે જ નગર ગામોમાં આવે છે. આચાર્ય તેને કહે છે કે, બીજા મુનિઓને પાંચ પ્રકારનો આચાર ગ્રહણ કરાવે, દીક્ષા આપે, જો કોઇ સાધુના વ્રતનો ભંગ થઈ જાય અને વ્રતભંગ થયા પછી તે સાધુને ફરીથી વ્રત ધારણ કરાવે, પ્રાયશ્ચિત કરાવે આદિ કર્તવ્ય આચાર્યનું હોય છે.

ઉપાધ્યાય તેને કહે છે કે, જે પોતે ભણે બીજાને ભણાવે: અર્થાત્ સ્વાધ્યાયમાં ઉપયુકત કરે તેને ઉપાધ્યાય કહે છે.

એવા ગુરુ છોડી અન્ય કોઈ પણ ગુરુ સંજ્ઞા પામવાને લાયક નથી, તેવા ગુરુ પ્રત્યેની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યક્ત્વ છે.

આગમનું સ્વરૂપ

आप्तोपज्ञमल्लंध्यन दृष्टेष्टविरोधकं ।
तत्त्वोपदेशकृत् सार्वशास्त्रंकापथघट्टनं ॥४८६॥

અર્થ :- શાસ્ત્ર તેને કહે છે જે સર્વજ્ઞ વીતરાગનું કહેલ હોય, કોઈ વાદી પ્રતિવાદીથી ઉલ્લંઘન (ખંડન) ન થાય, પ્રત્યક્ષ, પરોક્ષ પ્રમાણથી જેમાં વિરોધ ન આવે, વસ્તુનું યથાર્થ સ્વરૂપ હોય તેવોજ ઉપદેશ કરવાવાળું હોય, સર્વજીવોને હિતકારી હોય, અને મિથ્યામાર્ગ (કુમાર્ગ) નું નિરાકરણ કરવાવાળું હોય એવા છ વિશેષણો સહિત હોય તેને શાસ્ત્ર કહે છે.

ભાવાર્થ :- આપ્તના વચનાનુસાર ઉત્પન્ન થયેલ જે અર્થ તેને આગમ કહે છે. જેમાં પૂર્વાપર, પરસ્પર, અતિવ્યાપ્તિ અવ્યાપ્તિ;

અસંભવ, અસિદ્ધ, વિરૂદ્ધ. અનેકાંતિક, હેત્વાભાસ, અકિંચિત્કર, સંકરાદિ દોષ રહિત, હેય જ્ઞેય, ઉપાદેય બુદ્ધિરૂપ, સાધક બાધકમાં પરીક્ષા પ્રમાણરૂપ હોય તેને શાસ્ત્ર કહે છે. આપ્તનું વાકય જેમાં કારણ પડે છે એવું અર્થ જ્ઞાનજ આગમ છે તત્ત્વનું જ્ઞાન શાસ્ત્રથી થાય છે. જેમાં આત્મજ્ઞાન (ભેદવિજ્ઞાન) ની પ્રાપ્તિ થાય, અહિંસા તત્ત્વની પુષ્ટિ થાય, જીવના કલ્યાણનું જેમાં કથન હોય, સર્વજીવોને હિતકારી, મોક્ષમાર્ગનું યથાર્થ નિરાકરણ કરવાવાળું હોય, જેમાં વીતરાગ ભાવની ઝલક હોય, અનેકાંતવાદ રૂપ વસ્તુ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવતું હોય, ક્ષમાદિ ધર્મોથી ભરપુર હોય, તેજ યથાર્થમાં શાસ્ત્ર છે. તેનાથી ભિન્ન (લક્ષણો) આત્માઓનું અહિત કરનાર શસ્ત્ર છે.

જે આગમદ્વારા જીવને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે તે જીવ ન્યુનતાવિના, અધિકતાવિના, વિપરીતતાવિના યથાતથ વસ્તુસ્વરૂપને નિઃસંદેહપણે જાણે છે એમ સર્વજ્ઞદેવે કહ્યું છે. તે પરમાગમ પરમેશ્વરના મુખ કમળમાંથી નીકળેલ હોય, ચતુરવચન રચનાથી વિસ્તાર પૂર્ણ હોય મુક્તિના સ્વરૂપને દર્શાવતું હોય, સંસાર સમુદ્રના મહા વમળમાં નિમગ્ન સમસ્ત ભવ્ય જનોને હસ્તાવલંબનરૂપે હોય છે. તે વાણી ભવ્યજીવોના કર્ણરૂપી અંજલિથી પીવા યોગ્ય છે. સંસારના વિષયભોગોથી ઉત્પન્ન થતાં રાગાદિરૂપ અંગારાઓ વડે શેકાતા ભવ્ય જીવોના મહાકલેશનો નાશ કરવામાં મેઘસમાન સમર્થ છે. તે જ વાણીને પરમાગમ કહેવામાં આવે છે.

ચાર અનુયોગનું સ્વરૂપ

अक्षेपणी विक्षेपणी संवेजनी निर्वेजनी ।
चेती कथा चतुर्विधा तत्र प्रथमानुयोग ।
करणानुयोग चरणानुयोग द्रव्यानुयोग ।
रुप परमागम पदार्थानां ॥४८७॥

અર્થ:- આક્ષેપિણી, વિક્ષેપિણી, સંવેજિની, નિર્વેજિની એ પ્રમાણે ચાર પ્રકારે કથા છે. તેમાં પ્રથમાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ, અને દ્રવ્યાનુયોગ રૂપ પદાર્થોનું વર્ણન કરવાવાળું પરમાગમ છે.

ભાવાર્થ:-

(૧) ચોવીસ તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ બલદેવ, નવ નારાયણ, નવ પ્રતિનારાયણ એમ ત્રેશઠ શલાકા મહાપુરુષોના જીવન ચરિત્રોનું વર્ણન જેમાં છે એવા પુરાણોને પ્રથમાનુયોગ કહે છે. જેમાં ધર્માત્માઓની પ્રસંસા, પાપીઓની નિંદા કરી હોય છે. અર્થાત્ પુણ્ય પાપના ફળને બતાવી મંદબુદ્ધિવાળા જીવોને ધર્મમાં લગાવ્યા છે ત્યાં જીવોને પાપથી છોડાવી ધર્મ સન્મુખ થવા ઉત્સાહવાન કર્યા છે.

(૨) જેમાં જીવોને ગુણસ્થાન, માર્ગણાદિના ભેદ, ત્રિલોકાદિકની રચના, કર્મની સ્થિતિ, સત્તા, બંધ, લેશ્યા આદિનું સૂક્ષ્મ વર્ણન કરેલ છે. તેના વિચાર, મનન, ધારણાથી તત્ત્વજ્ઞાન નિર્મળ થાય અને તત્ત્વજ્ઞાન નિર્મળ થતાં ઉદાસીન થઈ ધર્માત્મા થાય છે. ગોમટસાર, ત્રિલોકસાર, લબ્ધિસાર

ક્ષપણાસાર, ધવલ, મહાધવલ, જયધવલ, આદિ ગ્રંથોં કરણાનુયોગના શાસ્ત્રો છે.

(૩) જેમાં શ્રાવકાચાર, મુનિ આચારના વિશેષ પ્રકારે કથન હોય છે. એવાં શાસ્ત્રોનું મનન પૂર્વક વાંચન (સ્વાધ્યાય) કરતા જિન ધર્માચરણ પાળવા સન્મુખ થતાં ધર્મસાધનમાં લાગી મંદકષાયી થાય છે. ત્યાં તેને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થતાં બધાં આચરણ પોતાના વીતરાગભાવ અનુસાર ભાસે છે. તે જીવ એકદેશ વા સર્વદેશ વીતરાગતા થતાં શ્રાવક-મુનિ દશા પ્રાપ્ત કરે છે, કારણ કે એકદેશ, સર્વદેશ વીતરાગતા અને શ્રાવક, મુનિ દશાને નિમિત્ત-નૈમિત્તિકપણું હોય છે. એમ જાણી શ્રાવક, મુનિ ધર્મના ગ્રંથો વાંચી, લેહો ઓળખી જેવો પોતાનો વીતરાગભાવ થયો હોય તેવો તે પોતાના યોગ્યતાનુસાર ધર્મ પાલન કરે તેમાં જેટલો અંશ વીતરાગતા છે તેટલો તો કાર્યકારી છે અને જેટલો અંશરાગ છે તેટલો હેય છે તથા સંપૂર્ણ વીતરાગતાને પરમ ધર્મ માને છે. રત્નકરંડાદિ શ્રાવકાચાર અને મૂલાચાર, ભગવતી-આરાધના, આચારસાર, ચારિત્રસાર આદિ ચરણાનુયોગના શાસ્ત્રો છે.

(૪) જેમાં જીવાદિ સાત તત્ત્વ, નવપદાર્થ, પંચાસ્તિકાય, છદ્રવ્ય આદિ તત્ત્વોનું નિરૂપણ હોય છે. તથા જે જીવ સ્વ-પરને ભિન્ન જાણતો નથી તેને દૃષ્ટાંત, આગમ, અનુમાન, તર્ક, યુકિત, ન્યાય, પ્રમાણ, નય, ભંગ, નિક્ષેપાદિથી વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવે છે જૈનમતની પ્રતીતિ થતાં દૃઢ શ્રદ્ધાની

થાય છે. દ્રવ્યાનુયોગમાં નિશ્ચય અધ્યાત્મ ઉપદેશની પ્રધાનતા હોય છે તેથી ત્યાં વ્યવહાર ધર્મની ગૌણતા હોય છે. દ્રવ્યાનુયોગમાં આત્મ પરિણામોની અથવા શુદ્ધોપયોગની મુખ્યતાથી નિરૂપણ કરેલ છે. આત્મ પરિણામોને અને બાહ્ય પ્રવૃત્તિને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, કારણ કે છદ્મસ્થ જીવને પરિણામ પૂર્વક ક્રિયા થાય છે. સમયસાર, પ્રવચનસાર, બૃહદ્દ્રવ્ય સંગ્રહ, પરમાત્મ પ્રકાશ, પંચાસ્તિકાય આદિ દ્રવ્યાનુયોગના શાસ્ત્રો છે.

પૂર્વોકત ચાર અનુયોગ (અધિકાર) નું યથાર્થ કથન કરે અને પરમતની શંકાઓને દૂર કરે તેને આક્ષેપિણી કહે છે. પ્રમાણ, નય, નિક્ષેપ, ભંગ, યુકિત, ન્યાયના બળે એકાંતવાદીના મતનું ખંડન કરવાવાળી વિક્ષેપિણી કથા છે. અને રત્નત્રયરૂપ ધર્મ, તીર્થંકરાદિ પદની ઇશ્વરતા, જ્ઞાન, સુખ, વીર્યાદિકરૂપ ધર્મનું ફલ તેના પ્રત્યે અનુરાગ થવો તેને સંવેજિનિ કથા કહે છે. સંસાર, દેહ, ભોગના રાગમાં જીવ નારકાદિ વિષે દુઃખ દરિદ્રતા ભોગવે છે તે બતાવી જીવને વૈરાગ્યતા ઉત્પન્ન થાય તે નિર્વેજિની કથા છે. તેની વ્યાખ્યા નીચે પ્રમાણે છે.

૧ જેમાં નાના પ્રકારની એકાંત દૃષ્ટિઓને અને બીજા દર્શનકારો (સમયો) નું નિરાકરણ પૂર્વક શુદ્ધિ કરી છ દ્રવ્ય અને નવ પદાર્થોનું (તત્ત્વોનું) પ્રરૂપણ કરે છે તેને આક્ષેપણી કથા કહે છે.

૨ જેમાં પહેલા પરસમય દ્વારા સ્વસમયમાં દોષ બતાવી પછી પરસમયના આધારભૂત એકાંતદૃષ્ટિઓનું શોધન કરી સ્વસમયની

સ્થાપનારૂપ છ દ્રવ્ય, નવ પદાર્થોનું પ્રરૂપણ કરવામાં આવે છે તેને વિક્ષેપણી કથા કહે છે. આ કથા જિનશાસનમાં અનુરક્ત છે એવા જિનવચન દૃઢ શ્રદ્ધાની જીવને કહેવા યોગ્ય છે. સાધારણ જીવોને કહેવા યોગ્ય નથી. જે સ્વસમયના રહસ્યને જાણે છે અને ત્રણ પ્રકારની કથાનું યથાર્થ સ્વરૂપ જાણે છે તેવા તપ, શીલ, નિયમમાં યુકત પુરુષને વિક્ષેપણી કથાનો ઉપદેશ આપવા યોગ્ય છે. નહિતર જીવ પરસમયની કથાઓને સાંભળી વ્યાકુલિત ચિત્ત થઇ મિથ્યાત્વનો સ્વીકાર કરી લેશે એમ વિચારી યોગ્યતા જોઇ વિક્ષેપણીનો ઉપદેશ આપવો યોગ્ય છે.

૩ ધર્મ (પુણ્ય) ના ફલનું વિસ્તારથી વર્ણન કરવાવાળી કથાને સંવેદની કથા કહે છે. જેમકે તીર્થંકર, ગણધર, દેવ, ઋષિ, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ, અને વિદ્યાધરોની ઋદ્ધિઓ તે પુણ્યનું ફલ છે.

૪ સંસાર, શરીર અને ભોગોમાં વૈરાગ્ય ઉત્પન્ન કરવાવાળી કથાઓને નિર્વેદની કથા કહે છે અથવા પાપનું ફલ નરક, તિર્યંચ, જન્મ, મરણ, જરા, વ્યાધિ, વેદના, દારિદ્ર, હલકી યોનિઓમાં ઉત્પત્તિ આદિ પાપનું વર્ણન કરવાવાળી કથાઓને નિર્વેદની કથા કહે છે.

સુશ્રુતિથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ

बोधनिमित्तेन शास्त्रं किल लोके पठयते अत्र ।
तेनापि बोधो न यस्य वरः स किं मूढो न तथ्यम् ॥४८८॥

અર્થ :–આ શ્લોકમાં નિયમથી જ્ઞાનની વૃદ્ધિના નિમિત્ત માટે શાસ્ત્ર વાંચવામાં આવે છે. પરંતુ શાસ્ત્રના વાંચનથી પણ ઉત્તમ જ્ઞાનની પ્રાપ્તિ નથી થતી તો તે શું મૂર્ખ નથી? મૂર્ખજ છે તેમાં સંદેહ નથી.

ભાવાર્થ :– આત્મિક જ્ઞાન (ભાવશ્રુતજ્ઞાન) ના વિકાસનું કારણ સુશ્રુતિ છે. તેનું વાંચન, મનન, ધારણાથી જીવને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેના પ્રત્યે મુમુક્ષુઓને બહુમાન થાય છે. વર્તમાન કાળે તે સાક્ષાત્ કેવળી સમાન ભવ્યજીવોનું ઉપકારક છે. તેથી તેને સરસ્વતી, ભારતી, જિનવાણી, વાગ્દેવી આદિ વિશેષણોથી બહુશ્રુતભક્તિ કરવામાં આવે છે.

શાસ્ત્રના અભ્યાસનું ફલ તો રાગાદિવિકલ્પોને દૂર કરવાનું છે. અધ્યાત્મ શાસ્ત્રોથી આત્માને જાણી શકાય છે. જેમ સૂર્યના પ્રકાશની પાસે અંધારૂં શોભા આપતું નથી તેમ શાસ્ત્ર જ્ઞાનથી થતું સમ્યગ્જ્ઞાન સામે અજ્ઞાનરૂપી અંધકાર શોભા પામતું નથી અર્થાત્ અજ્ઞાન અંધકારનો નાશ થઇ જાય છે. જે જીવ શાસ્ત્ર જ્ઞાનરૂપી અરીસામાં જોવા છતાં પોતાના પરિણામ સુધારતો નથી અથવા વૈરાગ્ય ધારણ કરતો નથી તે શું મૂર્ખ નથી? મૂર્ખજ છે. જે જ્ઞાન આચરણમાં મુકાતું નથી તે પ્રાણ વગરના શરીર જેવું છે. શાસ્ત્રજ્ઞાન, આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે કરવામાં આવે છે પણ જે જીવ અધ્યાત્મ શાસ્ત્ર વાંચીને પણ શુદ્ધાત્માનો અનુભવ કરતો નથી તો તેનું વાંચન શું કામનું?

શાસ્ત્ર સાંભળવાથી સ્વરૂપનું જ્ઞાન થાય છે. સ્વરૂપની સિદ્ધિ ધ્યાનથી થાય છે અને ધ્યાનથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

પણ જો શાસ્ત્ર વાંચવાથી નિરાકુલતાનો લાભ ન થતાં ઉલટો આત્મિક સુખના વૈરી એવા રાગાદિકની વૃદ્ધિરૂપ આકુલતા ઉત્પન્ન થતી હોય તો એવા શાસ્ત્ર જ્ઞાનથી આત્માને શું લાભ?

હે જીવ! જ્યાંસુધી પરમ સમાધિની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી વિષય કષાયોથી દૂર થવા માટે પર જીવોને ધર્મોપદેશ આપવો. તેમાં પણ પરોપદેશના આશ્રિતે મુખ્યકર પોતાના જીવનેજ સંબોધન કરવાનું છે. જે માર્ગથી બીજાને છોડાવે તે પોતે કેમ કરે? નજ કરે. જે વાત મને સારી લાગતી નથી તે વાત આપને પણ સારી લાગતી નહી હોય, એમ પરજીવોના ઉપદેશમાં પોતાના આત્માને ઉપદેશવા યોગ્ય છે.

શ્રોતાઓના મનને અનુરાગી કરવા શાસ્ત્રના વકતા થવારૂપ તેમજ વાગ્મિત્વ અથવા વાદવિવાદમાં જીતવાને માટે વાદિત્વ ન થવું, પણ પોતાના આત્માનો મોહ કેમ શીઘ્ર નાશ થાય અને વૈરાગ્યમાં લાગી જાય એવી વીતરાગ સ્વસંવેદન જ્ઞાનની ભાવનારૂપ થોડું શાસ્ત્ર જ્ઞાન લાભ કર્તા છે. પણ જો જ્ઞાનમાં અભિમાન આવતું હોય તો શાસ્ત્રજ્ઞાન ઘણું હોવા છતાં સંસાર વર્ધકરૂપ છે.

પંચમકાળમાં સ્વાધ્યાય જેવું તપ નથી

द्वादशविधेपि तपसि साभ्यंतरबाह्ये कुशलदृष्टे।
नाप्यस्ति नापि च भविष्यति स्वाध्यायसमं तपःकर्म ॥४८९॥

અર્થ:- સર્વજ્ઞદેવે ઉપદેશેલ બાહ્ય અને અભ્યંતર ભેદ સહિત બાર પ્રકારના તપમાંથી સ્વાધ્યાય તપ સમાન બીજુ કોઇ પણ ન તો છે અને ન થશે.

ભાવાર્થ:- આ પંચમ કલિકાળમાં સ્વાધ્યાય જેવું કોઇ મહાન તપ નથી તેનાથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આત્મજ્ઞાનથી ધ્યાનની સિદ્ધિ થાય છે, અને ધ્યાનથી સમસ્ત કર્મોની નિર્જરા થાય છે. સમસ્ત કર્મોની નિર્જરા થઇ જવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. તેટલા માટે ભવ્ય જીવોને મોક્ષ પ્રાપ્ત કરવા માટે પહેલાં જ્ઞાનનો અભ્યાસ કરવો જોઇએ. જે ભવ્ય આત્માનું સ્વરૂપ જાણવામાં કુશલ છે અને તપશ્ચરણ કરવામાં નિપુણ છે તેને સંયમ પાલન સારી રીતે થાય છે. જેને સંયમનું પાલન સારી રીતે થાય છે તેને વૈરાગ્યની વૃદ્ધિ થાય છે.

જે જીવ શ્રુતજ્ઞાનની ભાવના કરે છે. શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરે છે તેને તપશ્ચરણ, સંયમ, વૈરાગ્ય ત્રણેની પ્રાપ્તિ થાય છે. શ્રુતજ્ઞાન અર્થાત્ ભગવાન અરિહંતદેવ પ્રણિત શાસ્ત્રનો અભ્યાસ કરવાથી આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેટલા માટે ભવ્ય જીવોએ પ્રથમ દ્રવ્યશ્રુતરૂપી શાસ્ત્રોથી ભાવશ્રુતજ્ઞાનની પ્રાપ્તિ કરવી જોઇએ. શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ કરી સત્ય ધર્મનો પ્રચાર કરવો જોઇએ. વર્તમાન આ ક્ષેત્રે જિનેન્દ્ર કથિત અધ્યાત્મ-આગમ શાસ્ત્રો જ સાક્ષાત્ કેવળી સમાન છે. તેથી તેનો વિનય, બહુમાન અને આદર કરવો તે પ્રત્યેક ભવ્ય જીવનું કર્તવ્ય છે.

સ્વાધ્યાયથી સ્વ-પર ભાવોનું જ્ઞાન થાય છે. આત્મ સ્વરૂપના જ્ઞાનથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દર્શન પૂર્વક

જિનલિંગ ધારણ કરી રત્નત્રયની પૂર્ણતા થતાં નિર્વાણની પ્રાપ્તિ થાય છે. તેથી સ્વાધ્યાય જેવું મહાન તપ ન કોઈ થયું ન થશે. (જુવો ભગવતીઆરાધના પૃષ્ટ ૪૯, મૂલાચાર પૃષ્ટ ૩૪૬, રયણુસાર ગાથા ૯૫-૯૬ આદિ ગ્રંથોમાં આચાર્યોના આધારો મળે છે)

વક્તાનું લક્ષણ

समदमधरबहुणाणी सहुहितलोकोयभाववेत्ताये ।
मिच्छिखिमय वियरायो सिसहितइच्छोय एवगुरुपूज्जो ॥४९०॥

અર્થ:—સમતાવાન, ઇન્દ્રિયનો જીતવાવાળો, ધૈર્યવાન, દૃઢશ્રદ્ધાની, વિશેષજ્ઞાની, બધાઓનું હિત ચાહવાવાળો, લૌકિકકલાનો જાણનાર, પ્રશ્નનો ક્ષમાથી ઉત્તર આપવાવાળો, વીતરાગી, શિષ્યોની ભલી ગતિનો વાંછક એવા લક્ષણોથી ગુરુપદ અથવા વક્તાના ગુણો જાણવા.

ભાવાર્થ:— ક્ષમાવાન, શાન્તસ્વભાવી, વિષયભોગનોત્યાગી, ઘણા-શાસ્ત્રોનો જાણનાર દૃઢ શ્રદ્ધાવાન, બધાનું ભલું ઇચ્છવાવાળો, એકદેશ, સર્વદેશ વીતરાગી હોય, શિષ્યોનું ભલુ કેમ થાય તેવો સત્ય ઉપદેશ આપનાર, લોભી, માની, પોતાની પૂજા પ્રતિષ્ટાવાળો ન હોય, માયાચારી, અભિમાની, સ્વાર્થી ન હોય, વ્યવહાર, નિશ્ચયથી મોક્ષમાર્ગનો શ્રોતાઓની યોગ્યતા પ્રમાણે ઉપદેશ આપવાવાળો હોય તેજ વક્તાને યોગ્ય છે.

प्राज्ञः प्राप्तसमस्त शास्त्रहृदयः प्रव्यक्तलोकस्थितिः ।
प्रास्ताशः प्रतिभापरः प्रशमवान् प्रागेवदृष्टोत्तरः ।
प्रायः प्रश्नसहः प्रभुः परमनोहारी परानिन्दया ।
ब्रूयाद्धर्मकथां गणी गुणनिधिः प्रस्पष्टमिष्टाक्षर ॥४९१॥

અર્થ:- જે તીક્ષ્ણ બુદ્ધિનો ધારક હોય, સમ્પૂર્ણ શાસ્ત્રોના રહસ્યને જાણવાવાળો હોય, લોક મર્યાદાને જાણવાવાળો હોય, આશા રહિત હોય, નવી નવી યુકિતઓથી વિચાર સંભળાવવાવાળો હોય, પ્રતિભાયુકત હોય, શાન્ત હોય પ્રશ્ન કરવા પહેલા પ્રશ્નનો ઉત્તર જાણવાવાળો હોય, શ્રોતાઓથી ઊંચો હોય, પ્રભાવયુકત હોય, શ્રોતાઓના ચિત્તને આકર્ષિત કરવાવાળો હોય, પોતે સ્વયં અનિંદ્ય હોય અને બીજાની નિંદા કરતો ન હોય, શ્રોતાગણનો નાયક હોય, અનેક ઉત્તમ ગુણોનો ધારણ કરવાવાળો હોય અને સ્પષ્ટ તથા મીઠા શબ્દ બોલવાવાળો હોય, તે જ વકતા ઉપદેશક થઇ શકે છે.

श्रुतमविकलं शुद्धा वृत्तिः परप्रतिबोधने ।
परिणतिरुद्योगो मार्गप्रवर्तनसद्विधौ ।
बुधनुतिरनुत्सेको लोकज्ञता मृदुताऽस्पृहा ।
यतिपतिगुणा यस्मिन्नन्ये च सोस्तु गुरुः सताम् ॥४९२॥

અર્થ :- જેને શાસ્ત્રનું પૂર્ણજ્ઞાન હોય, જેની મન, વચન, કાય સંબંધી સારી પ્રવૃત્તિઓ શુદ્ધ હોય, બીજાનો ઉદ્ધાર કરવાવાળો હોય, પોતાનું કર્તવ્ય સમજી બીજા જીવોને શિક્ષા દેવામાં તત્પર

હોય, જૈનશાસન અનુસાર નિર્દોષ પ્રવૃત્તિ કરવાને માટે સદા કટિબદ્ધ હોય, મોટા મોટા વિદ્વાનો જેનો આદર કરતા હોય, તથા પોતે પણ વિદ્વાનોનો વિનય, સત્કાર, તથા પ્રેમ કરવાવાળો હોય, જેને લોકરીતિનું જ્ઞાન હોય, જેનું પરિણામ કોમળ હોય, (પોતે) વાંછા રહિત હોય, એ પ્રમાણે આચાર્યપદને યોગ્ય અને ઉપદેશના સાધક અનેક શ્રેષ્ટ ગુણ જેમાં દેખવામાં આવે તે જ સત્પુરુષોનો ઉપદેશક-ગુરુ થઇ શકે છે.

ભાવાર્થ:- વક્તામાં લોકમર્યાદાનું જાણપણું, મિષ્ટાક્ષર, અથવા મૃદુતા, આશા રહિત અથવા અસ્પૃહા, શુદ્ધવૃત્તિ, પ્રશમવાન, પૂર્ણ શ્રુતજ્ઞાન અથવા સમસ્ત શાસ્ત્ર હૃદયવેતા આદિ વિશેષણ હોવા જોઇએ: તે વિના ઉપદેશનું કામ ચાલી શકે નહીં.

સુશ્રોતાઓનું લક્ષણ.

भव्यःकिंकुशलं ममेति विमृशन् दुखाद्भृशं भीतिमान् ।
सौख्यैषी श्रवणादिबुद्धिविभवः श्रुत्वाविचार्य स्फुटम् ।
धर्मं शर्मकरं दयागुणमयं युक्त्यागमाभ्यां स्थितं ।
गृहन् धर्मकथा श्रुतावधिकृतः शास्यो निरस्ताग्रह : ॥४९२॥

અર્થ:- જેને ભાવી મોક્ષસુખની પ્રાપ્તિ અવશ્ય થવાની છે. મારા માટે કલ્યાણકારી શું છે એવો જે વિચાર કરી રહ્યો હોય, સંસાર સંબંધી નરકાદિના દુઃખોથી અત્યંત ભયભીત થયેલ હોય, આગળમાં સુખી થવા માંગતો હોય, ધર્મશ્રવણની તીવ્ર ઇચ્છા (રુચિ) જેને ઉત્પન્ન થઇ હોય, સાંભળેલ વિષયને ધારણ કરવાની

શકિત રાખતો હોય, સાંભળીને ગ્રહણ કરતો હોય અને ગ્રહણ કરેલ વિષયોમાં વિશેષ વિચાર કરી શકતો હોય, પ્રશ્નોત્તરાદિથી ઉહાપોહ પણ કરવાવાળો હોય, સાચા તત્ત્વને ગ્રહણ-ધારણ, શ્રવણ કરવા માગતો હોય તથા દયા આદિ અનેક ગુણ યુકત તથા યુકિત આગમથી નિર્બાધ સિદ્ધ થયેલ કલ્યાણકારી ધર્મને સાંભળી તેના ઉપર પૂર્ણ વિચાર કરતો હોય અને વારંવાર વિચારપૂર્વક તે ધર્મને ગ્રહણ કરવાવાળો હોય, દુરાગ્રહ રહિત હોય, તે જીવ ધાર્મિક કથાઓને સાંભળી શકે છે, તેવાને ઉપદેશ દેવો સફળ છે. જેનામાં ઉપર્યુકત ગુણ ન હોય તેને ધર્મ ઉપદેશ આપવો નકામો છે.

કુશ્રોતાઓનું સ્વરૂપ

यत्र मुष्णाति वा शुद्धिच्छायां पुष्णाति वा तमः ।
गुरुक्तिज्योतिरुन्मीलत् कस्तत्रोन्मीलयेद्विगरम् ॥४९४॥

અર્થ:- એવો કોણ વિચારશીલ પુરુષ હશે કે જે એવા પુરુષને ઉપદેશ આપવાનો પ્રયત્ન કરે કે જેના હૃદયમાં નામ માત્ર રહેવાવાળા શુદ્ધિ-ગુરુના ઉપદેશરૂપી જ્યોતિનો પ્રકાર થતાં વેતજ નાશ થઇ અંધકારની પુષ્ટિ થઈ જાય. અર્થાત્ જ્યાં ઉપદેશનું ફલ ઊંધુ આવે ત્યાં ઉપદેશ આપવો નકામો છે. ઉપદેશ તો એવા પાત્ર જીવોને આપવો કે જ્યાં તેનું સારૂં ફલ આવે. બાકી કુશ્રોતાઓને ઉપદેશ આપવો ઝેર પાવા બરાબર છે.

ભાવાર્થ:- જેવી રીતે અયોગ્ય ભૂમિમાં બીજ નાખવાથી બીજ નાશને પ્રાપ્ત થાય છે અને લેશ માત્ર લાભ થતો નથી. અર્થાત્

પુરુષાર્થ નકામો જાય છે, તેમ કુશ્રોતાઓને ઉપદેશ આપવો તે વૈરી બનાવવા જેવો છે અથવા ઝેર પાવા જેવું છે. જેવી રીતે સર્પને સાકર મિશ્રદૂધ પાવા છતાં ઝેર વમન કરે છે, તેમ દશ પ્રકારના કુશ્રોતાઓને ઉપદેશ આપવો તે ધર્મને હાનિ કરવા બરાબર છે.

કુશ્રોતાઓ જે દશ પ્રકારના થાય છે તેને ઉપદેશ આપવા યોગ્ય નથી તેમ આચાર્યોએ કહ્યું છે. તે શ્રોતાઓ "શૈલઘન, ભગ્નઘટ, સર્પ, ચાળણી, પાડો, મેંઢો, જળો, પોપટ, માટી અને મચ્છર સમાન જાણવા." અને સુશ્રોતાઓ "ગાય, બકરી, હંસ, હરણ સમાન જાણવા." (વિશેષ ખુલાસો ધવલ ખંડ ૧ પૃષ્ટ ૬૯ તથા સુદૃષ્ટિતરંગિણી પૃષ્ટ ૩૮ થી ૪૮ સુધી માં જોઇ લેવું.)

अंधेनृत्यंतपाऽज्ञ गदविधिरतुला स्वायुषो वाऽवसाने ।
गीतं बाधिर्ययुक्ते वपनमिह यथाऽप्यूषरे वार्यतृष्णे ।
स्निग्धे चित्राण्य भव्ये रुचिविधिरनधः कुंकुमं नीलवस्त्रे ।
नात्मप्रीतौ तदाख्या भवति किल वृथा निःप्रतीतौ सुमंत्रः
॥४९५॥

અર્થઃ– જેમ અંધાની પાસે નાચ, અજ્ઞાનીનું તપ, આયુષના અંતમાં ઔષધિનો પ્રયોગ, બેરાની પાસે ગીત ગાવું, ખારી જમીનમાં અન્ન વાવવું, તૃષા વિના મનુષ્યને જલ પાવું, ચીકણા પદાર્થ ઉપર ચિત્રનું ખેંચવું, અભવ્યને ધર્મની રુચિ થવી, કાળા કપડા ઉપર કેસરિયો રંગ અને પ્રતીતિ રહિત પુરુષને માટે

મંત્રનો પ્રયોગ કરવો એ બધું કાર્યકારી નથી; તેમ જેના આત્મામાં પ્રેમરૂપ પરિણામ નથી, તે મનુષ્યને આત્મધ્યાન કરવાનો તથા તત્ત્વ ચિંતવન કરવાનો ઉપદેશ આપવો પણ કાર્યકારી નથી. અર્થાત્ સર્વે વ્યર્થ છે.

ભાવાર્થ:- જેમ આંધળો માણસ નાચ જોઇ શકતો નથી, અજ્ઞાની યોગ્ય તપ કરી શકતો નથી, આયુષનો અંત આવી જવાથી દવા કામ કરી શકતી નથી, બેરો ગીત સાંભળી શકતો નથી, ખારી જમીનમાં અન્ન ઉગતું નથી, તરસ વિનાના મનુષ્યને પાણી પાવું વ્યર્થ છે, ચીકણા પદાર્થ ઉપર ચિત્ર નથી ચિતરાતું, અભવ્યને અંતરંગમાં ધર્મની રુચિ નથી થતી, કાળા કપડા ઉપર કેશરિયો રંગ નથી ચઢતો, અને અવિશ્વાસુ અશ્રદ્ધાળુ મનુષ્યને માટે મંત્ર નિરુપયોગી છે. તેમ આત્મપ્રેમ રહિત મનુષ્ય પણ ઉપદેશામૃતનો લાભ લઇ શકતો નથી.

વકતાઓને વ્યાખ્યાન દેવાનું વિધાન

જે જીવ કર્મની પ્રબળતાથી નિશ્ચય મોક્ષમાર્ગને પ્રાપ્ત થઇ શકતા નથી તેમને તો અન્ય જીવોની દયા કરવાનો ઉપદેશ આપવો. મિથ્યાદૃષ્ટિ જીવો કંઇક ધર્મ સન્મુખ થતાં તેમને વ્યવહારનો ઉપદેશ આપવો. અને સમ્યગ્દૃષ્ટિ જીવોને વા સમ્યક્ત્વ સન્મુખ મિથ્યાદૃષ્ટિ જીવોને નિશ્ચય સહિત વ્યવહારનો ઉપદેશ આપવો જોઇએ. પ્રથમ તો તીવ્ર કષાયોના કાર્યો છોડાવી મંદ કષાયરૂપ કાર્યો કરવાનો ઉપદેશ આપવો જોઇએ.

વકતા પોતે સમ્યક્ત્વ ગુણ સહિત હોવા છતાં પણ કોઇ વ્યવહારમાં પ્રધાન હોય તો વ્યવહાર ધર્મની અપેક્ષાએ તેને

ગુણાધીક માની તેની યથા પદવી ભક્તિ વિનય કરે. જેમ ધ્યાન અધ્યયનાદિ કોઇ વધારે કરતો હોય તો તે ઉત્કૃષ્ટ તપસ્વી છે છતાં પણ બાહ્યતપની પ્રધાનતા છે તેને જ તપસ્વી કહીએ છીએ. કોઇ જીવ બાહ્યક્રિયાકાંડમાં મગ્ન હોય તો તેવા જીવને તેનાથી ઉદાસ કરાવી આત્માનુભવમાં લગાવવા અર્થે વ્રત, તપ, શીળ, સંયમાદિ શુભોપયોગથી છોડાવી શુદ્ધોપયોગમાં લગાડવા ઉપદેશ આપવો. પણ શુભોપયોગરૂપ વ્રતાદિ છોડાવી અશુભમાં જોડાવી પાપમાં લગાવી સ્વચ્છંદી કરવાનો ઉપદેશ કદી પણ ન આપવો.

ધર્માનુરાગરૂપ પરિણામ શુભોપયોગ છે, પાપાનુંરાગરૂપ દ્વેષ પરિણામ અશુભોપયોગ છે તથા રાગાદિરહિત પરિણામ શુદ્ધોપયોગ છે. હવે નીચલી અવસ્થાવાળો શુદ્ધોપયોગના સાધનરૂપ પહેલા હિંસાદિ કાર્યરૂપ પરિણામને છોડાવી બુદ્ધિપૂર્વક ભક્તિ આદિ શુભ કાર્યમાં જોડાય ત્યારે પણ તેને શુદ્ધોપયોગી કહીએ કારણે કે ત્યાં સૂક્ષ્મ રાગાદિ તો કેવળજ્ઞાન ગોચર છે એ અપેક્ષાએ શુદ્ધોપયોગી કહ્યો છે.

સરાગી જીવોનું મન કેવળ વૈરાગ્ય કથનમાં જોડાય નહીં તેથી જેમ બાળકને પતાસા સાથે કડવી દવા દેવામાં આવે છે તેમ વૈરાગ્ય ઉત્પન્ન થવાના કારણભૂત ત્યાગ વૈરાગ્યની કથાઓ કહેવી જોઈએ. વ્રત દાનાદિક તો કષાય ઘટાડવાના બાહ્ય નિમિત્ત કારણો છે. આત્માના પરિણામ અને બાહ્ય ક્રિયાને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. કારણ છદ્મસ્થને પરિણામપૂર્વક ક્રિયા થાય છે. અર્થાત્ બાહ્ય પદાર્થનો આશ્રય પામીને પરિણામ થઇ શકે છે માટે પરિણામ મટાડવા અર્થે બાહ્ય વસ્તુનો નિષેધ કહ્યો છે;

અને રાગાદિ મટતા બાહ્ય શ્રાવક મુનિ ધર્મ હોય છે. બાહ્ય સંયમ સાધન વિના પરિણામ નિર્મળ થઇ શકતા નથી. વકતાને ચારે અનુયોગનું જ્ઞાન હોવું જોઇએ અને જ્યાં જ્યાં જીવોની જેવી યોગ્યતા ગ્રહણ કરવાની હોય તે પ્રમાણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઇ ઉપદેશ આપવો જોઇએ.

વર્તમાનકાળે સાચા જૈન દર્શનમાં પણ ઘણા પક્ષાપક્ષ અને ભેદાભેદ થયેલ છે, તે બધો પંચમકાળનો પ્રભાવ છે. વળી તેવી લાયકાતવાળાજ જીવોની અહીં ઉત્પત્તિ થાય છે. તેમાં તત્ત્વ પ્રેમી ઘણા ઓછા જીવો હોય છે. મોટો ભાગ તો કુળ-ધર્મને પાળતા મિથ્યાત્વીઓજ હોય છે. નિર્ભીત સત્ય વકતા, વર્તમાન કાળમાં મળવા ઘણાજ દુષ્કર છે. વધારે તો ખુશામતીઆ, અભિમાની, તીવ્ર કષાયી, લોભી દેખવામાં આવે છે. તેઓનું આચરણ, પાનપાન, વ્યવહાર આદિ ઘણોજ અશુદ્ધ હોય છે. તેવા વકતાઓને ઉપદેશ દેવાનો અધિકાર જ નથી: અર્થાત્ તેઓ વકતા થવાને લાયક જ નથી. પ્રથમ તો વર્તમાન કાળે જીવોની પરિણતિ તીવ્ર કષાય અને સંસારના હેતુભૂત મિથ્યાત્વમાં ફસેલી હોય છે. સભામાં ઘણા અલ્પ જીવોજ મોક્ષમાર્ગી હોય છે અથવા તત્ત્વરુચિવાળા ભવભીરુ જીવો હોય છે.

સર્વ પ્રથમ જીવોને ગ્રહીત મિથ્યાત્વ અને તેના હેતુઓને છોડાવવા ઉપદેશ આપવો જોઇએ. પછી સંસારમાં માનવતાનું મળવું દુર્લભ છે. તેનું સ્વરૂપ બતાવવું જોઇએ. મુમુક્ષુઓનું કર્તવ્ય અથવા માનવતાનું સાર્થકપણું અને તેનું ફળ બતાવવું જોઇએ. જેથી જીવનો મિથ્યાત્વ ભાવ ગળે, કાંઇક મંદ પરિણામિ થાય,

કષાયના અભિમાનથી છુટે, જન્મમરણનો ભય લાગે, ત્યાગની ભાવના થાય, ધર્મપ્રત્યે રુચિ થતાં સ્વાધ્યાયમાં લાગી જાય, ત્યાં તેને તત્ત્વોની રુચિ ઉત્પન્ન થતાં પછી મોક્ષમાર્ગ પર ચડી જાય તેવો ઉપદેશ વક્તાએ આપવો જોઇએ.

અધ્યાત્મશૈલીમાં મુખ્યને તો નિશ્ચય કહ્યો અને ગૌણને વ્યવહાર કહ્યો છે. અભેદ ધર્મ તો પ્રધાન કરી નિશ્ચયનો વિષય છે અને પર્યાયભેદને ગૌણ કરી વ્યવહાર કહ્યો છે. નિશ્ચય આશ્રય દ્રવ્ય છે તે તો અભેદ છે અને ભેદરૂપ વસ્તુનું જ્ઞાન બધા જીવોને હોય છે તેથી વ્યવહાર આશ્રય પર્યાયના કથનથી જીવોને જાણપણું થાય છે. જેમકેઃ જીવને નર નારકાદિ પર્યાય છે, રાગદ્વેષાદિ પર્યાય છે, જ્ઞાનના ભેદરૂપ મતિજ્ઞાનાદિ પર્યાય છે, તેને જ જગતના જીવો જીવ માને છે. આ પર્યાયની વિષે અભેદરૂપ અનાદિ અનંત એક ભાવ જે ચેતના ધર્મરૂપ છે તેને ગ્રહણ (શ્રદ્ધા) કરાવવા નિશ્ચયનયનો વિષય બતાવી જીવ દ્રવ્યનું જ્ઞાન કરાવ્યું ત્યારે પર્યાયાશ્રિત જે ભેદનય છે તેને ગૌણતા રાખી કહ્યું છે.

અભેદ દૃષ્ટિમાં પર્યાયનો ભંગ જણાય નહીં તેથી અભેદનયનું દૃઢ શ્રદ્ધાન કરાવવા જીવને નિશ્ચયનો બોધ વ્યવહારથી કરાવવો જરૂરી છે. જો કે પર્યાય નય તો વ્યવહાર છે અભૂતાર્થ છે,અસત્યાર્થ છે પણ તે વસ્તુનું સ્વરૂપ સર્વથા નથી તેમ કહે, તો તે અનેકાંત વસ્તુ ધર્મને જ જાણતો નથી તેથી તે સર્વથા એકાંત શ્રદ્ધાનથી મિથ્યાદૃષ્ટિ છે. વળી અધ્યાત્મ શાસ્ત્રમાં નિશ્ચય વ્યવહાર બન્ને નય પરસ્પર વિધિ નિષેધથી સપ્ત ભંગથી વસ્તુનું સ્વરૂપ કહેલું. પણ જો એકને સર્વથા સત્યાર્થ માને અને તેમાં એકને સર્વથા અસત્યાર્થ માને તો મિથ્યાશ્રદ્ધાન થાય તેથી સ્યાત્ (કથંચિત્)

વસ્તુ સ્વરૂપનું શ્રદ્ધાન થાય તેવું અન્યને પ્રતિબોધવું તો જ જીવનું કલ્યાણ થશે.

સમ્યગ્દૃષ્ટિ મુખ્ય ગૌણ ભેદને જાણે છે પણ મિથ્યાદૃષ્ટિ અનેકાંત વસ્તુને જાણે નહીં અને સર્વથા એકજ વસ્તુનું શ્રદ્ધાન કરે છે. તે અન્ય ધર્મને તો સર્વથા ગૌણ કરી અસત્યાર્થ માને છે અથવા અન્ય ધર્મનો સર્વથા અભાવ જ માને તો મિથ્યાત્વનું દૃઢપણું થયું; તેથી તો તેને મિથ્યાત્વ કર્મના ઉદયથી મિથ્યા શ્રદ્ધાન થાય છે અને સત્ય ભાસતું નથી. તે મિથ્યા પ્રકૃતિનો અભાવ થયે જીવને તત્ત્વાર્થનું યથાર્થ શ્રદ્ધાન થાય છે. જિનમતની કથની અનેક પ્રકારની છે તેથી અનેકાંતરૂપ વસ્તુનું સ્વરૂપ વિચારવું. તેનું ફળ અજ્ઞાનતાનો નાશ અને વીતરાગતાની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ જીવને હેય, જ્ઞેય, ઉપાદેય, બુદ્ધિ થાય છે. પણ જ્યાંસુધી જીવને નયોનું યથાર્થ જ્ઞાન થતું નથી ત્યાંસુધી સંશય, વિમોહ, વિભ્રમ, નાશ થતાં નથી. મહા પુરુષોએ સમ્યગ્જ્ઞાનને પ્રમાણ કહેલ છે. નામાદિ દ્વારા વસ્તુમાં ભેદ કરવાના ઉપાયને નિક્ષેપ કહે છે. અને જ્ઞાતાના અભિપ્રાયને નય કહે છે. એ પ્રમાણે પ્રમાણ, નય, નિક્ષેપ અને ભંગની યુક્તિથી પદાર્થનો નિર્ણય કરવો જોઈએ. તેથી તેઓનું સંક્ષેપમાં સ્વરૂપ કહેવામાં આવે છે જેથી જીવને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય.

પ્રમાણનું સ્વરૂપ

प्रमाणनयैरधिगमः तत्प्रमाणे आद्येपरोक्षं प्रत्यक्षमन्यत् ॥४९६॥

અર્થ :- પ્રમાણ, નયથી જીવાદિક પદાર્થોનું જ્ઞાન થાય છે.

જીવાદિના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન પ્રત્યક્ષ, પરોક્ષ પ્રમાણથી તથા દ્રવ્યાર્થિક પર્યાયાર્થિકનયથી થાય છે. પ્રમાણના બે ભેદ છે:- (૧) સ્વાર્થપ્રમાણ (૨) પરાર્થ પ્રમાણ:તેમાં સ્વાર્થ પ્રમાણ જ્ઞાનરૂપ છે અને પરાર્થપ્રમાણ વચનરૂપ છે. સ્વાર્થ પ્રમાણના ચાર ભેદ છે. મતિ, શ્રુત, અવધિ અને. મનઃપર્યય તેમાં શ્રુત પ્રમાણ તે જ્ઞાનરૂપ છે તેમજ વચન રૂપ છે. અર્થાત્ સ્વાર્થ અને પરાર્થ બન્નેરૂપ છે.

નયજ્ઞાન અને પ્રમાણ જ્ઞાન-જો કે જ્ઞાન સામાન્યની અપેક્ષાએ એક છે છતાં વિશેષની અપેક્ષાએ બન્નેમાં ભેદ છે. નયજ્ઞાનમાં જ્ઞાતાના અભિપ્રાય અનુસાર વસ્તુ પ્રતિબિમ્બિત થાય છે અને પ્રમાણ જ્ઞાનમાં વસ્તુ જેવી છે તેવી પ્રતિબિમ્બિત થાય છે. તેથી પ્રમાણ સકલાદેશી અને નય વિકલાદેશી કહેવામાં આવે છે. નયજ્ઞાનને પ્રમાણ નથી માની શકાતું તેનું પણ પૂર્વોકત કારણ છે.

પ્રત્યક્ષ અને પરોક્ષ તે પ્રમાણના ભંગો છે. જે જ્ઞાન નિશ્ચય અને વ્યવહારનય બન્નેને અવલમ્બન કરે છે. તે જ્ઞાનને પ્રમાણજ્ઞાન કહે છે. વ્યવહાર મારફત (સવિકલ્પ) વસ્તુને જાણતા જીવને યથાર્થ બોધ પ્રાપ્ત થાય છે. અર્થાત્ આત્મા વ્યવહારપૂર્વક નિશ્ચયનય પર આરૂઢ થાય છે. બન્ને નયો ભિન્ન ભિન્ન સ્વરૂપવાળી છે. જ્યારે એક સાથ બન્ને નયો મળી જાય છે ત્યારે તે પ્રમાણનું સ્વરૂપ કહેવાય છે. પ્રમાણ વસ્તુના સર્વ ધર્મોનો વિષય કરે છે. જે જ્ઞાન પોતાના વિષયને સારી રીતે નિર્મળરૂપે જાણે તે જ્ઞાનને પ્રત્યક્ષ કહે છે અને જે જ્ઞાન સારી રીતે સ્પષ્ટ ન જાણે તેને પરોક્ષ જ્ઞાન કહે છે. તે હિસાબે મતિ શ્રુતજ્ઞાન પરોક્ષ છે અને

તે નેત્રાદિ વડે વર્ણાદિને સ્પષ્ટ જાણે છે. તે હિસાબે મતિશ્રુત-જ્ઞાનને સાંવ્યવહારિક પ્રત્યક્ષ પણ કહીએ છીએ.

મતિશ્રુત જ્ઞાનનો વિષય તો ઘણો છે પણ તે એકજ જ્ઞેયને સંપૂર્ણ જાણી શકતું નથી તેથી પરોક્ષ છે. અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાનનો વિષય, રૂપી પદાર્થોનો છે. તે પોતાના વિષયને સ્પષ્ટ જાણે છે છતાં પણ તે એકદેશ પ્રત્યક્ષ જાણે છે. તેનાથી અમૂર્તિક આત્માનું જાણપણું થતું નથી. કેવલજ્ઞાન સકલ પ્રત્યક્ષ છે (વિશેષ તત્ત્વાર્થસૂત્રથી જાણવું.)

અધ્યાત્મ દ્રવ્યાર્થિકનયના દશ ભેદનું સ્વરૂપ

દ્રવ્યાર્થિકસ્યદશભેદાઃ ॥૪૯૭॥

અર્થઃ- અધ્યાત્મ દ્રવ્યાર્થિકનયના દશ ભેદ થાય છે.

(૧) જેમાં કર્મકૃત ઉપાધિ (કર્મની બંધ, ઉદય, સત્તા) ની અપેક્ષા વિના કેવળ દ્રવ્યના સ્વરુપને ગ્રહણ કરે છે. જેમકેઃ- સંસારી જીવને સિદ્ધસમાન શુદ્ધાત્મા કહેવો તેને **કર્મોપાધિનિરપેક્ષશુદ્ધદ્રવ્યાર્થિકનય** કહે છે.

(૨) ઉત્પાદ, વ્યયને ગૌણ કરીને કેવળ દ્રવ્યની સત્તા માત્રને ગ્રહણ કરે છે. જેમકેઃ- દ્રવ્ય નિત્ય છે. તેને **સત્તાગ્રાહકશુદ્ધદ્રવ્યાર્થિકનય** કહે છે.

(૩) ભેદવિકલ્પ કર્યા વિના જ જે દ્રવ્યનું કથન કરે. જેમકેઃ- દ્રવ્ય પોતાના ગુણપર્યાય અથવા સ્વભાવથી અભિન્ન હોય છે તેને **ભેદકલ્પનાનિરપેક્ષશુદ્ધદ્રવ્યાર્થિકનય** કહે છે

(૪) કર્મકૃત ઉપાધિની અપેક્ષા રાખીને દ્રવ્યનું કથન કરે છે; જેમકેઃ- કર્મજનિત ક્રોધાદિ ભાવોની અપેક્ષાએ જીવને ક્રોધી, માની ઈત્યાદિ રૂપ કહેવું તેને **કર્મોપાધિસાપેક્ષ-અશુદ્ધદ્રવ્યાર્થિકનય** કહે છે.

(૫) ઉત્પાદ અને વ્યયની અપેક્ષા કરીને જે દ્રવ્યનું કથન કરવામાં આવે. જેમકેઃ- દ્રવ્ય એકજ સમયમાં ઉત્પાદ વ્યય અને ધ્રૌવ્ય આત્મક છે તેને **ઉત્પાદવ્યયસાપેક્ષ-અશુદ્ધદ્રવ્યાર્થિકનય** કહે છે.

(૬) જે ભેદ કલ્પનાની અપેક્ષા રાખી દ્રવ્યનું કથન કરે. જેમકેઃ- આત્માને દર્શન, જ્ઞાન, સુખ, વીર્યાદિ ગુણ હોય છે તેને **ભેદકલ્પનાસાપેક્ષઅશુદ્ધદ્રવ્યાર્થિકનય કહે છે**

(૭) સમસ્ત ગુણો અને પર્યાયોમાં દ્રવ્યને અન્વયરૂપથી ગ્રહણ કરે. જેમકેઃ- દ્રવ્ય, ગુણ પર્યાય સ્વભાવવાળું હોય છે તેને **અન્વયદ્રવ્યાર્થિકનય** કહે છે.

(૮) જે પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાથી દ્રવ્ય ના અસ્તિત્વને ગ્રહણ કરે. જેમકેઃ- જીવ દ્રવ્ય પોતાના અનંત જ્ઞાનાદિ ગુણોના સમુદાય રૂપથી સ્વદ્રવ્ય, પોતાના અસંખ્યાત પ્રદેશરૂપ સ્વક્ષેત્ર, પોતાના (સંસારાપેક્ષા) અનાદિ અનંત (અભવ્ય) અનાદિ સાંત (ભવ્ય) અને સાદિ અનંત (સિદ્ધાત્મા) અથવા સામાન્યપણે સર્વ જીવોને અનાદિ અનંત તે સ્વકાળ અને (સંસારાવસ્થામાં) ઔપશમિકાદિ પાંચભાવો તથા (સિદ્ધાવસ્થામાં) ક્ષાયિકાદિ બે

સ્વભાવની અપેક્ષાએ જીવદ્રવ્ય છે. એ પ્રમાણે બધાં દ્રવ્યો ઉપર લગાવવું જોઇએ, તેને **સ્વદ્રવ્યાદિ(ચતુષ્ટય)ગ્રાહક દ્રવ્યાર્થિકનય** કહે છે.

(૯) પરદ્રવ્યાદિ ચતુષ્ટયની અપેક્ષાથી દ્રવ્યના નાસ્તિત્વ નો સ્વીકાર કરે. જેમકે:- જીવદ્રવ્ય, પુદ્ગલના વર્ણાદિ ગુણોના સમુદાયરૂપ દ્રવ્ય, તેના સંખ્યાત, અસંખ્યાત, અનંત પરમાણુ સ્વરૂપક્ષેત્ર, અનાદિ અનંત પરિણમન સ્વરૂપ સ્વકાળ અને અચેતનત્વ (મૂર્તિક) આદિ ભાવોની અપેક્ષાએ નથી. તેને **પરદ્રવ્યાદિ(ચતુષ્ટય)ગ્રાહકદ્રવ્યાર્થિકનય** કહે છે.

૧૦ દ્રવ્યના અનેક સ્વભાવોમાંથી કોઇ એક મુખ્ય સ્વભાવને ગ્રહણ કરી દ્રવ્યનું કથન કરવું. જેમકે:– આત્મા જ્ઞાનસ્વરૂપી છે (જો કે આત્મામાં જ્ઞાનાદિ અનંત ગુણો છે તો પણ જ્ઞાન ગુણની મુખ્યતાથી તેને જ્ઞાન સ્વરૂપી કહેવો) તેને **પરમભાવગ્રાહકદ્રવ્યાર્થિકનય** કહે છે.

અધ્યાત્મ પર્યાયાર્થિક નયના છ ભેદનું સ્વરૂપ

પર્યાયાર્થિકસ્ય ષટભેદાઃ ॥૪૯૮॥

અર્થ:– અધ્યાત્મ પર્યાયાર્થિક નયના છ ભેદ થાય છે.

(૧) જે સ્થૂલ આકારાદિની અપેક્ષા દ્રવ્યની અનાદિ નિત્ય પર્યાયોને ગ્રહણ કરે. જેમકે: સુમેરુ પર્વત અથવા ચંદ્રમા, સૂર્યાદિ પુદ્ગલ ની સ્થૂલ પર્યાય અનાદિ નિત્ય હોય છે. (જોકે સમયે સમયે તેમાંથી સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત પરમાણુ આવે જાય છે તે હીસાબે અનિત્ય (સૂક્ષ્મ)

પર્યાયરૂપ હોવા છતાં પણ તેને અકૃત્રિમ પદાર્થોની સ્થૂલ પર્યાયના આકારાદિરૂપ જોવાને તેવો બન્યો રહે છે તેથી તે અનાદિ નિત્ય પર્યાય કહેવાય છે) તેને **અનાદિનિત્ય-પર્યાયાર્થિકનય** કહે છે.

(૨) સાદિ અને નિત્ય પર્યાયને ગ્રહણ કરી દ્રવ્યનું કથન કરે. જેમકેઃ- સિદ્ધ પર્યાય સાદિ નિત્ય છે (જોકે અનાદિકર્મ સંબંધથી સંસારમાં પરિભ્રમણ કરતો જીવ કદી કાલલબ્ધિ-વશ સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરી કર્મથી છુટી ગયો; તે હિસાબે સિદ્ધાવસ્થા સાદિ અને અક્ષય અનંત હોવાથી અર્થાત્ જેનો કદી અંત થશે નહીં તે હિસાબે સિદ્ધપર્યાય સાદિ નિત્ય હોય છે) તેને **સાદિનિત્યપર્યાયાર્થિકનય** કહે છે.

(૩) જે સત્તાને ગૌણકરી માત્ર ઉત્પાદ, વ્યયરૂપ દ્રવ્યની પર્યાયને ગ્રહણ કરે જેમકેઃ- દ્રવ્યની પર્યાય સમયે સમયે નાશ થતી રહે છે તેને **અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય** કહે છે.

(૪) સત્તાની અપેક્ષા રાખીને દ્રવ્યની ત્રિલક્ષણાત્મક અર્થાત્ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપ ગ્રહણ કરવું. જેમકેઃ દ્રવ્યની પૂર્વ પર્યાયનો વિનાશ ઉત્તર પર્યાયનો ઉત્પાદ અને દ્રવ્ય-પણાથી ધ્રૌવ્ય સ્વરૂપ એક સમયમાં ત્રિલક્ષણાત્મક કહેવું તેને **નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય** કહે છે.

(૫) કર્મકૃત ઉપાધિથી રહિત નિત્ય શુદ્ધ પર્યાયને ગ્રહણ કરે. જેમકેઃ શુદ્ધ સિદ્ધ પર્યાય સમાન સંસારી પર્યાય કહેવી તેને **કર્મોપાધિનિરપેક્ષનિત્યશુદ્ધપર્યાયાર્થિકનય** કહે છે.

(૬) કર્મકૃત ઉપાધિઓની અપેક્ષા રાખી સંસારી જીવોની ચતુર્ગતિ સમ્બંધી અનિત્ય અશુદ્ધ પર્યાયોને જ ગ્રહણ કરે. જેમકે:- સંસારી જીવ જન્મ અને મરણ કરે છે. તેને અનિત્યઅશુદ્ધપર્યાયાર્થિકનય કહે છે.

નયનું સ્વરૂપ

नैगमसंग्रह व्यवहारर्जुसूत्रशब्दसमभिरुढैवंभूता नयाः ॥४९॥

અર્થ:-નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, અને એવંભૂત એમ સાત નય છે.

ભાવાર્થ:-પૂર્વોકત સાત નયોમાંથી પ્રથમની ત્રણ નય દ્રવ્યાર્થિક (સકલાદેશ) છે. બાકીની ચાર નય પર્યાયાર્થિક (વિકલાદેશ) છે. કોઈ કોઈ આચાર્યે ઋજુસૂત્રને દ્રવ્યાર્થિકમાં માની છે તેનું કારણ એ છે કે, કોઇ દ્રવ્ય, પર્યાય વિના રહેતું નથી. પર્યાય પર્યાયીમાં અભિન્નતા છે તે હિસાબે ઋજુસૂત્રનયને દ્રવ્યાર્થિકનાં ગણી, પર્યાયાર્થિકનયના ત્રણ ભેદ માનેલ છે. ઋજુસૂત્ર અને એવંભૂત નયને કોઇ કોઇ આચાર્યે શબ્દનયમાં અંતર્ભાવ માની કુલ પાંચ-જ નય માનવામાં આવેલ છે. છતાં વિષય ભેદની અપેક્ષાએ સાત નય થાય છે.

જે નય દ્રવ્યની મુખ્યતાથી પદાર્થનું જ્ઞાન કરાવે તેને દ્રવ્યાર્થિક નય કહે છે. જે નય દ્રવ્યના સ્વરૂપથી ઉદાસીન થઈ પર્યાયની મુખ્યતાથી પદાર્થનું જ્ઞાન કરાવે તેને પર્યાયાર્થિક નય કહે છે. નય શ્રુતજ્ઞાનનો અંશ છે. નયદ્વારા વસ્તુના એક અંશનું

જ્ઞાન થાય છે. અપેક્ષાને પણ નય કહે છે. જેમકે : કોઇ અપેક્ષાએ કોઈ કથન મુખ્યથી કહેવામાં આવે છે અને બીજી અપેક્ષાએ અન્ય કથન તે સમયે ગૌણ થઇ જાય છે. નયથી પદાર્થનું અપૂર્ણ જ્ઞાન થાય છે. જેમકે: પદાર્થના કોઇ એક ધર્મને અથવા સ્વભાવને અથવા પર્યાયને વા અંગને વા અંશને બતાવે છે તેને નય કહે છે.

પહેલી ચાર નયોને **અર્થનય** કહે છે. કારણ કે તેનું લક્ષ પદાર્થ તરફ છે અને શબ્દ, સમભિરૂઢ, એવંભૂતને **શબ્દનય** કહે છે. કારણકે તેનું ધ્યાન શબ્દની તરફ છે. કોઇ કોઈ આચાર્યે તેને **વ્યંજનનય** કહે છે. પ્રમાણ, નય, નિક્ષેપ, અને ભંગ તે જ્ઞાનના વિશેષો છે. તે બધા વીતરાગ નિર્વિકલ્પ સમાધિગમ્ય જ્ઞાયકભાવમાં અર્થાત્ શુદ્ધદ્રવ્યાર્થિક નયની દૃષ્ટિમાં અસ્તિત્વ નથી. પરમ સમાધિ કાળમાં શુદ્ધ જીવની પ્રતીતિ હોવાથી અને નયોની પ્રતીતિ ન હોવાથી તે ભૂતાર્થ નથી પણ અભૂતાર્થ છે. અભેદરૂપથી સમસ્ત વસ્તુને ગ્રહણ કરે તેને અર્થનય કહે છે, અને વર્તમાન કાલથી ઉપલક્ષિત વસ્તુમાં વાચક શબ્દના ભેદથી ભેદ કરવાવાળી વ્યંજન નય અર્થાત્ શબ્દનય છે.

શાસ્ત્રીય દ્રવ્યાર્થિક નયના ત્રણ ભેદનું સ્વરૂપ

(૧) નૈગમનયઃ-

णएकंगच्छातिइतिनिगमः निगम : विकल्प : तत्र भवनैगमः

નિગમ તેને કહે છે કે જે એક વાત ઉપર સ્થિર ન રહે પણ વિકલ્પ ઉઠતો જાય અર્થાત્ સંકલ્પ માત્ર ગ્રહણ કરવાવાળા જ્ઞાનને

"નૈગમનય" કહે છે તેના ત્રણ ભેદ છેઃ- અતીત નૈગમનય, અનાગત નૈગમનય અને વર્તમાન નૈગમનય.

દૃષ્ટાંત :- ભૂતકાળની વાતને વર્તમાનકાળમાં સંકલ્પ કરીને કહેવું. જેમકેઃ આજ દિવાળીને દિવસે શ્રી વર્દ્ધમાન ભગવાન મોક્ષ ગયા છે. તે વચન જો કે અસત્ય છે, કારણ ભગવાનને મોક્ષ ગયા અઢી હજાર વર્ષ થઈ ગયા છતાં પણ વ્યવહારમાં અતીત નૈગમનયથી આ વચન અસત્ય નથી.

દૃષ્ટાંત :- જે વાત આગળ થવાવાળી છે તેને વર્તમાનમાં કહેવી. જેમકેઃ શ્રેણિક રાજા તીર્થંકર છે. તેઓ થવાવાળા છે છતાં વર્તમાનમાં ભાવીનો આરોપ કરવો તેને અનાગત નૈગમનય કહે છે.

દૃષ્ટાંતઃ- કાર્યની પૂર્ણતા થયા વિના તેને વર્તમાનમાં પૂર્ણ કહી દેવું. જેમકેઃ કયાંક આગ લાગી હોય ત્યારે તેને કોઇએ પૂછયું કે શું દશા છે ? ત્યારે તે કહેવા લાગ્યો કે સર્વનાશ થઈ ગયું. તેને વર્તમાન નૈગમનય કહે છે. સર્વનાશ થયો નથી પણ નાશનો પ્રારંભ થઇ ગયો છે. તે પ્રમાણે સર્વત્ર લગાવી લેવું જોઇએ તેને વર્તમાન નૈગમનય કહે છે.

(૨) સંગ્રહનયઃ-

अभेदरुपेण वस्तुसमूहं संग्रहणाति इति संग्रहः

જે અભેદરૂપથી પદાર્થના સમૂહને ગ્રહણ કરે તેને સંગ્રહનય કહે છે. જેમકેઃ "દ્રવ્યસત્તારૂપ છે." તે સામાન્યમાં બધાં દ્રવ્યો

આવી ગયા. તેના બે ભેદ છે:- એક **સામાન્યસંગ્રહનય** અને બીજી **વિશેષસંગ્રહનય** છે. બધા દ્રવ્યો પરસ્પર અવિરોધી છે, તેમ કહેવું તે સામાન્યસંગ્રહનયનો વિષય છે. અને બધા જીવો પરસ્પર અવિરોધી છે તેમ કહેવું તે વિશેષ સંગ્રહનયનો વિષય છે. જેમકેઃ જીવનું લક્ષણ ઉપયોગ છે. તેમાં બધા જીવો આવી ગયા. કાલદ્રવ્યમાં અસંખ્યાત કાલાણુઓ આવી ગયા, મૂર્તિમાન અણુમાં અનંતાનંત પરમાણુ આવી ગયા તેમ જાણવું.

વ્યવહારનય :-

संग्रहेण गृहीतार्थस्य भेदरुपतया वस्तु व्यवहृयते इति व्यवहारः સંગ્રહરૂપથી ગ્રહણ કરેલા પદાર્થોના વિશેષ અથવા ભેદરૂપ વ્યવહાર જેમાં કરવામાં આવે તે વ્યવહાર નય છે. તેના બે ભેદ છે:- **એક સામાન્યવ્યવહારનય.** જે સામાન્ય સંગ્રહ નયનો ભેદ કરે. જેમકેઃ જીવ, અજીવ બે ભેદરૂપ દ્રવ્યો છે. બીજી **વિશેષ વ્યવહારનય** છે, જે સંગ્રહ નયના વિશેષમાં ભેદ કરે. જેમકેઃ જીવ સંસારી અને મુકત એમ બે પ્રકારે છે. તે વ્યવહારનયના ભેદ પ્રભેદ કરી શકાય. જેમકેઃ સંસારી જીવો ત્રસ સ્થાવર છે. તે પ્રમાણે ભેદાભેદ કરતા ચાલ્યું જવું ત્યારે પહેલું વાકય સંગ્રહનયનું થઇ જાય છે. જેમકેઃ સંસારી ત્રસના ભેદ કરતા ત્રસ સંગ્રહનય થઇ જશે. તેમ આગળ આગળ જેમાં ભંગ થાય તે વ્યવહાર છે અને ભંગપૂર્વનું અભંગ તે સંગ્રહનયનો વિષય છે.

શાસ્ત્રીય પર્યાયાર્થિકનયના ચાર ભેદનું સ્વરૂપ

(૪) ऋजुसूत्रनयः

ऋजुं प्रगुणं प्रांजुलं सूत्रयति तंत्रयते इति ऋजुसूत्रं : જે પદાર્થની વર્તમાન પર્યાયને ગ્રહણ કરે તેને ઋજુસૂત્રનય કહે છે. તેના બે ભેદ છે. એક **સૂક્ષ્મઋજુસુત્રનય,** જે પદાર્થની અતિ સૂક્ષ્મ સમયમાત્રની પર્યાયને ગ્રહણ કરે છે. તે પર્યાયનું કહેવું ઘણુંજ કઠણ છેઃ કારણ કે તેનું કથન કરતા પહેલા સૂક્ષ્મ પર્યાય બદલી જાય છે, તે પર્યાયને અર્થપર્યાય કહે છે. જોકે આ નય વ્યવહારમાં આવી શકતી નથી, છતાં વિષયમાત્ર બતાવવા અપેક્ષાએ અહીં જણાવેલ છે. જેમકેઃ સર્વ શબ્દ ક્ષણિક છે. બીજી **સ્થૂલઋજુસૂત્રનય** છે જે અનેક સમયની સ્થાયી પર્યાયને ગ્રહણ કરે છે. જેમકેઃ મનુષ્યાદિ પર્યાયને તેના આયુષ્યના ઉદય સુધી ગ્રહણ કરવી તેમાં ભૂત, ભવિષ્ય પર્યાયનું ગ્રહણ નથી. ગાય કાળી છે, આ રોગી છે, ધનવાન છે, વિદ્વાન છે આદિ સ્થૂલ અવસ્થાને જણાવે છે.

ઉર્ધ્વતા સામાન્ય તો દ્રવ્યરૂપ છે કારણ કે બધી પર્યાયોમાં સાધારણ રૂપથી રહે છે અને તિર્યક્સામાન્ય પ્રતિવ્યક્તિ (ઘટ, પટ રૂપ) સદશ પરિણામ લક્ષણ વ્યંજન પર્યાયમાં રહે છે કારણ કે સ્થૂલ રૂપથી કાલાંતરમાં રહેવાવાળી અને શબ્દથી સંકેત ગોચર તે વ્યંજનપર્યાય છે.

પૂર્વવર્તી પર્યાય જેનો વિષય નથી પણ શુદ્ધ એક સમય-

વર્તી વર્તમાનકાલીન અર્થપર્યાય માત્ર તે સૂક્ષ્મઋજુસુત્રનયનો વિષય છે. તે સિવાય તેની અન્ય કોઈપણ વિષયમાં પ્રવૃત્તિ નથી; અને વ્યંજન પર્યાય તે સ્થૂલ ઋજુસૂત્રનયનો વિષય છે.

૫ શબ્દનયઃ-

शब्दात व्याकरणात् प्रकृतिप्रत्यय द्वारेण सिद्धः शब्दः शब्दनयः જે વ્યાકરણની અપેક્ષાથી શબ્દોને ગ્રહણ કરે અથવા જે વ્યાકરણથી પ્રકૃતિ, પ્રત્યય દ્વારા શબ્દ સિદ્ધ થાય તેને **શબ્દનય** કહે છે. જેમાં લિંગદોષ, સંખ્યાદોષ, કારકદોષ, કાળદોષ, એકવચન, દ્વિવચન, બહુવચન, સાધનદોષ, પુરુષાદિ ઉપગ્રહદોષોના વ્યભિચારોને દૂર કરી પદાર્થને ગ્રહણ કરે અથવા જેમાં વ્યાકરણ આદિનો દોષ ન આવે તેને શબ્દનય કહે છે. જેમકેઃ સ્ત્રી માટે દારા, ભાર્યા, કલત્ર, ત્રણે શબ્દો જુદા જુદા લિંગવાચક છે. છતાં ત્રણે એકજ સ્ત્રીનો બોધ કરાવે છે. લિંગ અપેક્ષાએ દારા તે પુલ્લિંગનો શબ્દ છે, કલત્ર નપુંસક લિંગનો શબ્દ છે, ભાર્યા સ્ત્રીલિંગનો શબ્દ છેઃ છતાં વ્યાકરણની રીતિથી શબ્દનય દ્વારા તે બરોબર છે. તે પ્રમાણે સંખ્યાદિ ઉપર લગાવવું જોઇએ, તેને શબ્દનય કહે છે. જો કે શબ્દનય, સમભિરૂઢ અને એવંભૂત ત્રણે એકજ ભેદરૂપ છે. (જુઓ જ્યધવલ પૃષ્ટ ૨૩૫ વિશેષાર્થ તથા ધવલખંડ ૧ પૃષ્ટ ૮૭)

(૬) સમભિરૂઢનય :

" नानार्थसमभिरोहणात् समभिरुढः " પદાર્થમાં શબ્દનો

અનેક અર્થ થતો હોવા છતાં એક અર્થનો આરૂઢ કરવો તેને **સમભિરૂઢ નય** કહે છે. જેમકેઃ ગો શબ્દનો અર્થઃ વાકય, પૃથ્વી, સ્વર્ગ, વાણી, વજ્ર, દિશા, કિરણ, નેત્ર, જલ છેઃ છતાં ગો શબ્દને સમભિરૂઢ નયથી ગાયને માટે જ વ્યવહાર કરી શકાય છે. શબ્દ નયમાં વ્યાકરણનું ધ્યાન હતુંઃ જ્યારે સમભિરૂઢમાં શબ્દના અર્થ ઉપર ધ્યાન અપાય છે. વ્યવહારમાં કોઇનું નામ રાખવું તેને સમભિરૂઢનય કહે છે. જેમકેઃ વૈદરાજ, પૂજારી, રસોયો આદિ નામે મનુષ્યને કહેવું અથવા વૈદપણું, પૂજારીપણું, રસોયાપણું, ન કરવા છતાં તે નામથી પુકારવું તેને સમભિરૂઢનય કહે છે.

૭ એવંભૂતનય :-

एवंक्रिया प्रधानत्वेन भूयते इति एवं भूतः વર્તમાનમાં જેવી ક્રિયા કરતો હોય તેવીજ ક્રિયાથી તેને કહેવું તેને **એવંભૂતનય** કહે છે. જેમકેઃ વૈદ્યપણું કરતા વૈદરાજ કહેવું. પૂજા કરતી વખતે પૂજારી કહેવું, તીર્થનો પ્રચાર કરતા તીર્થંકરને તીર્થંકર કહેવા, તેને એવંભૂતનય કહે છે. પણ જન્મસમયે તીર્થંકર કહેવું તેને સમભિરૂઢ નય કહે છે. આત્મલીનમાં રહેલા સાધુને સાધુ કહેવું તેને એવંભૂતનય કહે છે. અન્ય વખતે સાધુ કહેવા તેને સમભિરૂઢ નય કહે છે. ચાલતી વખતે ગાયને ગાય કહેવી તેને એવંભૂતનય કહે છે પણ ખાતી હોય, બેઠી હોય, ત્યારે ગાય કહેવી તેને સમભિરૂઢનય કહે છે.

ઉપનયોના ભેદનું સ્વરૂપ

(૧) સદ્‌ભૂતવ્યવહારનય (૨) અસદ્‌ભૂતવ્યવહારનય

(૩) ઉપચરિતાસદ્‌ભૂતવ્યવહારનય એમ ત્રણ પ્રકારોની ઉપનય છે.

(૧) સદ્‌ભૂત વ્યવહાર નયના બે ભેદ છેઃ– **એક શુદ્ધ સદ્‌ભૂતવ્યવહારનય** અને બીજી **અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર નય** છે. અખંડ દ્રવ્યોમાં વા શુદ્ધ દ્રવ્યમાં ગુણ ગુણી અથવા પર્યાય પર્યાયીનો ભેદ કરવો જેમકેઃ સિદ્ધાત્માને કેવલજ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ ગુણો છે, તેને ગુણગુણી ભેદ કહે છે અને સિદ્ધાત્માની શુદ્ધ સિદ્ધપર્યાયનો ભેદ કરવો તે પર્યાયપર્યાયીની અપેક્ષાથી છે. તેથી તેને **શુદ્ધસદ્‌ભૂતવ્યવહારનય** કહે છે અને છદ્મસ્થ જીવનાં મતિશ્રુતજ્ઞાનાદિ ક્ષયોપશમિક જ્ઞાન તથા સંસારી જીવની નરનારકાદિ પર્યાય તે અશુદ્ધ દ્રવ્યમાં ગુણગુણીનો અથવા પર્યાયપર્યાયીનો ભેદ કરવો તેને **અશુદ્ધ સદ્‌ભુતવ્યવહારનય** કહે છે.

(૨) **અસદ્‌ભૂતવ્યહારનય** ના ત્રણ ભેદ છેઃ– પહેલો **સ્વજાતિ અ૦. વ્ય. નય** બીજો **વિજાતિ અ. વ્ય. નય** ત્રીજો **સ્વજાતિ વિજાતિ. અ. વ્ય. નય** છે. જેમકેઃ– (૧) પરમાણુને કાયવાન બહુપ્રદેશી કહેવો. જો કે વર્તમાનમાં તે એક પ્રદેશી છે છતાં પણ તેમાં મળવાની શકિત છે તે હીસાબે એક જાતિમાં બહુ પ્રદેશીપણાની અપેક્ષાએ **સ્વજાતિ અ. વ્ય. નય** કહે છે. (૨) એક જાતિનો આરોપ બીજી જાતિમાં કરવામાં આવે. જેમકેઃ– મતિજ્ઞાનને મૂર્ત કહેવું. જોકે મતિજ્ઞાન અમૂર્તિક આત્માનો વિશેષ ગુણ છે તે કર્મના ક્ષયોપશમથી અમૂર્તિક છેઃ છતાં પણ વિજાતિના આરોપથી મતિજ્ઞાનને મૂર્ત કહેવું તે

વિજાતિ. અ. વ્ય. નય નું કથન છે. (૩) બરોબર જ્ઞાન, આત્મામાં છે તેમ છતાં જ્ઞાનને જીવ, અજીવ જ્ઞેયમાં છે એમ કહેવું તેને સ્વજાતિ, વિજાતિ. અસ. વ્ય. નય નું કથન કહે છે.

વિજાતિ અસદ્‌ભૂત વ્યવહારનય ના નવ ભેદ છે (૧) દ્રવ્યમાં દ્રવ્યનો સમારોપ (૨) દ્રવ્યમાં ગુણનો આરોપ (૩) દ્રવ્યમાં પર્યાયનો આરોપ (૪) ગુણમાં ગુણનો આરોપ (૫) ગુણમાં દ્રવ્યનો આરોપ (૬) ગુણમાં પર્યાયનો આરોપ (૭) પર્યાયમાં પર્યાયનો આરોપ (૮) પર્યાયમાં ગુણનો આરોપ (૯) પર્યાયમાં દ્રવ્યનો આરોપ કરવો એમ નવ ભેદ થાય છે.

જેમકે:– ચંદ્રના બિમ્બને ચન્દ્ર કહેવો તે સ્વજાતિ પર્યાયમાં સ્વજાતિનો આરોપ કહેવાય, મતિજ્ઞાનને મૂર્તિક કહેવું તે વિજાતિ ગુણમાં વિજાતિ ગુણનો આરોપ, જ્ઞાનનો વિષય જીવ અજીવને જ્ઞાન કહેવું તેમાં સજાતિ વિજાતિ દ્રવ્યમાં, સજાતિ વિજાતિ ગુણનો આરોપ, પરમાણુને બહુપ્રદેશી કહેવો ત્યાં સ્વજાતિ દ્રવ્યમાં સજાતિ વિભાવપર્યાયનો આરોપ, જ્ઞાનને જીવ કહેવો તે સ્વજાતિ ગુણમાં દ્રવ્યનો આરોપ, સમ્યક્‌ત્વગુણ હોવા છતાં તેમાં પર્યાયનો આરોપ કરી ગુણનો વ્યવહાર કરવો, સમ્યગ્દર્શનની પર્યાયમાં ગુણનો આરોપ કરવો, સિદ્ધપર્યાયને દ્રવ્યમાં આરોપ કરવો, મતિજ્ઞાનાદિ પર્યાયમાં જ્ઞાનાદિ પર્યાયનો આરોપ કરવો, એમ જાણવું.

(૩) ઉપચરિતાસદ્‌ભૂતવ્યવહારનયના ત્રણ ભેદ છે :–

પહેલો ભેદ સ્વજાતિ ઉપ૦ અ૦ વ્ય૦ નય બીજો વિજાતિ ઉપ૦ અ૦ વ્ય૦ નય ત્રીજો સ્વજાતિ વિજાતિ ઉપ૦ અ૦ વ્ય૦ નય છે.

દૃષ્ટાંત :– સ્ત્રી પુત્રાદિ મારાં છે. તે જીવની સ્વજાતિમાં માન્યતા કરવામાં આવી છે. તે ખરેખર જુઠી છે તેથી તે ઉપચરિત છે. વસ્ત્રાભૂષણ સુવર્ણ રત્નાદિ મારાં છે તેમ કહેવું તે વિજાતિમાં ઉપચરિત છે. દેશ, રાજ્ય, દુર્ગ આદિ મારાં છે, તેમ કહેવું તે સ્વજાતિ વિજાતિ મિશ્ર ઉપચરિત છે.

વિશેષાર્થ:– જેનો અભેદરૂપ વિષય છે તેને **નિશ્ચયનય** કહે છે અને જેનો ભેદરૂપ વિષય છે તેને વ્યવહારનય કહે છે. નિશ્ચય–નયના બે ભેદ છે (૧) **શુદ્ધનિશ્ચયનય** અને (૨) **અશુદ્ધ નિશ્ચયનય** છે. તેમાં જે નિરુપાધિક ગુણગુણીને અભેદરુપ ગ્રહણ કરે તેને **શુદ્ધ નિશ્ચયનય** કહે છે. જેમકે:– જીવ કેવળ જ્ઞાનસ્વરૂપ છે. અને જે સોપાધિક ગુણગુણીને અભેદરૂપ ગ્રહણ કરે તેને **અશુદ્ધ નિશ્ચયનય** કહે છે. જેમકે:– જીવ મતિજ્ઞાન સ્વરૂપ છે.

વ્યવહારનયના બે ભેદ છે એક **સદ્‌ભૂતવ્યવહારનય** અને બીજો **અસદ્‌ભૂતવ્યવહારનય** છે તેમાં જે એક પદાર્થમાં ગુણગુણીને ભેદરૂપ ગ્રહણ કરે છે તેને સદ્‌ભૂત વ્યવહારનય કહે છે. તેના બે ભેદ છે:–એક **ઉપચરિતસદ્‌ભૂતવ્યવહારનય** અને બીજી **અનુપચરિતસદ્‌ભૂતવ્યવહારનય** છે. જે સોપાધિક ગુણગુણીને ભેદરૂપ ગ્રહણ કરે છે તેને **ઉપચરિતસદ્‌ભૂત-**

વ્યવહારનય કહે છે જેમકેઃ– જીવના મતિજ્ઞાનાદિ ગુણ છે. અને જે નિરુપાધિક ગુણ ગુણીને ભેદરૂપ ગ્રહણ છે તેને **અનુપચરિત-સદ્‌ભૂત વ્યવહારનય** કહે છે. જેમકેઃ– જીવના કેવળજ્ઞાનાદિ ગુણ છે. જે ભિન્ન પદાર્થને અભેદરૂપ ગ્રહણ કરે છે તેને **અસદ્‌ભૂત** વ્યવહારનય કહે છે. તેના બે ભેદ છે. એક **ઉપચરિતાસદ્‌ભૂત વ્યવહારનય** અને બીજો **અનુપચરિતાસદ્‌ભૂત વ્યવહારનય.** તેમાં જે સંશ્લેષ રહિત વસ્તુને અભેદરૂપ ગ્રહણ કરે તેને **ઉપચરિતાસદ્‌ભૂત વ્યવહારનય** કહે છે. જેમકેઃ– વસ્ત્રાદિ (નોકર્મ) મારાં છે. અને જે સંશ્લેષ રહિત વસ્તુને અભેદરૂપ ગ્રહણ કરે છે તેને **અનુપચરિતાસદ્‌ભૂત વ્યવહારનય** કહે છે. જેમકેઃ– શરીર (કર્મ) મારૂં છે.

જોકે ઉપરના છ ભેદ કોઇ આચાર્યે અધ્યાત્મ સંબંધમાં સંક્ષેપથી કહેલ છે. પણ તે છ ભેદ **શુદ્ધનિશ્ચયનય** ભેદ વિકલ્પ **નિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિક નયમાં** તથા **અશુદ્ધ નિશ્ચયનય કર્મોપાધિ સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક નયમાં** ગર્ભિત છે. **ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર નય** તે **અશુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર નયમાં અને અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર નય** તે **શુદ્ધ સદ્‌ભૂત વ્યવહાર નય** માં ગર્ભિત છે. વળી અનુપચરિત અને ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનય બન્ને **ઉપચરિત** (ઉપચરિતાસદ્‌ભૂત) **વ્યવહાર નય** માં ગર્ભિત છે, એમ જાણવું. (વિશેષ જૈનસિદ્ધાન્ત દર્પણ પૃષ્ટ ૩૫, સર્વાર્થ સિદ્ધિ, આલાપપદ્ધતિ, નયચક્ર, જયધવલ અને ધવલખંડ પૃષ્ટ ૮૪–૯૦ માં જોવું)

સારાંશઃ–સામાન્ય ધર્મને વિષય કરવાવાળી દ્રવ્યાર્થિક નય છે અને વિશેષ ધર્મને વિષય કરવાવાળી પર્યાયાર્થિક નય છે. તેમાં સંગ્રહ અને વ્યવહારના ભેદથી દ્રવ્યાર્થિક નય બે પ્રકારની છે. જે અભેદને વિષય કરે છે તે સંગ્રહનય છે. અને જે ભેદને વિષય કરે છે તે વ્યવહારનય છે. તે બન્ને નયો દ્રવ્યાર્થિક નયની ક્રમશઃ શુદ્ધ અને અશુદ્ધ પ્રકૃતિ છે. જ્યાંસુધી દ્રવ્યને અભેદરૂપથી ગ્રહણ કરે છે તેને શુદ્ધ કહે છે અને દ્રવ્યને ભેદથી ગ્રહણ કરે છે તેને અશુદ્ધ કહે છે. અથવા દ્રવ્યમાં દ્રવ્યભેદ અથવા સત્તા ભેદ કરે છે ત્યાંસુધી દ્રવ્યાર્થિકનયની અશુદ્ધપ્રકૃતિ છે. પણ વસ્તુમાં કાળકૃત ભેદની પ્રધાનતા પર્યાયાર્થિક નયનો વિભાગ (અવતાર) થાય છે.

જેમકેઃ જીવના ભેદ સંસારી અને મુકત અજીવના પુદ્ગલ ધર્મ અધર્મ, આકાશ, અને કાળ એ પ્રમાણે પાંચ ભેદરૂપ ગ્રહણ તે દ્રવ્યભેદ, અથવા સત્તા ભેદ તેને વ્યવહારનય કહે છે અને તે દ્રવ્યાર્થિકનયની અશુદ્ધ પ્રકૃતિ છે.

ઋજુસૂત્રનય તે પર્યાયાર્થિક નયનો મૂલ આધાર છે અને શબ્દાદિ નયો તે ઋજુસૂત્રનયની શાખા–ઉપશાખા છે. પર્યાયાર્થિક-નયની અપેક્ષાએ પદાર્થમાં ઉત્પન્ન અને નાશ થાય છે કારણ પ્રત્યેક દ્રવ્યમાં પ્રતિક્ષણ નવી નવી પર્યાયની ઉત્પત્તિ અને પૂર્વ પૂર્વ પર્યાયનો નાશ થાય છે. પણ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ દ્રવ્યનો કદી નાશ થતો નથી તેમજ તેનો ઉત્પાદ પણ થતો નથી. સદાકાળ સ્થિતિ સ્વભાવ રહે છે. પ્રત્યેક પદાર્થમાં ઉત્પાદ વ્યય બે પ્રકારે થાય છે એક સ્વનિમિત્ત અને બીજું પરનિમિત્ત છે. દ્રવ્યમાં આગમ પ્રમાણથી અનંત અગુરુલઘુ ગુણના અવિભાગ પ્રતિચ્છેદ માનેલ છે.

જે ષટ ગુણ હાનિવૃદ્ધિ રૂપથી નિરંતર પ્રવર્તમાન રહે છે તે હીસાબે સ્વનિમિત્તોત્પાદ વ્યય થયા કરે છે. તે પ્રમાણે પર-નિમિત્તથી પણ દ્રવ્યમાં ઉત્પાદ વ્યયનો વ્યવહાર કરવામાં આવે છે. અગ્રાયણી પૂર્વમાં આચાર્યે સાતસો સુનય અને દુર્નયોનું વર્ણન લખેલ છે. (જુઓ જયધવલા ખંડ ૧ પૃષ્ટ ૧૪૦.)

નિક્ષેપનું સ્વરૂપ.

नामस्थापनाद्रव्यभावतस्तन्न्यासः ॥५००॥

અર્થઃ– નામ નિક્ષેપ, સ્થાપના નિક્ષેપ, દ્રવ્ય નિક્ષેપ અને ભાવ-નિક્ષેપ એમ નિક્ષેપના ચાર ભેદ છે.

ભાવાર્થઃ– પ્રમાણ અને નયોમાં દ્રવ્યને આરોપણ કરવું તેને નિક્ષેપ કહે છે. પદાર્થોમાં ચાર પ્રકારનો વ્યવહાર જગતમાં પ્રચલિત છે તેમાં–

(૧) પહેલા પ્રકારનું સંક્ષેપમાં કથન એવું છે કે, કોઇ પદાર્થમાં ગુણ, જાતિ, સ્વભાવની અપેક્ષા કર્યા વિના કોઇ નામ રાખી દેવું જેમકેઃ કોઈ બાળકનું નામ સૂર્યસિંહ રાખી દેવામાં આવે પણ તે બાળકમાં સિંહ કે સૂર્યનો એકપણ ગુણ નથી. માત્ર લોક વ્યવહાર માટે નામ રાખવામાં આવે છે, તેનુ નામ **નામનિક્ષેપ** છે. તેમાં પૂજ્ય અપૂજ્ય બુદ્ધિ થતી નથી.

(૨) કોઈ કાષ્ટ, પાષાણ, મિટ્ટિ આદિમાં સ્થાપના કરી એવો ભાવ થાય કે આ તેજ છેઃ અર્થાત્ ચિત્ર, મૂર્તિ આદિ દેખતા મનમાં તેના ગુણોમાં ભક્તિ, આદર ભાવ પ્રગટ

થવો તેને **સ્થાપના નિક્ષેપ** કહે છે. જેમકેઃ શ્રી પાર્શ્વનાથ ભગવાનની ધ્યાનાકાર પ્રતિમાને જોતા તેમાં અર્હંત સ્વરૂપના આકારની ભાવનાથી ભક્તિ ઉત્પન્ન થવી તેને **તદાકાર સ્થાપના** કહે છે. સતરંજ આદિમાં ઘોડો, ઊંટ, વઝીર, બાદશાહ, હાથી આદિના આકાર વિના કલ્પના કરવી તેને **અતદાકાર સ્થાપના** કહે છે. સ્થાપના નિક્ષેપમાં પૂજ્ય અપૂજ્ય માનાપમાનનો ભાવ થાય છે, જેમકેઃ માતા, પિતા આદિનો ફોટો જોતા પૂજ્ય ભાવ થાય છે. ચોર, ડાકુ આદિનો ફોટો જોતા અપૂજ્ય ભાવ થાય છે.

(૩) ભૂત, ભવિષ્ય કાળ સંબંધી અનુપસ્થિત અવસ્થા ને વર્તમાનમાં ન હોવા છતાં તેમાં આરોપ કરી કહેવું તેને **દ્રવ્ય નિક્ષેપ** કહે છે. જેમકેઃ અરિહંત ભગવાનને સિદ્ધ કહેવા, શ્રી કૃષ્ણ અથવા શ્રેણિકના જીવને તીર્થંકર કહેવા, મહાવીર સ્વામી સિદ્ધ હોવા છતાં પૂર્વ સિંહ, ભીલ આદિ પર્યાયથી કહેવું તે **દ્રવ્ય નિક્ષેપ** છે. દ્રવ્યમાં અનંત પર્યાય થઇ ચુકી છે અને અનંત થવાવાળી છેઃ તેનો આરોપ વર્તમાનમાં કરવામાં આવે તેને દ્રવ્ય નિક્ષેપ કહે છે. એ પ્રમાણે સર્વત્ર જાણી લેવું જોઇએ.

નૈગમનય અને દ્રવ્ય નિક્ષેપનો વિષય સમાનરૂપ માલુમ પડે છે છતાં બન્ને એક નથી. નૈગમનય જ્ઞાનાત્મક છે. અર્થાત્ જાણવાવાળો છે અને દ્રવ્ય નિક્ષેપ જ્ઞેયાત્મક છે અર્થાત્ પદાર્થની અવસ્થારૂપ છે તેથી જાણવાયોગ્ય જ્ઞેય (વિષય) રૂપ છે. તેમાં

જ્ઞેય જ્ઞાયક અથવા વિષય વિષયીનો સંબંધ છે તેથી બન્ને એક નથી. એ પ્રમાણે નામ, સ્થાપના અને દ્રવ્ય નિક્ષેપ ત્રણે દ્રવ્યાર્થિક નયની અપેક્ષા રાખવાવાળાં છે.

આગળમાં થવાવાળી પર્યાયને ગ્રહણ કરવા સન્મુખ દ્રવ્યને દ્રવ્યનિક્ષેપ કહે છે. અથવા વર્તમાન પર્યાયની વિવક્ષાથી રહિત અને ભૂત અથવા ભવિષ્ય પર્યાયની વિવક્ષાથી દ્રવ્યને જ દ્રવ્ય-નિક્ષેપ કહે છે. તેના **આગમ દ્રવ્ય નિક્ષેપ** અને **નોઆગમ-દ્રવ્ય નિક્ષેપ** એવા બે ભેદ છે. આગમ, સિદ્ધાંત, અને પ્રવચન તે બધા એકાર્થવાચી આગમ નિક્ષેપ છે અને તેનાથી ભિન્ન પદાર્થને **નોઆગમ દ્રવ્ય નિક્ષેપ** કહે છે. વર્તમાનમાં શાસ્ત્ર-પ્રવચનના ઉપયોગથી રહિત જ્ઞાતાને **આગમ દ્રવ્ય નિક્ષેપ** કહે છે. જેમકેઃ સુદર્શન મેરુના સ્વરૂપનું નિરૂપણ કરવાવાલા ત્રૈલોક્યસાર ગ્રંથનો જાણવાવાળો પુરુષ જે કાળમાં સુદર્શન મેરુના કથનમાં ઉપયુક્ત નથી તે કાલમાં તે જીવને સુદર્શન મેરુનો **આગમ દ્રવ્ય નિક્ષેપ** કહે છે.

નોઆગમદ્રવ્યનિક્ષેપના ત્રણ ભેદ છે (૧) **જ્ઞાયકશરીર** (૨) **ભવ્ય** અથવા **ભાવિ** (૩) **તદ્વ્યતિરિક્તનોઆગમદ્રવ્ય-નિક્ષેપ** છે. નિક્ષેપ્ય પદાર્થ (તદ્વિષયક) નો નિરૂપક શાસ્ત્રના અનુપયુક્ત (ઉપયોગ રહિત) જ્ઞાતાના શરીરને **જ્ઞાયકશરીરનો-આગમદ્રવ્યનિક્ષેપ** કહે છે. જેમકેઃ જીવપદાર્થનું પ્રરૂપણ જે શાસ્ત્રમાં છે તે શાસ્ત્રના અનુપયુક્ત જ્ઞાતાના શરીરને જીવ કહેવો તેને **જ્ઞાયકશરીરનોઆગમદ્રવ્યનિક્ષેપ** કહે છે. તે શરીરના ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણ ભેદ છે. જે શરીરને છોડી જ્ઞાતા

આવ્યો તેને ભૂતશરીર કહે છે, જે શરીરને જ્ઞાતા આગામી કાળમાં ધારણ કરશે તેને ભવિષ્ય શરીર કહે છે અને જ્ઞાતાના વર્તમાન શરીરને વર્તમાન કહે છે. ભૂત શરીરના ત્રણ ભેદ છે (૧) ચ્યુત (૨) ચ્યાવિત (૩) ત્યકત. જે શરીર પોતાની આયુપૂર્ણ કરીને છુટે તેને ચ્યુત કહે છે. જે અકાળ મૃત્યુ દ્વારા શરીર છુટે તે ચ્યાવિત છે અને જે શરીર સંન્યાસ મરણથી છુટે તેને ત્યકત કહે છે. ત્યકત શરીર ત્રણ પ્રકારના થાય છે (૧) પ્રાયોપગમન (૨) ઈંગિની (૩) ભકત પ્રત્યાખ્યાન મરણ છે. **ભકતપ્રત્યાખ્યાનના** ત્રણ ભેદ છે– જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ **તદ્વ્યતિરિકતનોઆગમ દ્રવ્ય નિક્ષેપના** બે ભેદ છે **(૧) કર્મત દ્વયતિરિકતનોઆગમ દ્રવ્ય નિક્ષેપ અને (૨) નોકર્મતદ્વ્યતિરિકતનોઆગમ દ્રવ્ય નિક્ષેપ** છે. દર્શન વિશુદ્ધિ આદિ સોલ પ્રકારના તીર્થંકર નામકર્મના કારણથી જીવના પ્રદેશો એ બંધાએલ તીર્થંકર નામકર્મને **કર્મતદ્વયતિરિકતનોઆગમ દ્રવ્ય નિક્ષેપ** કહે છે. અને **નોકર્મ તદ્વ્યતિરિકતનોઆગમ દ્રવ્ય નિક્ષેપના** બે ભેદ છે

(૧) લૌકિક નોકર્મ તદ્વ્યતિરિકતનોઆગમ દ્રવ્ય નિક્ષેપ અને (૨) લોકોત્તર નોકર્મ તદ્વ્યતિરિકતનોઆગમ દ્રવ્ય નિક્ષેપ છે. તેમાં લૌકિકના સચિત્ત, અચિત્ત, અને મિશ્ર એમ ત્રણ ભેદ છે અને લોકોત્તરના સચિત્ત, અચિત્ત અને મિશ્ર એમ ત્રણ પ્રકારે ભેદ છે (આનું વિશેષ વર્ણન ધવલ ખંડ ૧ પૃષ્ટ ૧૨ થી ૩૦ માં જોઇ લેવું)

(૪) જે દ્રવ્યની જે અવસ્થા વર્તમાનમાં હોય તેને તેજ પ્રમાણે માનવી તેને **ભાવનિક્ષેપ** કહે છે જેમકેઃ રાજ્ય-કર્તાને રાજા કહેવો, સ્વાત્માનુભવ કરતાને સમ્યક્ત્વી કહેવો, તીર્થપ્રચાર કરતી વખતે તીર્થંકર કહેવો, સિદ્ધાવસ્થામાં આત્માને સિદ્ધ કહેવો, નારકીને નારકી આદિરૂપ સમજવું. ભાવનિપક્ષેના બે ભેદ છે (૧) **આગમભાવનિક્ષેપ** (૨) **નોઆગમભાવનિક્ષેપ** છે. જ્ઞાતાનો આત્મા જે સમયમાં પોતાના જ્ઞાતવિષયમાં ઉપયુક્ત હોય ત્યારેજ તેને જ્ઞાતા કહેવો અથવા રાજ કરતો રાજાને રાજા કહેવો તે આગમ ભાવ નિક્ષેપ છે. અને જ્ઞાતાનો આત્મા જે સમયમાં પોતાના જ્ઞાત વિષયમાં ઉપયુકત હોય તે સમયમાં તેના શરીરને જ્ઞાતા કહેવો અથવા રાજાના શરીરને રાજા કહેવો તેને **નોઆગમ ભાવનિક્ષેપ** કહે છે. તે પર્યાયાર્થિકનયની અપેક્ષા રાખે છે.

સારાંશઃ– પદાર્થઃ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ નિક્ષેપરૂપ હોય છે. તે નિક્ષેપને જે જ્ઞાનથી જાણવામાં આવે છે તેને નય કહે છે. નય જાણવાવાળી છે અને નિક્ષેપ જાણવાયોગ્ય છે. નય વિષય કરવાવાળો છે અને નિક્ષેપ તે નયનો વિષય છે. નામનિક્ષેપ સમભિરૂઢ નયનો વિષય છે. સ્થાપનાનિક્ષેપ ઋજુસૂત્રનય તથા એવંભૂતનયનો વિષય છે કારણ કે તે કોઇ પણ પર્યાય અથવા કાર્યનું જ્ઞાન સાક્ષાત્ વર્તમાનમાં કરાવે છે. દ્રવ્યનિક્ષેપ નૈગમ-નયનો વિષય છે. કારણકે તે દ્રવ્યમાં ભૂત, ભાવી પર્યાયનો સંકલ્પ વર્તમાનમાં કરવામાં આવેલ છે અને ભાવનિક્ષેપ ઋજુસૂત્ર તથા એવંભૂત નયનો વિષય છે.

સાતભંગોનું સ્વરૂપ

सप्तानां भङ्गनां वाक्यानां समाहारः समूहः सप्तभङ्गी ॥५०१॥

અર્થ:- સાત વાકયોનો જે સમૂહ છે તેનું નામ સપ્તભંગી છે.

ભાવાર્થ:- સાતભંગોને અજીવ એવા ઘટ ઉપર અને જીવ એવા ચેતન ઉપર નીચે પ્રમાણે લગાવી શકાય છે. (૧) જીવ ચૈતન્ય સ્વભાવની અપેક્ષાએ નિત્ય છે (૨) જીવ ઉત્પાદ વ્યય સ્વભાવની અપેક્ષાએ અનિત્ય છે (૩) જો બન્ને વાતોને સાથે કહેવામાં આવે તો જીવ નિત્ય પણ છે અનિત્ય પણ છે. (૪) જો એક સમયમાં બન્ને વાતને કહેવા માંગે તો કહી શકાતો નથી, તેથી જીવ અવકતવ્ય છે (૫) જોકે એક સમયમાં કથન અપેક્ષા જીવ અવકતવ્ય છે તો પણ નિત્ય અવશ્ય છે (૬) જોકે અવકતવ્ય હોવા છતાં જીવ અનિત્ય પણ છે (૭) જોકે અવકતવ્ય છે છતાં પણ એકજ સમયમાં જીવ નિત્ય અનિત્ય ઉભયરૂપ છે. એમ પુણ્ય પાપ આદિ સાત તત્ત્વો ઉપર લગાવી શકાય છે. **સ્યાત્** શબ્દ લગાવવાથી કોઇ દોષરૂપ બાધા ઉત્પન્ન થતી નથી.

(૧) **स्यादस्ति घटः** કથંચિત્ ઘટ છે. (૨) **स्यान्नास्ति घटः** કથંચિત્ ઘટ નથી. (૩) **स्यादस्ति नास्ति च घटः** કથંચિત્ ઘટ છે અને કથંચિત્ નથી. (૪) **स्यादवक्तव्यो घटः** કથંચિત્ ઘટ અવકતવ્ય છે. (૫) **स्यादस्ति चावक्तव्यश्च घटः** કથંચિત્ ઘટ છે અને અવકતવ્ય છે. (૬) **स्यान्नास्ति चावक्तव्यश्च घटः** કથંચિત્ નથી અને અવકતવ્ય ઘટ છે. (૭) **स्यादस्ति नास्ति चावक्तव्यश्च घटः** કથંચિત્ છે, અને નથી, એવો અસ્તિનાસ્તિ-રૂપ અવકતવ્ય ઘટ છે.

પદાર્થ સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાથી અસ્તિત્વ (ભાવરૂપ) છે અને પરદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અપેક્ષાથી નાસ્તિત્વ (અભાવરૂપ) છે. જીવમાં જીવપણું છે પણ અજીવપણું નથી. પદાર્થ પોતાના દ્રવ્ય તથા ગુણોની અપેક્ષાએ નિત્ય છે પણ પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. પદાર્થ એક અખંડ ગુણ-સમુદાયરૂપ હોવાથી એકરૂપ છે. અને ભિન્ન ભિન્ન ગુણોની અપેક્ષાએ અનેકરૂપ છે. એમ વિરોધી બે ધર્મોને બતાવવાને માટે સાત ભંગ જરૂરી છે.

સંશયના ભેદ સાત પ્રકારે થાય છે અને સંશયના વિષયભૂત ધર્મોનો ભેદ પણ સાત પ્રકારનોજ હોય છે. કોઇ પણ પ્રશ્નકર્તાની કોઇ વસ્તુ પ્રત્યે જાણવાની ઇચ્છા થાય તો તે ઇચ્છાઓનો ભેદ પણ સાત પ્રકારે થાય છે. વળી સાત ભંગથી વસ્તુને કે વસ્તુના કોઇ એક ધર્મને કહેવામાં આવે તો તેમાં અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ કે અસંભવ દોષ થતો નથી (વિશેષ વર્ણન સપ્તભંગી તરંગિણી ગ્રંથથી જાણવું.)

માનવજીવનનું દુર્લભપણું

આ સંસારી જીવને નિગોદથી નીકળી એકેન્દ્રિય સ્થાવર થવું પછી વિકલેન્દ્રિય ત્રસ થવું, વિકલેન્દ્રિયથી પંચેન્દ્રિય થવું, પંચેન્દ્રિયમાં પણ સૈની થવું, સૈનીમાં પર્યાપ્ત થવું, પર્યાપ્ત થયા પછી ઉત્તમ દેશ, કુલ, રૂપ, ઇન્દ્રિયોની નિપુણતા, બાધા રહિત મોટું આયુષ્ય, શ્રેષ્ટ બુદ્ધિપણું, સાચા ધર્મનું સાંભળવાનું મલવું, સમજવું, ધારણ કરવું કઠણ છે. ધારણા થયા પછી શ્રદ્ધાન થવું,

સંયમનો લાભ થવો, વિષય સુખોથી વૈરાગ્ય થવો, ક્રોધાદિ કષાયોથી બચવું, તપની ભાવના થવી, અંતમાં સમાધિ મરણ થવું આદિ ઉત્તરોત્તર વાતો મલવી ઘણી જ દુર્લભ છે. કારણ તેના વિરોધી મિથ્યાત્વ, પંચેન્દ્રિયના વિષયો, કષાય, પોતાની પ્રસિદ્ધિ, પૂજા, લાભ, લોગોની ઇચ્છારૂપી નિદ્રાનબંધ આદિ વિભાવ પરિણામોની આ સંસારમાં અતિ પ્રબલતા છે તેથી સમાધિ-ભાવને રત્નત્રયની એકતારૂપ આત્મિક ભાવને એક બીજાથી મહાન દુર્લભ સમજી સમાધિ લાભનો અવસર મલે ત્યારે પ્રમાદ કરવો યોગ્ય નથી.

इत्यधि दुर्लभरुपां बोधिलब्ध्व यदिप्रमादी स्यात् ।
संसृति भीमारण्ये भ्रमति वकारो नरः सुचिरं ॥५०२॥

અર્થઃ- જ્યારે આટલી કઠિનતાથી રત્નત્રયનો લાભ થાય છે ત્યારે એવા લાભને પામ્યા પછી પ્રમાદી થઈ વિષયાદિના વશમાં પડી રત્નત્રયરૂપી આત્મિક ધર્મનો લાભ કરતો નથી. તે બિચારો લોળો માણસ આ ભયાનક સંસારરૂપી વનમાં ઘણો કાળ ભ્રમણ કરે છે.

ભાવાર્થઃ- જીવને પૂર્વોકત બધી અનુકૂળ સામગ્રી ઘણા પુણ્યના યોગથી પ્રાપ્ત થાય છે. તેમ છતાં પણ તે વિષયકષાયોમાં રત થઇ અમૂલ્ય અવસરને નકામો ગુમાવી આપે છે. તેથી શ્રીગુરુ ઉપ-દેશ આપે છે, કે હે ભાઇ ! તું તારા આત્માની શુદ્ધિના યત્નમાં પ્રમાદી ન થા. મોક્ષમાર્ગ સ્વરૂપ શ્રી જિનવાણીના અભ્યાસથી રૂડા પ્રકારે જાણી, નિશ્ચય રત્નત્રયની ભાવના ભાવતો વ્યવહાર

રત્નત્રયમાં તારે પ્રવર્તન કરવું યોગ્ય છે. જ્યારે નિશ્ચય રત્નત્રયની પૂર્ણતાની નિકટતા આવે છે ત્યારે વ્યવહાર આલંબન સ્વયં છુટી જાય છે અને આ જીવ શુદ્ધ પારિણામિક ભાવનો ધારી પરમાત્મા થઇ જાય છે. માટે ભવ્યાત્માઓએ પોતાના કલ્યાણનો પંથ ચુકવો ન જોઇએ. કારણ રત્નત્રયના પ્રતાપથી જ નિર્વિકલ્પ સમાધિનો લાભ થાય છે. તે અવસર ચુકયા પછી પાછો મળવો ઘણો જ દુર્લભ છે.

માનવતાનું સાર્થકપણું

પ્રથમ જીવે પરિગ્રહનું પરિમાણ કરવું જોઇએ જેથી અનાદિના સંસ્કાર છુટતા જાય છે. ત્યારબાદ ઇન્દ્રિય નિરોધ કરવો જેથી ઇન્દ્રિયો પોતાના વિષયોમાં બહાર ભટકે છે તે રોકાય છે. ત્યાર બાદ યથાશકિત તપ સાધના કરવી અને વધારેમાં વધારે સમય શુભોપયોગમાં રાખવા સખ્ત પુરુષાર્થ કરવો જોઇએ. સમ્યક્ તપ સાધનાથી પરિણામમાં શાન્તિ આવશે. લબ્ધિના પુરાણા સંસ્કાર નાશ કરવા સતત સ્વાધ્યાયમાં ઉપયોગની શુદ્ધિ કરવી, તેમાં ઉપયોગ થાકે તો પૂજા, ભકિત, એકાંતવાસમાં સામાયિકાદિ કરવી પોતાના આત્માને નિંદવો, હઠાગ્રહનો સર્વથા ત્યાગ કરવો; જેથી કટુ પરિણામ છુટી સરળ પરિણામ થશે. ગંદા (સંસ્કાર) વિચાર છુટી આત્મિક વિચાર આવશે. સ્વાધ્યાયથી સ્વપરનું (ભેદજ્ઞાન) જ્ઞાન ખીલશે. વધારે સંસારી જીવોનો સંગ કરવો નહીં, ધર્માત્માઓનો સંગ કરવો. આર્થિક પરિસ્થિતિ સારી (જીવન ભરણ) હોય તો વધારે લોભ માટે સમયનો દુરુપયોગ ન કરતા આત્મ ચિંતવનમાં ગાળવો. એમ નથી કે ચોવીસ કલાકમાં એકાદ કલાક

પૂજા, સ્વાધ્યાય અર્થાત્ પ્રવચન (વ્યાખ્યાન) સાંભળી લીધું એટલે ઘણો ધર્મ (પુણ્ય) થઇ ગયો અને ત્રેવીશ કલાક સુધી પાંચ પ્રકારના મુખ્ય પાપોમાં પ્રવૃત્તિ રાખવી. તે તો હજુ કાંઇ સમજ્યો જ નથી. સાચા સ્વાધ્યાયથી પાપભીરુ થાય અર્થાત્ સંગ્રહ-ખોરી, છેતરપીંડી, કપટ, ચોરી, અસત્ય, વિશ્વાસઘાત આદિ લબ્ધિના પાપરૂપી ખરાબ સંસ્કારો ન છુટતા હોય તો સ્વાધ્યા-યાદિથી આત્માને કંઇ લાભ નથી. પ્રથમ પાપરૂપી સંસ્કારો છુટે ભવભીરૂ થાય, સારા સંસ્કારો ભરે તોજ જીવને લાભ થયો કહેવાય. તે પોતાનો આત્મા સ્વયં જાણી શકે છે કે મારા આગળના પરિ-ણામોથી વર્તમાન પરિણામોમાં શાન્તિ છે અથવા સદાચરણરૂપ છે, તેવા સંસ્કાર આવ્યે જીવમાં ઉદાસીનતા, સરળ, ભદ્ર પરિણામ સતત પુરુષાર્થથી આવે છે. અનાદિના સંસ્કારો ક્ષણભરમાં નાશ થતા નથી પણ સતત્ પુરુષાર્થ કરતો રહે તો નાશ થાય છે. પોતાના પુત્ર, પુત્રાદિ, પરિગ્રહ સંગ્રહ કરવા પાછળ મોતનો ભય છોડીને ગાળે છે તેટલો સમય આત્માની સિદ્ધિ માટે કરે તો અવશ્ય આત્મિક સુખની વિના સંશય પ્રાપ્તિ કરે. એ પ્રમાણે જીવના શુભોપયોગનું નિમિત્ત પામી સત્તાના કર્મોના પાપ રસો સુકાય છે પુણ્ય રસો પડતા જાય છે. એ પ્રમાણે સતત્ પ્રયાસ ચાલુ રાખતા જ્ઞાનની વૃદ્ધિ પણ સૂક્ષ્મતાને પકડતી થશે. તત્ત્વ વિચારમાં ઉપયોગ હેયોપાદેયરૂપ પરિણમન કરતો કરતો નિર્વિકલ્પતાને (સ્થિરતા) પામે છે. અર્થાત્ રાગ દ્વેષ (ઇષ્ટાનિષ્ટ) રૂપ પરિણમતો નથી. (રોકાય છે) તેમ કરતાં કરતાં જીવને અનાયાસે અચિન્ત્ય પરિણામની પ્રાપ્તિ થતા અંતર્મુહૂર્તમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.

ભાવનાનો ઉપાય અને તેનું ફલ

જે જીવ પૂર્વોક્ત પ્રકારે ભેદજ્ઞાનને પ્રાપ્ત કરી ભયાનક સંસારનું મૂળ, સમસ્ત પુણ્ય, પાપ, સુખ, દુઃખને સર્વ પ્રકારે (અતિશય કરીને) ત્યાગે છે તે ભવ્ય જીવ સર્વસુખોમાં શ્રેષ્ઠ એવા અવિનાશી આનંદ સુખને પ્રાપ્ત કરે છે. તેથી બુદ્ધિમાન પ્રાણીઓએ પરિગ્રહનો આગ્રહ (હઠ) ત્યાગી તથા દેહ પ્રત્યે ઉપેક્ષા અર્થાત્ શરીર પ્રત્યેનો નેહ છોડી ઉદાસીન થઇ નિરાકુલ ચૈતન્યમાત્ર શરીરનીજ ભાવના કરવી, જેથી શુભ-અશુભ સકલ રાગ દ્વેષ મોહનો વિધ્વંસ થાય છે. અર્થાત મોહનો જડ મૂળથી ઉચ્છેદ (નાશ) થાય છે. અને દ્વેષરૂપી જળથી ભરેલ મન રૂપી ઘડાના ફુટી જવાથી, પવિત્ર, શ્રેષ્ટ, જ્ઞાનરૂપી જ્યોતિ સર્વ ઉપાધિરહિત, નિત્ય, ઉદયરૂપ, પ્રગટ થાય છે. તે જ્યોતિ કેવી છે?

ભેદવિજ્ઞાનરૂપ વૃક્ષના સાચા ફળરૂપ છે. જગતમાં મંગલ-રૂપ આ જ્ઞાનજ્યોતિને હું નમસ્કાર કરૂં છું. આ આત્માનું સ્વા-ભાવિક સહજજ્ઞાન જે આનંદના વિસ્તારથી પરિપૂર્ણ છે, મોક્ષા-વસ્થામાં પ્રગટરૂપ છે એવું સહજજ્ઞાન સદા જયવંત રહો. કેવું છે તે સહજજ્ઞાન, સર્વ બાધાઓ રહિત પ્રગટ આત્માની સહજ અવસ્થા છે. આત્માના અંતરંગમાં પ્રગટે છે, એજ અમારૂં સ્વરૂપ વૈભવ છે.

સારાંશઃ- ભવ્ય જીવોએ પોતાના આત્માનો નિશ્ચય પોતાના પરમાત્મસ્વરૂપ ઉપયોગમાં જમાવી ધ્યાન કરવું જોઇએ (સ્વરૂપ જ્ઞાન કહો અથવા આત્મિકજ્ઞાન કહો તે એકજ છે.) તે જ નિરાકુલ

આનંદનો સાક્ષાત્ દેવાવાલો છે. જ્યારે આ અંતરાત્મા પુણ્ય, પાપ, સુખ, દુઃખ, પરિગ્રહાદિ ભાવોથી દૂરવર્તી નિજ ભાવનું મનન કરે છે ત્યારે તે ભેદજ્ઞાનનું સુંદર ફલ જગતને મંગલદાયક, આનંદસ્વરૂપ, પરમ પવિત્ર જ્ઞાનજ્યોતિને પ્રગટ કરી દેખાડે છે. હું સર્વથા શુદ્ધ ચૈતન્યમય છું એમ જાણી નિર્વિકલ્પ થાય છે. આજ દશા મારા સહજજ્ઞાનના સામ્રાજ્યની છે, અને હું જ તેનો સ્વામી છું. એજ ભાવના (શ્રુતજ્ઞાનાવરણીકર્મનો ક્ષયોપશમ તે લબ્ધિ છે તેમાં ઉપયોગનું જોડવું તે ભાવના) આ જીવને ગુપ્તપણે શુદ્ધસ્વભાવને પ્રગટ કરતી જાય છે. તે કારણે સર્વ કાર્યને ત્યાગી આ સ્વરૂપ ભાવનારૂપી રમણીય વનમાં રમવાનો ઉપાય કરવા યોગ્ય છેઃ તેજ માનવનું કર્તવ્ય–સાર્થકતા છે.

શંકાકારઃ– હે ભગવંત ! કર્મ તો જડ બિચારા (અચેતન) મૂર્તિક છે. તે ચેતન અમૂર્તિક આત્માને શું કરી શકે ? "તેનો આચાર્ય ભગવાન જવાબ આપે છે."

કર્મની અગાધ શક્તિ

नैवं यतोऽनभिज्ञासि पुद्गलाचिन्त्यशक्तिषु ।
प्रतिकर्म प्रकृत्याद्यैर्नानारुपासु वस्तुतः ॥५०२॥

અર્થઃ– આચાર્ય શંકાકારને કહે છે કે હે ભાઇ ! તું હજી પુદ્ગલની અચિન્ત્ય શક્તિઓનાં વિષયમાં બિલકુલ અજાણ છો. તું નથી જાણતો કે દરેક કર્મમાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ આદિ અનેક રૂપથી ફલદાન શક્તિ ભરી છે.

भावार्थश्चात्र सर्वेषां कर्मणामुदयः क्षणात् ।
वज्राघात इवात्मानं दुर्वारो निष्पिनष्टि वै ॥५०४॥

અર્થ:– ઉપયુકત કથનનો સારાંશ એ છે કે સંપૂર્ણ કર્મોનો ઉદય એક ક્ષણ માત્રમાં વજ્રથી થવાવાળા આઘાત (ચોટ) ની માફક આત્માને પીસી નાખે છે. આ કર્મ ઘણીજ કઠિનતાથી દૂર કરવામાં આવે છે.

व्याकुलः सर्वदेशेषु जीवः कर्मोदयाद्ध्रुवम् ।
वन्हियोगाद्यथा वारि तप्तं स्पर्शेवलब्धितः ॥५०५॥

અર્થ:– જે પ્રમાણે અગ્નિના સ્પર્શથી પાણી ખલખલ ખલખલ કરે છે તે પ્રમાણે આ જીવ પણ કર્મોના ઉદયથી સમ્પૂર્ણ પ્રદેશોમાં નિયમથી વ્યાકુલ થઇ રહેલ છે.

साताऽसातोदयादुःखमास्तां स्थूलोपलक्षणात् ।
सर्वकर्मोदयाघात इवाघातश्चिदात्मन् ॥५०६॥

અર્થ:– સાતાવેદનીય અને અસાતાવેદનીયના ઉદયથી દુઃખ થાય છે. આ કથન તો મોટી રીતિથી છે, પણ સંપૂર્ણ કર્મોનો ઉદય જીવાત્માને વજ્રની ચોટની માફક આઘાત પહોંચાડે છે.

आस्तांघातः प्रदेशेषु संदृष्टेरुपलब्धितः ।
वातव्याधेर्यथाध्यक्षं पीडयन्ते ननु सन्धयः ॥५०७॥

અર્થ:– જે પ્રમાણે વાયુરોગથી ગોઠણ, કમર આદિના મહેલ

હાડકાંઓ દુઃખે છે તે પ્રમાણે કર્મનો આઘાત બધા આત્મ પ્રદેશોમાં દુઃખ આપે છે.

का वि अपुव्वा दीसदि पुग्गलदव्वस्स एरिसी सत्ती ।
केवलणाणसहाओ विणासिदो जाइ जीवस्स ॥५०८॥

અર્થઃ- પુદ્ગલ દ્રવ્યની કોઈ એવી અપૂર્વ શક્તિ દેખીએ છીએ કે જે જીવનો કેવળજ્ઞાન સ્વભાવ છે તેનો પણ આ શક્તિ નાશ કરે છે.

ભાવાર્થઃ- જીવની અનંત શક્તિ છે તેમાં એક કેવળજ્ઞાન શક્તિ એવી છે કે તેનો વ્યકત પ્રકાશ થાય ત્યારે બધા પદાર્થોને એક સમયમાં જાણે છે એવી શક્તિનો પણ પુદ્ગલ નાશ કરે છે અથવા વ્યક્ત થવા દેતી નથી એવું આ પુદ્ગલનું કોઈ મહાન મહાત્મ્ય છે.

વિશેષાર્થઃ- આત્મા એક દ્રવ્ય છે, તેના અનંત ગુણ છે, તેના અસંખ્યાત પ્રદેશ છે, એક એક પ્રદેશ પર અનંત કાર્મણવર્ગણા છે, એક એક વર્ગણા વિષે અનંત અનંત પુદ્ગલ પરમાણું છે, એક એક પરમાણુમાં અનંત ગુણો છે. તે હિસાબે અનંતાનંત પુદ્ગલ પ્રદેશોથી ઘેરાએલી એવી સંસારાવસ્થિત જીવ દ્રવ્યની સ્થિતિ છે. અર્થાત્ એક જીવ દ્રવ્યના અનંતાનંત દુશ્મન તે દ્રવ્યે અનંતાનંત, ગુણે અનંતાનંત, પ્રદેશે અનંતાનંત ! તે શું વાતુઓના તડાકાથી નાશ થઇ જશે ? અથવા પોતાનો પ્રભાવ (ફલદાન શકિત) છોડી દેશે, તેનો જરા શાંત ચિત્તે વિચાર કરવો યોગ્ય છે. હે ભવ્ય ! તેમાં જીવને અનંતો પુરુષાર્થ કરવો રહે છે

તે વિના આત્મા પોતાના ધ્યેયને (નિર્વાણને) પ્રાપ્ત કરી શકતો નથી.

कर्माणि दृढघनचिक्कणानि गुरुकाणि वज्रसमानि ।
ज्ञानविचक्षणं जीवं उत्पथे पातयन्ति तानि ॥५०९॥

અર્થ:- જ્ઞાનાવરણાદિ કર્મ જ્ઞાનાદિ ગુણથી ચતુર એવા જીવને ખોટા માર્ગમાં દાખલ કરે છે. કેવાં છે તે કર્મ ? બલવાન છે, ઘણા છે. નાશ કરવામાં અશકય છે તેથી તે ચીકણા છે, ભારી છે, અને વજ્રની સમાન અલેધ છે.

ભાવાર્થ:- આ જીવ એક સમયમાં લોકાલોકને પ્રકાશ કરવાવાળો કેવલજ્ઞાન આદિ અનંત ગુણોથી બુદ્ધિમાન ચતુર છે. તો પણ આ જીવને તે સંસારના કારણભૂત કર્મ જ્ઞાનાદિ ગુણોને આચ્છાદન કરી અભેદ રત્નત્રયરૂપ નિશ્ચય મોક્ષ માર્ગથી વિપરીત ખરાબ માર્ગમાં દાખલ કરે છે. અર્થાત્ મોક્ષ માર્ગથી ભૂલાવી ભવ વનમાં ભટકાવે છે.

વિશેષાર્થ:- વિશેષ કહેવાથી શું લાભ ? જે જીવો કર્મની શકિતને જાણતા નથી તેઓ બિચારા વર્તમાન કિંચિત સાતાવેદનીયના ઉદયમાં હાસ્ય કરે તો ભલે કરે; પણ તેનાથી કરણાનુયોગના સિદ્ધાંતનો નાશ થશે નહીં. અહો જુવો તો ખરા ! ક્ષાયક સમ્યગ્દૃષ્ટિ ચરમ શરીરી આત્મા (તદ્ભવ મોક્ષગામી) પણ મોહના તીવ્ર ઉદયમાં ભાઈના મૃતક દેહને છ માસ સુધી સાથો સાથ ખંભે રાખ્યું; અને માતાના ગર્ભ સ્થાનમાં ત્રણ જ્ઞાન

સાથ ઉત્પન્ન થનાર જગત્પૂજ્ય તીર્થંકર દેવ જેવા મહાપુરુષને છ છ માસ સુધી આહારનો યોગ થવા ન દીધો અને હજાર વર્ષ સુધી કઠોર તપશ્ચરણ કરવા છતાં કેવલજ્ઞાન પ્રાપ્ત થવા ન દીધું એવા આદિ બ્રહ્મ આદિનાથ ભગવંતને પણ કર્મોએ પોતાનો પ્રભાવ બતાવ્યો તો, હે પામર જીવ ! તારી તો અહીં ગણત્રીજ કયાં છે. અર્થાત્ તારૂં શું મૂલ્ય છે ? કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ આયુકર્મની સ્થિતિ સુધી અનંત ચતુષ્ટયના સ્વામી પરમાત્માને દેહસ્થ રહેવું પડયું તે બધી કર્મની અચિન્ત્ય શકિત છે (જુવો ધવલ ખંડ ૧ પૃષ્ઠ ૪૬.)

सम्यक्त्वप्रतिनिबद्ध मिथ्यात्वं जिनवरैः परिकथितम् ।
तस्योदयेन जीवो मिथ्यादृष्टिरिति ज्ञातव्यः ॥५१०॥

ज्ञानस्य प्रतिनिबद्ध अज्ञानं जिनवरैः परिकथितम् ।
तस्योदयेन जीवोऽज्ञानी भवती ज्ञातव्यः ॥५११॥

चारित्रप्रतिनिबद्धः कषायो जिनवरै परिकथितः ।
तस्योदयेन जीवोऽचारित्रो भवति ज्ञातव्यः ॥५१२॥

અર્થ:- સમ્યક્ત્વને રોકનારૂં મિથ્યાત્વ છે એમ જિનવરોએ કહ્યું છે; તેના ઉદયથી જીવ મિથ્યાદૃષ્ટિ થાય છે એમ જાણવું. જ્ઞાનને રોકનારૂં અજ્ઞાન છે એમ જીનવરોએ કહ્યું છે; તેના ઉદયથી જીવ અજ્ઞાની થાય છે એમ જાણવું. ચારિત્રને રોકનાર કષાય છે એમ જીનવરોએ કહ્યું, તેના ઉદયથી જીવ અચારિત્રી થાય છે એમ જાણવું.

ભાવાર્થ:– સમ્યક્ત્વ કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકનારૂં મિથ્યાત્વ છે. તે મિથ્યાત્વ તો પોતે કર્મજ છે તેના ઉદયથીજ જીવ મિથ્યાદૃષ્ટિ થાય છે જ્ઞાન કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકનારૂં અજ્ઞાન છે; તે તો પોતે કર્મરૂપ છે તેના ઉદયથીજ જ્ઞાનને અજ્ઞાનીપણું (મિથ્યાત્વ સાથેના સત્સંગથી) થાય છે. ચારિત્ર કે જે મોક્ષના કારણરૂપ સ્વભાવ છે તેને રોકનાર કષાય છે; તે તો પોતે કર્મજ છે. તેના ઉદયથી ચારિત્રને અચારિત્રપણું થાય છે. માટે કર્મો પોતે મોક્ષના કારણભૂત સ્વભાવને તિરોધાતિભાવ સ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.

વિશેષાર્થ:– સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષના કારણરૂપ ભાવો છે. તેમનાથી વિપરિત મિથ્યાત્વાદિ ભાવો છે; કર્મ તે મિથ્યાત્વાદિ ભાવો સ્વરૂપ છે. આ રીતે કર્મ મોક્ષના કારણભૂત ભાવોથી વિપરીત ભાવો સ્વરૂપ છે. સમ્યક્ત્વ કે જે મોક્ષનો કારણભૂત સ્વભાવ છે તે, પરભાવરૂપ જે મિથ્યાત્વ નામનો કર્મરૂપી મેલ છે તેના વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે. જ્ઞાન કે જે મોક્ષનો કારણભૂત સ્વભાવ છે તે પરભાવ સ્વરૂપ એવા અજ્ઞાન નામના કર્મ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે. ચારિત્ર કે જે મોક્ષનો કારણભૂત સ્વભાવ છે તે, પરભાવ સ્વરૂપ કષાય નામના કર્મ વડે વ્યાપ્ત થવાથી તિરોભૂત થાય છે. માટે મોક્ષનું કારણ જે સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્ર છે તેને કર્મતિરોધાન કરતું હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.

શંકાકારઃ-હે ભગવંત! આત્માને મિથ્યાત્વી, અજ્ઞાની અને અચારિત્રવાન એવું પુદ્ગલ કર્મ જ કરે છે તો આત્માને

સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થઇ શકે ? સમ્યગ્દર્શન વિના મોક્ષ માર્ગ પમાતો નથી અને મોક્ષ માર્ગ વિના નિર્વાણની પ્રાપ્તિ કેમ થઇ શકે ?

ઉત્તરઃ—હે ભવ્ય ! મિથ્યાત્વ નામની કર્મ પ્રકૃતિ આત્માને મિથ્યાદૃષ્ટિ કરતી નથી. કારણ કે આત્મા પોતે પરિણમનશીલ છે સર્વથા કુટસ્થ નથી. ચેતનભાવ મિથ્યાત્વનો કર્તા કથંચિત્ આત્મા છે. હવે જો મિથ્યાત્વ નામની પ્રકૃતિ આત્માને મિથ્યાદૃષ્ટિ કરે છે એમ એકાંતે માનવામાં આવે તો અચેતન પ્રકૃતિ ચેતનભાવ મિથ્યાત્વની કર્તા થતાં જડ પ્રકૃતિ ચેતનપણાને પ્રાપ્ત થશે. અથવા જીવ, એવા પુદ્ગલ દ્રવ્યને જડભાવમિથ્યાત્વરૂપે કરે છે એમ જો એકાંતે માનવામાં આવે તો પુદ્ગલ દ્રવ્ય મિથ્યાદૃષ્ટિ થશે. પણ જીવ થશે નહીં એમ તો પ્રત્યક્ષ વિરૂદ્ધ ભાસે છે.

અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ભાવોનો કર્તા હોય નહિ કારણ કે, પ્રત્યેક દ્રવ્ય પરિમણુમનશીલ હોવાથી પોતે પોતાના શુદ્ધાશુદ્ધ ભાવોનાં કર્તા છે. તેથી જે ચેતનના ભાવો છે તેમનો કર્તા ચેતન જ છે અર્થાત્ મિથ્યાત્વાદિ ભાવરૂપ પરિણામોનો કર્તા આત્મા જ છે, પણ જડ નથી. આત્મા જ્યારે તે કર્મના (ઉદય) નિમિત્તે પરિણમે છે ત્યારે તે, તે પરિણામોથી યુકત થાય છે. અર્થાત્ કર્મના ઉદયનો આશ્રય કરી આત્મા પોતે સ્વયં (પરિણુમનશીલ હોવાથી) કર્મભાવે પરિણમે છે. તેવી જ રીતે પુદ્ગલ પણ જીવના ભાવ મિથ્યાત્વનું નિમિત્ત પામીને સ્વયં કર્મભાવે પરિણમે છે. અભેદદૃષ્ટિમાં તો કર્તા કર્મ ભાવ જ નથી એક શુદ્ધ ચૈતના માત્ર જીવ જ છે. પણ પર્યાયાર્થિક નયની અપે-

ક્ષાએ આત્મા કર્મભાવે પરિણમે છે. અર્થાત્ પરિણામ–પરિણામીની ભેદદૃષ્ટિમાં પોતાના અજ્ઞાન ભાવરૂપ પરિણામોનો કર્તા જીવજ છે અન્ય કોઇ નથી.

દૃષ્ટાંત :–જેવી રીતે જપાપુષ્પ સ્ફટકમણીમાં ઉપાધિ ઉત્પન્ન કરે છે તેવી રીતે અનાદિકર્મ ઉદયવશ આત્મા રાગાદિ ઉપાધિ ભાવને ગ્રહણ કરે છે. જેવી રીતે જપાપુષ્પ કાષ્ટાદિકમાં ઉપાધિ ઉત્પન્ન કરી શકતો નથી. કારણ કે તેમાં (કાષ્ટાદિકમાં) ઉપાધિ ભાવરૂપ પરિણમન કરવાની શકિતનો અભાવ છે. તેવી રીતે આત્મા અપરિણમનશીલ નથી અર્થાત્ આત્મા કથંચિત્ પર્યાયાર્થિક નયની અપેક્ષાએ પરિણમનશીલ હોવાથી તે ઉપાધિ ભાવરૂપ પરિણમે છે. એકાંતથી આત્માને અપરિણામી માનવામાં આવે તો ઔપાધિક ભાવની સિદ્ધિ થતી નથી.

સમ્યક્ત્વ પ્રકૃતિ જો આત્માને સમ્યગ્દૃષ્ટિ કરે છે એમ જો એકાંતે માનવામાં આવે તો અચેતન પ્રકૃતિ ચૈતનભાવની કરવાવાળી થશે તો બન્ને દ્રવ્યોનું કાર્ય એકજ દ્રવ્ય કરવાથી અન્યદ્રવ્યનો નાશ થતાં મહાન દોષ ઉત્પન્ન થશે. અથવા એકદ્રવ્ય અપરિણામી કુટસ્થ ઠરશે. પરિણામ વિનાનું કોઇ દ્રવ્ય હોતું નથી. જો પરિણામ છે અને દ્રવ્ય નથી અથવા દ્રવ્ય છે પણ પરિણામ નથી તો દ્રવ્યની સિદ્ધિ થશે નહીં અર્થાત્ દ્રવ્યનો નાશ થતાં મહાન દોષ ઉત્પન્ન થશે.

પુદ્ગલ દ્રવ્ય જો જીવને ભાવ મિથ્યાત્વરૂપ પરિણમાવે છે તેમ કદાચ માનો તો એવા અપરિણામી કુટસ્થ જીવ દ્રવ્યને કેમ

પરિણમાવે ? અથવા જીવ પોતે ભાવમિથ્યાત્વરૂપ પરિણમન કરતો ન હોય તો સંસાર કેનો ? અને જો જીવ, દ્રવ્યકર્મરૂપ પુદ્ગલને ભાવ મિથ્યાત્વરૂપ કરે છે અને જીવ ભાવ મિથ્યાત્વરૂપે નથી પરિણમતો તો જડપ્રકૃતિ મિથ્યાદૃષ્ટિ થશે પણ જીવ થશે નહીં તો સંસાર કેનો ? સાંખ્યઃ આત્માને એકાંતે અપરિણામી નિર્લેપ માને છે અને રાગદ્વેષાદિ એકાંતે પ્રકૃતિના જ માને છે તો સંસાર કેનો ? અથવા જીવને એકાંતે અકર્તા માનવામાં આવશે તો જીવને કર્મોનો બંધ થશે નહીં અને કર્મ બંધ વિના સંસારની સિદ્ધિ થઇ શકશે નહીં.

એકાંતવાદીઓ સર્વથા એકાંતથી કર્મનો કર્તા કર્મનેજ માને છે અને આત્માને અકર્તા માને છે વળી કોઇ એકાંતવાદીઓ એકાંતથી કર્મનો કર્તા જીવનેજ માને છે અને કર્મને અકર્તા માને છે તેઓ બધા આત્મઘાતીઓ છે. સ્યાદ્વાદી, સ્યાદ્વાદથી વસ્તુને નિર્બાધ રીતે સિદ્ધ કરનારી જિનવાણી આત્માને કથંચિત્ કર્તા કહે છે.

એકાંતનો પક્ષ હિતકર નથી.

પર પદાર્થ જીવને રાગ દ્વેષ મોહ કરાવે છે તેમ, જે જીવ એકાંતે માને છે તે જીવની તે માન્યતા જ્યાં સુધી રહે ત્યાં સુધી તે જીવનો કદીપણ મોક્ષ થઇ શકતો નથી. પોતે સ્વયં પરિણમનશીલ હોવા છતાં મને પરદ્રવ્યો પોતાની ઇચ્છાનુસાર પરિણમાવે છે તે માન્યતા મિથ્યાત્વથી ભરેલી અનંત સંસારના કારણ ભૂત છે. આત્મા પોતે પર પદાર્થના ઉદયનો આશ્રય કરી, પોતે સ્વયં વિભાવ ભાવે પરિણમે છે. તે પરિણમનરૂપ આત્માનું

સ્વતંત્ર કાર્ય છે. તેનો કર્તા કથંચિત્ આત્મા છે. હવે કોઈ જીવ એમ કહે કે આત્મા કર્મના ઉદયને કારણે વિભાવભાવે પરિણમ્યો નથી પણ પોતાની તે સમયની પર્યાયની લાયકાતે પરિણમ્યો છે તો તેમ કહેવું તેનું આગમ વિરુદ્ધ મિથ્યાત્વના ઉદયનું અજ્ઞાન વચન છે. તેમ કહેવાથી આત્માનો સ્વભાવ થતાં મોક્ષની અસિદ્ધિ થશે. એવા બન્ને પક્ષો એકાંતવાદના પોષક હોવાથી મિથ્યા છે. જે કોઇ એકાંત નિમિત્તનો અથવા એકાંત ઉપાદાનનો જ દોષ ગ્રહણ કરે છે તે સ્યાદ્વાદની શૈલીથી ભિન્ન હોવાથી મિથ્યાવાદી છે. જ્ઞાની એકાંત વસ્તુ સ્વરૂપને સ્વીકાર તો નથી. કારણ વસ્તુનું સ્વરૂપ જ સામાન્ય વિશેષાત્મક છે. સામાન્યને ગ્રહણ કરવાવાળી નિશ્ચયનય છે અને વિશેષને ગ્રહણ કરવાવાળી વ્યવહારનય છે એમ બન્ને નયોના જ્ઞાનને પ્રમાણજ્ઞાન કહ્યું છે. હવે કોઇ એકાંત ને ગ્રહણ કરે તો તે જ્ઞાની શાનો ? અથવા સ્યાદ્વાદી શાનો ?

જીવ પરપદાર્થનો આશ્રય બે પ્રકારે કરે છે. એક અજ્ઞાનવશ જે દર્શનમોહનીયના ઉદયરૂપ (મિથ્યાત્વરૂપ) હોય છે. અને બીજો અસ્થિરતાવશ તે ચારિત્ર મોહનીયના ઉદયરૂપ હોય છે. તે ચારિત્ર મોહનીયના પદાર્થો ને ઉદયમાં આવવા લાયક ન રહેવા દેવા અથવા ઉદયમાં આવે છતાં વિશેષ રસરૂપે કાર્ય ન કરી શકે તેનો ઉપાય આચાર્યોએ એવો બતાવ્યો છે કે જીવે પોતાની શક્તિને છુપાવ્યા વગર યથાશક્તિ બાહ્ય ચારિત્રરૂપ ક્રિયા અને અંતરંગ ચારિત્રરૂપે સમતાથી, દ્રવ્યચારિત્રમોહનીયની સત્તા તથા તેના ઉદયનો નાશ કરી આત્મા પરમાત્મા થઈ શકે છે.

જેમ દારૂ પીવાથી જ્ઞાન મૂર્ચ્છિત થાય છે. તેમ દર્શન મોહનીય કર્મના ઉદયનું કાર્ય આત્માને મૂર્ચ્છિત કરવાનું છે. જીવ જો દારૂ પીવાની બુદ્ધિ ન કરે તો દારૂ કાંઇ જબરજસ્તી (બળજબરી) થી કહેતું નથી કે તારે મને પીવો પડશે. જેમ જીવ પોતે પીવાના ગુણદોષને સમજી છોડી આપે તો, પોતે છોડી શકે છે. તેમ જીવ મિથ્યા આદતોને સમ્યક્પ્રકારે સમજી છોડવા માગે તો છોડી શકે છે. ભલે તે જુની આદતો જલ્દી ન છુટે છતાં પણ છોડવાની કોશીશ કરે તો અથવા શરૂઆત કરે તો આસ્તે આસ્તે છોડતાં એક દિવસ એવો આવશે કે તે બુરી આદત તદન છુટી જશે. હવે પર મને છોડે નહીં ત્યાંસુધી હું કેમ છુટી શકું તે માન્યતાજ અજ્ઞાનની છે. અથવા પરાધીનતાવાળી ઓસીયાળી છે. તે માન્યતાએ મુક્તિ કદી પણ થઈ શકતી નથી.

જેમ દર્શન મોહનીયના બંધનું કારણ પોતેજ પોતાનું છે. પણ જો દર્શનમોહનીયના બંધનું કારણ ચારિત્ર મોહનીય (રાગદ્વેષ) નેજ માનવામાં આવે તો સંસારનું છુટવુંજ બની શકે નહીં. રાગના રહેવા છતાં મોહનું છુટવું થઇ શકે છે તે આગમ પ્રસિદ્ધ છે. તેમ આત્માને બંધનું કારણ પોતે પોતાનું અજ્ઞાન ન માનવામાં આવે અને દ્રવ્યમોહજ આત્માને અજ્ઞાનભાવે એકાંતે પરિણમાવે છે અર્થાત્ મોહભાવ પર પદાર્થજ કરાવે છે એમ માનવામાં આવે તો આત્માનો મોક્ષ કદી પણ થઇ શકે નહીં. તેમજ આ બધા શાસ્ત્રો અને મોક્ષની સિદ્ધિ થઈ શકશે નહીં, અને કાલ્પનિક જેવું રહેતા સંકરદોષ ઉત્પન્ન થશે પણ એમ તો પ્રત્યક્ષ ભાસતું નથી.

આંખ પર પદાર્થને જાણે છે તે આંખનો ધર્મ છે. આંધળાનો ધર્મ નથી. કારણ વિના કાર્યની સિદ્ધિ થઇ શકે નહીં. હવે પર પદાર્થને આંખે જોયું તે આંખનો દોષ નથી, કારણ કે દેખવું (જાણવું) તે આંખનો સ્વતઃ સિદ્ધ ધર્મ છે અને જ્ઞેય પદાર્થો તેમાં જણાવવા યોગ્ય છે, તે જણાય છે. પ્રત્યેક દ્રવ્યમાં પ્રમેયત્વ નામનો ગુણ છે, તેમ આત્મામાં પણ પ્રમેયત્વ નામનો ગુણ છે. જાણવું આત્માનો ધર્મ છે એટલે આત્મા પોતાના જ્ઞાન ગુણથી પોતે પોતાને જણાય છે. અર્થાત્ જાણે છે. એમ આત્મા સ્વપર પ્રકાશક જાણનાર થયો તે કાંઇ આત્માનો દોષ નથી.

હવે જીવ જણાવા યોગ્ય પદાર્થોમાં સારાં નરસાં કરે અથવા મારાં તારાં કરે તો તેમાં દોષ કોનો ? પર પદાર્થોનો કે પોતાનો ? જાણવાના સ્વભાવમાં આ અન્ય પ્રકારની અર્થ ક્રિયા કેમ કરે છે ? તે જ અપરાધ છે. તેનું નામ અજ્ઞાન છે. તે અજ્ઞાનનો નાશ સમ્યગ્જ્ઞાનથી થાય છે અને સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન પૂર્વક થાય છે એમ કાર્ય કારણની સિદ્ધિ થઇ.

શંકાકાર :– હે ભગવંત ! મુનિને પણ વિષયોમાં રાગદ્વેષ થતાં જોઇએ છીએ અને રાગદ્વેષ ઇષ્ટાનિષ્ટ બુદ્ધિ વિના થતાં નથી તો તેને પણ અજ્ઞાની કહેવો પડશે.

ઉત્તર :– હે ભદ્ર ! અજ્ઞાન બે પ્રકારનું છે. એક દર્શનમોહનીય કર્મના, ઉદયથી થતું સંશય, વિભ્રમ, વિમોહરૂપ અજ્ઞાન છે. અને બીજું જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી થતું અજ્ઞાન છે. તે બન્ને ક્રિયા ભિન્ન ભિન્ન છે. ગુણસ્થાનની અપેક્ષાએ પહેલું અજ્ઞાન પ્રથમના ત્રણ ગુણસ્થાન સુધી હોય છે અને બીજું અજ્ઞાન

ચોથા ગુણસ્થાનથી બારમાં ગુણસ્થાન સુધી હોય છે. પહેલું અજ્ઞાન તે બંધના કારણ ભૂત છે અને બીજું અજ્ઞાન બંધના કારણ ભૂત નથી.

મુનિને મૂળગુણોમાં પાંચ ઇન્દ્રિયોના વિષયનો ત્યાગ કહ્યો છે, પણ ઇન્દ્રિયોનું જાણવું તો મટતું નથી અને વિષયોમાં રાગ-દ્વેષ સર્વથા દૂર થયો હોય તો ત્યાં યથાખ્યાત ચારિત્ર થઈ જાય, તે તો અહીં થયું નથી; પણ સ્થૂલ પણે વિષય ઇચ્છાનો અભાવ થયો છે અથવા બાહ્ય વિષય સામગ્રી મેળવવાની પ્રવૃત્તિ દૂર થઈ છે, તેથી તેને ઇન્દ્રિય વિષયનો ત્યાગી કહ્યો છે. અંતરાત્મા પોતાના આત્માને યથાર્થ સ્વરૂપે જાણે છે અને તેનો શરીરાદિ પરદ્રવ્યોથી ભિન્ન અનુભવ પણ કરે છે, તો પણ બહિરાત્માવસ્થાના અનાદિ કાળના સંસ્કારો (પૂર્વકાલીન વિભ્રમ સંસ્કારો) જાગ્રત થવાને કારણે કદી કદી તેને બાહ્ય પદાર્થોમાં એકત્વનો ભ્રમ થઈ જાય છે; તેથી અંતરાત્મા સમ્યગ્દૃષ્ટિને ક્ષયોપશમ લબ્ધિરૂપ જ્ઞાનચેતનાની સાથ કદાચિત્ કર્મચેતના અને કર્મફલચેતનાનો પણ સદ્ભાવ માનવામાં આવેલ છે. (જુઓ સમાધિતંત્ર ગાથા ૪૫)

जीवस्स बहुपयारं उवयारं कुणदि पुग्गलं दव्वं ।
देहं च इंदियाणि य वाणी उस्सासणिस्सासं ॥५१३॥

અર્થ:- દેહ, ઇન્દ્રિય, વચન, શ્વાસોશ્વાસ આદિ પુદ્ગલ દ્રવ્ય પણ જીવનો બહુ પ્રકારે ઉપકાર કરે છે.

ભાવાર્થ :- કેટલીક પુદ્ગલ પ્રકૃતિઓ આત્માને અહિતકારી (અનુપકારી) અને કેટલીક પુદ્ગલ પ્રકૃતિઓ આત્માને મોક્ષ માર્ગમાં ઉપકારી છે. જેવીકે:- ઔદારિક શરીર, આંગોપાંગ, સાતાવેદનીય,

વાણી, ઉંચગોત્ર, મનુષ્યાયુ, પંચેન્દ્રિયજાતિ, વજ્રઋષભનારાચ-સંહનન, ત્રસ, બાદર, પર્યાપ્ત, યશઃકીર્તી, મનુષ્યગતિ, તીર્થંકર-પ્રકૃતિ, સુભગ, શ્વાસોશ્વાસ, આદેય, પ્રશસ્તવિહાયોગતિ, સુસ્વર, પ્રત્યેક, નિર્માણ, સ્થિર, શુભ, સમ્યક્ત્વ પ્રકૃતિ આદિ.

વિશેષાર્થઃ– અહીં આચાર્ય પુદ્ગલ પ્રકૃતિનો ઉપકાર બતાવી એમ કહેવા માગે છે કે હે ભાઇ! તને સર્વ પ્રકારનાં કારણો પ્રકૃતિએ અનુકૂળ કરી આપ્યાં છે અર્થાત પૂર્વોકત પ્રકારની પ્રકૃતિઓ તને સહેજે મળી ચુકી છે, છતાં તું મોક્ષ માર્ગનો પુરુષાર્થ કરતો નથી, એ મહાખેદની વાત છે. એ સર્વ સામગ્રીઓ મોક્ષ માર્ગની ગાડી માટે લોઢાના પાટા સમાન છે. જેમ પાટા વિના ગાડી ચાલતી નથી. તેમ મોક્ષના કિનારે પહોંચવા માટે તે બધાં કારણો આવશ્યક છે. તે મલ્યા છે છતાં તું તેનો સંસારની ગાડીરૂપી વિષય કષાયમાં બરબાદ કરી રહ્યો છો! તો આવો સુઅવસર તને પાછો મલવો દુર્લભ છે, માટે આત્મભાવમાં વીર્યને જોડ તો તારૂં કલ્યાણ થશે. પરમાર્થે તો તુંજ તારો ઉપકારક, અનુપકારક છે. તેમ અજ્ઞાનીઓ ઉપર આચાર્યે દયા વરસાવી છે.

શંકાકારઃ– હે ભગવંત! દેશઘાતિ સમ્યક્ત્વ પ્રકૃતિ આત્માનો ઉપકાર કેમ કરી શકે? તે તો ઘાત કરવાવાળી છે

ઉત્તરઃ– હે ભવ્ય! જીવને પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ થયા પછી ક્ષયોપશમ થાય છે અને ક્ષયોપશમ સમ્યક્ત્વ, સમ્યક્ત્વ પ્રકૃતિના ઉદય વિના થઇ શકતું નથી, અને ક્ષયોપશમ સમ્યક્ત્વમાંથીજ ક્ષાયક સમ્યક્ત્વ થાય છે, તે હીસાબે ઉપચારથી આચાર્યોએ

સમ્યક્ત્વ પ્રકૃતિને પરંપરા મોક્ષનું કારણ માન્યું છે. જેમ મારેલ વિષ ખાવાથી ઝેર ચડતું નથી, તેમ સમ્યક્ત્વ પ્રકૃતિ, સમ્યક્ત્વ ભાવનો નાશ કરવામાં અશકય છે. અર્થાત્ શકિત રહિત છે તે કારણે ઉપકારી છે.

શંકાકારઃ– હે ભગવંત! આપે કર્મની અચિન્ત્ય શકિતનું વર્ણન કર્યું, તે સાંભળી મારા મનમાં બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે કે, તે કર્મનો નાશ કોણ ઉપાયથી થઇ શકે? વળી જીવની કાળલબ્ધિ આવી ગઇ છે કે નહીં તેનું જ્ઞાન આત્માને સત્તામાં રહેલા કર્મોનું કયા પ્રકારે થઇ શકે તે આપ કૃપા કરી વિસ્તારથી કહો. **ઉત્તરઃ–** હે ભવ્ય! તને મેં આગમભાષાથી દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના ક્ષયોપશમની કાલ લબ્ધિઓનું આગળ કથન કહ્યું છે. તે કર્મની થતી સ્થિતિ તો પરમાવધિ, સર્વાવધિ મનઃપર્યય અને કેવળજ્ઞાનીજ જાણી શકે છે. તેનો વિષય મતિ, શ્રુત, કે દેશાવધિજ્ઞાનનો નથી. કર્મનો નાશ કરવાનો ઉપાય તને અધ્યાત્મભાષાથી નિજ શુદ્ધાત્માની સમ્મુખ પરિણામ રૂપ કાલલબ્ધિનું વર્ણન હવે હું કરૂં છું, તે તું શાન્ત ચિત્તે સાંભળ.

અધ્યાત્મ કાલલબ્ધિ

જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ; તથા જે કાર્ય થયું તેજ ભવિતવ્ય છે, માટે બુદ્ધિ પૂર્વક સમ્યક્ પ્રકારે પુરુષાર્થનો ઉદ્યમ કરવો તે આત્માનું કાર્ય છે, જે જીવ શ્રી જિનેન્દ્રના ઉપદેશાનુસાર બુદ્ધિપુર્વક મોક્ષના પુરુષાર્થનો ઉપાય કરે છે, તેને તો કાળલબ્ધિ વા ભવિતવ્ય થઇ ચુકયા છે, કારણ કે જો કર્મના ઉપશ-

માદિ ન થયા હોય, તો જીવને કોટી ઉપાયે સમજાવવા છતાં પણ સમજે નહી, અને જ્યારે જીવ સ્વયં કરવા તૈયાર થયો ત્યારે સમજવું જોઇએ કે તેની કાળ લબ્ધિ તેમજ ભવિતવ્યતાનો વિપાક કાળ આવી ગયો લાગે છે, નહીતર આવાં સાધનો કેમ મલે, તેમ વિચારી જે જીવ બુદ્ધિ પૂર્વક મોક્ષના ઉપાયનો પુરુષાર્થ કરે છે, તેને સર્વ કારણો મલી રહે છે; અને અવશ્ય તેને મોક્ષની પ્રાપ્તિ થશે જ. એવો નિશ્ચય કરવો.

જીવના પુરુષાર્થના નિમિત્તથી જ કર્મના ઉપશમાદિકમાં સ્વયં કાર્ય શરૂ થઇ જાય છે. તે કાર્યનો કર્તા હર્તા આત્મા કિંચિત્ માત્ર નથી. જો જીવ પોતે ઉપદેશ સાંભળી તેને ગ્રહણ કરી તત્ત્વ વિચારપૂર્વક પુરુષાર્થ ન કરે તો કાળલબ્ધિ આંધળી બિચારી શું કરે ?

જો જીવ પુરુષાર્થ વડે તત્ત્વ નિર્ણય કરવામાં ઉપયોગ લગાડવાનો અભ્યાસ રાખે તો તેને વિશુદ્ધતા વધે પ્રતીતિ આવે અને તેથી કર્મોની શકિત હીન થતાં કેટલાક કાળમાં આપોઆપ દર્શનમોહનો ઉપશમ થતાં જીવને સ્વયં સમ્યગ્દર્શનનો લાભ થાય છે; (અહીં એટલું જાણવું કે પુરુષાર્થ સતત જાગ્રત હોવો જોઇએ) અને સમ્યગ્દર્શન થતાં શ્રદ્ધાન એવું થયું કે " હું આત્મા છું, મારે રાગાદિ ન કરવા, પરંતુ ચારિત્રમોહનીયના ઉદયથી રાગાદિક થાય છે ત્યાં તીવ્ર ઉદય થતાં તે વિષય કષાયાદિમાં પ્રવૃત્તે છે ખરો, પણ તેનો મંદ ઉદય થતાં પોતાનો પુરુષાર્થ ધર્મ કાર્યમાં વા વૈરાગ્ય આદિ ભાવનામાં ઉપયોગને લગાડે છે, તેના નિમિત્તથી ચારિત્ર મોહ મંદ થતો જાય છે.

એમ થતાં થતાં દેશચારિત્ર, સકલચારિત્ર અંગીકાર કરવાનો ભાવ સ્વયં થાય છે; પછી ચારિત્ર ધારણ કરી, પોતાના પુરુષાર્થ વડે ધર્મમાં પરિણતિ વધારે છે. ત્યાં વિશુદ્ધતા વડે કર્મની શકિત હીન થતાં જેમ જેમ વિશુદ્ધતા વધતી જાય છે તેમ તેમ કર્મની શકિત વધારે વધારે હીન થતી જાય છે; એ પ્રમાણે ક્રમથી મોહનો સર્વથા નાશ કરે છે. ત્યાં પરિણામ સર્વથા (વિશુદ્ધ) શુદ્ધ થવાથી જ્ઞાનાવરણાદિનો નાશ થઇ, કેવલજ્ઞાન પ્રગટ થાય છે.

મંદ કષાય થાય ત્યાં પુણ્યના રસ વધે, પાપના રસ ઘટે, અપકર્ષણ ઉત્કર્ષણ સંક્રમણાદિ થાય; વળી તીવ્ર કષાય કરે ત્યાં વળી પુણ્યના રસ ઘટે, પાપના રસ વધે, તેમાં તે પ્રમાણે સંક્રમણાદિ થાય; આમ ભરતી ઓટના તોફાનમાંથી પોતાની નાવને જે ડાહ્યો પુરુષ બચાવી લ્યે છે, તેજ મોક્ષનો સાચો સુકાની થઇ શકે છે, તે જીવ બે ચાર ભવ મનુષ્ય દેવના દેણા ચુકવવા સંસારમાં રહી ચુકતે દેણું ચુકાવી ખાતું સરભર કરી નિજદેશમાં ચાલ્યો જશે. જ્યાં સર્વ (કર્મરજ) કર્જમાંથી છુટો થયો, પછી પાછું આવવાનું પ્રયોજન શું ? કાંઈ નહી; આ દશાને મોક્ષ કહે છે.

જ્યાં સુધી મંત્રરૂપી સાધન ન હોવાથી અનાદિથી દુશ્મનને મહાન જાણી ડરતો હતો, કાંપતો હતો, પરતંત્ર ભયભીત રહેતો હતો તેજ જીવ જ્યારે ગુરુ પાસેથી મંત્ર વિદ્યા શીખી લેતાં મહાનમાં મહાન જણાતા દુશ્મનને ઢીલો કરી નાખે છે અને આખરે તેને પોતાના ક્ષેત્ર (દેશ) માંથી ભગાડી મુકે છે તેમ જીવ અનાદિથી કર્મ પ્રત્યેની એકત્વ બુદ્ધિના પ્રભાવથી ભય ખાતો હતો તેના રોદણાં ગાતો હતો, તેનાથી ડરતો કાંપતો હતો તેજ

જીવ, જ્યારે શ્રી નિર્ગ્રંથ ગુરુના ઉપદેશને સમ્યક્‌પ્રકારે ગ્રહણ કરી તત્ત્વ વિચાર પૂર્વક મંત્રનું ધ્યાન કર્યું, ત્યારે દર્શનમોહનીય રૂપ અનાદિના દુશ્મનને ઢીલું કરે છે અને વારંવાર તેજ મંત્રના સતત્ પ્રયત્નથી તેને પોતાના દેશમાંથી સદાને માટે નાશ કરી નાખે છે ત્યારે તે જીવ સર્વ પ્રકારના ભયાદિથી નિર્ભય થઈ જાય છે તેમ જાણવું.

કર્મના મંદ ઉદયમાં જો જીવ પુરુષાર્થ કરી મોક્ષ માર્ગમાં પ્રવૃત્તે તો તે મોક્ષને જરૂર પામે. પણ જો તે મોક્ષ માર્ગમાં ન પ્રવૃત્તે તો કિંચિત્ વિશુદ્ધતા પામી પાછળથી તીવ્ર ઉદય આવતાં નિગોદાદિ પર્યાયોમાં ચાલ્યો જાય છે; માટે હે ભવ્ય જીવો! અવસર-ચુકવો યોગ્ય નથી. હવે સર્વ પ્રકારથી અવસર અનુકૂળ આવ્યો છે; આવો અવસર પાછો પામવો મહાન કઠીન છે; માટે લેશ માત્ર પ્રમાદ ન કરો, જીંદગીનો એક સમય પણ નકામો વિવાદમાં, પરાઇ નિંદા ઝગડામાં જવા દેશો નહી; તેની કિંમત આંકજો, જલ્દી કરો, જલ્દી કરો, જાગ્યા ત્યાંથી સવાર, હવે ઢીલ કરવી તમને યોગ્ય નથી; એમ શ્રી ગુરુ ભવ્ય જીવાત્માઓને જાગ્રત કરે છે, તો હવે તમારે કયારે જાગવું છે. ?

દ્રવ્યકર્મના ઉદયથી ભાવકર્મ થાય, અને ભાવકર્મના નિમિત્તથી દ્રવ્યકર્મ થાય, આ પ્રમાણે અનાદિકાળથી પરંપરા ચાલી આવે છે છતાં કર્મનો બંધ વા ઉદય સમાનતો રહેતો નથી. કર્મોદયના નિમિત્તથી ભાવ તીવ્રમંદ થાય છે, તેના નિમિત્તથી નવા કર્મ બંધ તીવ્ર મંદ થાય છે. મંદ કષાયમાં જીવને આયુકર્મ બંધ થવાનો અપકર્ષણ આવ્યો અને જીવને મનુષ્ય સંજ્ઞી પંચેન્દ્રિય

પર્યાપ્તની ગતિ મલી, ત્યાં મન વડે વિચાર કરવાની (હેયોપાદેય) શકિત વધી, મંદ રાગાદિનો ઉદય થતાં બહારથી ઉપદેશાદિનું નિમિત્ત બને અને તે વખતે જો જીવ બુદ્ધિપૂર્વક ઉપદેશાદિકમાં ઉપયોગ જોડે તો ધર્મકાર્યમાં પ્રવૃત્તિ થાય, પ્રવૃત્તિ થતાં પરિણામોમાં વિશુદ્ધતા આવી, ઉપયોગ ધર્મકાર્યમાં રોકાયેલો હોવાથી, ક્રોધાદિકમાં પ્રવૃત્તિ કરતો નથી, વળી નિમિત્તપણ પ્રશસ્ત રાગનું મલ્યું છે, તેથી તે વિશુદ્ધ પરિણામોના નિમિત્તથી પૂર્વે બાંધેલા કર્મો જે સત્તામાં પડયાં છે તેમાં ઉત્કર્ષણ–અપકર્ષણ–સંક્રમણાદિ કાર્યો થતાં તેની શકિત હીન થવા લાગી અને તે કર્મો ઉદયમાં આવતાં સર્વ પ્રકારના બાહ્ય સંયોગો અનુકૂળ થઇ આવ્યા અને ધર્મ શ્રવણ પ્રત્યે તેનો અનુરાગ થયો હતો તે ઉપદેશના નિમિત્તથી તેને ધર્મની પ્રાપ્તિ થઇ અને તેનાથી તેનું ભલું થવું શરૂ થયું; એટલે વિષય કષાયાદિથી છુટી. મોક્ષ માર્ગ તરફ તેનું વલણ રૂચિપૂર્વક થયું; એજ પુરુષાર્થ જીવનો કાર્યકારી થાય છે. પણ જો મંદ રાગાદિમાં વિષય કષાયોના કાર્યમાંજ પ્રવર્તે અથવા વ્યવહાર કાર્યોમાં પ્રવર્તે તો અવસર ચાલ્યો જાય અને સંસાર પરિભ્રમણ રહે, માટે લેશમાત્ર મંદકષાયના ઉદયમાં પ્રમાદ કરવો યોગ્ય નથી. કારણ કે તીવ્ર કષાયાદિમાં પુરુષાર્થ કરે તો તે પાપકાર્યનો જ કરે, પણ ધર્મકાર્યનો પુરુષાર્થ થઇ શકે નહી; વળી તીવ્ર રાગાદિ સહિત જીવનો ઉપયોગ ઉપદેશમાં જોડાય નહીં, માટે સત્નો સમાગમ છોડવા જેવો નથી.

હે ભદ્ર ! જીવના પરિણામની પણ કોઇ વિચિત્ર શકિત છે. તે જ્ઞાની છોડી અજ્ઞાની કદી પણ જાણી શકતો નથી, અથવા

અજ્ઞાનીની બુદ્ધિમાં જે વાત બેસી શકતી નથી તે વાત હું કહું છું કે, એક અંતર્મુહૂર્તમા અગિઆરમાં ગુણસ્થાનથી પડો ક્રમથી મિથ્યાદૃષ્ટિ થઇ, વળી પાછો ચડો કેવળજ્ઞાન ઉપજાવે. ત્યારે બીજો કોઇ જીવ અગિઆરમાં ગુણસ્થાને યથાખ્યાત ચારિત્ર પામી, પાછો મિથ્યાદૃષ્ટિ થઈ કિંચિત્ન્યુન અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ સુધી સંસારમાં ભમે છે. વળી કોઇ જીવ નિત્ય નિગોદમાંથી નીકળી સીધો મનુષ્ય થઇ આઠ વર્ષની આયુમાં મિથ્યાત્વથી છુટી સમ્યક્ત્વ પ્રાપ્ત કરી દિક્ષા ધારણ કરી અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે છે. અને સાદિ મિથ્યાદૃષ્ટિને જો થોડોકાળ મિથ્યાત્વનો ઉદય રહે તો પણ બાહ્ય જૈનપણું નષ્ટ થતું નથી તેમજ તત્ત્વોનું અશ્રદ્ધાન પણ થતું નથી. વળી તેજ જીવને વિચાર કર્યા વિના યા અલ્પ વિચારથી જ ફરી સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ જાય છે. આવી કોઇ વિચિત્ર દશા જીવોના પરિણામમાં થાય છે. માટે પોતાના પરિણામ ન બગડે તેવો ઉપાય ભવ્ય જીવે કરવો જોઇએ.

આત્મા માત્ર પોતાના પરિણામનો કથંચિત્ કર્તા છે. તેના (જીવના) પરિણામનું નિમિત્ત પામીને કર્મોમાં દશ પ્રકારની ક્રિયા થાય છે. તે કર્મોની ક્રિયાનો કર્તા આત્મા કદાપિ નથી પણ જીવના કોઇ એક પરિણામ અને કર્મના પરિણામને એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે કે તે કર્મોમાં સ્વયં દશ પ્રકારની ક્રિયા થાય છે તેનાથી જ આત્માને સમ્યગ્દર્શન પૂર્વક નિર્વાણની પ્રાપ્તિ થાય છે. જો એ ક્રિયાનો સ્વીકાર કરવામાં ન આવે તો જીવને કદી પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થઇ શકે અને સમ્યગ્દર્શન વિના મોક્ષમાર્ગની પ્રાપ્તિ પણ ન થઇ શકે અને તેના વિના નિર્વાણની પ્રાપ્તિ

અશક્ય છે. માટે સદાકાળ જીવે પોતાના પરિણામો પર ધ્યાન આપવું જોઈએ. જેવી રીતે જીવ વેપારમાં ભાવોનું ધ્યાન બરોબર ન રાખે તો નુકશાન થાય છે તેવી રીતે જીવ પોતાના આત્મ વેપારના ભાવોનું સમ્યક્ પ્રકારે ધ્યાન ન રાખે તો નુકશાન થાય છે. જેમ જીવ વેપારના ભાવોનું બરાબર ધ્યાન રાખે તો લાભ થાય છે તેમ જીવ મોક્ષના વેપારના ભાવોનું સમ્યક્પ્રકારે ધ્યાન રાખે તો મોક્ષ લક્ષ્મીનો લાભ થાય છે એમ સમજવું. હવે કર્મમાં થતી દશ પ્રકારની ક્રિયાનું વિસ્તારથી વર્ણન કરું છું તે તું ધ્યાનથી સાંભળ.

દશકરણ નું સ્વરૂપ

बंधोत्कर्षणकरणं संक्रममपकर्षणोदरिणा सत्त्वम् ।
उदयोपशान्तनिधत्तिः निःकाचना भवति प्रतिप्रकृति ॥५१४॥

અર્થ:- બંધ, ઉત્કર્ષણ, સંક્રમણ, અપકર્ષણ, ઉદીરણા, સત્ત્વ, ઉદય, ઉપશમ, નિધત્તિ અને નિકાચિત એ દશ કરણ (અવસ્થા) પ્રત્યેક પ્રકૃતિની થાય છે.

ભાવાર્થ:- કર્મોનો આત્માથી સંબંધ થવો અર્થાત્ મિથ્યાત્વાદિ પરિણામોથી જે પુદ્ગલ જ્ઞાનાવરણાદિરૂપ થઈ પરિણમન કરી જ્ઞાનાદિ ગુણોની અવસ્થાઓને આવરણ કરે છે તે બંધ છે. કર્મોની સ્થિતિ તથા અનુભાગ વધવો તે ઉત્કર્ષણ છે. બંધાએલ પ્રકૃતિ બીજી પ્રકૃતિરૂપે પરિણમિ જાય તે સંક્રમણ છે. સ્થિતિ, અનુભાગ ઓછો થઇ જવો તે અપકર્ષણ છે. જેના ઉદયનો હજુ સમય આવેલ

નથી એવાં દ્રવ્યકર્મોને અપકર્ષણના બલથી ઉદયાવલી કાલમાં લાવવાં તેને ઉદીરણા કહે છે. પુદ્ગલ કર્મની સત્તા રહેવી તે સત્ત્વ છે. જે કર્મ પોતાની સ્થિતિને પ્રાપ્ત થઇ ફલ આપવાનાં સમયમાં હાજર થઈ જાય તેને ઉદય કહે છે. જે કર્મ ઉદયાવલીમાં પ્રાપ્ત ન થાય અર્થાત ઉદીરણા અવસ્થાને પ્રાપ્ત ન થાય તે ઉપશમ છે. જે કર્મ ઉદયાવલીમાં તેમજ સંક્રમણ અવસ્થાને પ્રાપ્ત ન થઇ શકે તેને નિધત્તિ કહે છે. જે કર્મની ઉદીરણા, સંક્રમણ, ઉત્કર્ષણ અને અપકર્ષણ એ ચારેમાંથી કોઈ પણ અવસ્થામાં ન બદલે તે નિકાચિત કરણ છે. કર્મોની દશ વિશેષ અવસ્થાઓ થાય છે તેને કરણ કહે છે તેનું સંક્ષેપમાં વર્ણન નીચે પ્રમાણે છે.

બંધઃ– જ્યારે કર્મવર્ગણાઓ પોતાનું પુદ્ગલ નામ છોડી જ્ઞાનાવરણાદિ નામ પામી આત્માના યોગ કષાયને કારણે આત્મા સાથે એક ક્ષેત્રે રહે છે; ત્યારે તેનામાં જીવના ગુણોની અવસ્થાને ઘાતવાની (મલિન) અને સાતા, અસાતાકારી સંબંધને મેળવવાની શક્તિ પ્રાપ્ત કરે છે તે કાર્યને બંધ કરણ કહે છે. જે સમયમાં કર્મોનો આસ્રવ થાય છે તેજ સમયમાં તેનો બંધ થાય છે. બંધ થતી વખતે પ્રકૃત્તિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ ચારે ક્રિયા એક સાથે થઇ જાય છે. અથાત્ જે સમયમાં પુદ્ગલો આવે છે તેજ સમયમાં તેનો બંધ પૂર્વ બદ્ધ કાર્મણ શરીર સાથે થઇ જાય છે. તેની ચાર અવસ્થાઓ થાય છે તેથી બંધ પણ ચાર પ્રકારે માનવામાં આવેલ છે.

પ્રકૃતિબંધઃ– જે પુદ્ગલ કર્મ બંધાયા તેની પ્રકૃતિ (સ્વભાવ) જ્ઞાનાવરણાદિક રૂપ થવી તેને પ્રકૃતિ બંધ કહે છે.

પ્રદેશબંધઃ– કેટલી સંખ્યામાં જ્ઞાનાવરણના, દર્શનાવરણના ઇત્યાદિરૂપ કર્મ પુદ્ગલ બંધાણા તે પ્રદેશબંધ છે.

સ્થિતિબંધઃ– બંધાયેલા કર્મોમાં જેટલો વખત રોકાવાની શક્તિ અર્થાત્ ઓછા અથવા વધારે કાલ સુધી રહેવાની શક્તિને સ્થિતિબંધ કહે છે.

અનુભાગબંધઃ– બંધાયેલા કર્મોમાં તીવ્ર અથવા મંદ ફલદાનની શક્તિને અનુભાગ બંધ કહે છે. યોગની મુખ્યતાથી પ્રકૃતિ, પ્રદેશ બંધ થાય છે અને કષાયોની મુખ્યતાથી સ્થિતિ, અનુભાગ બંધ થાય છે.

ઉત્કર્ષણ :– કોઇ એક સમયમાં બાંધેલ કર્મોમાં જીવના પરિણામ ના નિમિત્તથી સ્થિતિ અને અનુભાગનું વધી જવું તે ઉત્કર્ષણ છે જે સમયે જીવે કોઇ પાપ કર્મ કરેલ તે સમયમાં પાપ કર્મો બંધાયા હતા ત્યાર બાદ જો જીવ પોતાના કરેલા પાપ કર્મોની બીજાને મોઢે પોતાની આત્મપ્રશંસા કરે અને કષાયોને વધારે તો તે સમયના બંધાયેલ પાપ કર્મોની સ્થિતિ વધી જાય છે અને અનુભાગ (રસ) તીવ્ર થઈ જાય છે તેને ઉત્કર્ષણ કહે છે. (તીવ્ર કષાયરૂપ, રસ, હલાહલ ઝેરરૂપ પડે છે જે ઉદય પ્રકરણમાં આવશે.)

સંક્રમણ :– એક કર્મની પ્રકૃતિ બદલી બીજી પ્રકૃતિરૂપ થઈ જાય તેનુ નામ સંક્રમણ છે. મૂલ આઠે કર્મોમાં પરસ્પર સંક્રમણ થતું નથી. દરેક મૂલ પ્રકૃતિની ઉત્તર પ્રકૃતિઓમાં સંક્રમણ થાય છે. જેમકે મિથ્યાત્વકર્મનું મિશ્રમોહનીયમાં અને

મિશ્રમોહનીયનું સમ્યક્ત્વ મોહનીયમાં સંક્રમણ કરણ થાય છે. સાતાનું અસાતાવેદનીયમાં અને અસાતાનું સાતાવેદનીયમાં, ક્રોધનું માનમાં, માનનું માયામાં, માયાનું લોભમાં ઇત્યાદિ રૂપ થાય છે. પરંતુ મોહનીય કર્મમાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયમાં પરસ્પર સંક્રમણ થતું નથી. તેમજ ચારે પ્રકારના આયુમાં સંક્રમણ થતું નથી. જીવોના પરિણામોના નિમિત્તથી કોઈ વિશેષકર્મની વર્ગણાઓની પ્રકૃતિ અન્ય પ્રકૃતિરૂપ બદલી જાય છે.

દૃષ્ટાંત :- જેમકે કોઇએ કોઇ અન્યને દુઃખ દીધા, બાદ પોતાના કરેલા કૃત્યનો બહુજ પશ્ચાતાપ કરે અને તેની માફી માગે તથા થોડું પ્રાયશ્ચિત પણ લે અને પોતાના આત્માની ઘોર નિંદા કરે અને આત્મધ્યાનાદિ કરે તો તેવાં શુભ પરિણામોના નિમિત્તથી તે અસાતાવેદનીય કર્મની વર્ગણાઓની પ્રકૃતિ જે સત્તામાં પડી છે તે સાતારૂપ સંક્રમણ થઇ જાય છે. તેને માટે જ સામાયિકાદિ ષટકર્મ નિયત કરવામાં આવેલ છે.

અપકર્ષણ :- કોઇ સમયમાં બાંધેલા કર્મોની સ્થિતિ તથા અનુભાગને પોતાના પરિણામોના નિમિત્ત દ્વારા ઘટાડી દેવાં તેને અપકર્ષણ કહે છે.

દૃષ્ટાંત :- જેમકે કોઇએ મનુષ્ય આયુ ૧૦૦ વર્ષની સ્થિતિ-અનુભાગ સહિત બાંધી લીધાં. પછી તેના પરિણામોમાં આયુ બંધનાકાળમાં કાંઇ મલીન રૂપ પરિણામ થયા તેથી પૂર્વમાં બંધાએલ આયુષ્ય છુટી શકતું નથી, તેમજ બદલી શકતું નથી પણ સ્થિતિ અનુભાગ કમતી (ઓછું) થઇ જાય છે. જેવી રીતે રાજા શ્રેણિકે

સાતમી નરકનું તેત્રીશ સાગરનું આયુ બાંધેલ હતું પણ પાછળથી તે આયુ પરિણામના નિમિત્તથી ૮૪૦૦૦ ચોરાસી હજાર વર્ષનું થઇ ગયું તેમ જાણવું.

ઉદીરણા :– જે કર્મ હજુ પાકેલ (ફલદાન શક્તિરૂપ) નથી અર્થાત્ જેની સ્થિતિ હજી વધારે છે તેની સ્થિતિ ઘટાડીને તે કર્મોને તેના સમય પહેલા ઉદયની આવલીકાલની અંદર કરી દેવા જેથી તે કર્મ મોડા ફલ દેવાવાળા હતા તે જલ્દી ફલ દેવા સન્મુખ થઇ જાય તે અવસ્થાને ઉદીર્ણા કહે છે.

દૃષ્ટાંતઃ–જેમ કોઇને જે સમયમાં અન્નાદિ ન મલવાથી ક્ષુધા થઇ રહી છે તે સમયમાં અસાતાવેદનીય થોડી કર્મની વર્ગણાઓનીય ઉદીરણા થવા લાગી છે ત્યારબાદ એવું પ્રબળ નિમિત્ત મલતાં તે પોતાના સમય પહેલાજ ઉદય થઇ ફલ પ્રગટ કરવા લાગી જાય છે તેમ જાણવું. ભૂજ્યમાન (ભોગવા યોગ્ય) આયુકર્મની ઉદીરણા કોઇ જીવને એવે સમયે થઇ જાય છે કે તે જીવ વિષખાઈને, અગ્નિમાં બળીને, શ્વાસનિરોધી આદિ કારણોથી મરવા તૈયાર થાય છે ત્યારે આયુ કર્મની સર્વ વર્ગણાઓ એકદમ ઉદયમાં આવી ખરી જાય છે તેથી તે પ્રાણીને તે શરીર છોડવું પડે છે અર્થાત્ મૃત્યુ થાય છે.

સત્તાઃ– કર્મોના બંધ થઇ ગયા પછી જ્યાં સુધી તે કર્મ ઉદય, ઉદીર્ણા અથવા નિર્જરા ન થાય ત્યાં સુધી આત્માના પ્રદેશોમાં એક ક્ષેત્રાવગાહ સંબંધરૂપ સ્થિત રહે તેને સત્ત્વ અથવા સત્તા કહે છે.

ઉદયઃ– કર્મોની સ્થિતિ પૂરી થઇ ગયા બાદ ઉદયમાં આવવું અથવા ફલ આપી ખરી જવું. ઘણા કર્મો તો પોતાની સ્થિતિ પૂરી થયા

પછી ઉદયમાં આવે છે. અને બાહ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવનું નિમિત્ત ન મળે તો વગર ફલ આપે ખરી જાય છે અને જો નિમિત્ત અનુકૂળ હોય તો ફલ આપીને ખરી જાય છે; કર્મ બંધાયા પછી અબાધા કાલ છોડી બાકી પોતાની સર્વ સ્થિતિમાં ભાગ પડી જાય છે. અને તે ભાગાનુસાર સમય સમય ખરતા રહે છે. ક્રોધ, માન, માયા, લોભ ચારે કષાયોનો બંધતો એક સાથે થાય છે. પરંતુ ઉદય એકનોજ એક સમયમાં હોય છે. તેનો ભાવ એવો છે કે, ચારે કષાયોની વર્ગણાઓ પ્રત્યેક સમયે પોતાના ભાગાનુસાર ખરે છે. પરંતુ જેવું બાહ્ય નિમિત્ત હશે તેનો જ ઉદય કહેવામાં આવે છે, જો કે અન્ય કષાયોની વર્ગણા પણ અવશ્ય ખરે છે, અથવા સંક્રમણ કારણરૂપ થઇ ખરે છે. તેટલા માટે જે કર્મફલ પ્રગટ આપીને ખરે છે તેના ઉદયને રસોદય કહે છે અને જે વગર ફલ આપ્યે ખરે છે તેને (ઉદયને) પ્રદેશોદય કહે છે.

દૃષ્ટાંત :- જેમ કોઇ માણસને ક્રોધ કષાયના કર્મની વર્ગણા બરાબર ૩૦ ત્રીશ મિનીટ સુધી ખરી રહી છે. (૧૫) પંદર મિનીટ સુધી તેને કોઇ નિમિત્ત ક્રોધ કરવાનું ન મલ્યું, તે જીવ લોભની તરફ ફસાએલ છે ત્યાં સુધી ક્રોધની વર્ગણા વગર ફલ આપ્યે ખરી ગઇ. અને ૧૫ મિનીટ પછી તેને ક્રોધ કરવાનું નિમિત્ત મલી ગયું તો ક્રોધરૂપ ફલ આપવા લાગ્યું અર્થાત્ તે જીવ ક્રોધી થઇ ગયો ત્યારબાદ પોતે શાંત થઇ ગયો તેમાં પાંચ મિનીટ લાગી ત્યારે વીશ મીનીટથી લઇ જ્યાંસુધી ૩૦ મિનીટ પુરી ન થઇ ત્યાંસુધી વગર નિમિત્તે ક્રોધ કષાય કાંઇ પણ ફલ આપ્યા વિના ખરી જાય છે. કર્મ બંધાઇ ગયા પછી તેમાં સંક્રમણ, ઉત્કર્ષણ, અપકર્ષણ, ઉદ્દીરણા થઇ શકે છે.

સારાંશઃ– જો અનુકૂલ નિમિત્ત હોય તો કર્મ ફલ આપે છે અને જો અનુકૂલ નિમિત્ત ન હોય તો કર્મ પોતાનું ફલ આપ્યા વિના ખરી જાય છે.

સાતાવેદની અને અસાતાવેદની બન્ને કર્મ વર્ગણાઓ પ્રત્યેક સમયમાં ખરી રહી છે. પરંતુ બન્નેનું ફલ એક સાથે દેખાતું નથી, જેનું નિમિત્ત હશે એવું ફલ આપશે. જો અસાતાનું નિમિત્ત હશે તો દુઃખ ભોગવવામાં આવશે અને સાતાકર્મ નકામું ખરી જશે અને સાતાનું નિમિત્ત હશે સુખ ભોગવવામાં આવશે અને અસાતા કર્મ નિરર્થક ખરી જશે.

કોઇ કોઇ વખતે તીવ્રકર્મનો ઉદય થાય છે ત્યારે તેને ભોગવોજ પડે છે. અને તેનું ફલ અવશ્ય પ્રગટ દેખાય છે અને તેને અનુકૂલ નિમિત્ત થઇ જાય છે. જેમકે અકસ્માત ધનનો લાભ થઇ જવો, અકસ્માત ઈજા આવી જવી વગેરે; પણ મંદકર્મ ઉદયમાં અમારો પુરુષાર્થ જીતી જાય છે અને તીવ્રમાં નથી જીતી શકતો તે કથન ને શુદ્ધ ઉપાદાન અને અશુદ્ધ ઉપાદાન સાથે મેળવી લેવું જોઇએ. પાપ પુણ્યનો ઉદય કેવો આવશે તેનું અમોને જ્ઞાન નથી તેથી અમારૂં એ કર્તવ્ય છે કે, અમારે સદા પુરુષાર્થવાન થઇ સારા નિમિત્તો મેળવવા જોઇએ. કારણ જો તીવ્ર કર્મ બાધક હશે તો કાર્ય થશે નહી અને સાધારણ મંદ હશે તો કાર્ય થશે.

નદીમાં જો ઓછુ પાણી હશે તો પાણીની ધારા વિરૂદ્ધ તરી શકાશે પણ જો પાણી અધિક હશે તો પાણીની ધારા

વિરૂદ્ધ તરી શકાશે નહીં. તેમજ પાપ પુણ્ય કર્મોના ઉદય અદૃષ્ટ છે તેથી અમારે સદા પુરુષાર્થવાન જ બનવું જોઇએ. શરીરમાં તીવ્ર રોગ વ્યાધિ ઉત્પન્ન થતાં ધર્મ કાર્ય થઇ શકશે નહીં કારણ કે શરીર આશ્રિતે આત્મા છે. છદ્મસ્થ જીવોનો જ્ઞાનોપયોગ ઇન્દ્રિય આશ્રિતે છે. ઇન્દ્રિયના અભાવમાં જ્ઞાનનું કાર્ય થઇ શકતું નથી જુઓ પ્રવચનસાર ગાથા ૫૫ અને પંચાધ્યાય ગાથા ૩૦૦-૩૦૧ તથા **શ્રી સમન્તભદ્રાચાર્યે** આપ્તમીમાંસામાં કહેલ છે કે કોઇ કાર્ય એવું થઇ જાય છે કે જેને માટે અમોએ પહેલાં તેનો વિચારજ કરેલ ન હોય, તે કાર્ય ઇષ્ટ હોય કે અનિષ્ટ હોય, સુખરૂપ હોય કે દુઃખરૂપ હોય તે પૂર્વ કર્મના ઉદયની મુખ્યતાથી થઇ જાય છે. અને જે કાર્ય માટે પહેલાથી વિચારવામાં આવે અથવા પુરુષાર્થ કરવામાં આવે તે કાર્ય સારૂં કે નરસુ પોતાના પુરુષાર્થની મુખ્યતાથી થાય છે.

ભાવાર્થ :- કોઇએ વેપાર કર્યો અને અણધાર્યું નુકશાન થઇ ગયું તો તે તીવ્ર પાપનો ઉદય છે. અને જો નુકશાન ન થયું તો પુણ્ય કર્મ અનુકૂળ થઇ ગયું ત્યારે અમારા પુરુષાર્થની મુખ્યતા રહી; કારણ કે અમારા કર્મોના ઉદય અમોને શું ફલ આપશે તેનું આગળથી અમોને જ્ઞાન નથી માટે અમારૂં પ્રથમ કર્તવ્ય છે કે અમારે સદા પુરુષાર્થવાન બનવું જોઇએ.

ઉપશમ :- કર્મ વર્ગણાઓને ઉદયકાલમાં આવવાને અશકય કરી દેવી તેને ઉપશાંત અથવા ઉપશમ કહે છે. જેમકે મિથ્યાત્વ કર્મનો ઉદય છે તેના ઉદયને કેટલોક કાળ સુધી અનુદય કરી દેવો અથવા રોકી દેવો તેને ઉપશમ કહે છે.

નિધત્તિ :- જે કર્મોનો એવો બંધ હોય કે જેનું ન સંક્રમણ કરી શકાય તેમજ તેને જલ્દી ન ઉદયમાં લાવી શકાય છતાં તેમાં સ્થિતિ, અનુભાગનો ઉત્કર્ષણ અને અપકર્ષણ થઇ શકે છે એવા કર્મોની અવસ્થાને નિધત્તિ કહે છે.

નિકાચિત :- જે કર્મોનો એવો બંધ હોય કે તેને ન સંક્રમણ કરી શકાય, ન જલ્દી ઉદયમાં લાવી શકાય, ન તેનો સ્થિતિ અનુભાગમાં ઉત્કર્ષણ અને અપકર્ષણ થઇ શકે અર્થાત્ જેવું બાંધેલ હોય તેવુંજ ફલ આપીને ખરે એવા કર્મોની દશાને નિકાચિત કહે છે.

જીવના શુભ પરિણામના નિમિત્તથી પુણ્ય પ્રકૃતિઓમાં અનુભાગ વધી શકે છે અને પાપ પ્રકૃત્તિઓમાં ઘટી શકે છે વળી જીવના અશુભ પરિણામના નિમિત્તથી પાપ પ્રકૃત્તિઓમાં અનુભાગ વધારે પડે છે અને પુણ્ય પ્રકૃત્તિઓમાં ઓછો પડે છે; ત્યારે એ સિદ્ધાંત નીકળ્યો કે અમારામાં જેટલું આત્મબલ અને જ્ઞાન પ્રકાશે છે તે મારફતે બહુ સમજી વિચારીને યોગ્ય નિમિત્ત અને યોગ્ય વાતાવરણ રાખવા સદા પુરુષાર્થ કરવો જોઇએ. તો અમે દુઃખદાઇ ઘણાં કર્મોથી બચી શકીએ છીએ, અર્થાત્ અશુભ કર્મોના ફલથી બચી શકીએ છીએ. વધારે ખુલાસો સુદૃષ્ટિતરંગિણી પૃષ્ટ ૬૦૮ થી ૬૧૫ માંથી જોઇ લેવો ગ્રંથ વધી જવાના ભયથી વિસ્તાર પૂર્વક લખેલ નથી.

આઠ મૂલ કર્મોના નામઃ-

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય આયુ, નામ કર્મ, ગોત્રકર્મ અને અંતરાય.

ગુણસ્થાનોના નામ

મિથ્યાત્વ, સાસ્વાદન, મિશ્ર (સમ્યક્‌મિથ્યાત્વ) અવિરત-સમ્યગ્‌દૃષ્ટિ, દેશવિરત, (સંયમાસંયમ) પ્રમત સંયત, અપ્રમત, અપૂર્વકરણ, અનિવૃતિકરણ, (બાદર સામ્પરાય) સૂક્ષમસાંપરાય, ઉપશાંતમોહ, ક્ષીણમોહ, સયોગીજિન અને અયોગીજિન.

કરણની વિગત :-

નરકાદિ ચારે આયુ કર્મોમાં સંક્રમણકરણ વિના (૯) નવ કરણ થાય છે. બાકી બધી પ્રકૃતિઓમાં દશ કરણ થાય છે.

પહેલા ગુણસ્થાનથી આઠમા અપૂર્વકરણ ગુણસ્થાન સુધી દશકરણ થાય છે.

અપૂર્વકરણથી સૂક્ષમસાંપરાય ગુણસ્થાન સુધી (૭) સાત કરણ થાય છે. અગિઆરમાં ગુણસ્થાન ઉપશાંત મોહમાં મિથ્યાત્વ અને મિશ્રમોહનીયનું સંક્રમણકરણ થાય છે અર્થાત્ તે બન્નેના કર્મ પરમાણું સમ્યક્‌ત્વમોહનીય રૂપ પરિણમે છે. તેથી છ કરણ થાય છે.

બારમાં ક્ષીણમોહ કષાય, થી સયોગીજિન સુધી સંક્રમણ-કરણ વિના છ કરણ થાય છે.

અયોગી કેવલી ભગવંતમાં સત્ત્વ, ઉદય એમ બે કરણ હોય છે. અંત સમયમાં કોઇ કરણ હોતું નથી.

બંધ, ઉદય, ઉદીરણા, સત્તા સ્થાનનું વર્ણન

બંધઃ- ત્રીજા ગુણસ્થાન છોડી પહેલાથી સાતમાં ગુણસ્થાન

સુધી સાત કર્મોનો બંધ થાય છે પણ જ્યારે આયુકર્મનો બંધ પડે ત્યારે આઠે કર્મોનો બંધ એક સાથે પડે છે.

ત્રીજુ મિશ્ર ગુણસ્થાન, અપૂર્ણકરણ, અનિવૃત્તિકરણમાં આયુ છોડી સાત કર્મોનો બંધ એક સાથે પડે છે.

દશમાં સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાને આયુ અને મોહનીયને છોડી છ મૂલ કર્મોનો બંધ એક સાથ પડે છે.

અગિઆરમાં (ઉપશાંતકષાય) બારમાં (ક્ષીણકષાય) તેરમાં (સયોગીજિન) ગુણસ્થાનોમાં એક વેદનીય કર્મનો બંધ પડે છે અયોગીજિનમાં કોઇ પણ પ્રકારનો બંધ થતો નથી.

ઉદયઃ- ૧૦માં ગુણસ્થાન સુધી આઠે કર્મોનો ઉદય હોય છે. ૧૧-૧૨માં ગુણસ્થાનમાં મોહ છોડી સાત કર્મોનો ઉદય હોય છે. અને ૧૩-૧૪માં ગુણસ્થાનમાં માત્ર ચાર અઘાતિયા કર્મોનો ઉદય હોય છે.

ઉદીરણા :- વેદનીય તથા આયુકર્મની ઉદીરણા છઠા ગુણસ્થાન સુધી થાય છે. મોહનીયની દશમાં ગુણસ્થાન સુધી, જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયકર્મની ૧૨ માં ગુણસ્થાન સુધી અને નામ, ગોત્રકર્મની ૧૩ માં સુધી ઉદીરણા થાય છે.

મિશ્રગુણસ્થાન વિના પ્રમત ગુણસ્થાન સુધી આયુની સ્થિતિમાં આવલી માત્ર કાળ બાકી રહ્યા પછી આયુ છોડી સાત કર્મોની ઉદીરણા થાય છે. સૂક્ષ્મસાંપરાયમાં એટલોજ કાળ બાકી રહેવાથી આયુ, મોહનીય અને વેદનીય એમ ત્રણ કર્મોને

છોડી બાકી પાંચ કર્મોની ઉદીરણા થાય છે, તથા ક્ષીણકષાય ગુણસ્થાનમાં પણ તેટલોજ કાળ ઓછો રહેવાથી નામ અને ગોત્રકર્મની ઉદીરણા થાય છે.

સત્તા :- ૧૧ માં ઉપશાંત કષાય સુધી આઠે કર્મોની સત્તા રહે છે. બારમાં ક્ષીણમોહ ગુણસ્થાનમાં મોહનીય વિના સાતકર્મોની અને ૧૩-૧૪ ગુણસ્થાનોમાં ચાર અઘાતિયા કર્મોની સત્તા રહે છે.

મિથ્યાદૃષ્ટિની ક્રિયા

જીવનો સ્વભાવ તો જ્ઞાન છે. અને જ્ઞાનનું કાર્ય યથાર્થરૂપથી પદાર્થોને જાણવાનું છે. પણ સંસારી જીવોની સ્થિતિ તેનાથી વિચિત્ર પ્રકારની છે તે વિચિત્રતા અર્થાત્ વિવેક ભ્રષ્ટતાનું કારણ દર્શનમોહનીય નામના મિથ્યાત્વ કર્મનો ઉદય છે. તેથી આત્માના સમ્યક્ત્વ ગુણની અવસ્થા વિકારી થઇ રહી છે તે કારણે જીવ વિકૃત કાર્ય કરવું શરૂ કરે છે. તે પદાર્થને વિપરીત રૂપથી શ્રદ્ધા કરે છે. અર્થાત્ અતત્ત્વશ્રદ્ધાન કરે છે. અનાદિકાળથી જીવની બંધ પ્રવાહરૂપે (સંસ્કારરૂપે) પ્રવૃત્તિ ચાલી આવે છે. અને સંજ્ઞો જીવોના મનના નિમિત્તથી વિશેષ પ્રવૃત્તિ દેખવામાં આવે છે, મનથી તે નાના પ્રકારના વિકલ્પો કર્યા કરે છે. તેમાં કેટલાક તો સદ્‌ભૂત પદાર્થોના આશ્રિતે કરે છે. અને કેટલાક માત્ર કાલ્પનિક હોય છે. જે કાલ્પનિક ભાવો (સંસ્કારના) છે તે તો મિથ્યાભાવ છે. તે જાતિની અપેક્ષાએ એક જ છે પણ ઉત્તર ભેદોની અપેક્ષાએ અસંખ્યાત અને પર્યાય ક્રમની

અપેક્ષાએ અનંત પ્રકારના હોય છે. તેની અસ્તિ એક સમયની હોય છે બીજા સમયમાં તેનો નાશ થતાં બીજા પ્રકારની હોય છે તે બધા નિમિત્તથી થાય છે તેથી તેને બંધના કારણ માનવામાં આવે છે. તે બધા ભાવો આત્માથી પરભાવો છે.

સદ્‌ભૂત પદાર્થને આશ્રિતે જે ભાવ થાય છે તેના પાંચ ભેદ છે. એકાંત, વિપરીત, સંશય, અજ્ઞાન, અને વિનય મિથ્યાત્વરૂપ હોય છે. કાલાંતરથી સાથ રહેલા ભાવોને અગ્રહીત-મિથ્યાત્વ કહે છે અને નવી નવી પર્યાયથી તે ભાવોને પુષ્ટ કરવાના હેતુભૂત એવા કુદેવાદિકથી થતાં મિથ્યાત્વ ભાવોને ગ્રહીત મિથ્યાત્વ કહે છે. સંસારના પરિભ્રમણનું મુખ્ય કારણ તેજ છે. અને તેને કારણે જીવને પોતાના સ્વરૂપની ઉપલબ્ધિ થતી નથી. સ્વરૂપની ઉપલબ્ધિ ન થવા દેવી તેજ મિથ્યાત્વનું મોટામાં મોટું કાર્ય છે. જીવમાં બીજા ભાવો જે થાય છે તે પણ નૈમિત્તિક છે છતાં તે બંધના કાર્યરૂપ માનવામાં આવ્યા નથી. બંધનું પ્રયોજન માત્ર મિથ્યાત્વ અને કષાયને માનવામાં આવેલ છે. અર્થાત્ બંધની વ્યાપ્તિ તે ભાવોની સાથે છે પણ અન્યભાવો સાથે નથી. અને જ્ઞાનમાં યર્થાથતા – અયર્થાથતા પણ મિથ્યાત્વના કારણેજ આવે છે તે વ્યામોહને કારણે જીવ અહિંસાદિ ધર્મ હોવા છતાં હિંસાદિમાં ધર્મ મનાવે છે. એકેન્દ્રિ-યાદિની પૂજા કરવા લાગી જાય છે, તિર્યંચની પૂજા કરવા લાગી જાય છે. કાગલ પેનશીલ કલમ આદિની પૂજા કરે છે. જે સમ્પ્રદાયમાં જન્મ થાય છે તેજ કુળ ધર્મને ઓઘ સંજ્ઞાથી માને છે તેમાં લેશ

માત્ર વિચાર કરતો નથી. ચાર પૈસાની મટકી લેતી વખતે પુરો તપાસ કરે કે હું છેતરાઇ તો જતો નથી ને? પણ પુરો આત્મા જેમાં છેતરાઇ જાય તેનો તો જીવ લેશ માત્ર વિચાર કરતો નથી. કુળ ધર્મનેજ સાચો માનો પડયો રહે છે. બાપદાદા શું મૂર્ખ હતા? બાપદાદાનો ધર્મ કેમ છોડી શકાય? એવી એવી ઘણા પ્રકારની તર્કણા કરે છે તે બધુ મિથ્યાત્વનું મહાત્મ્ય છે. વેપાર રોજગારમાં નાત, જાત, ઉંચ, નીચ જોતો નથી માત્ર ધર્મના કાર્યમાંજ આંધળો ભીત થઇ ફસાય જાય છે. સત્ય સાંભળવામાં ન તો પૈસા લાગે છે ન કષ્ટ થાય છે છતાં પણ તે જીવ સાંભળવા જતો નથી પણ પડયો પડયો વિરોધ કરે છે તે બધો મિથ્યાત્વનો મહાન પ્રભાવ છે.

મિથ્યાદૃષ્ટિ પોતાના સ્વરૂપને જાણતો નથી તેથી પર સ્વરૂપ વિષે મગ્ન બની પરકાર્યને અને પરસ્વરૂપને પોતાના માને છે. તે બાહ્ય ક્રિયા કરતો હોવા છતાં પોતાને મોક્ષમાર્ગનો અધિકારી માને છે. તે સદા બંધ પર્યાય પદ્ધતિને સાધતો થકો તેને મોક્ષ માર્ગ કહે છે; કારણ કે તેને અંતરદૃષ્ટિરૂપ શુદ્ધ દ્રવ્ય અક્રિયરૂપનું જ્ઞાનજ નથી. તો તે અંતર્ગર્ભિત ક્રિયા કેમ કરે? માટે એમ નક્કી થયું કે અજ્ઞાની બંધને સાધતો હોવાથી બંધને પ્રાપ્ત થાય છે તે મોક્ષને કેમ સાધી શકે? નજ સાધી શકે.

તે અજ્ઞાની વિચાર પણ કરતો નથી કે જો વ્યંતર દેવોની પૂજા ભકિતથી લક્ષ્મી મલી જતી હોય તો ધર્મ કરવાની શું જરૂર? મોક્ષમાર્ગી જીવ, સંસારની લક્ષ્મીની માંગણી કરે તો તે મોક્ષમાર્ગી શેનો? પોતાનો ઉપકાર, અપકાર, લાભ, હાનિ, આદિ શુભાશુભ કર્મોથી થાય છે પણ જો દેવ કરી આપતો હોય તો

તે દેવ દુઃખી કેમ થાય છે? શા માટે તેનું મરણ થાય છે? પોતે પોતાનો બચાવ કેમ કરી શકતો નથી? બીજાનો બચાવ કેમ થાય છે? તેને માનવાવાળા પણ રોગી, ગરીબ, દુઃખી, પ્રત્યક્ષ જોવામાં આવે છે અને તેને ન માનવાવાળા પ્રત્યક્ષ સુખી જોવામાં આવે છે છતાં મિથ્યાદૃષ્ટિ ને તે વાત બેસતી નથી તેનું મૂળ કારણ મિથ્યાત્વ કર્મનો તીવ્ર ઉદય છે જેથી સત્ય વાતની રુચિ થતી નથી. આ કારણે જીવો ચતુર્ગતિમાં પરિભ્રમણ કરે છે. મોટા મોટા, તપસ્વીઓ અને યોગીઓની જો આ મિથ્યાત્વની ગાઠ ખુલે નહી તો તેઓની બધી સાધના (ક્રિયા ધર્મ) કાંઇ લાભદાયક થતી નથી.

અજ્ઞાનીજીવ, જીવાદિ પદાર્થોના યથાર્થ સ્વરૂપને જાણતો નથી. તે પોતાની મિથ્યાબુદ્ધિથી જુદા પ્રકારેજ માને છે. કોઇ વખતે કાંઇ વિચારે છે તો કોઇ વખતે અન્ય કાંઇ વિચારે છે. તેની બુદ્ધિ પ્રત્યેક પદાર્થના સ્વતંત્ર અસ્તિત્વને સ્વીકારતી નથી. આગમમાં સૂક્ષ્મ, અન્તરિત, દૂરવર્તી પદાર્થોનું વર્ણન સર્વજ્ઞ વીતરાગ અને હિતોપદેશી એવા શ્રી જિનેન્દ્રદેવે કરેલ છે તેને તે યથાર્થ પ્રતિભાસતું નથી, તે તેમાં તર્ક અને સંશય કર્યા કરે છે. પદાર્થ દ્રવ્યદૃષ્ટિથી નિત્ય છે અને પર્યાયદૃષ્ટિથી અનિત્ય છે તેમાં તેને સંશય થયા કરે છે. અજ્ઞાની ભોજનથી અને વિષય સેવનથી એટલે પર પદાર્થના અવલંબનથી સુખ માને છે તેથી પર પદાર્થના અવલંબન વિનાનું અતીન્દ્રિય સુખ તેની માન્યતામાં આવતું નથી. જ્ઞાનની પ્રવૃત્તિઓ પણ ઇન્દ્રિયોથી દેખાય છે. જેને આંખ છે તે જોઇ શકે છે, જેને કાન છે તે સાંભળી શકે છે પણ જેને આંખ કાન નથી તે કેમ દેખી સાંભળી શકતો હશે?

મુક્તજીવને જ્ઞાન અને સુખ ક્ષય છે તે માત્ર કલ્પના છે. તે શરીરથી આત્માને જુદો માનતોજ નથી; સ્યાદ્વાદી જૈનાચાર્ય રૂડા પ્રકારે સમજાવવા છતાં પોતાના હઠને છોડતો નથી, પણ તર્ક કરે છે તે બધુ મિથ્યાત્વ કર્મનું માહાત્મ્ય છે.

શરીરને દુબળું થતાં પોતાને દુબળો માને છે. શરીરના-રૂપથી પોતાને રૂપાળો માને છે. કુદેવને દેવ માને છે. કુગુરુને ગુરુ માને છે. અધર્મને ધર્મ માને છે. રાગદ્વેષમોહ આત્માનો સ્વભાવ નથી છતાં રાગી દ્વેષી મોહી વિવિધ પ્રકારના દેવોને માને છે. પરિગ્રહનો સંચય કરવાવાળાને ગુરુ માને છે. વીતરાગી આત્મિક સ્વભાવ તેજ ધર્મ છે અને રાગાદિ અધર્મ છે. તેના સાધનો અને સમજાવવાવાળાં હોવા છતાં પણ જીવ અજ્ઞાનમાં ડુબેલ છે. બાહ્ય ક્રિયા કાંડમાંજ ધર્મ માની રાખ્યો છે. દેવો, પુત્રાદિ, ધન-ધાન્યાદિ આપે છે તેવી માન્યતાથી કુદેવાદિની અને મંત્ર તંત્રાદિ-વાલા ગુરુઓની ઉપાસના કરે છે. કોઇ કુળદેવી, શાશનદેવી, દેવતા આદિની સ્થાપના કરી પૂજા કરે છે. અરેરે! અરિહંત ભગવાનમાં પણ મિથ્યાબુદ્ધિથી પુત્ર પૌત્રાદિ આપે છે તેમ કહે છે. સંસાર-ભાવના માટે જીવ શું શું અધર્મ નથી કરતો! આ બધું મિથ્યાત્વનું મહાત્મ્ય છે.

કેટલા જૈનાભાસીઓ કદાચ તપ કરે છે તો ભૂખ્યા રહેવાથી ઉપવાસ કર્યો માને છે અથવા લોભવશ તપ કરે છે પણ પોતાના પરિણામને તો જાણતા નથી. વ્રતાદિ ધારણ કરે તો બાહ્યક્રિયા ઉપર જ દૃષ્ટિ રહે છે. અંતરંગ રાગાદિભાવરૂપ પ્રવૃત્તિનું કાંઇજ જ્ઞાન નથી. વ્યવહાર દર્શન જ્ઞાન ચારિત્રને મોક્ષમાર્ગ જાણી

તેનીજ સાધના કરે છે નિશ્ચય ધર્મને તો જાણતા નથી. અરિહંતદેવ, નિર્ગ્રંથગુરૂ તથા જૈનશાસ્ત્ર છોડી બીજાને નમસ્કારાદિ કરવાનો ત્યાગ કર્યો છે એવી માન્યતાથી પોતાને આજ્ઞા સમ્યક્ત્વી છે તેમ ગણી સંતુષ્ટ થાય છે. બાહ્યલક્ષણોવડેજ ભક્તિ આદિમાં પ્રવૃત્તે છે પણ તત્ત્વજ્ઞાનપૂર્વક પરીક્ષા કરતો નથી. અરિહંતદેવને માને પણ તેના કયા લક્ષણો પુદ્ગલાશ્રિત છે કયા જીવાશ્રિત છે તેનું કિંચિત્ જ્ઞાન નથી. વળી તે અરિહંતદેવને સ્વર્ગમોક્ષદાતા, દીનદયાલ, અધમોદ્ધારક, પતિત-પાવન માને છે પણ તે તો જેમ અન્યમતિઓ કર્તૃત્વ બુદ્ધિથી ઈશ્વરને માને છે તેમ આ પણ અરિહંતને માને છે. પણ એમ નથી જાણતો કે ફળ તો પોતાના પરિણામ પ્રમાણે મલે છે અરિહંત તો નિમિત્તમાત્ર છે. અને આ બધા વિશેષણો તો ઉપચાર માત્ર છે તેનું તેઓને જ્ઞાન નથી આ પ્રમાણે મિથ્યા-દૃષ્ટિઓની બધી ક્રિયાઓ સંસાર વર્ધક હોય છે.

અજ્ઞાની જીવોની કલ્પના

પ્રશ્ન :– બાહ્ય પદાર્થ જેમકે પેનશીલ, કાગલ આદિનું જ્ઞાન જેમ સમ્યગ્દૃષ્ટિને થાય છે તેવુંજ જ્ઞાન મિથ્યાદૃષ્ટિઓને પણ થાય છે આમ યથાર્થ જ્ઞાન થવા છતાં પણ મિથ્યાદૃષ્ટિઓને મિથ્યા જ્ઞાની કેમ કહો છો ?

ઉત્તર :– કેવલ લૌકિક પદાર્થોના જાણવા માત્રથીજ સમ્યગ્જ્ઞાની નથી કહેવાતો. જો લૌકીક પદાર્થોના જાણવાથીજ સમ્યગ્જ્ઞાની થઇ જવાતું હોય તો પાશ્ચિમાત્ય વિજ્ઞાનવેત્તાઓ કે જેઓ અનેક સૂક્ષ્મ આવિષ્કાર કરી રહ્યા છે અને પદાર્થોની શક્તિઓનું પરિજ્ઞાન

કરી રહ્યા છે તેનેજ સમ્યગ્જ્ઞાની કેવા જોઇએ પણ એવું તેનું લક્ષણ નથી. સમ્યગ્જ્ઞાનીનું લક્ષણ એવું છે કે જે આત્માને દર્શન-મોહનીય કર્મના ક્ષય, ઉપશમ અથવા ક્ષયોપશમની સાથો સાથ મતિજ્ઞાનાવરણ કર્મના એક વિશેષ પ્રકારના (લબ્ધ્યાવરણ કર્મના) ક્ષયોપશમથી લબ્ધિ (જ્ઞાન ચેતના) પ્રગટ થાય છે. મતિજ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ જો કે સામાન્ય દૃષ્ટિથી બધા જીવોને વધારે ઓછા પ્રમાણમાં હોયજ છે પણ તેનાથી ઉપરોકત જ્ઞાન બીજા પ્રકારનું હોય છે. તેને સ્વાનુભૂત્યાવરણ કર્મનો ક્ષયોપશમ પણ કહે છે અને સ્વાનુભૂતિ પણ મતિજ્ઞાનનો ભેદ છે એટલે સમ્યગ્જ્ઞાનીને સ્વાનુભૂતિ પ્રગટ થઇ જાય છે તેજ સમ્યગ્જ્ઞાનીનું બરોબરૂં ચિન્હ છે.

તે ચિન્હ પ્રગટ થવા છતાં પણ બાહ્ય પદાર્થોનું જ્ઞાન ઓછું (અલ્પજ્ઞ) હોય અથવા કોઈ શંકાવૃતિ પણ હોય છતાં પણ તે સમ્યગ્જ્ઞાનીજ છે. સમ્યગ્દૃષ્ટિને કદી રસીમાં સર્પનું, છીપમાં ચાંદીનું, ઠુંઠામાં કદી પુરુષનો ભ્રમ થઇ જાય છતાં પણ તે ભ્રમ બાહ્ય-દૃષ્ટિનો દોષ છે તેથી કાંઇ સમ્યગ્જ્ઞાનમાં તે દોષ બાધક નથી. પશુઓને (સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક) પણ સમ્યગ્દર્શનની સાથો સાથ તે લબ્ધિ પ્રગટ થાય છે તેઓને (પશુઓને) પદાર્થોનું ઘણુંજ ઓછું જ્ઞાન હોવા છતાં પણ તે સમ્યગ્જ્ઞાની છે. પશુઓને જીવાદિ તત્ત્વોનું પૂર્ણ જ્ઞાન પણ કદાચ ન હોય તેમ છતાં મિથ્યાત્વ-કર્મના (પર્દા) નાશથી તે સમ્યગ્જ્ઞાની છે. સમ્યગ્જ્ઞાનીને બહુ જ્ઞાન હોવું જોઈએ તેવો નિયમ નથી માત્ર સ્વાનુભૂતિ પ્રગટ થઇ જવાથી સમ્યગ્જ્ઞાની અલૌકિક સુખનો આસ્વાદન કરે છે. આત્મોપયોગી પદાર્થોનું શ્રદ્ધાન સમ્યગ્જ્ઞાનીને થઇ જાય છે, તે શ્રદ્ધાન

મોટા મોટા આવિષ્કારોને નથી થતું. સ્વાનુભૂતિ વિનાનું જીવાદિ-તત્ત્વોનું શ્રદ્ધાન પણ જીવને કલ્યાણરૂપ થતું નથી.

સ્વાનુભૂતિરૂપ ચંચુથી સમ્યગ્જ્ઞાનીરૂપ હંસ સ્વપરનું યથાર્થજ્ઞાન કરી લ્યે છે. દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મરૂપી જડ મૂર્ત પર પદાર્થોથી ભિન્ન ચૈતન્ય માત્ર પરિણામને ગ્રહણ કરે છે. જેમ હંસ જલમિશ્ર દૂધમાં પોતાની ચંચુની અગાધ કળાથી દૂધનેજ ગ્રહણ કરે છે પણ એક બુંદ પાણીને ગ્રહણ કરતો નથી તેવી રીતે સમ્યગ્જ્ઞાની રૂપી હંસને પણ ભેદજ્ઞાનની અગાધ કળા ઉત્પન્ન થઇ છે તે મિથ્યાદૃષ્ટિની બુદ્ધિમાં કદી પણ આવી શકતી નથી અને મિથ્યાત્વ કર્મના સ્વાદમાં તે આ કથનને સ્વીકારવા પણ તૈયાર થતો નથી તો પછી સ્વાનુભવની તો વાતજ શી કરવી ?

દ્રવ્યલિંગીમુનિ કે જેમને અગિઆર અંગ નવપૂર્વનું જ્ઞાન કંઠસ્થ હોય છે તે ભલભલા માણસોને છક કરી આપે છે તેના પ્રવચનમાં અજ્ઞાનીઓ વાહવાહના પોકાર કરે એવી શૈલીથી કથન કરે અને નવતત્ત્વોનું નિરૂપણ અદ્ભૂત કળાથી કરે છતાં પણ સ્વાનુભૂતિલબ્ધિ વિના તેનો શાસ્ત્રાભ્યાસ તેને લાભ કર્તા થતો નથી તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. સારાંશ: એ છે કે બાહ્ય પદાર્થોના જ્ઞાન સાથે આત્મિકજ્ઞાનનો કદાપિ મેળ બેસી શકે તેમ નથી સ્વાનુભૂત્યાવરણ કર્મનો ક્ષયોપશમ જેને થઇ ગયો છે તેજ ખરેખર સમ્યગ્જ્ઞાની છે એટલે સ્વાત્મોપયોગી પદાર્થોનું શ્રદ્ધાન સમ્યક્ત્વમાં કારણ છે.

સમ્યક્ત્વના પચ્ચીસ દોષનું સ્વરૂપ

मद वसु सम्मक दोसउ आयतन सट् य तीन मूढाए ।
इनदोसय विण सम्मं णिम्मत सिव दीप सम गेय ॥५१५॥

અર્થઃ- આઠમદ, સમ્યક્ત્વના આઠદોષ, છ અનાયતન, ત્રણમૂઢતા એ પચ્ચીસ સમ્યક્ત્વના દોષ છે. તે દોષોથી સમ્યક્ત્વ-ધર્મ મલિન થાય છે.

ભાવાર્થઃ-

આઠમદઃ- જાતિનોમદ, ધનનોમદ, કુલનોમદ, તપનોમદ, બલનોમદ, વિદ્યાનોમદ, અધિકારનોમદ એમ આઠપ્રકારે મદ કહ્યા છે. કોઇ કોઇ આચાર્યે પૂજામદ, શિલ્પિમદ, ઋદ્ધિમદ કહ્યા છે પણ એ પૂર્વોક્ત આઠમદમાં ગર્ભિત થઇ જાય છે. લાભ, ઐશ્વર્ય, ઋદ્ધિ, શિલ્પ, તે ધનમદમાં અને સત્તા, પૂજા તે અધિકારમદમાં ગર્ભિત છે.

(૧) મામાના પક્ષનો મદ કરવો તેને માતાના પક્ષથી જાતિમદ કહે છે. (૨) સમ્પદાનો મદ તે લાભથી થતો ધનનો મદ છે (૩) પિતાના પક્ષનો મદ તે કુલનો મદ છે. (૪) સુંદર શરીરના રુપથી મદ થવો તે રુપ મદ છે. (૫) તપશ્ચરણથી મદ થવો તે તપનો મદ છે. (૬) શરીરના બલનો મદ કરવો તેને બલમદ કહે છે. (૭) પંડિતાઇનો મદ કરવો તે વિદ્યા (જ્ઞાન) નો મદ છે. અને (૮) અધિકારનો મદ કરવો તે સત્તાનો મદ છે. એ આઠે મદ પુદ્ગલાશ્રિત હોવાથી સમ્યક્ત્વ નામના આત્મસ્વભાવને

(ધર્મને) મલિન કરનાર હોવાથી દોષ છે એમ જાણી સમ્યગ્દૃષ્ટિ એ મદ ભાવ કરતો નથી. વિશેષ વર્ણન રત્નકરંડશ્રાવકાચારથી જાણવું.

આઠદોષઃ– શંકા, કાંક્ષા, વિચિકિત્સા, મૂઢદૃષ્ટિતા, અનુપગૂહન, અસ્થિતિકરણ, અવાત્સલ્ય અને અપ્રભાવના એ આઠ દોષ છે.

(૧) જૈન ધર્મમાં શંકા કરવી તે શંકા દોષ છે (૨) પાંચ ઇન્દ્રિયોના ભોગની લાલસા તે કાંક્ષાદોષ છે (૩) ધર્માત્મા પુરુષના શરીરને મલિન, દુરગંધ, રોગી, જોઇ ગ્લાનિ કરવી તે વિચિકિત્સા દોષ છે. (૪) દેવ, ગુરુ, શાસ્ત્રની પરીક્ષા કર્યા વગર સેવા કરવી તે મૂઢતા દોષ છે (૫) ધર્માત્માના દોષોને પ્રગટ કરી પોતાને ખુશી મનાવવું અથવા બીજાને દુઃખ ઉપજાવવું તે અનુપગૂહન દોષ છે (૬) ધર્મમાર્ગથી ચલિત થઈ જવું અથવા બીજાને ધર્મમાર્ગથી પાડી નાખવો તે અસ્થિતિકરણ દોષ છે. (૭) ધર્માત્માઓ પ્રત્યે પ્રેમ નહીં ઉલસતા દ્વેષ ઉત્પન્ન થવો તે અવાત્સલ્ય છે. (૮) ધર્મકાર્યમાં ઉત્સાહનો અભાવ તે અપ્રભાવના દોષ છે. વિશેષ વર્ણન રત્નકરંડ શ્રાવકાચારથી જાણવું.

છઅનાયતનઃ– રાગી દ્વેષી કામી દેવોની પ્રશંસા કરવી, રાગીદ્વેષી પરિગ્રહધારી ગુરુઓની પ્રશંસા કરવી, હિંસા પાખંડ, અસત્યવાદી-કુધર્મની પ્રશંસા કરવી તે ત્રણને માનવાવાળા સેવકની પ્રશંસા કરવી એ છઅનાયતનો છે. સમ્યગ્દૃષ્ટિ તેની પ્રશંસા કદી પણ ન કરે. તેનું વિશેષ વર્ણન રત્નકરંડ શ્રાવકાચારથી જાણવું.

ત્રણમૂઢતા :– દેવમૂઢતા, ગુરુમૂઢતા, ધર્મમૂઢતા અથવા લૌકિક

મૂઢતા એ ત્રણ મૂઢતા સમ્યક્‌ત્વને આચ્છાદન કરવાવાળી મલિન છે તેનું વિશેષ વર્ણન રત્નકરંડ શ્રાવકાચારથી જાણવું.

સમ્યક્‌ત્વના પાંચ અતિચારનું સ્વરૂપ

संदेहादिमहादोषैर्दर्शनं तन्मलीमसम् ।
स्वसाध्यंसाधयेनैव यथा नौर्विवरैर्युता ॥५१६॥

અર્થ :– જે સમ્યગ્દર્શન શંકા, કાંક્ષા આદિ મહાદોષોથી મલિન છે. તે સમ્યગ્દર્શન પોતાની ઇષ્ટસિદ્ધિને (સ્વરુપ પ્રાપ્તિને) કદી પણ સિદ્ધ કરી શકતું નથી. ભલા ! જે નાવમાં (હોડકામાં) ઘણા છિદ્રો થઇ ગયા હોય તે શું કદી પાર પહોંચાડી શકે ? નજ પહોંચાડી શકે.

ભાવાર્થ :– શંકા, કાંક્ષા, વિચિકિત્સા અન્યધર્મ પ્રશંસા અને અન્યધર્મની સ્તુતિ એ પાંચ સમ્યગ્દર્શનના અતિચારો છે. જે પ્રમાણે અનેક છિદ્રોથી જર્જરિત થએલ હોડી કદી પાર થતી નથી તે પ્રમાણે પૂર્વોકત જણાવેલ દોષોથી મલિન થએલ સમ્યક્‌ત્વ કદી પણ મોક્ષનગરીમાં પહોંચાડતું નથી તેથી સમ્યગ્દૃષ્ટિએ એવા દોષોથી વારંવાર વિચારણા પૂર્વક બચવું જોઇએ અને શ્રદ્ધાનને દૃઢ કરવા તત્ત્વ વિચાર કરવો આવશ્યક છે. અર્થાત્‌ સમ્યગ્દૃષ્ટિ સંશય, વિપર્યય અને અનધ્યવસાય રહિત તત્ત્વોનું જાણપણું પ્રમાણાદિથી કરવું જોઇએ એજ સમ્યગ્દર્શનની ભાવના છે.

भयाशास्नेहलोभाश्च कुदेवागमलिंगिनाम् ।
प्रणामं विनयं चैव न कुर्यः शुद्धदृष्टयः ॥५१७॥

અર્થઃ- સમ્યગ્દૃષ્ટિ જીવ, ભય, આશા, સ્નેહ અને લોભથી પણ કુદેવ, કુલિંગી અને કુઆગમને પ્રણામ કે વિનય કરતો નથી.

ભાવાર્થઃ- કામ, ક્રોધ, ભય, ઇચ્છા, ક્ષુધા, તૃષા, રાગ, દ્વેષ, મદ, મોહ, નિદ્રા, હર્ષ, વિષાદ જન્મ, મરણાદિ દોષ યુક્ત છે તે બધા કુદેવ છે. પાખંડી, વિષય કષાયી, આરંભી પરિગ્રહધારી આદિ કુલિંગી છે અને જેમાં પરસ્પર, પૂર્વાપર વિરોધ છે એવા કુઆગમને સમ્યગ્દૃષ્ટિ કદી પણ ભયને કારણે, આશાને કારણે, સ્નેહને કારણે, લોભને કારણે વિનય, નમસ્કાર કરતો નથી. જૈન મતમાં પણ આ હુંડાવસર્પિણીકાળમાં વિષયાશકત, પરિગ્રહ ધારી આરંભી હોવા છતાં પણ મહાવ્રતી કહેવડાવે છે તે બધો કળિકાળ નો પ્રભાવ છે. તેમને લોક લજ્જાદિ વડે પણ વંદનાદિ શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ કરતો નથી. આગમમાં અલ્પ પરિગ્રહ ગ્રહણ કરવાવાળા મહાવ્રતીને નિગોદનું ફળ કહ્યું છે. તો તેવા કુલિંગીઓને સુદૃષ્ટિ કેમ નમસ્કાર કરે ? નજ કરે.

સાત ભયોનું સ્વરૂપ

तत्र भितिरिहामुत्र लोके वै वेदना भयम् ।
चतुर्थी भीतिरत्राणं स्यादगुप्तिसु पंचमी ॥५१८॥
भीतिः स्याद्वा तथा मृत्युर्भीतिराकस्मिकं ततः ।
क्रमादुद्देशिताश्चेति सप्तैताः भीतयः स्मृताः ॥५१९॥

અર્થઃ- આલોકનોભય, પરલોકનોભય, વેદનાનોભય, અરક્ષાભય, અગુપ્તિભય, મરણનોભય અને આકસ્મિકભય એમ સાત ક્રમથી ભય જાણવા.

ભાવાર્થઃ-

(૧) આ ભવમાં જીવન પર્યંત અનુકૂળ સામગ્રી રહેશે કે નહીં ? એવી ચિંતા રહે તે આ લોકનો ભય છે અર્થાત્ અજ્ઞાની જીવ કર્મના ઉદયવશ સર્વથા અનિત્ય શરીરાદિ પદાર્થોમાં બુદ્ધિ રાખી ભ્રમથી ભયગ્રસ્ત રહે છે તેથી તેને આ લોકનો ભય સદા રહે છે. અને જ્ઞાનીપુરુષ જાણે છે કે આ ચૈતન્યજ મારો એક, નિત્ય લોક સર્વ કાળે પ્રગટ છે એ સિવાય અન્ય કોઈ મારો લોક નથી. આ મારો ચૈતન્ય સ્વરૂપ લોક કોઇનો બગાડયો બગડતો નથી. આવું જાણી જ્ઞાનીને આ લોકનો કિંચિત્ માત્ર ભય નથી અથાત્ નિર્ભય છે.

(૨) મિથ્યાદૃષ્ટિ પોતાના આત્માને જાણતો નથી કારણ કે તેનું એક મિથ્યાત્વ જ ક્ષેત્ર છે તેથી તે મૂર્ખ, કર્મ, કર્મફલ-સ્વરૂપજ પોતાને માને છે. જો મારો સ્વર્ગમાં જન્મ થયો તો સારૂં પણ જો નરક પશુ ગતિ આદિમાં જઇશ તો હું ઘણું જ દુઃખ પામીશ તે ભયથી સદાકાળ વ્યાકુળ રહે છે. અથવા ચિત્તમાં સદાકાળ ભયભીત રહ્યા કરે છે તેનું નામ પારલૌકિક ભય છે. જ્યારે જ્ઞાની આત્મા સદા નિર્ભય રહે છે. કારણ કે તેનું આત્મતત્ત્વ દર્શનમોહનીયના ઉદયથી રહિત હોવાથી નિર્ભય સ્થાન થઈ ગયું છે અથવા પોતાના આત્માને સદા અવિનશ્વર માનતો જ્યોતિમય આત્મ-સ્વભાવમાં ભય શાનો ?

(૩) શરીરમાં વાત, પિત્ત, કફ એ ત્રણે મલોના કોપથી થવાવાળી જે બાધા અથવા સુખ દુઃખનું ભોગવું તેને વેદના

કહે છે, તે વેદના થયા પહેલાં અથવા આવ્યા પહેલાં ચિત્તમાં તેનાથી (રોગથી) ભયભીત રહેવું તેને વેદના ભય કહે છે. તે વેદના ભયનો સ્વામી નિયમથી મિથ્યાદર્શનને કારણે મિથ્યાદૃષ્ટિ હોય છે. જ્યારે જ્ઞાનીને માત્ર એક પોતાના જ્ઞાન સ્વરૂપ આત્માનો ભોગવટો છે. પુદ્ગલથી થયેલ વેદનાને વેદનાજ જાણતો નથી કારણ પુદ્ગલથી થતી વેદના તો શરીરને થાય છે. મારા અમૂર્ત આત્માને એક પણ વ્યાધિ થઈ શકતી નથી. ઈન્દ્રિયોના વિષયજ, વ્યાધિયોનું મુખ્ય સ્થાન છે કારણ કે તે બાધાઓનું સ્થાન છે. અર્થાત્ આત્માને દુઃખ દેવાવાળા રોગ ઇન્દ્રિયોના વિષયોજ છે. જ્ઞાનીને વર્તમાનમાં પ્રાપ્ત થયેલ સ્પર્શનાદિ ઇન્દ્રિયોના વિષયમાં અથવા આગામી મળવાવાળા વિષય ભોગ પ્રત્યે આદર નથી તેથી ખરેખર જ્ઞાનીને વેદના ભય નથી પણ નિડર છે.

(૪) મારી કોણ રક્ષા કરશે ? હું કોના શરણમાં જાઉં મારી રક્ષા કરવાવાળો કોઇ મને દેખાતો નથી. હાય હાય હવે હું શું કરૂં મને કોઇ બચાવોરે બચાવો આવો અજ્ઞાની આક્રંદ કરે છે તેથી તેને અરક્ષાનો ભય સદા રહે છે. જ્યારે જ્ઞાની જાણે છે કે મારી સત્તા સ્વરૂપ વસ્તુનો કદી નાશ થતો નથી. જ્ઞાન પણ પોતે સત્તા સ્વરૂપ વસ્તુ છે. વળી તે એવું નથી કે બીજાઓ વડે રક્ષા કરવામાં આવે તો રહે નહિ તો નષ્ટ થઇ જાય, એવું જ્ઞાની કદીપણ માનતો નથી તેથી તેને અત્રાણનો ભય નથી કારણ કે પર્યાયનો નાશ થવો તે તો તેનો ધર્મ છે. મારી સત્તાનો નાશ થતો નથી તેથી જ્ઞાની નિડર છે.

(૫) મારૂં ધન કેવી રીતે બચી શકે, કારણ ચોર આદિ ચોરી ન કરી જાય એમ દર્શનમોહનીયના ઉદયથી મિથ્યાદૃષ્ટિ સદા ભયભીત રહે છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ જાણે છે કે વસ્તુના નિજ સ્વરૂપમાં અન્ય કોઇ પ્રવેશ કરી શકતું નથી માટે વસ્તુનું સ્વરૂપ જ વસ્તુની પરમગુપ્તિ છે આત્માનું ધન જ્ઞાન છે તેને કોઇ મારા આત્મ સ્વરૂપમાં પ્રવેશ કરી ચોરી કરી શકે એમ નથી કારણ મારો આત્મા અભેદ્ય કિલ્લો છે અને જ્ઞાન મારા આત્મામાં ગુપ્ત છે તેથી જ્ઞાનીને અગુપ્તિનો ભય નથી.

(૬) મિથ્યાદૃષ્ટિ ઇન્દ્રિયાદિ દશ પ્રાણોના નાશથી પોતાનો નાશ માને છે તે સદા મૃત્યુથી ભયભીત રહ્યા કરે છે કે હાય કદાચ મારૂં મૃત્યુ ન થઈ જાય અથવા હું સદા જીવતો રહું મારૂં મૃત્યુ કદી પણ ન થાય; નહિ તો આ સંસાર સુખ છુટી જશે એવા મૃત્યુ ભયથી અજ્ઞાની સદા ભયભીત રહે છે. જ્યારે જ્ઞાની આત્મા પરમાર્થે ઇન્દ્રિયાદિ દશપ્રાણના નાશથી પોતાનું મૃત્યુ માનતો નથી. મારો તો એક ચેતના (જ્ઞાન) પ્રાણ છે તે તો અવિનાશી છે તેનો નાશ થતો નથી આત્માને મરણ નથી એમ જ્ઞાની જાણતો હોવાથી મૃત્યુથી ડરતો નથી પણ નિર્ભય છે.

(૭) અજ્ઞાનીને સદા અકસ્માતનો ભય રહ્યા કરે છે કદાચ વિજલી પડશે તો, અચાનક મકાન પડી જશે તો, પાણીમાં ડુબી જઇશ તો, રેલ, જહાજ વહાણ, મોટર, ગાડી આગ આદિમાં સદા ભયભીત રહે છે તેને આકસ્મિક ભય કહે છે. જ્યારે

જ્ઞાની જાણે છે કે આત્માનું જ્ઞાન પોતાથી સ્વયંસિદ્ધ છે, અનાદિ અનંત, અચળ, એક છે તેમાં વળી બીજાથી અણુધાર્યું કયાંથી થાય અર્થાત અકસ્માત કયાંથી આવે? માટે મારામાં કાંઈ પણ એકાએક ઉત્પન્ન થતું નથી એમ જાણતા જ્ઞાનીને અકસ્માતનો ભય હોતો નથી.

શંકાકારઃ– હે ભગવંત! સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીઓને ભય થતો જોઇએ છીએ તો પછી આપે જ્ઞાનીને નિર્ભય કેમ કહ્યો?

ઉત્તરઃ– હે ભદ્ર! દર્શનમોહનીય કર્મના ઉદયથી થતો દ્રવ્યત્વ ભાવના નાશનો ભય હવે જ્ઞાનીને થતો નથી. ચારિત્રમોહનીય કર્મની ભય પ્રકૃતિના ઉદયના નિમિત્તથી જ્ઞાનીને ભય ઉપજે છે વળી અંતરાયના પ્રબળ ઉદયથી નિર્બળ હોવાને લીધે તે ભયની વર્તમાન પીડા નહી સહી શકવાથી તે ભયનો ઇલાજ પણ કરે છે છતાં તે કર્મના ઉદયનો સ્વામી થઇને કર્તા થતો નથી પણ જ્ઞાતા રહે છે. અર્થાત્ તેને એવો ભય થતો નથી કે જેથી જીવ સ્વરૂપના જ્ઞાન શ્રદ્ધાનથી ચ્યુત થઈ જાય અથવા પરદ્રવ્યથી પોતાના દ્રવ્યત્વ ભાવનો નાશ થઈ જાય એમ કદી માનતો નથી. તે જાણે છે કે પર્યાયનો સ્વભાવજ વિનાશીક છે તેવી શ્રદ્ધાનના બળે તે નિર્ભય છે. આ વાત જ્ઞાની જ જાણી શકે પણ મિથ્યાત્વના ઉદયમાં અજ્ઞાનીની બુદ્ધિ ન આ વાત પકડી શકે, ન જાણી શકે, ન તેની શ્રદ્ધામાં બેસી શકે. તેને તો જેવી પોતાની ક્રિયા થતી હોય તેવી અંતરંગથી અન્યની જાણે વળી બાહ્ય ક્રિયા બન્નેની સમાન દેખાય તેથી બાહ્ય ક્રિયાથી અનુમાન કરે, તે અજ્ઞાની જીવને જ્ઞાનીની અંતરંગ ક્રિયાનું જ્ઞાન કયાંથી થાય?

ન જ થાય. મિથ્યાદૃષ્ટિને પર પદાર્થોમાં આત્માનો અનુભવ હોવાથી ભય થાય છે જ્ઞાનીને પરપદાર્થમાં આત્મ બુદ્ધિ નથી તેથી તેને ભય થતો નથી.

સંસારી જીવોમાં બંધ અબંધનું કારણ.

આત્મામાં અનંત ગુણો છે. તેમાં એક સમ્યક્ત્વ અને બીજો ચારિત્ર નામનો ગુણ છે. તે ગુણોની મલિન અવસ્થા અર્થાત્ મૂર્છિત અવસ્થાને ભાવમોહ કહે છે. તેના મૂર્છિત થવામાં નિમિત્ત કારણ દ્રવ્યમોહનીય કર્મનો ઉદય છે. જીવ નાની મોટી યોનિયોમાં જે પરિભ્રમણ કરે છે તેનું મુખ્ય કારણ ભાવમોહ છે તે બધા અનર્થોનું મૂળ છે જ્યા સુધી જીવમાં તેનો સદ્ભાવ છે ત્યાં સુધી કર્મનો બંધ થયા કરે છે તેના અભાવમાં જીવ સંસાર બંધનથી મુક્ત થઇ જાય છે. તેનો અભાવ થતાં ભલે કેટલોક કાળ શરીરાદિમાં જીવને રહેવું પડે છે છતાં જીવનું કાંઇ બગડતું નથી.

એક મિથ્યાત્વ અને બીજુ રાગદ્વેષ તેમ બે પ્રકારે છે તેમાં પણ મિથ્યાત્વની મુખ્યતા છે તેના સદ્ભાવમાં જીવને સન્માર્ગજ સુજતો નથી તેનો જેમ જેમ અભાવ થતો જાય છે તેમ તેમ સન્માર્ગે જીવ ચાલવાનું શરૂ કરે છે તેથી રાગદ્વેષ છુટતા જાય છે. પહેલાં તો જીવ પોતાને સ્વતંત્રરૂપ શ્રદ્ધા જ્ઞાનમાં પૂર્ણરૂપે અનુભવે છે ત્યારબાદ તદનુકુળ આચરણ કરે છે ત્યારે જીવનો છુટકારો થઇ જાય છે. તે ભાવમોહના કાર્ય કારણનો વિચાર કરવો જરૂરી છે. ભાવમોહ તે જીવના વિકાર

પરિણામ છે તે અનિમિત્તક થતો નથી તેથી તે તેનું કાર્ય છે અને સંસારની પરંપરા તેના નિમિત્તથી ચાલી રહી છે તેથી તે કારણ છે આ ઉપચારનું કથન છે.

કષાય અને કર્મનો પરસ્પર નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. પણ જીવ અને કર્મનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ નથી કારણ કે જીવને કર્મનું નિમિત્ત માની લેવામાં આવે તો કર્મ બંધ સદા થયા કરે પણ કોઇ સંસારી જીવને કર્મ બંધ થાય છે અને કોઇ સંસારી જીવને કર્મબંધ થતો નથી. અર્થાત્ જે સંસારી જીવ સકષાય છે તેને કર્મ બંધ થાય છે અને જે સંસારી જીવ નિષ્કષાયી છે તેને કર્મ બંધ થતો નથી. તેથી એમ નક્કી થયું કે રાગ દ્વેષ મોહરૂપ જીવનો (ભાવમોહ) પરિણામજ બંધનું કારણ છે. તેનો નાશ (અનાદિસંતાન) સમ્યગ્દર્શન થયા પછીજ શરૂ થાય છે.

વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ ઉપદેશક ગુરુનું સ્વરૂપ.

येतु केवलव्यवहारावलम्बिनस्ते खलुभिन्नसाधनभावा·
अवलोकनेनाऽनवरतं नितरां खिद्यमाना ॥५२०॥

અર્થ:–જે જીવ કેવલ માત્ર વ્યવહારનયનો જ અવલંબન કરે છે તે જીવોને પરદ્રવ્યરૂપ ભિન્ન સાધ્ય સાધનભાવની દૃષ્ટિ છે અર્થાત્ સ્વદ્રવ્યરૂપ નિશ્ચયનયાત્મક અભેદ સાધ્ય સાધન ભાવ નથી તેથી તેઓ નિરંતર એકલા વ્યવહારથી ખેદખિન્ન છે.

ભાવાર્થ:– જે જીવો કેવલ માત્ર વ્યવહારનયનું અવલંબન કરે છે તે જીવોને પરદ્રવ્યરૂપ સાધ્ય સાધન ભાવની જ દૃષ્ટિ છે પણ

સ્વદ્રવ્યરૂપ નિશ્ચયનયાત્મક અભેદ સાધ્ય સાધન ભાવને જાણતા જ નથી તેથી તેઓ એકલા વ્યવહારથી જ ખેદ ખિન્ન છે. તેઓ વારંવાર પરદ્રવ્યસ્વરૂપ, ધર્માદિ પદાર્થોમાં શ્રદ્ધાનાદિક અનેક પ્રકારની બુદ્ધિ કરે છે. તેઓ દર્શન મોહના ઉદયથી વ્યવહાર ધર્મરૂપ રાગના અંશથી કોઈ વેળા બાહ્ય તપ વ્રતાદિમાં, કોઇ કાળમાં દયા, દાનાદિમાં, કોઇ કાળમાં પૂજા પાઠાદિમાં. કોઇ કાળમાં યતિઓના દ્રવ્યલિંગોમાં, કોઇકાળમાં ભકિત અર્થે ઘણા આરંભમાં, કોઈ કાળમાં ઉપદેશ ત્યાગાદિના કર્તા ભાવોમાં, પાંચ પ્રકારના સ્થુલ પાપોની નિવૃત્તિમાં અને પુણ્યક્રિયામાં રુચિ પૂર્વક પ્રવૃત્તે છે તેઓ સદા કર્મકાંડમાંજ પોતાની સર્વ શકિતપૂર્વક પ્રવૃત્તે છે. એમ સંપૂર્ણ ક્રિયાકાંડના આડંબરથી ગર્ભિત એવા જીવો જ્ઞાન દર્શન ચારિત્ર ગર્ભિત જ્ઞાનચેતનાને કોઇ પણ કાળમાં પામતા નથી. તેઓ માત્ર ઘણા પુણ્યાચરણના ભારથી ગર્ભિત ચિત્તવૃત્તિને ધારણ કરી રહ્યા છે, એવા જે કેવળ માત્ર વ્યવહારાવલંબી મિથ્યાદૃષ્ટિ જીવો સ્વર્ગ લોકાદિક કલેશ પ્રાપ્તિની પરંપરાને અનુભવ કરતા થકા પોતાની શુદ્ધ પરમકળાનાં અભાવથી દીર્ઘકાળ સુધી માત્ર સંસાર પરિભ્રમણ કરતા રહેશે. પૂર્વોક્ત પ્રકારે શ્રી સમયસાર કળશ ૧૧૧ માં શ્રી અમૃતચંદ્રાચાર્યે પણ કહ્યું છે ત્યાથી વિશેષ જાણવું.

વિશેષાર્થ:- જ્ઞાનસ્વરૂપી આત્માને નહીં જાણતા એવા વ્યવહારાભાસી મિથ્યાદૃષ્ટિ ગુરુઓ માત્ર એકાંત વ્યવહાર દર્શન જ્ઞાન ચારિત્રમાં મૂઢ થઈ એવા પ્રકારનો ઉપદેશ આપે છે કે, તત્ત્વવિચાર થી શું છે ? જાણવાથી શું છે ? માનવાથી શું છે ? પણ કંઇ

કરીશું તો ફલ પામીશું એમ મનાવી વ્રતતપાદિ, પૂજાપાઠાદિ ક્રિયાકાંડમાંજ ઉદ્યમી રહે છે. પણ તત્ત્વજ્ઞાન કે જે સમ્યક્ત્વનું મૂળ કારણ છે તેનો ઉપાય કરવાનું કહેતા નથી. મોટી મોટી પ્રતિજ્ઞા કરાવે પણ પ્રતિજ્ઞા ભંગ કરવાનું મહાન પાપ થાય તેનું તો જરાય જ્ઞાન નથી તપની મુખ્યતા કરી આર્તધ્યાનાદિ કરી ઉપવાસાદિ કરે, વા તપસી માની નિઃશંક ક્રોધાદિ કરે. કોઈ દાનની મુખ્યતા કરી ઘણા પાપ કરીને પણ ધન ઉપજાવી દાન કરે, વા પાપાચાર કરી બીજાને લાલચ આપી તપસ્યા કરાવી પોતાને ધર્માત્મા મનાવે અને લોભથી તપસ્યા કરનારને તપસ્વી કહેવડાવે એ બધુ એકાંત અજ્ઞાનનું ફળ સંસારજ છે.

ગુણસ્થાન. માર્ગણાસ્થાન, ત્રિલોકાદિક તત્ત્વ વિચારને વિકલ્પ ઠરાવે છે. પૂજાદિ આરંભ સમારંભ કાર્યોમાં વા ક્રિયાકાન્ડમાંજ મોક્ષ મનાવે છે તેઓ એકાંતે સંસારને જ સાધી રહ્યા છે તેથી તેઓ સંસારમાં ડુબેલા છે.

નિશ્ચયાભાસી મિથ્યાદૃષ્ટિ ઉપદેશક ગુરુનું સ્વરૂપ

चरणकरणप्रधानाः स्वसमयपरमार्थमुक्तव्यापाराः ।
चरणकरणस्य सारं, निश्चयशुद्धं न जानन्ति ॥५२१॥

અર્થ :- જે જીવ કેવલ નિશ્ચય નયનેજ અવલંબી છે તે વ્યવહાર-રૂપ સ્વસમય મયી ક્રિયા કર્મકાંડને આડંબર જાણી વ્રતાદિકમાં વિરાગી થઇ રહે છે. અર્થાત વ્રતાદિકને નિરર્થક એકાંતે માની અર્દ્ધ-ઉન્મીલિત લોચનથી ઉર્ધ્વમુખી થઇ સ્વચ્છંદ વૃત્તિને ધારણ કરે છે.

ભાવાર્થ :- કોઇ કોઇ પોતાની બુદ્ધિથી એમ માને છે કે અમે સ્વરૂપનેજ અનુભવીએ છીએ એમ સમજી સુખરૂપ પ્રવર્તે છે. ભિન્ન સાધ્ય સાધન ભાવરૂપ વ્યવહારને માનતા જ નથી. નિશ્ચયરૂપ અભિન્ન સાધ્ય સાધનને પોતામાં માની કુલાય રહ્યો છે તે ન વસ્તુને, ન નિશ્ચય પદને, ન વ્યવહાર પદને પામે છે. " **इतोभ्रष्टउतोभ्रष्ट** " થઇ વચમાંજ પ્રમાદરૂપી મદિરાના પ્રભાવથી ચિત્તમાં મતવાલો થઇ મૂર્છિત થઇ રહ્યો છે. ઉન્મત થઇ રહ્યો છે. તે મુનિપદને ધારણ કરવામાં કર્મચેતના ના પુણ્ય બંધના ભયથી અવલંબન કરતો નથી અને પરમ નિઃકર્મ દશારૂપ જ્ઞાનચેતનાને તો અંગીકાર કરી જ નથી. તે કારણે અતિશય ચંચલ ભાવનો ધારી છે. પ્રગટ અપ્રગટરૂપ જે પ્રમાદ અને કષાયરૂપ પરિણામ છે તેને આધીન થઇ રહ્યો છે. તે મહા અશુદ્ધોપયોગથી આગામી કાલમાં કર્મફલચેતનાની પ્રધાનતાથી વનસ્પતી સમાન જડ છે તે કેવલ માત્ર પાપનેજ બાંધવાવાળો છે. અર્થાત તે પાપથી વનસ્પતીમાં ઉત્પન્ન થઇ જડ સમાન થવાનો છે. એમ આચાર્ય શ્રી કુંદકુંદસ્વામીએ કહ્યું છે. આવુંજ કથન શ્રી સમયસાર કળશ ૧૧૧ માં શ્રી અમૃતચંદ્રાચાર્યે પણ કહ્યું છે. એવા એકાંતનયના પક્ષપાતીઓ સંસારમાંજ ડુબે છે.

વિશેષાર્થ:- જિનવાણીમાં તો નાના પ્રકારે નય અપેક્ષાથી કોઇ ઠેકાણે કેવું તથા કોઇ ઠેકાણે કેવું નિરૂપણ કર્યું છે. હવે આ પોતાના અભિપ્રાયથી નિશ્ચયનયની મુખ્યતાથી જે કથન કર્યું હોય, તેનેજ ગ્રહણ કરી એકાંતપણું ધારણ કરે છે. જિનવાણીમાં તો સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની એકતા થતાં મોક્ષમાર્ગ માન્યો

છે ત્યારે આ એક માત્ર પોતાના આત્માને શુદ્ધ જાણવો (અનુભવવો) તેનેજ મોક્ષમાર્ગ માની સંતુષ્ટ થાય છે. તે ઉપદેશ પણ નિશ્ચયનયની મુખ્યતાથી જે કથન કર્યું હોય તેને પોતાના અભિપ્રાયથી એકાંતે ગ્રહણ કરી મિથ્યાદૃષ્ટિ થઇ ગુરુપદને ધારણ કરી ઘણા ભોળા જીવોને નિશ્ચયનયના એકાંતરૂપ વિષનું પાન કરાવી નરકાદિ ગતિઓના હેતુ ભૂત સ્વચ્છંદ પ્રવૃત્તિનો ઉપદેશ આપી શુષ્ક બનાવી અહિત કરી રહ્યો છે.

જેમકેઃ– આત્મા કર્મ, નોકર્મના સંબંધથી રહિત નિર્બંધ છે. જે સમયે (વર્તમાન) આત્માની અવસ્થા મલિન છે તે જ સમયે દ્રવ્ય ગુણ તો ત્રિકાલી શુદ્ધ છે. અર્થાત્ માત્ર વર્તમાન પર્યાય, તેની યોગ્યતાને કારણે વિકારી થઇ રહી છે તે કાંઇ કર્મ ઉદયને (નિમિત્તને) કારણે વિકારી થઇ નથી. કેવલી, તીર્થંકર જીવન્મુક્ત પરમાત્માઓ પોતાના વિકારની યોગ્યતાને કારણે (શરીરમાં) રોકાણા છે કોઇ આયુકર્મને કારણે રોકાણા નથી. મેરુ પર્વત પણ આકાશમાં તેની (પર્યાયની) યોગ્યતાને કારણે ઉડી શકે છે. ઔદયિક ભાવ આત્માનો પારિણામિક ભાવ છે. આ પ્રમાણે અનેક આગમ વિરૂદ્ધ કથનો એકાંતભાસી મિથ્યાદૃષ્ટિ કહે છે. એવા એકાંત યોગ્યતાવાદથી કોઇપણ વસ્તુની અસિદ્ધિ નથી. અર્થાત્ અન્ય દર્શનકારોની અપ્રમાણિક વાતો પણ આ યોગ્યતા-વાદથી સિદ્ધ થઇ શકે છે. જેમકેઃ મુકત આત્માઓના અવતારો થવા. સર્વદર્શનોથી વા સર્વ કોઇની મુકિત થવી, આદિ આદિ મહાઅનર્થકારક દોષ આવા એકાંત યોગ્યતાવાદથી ઉત્પન્ન થાય છે.

વળી તેઓ તપશ્ચરણ કરવાને વૃથા કલેશ માને છે. અથવા

તે ક્રિયા કરનારને જડવાદી કહે છે. વ્રતાદિ કરવા તેને બંધનમાં પડવું કહે છે. શુદ્ધ આહાર પાનાદિકને માત્ર આપત્તિ બતાવે છે. અથવા આત્મા બાતોજ નથી તો પછી શુદ્ધાશુદ્ધનો પ્રશ્નજ કયાં રહ્યો તેમ કહે છે. અન્ય શાસ્ત્રાદિકનાં અભ્યાસને નિરર્થક બતાવે છે. અર્થાત્ જૈનશાસ્ત્રના ચારે અનુયોગ આત્માને કાર્યકારી હોવા છતાં એકાદ અનુયોગને તેમજ કોઇ એક આચાર્યના શાસ્ત્રનો અભ્યાસ કરવો માને છે. વળી કેવલ આત્મ જ્ઞાનથીજ મોક્ષ માને છે. પૂજા દાનાદિરૂપ શુભોપયોગથી કષાય મંદ થાય છે તેને તો પુણ્યાશ્રવ કહી હેય માને છે. ત્યારે મંદ કષાયના સાધન વિના શુદ્ધોપયોગ કેવી રીતે થઇ શકશે ? એટલે અશુભોપયોગ રૂપ વિષય કષાયમાં રહેલા જીવોને કડવી વસ્તુ જે રોગ નાશક છે તેનો નિષેધ કરી હલાહલ ઝેર અવડાવે છે. અર્થાત્ જીવને ધર્મ–અર્થ–કામ–મોક્ષરૂપ પુરુષાર્થો રહિત આળસુ નિરુદ્યમી બનાવે છે.

અન્ય ધર્માત્માઓની નિંદા કરી તેઓને મિથ્યાદૃષ્ટિ કહે છે અને પોતાની સ્વચ્છંદી ક્રિયાને ધર્મરૂપ માને છે. તેનાથી તો રાગદ્વેષની વૃદ્ધિ થતી સહજ જણાય છે છતાં પોતાને મોક્ષમાર્ગી માને છે તે કેવું આશ્ચર્ય ? પૂજા ભક્તિ આદિ તો રાગ છે અને રાગ તો બંધ છે એમ કહી પાપાનુરાગથી છોડાવી પુણ્યાનુરાગમાં જોડાવવા જીવોને ઉપદેશ પણ આપતા નથી. અનશનાદિ પ્રત્યે દ્વેષ રાખી તેને કલેશ ઠરાવે છે. જેના શ્રદ્ધાનમાં તપ કલેશરૂપ છે તે તપનો ઉદ્યમ કેમ કરે ? નજ કરે. તો તપ વિના ઉપશમાદિ ભાવ કેમ થાય ? અર્થાત રાગાદિ કેમ ઘટે ? ઉપશમાદિભાવ વિના સમ્યક્ત્વ કેમ થાય ? અને સમ્યક્ત્વ વિના મિથ્યાદૃષ્ટિપણું રહ્યું તેથી તે મિથ્યા પ્રરૂપણા કરે છે.

સ્યાદ્વાદી સમ્યગ્દૃષ્ટિ ઉપદેશક ગુરુનું સ્વરૂપ

निश्चयमालम्बन्तो निश्चयतो निश्चयं अजानन्तः ।
नाशयन्ति चरणकरणं बाह्यचरणालसाः केऽपि ॥५२२॥

અર્થ:- જે કોઈ પુરુષ મોક્ષ નિમિત્ત સદા ઉદ્યમી રહે છે તે મહા ભાગ્યવાન છે નિશ્ચય વ્યવહાર એ બન્ને નયોમાં કોઇ એકનો પક્ષ (આગ્રહ) કરતો નથી પણ સર્વથા મધ્યસ્થ ભાવ રાખે છે.

ભાવાર્થ :- જે જીવ શુદ્ધચૈતન્યસ્વરૂપ આત્મતત્ત્વમાં સ્થિરતા કરવા માટે સાવધાન રહે છે પણ જ્યારે પ્રમાદ ભાવની પ્રવૃત્તિ થાય છે ત્યારે તેને દૂર કરવા માટે શાસ્ત્રાજ્ઞાનુસાર ક્રિયાકાંડ પરિણતિરૂપ પ્રાયશ્ચિત્ત કરી અત્યંત ઉદાસીનભાવ ધારણ કરે છે પછી યથાશક્તિ પોતાને પોતાથી પોતામાં વેદે છે. સદા પોતાના સ્વરૂપમાં ઉપયોગી થાય છે. જે એવો **અનેકાંતવાદી** સાધક અવસ્થાને ધારણ કરવાવાળો જીવ છે તે પોતાના તત્ત્વની સ્થિરતાનુસાર ક્રમ ક્રમથી કર્મોનો નાશ કરે છે. અર્થાત્ અત્યંત પ્રમાદથી રહિત થઇ અડોલ અવસ્થાને ધારણ કરે છે તે કર્મ-ચેતના અને કર્મફલ ચેતનાની અનુભૂતિમાં ઉત્સાહ રહિત છે. એક માત્ર જ્ઞાનચેતનાની અનુભૂતિથી ભરપુર આત્મીક સુખમાં લવલીન છે તે શીઘ્ર સંસાર સમુદ્રથી પાર થઇ સમસ્ત સિદ્ધાંતોનું મૂલ (વીતરાગતા) એવા શાશ્વત પદનો ભોક્તા થાય છે.

સ્યાદ્વાદી ગુરુનો ઉપદેશ

શ્રીગુરુ રાગાદિ છોડાવવા ભવ્યાત્માને ઉપદેશ આપે છે કે હે ભાઈ ! રાગાદિનો કર્તા જીવજ છે અને એ રાગાદિક જીવનું જ

કાર્ય છે; કારણ કે ભાવકર્મ તો ચેતનના અનુસારી છે, ચેતના વિના હોય નહિ તથા પુદ્ગલ જ્ઞાતા નથી તેથી રાગાદિભાવ જીવના અસ્તિત્વમાં થાય છે તેમ કહી ઉપાદાનની મુખ્યતાથી રાગાદિ આત્માના છે એમ શ્રદ્ધાન કરાવ્યું કારણ કે જીવ જો એકાંતે પરના માની સ્વચ્છંદી બની નિરુદ્યમી થશે તો આત્માનું અહિત કરી બેસશે તેથી તેને આત્માના કર્મ કહ્યા; અને જે જીવ રાગાદિકને પોતાનો સ્વભાવ માની તેના નાશનો ઉદ્યમ કરતો નથી તેને નિમિત્ત કારણની મુખ્યતાથી રાગાદિ પરભાવ છે એવું શ્રદ્ધાન કરાવ્યું. હવે એ બન્ને વિપરીત શ્રદ્ધાનથી રહિત થતાં જીવ સત્ય શ્રદ્ધાની થાય છે ત્યારે તે એમ માને કે, આ રાગાદિભાવ આત્માનો સ્વભાવ તો નથી પણ કર્મના નિમિત્તથી આત્માના અસ્તિત્વમાં વિભાવ પર્યાય ઉપજે છે તે નિમિત્ત મટતાં તેનો નાશ થતાં સ્વભાવ ભાવ માત્ર રહી જાય છે માટે તેના નાશનો ઉદ્યમ કરવો યોગ્ય સમજી નાશ કરવાનો ઉપાય પુછતા તેનો ગુરુ ઉપાય બતાવે છે.

આચાર્ય ઉપદેશ આપે છે કે હે ભવ્ય! વિભાવ ભાવ નાશ કરવાનો ઉપાય તો બુદ્ધિપૂર્વક તત્ત્વવિચારાદિક છે તેનાથી અબુદ્ધિપૂર્વક મોહ કર્મનો ઉપશમાદિક થાય છે અને મોહ કર્મનો ઉપશમાદિક થતાં રાગાદિક સ્વયંભૂ થાય છે. માટે હે ભવ્ય! તારે તત્ત્વવિચારાદિકનો નિરંતર ઉદ્યમ કરવો જોઇએ એ તારા હાથની બાબત છે. જે પ્રમાણે તું વ્યાપારાદિકમાં અનુરાગી થઈ ઉદ્યમ કરે છે તેમ જો તું આત્મ વ્યાપારમાં અનુરાગી થઇ ઉદ્યમ કરે તો સમ્યગ્દર્શન પૂર્વકનો મોક્ષ માર્ગ કોઈ કઠીન

નથી કારણ કે તત્ત્વવિચારાદિ કરવા યોગ્ય જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ તો તને થયો જ છે.

કર્મ નોકર્મથી તારા આત્માનો તાદાત્મ્ય સંબંધ નથી વળી તારૂં દ્રવ્ય પલટી કદી પણ અન્ય દ્રવ્યરૂપ થયું નથી થતું નથી માત્ર નિમિત્ત નૈમિત્તિક સંબંધ અપેક્ષાએ બંધન છે જ; અને તેના નિમિત્તથી તારો આત્મા અનેક અવસ્થા ધારણ કરે છે. જો કે દ્રવ્યદૃષ્ટિ (દ્રવ્યસ્વભાવ) વડે તો તારા આત્માની એકજ દશા છે પણ પર્યાયદૃષ્ટિથી તારી અનેક અવસ્થા થઈ છે માટે દ્રવ્યથી તો સામાન્ય આત્મસ્વરૂપ અવલોકવું અને પર્યાયથી અવસ્થા વિશેષ અવધારવી એ પ્રમાણે વારંવાર આત્મતત્ત્વનો વિચાર, ચિંતવન કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

શંકાકારઃ– હે ભગવંત! તત્ત્વ વિચારમાં વધારે ન ઠરી શકાય તો શું કરવું?

ઉત્તરઃ– હે ભવ્ય! પૂજનાદિ શુભકાર્યોમાં ઉપયોગને રાખવો, ભલી વાસના અને ભલા નિમિત્તોથી કર્મનો સ્થિતિ અનુભાગ ઘટી જતાં સમ્યક્ત્વાદિકની પ્રાપ્તિ થાય છે માટે રાગાદિ ઘટાડવા યથાશક્તિ તપ સાધના કરવી વ્રત નિયમાદિની પ્રતિજ્ઞા કરવી જેથી અવિરતિનો બંધ રોકાય છે. પ્રતિજ્ઞા કરવામાં ન આવે અને ધારણા માત્ર રાખવામાં આવે તો પ્રયોજન પડતાં તદ્રુપ પરિણામ અવશ્ય થઈ જાય છે માટે યથાશક્તિ પ્રતિજ્ઞા લેવી. સાત તત્ત્વોના વિશેષો જાણવા માટે જીવ અજીવના વિશેષો વા કર્મ આસ્રવ બંધાદિકના વિશેષો અવશ્ય જાણવા યોગ્ય છે જેથી

સમ્યગ્દર્શન જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. અર્થાત્ સાત તત્ત્વોનું શ્રદ્ધાન, જ્ઞાન થતાં તથા રાગાદિ દૂર કરતાં મોક્ષમાર્ગ થશે પણ કેવળ આત્મજ્ઞાનથીજ મોક્ષમાર્ગ થાય નહીં. દ્રવ્યાદિકના વા ગુણસ્થાનાદિકના વિચારોથી રાગાદિક ઘટે છે કારણ કે એ જ્ઞેયો ઇષ્ટાનિષ્ટરૂપ નથી તેને વિશેષ જાણવાથી તત્ત્વજ્ઞાન નિર્મળ થાય છે.

તત્ત્વજ્ઞાન વિના કેવળ તપથીજ મોક્ષ થાય નહીં પણ તત્ત્વજ્ઞાન થતાં રાગાદિ મટાડવા યથાશક્તિ તપ કરવો. શુભ ભાવમાં કષાયમંદ થાય છે તેથી બંધ પણ ઘણો ઓછો થાય છે. શુભોપયોગ તત્ત્વજ્ઞાન પૂર્વક હોવાથી પરંપરા મોક્ષનું કારણ થાય છે. સાક્ષાત્ મોક્ષનું કારણ શુદ્ધોપયોગ છે. પણ શુદ્ધોપયોગમાં ઠરી શકાતું ન હોય તો અશુભ કે જે તીવ્ર કષાય વિશેષ બંધના કારણ ભૂત છે તેને છોડી શુભમાં પ્રવર્તવું યોગ્ય છે જો કે શુભ તે રાગ છે અર્થાત વીતરાગ આત્મ સ્વભાવનું બાધક છે. પણ રાગ પ્રત્યે કિંચિત્ માત્ર શ્રદ્ધામાં ઉપાદેયપણું, ભલાપણું કે આદરવાપણું માનતો નથી છતાં અશુભ કરતા શુભ ચારિત્રની અપેક્ષાએ ઉપાદેયરૂપ છે.

નય, નિક્ષેપ, પ્રમાણ ભંગાદિ સર્વ વિકલ્પો વસ્તુનું યથાર્થ જ્ઞાન કરાવવા માટે કારણ છે અને જ્યારે અભેદરૂપ નિજ આત્માનો અનુભવ થાય છે ત્યારે એવી નિર્વિકલ્પ આત્માનુભૂતિમાં કોઈ વિકલ્પો રહેતા નથી. પણ એવી અવસ્થા (દશા) ને ન પમાય ત્યાં સુધી સ્વદ્રવ્ય, પરદ્રવ્યનું સામાન્ય વિશેષરૂપ ચિંતવન કરવું. એક સામાન્યનો વિચાર તો ઘણો કાળ ટકે નહીં માટે વિશેષના સ્વરૂપનું વારંવાર ચિંતવન કરવું.

જ્યારે જીવને પોતાનું શ્રદ્ધાન જ્ઞાન, આચરણ થાય છે ત્યારે પરદ્રવ્યમાં રાગદ્વેષાદિ પરિણતિ કરવાનું શ્રદ્ધાન, જ્ઞાન, આચરણ છુટતાં સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ થાય છે. પછી પોતાને પોતારૂપ અને પરને પરરૂપ યથાર્થ જાણ્યાં કરે ત્યાં રાગદ્વેષ થતાં નથી. રાગાદિક મટાડવાનું શ્રદ્ધાન તેજ સમ્યગ્દર્શન છે, રાગાદિ મટાડવાનું જાણપણું તેજ સમ્યગ્જ્ઞાન છે અને રાગાદિ મટાડવાનું આચરણ તેજ સમ્યક્ત્વ ચારિત્ર છે તેજ યથાર્થ મોક્ષ માર્ગ છે. તેના સાધનરૂપે સત્ય દેવ ગુરુ ધર્મ, જીવાદિ તત્ત્વનું યથાર્થ શ્રદ્ધાન પ્રયોજન ભૂત છે. રાગનો ઉદય આવતાં જો જ્ઞાની ભક્તિ ન કરે તો પાપાનુરાગ થાય એટલા માટે અશુભ તીવ્ર રાગ જવર છોડવા અર્થે જ્ઞાની પણ ભક્તિમાં પ્રવૃત્તે છે. વળી તેને મોક્ષમાર્ગમાં બાહ્ય નિમિત્ત માત્ર પણ જાણે છે પરંતુ ત્યાંજ ઉપાદેયપણું માની સંતુષ્ટ થતો નથી, પણ શુદ્ધોપયોગનો ઉદ્યમી રહે છે.

કષાય. વિષય અને આહારનો ત્યાગ કરવો તેને ઉપવાસ કહે છે માત્ર અન્નનો ત્યાગ કરી પરિણામને અશુભમાં રાખવો તે તપ નથી પણ લાંઘણ છે. શાસ્ત્રમાં જે "तपसानिर्जराचः" કહ્યું છે તે શુભાશુભ ઇચ્છા મટતા ઉપયોગ શુદ્ધ થાય તેને તપવડે નિર્જરા થઈ કહી છે માટે સમ્યક્ત્વ પ્રકારે સમજીને ઉપવાસાદિ કરવામાં આવે તો શુદ્ધોપયોગ વધે છે. જ્ઞાની પુરુષોને શુદ્ધોપયોગની ઇચ્છા છે તેથી તેના સાધનભૂત ઉપવાસ કરે છે.

ઇન્દ્ર અહમિન્દ્રાદિક વિષયાનુરાગથી ઇંદ્રિય જનિત સુખ ભોગવે છે તેને પણ દુઃખ જાણી નિરાકુળ સુખ અવસ્થાને જ સમ્યગ્દૃષ્ટિ સુખ માને છે. અર્થાત્ આત્મિક સુખનેજ મોક્ષ જાણે

છે. વળી સમ્યગ્દૃષ્ટિ પરદ્રવ્યોને બૂરાં જાણતો નથી પણ પોતાનો રાગ ભાવનેજ બૂરો જાણે છે તેનો નાશ કરવા અણુવ્રત મહાવ્રતાદિ વ્યવહાર ચારિત્ર અંગીકાર કરી ઉદાસીન વર્તે છે. અથવા હિંસાદિ પાપોને છોડી અહિંસાદિ પુણ્યરૂપ કાર્યમાં પ્રવૃત્તે છે છતાં પર્યાયાશ્રિત કાર્યનો કર્તા થતો નથી, અહંકાર કરતો નથી. પ્રશસ્ત-રાગ સહિત ચારિત્ર ધારણ કરવા છતાં શ્રદ્ધાનમાં તો સરાગ-ચારિત્રને ચરિત્રનો દોષ સમજે છે; અને વીતરાગ ચારિત્રનેજ પોતાનું સ્વરૂપ માને છે. તેવી શ્રદ્ધા પૂર્વક ગ્રહણ કરવામાં આવેલ સરાગ ચારિત્રને સાધન માત્ર જાણે છે તેના પ્રત્યે લેશ માત્ર ઉપાદેય બુદ્ધિ શ્રદ્ધામાં નથી, છતાં પરદ્રવ્યના (પ્રશસ્તરાગના) સાધ્ય સાધન ભાવરૂપ આચરણ કરતો દેખાય છે. પણ અંતરંગમાં તો સ્વ-સ્વરૂપ અભેદ સાધ્ય સાધન ભાવરૂપ એક સાક્ષાત્ મોક્ષમાર્ગ-રૂપ વીતરાગ ભાવનેજ ઉપાદેય માને છે.

સમ્યક્ત્વ થવાના અધિકારી જીવની ક્રિયાનું વર્ણન

શંકાકારઃ- હે ભગવંત! અમારે તો સત્ત દેવ ગુરુ શાસ્ત્રનું જ શ્રદ્ધાન છે કારણ કે જિનદેવ અન્યથા વાદી નથી તો પછી પરીક્ષા કરવાની શું જરૂર? વળી શાસ્ત્રમાં ઉપદેશ તો અનેક પ્રકારે હોય છે તેમાં કયું સત્ય અને કયું અસત્ય તેની પરીક્ષા કરવાની બુદ્ધિ ન હોય અથવા પરીક્ષા અન્યથા થઈ જાય તેનો ભય હોય તો શું કરવું? માટે જિનવચન અમારે પ્રમાણ (ઉપાદેય) છે બાકી બધું ત્યાગ (હેય) છે તેમ શ્રદ્ધાન કરવામાં આવે તો તેમાં શું દોષ છે?

ઉત્તરઃ– હે ભદ્ર ! જેને ભાવ ભાસ્યો હોય તે બીજા કોઇથી ડગે નહીં સાચા ખોટાની પીછાણ થયા વિના વા ભાવ ભાસ્યા વિના શ્રદ્ધાન્ નિર્મળ થાય નહીં. અથવા ભાવ ભાસન સહિત જે પ્રતીતિ થાય તેજ સાચી પ્રતીતિ છે. જો કે પુરુષ પ્રમાણથી વચન પ્રમાણ કહીએ છીએ " તો પણ પ્રમાણતા સ્વયં થતી નથી તેમાં પણ વચન પરીક્ષાની જરૂર છે; હવે આટલો તો જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષયોપશમ તમોને વર્તમાનમાં થયો છે. વળી મોહમંદ થયા વિના તત્ત્વ વિચાર કરવાની જીજ્ઞાસા ન થાય, તે તો પ્રત્યક્ષ તમારી જીજ્ઞાસા થએલ જણાએ છીએ. જીવાદિ તત્ત્વોમાં હેય ઉપાદેય વા સ્વ–પરનો વિચાર ન કરીએ અથવા સાચા તત્ત્વ દેવ ગુરુ, શાસ્ત્રનું જાણપણું ન કરીએ તો શ્રદ્ધા કોની કરવી ? વળી હેય તત્ત્વને ઉપાદેય અને ઉપાદેય તત્ત્વને હેય માનવામાં આવે તો લાભ (ભલું) ને બદલે નુકશાન (બૂરું) થાય. માટે ભાવ ભાસવા અર્થે હેય–ઉપાદેય તત્ત્વોની પરીક્ષા અવશ્ય કરવી જોઇએ.

જૈનશાસ્ત્રોમાં જ્યાં તત્ત્વાદિકનું નિરૂપણ કર્યું છે ત્યાં તો હેતુ યુક્તિઆદિ વડે જેમ તેને અનુમાનાદિ વડે પ્રતીતિ થાય તેમ કથન કર્યું છે. એટલા માટે હેય-ઉપાદેય તત્ત્વોની પરીક્ષા કરવી યોગ્ય છે. ત્યાં જીવાદિ દ્રવ્યો વા તત્ત્વોને પીછાણવા, ત્યાગવા યોગ્ય મિથ્યાત્વ-રાગાદિક તથા ગ્રહણ કરવા યોગ્ય સમ્યગ્દર્શનાદિકનું સ્વરૂપ પીછાણવું તથા નિમિત્ત-નૈમિત્તિકાદિકને જેમ છે તેમ પીછાણવા જેને જાણવાથી મોક્ષમાર્ગની પ્રવૃત્તિ થાય તેને અવશ્ય પરીક્ષા પૂર્વક જાણવા જોઇએ. પરીક્ષા કર્યા વિના આજ સાચા છે અને અન્ય ખોટા છે એમ માનવું તે તો રાગદ્વેષની

પરિણતિ થઈ તેનાથી કાંઇ સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થતી નથી અને સમ્યક્‌ત્વ થયા વિના સાચો મોક્ષ માર્ગ શરૂ થતો નથી માટે સામાન્ય વિશેષ તત્ત્વોનું પ્રમાણ, નય, હેતુ, યુક્તિ, નિર્દેશ, સ્વામિત્વાદિ વડે વા સત્ સંખ્યાદિ વડે જાણપણું થતાં શ્રદ્ધાન એવું દૃઢ થતું જાય છે કે આજ મને હિતકર છે એવો નિર્ધાર થતાં "આ આમજ છે અન્ય પ્રકારે નથી એમ સત્ય પ્રતિભાસ થવા લાગતાં કષાય મટે છે અને જ્યારે પરિણામ શાંત થતાં જાય છે ત્યારે સમજવું જોઇએ કે તે જીવ સમ્યક્‌ત્વ સન્મુખ થઇ ગયો છે એમ થતાં અન્યમતનું તો સાંભળવું તેને કોઇપણ હીસાબે રુચે નહીં અથવા ત્યાં જવાની કષાય ઉઠેજ નહીં.

વળી પોતાના સાચા મતમાં કોઇ અન્યથા કહે તો પણ સત્ય છોડી અસત્ય ગ્રહણ કરવાનો ભાવ ન થાય એવી તીક્ષ્ણ બુદ્ધિ થઇ જાય છે તે જીવ વારંવાર તત્ત્વોનો વિચાર કરે, શાસ્ત્ર વાંચે, પ્રશ્નોત્તર કરે અને અંતરંગ પ્રતીતિમાં પ્રીતિરૂપ કાર્ય થતાં હર્ષ થાય, સાચા ખોટાનું, વા હિત, અહિતનું શ્રદ્ધાન જામતું જાય, ગ્રહણ ત્યાગની બુદ્ધિ વધી જાય, વિવક પૂર્વક એકાંતમાં પોતાના ઉપયોગમાં ગુણસ્થાન, માર્ગણાદિકનું વા તત્ત્વાદિક, વ્રતાદિ ક્રિયાઓનું વા સાચા દેવ ગુરુ શાસ્ત્રનું અથવા સાચા ગુરુનો ઉપદેશ સાંભળ્યો હોય તો તેને યાદ કરે, મનન કરે, ચિંતવન કરે તેનો

અનુમાનાદિ પ્રમાણ વડે નિર્ણય કરે વા "ઉપદેશ તો આમ છે તથા આમ ન માનીએ તો આમ થાય" હવે તેમાં પ્રબળ-યુક્તિ કઇ? તથા નિર્બળયુક્તિ કઇ? જે પ્રબળ ભાસે તેને સત્ય

જાણે કદાચ સંદેહ રહી જાય તો સાધર્મી ભાઇઓમાં જે વિશેષ-જ્ઞાની હોય તેને પુછે અને તે જે ઉત્તર આપે તેના પર વિચાર કરે.

એ પ્રમાણે જ્યાં સુધી નિર્ધાર ન થાય ત્યાં સુધી પ્રશ્નોત્તર કર્યા કરે, સાધર્મીમાં પરસ્પર ધર્મ ચર્ચા કરે, એ પ્રશ્નોત્તરમાં જે નિરૂપણ થયું હોય તેનો એકાંતમાં વિચાર કરતાં કરતાં એમ થાય કે અહો ! એક માત્ર શ્રી જિનેન્દ્રદેવનોજ ઉપદેશ કલ્યાણકારી છે તેનાથીજ ભવનો નાશ થઇ શકે તેમ છે. બાકી ક્રોડ ઉપાયે મિથ્યાત્વનો અંધકાર દૂર થઇ શકે તેમ નથી આજ સત્ય છે. આવો ઉત્તમ ધર્મ વારંવાર મળવો દુર્લભ છે. મને સર્વ પ્રકારના સંયોગો અનુકૂળ છે તો હવે મારે સંસારના મોહમાં ફસાવું યોગ્ય નથી આ પર્યાયની થોડીજ કાળ સ્થિતિ બાકી રહી છે માટે જલ્દીથી લાભ ઉઠાવી લેવો યોગ્ય છે એમ સમજી સંસારી જીવોના સમાગમનો ત્યાગ કરી ઘરપ્રત્યેનો મોહ તજી સત્ સમાગમનો આશ્રય કરે. અર્થાત્ આ કલિકાળમાં મહામુશ્કેલીથી સાચો ધર્મ અને તેના સમજાવવાવાળાનો યોગ મળે છે તે મને સહજે મલ્યો છે તો હવે મારે પ્રમાદ કરવો યોગ્ય નથી. એમ વિચારી જેટલા પ્રકારમાં રાગ છુટ્યો હોય અને આગળ મારી પ્રતિજ્ઞાનો નિર્વાહ થઇ શકશે એવો પાકો નિર્ણય થયા બાદ પોતાની શક્તિ અનુસાર તત્ત્વવિચાર પૂર્વક ત્યાગ વ્રત ધારણ કરે; તો એવો જીવ થોડાજ કાળમાં સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે. અથવા કદાચ તે આજ ભવમાં વા અન્ય પર્યાયમાં અવશ્ય સમ્યક્ત્વને પામશે પણ જો કદાચ પરલોકમાં તિર્યંચાદિ ગતિમાં જાય તો ત્યાં પણ આ ભવના અભ્યાસ વડે વા સંસ્કારના બળથી

દેવ ગુરુ શાસ્ત્રના નિમિત્ત વિના (નિસર્ગ) પણ તેને સમ્યક્ત્વ થઇ જાય છે. કારણ કે એવા અભ્યાસના બળથી મિથ્યાત્વ કર્મનો અનુભાગ (રસ) ઓછો થાય છે. જ્યાં મિથ્યાત્વનો ઉદય ન થાય ત્યાંજ સમ્યક્ત્વ થઇ જાય છે માટે એવો અભ્યાસ જ મિથ્યાત્વને ગાળવાનું મૂળ કારણ છે.

પ્રથમ તો જે જીવને સાચા દેવાદિકનું શ્રદ્ધાન નથી તેને, વા જે જીવ તત્ત્વવિચાર રહિત સાચા દેવાદિકનું શ્રદ્ધાન કરતો હોય તેને, વા ઘણા શાસ્ત્રનો માત્ર જાણકાર હોય તેને, વા વ્રતતપાદિ માત્ર કરતો હોય તેને, તો સમ્યક્ત્વ થવાનો અધિકાર જ નથી. પણ જે જીવ તત્ત્વવિચાર પૂર્વક સાચા દેવાદિકની પ્રતીતિ કરતો હોય તો તેવા જીવને પ્રયોજનભૂત તત્ત્વથી વધારે કદાચ શાસ્ત્રજ્ઞાન ન હોય વા વ્રતતપાદિ ન હોય તો પણ સમ્યક્ત્વ થવાનો અધિકારી છે.

વળી કોઇ જીવને તત્ત્વવિચાર થયા પહેલાં કોઇ કારણ પામીને સાચા દેવાદિકની પ્રતીતિ થઇ જાય પછી તત્ત્વ પ્રતીતિ પૂર્વક તત્ત્વવિચાર કરે ત્યાર બાદ સમ્યક્પ્રકારે સમજી વ્રત, તપ અંગીકાર કરે તો પણ સમ્યક્ત્વનો અધિકારી થાય છે. ત્યારે અન્ય કોઇ જીવને તત્ત્વવિચાર હોય પણ તત્ત્વ પ્રતીતિ ન હોય અને માત્ર વ્યવહાર ધર્મની પ્રતીતિ થઇ જવાથી તે સાચા દેવાદિકની પ્રતીતિ કરી વ્રત, તપ અંગીકાર કરે તો પણ સમ્યગ્દર્શન થઇ શકતું નથી.

ઘણા જીવો તો પહેલાં સમ્યક્ત્વ થયા પછી જ વ્રતાદિક ધારણ કરે છે તથા કોઇને એક સાથે પણ હોય છે. કોઇને

દેવાદિકની પ્રતીતિ સાથે જ સમ્યક્‌ત્વ થઈ જાય છે વળી કોઇ ને વ્રતતપાદિ પછી સમ્યક્‌ત્વ થાય છે. પરંતુ તત્ત્વવિચાર પૂર્વક દેવાદિકની પ્રતીતિનો તો નિયમ જ છે એ વિના સમ્યક્‌ત્વ થવાનો નિયમ નથી.

સમ્યક્‌ત્વ તો સ્વ-પરનું શ્રદ્ધાન થતાં થાય છે અને સ્વ-પરનું જ્ઞાન નિજ તત્ત્વની પ્રતીતિ પૂર્વક તત્ત્વ વિચારણાથી થાય છે. અંતરંગ સમય સંબંધી સૂક્ષ્મ દશાનું જ્ઞાન છદ્મસ્થને હોતું નથી તેથી તેઓ પોતાની મિથ્યા વા સમ્યક્‌ શ્રદ્ધાનરૂપ અવસ્થાની તારતમ્યતાને નિશ્ચયથી જાણી શકતા નથી પણ તે કેવળજ્ઞાનમાં ઝળકે છે. (ભાસે છે) સમ્યક્‌ત્વને ઘાતવાવાળું મૂળ કારણ તો મિથ્યાત્વ કર્મ છે અને તેનાં ઉદયનું મૂખ્ય કાર્ય તો સમ્યક્‌ શ્રદ્ધાન ન કરવા દેવું તેજ છે અને તેના અનુદયમાં અન્ય કારણો મળો વા ન મળો પણ સમ્યક્‌ત્વ થઈ જાય છે. અહીં કહેવાનું મૂખ્ય પ્રયોજન તો એ છે કે અરિહંતાદિક વા સાચા દેવાદિકની પ્રતીતિ વિના પોતાના જીવ તત્ત્વની પ્રતીતિ થઇ શકે નહી અને પોતાના તત્ત્વની પ્રતીતિ વિનાના તત્ત્વવિચારથી લાભ થાય નહી તેવા જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહે છે. સારાંશઃ એ છે કે પ્રથમ સાચા દેવાદિકની પ્રતીતિ કરી પછી તત્ત્વ વિચારમાં ઉપયોગને લગાવે તેમાં સ્વના કથનને પોતાનુંજ રૂપ અને પરના કથનને પરનું સ્વરૂપ ભિન્ન જાણે એમ થતાં દર્શનમોહનીય કર્મનો નાશ થાય છે ત્યારે જે વિપરીતાભિનિવેશરહિતનું શ્રદ્ધાન ઝળકે છે તે નિશ્ચય સમ્યક્‌ત્વ આત્મસ્વરૂપ છે. અને તેની ઉત્પત્તિના નિમિત્તભૂત એવા દેવાદિકનું

શ્રદ્ધાન વા જીવાદિ તત્ત્વોના વિકલ્પરૂપ વ્યવહાર જ્ઞાન શ્રદ્ધાનને ઉપચારથી વ્યવહાર સમ્યક્ત્વ કહેવાય છે. અર્થાત વિપરીતાભિનિવેશ રહિત આત્મ પરિણામને નિશ્ચય સમ્યક્ત્વ અને વિપરીતાભિનિવેશ રહિત શ્રદ્ધાનના કારણભૂત એવા સાચા દેવ ગુરુ શાસ્ત્ર (ધર્માદિ) નું શ્રદ્ધાન તે વ્યવહાર સમ્યક્ત્વ છે, એમ બન્ને સમ્યક્ત્વ એકજ કાળમાં સમ્યક્ત્વીને હોય છે. તે સમ્યક્ત્વ પ્રાપ્તિના કારણભૂત દ્રવ્ય ગુણ પર્યાયોનું તથા સત્યાવીશ તત્ત્વોનું સ્વરૂપ હું તને કહું છું તે તું શાંત ચિત્તે ધ્યાનપૂર્વક સાંભળ.

દ્રવ્ય ગુણ પર્યાયનું સ્વરૂપ

तत् परिजानीहि द्रव्यं त्वं यत गुणपर्याययुक्तम् ।
सहभूवः जानीहि तेषां गुणाः क्रमभुवः पर्यायाः उक्ताः ॥५२३॥

અર્થઃ- જે ગુણ પર્યાય રહિત છે તેને દ્રવ્ય કહે છે. જે સદા કાલ નિત્ય છે તે દ્રવ્યોના ગુણ છે અને જે દ્રવ્યની અનેકરૂપ પરિણતિ ક્રમથી થાય છે અર્થાત અનિત્યરૂપ સમયે સમયે ઉપજે છે વિણસે છે અને નાના સ્વરૂપ છે તેને પર્યાય કહે છે.

ભાવાર્થઃ- જે દ્રવ્ય છે તે ગુણ પર્યાય સહિત હોય છે. **गुणपर्ययवद्द्रव्यं** અર્થાત્ જેમાં ગુણ પર્યાય સહિત હોય તેને દ્રવ્ય કહે છે તેવું તત્ત્વાર્થ સૂત્રનું કથન છે. **उत्पादव्ययध्रौव्ययुक्तं सतः** જેમાં ઉત્પત્તિ, વિનાશ અને સ્થિતિ સ્વભાવ થાય છે તેને સત્ કહે છે **सतद्रव्यलक्षणमः** સત્જ દ્રવ્યનું લક્ષણ છે. તથા નયચક્રમાં **सहभूवोगुणाः क्रमभुवःपर्यायाः** સહભાવી ગુણ અને ક્રમભાવી

પર્યાય કહેલ છે. अन्वयिनोगुणाव्यतिरेकिणपर्यायाः અન્વય તે ગુણ છે અને વ્યતિરેક તે પર્યાય છે અર્થાત્ ગુણ તો સદા દ્રવ્યમાં સહભાવી છે તે દ્રવ્યમાં હમેશા એ રૂપ નિત્યરૂપ હોય છે. અને પર્યાય નાનારૂપ હોય છે. જે પરિણુતિ પહેલાં સમયમાં હતી તે બીજા સમયમાં નથી થતી, સમયે સમયે ઉત્પાદ વ્યય થયા કરે છે તે માટે પર્યાય ક્રમવર્તી કહેવામાં આવે છે.

જીવ દ્રવ્યને જ્ઞાનાદિ અનંત ગુણ છે અને પુદ્ગલમાં સ્પર્શ રસ, ગંધ, વર્ણ આદિ અનંત ગુણ છે તે તો દ્રવ્યમાં સહભાવી ગુણ છે અન્વયી છે, સદા નિત્ય છે, કદીપણ દ્રવ્યથી તન્મયપણું છોડતા નથી. પર્યાયના બે ભેદ છે એક સ્વભાવિક બીજી વિભાવિક છે. જીવને સિદ્ધત્વાદિ સ્વભાવ પર્યાય છે અને કેવલ જ્ઞાનાદિ સ્વભાવ ગુણ છે તે તો જીવમાં જ હોય છે બીજા દ્રવ્યમાં નથી હોતા. તથા અસ્તિત્વ વસ્તુત્વ, અગુરુલઘુત્વ તે સ્વભાવ ગુણ બધા દ્રવ્યોમાં હોય છે અગુરુલઘુ ગુણનું પરિણમન ષટગુણી હાનિવૃદ્ધિરૂપ છે તે સ્વભાવ પર્યાય બધા દ્રવ્યોમાં હોય છે. કોઇ પણ દ્રવ્ય ષટગુણી હાનિવૃદ્ધિ વિનાનું હોતુ નથી તેને અર્થ પર્યાય કહે છે. તે શુદ્ધ પર્યાય છે. આ શુદ્ધ પર્યાય બધા જીવાજીવ પદાર્થોમાં હોય છે. સિદ્ધપર્યાય અને કેવલજ્ઞાનાદિ ગુણ સિદ્ધોમાં જ હોય છે બીજામાં હોતા નથી.

સંસારી જીવોમાં મતિજ્ઞાનાદિ વિભાવગુણ અને નરનારકાદિ વિભાવ પર્યાય હોય છે તે તો જીવદ્રવ્યના ગુણ પર્યાય કહ્યા. અને પુદ્ગલના, પરમાણુરૂપ તો દ્રવ્ય છે અને વર્ણાદિ સ્વભાવગુણ, એક-

વર્ણથી બીજા વર્ણરૂપ થાય તે વિભાવ ગુણ વ્યંજન પર્યાય છે. તથા એક પરમાણુમાં બે ત્રણ ઇત્યાદિ અનેક પરમાણુ મળી સ્કંધરૂપ થાય છે તેને વિભાવ દ્રવ્ય વ્યંજન પર્યાય કહે છે. દ્વિયાણુકાદિ સ્કંધમાં જે વર્ણાદિ છે તે વિભાવ ગુણ કહેવામાં આવે છે. વર્ણથી વર્ણાન્તર થવું, રસથી રસાન્તર થવું. ગંધથી અન્ય ગંધરૂપ થવું તે વિભાવ પર્યાય છે. એક પરમાણુ શુદ્ધદ્રવ્યમાં એકવર્ણ, એકરસ, એકગંધ અને શીત ઉષ્ણમાંથી એક તથા રૂક્ષ અને ચીકણામાંથી એક એમ બે સ્પર્શના મલી પાંચ ગુણ તો મુખ્ય છે. અને અસ્તિત્વાદિ અનંતગુણ છે તે સ્વભાવગુણ કહેવાય છે. પરમાણુઓનો આકાર તે સ્વભાવ દ્રવ્ય વ્યંજન પર્યાય છે અને વર્ણાદિ ગુણરૂપ પરિણમન તે સ્વભાવ ગુણ પર્યાય છે.

જીવ અને પુદ્ગલ એ બન્નેમાં તો સ્વભાવ અને વિભાવ બન્ને પર્યાયો થાય છે. પણ ધર્મ, અધર્મ. આકાશ, કાળ એ ચારમાં અસ્તિત્વાદિ સ્વભાવ ગુણ છે અને અર્થ પર્યાય ષટ્ગુણ હાનિ વૃદ્ધિરૂપ સ્વભાવ પર્યાય બધામાં છે. ધર્માદિ ચાર પદાર્થોમાં વિભાવ ગુણ પર્યાય નથી. આકાશને ઘટાકાશ, મઠાકાશ ઇત્યાદિ જે કહેવત છે તે ઉપચાર માત્ર છે. એ પ્રમાણે ષટ્દ્રવ્યોના ગુણ પર્યાય કહ્યા તેમાં જે શુદ્ધ ગુણ પર્યાય સહિત જે શુદ્ધ જીવ દ્રવ્ય છે તે ઉપાદેય છે. આરાધના કરવા યોગ્ય છે.

षट्द्रव्याणि नवपदार्थाः पंचास्तिकायाः सप्ततत्वानि निर्दिष्टानि श्रद्धाति तेषां रुपं सः सद्दृष्टिः ज्ञातव्यः ॥५२४॥

અર્થ:– છ દ્રવ્ય, નવ પદાર્થ, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ એ

જિનવચનમાં કહેલ છે તેના સ્વરૂપનું જે શ્રદ્ધાન કરે છે તે સમ્યગ્દૃષ્ટિ જાણવો.

ભાવાર્થઃ-"जीवपुद्गलधर्माधर्माकाशकालद्रव्याणिः" જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ એ છ દ્રવ્યો છે. "जीवपुद्गलाकाशधर्माधर्माः प्रदेशप्रचयात्मकत्वात् पंचास्तिकायाः" જીવ, પુદ્ગલ, આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય એ પાંચ દ્રવ્યોના પ્રદેશોના સમૂહને કાયવાન કહે છે.

છ દ્રવ્ય અને પંચાસ્તિકાયનું સ્વરૂપ

આ જગત (લોક) અનાદિ, અનંતરૂપ સ્વયંસિદ્ધ છે. તેમાં રહેલા મુખ્ય છ દ્રવ્યો છે તે બધા અનાદિ અનંત સ્વયંસિદ્ધ છે તેનો કર્તા હર્તા કોઇ અન્ય ઇશ્વર કે અપૌરુષની કૃતિ નથી. પ્રત્યેક પદાર્થ સ્વચતુષ્ટયરુપ છે. અનાદિ અનંતકાલ સુધી પોતાના દ્રવ્ય ગુણ પર્યાયમાં અર્થાત્ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવમાં વ્યાપી રહ્યા છે. લોકાકાશ ક્ષેત્રમાં રહેવા છતાં કોઇ પદાર્થ પોતાનો સ્વભાવ છોડી અન્ય સ્વભાવે થયો. નથી અર્થાત્ જડ ચૈતન્યરુપ થયો નથી અને ચૈતન્ય જડરુપે થયો નથી.

તે છ દ્રવ્યોમાં ચાર દ્રવ્યો અનાદિથી સ્વયંશુદ્ધ છે તે બધા જડ છે અમૂર્ત છે તેના નામોઃ- ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, આકાશ અને કાલાણુ છે. જે છે તે સદાય છે તે સત્ છે અર્થાત્ ઉત્પાદ વ્યય ધ્રૌવ યુકત છે તેનો કદી પણ નાશ થતો નથી તેની ક્ષણ ક્ષણ અવસ્થાઓ થયા કરે છે. અસત્નો કદી ઉત્પાદ

થતો નથી તેમજ સત્‌નો કદી નાશ થતો નથી તેજ દ્રવ્યની સિદ્ધિ છે. તેઓની અર્થ ક્રિયા પણ સ્વયં થયા કરે છે. કોઈ પણ સત્ પદાર્થ અર્થ ક્રિયા વિનાનું હોઇ શકે નહિ; જો પદાર્થ છે અને તેની અર્થ ક્રિયા નથી તો પદાર્થની સિદ્ધિ થઈ શકતી નથી અને ક્રિયા છે પણ પદાર્થ નથી તો ક્રિયા કોના આધારે રહી માટે આધાર આધેયની સિદ્ધિ થઇ.

તેની સંખ્યા, તેનું અસાધારણ લક્ષણ, માપ (લાંબુ–ચવડુ, પહોળુ) આદિ હોય છે. તે હીસાબે ધર્માસ્તિકાય એક અખંડ અસંખ્યાત પ્રદેશી, શુદ્ધ, અમૂર્ત જડ દ્રવ્ય છે તેનું માપ (૩૪૩) ઘનરાજુ છે. તેનું અસાધારણ લક્ષણ ગુણ) ગતિ હેતુત્વ છે. તેમાં સાધારણ અસાધારણ અનંત શકિત હોય છે. પ્રત્યેક શકિતનું સ્વયં પરિણમન થયા કરે છે. અર્થાત પોતાના દ્રવ્ય ગુણ પર્યાયોમાં વ્યાપ્ય વ્યાપક ભાવે પરિણમિ રહ્યા છે. તે પોતે ગતિ કરતું નથી પણ ગતિ કરનાર એવા જીવ પુદ્‌ગલ દ્રવ્યને ગમન કરવામાં ઉદાસીન સહાયક છે. તેનો જ્યાં સુધી વિસ્તાર છે ત્યાંજ સુધીજ જીવ પુદ્‌ગલો ગમન કરી શકે છે તેના અભાવ માં જીવ પુદ્‌ગલો આગળ ગમન કરી શકતા નથી. જીવની શકિત તો અમર્યાદિત હોય છે પણ નિમિત્તના અભાવમાં આગળ ગમન થતું નથી (જુઓ નિયમસાર ગાથા ૧૮૪ પંચાસ્તિકાય ગાથા ૮૭ તત્ત્વાર્થસાર અ. ૮ ગાથા ૪૪ લબ્ધિસાર ગાથા ૬૪૫ પરમાત્મ પ્રકાશ અ. ૨ ગાથા ૧૯ આદિ ઘણા પ્રમાણો છે)

બીજુ:– અધર્માસ્તિકાય નામનું દ્રવ્ય છે તે એક અખંડ અસંખ્યાત પ્રદેશી શુદ્ધ અમૂર્ત જડ (૩૪૩) ઘનરાજુ માપનું

છે. તેનું અસાધારણ લક્ષણ (ગુણ) સ્થિતિહેતુત્વ છે. તે પોતે પોતાની સ્થિતિ કરે અને જીવ પુદ્ગલ જ્યારે સ્થિતિ કરે ત્યારે તે ઉદાસીન સહાયક તેઓને થાય છે. તે ગતિ કરતું નથી તેનું મૂલ કારણ તો તેમાં તે નામનો ગુણ નથી. બીજું પ્રત્યેક પદાર્થોના અસાધારણ ગુણોથી જ દ્રવ્યોને ભિન્ન કરી શકાય છે. અને કદાચ એમ માનો કે ગતિ કરે, તો ધર્માસ્તિકાયની સહાય વિના કેવી રીતે ગતિ કરે? કારણ કે જેવડું ધર્માસ્તિકાય છે તેવડુંજ અધર્માસ્તિકાય છે. બન્નેના માપ સમાન છે તેથી બહાર ગતિ કરી શકતું નથી તે પ્રકારે પણ સિદ્ધિ કરી શકાય છે.

ત્રીજું:- આકાશ દ્રવ્ય છે. તે એક અખંડ અનંતાનંત પ્રદેશી શુદ્ધ અમૂર્ત જડ દ્રવ્ય છે. તેનું માપ અમર્યાદિત છે તેનો અસાધારણ ગુણ અવગાહન હેતુત્વ છે. તેમાં જ્યાંસુધી પાંચ દ્રવ્યો રહ્યાં છે તેને લોકાકાશ એવી સંજ્ઞા આપવામાં આવી છે. લોકાકાશ કોઇ ભિન્ન દ્રવ્ય નથી. તેમજ આકાશનો પૃથક (જુદો) ટુકડો પણ નથી તે માત્ર આકાશનો એક ભાગ છે. તેનું માપ (૩૪૩) ઘનરાજુ છે. તેની બહાર કોઇ અન્ય પદાર્થોનો વાસ નથી માત્ર એક આકાશ અમર્યાદિત છે. કોઇ જીવોનું એવું કહેવું છે કે લોકાકાશ આકાશના મધ્યભાગમાં આવેલ છે તે વાત પણ યોગ્ય નથી. કોઇ અમર્યાદિત પદાર્થની મર્યાદા કરવામાં આવે તો અમર્યાદાનો નાશ થાય. કેવલીના જ્ઞાનમાં પણ અમર્યાદિત છે તો પછી લોકાકાશ મધ્યમાં છે તે કેમ કહી શકાય? જેનું માપ છે તેને મર્યાદિત કહેવાય અને જેની મર્યાદા છે તેમાં મધ્યમપણું કહી શકાય પણ અમર્યાદિતનું માપજ નથી તો પછી. મધ્યમાં કહેવું યુક્તિ સંગત નથી. વળી

કોઇ લોકાકાશનો આકાર મૃદંગના રૂપે કહે છે તે પણ યોગ્ય નથી તેનો આકાર આયત ચતુષ્કોણ છે (જુઓ ધવલ ખંડ ૪ પૃષ્ટ ૨૦-૨૧.)

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય લોકાકાશની બહાર નથી તેથી ગતિ હેતુત્વ અને સ્થિતિ હેતુત્વ વિના બહારનું ગમન કે વાસો બીજા દ્રવ્યોનો કેમ હોઈ શકે? તેથી એમ સિદ્ધ થયું કે દ્રવ્યોના વાસ જ્યાંસુધી છે તેને લોકાકાશ એમ સંજ્ઞા માત્રથી કહેવામાં આવ્યું છે લોકાકાશના પ્રદેશો અસંખ્યાત છે. (તે અસંખ્યાતના અસંખ્યાત ભેદો છે જેવાકેઃ પરિતા સંખ્યાત, યુક્તા સંખ્યાત, અસંખ્યાતાસંખ્યાત ત્રણેના જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ભેદે નવભેદ થયા તેના પ્રભેદો ઘણા છે તેમ જાણવું)

ચોથુઃ– જડ, અમૂર્ત, શુદ્ધ, અસંખ્યાત કાલાણું દ્રવ્યો છે. તે લોકાકાશના અસંખ્યાત પ્રદેશ ઉપર મોતીની માફક એક એક કાલાણું એક પ્રદેશી સ્થિત છે તેને નિશ્ચય કાલ કહે છે તેનો અસાધારણ ગુણ વર્તના હેતુત્વ છે. તે પોતાના તથા અન્ય દ્રવ્યોના પરિણમન (અવસ્થા) માં ઉદાસીન નિમિત્ત છે. તેની શુદ્ધ પર્યાયનો લોકમાં વ્યવહાર છે તેથી તેને વ્યવહાર કાલ કહે છે અને વ્યવહાર અશુદ્ધ છે. તેથી તેને અશુદ્ધ વ્યવહાર કાલ ઉપચારથી કહેવાય છે. તે કાલાણુઓની અવસ્થાઓને સમયાદિ ભેદે સંસારમાં ભૂત ભવિષ્ય વર્તમાન અથવા અનાદિઅનંત આદિ નિશ્ચય કાલાણુંની પર્યાયના ઉપચારથી કહેવાય છે જેમ દિવસ રાત્રી સૂર્યના ઉદય અસ્તથી કહેવાય છે વા પૂર્વ પશ્ચિમ કોઇ દિશા નથી પણ સૂર્યના નિમિત્તથી ઉપચાર થાય છે તેમ જાણવું.

પાંચમું :– પુદ્ગલ દ્રવ્ય જડ, મૂર્ત, સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ અસાધારણ ગુણોથી યુક્ત શુદ્ધાશુદ્ધ ચલાચલ અનંતાનંત દ્રવ્યો એક પ્રદેશી, સંખ્યાત પ્રદેશી; અસંખ્યાતપ્રદેશી અને અનંત પ્રદેશી થવાની યોગ્યતા વાલા છે. તેમાં બંધ ચાર પ્રકારે સમ, વિષમ, સ્વજાતિ, દ્વિજાતિથી થાય છે. તેના રૂક્ષ અને સ્નીગ્ધ ગુણોની વિકારી અવસ્થાને ઔદયિક ભાવ કહે છે. શુદ્ધપુદ્ગલમાં પારિણામિકભાવ હોય છે. સ્કંધમાં ઔદયિક અને પારિણામિક ભાવ હોય છે. સ્કંધની પર્યાય સંઘાત, ભેદ, સંઘાતભેદ રૂપ હોય છે. પુદ્ગલની પર્યાય (શબ્દ ૨) (બંધ ૨) (સૂક્ષ્મ ૨) (સ્થૂલ ૨) (સંસ્થાન, ૨) (ભેદ, ૬) (છાયા, ૨) તમસ, આતાપ, ઉદ્યોત) ના ભેદો હોય છે. તેના પણ ભેદ પ્રભેદો ઘણા છે.

સ્કંધની છ પ્રકારે પરિણમન સ્થિતિ છે. (સ્થૂલસ્થૂલ, સ્થૂલ, સ્થૂલસૂક્ષ્મ, સૂક્ષ્મસ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મસૂક્ષ્મ.) આ જગતમાં પુદ્ગલ સ્કંધો છ પ્રકારની અવસ્થાને ધારણ કરી પથરાએલા છે. સ્કંધ, સ્કંધદેશ અને સ્કંધપ્રદેશ ત્રણ પ્રકારે હોય છે. શબ્દ ભાષાત્મક છે તે દ્રવ્યશ્રુતરૂપ અક્ષરાત્મક છે અને શબ્દો અભાષાત્મક છે તે અનક્ષરાત્મક છે: તેના બંધ પ્રાયોગિક (નિમિત્તથી) વૈસ્રસિક (સ્વભાવિક) એમ બે પ્રકારે થાય છે. ત્રેવીશ (૨૩) પ્રકારની વર્ગણા ચલાચલ લોકાકાશમાં ઠસોઠસ ભરી છે (ગો. જી. ગાથા ૫૯૩–૯૪) તેમાંથી સંસારી જીવ પાંચ વર્ગણાઓ ગ્રહણ કરે છે. (આહાર, તૈજસ, ભાષા, મનો અને કાર્મણ વર્ગણા જાણવી) જે ઇન્દ્રિય ગોચર પદાર્થ દેખાય છે તે બધા પુદ્ગલ સ્કંધોની સ્થૂલ પર્યાયો છે. પુદ્ગલ પરમાણુ મતિશ્રુતજ્ઞાનનો વિષય નથી.

છઠ્ઠું :- જીવ દ્રવ્યો અનંત છે. તે શુદ્ધાશુદ્ધ, મૂર્તામૂર્ત પ્રત્યેક-દ્રવ્ય અસંખ્યાત પ્રદેશી છે. શુદ્ધ દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ સર્વ જીવ શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય સ્વરૂપી જ્ઞાતાદૃષ્ટાસ્વભાવી છે. અશુદ્ધ સંસારી જીવો કર્મોથી લેપાયેલાં છે અને શુદ્ધ જીવો કર્મોથી રહિત છે. એમ જીવ, સંસારી (અશુદ્ધ) અને મુકત (શુદ્ધ) બે પ્રકારે હોય છે.

એક અશુદ્ધ જીવ દ્રવ્ય, તેના અનંતગુણ, તેનાં સાધારણ અસાધારણ ભેદે બે પ્રકારે ગુણો હોય છે. સાધારણ તેને કહે છે, કે જે બીજા દ્રવ્યોમાં પણ હોય. જેવાકે (અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રેમયત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ, વૈભાવિક, અમૂર્તિત્વ અવગાહનત્વ, અવ્યાબાધ અરુપી, સુક્ષ્મત્વ આદિ છે.) અસાધારણ ગુણ તેને કહે છે કે જે બીજા દ્રવ્યોમાં ન હોય, જેવા કે સમ્યક્ત્વ જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, જીવત્ત્વ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ આદિ જાણવા. એક એક ગુણની અનંતાનંત પર્યાય, એક એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ, એમ એક આત્મામાં અસંખ્યાત પ્રદેશ, એક એક પ્રદેશ વિષે અનંત કર્મ વર્ગણા, એક એક કર્મ વર્ગણા વિષે અનંતાનંત પુદ્ગલ પરમાણું, એક એક પરમાણુમાં અનંત ગુણ, એક એક ગુણની અનંતાનંત પર્યાય, એક એક પર્યાયના અનંત અવિભાગ પ્રતિચ્છેદ આ પ્રમાણે એક એક સંસાર અવસ્થિત જીવ દ્રવ્યની પુદ્ગલ દ્રવ્ય સંયુક્ત અવસ્થા છે.

એક જીવ દ્રવ્ય નાના આકારરૂપ અવસ્થા સહિત પરિણમે છે. તે પ્રમાણે તે જીવ અન્ય જીવથી મળતો આવે નહીં અન્ય જીવનું તેનાથી અન્ય અવસ્થારુપ પરિણમન હોય એ પ્રમાણે

અનંતાનંત સ્વરુપ જીવ દ્રવ્ય અનંતાનંત સ્વરૂપ અવસ્થાપૂર્વક વર્તી રહ્યા છે. કોઇ એક જીવ દ્રવ્યના પરિણામ કોઈ એક અન્ય જીવ દ્રવ્યથી મળતા આવે નહીં એજ પ્રમાણે એક પુદ્ગલ પરમાણુ એક સમયમાં જે પ્રકારની અવસ્થા ધારણ કરે તે અવસ્થા અન્ય પુદ્ગલ પરમાણુ દ્રવ્યથી મળતી આવે નહીં. કોઈ જીવનો ઔદયિકભાવ અન્ય કોઇ જીવને મળતો આવે નહી. કેવલીઓના ઔદયિક ભાવ મલતા આવે નહી તો પછી બીજાઓના શું કહેવા?

હવે જીવ દ્રવ્ય, પુદ્ગલ દ્રવ્ય એક ક્ષેત્રાવગાહી પરસ્પર બંધરૂપ (સંયોગ સંબંધરૂપ) અનાદિકાળથી ચાલ્યો આવે છે તેમાં વિશેષતા એટલી કે જીવ દ્રવ્ય એક અને પુદ્ગલ પરમાણુ દ્રવ્ય અનંતાનંત તે ચલાચલરૂપ, આવાગમનરૂપ, અનંત આકાર પરિણમનરુપ બંધ મુકત શકિત સહિત વર્તે છે.

એક જીવ દ્રવ્યના અનંત ગુણોમાં એક જ્ઞાન ગુણ છોડી બાકી બધા ગુણો સામાન્ય (અન્વય) અને વિશેષ (વ્યતિરેક) નિર્વિકલ્પ છે અને જ્ઞાન સામાન્યરૂપે નિર્વિકલ્પ છે તેનું વિશેષ સવિકલ્પ છે. જીવ દ્રવ્યના અનંત ગુણ, સર્વ ગુણ અસહાય, સ્વાધીન, સદાકાળ શાશ્વત ગુણોમાં પ્રદેશભેદ નથી. લક્ષણ પ્રયોજનાદિથી ભેદ છે. તે પ્રમાણે જીવ દ્રવ્યનું નિરૂપણ કરી દ્રવ્યોની સિદ્ધિ કરી છે તે યથાયોગ્ય સુમતિ પ્રમાણ કેવલી વચનાનુસાર કહ્યું છે.

પાંચે દ્રવ્યોનો આધાર આકાશ છે. આકાશનો આધાર પોતે સ્વયં છે. લોક ત્રણ પ્રકારના વાયુ (ઘનોદધિ ઘનવાત, તનુવાત-વલય) થી ઝકડાએલો (ઘેરાએલો) છે આવી જગતની રચના છે તે સ્વયંસિદ્ધ છે તેમ શ્રદ્ધાન કરવું.

સાત તત્ત્વોનું સ્વરૂપ

जीवाजीवावास्रवन्धौ किलसंवरश्चनिर्जरणं ।
मोक्षस्तत्त्वं सम्यग्दर्शनसद्बोधविषयमरिवलं स्यात् ॥५२५॥

અર્થઃ- જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર નિર્જરા, અને મોક્ષ એ સાત તત્ત્વો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના વિષય છે, અર્થાત્ તેનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન અને તેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે.

ભાવાર્થઃ- જીવ અજીવ આદિ તત્ત્વોના અર્થોનું વિપરીત હઠાગ્રહ રહિત અથવા એકનું બીજા રૂપે મિથ્યાત્વરૂપ જ્ઞાન રહિત દૃઢ વિશ્વાસ (શ્રદ્ધાન) સદા કરવા યોગ્ય છે. અને તેજ આત્માનું સ્વરૂપ છે વિપરીત શ્રદ્ધાનનો નાશ કરી નિજ સ્વરૂપને યથાવત્ (જેમ છે તેમ) જાણી જે પોતાના સ્વરૂપથી ચ્યુત થતો નથી, તેજ આ પુરુષાર્થની સિદ્ધિનો ઉપાય છે; અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો સમુદાયજ કાર્ય સિદ્ધિ થવાનો ઉપાય છે, અન્ય કોઇપણ ઉપાય નથી.

તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યક્ત્વનું લક્ષણ છે છતાં તે શ્રદ્ધાન બે પ્રકારનું છે. એક સામાન્યરૂપ, બીજું વિશેષરૂપ છે. પરભાવોથી ભિન્ન પોતાના ચૈતન્ય સ્વરૂપને પોતારૂપ શ્રદ્ધાન કરવું તે **સામાન્યતત્ત્વાર્થશ્રદ્ધાન** છે. તે નારકાદિ બધા સમ્યગ્દૃષ્ટિ જીવોમાં હોય છે અને જીવ-અજીવાદિક સાત તત્ત્વોને વિશેષરૂપથી જાણી શ્રદ્ધાન કરવું તે **વિશેષતત્ત્વાર્થશ્રદ્ધાન** છે; તે મનુષ્ય દેવાદિક બહુશ્રુતજ્ઞાની જીવોમાંજ હોય છે. સાત તત્ત્વોને જાણ્યા વિના

જીવ કોનું શ્રદ્ધાન કરશે ? માટે બન્ને પ્રકારનું જાણપણું વિશેષ જ્ઞાનીઓએ કરવા યોગ્ય છે.

શંકાકાર :– હે ભગવંત ! જે સમયમાં સમ્યગ્દૃષ્ટિ જીવ વિશેષ કષાયની તીવ્રતા સંયુકત થાય છે તે સમય તેનું તત્ત્વોનું શ્રદ્ધાન રહેતું નથી, તેથી આપે જણાવેલ લક્ષણમાં અવ્યાપ્તિ દૂષણ આવે છે તેનું શું સમજવું ?

ઉત્તરઃ– હે પ્રાજ્ઞ ! જીવને **શ્રદ્ધાનરૂપ** અને **પરિણમનરૂપ** બે ભાવ છે. તેમાં શ્રદ્ધાનરૂપ સમ્યકત્વનું લક્ષણ છે અને પરિણમનરૂપ ચારિત્રનું લક્ષણ છે; અર્થાત્ સમ્યદૃષ્ટિ જીવ તે વિષયકષાયની તીવ્રતામાં પરિણમનરૂપ થાય છે, પણ શ્રદ્ધાનરૂપમાં થતો નથી. તેને તત્ત્વાર્થ શ્રદ્ધાનમાં યથાવત્ વિશ્વાસ છે. ગુમાસ્તો, વેશ્યા, ધાવ, પનઘટવાળી, અને બિલ્લાડી આદિના દૃષ્ટાંત રૂપે જાણવું. જ્ઞાની જીવ ઉદયમાં આવેલ કર્મોના પરિપાકને ભોગવે છે તેને પોતાના શ્રદ્ધાનમાં ઔદયિકનો વિપાક પોતાના સ્વરૂપથી ભિન્ન જાણતો હોવા છતાં પણ ઇષ્ટ અનિષ્ટ સંયોગોમાં હર્ષ વિષાદ કરે છે. તે ઔદયિક સંબંધને બાહ્યમાં મારૂં મારૂં પણ કરે છે અને પોતાની પ્રતીતિનું વારંવાર સ્મરણ પણ નથી કરતો કારણ કે તે પ્રતીતિ કર્મના ઉદયમાં શકિતરૂપ રહેલી છે; પણ જ્યારે તે કર્મનો અને પોતાના સ્વરૂપનો વિચાર કરે છે તે સમયમાં તે અંતરંગ પ્રતીતિને જ પ્રગટ કરે છે. જ્ઞાની જીવ કર્મના ઉદયને જો કે પરાધીન દુઃખ જાણે છે, પરંતુ પોતાની શુદ્ધોપયોગ શકિતની હીનતાને કારણે પૂર્વ બદ્ધ કર્મો વશ લાચારીથી કર્મોના ઔદયિક ભાવોમાં પ્રવૃત્તિ કરે છે. એ પ્રમાણે સમ્યકૃત્વ ધારી જીવને તત્ત્વાર્થ

શ્રદ્ધાન સામાન્યરૂપ (શક્તિ અવસ્થારૂપ) અને વિશેષરૂપ (વ્યક્ત અવસ્થારૂપ) નિરંતર હોય છે.

શંકાકારઃ- હે ભગવંત ! દ્રવ્યલિંગી મુનિ જિનપ્રણીત તત્ત્વોનેજ માને છે, અન્ય કલ્પિત તત્ત્વોને માનતો નથી, માટે લક્ષણ તો એવું હોવું જોઇએ કે જેમાં અતિવ્યાપ્તિ દૂષણ ન આવે; અથવા લક્ષણ એવું હોવું જોઈએ કે તે લક્ષ્ય વિના બીજામાં ન આવે, પણ આમાં તો અતિવ્યાપ્તિ દૂષણ આવે છે તેનું શું સમજવું ?

ઉત્તરઃ- હે આત્મજ્ઞ ! દ્રવ્યલિંગીમુનિ જિન પ્રણીત તત્ત્વોને જ માને છે, પરંતુ વિપરીતાભિનિવેશ સંયુક્ત શરીરાશ્રિત ક્રિયાકાંડને પોતાની જાણે છે, અથવા અજીવ તત્ત્વમાં જીવતત્ત્વનું શ્રદ્ધાન કરે છે. પુણ્યાસ્રવ બંધરૂપ શીલ સંયમાદિ પરિણામોને સંવર નિર્જરારૂપ માને છે; તે જો કે પાપરૂપ ક્રિયાથી વિરકત છે, છતાં પણ પુણ્યમાં ઉપાદેય બુદ્ધિ રાખી છે, તેથી તેને તત્ત્વાર્થનું યથાર્થ શ્રદ્ધાન નથી.

શંકાકારઃ- હે ભગવંત ! દ્રવ્યલિંગીનું તપશ્ચરણ તો મહાન હોય છે અને तपसानिर्जरा च તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે, તો તે શા માટે કહ્યું ?

ઉત્તર :- હે ભદ્ર ! શાસ્ત્રમાં " इच्छानिरोधतपः " ઇચ્છાનો નિરોધ તેને તપ કહ્યું છે, પછી તે ઇચ્છા શુભરૂપ હોય અથવા અશુભ રૂપ હોય પણ ઇચ્છામાત્રનો નિરોધ તેને તપ કહ્યુ છે. હવે દ્રવ્યલિંગીમુનિ તપશ્ચરણાદિ વ્યવહાર સાધનમાં અનુરાગી

થઇ પ્રવર્તે છે, પણ તેમાં એકાંતે પ્રવર્તવાનું ફળ તો શાસ્ત્રમાં શુભ બંધ કહ્યો છે; અને જો તેનાથી જ મોક્ષ ઇચ્છે તો શ્રદ્ધાન ઉંધું થયું, તો સમ્યક્ત્વ વિના મોક્ષ કેમ થાય ? કારણ કે સમ્યક્ત્વ તો કિંચિત્ માત્ર રાગને શ્રદ્ધાનમાં ઉપાદેય સ્વીકારતું નથી અને તેણે તો સ્વીકારવાની ભાવના કરી, તો શ્રદ્ધાન જુઠું થયું અને જુઠા શ્રદ્ધાનથી મોક્ષ કેમ થાય ?

હે શિષ્ય ! પહેલાં સત્ય ઉપદેશથી ભ્રમબુદ્ધિને નષ્ટ કરવાનો પુરુષાર્થ કરવો જોઇએ આ ભ્રમબુદ્ધિનું મુખ્ય કારણ તો મોહનીય કર્મનો ઉદય છે. તે સત્યાર્થ નિર્ણય કરવાથી મોહનીય કર્મ ઉપશમાદિ થતાં ભ્રમબુદ્ધિ નાશ પામે છે, અર્થાત્ આત્માના વિશુદ્ધ પરિણામોનું નિમિત્ત પામી સત્તામાં પડેલાં મોહનીય કર્મની સ્થિતિ અનુભાગ ઘટે છે, માટે બાહ્ય પદાર્થોની સિદ્ધિ માટે નિર્ણય પૂર્વક જેમ ઉપયોગ લગાડીએ છીએ, તેમ અહીં પણ લગાડીએ તો આત્માની સિદ્ધિ કેમ ન થાય ? જરૂર થાય. માટે તત્ત્વ નિર્ણયમાં ઉપયોગ લગાડવામાં આવે તો સ્વયં મોહનો નાશ થાય જ; અને તેમ થતાં સમ્યક્ત્વાદિરૂપ મોક્ષના ઉપાયનો પુરુષાર્થ બને છે.

ભરતાદિકને બાહ્ય તપ કર્યા વિનાજ મોક્ષની પ્રાપ્તિ થઇ, માટે અનશનાદિ બાહ્ય તપ સર્વ પ્રકારે ત્યાજ્ય છે તેમ માનવું ન જોઇએ. અનશનાદિ બાહ્યતપ શુદ્ધોપયોગની પ્રાપ્તિનું પરંપરા કારણ છે; જો એમ માનવામાં ન આવે તો શ્રી તીર્થંકર દેવ તથા ગણધર દેવ શામાટે તપ કરત ? એકાંતે સાધન કરતાજ મોક્ષ માનવું તે

પણ મિથ્યાત્વ છે. માટે અનેકાંતરૂપ વસ્તુ સ્વરૂપને યથાવત્ વિધિરૂપ માનવું, પણ હઠાગ્રહી ન થવું તેજ મુમુક્ષુઓનું સમ્યક્ત્વ લક્ષણ છે.

નવ પદાર્થોનું સ્વરૂપ

भूतार्थेनाभिगता जीवाजीवौ च पुण्यपापं च ।
आस्रवसंवरनिर्जरा बंधो मोक्षश्च सम्यकत्वम् ॥५२६॥

અર્થ :- ભૂતાર્થ નયથી જાણેલ, જીવ, અજીવ વળી પુણ્ય, પાપ, તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે.

ભાવાર્થ :- જીવ, અજીવ આ બન્ને જુદા જુદા મુખ્ય સ્વતંત્ર તત્ત્વો છે. જીવ તત્ત્વમાં વિકારનું થવું તે વિરૂદ્ધ સ્વભાવવાળા પરદ્રવ્યના સંયોગ વિના બની શકે નહીં, માટે વિકારનું કારણ એવું જે પુદ્ગલ અજીવ તત્ત્વ છે તેના સંયોગથી જીવનું વિકાર-મય પરિણમન થઇ રહ્યું છે. જીવમાં અજીવનું પ્રવેશ થવું, તે આસ્રવ તત્ત્વ છે. પ્રવેશ થતાં બન્નેની મિશ્ર અવસ્થાનું થવું, તે બંધ તત્ત્વ છે તેનાથી દુઃખમય સંસારની ઉત્પત્તિ થાય છે. હવે એવા દુઃખથી છુટવાનો ઉપાય તો તેનાથી વિરૂદ્ધ અબંધ કાર્ય હોય, ત્યારે જ થઇ શકે; અથવા બંધનું કારણ આસ્રવ છે, અને આસ્રવ નિરોધ તે મુક્તિનું પ્રથમ કારણ હોવાથી તેને સંવર તત્ત્વ કહે છે, તેનાથી ભવિષ્ય બંધનો નિરોધ થાય છે. બંધ બળથી છુટવાનું નામ નિર્જરા તત્ત્વ છે; આ તત્ત્વના પ્રયોગથી જીવ અત્યંત શુદ્ધ થઈ જાય છે તેને મોક્ષ તત્ત્વ કહે છે. તેજ

અંતિમ ધ્યેય અથવા સાધ્ય છે, જેને મોક્ષ માર્ગમાં પ્રવેશ કરવો હોય તેને સાત તત્ત્વનું સ્વરૂપ પ્રથમ જાણવું જોઈએ; તેને જાણ્યા વગર મોક્ષનો ઉપાય જીવ કેમ કરશે ? માટે પહેલાં તેના સ્વરૂપને સમ્યક પ્રકારે સમજી તેના ઉપાયમાં લાગી જવું જોઇએ. તો જ જીવ દુઃખમાંથી છુટી સુખમય થઇ શકે છે.

જીવ–અજીવ (પુદ્ગલ) સામાન્ય તત્ત્વો છે અને આસ્રવાદિ પાંચ તત્ત્વો તો જીવ–પુદ્ગલની પર્યાયો છે, તે વિશેષરૂપ તત્ત્વો છે. પાંચ વિશેષ તત્ત્વોમાં પ્રથમ મોક્ષતત્ત્વના સ્વરૂપને ઓળખે, પછી મોક્ષતત્ત્વ હિતકર છે તેમ જાણી તેનો ઉપાય કરે અને મોક્ષનો ઉપાય સંવર નિર્જરા છે તેને ઓળખે. આસ્રવોનો અભાવ થતાં સંવર થાય અને બંધનો અભાવ થતાં નિર્જરા થાય. પણ તે સાત તત્ત્વો જાણ્યા વિના ઉપાય શેનો કરશે ? માટે પ્રથમ સાત તત્ત્વોને યથાર્થ જાણી ઉપાય કરવો તેમાં પુણ્યને મોક્ષ માર્ગ ન માનવો અને સ્વચ્છંદી પાપરૂપ પ્રવૃત્તિનો પ્રથમ ત્યાગ કરવો, એમ નવ તત્ત્વોનું સમ્યક્ શ્રદ્ધાન કરવું યોગ્ય છે.

જીવ-અજીવને ઓળખી પોતાને વા પરને જેમ છે તેમ જાણવા. અને આસ્રવને ઓળખી તેને હેય માનવો, બંધને અહિતરૂપ માનવો, સંવરને ઉપાદેય માનવો, નિર્જરાને હિતકારણ માનવું અને મોક્ષને પોતાનું પરમહિત માનવું. તે પ્રમાણે તત્ત્વ શ્રદ્ધાનનો અભિપ્રાય છે; તેનાથી ઉલટો અભિપ્રાય વિપરીતાભિનિવેશ છે. હવે જે જીવ જિનવચનથી તત્ત્વોની પ્રતીતિ કરે, પરંતુ શરીર આશ્રિતક્રિયામાં અહંકાર વા પુણ્યાશ્રવમાં ઉપાદેયપણું ન છોડે અથવા અભ્યાસ માત્ર તત્ત્વશ્રદ્ધાની હોય પણ અભિપ્રાયમાં

વિપરીતપણું ન છુટે તો તે જીવ મિથ્યાદૃષ્ટિ જ છે, માટે જે તત્ત્વાર્થશ્રદ્ધાન વિપરીતાભિનિવેશ રહિત છે, તે જ સમ્યગ્દર્શન છે.

આત્મ દ્રવ્ય તો શુદ્ધાશુદ્ધ પર્યાય સહિત છે. તેમ શુદ્ધાશુદ્ધ પર્યાય ઓળખ્યા વગર આત્મ દ્રવ્યનું શ્રદ્ધાન થાય નહીં. હવે શુદ્ધાશુદ્ધની ઓળખાણ આસ્રવાદિના શ્રદ્ધાન વિના સ્વ-પરનું શ્રદ્ધાન અથવા માત્ર આત્માનું શ્રદ્ધાન કાંઇ કાર્યકારી નથી. જીવ પોતે છે તે પોતે જ છે અને પર છે તે પર જ છે, એમ સમજી, આસ્રવ બંધનો અભાવ કરી, સંવર નિર્જરારૂપ ઉપાયથી મોક્ષ પદની પ્રાપ્તિ કરે છે. માટે જેને સ્વ-પરનું અથવા આત્માનું સત્ય શ્રદ્ધાન હોય તેનેજ સાત તત્ત્વનું શ્રદ્ધાન અવશ્ય હોય છે. સાતે તત્ત્વાર્થોના શ્રદ્ધાનથી જે, રાગાદિ મટાડવા અર્થે સ્વ-પરને ભિન્ન ભિન્ન ચિંતવે છે, તે જ ભેદવિજ્ઞાન જીવને કાર્યકારી છે. અરિહંતાદિના શ્રદ્ધાન વિના તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યક્ત્વ કદી પણ હોઇ શકે નહીં; અર્થાત્ જેને તત્ત્વાર્થશ્રદ્ધાન હોય છે તેને સાચા અરિહંતાદિકના સ્વરૂપનું યથાર્થ શ્રદ્ધાન અવશ્ય હોય છે.

મોક્ષતત્ત્વ તો અરિહંત સિદ્ધનું જ લક્ષણ છે, તેથી સાચા દેવનું શ્રદ્ધાન થયું. અને સંવર નિર્જરા તો મોક્ષનું કારણ છે; તેના ધારક મુનિરાજ છે, તેથી સાચા ગુરુનું શ્રદ્ધાન થયું; અને રાગાદિ રહિત ભાવનું નામ ધર્મ છે એટલે અહિંસા ધર્મનું શ્રદ્ધાન થયું. એમ સાચા દેવ, ગુરુ, ધર્મનું શ્રદ્ધાન સાત તત્ત્વોમાં ગર્ભિત છે. જ્યારે જીવ તત્ત્વોનો વિચાર કરે, ત્યારે સ્વ-પરનો ભેદવિજ્ઞાનાદિ સહિત કરે; અને આત્મ સ્વરૂપનો

વિચાર કરે, ત્યારે દેવાદિકના સ્વરૂપની સાથે સાથ વિચાર કરે; એ પ્રમાણે જ્ઞાનમાં નાના પ્રકારના વિચાર કરે, પરંતુ શ્રદ્ધાનમાં તો સર્વત્ર પરસ્પર સાપેક્ષપણું જ જાણે. એમ તત્ત્વ વિચાર કરતાં કરતાં જ્યારે મિથ્યાત્વ કર્મના ઉપશમાદિ થાય છે, ત્યારે જીવને વિપરીતાભિનિવેશ રહિતનું જ્ઞાન થતાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, ત્યારે જીવ પોતાના આત્મામાં તો અહંબુદ્ધિ અને શરીરમાં પરબુદ્ધિ એવા યથાર્થ ભાવનું શ્રદ્ધાન જિન વચનાનુસાર પ્રતીતિ પૂર્વક પોતાને પોતારૂપ શ્રદ્ધાન કરે છે.

સાત તત્ત્વોમાં પ્રયોજનભૂત તો મોક્ષતત્ત્વ છે, અને મોક્ષતત્ત્વ છે તેજ આત્મિક સ્વભાવ છે. આત્માને સ્વપરનું શ્રદ્ધાન થાય, ત્યારે જ પોતે પોતાને પરથી ભિન્ન જાણી, પોતાના હિતને અર્થે પોતાનો ઉપાય કરે તથા પોતાથી ભિન્ન પરને જાણે; જાણ્યા વિના સ્વપરનું શ્રદ્ધાન ન થાય અને શ્રદ્ધાન ન થાય ત્યાંસુધી પર્યાયબુદ્ધિથી તે સંસારિક પ્રયોજનનો ઉપાય કરે અને પરદ્રવ્યના ઉપાયમાં રાગ દ્વેષ થયા વિના ન રહે; તેથી સંસાર પણ ન છુટે. આ પ્રમાણે સંસાર અને મોક્ષનું સ્વરૂપ તેના સાધન સાધ્યનું સ્વરૂપ બતાવ્યું; હવે જીવને પોતાનું કલ્યાણ શેમાં છે તેનો વિચાર કરવો જોઈએ.

સમ્યગ્દર્શન થયે જીવનો મોક્ષ થતો નથી, તેમજ સમ્યગ્જ્ઞાન થયે મોક્ષ થતો નથી; પરમાર્થે તો સમ્યક્ચારિત્ર થતાં જ મોક્ષ માર્ગ થાય છે, અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ત્રણે જુદા જુદા મોક્ષ માર્ગ નથી પણ સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની

એકતા તેજ મોક્ષ માર્ગ જાણવો. તેને સાધવા જીવે પુરુષાર્થ કરવો જોઇએ.

ભાવ બંધ મુખ્ય ચાર પ્રકારે છે અને તેના પ્રભેદો સત્તાવન પ્રકારે થાય છે (૫) મિથ્યાત્વ (અતત્ત્વશ્રદ્ધાન) (૧૨) અવિરત (વ્રત પાળવાના અથવા ત્યાગ કરવાના ભાવ ન થવા) (૨૫) કષાય (ક્રોધાદિ ભાવો) અને (૧૫) યોગ (મન, વચન, કાય) એમ મુખ્ય ચારના સત્તાવન પ્રકારે ભાવ બંધ થાય છે. તેના સ્વરૂપને, નિમિત્ત નૈમિત્તિક સ્વરૂપને સમ્યક્‌પ્રકારે જાણવા જોઇએ. વળી દ્રવ્ય-બંધ ચાર પ્રકારે છે. તે પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ બંધરૂપ છે તેના સંયોગ સબંધને પણ જાણવા જરૂરી છે. જેમ સત્તાવન પ્રકારે આસ્રવ બંધના કારણરૂપ છે તેનાથી છુટવાના સત્તાવન હેતુ સંવરના જાણવાથી નિર્જરા થાય છે. અથવા બંધાએલ આત્મા છુટી શકે છે તે સત્તાવન સંવરના હેતુ નીચે પ્રમાણે છે.

પાંચ મહાવ્રત પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દશ ક્ષમાદિ ધર્મ, બાર અનુપ્રેક્ષા અને બાવીસ પરિષહજય એમ સત્તાવન હેતુ સંવરના કહ્યા. તેના સ્વરૂપને સમ્યક્‌ પ્રકારે વ્યવહાર અને નિશ્ચયથી જાણ્યા વગર બંધનથી છુટકારો એકાંત વ્રત તપોથી કોટી-ભવોમાં પણ થઇ શકે નહીં અને એવાજ બંધનને જ્ઞાની ક્ષણ માત્રમાં નાશ કરી શકે છે. અર્થાત જે કર્મ અજ્ઞાની લક્ષ કોટિ ભવો વડે ખપાવે છે તે કર્મ જ્ઞાની ત્રણ પ્રકારે (મન, વચન, કાયથી , ગુપ્ત હોવાને લીધે ઉચ્છ્વાસમાત્રથી ખપાવે છે (જુઓ પ્રવચનસાર ગાથા ૨૩૮, ભગવતી આરાધના ગાથા ૩૪) માટે સમ્ય-જ્ઞાની પ્રાપ્તિ પ્રથમ કાર્યકારી છે અને તે પૂર્વકનું ચારિત્ર માત્ર જીવને

કલ્યાણકારી છે. માટે સમ્યક્નું વિશેષણ સમ્યગ્દર્શનથી મળે છે અને સમ્યગ્દર્શન સાતતત્ત્વોના યથાર્થ શ્રદ્ધાનથી થાય છે માટે તત્ત્વશ્રદ્ધાન તેજ સમ્યગ્દર્શન છે.

સારાંશ :- **સ્વઃ**- તે જ્ઞાનાદિ સ્વરૂપ આત્માનુંજ સ્વરૂપ છે અને **પરઃ** તે રાગાદિ વર્ણાદિ અજીવનું સ્વરૂપ છે. **સંવરઃ** તે રાગાદિ રહિત આત્મ પરિણામ છે. **નિર્જરાઃ** જે ભાવીકર્મ બંધનું કારણ ભાવકર્મ હતું તેનું નિર્જરવું તે નિર્જરા છે **બંધઃ** રાગાદિકનું ફૂલ તે બંધ છે. **આસ્રવઃ** બંધ થવાના હેતુનું આવવું તે આસ્રવ છે. **પુણ્યઃ** મંદરાગાદિને પુણ્ય કહે છે. **પાપઃ** તીવ્ર રાગાદિને પાપ કહે છે. **મોક્ષઃ** સંસાર અવસ્થાનો અભાવ તે મોક્ષ છે. આસ્રવ (પાપ-પુણ્ય) થી બંધ થયો અને સંવર નિર્જરાથી મોક્ષ થયો એમ યથાર્થ શ્રદ્ધાન કરવું તે સમ્યક્ત્વ છે તેનો ધારક તે સમ્યગ્દૃષ્ટિ છે અને તેજ મોક્ષમાર્ગનો સાધક છે. અર્થાત્ અહીંથી મોક્ષમાર્ગ શરૂ થાય છે (વિશેષ વર્ણન સમયસાર, પંચાસ્તિકાય ગ્રંથોથી જાણવું)

વિશેષાર્થઃ-જીવાદિ નવ પદાર્થનું સમ્યગ્જ્ઞાન, તે સમ્યક્ત્વોત્પત્તિનું કારણ હોવાથી સમ્યક્ત્વ કહેવામાં આવેલ છે. નવ પદાર્થોનું યથાર્થ જ્ઞાન થવાથી આત્મામાં સમ્યક્ત્વભાવ વ્યક્ત થાય છે, એવો શ્રી તીર્થંકરે વ્યવહારનયથી જે ઉપદેશ આપેલ છે તે તીર્થ પ્રવૃત્તિ માટે છે આ પ્રમાણે જીવાદિ નવ તત્ત્વોમાં એકત્વને પ્રગટ કરવાવાળી ભૂતાર્થનયથી એકત્વ સિદ્ધ કરીને શુદ્ધરૂપથી પ્રતિષ્ઠાપિત જે આત્મા છે અને જેનું લક્ષણ આત્મ-

ખ્યાતિ છે, તેની અનુભૂતિ થાય છે. અર્થાત્ આત્માનુભૂતિજ ખરેખર સંવર નિર્જરા અને મોક્ષનું કારણ છે.

જો કે ભાવાસ્રવાદિક વૈભાવિકભાવ ભૂતાર્થનયથી આત્માના નથી તોપણ વ્યવહારનયથી અથવા અભૂતાર્થનયથી તે આત્માના જરૂર છે. જો આત્માની સાથે તે ભાવોનો સર્વથા સંબંધ વિચ્છેદ હોય તો તીર્થંકરાદિઓને તીર્થની પ્રવૃત્તિ કરવાની શી જરૂર હતી ? પણ કોઈને કોઇ અપેક્ષાથી વૈભાવિક ભાવોનો આત્મા સાથે સંબંધ હોવાથી તેનો વિનાશ કરવા માટે તીર્થંકરોએ તીર્થ સ્થાપના કરી છે.

ભગવાનનો ઉપદેશ છે કે હે ભવ્ય જીવ ! તારો આત્મા અનાદિ કાળથી કર્મોથી દુઃખિત હોવાથી અને તેના ઉદયથી તારા આત્મામાં વૈભાવિક ભાવ પેદા થાય છે અને તે ભાવોથી આસ્રવ અને બંધ થાય છે જો વૈભાવિક ભાવોને હૃદયમાંથી દૂર કરી શુદ્ધ ભાવોને જ હૃદયમાં સ્થાન આપવામાં આવે તો મોક્ષની પ્રાપ્તિ કોઇ અસાધ્ય ચીજ નથી અથવા પરદ્રવ્યો પરદ્રવ્યોનાભાવો અને તેના નિમિત્તથી થતાં પોતાના વિભાવોથી પોતાના આત્માને ભિન્ન જાણી, તેનો અનુભવ કરે ત્યારે પરદ્રવ્યના ભાવસ્વરૂપ નહિ પરિણમતો આત્મા તે સમયમાં કર્મથી બંધાતો નથી ત્યારે જ જીવની સંસાર નિવૃત્તિ થાય છે.

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય અને પાપ એ નવ તત્ત્વ છે તેમાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ, પુણ્ય અને પાપ એ પદાર્થ છે, જે જીવ અને અજીવના

સંબંધથી અસ્તિરૂપ બની શકે છે એ બન્નેમાંથી જો કોઈ એકનો પણ અભાવ થાય તો તે અસ્તિરૂપ થઈ શકતા નથી.

નિમિત્ત નૈમિત્તિક સંબંધ

૧ પુણ્યરૂપ વૈભાવિકભાવ પ્રાગર્જિત કર્મોદય નિમિત્ત હોવાથી આત્મા વિકાર્ય છે અને પ્રાગર્જિત કર્મ વિકારક છે.

૨ શુભ ભાવોથી કર્મરૂપ પરિણત થવાવાળા પુદ્ગલ પરમાણુ વિકાર્ય છે અને આત્માનો શુભભાવ વિકારક છે.

૩ પૂર્વાર્જિત કર્મોદયજન્ય પાપરૂપ વૈભાવિકભાવ વિકાર્ય છે અને પૂર્વાર્જિત કર્મપરમાણુ વિકારક છે.

૪ અશુભ ભાવોથી કર્મરૂપ પરિણત થવાવાળા પુદ્ગલ પરમાણુ વિકાર્ય છે અને પાપરૂપ વૈભાવિકભાવ વિકારક છે.

૫ પૂર્વાર્જિત કર્મોદયથી જ્યારે આત્મપ્રદેશોનો શુભાશુભરૂપ પરિસ્પંદન થાય છે ત્યારે પૂર્વાર્જિત કર્મ આસ્રવક કહેવામાં આવે છે અને શુભાશુભ પરિણામ આસ્રવ્ય કહેવામાં આવે છે.

૬ શુભાશુભ પરિણામ જ્યારે નવા કર્મ પરમાણુઓનો આસ્રવ કરે છે ત્યારે શુભાશુભ પરિણામ આસ્રવ કહેવામાં આવે છે અને પુદ્ગલ પરમાણુ આસ્રવ્ય કહેવામાં આવે છે.

૭ પૂર્વકર્મોદયથી જ્યારે મિથ્યાત્વાદિરૂપ વૈભાવિકભાવ વ્યક્ત થાય છે ત્યારે પૂર્વકર્મ બંધક અને મિથ્યાત્વાદિરૂપ પરિણામને બંધ્ય કહેવામાં આવે છે.

૮ મિથ્યાત્વાદિ પરિણામોથી આત્મપ્રદેશોમાં જ્યારે પુદ્ગલ પરમાણુઓના પ્રદેશોનો પ્રવેશ થાય છે ત્યારે મિથ્યાત્વાદિ રૂપ પરિણામ બંધક અને પ્રવેશ કરવાવાળા પુદ્ગલ પરમાણુ બંધ્ય કહેવામાં આવે છે.

૯ પૂર્વાર્જિત કર્મોના ક્ષય, ઉપશમ ક્ષયોપશમથી જ્યારે મિથ્યાત્વાદિ વૈભાવિકભાવ રોકાય છે ત્યારે ક્ષીણાદિક અવસ્થાઓને પ્રાપ્ત થવાવાળા કર્મ પરમાણુ સંવારક અને મિથ્યાત્વાદિભાવ સંવાર્ય કહેવામાં આવે છે.

૧૦ જ્યારે અનુપ્રેક્ષાદિરૂપ પરિણામોથી આગામી કર્મપરમાણુ રોકાય છે ત્યારે અનુપ્રેક્ષારૂપ પરિણામ સંવારક અને રોકાવાવાળા કર્મ પરમાણુને સંવાર્ય કહેવામાં આવે છે

૧૧ જે પરિણામોથી કર્મોનો એક દેશ ક્ષય થાય છે તે પરિણામોને નિર્જરક કહે છે. અને એક દેશરૂપથી ક્ષીણ થવાવાળા કર્મ પરમાણુઓને નિર્જર્ય કહે છે.

૧૨ સંપૂર્ણ (બધા) કર્મોના ક્ષયના કારણ ભૂત જે પરિણામ છે તે મોચક કહેવાય છે અને છુટી જવાવાળા કર્મપરમાણુને મોચ્ય કહેવામાં આવે છે.

પૂર્વોકત આસવ્યાસ્રાવકાદિરૂપ જે યુગલ બતાવવામાં આવેલ છે તેના પ્રત્યેક યુગલમાં જીવ અને અજીવ એમ બન્નેનું અસ્તિત્વપણું છે પણ જો એમાંથી જીવ અથવા અજીવ કોઇ એક નો અભાવ થઈ જાય તો આસ્રવાદિકનું ઘટવું (બનવું) અશકય છે.

જીવ અને પુદ્ગલની અનાદિકાળથી ચાલી આવતી બંધ પર્યાય છે તેની મુખ્યતાથી જ્યારે તેમાં એકત્વનો અનુભવ કરવામાં આવે છે ત્યારે તે જીવાદિ નવ પદાર્થ બાહ્યદૃષ્ટિથી ભૂતાર્થ છે. પણ જ્યારે શુદ્ધ જીવ દ્રવ્યના સ્વભાવની મુખ્યતાથી અનુભવ કરવામાં આવે ત્યારે તે અભૂતાર્થ–અસત્યાર્થ છે. શુદ્ધ નયની દૃષ્ટિથી તેનો આત્માની સાથે કોઇ સંબંધ નથી, તેથી તે નવ-તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ માત્રજ પ્રગટ થાય છે; અર્થાત્ તે તત્ત્વોની પ્રતીતિમાં ભૂતાર્થનયથી માત્ર શુદ્ધ જીવની યથાર્થ પ્રતીતિ થવાથી સમ્યક્ત્વ થાય છે.

શુભાશુભ પરિણામરૂપ પુણ્ય, પાપ, ભાવાસ્રવ ભાવબંધ, ભાવસંવર, ભાવનિર્જરા અને ભાવમોક્ષ તે માત્ર જીવના વિકાર છે અને પુણ્ય પાપ નામના શુભાશુભ પરમાણુ, દ્રવ્યાસ્રવ, દ્રવ્યબંધ, દ્રવ્યસંવર, દ્રવ્યનિર્જરા અને દ્રવ્યમોક્ષ તે માત્ર અજીવરૂપ વિકાર હેતુ છે અર્થાત્ આ અજીવરૂપ હેતુ જીવના વિકારનું કારણ છે. જીવાદિ નવ પદાર્થને જીવ દ્રવ્યની પર્યાય કહેવામાં આવે છે તેમજ અજીવ દ્રવ્યની પણ કહેવામાં આવે છે. જીવ દ્રવ્યની પર્યાયની મુખ્યતાથી જોવામાં આવે તો પુણ્ય પાપાદિ પરિણામો જીવના જીવરૂપ સ્વપ્રત્યયજન્ય છે અને અજીવની કર્મરૂપ પર્યાયની મુખ્યતાથી જોવામાં આવે તો સંસારરૂપ પર્યાય અવસ્થા સત્યાર્થ છે–ભૂતાર્થ છે અને શુદ્ધ જીવ, અને શુદ્ધ પુદ્ગલના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો નવ પદાર્થ અસત્યાર્થ છે–અભૂતાર્થ છે. એ પ્રમાણે પર્યાય સ્વપ્રત્યય અને પરપ્રત્યય પરિણમનરૂપ નવ પદાર્થોના યથાર્થ જ્ઞાનથી શુદ્ધાત્માની અનુભૂતિ થવાથી સમ્યક્ત્વ

ઉત્પન્ન થાય છે. જો કે નવ પદાર્થ તીર્થ પ્રવૃત્તિ માટે પ્રાથમિક શિષ્યની અપેક્ષાથી ભૂતાર્થ - સત્યાર્થ છે પણ જેમને શુદ્ધ જ્ઞાયક ભાવનો અનુભવ થયો છે. એવા નિર્વિકલ્પ સમાધિમાં નવ પદાર્થોમાંથી નિશ્ચયનયે એક શુદ્ધ આત્મા જ અનુભવમાં આવે છે. ત્યારે પ્રમાણ, નય અને નિક્ષેપાદિનો અભાવ થઈ જાય છે. તે સિવાય વધારે શું કહીએ ! અદ્વૈત અવસ્થામાં દ્વૈત જ પ્રતિભાસતું નથી.

દૃષ્ટાંતઃ– જમીનમાંથી નીકળેલ સુવર્ણ પાષાણમાં કાલીમા (માટી) જો કે અનાદિની મળેલ છે છતાં પણ સોનાએ પોતાના સ્વભાવને કદી છોડયો નથી. તેનું શુદ્ધ સ્વરૂપ વર્તમાન કાલીમાંથી અવશ્ય ઢંકાઇ ગયું છે તેમ છતાં પોતે સુવર્ણભાવને છોડી કદી પણ માટીરૂપે થયું નથી. એ પ્રમાણે અનાદિ કાળથી કર્મરૂપી કાલીમાંથી આત્મા મળેલ છે છતાં પણ પોતાના ચૈતન્ય સ્વભાવને છોડી કદી પણ જડત્વભાવે પરિણમ્યો નથી માત્ર તેનું જ્ઞાતા સ્વરૂપ વર્તમાન માટીને લીધે અવશ્ય ઢંકાઇ ગયું છે. જેમ સોનાની શુદ્ધિ થવામાં સોનાના ઘણા વર્ણો થાય છે તે વર્ણોમાં શુદ્ધ સોનું અંતર્ભૂત છે. જેમ જેમ સોનું તપતું જાય છે તેમ તેમ તે શુદ્ધ થતું જાય છે અને અંતના તાપમાં તે સુવર્ણ કીટી (માટી) માંથી બહાર નીકળી જાય છે તે પ્રમાણે આત્મા પણ કર્મથી તેના સાધનદ્વારા ભિન્ન કરી શકાય છે તેમ જાણવું

સાત તત્ત્વોના શ્રદ્ધાનમાં રહી જતી ભૂલ

જીવાજીવતત્ત્વમાં ભૂલ

વિવેચનઃ–દાન, પૂજા, ઉપદેશ, ઉપવાસાદિ ક્રિયાઓ કે જે

શરીરાશ્રિત છે તેમાં પોતાપણું માને અથવા તે ક્રિયાનો સ્વામી થાય તો એવી પુદ્ગલાશ્રિત ક્રિયાથી, આત્માશ્રિત જ્ઞાનાદિ ક્રિયાનું ભિન્નપણું ન ભાસ્યું તો વર્ણાદિમાં અહંબુદ્ધિ થઈ અને જડ ક્રિયાના કર્તાપણાનો અભિપ્રાય ન મટયો તેથી મિથ્યા શ્રદ્ધાન રહ્યું. જ્યારે શ્રદ્ધાનમાં તો પરનો અંશ પણ પોતાનામાં ન મેળવે અને પોતાના અંશ પરમાં કિંચિત્ માત્ર ન મેળવે એવા સાચા શ્રદ્ધાન વિના સૂક્ષ્મ મિથ્યાત્વ છુટતું નથી. કિંચિત્ માત્ર પરમાણુનો શ્રદ્ધાનમાં સ્વામિત્વ ભાવ ન હોય અને જે ભાવથી તીર્થંકર પ્રકૃતિ બંધાય તે રાગ ભાવ પ્રત્યે પણ ઉપાદેય બુદ્ધિ શ્રદ્ધાનમાં ન હોય, પરદ્રવ્યો અને પરદ્રવ્યોના ભાવોથી ભિન્ન અર્થાત્ નોકર્મ (બદ્ધ-અબદ્ધ દ્રવ્યકર્મ, ભાવકર્મથી રહિત આદિ, સાદ, અંત વિનાનો બંધ મોક્ષની પર્યાયના વિકલ્પ વિનાનો, નિરાવરણ, આનંદનો દાતા પરમ પંચમ ભાવજ હું છું એવા અંતરંગ શ્રદ્ધાનથી પ્રગટ થએલી જ્ઞાનજ્યોતિ તેજ સમ્યગ્દર્શનની સહચરણી સખી ઉપાદેય છે.

જીવ પુદ્ગલના પરસ્પર નિમિત્તથી અનેક ક્રિયાઓ થાય છે તે સર્વને બે દ્રવ્યોના મેળાપથી ઉપજી માને છે પણ જીવની ક્રિયામાં પુદ્ગલ નિમિત્ત છે અને પુદ્ગલની ક્રિયામાં જીવ નિમિત્ત છે એમ ભિન્ન ભિન્ન ભાવ ભાસતો નથી ત્યાંસુધી જીવ, અજીવનો સાચો શ્રદ્ધાની કહી શકાય નહીં જ્યારે પૂર્વોક્ત પ્રકારે જાણપણું થાય ત્યારે જીવ-અજીવ પદાર્થનું ભિન્ન જાણપણું થયું ત્યારે જ નિશ્ચય શ્રદ્ધાની થયો કહેવાય.

આસ્રવતત્ત્વમાં ભૂલ

શુભાશુભ બન્ને ક્રિયા આસ્રવબંધના કારણભૂત હોવાથી ઉપાદેય નથી એમ શ્રદ્ધાન કર્યા પછી અશુભ ભાવરૂપ પાપ ક્રિયાનો ત્યાગ કરી શુભ ભાવરૂપ પુણ્ય ક્રિયામાં પ્રશસ્ત રાગ-રૂપ પ્રવૃત્તિ કરવી પણ શ્રદ્ધાનમાં તો વીતરાગ થઈ જ્ઞાતા દ્રષ્ટા રૂપ પ્રવૃત્તિ થશે ત્યારેજ નિર્બંધ થઇશ એવી ઉપાદેય બુદ્ધિ સદા રાખવી હવે જો શુભ ક્રિયામાં ઉપાદેય બુદ્ધિ શ્રદ્ધાનમાં રાખે અને તેને જ મોક્ષ માર્ગ જાણે તો મિથ્યાત્વ રહેતાં મિથ્યાદૃષ્ટિપણું રહ્યું અર્થાત બંધ તત્ત્વમાંજ ઉપાદેયપણું થતાં મિથ્યાદૃષ્ટિપણું રહ્યું. મિથ્યાત્વ, અવિરત, કષાય, અને યોગ એ આસ્રવના ભેદ છે તેને બાહ્યરૂપથી જાણે પણ અંતરંગમાં એ ભાવોની જાતિને ન જાણે જેમકેઃ– અન્ય દેવાદિકસેવનરૂપ ગ્રહીત મિથ્યાત્વને તો મિથ્યાત્વ જાણે પણ અંતરંગ અભિપ્રાયમાં મિથ્યાત્વ રાગાદિ ભાવરૂપ અગ્રહીત મિથ્યાત્વ છે તેને ન જાણે. બાહ્ય ત્રસ:સ્થાવર જીવની હિંસા વા ઈન્દ્રિય મનના વિષયમાં પ્રવૃત્તિને અવિરતિ માને, પણ હિંસામાં પ્રમાદ પરિણતિ તથા વિષય સેવનમાં અભિલાષા મૂળ છે તેને ન જાણે બાહ્યક્રોધાદિ કરવો તેને કષાય જાણે પણ અભિપ્રાયમાં રાગદ્વેષ રહે તેને ન જાણે. તથા મન, વચન, કાયની બાહ્યચેષ્ટા થાય તેને યોગ જાણે પણ અંતરંગમાં પર્યાપ્તનામા, નામ કર્મના ઉદયથી થતો યોગ શકિતનો કંપનરૂપ યોગ તેને ન જાણે જીવ બાહ્યક્રિયા વા બાહ્ય નિમિત્ત મટાડવાનો ઉપાય કરે પણ એ મટવાથી કાંઇ આસ્રવ મટતા નથી. રાગદ્વેષ મોહરૂપ આસ્રવભાવ મટતાં આસ્રવ રોકાય છે તેને જેની ચિંતા નથી તે ચારે પ્રકારના આસ્રવોનો સ્વામી

મિથ્યાદૃષ્ટિ રહે છે. માટે આસ્રવ તત્ત્વનું પૂર્વોકત પ્રકારે યથાર્થ સ્વરૂપ સમજી સાચું શ્રદ્ધાન કરવું જેથી આસ્રવભાવ રોકાય છે.

બંધતત્ત્વમાં ભૂલ

જીવને અશુભભાવો વડે નરકાદિરૂપ પાપબંધ થાય છે અને શુભભાવો વડે દેવાદિરૂપ પુણ્યબંધ થાય છે તેમાં પાપ બંધથી મળતી સુખ સામગ્રીને બુરી જાણી દ્વેષ કરે છે અને પુણ્ય બંધથી મળતી સુખ સામગ્રીને સારી માની રાગ કરે છે તેથી તે જીવ વર્તમાન પર્યાયની સામગ્રીમાં સુખ દુઃખની માન્યતાથી જેમ રાગી દ્વેષી થયો છે તેમ તે ભાવી પર્યાયની સામગ્રીમાં પણ સુખ દુઃખની કલ્પનાથી રાગદ્વષનો શ્રદ્ધાની થાય છે. વળી શુભાશુભ ભાવો વડે પુણ્ય પાપના રસ તો અઘાતિઆમાં પડે છે પણ અઘાતિયા કર્મો આત્મ ગુણના ઘાતક નથી. શુભાશુભ ભાવોમાં ઘાતિકર્મોનો બંધ નિરંતર પડે છે અને ઘાતિકર્મ આત્મગુણના ઘાતક છે માટે શુભ કે અશુભ કોઇ પણ ભાવ આત્મગુણનો ઘાતક હોવાથી આત્માને કલ્યાણકારી નથી તેમ શ્રદ્ધાનમાં લાવી અશુભથી બચવા શુભને હેય બુદ્ધિથી અપનાવી શુદ્ધ ભાવની જ ભાવના ભાવવી યોગ્ય છે અર્થાત્ શુદ્ધ ભાવજ માત્ર ઉપાદેય છે એવું શ્રદ્ધાન ન થતાં બંધ તત્ત્વમાં મિથ્યા શ્રદ્ધાન રહી જાય છે માટે યથાર્થ શ્રદ્ધાન કરવું જેથી બંધ તત્ત્વમાં ઉપાદેય બુદ્ધિનો નાશ થતાં બંધ તત્ત્વનું યથાર્થ શ્રદ્ધાન થાય.

સંવરતત્ત્વમાં ભૂલ

શુભાશુભ ભાવોથી સત્તાવન પ્રકારે આસ્રવ માનવામાં

આવેલ છે જેમકે :– મિથ્યાત્વના પાંચ, અવિરતિના બાર, કષાયના પચીસ અને યોગના પંદર મળી સત્તાવન આસ્રવ થયા તેને સિદ્ધાંતમાં સત્તાવન પ્રકારના ચારિત્ર વડે સંવર થાય છે તેમ લખ્યું છે જેમકે : પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ ક્ષમાદિદશ ધર્મ, બાર અનુપ્રેક્ષા અને બાવીશ પરીષહજય એમ સત્તાવન પ્રકાર સંવરના કહ્યા પણ તેમાં કયા પ્રકારે શ્રદ્ધાનમાં સ્થૂલ તથા સૂક્ષ્મ મિથ્યાત્વ રહી જવા પામે છે તે કહું છું.

અહિંસાદિરૂપ શુભાસ્રવ ભાવને સ્થૂલ મિથ્યાત્વથી સંવર માને છે પરંતુ એકજ કારણથી પુણ્ય બંધ માનીએ તથા સંવર પણ માનીએ તે કેમ બને ?

શંકાકાર :– મુનિને એકજ ભાવમાં બંધ અને સંવર નિર્જરા થાય છે એવું આગમ વચન છે તો આસ્રવમાં બન્ને કાર્યો એકજ ભાવમાં એક કાળમાં થવામાં શું વાંધો ?

ઉત્તર :– એકજ મિશ્રભાવમાં બન્ને કાર્યો તો બની શકે જેમકે: જેટલા અંશમાં વીતરાગતા છે તેટલો તો સંવર થાય છે અને જેટલા અંશમાં રાગ છે તેટલો બંધ થાય છે તેમાં કોઈ વિરોધ નથી કારણ સરાગતાના અભાવમાં જેટલી વીતરાગતા થઇ તેટલા બંધથી તો છુટયો અને જેટલો અંશ સરાગતાનો રહ્યો તેટલો બંધાએલ કહ્યો તે તો પ્રત્યક્ષ પાણી અને દુધના દૃષ્ટાંતથી જાણી શકાય છે. જેમકે:

દૃષ્ટાંત :– જેટલુ પાણી બળે છે તેટલુ દુધ (એક સમયમાં) પિંડરૂપ થતું જાય છે. જેટલું પિંડરૂપ થતું જાય છે તેટલી તો

વીતરાગતા છે અને જેટલુ પ્રવાહી છે તેટલી સરાગતા છે તેમાં કોઇ દોષ પ્રત્યક્ષમાં પણ જણાતો નથી. મિશ્ર ભાવમાં સરાગતા અને વીતરાગતાનું પિછાન માત્ર સમ્યગ્દૃષ્ટિને જ હોય છે. તે સરાગ ભાવને હેયરૂપ અને વીતરાગભાવને ઉપાદેયરૂપ માને છે પણ મિથ્યાદૃષ્ટિ સરાગ ભાવ (પ્રશસ્તરાગ) ને સંવરના ભ્રમથી ઉપાદેય માને છે તેથી એક પ્રશસ્ત રાગથીજ પુણ્યાસ્રવ માનવો અને સંવર પણ માનવો તે ભ્રમરૂપી મિથ્યા શ્રદ્ધાનને સ્થૂલ મિથ્યાત્વ કહેવાય છે.

૧ હિંસાદિ સાવધયોગના ત્યાગને ચારિત્ર માને છે. અને મહાવ્રતાદિરૂપ શુભોપયોગને ઉપાદેય પણાથી અડુણુરૂપ માને છે. તત્ત્વાર્થસૂત્રમાં મહાવ્રત, અણુવ્રતને આસ્રવ કહ્યાં છે તો તે ઉપાદેય કેવી રીતે હોય શકે? આસ્રવ તો બંધનું સાધક છે અને ચારિત્ર મોક્ષનું સાધક છે. મહાવ્રતાદિક થતાંજ વીતરાગ-ચારિત્ર થાય છે એવો સંબંધ હોવાથી મહાવ્રતાદિકને ઉપચારથી ચારિત્ર કહ્યું છે પણ નિશ્ચયે તો નિષ્કષાય ભાવજ ખરેખર ચારિત્ર છે. તેથી મહાવ્રતાદિક રૂપ આસ્રવભાવને ચારિત્રપણું સંભવતું નથી તે તો ચારિત્ર મોહનીયના દેશઘાતિ સ્પર્દ્ધકોના ઉદયથી જે મહામંદ પ્રશસ્તરાગ થયો છે તે તો ચારિત્રનો મળ છે તે મંદકષાયરૂપ મળમાં મહાવ્રતાદિ ચારિત્ર પાળે છે તેને ચારિત્ર કેમ કહેવાય? નજ કહેવાય. સર્વ કષાય રહિત ઉદાસીન ભાવ છે તેનું નામજ ચારિત્ર છે તેવું તો તેને જ્ઞાન નથી તેથી તે સૂક્ષ્મ મિથ્યાત્વ છે એમ જાણવું.

૨ મન વચન કાયાની બાહ્યચેષ્ટા મટાડે, પાપચિંતવન ન કરે, મૌન ધારણ કરે તથા ગમનાદિ ન કરે તેને ગુપ્તિ માને છે. હવે મનમાં ભક્તિ આદિરૂપ પ્રશસ્ત રાગાદિરૂપ નાના પ્રકારના વિકલ્પો થાય છે અને વચન કાયની ચેષ્ટા રોકી રાખે છે પણ એ તો શુભ પ્રવૃત્તિ છે. હવે પ્રવૃત્તિમાં તો ગુપ્તિપણું બને નહીં વીતરાગ ભાવ થતાં જ્યાં મન વચન કાયની ચેષ્ટા થાય નહિ એજ ખરેખર ગુપ્તિ છે તેનું તો તેને જ્ઞાન નથી તેથી તે સૂક્ષ્મ મિથ્યાત્વ છે.

૩ પરજીવોની રક્ષા અર્થે યત્નાચાર પૂર્વક પ્રવૃત્તિને સમિતિ માને છે. હવે રક્ષારૂપ પરિણામોથી જો સંવર થાય તો પુણ્ય બંધના કારણ કયા ઠરશે? માટે તે સંવરનું કારણ નથી પણ મુનિને કિંચિત્ રાગ થતાં ગમનાદિ ક્રિયા થાય છે, ત્યાં તે ક્રિયાઓમાં અતિ આસકતતાના અભાવથી પ્રમાદરૂપ પ્રવૃત્તિ થતી નથી, તથા બીજા જીવોને દુઃખી કરી પોતાનું ગમનાદિ પ્રયોજન સાધતા નથી તેથી તેમનાથી સ્વયં દયા પળાય છે તેથી તે ખરેખર સમિતિ છે.

૪ સ્વર્ગ, મોક્ષના લોભથી વા બંધાદિના ભયથી ક્રોધાદિક કરતો નથી પણ ત્યાં ક્રોધાદિક કરવાનો અભિપ્રાય તો ગયો નથી તેથી તે ક્રોધાદિકનો ત્યાગી નથી. જીવને પદાર્થ ઈષ્ટાનિષ્ટ ભાસતાં ક્રોધાદિ થાય છે પણ જ્યારે તત્ત્વજ્ઞાનના અભ્યાસથી ઇષ્ટાનિષ્ટ પદાર્થ જણાતા નથી તો ક્રોધાદિક પણ ઉપજતા નથી તે જ યથાર્થમાં ક્ષમાદિ ધર્મ છે.

૫ પહેલાં શરીરાદિ પ્રત્યે રાગ હતો પણ પાછળથી તેના અનિત્યાદિ અવગુણ સમજી ઉદાસીન થયો પણ એ ઉદાસીનતા તો દ્વેષરૂપ છે. માટે શરીરાદિકના સ્વભાવને જાણી, ભ્રમને છોડી, ભલાં જાણી રાગ ન કરે અને બૂરા જાણી દ્વેષ ન કરે એવી જે ઉદાસીનતા છે તેજ ખરેખર અનુપ્રેક્ષા છે.

૬ ક્ષુધાદિ લાગતાં તેના નાશનો ઉપાય ન કરે અને અંતરંગમાં ક્ષુધાદિથી દુઃખી થાય, વા રતિ આદિના કારણોથી સુખી થાય, તો એ સુખદુઃખના પરિણામ તો આર્ત–રૌદ્રધ્યાન છે તેનાથી સંવર કેમ થાય? પણ દુઃખના કારણો મળતાં દુઃખી ન થાય, સુખના કારણો મળતાં સુખી ન થાય પણ જ્ઞેયરૂપથી તેનો જાણવાવાળો જ રહે તોજ સાચો પરીષહજય છે તેનાથી સંવર થાય અથવા રાગાદિ ન થવા તેજ સંવર છે.

નિર્જરા તત્ત્વમાં ભૂલ

અનશનાદિ બાર તપમાં અગિઆર તપ તો બાહ્ય તપ છે અને એક ધ્યાન જ અંતરંગ તપ છે. જે તપ બાહ્ય પ્રવૃત્તિરૂપ છે તે બધા બાહ્ય સાધન હોવાથી અંતરંગ તપ નથી, પરંતુ એવું બાહ્ય પ્રવર્તન થતાં જે અંતરંગ પરિણામોની શુદ્ધતા થાય છે તેનું નામ અંતરંગ તપ જાણવું. બાહ્ય તપ તો શુદ્ધોપયોગ વધારવા અર્થે કરવામાં આવે છે અને શુદ્ધોપયોગ જ નિર્જરાનું કારણ છે તેથી બાહ્ય તપને ઉપચારથી નિર્જરાનું કારણ કહ્યું છે. પણ એવા અંતરંગ તપનું જ્ઞાન ન હોય તો કેવળ બાહ્ય તપ

કરવાથી પણ નિર્જરા થતી નથી. સુભાષિત રત્ન સંદોહમાં આચાર્યે કહ્યું છે કે, કષાય, વિષય અને આહારનો ત્યાગ કરવામાં આવે તેને ઉપવાસ જાણવો માત્ર અન્નનો ત્યાગ કરે અને પરિણામને ન જાણે તો તે તપ નથી પણ લાંઘન છે.

ભૂખ તરસાદિ સહન કરવા તેને તપ સંજ્ઞા મળતી હોય તો તિર્યંચ નારકીઓને પણ તપ થવો જોઈએ પણ તેમ તો થતું નથી માટે શુભ-અશુભ ઈચ્છા કે જે બંધના કારણભૂત છે તે મટતાં શુદ્ધોપયોગરૂપ-શુદ્ધ પરિણામ જ નિર્જરાનું કારણ છે તેથી તપ વડે નિર્જરા થઈ એમ કહ્યું છે. જ્ઞાની પુરુષને ઉપવાસાદિથી શુદ્ધોપયોગ વધે છે તેથી તેઓ ઉપવાસાદિક કરે છે પણ જો ઉપવાસાદિથી શરીરની વા પરિણામની શિથિલતા વડે શુદ્ધોપયોગની શિથિલતા દેખે તો આહારાદિ ગ્રહણ કરે છે માટે બાહ્ય સાધન વડે વીતરાગ શુદ્ધોપયોગનો અભ્યાસ કરવો.

ઈચ્છા રહિત ભૂખ તૃષાદિ સહન કરતાં જો મંદ કષાયરૂપ ભાવ હોય તો પાપની નિર્જરા અને દેવાદિ પુણ્યનો બંધ થાય, પણ જો ભૂખ પ્યાસાદિનું કષ્ટ સહન કરતાં તીવ્ર કષાયમાં પુણ્યબંધ થાય તો બધા તિર્યંચાદિક દેવ થાય પણ તેમ તો થાય નહીં બાહ્ય સાધન કરતા અંતરંગ પરિણામમાં તપની શુદ્ધિ થાય તો જ ઉપચારથી તેને તપ કહીએ પણ બાહ્ય તપ કરે અને અંતરંગ પરિણામમાં શાંતિ ન હોય તો તેને તપ સંજ્ઞા પણ નથી. ધર્મબુદ્ધિથી આહારાદિકનો અનુરાગ છોડે તો જેટલો રાગ છુટયો તેટલો પુણ્યબંધ થયો પણ તેનાથી નિર્જરા માની સંતુષ્ટ ન થવું.

અંતરંગ કષાય શકિત ઘટતાં જેટલા અંશમાં વિશુદ્ધતાનો અંશ થયો તેનાથી તો નિર્જરા છે અને જેટલા અંશમાં શુભભાવ છે તેટલા અંશમાં બંધ થાય છે એવો મિશ્રભાવ જ્યાં યુગપત્ હોય છે ત્યાં બંધ અને નિર્જરા બન્ને હોય છે. ચોથા ગુણસ્થાનમાં કોઈ પોતાના સ્વરૂપનું ચિંતવન કરે છતાં તેને આસ્રવ બંધ વધારે છે પણ તેને ગુણશ્રેણી નિર્જરા નથી. પાંચમાં ગુણસ્થાનમાં આહાર, વિહારાદિ વા પ્રાયશ્ચિત તપ આદિ ક્રિયા થતાં પરદ્રવ્ય ચિંતવનથી પણ આસ્રવ બંધ થોડો છે અને ગુણશ્રેણિ નિર્જરા થયા કરે છે. માટે બાહ્ય પ્રવૃત્તિ અનુસાર નિર્જરા નથી વા સ્વદ્રવ્ય, પરદ્રવ્યના ચિંતવનથી નિર્જરા નથી પણ રાગાદિ ઘટતાં નિર્જરા છે અને રાગાદિ થતાં બંધ છે જેને રાગાદિના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન નથી તે નિર્જરાનું સ્વરૂપ અન્યથા માને છે શુભ વા શુદ્ધભાવોથી પાપ પ્રકૃત્તિઓના પરમાણુ પલટિ શુભ-પ્રકૃત્તિરૂપ થાય એવું સંક્રમણ થાય છે પણ શુદ્ધોપયોગથી પુણ્ય પ્રકૃત્તિઓમાં અનુભાગનું ઘટવું થતું નથી.

મોક્ષતત્ત્વમાં ભૂલ

સિદ્ધ શિલામાં રહેવું તેને મોક્ષ માને છે. અથવા જન્મ, જરા, મરણ, રોગ, કલેશાદિ દુઃખોથી છુટવું તેને મોક્ષનું સુખ માને છે. અથવા ત્રૈલોકય પૂજ્ય થવું અથવા લોકાલોકને જાણવું તેને મોક્ષ માને છે. અથવા સ્વર્ગ લોકથી અનંતગણું મોક્ષમાં સુખ છે એવા ગુણાકારથી મોક્ષ સુખની એક જાતિ માને છે. પણ કર્મ નિમિત્તથી આત્માને ઔપાધિકભાવ હતા તેનો અભાવ થતાં પોતે શુદ્ધ સ્વભાવરૂપ કેવળ આત્મા થયો તેજ મારો મોક્ષ છે તેમ

જાણતો નથી. આત્મા અશુદ્ધાવસ્થામાં દુઃખી હતો તેનો અભાવ થવાથી નિરાકુળ લક્ષણ અનંત સુખની પ્રાપ્તિ થઈ તેજ વીતરાગ ભાવ માત્ર મારા મોક્ષ સુખનું કારણ છે એ ભાવ તેને ભાસતો નથી તેથી તેને મોક્ષ તત્ત્વનું સાચું શ્રદ્ધાન નથી.

પોતાના ગુણ પર્યાયોમાં વ્યાપ્ત પૂર્ણજ્ઞાનમય એક નિશ્ચલ સ્વભાવમાં સ્થિત એવા આત્માને સર્વ અન્ય દ્રવ્યો અને અન્ય દ્રવ્યોના ભાવોથી ભિન્ન શ્રદ્ધવો, જાણવો અને અનુભવવો તેજ સમ્યગ્દર્શન છે. તે (સમ્યગ્દર્શન) જેવડો આત્મા છે તેવડું સમ્યગ્દર્શન આત્મ દ્રવ્યમાં સર્વાંગ છે તેનાથી ન નાનો છે ન મોટો છે અર્થાત્ જેવડો આત્મા છે તેવડું જ સમ્યગ્દર્શન છે તેજ આત્મા છે તેજ આત્મસ્વભાવ છે. તે સમ્યગ્દર્શન પ્રકાશ થતાંજ ભવ્ય જીવનો ઉદ્વેશ (અભિપ્રાય) બદલી જાય છે. તે પહેલા પરાધીન સંસારિક સુખમાં સુખ માનતો હતો તે હવે સ્વાધીન આત્મ સુખમાં સુખ માનતો થઇ જાય છે. પહેલા તેની ભાવના સંસારની રાગદ્વેષ જાલમાં ફસી હતી તેની હવે મુકિત તરફ ભાવના થઇ જાય છે અને વીતરાગ તેનું આભૂષણ બની જાય છે. તે અંતરંગથી નિશ્ચયે જાણે છે કે મારો આત્મા તેજ મારૂં સર્વસ્વ છે અને જ્ઞાન, દર્શન સુખ વીર્યાદિ ગુણજ મારી સમ્પત્તિ છે તેથી તે પોતાના આત્મગુણોના વિલાસમાં તૃપ્ત રહે છે

સમ્યગ્દૃષ્ટિ આત્મા સંસાર, શરીર, અને ભોગોથી અત્યંત ઉદાસીન રહે છે તે જાણે છે કે મારો સંબંધ અન્ય કોઇ પણ આત્મા સાથે અથવા કોઇ અન્ય પરદ્રવ્યો સાથે કિંચિત માત્ર નથી એક પરમાણુ માત્ર પણ મારૂં નથી. સંશય, વિભ્રમ અને

વિમોહથી જે અનાત્મમાંર સિકતા હતી તે તેને આત્મમાં રસિકતા જાગ્રત થઇ જાય છે તે આધ્યાત્મિક આનંદનો સાચો પ્રેમી અથવા આશકત થઇ જાય છે તેના આનંદમાં ત્રણ લોકની સમ્પદા તુચ્છ જણાય છે. સમ્યગ્દૃષ્ટિને આઠ ગુણ તથા આઠ અંગ પ્રગટ થવાથી તે કોઇનું દુઃખ જોઇ શકતો નથી તે બીજાનું કષ્ટ નિવારણ કરવા પૂર્ણ ઉધમ કરે છે અને તે કાર્ય પૂર્ણ થયા વિના તેને ચેન પડતું નથી એવો તેનો સહજ સ્વભાવજ થઇ જાય છે. તેના આઠ ગુણ અને આઠ અંગનું સંક્ષેપમાં હવે હું સ્વરૂપ કહું છું.

સમ્યગ્દૃષ્ટિના ગુણોના નામ

तत्राद्यः प्रशमो नाम संवेगश्च गुणक्रमात् ।
अनुकम्पा तथास्तिक्यं वक्ष्ये तल्लक्षणं यथा ॥५२८॥

અર્થઃ- સમ્યગ્દૃષ્ટિનો પહેલો ગુણ પ્રશમ છે બીજો સંવેગ, ત્રીજો અનુકંપા અને ચોથો આસ્તિકય છે. એ ચારેના લક્ષણ ક્રમથી કહે છે.

ભાવાર્થઃ-

અનંતાનુબંધી કષાયના ઉદયનો અભાવ તે પ્રશમ છે અથવા પાંચ ઇન્દ્રિય સંબંધી વિષયોમાં અને અસંખ્યાત લોક પ્રમાણ ક્રોધાદિ ભાવોમાં સ્વભાવથી જ મનની શિથિલતા થવી તેને પ્રશમ ગુણ કહે છે. જે જીવોએ પોતાની સાથે કોઇ નવીન અપરાધ કરેલ હોય તે જીવના વિષયમાં કદી પણ મારવા આદિનો ભાવ ન થવો અથવા અપરાધી જીવોથી વૈર લેવાનો ભાવ ન થતાં ક્ષમા ભાવનું થવું તે પ્રશમ ગુણ છે.

આત્માનો ધર્મ અને ધર્મના ફળમાં પૂર્ણરૂપથી ઉત્સાહનું થવું તે સંવેગ છે અને સમાન ધર્મિઓમાં અનુરાગ અથવા પાંચે પરમેષ્ટિઓમાં પ્રેમ થવો તેને સંવેગ કહે છે. સમ્પૂર્ણ અભિલાષાઓનો ત્યાગ થવો અથવા સંસાર ભાવથી વૈરાગ્ય ધારણ કરવો તેનું નામ ધર્મ છે. અતીન્દ્રિય, અવિનાશી, ક્ષાયક સુખજ ધર્મનું ફલ છે અને શુદ્ધાત્માનો અનુભવ થવો તેજ ધર્મ છે. અથવા સમ્યક્ત્વ સ્વરૂપ આત્મા જ ધર્મ છે.

સંપૂર્ણ પ્રાણીઓમાં ઉપકાર બુદ્ધિ રાખવી તેને અનુકંપા કહે છે. સંપૂર્ણ જીવોમાં મૈત્રીભાવ રાખવો, દ્વેષ બુદ્ધિને છોડી મધ્યમવૃત્તિ ધારણ કરવી અથવા શત્રુતા છોડી દઇ બધા જીવોમાં શલ્ય રહિત થઇ જવું તેને અનુકંપા કહે છે. બધા જીવો પ્રત્યે દયા થવાનું મૂળ કારણતો દર્શનમોહનીય કર્મના ઉદયનો અભાવ છે તેથી તેને કોઇ દુશ્મન જણાતો નથી તેનું કારણ એ છે કે મિથ્યાદર્શનમાં જ્ઞાન પણ મિથ્યારૂપ હોય છે અને મિથ્યાજ્ઞાનમાં વૈરભાવ હોય છે. સમ્યગ્દર્શન થતાં જ્ઞાન સમ્યક્ને પ્રાપ્ત થાય છે તેથી વૈરભાવ થતો નથી. અનુકંપા બે પ્રકારની છે એક પરાનુકમ્પા બીજી સ્વાનુકમ્પા છે. બધા જીવોમાં સમતા ભાવ ધારણ કરવો તે પરાનુકમ્પા છે અને કાંટાની માફક ચુંભવાવાળા શલ્યનું છુટી જવું તે સ્વાનુકમ્પા છે તે જ બરોબર પ્રધાન અનુકંપા છે.

સ્વત : સિદ્ધ તત્ત્વોના સ્વભાવમાં, ધર્મમાં, ધર્મના કારણોમાં, ધર્મનાફલમાં, નિશ્ચય બુદ્ધિ (વિશ્વાસબુદ્ધિ) રાખવી તેને આસ્તિકય કહે છે. જે પ્રમાણે આત્મા આદિ પદાર્થોમાં ધર્મ છે તે પ્રમાણે તેમાં યથાર્થ વિશ્વસ્ત બુદ્ધિને આસ્તિકય ગુણ કહે છે. સમ્યગ્દર્શન-

ની અવિનાભાવીની સ્વાનુભૂતિની સાથ થવાવાળી જે આસ્તિક્ય છે તેજ સમ્યક્ત્વ આસ્તિક્ય છે. સ્વાત્માનુભવ સ્વરૂપ જે આસ્તિક્ય છે તેજ પરમગુણ છે. પૂર્વોકત ચારે પ્રકારના ગુણ સમ્યક્ત્વ હોય તો જ ગુણ કહેવાય છે અને મિથ્યાત્વની સાથ હોય તો તેને આભાસ કહેવામાં આવે છે પણ ગુણ કહેવામાં આવતા નથી.

કોઇ કોઇ આચાર્યોએ સમ્યક્ત્વના આઠગુણ કહ્યા છે તે આઠે ગુણ પ્રશમાદિ ચારમાંજ ગર્ભિત થઈ જાય છે. સંવેગમાં નિર્વેદ, વાત્સલ્ય, ભકિત અને પ્રશમમાં નિંદા, ગર્હાનો સમાવેશ થઈ જાય છે. તેનું સંક્ષેપમાં નીચે પ્રમાણે સ્વરૂપ છે.

संवेओ णिव्वेओ णिंदा गरहा उवसमो भत्ती ।
वच्छल्लं अणुकंपा अट्ठ गुणा हुंति सम्मत्ते ॥५२९॥

અર્થ:- સમ્યગ્દર્શન થયા પછી સંવેગ, નિર્વેગ, નિંદા, ગર્હા, ઉપશમ, ભકિત, વાત્સલ્ય અને અનુકંપા એ આઠ ગુણ ઉત્પન્ન થાય છે.

ભાવાર્થ:-

(૧) **સંવેગ:-** નિશ્ચયથી આત્માના સ્વરૂપમાં પરમપ્રેમ ઉલસવો અને વ્યવહારથી ધર્મની વૃદ્ધિના સર્વકાર્યોમાં પ્રેમ થવો.

(૨) **નિર્વેદ:-** નિશ્ચયથી આત્મામાં એ ભાવ થવો કે પરાત્માથી તેનો કોઇ સંબંધ નથી અને વ્યવહારથી સંસાર, શરીર અને ભોગોથી અત્યંત ઉદાસીન રહેવું.

(૩) **નિંદાઃ**– પોતાના અવગુણોને બીજાને કહેવા જેથી પોતાના અવગુણ મટે અને વિદ્યમાન ગુણોનું અભિમાન ન થાય.

(૪) **ગર્હાઃ**– પોતાના આત્માનુભવથી છુટવું તે ગર્હા છે. અથવા પોતાના અવગુણની નિંદા પોતાના મનમાં કરવી જેથી ઉન્નતિ કરવાનો પોતાનો ઉત્સાહ વધે.

(૫) **ઉપશમઃ**– નિશ્ચયથી પોતાના આત્માની શાન્તિનો પ્રકાશ રાખવો તે ઉપશમ ભાવ છે અને વ્યવહારથી ક્રોધાદિ ભાવોની મંદતા રાખી ક્ષમાદિ ભાવોની વૃદ્ધિનો અભ્યાસ રાખવો.

(૬) **ભક્તિઃ**– નિશ્ચયથી પોતાના આત્માની આરાધના કરવી અને વ્યવહારથી અરિહંતાદિ પાંચ પરમેષ્ટિ અને જિનવાણી આદિ પૂજનીય પદાર્થોની આરાધના કરવી.

(૭) **વાત્સલ્યઃ**– નિશ્ચયથી પોતાના આત્માનો પ્રેમ કરવો અને વ્યવહારથી સાધર્મી બંધુઓથી સ્ત્રી પુત્રાદિથી ગોવત્સ સમાન પ્રેમ રાખવો, તેઓની સેવા કરવી.

(૮) **અનુકમ્પા :**– નિશ્ચયથી પોતાના આત્માના વૈરી એવા રાગાદિ ભાવોથી બચાવી દયા કરવી અને વ્યવહારથી પ્રાણી માત્ર ઉપર દયા રાખવી, તેઓના દુઃખોને મટાડવાની ભાવના રાખવી.

શ્રીમાન પં. બનારસીદાસજીએ નાટક સમયસારમાં સમ્યક્ત્વનું સ્વરૂપ, સમ્યક્ત્વના ચિન્હ, સમ્યક્ત્વનાં આઠગુણ,

સમ્યક્‌ત્વના પાંચ ભૂષણ, સમ્યક્‌ત્વનાં પાંચ અતિચાર, અને સમ્યક્‌ત્વ નાશ થવાના પાંચ કારણો બતાવ્યાં છે તે પ્રયોજનભૂત જણાતા અહીં સંક્ષેપમાં બતાવવામાં આવે છે.

સમ્યક્‌ત્વનું સ્વરૂપ :– આત્મ સ્વરૂપની સત્ય પ્રતીતિ થવી, દિન પ્રતિદિન સમતા ભાવમાં ઉન્નતિ થવી, અને ક્ષણે ક્ષણે પરિણામોની વિશુદ્ધિ થવી; એનુ નામ સમ્યગ્દર્શન છે.

સમ્યક્‌ત્વનાં ચિન્હ:– પોતામાંજ પોતાના આત્મ સ્વરૂપનો પરિચય થાય, કયારે પણ સંદેહ ઉત્પન્ન થાય નહિ, છલકપટ રહિત વૈરાગ્યભાવ રહે, એજ સમ્યગ્દર્શનના ચિહ્નો છે.

સમ્યગ્દર્શનના આઠગુણ:– કરુણા, મૈત્રી, સજ્જનતા, સ્વલઘુતા, સમતા, શ્રદ્ધા, ઉદાસીનતા અને ધર્માનુરાગ એ સમ્યક્‌ત્વના આઠ ગુણ છે.

સમ્યક્‌ત્વનાં પાંચભૂષણ:– જૈન ધર્મની પ્રભાવના કરવાનો અભિપ્રાય, હેય ઉપાદેયનો વિચાર, ધીરજ, સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો હર્ષ અને તત્ત્વ વિચારમાં ચતુરાઈ એ સમ્યગ્દર્શનના પાંચભૂષણ છે.

સમ્યગ્દર્શનનાં પાંચ અતિચાર:– લોકહાસ્યનો ભય અર્થાત્ સમ્યક્‌ત્વરૂપ પ્રવૃત્તિ કરવામાં લોકોની હાંસીનો ભય, ઈન્દ્રિયોના વિષય ભોગવવામાં અનુરાગ, આગામી કાળની ચિંતા, કુશાસ્ત્રોની ભકિત અને કુદેવાદિકની સેવા-પ્રસંસા એ સમ્યગ્દર્શનના પાંચ અતિચાર છે.

સમ્યક્ત્વ વિનાશના પાંચ કારણોઃ–જ્ઞાનનું અભિમાન, બુદ્ધિની હીનતા, નિર્દય વચનોનું ભાષણ, ક્રોધી પરિણામ, અને પ્રમાદ એ પાંચ સમ્યક્ત્વના ઘાતક છે.

જ્ઞાનીનાં આઠ અંગોનું સ્વરૂપ

णिस्संका णिक्कंखा णिव्विदिगिच्छा अमूढदिट्ठी य ।
उवगूहण ठिदियरणं वच्छल्ल पहावणा चेव ।।५२०।।

અર્થઃ–નિઃશંકા, નિઃકાંક્ષા, નિર્વિચિકિત્સા, અમૂઢદૃષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના એ સમ્યક્ત્વના આઠ અંગ છે.

ભાવાર્થઃ–

૧ જિન વચનમાં સંદેહ ન કરે, ભય આવે વ્યવહાર દર્શન, જ્ઞાન, ચારિત્રથી ડગે નહિ તે જ્ઞાનીનું નિઃશંકિતપણું છે અને નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાના જ્ઞાન, શ્રદ્ધાનમાં નિઃશંક હોય, ભયના નિમિત્તે સ્વરૂપથી ડગે નહીં અથવા સંદેહયુકત થાય નહિ તેને **નિઃશંકિતગુણ** કહે છે.

૨ સંસાર, દેહ, ભોગની વાંછાથી તથા પરમતની વાંછાથી વ્યવહાર મોક્ષ માર્ગથી ડગે નહીં તે જ્ઞાનીનું નિષ્કાંક્ષિતપણું છે. અને નિશ્ચયથી જ્ઞાની કર્મના ફળની વાંછા ન કરે તથા અન્ય વસ્તુના ધર્મોની વાંછા ન કરે તેને **નિઃકાંક્ષિત ગુણ** કહે છે.

૩ અપવિત્ર, દુર્ગંધવાળી એવી વસ્તુઓના નિમિત્તે વ્યવહાર મોક્ષ માર્ગની પ્રવૃત્તિ પ્રત્યે ગ્લાનિ ન કરે તે જ્ઞાનીનું નિર્વિચિકિત્સાપણું છે અને નિશ્ચયથી જ્ઞાની વસ્તુના ધર્મો પ્રત્યે ગ્લાનિ ન કરે તેને **નિર્વિચિકિત્સા ગુણ** કહે છે.

૪ દેવ, ગુરુ, શાસ્ત્ર, લોકની પ્રવૃત્તિ અન્ય મતાદિકના તત્ત્વાર્થનું સ્વરૂપ ઇત્યાદિ વ્યવહાર મોક્ષ માર્ગમાં મૂઢતા ન રાખે યથાર્થ જાણી પ્રવર્તે તે જ્ઞાનીનું અમૂઢદૃષ્ટિપણું છે અને નિશ્ચયથી જ્ઞાની સ્વરૂપમાં મૂઢ ન રહે, સ્વરૂપને યથાર્થ જાણે તેને **અમૂઢદૃષ્ટિ ગુણ** કહે છે.

૫ ધર્માત્મામાં કર્મના ઉદયથી દોષ આવી જાય તો તેને ગૌણ કરે અને વ્યવહાર મોક્ષ માર્ગની પ્રવૃત્તિને વધારવી તે જ્ઞાનીનું ઉપગૂહન અથવા ઉપબૃંહણપણું છે અને નિશ્ચયથી જ્ઞાની, આત્માને શુદ્ધ સ્વરૂપમાં જોડે, આત્માની શક્તિ વધારે, અન્ય ધર્મોને ગૌણ કરે તેને **ઉપગૂહન ગુણ** કહે છે.

૬ વ્યવહાર મોક્ષ માર્ગથી ચ્યુત થતા આત્માને સ્થિર કરે તે જ્ઞાનીનું સ્થિતિકરણ પણું છે અને નિશ્ચયથી પોતાના સ્વરૂપથી ચ્યુત થતા આત્માને સ્વરૂપમાં સ્થાપે તેને **સ્થિતિકરણ ગુણ** કહે છે.

૭ વ્યવહાર મોક્ષ માર્ગમાં પ્રવર્તનાર પર વિશેષ અનુરાગ જ્ઞાનીને હોય છે તે જ્ઞાનીનું વાત્સલ્યપણું છે અને નિશ્ચયથી જ્ઞાનીને પોતાના સ્વરૂપ પ્રત્યે વિશેષ અનુરાગ રાખે તેને **વાત્સલ્ય ગુણ** કહે છે.

૮ વ્યવહાર મોક્ષમાર્ગમાં અનેક ઉપાયો વડે ઉદ્યોત કરે તે જ્ઞાનીનું પ્રભાવનાપણું છે અને નિશ્ચયથી આત્માના જ્ઞાન ગુણને પ્રકાશિત કરે (પ્રગટ કરે) તેને પ્રભાવના ગુણ કહે છે.

અહીં સમ્યગ્દૃષ્ટિના આઠ અંગનું સ્વરૂપ વ્યવહાર તથા નિશ્ચયનયથી સંક્ષેપમાં બતાવવામાં આવ્યું છે. આ બધા ગુણો તેમના પ્રતિપક્ષી દોષો વડે જે કર્મ બંધ થતો હતો તેને થવા દેતા નથી. વળી આ ગુણોના સદ્ભાવમાં ચારિત્ર મોહનીયના ઉદયરૂપ શંકાદિ પ્રવર્તે તો પણ તેમની નિર્જરા જ થઇ જાય છે. નવો બંધ થતો નથી કારણ કે બંધ તો પ્રધાનતાથી મિથ્યાત્વની હયાતીમાં જ કહ્યો છે. સમ્યગ્દર્શનના પ્રાદુર્ભાવમાં જેટલા ગુણો પ્રગટ (જ્ઞાનીને) થાય છે તે બધા નિર્જરાના જ કારણ જાણવા.

શંકાકાર:– હે ભગવંત ! સમ્યગ્દૃષ્ટિને બધા નિર્જરાના જ કારણ કહ્યા અને બંધ થતો નથી એમ જે આપે પૂર્વોકત કહ્યું પણ સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં અવિરત સમ્યગ્દૃષ્ટિ વગેરેને બંધ કહેવામાં આવ્યો છે. વળી ઘાતિકર્મોનું કાર્ય આત્માના ગુણોનું ઘાત કરવાનું છે તેથી દર્શન, જ્ઞાન, ચારિત્ર સુખ વીર્યાદિ ગુણોનો ઘાત પણ વિદ્યમાન છે. ચારિત્ર મોહનીયનો ઉદય નવીન બંધ કરે છે. પણ જો મોહના ઉદયમાં બંધ ન માનવામાં આવે તો, મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધીના ઉદયમાં પણ બંધ ન માનવો જોઇએ તેનું કેમ ?

ઉત્તર:– હે ભવ્ય ! અનંત સંસારનું કારણ તો મિથ્યાત્વ અને અનંતાનુબંધી જ છે. સંસાર વૃક્ષની જડ કપાયા પછી લીલા

પાંદડાંરૂપી રાગદ્વેષને રહેવાની અવધિ કેટલી? અથવા ત્યાં અન્ય બંધની કોણ ગણતરી કરે? તે અપેક્ષાએ અબંધ કહ્યો છે અથવા નિર્જરા જ કહી છે. જ્ઞાનીને મિથ્યાત્વ નિમિત્તક ક્રિયાનો લેશમાત્ર બંધ થતો નથી તેને વિપરીત મિથ્યાત્વનો અભાવ હોવાથી પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા જ થાય છે. અને અજ્ઞાનીને મિથ્યાત્વ કર્મના સદ્ભાવમાં કદાચ મહાવ્રતાદિ વ્યવહાર ચારિત્ર (અનંતાનુબંધી અને મિથ્યાત્વના મંદ ઉદયમાં) પણ હોય, છતાં સદા નિમિત્તક ક્રિયાનો બંધ થયા કરે છે તે બંધ સમ્યગ્દૃષ્ટિને (૪૧ પ્રકૃતિઓનો) કદી થતો નથી.

સિદ્ધાંતમાં દશમાં ગુણસ્થાન સુધી કર્મબંધ બરોબર થાય છે અને તેનાથી આગળના તેરમાં ગુણસ્થાન સુધી એક સાતા-વેદનીયનો બંધ માનવામાં આવ્યો છે. અથવા મિથ્યાત્વ, અનંતાનુબંધી સિવાય અને તેમની સાથે રહેનારી અન્ય પ્રકૃતિઓ સિવાય બાકીની ઘાતિ કર્મોની પ્રકૃતિઓનો અલ્પ સ્થિતિ, અનુ-ભાગવાળો બંધ તેમજ બાકીની અઘાતિકર્મોની પ્રકૃતિઓનો બંધ અવશ્ય થાય છે તો પણ જેવો મિથ્યાત્વ, અનંતાનુબંધી સહિત થાય છે તેવો થતો નથી.

સમ્યગ્દૃષ્ટિને બીજા બધા પદાર્થોમાં ઉપેક્ષા ભાવ થઈ જાય છે. તે સ્વાલંબનના મહત્વને બરોબર જાણે છે. રાગદ્વેષરૂપ અંતરંગ પરિણતિના કારણવશ તેને કાર્ય કરવું પડે છે પણ શ્રદ્ધામાં કિંચિત્ માત્ર તે કરવા પ્રત્યે આશકિતભાવ અર્થાત્ ઉપાદેયપણું, સ્વામિત્વપણું નથી. તે જાણે છે કે કર્મ નિમિત્તક જેટલા ભાવો થાય છે તે મારા નથી હું તો તેનાથી અબદ્ધ,

અસ્પૃષ્ટ, અસંયુકત છું એવી ઉપેક્ષા બુદ્ધિ થઈ છે. તે પરમ ઉપેક્ષારૂપ સંયમની દશા વધારતો વધારતો રાગને સ્વભાવદૃષ્ટિથી તોડતો તોડતો એક દિવસ વીતરાગ થતાં પૂર્ણ થાય છે. અર્થાત્ રાગને માત્ર જ્ઞેય માની બેસી રહેતો નથી પણ તેને તોડવાનો ઉપાય જે ચારિત્ર છે તેને યથાશકિત રાગના છુટવા પ્રમાણે ધારણ કરી ચોથા ગુણસ્થાનથી વધતા વધતા બારમાં ગુણસ્થાને યથાખ્યાતની પૂર્ણતા થાય છે.

સ્વાનુભૂતિની મહિમા

स्वानुभूतिलवोपीह येन संस्पृश्यते स्वयम् ।
वृतवृद्धास्तपोवृद्धाः सेवन्ते तत्पदद्वयम् ॥५२१॥

અર્થ:– જે સાધક આ સંસારમાં સ્વાનુભૂતિને એકવાર પણ સ્પર્શ કરી લ્યે છે તે જીવના બન્ને પગમાં મોટા મોટા ચારિત્ર ધારણ કરવાવાળા અને ઘોર તપશ્ચરણ કરવાવાળા બધા મુનિશ્વરો સેવા કરે છે.

ભાવાર્થ:–સ્વાનુભૂતિની અચિંત્ય મહિમા છે. તેની સામે ચારિત્ર અને તપશ્ચરણ કોઇ ચીજ નથી. મોટા મોટા તપસ્વી પણ સ્વાનુભૂતિની મહિમાનું વર્ણન કરે છે. એક વખત પણ સ્વાનુભૂતિનો સ્પર્શ થવાથી મોટા મોટા તપસ્વીઓ સેવક બની જાય છે તેથી સાધકે સદા સ્વાનુભૂતિને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઇએ સ્વાનુભૂતિનું સ્વરૂપ આજ ગ્રંથના પૃષ્ટ નં. ૩ ગાથા ૧ માં આપ્યું છે અને ચેતનાનું સ્વરૂપ પૃષ્ટ ૨૫૮ ગાથા

૩૨૮ માં આપ્યું છે ત્યાંથી જોઇ લેવું. પણ તેના વિષયમાં વિશેષ વિવેચન ભવ્ય જીવો માટે આપવું યોગ્ય લાગવાથી અહીં આપેલ છે.

વિવેચન :– સમ્યગ્દર્શન પ્રગટ થવાથી આત્મામાં સ્વાનુભૂતિ થાય છે સમ્યગ્દર્શન વિના શુદ્ધાનુભવ થતો નથી તેથી સ્વાનુભૂતિનો સમ્યગ્દર્શન સાથે સર્વથા અવિનાભાવ (સહભાવ) છે. સ્વાનુભૂતિની બે અવસ્થા છે. એક ક્ષયોપશમ જ્ઞાન (લબ્ધિ) રૂપ અને બીજી ઉપયોગાત્મક જ્ઞાનરૂપ છે. ક્ષયોપશમ જ્ઞાન રૂપ (લબ્ધિરૂપ) તો સદા રહે છે તેથી ક્ષયોપશમરૂપ સ્વાનુભૂતિની સાથ સમ્યક્ત્વની સમવ્યાપ્તિ છે. અર્થાત્ સમ્યક્ત્વની સાથ ક્ષયોપશમરૂપ સ્વાનુભૂતિ હોય છે અને ક્ષયોપશમરૂપ સ્વાનુભૂતિની સાથે સમ્યક્ત્વ હોય જ તેથી તેનો અવિનાભાવ સંબંધ છે. શુદ્ધ સ્વાનુભૂતિ શુદ્ધ નિશ્ચયનય સ્વરૂપ છે અર્થાત ઉપયોગાત્મક સ્વાનુભૂતિના કાળમાં અવશ્ય સમ્યગ્દર્શનથી ઉદ્‌ભૂતિનો બોધ થઇ જાય છે.

ઉપયોગાત્મક સ્વાનુભૂતિની વખતે અવશ્ય સમ્યગ્દર્શન હોય છે કારણ કે સમ્યક્ત્વ વિના સ્વાનુભૂતિ થઇ શકતી નથી તેથી ઉપયોગાત્મક સ્વાનુભૂતિ વખતે સમ્યગ્દર્શન સાથે વિષમવ્યાપ્તિ છે. કારણ કે ઉપયોગાત્મક સાતમાં ગુણસ્થાનથી આગળના ગુણસ્થાનોમાં હોય છે પણ તે પહેલાના ગુણસ્થાનમાં લબ્ધિરૂપ હોય છે. સમ્યગ્દર્શન થવાથી શુદ્ધાત્માનો ઉપયોગાત્મક અનુભવ હોય, અથવા ન પણ હોય; પણ સમ્યગ્દર્શન થવાથી લબ્ધિરૂપ તો અવશ્ય હોય છે. તેનું કારણ એ છે કે કોઇ જીવે અનંતાનુબંધી અને મિથ્યાત્વના મંદ ઉદયમાં મુનિવ્રત ધારણ કરી દ્રવ્ય-

લિંગી મુનિ થયો તે જીવને જો સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તો ઉપયોગાત્મક સ્વાનુભૂતિ હોય છે અને ચતુર્થાદિ સવસ્ત્ર ધારીને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તો તેને લબ્ધિરૂપ હોય છે.

સમ્યગ્દર્શન થયા પછી સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાના સમ્યગ્જ્ઞાનથી પોતે પોતાને રાગાદિ વિકાર રહિત, શુદ્ધજ્ઞાન માત્ર આસ્વાદે છે અર્થાત્ શુદ્ધ જ્ઞાન છે તે જ હું છું અને રાગાદિ વિકાર છે.તે કર્મ નિમિત્ત ઉપજે છે તે મારૂં સ્વરૂપ નથી એમ ભેદજ્ઞાનથી જ્ઞાન માત્ર આસ્વાદે છે. તેજ જ્ઞાનીની અનુભૂતિ કહો વા આત્માનુભૂતિ કહો તે સઘળો શુદ્ધનયનો વિષય છે. શુદ્ધનયથી તેને એવું શ્રદ્ધાન થાય છે કે સર્વ રાગાદિભાવ રહિત અનંત ચતુષ્ટય મારૂં સ્વરૂપ છે. અન્યભાવ બધા સંયોગ જનિત છે એવી આત્માની અનુભૂતિ તે જ સમ્યક્ત્વનું મુખ્ય ચિહ્ન છે. જોકે અનુભૂતિ જ્ઞાનનું વિશેષ છે છતાં પણ સમ્યક્ત્વ થયા પછી તે થાય છે તેથી તેને બાહ્યચિહ્ન કહે છે.

જેમ જેમ કષાયની નિવૃત્તિ થાય છે તેમ તેમ આત્મા ઉપયોગાત્મક થાય છે ત્યારે સ્વાત્માનુભૂતિમાં ન કોઇ વિકલ્પ છે ન કોઇ નયનો પક્ષ છે ત્યાં એક ચિદ્ભાત્માનુભૂતિ માત્ર છે. પહેલા જીવ ધ્યાન કરતી વખતે ધ્યેય બનાવે છે અને પોતે ધ્યાતા બને છે. અને અનુભૂતિના વખતમાં ધ્યાતા ધ્યેયનો વિકલ્પ રહેતો નથી. ધ્યાતા સ્વયં ધ્યેયરૂપ થઈ તન્મય થઈ જાય છે. સ્વાનુભૂતિની અપાર મહિમા છે. હું આત્મા છું અને હું સ્વયં તેનો અનુભવ કરનાર છું એવો જ્યાં સુધી વિકલ્પ છે ત્યાં સુધી પક્ષ છે અને પક્ષ છુટતા આત્મા દૈવવશ જલ્દી નિર્વિકલ્પ થઈ જાય છે ત્યારે

હું ઉપાસ્ય ઉપાસક છું એવો વિકલ્પ છુટી જાય છે ત્યારે તે સમયમાં આત્મા સ્વાત્માનુભવન કરવા લાગી જાય છે તે વખતે જે સ્વાત્માનુભવ છે તે જ સ્વાત્માનુભૂતિ કહેવાય છે. જ્યાં વચનનો વિકલ્પ નથી જ્યાં ધ્યાન ધ્યાતા ધ્યેયનો વિકલ્પ નથી ત્યાં અલૌકિક આનંદમાં નિમગ્ન આત્મા પોતે પોતાને કહી શકવાને અસમર્થ છે. કારણ કે તે વિકલ્પાતીત, વચનાતીત, આત્માની નિર્વિકલ્પ અવસ્થા છે.

સ્વાત્માનુભૂતિ જો કે મતિજ્ઞાન સ્વરૂપ છે અથવા મતિપૂર્વક શ્રુતજ્ઞાન સ્વરૂપ પણ છે તેથી તે નિરપેક્ષ જ્ઞાનની માફક પ્રત્યક્ષ જ્ઞાનરૂપ છે. જે સમયમાં ભાવમન માત્ર અમૂર્ત પદાર્થને જાણે છે અર્થાત્ કેવલ આત્માને ગ્રહણ કરે છે તે સમય તે મનરૂપ જ્ઞાન પણ અમૂર્તજ છે. તેથી તે અતીન્દ્રિય પ્રત્યક્ષ છે. અર્થાત્ મતિજ્ઞાનથી સ્વાત્માનો સાક્ષાત્કાર થઇ જાય છે. ભાવમન (અમૂર્ત) જ્ઞાન જ્યારે પોતે પોતાનો વિષય કરે છે ત્યારે તે સ્વયં અમૂર્ત સ્વરૂપ થઇ જાય છે. એટલે આત્માને જાણવાવાળું જે માનસિક જ્ઞાન છે તે અવશ્ય અતીન્દ્રિય પ્રત્યક્ષ છે. મતિશ્રુતજ્ઞાન, બન્ને આત્માના જ્ઞાન ગુણની પર્યાય છે અને આત્મા અમૂર્ત છે તેથી ખરેખર જોવામાં આવે તો બન્ને અમૂર્ત છે.

આચાર્યોના ગ્રંથોનું અવલોકન કરતા એ પ્રતિભાસ થાય છે કે સમ્યકત્વીને સાતમાં ગુણસ્થાને જ ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોય છે અને કેવલી ભગવંતો અને સિદ્ધભગવંતો કે જેમને ઘાતિ કર્મોનો સર્વથા અભાવ થતાં અનંત ચતુષ્ટય પ્રાપ્ત થએલ છે તેમને જ ખરેખર સાક્ષાત શુદ્ધ જ્ઞાનચેતના હોય છે તેના

પહેલાના ગુણસ્થાનોમાં ઉપયોગાત્મક જ્ઞાનચેતના હોતી નથી આવો મત, લગભગ ધા આચાર્યોનો મળે છે. માત્ર પંચાધ્યાય કર્તા શ્રીમાન પં. રાજમલ્લજી નો મત બધા આચાર્યોથી ભિન્ન જણાય છે. જો કે શ્રીમાન પંડિતજીએ પોતાના **અધ્યાત્મકમલમાર્તન્ડ** ગ્રંથની ગાથા ૧૧ માં પૂર્વોક્ત આચાર્યોના કથનાનુસાર સ્વીકાર કરેલ છે. અવકાશ મળશે તો આ બાબતમાં ભિન્ન ટ્રેકટ કરી જનતાના લાભાર્થે પ્રગટ કરશું અહીં સ્થાનાભાવને કારણે વિસ્તારથી લખી શકાણું નથી. (વિશેષ માટે જુઓ પ્રવચનસાર ગાથા ૧૨૩–૧૨૫ પંચાસ્તિકાય ગાથા ૩૮–૩૯ સમયસાર ગાથા ૩૮૭–૩૮૯ કળશ ૨૨૩થી૨૩૨ આદિ ઘણા ગ્રંથ પ્રમાણો છે.)

સત્‌દેવ, ગુરુ, શાસ્ત્ર અને સાત તત્ત્વોનું શ્રદ્ધાન માત્ર નામનિક્ષેપથી વ્યવહાર સમ્યક્‌ત્વાભાસ છે. જે મિથ્યાદૃષ્ટિઓને પણ હોય છે તેને વ્યવહાર સમ્યક્‌ત્વનું નામ ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જ્યારે કોઇ જીવને દર્શનમોહનીય કર્મના ક્ષય, ઉપશમ, ક્ષયોપશમ થતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. ત્યારે વ્યવહારાભાસને વ્યવહાર અને દર્શનમોહનીયના નાશથી ઉત્પન્ન થયેલ આત્મશ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શનને ભાવ નિક્ષેપથી નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે. આવો મત બધા દિગમ્બરાચાર્યોનો છે. જેનું વિશેષ વર્ણન અહીં સ્થાના ભાવ ને કારણે આપી શકાણું નથી છતાં પણ અવકાશ મલશે તો જનતાના લાભાર્થે ચેતનાના વિષય સાથે સમ્યગ્દર્શનનો વિષય જુદો આચાર્યોના પ્રમાણો સાથે ટ્રેકટથી પ્રકાશિત કરીશું

(લેખક)

વ્યવહાર સમ્યગ્દર્શનનું સ્વરૂપ

यच्छ्रद्धानं जिनोत्केरथ नयभजनात्सप्रमाणादवाद्यया- ।
त्प्रत्यक्षाच्चानुमानात् कृतगुणगुणिनिर्णीतियुक्तं गुणाढ्यम् ।

तत्त्वार्थानां स्वभावाद् ध्रुवविगमसमुत्पादलक्ष्मप्रभाजां ।
तत्सम्यक्त्वं वदन्ति व्यवहरणनयाद कर्मनाशोपशान्तेः
॥५२२॥

અર્થ:- સ્વભાવથી ઉત્પાદ, વ્યય, અને ધ્રૌવ્ય લક્ષણથી યુક્ત તત્ત્વાર્થનો જિન ભગવાનના આગમથી, પ્રમાણથી, નૈગમાદિ નયોના વિચારથી, અબાધિત (નિર્દોષ) પ્રત્યક્ષ તથા અનુમાનોથી અને કર્મોના ક્ષય, ઉપશમ, ક્ષયોપશમથી, ગુણ ગુણીના નિર્ણયથી યુક્ત તથા નિઃશંકિતાદિ ગુણો સહિત જે શ્રદ્ધાન થાય છે તેને વ્યવહારનયથી સમ્યક્ત્વ કહે છે અથવા તે વ્યવહાર સમ્યક્ત્વ છે.

ભાવાર્થ:- દર્શનમોહનીય કર્મના ક્ષય, ઉપશમ તથા ક્ષયોપશમથી જીવાદિ સાત તત્ત્વો અથવા નવ પદાર્થોનો વિપરીતાભિનિવેશરહિત અને પ્રમાણ, નયાદિના વિચાર સહિત જે શ્રદ્ધાન થાય છે તેને વ્યવહાર સમ્યગ્દર્શન કહે છે. અને તે સાત તત્ત્વોનો ઉપદેશ કરવાવાળા સાચાદેવ, શાસ્ત્ર અને ગુરુ પ્રત્યેનું આઠમદ, ત્રણ મુઢતા, આઠ દોષ, છ અનાયતન રહિત શ્રદ્ધાન કરવું તેને વ્યવહાર સમ્યક્ત્વ કહે છે. અથવા સાચાદેવ, ગુરુ, શાસ્ત્ર અને જીવાદિ પદાર્થોનાં યથાર્થ સ્વરૂપ અનુસાર તલવારની ધાર સમાન અડોલ શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહે છે.

નિશ્ચય સમ્યગ્દર્શનનું સ્વરૂપ

स्वद्रव्यरतः श्रमणः सम्यग्दृष्टिः भवति सः साधुः ।
सम्यक्त्वपरिणतः पुनः क्षपयति दुष्टाष्टकर्माणि ॥५३३॥

અર્થ :- જે મુનિ સ્વદ્રવ્ય (જે પોતાના આત્મા વિષે) માં રત છે, રુચિ સહિત છે તે નિયમથી સમ્યગ્દૃષ્ટિ છે અને તે સમ્યક્ત્વ ભાવરૂપ પરિણમ્યો આત્મા દુષ્ટ જે આઠ કર્મ છે તેનો નાશ કરે છે.

ભાવાર્થ :- જે મુનિ પોતાના સ્વરૂપની શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ આચરણ કરી યુકત છે તે નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે. જે પોતાના આત્મ સ્વભાવમાં લીન છે. તે સમ્યકત્વભાવ કરી આઠ કર્મનો નાશ કરી નિર્વાણને પામે છે. અથવા જે મુનિ સ્વભાવની ભાવના સહિત નિરંતર આત્માને ધ્યાવે છે તે અવશ્યમેવ નિર્વાણને પામે છે. જ્ઞાનાનંદમય અમૂર્તિક પોતાનો આત્માજ સ્વદ્રવ્ય છે તેમાં જે રતિ કરે છે તે સુગતિ એવા સ્વર્ગાદિક અને મોક્ષની પ્રાપ્તિ કરે છે એમ જિનેન્દ્ર ભગવાને કહ્યું છે.

बाह्यसंवेदनैः सर्वैर्यस्यात्मा नैव लिप्यते ।
स्वसामान्यरसाधीनो विशुद्धं तस्य दर्शनम् ॥५३४॥

અર્થ :- જે પોતાના સ્વાનુભૂતિ રૂપ સામાન્ય રસને આધીન છે અને જેનો આત્મા બાહ્ય સમસ્ત અનુભવથી લિપ્ત થતો નથી તેનું સમ્યગ્દર્શન વિશુદ્ધ સમજવું જોઇએ.

ભાવાર્થ :– જેની રુચિ શુદ્ધાત્મા સિવાય અન્ય કોઈ પદાર્થોમાં જતી નથી અને જે સ્વાનુભૂતિરૂપ પોતાના આત્મ રસમાંજ પ્રેમ કરે છે અથવા શુદ્ધાત્માને છોડી અન્ય કોઇ પદાર્થમાં જેની શ્રદ્ધા નથી. માત્ર એક નિજ શુદ્ધાત્મામાંજ જેની ગાઢ શ્રદ્ધા છે તેનેજ વિશુદ્ધ સમ્યગ્દર્શન અથવા નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે.

आत्माना आत्मानं जानन् जीवः सम्यग्दृष्टिः भवति ।
सम्यग्दृष्टिः जीवः लघु कर्मणा मुच्यते ॥५२५॥

અર્થ :– પોતાને પોતાથી જાણતો જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે અને સમ્યગ્દૃષ્ટિ થઈ જલ્દી કર્મોથી છૂટી જાય છે

ભાવાર્થ :– આ આત્મા વીતરાગ સ્વસંવેદન જ્ઞાનમાં પરિણતિ કરી અંતરાત્મા થઇ પોતાને અનુભવતો વીતરાગ સમ્યગ્દૃષ્ટિ થાય છે ત્યારેજ (વીતરાગ સમ્યગ્દર્શનના પ્રતાપથીજ) જ્ઞાનાવરણાદિ કર્મોથી શીઘ્ર છુટી જાય છે. અર્થાત્ વીતરાગ સમ્યગ્દૃષ્ટિ થવાથી આ જીવ કર્મોથી છુટી સિદ્ધ થાય છે. વીતરાગ ચારિત્ર અનુકુલ જે શુદ્ધાત્માનુભૂતિ રૂપ વીતરાગ સમ્યકત્વ છે તેજ ધ્યાવવા યોગ્ય છે.

જે મુનિ આત્મસ્વરૂપમાં (સ્વદ્રવ્ય) મગ્ન છે, રુચિ સહિત છે, તે નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ છે અને તેજ સમ્યકત્વ ભાવરૂપ પરિણમતો જીવ દુષ્ટ આઠ કર્મોનો ક્ષય કરી નિર્વાણને પ્રાપ્ત થાય છે. (મોક્ષ પાહુડ ગાથા ૧૪)

સૂક્ષ્મ મિથ્યાત્વનું સ્વરૂપ

દ્રવ્યલિંગી મુનિ અંતિમ ગ્રૈવેયક સુધી જાય છે. એકત્રીસ સાગર સુધીની દેવાયુની પ્રાપ્તિ અનંતવાર તે જીવે કરી એમ શાસ્ત્રો લખે છે. હવે એવું ઉચ્ચપદ તો ત્યારે જ પ્રાપ્ત કરે છે કે, જ્યારે અંતરંગ પરિણામ પૂર્વક મહાવ્રતપાળે, મહામંદકષાયી હોય, આલોક પરલોકની બુદ્ધિ પૂર્વ ભોગાદિની ઈચ્છા રહિત હોય, કેવળ ધર્મબુદ્ધિથી મોક્ષાભિલાષી બની સાધન કરે એટલા માટે દ્રવ્યલિંગી મુનિમાં સ્થૂલ અન્યથાપણું તો છે જ નહીં; છતાં સૂક્ષ્મ મિથ્યાત્વ માન્યતામાં રહી જાય છે તે જ સંસાર પરિભ્રમણનું કારણ છે. જો કે તે ભાવ કેવળી ભગવંત સિવાય અન્યજ્ઞાની જાણી શકતો નથી તો પણ પોતાના આત્મામાં જો આવા ભાવો રહી જતા હોય તો તેવા ભાવો ત્યાગ કરવા યોગ્ય છે. એમ સમજી અહીં સંક્ષેપથી બતાવીએ છીએઃ–

દ્રવ્યલિંગી મુનિ ચારે ગતિઓમાં જન્મ મરણાદિકના દુઃખ જાણી સંસારથી ઉદાસીન થઇ તે મોક્ષને ઇચ્છે છે. વળી વિષય ભોગાદિનાં ફળ નર્કાદિક છે, શરીર અશુચિમય છે, વિનાશીક છે, કુટુંબાદિક સ્વાર્થના સગાં છે. ઇત્યાદિ પરદ્રવ્યોનો દોષ વિચારી તેનો તો ત્યાગ કરે છે. અને વ્રતાદિનું ફળ સ્વર્ગ મોક્ષ છે તપ-શ્ચરણાદિ પરંપરા મોક્ષરૂપી પવિત્ર ફળના આપનાર છે માટે શરીર શોષવા યોગ્ય છે. દેવ ગુરુ, શાસ્ત્રાદિ હિતકર છે. કલ્યાણના દાતા છે. ઇત્યાદિ પરદ્રવ્યોના ગુણ વિચારી તેને જ અંગીકાર કરે છે. એમ કોઇ દ્રવ્યો પ્રત્યે ઇષ્ટ બુદ્ધિ અને કોઇ દ્રવ્યો પ્રત્યે અનિષ્ટ બુદ્ધિરૂપ શ્રદ્ધાન કરે છે. તે શ્રદ્ધાન જ મિથ્યા છે તેથી તેની ઉદાસીનતા પણ મિથ્યા રાગદ્વેષરૂપ છે, એ પ્રમાણે પર-

પદાર્થોનો દોષ જોવો એ તો મિથ્યા ભાવ છે. મારાં રાગાદિક જ બૂરાં છે તેનું તેને જ્ઞાન નથી.

સાચી ઉદાસીનતામાં પર દ્રવ્યો ભલાં બૂરાં લાગે નહીં પોતાને પોતારૂપ જાણે, પર સાથે મારૂં કાંઇ પ્રયોજન નથી તેમ જાણી સાક્ષીભૂત રહેતો નથી. હવે એવી ઉદાસીનતા તત્ત્વ-જ્ઞાન વિના કેવી રીતે હોઇ શકે ? વળી તે ઉદાસીન થઇ અણુવ્રત, મહાવ્રત રૂપ વ્યવહાર ચારિત્ર અંગીકાર કરે છે. એકદેશ વા સર્વદેશ હિંસાદિ પાપોને છોડે છે અને અહિંસાદિ પુણ્ય કાર્યોમાં પ્રવૃત્તે છે. પહેલાં પર્યાયાશ્રિત પાપ કાર્યોમાં કર્તાપણું માનતો હતો તે હવે પુણ્ય કાર્યમાં કર્તાપણું માનવા લાગ્યો તેથી તે પરાશ્રિત ભાવનો કર્તા થતાં તેની શ્રદ્ધા જુઠી થઈ. તે શુભ ભાવરૂપ કષાયને અભિપ્રાયમાં સારો માની વધારવાનો ઉપાય કરે છે અને તે કાર્ય થતાં પોતે હર્ષિત થાય છે.

તે પરિષહ, ઉપસર્ગ અને તપશ્ચરણાદિના નિમિત્તથી દુઃખી થાય છે તેનો ઇલાજ કરતો નથી, પરંતુ દુઃખ વેદે છે હવે પર-વશપણે દુઃખ વેદવું એ તો કષાય છે તેનાથી વીતરાગતા કેમ થાય ? વીતરાગતામાં જેમ અન્યને જ્ઞેય જાણે છે તે પ્રમાણે આ દુઃખનાં કારણને જ્ઞેયરૂપે જાણતો નથી પણ તેનાથી ખેદ ખિન્ન થાય છે વળી તે એમ માને છે કે જે કર્મ બાંધ્યા છે તે ભોગવ્યા વિના છુટકો નથી માટે મારે સહન કરવાં જોઇએ એવી જુઠી માન્યતાથી તેની શ્રદ્ધા કર્મફલ ચેતનારૂપે પ્રવૃત્તે છે. વળી તે કોઇને ત્યાગ કરાવે છે તો મેં ત્યાગ કરાવ્યા, ધર્મ પળાવ્યા, જીવો છોડાવ્યા, સુખી કર્યા, દુઃખથી મુકાવ્યાં, ઘણાજીવોને સન્માર્ગે

ચડાવ્યાં, ઘણી ધર્મ પ્રભાવના કરાવી આદિ આદિ પર કર્તા ભાવનો સ્વામી થાય છે અને તેથી હણાય છે તથા અંતરંગમાં અભિમાન સેવે છે.

હવે યથાયોગ્ય વ્રતાદિ ક્રિયા તો કરવી યોગ્ય છે પરંતુ તેમાં મમત્વ ન કરવું. જેનો પોતે કર્તા થાય તેમાં મમત્વ કેવી રીતે ન કરે, જો પોતે કર્તા નથી તો મારે કરવા યોગ્ય છે એવો ભાવ કેવી રીતે કર્યો ? તથા જો પોતે કર્તા છે તો તે ક્રિયા પોતાનું કર્મ થયું એટલે કર્તા કર્મ સંબંધ સ્વયંસિદ્ધ થયો. હવે એવી માન્યતા તો મિથ્યા છે તેથી તેનું શ્રદ્ધાન પણ મિથ્યા છે. વળી તે પરાશ્રિત ભાવનો સ્વામી થાય છે જેમકેઃ હું મહાવ્રતી છું, હું મુનિ છું, મે આ ત્યાગ કર્યું, આ વ્રત ધર્યું, હું પરિગ્રહ રહિત નગ્ન છું, હું તપસ્વી છું, હું યોગી છું, અદિરૂપ પોતાને માને છે.

સૂક્ષ્મ મિથ્યાત્વ નાશ કરવાનો ઉપાય

બાહ્ય વ્રતાદિક છે તે તો શરીરાદિ પરદ્રવ્યાશ્રિત છે અને પરદ્રવ્યોનો પોતે કર્તા નથી માટે તેમાં કર્તૃત્વબુદ્ધિ તેમજ મમત્વ બુદ્ધિ ન કરવી; એ વ્રતાદિકમાં ગ્રહણ ત્યાગરૂપ પોતાનો શુભોપયોગ થાય છે તે પોતાના આશ્રયે છે, અને તેનો પોતે કથંચિત્ કર્તા છે માટે તેમાં કર્તૃત્વ બુદ્ધિ માનવી તેમજ મમત્વ કરવું. પણ એ શુભોપયોગને બંધનું જ કારણ જાણવું પણ મોક્ષનું કારણ ન જાણવું; બંધ અને મોક્ષને તો પ્રતિપક્ષપણું છે તેથી જેનાથી બંધ થાય તેનાથી મોક્ષ માનવો તે ભ્રમ છે. ગ્રહણ,

ત્યાગ અથવા વ્રત અવ્રત વિકલ્પ રહિત (નિર્વિકલ્પ) ઉદાસીન વીતરાગ શુદ્ધોપયોગ છે તે જ મોક્ષ માર્ગ છે.

જ્યાંસુધી શુદ્ધોપયોગ ન થઇ શકે ત્યાં સુધી અશુભોપયોગને છોડી શુભમાં જ પ્રવર્તવું. કારણ કે શુભોપયોગથી અશુભોપયોગમાં અશુદ્ધતાની અધિકતા છે. અશુદ્ધોપયોગને અને પર દ્રવ્યરૂપ બાહ્ય અવ્રતાદિક પ્રવૃત્તિને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. તેમજ શુભોપયોગને અને વ્રતાદિક પ્રવૃત્તિને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે પણ શુદ્ધોપયોગ તો પરદ્રવ્યનો સાક્ષીભૂત રહે છે. કોઇ જીવોને શુભોપયોગનું યુકતપણું હોય છે તેથી તેઓના વ્રતાદિ શુભોપયોગને ઉપચારથી મોક્ષ માર્ગ માન્યો છે. શુભોપયોગ–અશુભોપયોગને હેય જાણી તેના ત્યાગનો ઉપાય કરવો અને શુદ્ધોપયોગને ઉપાદેય જાણી તેની પ્રાપ્તિનો ઉપાય કરવો. તેનો ઉપાય પહેલા અશુભોપયોગ છોડે પછી શુભોપયોગ થાય પછી શુભોપયોગ છોડી શુદ્ધોપયોગ થાય એવી ક્રમ પાટી છે.

શુભોપયોગને શુદ્ધોપયોગનું અભાવ કારણ ત્યારે જ માનવામાં આવે કે જ્યારે જીવ શુભોપયોગ થતાં શુદ્ધોપયોગનો પ્રયત્ન કરે તો થઈ જાય, પણ કોઈ શુભોપયોગને જ ભલો જાણી તેનું જ સાધન કર્યા કરે તો શુદ્ધોપયોગની પ્રાપ્તિ કયાંથી થાય? વળી મિથ્યાદૃષ્ટિનો શુભોપયોગ તો શુદ્ધોપયોગનું કારણ છે જ નહીં. માત્ર સમ્યગ્દૃષ્ટિને શુભોપયોગ થતાં નિકટ શુદ્ધોપયોગની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દૃષ્ટિ જેટલા પ્રકારમાં રાગ ઘટયો તેટલો અંશ ચારિત્રનો માને છે અને જેટલો અંશ રહ્યો તેને ચારિત્રનો મળ માને છે.

શંકાકારઃ– હે ભગવંત ! અભવ્ય દ્રવ્યલિંગી મુનિ અને ભવ્ય દ્રવ્યલિંગી મુનિના સ્વરૂપમાં શું ફરક છે ?

ઉત્તરઃ– હે પ્રાજ્ઞ ! અભવ્ય દ્રવ્યલિંગી મુનિ કદીપણ મોક્ષને પામી શકતો નથી અથવા તેનું દ્રવ્ય સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ જે મોક્ષ માર્ગ છે તે ભાવે પરિણમવાને માટે અયોગ્ય છે. તે સદા કર્મચેતના, કર્મફલચેતનાને સાધવાવાળો છે અથવા બંધ પર્યાયને સાધવાવાળો છે તેને જ્ઞાનચેતનાની ઉપલબ્ધિ કદી પણ પ્રાપ્ત થતી નથી. જ્યારે ભવ્યદ્રવ્યલિંગી કાલલબ્ધિ આદિ નિમિત્ત કારણ મળતાં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રરૂપ મોક્ષ માર્ગને પામી શકે છે અથવા તે ભાવે પરિણમન કરવાની યોગ્યતાવાળો છે ભવ્યદ્રવ્યલિંગી બે પ્રકારના થાય છે. એક મિથ્યાદૃષ્ટિ ભવ્ય દ્રવ્યલિંગી મોક્ષ માર્ગની યોગ્યતાવાળો અને એક સમ્યગ્દૃષ્ટિ ભવ્ય દ્રવ્યલિંગી હોય છે. જેનું બાહ્યલિંગ તો મુનિરૂપ છઠ્ઠા ગુણસ્થાનવાળું હોય છે અને અંતરંગ પરિણામ પ્રત્યાખ્યાનની કષાય (ઉદય) જન્ય પંચમ ગુણસ્થાન સંયતાસંયતરૂપ હોય તેને પણ ભવ્ય (સમ્યગ્દૃષ્ટિ) દ્રવ્યલિંગી મુનિ કહે છે. અહીં દૂરાનદૂર ભવ્ય જીવનું કથન કહ્યું નથી, તેમાં પરિણમવાની શકિત તો છે છતાં એવા નિમિત્તને પ્રાપ્ત કરી શકશે નહીં તેમ જાણવું.

સમ્યગ્દૃષ્ટિનું જ્ઞાન

જે જ્ઞાન કુમતિ, કુશ્રુતરૂપ થઇ પાંચ ઇન્દ્રિય તથા મનના વિષયોમાં એકત્વ થઈ પરિણમતું હતું તેજ જ્ઞાન હવે સુમતિ સુશ્રુતરૂપે સમ્યગ્જ્ઞાન થાય છે. તેથી સમ્યગ્દૃષ્ટિનું જે કાંઇ જાણવું

છે તે સર્વ જાણવું સમ્યગ્જ્ઞાનરૂપ છે. કદાચ સમ્યગ્દૃષ્ટિ ઘટપટાદિ પદાર્થોને અયથાર્થ જાણે તો પણ તે આવરણ જનિત ઉદયનો અજ્ઞાનભાવ છે; અને ક્ષયોપશમ રૂપ પ્રગટ જ્ઞાન છે તેજ સમ્યગ્જ્ઞાન છે માટે તે સમ્યગ્જ્ઞાન કેવળજ્ઞાનનો અંશ છે. જે જ્ઞાન મતિશ્રુત રૂપે પ્રવૃત્તે છે તેજ જ્ઞાન વધતું વધતું કેવલજ્ઞાનરૂપ કાર્ય કારણ ભાવે થાય છે અથવા સમ્યગ્જ્ઞાનની અપેક્ષાએ બન્ને જ્ઞાન એકજ જાતિના છે.

સમ્યગ્દૃષ્ટિની અંતરંગ ક્રિયા

સમ્યગ્દૃષ્ટિ પુત્ર કલત્ર આદિ બધા પરદ્રવ્ય અને પરદ્રવ્યના ભાવમાં ગર્વ કરતો નથી. પરદ્રવ્યથી પોતાને મોટો માને તો સમ્યગ્દૃષ્ટિ શાનો ? તે સદા ઉપશમ ભાવને ભાવે છે. પોતાના આત્માને હીન તૃણ સમાન માને છે કોઇ પ્રકારનો ગર્વ કરતો નથી. જો કે અવિરત સમ્યગ્દૃષ્ટિ ઇન્દ્રિય વિષયમાં આશકત છે તેમજ ત્રસ સ્થાવર જીવોનો જેમાં ઘાત થાય એવા ઘાત પણ વર્તમાન આરંભ વિષે હોય છે. અપ્રત્યાખ્યાનાવરણ આદિ કષાયોના તીવ્ર ઉદયમાં વિરકત થયો નથી છતાં એમ જાણે છે કે આ મોહ કર્મના ઉદયનો વિલાસ છે; મારા સ્વભાવમાં નથી. ઉપાધિ છે, રાગવત્ છે, ત્યાગવા યોગ્ય છે, ત્યાગ કરેજ લાભ છે. વર્તમાન કષાયની પિડા ન સહી શકવાની અસમર્થતાથી વિષયના સેવન અને બહુ આરંભમાં પ્રવર્તન કરી રહ્યો છું એમ માને છે.

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ આદિ ઉત્તમ ગુણોમાં તે

વિશેષ અનુરાગી હોય છે અને તે ગુણના ધારક ઉત્તમ સાધુ ત્યાગી પ્રત્યે વિનય કરી સંયુકત હોય છે. પોતાની સમાન સમ્યગ્દૃષ્ટિ સાધર્મી ભાઈઓ પ્રત્યે અનુરાગ હોય, વાત્સલ્ય ગુણ સહિત હોય તેજ સમ્યગ્દૃષ્ટિ છે, પણ તેવા ભાવ ન હોય તો જાણવું કે તે મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ વીતરાગ દેવ છોડી કોઈ દેવ, નિર્ગ્રંથ ગુરુ છોડી કોઇ ગુરુ અને અહિંસા ધર્મ છોડી કોઈ ધર્મને સ્વપ્નમાં પણ માનતો નથી. રાગાદિયુકત કુદેવ, પરિગ્રહધારી કુગુરુ તેને કદાપિ દેવ, ગુરુ, માને નહીં તે સર્વને પાખંડી જાણી વંદે કે પૂજે નહીં તેનો સંગ જો કરે તો પણ શ્રદ્ધાન બગડે તેથી સમ્યગ્દૃષ્ટિ તેની સંગતિ પણ કરે નહીં. ભયથી, આશાથી, લોભથી, લૌકીકલજ્જાથી કે બીજાઓને સારૂં લગાડવા નમસ્કાર કે તેનો વિનય પણ કરે નહીં તેમજ જૈનમતમાં જેઓ કુવેષ ધારણ કરે છે તે મહાપાપ ઉપજાવે છે તથા જે અન્યજીવો તેમની સુશ્રુષાદિ કરે છે તે પણ પાપી થાય છે. (જુઓ. મોક્ષ માર્ગ પ્રકાશક ગુ. પૃષ્ટ ૧૯૪)

સમ્યગ્દૃષ્ટિના પરિણામ નિર્વિકલ્પ અને સવિકલ્પરૂપ બે પ્રકારે પ્રવર્તે છે. વિષયકષાયાદિ અને પૂજા, દાન, સ્વાધ્યાયાદિરૂપ પ્રવર્તનને સવિકલ્પ કહે છે. તે કર્મોદય જનિત શુભાશુભ કાર્યનો કર્તા થઈ તદરૂપ પરિણમે તો પણ તેને એવા પ્રકારનું અંતરંગ શ્રદ્ધાન છે કે, આ બધાં કાર્યો મારા નથી, ઉદય જન્ય કરવાં પડે છે. " પનીહારી શીર પર ગાગર રાખી બોલતી જાય, ચાલતી જાય, શરીરના નખરાં કરતી જાય છતાં માથા ઉપર ગાગરની શ્રદ્ધા અંતરંગમાં કિંચિત્ માત્ર છુટતી નથી. જેમ ગુમાસ્તો

પોતાના શેઠના કાર્યમાં પ્રવર્તે છે; તે કાર્યને પોતાનું કાર્ય પણ માને છે, હર્ષ વિષાદ પણ કરે છે, એ કાર્યમાં પ્રવર્તતાં તે પોતાની અને શેઠની જુદાય પણ સમજતો નથી તેમ છતાં તેને અંતરંગમાં એવું શ્રદ્ધાન છે કે આ કાર્ય મારૂં નથી. લાભાલાભનો હું સ્વામી નથી પણ ઉદય જન્ય કરવું પડે છે."

"ધાવ બચ્ચાંને ઘવરાવે છે, રમાડે છે, ચૂમ્બન કરે છે, હર્ષે છે છતાં અંતરંગમાં પોતાનુ બાળક માનતી નથી. વૈશ્યા પરપુરુષ સાથે રમણ કરતી-ભોગ કરતી હોય છતાં અંતરંગમાં તેને પતિ માનતી નથી," તેમ સમ્યગ્દૃષ્ટિ બાહ્ય ક્રિયા કરતો પ્રતિભાસે છતાં અંતરંગ શ્રદ્ધામાં તેનો સ્વીકાર નથી. સમ્યગ્દૃષ્ટિ ને અંતરંગ શ્રદ્ધા અપેક્ષાએ જ્ઞપ્તિ ક્રિયા છે. કરોતિ ક્રિયાના સ્વામિત્વના અભાવે કરતો પ્રતિભાસતો હોવા છતાં કરોતિ ક્રિયારૂપ નથી. જો કે ચારિત્રની અપેક્ષાએ કર્મ ચેતના કર્મફલ ચેતના હોય છે તે ઉદય જન્યક્રિયા છે છતાં શ્રદ્ધાનમાં તેનો સ્વીકાર નથી.

સમ્યગ્દૃષ્ટિની સ્વાભાવિક જીવન ધારા બદલી જાય છે તેને બીજું કાંઈ પણ સારૂં લાગતું નથી. તેની દૃષ્ટિ માત્ર પોતાના લક્ષ તરફ સતત્ જાગ્રતરૂપ રહે છે. જ્ઞાનાદિ લક્ષણવાલા પોતાના આત્માની સ્વતંત્ર સત્તાનો અનુભવ કરી અન્ય પદાર્થોના પ્રભાવથી બચવાને માટે નિત્ય પ્રયત્નશીલ રહે છે. સમ્યગ્દૃષ્ટિ પોતાનું સ્વરૂપ પરોક્ષ પ્રમાણ વડે અનુભવે છે. પરસત્તા અને પરસ્વરૂપને પોતાનું કાર્ય નહીં માનતો થકો યોગ (મન-વચન-કાય) ના નિમિત્તથી પોતાના સ્વરૂપમાં વિચારરૂપ ક્રિયા કરે છે. સંશય, વિમોહ અને વિભ્રમ એ ત્રણ દોષરૂપ પરિણામોથી રહિત હોવાથી

સમ્યગ્દૃષ્ટિને સ્વપર સ્વરુપમાં યથાર્થ દૃષ્ટિ હોય છે. તે શુભાશુભભાવો અને તેને લગતા બાહ્ય નિમિત્તોને જાણે છે. તે નિમિત્તો નાના પ્રકારના છે એકરૂપ નથી. તેથી તે અંતદૃષ્ટિના પ્રમાણમાં મોક્ષમાર્ગ સાધે છે. સમ્યગ્જ્ઞાન (સ્વસંવેદન) અને સ્વરૂપાચરણની પ્રાપ્તિવાળો જ્ઞાતાજ મોક્ષમાર્ગ સાધી શકે છે કારણ કે મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર અને શુદ્ધદ્રવ્ય અક્રિયારૂપ (સદૃશ્યરૂપ) તે નિશ્ચય એવું વ્યવહાર નિશ્ચયનું સ્વરૂપ સમ્યગ્દૃષ્ટિ જાણે છે.

સમ્યગ્દૃષ્ટિ કદાચિત્ બંધ પદ્ધતિનો વિચાર કરે ત્યારે તે જાણે છે કે આ બંધ પદ્ધતિથી મારૂં દ્રવ્ય અનાદિકાળથી બંધરૂપ ચાલ્યું આવ્યું છે તેથી તે ક્ષણ માત્ર પણ બંધ પદ્ધતિમાં મગ્ન થાય નહીં, પણ પોતાનું સ્વરૂપ વિચારે, ધ્યાવે, ગાવે, શ્રવણ કરે તથા નવધાભક્તિ, સંયમ, તપ, ત્યાગાદિ શુભક્રિયા પોતાના શુદ્ધ સ્વરૂપ સન્મુખ થઇને કરે એ જ્ઞાનીનો આચાર છે. પોતાની અવસ્થા પ્રમાણે પરસત્તા અવલંબન રૂપ ક્રિયા કરતો હોય ખરો પણ તેને નતો પોતાનું સ્વરૂપ કહે, ન તેને મોક્ષમાર્ગ કહે, સ્વસત્તાવલંબન શીલ જ્ઞાનને છોડી પરસત્તાવલંબી જ્ઞાનને પરમાર્થતા કહેતો નથી. જ્ઞાનીને નાના પ્રકારના નિમિત્તરૂપ ઔદયિક ભાવ હોય છતાં જ્ઞાની તેનો માત્ર તમાશગીર (જાણનાર) છે તે ભાવોનો કદાપિ કર્તા, હર્તા, ભોકતા, કે અવલંબી નથી.

જ્ઞાનીની હેય, (અશુદ્ધતાનો ત્યાગ) જ્ઞેય, (પરદ્રવ્યાદિવિચાર) ઉપાદેય, (પોતાના દ્રવ્યની શુદ્ધતાનું આચરણ) શકિત ગુણસ્થાનાનુસાર હોય છે. અર્થાત્ સમ્યગ્દૃષ્ટિને મિશ્રનિશ્ચયાત્મક દ્રવ્ય શુદ્ધા

શુદ્ધ શુભોપયોગ મિશ્રિત સ્વરૂપાચરણરૂપ મિશ્ર વ્યવહાર હોય છે. અને જેમ જેમ હેય, જ્ઞેય, ઉપાદેય શકિત વર્ધમાન થતી જાય છે તેમ તેમ ગુણસ્થાનની વૃધ્ધિ થાય છે. ગુણસ્થાન પ્રમાણે જ્ઞાન સ્થિરતા પામતું જાય છે અને તેજ સ્થિરતા વધતાં વધતાં યથાખ્યાત (ચારિત્ર) અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

અવિરત સમ્યગ્દૃષ્ટિને શ્રદ્ધાન જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાનચેતના જ હોય છે તે આત્મજ્ઞાનનો અનુભવ કરવાની ભાવના રાખે છે. ચારિત્ર અપેક્ષાએ જ્યારે આત્મ સમ્મુખ કષાયના ઉદયથી નથી થઇ શકતો ત્યારે તે કર્મચેતના અને કર્મફલચેતના રૂપ રહે છે અર્થાત્ ત્યારે તેનો ઉપયોગ કર્મ કરવામાં અને કર્મફલ ભોગવવામાં તલ્લીન થઇ જાય છે. શ્રદ્ધાન જ્ઞાન તે બન્ને ચેતનાઓને અનુકુલ ન હોવાથી જ સમ્યક્ત્વીને જ્ઞાનચેતનાની પ્રધાનતા કહી છે. તે સ્વામી તો પોતાની જ્ઞાનચેતનાનો રહે છે પણ કર્મચેતના અને કર્મફલચેતના તેને કષાયના ઉદયવશ કરવી પડે છે અર્થાત્ તે કાર્ય પ્રત્યે તેને રુચિ નથી પણ પરવશ પણે કરવું પડે છે તેથી તે તેનો કર્તા ભોકતા નથી.

દૃષ્ટાંત:– કોઈ ગાડીવાનને પોલીસ રાજાના કાર્ય માટે વેઠમાં લઇ જાય છે તેમાં ગાડીવાનની ઇચ્છા ત્યાં જવાની કે કાર્ય કરવાની નથી છતાં પણ રાજ્યભયના કારણે કરતો પ્રતિભાસે છે. તેમ જ્ઞાની બાહ્ય કાર્ય કરતો પ્રતિભાસે છે છતાં અંતરંગમાં તે કાર્ય પ્રત્યે તેના ઇચ્છા નથી તે તો માત્ર કર્મના ઉદયની લીલા માત્રનો જાણનાર દેખનાર રહે છે એ પ્રમાણે જાણવું જેમ કોઇ ગુનાસર જેલખાનામાં ગએલા મનુષ્યને ચકી પીસવી પડે છે તો પણ તેની ભાવના

તે કાર્ય કરવા પ્રત્યે નથી. તેમ સમ્યગ્દૃષ્ટિને પૂર્વ કર્મના (ઉદય) અનુસાર કોઇ કાર્ય કરવું પડે છે છતાં અંતરંગમાં તેની રુચિ નથી. અર્થાત્ રુચિપૂર્વક કરતો નથી તેવી દશાજ્ઞાનીઓની અંતરંગમાં વર્તતી હોય તેને કોણ અન્ય કહી શકે ? અર્થાત્ જ્ઞાની કર્મ કરે છે કે નથી કરતો તે કોણ કહી શકે ? જ્ઞાનીની ભાવના સદા અંતરંગમાં વૈરાગ્ય પ્રત્યે ઝુકેલી હોય છે. તેથી તે પરભાવોથી સદા ઉદાસીન વર્તે છે.

સમ્યગ્દૃષ્ટિ પ્રયોજનવશ કોઇ કાર્ય વચન કાયાથી કરી હોય છે પણ મનથી તે કાર્યમાં આશકત બુદ્ધિ રાખતો નથી અથવા જ્ઞાની આત્મજ્ઞાન સિવાય અન્ય કાર્યમાં પોતાની બુદ્ધિ વધારે વખત રાખતો નથી સમ્યગ્દૃષ્ટિની ભૂમિ મોક્ષાસકત છે. સમ્યગ્દૃષ્ટિ જાણે છે કે નિરર્ગલ અથવા સ્વચ્છંદ પ્રવૃત્તિ તો રાગ દ્વેષ મોહનું કાર્ય છે અને તેનાથી અવશ્ય કર્મબંધ થાય છે. તેથી તે (જ્ઞાની) કદી પણ સ્વચ્છંદ પ્રવૃત્તિ કરતો નથી પણ અબુદ્ધિપૂર્વક વા અરુચિપૂર્વક થવાવાળા રાગ, દ્વેષ, મોહ ભાવોને જીતવાનો ગાઢ ઉદ્યમ રાખે છે તે જાણે છે કે સૂક્ષ્મ લોભનો અંશ રહે છે ત્યાંસુધી (દશમાં ગુણસ્થાન) બંધ થાય છે માટે કિંચિત્ માત્ર કષાય મને લાભ કર્તા નથી તેથી તેના પ્રત્યે તેનો સદા ઉપેક્ષાભાવ રહે છે. અથવા જેનાથી બંધ થાય, સંસાર વધે, તેનાથી ઉદાસીન થઇ વીતરાગતાનો પુજારી બને છે. સમ્યગ્દૃષ્ટિ સંસાર, શરીર અને ભોગોથી ઉદાસીન રહે છે અને નિશ્ચયરત્નત્રયમય આત્મિકભાવ, તે કર્મોની નિર્જરાનું કારણ છે એમ માને છે. તેથી તેના ઉપાયનો ઉદ્યમી રહે છે.

ચોથા ગુણસ્થાનથી લગાડી જ્યાંસુધી કેવળજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધીના જીવને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. ત્યાર પછીના ગુણસ્થાનોમાં પરમાત્મા કહેવાય છે. જ્યાં જ્યાં જે કથન આવતું હોય ત્યાં ત્યાં તે ગુણસ્થાન વર્તી સમ્યગ્દૃષ્ટિનું કથન સમજવું પણ ચોથા ગુણસ્થાનનું જ કથન એકાંતે ન સમજવું. ચોથા ગુણસ્થાનમાં શ્રદ્ધાજ્ઞાનની અપેક્ષાથી જાણવું અને ઉપરના ગુણસ્થાનોમાં ચારિત્રથી જાણવું

ભાવમન જે સમયમાં પદાર્થોનો વિષય કરે છે તે સમયમાં દ્રવ્યમન તેને સહાય કરે છે તે દ્રવ્યમાં આત્માના હેયોપાદેયરૂપ વિશેષજ્ઞાન ભાવમન ઉત્પન્ન કરે છે. અર્થાત્ આત્માના વિચારોની ઉત્પત્તિનું સ્થાન દ્રવ્યમન છે અને ભાવમન આત્માના જ્ઞાનાત્મક પરિણામ છે. તે (ભાવમન) પોતાના પ્રતિપક્ષી આવરણ કર્મના ક્ષય થવાથી લબ્ધિ અને ઉપયોગ સહિત, ક્રમથી થાય છે. કર્મોના ક્ષયોપશમથી જે આત્મામાં વિશુદ્ધિ-નિર્મળતા થાય છે તેને લબ્ધિ કહે છે. અને પદાર્થો તરફ જાણવાની ક્રિયાને ઉપયોગ કહે છે. લબ્ધિરૂપ જ્ઞાન વગર ઉપયોગાત્મક બોધ થતો નથી પણ લબ્ધિ રહેવા છતાં ઉપયોગાત્મક બોધ થાય એવો કોઈ નિયમ નથી. અર્થાત થાય અને ન પણ થાય.

સમ્યગ્દૃષ્ટિ કદાચિત્ સ્વરૂપ ધ્યાન કરવાને ઉદ્યમી થાય ત્યાં પ્રથમ સ્વ-પરના સ્વરુપનું ભેદજ્ઞાન કરે, તેમાં નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મ રહિત ચૈતન્યચિત્ ચમત્કાર માત્ર પોતાનું સ્વરૂપ જાણે, પછી પરનો વિચાર સહજ છુટી જતાં માત્ર એક આત્માનો વિચાર રહે ત્યાં પોતાના નિજ સ્વરૂપની વિચાર ધારા ચાલે છે કે હું ચિદાનંદ, શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર જ્ઞાતા

દ્રષ્ટા સ્વભાવી છું એમ વિચાર થતાં સહજ આનંદ તરંગ અંત-રંગ મહિમાના ઉઠે છે. ચિત્ત પ્રસન્ન થાય છે. પછી તેવા વિચારો છુટી જતાં કેવળ પોતાનું સ્વરૂપ ચિન્માત્ર પ્રતિભાસવા લાગે છે. ત્યાં બધાં પરિણામો એકાગ્રરૂપે થઇ પ્રવર્તે છે તે સમયે ઇન્દ્રિય વિષયો કે નય પ્રમાણાદિના વિકલ્પો છુટી જાય છે. અને જે પૂર્વે સવિકલ્પમાં ચૈતન્ય સ્વરૂપનો નિર્ણય કર્યો હતો તેમાં જ વ્યાપ્ત વ્યાપકરૂપે થઇ એવો પ્રવર્તે છે કે ત્યાં ધ્યાન ધ્યાતા ધ્યેયપણું દુર થતાં એકાએક એવી નિર્વિકલ્પ દશા થાય છે તેને સ્વાનુભૂતિ કહે છે.

જેમ હાર બનાવવા વખતે જીવ અનેક વિકલ્પ કરે છે પણ જ્યારે તે હાર તૈયાર થતાં પ્રત્યક્ષ પહેરવામાં આવે છે ત્યારે બધા વિકલ્પો વિલય થઈ જાય છે એમ સવિકલ્પ દ્વારા નિર્વિ-કલ્પનો પ્રત્યક્ષ અનુભવ થાય છે ત્યારે વિકલ્પો તેમાં પ્રતિભાસતા નથી એવા નિર્વિકલ્પ અનુભવને અતીન્દ્રિયજ્ઞાન કહીએ છીએ, કારણ કે ઇન્દ્રિયોનો વિષય મૂર્તિક પદાર્થો ને જાણવાનો છે. અને જે જ્ઞાન અનેક પ્રકારનું વિકલ્પ કરતું હતું તેજ જ્ઞાન ઇન્દ્રિય મનને છોડી પોતાનામાં રમણ કરવા લાગ્યું તેજ મતિ શ્રુતજ્ઞાન છે બીજુ કોઇ અન્ય જ્ઞાન નથી.

સ્વાનુભૂતિમાં મન ઇન્દ્રિયનો અભાવ જ છે જો કે મનનો વિષય મૂર્તિક-અમૂર્તિક પદાર્થો જાણવાનો છે. તેમજ મતિજ્ઞાનનો વિષય સર્વ બાહ્ય પદાર્થો જાણવાનો છે પણ સ્વાનુભૂતિ વખતે પરિણામ સ્વરૂપમાં એકાગ્ર થઇ અન્ય ચિંતાનો નિરોધ કરે છે તેથી તેને મન મારફત ધ્યાન થયું એમ કહીએ છીએ. મનજનિત

અથવા અતીન્દ્રિય કહેવામાં કોઇ વિરોધ નથી માત્ર વિવક્ષાભેદ છે. સ્વાનુભવ દશામાં આત્માને જે જાણવામાં આવે છે તે શ્રુતજ્ઞાન વડે જાણવામાં આવે છે અને શ્રુતજ્ઞાન મતિજ્ઞાન પૂર્વક થાય છે પણ આત્માનું જાણપણું પ્રત્યક્ષરૂપથી થતું નથી કારણ કે આત્માના અસંખ્યાત પ્રદેશાદિ જાણવામાં આવતા નથી. આત્માના અનુભવમાં આત્માના પ્રદેશનો આકાર જણાતો નથી તે હીસાબે તો પરોક્ષ છે પણ પરિણામમાં મગ્ન થતા જે સ્વાનુભવ થયો તે તો પ્રત્યક્ષ છે અર્થાત્ પોતેજ અનુભવ આસ્વાદન વેદે છે તે હીસાબે પ્રત્યક્ષ છે.

સમ્યગ્દર્શનના મહાત્મ્ય માટે સમ્યગ્દૃષ્ટિના વિષયભોગાદિ બંધના કારણરૂપ ન કહ્યા પણ નિર્જરાના કારણ કહ્યા ત્યાં ભોગોનું ઉપાદેયપણું ન સમજવું પણ ત્યાં તો તીવ્રબંધના કારણભૂત ભોગાદિક હતા તે ભોગાદિક હોવા છતાં પણ કેવળ શ્રદ્ધાન જ્ઞાનની અપેક્ષાએ મંદ બંધ થવા લાગ્યો તે નિર્જરા બળની અપેક્ષાએ ઉપચારથી ભોગોને પણ ત્યાં બંધના કારણરૂપ ન કહ્યા. અહો! સમ્યગ્દર્શનનો એવો કોઇ મહિમા છે કે સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શનના પ્રતાપથી ભોગાદિક કાર્યો હોવા છતાં ૪૧ પ્રકૃતિઓનો બંધ થતો નથી અને મિથ્યાત્વમાં પાળવામાં આવતા મહાવ્રતાદિકમાં પણ ૪૧ પ્રકૃતિઓનો બંધ સદાય થયા જ કરે છે. તેની મહિમા બતાવવા માત્ર સમ્યગ્દૃષ્ટિને ભોગાદિક પણ નિર્જરાના કારણ કહ્યાં, તેમ સમજી કોઇ જીવ સ્વચ્છંદી થશે તો નરકાદિના બંધ થશે માટે જો આપણી સ્વચ્છંદ પ્રવૃત્તિ હોય તો તેને ત્યાગી સદા ઉદાસીન રહેવા કોશિષ કરવી જોઇએ એવો શ્રી ગુરુનો હિતકર ઉપદેશ છે.

વ્યવહાર સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ

अन्यूनमनतिरिक्तं याथातथ्यं विना च विपरीतात् ।
निस्सन्देहं वेद यदाहुस्तज्ज्ञानमागमिनः ॥५२६॥

અર્થઃ- જે વસ્તુના સ્વરૂપને ન્યૂનતારહિત, અધિકતારહિત, વિપરીતતારહિત યથાતથ (જે સ્વરૂપે છે તેવે જ સ્વરૂપે) નિઃસંદેહપણે (સંદેહરહિત) જાણે છે તેને આગમના જ્ઞાતાપુરુષ ગણધરાદિદેવ સમ્યગ્જ્ઞાન કહે છે.

ભાવાર્થઃ- જીવાદિ સાતતત્ત્વો જે જિનેન્દ્ર ભગવાન દ્વારા શ્રી ગૌતમાદિ ગણધરોએ પ્રયુકત કરેલ છે અથવા દ્વાદશાંગશ્રુતરૂપમાં રચવામાં આવેલ છે અને તેનું આચાર્યોએ પણ પ્રતિપાદન કરી ગુણ ગાએલ છે તેવા સ્વપર ભેદવિજ્ઞાન કરાવવાવાળા તત્ત્વજ્ઞાનને અથવા દ્રવ્યભાવરૂપ પદાર્થને બતાવવામાં દક્ષ (નિપૂણ) છે તેને સંશય, વિપર્યય અને અનધ્યવસાયાદિ મિથ્યાજ્ઞાનથી રહિત, સમ્યગ્દર્શન પૂર્વક સમ્યગ્જ્ઞાન થાય છે તેને વ્યવહારનયથી વ્યવહાર સમ્યગ્જ્ઞાન કહે છે. અથવા નય અને પ્રમાણોથી જીવાદિ પદાર્થોનું યથાર્થ જાણવું તેને સમ્યગ્જ્ઞાન કહે છે. જે પદાર્થ જે રૂપમાં સ્થિત છે તેને તે જ રૂપ હીનાધિકતા રહિત પરિજ્ઞાન કરવું તેને સમ્યગ્જ્ઞાન કહે છે.

નિશ્ચય સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ.

शुद्धैर्बुद्धैः स्वभावस्थैर्विशेषैस्तस्य वेदनम् ।
परद्रव्यबहिर्भूतैस्तस्य संवेदनं ध्रुवम् ॥५२७॥

અર્થ :– જે જ્ઞાન પરદ્રવ્યોથી ભિન્ન છે. અને આત્માના શુદ્ધ-સ્વભાવથી ઉત્પન્ન થાય છે તે પરમશુદ્ધ છે. વિશેષતાને ધારણ કરવાવાળું છે, સ્વયંશુદ્ધ છે, અને પોતાના સ્વરૂપને જાણે છે તે જ્ઞાન દ્વારા પોતાના શુદ્ધાત્માને જાણવું તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે.

ભાવાર્થ :– પર પદાર્થો અને તેની પર્યાયોને જાણવું તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન નથી. પણ પોતાના શુદ્ધ કેવળજ્ઞાન દ્વારા શુદ્ધાત્માનો અનુભવ કરવો તેજ નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે. અથવા શુદ્ધાત્માના જ્ઞાનરૂપ સ્વાદના અનુભવથી ઉત્પન્ન શુદ્ધાત્મ સંવેદન તેજ નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે. જે પોતાના જ્ઞાયક સ્વરૂપમાં સ્થિર–મગ્ન છે અને પરપદાર્થોની પરિણતિથી ભિન્ન ચૈતન્યાત્મક ગુણ સમૂહનો દ્રષ્ટા છે. ચેતનાની પર્યાય ભેદોનો જ્ઞાયક છે તેથી સવિકલ્પ છે. રાગ-દ્વેષાદિથી રહિત છે અને નય પ્રવૃત્તિથી વિહીન છે તેને નિશ્ચય સમ્યગ્જ્ઞાન કહે છે.

જે જીવોનો મોહરૂપી કલંક નાશ થયો છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને વીર્યાંતરાય કર્મના અશેષ ક્ષયથી જેને અનંત-જ્ઞાનાદિક ગુણોની પ્રાપ્તિ થઇ ગઇ છે. જે કર્મચેતના અને કર્મ-ફલચેતનાના કરવા–ભોગવવાના વિકલ્પથી રહિત છે. આત્મિક પરાધીનતાથી રહિત સ્વાભાવિક અનાકુલતા લક્ષણ રૂપ અતીન્દ્રિય સુખનું સદા આસ્વાદન કરે છે એવા જીવ કેવળ, જ્ઞાનચેતનાનોજ અનુભવ કરે છે તેથી તેને નિશ્ચય સમ્યગ્જ્ઞાની કહે છે.

સમ્યગ્જ્ઞાનમાં રહી જતી સૂક્ષ્મ ભૂલ.

પહેલાં જીવ સાચુ તત્વજ્ઞાન અધ્યાત્મરૂપ દ્રવ્યાનુયોગના

શાસ્ત્રોથી કરે, ત્યાર પછી તે પુણ્ય પાપના ફળને સંસારરૂપ જાણી, શુદ્ધોપયોગથી મોક્ષ માને અને ગુણસ્થાનાદિરૂપ જીવનું વ્યવહાર નિરૂપણ જાણી, જેમ છે તેમ શ્રદ્ધાન કરી તેનો અભ્યાસ કરે તો સમ્યગ્જ્ઞાન થાય છે. પણ જો શાસ્ત્રાભ્યાસ માત્ર કરે અને પોતાને પોતારૂપ અને પરને પરરૂપ તથા આસ્રવાદિકને આસ્રવાદિરૂપ યથાર્થ શ્રદ્ધાન ન કરે તો તેવા શાસ્ત્રાભ્યાસથી જીવને સમ્યગ્જ્ઞાન થતું નથી. માટે સ્વાધ્યાયમાં સાચાને સાચારૂપ (ઉપાદેય રૂપ) અને ખોટાને ખોટારૂપ (હેયરૂપ) ભેદકળાથી ગ્રહણ ત્યાગની શક્તિને વધારવાથી સમ્યગ્જ્ઞાન અવશ્ય થાય છે.

શાસ્ત્ર ભણવાનું ફલ તો પરદ્રવ્યો અને પરદ્રવ્યોના ભાવોથી ભિન્ન જ્ઞાનમય આત્માનું યથાર્થ જ્ઞાન થવું તે છે. અર્થાત્ શુદ્ધ જ્ઞાનમય આત્મ તત્ત્વનું જ્ઞાન થવું તેજ યથાર્થમાં સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિનું ફળ છે. હવે જો આગમ જ્ઞાનથી અગિઆર અંગરૂપ પદાર્થોનું જાણવાવાળું જ્ઞાન થાય તો તે જ્ઞાનને આત્મશૂન્ય કહેવાય છે. કારણ કે તેનાથી આત્માને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ તો ન થઇ તેનું કારણ એ છે કે, તત્ત્વ જે આત્મસ્વરૂપ જ્ઞાન છે તેનો અનુભવ નહીં થતાં પરપદાર્થો અને તેની પર્યાયોનું જ્ઞાન થયું તે જ્ઞાન તો પરસમયનું થયું તેથી તે મિથ્યા છે. પણ હું જ્ઞાન સ્વરૂપ છું એવો પોતાને પરદ્રવ્યથી ભિન્ન કેવળ ચૈતન્ય દ્રવ્યને અનુભવતો નથી માટે આત્મશૂન્યજ્ઞાન એવું જે આગમ જ્ઞાન તે પણ જીવને કાર્યકારી થતું નથી. માટે શાસ્ત્રજ્ઞાનથી પરદ્રવ્યો અને પરદ્રવ્યોના ભાવોથી રહિત જે જ્ઞાનસ્વરૂપી આત્મા છે તેજ હું છું એવું તત્ત્વ શ્રદ્ધાન થવું તેજ જીવને કલ્યાણકારી છે. કારણ

કે તત્ત્વ મોહ ક્ષોભ રહિત આત્મ પરિણામ છે તે સામ્ય ધર્મ પરિણામથી ધર્મીને જાણવો, દેખવો અને શ્રદ્ધવો તેજ શાસ્ત્રાભ્યાસમાંથી મળેલું રત્ન છે તેજ ભગવાન છે. આવું જ્ઞાન થાય ત્યારેજ અગિઆર અંગરૂપ દ્રવ્યશ્રુતજ્ઞાન આત્મિક ભાવશ્રુત જ્ઞાનનું કારણ કહેવાય છે. તેથી તેના પ્રત્યે બહુમાન, ભક્તિ આદિ ઉપકારને લક્ષે થાય છે. તે ભક્તિ (બહુશ્રુત ભક્તિ) સમ્યગ્દૃષ્ટિ છોડી અન્ય મિથ્યાદૃષ્ટિને કદી પણ હોઇ શકે નહીં. મિથ્યાદૃષ્ટિ તો ઓઘ સંજ્ઞાએ વા દેખા દેખીએ કરે છે તેનાથી ભલે પુણ્યનો લાભ થાય પણ આત્મજ્ઞાનનો લાભ થતો નથી ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ છે.

વ્યવહાર સમ્યક્ ચારિત્રનું સ્વરૂપ

मोहतिमिरापहरणे दर्शनलाभादवाप्तसंज्ञानः ।
रागद्वेषनिवृत्यै चरणं प्रतिपद्यते साधुः ॥५२८॥

અર્થ:- દર્શનમોહનીયરૂપી અંધકારનો નાશ થવાથી સમ્યગ્દર્શનના લાભ સાથે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થઇ છે એવો નિકટ ભવ્ય સાધુ રાગદ્વેષના અભાવ માટે ચારિત્ર અંગીકાર કરે છે.

ભાવાર્થ:- સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પૂર્વક દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય એમ પાંચ પ્રકારનો આચાર તથા ઉત્તમ ક્ષમાદિ દશધર્મ અને ષટ આવશ્યકાદિ ક્રિયા સ્વરૂપ છે તેને વ્યવહાર સમ્યક્ ચારિત્ર કહે છે જો કે આ ચારિત્રમાં દ્રવ્ય ક્રિયાઓ કરવામાં કાંઇ અનુકૂલ સ્થૂલ રાગ પરિણામ થયા કરે છે તેથી તેને વ્યવહાર

ચારિત્ર કહે છે અને જ્યારે ભેદજ્ઞાનના પ્રભાવથી તેમાં કષાયોનું પ્રકર્ષ સ્વભાવ શાંત થઈ જાય છે તે સમયે નિશ્ચય નયથી તે જીવના ભાવને સરાગ સમ્યક્ ચારિત્ર કહે છે. આ ચારિત્ર, સ્વ-સ્વરૂપમાં પ્રવૃત્તિ કરવા રૂપ નિશ્ચય ચારિત્રનું સાધક છે. અથવા પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ રૂપ વ્યવહાર ચારિત્રનું પાલન તે સ્વસ્વરૂપમાં પ્રવૃત્તિ કરવા રુપ નિશ્ચય ચારિત્રનું સાધન છે.

મન વચન કાય પાંચ પ્રકારના પાપરૂપ અશુભક્રિયાઓથી નિવૃત્તિ અને શુભોપયોગ જનક દાન, પૂજા સ્વાધ્યાય, તત્ત્વચિંતન, ધ્યાન, સમાધિ, ઇચ્છાનિરોધાદિરૂપ ઉત્તમ ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરવી તેને વ્યવહાર ચારિત્રક હે છે. આ ચારિત્રમાં સ્થૂલ રાગ પ્રવૃત્તિ બની રહે છે તેથી પણ તેને વ્યવહાર ચારિત્ર કહે છે.

નિશ્ચય સમ્યક્ચારિત્રનું સ્વરૂપ

स्वात्मज्ञाने निलीनो गुण इव गुणिनि त्यक्त सर्वप्रपंचो ।
रागः कश्चिन्न बुद्धौ खलु कथमपि वाऽबुद्धिजः स्यात्तु तस्य ।
सूक्ष्मत्वात्तं हि गौण यतिवरवृषभाः स्याद्विधायेत्युशन्ति ।
तच्चारित्रं विरागं यदि खलु विगलेत्सोऽपि साक्षाद्विरागम् ॥५२९॥

અર્થઃ- જે જીવ, ગુણીમાં ગુણ સમાન સ્વાત્મજ્ઞાનમાં લીન છે અને બધા પ્રપંચોથી રહિત છે તે નિશ્ચય વીતરાગ ચારિત્ર છે. તેને નિશ્ચયથી બુદ્ધિપૂર્વક રાગ થતો નથી. કોઈ પ્રકારે અબુદ્ધિ પૂર્વક રાગ થાય છે તો પણ તે સૂક્ષ્મ થાય છે અને જ્યારે તે સૂક્ષ્મ રાગ પણ નથી રહેતો ત્યારે તેને સાક્ષાત નિશ્ચય વીતરાગ ચારિત્ર કહે છે.

ભાવાર્થ:– વીતરાગ ચારિત્રવાળા મુનિઓને કોઇ પણ બુદ્ધિજન્ય રાગ થતો નથી. તેને સ્વશરીરાદિ અથવા પર પદાર્થમાં કિંચિત્ પણ બુદ્ધિપૂર્વક રાગ થતો નથી પણ અબુદ્ધિપૂર્વક રાગ કથંચિત્ હોય છે. તે અતિ સૂક્ષ્મ હોય છે ત્યાં સુધી એવા ચારિત્રને મુનિ-પુંગવ ગૌણરૂપથી વીતરાગ ચારિત્ર કહે છે અને જ્યારે તે સૂક્ષ્મ અબુદ્ધિજન્ય રાગ પણ નાશ થાય છે ત્યારે તે સાક્ષાત્ વીતરાગ ચારિત્ર કહેવાય છે.

જે ચારિત્ર સ્વાત્મપ્રવૃત્તિરૂપ, કષાય કલંકથી સર્વથા મુકત છે અથવા દર્શનમોહનીય, ચારિત્રમોહનીયના ઉદય જન્ય મોહ-ક્ષોભથી સર્વથા રહિત જીવનો અત્યંત નિર્વિકારી પરિણામ સ્વરૂપ "**સામ્ય**" છે તેને વીતરાગ ચારિત્ર, નિશ્ચય ચારિત્ર અથવા નિશ્ચય ધર્મ કહે છે. તેજ મુકિતનું સાક્ષાત્કારણ છે.

સમ્યક્ ચારિત્રમાં રહી જતી ભૂલ

પહેલાં તત્ત્વજ્ઞાની થાય પછી જેટલા પ્રમાણમાં રાગાદિ દૂર થયા હોય તેટલા પ્રમાણમાં ધર્મ ક્રિયા અંગીકાર કરવી યોગ્ય છે. પણ જો થોડા રાગાદિ મટયા હોય તો ઉંચપદ ધારણ કરી નીચી ક્રિયા કરવાથી પાપનો બંધ થાય છે તેનું જેને જ્ઞાન નથી તેને બાહ્યક્રિયા ઉપર તો દૃષ્ટિ છે પણ પરિણામ સુધરવા બગડવાનો જરાપણ વિચાર નથી. અને કદાચ વર્તમાન પરિણામનો વિચાર કરે, પણ અભિપ્રાયમાં જે વાસના પડી છે તેનો ખ્યાલ ન રાખે તો લાભને બદલે નુકશાન જ થાય. વળી ત્યાગ તો કરે પણ તેના ગુણ દોષને ન જાણે, વર્તમાન પરિણામોનો જ ભરોસો કરી

પ્રતિજ્ઞા કરે, પણ ભવિષ્યમાં તેનો નિર્વાહ થશે કે નહીં તેનો વિચાર ન કરે, તો પરિણામ બગડે, પ્રમાદ વધે, આકુળતા ઉપજે અને છેવટે પ્રતિજ્ઞાનો ભંગ થતાં શિથિલાચાર પ્રવૃત્તિ થાય, ધર્મ-નિંદાય, પોતે પાપી થાય, કારણ કે પ્રતિજ્ઞાભંગ કરવાનું તો શાસ્ત્રમાં મહાપાપ કહ્યું છે; એ કરતાં તો પ્રતિજ્ઞા ન લેવી જ ભલી છે.

વળી કોઇ જીવ અણુવ્રત, મહાવ્રતાદિરૂપ યથાર્થ આચરણ કરે તથા આચરણાનુસાર જ પરિણામ છે મોહ માયા લાભાદિકનો અભિપ્રાય પણ નથી ધર્મ જાણી મોક્ષ અર્થે તેનું સાધન પણ કરે છે; સ્વર્ગાદિ ભોગોની ઇચ્છા રાખતો નથી. પરંતુ પ્રથમ તત્ત્વ-જ્ઞાનજ થયું નથી એટલે પોતે જાણે કે "હું મોક્ષનું સાધન કરું છું પણ મોક્ષના સાધનને તો તે જાણતોજ નથી કેવળ સ્વર્ગાદિકનું સાધન કરે છે અને જેવું સાધન કરે છે તેવુંજ ફળ પામે છે. શાસ્ત્રમાં "**सम्यक्**" પદનો અર્થ જ એ છે કે અજ્ઞાન પૂર્વક આચરણની નિવૃત્તિ થાય અને સમ્યક્ત્વ પૂર્વક આચરણની પ્રવૃત્તિ થાય તેજ આત્માને લાભકર છે. માટે પહેલા તત્ત્વાર્થનું યથાર્થ દૃઢ શ્રદ્ધાન થાય પછીજ ચારિત્ર હોય તેજ સમ્યક્ ચારિત્રને પામે છે. મોક્ષના સાધનથી મોક્ષની પ્રાપ્તિ થાય અને સંસારના સાધનથી સંસારની પ્રાપ્તિ થાય એવો નિયમ થયો. હવે મોક્ષનું સાધન તો સમ્યક્ તત્ત્વજ્ઞાન પૂર્વક ચારિત્ર છે અને સંસારનું કારણ તો મિથ્યાતત્ત્વજ્ઞાન પૂર્વક ચારિત્ર છે તેથી સંસાર વધે પણ ભવ કેમ ટુટે ?

વળી કોઇ જીવ સમ્યગ્દર્શન, જ્ઞાનનું અયથાર્થ સાધન કરી યથાર્થ વતાદિ આચરે છે તો પણ યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન ન

હોવાથી તેમનું સર્વ આચરણ મિથ્યા ચારિત્ર જ છે. વળી કોઇ જીવ તત્ત્વાદિનાં નામ પણ બરાબર જાણતાં નથી અને માત્ર એકાંત ક્રિયાકાંડમાં જ અર્થાત વ્રતાદિકમાં જ પ્રવર્તે છે તે બધા વ્યવહાર મૂઢ આત્માઓ છે. કારણ કે અરિહંતાદિ પંચ પરમેષ્ટીમાં ભક્તિ સ્વરૂપ જે પ્રશસ્ત રાગ છે તે પણ મોક્ષના અંતરાય રૂપ છે અને મોક્ષથી વિપરિત એવા ઇન્દ્રિય સુખોના હેતુભૂત સ્વર્ગાદિને અંગીકાર કરાવવાવાળા છે માટે મુક્તિના ઇચ્છુક મુમુક્ષુએ સર્વથા પ્રથમ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરવી યોગ્ય છે. અને શ્રદ્ધાન જ્ઞાનમાં શુભાશુભ અવસ્થારૂપ રાગ ભાવને સર્વથા હેય-માની ચારિત્રમાં વ્યવહાર નયના અવલંબનથી પરદ્રવ્યનાં સાધ્ય સાધન ભાવરૂપ સામગ્રીથી નિશ્ચય નયાત્મક સ્વ સ્વરૂપ અભેદ સાધ્ય સાધન ભાવરૂપ એક સાક્ષાત્ મોક્ષ માર્ગના કારણ રૂપ વીતરાગ ભાવ છે તેની પ્રાપ્તિ કરવી તેજ મુમુક્ષુઓને ઉપાદેય છે. પણ એકાંત વ્યવહાર મૂઢ થઇ ખેદ ખિન્ન ન થવું; તેમજ એકાંત નિશ્ચય નયના અવલંબી ન થવું કારણ કે તેનાથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી એકાંત મિથ્યાત્વના સદ્‌ભાવથી અતત્ત્વ શ્રદ્ધાન રહી જતાં સંસાર જ ઉભો રહે છે.

શાસ્ત્રમાં જ નિશ્ચય વ્યવહાર ચારિત્રનું સ્વરૂપ ભલી પ્રકારે બતાવ્યું છે મોક્ષનું સાક્ષાત કારણ પરમ વીતરાગ ભાવની જ પ્રાપ્તિ બતાવી છે. તે વીતરાગ ભાવ વ્યવહાર નિશ્ચય નય ને અવિરોધ પણે જ્યારે સમ્યક્‌પ્રકારે યથાપદવી જાણવામાં આવે ત્યારે જ વાંછિત ફલની સિદ્ધિ થાય છે. અન્ય કોઇ પ્રકારે થઇ શકતી નથી (વિશેષ વ્યવહાર મોક્ષ માર્ગનાં પ્રકરણમાંથી જાણવું.)

સ્વસમય પરસમયનું સ્વરૂપ

દવ્વગુણપજ્જએહિં જાણઇ પરસમયસસમયાદિવિભેયં ।
અપ્પાણં જાણઇ સો સિવગઇપહણાયગોહોઇ ॥૫૪૦॥

બહિરંતરપ્પભેયં પરસમયં મણ્ણએ જિણિંદેહિં ।
પરમપ્પો સગસમયં તદ્ભેયં જાણ ગુણઠાણે ॥૫૪૧॥

અર્થઃ– આત્માના બે ભેદ છે. એક સ્વસમય અને બીજો પર-સમય. જે પોતાના શુદ્ધ સ્વભાવમાં સ્થિર રહે છે તેને સ્વસમય કહે છે અને જે પોતાના શુદ્ધ સ્વભાવમાં સ્થિર નથી રહેતા તેને પરસમય કહે છે. જે આત્મા આ બન્ને પ્રકારના સ્વરૂપને જાણે છે તે દ્રવ્યરૂપ અસંખ્યાત પ્રદેશોને જાણે છે અથવા તે દ્રવ્યને તેના સમસ્ત ગુણોને તેમજ તેના સ્વભાવ વિભાવ ભાવોને અને તેની સમસ્ત પર્યાયોને જાણે છે તે આત્મા મોક્ષ સુધી જવાવાળો મોક્ષનો નાયક સમજવો જોઇએ.

ભગવાન જિનેન્દ્ર દેવે બહિરાત્મા અને અંતરાત્માને પર-સમય બતાવેલ છે તથા પરમાત્માને સ્વસમય બતાવેલ છે તેના વિશેષ ભેદ ગુણસ્થાનોની અપેક્ષાથી સમજવા જોઈએ.

ભાવાર્થઃ– જે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ આત્મા આ બન્ને સ્વરૂપને જાણે છે તે સ્વસમય અથવા પરમાત્મા થવાનો પ્રયત્ન કરશે તથા જે પરમાત્મા થવાનો પ્રયત્ન કરશે તે અવશ્ય મોક્ષ પદને પ્રાપ્ત કરશે. તેથી સ્વસમયને વા પરમાત્માના સ્વરૂપને જાણવું

અત્યંત આવશ્યક છે. પરમાત્માના સ્વરૂપને જાણ્યા વગર તેનું ધ્યાન થઇ શકતું નથી અને પરમાત્માનું ધ્યાન કર્યા વગર આ આત્મા પરમાત્મા બની શકતો નથી તેથી આ આત્માને પરમાત્મા બનવા માટે પરમાત્માના સ્વરૂપને જાણી તેનું ધ્યાન કરવું જોઇએ. જે ભવ્ય જીવ તે પ્રમાણે પરમાત્માનું ધ્યાન કરે છે તે અવશ્ય જ મોક્ષ પદને પ્રાપ્ત થાય છે.

પહેલા, બીજા અને ત્રીજા ગુણસ્થાનમાં રહેવાવાળો જીવ બહિરાત્મા છે, ચોથા ગુણસ્થાનમાં રહેવાવાળો સમ્યગ્દૃષ્ટિ જીવ જઘન્ય અંતરાત્મા છે અને પાંચમાં ગુણસ્થાનથી લગાવી અગિયારમાં ગુણસ્થાન સુધી ઉપર ઉપર ચડતો વધારે વધારે વિશુદ્ધતા ધારણ કરતો જીવ મધ્યમ અંતરાત્મા છે. બારમાં ગુણસ્થાન વર્તી જીવ ઉત્તમ અંતરાત્મા છે, તે બધા પર સમયી છે તેરમાં ચૌદમાં ગુણસ્થાન વર્તી, કેવળી ભગવાન સકલ પરમાત્મા અને સિદ્ધ પરમેષ્ટી નિકલ પરમાત્મા સ્વસમયી છે. અર્થાત્ જ્યાં સુધી જે જીવ સાથે ઘાતીઆકર્મોનો સંબંધ છે ત્યાં સુધી તે જીવ પર સમયી છે.

વિશેષાર્થ :- પોતાના પરમાત્મ સ્વરૂપમાં રમણ કરવું તે સ્વચારિત્રરૂપ સ્વસમય છે. અને પર સ્વરૂપમાં રમણ કરવું તે પરચારિત્ર રૂપ પરસમય છે. જે કોઇ પુરુષ મોહ કર્મના વિપાકને વશીભૂત થઇ રાગરૂપ પરિણામોથી અશુદ્ધોપયોગી થાય છે તે (જીવ) પરમાં શુભાશુભ ભાવો કરે છે તે કારણે સ્વરૂપાચરણથી ભ્રષ્ટ થઇ પરવસ્તુનું આચરણ કરવાથી પરસમયી છે એવું મહંત પુરુષોએ કહ્યું છે.

પોતાના આત્મિક ભાવોમાં શુદ્ધોપયોગની પ્રવૃત્તિ થવી તેને સ્વસમય અને પરદ્રવ્યમાં અશુદ્ધોપયોગની પ્રવૃત્તિ થવી તેને પરસમય એમ આગમમાં પ્રસિદ્ધ છે. પરસમય તે બંધનું કારણ છે અર્થાત્ સંસારનું કારણ છે અને સ્વસમય તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે એમ શ્રી સર્વજ્ઞદેવે કહ્યું છે. જે જીવ પોતાના શુદ્ધભાવથી શુદ્ધ-જીવને નિશ્ચય કરી જાણે છે અને દેખે છે તે જીવ અંતરંગ બહિરંગ પરિગ્રહથી રહિત એકાગ્રતા થતાં ચિત્ત નિરોધ પૂર્વક સ્વરૂપમાં મગ્ન થઇ પોતાના ગુણ પર્યાય રૂપ સ્વસમયમાં આચરણ કરે છે તેનેજ શુદ્ધ સ્વચારિત્ર રૂપ પરમાત્મા કહ્યા છે.

બહિરાત્મા (અજ્ઞાની જીવ) શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણ ત્રણેમાં પરસમય રૂપ છે. અંતરાત્માં ચારિત્રની અપેક્ષાએ સ્વસમય રત નથી પણ શ્રદ્ધાન જ્ઞાનની અપેક્ષાએ તે પરસમય રત નથી. તે ભલી પ્રકારે જાણે છે કે આત્માનું હિત સ્વભાવમાં રમણ કરવું તેજ છે છતાં પણ ઉપયોગ આત્માની ભૂમિકાને છોડીને અન્યમાં જાય છે તે કષાયના ઉદયનું કાર્ય છે તેમ શ્રદ્ધાપૂર્વક જાણે છે. કિંચિત્ માત્ર રાગનું રહેવું ત્યાં સુધી પરસમય છે અથવા પૂર્ણ સ્વરૂપાચરણ ચારિત્રમાં લીનપણું નથી ત્યાં સુધી પરસમય છે. પરમાત્માને શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણ ત્રણે સ્વસમયરૂપ છે. (વિશેષ વર્ણન પ્રવચનસાર ગાથા ૫૪ પંચાસ્તિકાય ગાથા ૧૫૫ સમયસાર ગાથા ૨ થી જાણવું)

વ્યવહારરત્નત્રય અને નિશ્ચયરત્નત્રય

पश्यति जानाति अनुचरति आत्मना आत्मानं य एव ।
दर्शनं ज्ञानं चारित्रं जीवः मोक्षस्य कारणं स एव ॥५४२॥

यद् ब्रूते व्यवहारनयः दर्शनं ज्ञानं चारित्रम् ।
तत् परिजानीहि जीव त्वंयेनपरः भवसि पवित्रः ॥५४३॥

અર્થઃ- જે પોતાને દેખે છે, જાણે છે, આચરણ કરે છે તે વિવેકી (ભેદજ્ઞાની) દર્શનજ્ઞાન ચારિત્રરૂપ પરિણત થયેલ જીવ જ મોક્ષનું કારણ છે. અને વ્યવહારનયથી દર્શન, જ્ઞાન, ચારિત્ર એમ ત્રણને કહે છે તે વ્યવહાર રત્નત્રયને હે જીવ! તુ જાણ જેનાથી ઉત્કૃષ્ટ પવિત્ર થશે.

ભાવાર્થઃ- જે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના આત્માને પોતાથી નિર્વિકલ્પરૂપ દેખે છે. વીતરાગ સ્વસંવેદન લક્ષણરૂપ જ્ઞાનથી જાણે છે અને બધા (સકલ) રાગાદિક વિકલ્પોના ત્યાગથી નિજ સ્વરૂપમાં સ્થિર થાય છે એવા નિશ્ચયરત્નત્રયથી પરિણત થયેલ પુરુષ જ મોક્ષમાર્ગી છે. અને તત્ત્વાર્થનું શ્રદ્ધાન, શાસ્ત્રનું જ્ઞાન, અને અશુભક્રિયાઓના ત્યાગરુપ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વ્યવહાર મોક્ષમાર્ગને હે જીવ તું જાણ. કારણ કે તે નિશ્ચયરત્નત્રય-રૂપ નિશ્ચય મોક્ષમાર્ગનું સાધક છે તેના જાણવાથી કોઈ સમયે પરમપવિત્ર પરમાત્મા થઈ શકાશે.

પ્રથમ વ્યવહારરત્નત્રયની પ્રાપ્તિ થઇ જાય ત્યારે જ નિશ્ચયરત્નત્રયની પ્રાપ્તિ થઇ શકે છે તેમાં લેશમાત્ર (સંદેહ) નથી. જે અનંત સિદ્ધ થયા અને થશે તે બધા પહેલાં વ્યવહાર-રત્નત્રયને પામી નિશ્ચયરત્નત્રયરૂપ થયા છે. વ્યવહારરત્નત્રય સાધન છે અને નિશ્ચયરત્નત્રય સાધ્ય છે. વીતરાગ સર્વજ્ઞદેવે કહેલ છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થ, પંચાસ્તિકાય તેનું શ્રદ્ધાન, તેના

સ્વરૂપનું જ્ઞાન અને શુભ ક્રિયારૂપ આચરણ તે વ્યવહારમોક્ષ-માર્ગ છે અને નિજ શુદ્ધાત્માનું સમ્યક્શ્રદ્ધાન, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપમાં આચરણ તે નિશ્ચય મોક્ષ માર્ગ છે. સાધન વિના સાધ્યની સિદ્ધિ કદાપિ થતી નથી તે પ્રમાણે વ્યવહાર વિના નિશ્ચયની પ્રાપ્તિ થતી નથી.

ભેદરત્નત્રયરૂપ વ્યવહાર મોક્ષ માર્ગ સાધક છે અને અભેદ રત્નત્રયરૂપ નિશ્ચય મોક્ષ માર્ગ સાધવા યોગ્ય છે તે સુવર્ણ, સુવર્ણ પાષાણની માફક જાણવું અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણે વ્યવહાર નયથી મોક્ષના કારણ જાણવા અને નિશ્ચયથી તે ત્રણેમય એક આત્મા જ મોક્ષનું કારણ છે.

વિશેષાર્થ:– વ્યવહારનયથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેનો સમુદાયરૂપ મોક્ષ માર્ગ છે અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્-ચારિત્ર ત્રણે આત્માના ગુણો છે તે આત્માથી અભેદરૂપ છે તેથી નિશ્ચયનયે નિજ એકરૂપ આત્મ સ્વભાવ જ નિશ્ચય મોક્ષ માર્ગ છે. અર્થાત્ આત્મા જ મોક્ષ માર્ગ છે અને આત્માની પૂર્ણ શુદ્ધ અવસ્થા જ મોક્ષરૂપ છે. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ, છ દ્રવ્યોથી ભિન્ન પોતાનું યથાર્થ જેવું સ્વરૂપ છે તેવું જ શ્રદ્ધાન જ્ઞાન કરી તેનો અનુભવ કરવો અર્થાત્ દ્રવ્ય સ્વરૂપમાં એકાગ્ર તન્મય–આત્મ મય થઇ જવું તેજ નિશ્ચય મોક્ષ માર્ગ છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ત્રણે જુદા જુદા મોક્ષના કારણ નથી તેમજ ત્રણેની એકતા પણ સાક્ષાત મોક્ષનું કારણ નથી પણ પરંપરા મોક્ષનું કારણ છે તેથી તેને વ્યવહાર

મોક્ષ માર્ગ કહ્યો છે. તે વ્યવહાર મોક્ષ માર્ગ જીવ પુદ્ગલ સંબંધી પર્યાયથી ઉત્પન્ન થયેા છે તેથી સાધ્ય (જ્ઞાયકભાવ) નિશ્ચય મોક્ષ માર્ગ ભિન્ન છે અને સાધન વ્યવહાર મોક્ષ માર્ગ ભિન્ન છે.

સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષ માર્ગઃ શ્રી ઉમાસ્વામી મહારાજ વ્યવહાર નયની મુખ્યતાથી અને શ્રી કુંદકુંદાચાર્ય સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની એકતારૂપ નિશ્ચયની મુખ્યતાથી કહેલ છે. બન્નેને સમ્યગ્દર્શનના વિષયભૂત નવ પદાર્થ અથવા સાત-તત્ત્વોનું સ્વરૂપ વ્યવહાર અને નિશ્ચયનયથી એવી રીતે બતાવેલ છે કે બન્ને નયેાનેા વિરેાધ તેમાં મટી જાય છે. બન્નેની ઉપયેાગતા અને બન્નેનું સ્વરૂપ યથાર્થમાં પ્રકાશમાન થઈ જાય છે. નિશ્ચયનયરૂપ મેાક્ષમાર્ગ ઉપાદાન સાધન છે અને વ્યવહાર-નયરૂપ મેાક્ષમાર્ગ તેની પ્રગટતાને માટે બાહ્ય સહકારીરૂપ નિમિત્ત કારણ છે. દરેક કાર્યમાં ઉપાદાન અને નિમિત્ત બન્ને કારણેાની જરૂર પડે છે. જેમ જેમ ઉપાદાન કારણ કાર્યરૂપ (પરિણુત) થવા લાગે છે તેમ તેમ નિમિત્ત કારણની ગૌણુતા થતી જાય છે. પણ જ્યાં સુધી પૂરું કાર્ય નથી થઇ જતું ત્યાં સુધી નિમિત્ત કારણનેા સંયેાગ સહકારી રહે છે. જ્યાં સુધી સ્વરૂપનેા લાભ થતેા નથી ત્યાં સુધી નીચલી અવસ્થામાં વ્યવહાર હસ્તાવલમ્બનરૂપ છે. સાથેા સાથ પરનેા આશ્રય જ્યાં સુધી છે ત્યાં સુધી આત્મામાં નિર્બલતા છે તેથી પુરુષાર્થી આત્માએ સદા પરનેા આશ્રય છુટી સ્વાધીન કાર્ય કરવાને અનંત બલી થઇ જાય એવી ભાવના ભાવવી જોઇએ. જો કે તે ભાવનામાં પરાશ્રિત વ્યવહારને ઉપાદેય માનતેા નથી હેય (ત્યાગ) રૂપ

જ સમજે છે છતાં પણ જ્યાં સુધી નિશ્ચય સ્વરૂપની સ્વાધીનતા નથી પ્રાપ્ત કરી લેતો ત્યાં સુધી વ્યવહાર નયના આશ્રયને છોડતો નથી કારણ કે તેનો આશ્રય તેના પરિણામને નીચલી અશુભોપયોગની દશાથી બચાવી લ્યે છે

જ્ઞાની (અનુભવી) ઉપાદાન વા નિશ્ચયરૂપ સાધનને જ સાક્ષાત્ મોક્ષ માર્ગ અને વ્યવહારને કેવલ માત્ર સહકારી પરંપરા-રૂપથી મોક્ષનો માર્ગ જાણે છે.

વ્યવહાર મોક્ષમાર્ગ અને નિશ્ચય મોક્ષમાર્ગનું સ્વરૂપ

સમ્યગ્દર્શનં જ્ઞાનં ચરણં મોક્ષસ્યકારણં જાનીહિ ।
વ્યવહારાત્ નિશ્ચયતઃ તત્ત્રિકમયઃ નિજઃ આત્મા ॥૫૪॥

અર્થ:- વ્યવહારનયથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન. અને સમ્યક્ચારિત્ર એ ત્રણેના સમુદાયને મોક્ષનું કારણ સમજો. અને નિશ્ચયથી સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર સ્વરૂપ પોતાના આત્માને મોક્ષનું કારણ જાણો.

ભાવાર્થ:- વ્યવહારનયથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેનો સમુદાય તે મોક્ષનું કારણ જાણવું અને નિશ્ચયથી સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સ્વરૂપ પોતાનો આત્મા છે તેજ મોક્ષનું કારણ છે. શ્રી સર્વજ્ઞ વીતરાગના કહેલા છ દ્રવ્ય, નવ પદાર્થ, સાત તત્ત્વ અને પંચાસ્તિકાયના સ્વરૂપનું સમ્યક્પ્રકારે શ્રદ્ધાન કરવું, જાણવું, અને વ્રત આદિનું આચરણ કરવું ઇત્યાદિ વિકલ્પરૂપ જે છે તે તો વ્યવહાર મોક્ષમાર્ગ છે.

અને પોતાના નિરંજન શુદ્ધાત્મ તત્ત્વનું શ્રદ્ધાન, જ્ઞાન તથા આચરણમાં એકાગ્ર પરિણતિરૂપ થવું તે નિશ્ચય મોક્ષમાર્ગ છે.

અભેદથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સ્વરૂપ નિજ શુદ્ધાત્મા જ છે તે કારણે નિશ્ચયનયથી આત્મા જ નિશ્ચય મોક્ષ માર્ગ છે. પોતાના શુદ્ધાત્માને છોડી અન્ય અચેતન દ્રવ્યમાં રત્નત્રય રહેતું નથી તે કારણે આ રત્નત્રયમય નિજ આત્મા જ નિશ્ચયથી મોક્ષ માર્ગ છે. રાગાદિ વિકલ્પોની ઉપાધિથી રહિત જે ચિતચમત્કારની ભાવનાથી ઉત્પન્ન થયેલ સુધારસ છે તેના આસ્વાદરૂપ અમૃત સુખનો ધારક હું જ છું એ પ્રમાણે નિશ્ચયરૂપ સમ્યગ્દર્શન છે અને પૂર્વોકત સુખને રાગાદિ સમસ્ત વિભાવોથી રહિત જે સ્વસંવેદન જ્ઞાન છે તેનાથી જાણવું તે સમ્યગ્જ્ઞાન છે અને એ પ્રમાણે દેખેલ, સાંભળેલ તથા અનુભવ કરેલ જે ભોગ તેમાં વાંછારૂપ જે સમસ્ત દુર્ધ્યાનરૂપ મનોરથ છે તેનાથી ઉત્પન્ન થયેલ સંકલ્પ, વિકલ્પોનો ત્યાગી પોતાના ચિત્તને વારંવાર ચલાયમાન ન થવા દેતા પોતાના પરમ સમતા ભાવરૂપ સુખમાં એકાકારરૂપ સ્થિર થઇ સંતુષ્ટ થવું તેજ સમ્યક્ચારિત્ર છે. અર્થાત્ પોતાનો આત્માજ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ તત્ત્વ છે તેજ ખરેખર મુક્તિનું કારણ છે એમ જાણવું.

વ્યવહાર નિશ્ચય મોક્ષમાર્ગમાં રહી જતી ભૂલ

જીવ અજ્ઞાનવશ જિન આજ્ઞા માની નિશ્ચય વ્યવહારરૂપ બે પ્રકારનો મોક્ષમાર્ગ માને છે પણ મોક્ષમાર્ગ તો કાંઇ બે પ્રકારે નથી માત્ર મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે

જ્યાં સાચા મોક્ષમાર્ગરૂપે નિરૂપણ કરેલ છે તે તો નિશ્ચય મોક્ષમાર્ગ છે અને જે મોક્ષમાર્ગનું નિમિત્ત છે તેને ઉપચારથી વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે અથવા સાચું નિરૂપણ કરે છે તે નિશ્ચય છે અને ઉપચારથી નિરૂપણ કરે છે તે વ્યવહાર છે એમ સર્વત્ર લક્ષણ જાણવું જોઇએ. પણ બે પ્રકારે મોક્ષ માર્ગ છે એમ માનવું તે મિથ્યા છે. વળી જે વ્યવહાર અને નિશ્ચય બન્નેને ઉપાદેય માને છે તે પણ ભ્રમ છે. એકજ દ્રવ્ય અને તેના ભાવને તેજ સ્વરૂપે નિરૂપણ કરવો તે નિશ્ચય છે અને દ્રવ્યના ભાવને અન્ય દ્રવ્યના ભાવ સ્વરુપ ઉપચારથી નિરૂપણ કરવો તે વ્યવહાર છે અથવા પરભાવથી ભિન્ન તે વ્યવહાર છે અને સ્વભાવથી અભિન્ન તે નિશ્ચય છે.

પરદ્રવ્યનું નિમિત્ત મટાડવાની અપેક્ષાએ વ્રત, શીળ, સંયમાદિકને મોક્ષમાર્ગ કહ્યો છે. ત્યાં તેને જ મોક્ષમાર્ગ ન માની લેવો, નિશ્ચયથી વીતરાગ ભાવ જ મોક્ષ માર્ગ છે વીતરાગ ભાવોને તથા વ્રતાદિકરૂપ વ્યવહાર મોક્ષમાર્ગને કથંચિત કાર્ય-કારણપણું છે તેથી વ્રતદિકને મોક્ષમાર્ગ કહ્યો છે; પણ તે કહેવા માત્ર જ છે પરમાર્થથી બાહ્ય ક્રિયા કાંઇ મોક્ષમાર્ગ નથી. આત્મા તો પોતાના રાગાદિભાવ છે તેને છોડી વીતરાગ થાય છે. વ્યવહાર મોક્ષમાર્ગ વડે નિશ્ચય મોક્ષમાર્ગનું જ્ઞાન કરાવવા માટે નીચલી દશામાં વ્યવહાર નયને કાર્યકારી કહી છે. અથવા ઉપચાર માત્ર વ્યવહારથી જો વસ્તુનો બરોબર નિર્ણય કરે તો વ્યવહાર કાર્યકારી છે પણ જો નિશ્ચયની માફક વ્યવહાર (નિમિત્તનું જ્ઞાન કરાવનાર) ને પણ સત્યાર્થ માની વસ્તુ આમ જ છે એવું શ્રદ્ધાન કરે તો ઉલટો સંસાર વધી જતાં અકાર્યકારી થઇ પડે.

વળી વ્રત, શીલ, સંયમાદિક નું નામ વ્યવહાર નથી પણ તેને મોક્ષમાર્ગ માનવો એ વ્યવહાર છે. હવે એ તો પરદ્રવ્યાશ્રિત છે તેથી જ તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહ્યો છે પણ યથાર્થમાં તો સ્વદ્રવ્યાશ્રિત વીતરાગ ભાવ જ સાચો મોક્ષમાર્ગ છે. હવે જો ઉપચાર મોક્ષમાર્ગને જ સત્યાર્થ જાણી અંગીકાર કરવામાં આવે તો શ્રદ્ધાન જુદું થયું અર્થાત્ અસત્યાર્થનું શ્રદ્ધાન થયું અને સત્યાર્થનું અશ્રદ્ધાન થયું તેથી તેને મિથ્યાશ્રદ્ધાન કહે છે. કારણ કે નિશ્ચયસ્વરૂપ વીતરાગ ભાવ અંગીકાર કરવા યોગ્ય હતો તેનો તો ત્યાગ કર્યો અને વ્યવહાર સ્વરૂપ અસત્યાર્થ સરાગ ભાવ ત્યાગ કરવા યોગ્ય હતો તેનો અંગીકાર કર્યો તેથી શ્રદ્ધાન જુદું થયું તેથી મોક્ષમાર્ગ પણ જુદો થયો; માટે નિશ્ચયને તો સત્યાર્થ માની શ્રદ્ધાન કરવું અને વ્યવહારને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડવું તેનું નામ સમ્યક્ત્વ શ્રદ્ધાન છે.

મોક્ષ અને મોક્ષનું સ્વરૂપ

मोक्षः स्वात्मप्रदेशस्थितविविधविधेः कर्मपर्यायहानि-
र्मूलात्तत्कालचित्तादिमलतरगुणोद् भूतिरस्या यथावत् ।

स्याच्छुद्धात्मोपलब्धेः परमसमरसी भावपीयूषतृप्तिः ।
शुक्लध्यानादिभावापरकरणतनोः संवरान्निर्जरायाः ॥५४५॥

અર્થઃ- પોતાના આત્મ પ્રદેશોની સાથ (એક ક્ષેત્રાવગાહરૂપથી) સ્થિત રહેલા નાનાવિધ જ્ઞાનાવરણાદિ કર્મોનો કર્મ પર્યાયરૂપથી અત્યંત ક્ષય થઇ જવો અથવા તેનું આત્માથી પૃથક્ થઇ જવું

તે દ્રવ્યમોક્ષ છે. અને તે દ્રવ્યમોક્ષવાળા આત્માથી જે યથા-યોગ્ય વિશુદ્ધ ગુણોનો આવિર્ભાવ થઈ જવો તેને ભાવમોક્ષ કહે છે. તે શુદ્ધાત્માની ઉપલબ્ધિ સ્વરૂપ છે. આ શુદ્ધાત્માની ઉપલબ્ધિ શુકલ ધ્યાનાદિરૂપ સંવર તથા નિર્જરાથી આવિર્ભૂત થાય છે.

ભાવાર્થ:- આગમમાં દ્રવ્યમોક્ષ અને ભાવમોક્ષ એમ બે પ્રકારે મોક્ષનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. દુધ પાણીની માફક આત્માની સાથે જ્ઞાનાવરણાદિ આઠે કર્મ મળેલ છે તેની કર્મ પર્યાયરૂપથી આત્યંતિક નિવૃત્તિ થઈ જવી તેને દ્રવ્યમોક્ષ કહે છે. અને આત્માના અનંત જ્ઞાનાદિ વિમલ ગુણોનો આવિર્ભાવ થઈ સ્વાત્મોપ-લબ્ધિ થવી તેને ભાવમોક્ષ કહે છે. અથવા સંપૂર્ણ કર્મમલકલંકના અભાવથી આત્માના સમસ્ત અચિન્ત્ય સ્વાભાવિક જ્ઞાનાદિ ગુણ અને અવ્યાબાધ સુખ ગુણ પ્રકટ થઈ જાય છે તેવી આત્માની અવસ્થા વિશેષને મોક્ષ કહે છે. શુદ્ધાત્માની ઉપલબ્ધિરૂપ મોક્ષ કર્મોના સર્વથા ક્ષયથી થાય છે અને કર્મોના ક્ષયનું કારણ સંવર અને નિર્જરા છે. અને આ સંવર નિર્જરા ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરિષહજય, ચારિત્ર, તપ તથા શુકલ ધ્યાનાદિથી થાય છે. સંવરથી નવા કર્મોનું આવવાનું રોકાય છે અને નિર્જરાથી સંચિત કર્મોનો સર્વથા ક્ષય થાય છે. એ પ્રમાણે સમસ્ત કર્મોનો ક્ષય થવાથી આત્મામાં અનંત દર્શન અને અનંતજ્ઞાનાદિ ગુણ સમૂહની ઉદ્ભૂતિ થાય છે. તે સમયમાં આત્મા સમસ્ત સંકલ્પ વિકલ્પ મોહજાલથી સર્વથા વિમુકત થઈ પોતાના ચિદાનંદમય વિજ્ઞાનઘન સ્વભાવમાં સ્થિત થાય છે. આજ આત્માની પરમ ઉત્કૃષ્ટ અવસ્થા છે.

મુકત આત્માઓનું નિવાસસ્થાન

લોકના અંતમાં એક રાજુ ચવડી, સાત રાજુ લાંબી અને આઠ યોજન મોટી ઇષત્પ્રાગ્ભાર નામની આઠમી પૃથ્વી છે. તે આઠમી પૃથ્વીની વચમાં રુપ્યમય છત્રાકાર મનુષ્ય ક્ષેત્ર સમાન ગોળ (૪૫) લાખ યોજન લાંબી મધ્યમાં આઠ યોજન જાડી (અંત સુધી જાડાઈ ક્રમથી ઘટતી ઘટતી) સિદ્ધશિલા છે તે સિદ્ધશિલાની ઉપર તનુવાતવલયમાં ચરમ શરીરથી કિંચિત્ ન્યૂન અષ્ટકર્મો રહિત આત્મ પ્રદેશોમાં પુરુષાકાર રૂપથી સ્થિત, નિત્ય, ઘિન્ડાત્મક, અકૃત્રિમ, અમૂર્તિક, અભેદ્ય, અન્યથી ચિત્પર્યાય (ચૈતન્યદ્રવ્યની શુદ્ધ પર્યાય) અર્થાત્ સિદ્ધ પર્યાય સાદી અનંત કાળ સુધી અનંતચતુષ્ટય મય અનંત આત્મિક સુખમાં નિરંજન નિરાકાર ઉત્પાદ વ્યય સંયુકત મુકત જીવ (સિદ્ધ નિકલ પરમાત્મા) બિરાજમાન છે. તે વિમલ આત્મા અથવા મુકત જીવનું મુમુક્ષુઓએ ધ્યાનમાં ધ્યેય કરવા યોગ્ય છે.

સમ્યક્ત્વસુધાનો મહિમા

सम्यक्तवं दुर्लभं लोके सम्यक्तवं मोक्षसाधनम् ।
ज्ञानचारित्रयोर्बीजं मूलं धर्मतरोरिव ॥५४६।

तदेव सत्पुरुषार्थस्तदेव परमं पदम् ।
तदेव परमं ज्योतिः तदेव परमं तपः ॥५४७॥

અર્થઃ– આ સંસારમાં સમ્યક્ત્વ દુર્લભ છે, સમ્યક્ત્વ જ મોક્ષ સાધન છે, સમ્યક્ત્વ જ જ્ઞાન છે; ચારિત્રનું બીજ છે અર્થાત્

જ્ઞાન ચારિત્રને ઉત્પન્ન કરવાવાળું છે. સમ્યક્ત્વ જ ધર્મરૂપી વૃક્ષને માટે મૂલ (જડ) સમાન છે. આ સમ્યક્ત્વ જ બધાથી ઉત્તમ પુરુષ અર્થ છે. આ સમ્યક્ત્વ જ બધાથી ઉત્તમ પદ છે, ઉત્કૃષ્ટ જ્યોતિ છે અને આ સમ્યક્ત્વ જ બધાથી શ્રેષ્ટ તપ છે. અર્થાત્ આ સમ્યક્ત્વ જ ઇષ્ટ પદાર્થોની સિદ્ધિ છે, આજ પરમ મનોરથ છે, કેવલ આત્માથી ઉત્પન્ન થવાવાળું અતીન્દ્રિય સુખ છે અને આજ અનેક કલ્યાણોની પરંપરા છે.

रयणाण महारयणं सव्वजोयाण उत्तमं जोयं ।
रिद्धीण महारिद्धी सम्मत्त सव्वसिद्धियरं ॥५४८॥

અર્થ:- સમ્યક્ત્વ છે તે સમસ્ત રત્નોમાં મહાન્ ઉત્તમ રત્ન છે અને સર્વ યોગ, (વસ્તુની સિદ્ધિ કરવાનો ઉપાય) મંત્ર ધ્યાન આદિક તેમાં ઉત્તમ મહાયોગ છે. સમ્યક્ત્વથી જ મોક્ષ સધાય છે અને અણિમાદિક રિદ્ધિ છે, તેમાં સર્વોપરિ સમ્યક્ત્વ મહાન રિદ્ધિ છે. વિશેષ શું કહીએ સર્વ સિદ્ધિને કરવાવાળું આ સમ્યક્ત્વ રત્ન જ છે.

ભાવાર્થ:- સમ્યક્ત્વ ગુણથી યુકત જે પ્રધાન પુરુષ છે તે દેવોના ઇન્દ્રથી અને મનુષ્યના ઇન્દ્ર ચક્રવર્ત્યાદિકથી વંદનીય છે. તે વ્રત રહિત હોય તો પણ ઉત્તમ નાના પ્રકારના સ્વર્ગસુખને પામે છે. કારણ કે સમ્યક્ત્વમાં દેવની જ આયુ બાંધે છે. વળી સમ્યગ્દૃષ્ટિજીવ છે તે દુર્ગતિના કારણ ભૂત અશુભ કર્મને બાંધતો નથી અને ઘણા ભવમાં બાંધેલા પાપ કર્મોનો નાશ કરે છે. મિથ્યાત્વમાં નરકાયુનો બંધ થઈ ગયો હોય તો પહેલી નરક છોડી બીજી

કોઇ નરકમાં જાય નહીં. જ્યોતિષ, વ્યંતર, ભવનવાસી દેવ થાય નહીં, સ્ત્રીમાં ઉત્પન્ન થાય નહીં, પાંચ સ્થાવર, વિકલત્રય, અસૈની, નિગોદ, મ્લેચ્છ, કુભોગભૂમિમાં ઉત્પન્ન થાય નહીં સમ્યક્‌ત્વ સમાન કલ્યાણરૂપ ત્રણ લોક ત્રણકાળમાં અન્ય કોઇ નથી માટે સમ્યક્‌ત્વ પ્રાપ્ત કરવા ઉગ્ર પુરુષાર્થ કરવો જોઈએ.

उत्तमधम्मेण जुदो होदि तिरक्खो वि उत्तमोदेवो ।
चंडालो वि सुरिंदो उत्तमधम्मेण संभवदि ॥५४९॥

અર્થ:- સમ્યક્‌ત્વ સહિત ઉત્તમ ધર્મ સંયુકત જે જીવ છે તે તિર્યંચ પણ દેવ પર્યાયને પામે છે અને ચાંડાલ છે તે પણ દેવનો ઇન્દ્ર સમ્યક્‌ત્વ સહિત ઉત્તમ ધર્મથી થાય છે.

सम्यग्दर्शनसद्रत्नं येनासादिदुरासदं ।
सोऽचिरान्मुक्तिपर्यंतां सुखतातिमवाप्नुयात् ॥५५०॥

અર્થ:- જે મહાભાગ્ય ભવ્ય પુરુષને અત્યંત દુર્લભ સમ્યગ્દર્શન-રૂપી ઉત્તમ મહારત્ન સંપ્રાપ્ત થઈ જાય છે. તેને ઇન્દ્ર, ચક્રવર્તી આદિ મોક્ષ પર્યન્તનાં સમસ્ત સુખ બહુજ શીઘ્રતાથી પ્રાપ્ત થઇ જાય છે.

सदर्शनमहारत्नं विश्वलोकैकभूषणम् ।
मुक्तिपर्यंतकल्याण दानदक्षंप्रकीर्तितम् ॥५५१॥

અર્થ:- લોકોત્તર આત્મજ્ઞાન, અમૃતરસ ભરપૂર સમ્યગ્દર્શન

મહારત્ન સમસ્ત લોકનું ઉત્તમોત્તમ અદ્વિતીય આભૂષણ છે અને મોક્ષ થાય ત્યાં સુધી મહાકલ્યાણ કરવામાં પરમ ચતુર છે.

यः सम्यक्त्वप्रधानः बुधः स त्रिलोकप्रधानः ।
केवलज्ञानमपि लघु लभते शाश्वतसौख्यनिधानम् ॥५२७॥

અર્થઃ- જેને સમ્યક્ત્વની પ્રધાનતા છે તે જ્ઞાની છે અને તે ત્રણ લોકમાં પ્રધાન છે; જેને સમ્યક્ત્વની પ્રધાનતા છે તે જીવ શાશ્વત સુખના નિધાન એવા કેવળજ્ઞાનને પણ જલ્દી પ્રાપ્ત કરી લ્યે છે.

*(આ ગાથા આગળમાં છુટી જવાથી અહીં લેવામાં આવી છે.)

सुदेवत्वसुमानुष्ये जन्मनांतिस्यनेतरत् ।
दुर्जन्मजायतेजातु हृदियस्यास्तिदर्शनं ॥५५२॥

અર્થઃ- જે ભવ્ય આત્માના નિર્મળ હૃદયકમળમાં સમ્યગ્દર્શનરૂપ મહારત્ન બિરાજમાન છે;તે ભવ્ય આત્મા ઇન્દ્રાદિક દેવ પર્યાયોને તથા ચક્રવર્તી, તીર્થંકર આદિ ઉત્તમ મનુષ્ય પર્યાયોને ધારણ કરે છે અને તેને અન્ય નારકી, તિર્યંચોના ખોટા જન્મ કોઇ વખતે પણ ધારણ કરવા પડતા નથી.

न सम्यक्त्वंसमंकिंचित् त्रैकाल्येत्रिजगत्यपि ।
श्रेयोऽश्रेयश्चमिथ्यात्व समंनान्यत्तनूभृताम् ॥५५३॥

અર્થઃ- ત્રણે લોકમાં અને ત્રણે જગતમાં જીવોનું સમ્યક્ત્વ

સમાન કોઇ પણ કલ્યાણ કરનાર નથી અને મિથ્યાત્વ સમાન બીજું કોઇ અકલ્યાણ કરનાર નથી.

सम्यग्दर्शनशुद्धा नारकतिर्यङ्नपुँसक स्त्रीत्वानि ।
दुष्कुलविकृताल्पायु र्दरिद्रतांच व्रजन्तिनाप्यव्रतिकाः ॥५५४॥

અર્થ:- જે ભવ્ય આત્માઓ સમ્યગ્દર્શન સુધારસ પરિણામથી શુદ્ધ થયેલ છે તે સમ્યગ્દૃષ્ટિ વ્રત રહિત હોય છતાં પણ નરક, તિર્યંચ, નપુંસક અને સ્ત્રી પર્યાયને તથા નીચકુલ, વિકલઅંગ, અલ્પઆયુ અને દરિદ્રપણાને પ્રાપ્ત થતો નથી.

मतिःश्रुतं तपः शान्तिः समाधिसत्त्व वीक्षणम् ।
सर्वं सम्यकत्व शून्यस्य मरीचे रिवनिष्फलम् ॥५५५॥

અર્થ:- સમ્યક્ત્વથી રહિત જે પુરુષ છે તેને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, બાહ્ય તથા અંતરંગ તપ, કષાયની મંદતારૂપ શાંતિ, ચિત્તની એકાગ્રતારૂપ સમાધિ અને તત્ત્વનું વિશેષપણે દક્ષણ (જોવું) એ સર્વે મૃગતૃષ્ણાની માફક નિષ્ફળ છે.

जीवविमुकतः शवः दर्शनमुकतश्च भवति चलशवः ।
शवः लोके अपूज्यः लोकोत्तरे चलशवः ॥५५६॥

અર્થ:- લોકમાં જીવથી રહિત શરીર હોય તેને શબ કહે છે. તેમજ લોકોત્તર માર્ગમાં (પરમાર્થમાર્ગમાં) સમ્યગ્દર્શનથી રહિત પુરુષ છે તે ચાલતુ મુડદું છે. જે જીવ રહિત મુડદું છે તે તો

લોકમાં અપૂજ્ય અને અસ્પૃશ્ય છે તેમજ જે જીવ સમ્યક્ત્વ રહિત છે તે જીવ સંઘમાં અપૂજ્ય છે.

मिहरो महंधमारं मरुदो मेहं महावणं दाहो ।
वज्जो गिरिं जहाविय सिज्जई सम्मे जहाकम्मं ॥५५७॥

અર્થ:- જેમ સૂર્ય મહાઅંધકારનો નાશ કરે છે, પવન મેઘનો નાશ કરે છે, દાવાનળ મહાવનનો નાશ કરે છે, વજ્ર પહાડનો નાશ કરે છે, તેમ સમ્યક્ત્વ કર્મનો નાશ કરે છે.

मिच्छं धयार रहियं थियमज्झं मिव सम्मरयणदीव कलावं ।
जो पज्जलइ स दीसइ सम्मं लोयत्तयं जिणुदिट्ठं ॥५५८॥

અર્થ:- જે ધર્માત્મા પોતાના હૃદય મંદિરમાં સમ્યક્ત્વ રત્નરૂપી દીપક પ્રજ્વલિત કરે છે તેને ત્રણ લોકના સમસ્ત પદાર્થ સ્વયમેવ પ્રતિભાસિત થાય છે.

लब्धं तेनैवसज्जन्म सकृतार्थः स पंडितः ।
परिस्फुरति निर्व्याजं यस्य सद्दर्शनंहृदि ॥५५९॥

અર્થ:- આ સંસારમાં જે ભવ્ય આત્માના નિર્મળ, અનન્ય પ્રેમી, ઈષ્ટ અન્તઃકરણ મંદિરમાં કપટ રહિત નિર્મળ સમ્યગ્દર્શન રૂપી રત્ન પ્રગટ થઇ ગયેલ છે તેનોજ જન્મ સફળ અને સાર્થક છે તેજ સંસારમાં કૃતકૃત્ય છે અને તેજ પંડિત છે.

लब्धं जन्मफलंतेन सार्थकं तस्य जीवितं ।
मिथ्यात्व विषमुत्सृज्य सम्यकत्वंयेन गृह्यते ॥५६०॥

અર્થ:- જે ભવ્ય આત્માએ મિથ્યાત્વ પરિણામરૂપી વિષનો ત્યાગ કરી, સમ્યક્‌ત્વ પરિણામરૂપ અમૃતને ગ્રહણ કરેલ છે તેજ ભવ્ય આત્માએ મનુષ્ય જન્મનું સુંદર (શ્રેષ્ટ) અને મધુર મોક્ષરૂપી ફલ પ્રાપ્ત કર્યું છે અને તેનું જીવવું પણ સાર્થક છે.

ભાવાર્થ :- જે જીવને નિર્મળ સમ્યગ્દર્શન છે એવા જીવને કલ્યાણરૂપ ઇંદ્રપણું, ચક્રીપણું, અહમિન્દ્રપણું, તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે. સુર અસુર સહિત સર્વલોક કદાચ ખરીદ કરીને કોઇને દેવામાં આવે તો પણ સમ્યગ્દર્શન રૂપી રત્નની પ્રાપ્તિ થઈ શકે નહીં અથવા એક તરફ સમ્યગ્દર્શનનો લાભ થતો હોય અને બીજી તરફ ત્રણ લોકના રાજ્યનો લાભ થતો હોય તો ત્યાં ત્રણ લોકના લાભ કરતાં પણ સમ્યગ્દર્શનનો લાભ શ્રેષ્ઠ છે. કેમકે ત્રણ લોકનું રાજ્ય વા ધરણેન્દ્રપણું, નરેન્દ્રપણું, દેવેન્દ્રપણું પામીને પણ અલ્પ પરિમિત કાળમાં તે છુટી જાય છે અથવા મરણ કરી તે જીવ ચારે ગતિઓમાં પરિભ્રમણ કરે છે. અને સમ્યક્‌ત્વ પ્રાપ્ત થયેલ જીવ ચાર ગતિ સંસારમાં જન્મ મરણ કરતો નથી પણ અવિનાશી સુખને પ્રાપ્ત થાય છે. તેથી સમ્યક્‌ત્વના લાભ સમાન ત્રૈલોક્યનો લાભ શ્રેષ્ટ નથી. (ભગવતી આરાધના ગાથા ૭૪૫-૪૬-૪૭)

अप्येकं दर्शनं श्लाघ्यं चरणज्ञान विच्युतम् ।
नपुनःसंयमज्ञाने मिथ्यात्व विषदूषिते ॥५६१॥

અર્થ :- સમ્યગ્દર્શન, ચારિત્ર જ્ઞાન વિના પણ પ્રશંસનીય છે અને સમ્યક્‌ત્વ વિના ચારિત્ર અને જ્ઞાન મિથ્યાત્વરૂપી વિષથી

દૂષિત થાય છે અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિના જ્ઞાન મિથ્યા-જ્ઞાન અને ચારિત્ર કુચારિત્ર કહેવાય છે.

शमबोधवृत्ततपसां पाषाणस्येव गौरवं पुंसः ।
पूज्यं महामणेरिव तदेव सम्यक्त्वसंयुक्तम् ॥५६२॥

અર્થ:- શમ (ઉપશમ) બોધ (જ્ઞાન) વ્રત (ચારિત્ર) તપ (અનશનાદિ, એ ચાર સમ્યક્ત્વ રહિત હોય તો પથ્થર સમાન છે અને સમ્યક્ત્વ સહિત એ ચારે હોય તો તે ઉત્કૃષ્ટ રત્ન સમાન છે. અર્થાત એ ચારે આરાધનમાં સમ્યગ્દર્શન બધાથી શ્રેષ્ઠ છે તે ગુણથી મનુષ્ય, લોકમાં પૂજનિક બને છે.

किं जाणिऊण सयलं तच्चं किच्चा तवं च किं बहुलं ।
सम्मविसोहिविहीणं णाणतवं जाण भवहीयं ॥५६३॥

અર્થ:- શુદ્ધ સમ્યગ્દર્શન વિના સમસ્ત તત્ત્વોને જાણી લેવાથી શું લાભ છે તથા શુદ્ધ સમ્યગ્દર્શન વિના ઘોર તપશ્ચરણ કરવાથી શું લાભ છે? શુદ્ધ સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને તપ બન્ને સંસારનું જ કારણ સમજવું જોઇએ.

ભાવાર્થ:- સમ્યગ્દર્શન વિના વ્રત, ગુપ્તિ, સમિતિ, શીલ, તપશ્ચરણ, છ આવશ્યકો, ધ્યાન, અધ્યયન પાળવું અને પરીષહોનું જીતવું આદિ બધુ નિર્થક સંસારના કારણભૂત છે એમ સમજવું. અને સમ્યગ્દર્શન સહિત જ્ઞાન, તપ આદિ બધુ મોક્ષના કારણભૂત છે અર્થાત્ સમ્યગ્દર્શન વિના તે સઘળુ મિથ્યા, સંસાર વર્ધક છે.

अणाणी विसयविरत्तादो होइसयसहस्सगुणो ।
णाणी कसायविरदो विसयासत्तो जिणुदिट्ठं ॥५६४॥

અર્થઃ- મિથ્યાદૃષ્ટિ (અજ્ઞાની) જીવ વિષય અને કષાયોથી વિરકત થઇ જે ફલ પ્રાપ્ત કરે છે તે સમ્યદૃષ્ટિ જીવ વિષય કષાયો સેવન કરતા પણ તેનાથી લાખ ગુણા ફલને અનાયાસે પ્રાપ્ત કરે છે એમ શ્રી જિનેન્દ્ર ભગવાન કહે છે આવો કોઇ સમ્યકૃત્વનો મહિમા છે.

हस्तेचिन्तामणिर्यस्य गृहेयस्यसुरद्रुमः ।
कामधेनु र्धनंयस्य तस्य का प्रार्थनापरा ॥५६५॥

અર્થઃ- જેનાં હાથમાં ચિંતામણિ રત્ન છે. ધનમાં કામધેનું ગાય છે, અને જેના ઘરમાં કલ્પવૃક્ષ છે એને બીજી પ્રાર્થના કરવાની શું જરૂર છે ? કાંઇ નહીં. જો કે કલ્પવૃક્ષ, કામધેનુ, અને ચિંતામણિ રત્ન તો કહેવા માત્ર છે પરંતુ ખરેખર તો સમ્યગ્દર્શન જ કલ્પવૃક્ષ, કામધેનું, અને ચિંતામણિ રત્ન છે એમ જાણવું

लब्धसद्दर्शनो जीवो मुहूर्त मपि पश्य यः ।
संसार लति कांछित्वा कुरुते ह्रासिनीमसौ ॥५६६॥

અર્થઃ- હે ભવ્ય આર્ય ! જો અન્તર્મુહૂર્તને માટે પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઇ જાય તો આ જીવ સંસારરૂપી વેલડીને છેદીને એને બહુજ નાની કરી નાખે છે.

ओजस्तेजोविद्या वीर्ययशोवृद्धि विजयविभव सनाथाः ।
महाकुलामहार्था मानवतिलका भवन्ति दर्शन पूताः ॥५६७॥

અર્થઃ– નિર્મળ સમ્યગ્દર્શનથી પવિત્ર થયેલ છે હૃદય કમળ જેનું એવા પુરુષ મનુષ્યોના તિલકરૂપ થાય છે એટલે કે સમસ્ત મનુષ્યથી મંડિત થાય છે અર્થાત્ સમસ્ત મનુષ્યોના મસ્તક ઉપર ધારણ કરવાને યોગ્ય એવા થાય છે. વળી કેવા હોય છે ? ઓજ (પરાક્રમ) તેજ (પ્રતાપ વિદ્યા જ્ઞાન) વીર્ય (શક્તિ) ઉજ્જવળ, યશ, ગુણોની વૃદ્ધિ, વિજયવંત, વૈભવશાળી અને સમસ્ત ગુણોના સ્વામી થાય છે. મહાધર્મ, મહાઅર્થ, મહાકામ અને મહામોક્ષરૂપ ચાર પુરુષાર્થના અને ઉત્તમ કુળના સ્વામી થાય છે અર્થાત્ અભ્યર્હિત પ્રભાવનાનો ધારક મનુષ્ય થાય છે.

सम्यग्दर्शनसंपन्न मपिमातंगदेहजम् ।
देवादेवंविदुर्भस्म गुढां गारान्तरौ जसम् ॥५६८॥

અર્થઃ– શ્રી ગણધરાદિ દેવ સમ્યગ્દર્શન સહિત ચાંડાળને પણ ભસ્મથી ઢાંકેલ ગુપ્ત અંગારાની માફક પ્રકાશ સમાન દેવ કહે છે. અર્થાત્ સમ્યગ્દર્શન સહિત ચંડાલને ભગવાન ગણધરદેવ, દેવ કહે છે.

वरं नरकवासोऽपि सम्यक्त्वेन समायुतः ।
न तु सम्यक्त्वहीनस्य निवासो दिवि राजते ॥५६९॥

અર્થઃ– સમ્યગ્દર્શનથી વિભૂષિત જીવનો નરકવાસ પણ સારો છે પરંતુ સમ્યગ્દર્શન રહિત સ્વર્ગમાં રહેવું શોભારૂપ નથી.

सम्यक्त्वं परमं रत्नं शंकादिमलवर्जितम् ।
संसारदुःखदारिद्यं नाशयेत्सु विनिश्चितम् ॥५७०॥

અર્થ:- શંકાદિ આઠ મુખ્ય દોષોથી રહિત આ સમ્યગ્દર્શન પરમ રત્ન છે અને તે સંસારના દુઃખરૂપી દારિદ્રનો નિશ્ચયથી નાશ કરે છે.

सम्यक्त्वेन हि युक्तस्य ध्रुवं निर्वाणसंगमः ।
मिथ्यादृशोऽस्य जीवस्य संसारे भ्रमणं सदा ॥५७१॥

અર્થ:- જે ભવ્ય જીવ સમ્યક્ત્વ સહિત છે તે જીવ નિશ્ચયથી નિર્વાણનો લાભ કરે છે અને મિથ્યાદૃષ્ટિ જીવ સદાય આ સંસારમાં પરિભ્રમણ કરે છે.

कालः अनादिः अनादिः जीवः भवसागरोऽपि अनंतः ।
जीवेन द्वे न प्राप्ते जिनः स्वामी सम्यक्त्वम् ॥५७२॥

અર્થ:- કાલ પણ અનાદિ છે જીવ પણ અનાદિ છે અને સંસાર સમુદ્ર પણ અનાદિ અનંત છે પણ આ જીવને જિનરાજસ્વામી અને સમ્યક્ત્વ એ બે મળેલ નથી.

दुर्गतावायुषोबंधात् सम्यक्त्वंयस्य जायते ।
गतिच्छेदो न तस्यास्ति तथाप्यल्पतरा स्थितिः ॥५७३॥

અર્થ:- મિથ્યાત્વ અવસ્થામાં દુર્ગતિનું આયુષ્ય બાંધ્યું હોય અને ત્યાર પછી સમ્યક્ત્વ ઉત્પન્ન થાય તો તેને જો કે આયુષ્ય કર્મનો ઉચ્છેદ નથી થતો, પરંતુ સ્થિતિ ઘટીને બહુજ થોડી રહી જાય છે અને અનુભાગ પણ ઘણોજ ઓછો થઇ જાય છે તેથી એને થોડો જ વખત દુઃખ ભોગવવું પડે છે. આજ સમ્યક્ત્વનું આશ્ચર્યકારી અપૂર્વ માહાત્મ્ય છે.

नदुःखबीजं शुभदर्शनक्षितौ कदाचन क्षिप्रमपि प्ररोहति ।
सदाप्यनुप्तं सुखबीजमुत्तमं कुदर्शने तद्विपरीतमिष्यते ॥५७४॥

અર્થ :- સમ્યગ્દર્શનરૂપી ભૂમિમાં કદાચિત દુઃખના બીજ પડી જાય તો પણ સમ્યગ્દર્શનરૂપી પવિત્ર ભૂમિમાં તે બીજ કદી પણ શીઘ્ર અંકુરિત થતાં નથી. તેના અંકુર ઉત્પન્ન થયા પહેલાજ તે પવિત્રભૂમિનો તાપ તેને બાળી નાંખે છે. અને તે પાવનભૂમિમાં સુખના બીજ તો વાવ્યા વગર પણ સદાય ઉત્પન્ન થયા કરે છે, પરંતુ મિથ્યાદર્શનરૂપી ભૂમિમાં બરાબર તેનાથી વિપરીત ફળ થાય છે અર્થાત મિથ્યાદર્શનરૂપી ભૂમિમાં કદાચિત્ સુખના બીજ વાવવામાં આવે તો પણ તે અંકુરિત થતા નથી પણ બળી જાય છે અને દુઃખના બીજ તો વાવ્યા વગર પણ ઉત્પન્ન થાય છે.

वरंज्वालाकुलेक्षिप्तो देहिनात्मा हुताशने ।
नतुमिथ्यात्वसंयुक्तं जीवितव्यं कदाचन ॥५७५॥

અર્થ:- અતિ જાજ્વલ્યમાન જવાળાથી આકુળ, દેદીપ્યમાન અગ્નિને વિષે આત્માને હોમવો તે સારૂં, પણ મિથ્યાત્વ સહિત જીવવું કોઈ પણ પ્રકારે સારૂં નથી.

किं बहुना भणितेन ये सिद्धाः नरवराः गते काले ।
सेत्स्यंन्तियेऽपिभव्याः तज्जानीत सम्यकत्व माहात्म्यम् ॥५७६॥

અર્થ :- સમ્યકત્વ રત્નના સંબંધમાં વિશેષ કહેવાથી શું ? જે નરવરા-ભવ્યવર પુંડરીકો-ભરત-સગર-રામ-પાંડવાદિક મોક્ષપદને પ્રાપ્ત થયા છે તે સર્વે સમ્યકૂત્વ રત્નનું જ માહાત્મ્ય તમારે જાણવું.

ગયા કાળમાં સિદ્ધ થયા, ભવિષ્યમાં સિદ્ધ થશે તે સર્વે સમ્યક્ત્વનો જ પ્રભાવ જાણવો.

किंवा बहुभिरालापैः श्लाघ्यैवैवास्तुदर्शने ।
लब्धेनयेनसंसारो यात्यनंतोऽपिसांततां ॥५७७॥

અર્થ:- સમ્યગ્દર્શનની અધિક પ્રશંસા કરવી વ્યર્થ છે કેમકે એની કેવળ આજ પ્રશંસા બહુજ છે કે એ પ્રાપ્ત થવાથી અનંત સંસારનો પણ અંત આવી જાય છે અર્થાત્ તેનું પરિભ્રમણ છૂટી તેને મોક્ષ શીઘ્ર પ્રાપ્ત થઇ જાય છે.

આ ગ્રંથમાંથી પ્રયોજનભૂત શીખી લેવું

अंतो णत्थि सुदीणं कालो थोओ वयं च दुम्मेहा ।
तण्णवरि सिक्खियत्वं जंजरमरणं खयं कुणइ ॥५७८॥

અર્થ :- શાસ્ત્રોનો પાર નથી, આયુષ્ય કાળ થોડો છે. આપણી બુદ્ધિ અલ્પ છે, તેટલા માટે જેનાથી જન્મ મરણ નાશ થાય છે તે પ્રયોજનભૂત (આ શાસ્ત્રમાંથી) શીખી લેવું (જાણી લેવું) જોઇએ.

ભાવાર્થ :- જ્ઞાનસ્વરૂપી આત્માનું સ્મરણ કરવામાં નથી કલેશ થતો, નથી ધન ખર્ચવું પડતું, નથી દેશાંતરે જવું પડતું, નથી કોઈ પાસે પાર્થના કરવી પડતી, નથી બળનો ક્ષય થતો, નથી કોઇ તરફથી ભય પિડા થતી, વળી તે પાપનું કાર્ય નથી, રોગ કે જન્મ મરણમાં પડવું પડતું નથી, નથી કોઇની સેવા કરવી

પડતી, આવી કોઇ મુશ્કેલી વિના જ્ઞાન સ્વરૂપ આત્માનું સ્મરણ ફલ દાયક છે, છતાં ડાહ્યા પુરુષો કેમ આદર કરતા નથી. ? હે જીવ! આ મનુષ્ય જન્મ દુર્લભ છે, જીવન નાનું છે, કાળ દુષ્ટ છે, પાર દૂર છે, શ્રુતિનો અંત નથી, માટે પ્રયોજનભૂત સાધી લેવામાં પ્રમાદ કરવો યોગ્ય નથી.

ગ્રંથકારના ગુરુ તથા પોતાનું નામ

सूर्यसागराचार्य पाद स्मरणाधीन चेतसाम् ।
चुनीलालभदंतानां कृतिसम्यक्त्व सुधानाम् ॥५७९॥

અર્થઃ- શ્રી સૂર્યસાગરાચાર્યના ચરણને મનમાં સદાચિંતવન કરનાર ચુનીલાલે આ સમ્યક્ત્વસુધા નામનો ગ્રંથ બનાવ્યો છે.

પુનરુકત દોષની માફી

अत्र न ग्राह्यः पण्डितैः गुणो दोषोऽपि पुनरुक्तः ।
अल्पबुद्धि जन कारणेन मया पुनः पुनरपि प्रोक्तम् ॥५८०॥

અર્થઃ- આ ગ્રંથમાં પુનરુકત દોષ કે ગુણને પંડિતજન ગ્રહણ ન કરે. કારણ કે મેં આ અલ્પબુદ્ધિ જીવોના સંબોધન માટે વારંવાર સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે કથન કરેલ છે.

ગ્રંથના અભ્યાસનું ફળ

इति कतिपयवाचां गोचरीकृत्य कृत्यं ।
चरित मुचितमुच्चैश्चेतसां चित्तरम्यम् ।
इदमविकलमन्तः संततं चिन्तयन्तः ।
सपदि विपदपेतामाश्रयन्तु श्रियंते ॥५८१॥

અર્થ :- આ ગ્રંથમાં સંક્ષેપથી ઉત્તમોત્તમ અને નિર્દોષ આત્માનો ઉપદેશ અથવા સમ્યક્ત્વથી શુદ્ધ થવાનો ઉપાય બતાવ્યો છે. આનું જે જીવ મનન કરશે તેને શાશ્વત આત્મ-સિદ્ધિ પ્રાપ્ત થશે.

ગ્રંથની મહિમા

ये जीवाः परमात्मबोधपटवः शास्त्रं त्विदं निर्मलं ।
नाम्नाऽध्यात्म-पयोज-भानु कथित द्रव्यादिलिङ्ग स्फुटम् ।
जानन्ति प्रमितेश्च शब्दबलतो यो वाऽर्थतः श्रद्धया ।
ते सद्दृष्टियुता भवन्ति नियमात्समवान्तमोहाः स्वतः ॥५८२॥

અર્થ:- જે ભવ્ય જીવ પરમાત્મનો બોધ કરવામાં નિપુણ છે તે આ **સમ્યક્ત્વ સુધા** નામના નિર્મળ અધ્યાત્મ ગ્રંથનો કે જેમાં દ્રવ્યાદિ પદાર્થોનું વિસ્તારથી વર્ણન કરવામાં આવેલ છે, અને પ્રત્યક્ષાદિ પ્રમાણોથી તથા શબ્દ અને અર્થ સહિત શ્રદ્ધાપૂર્વક જાણે છે, વિચારે છે, વાંચે છે, વંચાવે છે, સાંભળે છે, સંભળાવે છે તે નિયમથી મોહ (તત્ત્વજ્ઞાનવિષયકભ્રાન્તિ) રહિત થઈ સમ્યગ્દર્શનનો લાભ કરે છે અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ થાય છે.

सम्यक्त्वसुधा मितियः समधिर्विदित्वा ।
निर्वाण मार्गमधितिष्ठति निष्प्रकम्पः ।
संसारबंधमवधूयस धूतमोह,-
श्चैतन्यरुपमचलं शिवतत्त्वमेति ॥५८३॥

અર્થ:-જે બુદ્ધિમાન સંસારથી ઉદાસીન થયો છે તે **સમ્યક્ત્વ સુધા** નામના ગ્રંથને અથવા **સમ્યક્ત્વસુધા** રસનો સમ્યક્ પ્રકારે સ્વાદુ થઇ, (સમજી) નિશ્ચલતાની સાથ મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરશે, તો તે મોહનો નાશ કરી સંસાર બંધનને તોડી નિશ્ચલ ચૈતન્ય સ્વરૂપ મોક્ષ લક્ષ્મીને પ્રાપ્ત કરશે.

ગ્રંથકર્ત્તાની લઘુતા

यन्मया किमपि विजल्पितं युक्तायुक्तमपि अत्र ।
तद् वरज्ञानिनः क्षाम्यन्तु मम ये बुध्यन्ते परमार्थं ॥५८४॥

અર્થ:- આ ગ્રંથમાં જે કંઈ પણ યુકતાયુકત (યોગ્ય–અયોગ્ય) શબ્દ લખ્યો હોય તો જે મહાન જ્ઞાનના ધારક પરમ અર્થને જાણે છે તેવા પંડિત જન મારા ઉપર ક્ષમા કરે.

ભાવાર્થ :- મારી છદ્મસ્થ બુદ્ધિ છે તેથી જો કદાચ મારા શબ્દોમાં, અર્થમાં, યોગ્ય કે અયોગ્ય લખાણું હોય તો જે વિવેકી પરમ અર્થને સારી રીતે જાણતા હોય તે મારા દોષને ક્ષમા કરી, સુધારો કરી, મારા ઉપર કૃપા કરે.

ગુણ ગ્રહણ કરવાની પ્રાર્થના

મેં આગમ, તર્ક, પરમ નિર્ગ્રંથ ગુરુ ઉપદેશ અને સ્વાનુભૂતિ આદિ સંપૂર્ણ સાધનોથી આ શુદ્ધાત્માની પ્રાપ્તિનું અર્થાત્ ધર્મનું મૂળ એવું સમ્યગ્દર્શનનું સ્વરૂપ આ ગ્રંથમાં કર્યું છે. વળી આ ગ્રંથ લખવામાં, અર્થમાં ઓછું અધિક લખાએલ હોય, તો વિશેષ બુદ્ધિવાન મૂલ શ્લોક શુદ્ધિ કરી વાંચે. મારી અલ્પબુદ્ધિ

જાણી કોઈ હાંસી કરશો નહી. સત્પુરુષોનો સ્વભાવ ગુણ ગ્રહણ કરવાનો છે. તો દોષ જોઇ ક્ષમા કરે, એવી મારી પરોક્ષ પ્રાર્થના છે. પ્રાકૃત; વ્યાકરણ આદિનું વિશેષ જ્ઞાન મારામાં નથી જેથી કયાંઇ વ્યાકરણ તથા આગમના શબ્દ અર્થમાં અશુદ્ધતા (ભૂલ) થઇ હોય તો શ્રુતજ્ઞાનના વાત્સલ્યભાવે આમાં સુધારશો.

અંતિમ મંગલ

મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી;
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં.

શુભમસ્તુ, કલ્યાણમસ્તુ, મંગલમસ્તુ.

ૐ શાન્તિ શાન્તિ શાન્તિ.

સમાપ્ત.

ભાષાનું અશુદ્ધિ પત્રક.

પૃષ્ઠ	પંકતિ	અશુદ્ધ	શુદ્ધ
૬	૯	અપરિમત	અપરિમિત
૯	૨૦	સ્વભવ	સ્વભાવ
૧૧	૧	અત્મા	આત્મા
૧૧	૧૫	કષારૂપ	કષાયરૂપ
૧૧	૨૨	અસ્રવ	આસ્રવ
૧૭	૧૮	પરણિામોએ	પરિણામોએ
૨૨	૩	સ્વાનુભુતિ	સ્વાનુભૂતિ
૨૯	૨૧	અવી	આવી
૪૦	૩	અભિનંન્દન	અભિનન્દન
૬૨	૪	દુખ	દુઃખ
૬૩	૪	વ્યાકૂલ	વ્યાકુલ
૬૪	૧૦	ભવો	ભાવો
૬૭	૧૨	પૂવોકત	પૂર્વોકત
૬૭	૧૩	મુનિશ્વરોએ	મુનીશ્વરોએ
૬૭	૨૧	પણ છે	પણ તે છે
૬૮	૨૩	નિશ્ચયબંધ	નિશ્ચયબંધને
૭૦	૨૦	નિમિત	નિમિત્ત
૭૪	૭	ભોગવામાં	ભોગવવામાં
૭૫	૩	તે કેમકે	કેમકે તે

પૃષ્ટ	પંકતિ	અશુદ્ધ	શુદ્ધ
૭૭	૧૩	(બુરૂં)	(બૂરું)
૭૭	૨૧	તે પણ	તે પણ
૭૯	૯	બહિગ્દૃષ્ટિ	બહિર્દૃષ્ટિ
૭૯	૯	આત્મા	આત્મા
૮૦	૧૨	આકૂલ વ્યાકૂલ	આકુલ વ્યાકુલ
૮૧	૩	બુરૂં	બૂરું
૮૩	૮	બીજો કોઇએ	બીજો કોઇ નથી એમ
૮૫	૫	સરિખો	સરિખો
૮૭	૬	ઇષ્ઠ	ઇષ્ટ
૮૭	૨૦	કરવો બાળવો	કરવો–બાળવો
૯૧	૧૭	આખુ	આખું
૯૪	૧૩	કરવું બાકી છે	કરવું જીવને બાકી છે
૯૪	૧૮	શુદ્ધાત્મતત્વ	શુદ્ધાત્મતત્ત્વ
૯૫	૧	દ્રવ્યપયાય	દ્રવ્યપર્યાય
૯૬	૧૮	મહાત્મય	માહાત્મ્ય
૧૧૧	૧૧	જ્ઞાનાનન્દ્ર	જ્ઞાનાનન્દ
૧૧૬	૧૮	બંધાય	બંધાય
૧૨૦	૨	શુદ્ધાપચેાગ	શુદ્ધોપચેાગ
૧૨૫	૨	રહ્યાં	રહ્યા
૧૨૫	૮	મારીયે ?	મારીએ ?
૧૨૫	૧૯	મુનીયેાનાં	મુનિયેાનાં
૧૨૫	૨૨	ધુમાડાં	ધુમાડા
૧૨૬	૮	મૂર્ત્તિક	મૂર્ત્તિક

પૃષ્ટ	પંકતિ	અશુદ્ધ	શુદ્ધ
૧૨૬	૧૧	ચૈતન્યધન	ચૈતન્યઘન
૧૨૬	૧૨	દ્રવ્યકર્મ	દ્રવ્યકર્મ
૧૨૮	૬	રાજપુત્ર	રાજપુત્રે
૧૨૮	૧૭	વારિષે	વારિષેણ
૧૪૩	૬	પ્રાત્પિ	પ્રાપ્તિ
૧૪૬	૧૬	મૂખ	મૂર્ખ
૧૪૬	૧૬	જીર્વ	જીવ
૧૪૭	૨	પ્રાત્પ	પ્રાપ્ત
૧૫૬	૧	પદાથો	પદાર્થો
૧૫૬	૧૦	પ્રાત્પ	પ્રાપ્ત
૧૫૬	૧૬	પ્રાપ્તિ	પ્રાપ્તિ
૧૫૬	૧૭	પ્રાત્પ	પ્રાપ્ત
૧૫૬	૧૯	પ્રાત્પ	પ્રાપ્ત
૧૫૭	૬	રેહે છે	રહે છે
૧૫૮	૨	સર્વસાંગ	સર્વસંગ
૧૫૮	૧૦	પ્રાત્પ	પ્રાપ્ત
૧૫૮	૧૧	પ્રાત્પ	પ્રાપ્ત
૧૬૧	૮	શાંન્ત	શાન્ત
૧૬૨	૯	અંતકરણ	અંતઃકરણ
૧૬૭	૧૩	સેનારૂપ	સોનારૂપ
૧૬૯	૩	દૃષ્ઠિ	દૃષ્ટિ
૧૭૫	૧૭	તંદૂપ	તંદૂપ
૧૭૧	૬	પ્રવૃતિ	પ્રવૃત્તિ

પૃષ્ટ	પંકતિ	અશુદ્ધ	શુદ્ધ
૧૯૧	૧૮	નિર્વૃત્તિ	નિવૃત્તિ
૧૯૫	૩	પ્રેયેાજન	પ્રયેાજન
૧૯૭	૧	અથાત્	અર્થાત
૨૦૩	૧૩	વિષયેાએ	વિષયેાની
૨૦૪	૯	પેાતાને	(પેાતાને)
૨૦૭	૧૬	આછાદિત	આચ્છાદિત
૨૦૮	૧	દર્શનમેાહની	દર્શનમેાહનીય
૨૧૦	૧૭	આત્માને આત્મ	આત્માને આત્મા
૨૧૨	૪	ભ્રાતિ	ભ્રાંતિ
૨૧૫	૧૬	થતા	થતેા
૨૧૬	૧	કમેા	કર્મો
૨૧૮	૧૮	પૂવ	પૂર્વ
૨૧૮	૧૯	પરિપક્ક	પરિપકવ
૨૨૧	૧	કરતા	કરતેા
૨૨૧	૧૧	તેતે	તે
૨૨૫	૧	અથાત	અર્થાત્
૨૩૦	૨૧	થતા	થતેા
૨૩૨	૧	કવી	કેવી
૨૩૨	૧	અથાત્	અર્થાત્
૨૫૪	૧	અથાત	અર્થાત્
૨૫૭	૮	પારદથક	પારદર્શક
૨૬૦	૧૯	ભેાગેછે	ભેાગવેછે
૨૬૧	૧	અથાત્	અર્થાત્

પૃષ્ટ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૬૪	૧૯	મોહની	મોહનીય
૨૬૫	૧૬	અથાત્	અર્થાત્
૨૬૬	૨૨	નિશ્ચય	નિશ્ચયે
૨૬૮	૭	થવાવળી	થવાવાળી
૨૬૮	૧૨	નિર્વિકલ્પ	નિર્વિકલ્પ
૨૭૪	૧	પદાથના	પદાર્થના
૨૭૫	૨	પયાયો	પર્યાયો
૨૭૫	૪	પયાયો	પર્યાયો
૨૭૫	૬	પદાથો	પદાર્થો
૨૭૫	૮	પદાથો	પદાર્થો
૨૭૬	૧	પયાયો	પર્યાયો
૨૯૦	૨૦	દશનોપયોગ	દર્શનોપયોગ
૨૯૧	૪	ખુલ્લસો	ખુલાસો
૨૯૩	૧૦	મેધા	મેધા
૨૯૫	૧૨	ભ્રમણા	ભ્રમણ
૨૯૯	૨૨	સંવેધ	સંવેદ્ય
૩૦૦	૨૦	પ્રતિપાધ	પ્રતિપાદ્ય
૩૦૩	૧૮	જિનશાશનમાં	જિનશાસનમાં
૩૧૩	૧૩	અસત્યાર્થે	અસત્યાર્થ
૩૧૭	૧	કચો	કર્યો
૩૩૧	૧	તાપર્યવૃત્તિ	તાત્પર્યવૃત્તિ
૩૪૨	૧૮	ઉપાદાનતો	ઉપાદાનનો
૩૬૬	૧૬	યુગપદ્	યુગપત્

પૃષ્ટ	પંકતિ	અશુદ્ધ	શુદ્ધ
૩૯૬	૧૨	મહિમાં	મહિમા
૪૦૦	૬	(નિમળ)	(નિર્મળ)
૪૦૭	૧૨	પદ્ગલ	પુદ્ગલ
૪૧૨	૬	તર્યંચ	તિર્યંચ
૪૨૬	૧૫	ધવલા	ધવલા
૪૫૭	૯	ધવલા	ધવલા
૪૮૩	૨૦	પરમાગાઢ	પરમાવગાઢ
૪૮૮	૧૦	ભાવ	ભાવે
૪૮૯	૧૪	મનુષ્યની	મનુષ્યનીને
૪૮૯	૧૭	બતાવે છે	બતાવેલ છે
૪૯૪	૩	અતિન્દ્રિય	અતીન્દ્રિય
૪૯૪	૧૬	આત્મપ્રત્યય	આત્મપ્રતીતિ
૫૦૬	૩	મુનિન્દ્રોએ	મુનિન્દ્રો
૫૦૮	૧	થતું જીવનું	થતો જીવનો
૫૦૮	૨	તે દર્શનમોહનીય	દર્શનમોહનીય
૫૦૯	૩	ચારિત્રમોહની	ચારિત્રમોહનીય
૫૧૨	૨૦	સ્થિતિભોજન	અને સ્થિતિભોજન
૫૧૪	૬	માર્દક	માર્દવ
૫૧૬	૯	સૂક્ષમક્રિયાપ્રતિપતિ,	સૂક્ષમક્રિયા પ્રતિપાતિ
૫૧૬	૧૦	સમુચ્છિન્નક્રિયાપ્રતિપતિ	સમુચ્છિન્નક્રિયાપ્રતિપાતિ
૫૧૬	૧૪	ચોથુ	અને ચોથું
૫૧૭	૩	સમિતિ	સમિતિએ
૫૨૭	૧૬	તટલા	તેટલા

પૃષ્ટ	પંકતિ	અશુદ્ધ	શુદ્ધ
૫૨૭	૨૧	કતૃવ્ય	કર્તવ્ય
૫૩૧	૧૬	પ્રકાર	પ્રકાશ
૫૩૧	૧૭	વેતજ નાશ	વેંતજ ઉપદેશનો નાશ
૫૩૨	૬	આપવા	આપવો
૫૩૪	૧૩	કારણે	કારણ
૫૩૫	૧૨	તેઓનું	તેઓના
૫૩૫	૧૩	ઘણોજ	ઘણાંજ
૫૩૬	૧૨	પર્યાયની	પર્યાયને
૫૪૧	૨	(ચિતુષ્ટય)	(ચતુષ્ટય)
૫૪૪	૯	આચાર્યે	આચાર્ય
૫૫૯	૯	કરતો	કરતાં
૫૬૪	૧૪	પુત્રાદિ	પુત્રાદિ અને
૫૬૫	૧૭	સહજજ્ઞાન;	સહજજ્ઞાન?
૫૬૭	૩	ઉપયુકત	ઉપર્યુકત
૫૬૮	૨૧	છોડી દેશે,	દોડી જશે ?
૫૭૦	૬	કયાં છે.	કયાં છે?
૫૭૧	૫	સત્સંગથી	સંગથી
૫૭૨	૨	નિવાણ	નિર્વાણ
૫૭૨	૧૦	જડભાવ	જડભાવ
૫૭૨	૧૫	કતા	કર્તા
૫૭૫	૧	કતા	કર્તા
૫૭૫	૧૬	જીવે	જીવ
૫૮૭	૭	નિધત્તિ	નિધૃત્તિ

પૃષ્ટ	પંકિત	અશુદ્ધ	શુદ્ધ
૬૦૨	૮	અધમોદ્ધારક	અધમોદ્ધારક
૬૦૪	૧૭	કતા	કર્તા
૬૦૫	૮	તપનોમદ,	તપનોમદ, રૂપનોમદ
૬૦૭	૧૪	પૂવેોકત	પૂર્વેાકત
૬૦૭	૧૭	સમ્યગ્દાષ્ટ	સમ્યગ્દૃષ્ટિએ
૬૦૯	૧૦	અથાત્	અર્થાત્
૬૦૯	૨૩	ભેાગવું	ભેાગવવું
૬૧૦	૧૫	શરણુમાં જાઉં	શરણુમાં જાઉં ?
૬૧૦	૧૬	હાય હાય	હાય હાય !
૬૧૦	૧૭	શું કરૂં	શું કરૂં ?
૬૧૦	૧૭	આવેા	આવું
૬૧૦	૨૧	આવે તેા રહે	આવે, તેા રહે;
૬૧૩	૧	પદાથેામાં	પદાર્થેામાં
૬૧૩	૯	યેાનિયેામાં	યેાનિયેામાં
૬૨૧	૬	કહ્યા;	કહ્યા;
૬૨૩	૧૨	પ્રર્વતવું	પ્રવર્તવું
૬૨૬	૯	જાઇએ	જોઇએ
૬૨૮	૧૨	લભ	લાભ
૬૨૮	૧૬	સહજે	સહેજે
૬૩૦	૨૨	વિપરીતાભિરહિતનું	વિપરીતાભિનિવેશરહિતનું
૬૩૫	૫	આધારે રહી	આધારે રહી ?
૬૩૬	૨	અન	અને
૬૩૭	૬	વસેા	વાસેા

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬૩૯	૪	સાંસરી	સંસારી
૬૩૯	૧૦	પેમયત્વ	પ્રમેયત્વ
૬૪૦	૧૦	ક	કે
૬૪૫	૨૩	સમ્યગ્જ્ઞાની	સમ્યગ્જ્ઞાનની
૬૫૨	૧૩	અસ્રવક	આસ્રવક
૬૫૨	૧૭	ત્યરે	ત્યારે
૬૫૨	૧૮	કહેામાં	કહેવામાં
૬૫૫	૬	શું કહીએ	શું કહીએ?
૬૫૫	૧૧	પેતે	પોતે
૬૫૫	૧૩	પેાતના	પોતાના
૬૫૫	૧૮	અતના	અંતના
૬૫૬	૭	એ	એવા
૬૫૬	૧૨	સાઢ	સાદિ
૬૫૬	૧૭	મેળાથી	મેળાપથી
૬૫૮	૧	પૂવેાકત	પૂર્વોક્ત
૬૫૮	૧	યથાથ	યથાર્થ
૬૬૯	૩	ગહા	ગર્હા
૬૭૭	૨૩	દૈવવશ	દૈવવશ
૬૮૨	૧	પદાથેામાં	પદાર્થોમાં
૬૮૪	૧	પદાથેામાં	પદાર્થોમાં
૬૮૫	૨	હષાય	હર્ષાય
૬૮૫	૧૨	અદિરૂપ	આદિરૂપ
૬૯૧	૨૨	આશ્રણ	આશ્રવણ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬૯૨	૧૭	કર્ય	કાર્ય
૬૯૬	૨૦	બતાવા	બતાવવા
૬૯૯	૧૬	અત્મસ્વરૂપ	આત્મસ્વરૂપ
૭૦૦	૪	દ્રવ્યશ્રતજ્ઞાન	દ્રવ્યશ્રુતજ્ઞાન
૭૧૦	૪	મહારાજ	મહારાજે
૭૧૦	૪	કુંદકુંદાચાર્યે	કુંદકુંદાચાર્ય
૭૧૦	૯	ઉપયેાગતા	ઉપયેાગીતા
૭૧૭	૧૪	શું કહીએ	શું કહીએ ?
૭૨૨	૨૦	પ્રશંસય	પ્રશંસનીય
૭૨૮	૧૭	ધન	ધન

શ્લોકનું અશુદ્ધિ પત્રક.

શ્લોક ના.	પૃષ્ટ	અશુદ્ધ	શુદ્ધ.
૧૪	૧૬	जीवं	जीव
૧૭	૧૮	तावाद्विशङ्क	तावद्विशङ्क
૧૭	૧૮	समयशम	समयशंम
૨૪	૨૨	स	सः
૩૦	૩૦	तत्वं	तत्त्वं
૩૦	૩૦	चितम्	चित्रम्

શ્લોક ના.	પૃષ્ટ	અશુદ્ધ	શુદ્ધ.
३६	३५	रुचितेषूच्चै	रुचितेषुच्चै
४५	४५	वशगा	वशगो
४८	४६	कर्मवशे	कर्मावशे
४९	४८	निसर्गनः	निसर्गजः
६३	५६	कलंङ्की	कलङ्की
६९	६२	गाधथा	गाद्यथा
६९	६२	स्पर्शोपलब्धतः	स्पर्शोपलब्धितः
७३	६४	चेच्चतः	चेच्चेतः
७४	६५	विक्ष्यते	वीक्ष्यते
७८	७०	योगोवयोगा	योगोपयोगा
७८	७०	कर्ती	कर्ता
८०	७२	प्राणि	प्रणि
८२	७३	मथा	मर्था
८२	७३	द्विषधथा	द्विषद्यथा
८३	७४	संसार	संसारि
८५	७६	निमित	निमित्त
९४	८७	तस्मात्ज्ञानाग्निना	तस्माज्ज्ञानाग्निना
९६	९०	तश्च	तच्च
१०८	९६	वर्जयंत्ति	वर्जयंति
१०९	९६	स्यातदंतिमं	स्यात्तदंतिमं

श्लोक ना.	पृष्ठ	अशुद्ध	शुद्ध
१२४	१०५	पंद	पदं
१४३	१२०	नि.फलं	निष्फलं
१४८	१३४	मस्पेति	मस्येपि
१४९	१३४	पातः	पतिः
१५१	१३५	दृश्यत	दृश्यते
१५८	१३८	चिंतास्पितं	चिंतास्थितं
१६३	१४१	परमगति	परमगतिः
१७५	१५३	प्रतिपाद्योहं	प्रतिपाद्योऽहं
१७७	१५५	यस्मत्र	यस्तव
१८२	१५९	बुद्धो	बुद्धौ
१८२	१५९	श्रिद्धा	श्रिद्वा
१८४	१५९	निवासो	निवासोऽ
१९०	१६२	एवाहं	एवाऽहं
१९१	१६३	स्थितिम	स्थितम्
१९२	१६४	तादृशाः	तादृशः
१९२	१६४	वर्तिर्दीयं	वर्तिर्दीपं
१९२	१६४	यथोपारुय	यथोपास्य
१९३	१६४	न	×
१९५	१६४	यद्रूपं	यद्रुपं
१९७	१६६	तद्वा	तद्वा

श्लोक नं.	पृष्ठ	अशुद्ध	शुद्ध
१९९	१६७	योग्यापादान	योग्योपादान
२००	१६८	विपरित	विपरीत
२१८	१७९	शण्वन्ति	शृण्वन्ति
२३४	१९२	भूलं	मूलं
—	१९२	२२५	२३५
२४८	२०१	निजबाध	निजबोध
२६४	२१३	कुर्यार्त्	कुर्यात्
२६६	२१६	आत्मदेहन्तर	आत्मदेहान्तर
२७१	२२०	फलपदः	फलप्रदः
२७४	२२१	तत्त्वकोतूहली	तत्त्वकौतूहली
२८२	२२७	आमलात्म	अमलात्म
२९८	२४४	प्रतिपदकः	प्रतिप्रदकः
२९८	२४४	विनाऽसो	विनाऽसौ
३०९	२४८	पसार्य	प्रसार्य
—	२५२	३९६	३१६
३३३	२६९	गृह्नते	गृह्णीते
३४७	२८४	दस्तीचिंता	दस्तीतिचिंता
३४८	२८५	व्याहारव	व्यहारव
३६१	२९९	दव्य	दव्व
३६२	३००	दव्य	दव्व

श्लोक नं.	पृष्ट	अशुद्ध	शुद्ध
३६८	३०७	पर्यायात्	पर्य्यायात्
३८२	३३९	समतस्स	सम्मतस्स
३९४	३७९	पारणमिकः	पारणामिकाः
३९५	३८२	मुक्खुकरेइ	मोक्खुकरेइ
३९६	३८३	दव्यं	दव्वं
३९६	३८३	नियमा	णियमा
३९८	३८५	सामग्री	सामग्गी
४०३	३९४	स्वपौरुपात्	स्वपौरुषात्
४०५	३९६	पदेशाथ	पदेशाय
४०९	३९९	अप्पसभावं	अप्पसब्भावं
—	४११	८२०	४२०
—	४१६	८२१	४२१
४२२	४१७	सहिताः	गुणसहिताः
४३१	४२३	सम्यक्त्य	सम्यक्त्व
४५०	४३९	महात्म्यंयदवि	माहात्म्यंयदपि
४५३	४४५	मोहस्य	मोहोदय
४६७	४८२	भवभव	भवभव
४६८	५०१	ह्यत्पता	ह्यात्पता
४६९	५०३	चतुघाति	चतुर्घाति
४७४	५१०	श्रुकुं	श्रुकं

શ્લોક નાં.	પૃષ્ટ	અશુદ્ધ	શુદ્ધ
४७६	५११	अेकादश	अेकादह
४८४	५१६	परमानहं	परमाहानं
४८५	५१६	कंदरा	कंदरां
४८७	५२१	कधा	कथा
४९१	५२९	बूया	ब्रूया
४९१	५२९	मिष्टाक्षर	मिष्टाक्षरः
४९२	५२९	सद्धिधौ	सद्विधौ
४९३	५३०	दुखा	दुःखा
४९४	५३१	रुन्मलित्	रुन्मीलत्
५१२	५७०	जिनवरै	जिनवरैः
५१३	५७८	दव्यं	दव्वं
५१४	५८६	णोदरिणा	णोदीरणा
५१७	६०७	कुर्यः	कुर्युः
५२३	६३१	सदभूवः	सदभुवः
५३१	६७५	वृत	वृत्त
५३५	६८२	आत्माना	आत्मना
५३६	६९७	मनतिरिकंत	मनतिरिक्त
५३९	७०१	गौण	गौणं
५४०	७०५	दव्य	दव्व

ભૂમિકાનું શુદ્ધિ પત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨	૨૧	નિવારણ	નિરાવરણ
૧૮	૫	અસંયભાવ	અસંયમભાવ
૩૦	૨૨	પૂવાચાર્યોએ	પૂવાચાર્યોએ
૩૧	૧૩	નાના મોટા	નાનાં મોટાં